અનંત કથા

• પૃથ્વી •

'કહીં-કહીં લખું કથા ? કવણ ઝીલશે એ બધી ?'
વદ્યુ નભ: અને કુલેા કણ તૃણાંકુરેા પણ સૌ
ધરે નિજ ઉરેા: અને કથની તારલા રૂપ જે
ઉરેા ઉપર એ લખાય શતનમ તણે અક્ષરે.




અષાઢ વદતેા: 'કહીં કથની હાલવું હુ જઇ ?'
સરેાવર નદી અને ઝરણ સર્વ કહેતા. 'અહીં.'
રહી જલસ્વરૂપમાં સકલ વાત જે અતરે,
સરેાવર નદી-અને ઝરણમા જઇ એ વહે.





ઉઠી મનુજઅતરે પ્રગટ ભાવના, ઊમિએા
કહે: 'અમ કથા જઇ કવણ કાનમાં બેાલીએ ?'
'સુણીશ સહુ વાત હુ' વદતી એમ તેને કલા.
અને હૃદય બેઉના કથની માહી તેને મળ્યા.





કરીકરી લખાય છે નભતણી કથા પૃથ્વીએ,
અને હૃદયને અષાઢ ફરી વાતમા હાલવે,
કરીકરી કલા સમીપ જઇ ભાવના, ઊમિએા
કહે કથનેા, તેા ય અત નવ. તે હજુ યે કહે.



ઈન્ડો જપાની ઝ એસો સી એશન

● યાકીમા હૉટેલમાં રિયર થયા પછી અમે પહેલું કામ તો એ કર્યું કે જે જે માણસો પર બલામણો તથા ઓળખાણોના પત્રો હતા તે તેમના સરનામા ઉપર પોસ્ટ કરીને ખબર પહોંચાડયા કે અમારી સવારી ટોકિયોમાં હાજર થઈ ગઇ છે. મિ. મજુમદારે ટેલીફોનથી ઈન્ડો જપાનીઝ એસોસી-એશનના મંત્રીને અમારા આવ્યાના ખબર આપ્યા એટલે તેણે વચન આપ્યું કે તેનાથી બનશે એટલી જગ્યાએ તે લઇ જશે અથવા બલામણો કરશે પહેલાં તો તેણે પોતાની સાથે જાપાનિઝ ડ્રેસમાં ફોટા પડાવ્યા કર્યું, ઑટોગ્રાફ-બુક વગર નામની તેની ઑફિસમાં ગયા. આ સંસ્થા હિંદુસ્તાન અને જપાન વચ્ચે વ્યાવહારિક અને સાંસ્કૃતિક સંબંધ વધારવાના હેતુથી બનેલી છે, પણ તેમાં હિનીવાનો બહુ જ ઓછા પ્રમાણમાં સભ્યો થયા છે છતાં એ સંસ્થાએ હિંદુસ્તાન વિષે સંપૂર્ણ માહિતી અને સાહિત્ય મેળવ્યાં છે એમ જણાયું. મંત્રી મિ. સકાઇએ આગને જે છાપેલા રીપોર્ટો આપ્યા તે પણ જપાનના વેપારીઓને બહુ જ પ્રકાશ આપનારા હતા. મિ. સકાઇ અંગ્રેજી રીતે ઘણું શુદ્ધ અંગ્રેજી ઝપાટાબંધ બોલતા હતા. તે હિંદુસ્તાનમાં કદી જ આવ્યા નથી, પણ તેમની બોલીચાલી અને વર્તનમાં પૂરા, પક્કા અને અનુભવી જણાતા હતા. તેમણે ટોકિયો વિષે પહેલાં તો અમને 'ટૂરિંગ બુલેટિન'ના થોકડા બંધાવ્યા. અમારી વાતચીત પરથી એમણે અમારી પ્રવૃત્તિ, પ્રવાસનો હેતુ વગેરે જાણી લીધુ ગિનિન્ટર ઑફ એન્ક્યુ-ફેરાનની ઑર્ગેનાઇઝેશન લઇને તે બને અમને તેની પાસે લઇ જશે એમ જણાવ્યું મારે ચિત્રકારોને મળવું હતું તો તે બાબતનો પણ બંદોબસ્ત એક બે ચિત્રકારોને મળી તે ગોઠવી આપશે એમ જણાવ્યું. પોતાની સંસ્થા બહુ ઉપકારક છે એમ બતાવવાને તે બહુ ઉતેજનાર હતા એમ લાગ્યું. બધી મુલાકાતો નક્કી થાય તે દરમિયાન તેમણે શહેર જોઇ લેવા કહ્યું.

મિ. સકાઇ પાસે ગયા તે પહેલાં નાનાભાઇએ એક કામ સરસ કર્યું હતું. તે એ કે જપાનના બોગીઆ માટે મિ. મજુમ-દારની સલાહથી Y.M.C.A.ની સંસ્થામાં માગણી કરેલી અને તેના જવાબમાં મિ. અપાનો કરીને એક જુવાન ગ્રેજ્યુએટ અમારે હાથ ચઢી ગએલો. આ મિ. અપાનોએ અમારા ટોકિયોના પ્રવાસમાં બહુ મહત્ત્વનો રંગ ભરી દીધો. તે હતો ખાનદાન ઘરનો જુવાન; પણ જપાનમાં પ્રાગાળિક કામ કરી રળવાની કોઇ પણ તક જુવાનો જવા દેતા નથી. વળી અમે તો તેને મિત્રની જેમ રાખતા અને વખત બચાવવા તેનું બપોરનું ખાણું પણ અમારી સાથે રાખતા તેનો બદલો તે પણ ઋણ માટે સેરતાં વાહનભાડાં બતાવવામાં ને બા-ડાના દર ઠરાવવામાં વાણી આપતો. મિ. સકાઇએ જે જે સજાવટો કરી આપવાનું કહ્યું હતું તે બધી આ મિ. અપાનો જ કરી શકે તેમ હતુ. તેણે અમારી રખડપટ્ટીઓના જે માર્ગો નક્કી કર્યા હતા તે બહુ વખત બગાડ્યા વિના પાર પડે એમ ગોઠવાયા હતા. મુલાકાતોના ચોખા મુકાયા પછી તુરતમાં અને શહેરના મુખ્ય ભાગો અને સ્થળો જોઈ લેવાનું નક્કી કર્યું, જેથી પછીથી શહેરમાં કંઇ ન જોવાનો અસંતોષ ન રહે.



ઇન્ડો જપાનીઝ એસોસીએશનના સેક્રેટરી મિ. સકાઈ

ટોકિયો-યેદો

● ટોકિયો શહેરનો કેટલોક પુરાણો ભાગ ૧૯૨૩ના ધરતીકંપ-માં તારાજ થયા પછી નવું ટોકિયો તદ્દન આધુનિક ઢબે જ રચાયું છે. પણ તેની બરોબર મધ્યમાં બાદશાહનો પુરાણો મહેલ અસલ જપાની ઢબે રહ્યો છે અને તેની ચારે કોર વિશાળ રાજ્યભવનો, મંત્રીઘરો વગેરે વસ્યાં છે. આથી ઘણા તે ઉપર ઉપમા ઘડે છે કે જપાન વ્યવહારમાં અર્ધ-નૂતન (મૉડર્ન) છે, પણ તેનું ઘર અને હૃદય તો જપાની જ છે.

ટોકિયોનું અસલ નામ તો યેદો છે. તે રાજધાનીનું શહેર ગણાતું, પણ શહેનશાહનો વાસ ૧૯મી સદી સુધી ક્યોતોમાં હતો અને તેના યોગ્ય પ્રધાનો યેદોથી તેના નામે રાજ્ય ચલાવતા, એટલે ક્યોતોમાં જે રાજશાહી મૂર્તિ હતી તેનાથી નિરાળી જ પ્રકૃતિ યેદોની વસ્તીમાં ઊતરી.

એ વેળા ખરી સત્તા શોગનોના હાથમાં હતી ને જપાનના બોગીઓ પાડેલા સાઠ પ્રાંતોના સરદારો, જાગીરદારો, તાલુક-દારો તેમની ચપટી તળે હતા. એમને બરોબર હાથમાં રાખ-વાને તેમણે બોચો વહીવટ રાખેલો કે એ બધા દાદાઓએ ટોકિયોમાં જ આવી વસવું. તે જ્યારે પોતાની જાગીરમાં જતા હોય ત્યારે તેમનાં બૈરાંછોકરાં બાન તરીકે ગણાતાં. આ રીતે યેદોમાં રાજ્યકર્તા વર્ગનો મોટો સમૂહ જામ્યો હતો વૈભવ, સત્તા અને શોખમોજથી ઘડી જ ક્ષણની ગેરહાજરી ત્યાં

ટેનાની હતી શોગનો વિદ્રા ઓ શૌર્યને ઉમાસકો હતા તેમણે મોટી વિદ્યાશાળાઓ પણ સ્થાપી હતી ગાથી યેદો આખા દેશમાં પ્રતિષ્ઠા અને સંસ્કૃતિનુ પ્રથમ ગયક બન્યુ હતુ સામુરાઇઓ બધી જાત ની યુદ્ધવિદ્યાકળામાં નિપુણ હતા શોગના વખતમાં કેટલી યે શસ્ત્રશાળાઓ, શસ્ત્રાગારો ને મનુષ કારો હતા એમના સમુદાયથી યેદોની પ્રજામાં અક પ્રકાર ની બેપરવાઇ અને લાલાઇપણુ આવ્યા હતા આપણે ત્યાં જેમ 'મુબાઈગરા' કહીએ છીએ તેમ ત્યા યેદોકો (યેદો+ગી)નુ ઓળખાણ તે ની લાભ નુકશા ની દરકની બેપરવાઇથી મજુર કેટલાક ગલૂરો પણ કાલ ખાવાને પૈસા ન હોય છતા ગગડ્ડર થઈ ફરતા

શોગનોની પડતી થતા નૂતન જાપાનના હાથમાં સરકાર આવ્યો, છતા યેદો ની આ પ્રકૃતિ ગઈ નહિ. નવા આવ્યા તે પણ તેની હવાનો ચપ પામ્યા ટોકિયો અને ઓસાકા વચ્ચ ૩૬૦ મ ઇલનુ અંતર છે શોગનોના વખતમા બહુ વિસામા ખાતા ત્યા પહોચાતુ — ૧૬ રાઇરો વચમા આવતા તેથી અત્યારે એક જ રાતમા ત્યા પહોચાય છ છતા બે રાઇરા વચ્ચેનો સંસ્કારભેદ તો એવો ને એવો જ રહ્યો છે ટોકિયો વાળા પોતાની બોલીચાલી અને વર્તનમા વધારે શુદ્ધિ તથા ઝટા છે એમ જણાવે છે

જનરલ નોગીનું સ્મારક


● બે ટ્રમ્સી આખા દિવસ ગાડે બારે કરી અમારી બધી મડળી ટોકિયોના સરીઆમ રસ્તા વીંધતી ગોપડી દિવસ વાદળાવાળો હતો, વરસાદની ઝીણી ઝરમર ચાલુ હતી રાઇરા ગીચ ભાગમાથી બહાર નીકળ્યા ત્યા એક ખાલા દેખતા મેન્ય ઇન્ડ આગળ ટ્રમ્સી અટકી એ જનરલ નોગીનુ ઘર અને સમાધિસ્થાન હતુ જનરલ નોગી અને ઍડમિરલ ટોગોના નામો તો રશિયા—જાપાન યુદ્ધના વખતથી સાભળેલા, પણ એ નામોનો પ્રતાપ જાપાનને મન શું છે તે આ જ વખતે સમજાયુ ભવભવમાં યુદ્ધોમા ગિર્વિસ નહિ થયેલા એવા એ જ્ઞાનપ્રકાશ દેહ નોગીએ પોતાના પ્રિય બાળ સાદ મે ૭૩ ના મૃ પા ગ એમનો વિયોગ અસહ્ય લાગવાથી ઘરમા ને ઘરમા પોતા ની તલવાર સામે, બેઠાબેઠા આત્મસમર્પણ કર્યું અને તેની પત્નીએ પણ તે જ પ્રમાણે કર્યા બાદ તેનો સાથ સાચવ્યો એ દષ્ટીકર્ષ પ્રસંગ જાપાનની ૫ હૃદયમા વીરત્વ અને રાજભક્તિની ઊભો કરે છે એ યોગનુ ઘર ઓકીયદેરા નીચે એમનુ એમ સાચવી રખાયુ આ યુ છે અને ઘર પ ગના બગીચા મા તેમની કબર કહો કે સમાધિમંદિર ચણ્યુ છે દા દરેક જાપાની પ્રવાસી, નાગરિક કે સૈનિક પોત ની ભાવપૂજા આપવા ગયા વગર રહેતો નથી ઘરની બહાર જે સ્થાને બેસી તેમણે આત્મસમર્પણ કરેલુ તે સ્થાને તેમના આબે ફુલ પૂતળા એ જ સ્થિતિમા ધરી મૂક્યા છે એટલે સા કે એ બનાવ જાણે આ જ ઘડીએ બની રહ્યો છે

મેઇજી મ્યુઝિયમ

● ત્યાથી ઊપડતા મેઇજી બાદશાહની સમાધિના કઈંક લગભગ રાઇરા બહાર નીકળી ગયા ને સુબારિગત હવા માર્ગો આવ્યા ત્યારે આ યા ત્યાથી આગળ કોઇ વાહન જઈ શકતુ નહિ કેટલા ક જાપાની, ધની કે રક સરદાર કે સિપાઈ પોતાના ઘોડા ચાલ્યા કરતા ને આવતા હતા એ મેઇજી પાર્કમા લીલાછમ ઊચા વૃક્ષ વચ્ચે ા ઝોકાર માર્ગ મોટા રસ્તા પણ માણસોથી ભરચક હતા. માર્ગ જુથી બધે ચાલ્યા પગ વચમા મેઇજી બાદશાહનુ સમાધિમંદિર આવે છે જાપા ના મંદિર કરતા પહોળા છતા વધારે ઊંચા છે, પણ મેઇજી સમાધિ તો રમારકનો નમૂનો છે એ પરથી આ આખા વિશાળ ઉદ્યાનમા જ્યાં મેઇજી બાદશાહનો આત્મા નિદ્રા લેતા હોય ત્યાં આ યુ હતુ મુખ્ય દરવાજા આગળ ઊભલા પોર્ટમેં અમારા કમરા સબધથી બધું કરી આપ્યા અમે પણ કઈ દુજત કરી રાકયા નહિ આ સ્થાનના માન અને પવિત્રતા સાચવવા જાપાન કઇ પણ કરે એ સ્વાભાવિક હતુ લોકો આ સ્થાનને પણ ધર્મમંદિર માની નાખ્યા બહ કરતા હતા એ જગ્યાના પૂજારીઓ દવાની અરસ છતીઓ નેચતા હતા એટલે અમારા મનમા ન પધરાવાનુ દુ ખ મનમા રહ્યું નહિ હ

મેઇજી ચિત્રાલય

● ત્યાથી ગયા મેઇજી ચિત્રાલયમા આ પણ જાપાનનો જ








જનરલ નોગી અને શ્રીમતી નોગી

બલબલાં યુદ્ધોના ઊર્મિવેગ નહિ થયેલા ગોવા આ વાનપ્રસ્થ વૃદ્ધ જનરલ નોગીએ પોતાના પ્રિય બાદશાહ મેઇજીના મૃત્યુ પછી, એમનો વિયોગ અસહ્ય લાગવાથી ઘરમાં જ પોતાની પત્નીની સામે બેઠાંબેઠાં આત્મ-સમર્પણ કર્યું, અને તેની પત્નીએ પણ તરત, તીક્ષ્ણ હથિયારથી તેનો સાથ સાચવ્યો એ હકીકત પ્રત્યેક જપાનીના હૃદયમાં વીરત્વ અને રાજભક્તિની ઊંડો હચમચે છે.

જડાએલી રાજભક્તિમાં નવા પ્રાણ શક્તિ મૂકતા ગયા છે, અને આજે જ નીને મન પોતાનો દેશ રાજની કહ વિના અશક્ય જ લાગે એવી સુધારા ઉદાર સ્થાપતો અને સુવાસ મૂકીને પદ પામી ગયા છે. આ ચિત્રાલય તેમણે જીવનકાળમાં જે જે તબક્કાએ દે નવા સુધારા અને કાયદા આપ્યા તે જે જે મહાન પ્રસંગો બન્યા તેનાં ૮૪ કુટના મોટાં ચિત્રો જપાનના જ આગે ચિત્રકારોને હાથે ચીતરાવીને દરેક પ્રાન્ત પ્રજાએ અહીં ભેટ કર્યાં છે. એ ચિત્રો જપાનની ચિત્રકળાનું સત્ત્વ ઝળકારા જણાયું. મેઇજી રાજના જન્મથી ગ અંતિમ નિર્વાણ સુધીના પ્રસંગો બરા જોવાને ત્રણચાર કલાક તો લાગે જ. એક ચિત્ર દસદસ ફૂટનું પેનથી પેઈ વ કીમતનું હતું છાપેલી પ્રતો અનેક માણ મળતી હતી, પણ અમે પોસ્ટ કાર્ડના ભ લઈ મન મનાવી બહાર નીકળ્યા.

ટોકિયો નગરના આ જાહેરવિભાગ ૧૯૪૦ની ઓલિમ્પિકસ મળવાની છે તે તૈયારી માટે જે અતિ વિશાળ સ્ટેડિ બંધાય છે તે જોઈ જપાનની મનશક્તિ ખ્યાલ આવ્યો. લગભગ ત્રેવીસ લાખ માણસની મેદની સમા રહે એવી યોજના પર આ મેદાન બની રહ્યું છે. છ વરસ તેની તૈયારી ચાલે છે અને ગયે સાલ જપાન ઓલિમ્પિ કસને નોતરવામાં સફળ નીવડ્યું છે એટલે હવે તેની પૂર્ણ



ઢબની એક વિલક્ષણ પણ સચોટ સ્મારકકૃતિ છે. બીજા વિશાળ પાર્કમાં ખાસ મકાન બનાવી તેમાં મેઇજી રાજાનાં જીવનને લગતાં ૮૪ ચિત્રો ગોઠવવામાં આવ્યા છે.

નૂતન જપાનના સર્જક મેઇજી રાજા જપાનની ભૂતકાળથી

કરવામા બાકી નહિ રાખે


બપોરનુ ખાણુ રસ્તામા આવતા ગિન્ઝ સ્ટ્રીટના રેસ્ટો રામા તૈયાર કરાવી ખાઇ લીધુ આ રેસ્ટોરાવાળાઓને વીસ મિનિટમાં અમારી માગી રસોઇ કરી આપતા જોઇ અમે જપાનની તાલીમને ધન્યવાદ આપ્યો

વૉર મ્યૂઝિયમ

● જપાનનુ વૉર મ્યૂઝિયમ યુદ્ધ-દરયો અને યુદ્ધ–સરંજામનો અદ્‌ભુત સગ્રહ છે પ્રાચીન પાષાણયુગના શસ્ત્રોથી માડી છેલ્લા વૈજ્ઞાનિક ને વૈજ્ઞાનિક શસ્ત્રાસ્ત્રોનો આબેહૂબ ખ્યાલ ત્યા મળ્યો બધા દેશોના યોદ્ધાઓના ચિત્રો ને પૂતળાઓ જોયા યુદ્ધના યત્રો કેમ કામ કરે છે તેના પ્રત્યક્ષ પ્રયોગો આપતા નમૂના ત્યા છે ટૂસો–જપાની યુદ્ધ વખતના વીરોની ઢગીઓ, પોશાકો અને પરાક્રમચિત્રો જોયા યુદ્ધને લગતી કોઇપણ બાબત ત્યાં બાકી નહોતી અને પ્રત્યેક જપાની તે સમજી શકે એમ જપાની ભાષામા લખણો અને લેબલો ત્યા હતા અંગ્રેજીમા કશું મળે નહિ આ મ્યૂઝિયમે અમારા બે કલાક લીધા અને પગ ગળવા માડ્યા તો યે બરોબર જોવાયુ નહિ એમ લાગ્યુ ત્યાથી જપાટો માર્યો પ્રાણીબાગ તરફ એનો વિસ્તાર નાનો હતો, પણ પ્રાણીસગ્રહ બહુ વિવિધ અને ઉમદા હતો ખુદ જપાનમા તો બહુ થોડી જાતના જનવરો થાય છે, છતા બધા નમૂના ભેગા કરીને તેનુ જ્ઞાન પ્રજામાં કેટલુ વ્યાપક કરી દીધુ છે એ તો બાગની ટિકિટો પર આપેલા પ્રાણીઓ અને શહેરમા ભમતી બાળચિત્રપોથીઓ જુઓ એટલે તરત સમજાય

ત્યાર પછી બહુ જ ઝડપે બેચાર પ્રસિદ્ધ ગણાતા રસ્તા વટાવી હૉટેલની અમારી ખોલીઓમા થાકેલા લોચા જોવા થઇ પડ્યા ત્યારે જ ખબર પડી કે ટોકિયો એટલે શું

અમારા રાતના ખાણા માટે કઈ મૂરાના આપવાની રહી ગઇ હશે અને મોડુ બહુ થઇ ગયુ હતુ, એટલે અમે બાજ્યા ત્યારે ખાણાનો રૂમ તો બધ થઇ ગયેલો! પણ એ જ હૉટેલ તરફથી બહારના ભાગમા રસ્તોરા ચાલતુ હતુ ત્યા મૅનેજરે મોઢવણ કરાવી આપી તો યે નવો વાનગીઓ રાક વગેરે કરતા અરધો કલાક રાહ જોવી પડી એટલામા મારા એક કાગળના જવાબ રૂપે માનીડો કરીને કલાકાર મળવા આવ્યા છે એમ




બેદાનો રમતોનું ક્રીડાગણ
જપાનનું ઑલિમ્પિક સ્ટેડિયમ


ખબર મળતા હુ મારી રૂમમા ગયો મિ માચીડો બાકી કદીના, ગોળમટોળ, ફુગેલા અને ચિત્રકારના પોષાકમા સજ્જ થઇ પધાર્યા હતા તેમના પરિચય આ લખનાર તો કયોતોવાળા મીકીસાન હતા પણ એ બે મિત્રો વચ્ચે બહુ ફરક લાગ્યો તેમણે મારા તરફથી ચા વગેરેનો સત્કાર સ્વીકાર્યો મારા વિષે નોધ કરી, પણ પછીના દિવસોમાં કશી તેમના ટેલીફોન કે પત્ર કઇ મળ્યુ જ નહિ

આ પ્રસગે મારા મન પર જરા નાસીપાસીની છાયા બાકી. પણ એવે વખતે મારો હમેશાનો આશાવાદ મારી મદદે આવ્યો, જોવાનો લોભ તો તે જ દિવસે ટળી ગયો હતો સસ્થાઓ અને મુલાકાતોના ઘાટ ફરી વિચારતા વગર પ્રયાસે અમે બધને શરણ થયા

(ચાલુ) ર.મ.રા.

(હવે ટોકિયોની યુનિવર્સિટીઓ, શાળાઓ, કલાકારો ન જોઇશું)





નાથની લીલા

જેમાં કેસરરંગી



'પછી, બાપુ, આજ સાંજનો શો વિચાર રાખ્યો? રીંધા ધોણેશ્વર જ ચાલીએ તો? વળતી વખત ચોરબપરે રોકાશું.' બિલ્લેશ્વરના ઠીકાત રામજીએ બાપુના જત બાપુને સવાલ પૂછેલા.

'ભલે જોમ; પણ રામજી, તમે ત્યાંની સોનગુફાની વાત સાંભળી છે?'

'લા....ર! પણ એનો પત્તો જ કયાં કોઇને લાગે એમ છે? કહે છે કે ધોણેશ્વરના થાપક પહેલા પીરશાવાને એની ખબર હતી ને તેણે રા' ભારાને મદદ પણ ખૂબ કરી હતી.

મહત્ત્વાકાંક્ષા પાછળનો સોનાનો પીળો રંગ સરકી જઈને પાછળ લાલરંગનું લોહી મૂકતો જાય છે

ધાણેાધરમાં કાશીનાથ કદાચ કંઇ માહિતીઆપી શકે તેા આપી શકે.'

'શું આપણા ગુરુ સોનાની જ બનેલી છે?'

રામજી હસી પડયો: 'દાદા બેર કરે; પણ જોયા વગર શું કહી શકાય? અસુર પહેલા જન્મી તેા લાદએ?'

બંનએ ટીમણ છેાડયુ, જમ્યા અને અરધેાએક કલાકનેા ઢારેા કરી પાછા ચાવી નીકળ્યા. બન્ને કચ્છના માકપટની અડેાઅડ આવેલા રણના બની વિભાગની રખડતી જનતેાના આગેવાન હતેા. રામજીએ પારકરી ઊંટેાની ખરીદ માટે તેને સાથે લીધેા હતેા, પણ ચેારછપરા સુધી પહેાચતા એને સાથેાસાથ કાશીનાથની પણ મુલાકાત લઇ લેવાનુ મન થયું. પાછેા કેાણ બનણે કયારે ભેટેા થાય.

સાંજ પડચા પહેલા તેા ગેારખનાથના પગલાથી પાવન થએલી માકપટની ધાણેાધરની ભૂમિપર તે આવી લાગ્યા. કચ્છમાં માત્ર કાળા ડુંગરથી જ નીચા એ ધાણેાધરની તળેટીએ, પહેલા પીરજાવાના વખતમા તેા કાનફટા ને નાગડાઓની જમાતેા ને જમાતેા રહેતી અને ગેારખનાથ ને ઘેારમનાથના નામે પ્રસાદની લ્હાણી થતી. છેલ્લા પીરના સમાધિ પામ્યા બાદ હવે તેા કેાઈ નવેા પીર સ્થપાયેા પણ નથી એટલે એ સંખ્યા ઘટી ગઇ છે, છતા લેાપાઇ તેા નથી જ ગઈ.

ઘણે લાબે કાળે ફરી મળ્યા હેાવાથી કાશીનાથે રામજીની સારી આગતાસ્વાગતા કરી. સાજે ગેારખલકડી બતાવવા તેણે રામજી તથા બન્નને બીજા મહેમાનેા સાથે ડુંગર પર સાથે લીધા. માત્ર કાળમીંઢ પત્થરના બનેલા એ ડુંગરમા બેાડેલી લાકડીને દબાવતા જ અંદરથી પાણીની ધાર ચાલે છે. કામરૂદેશમા સપડાએલા પેાતાના ગુરુ મછંદરને શેાધતા શેાધતા કચ્છના નિર્જળ પ્રદેશમાથી પસાર થઇ રહ્યા હતા ત્યારે આ ટેકાણે આ લાકડીથી ગેારખનાથે પાણી મેળવ્યું હતું એમ કહેવાય છે. કાશીનાથ રામજીને આ બધું સંભળાવી રહ્યો હતેા, પણ રામજીનું ધ્યાન તેા બીજી જ દિશામા પરેાવાએલું હતુ

એ હતું ધાણેાધરને પડખે અડી દૂર પથરાએલી ધારમા કેારાએલું બાકેાટું. બાકેારા કરતાં દરવાજો જ કહી શકાય, કારણ માણસની છાતીબરી ઊંચાઇ તેની સહેજે થવા જાય. એને કયારના એકીટશે નજરગારી રહેલા રામજીને જોતા કાશીનાથ ચમકી ઊઠયેા. પણ એનું આશ્ચર્ય આખેા બહાર તેણે ન આવવા દીધું. 'ચાલેા, ચાલેા, દેગ ચઢી ગઈ છે.' બેાલતેા તે નીચે ઊતરવા લાગ્યેા. ને કુતૂહલવિવશ રામજીને પણ નછુટકે બધા સાથે દેારાવું પડયું. એ વખતે તેા એ પાછેા ફર્યો, પણ પેાતાનેા એારતેા કેાઇ રીતે સમાવવાનેા તેણે દઢ નિશ્ચય કર્યો.

રાત્રે એને ને બન્નને અલાયદેા જ ઊતારેા આપવામાં આવ્યેા હતેા. એને તેા એટલું જ બેાઇતું હતું. બધાની આંખેામાથી બચવાની એ અચાનક હાથ લાગેલી તક હતી ને રામજીએ તેનેા લાભ લેવાનેા ઇરાદેા કર્યો પહેલાં તેા ધેારતા બન્નને ઉઠાડી સાથે લેવાનું મન કર્યું, પણ પછી એ યે જવા દીધુ ને એકલેા ચુપચુપ સરકી નીકળ્યેા.

થેાડીવારમા તેા એ ધાર પર આવી લાગ્યેા. રખે કેાઇ બેાઇ લે એ ધાસ્તી તેા તેને છેવટ સુધી રહી હતી ને એની આખરી ખાત્રી કરવા એણે નજર ફેરવી. ત્યા તેા તગતગતી કાળી આંખેાવાળા એક નાગડાને પેાતાને તાકી રહેલેા જોયેા. એ તાકવાના મર્મથી અનભિજ્ઞ રામજી હજુ દિડમૂઢ દશામાથી નહેાતેા છૂટયેા ત્યા તેા નાગડાએ આવી લાગી તેનેા હાથ જકડી લીધેા. એની ચૂડમાથી હાથ છેાડાવવેા રામજી માટે અશકય હતુ. રાડ પાડવી તેના ટીલાતપણાને અણછાજતી અને આ નિર્જન રાત્રે અહીં અરજી પણ હતી તેણે નાગડાની આંખેામાં જોયુ. કશી હરકત ઊભી કરે એવી એ ન જણાઇ. તેણે આમોરણ પકડી. નાગડેા એને દેારતેા ગયેા ને એ દેારાતેા ગયેા.

ધારની એક પછી એક ટેકરીઓ ઓળંગતા બન્નની આડી વચ્ચે થઇ બંને આગળ વધતા ગયા. રામજીના મનમાં અસંખ્ય સંકલ્પવિકલ્પેા ઊભા થતા

હતા પણ નાગડાએ તો એકે પગલું ચૂકવ્યા વિના પુરપાટ ચાલ્યે જ રાખ્યું હતું. ધીમેધીમે હવે રામજીને કશુંક ગભરામણ થવાની શંકા આવવા લાગી. તેનો બીજો હાથ વારેઘડીએ બેટ પરની કટાર પર જવા લાગ્યો. શું કાશીનાથને ખબર નહિ પડે? બનૂને ખબર નહિ પડે? જરૂર તેઓ પોતાની શોધ ચલાવવાના જ! એણે મનોમન દિલાસો લીધો.

ધારનો છેડો આવતાં નાગડાએ રામજીનો હાથ મૂકી દીધો. અને ઝીણી નજરે કાંઇક નિશાની શોધતો હોય તેમ લાગ્યું. પણ એ થોડી વાર માટે જ. તરત એ નીચો નમ્યો ને ટેકરીના પડખાના એક જૂના બનર (પીલુડી)ના ઝાડ આગળથી વામ વડેમાપ લેવા મડ્યો.

રામજીને લાગ્યું કે નાસી છૂટવાનો આ સારો મોકો છે, એટલે નિર્ભિક હોવાનો ડોળ કરતો તે આમતેમ ફરવા માંડ્યો, પણ કયા યે છૂટવાનું બારું તેને હાથ ન લાગ્યું. ધારની પાછળ જ લાંબે સુધી પથરાએલી નાથતરાઇનાં પાણીમાથી તો તે માર્ગ કરી શકે તેમ ન હતું; ને બીજી બાજુ,એકલી કટારને સહારે,કુતરા જેમ સંખ્યાબંધ ચિત્તાથી ભરેલી ઝાડીમા ઘૂસતા તેનો જીવ ન ચાલ્યો.

'પનરો!' નાગડો મોટેથી બબડ્યોને રામજી તરફ ફરતાં માથું ધુણાવ્યું.

'કુરો?' રામજીએ પૂછ્યું.

'સોનચુકા. આ ધાર ઉપર જ પંદર વામના માપ પર એ કયાક આવેલી છે.'

'સચ્ચઈ?!' રામજીને થયું કે એ નાગડો કોઇ અધેરી કે ભયંકર જાવો ન હતો. તેના ચાળા પરથી તે કોઇ બેન્ડંગેપ દિવાનો જ તેને જણાયો.

થોડીવાર તો એ એમ જ ઊભો રહ્યો, ત્યાં એક નવો વિચાર એને સ્ફૂર્યો. નાથતરાઇ જ પંદર વામ ગણીએ તો? તેણે નજરથી જ માપ લેવું શરૂ કર્યું. ક્યાંય પહોંચે તો કાળા પત્થરો સિવાય કશું ન હતું. પણ જરૂરી બાજુ? પંદરેક વામને છેડે એક ભયંકર કરાડ તોળાઇ રહેલી હતી. તેની નીચે તળેટીમાં, મૃત્યુ જેવા શીતળ ચંદ્રપ્રકાશમાં ગીચ ઝાડી જામી પડી હતી. કરાડ તરત જ રામજીના મગજમાં ચમકાર થયો. આ તો એ જ કરાડ જેની નીચે પોતે કાલે સાંજે પેલું બાકોરૂં જોયું હતું; અને જેને અનિમેષ નજરે પોતાને નિહાળતો જોતાં જ કાશીનાથે ઉતાવળ કરી હતી. શું એ જ સોનચુકા હશે? હોય પણ. ધીમે ધીમે પાછા ફરવાનો ડોળ કરતા ત્યાં પહોંચી જઇ તેણે નીચા નમીને ઝાડના પડખામાં નજર કરી જોઇ. કરાડના પેટાળે ઢાંકી રહેલી બખોલ ત્યાં સ્પષ્ટ હતી.

ત્યાં તો ખુદ નાગડો ત્યાં આવી પહોંચ્યો. બખોલ જોતી નજરે ચહતાવેંત આનંદથી ચિત્કાર કર્યો તે કૂદી ઊઠ્યો. રામજીએ આશ્ચર્યથી તેની સામે જોયું. પણ હવે તેની આંખો પહેલાં જેવી નહોતી રહી એમાં પિશાચી ભયકરતા ઝબકતી હતી. રામજીનાં દાન્ત ગગડી ગયાં. છતાં હિંમત ધરી તે સરકવાને પેંતરો કરવા લાગ્યો. ત્યાં તો નાગડાની પોલાદી ને તેના બાવડાંને ચસચસાવીને ચૂડ બેસવી. 'ચાલ, લપ્પન મૂકી દે અને ઉતર નીચે. અંદરનું સોનું બદ કાઢ.'

રામજી બેબાકળો ઊભો રહ્યો.

'ઉતર!' નાગડાએ જોરથી ચાબિયો પછાડ્યો.

'પણ આમાં આધાર વગર ઉતરાય એમ જ કયાં છે? સોનું તો મળતું મળે પણ મારા હેરામ જ રખી જાય ને?'

'જો હું રસ્તો કરી આપું.' કહેતો નાગડો આગળ ગયો ને બનર પરની વેલો તોડી લાવી તેની એક લાંબી રસ્સી સલાડવા લાગ્યો. એના હાથની કુનેહ જોતાં રામજીને પણ થયું કે નાગડાના હાથે મરવા કરતાં

૨૫. નરસિંહરાવને

'બારૂં વિરહરૂપ રાઘવ વિના ન કો ઓળખે'
કવીન્દ્ર વચને રહી સુલભ કુહેતી સંસારમાં;
પરંતુ કવિ! તેં સદા અડગ ધૈર્યથી નીરખ્યું
વિયોગરૂપને: અને સુભગ એક વાક્યાર્ધથી
દીધું હરસ એહનું જગતથી વિદાયે જતાં:
'અરે મરણ માહરૂં મરી ગયું—'*

ઠાકોર ચોકસી

*'મૃત્યુ મરી ગયું રે લોલ' એ રવ નરસિંહરાવનું અંતિમ ગીત

તો સોનગુફામા ઊતરવુ અહેતર હતુ

રસ્સી તૈયાર થઇ એમને રામજીના હાથમા એક છેડો સોપતો નાગડો બોલ્યો, 'લે, ઊતર હવે ! બીજો છેડો હું પકડી રાખુ છુ ' નિરુપાય રામજીને તેનુ કહેવુ સ્વીકારવુ પડ્યુ બેતરતા બેતરતા યે નાગડાએ સૂચના આપી, 'જો ભાઇબધુ મોનુ બહાર નહિ નાવે તો જિંદગીથી નવડા પાણીશ !'

રામજીની ગભરામણ બધી ગઇ હતી જાણે દયોજ રોકાતા હોય તેમ, ઊતરતા ઊતરતા તે પોતાના છાતીના ધબકારા સાભળતો હતો ગુફાનો સામે આવતા એક દળવો ઓલો થઇ તેણે ગુફા ની કિનારે પર ટેકવ્યા પગ ફરતા બીજી ઘડી ગઇ ગુપ્તામા તેણે કલ્પેના ઘોર અધારાને બદલે દિલોજાતી ચાદ ની હકુ આખુ અજવાળુ પથરાયુ હતુ ત્યારે તો બીજુ દ્વાર પણ હોવુ જોઇએ' તેણે વિચાર્યું, ને બે મને તો નાગડો જાણ મારે છે !

પણ પોતાનુ પહેલુ કામ હવે મોનું મોળી લેવાનુ હતુ અને જાંઘ જાજવામાથી પેરી કાઢી તેણે દીવા સળી મળતાની ગુફાના મોનાના તેજના પુંગ વર્તને પ્રકાશે બધુ ઝગઝગાટ પકડ્યો કોઇ દેવ, ગાધર્વ કે કિન્નરનો વાસ હોય એ પ્રમાણે બાકની નાનીમોટી બાચો વચ્ચે સોનાના દાગિયા ને દાગિયા ભર્યો પડ્યા હતા તેણે એક પછી એક એ ઉપાડી જોયા એક લે ને બીજે મૂકે પોતાનુ મગજ તેને ચસકી જતુ લાગ્યુ છેવટે સ્વસ્થતા મેળવી તેણે પોતાની જોડ છોડી, ઉપાડી શકાય એટલુ તેમા ભારો તે ની ફાડ બાધી લીધી

રામજીના મનના ઘોડાએ હવે પલાણ માડ્યુ જમ, આટલુ યે એ પોતે નાગડાથી સુરક્ષિત જીતે ઉપાડી જાય તો તેનુ આજન્મ દાળદર ફીટી જાય કેટલા પાકરી ઊટો તે મેળવી શકે ? ને 'વડા દરબાર'મા યે પહેલી ખુરશી ન મળે ?

એમ ને એમ તરગોમા ગચતો રામજી બાધેની ફાડ ઉપાડીને આગળ ચાલ્યો પામા સવળા પડતા હોય એમ લાગ્યુ બીજા જ વીસેક દાળકુતાર બીજુ ફાટક મળી આવ્યુ જેના બરાબર મો આગળ જ તરાઇ ના પાણી શાન્ત પથરાએલા પડ્યા હતા એ પાણીમા ફાડ બુડાડીને તેણે તરાઇનો તાગ લેવા પ્રયત્ન કર્યો, પણ એ ન આવ્યો જોર, રામજી મુંઝાય એમ ન હતો ફાડ પાણીમા જ રહેવા દઇ, તેનો બીજો છેડો તેણે દાતોમા મજબૂત પકડી લીધો ને પછી કૂદી પડ્યો પાણીમા

પરતુ રામજીએ માનેલુ એટલે સુખી પાસા સવળા નહોતા પડ્યા ગુફામા ઘણી વાર લાગી હોય તેથી કે અગમચેતીથી નાગડો પહેલેથી જ ટેકરી ની ટોચે ચારે બાજુ નજરવી રહ્યો હતો તે ની નજરે તરાઇમા તરતો સકેત આકાર તરત પકડી પાડ્યો પળવાર એ એને પાણી કાપતો જોઇ રહ્યો અને પછી બાધિયો ફગાવનો તે દોડ્યો ધારને છેડે આવી, 'હરામખોર !' એટલી ખૂબ મોટા બિલે જ કૂદ્યા તે તરાઇમા કૂદી પડ્યો અને એક ચૂચી નજ તે બહાર નીકળ્યો, ત્યારે તો ધરને રામજી વચ્ચેનો આખો પથ ઓલે કાપી નાખ્યો હતો !

હવે શ કરવુ ? રામજીએ આગમ તો કળી જ લીધુ ને હાથ બીયો કેડ પર વાળ્યો પણ નાગડો તો બીજી જ પળે પાણીમા ગબાક ગયો ફિકર નહિ અહીંથી કઇ દૂર નહિ નીકળે માની રામજીએ કટાર તૈયાર રાખી પણ એ એમની એમ જ રહી ગઇ નાગડો અલબત્ત એને પડખે જ નીકળ્યો, પણ એને હાથ ઉગામવાનો યે પૂરો અવકાશ મળે તે પહેલા તો એના માથા પર તેના મુક્કાનો ઘા એવા તો જોરથી પડ્યો કે એ બીયો નીચે ઊતરી ગયો

નાગડાનો એ મુક્કો રામજીને એવો તો સખત વાગેલો કે પાણીમા ડૂબતાની સાથે જ સો ટાકા ફાટનો છેડો તેના દાતમાથી છૂટી ગયો એણે જવા દીધો—ભરજીએ કે રામજીએ હવે તો બધી ચેતવી પોતાનો જીવ બચાવવાની કરામતી હતી ને પોતાની કામેચિયન પર એ પૂરો મુસ્તૈદ હતો જેટલી કામેચિયન એ નાસના સુખ કે ચિત્તા પર બતાવી શકતો એટલી જ મોગરાના શત્રુ પર પણ બતાવી શકતો હતો

જે પળમા તો એ પાછો પાણી બહાર તરી નીકળ્યો નાગડાએ પહેલેથી જ કેમ જાણે એની વેતરણ ન કરી રાખી હોય, તેમ રામજી પાણી બહાર કૂદી નીકળતા જ તેનુ ગળુ એણે હાથોની ચૂકમા જકડી લીધુ એ સાથે જ રામજીનો હાથ પણ ઊપડ્યો ને ગળુ બચાવા ખાતર નજરે પણ તેણે ઘા કર્યો અને તે મામૂલ નીવડ્યો તેની કટાર નાગડાના

(અનુસધાન આગળ પાન ૬૫ને છેડે)

કર્નલ ટી.ઇ. લૉરેન્સ

આદર્શના ખંડિયેરનો ફકીર

માતૃભૂમિની સેવામાં પોતાની જાતને અર્પણ કરનાર તો ઘણા મહા પુરુષો મળી આવશે, પરંતુ એ બધામાં લૉરેન્સનું સ્થાન નિરાળું છે. દેશસેવા કરીને તેનો બદલો મેળવવાની આશામાંથી કોઇક જ મુક્ત હશે. લક્ષ્મીની, પદવીની, કીર્તિની, યશની અને કેટલે નહિ તો છેવટે પ્રસિદ્ધિ અને પ્રસંશાની પણ અભિલાષાના બંધનમાંથી કોઇ વિરલ પુરુષ જ મુક્ત હશે. ઇંગ્લંડના ઇતિહાસમાં એવો વિમુક્ત આત્મા તો એક જ જણાયો છે: ટૉમસ એડવર્ડ લૉરેન્સ. એ કમનસીબીની વાત છે કે ઇંગ્લંડની સામ્રાજ્યવાદી સરકારે તેની નિષ્કામ માનવસેવાઓને ન્યાય આપવાને બદલે તેને પોતાના હથિયાર તરીકે વાપર્યો અને પોતાના મહત્કાર્યને છેક છેલ્લી ઘડીએ તૂટી પડતું જોઇ રહી આદર્શના ખંડેર સમુ અપશોષ જીવન વીતાડતાં પશ્ચાત્તાપ ભર્યે હૃદયે એણે જીવનસમાપ્તિ કરી.


વેલ્સની ગિરિમાળાની તળેટીમાં ઇ. સ. ૧૮૮૮ના ઑગસ્ટની ૧૫મી તારીખે લૉરેન્સનો જન્મ થયો હતો. કુમારવયથી જ તેનો બાંધો ક્રમણ હતો, પરંતુ તેની આસમાની આંખોમા બુદ્ધિની ચમક હતી. સ્કૉટલૅન્ડ, ઇંગ્લિશ ચૅનલના ટાપુઓ, બ્રિટાની અને આઇલ ઑફ મૅનમાં આઠેક વરસ રખડ્યા પછી તેનું કુટુંબ ઑક્સફર્ડમા સ્થિર થઇને રહ્યું. સ્કૂલમા બેઠો એ પહેલા તો એ પોતાના મોટા ભાઇઓ પાસેથી લખતાંવાચતા શીખી ગયો હતો. એકલું અંગ્રેજી જ નહિ–લૅટિન અને ફ્રેંચ પણ. અને એ રીતે ત્રણ ભાષાઓના સાહિત્યનો વાચનલાભ એ લેવા મંડ્યો. ફોટોગ્રાફી માટે માઇલોના માઇલો સાઇકલ પર દોડતા જવામાં એને ખૂબ મજા પડતી, પણ એથી યે વધુ મજા તો રોમન સ્થાપત્યના પુસ્તકો વાંચવામાં પડતી. શાળાના યાંત્રિક જીવન તરફ તેને અણગમો હતો. તક મળતી ત્યારે તે આસપાસના પ્રદેશોમાં ભટકતો. ઑક્સફર્ડની જીસસ કૉલેજમા તેની અસાધારણ બુદ્ધિએ અધ્યાપકોનું ધ્યાન ખેંચ્યું. ઇતિહાસ, ભૂગોળ અને પુરાતત્ત્વનો તેને નાદ લાગ્યો હતો અને તેના એ શોખથી ડૉ. ડી. જી. હૉગર્થની નજર તેના ઉપર ફરી. રજાઓના વખતમા લૉરેન્સ ઇંગ્લંડનાં ઐતિહાસિક સ્થળોમા ફરતો—વખત મળે ત્યારે ફ્રાન્સ સુધી પણ ફરી આવતો. પ્રાચીન ખંડિયેરોમાંથી તે ભૂતકાળનો ઇતિહાસ શોધતો હતો. અને જ્યારે તે ભૂતકાળમાં લીન થઇ જતો ત્યારે પોતાની જાતને પણ ભૂલી જતો.

મધ્યકાલીન કળાના એના અભ્યાસે એનું મન એક નવી જ દિશામાં દોર્યું–યુદ્ધવિજ્ઞાનમાં. અનેક પુસ્તકો તેણે ઉથલાવ્યાં. યુદ્ધો, યુદ્ધસ્થાનો, ઘેરા ને શસ્ત્રકળા વિષે ઘણું જાણ્યું. પણ એમા યે એક બાબત એના પર આકર્ષણનું પરિબળ અતીવ જમાવતી ગઇ અને તે હતી એ અને અરબો વચ્ચેનાં ધર્મયુદ્ધોની. જુવાન લૉરેન્સની જ્ઞાન માટે જન્મેલી તૃષા માત્ર પુસ્તકોથી છીપતી ન હતી. ધર્મયુદ્ધોનું કુરુક્ષેત્ર—પૅલેસ્ટાઇન અને સીરિયાનો પ્રદેશ તેની કલ્પનામાંથી ખસતો ન હતો. યુફ્રેટીસ નદીની રેતી નીચે દટાએલા મધ્યયુગના સ્થાપત્યના અભ્યાસ માટે તેના હૃદયમાં પ્રખર જિજ્ઞાસા જન્મી હતી. અને પછી તેને કોણ રોકી શકે? સાહસજ્ઞાનની જેને ખૂબ લાગી હોય તે માત્ર પોતાના ધ્યેયને જ જોઇ શકે છે, પણ વચ્ચે આવતી મુશીબતોને નથી જોઇ શકતો. એ મુસીબતોનો તેને ડર ન હતો. અનેક મુસીબતોનો સામનો કરીને તે એકલો પગે ચાલીને સીરિયા આખામાં ફરી વળ્યો અને પોતાની ઇચ્છા પૂરી કરી. પુરાતન શિલ્પકળાના પત્થરોમાંથી તેણે ઇતિહાસ ઉકેલ્યો.

૧૯૧૦માં લૉરેન્સ ઝળકતી કૂતેહ સાથે ઑક્સફર્ડ વિદ્યાપીઠનો સ્નાતક બન્યો. સીરિયાની સફરથી તેનું જ્ઞાન સમૃદ્ધ બન્યું હતું.

ડૉ. હૉગર્થ યુફ્રેટીસના કાંઠે ધર્મયુદ્ધોના જમાનાના સ્થાપત્યના સંશોધન માટે જતા હતા. તેને લૉરેન્સની જ્ઞાનની તૃષ્ણા માટે માન ઉત્પન્ન થયું હતું. લૉરેન્સે

LABIGAI HINDU HIGH SCHOOL



આ દિશામાં વધુ અભ્યાસ કરવા શિષ્યવૃત્તિ મેળવી અને ડૉ. હૉગર્થની સાથે સીરિયા ગયો. ચાર વર્ષ સુધી તેણે આ દિશામાં શોધખોળ કરી અને સીરિયા, પેલેસ્ટાઇન તથા મેસોપોટેમિયામાં બારીક નિરિક્ષણ કર્યું.

આ પ્રવાસોએ લૉરેન્સના જીવન ઉપર ઘણી ઊંડી અસર કરી. તેણે જોયું કે અરબ પ્રજા તુર્કોના ખલીફાના અમલ નીચે રીબાતી હતી. પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સંસ્કૃતિ, વિદ્યા અને વ્યાપારની આપલે કરનાર આ મહાન પ્રજાને સમજવા તે તેની સાથે ઓતપ્રોત થઇ ગયો, અને તે માટે તેણે યુરોપી પોશાક અને રહેણીકરણીનો પણ ત્યાગ કર્યો. તેણે અરબી પોશાક અને અરબી રહેણીકરણી અંગીકાર કરી. આમ અરબ અને અંગ્રેજ વચ્ચેની જાતીય દીવાલો અદૃશ્ય થઈ અને અરબ પ્રજાના હૃદયમાં લૉરેન્સને ઊંચું સ્થાન મળ્યું. સેવા અને પ્રેમથી તેણે અરબ પ્રજાનું હૃદય જીતી લીધું.

ઇજિપ્ત, અરબસ્તાન, તુર્કી અને ગ્રીસમાં પણ તે ફરી વળ્યો. તેણે ઘણું જોયું, ઘણું અનુભવ્યું, ઘણું સંશોધન કર્યું; પરંતુ તે કોઇપણ જાતની કામના વિના પોતાનું કર્તવ્ય કરતો હતો. તેને બદલો કે ફળ મેળવવાની

આજે તો એનું જીવન દંતકથા સમું બની ગયું છે, પણ અરબના એ મશાલચીએ જે જોમ ને આરઝૂથી બ્રિટિશ સામ્રાજ્યને પોતાની સેવા સમર્પી અને એ સમર્પણ પાછળ સેવેલા આદર્શના જે ભુક્કા ઊડતા જોયા ને જીરવ્યા, એણે એનું આખું જીવન એક કરુણ-પ્રશસ્તિ સમું બનાવી દીધું આદર્શના એ ફકીર કર્નલ લૉરેન્સનું નામ આપણને ઘણાઘણા પૂર્વગ્રહો જન્માવે છે, પણ એનું આ ચરિત્ર વાંચ્યા પછી તો એની પ્રમાણિક નિષ્ઠા પ્રત્યે માન, એની નિસ્પૃહ સેવા પ્રત્યે આશ્ચર્ય ને સંગદિલ રાજદ્વારીઓએ હીણેલા પૂર્વજીવનની સ્મૃતિઓથી સીઝાતા એના પશ્ચાદ્જીવન પ્રત્યે જરૂર સહાનુભૂતિ ઊપજશે.

ઇચ્છા ન હતી. માતૃભૂમિના એક આદના સિપાહી તરીકે પોતાનું સર્વસ્વ દેશસેવામાં અર્પણ કરી, મૂંગી ફરજ બજાવીને એક અજાણ્યા સિપાહી તરીકે મરી જવું એ તેની ઇચ્છા હતી. તેની સાદાઇ, તેની નરમાશ, જ્ઞાન માટેની તેની તૃષ્ણા અને કીર્તિથી દૂર રહેવાની તેની નિરભિમાન વૃત્તિ ભાગ્યે જ બીજા કોઇ પુરુષમાં જોઈ શકાય છે. તેનો સ્વાવલંબી સ્વભાવ તેના આવા સાદા જીવનને અનુરૂપ હતો. પોતાના નિભાવ માટે તે મજૂરી પણ કરી લેતો. તેની રહેણી-કરણીમાં પશ્ચિમની પ્રજા ન આચરી શકે તેવી સાદાઇ હતી. પોર્ટ સૈયદમાં વહાણના ક્વોલસા સારવામાં પણ તેણે લઘુતા નહોતી અનુભવી.

લૉરેન્સ ઇંગ્લંડ ગયો ત્યારે તે અરબ પ્રજાનું હૃદય જીતી લીધે જેવો હતો એટલું જ નહિ, પણ પોતાના ભાવિ કાર્યક્રમનું વિશાળ ક્ષેત્ર પોતાની પાછળ મૂકતો ગયો હતો. પોતાનાં જ્ઞાન અને સંશોધનથી તેણે ઑક્સફર્ડ વિદ્યાપીઠનું મુખ ઉજળું કર્યું હતું; યુફ્રેટીસ નદીના તીર-પ્રાંતમાંથી પુરાતન શિલ્પકળાના નમૂનાઓની શોધખોળથી તેણે બ્રિટિશ સંગ્રહસ્થાનને સમૃદ્ધ કર્યું હતું; નજીકના પૂર્વનું ભૌગોલિક અવલોકન કરીને તેણે બ્રિટનની યુદ્ધકચેરીની કીમતી સેવા બજાવી હતી. તેને ઇચ્છા હોત તો બ્રિટિશ પ્રજાજીવનમાંએને રાજકીય જીવનમાં પણ તે ઊંચું સ્થાન પ્રાપ્ત કરી શકત, પરંતુ લૉરેન્સે કદી બદલાની ઇચ્છા રાખી જ નથી. તે તો પાછો પોતાના અભ્યાસમા લીન થઇ ગયો.

એવામાં ૧૯૧૪નું મહાયુદ્ધ ફાટી નીકળ્યું. તુર્કી જર્મનો સાથે ભળ્યું. બ્રિટનના પૂર્વ સાથેના સંબંધો ભયા જોખમમાં આવી પડ્યા. લૉરેન્સને લાગ્યું કે અરબોની સહાયથી જ બ્રિટનનું હિત સાચવી શકાય. એક પંથ અને દો કાજ. સ્વાતંત્ર્ય ઝંખતી અરબ પ્રજાને પણ એથી તુર્કીની ધૂંસરી તોડી પાડવી સુગમ બને.

યુદ્ધ વખતે લૉરેન્સ ઑક્સફર્ડમાં હતો. તેણે પોતાની શોધોનું 'The Wilderness of Zin' નામનું પુસ્તક તાજેતરમાં જ બહાર પાડ્યું હતું. તેનું મન હજુ યુદ્ધ તરફ વળ્યું નહોતું, કારણ તેને લાગ્યું હતું કે પોતાને લડવાની તક મળશે તે પહેલાં તો લડાઇ ખતમ થશે!

પણ એમ ન થયું. ધાર્યા કરતાં યુદ્ધ લંબાયું. અને લૉરેન્સથી હવે ન રહેવાયું. સર કૂટ હેડલે પાસે જઇ પોતાને યુદ્ધખાતામાં જોડવાની માગણી કરી. અઢાર વરસના હટ વગરના એ જુવાનને જોઇ હેડલે તો હેરત પામી ગયો, પણ લૉરેન્સે જ્યારે પોતાનું નામ કહ્યું ત્યારે એનો અંદેશો દૂર થયો. તુર્કી એ જ વખતે જર્મનો સાથે ભળ્યું હતું ને લૉરેન્સનું રાતા તથા કાળા સમુદ્રના કિનારાનું જ્ઞાન ત્યાંની સ્થિતિને અગત્યનું હતું. લૉર્ડ કિચનરે એની બુદ્ધિની કદર કરી. તરત તેને જાસુસી ખાતામાં મેસોપોટેમીઆ મોકલવામાં આવ્યો. હવે તેની એવી કારકીર્દી શરૂ થઈ કે જેણે કીર્તિ અને પ્રસિદ્ધિથી છેટે ભાગનાર આ માણસને જગજાહેરીએ ચડાવ્યો.

લૉરેન્સ સીધો હેજાઝ (અરબસ્તાન) આવ્યો. તેનો રાજા હુસેન તુર્કોના હાથ નીચે હતો. હુસેનના પુત્ર ફૈઝલ ઉપર લૉરેન્સની આંખ ઠરી હતી. છિન્નભિન્ન થઇ ગએલી અરબ પ્રજાને ફૈઝલના ઝંડા નીચે એકત્ર કરી, તુર્કોને હાંકી કાઢી, સ્વતંત્ર અરબ રાજ્ય સ્થાપી બ્રિટિશ સલ્તનતના માર્ગને નિર્ભય બનાવવો એ લૉરેન્સનું ધ્યેય હતું. તેણે પોતાનું કામ શરૂ કર્યું. હુસેનને તેણે ઇંગ્લંડના પક્ષમાં લીધો અને અરબ પ્રજામાં તુર્કી વિરુદ્ધ અસંતોષ ફેલાવી તુર્કી સામે બળવો જગાવવા ઘૂમવા લાગ્યો. એ સળગતા રેતાળ પ્રદેશમાં લૉરેન્સ વંટોળિયાની જેમ ફરી વળ્યો અને અસંતોષના ઉકળાટમાંથી બળવાની આગ ફેલાવી. ૧૯૧૬માં હુસેને તુર્કોની ધુંસરી ફેંકી દીધી અને પોતાની સ્વતંત્રતા જાહેર કરી. પોતાના ધ્યેયને પહોંચવા લૉરેન્સે સોનાની નદી વહેતી મૂકી અને અરબ પ્રજાને મોટી આશાઓ આપી. અરબસ્તાનમાં લૉરેન્સના સાહસોની આ કરુણ બાજુ હતી.

ફ્રાન્સની રણભૂમિ ઉપર જર્મન લશ્કરો સામે ખડકાએલાં દુનિયાનાં સમર્થ સૈન્યોનું દબાણ ઓછું કરવા જ્યારે જર્લિનના વિગ્રહદેવતાઓએ બ્રિટિશ સામ્રાજ્યની ગરદન ઉપર કાપ મૂકવા—સુએઝની નહેર ઉપર હુમલો લઈ જવા—ની યોજના અમલમાં મૂકી ત્યારે પૅલેસ્ટાઇન રસાકસીનું કેંદ્ર બન્યું. ૧૯૧૭માં જનરલ એલનબી ગાઝા શહેર પાસે મોરચા માંડીને બેઠો હતો ત્યારે લૉરેન્સે તેની કીમતી સેવા બજાવી. આ વિશાળ અને ઉજ્જડ પ્રદેશમાં તુર્કોના વહેવારનાં સાધનો તોડી નાખવાં, તેમનો ખોરાક દારૂ-

ગોળો અને સરસામાન લૂંટી લેવાં, 'તેમની ઉપર અચાનક છાપા મારીને તેમનું મનોબળ તોડી પાડવું, રેલવેના માર્ગ ઉખેડી નાખવા, સામી છાતીએ લડવાને બદલે બીજી હન્નર રીતે તેમને હેરાન કરવા અને તેમની હરોળોની પાછળ રહેલી પ્રજાને તેમની વિરુદ્ધ બંડ કરવા ઉશ્કેરવી એ લૉરેન્સની કાર્યરેખા હતી. તેની સલાહ પ્રમાણે ફૈઝલે મદીનામાં તુર્કી સૈન્યને ભૂખે મરવા દઈને મદીનાનો બહારની દુનિયા સાથેનો સંબંધ લગભગ તોડી નાખ્યો અને લૉરેન્સ પોતે ઉત્તરમાં પવનવેગે ફરી વળીને બળવાની આગ ફેલાવતો ગયો. તે છેક સીરીઆમા પણ દુશ્મનોની પાછળ પહોંચ્યો અને ત્યાની પ્રજામાં બંડ ફેલાવી તુર્કી સૈન્યની સ્થિતિ કફોડી કરી નાખી. પાછા વળતા તેણે અરબ બળવાખોરોની સરદારી લઈને ૧૯૧૭ના ઑગસ્ટમા મા'આનમાં પાસે એક તુર્કી ટુકડીને હરાવી. તેના આ પરાક્રમો માટે ઇંગ્લંડ અને ફ્રાન્સે તેને જે માન આપવાની તત્પરતા બતાવી તેનો સ્વીકાર કરવા તેણે ના પાડી. લૉરેન્સે તુર્કોના મોરચાની પાછળ છાપા મારીમારીને મુખ્ય હુમલો કઈ દિશામાથી આવશે તે બાબત તેમને ભ્રમણામા રાખ્યા, અને છેવટે જ્યારે એલનબી તુર્કી સન્યને તોડી પાડતો હતો ત્યારે ૧૯૧૮ના ઉનાળામા લૉરેન્સ સીરિયાના પાટનગર દમાસ્કસ ઉપર ચડી ગયો અને તે શહેર કબજે કર્યું. એલનબી આવી પહોંચ્યો ત્યાં સુધી એ સાહસવીરે દમાસ્કસ કબજે રાખ્યુ.

આ બધુ કરતાં એને પૂરાં સાત વરસ લાગ્યા હતા. એનું પૂરું બ્યાન અહીં કરીએ તો તો પાનાના પાનાં ભરાય. ફૈઝલના કહેવાથી અરબ પોશાક અપનાવી, ઊંટ પર જુદીજુદી જાતિઓ વચ્ચે સલાહ કરાવવા રખડતા, સંગ્રહણીથી પીડાતા અને બેભાન થઈ જવા છતા જુદીજુદી છાવણીઓમા સંદેશા પહોંચાડતા લૉરેન્સનું સારનું વર્ણન કોઇ ગાથા જેવું જ છે. એ પર એક નહિ પણ અનેક પુસ્તકો આજસુધી લખાઇ ચૂક્યા છે, પણ તેમાં યે લૉરેન્સના જીવનમા રસ ધરાવનારાઓ એના પોતાના 'Seven Pillars of Wisdom' ઉપરાંત કૅપ્ટન લિડલ હાર્ટનાં બે પુસ્તકો 'The Ghost of Napoleon' અને 'T. E. Lawrence in Arabia and after' ખાસ વાંચવા જેવાં છે. શિસ્તના ભાન વગરના અને કટ્ટર વ્યક્તિવાદી અરબો પર એણે જમાવેલા કાબૂનું એમાં સચોટ પૃથક્કરણ કરેલું છે એટલું જ નહિ, પણ લૉરેન્સના કાર્ય પ્રત્યે બ્રિટિશ અને ફ્રેંચોએ કેટલી હદ સુધી ઉપેક્ષા બતાવી હતી એ પણ એમાં નિષ્પક્ષપણે રજુ થયું છે.

ફૈઝલે તો કંટાળીને ઘણી વાર સલાહ કરવા તત્પરતા બતાવેલી, પણ રણના આ મંશાલચીએ છેવટ સુધી તેને રોકયો હતો ને છેવટ સુધી બ્રિટિશ બ્રિગેડની સહાય વિના જ અરબો સાથે એ ઝઝૂમતો રહ્યો હતો. પરિણામે ફૈઝલને જ નહિ, પણ અરબ જનપદ્યાંને ખાત્રી થઈ ગઇ હતી કે લૉરેન્સ એ અરબ આઝાદીનો પ્રામાણિક લડવૈયો છે, અરબસ્તાન માટે અરબ જેટલી જ એને લાગણી છે અને એ માટે એમના જેટલું જ એ સહન કરી શકે છે. તુર્કોએ એના માથા માટે ઇનામ કાઢેલું, પણ એ માથું તો સદા અરબોનુ જ ભાગીદાર રહ્યું.

૧૯૧૮ના નવેમ્બરમા વિશ્વવિગ્રહનો અંત આવ્યો. પરાજિત તુર્કીમા કમાલ પાશા ક્રાન્તિની મશાલ લઇને ઘૂમતો હતો. તેણે 'યુરોપના માંદા માણસ' (તુર્કી)ના સડેલા અંગ—સીરિયા, પૅલેસ્ટાઇન, હેજાઝ, મેસોપોટેમિયા અને આરમીનિઆ—તજી દીધાં, કારણ કે તે તુર્કીની નબળાઇનાં કારણ હતા. અરબ પ્રજા હવે તુર્કીની ધુંસરીમાંથી છૂટી થઇ હતી. ૧૯૧૯મા ફૈઝલ અને લૉરેન્સ સુલેહ પરિષદમા ભાગ લેવા પારીસ આવ્યા. લૉરેન્સનું નામ દુનિયામાં પ્રસિદ્ધ થઇ ચૂક્યું હતુ. અજ્ઞાત અવસ્થામા રહેવા ઇચ્છનાર આ સાહસવીરને તેના સાહસોએ કર્નલ લૉરેન્સ ઑફ અરેબિઆ તરીકે જગપત્રીસીએ ચડાવ્યો હતો. તેને પોતાનું સ્વપ્ન હવે સિદ્ધ થતુ લાગ્યુ, પરંતુ પોતાની ઝળકતી કૃતિઓ માટે તેને જરા યે અભિમાન નહોતુ. કર્નલ લૉરેન્સ પારીસ આવ્યો તે દિવસે પારીસ દુનિયાની આશાનું કેન્દ્ર હતું. આખી દુનિયાભરમાંથી કરોડો માણસો પારીસ તરફ મીટ માંડી રહ્યા હતા. યુદ્ધની વિનાશકતામાથી પારીસની પરિષદ નવી દુનિયા રચશે એમ પ્રજાને કહેવામાં આવતું હતું. રાષ્ટ્રીયતાની સંકુચિત દીવાલો ત્યાં અદશ્ય થઈ જશે, ગુલામ પ્રજાઓ સ્વતંત્ર થશે અને નબળી પ્રજાઓ નિર્ભય બનશે એમ લોકોને ખાત્રી આપવામાં

માટે છૂટ્યા છે ત્યારે તે તરત આગી દિશાની ટ્રેનમાં નાસી છૂટ્યો હતો.


આ પછી તેના જીવન ઉપર વધુ પ્રકાશ પડી શક્યો નથી, સિવાય કે તે વાહનોની ઝડપ વધારવા માટે અખતરા કર્યા કરતો. દરિયાઈ કાફલા માટે પોતે તૈયાર કરેલી શક્તિશાળી ઝડપી બોટની પરીક્ષા કરવા માટે તેની ઉપર બેરેબરો મારો ચલાવવામાં આવ્યો હતો. ૧૯૩૩માં હૉલીવુડની એક સીનેમા કંપનીએ તેનાં અરણ્યરુદનનાં સાહસોને ફિલ્મમાં ઉતારવા, તે ફિલ્મમાં પાઠ લેવા અને બદલામાં દસ હજાર પાઉંડ આપવાની માગણી કરી. પરંતુ કોઈપણ જાતના પ્રલોભનથી મુક્ત રહેલો લૉરેન્સ તે કેમ કબૂલ કરે? એને શ્રમની રોટી જોઈતી હતી ને એ માટે એણે ઐતિહાસિક લેખનકાર્ય હાથ ધર્યું હતું.

૧૯૩૫ ના મે માસમા આ મહાપુરુષના જીવન નાટક ઉપર છેવટનો પડદો પડ્યો. ઇંગ્લંડના ડૉરસેટ પરગણામાં બોવિંગ્ટન કૅમ્પ પાસે જ્યારે પોતાની વેગવાન મોટર સાઇકલ પર એ જતો હતો ત્યારે સાઇકલ ઉપર બેઠેલા એક બાળકને તરીને નીકળવા જતાં તે પોતે જ સાઇકલ ઉપરથી ઊછી પડ્યો અને તેની ખોપરી તૂટી ગઇ. ૧૪૨ કલાકની બેશુદ્ધિ પછી ૧૯મી તારીખે તેનું અવસાન થયું. તેની ખોપરીને એની ઇચ્છા પહોંચી હતી કે જો તે જીવ્યો હોત. તો પણ પાગલ બની જાત.

ગુપ્ત રહીને મૂગી સેવા કરનાર આ મુક્તાત્માને મૃત્યુ પછી પણ પ્રસિદ્ધિ કે કીર્તિ નહોતી જોઇતી. તે સવારે દરવાજા પાસે એકઠા થએલા તેના પ્રસંશકોએ તેના મરણની જાહેરાત વાંચી ત્યારે તેમાં લૉરેન્સની અંતિમ ઇચ્છા જણાવેલી હતી: 'મારા શબના સ્મશાન-સરઘસમાં મારા અંગત મિત્રો સિવાય બીજા ન આવે અને મારી કબર ઉપરે પેરવા માટે કોઇ ફૂલો ન મોકલે' આ તેની સૂચના હતી.

જો જીવતો એ દિવસોની ભવ્યતા અને કારુણ્યનો સમાસ 'Seven Pillars of Wisdom' માં કરતો ગયો છે. પણ સાચા લૉરેન્સનું તો એ આખું ચિત્ર જ આપી શકે. એ ચિત્ર તો બેકારીની છેલ્લી ટોચે રહી, અરધે ભૂખે પેટે એણે લખેલી 'The Mint'માં જ પૂરું મિતર્યું છે. પોતાના ઉત્તર-જીવનની બધી કડવીગળીઓ એણે એમાં સાંગોપાંગ ઉતારી છે. પરંતુ તેના વીલ પ્રમાણે એ પુસ્તક ૧૯૫૦ની સાલ પહેલાં બજાર પડી શકે એમ નથી, કારણકે તેમાં કેટલીક જીવંત વ્યક્તિઓનો ઉલ્લેખ છે. પ્રકાશકોનો કૉપી રાઇટ સચવાય તે માટે અમેરિકામાં તેની 'બાર જ નકલો' છપાઈ છે. તેમાંની બે તો કાયદા પ્રમાણે ત્યાંની કૉંગ્રેસની લાયબ્રેરીમાં રહી છે, જ્યારે બાકીની દરેક પ્રતની વેચાણ કીમત અત્યારે એક લાખ પૌંડ રાખવામાં આવી છે.

જેને લક્ષ્મીનો લોભ ન હતો, ઐહિક સુખોની વાંછના ન હતી, કીર્તિ અને પ્રસિદ્ધિ માટે ઇચ્છા ન હતી, પદવીનો મોહ ન હતો, કદરદાનીની અપેક્ષા ન હતી, અને જે બધું જેને માગ્યા વિના મળતું હોવા છતાં જેણે એ વસ્તુઓનો તિરસ્કાર કર્યો અને બંધનોથી મુક્ત રહ્યો, તે પુરુષની કદર મૃત્યુ પછી થાય કે ન થાય, પરંતુ ઇંગ્લંડના ઇતિહાસના પાના ઉપર તેનું સ્થાન કરી ચૂકયું છે અને તે સ્થાન અજોડ છે. વિજય વાસુ



રત્નાવલી

૧ 'દંડ અપરાધનો ઉત્તરાર્ધ છે.' —હેગલ

૨ 'જેની ઊર્ધ્વગતિ નથી એની અધોગતિ જ છે'(Non progreni est regredi').

૩ 'પુરુષ સદાય એવા જ હશે, જેવા સ્ત્રીઓ એમને બનાવે, એટલે જો તમારે મહાન અને સુશીલ પુત્રો જોઇએ તો મહત્તા ને શીલ શું તે સ્ત્રીઓના મન ઉપર આપો.' —રૂસો

૪ 'સત્ય સર્વકાળે બોલવું ઘટે, પણ સત્ય બોલવામાં જોખમ હોય એવા સમયમાં વિવેકે કરીને.' —કૉલરિજ

૫ 'જે ભૂખે મરે છે એને બચાવો, નહિ તો તમે એની હત્યા કરી બેસશો'—એમ્બ્રોસ

૬ 'માણસ વધારેનું ધન રાખે ને બન્ધન જ રાખે છે.' —ઑગસ્ટિન

૭ 'એક માણસ આબરૂ જીવે, તો બીજો ભૂખે મરે.' —ચીનાઈ કહેવત

૮ "કારાગૃહ નવા વિચારના પ્રચાર સાર ઉત્તમ વ્યાસપીઠ છે.' —ગૉર્કિ


૯ એક હત્યાથી અપરાધી અને અનેક હત્યાથી માણસ વિજેતાનાયક થાય છે'
—ઇરેસમસ



ભૂત નાગના ગીતો


ચિત્રકાર ત્રિગણાતીત પંચોળી (ગુજરાત કલાસંઘ)

BOMBAY.



ફોટો - શ્રીરામ ભટ્ટ

શિલ્પવૈભવ



ગોદાવરીતટે નાશિકના ઘાટ;નાનું ચિત્રઃએ જ દૃશ્ય,ફોટો-લેખક

નવશીખ

યુગેયુગે નવેનવે નામે પ્રસિદ્ધ થએલું હિંદુસ્તાનનું પુરાતન તીર્થધામ


કે કૃતયુગમાં પદ્મનગર, ત્રેતામાં ત્રિકટક, દ્વાપર (રામયણ)માં જનસ્થાન, કલિયુગમાં નવશીખ અને મુસલમાની દફતરે ગુલશનાબાદ તરીકે ઓળખાયું તે

આજનું નાશિક

લેખક સુરેશ દીક્ષિત બી.એ.,એમ.ઓસસી.

મુંબઈથી ૧૧૭ માઇલ દૂર આવેલું પુરાણપવિત્ર નાશિક યાત્રાનું સ્થળ છે. મુંબાઇના નાશિક જતાં ઇગતપુરી પાસે થાલઘાટ ચડવો પડે છે. કલ્યાણ છોડ્યા પછી રસ્તો કોકણ મૂકી ૨૦૦૦ ફૂટ ઊંચે દક્ષિણના સપાટ મેદાન ઉપર ચડે છે. કસારા ગયા પછી રસ્તામાં દસ બુગદા, પાચ વિકટ નાળાં અને અગિયાર પૂલો પરખા ગાડી ચડાવ લે છે. તેમા યે જૂના 'રિવર્સિંગ' સ્ટેશન પાસેનુ નાળું હિંદુસ્તાનમાં ઊંચામા ઊંચું (૧૯૦૦ફૂટ) ગણાય છે. અહીંનું સૃષ્ટિસૌન્દર્ય ચોમાસે ગોદક છે. ડીલાંછમ તરુલતા, ખળખળતાં નાળાં, લારેલાં તળાવ, લીલાંપીળાં ખેતરો, ઊંચાનીચા ટેકરા અને આછોઆછો વરસાદ કંઇ અગમ્ય આનંદની લહેરે ચડાવે છે. ત્યાંથી પસાર થતાં દક્ષિણે મુબા.ઇ ઇલાકાનું ઊંચામાંઊંચું શિખર કલસુબાઇ (૫૪૨૭ ફૂટ) નજરે પડે છે અને આલંગ, વિતનગઢ, અર વગેરે શિવાજીના કિલ્લાની ઝાંખી થાય છે. આવા રમ્ય પ્રદેશમાંથી પસારથયા પછીતળનાશિકમાંસૃષ્ટિસૌન્દર્યઓછુંલાગેછે.

યુગેયુગે નવેનવે નામે પ્રસિદ્ધ થએલું કોઇ પણ ધર્મસ્થાન હોય તો તે નાશિક છે. કૃતયુગમા પદ્મનગર,



સુરમ્ય લાગતાં પાણીના ભેગાં ભારી જતા ભૈરાનો સાદ સંભળાતો નથી. પટમા ઘોણારામના મંદિર પાસે ગોદાવરીનું મંદિર છે આ મંદિર આજથી સિત્તેરના મેળા વખતે ઊંચકે છે. એ જ દરમા મણિપાસુર મર્દિની, મારુતિ, ગણેશ વગેરેનાં મંદિરો પેશ્વાના ગોર દિગણેએ બંધાવેલા છે. ત્યાં શીતલા માતાનું પણ મંદિર છે વર્ષો પહેલા રામભટ ધાન્યપુરે નામના માણસે પોતાના છોકરાને જણીયા નીકળવાથી માતાની માનતા માનેલી. માતાની બહુ યે પૂજા કર્યા છતાં છોકરો મરી ગયો એટલે એણે રીસ લાવી મૂર્તિ તોડેલી. રામભટના એ તર્ક પ્રમાણે તો આજે એક પણ દેવ ઊભા રહી શકે એમ નથી. બરૂ જોના તો 'न काष्टे विद्यते देवो न पाषाणे न मृन्मये.'

નદીના પટમાં પવિત્રમા પવિત્ર જગ્યા 'રામકુંડ' છે આ કુંડમા રામ સ્નાન કરતા હતા એમ કહેવાય છે. અધિકમાસ કે પવિત્ર પર્વને દિવસે શ્રદ્ધાળુઓનો ત્યા દરોડો પડે છે એ ભીડમા નીચ અને ઉચ્ચ, તવંગર ને ગરીબ, સ્ત્રી ને પુરુષ અને ઘણી વખત તો માણસ ભેગા ગાય ને બકરાનો ભેદ ટળી જતા હોય છે. હાથમા દર્ભ અક્ષત અને કંકુ લઇ યજમાનોને પ્રાયશ્ચિત્ત કે શ્રાદ્ધ કરાવતા કે જરા વધારે 'ગંગાભેટ' આપવા માટે એમનો આગ્રહ કરતા ગોર કુંડ પાસે થતા કોલાહલના સંચાલકો છે પૈ-પૈસાના ફૂલ લેવા આજીજી કરતી માલણ કે માથાનું મુંડણ કરતો હજામ આજ ચિત્રનાં પાત્રો છે. ભિખારીને તો આ મહાલવાની જગ્યા છે એકાદ પાઈ નાખો એટલે એક મોટું ટોળું તમારા ઉપર તૂટી જ પડવાનું. પછી એ ટોળામા રક્તપિત્તિયાથી માંડી જાત જાતના આંધળાં કુબડાં અને રોગી પણ ભરા. ભરમ થએલા દેહના હાડકા પણ આ જ સ્થળે પધરાવાય છે. ગંગાગોદાવરીમા પાવન થઇ ગોદાવરીસ્નાન ઊજવતા અને ટોળે મળી પાણીના લોટા ફેરવતા ગાતાં ભૈરાં આ પવિત્ર સ્થાને પુણ્ય લૂંટે છે. મૃત્યુ પછીનો મોક્ષ નક્કી કરે છે! બ્રાહ્મણને જમાડવાનો સંકલ્પ કરી કેટલાયે શ્રદ્ધાળુઓ પિતૃઓને માટે સ્વર્ગનાં દ્વાર અહીં ખોલે છે. સ્નાન કરતાં પહેલા અને સ્નાન કરી લુગડાં કયે સ્થળે બદલવાં તેની મુત્સદ્દીગીરી કરતા કેટલાક દોડાદોડ કરે છે. કાદવ કીચડ અને ગંદકી તો પાર વિનાની છે. પરંતુ રામ અને ગૌતમ ઋષિએ પાવન કરેલી ગોદાવરીનો પ્રવાહ પાપપુણ્યને ધસડતો વહ્યા કરે છે.

નાશિકમાં ઘણાં કુટુંબો ગોરનો ધંધો કરે છે. તેમનાં ઘર ઊંચાનીચા ટેકરાઓ ઉપર સાંકડી ગલીઓમાં હોય છે. દરેક ગોર ગાય રાખે અને શુદ્ધ બનાવની હોય. અલ્લાઉદ્દીન ખિલજી અને મહમ્મદ બેગડાના જુલ્મથી સિદ્ધપુર અને ચાંપાનેરથી નાસી છૂટી બજુબેંદી બ્રાહ્મણો નાશિકમાં આવી વસ્યા છે. તેઓ પેઢી-ઉતાર ગોરનો ધંધો કરે છે. નાતનાતના ગોર જુદા દરેક ગોર પાસે પરાપૂર્વના ચોપડા હોય છે. કેટલીયે પેઢીનાં નામ જડે. ૫૦૦–૬૦૦ વર્ષના જૂના ચોપડા તો સહેજ મળે. તેઓ વંશાવળી સાબિત કરે છે, અને એ રીતે જ નાશિકના ગોરે સયાજીરાવની પેઢી સાબિત કરી આપી વડોદરાની ગાદી ઉપર એમને હક અપાવેલો. આ જ પ્રમાણે ગુજરાતના લુહાર પણ અહીં આવી વસ્યા છે. આ લોક પહેરવેશ, ભાષા અને વ્યવહારે દક્ષિણી થતા જાય છે.

નાશિકનાં ત્રાંબાપિત્તળનાં વાસણ વખણાય છે. અહીંના તાંબટ પણ અસલ ગુજરાતના વતની છે. તેઓ હજુ યે ચાંપાનેરની કાગાની પૂજા કરે છે. બજાર મરાઠી અને ઘરમાં ભાગ્યુંતૂટ્યું ગુજરાતી તેઓ બોલે છે. વાસણમાં ખાસ કરીને અભિષેકપાત્ર, સંપુટ, ઘંટા, આરતી, હાંડા, ગાગર અને તપેલાં બને છે. હાલ તો નકલી માલ આપાત થાય છે. નાશિકનાં જૂના ઘરોનો આગલો ભાગ લાકડાંનો હોય છે. દિગણેવાડા અને રામજી કંસારાના ઘરના લાકડાની નકશી ધ્યાન ખેંચે છે.

નાશિકથી પાંચ માઇલ ગંગાપુર નામનું એક ગામડું છે. અહીં ચોમાસે નાનો ધોધ પડે છે. આ ધોધને 'દૂધસ્થળી' કહે છે. દૂધ જેવાં સફેદ પડતાં નીર કયા ધોધનાં મનોહર ન લાગે? આ સ્થળ પ્રાચીન કાળમાં ગોવર્ધન કહેવાતું. રસ્તે જતા પાંગરાનાં થડ ઉપર ચડાવેલા દ્રાક્ષના વેલા નિહાળવા જેવા છે. ગોળ ગોર જેવડી એ દ્રાક્ષ તો ખાટી છે. એના કરતાં વાડીમાં થતાં ઘણી ગોર મીઠાં હોય છે. ધોધ પાસે શંકરાચાર્યનો બંગલો છે. નાશિકના શંકરાચાર્યનો મઠ જૂનો નથી. શૃંગેરી મઠના શંકરાચાર્ય સચ્ચિદાનંદ ૧૭૨૦–૪૦માં પ્રથમ નાશિક આવેલા. આજના આચાર્ય વિદ્વાન છે.

નાશિકથી અઢાર માઇલ દૂર ત્ર્યંબકેશ્વરનું મંદિર છે. ત્ર્યંબક (ત્રિ–અંબક) જ્યોતિર્લિંગ છે. નાશિક માર્ક

ત્र્યંબક જવાનો ચાર આના કર દરેક હિંદુએ આપવો પડે છે ચારઆના લેવાય છે તો સ્વચ્છતા માટે, પરંતુ જાત્રાનાં આ બને સ્થળો અસ્વચ્છતા માટે પ્રખ્યાત થવા લાયક છે. કૉલેરા અને ટાઇફૉઇડ જેવા ચેપી રોગો અહીં અવારનવાર ફાટી નીકળે છે પાણીનુ અહી ગજબ દુઃખ છે ગોદાવરી નાની નીક જેવી દેખાય છે.

ગૌતમી તટે ૧૫ એકર વિસ્તૃત મંદિર બાલાજી બાજીરાવે (૧૭૪૦–૬૦) બંધાવેલું. મંદિર પર્વતની તળેટીમા છે આજે યે વર્ષે બાર હજાર રૂપિયા સરકાર મંદિરને આપે છે આપણે મંદિરોને સોમવારે સાંજે મહાદેવનો વરઘોડો નીકળે ત્યારે મહાદેવની મૂર્તિને ત્રણેક લાખની કીમતનો મુકુટ પહેરાવાય છે એ મુકુટ પાડવોનો ગણાવાય છે જ્યોતિર્લિંગના ઘણાખરા મહાદેવ જેમ ઉંડાણમા હોય છે તેમ અહીં પણ છે બ્રાહ્મણો હાથમા બાલી લઇ, રુદ્રી, પારાયણ કે જપ કર્યા કરે છે. મહાદેવના દહેરા પાછળ લીલથી છલોછલ એક વાવ છે. તેથી જરા દૂર ચોપાસ બાંધેલો 'કુશાવર્ત' નો પવિત્ર કુંડ છે કુંનું પવિત્ર જળ ગદુ દુર્ગંધભર્યું અને ચેપી છે પાપ અને રોગ બને એમા ધોવાય છે. સ્વર્ગે પહોચવા પિતૃને પિંડ આપવા કુંડમા સ્નાન કરવું ને તેના પાણીનુ આચમન કરવું આવશ્યક છે! જળમા અદશ્યદના અનેક જીવો ઘણા ભાવિકોને સ્વર્ગનું તરત હુકમનામુ કરી આપે!

ત્र્યંબકના પહાડમાં ગોદાવરીનુ મળ છે. તે જોવાને પર્વતના ૭૫૦ પગથીઆ ચડવા પડે છે ચોમાસે પગથીઆ લીલથી એવા ચીકણા થાય છે કે ચડતા લપ ચડે અને સરર લપસી પડાય. આથી અનેક ડોળીવાળા વાર તહેવારે સારી કમાણી કરે છે. પહાડ ચઢ્યા પછી ગંગાદ્વારની મૂર્તિના દર્શન થાય છે. મૂળ ગોદાવરીને ગંગા કહે છે એ મળ એટલે ટપકતા પહાડના પત્થરમાથી નીકળતો એક રેલો. એ રેલા વધતા વધતા ૯૦૦ માઇલ પૂર્વ તરફ વહે છે. નાનીનાની અનેક નદીઓને પોતાના ઉદરમા સમાવતા એ નર્મદાથી મોટી અને લાંબી નદી બને છે શ્યામશિલાની મૂર્તિને આખે શરીરે ધરેણા પહેરાવી એક પૂજનરી ધૂપ સળગાવી પાસે બેસી રહે છે ગંગ દ્વારને નારીઓળ વધેરવાની તે આશા ગણે છે અહી એક બે જટાધારી, ભસ્મધારી, ધૂણી ધખાવતા, ગાજેવીજમ કૂકતા બાવાઓ પણ છે જતાઆવતા પાસેથી પૈ પૈસો ઉઘરાવવામા તેમને મકોચ નથી તેમની આસપાસ બબોલોમાં માકડાની સેના રહે છે તેમને ચણા નાખવાનો રિવાજ છે અને યાત્રાળુને દેખી તે દોડતા, ઘુરકીઆ કરતા ધસી આવે છે જરા આઘે ગોરખમઢી છે અને પર્વતમા ૧૦૮ શિવલિંગની ગુફા કોતરેલી છે


ગંગાદ્વારથી ઊતરીને પર્વતની ટોચે પહોચવા માટે બ્રહ્મગિરિ ચડવુ પડે છે પાસે ૧૮૦૦ ફૂટ ઊંચે આવેલો ત્र્યંબકનો વિકટ કિલ્લો છે નાશિક જીતતા પહેલા અંગ્રેજોને એ તોડવો પડેલા નાશિકની આસપાસ આવેલાં પર્વતમાળા સહ્યાદ્રિની છે નાશિક અને ધરમપુર વચ્ચે ડાગન જંગલ છે આ જિલ્લાના વિસ્તારમા ૬૮ કિલ્લા છે મધ્ય કાળમા ઉત્તરમાથી દક્ષિણ તરફ આક્રમણ કરવાનો આ મૈન્યમાર્ગ હતો. આજે તો એ સર્વ કિલ્લાઓમા ઘાસ ઊગે છે અને જંગલી પ્રાણીઓ વસે છે. છતા યે કેટલાય અનામી શહીદોના સ્મારક જેવા તો એ છે જ

મુંબઈની સરકારી કળાશાળાનું સરવૈયું.... (અનુસધાન આગળના પાન ૨૪થી)

કેળવણીવિધાયક(?) સંસ્થાઓ, જરા ચેતો! આપણે કાન અને આખ બંધ કરીને કે પાગળા કરીને જ સપૂર્ણ કેળવણીનાં સર્ટિફિકેટો આપવા માડ્યા છે' એક વિદ્વાને કહ્યું હતુ તેમ આપણે emotionally illiterates ઊર્મિના અજડોના જૂથના હાથમાં આપણા સંસારના ચકો સોપ્યાં છે. એમને શી પડી છે કે દેશના કરડ્યાં પાદ્ય પુસ્તકો, ગદા અવ્યવસ્થિત શાળા-ગૃહો, બેદરકાર અર્ધવિકસિત બાળકોની ભાળસેદ કળાની કોઇ સંસ્થાના હાથમા દેશનાં માનવીઓની એક પણ નાડી સોપવાની તૈયારી તો શુ પણ હરખ મરખી યે તેમના મનમા જન્મ પામતી નથી. ફ્રાંસ, જર્મની, જાપાન, અમેરિકા અને રશિયાએ કળાને શિક્ષણમાં, નગરજીવનમા અને ગૃહોમાં કેટલા અધિકાર સોપ્યા છે તેનુ પ્રત્યક્ષ નિરીક્ષણ અને પરચા જોયા પછી યે જેમનાં હૃદય થડક્યા નથી એવા મહાનુભાવો તો આ સંસ્થાનો તાગ લેવાને લેશ માત્ર પરવા જનાવતા નથી. એટલે પછી હવે આ સંસ્થાની એકલ અંતર્ગત વ્યવસ્થા, શાસન અને પદ્ધતિ પર અજવાળુ ફેંકી શકે એવું કોણ રહ્યું? ર.મ.૨.



ડાબી બાજુની ભીંતે બહુ જાણીતું થયું એવું ચિત્ર 'ગોકળગોકુળ.' જમણી બાજુ ચોખા પ્રદર્શનમાં આંખને ઠંડક આપતું એકજ પ્રાણીચિત્ર: શ્રી ગોધાલીકરનું 'મૃગજળ.' એ જોતાં ગુજરાત અને હિંદમાં શ્રી રવિશંકર પંડિતના સાથમાં ઊભા રહેવાને લાયક પ્રાણી-



ચિત્રકારની હજુ પણ રાહ જોતી પડશે એમ લાગે છે.
સંજોગવશાત્ શ્રી પંડિત બહેરાતના ક્ષેત્રથી વેગળા રહ્યા છે.


ઉપાસકને માત્ર એલીમેન્ટરી ટીચર (પ્રારંભિક વર્ગના શિક્ષક)જ રાખ્યા છે એ જાણી નવાઈ લાગે છે. તેની કળામા અને વિચારણામા જે યોગ્ય સંયમ, તપસ્ અને વિભૂતિ છે તે ગીત્ત અનેકોને દૃષ્ટાંતરૂપ બને એવા છે. છતા વર્ષોના વર્ષોથી આ ચિત્રશાળાના પગથિયાં ઘસતા છતાં તેના પછીના વિદ્યાર્થીઓ કરતાં યે તેમનું સ્થાન પાછળ દેખાય એ આઘાત કરનારું છે. જેમણે દેશ-પરદેશના ચિત્રો મુદ્દલે જોયા ન હોય, જેમણે દિલ્હી કે બંદરની સરથાઓ જોઈ ન હોય તેમને આ શાળાની બહારની બીજી જાતો અંગ્રજી ૬૪ શકે; પણ હજુ સુધી કોઈ પ્રશ્ન કરતું નથી કે આ પચાસ વર્ષની અવધે આખા દેશમા કળાશિક્ષણ કયાં સુધી પહોંચ્યું છે, સામાન્ય શિક્ષકો ને ચિત્રશિક્ષકો પણ કળાપરીક્ષણ ને ચિત્રમય માનસ કેમ પ્રાપ્ત કરી શકયા નથી, અમારી બાળશાળાઓ કે કૉલેજો કળાના સુક્ષ્મોથી કેમ વંચિત છે, અથવા અમારા કલાકારોના ચિત્રવિષય માત્ર સ્ત્રીપાત્રની મામૂલી ચેષ્ટાઓથી બહાર કેમ જતો નથી ? આ પ્રશ્નોના અનુત્તરમાં જ આવી સંસ્થાની નિષ્ફળતા પ્રકટ થશે મુંબઈની આર્ટ સ્કૂલના આ પ્રદર્શનના ચિત્રપ્રસ્તુતોમાંથી લાગ્યે જ કોઈ સ્ત્રીપાત્ર વિવર્જિત હતુ. કદાચ એમને ગુરુઓ મારફત એવો આદેશ થયો હોય કે 'જો' શરીરની લીલાઓમા જ વધુ કળા વસેલી છે, તો એમની, તરફની હૉલમન હન્ટ, લેઇટન વગેરે ઇંગ્લંડના શુદ્ધ કળા-સંપ્રદાયના દૃષ્ટાંત કયારે મળશે?

કૅપ્ટન સૉલોમનનાં અઢાર વર્ષોનાં તપનો એક આવિષ્કાર તે મ્યૂરલ ડેકોરેશન (પ્રચંડ ભીંતચિત્રો) ગણાય છે. પણ એનું પ્રેરક બળ તો દિલ્હી બાજુ નીકળેલી કામગીરી માત્ર હતું એમ હવે સ્પષ્ટ થાય છે. વિદ્યાર્થીઓમાં મ્યૂરલ ચીતરવાનું માનસ તેઓ ઉતારી શકયા હોત તો આજે અઢાર વર્ષમાં તો ગુજરાતની એકેએક સંસ્થામાં અજંતા અને બાઘ ગુફાના રંગો રેલાતા હોત. પણ ખરી વાત તો એ છે કે કલાની અભિરુચિ પ્રસંગવર્તી જ હતી અને હવે તેઓ પોતાના હોદ્દાથી ફારેગ થાય છે તે વખતે વ્યાપાર-પ્રેરિત કળાના અધ્યાપક આવવાના છે એની બહેરાત કરે છે. આ બંને પ્રકારની કળા પ્રજાની ભૂખ બહાર પીરસવામાં આવે છે એટલે લોકરુચિ તેને અનુસરતી નથી અથવા આદર આપી શકતી નથી એવું નિદાન સ્પષ્ટપણે કહેવાની તક કોઇએ લીધી જ નથી. જે વસ્તુ આજે ચિત્રકળા રૂપે ચર્ચાય છે અને નગરોમાં આદર પામે છે તેની પાછળ પ્રેરકબળો કયા છે અથવા તેના નિર્વાહના સાધનો કયા છે તેનો વિચાર કરતાં જ એ કળાભાવનાનાં મૂળ ઊંડાં દેખાશે. કળાના વ્યાપક શિક્ષણની આજે કોઇને પડી નથી. જામડાનો કુંભાર તેના ઘાટ અને તેના બંધો સુધારી ન શકયો, દરજીમાં શરીરનાં પ્રમાણો અને સુંદરતાનાં ધોરણો ઉતારનારો કલાકારો ન નીપજ્યા, ઘાટ પ્રમાણ અને માપની કેળવણી સમૂળગી વીસરાઇ ગઇ અને પ્રજામાં પહેલાં કળા તથા રંગની જે રુચિ હતી તે પણ ઓસરી ગઈ એનું પ્રાયશ્ચિત્ત કરવાનું કલાકારની એ કેન્દ્રસ્થ કળાસંસ્થાને આજે કોણ કહી શકે ? હિંદુસ્તાનની

(અનુસંધાન પાછળ પૃષ્ઠ ૨૧ ને છેડે)

ઓક અભ્યાસી અને અનુભવીની કલમે લખાતી જળજગતની જીવસૃષ્ટિની પરિચયમાળા

મરઘલી



ગમે જેવા સુરત છે કુદરત તો! અજબ પણ કેવી? જેમનામાં ગુણો ઓછેવત્તે ન મળે એવા પ્રાણીઓના રૂપની મણા નહિ એમના રંગની વિવિધતા જે મનુષ્યને પણ બાજુએ મૂકે, મનુષ્યની વૃત્તિઓ મુગ્ધ કરનારી અનુપમ શોભા એ ધનવંતા હોય ધીમંત ધીરાન સ્વભાવે જ અનલંકૃત અવગુણનો સ્પર્શ પણ એમનેય હોય, છતાં અપ્રિય દર્શનને લીધે એ કનિષ્ઠ પંક્તિમાં લેખાય મનુષ્યની સૌંદર્યભાવનાને પોષે એવા આકર્ષણનો અભાવ એટલો જ એમનો વાંક ઘણા એટલા માનથી જ એ સદાના હીનવૃત્તિ વાળા, સ્વાભાવ ગણાય

પ્રાકૃત જનોની વાત ન્યારી છે પણ પ્રકૃતિનો ગાઢ પરિચય કરનાર અભ્યાસીને આવો ભેદ રાખવો પાલવે નહિ એના મનથી નથી કોઈ નીચું કે નથી કોઈ ઊંચું સ્વયં આવરણોની પર જઈને, નૈસર્ગિક ધર્મો ને વાર સ્વને શોધવા મથનાર એના ચિત્ત, કુદરતના પ્રત્યેક આવિષ્કારમાં, જ્યાં જ્યાં લોકોત્તર વસ્તુ કે વર્તન નજરે પડે ત્યાંથી સુદરતાને જ અવલોકે છે પતંગિયા અને ભૂંવા, કરોળિયા વાંણિયા અને આગિયા —આ બધાં ની સુદરતાનો આપણે આની જ નજરે ઉપભોગ કરીએ એવા જ સત્ત્વસંશોધન અર્થે વળી અન્ય એક લોકોત્તર જંતુનો પરિચય હું તમને કરાવું છું

એ 'અજબ' મૂર્તિનું નામ 'મરઘલી' વિશારદ કરાવ જ્યાં, શરીરથી બે વાંકી મૂકેલી, અત્યંત તીક્ષ્ણ નહોરવાળા ભારેકમ પગ, જરદ માથડો, કાંસીની સૂંઢની પેઠે ચૂપચાપ વાળેલાં દીર્ઘ પાંખો,—સોના સ્વરૂપની આવી બીજાઓને અનુરૂપ એની વૈજ્ઞાનિક સંજ્ઞા Schizodactylus Monstruosus[1] જોતાં જેવા કોઈને થઈ એ, આસામ બાજુની 'ભેરવા' નાગે પણ ઓળખાય છે ઉદરમાં નિર્વાહોપયોગી છતાં અદ્‌ભૂત કારીગરીવાળી એની મુલાયમ પાંખોવાળી મુખ્ય ઘરોવા આફ્રિકાને સોને 'ગોરોપ્ટેન જંતુ' કહે છે.

જંતુસૃષ્ટિમાં મનુષ્યને અત્યંત પરિચિત Orthoptera વર્ગમાં એનો સમાવેશ થાય છે તીડગોકળગાય એ ત્રણેનો તીડ વંશ[4], કમાનીપ વગેરે એ નાનો જ એ પોતે[5] પણ લાગે છે તીડના જેવું જ, પણ તીડ અને એનામાં ઘણો ફેર છે તીડનું શરીર વાંકુ ગબડી મોટ ઘાટની તીડની મૂછો નાની મણકાની શરીર કરતાં બે લાંબી તીડ ના ગળ પકડવામાં અને અને કૂદવામાં ઉપયોગી મરઘલીના દેખાય એવાં પણ એના પગની રચના જુદી જાતની, પાંચ આંગળાવાળી એના વડે દર ખોદતી વેળા રેતી પાછળ ખાંકુ ઝડપી નાખતા એને જુઓ ત્યારે જ એ પગની ઉપયુક્તતા સમજાય તીડ કે જે ઘાસને રહેનારા અને કાનાન મણકાની ઓ એના પીતરાઈ તીડગોકળના કોમળ નિયંત્રણના તીક્ષ્ણ લાંબી ઘાટના ઊડનાર તીડ ગોકળગાય મણકાની વગેરે ઝાઝું ઊડી ન શકે આરામપ્રિય તીડ તો દિવસે ભમનાર, ત્યારે જ ચરે મણકાની

---

૧ Mantidae

૨ એના વંશ Locustidae=Hoppers

૩ Acrididae વંશની Locusts

૪ Cockroaches

૫ Crickets

૬ Family Gryllacridae

૭ કેટલાક લોકો કેહેતા ભાગવાની ટેવ રહેતી હોવાને લીધે જ એનું નામ 'ભાગેરી' પડયું હશે

વગેરે બધાં નિશાચરવૃત્તિવાળાં. તીડને ઉધાડામાં રહેવાની ટેવ: મરઘલી રેતમાં દર કરીને સરાઇ બેસનારી.

મરઘલીનો રંગ આછો ધોળો કે ફિક્કો લીલાશ પડતો. તીડની પેઠે એને શ્રવણેન્દ્રિય નથી હોતી.

સ્વભાવે માંસાહારી. એક વખત મેં થોડા આ જંતુ મુંબાઇ મોકલ્યા હતા. પારસલ ઉઘાડ્યું ત્યાં અરધા ગેપ! પત્તો જ ન લાગે. શવચ્છેદ કરતાં એમના સાથીઓના ઉદરમાં જ પહોંચી ગએલા જણાયા.

એનું નિવાસસ્થાન રેતાળ જમીન કે ઘણુંખરું નદીકિનારો. આશરે અરધો આગળ પહોળાં અને વેંતેક ઊંડાં દર કરીને એ રહે છે. માંસભક્ષક હોવાથી ખેતીને નુકસાન કરતું નથી, પણ આહારની શોધમા જ્વડાં પકડવા ભમતુ હોય ત્યારે કવચિત્ બટાટાના કોમળ મૂળને કરડી ખાય છે એવી સંદિગ્ધ માન્યતા છે.

જગતમાં માત્ર ભારતવર્ષ જ આ જંતુનું નિવાસસ્થાન છે. એમા યે આજ સુધી એમ મનાતુ કે મુલતાન, સિંધ, આસામ અને બેલારી સિવાય અન્ય સ્થળે એમની હસ્તી નથી પણ આ માન્યતા ખોટી ઠરી છે. આપણા ગુજરાતમા પણ એ નજરે પડે છે.[૮]

થોડાંક વર્ષ ઉપર જ્યારે ઇગ્લંડના 'ઇલસ્ટ્રેટેડ લડન ન્યુસ' એ મરઘલીનુ ચિત્ર 'એરોપ્લેન ઇન્સેક્ટ' સંજ્ઞાથી પ્રસિદ્ધ કર્યું ત્યારે એની વિચિત્ર દેહઘટનાને લીધે વિદ્વાનોમા ખૂબ ઊહાપોહ થયો હતો. ચૂંચળુ વાળેલી એની પાંખોની સમસ્યા ઉકેલવા અનેક તર્કવિતર્ક થએલા, પણ હજુ એ તો અણઉકેલ જ રહી છે. ત્યાં વળી મુંબાઇના 'ઇલસ્ટ્રેટેડ વીકલી'એ એનુ ચિત્ર છાપીને એની મહત્તા ખૂબ જ વધારી દીધી. મારા કેટલા યે હોશીલા મિત્રો એ મહત્તા મારી આગળ વર્ણવી બતાવતા ત્યારે હું મનમા હસતો. આપણા ઘરઆગણે—અમદાવાદમાં સાબરમતી નદીમા, વાડીલાલ સારાભાઇ હરપીતાલ પાસે અગર કૅલિકો મિલની આગળ પાણી નજદીક દર કરીને—રહેતાં આ ગુજરાતી જંતુ વિષેનું આપણું અજ્ઞાન મને ખૂબ સાલતું. એના નિવારણ અર્થે આ અલ્પ પ્રયત્ન કરી હું કૃતકૃત્ય થાઉં છું. એની વિશેષ કથા વળી કોક દિવસ.

ઉને ઘર

૮ એનું ગુજરાતમાં અસ્તિત્વ છે એ વાત પ્રથમ પ્રકાશમાં મૂકવાનું માન મારા મિત્ર પ્રો આસાણાને ઘટે છે.



જેમાં સુસંહત શરીરની ઝંખનાથી વ્યા-

પ્રશ્નોત્તર (ગયા અંકથી ચાલુ)

૬૩ વેઇટ લિફ્ટિંગથી બાંધેલું શરીર, વેઇટ લિફ્ટિંગ છોડી દીધા પછી દંડ બેઠક કરનારના જેટલું વિકસિત નથી રહેતું એ સાચું છે?

ના; તદ્દન જૂઠી વાત. પ્રથમ તો, કુશ્તી સિવાય, એકલા દંડ બેઠકથી વેઇટ લિફ્ટિંગ જેવું સુંદર સશક્ત શરીર ઘડાતું જ નથી. ભિન્નભિન્ન પ્રકારના દંડ બેઠકનો આશ્રય લેવાથી શરીર સાધારણ કેળવાય છે, પણ એ વે૦ લિફ્ટિંગ કે જિમ્નૅસ્ટિકસની તોલે તો ન જ આવે. એકમાં શરીરને તાવી નાખવા છતાં, કલાકો સુધી દંડ બેઠક ખેંચવા છતાં, ફળ ત્યારે સાધારણ બલપ્રાપ્તિ, શરીર પર આછો ઓપ, અને ભારે શ્રમસહતા; બીજામા રોજના અરધા પોણા કલાકના અલ્પ ભોગે જ પ્રચંડ શરીરબળ, અસાધારણ સ્નાયુવિકાસ, લોકોત્તર સુંદરતા અને આવશ્યક શ્રમસહતાની સહેજે પ્રાપ્તિ. કયું સારૂ? પછી બંનેના વિકાસની તુલના શી રીતે થાય?

સત્ય વાત તો એ છે કે કોઇ પણ પ્રવૃત્તિ સદંતર છોડી દીધા પછી અમુક કાળે એ પરનું પ્રભુત્વ સ્વાભાવિક રીતે ઢીલું પડે છે. એકાદ ટાઇમિંગ ધંધો છોડી દે તો કાળાન્તરે એની ઝડપમાં ફેર પડવાનો જ. આવી જ વાત ચાલનાર, દોડનાર, બૉક્સ, કુશ્તીબાજ, દરેકની છે. શરીરનું પણ આવું જ સમજવું. વ્યાયામ છૂટ્યો એટલે સ્નાયુઓની સુરેખતા (એને ઓપ આપનાર નિયમિત વ્યાયામોપાસનાને અભાવે) આપોઆપ ઓછી થવાની. એટલે અંશે તો દંડબેઠક અને વેઇટ લિફ્ટિંગ બંનેના સરખા હાલ છે. વ્યાયામનાં બધાં સાધનો દ્વારા કેળવાએલાં શરીરોમા કોઇની પણ દૃઢતા વધારે પ્રમાણમાં જળવાઇ રહેતી હોય તો તે કુશ્તી (અને દંડબેઠક)થી ઘડાએલા શરીરની જ. એની ક્ષીણતા સૌથી ઓછી ગતિએ થાય છે.

૬૭ સાધનવાળી કસરતો કરતાં સાધન વગર હાથના જોરથી જ કરાતી કસરતો પણ તેટલો જ

અખાડો

શરીર વિકાસનુ વિજ્ઞાન ચર્ચતો વિભાગ

યામની ઉપાસના કરનારા યુવાનો દર મહિને પરસ્પર અનુભવની આપલે કરે છે

નિરીક્ષક : શ્રી હરિનારાયણ આચાર્ય

ફાયદો આપે છે એ સાચુ છે?

'સેલ્ફ રિજિસ્ટન્સ એકસરસાઇઝિઝ'થી શરીરમા ચેતન આવે ખરૂ પણ કુશ્તી, વેઇટ લિફ્ટિંગ જિમ્નેસ્ટિકસ વગેરે જેવા અદ્‌ભુત વિકાસ અને પ્રચંડ શક્તિ તો નથી જ કેળવાતા

'મસલ્સ કૉન્ટ્રોલ'નો પણ સાધન રહિત સે૦ રિ૦ વ્યાયામપદ્ધતિઓમા સમાવેશ કરી શકાય સ્નાયુ વિકાસ થયા પછી એની ઉપકારકતા અસંદિગ્ધ છે પણ જ્યા સ્નાયુ જ 'નથી' (અર્થાત્ દોરડી જેવા, વિકાસ વિનાના અને નિર્બળ છે) ત્યા સ૦ કૉન્ટ્રોલથી ભારે પરિણામ તો નહિ જ આવે આ પદ્ધતિના પુરસ્કર્તા મૅકફાડન, ઑટો આરકેા વગેરેના શરીર પણ પ્રથમથી જ વેઇટ લિફ્ટિંગ વગેરે સાધનો વડે સંપૂર્ણ ઘડાએલા હતા તે પછી જ તેમણે સ્નાયુઓ ઉપર ઓપ ચડાવવા સ૦ કૉન્ટ્રોલનો આશ્રય લીધેલો

મનુષ્ય 'પશુ' રૂપે કુદરતી રીતે ઊભો રહે, ચાલે અને વળે તો, પ્રત્યેક ક્ષણે એકધારા ચાલુ રહેતા આ 'વ્યાયામ' (!)થી જ એના સ્નાયુ આપોઆપ યોગ્ય વિકાસ પામે પરંતુ સમાજની કૃત્રિમતા અનુસરવા માટે આવી ધ્યા૫૨ાયણના વિચારાતીત છે એટલે સરળતાથી શરીરનો વિકાસ કરવો હોય તો તો મને કમને પણ કૃત્રિમ સાધનોનો ઉપયોગ કર્યા વિના છુટકો નથી

૧૮ વ્યાયામશાળાનો નિયમિત લાભ લેનારા બધા જ સંપૂર્ણ શરીરવિકાસવાળા અને શરીરસૌષ્ઠવમા આગળ પડતા કેમ નહિ થતા હોય?

કારણ, આવો નૈસર્ગિકોત્તર શરીર વિકાસ અને શરીર સૌષ્ઠવ સાધવાની કોઇને પડી જ નથી હોતી. એ ઉપનત, શરીરની રચનાના જ્ઞાનનો અભાવ, સ્નાયુ વિકાસના શાસ્ત્રનો અભ્યાસની ઊણપ, આવો વિકાસ સાધનારી વ્યાયામ પદ્ધતિઓનો અપરિચય, વ્યાયામ કરનારના શરીરની વિશિષ્ટતાઓનુ અજ્ઞાન, એના શરીરને અનુકૂળ શિક્ષણનો અપરિચય, યોગ્ય શિક્ષકની મુશ્કેલી, શરીર કેળવનારની એકાગ્રતા કે તન્મયતાનો અભાવ, આહારવિહાર આરામ વિચાર-સ્વસ્થતા વગેરેની અપૂર્ણતા—વગેરે અનેક પ્રતિકૂળ કારણો પણ જવાબદાર છે

૧૯ અમુક વર્ષ કસરત કર્યા પછી સદંતર છોડી દેનાર માણસ બધુપડતો જાડો બની જાય છે એ સાચુ છે? શાથી?

આ વાત કંઇક અંશે સાચી છે વ્યાયામ કરાતો હોય તે દરમિયાન પાચન વગેરે શરીરની ઘટક ક્રિયાઓ ઉત્તમ પ્રકારે ચાલતી હોય વ્યાયામ સદંતર બંધ થાય એથી આ ક્રિયાઓ કંઇ એકદમ શિથિલ નથી થઇ જતી એટલે વ્યાયામ બંધ થાય છતા આહારમા ફેરફાર કરવામા ન આવે તો આ ક્રિયાઓથી માંસરૂપ ઉત્પન્ન તો થતો જ રહેવાનો આ રસને સ્નાયુરૂપે પલટાવનાર વ્યાયામ તો નથી જ હોતો એટલે એ રસ ચરબી રૂપે પરિણત થઈ શરીરમા એકઠો થાય છે એને લીધે શરીર જાડુ બને છે

૨૦ એક ડૉકટર આ એક વ્યાયામ વિશારદ નબળા બાંધાના માણસ પર, જેણે થોડી કસરત કરવી પાર્યું પરિણામ લાવી શકે ખરા?

શરીરશાસ્ત્ર અને વ્યાયામશાસ્ત્ર ના સર્વદેશીય સંપૂર્ણ જ્ઞાનવાળા આ જે અને અત્યંત ઉત્સાહવાળો વ્યાયામ કરનાર બનતે—આ બધાના સહકારથી, ઉમદા આહાર આરામ સ્વસ્થતા વગેરે બધા યે આવશ્યક સંયોગો અનુકૂળ હોય તો, વહેલુ મોડું પરિણામ આવે પાર્યું પરિણામ એટલે વ્યાયામ કરનારના બાંધાને અનુકૂળ અને ઉમરને યોગ્ય શારીરિક વિકાસ કરી શકાય પણ આવા પ્રત્યેક પ્રસંગે શરીરવિકાસની પરાકાષ્ઠાએ પહોંચવાની મર્યાદા બાંધી શક્ય નથી

૨૧ આપ કસરત કરો છો? કયા કહેતા કયા તો

આપની કસરતો મુખ્ય કોઇ જાતની છે? અને આપનો સ્નાયુવિકાસ કેવો છે? બીજાને ધડો લઇ શકાય તેવો ખરો?

હું કસરત કરું છું, પણ અવારનવાર: મારા વ્યાવહારિક સંયોગો વ્યાયામની (કે બીજી કોઈ પણ જાતની) નિયમિતતાને અનુકૂળ નથી. અને કુસ્તી કરવા મળે તો હું બીજો કોઇ પણ વ્યાયામ ન કરું: પણ એની અનુકૂળતા ન હોવાથી હું વેઇટ લિફ્ટિંગ અને ટ્રેપીઝ તથા રોમન રિંગ્સનું શરણ લઉં છું. મારું શરીર હીક ઘડાએલું ગણાય: બીજાને ધડો લેવા લાયક ખરું. પણ મારે કબૂલ કરવું જોઇએ કે સંપૂર્ણ રેખાબદ્ધતા મારા સ્નાયુઓમા નથી. એનું કારણ નિયમિત વ્યાયામ કરવાના સંયોગોનો અભાવ જ છે: સાધન કે જ્ઞાનની ઊણપ મને નથી સાલતી.

'અખાડો' શરૂ કર્યો ત્યારથી આવા એકાદ પ્રશ્નની પ્રતીક્ષા હું કર્યા જ કરતો હતો. એવા પ્રશ્નમા અપરિચિત કશું જ નથી. અન્ય વિષયમા ગમે તેમ ચાલે, પણ વ્યાયામના ક્ષેત્રમા તો જેણે પુરુષાર્થથી ધ્યેય સિદ્ધ કર્યું છે એવી જ વ્યક્તિનું કથન શ્રદ્ધેય ગણાય અને પ્રોત્સાહક નીવડે. હું વિકાસના શિખરે પહોંચ્યો નથી. પ્રતિકૂળ સંયોગોને લીધે ક્યારે પહોંચીશ તે પણ આજે તો ન કહી શકું. પણ શરીરના ઘડતર પાછળ મેં અથાગ શ્રમ લીધો છે; વિશાળ વાચન, ઊંડો અભ્યાસ અને સતત પરિશ્રમ કર્યો છે. મારા આ પરિશ્રમની વાત કદાચ આગળ કોઇ પ્રસંગે કરું ખરો. હાલ તો મારો અનુભવ કુમારના વાચકોને આપીને જ સંતોષ માનું છું. મારી પાસે બાનગીમા અનેક યુવાનો શરીર ઘડવાની સલાહ લેવા આવે છે. શરીરવિકાસની એમની ભૂખ જોઇને, આ ભૂખ ગુજરાતમા અનેક યુવાનોની હશે જ એમ માનીને આ વિભાગ શરૂ કરવાનું સૂઝ્યું છે.

૨૨ આજના મોજશોખ અને કોમળતા તરફ વળેલા નવયુવાનોને વ્યાયામશાળા તરફ રસ લેતા શી રીતે બનાવી શકાય કે જેથી દેશનું અને સમાજનું સ્વાસ્થ્ય, બળ અને સંગઠન મજબૂત તેમજ શક્તિસંપન્ન બનાવી શકાય?

ભારે પ્રચારકાર્યથી. નિર્બળતા, નપુંસકતા, કુરૂપતા એ પાપ છે, એ સત્ય એમના મગજમાં ઠસાવવા દોર વગાડીને. એમની નબળાઈ, દુર્બળ, મુડદાલ કાયાઓ પાસે પ્રચંડ શક્તિવાળાં સુરેખ સુસંવૃત યુવાન શરીરો ઊભાં કરીને, એમની આંખો ઉઘાડીને.

આમ કરતાં યે બાયલાપણું જતાં કેટલાં યે વરસો લાગશે. કારણ આજે સુંદર શરીરની ભૂખ કોને છે?

૨૩ પૂર્ણ વિકસિત કસરતી યુવાનનું બાહ્યક તદ્દન નિર્માંસ્ય અને બિલ્લીના બચ્ચા જેવું નાનું જન્મે છે એ શાથી?

આવું હમેશાં બનતું નથી. કદી અપવાદ રૂપે હોય. એમાં માતાપિતાના શરીરના બાંધા ઉપરાંત આનુવંશિક ગુણો પણ સબળ કારણરૂપ હોય છે. બળદ ઘોડા ઘેટાં બકરાં કુતરા અને ગધેડાંની યે ઓલાદ સુધારી શકાય છે, પણ અત્યંત બુદ્ધિમાન ગણાતી મનુષ્યજાતિ ઓલાદની સુધારણામાં ધાર્યાં પરિણામ નથી મેળવી શકતી એમા હજારો વર્ષોના આનુવંશિક ગુણો જ પ્રતિબંધક છે.

૨૪ કેટલા યે કસરતી માણસો પ્રજોત્પત્તિ માટે નકામા હોય છે એ તમે માનો છો? અને હોય છે તો શાથી?

આવી માન્યતા છે એ હું જાણું છું. એ વિષે મેં અગાઉ ચર્ચા પણ કરી છે. પણ વ્યાયામ કરનાર બધા જ નપુંસક થાય છે એ વાત તદ્દન જૂઠી, પાયા વિનાની અને દ્વેષપ્રેરિત છે. જેમ કેટલા યે વ્યાયામ કરનારાઓની ઉગ્ર વિષયવાસનાના અતિરેકની વાતો આપણે સાંભળીએ કે અનુભવીએ છીએ એની જ રીતે વિશિષ્ટ પ્રકૃતિવાળા કોઇ કોઇ વ્યાયામ કરનારાઓ પુરુષત્વની દૃષ્ટિએ અપૂર્ણ કે અશક્ત હોઇ શકે. એમ તો સામાન્ય મનુષ્યોમા પણ આવા ઉણપ ક્યાં નથી જોવામાં આવતી? બાકી વ્યાયામમાં પુરુષત્વનું વિઘાતક કોઇ પણ તત્ત્વ નથી. કદાચ શ્રમાતિરેકને લીધે, ગામના ઘોડાને ઊતરી જતો જોઇ, કોઇને વ્યાયામ કરનારાઓ માટે આવો વિચાર આવે પણ દંડબેઠકની ઉપાસના કરનારા સિવાય બીજા કોઇને, શરીર ઘડવામાં આવો કે કોઇ પણ પ્રકારનો શ્રમાતિરેક કરવાની જરૂર નથી. એટલે તજ્જન્ય નપુંસકત્વનો ભય જ ક્યા રહ્યો?

૨૫ આ મરણાન્ત કસરત કરી તંદુરસ્ત રહેનાર, કુદરતી મોતે મરનાર કોઇ માણસ આપની ધ્યાનમાં છે?

અહિં કસરતનો અર્થ જો કુસ્તી, વેઇટ લિફ્ટિંગ, વગેરે જેવો કઠોર વ્યાયામ થતો હોય તો આવો

વ્યાયામ 'આમરણાન્ત' કરવો સલાહકારક પણ નથી જેમ જેમ શરીર વૃદ્ધ થતું જાય તેમતેમ એના અંગો ક્ષીણ થતા જાય છે અમુક ઉમર પછી શરીરનો વિકાસ અટકી પડે છે પછી કુદરતનો ઉદ્દેશ કેવળ શરીરને ટકાવી રાખવાનો જ હોય છે એક વખત એવો પણ આવે છે કે જ્યારે વિકાસ અને સ્થિતિ ઉભયને સ્થાને શરીરનો ક્ષય શરૂ થાય છે વ્યાયામનું ફળ 'વૃદ્ધિ' 'વિકાસ' છે જ્યા સુધી વિકાસ શક્ય હોય ત્યા સુધી જ વ્યાયામ કામનો ક્ષય શરૂ થયા પછી વિકાસોત્તેજક વ્યાયામ ત્યાજ્ય કર્તા છે

પણ શરીરને સ્વસ્થ રાખવા પૂરતા વ્યાયામની જ જો વાત હોય તો એવી વરસની ઉમરે પણ પાચેક ગાઉ ચાની નાખનાર કે પચીસ વ્યાયામ દંડ નિયમિત જેવી કાઢનાર મેં જોયા છે વડોદરા રાજ્યના એક પહેલવાનને હું ઓળખું છું એણે પચોતેર વર્ષની ઉમર સુધી તો નિયમિત વ્યાયામશાળા ચલાવેલી વિદ્યાર્થીઓ સાથે રોજ જોર કરતા અખાડામા પણ ઊતરે આપણા ઘણા પહેલવાનોએ દીર્ઘાયુ ભોગવ્યા ત્યાંના પણ આપણે જાણીએ છીએ

વળી 'કુદરતી મોત' એટલે શું? મરણ પર્યંત રોગ ન થાય એ? કે મરતા સુધી શરીર અશક્ત જ ન બને એવો અર્થ કરવો? કુદરતના નિયમોનો ભંગ એટલે રોગ વ્યાયામ કરનાર કુદરતના નિયમોનો ભંગ કરે તો રોગનો ભોગ બનવાનો જ એટલે વ્યાયામપ્રેમી રોગથી મરે તો એમા વ્યાયામ નાકશો? વ્યાયામ સ્વાસ્થ્ય અને શક્તિનો ઉપાય માત્ર છે અજરામર પણાની ચાવી કે શાશ્વત યૌવનનો કીમિયો નથી વ્યાયામ કરતા કુદરતી કાયદા બદલાતા છે કૃત્રિમ વ્યાયામ ન કરતા છતા સ્વાસ્થ્યવાળું દીર્ઘ જીવન જીવી શકાય, પણ કુદરતની આડે પડી, એ કાયદા ભંગ કરી આમરણાન્ત નીરોગી અને દીર્ઘ જીવન જીવવાની આશા રાખવી વ્યર્થ છે

પણી લ્યો પશુ લ્યો, મરતા સુધી કોની શક્તિ અકુંઠિત રહે છે? વખત વહેવા સાથે શક્તિનો હ્રાસ પણ થવાનો જ. ચાર કે વરસના કેસરીની શક્તિ પંદર વીસ વરસની વયે કુંઠિત થવાની જ તો પછી વ્યાયામ કરનારને 'જરા' ન લાગે એ આશા વધારે પડતી નથી?

૨૬ વ્યાયામનું સાહિત્ય આપણા કરતા પાશ્ચિમાત્ય લોકોનું ખૂબ જ પ્રમાણમા વધારે વિસ્તાર પડે છે તેનું શું કારણ? શું દિવસમા વ્યાયામ નિષ્ણાતો સુધ્ધ વ્યાયામસાહિત્ય વિસ્તાર પાડવાને અધુરા છે?

પરદેશીઓ પહેલા જાગ્યા છે જીવનકલહમા પરમ સ્વસ્થ અને શક્તિમાન શરીરની આવશ્યકતા એમને ખૂબ જણાઇ છે વળી સૌન્દર્યભાવના પણ એ લોકોની આપણા કરતા વધારે ભૌતિક હોવાથી એમની શારીરિક સુન્દરતાની ભૂખ ઊંડી છે આ ભાવનાને પોષનાર ગ્રીસ અને રોમની સૌન્દર્યભાવના પણ એ પ્રજાઓ ઉપર ભારે અસર કરે છે એમના ચહેરાની સુરેખતા અને પહેરવેશની ટાપટીથી અજ્ઞાત હોવા છતા પરદેશીઓ સુન્દર શરીરને જોઇ મુગ્ધ બને છે, આ અને બીજા અનેક કારણોથી એ દેશોમા શરીરને કેળવવાના ભારે પ્રયત્નો થાય છે વળી ગત મહાયુદ્ધમા પ્રત્યેક પ્રજાની શારીરિક નિર્બળતા અને નપુંસકતા ઉઘાડી પડી ગઇ એને લીધે પણ આખુ પ્રજાજીવન નવેસરથી ઘડવા ભગીરથ પુરુષાર્થ ત્યાની સરકાર સુદ્ધા કરે છે માથેમાથે એ દેશોમા બધાયે ભણેલા અને વાચનાલયોની વૃદ્ધિ ભણેલા વર્ગ પણ વ્યાયામમા રસ લઇને લે વ્યવસાય પણ કરે. એટલે ત્યા વ્યાયામના પોષક સાહિત્યની આટલી વિપુલતા આપણે જોઇએ છીએ જો કે આ બધુય સાહિત્ય શાસ્ત્રીય અને સરસ હોય છે એવું નથી. કેટલુક તો ઉપરચોટીયુ અને નિરુપયોગી પણ હોય છે છતા એ બધાયની કિંમત પ્રચારદૃષ્ટિએ ઓછી નથી

આપણે ત્યા તો હજુ શરીરને અનકૃત કરી સુદ્ધ કહેવડાવવાના કોડ છે એને અનુસરતી સુન્દરતાની આપણી ભાવના પણ એવા સ્ત્રૈણભાવથી ભરેલી છે વળી સુન્દર શરીર અર્થે થતા પુરુષાર્થ ભણી આપણે કહેવાતો શિષ્ટ વર્ગ ઘૃણા અને તિરસ્કારની નજરે જુએ છે અને આપણા લમકો સામી અને સામના અખાડામાથી ઊંચા આવે ત્યારે આ વિષયમા માથુ મારે ને? વળી તેમનુ ગજું પણ કેટલું? સ્વાસ્થ્ય શું, શક્તિ શું સુન્દર શરીર કોને કહેવાય એનું ભાન આ ભણેલા, વિદ્વાન ગણાતા સાક્ષરોને હોય તો ને? વ્યાયામ કયે દિવસે કર્યો હોય કે એના પર સમાધાનપૂર્વક વિવેચન કરી શકે? અને જેમને વરસ પગથી ત્રિભુવ

માનવદેહ મળ્યાનો વારેમો અને શક્તિ મળ્યાં છે એ બધા નિષ્ણાતો બીચારા જૂના સંપ્રદાયના, કાણા અક્ષરને કૂડી મારે તેવા. એટલે જ આપણે ત્યાં આવા સાહિત્યની વિપુલતા નથી દેખાતી.

કંઈક કરી શકે તેમ હોય તો આપણા નવીન વ્યાયામ મંદિરોનો અધ્યર્યુગણ એમણે પણ, શરીર કેળવવાનો, યુવાન મનુષ્યદેહ ઘડવાનો પોતાનો ધર્મ છોડીને, લાકડી ફેરવી જનમનરંજન કરવામાં મોટે ભાગે સંતોષ્યું છે. એમની પાસે શક્તિ છે, તમન્ના છે, નિઃસ્વાર્થતા છે, શ્રમ કરવાનો અકુંઠિત ઉત્સાહ પણ છે. તેમ છતાં કસરતની ક્રિયાનાં કૂળનો સહેજે પરિપાક થાય એવા યુવાન કે ઊગતા વ્યાયામોપયોગો પણ છે. ધારે તો કેવું સરસ કામ કરે? પણ ધારે તો ને?

૨૭ કસરત કરનારે પૌષ્ટિક ખોરાક ખાવો જ જોઇએ એમ તમે માનો છો? અને ન ખાતાં સાદો ખોરાક લે તો શરીરવિકાસ અટકી પડે તે ખરું?

જેવો શ્રમ તેવો ખોરાક. શરીરના શ્રમને અનુકૂળ તો આપવું જ જોઇએ, નહિ તો શરીર ખોખાં શામાટે? પણ એટલા ખાતર જુદી જુદી તરેહના fancy foods ખાવાની જરૂર નથી.

આ મહિનો (જાન્યુઆરી) . . . અને એની પ્રતિભા

કયા નવા વિભાગમાં દર મહીને તે માસમાં ભૂતકાળમાં બનેલા અગત્યના બનાવો તથા તે માસમાં પ્રગટેલી કેટલી વિભૂતિનો પરિચય અપાશે

તા. ૧ રા. દેસળજી દમ્મા, મોતીબાબા નદેર તથા દરબાર અકબરખાન વગેરે ૩૦ જણને હિંદી રાજ્યબંધારણના પ્રખ્યાત બનેલા સ્વરાજ્યપદની સ્થાપના કરી—ઈ. ૧૯૨૩.

તા. ૪ 'સરસ્વતીચંદ્ર'ના કર્તા ગુજરાતના પ્રખ્યાત સાક્ષર શ્રી ગોવર્ધનરામનું અવસાન—ઈ ૧૮૯૮.

તા. ૬ હિંદી આપણું સાહિત્ય જન્માવી તેનું ગૌરવ સ્થાપનાર ભારતેન્દુ બાબુ હરિશ્ચન્દ્રનું અવસાન—ઇ. ૧૮૮૫

તા. ૧૪ પોલિટિકલ એજન્ટ અને વડોદરાના રેસિડન્ટ કર્નલ ફેરને ઝેર આપવાના આરોપ હેઠળ વડોદરાના ગાયકવાડ મલ્હારરાવની પદભ્રષ્ટતા—ઈ ૧૮૭૫.

તા. ૧૫ જનમાસની અસીમ ખુવારી કરતો બિહાર ધરતીકંપ—ઇ. ૧૯૩૫

તા. ૧૬ ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેનું અવસાન—ઇ ૧૯૦૧.

તા. ૧૭ ઈંગ્લંડના પેટરબરો અને કેમ્બ્રિજમાં અનુક્રમે ૧૬ અને ૧૭ વર્ષની ઉંમરે પ્રથમ કુંડાળું બેસાડ્યું—ઇ. ૧૮૭૩.

તા. ૧૮ મદનમોહન માલવીયનો જન્મ—૧૮૬૨.

• • રશિયાના પુનિત્સિંદીના ચાન્સેલર તરીકે હિંદી પુનિત્સિંદીઓમાં પહેલી જ વાર જરીસ ગુરુદાસ બૅનરજી નીમાયા—ઇ. ૧૮૯૦ • • હિંદના વાઇસરૉય લાર્ડ રીડિંગના હાથે નવું દિલ્હી ખુલ્લું મુકાયું—ઇ. ૧૯૨૬

તા. ૨૧ પંડિત જવાહરલાલના પ્રમુખપણા નીચે મળેલી ઇ. ૧૯૨૯ની લાહોરની મહાસભામાં આ દિવસ 'સંપૂર્ણ સ્વાતંત્ર્ય દિન' તરીકે ઉજવવાનો નિર્ણય મહાસભાએ અંદાજે કર્યો છે મુજબ આજ સુધી એ પળાતો આવે છે.



આ માસની વિભૂતિ
ન્યાયમૂર્તિ મહર્ષિ રાનડે

તા. ૨૬ મી જાન્યુઆરી એ મહર્ષિ રાનડેની જન્મતિથિ ગોખલેના ગુરુ અને મારી જિંદગી ન્યાયની પ્રતિષ્ઠામાં માનનાર આ મહાપુરુષના જીવનનો સંક્ષેપમાં મુખ્ય મુદ્દાઓ નીચે આપ્યા છે.

ઇ.૧૮૪૨ની ૧૮મી જાન્યુઆરીએ જન્મ.
ઇ.૧૮૫૬ કોલ્હાપુર હાઇસ્કૂલમાં પ્રવેશ.
ઇ. ૧૮૬૨-એલ્ફિન્સ્ટન ઇન્સ્ટીટ્યૂશન (હાલની એલ્ફિન્સ્ટન કૉલેજ)ના પહેલા વર્ગમાં બીજે થયા.
ઇ. ૧૮૬૫ બૅરિસ્ટરમાં ગોલ્ડ.મે. થયા, સોનાનો ચાંદ મેળવ્યો. અને મુંબઇની યુનિવર્સિટીના ફેલો નીમાયા.

ઇ. ૧૮૬૬ એલએલ.બી પરીક્ષા પસાર કરી પહેલાં કોલ્હાપુરના ન્યાયખાતામાં જોડાયા, પણ પછી એ છોડીને એલ્ફિન્સ્ટન કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક થયા ફરી પાછા કાયદા તરફ વળ્યા અને સરે ટી. માધવરાવ પેઠે એક પછી એક નાની પદવીઓથી ઉત્તરોત્તર ચડતા જઈ છેવટ પૂનાના રેવન્યુ જજ નીમાયા.

સાહિત્યનો એમને ખૂબ શોખ હતો અને મરાઠી, સંસ્કૃત તથા અંગ્રેજીની ત્રિવેણી મારફત પોતાનો એ શોખ તેઓ સંતોષતા.

સરકારી નોકરીકાળમાં આજીવન તેઓ હિંદી મહાસભાને પડખે જ રહ્યા હતા ને તેની બેઠકોમાં ભાગ આપ્યો હતો. એમની કાર્યદક્ષતા સર્વદેશી હતી: જ્યાં, જ્યારે, જેવા, જેટલું, જે શોભે, કેળવણી બાબતમાં એમણે દેશને કીમતી ફાળો આપ્યો છે. પણ સૌથી મોટી તો એ છે કે એમનું જીવન એવું વિશુદ્ધ, દેશના, ન્યાયનિષ્ઠ, નીતિયુક્ત અને સાદું હતું કે એ 'મહર્ષિ' નામે લોકોના હૃદયમાં અમર સ્થાન પામ્યા.

ઇ. ૧૯૦૧ ૧૬ મી જાન્યુઆરીએ એ મહર્ષિએ સ્વર્ગપ્રયાણ કર્યું

સંસારના આપણી નજરે સમાચાર

◘ પૂર્વ ખાનદેશના ફૈજપુર નામના ગામડામા બરાબરીથી આ વખતની (૫૨ મી) મહાસભાએ અરધી સદીના પોતાના ઇતિહાસ પછી નવુ પગરણ શરૂ કર્યું અને દેશ ના વિશાળ જનતાના સપર્કમા આવવાના સાચા કદેશથી ગામડામા ભ રવામાં આવી હવેની બધી મહાસભાઓ કેવી રીતે ગામડામા જ ભરાશે એવુ ઠર્યું છે ડિસેમ્બરની રહમીએ મહાસભાનુ કામકાજ પૂર્ણ થયુ ચૂંટણી અને લોકમતિનિધિ સભાના શ્રી રાજેન્દ્રબાબુએ રજુ કરેલા ઠરાવ સિવાય બધા પ્રમુખ-સ્થાનેથી રજુ થયા હતા અને તે મજુર થયા હતા પસાર થએલા ચૌદ ઠરાવો આ બાબતોને લગતા હતા (૧) નજર-કૈદીઓ (૨) દરિયાપાર ા હિંદીઓ (૩) કોલસાની ખાણોના અકસ્માત્ (૪) બી એન રેલવેની હડતાળ (૫) લોકસસર્ગ (૬) નાગરિક સ્વાતત્ર્ય (૭) આગામી બેઠકના સમયનો નિર્ણય (૮) નવુ બધારણ અને લોકપ્રતિનિધિ સભા (૯) રાષ્ટ્રીય સમેલનની યોજના (૧૦) કિસાન પ્રશ્ન (૧૧) ચૂંટણી માટેની અપીલ (૧૨) રાજ્યારોહણના ભા ા ન વેચાનો નિષ્ધ (૧૩) પહેલી એપ્રિલે હડતાળ (૧૪) અને આગામી બેઠક ગુજરાત ખાતે ભરવા વિષે

આ ગામડામા ભરાએલી આ પહેલી મહાસભા બધા યે નેતા ઓના અભિપ્રાય પ્રમાણે અત્યેડ હતી પ જવાહરે મહાસભાની કારોબારી સમિતિ ગયા વર્ષની જ ચાલુ રાખવાનુ જાહેર કર્યુ હતુ ઉપરાત, મહાસભાના પ્રમુખને ગરમુખ વાર બનતો અટકાવવા કારોબારીના બધારણમાં કઈ પણ ફેરફાર ન હોવાનો ઉલ્લેખ કરી, એમણે પ્રમુખ પર વધુ અકુશ મુકવાની જરૂર જણાવી હતી

◘ આયુર્વેદના રસજ્ઞો અને વૈદ્યવિદ્યાના શોખીનો માટે સ ૧૯૪૪ માં શ્રી પ્રતાપકુમાર ગોપટભાઇ વૈદ્ય તરીપણા નીચે એક વાર્ષિક બહાર પડવાનુ છે અને માટે સૌથી સુદર અને રસિક નામ સૂચવનારને રૂા ૫ ના તથા તેના સચાલન માટે અમલમા મૂકી શકાય તેવી યોજનાઓ કે વિચારો સૂચવનારને રૂા ૧૧)ના પુસ્તકો પુરસ્કાર બક્ષિસ આપવાનુ એમણે જાહેર કર્યું છે સરનામુ વૈદ્યભુવન, ખુનેશ્વર, મુબાઇ-૨

◘ દક્ષિણ આટલાન્ટિક મહાસાગર ઓળગ્યાનો ૧૩ કે ૧૫ મિ નો રેકૉર્ડ, ફ્રેંચ સ્ત્રી વિમાની મેરીઝ બારટીએ ૧૨ ક ૫ મિ મા ઓળગી તોડ્યો છે

◘ મોસ્કોના પૌરસ્ત્ય સગ્રહસ્થાનમાં હિંદી સંસ્કૃતિનો વિભાગ ખોલવામા આવ્યો છે ૧૬મી અને ૧૮મી સદીના ચિત્રો તથા સિક્કાઓ તેના સગ્રહમા મૂકવામા આવ્યા છે

◘ અખિલ હિંદ ઑલિમ્પીક રમતોના સ્થાન ૧૯૩૮ માટે કલકત્તા અને ૧૯૪૦ માટે મુબાઇ પસદ કરવામા આવ્યા છે

◘ હિંદી ભાષાના પ્રખ્યાત લેખક પડિત અમૃતલાલજી ચક્રવર્તીનુ તા ૫ મી જાન્યુઆરીના રોજ અવસાન થયુ છે 'હિંદી બગવાસી', 'ભારતમિત્ર', 'વેંકટેશ્વર સમાચાર' આદિ પત્રોના સંપાદનકાર્યમા જ તેમના જીવનનો મોટો ભાગ વીત્યો હતો પત્રસપાદનકળા પ્રત્યે તેમને ખાસ અનુરાગ હતો અહિંદી પ્રાતોમા હિંદી પ્રચારનો આરભ કરનાર પણ તેઓ પ્રથમ હતા બગાલી હોવા છતા હિંદી ભાષાની ઉન્નતિ પાછળ જ હમેશા યતતા રહી એમણે જીવનસગ્રામિ કરી

◘ હિંદી કલાના જાણીતા વિવેચક ડૉ જેમ્સ એચ કઝીન્સે તા ૧૪મીના રોજ ત્રિવેન્દ્રમ મુકામે વૈદિક વિધિ અનુસાર હિંદુ ધર્મ અગીકાર કરી, પોતાનુ હિંદી નામ જ રામ રાખ્યુ છે ત્રાવણકોર રાજ્યે મદિરપ્રવેશના બહાર પાડેલા ઠંઢેરા અનુસાર તેમણે પદ્મનાભ સ્વામીના મદિરમા પ્રવેશ કરતા નિવેદનમા જણાવ્યુ છે કે,'હિંદી તત્ત્વજ્ઞાનનો મારો પોતાના લાબો અભ્યાસ, હિંદુ જીવન સાથેનો મારા ૨૧ વર્ષ જેવા લાબા સમયનો સસર્ગ, હિંદુ ધાર્મિક ક્રિયાઓમા મેં વાર વાર લીધેલો ભાગ, હિંદુ સસ્કૃતિનુ વરદેશોમા કરેલુ પ્રચારકાર્ય, હિંદી કલાઓમા મારો ઊડો રસ, લાબા સમયનો મારો યોગાભ્યાસ, ૪૦ વર્ષનુ મારૂ શાકાહારી જીવન, વૈદિક દૃષ્ટિએ ધર્મ પાળવાના અને મોક્ષ પ્રાપ્ત કરવાના મારા પ્રયાસો, એ સઘળુ એ એમ બતાવી આપે છે કે ત્રાવણકોરમા મદિરપ્રવેશ કરવા ા હકનો હું દાવો કરી શકુ તેમ છુ'

◘ ગુજરાતના નવોદિત સાક્ષર લિમિંશીલ કવિ, વિદ્વાન વિવેચક અને અઠગ ભાષાશાસ્ત્રી શ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટીઆ તા ૧૪મી જાન્યુઆરીએ ૭૮ વર્ષની વયે વિદેહ થયા.

◘ કયુક બૉય વિડસર (માજી શહેનશાહ એડવર્ડ) રાજ-કારણના પ્રવેશરો એવુ એક બાજુ બોલાય છે, જ્યારે બીજી બાજુ એમ પણ બોલાય છે કે એમને રાજ્ય તરફથી જે ગ્રાન્ટ આપવામા આવશે તે બેવી કડક હશે કે રાજકારણમા તેઓ માથુ નહિ મારી શકે એમને મળેલા ખિતાબને લીધે ઉમરાવસભાના સભાસદ તો તેઓ ઠરી જ ચૂક્યા છે, એટલે પાર્લામેન્ટની બેઠકમા એમને હાજર રહેવાનુ નિમત્રણ તો આપવુ જ પડશે એમને રાજકારણમા ન પ્રવેશવા દેવા માટે કોઇ ખાસ કાયદો કરવામા આવે તો જુદી વાત છે એમને હિઝ ા વાઇસરૉય બનાવવાની તજવીજ કેટલાક ઉમરાવો કરી રહ્યા છે, અને કેટલાક દેશી રાજાઓ પણ એને ટેકો આપી રહ્યા હોવાનુ બોલાય છે એમના લગ્ન આવતા એપ્રિલ મહિનામા થવાની વકી છે એમના સબધે છેલ્લા મળેલા બબરો પ્રમાણે બાલ્ડવીનના પ્રધાનમડળે એમના ભાઇઓને એમને મળવા દેવાની ના પાડવી છે

શિક્ષિત યુવાનોના બેકારીનિવારણ માટે

મુંબાઇ યુનિવર્સિટીની નવી યોજના

હિંદમાં આજે વધુમાં વધુ બેકારી ભોગવતો કોઇ વર્ગ હોય તો તે શિક્ષિત મધ્યમ વર્ગ છે. એની એ સ્થિતિનું મુખ્ય કારણ તો આપણી શિક્ષણપદ્ધતિ જ નિઃસંદેહ ગણાવી શકાય, અને બીજે નંબરે દેશની ગરીબાઇ. જોકે એ સિવાય બીજાં નાનાં કારણો પણ છે, જેવાં કે જનસંખ્યાનો વધારો, શિક્ષિતોની વધતી જતી સંખ્યા, નાના ઉદ્યોગોનો અભાવ, ઉદ્યોગપતિઓની સંકુચિત વૃત્તિ, ઉદ્યોગધંધા કરતાં નોકરીમાં સુખે રોટલો ખાવાની ઇચ્છા વગેરે. આ બેમારી ધીમી પણ ચોક્કસ ગતિએ વિકટ સ્વરૂપ ધારણ કરતી જ ગઇ છે ને અત્યારે તો એ પ્રશ્ન એટલો વિષમ બન્યો છે કે એનો નમાલા શિક્ષણ માટે જવાબદાર યુનિવર્સિટીઓ અને દેશ પર શાસન ચલાવતી સત્તા પણ સળવળવા લાગી છે.

આ દિશામાં પહેલું પગલું કલકત્તા યુનિવર્સિટીએ ભર્યું છે જેણે એક 'યુનિવર્સિટી એપોઇન્ટમેન્ટ બોર્ડ'ની સ્થાપના કરી છે ને મધ્યમ વર્ગના શિક્ષિતોની બેકારી દૂર કરવાની યોજના માટે શરૂઆતમાં રૂા ત્રીસ હજારનું ખર્ચ મંજૂર કર્યું છે આ બોર્ડની સ્થાપના કરતા યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરે જાહેર કર્યું છે કે 'આથી બધાને આવાય કઈ અમુક નોકરીઓ અપાવવાનો નથી, પણ યુવાનો જાતે નાના ધંધા કરી શકે અગર તો યોગ્ય રીતે બીજા ધંધાઓમાં જોડાઇ શકે તેવા તેમને બનાવવાની વ્યવહારુ તાલીમનીગોઠવણ કરવાનો છે.'

અને બીજા કોઇ પણ માત કરતા બેકારીનો પ્રશ્ન આપણે ત્યાં વધુ વિકટ હોવાથી મુંબાઇ યુનિવર્સિટી પણ લાંબા કાળ પછી જાગી જણાય છે. ડાયરેક્ટર ઑફ ઇન્ડસ્ટ્રીઝ અને બીજા સરકારી અધિકારીઓની સહાય વડે તેણે પણ એક યોજના ઘડવા માંડી છે

આ યોજનાની શરૂઆત મુંબાઇ અને અમદાવાદથી કરવામાં આવશે. ચાલુ વર્ષે એ યોજના માટે રૂપિયા પચાસ હજાર મંજૂર કરવામાં આવ્યા છે ને એના કુપકમથી, અમેજ્ઞ સાતમા ધોરણ સુધી શિક્ષણ પામેલા ૪૨૫ યુવાનો ૮૯ ઔદ્યોગિક સંસ્થાઓમાં શિક્ષણ મેળવી શકશે શિક્ષણનો ક્રમ પાંચ વર્ષનો રહેશે અને જે વિદ્યાર્થીઓ તેમાં જોડાશે તેમની પાસેથી રાત્રિવર્ગમાં પણ હાજરી આપવાનો કરારપત્ર લખાવી લેવામાં આવશે. શિક્ષણના ક્રમમાં મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ એન્જીનીયરિંગ, સિવિલિંગ, વીવિંગ, ડાઇંગ વગેરે વિષયોનું પુસ્તકીય અને પ્રત્યક્ષ જ્ઞાન આપવામાં આવશે. પુસ્તકીય જ્ઞાનના વર્ગો મુંબાઇમાં વિક્ટોરિયા જ્યુબિલી ટેક્નિકલ સ્કૂલમાં અને અમદાવાદમાં આર. સી ટેક્નિકલ સ્કૂલમાં લેવાશે

આ યોજના અનુસાર ૧૯૩૬ માટે નીચેના ચાર જણની સલાહસમિતિ નીમાશે. ૧ ડાયરેક્ટર ઑફ ઇન્ડસ્ટ્રીઝ, ૨ મુંબાઇ મીલમાલિક મંડળના એક પ્રતિનિધિ, ૩ અમદાવાદ મીલમાલિક મંડળના એક પ્રતિનિધિ, ૪ આ કામના નિષ્ણાત. આ ચોથા સભ્ય તરીકે શરૂઆતનાં ત્રણ વર્ષ માટે વિક્ટોરિયા જ્યુબિલીના પ્રિન્સીપાલને ડેપ્યુટી ડાયરેક્ટર નીમવામાં આવશે

આ યોજનામાં સરકારી નોકરોને જ થોડા સમય માટે શિક્ષકો તરીકે રોકવામાં આવશે. શિક્ષણની પ્રવેશ ફી રૂા. ૨) અને વાર્ષિક ફી ૨૦) છે પરીક્ષાની ફી સૌકડે દસ વિદ્યાર્થીઓને માફ કરવામાં આવશે

યુવાનોમાં ચાલી રહેલી બેકારીનો તોડ આણવાનો આ પ્રયાસ બેશક પ્રશંસાર્હ છે. અત્યારે એ તોડ આણવાના આપણા હાથમાં તો માત્ર બે જ માર્ગો રહ્યા છે—ખેતીવાડી અને નાના ઉદ્યોગધંધા. તેમાં ખેતીવાડી પ્રત્યે આપણા શિક્ષિત વર્ગના દુર્લક્ષ્યના જામેલા પાપનો પ્રશ્ન કંઇ જલ્દી કરતા દેવાય એવો નથી. છતાં દરેક પ્રાંતિક સરકાર એક બાજુ જ્યારે પોતપોતાના અકુશવાળા પ્રાંતોમાંના આ ધીક્તા પ્રશ્ન માટે તપાસ સમિતિ બેસાડી રહી છે ને યોજનાઓ ઘડી રહી છે, ત્યારે યુનિવર્સિટીઓએ લેવા માંડેલાં આ પગલાં મહત્ત્વનાં ગણાય.

નાથની લીલા..... [અનુસંધાન પાન ૬થી]

કાળજામાં હૂલો ગયો. એટલું છતાં યે મરવાનો જાણે ધ-કાર કરતો હોય, તેમ નાગડાએ આખા શરીરનું જોર દાંતોમાં ઠાલવી દીધું ને 'જય ઘોરમનાથ' કરતાં એક છેલ્લો પણ ચમત્કાર ભીંસ રામજીના ગળાને આપી દીધી.

'જ...ય...જ....' રામજીના ડોળાફાટી ગયા....ને બીજી પળે તો તરાપના જળને લાલ રંગે રંગી દેતી નાગડાની લોથ પણ તરી નીકળી.

સવારે રામજીનો ખાટલો ખાલી જોયો ત્યારે તો જનૂને કશી આશંકા ન ગઇ, પરંતુ દેગ પીરસાઇ ગયા છતાં તે હાજર ન થયો ત્યારે તેને શક ગયો. કાશીનાથને પૂછતાં એણે પણ પોતાને ખબર ન હોવાનું જણાવ્યું. બંનેને હવે ફાળ પડી. કાશીનાથને તરત કાલ સાંજ વાળી રામજીની આતુર નજર યાદ આવી ને સૌ ધાર પર જઈ તેની તપાસ કરવા નીકળ્યા. કલાકેકની શોધખોળ પછી બંનેનાં મુડદાં મળી આવ્યાં. જનૂ તો અવાક જ બની ગયો. કાશીનાથ સામુ પ્રશ્નાર્થ નજરે તેણે જોયું.

અકળાએલે દિલે નિસાસો નાખતો કાશીનાથ જવાબમાં જે જ શબ્દો બોલ્યોઃ 'નાથની લીલા!'

(સૂચિત) **અશોક ઉર્ષ**



જીવનનું પરોઢ

આ લેખમાળાનો મૂળ હેતુ આત્મકથાનો નહિ, પણ અત્યારે જગત્‌વંદ્ય બનેલી વિભૂતિ (મહાત્મા ગાંધી)ના હુતાશની જ્યા પ્રથમ શિખા પ્રકટી એ દક્ષિણ આફ્રિકાના ફીનિકસ આશ્રમની શરૂઆત, ત્યાંના જીવન અને આજની એ મહત્તાના ઘડતરના એ કાળના વાતાવરણનો ઘરગથ્થુ પરિચય આપવાનો છે છતાં જે અનેક રંગોમાં પોતાના જીવનનું પરોઢ ઊઘડ્યું તેનો પરિચય પોતાને કેન્દ્રમાં રાખીને પોતાની એ કાળની બાળપણની નજરે આપવા જતાં કેટલીક આત્મકથાની હકીકતો અનિવાર્ય રહી છે જિજ્ઞાસુને માટે ગયા વર્ષમાં આવી ગયેલા એના બાર પ્રકરણોની યાદી માર્ગદર્શક થઈ પડશે પ્રસ્તાવ અને વતન પૂર્વસ્મરણ પોતાળાપા કળાગાંધી મારા દાદાજી, બાપુજી, બે દિવ્ય તપ વિના અને કાકા ફિનિકસ,આખા સ્મરણો વાનર ટોળી, અને દેશી અને વિદેશી શિક્ષકો

પ્રકરણ અગિયારમું મૂળ બંધારણ

ગયા પ્રકરણમાં જોઈ ગયા તેમ ફીનિકસની ભૂમિકા ઉપર આંતરરાષ્ટ્રીય વાતાવરણમાં મનુષ્યતરના વિકાસનું અનુષ્ઠાન આરંભાયું હતું પણ મારું નસીબ તો આકરું જ હતું. એ વાતાવરણમાં મારા જેવા બાળકે પ્રગતિ સાધવી જોઈએ તેની હતી, એને બદલે એ જ આંગણામાં મારું કુંઠિતપણું થી રોપાયું.

માનવજીવનની રચના મોતીની રચના જેવી હોય છે માછલીના વિશિષ્ટ જંતુના પડો એક ઉપર એક બાઝીને જેમ મોતી બને છે, તેમ સરકાર અને ટેવોના પડો બનતાં મનુષ્યજીવન નિર્માણ થાય છે આ પડોને જુદા કર્યા પછી માણસના જીવનમાં નસીબ જેવી કંઈ વસ્તુ શેષ રહે કે કેમ તે શંકાની વાત છે

પણ આ સરકાર અને ટેવોના પડ—ગુણ–અવગુણનું, શક્તિ–અશક્તિનું કાંઈ, પેદા કઈ રીતે થાય છે? શું એ બધી વાત દૈવાધીન હોય છે? શું ચાલુ જન્મમાંથી અજ્ઞાત એવા કોઈ જન્માંતરમાં તેના મૂળ રહેલા હોય છે? કે માતાપિતા કે કોઈ પરદાદા કે પરદાદીના ગુણઅવગુણોનો એ કેવળ ગુણાકાર ભાગાકાર જ હોય છે? જ્યારેજ્યારે એવો પ્રસંગ ઊભો થયો છે કે મને મારી નબળાઈઓ નડી હોય છે અને હું મારી મર્યાદાઓને ભેદીને આગળ નથી વધી શક્યો હોતો ત્યારેત્યારે તેનું કારણ શોધવા પૂર્વજન્મ સુધી મારે નથી જવું પડ્યું અથવા પૂર્વજોની મર્યાદાઓને લીધે હું અધવાઈ ગયો છું એવું મને નથી જણાયું દરેક મુદ્દો, દરેક મુશ્કેલી, પૂરેપૂરી રીતે છણી કાઢ્યા પછી મારા હાથમાં એક જ પરિણામ આવ્યું છે કે ફીનિકસના પ્રાથમિક વર્ષોમાં અમુક સરકારો એ રીતના ન પડ્યા હોત અથવા વધુ સારા પડ્યા હોત તો આજ હું આટલું ઊણું પાત્ર ન બનત

મોટી ઉંમરે જાને જે કરનારી એ ઊણપો ક્યાંથી અને કયારે પાંગરી તે વિષે મને વસમાં સ્મરણો રહી ગયા છે અહીં જોકે પોતાનો વ્યક્તિગત ઇતિહાસ આપવાની મને અગાઉથી નથી, તોપણ જીવનના ઘડતરમાં ઊંડી અસર પાડનારા પ્રસંગોને વર્ણવવાનું મોહાયવશ હું છોડી શકું તો આ લખાણનો મૂળ હેતુ જ માર્યો જાય અનેક પડોમાંથી રચાતા માનવજીવનમાં કેળવણી, વાતાવરણ અને સાવચેતી કેટલો ભાગ ભજવે છે તેનો આલેખ (ગ્રાફ) પ્રત્યક્ષ પદાર્થને આધારે આપવાનો આ પ્રયાસ છે. અને એ પ્રત્યક્ષ પદાર્થ પણ યુગોયુગના જીવનપ્રવાહને પલટી નાખનારા મહાસમર્થ જીવનશાસ્ત્રોના નિરીક્ષણમાં ઘડાએલી વસ્તુ છે એ વસ્તુને પૂરેપૂરી છણી કાઢ્યા વિના—મારા પોતાના જીવનની ભદ્ર અને અભદ્ર બંને બાજુ દર્શાવ્યા વિના— આ આલેખ અધૂરો જ રહેવાનો. ઓશિયાળકાપણું છોડી, છુપાવી રાખવા જેવા પ્રસંગો પ્રગટ કરવાનું મેં સાહસ માંડ્યું છે આ સાહસમાં મારા સિવાય બીજી વ્યક્તિઓના નામ સંડોવવા પડે છે, પણ તેમની અપકીર્તિ કરવાનો અહીં મુદ્દલ ઉદ્દેશ નથી વાચનાર પણ એથી અમર પડે તો એ મારી લેખિનીનો દોષ લેખાય

પૂર્વજન્મના સંસ્કાર હોય કે ન હોય, સાવ બાળપણમાં પડેલી ભાત માણસનું અસલી તત્ત્વ કેવી રીતે થઈ પડે છે તેનું એક સચોટ ઉદાહરણ ગણિતશાસ્ત્રમાં મારી કુંઠિત મતિનું છે. મારો જ ભાઈ ગણિતનો ભારે વિદ્વાન છે, માના પિતાથી પણ

ગણિતમાં ઓછા ઊતરે એવા નથી; અને મારા એક કાકા તો હિસાબોમાં ગદામતિ લેખાય છે. અમારા કુટુંબમા ગણિતનો કાચો હું જ નીવડ્યો છું. એમ પણ નથી કે મને ગણિતના ઉત્તમ શિક્ષકો નહોતા મળ્યા. પિતાજીએ મને ગણિત શીખવવા પાછળ વરસો સુધી લોહીઉકાળો કરેલો. કાકાસાહેબ અને કિશોરલાલભાઇ જેવા આચાર્યો પાસે મને ગણિત શીખવાની તક મળેલી, પણ એ બધી મેં વેડફી નાખી. મારામા ગણિતબુદ્ધિ જ નથી એવું પ્રમાણપત્ર મને પણ કોઇ પરીક્ષક આપે એમ હું નથી ધારતો. કારણ શિક્ષક શીખવે ત્યારે અમુક કોયડો મને સમજ્યો ન હોય એવો એકે ય પ્રસંગ મને યાદ નથી. મારૂ ગણિત કાચું રહેવાનું એકમાત્ર કારણ સરવાળા અને ગુણાકારનો કંટાળો મારા હાડમાં પેસી ગયો એ છે અને એ કંટાળાનું મૂળ શ્રીનિકેતના આ પ્રાથમિક વર્ષોમા સજ્જડ થઇ ચૂક્યું હતું.

કોર્ડિસ શાળાના દિવસોની કે તે પહેલાની આ વાત છે. મારી બા બપોરે જમીપરવારી નાળે કપડા ધોવા માટે કે બીજી બહેનોને મળવા સારૂ જતી ત્યારે લાંબા સરવાળા અને અનેક આંકડાઓના ગુણાકાર કરવાને મને આપી જતી કે જેથી ઘરમા ગોંકારોકો હું મારો સમય ન બગાડું આમ કેટી જાણે દાખલા ગણવા મને જાદુ વશમા થઇ પડતા. એકાંત કોટડીની કેદ-માંથે કેદી સ્વતંત્રતાનો અનુભવ કરી શકે, પણ આવી રીતે પાટીપેન અને દાખલા માંથે બંધાઇએલો હું મનમા ને મનમા બાળી જતો કલાક-દોઢેક કલાકમા ઠરવાના દાખલા કલાકોના કલાક સુધી હું પૂરા ન કરી શકતો. આંખ આંકડાઓ ઉપર હોય, આંગળાં ગણતરી કરે, પણ મન કરમાએલું હોઇ શો જવાબ આવ્યો એ બુદ્ધિ સુધી પહોંચે જ નહિ. અધૂરામા પૂરૂં બા આવે ને દાખલા પૂરા થએલા ન જુએ એટલે માની લે કે મેં બધો વખત રમવામાં બગાડ્યો છે. અને જવાબોમાં ભૂલ જુએ તો જેટલી ભૂલ નીકળે એટલા ચીંટીયા માર કે બાવડા પર મારે સહેવા પડે. ફરીથી બાની નજર નીચે એ દાખલા ગણી ભૂલો સુધારવાનું સંકટ માથે આવી પડતાં તો આંખ-માંથી પાણી ટપકી પાટી પરના આંકડા ભુંસાઇ જતા.

રોજરોજ મારે માથે આવનારા આ દુઃખની દેવદાસ કાકા અને રામદાસકાકાને પણ અનુકંપા થતી. તેઓ મારી વહારે આવતા. બજાર રમતાંરમતાં તેમને ખબર પડે કે હું ઘરમાં એકલો છું એટલે તુરત તેઓ આવી પહોંચે. બંને જણા મળી ઝટઝટ મારા સરવાળા-ગુણાકાર ગણી આપી જવાબ ભંડારી આપે અને પછી તેમની માથે હું ચે રમવા નીકળી પડું. મારી બા પાછાં આવે ત્યારે દાખલા ખરા જોઇ મનમાં પ્રસન્ન થાય અને મને મીઠી નજરે જુએ. પણ તેમને શી ખબર કે દીકરાએ પ્રગતિ નહિ અધોગતિ કરી છે.

આ નાની કહેવી તો નાની અને મોટી કહેવી તો મોટી આપત્તિએ મને જનમભરને માટે લૂલો બનાવી મૂકેલો. સરવાળા અને ગુણાકાર કરવાનું આળસ મારો સ્વભાવ થઈ પડ્યો. મારૂં હાડ ગણિતચોર બન્યું. આઠ વર્ષની ઉમર પહેલાં જે હાડ ઘડાયું તે ઘડાયું. મોટી ઉમરે ગણિતનું મહત્ત્વ સમજવા છતાં—કિશોરલાલભાઇ સમા શિક્ષકે ગણિત શીખવવા પાછળ પોતાનું આખું હૃદય ઠલવી નાખવા છતાં—મને ગણિતનો રંગ ન જ ચડ્યો. મને ગણિત ન આવડ્યું એ કંઇ પૂર્વજન્મનાં સંચિત ન હતાં. આ જ જન્મનું મૂળ ઘડતર હતું. ગણિતશાસ્ત્રમાં પંગુ રહેવા સાથે જીવન પણ લાચરિયું બન્યું. હું દીર્ઘમૂત્રી બન્યો તે આ એક નાનકડી ભૂલનું દુષ્પરિણામ.

આવી જ રીતે પાંચથી આઠ વરસની વયમાં બીજા કેટલાયે ગુણદોષો મારામા ઘર કરી ગયા અને મારી વ્યક્તિગત મર્યાદાઓ બંધાઇ ગઇ. હઠી સ્વભાવ રચાયો. જેમ બૌદ્ધિક નબળાઈ ગણિતની કચાશને લીધે રહી ગઈ તેમ શારીરિક, હાર્દિક અને નૈતિક નબળાઇએ પણ ત્યારે જ મારો કબજો લઇ લીધો.

મારી શારીરિક નબળાઇમા સૌથી મોટી ખોડ મારી આંખની હતી. મારી જમણી આંખનો ડોળો આંખના ડાબા ખૂણામાં અર્ધો દબાએલો હતો. એ બહાર ફરતો જ નહિ. 'બાડો બત્રીસ લક્ષણો' કહીને મને કોઇકોઇ ચીડવતું પણ ખરૂં. મારી ઊણપો દૂર કરવાની મગનકાકાને જાદુ જ તાલાવેલી રહેતી. તેમણે મને કરજન લઇ જઇ દાક્તરને મારી આંખ બતાવી. લીલા રંગની કમકડાની એક પટ્ટી પહેરવાને મને મળી જેથી મારી સારી ડાબી આંખ સાવ બંધ થઇ જતી અને મને જમણી આંખ વાપરવાની ફરજ પડતી. આવી

રીતે દિવસના ત્રણત્રણ ચારચાર વાર ડાબી આખ બંધ કરાવી મગનકાકા જમણી આખ સામે ધે, ચાર, ત્રણ એમ આગળીઓ ધરી કેટલી આગળી ?' એમ પૂછતા અને મારે જમણી આખના ડોળાને વાપરવાની મહેનત કરવી પડતી આવા 'બાડાના ચશ્મા' પહેરી બહાર ફરવા જવાની મને શરમ આવતી રમવાનુ જોવાનુ રહ્યાજ જતુ પણ મગનકાકાએ બાધેલા ચશ્મા ઉતારવાની હિમત પણ કેમ થાય ? થોડા મહિના સુધી મહેનતે મારી એ જનમની ખોડ લગભગ નીકળી ગઇ જમણી આખમા ફસાઇ રહેલો ડોળો છૂટો થયો અને બાડા મટયો પણ ડોળો છૂટો થવા પછી પણ વરસેક સુધી મારે ડાબી આખને બંધ રાખવી જોઇતી હતી, તે મારા અણગમાને લીધે તથા મુરબ્બીઓની દીનતાને લીધે ન થયુ પરિણામે જમણી આખ નબળી રહી ગઇઅને જરા પણ સૂર્યપ્રકાશ મો પર પડતા એ આખ મીંચાઇ જતી કુદરત રહી ગઇ વળી એ આખમા વાચવા જોવાની શક્તિ પણ નામની જ આવી જો વધારે સાવચેતી લેવાઇ હોત તો કૂલુ પડવાને લીધે મારા પિતાશ્રીની જમણી આખ નકામી થઇ જવાથી મને વારસામા આવેલી આખની કમાશમાથી દૂ સાવ દૂરી તાકત નસીબ કે વારસા જેવુ એમા કશુ ન રહેત એ જ રીતે સાત વરસપણની માદગીમા મારી ખૂબ નીકળી હતી તે યે સુધારી શકત પણ ખૂબા બેસવા—ચાલવા ની ટેવ ત્યારે ન સુધારી તેન પરિણામ એ આવ્યુ કે મારા ઢાડકા જ એવા સકુચિત રહ્યા કે પાછળથી સકોચપૂર્વક ઉદ્ધાર બેસવા—ચાલવા જતા છાતી અને વાસાના ઢાડકા દુખવાથી તેમ કરવુ કઠણ થઈ પડયુ અને મારે નસીબે ખુબાપણુ જડાઈ ગયુ જો મગનકાકાની ચીવટ અને દેવદાસકાકાની સોબત મને ન મળત તો દોડવુ, કૂદવુ ઝાડપર ચડવુ વગેરે પણ મને વિકટ થઇ પડે એટલી જગ્યા મારા શરીરમા ઘર કરી જાત

શરીર અને બુદ્ધિની પેઠે મનની તાકાત પણ એ જ ઉમરે ઘડાઇ અંધારાનો અને ભૂતનો ડર મને કદી હતો નહિ તે સારુ મગનકાકાએ મને સરસ તાલીમ આપી અધારિયાના દિવસોમા રાત્રે નવ દસ વાગે, ઘર બહાર અંધારુ છવાયુ હોય ત્યારે, ફીનિકસમા અમારા વગ્યા અર્ધો કે પોણો ફર્લાગ દૂર વસેના ઘરમા કાંઇક સદેશો પહોચાડવાનુ તેઓ મને મોકલતા ઘરની બહાર ચારેય બાજુના ભરતા નો જીવ અદ્ધર થઇ જતો પણ કાકાને સતોષવા ખાતર કરને દબાવી પુરપાટ દોડી જતો અને એક શ્વાસે દેવદાસકાકા કે આણદ લાલકાકાના ઘર ભેગો થઇ જતો વરસતે વરસાદે કે શિયાળાની ઠંડીમા પગ લપસવાની કે પથ્થર ની ધારથી પગમા લોહી નીકળવાની પરવા ન રહેતી ચાર પાચ વાર આવા અનુભવ પછી તો અવાજ ની, ચોરની કાકાકાકા હવસીની અને એવી કેટલી યે બીકો જે ફીકિકસ ની બીજા કેમલાક બાબતોમા બીક બીક હતી તેનાથી દૂ મારી પેઠે મુક્ત થયો જ નામનો બાકિયો ઠતા સસલાભાઇના જેવી થકડવાળો મારો સ્વભાવ ન બન્યો

પણ જાહેરમા જોખમો ઊભુ બન્યો તેવો જ અદ્દથી ડરપોક થયો મારી આ મગનકાકા પિતાજી બધાનો કડક એવો પડયો કે તે તો જાતે હસાવે તો યે હસી ન શકુ અને તેઓ રમાડતા હોસે તો પણ તેમના નાનિષ્પ્રયી મારુ પેટ ચૂથાતા લાગે

મને પતગ ઉડાડવાનુ શીખવવા મગનકાકાએ પણ મહેનત કરેલી મહીનાઓ સુધી દર શનિ રવિએ તેઓ સાજના કલાક બે કલાક મને બેનાડી બનાવવા માટે માથાફોડ કરતા પતગના કાનામાતર (કિન્ના) બાધવાનુ અને દોર પકડી ઉડાડવાનું શીખવતા જાતે પતગ પણ મુકાવતા પણ મારી નજર તેમના ચહેરા તરફ વ્યાકુળતાથી ચોટી રહેતી નહિ ઉડાડી શકુ તો તેઓ વઢશે એવી મનમા ધડક રહેતી ને પતગની જગા મારા ભેજામા ઘુમતી જ નહિ દોડો ઝીનવો, કાકરેથી નિશાન આવ્યુ દૂરથી આવતા મોટાને ચકળાથી દાઢિયો મારવો સામા બેનડીની આડે ઊતરવુ ઇત્યાદિ સાહસ કરવાને ન તો મારો પગ ઉપડતો કે ન હાથ આગળ વધતા મારી એ નમાલાઇ ખંખેરવા મગનકાકા બહુ મથતા, પણ દૂ નાલાયક અણઘડ અને અસમર્થ છુ એવી ભાવનાના ભારથી હુ એટલો દબાઇ જતો કે માગથી થઇ શક્તુ તેવુ કરવાની યે મને હિમત ન થતી છેવટે દૂ માર ડફોળ છુ એવી નિરાશા આણી મને બેનાડી બનાવવાનો પ્રયાસ મગનકાકાને જતો કરવો પડયો એવો મને આભાસ છે પરિણામે મારામા સાહસિકતાનો અશ પણ રહેવા ન પામ્યો દૂ સાવ મૂઢ બાળક બનાયો અને મારે નસીબે દરેક બાબતે રમત વખતે આસુ મારવાનુ જ રહ્યું

બનાવ બન્યો. એ કંપકિરમૂછ પ્રસંગ હતો. મગનકાકા એક દિવસ સાંજે કરજનથી આવી બાપુજીને ઘેર પ્રાર્થનામાં ચાલ્યા ગયા. જતી વખતે એક સુંદર નાનકડી કબ્બી કબાટ પર સાચવીને મૂકતા ગયા. મને ઊંઘ વહેલી આવી જતી હોવાથી પ્રાર્થનામાં હું ન જતો. સૂવા જતા પેલી સુંદર કબ્બી ઉપર મારી નજર પડી. એમા શું છે એ જોયા બણ્યા વિના મારાથી રહેવાયું નહિ. બધો ડર ભૂલી હું કબાટ પાસે એક ખુરશી ઉપાડી ગયો અને કબાટ પરથી કબ્બી ઉઠાવી જમીન પર બેસી ગયો. પછી નીરાંતે કબ્બી ઉઘાડી તેમાની રબ્બરની સ્ટૅમ્પની મહોર જોઈ. પછી મહા મહેનતે તેમાની શોભીતી શાહીની શીશી ઉઘાડી. બૂચ સખત હતું એટલે ઉઘાડતાની સાથે જ શાહી છલકાઈ ગઈ અને મારા હાથ તથા નીચેની જમીન શાહીશાહી થઈ ગયા. હું ગભરાયો. કબ્બી જેમતેમ બંધ કરી એક કાગળના ડૂચાથી શાહી લૂછી નાખી હું સૂવા ગયો.

મોડી રાતે નવેક વાગે મગનકાકા પ્રાર્થનામાંથી પાછા આવ્યા કે તરત તેમની નજર પેલી કબ્બી ઉપર અને ઢોળાએલી શાહી ઉપર પડી. તેમણે હાકલ નાખી: 'આ કોણે કર્યું?' ઘરમા બધા મોટેરા ભેગા થઈ ગયાં. મારૂ નામ હોઠે ચડયું. ગરજાડને લીધે મારી ઊંઘ ઊડી ગઈ અને મારા ગુનાની ચર્ચા સાભળી હું થથરી ગયો. થોડી વાર તો છાનોમાનો પડી રહ્યો, પણ ડરને લીધે લઘુશકાનું જોર થતા મારે ઊઠવું પડયું. બહાર જઈ આવી પાછો ખાટલા પર પહોચ્યું તે પહેલા મગનકાકાએ મારૂં આવડું પકડયું અને ઢોળાએલી શાહી પાસે મને ઘસડી ગયા. એ બનાવી ઠીક બબડાવ્યો. ગુનો કબૂલ કર્યા વિના છુટકો ન હતો, એટલે એ કબૂલ કર્યો, પણ એ કબુલાતથી મને માફી ન મળી. મારા અટકચાળાથી ઘરમાં સૌ કંટાળી ગયાં હતાં. એ બધો ભુંસાવવાની જરૂર હતી. મગનકાકા એક દોરી લાવ્યા, મારા બંને હાથ બાધ્યા અને એક ટેબલને પાયે મને બાધી દીધો. ખરેખર, આ બહુ જ કઠણી સજા હતી. તેમણે મારા પર હાથ ન ઉગામ્યો એ ક્રોધ પરનો સાધારણ વિજય ન હતો.

બાપા સાથે કરીને બાંધ્યા પછી પેલા રબ્બર સ્ટૅમ્પના બદિયામાં બચેલી શાહી મારા આખા ચહેરા પર ચોપડી દીધી અને એ ચોપડનાં મને સંભળાવ્યું કે "વાંદરાનાં કામ કરે છે તે હવે મોઢું પણ વાંદરાના જેવું કાળું જ રાખ. સવારે નિશાળે જે છોકરાઓ જશે તે બધાને કહીશ કે આ વાંદરા ઉપર બધા જ એકએક કાંકરો ફેંકતા જજો.' મેં બધું ચૂપચાપ સાંભળી લીધું અને મૂગે મોઢે બાપા સાથે બેધાએલા હાથ પર માથું ટેકવી ઊંઘવા માંડયું! મારી આવી બેપરવાઈ કાકાથી સહન ન થઈ. તેઓ એક મોટો વાંસડો લઈ આવ્યા અને દૂર દીવા પાસે ચોપડી લઈ બેસી ગયા તથા મને ધમકાવ્યો કે જો ઝોલું ખાધું છે તો આ વાંસડોથી ઘોંકાવીશ! સવારે બધા નિશાળીઆ અહીં આવી એકએક કાંકરો મારી ન જાય ત્યાં સુધી તને ઊંઘવાની રજા નથી!

મહાપરાણે ઊંઘ ઉડાડી હું જમૂત થઈને મગનકાકાને જોતો બેસી રહ્યો. કલાક દોઢકલાક પછી ફરી પાછી મને બહુ જ જોરથી ઊંઘ આવવા લાગી ને મારૂં માથું ઢળી પડયું. આ જોઈ મગનકાકાને દયા આવી. મને સૂવાની રજા આપતાં સંભળાવ્યું કે 'તારૂં કાળું મોઢું તો કાલે આખો દિવસ આવું ને આવું રાખવાનો છું.' મને આવતી કાલની ચિંતા કરતાં ઊંઘ વધુ હતી. હું ઝટ ખાટલા ભેગો થઈ ઊંઘી ગયો. મગનકાકાએ મને કરેલી બધી સજાઓમાં આ સૌ છેલ્લી સજા હતી. આ પછી કોઈકોઈવાર તેમણે મારા સામે આખ તાણવા સિવાય ભાગ્યે જ કંઈ કર્યાનો મને ખ્યાલ છે. પરંતુ આ બે સજા, તેમા યે છેલ્લી સજા મારામાં એટલી ઘર કરી ગઈ કે આ બનાવ પછી સતત વરસોનાં વરસ સુધી મગનકાકાની આંખ સામે આંખ મેળવવી મને અશક્ય થઈ પડી. તેમણે પછી તો મને ખૂબ પંપાળ્યો, અનેક લાડ લડાવ્યા, પણ મારી-કડક ન ભાંગી તે ન જ ભાંગી. ત્રેવીસ ચોવીસ વરસની ઉમરનો થયો ત્યારે પણ તેમની હાજરીમાં મારૂં મોઢું સીવાએલું જ રહેતું.

આમ, બચપણથી ઘરમા જ હું નિર્બળતા બોઈ બેઠો હતો એટલે મારાથી આખા જીવનમા ક્યાં યે છાતીકડક થવાયું જ નહિ. પોતાની ઇચ્છા પ્રમાણે વર્તવાનું મારામાં બળ ન રહ્યું. બોલવું, ભાષણ કરવું, નેતૃત્વ કરવું, છડેચોક ધાંધલ મચાવવી, કોઈને પડકારવો, એ મારા સ્વભાવથી વિરુદ્ધ થઈ પડયું. એટલું જ નહિ પણ હું નિર્બળ શક્તિ પણ બોઈ બેઠો.

બાળપણમાં થોડો વણેલો માર ખાવાથી આજે કંઈ માર લાડકા દુખતા નથી સ્વભાવે મીઠો મારો અને દરેક કામમાં સાવચેત રહેનારો મને બનાવીને એ માર્પીટે મને ઓછો લાભ નથી પહોંચાડ્યો આકરા નિયમન રાખી વડીલોએ મને બાળપણથીજ સુધારવાની મહેનત કરી તેથી માર ખૈયું તેમના પ્રત્યેના ઋણ ભાવથી ક્ષમાઈ જાય છે છતા મારવાળે મને નુકસાન પહોંચ્યું છે. તે એ કે આ જન્મે સુધારી સુધરી ન શકે એવી એક ભારે ખોડ મારામાં આવી ગઈ જે કે મારે એક પણ દાંત નથી ભાંગ્યુ પણ જીવનના દરેક ક્ષેત્રમાં અને કર્તવ્યના બધી દિશામાં ખામી છે. બોચા જેવો ઢીલો નમળો અને કશાનીયે પાર ન પહોંચનારો નીવડ્યો છું

(ચાલુ) પ્રભુદાસ ગાંધી

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ 'એકાંતમાં' ભાઇ એમ એમ પથરાણાલા (અમદાવાદ), બીજું ઇનામ 'ટોપલા' ભાઇ પ્રાણલાલ પટેલ (અમદાવાદ), ત્રીજું ઇનામ 'પ્રાચીન પ્રભુતા' ભાઈ ભગવાનજી ણારભાયા (બીકાનેર)

ગોચરમાં પેટભર ચારો ચરી ઝાડની છાયામાં વાગોળતી ગાયનું ફોટો-ચિત્ર 'એકાંતમાં', શાન્તિનું અચ્છું વાતાવરણ અને ખ્યાલ ઉપજાવે છે આકાશમાંના વાદળા, ઝાડ અને ગાયના પરસ્પરના પ્રમાણો આખાય ચિત્રમાં વિચારાતાનું ભાન કરાવે છે ચિત્રના વિવિધ વર્ણો કુશળતાપૂર્વક ઉતારવા છે જ્યુ થએલી બાબતો સામાન્ય છતા ચિત્રસંયોજનથી જ આકર્ષક બની છે

ભાઇ પ્રાણવાલ અવનવા વિષયોમાં ચિત્રો શોધી રહે છે ટોપલીઓ માનવપ્રવૃત્તિનો ઇતિહાસ છે વાંસડાની આ બનાવટ મનુષ્યના આદિમિલનું સ્મરણચિહ્ન છે ઘડી ૨ એવી ચીજો અને તુરતમાં તૈયાર થએલા ઓકળે છટાઓવાયા રહેલા ટોપલા વડે એની બનાવટ હજુ ચાલુ છે એ ની સ્વાભાવિક સજીવતા દર્શાવાઇ છે આટલુ માનવતત્ત્વ આગળ લાવવાની તજવીજ ન થઇ હોત તો માત્ર ટોપલાનો ઢગલો એક બજારનુ ચિત્ર જ બને છે તેથી ચિત્રનુ મુખ્ય લક્ષ્ય સાચવવા જમણી બાજુથી સારી પેઠે પ્રિન્ટને કાપવો જોઇએ પેટમાં આપ્યા પ્રમાણે પ્રિન્ટ કાપવાથી જ ચિત્રનુ આકર્ષણ વધે છે

'પ્રાચીન પ્રભુતા' જેવા ભારે અને કાયમય નામો આપવા ઠીક નથી નામકરણમાં ફોટોગ્રાફરોએ ખાસ લક્ષ્ય આપવુ જોઇએ આ વિષે અગાઉ પણ સૂચન કરેલા છે ચિત્રનો વિષય ધ્યાન ખેંચે એવો છે, પણ નિરૂપણ બરાબર નથી એમને ચિત્રના અંશો ગોઠવ્યા છે


કુંવર મુનશીના 'નવરાગના વખતમાં' એ ચિત્રમાં જોતા ની નાની ટ્રાન્સિકલ બગી કરતો બાળક દેખાય છે ચિત્રમાં પડ ાયાની કાળાશ વધુપડતો ભાર કરતી ન હોત તો ચિત્ર કોઇને પણ ગમે એવુ છે પડ ાયા એટલા કડક અને જોરમાં દેખાય છે કે અસલ આકૃતિઓને વિસરાવે છે

નીચેનાં ફોટો ચિત્રો નોંધ પાત્ર છે ૧ 'સુવર્ણ મંદિર અમૃતસર' ભાઇ મણિલાલ મિસ્ત્રી (મરાઠી) ૨ 'રિયાળા ની સવાર' ભાઈ અજીતસિંહ કાપડીઆ (મુંબાઇ), ૩ 'ગિકારા' નાઇ શાંતિ ઝવેરી (મુંબાઇ), ૪ 'સદ્ગુરુવચનના ામૃત' ભાઈ ગાંતિ જમના ાસ રાવ (ભાવનગર), ૫ 'પ્રગતિ' ભાઇ વિષ્ણુ દવે (નડિયાદ), ૬ 'નિરાસા' ભાઇ જસવન્ત ઠક્કર (ભાવનગર), ૭ 'નવરાશ કુંવર મુનશી 'સુવર્ણ મંદિર' દ્વારા રથળની રમુ આત છે નિષ્ણાત ફોટો-કલાકાર ભાઈશ્રી ન ીનદાસ ન વા વાળાનુ આ જ વિષયનુ બે ામૂન ફોટો ચિત્ર 'કુમાર'ના માગશર ના અંકમાં છપાયુ છે ા બોગ્ય સંયોજન ચિત્રના આકર્ષણમાં કેવો વધારો કરે છે તે જોવાથી સમજાશે ભાઇ અજીતસિંહના ચિત્રમાં ગિર જાની સવારનો તાદૃશ્યતા સારી રીતે છે, પણ ચિત્રને અનુકૂળ આકૃતિઓ નહિ હોવાથી ચિત્ર જામતુ નથી 'શિકારા' તથા 'સદ્ગુરુવચનના અમૃત ન વિષયો સારા છે પણ વિષયને છાજી પાડવાની કિંમતુ ફોટોના અંગે ભાન થયુ હોવાથી કુદરતી આચરણ તેમાં જામતુ નથી ભાઇ દવે અને ભાઇ ઠક્કર ના ચિત્રોમાં પુષ્કળ કાપકુપની જરૂર છે 'પ્રગતિ'માં સાચા પર કામ કરનાર કારીગર આ તેનો સાચો જ ચિત્રમાં જેવા ી જરૂર છે ભાઇ ઠક્કરે જમણી તરફ ી ખિવાડીનો અમુક ભાગ એન્લાર્જ કરી નવુ ચિત્ર ઉપજાવવુ જોઇએ

● ચિત્રકાર કેનવાસ પર પીંછી અને રંગથી ચીતરે છે ફોટોગ્રાફર ફિલ્મની પરે ઉપર પ્રકાશની મદદથી ચિત્ર ઉપજાવે છે ચિત્રકાર કરતા તેને વધારે તક મળે છે ગમે તે વસ્તુનુ સહજ સૌન્દર્ય એ સહેલાઈથી ઝડપી શકે છે પરન્તુ આ બધુ દેખાય છે તેટલુ સહેલુ નથી એ જ ક્ષણમાં એ ચિત્રસર્જન થઈ જાય તો થઇ જાય પછી ગે તક તો ફરી મળવાની નથી

ફોટો કરનારમાં કેમેરાનો કુશળતાપૂર્વક ઉપયોગ કરવા ી આવડત આવશ્યક છે પરન્તુ દરેક કલાકાર ી પેઠે તેનામાં માનવ પ્રકૃતિનુ અવલોકન અને સુપરિચય હોવા જ જોઇએ ચિત્રરસિક સમાજ ગમે તેવા ચિત્રને વધાવી નથી જ જ બ ધડ દૃષ્ટિથી લેવાએલી આકર્ષક છબી અશુદ્ધ કે તે છબી વાળી જોવાજ કંટાળો ઉપજાવે છે હાથમાં કેમેરા લેનાર જો કુશળ અને કલ્પનાત્મક હોય તો ચિત્રસર્જન માટે કેમેરા જેવુ બીજુ કોઇ સાધન નથી (અમેરિકા ઉપરથી)

ભગવન્ત ભટ્ટ




ચિત્રકલામાં સ્વશિક્ષણ

એ નામની એક લેખમાળા 'કુમાર'માં કરકે કટકે ચાલુ રાખવાના અમારા મનસૂબાનું આ પહેલું પગથિયું છે. એ માર્ગે, પોતાની અવકાશની વેળાએ એમાંની સૂચનાઓ મુજબ પ્રયત્ન અને મહાવરો કરતા રહેનારને કોઇની પ્રત્યક્ષ મદદ વિના આપ-પ્રયત્ને ચિત્રકળામાં પ્રાથમિક પ્રવેશ મળી રહેશે, અને અંતવાળા બહુ સહેલાઇથી આગળ વધી શકશે.

શાહી અને ટાંકની સૃષ્ટિ

Q. દરેક જણ ટાંકથી કેટલુંયે લખે છે, પણ એ જ ટાંક પર કાબૂ મેળવવા માટેની કેટલીયે રેખાસૃષ્ટિથી અજાણ હોય છે. તેમને અહીં બતાવેલી ગતો બહુ ઉપયોગી જણાશે; અથવા માત્ર ફુરસદની વેળાએ ટાંકને રમતી રાખવા અને મનને બહેલાવવા એક સામૂલું સાધન થઇ પડશે. **Q.** ટાંકથી ચિત્રો કરવાં અઘરાં છે, કારણકે પેન્સિલ કે કોલસાનું ચિત્ર તો ભૂંસીને સુધારી શકાય છે, પણ ટાંક અને શાહીથી દોરેલું ચિત્ર બદલી શકાતું નથી. તેથી ટાંકની ચાલ સ્થિર અને અચૂક બનાવવાને પણ આંગળીને કસરતથી તૈયાર કરવાની જરૂર છે. **Q.** આ બધી ગતોમાં આબેહૂબ નકલ ઉતારવાની જરૂર નથી. તમને જલદી હાથ બેસે એવી ગતો પહેલી કરવા માંડો. ઓટલે ધીરે ધીરે ઓકસરખી રેખાઓ દોરવાની શક્તિ વધવા માંડશે. ટાંકનું ચિત્રાંકન કરનારે ટાંકની બધી શક્તિઓ પિછાની હાથ કરવી જોઇએ. **Q.** પહેલવહેલાં હાથ બરોબર નહિ ચાલે એમ લાગે તો પાતળો લીસો કાગળ આ ચિત્ર ઉપર રાખી એક ને એક ગત અનેક વાર દોરવી. પછીથી આધાર વગર કરી જોવી. આકૃતિઓને પડખે તીર મૂક્યાં છે એ ટાંક ચલાવવાની દિશાના સૂચન માટે છે. કામ કરતાં આંખ ટાંકની અણી પર જ રાખ્યા કરવી. આ ગતો, ટાંકચિત્રકામનું પગથિયું માત્ર છે.



[અનુસંધાન માગશર અંકના પૃ. ૬૫૪થી]





પ્રકરણ ૫ મું : લોપ પામતા અક્ષરો

નોંધ:

Q. આ પ્રકરણમાં ટૂંકાવવાની કળા એની પરાકાષ્ઠાએ પહોંચે છે લખેલું ટૂંકાવવાની મુખ્ય બે રીત ૧ થી૪ી સજાગ થવાને અર્થ સમાજીને, અને ૨ ટૂંકું લખવાનું જાતે કરીને એમાંની પદ્ધતી રીતની ચર્ચા અગાઉના પ્રકરણોમા થઈ ગઈ પણ પછી વધુ એટલેથી પણ અર્થ સરતો નથી ત્યારે ટૂંકું લખવાનું જાતે કરવું ઈષ્ટ થઇ પડે છે. અને એવ પ્રસંગે એ જાતે કરવાની ક્રિયાને પણ નિયમબદ્ધ કર્યાથી ઘણું લખ્યા વિના આપોઆપ થાય છે એટલે લઘુલિપિના ઉત્ક્રાન્તિક્રમના આ છેલ્લા પ્રકરણમા આમ અપોઆપ થાય એવા ભાષાના અંગો ચર્ચ્યા છે. Q. આ પ્રકરણમા ચર્ચાતા ચારે 'દિવસો'ન. વિષયોની એક મુખ્ય ખાસીયત એ છે કે એ બધા એકબીજાથી તેમજ લિપિનાં બાકીના બધા અંગોથી સ્વતંત્ર છે, એટલે શીખનાર પોતાને ગમે તે ક્રમમાં આ ચાર 'દિવસો' શીખી શકશે, એટલું જ નહિ પણ કોઈ એકાદ 'દિવસ' અતિશય અઘરો લાગે તો પોતે એને માટે તૈયાર ન હોય ત્યા સુધી તે શીખવાનું મુલતવી પણ રાખી શકશે. Q. તેમા દિવસમા ગ.દોના અમુક ચૂંટેલા આઠ વ્યંજનો લોપી, શબ્દના બાકીના ભાગના લીધે પરત્વેના સ્થાનથી તે લોપાવેલો વ્યંજન સૂચવવા જ બાકી રાખ્યો આપે છે એટલે લખવાની લીટીનો નિર્દેશ તો એ કે અગાઉ નિયમ ૫ મા થયો હતો, પણ તેનો ગર્ભિત ઇષ્ટિકોણ હવે જ છે. આધાર સૂચીનું લઘુલેખન એ કે લીટી ઉપર જ થયુ છે, તેમ છતા ત્રીજા પ્રકરણને અંતેના લઘુલેખનમાં લેખનારે કે લીટી ઉપર જ લખવું ફરજિયાત નથી પરન્તુ હવે પછી તેરમા દિવસમાં આપેલા નિયમોનો પ્રયોગ કરીને કે ફરજિયાત બનાવે છે. તેમ છતાં આ પ્રમાણે લીટીનુ બંધન ન સ્વીકારવા. ઇચ્છનાર આ તેરમા દિવસ જાતે કે એટલે બાકીના પંદર "દિવસોની બની લઘુલિપિ" લીટી ઉપર લખી શકાય એવી પદ્ધતિ"માં આપોઆપ ફેરવાઇ જશે Q. બે ઉપરના દિવસમા ગ.દોના કેટલાક સંયોગોને લોપવાના નિયમો આપેલા છે. પણ આ હકીકતના શબ્દે નુ સામાન્ય સ્વરૂપ અવું હોય છે કે એમ બન્ને આવત. વ્યંજનો 'ત', 'ર', 'સ', 'જ', 'ય', 'ક', 'પ', 'લ' અને તેના બાજુ ઉપરથી પસાર થતાં વર્તુળોને લગે સૂચવતા હોય છે એના પ્રસંગોએ એ નિયમોનો કાયદો નિરપવાદ જ પ્રયોજાઇ થઈ રાખે અને નહિતર શબ્દનો પૂર્વાર્ધ ભાગ્યેજ હોય તે પછી આઠ વિકલ્પોમાનો એક અન્ય કાર નહી કરવાનુ કામ અનુભવે સ્વાભાવિક થઇ રહે એવુ છે. Q. પંદરમા દિવસમા સાંભળ્યા શબ્દો અને શબ્દસમૂહોને જેવી આપે ચર્ચા છે અને એમા પણ ઉપરના દિવસની માફક ગ.દોને. બીજાઓની જ જરૂરતો કારણોનો સિદ્ધાન્ત કેન્દ્રસ્થાને છે. ખાસ કરીને ચાર પદવાળા શબ્દોમા આ સિદ્ધાન્ત જાતે ઉપયોગી થઈ પડે છે કેમકે બે કે ત્રણ પદોમા હોવા શબ્દોનો પૂર્વાર્ધ આખો સ્પષ્ટ હોય તો પછી ઉતર ભાગ સુચન માત્ર કરવાથી સહેલે થઇ જાય છે Q. સૌ છેલ્લા દિવસમા અર્ધાની લખી બાજુનો ઉપયોગ કર્યો છે. અને એમાની સરળતા લખી જોવી છે કે સામાન્ય લિપિમા ઉપયોગમા લેવાતી બધાને પણ એ ઉપયોગમા લઈ શકાય એટલે એ દિવસ પણ શીખવા. મારે લઘુલિપિને લગતે સામાન્ય લિપિમા પણ ત્રીજા ભાગની કે લાગી, શીખનાર એ દિવસ પણ તે. પદોના પણ શીખી રહે Q. આ પ્રકરણને અને લઘુલિપિને. કર્તાનું નિવેદન પણ મહત્વનું છે એ લોકોનું ફરમાન લઘુલિપિની ૨. સોય ઝડપ મેળવીને દેવામા આવ્યું છે પણ સામાન્ય લખનારને મેળવે મોકલો ત્રીસ ૨.૭૬ ઝડપ પણ બની રહે પડશે અને અત્રેના પાઠનો કોઇનો ઝડપ આ કરી શકે હોય તે આ પ્રકરણનો ઉપયોગ ઝડપ વધારવાને બદલે દાખને ૧ ૮૬ આપવામા થશે. આવી રીતે લખવા. એ લઘુલેખનનું અંતિમ ધ્યેય હોવુ જોઇએ એમાં કુદરતે અવરોધ આવ. આવે. આ. ઉ. અનેક મને બનવા જ આ. પ્રકરણને અંતનું લઘુલેખન આપવામાં ઉપયોગ ન થવાનું છે એના કારણ આ તો બહુમ ઝડપનો પૂંઠી બાજુ તો આ લિપિનો સાધારણ. સમજવું અવશ્ય આ ઉ. આપે

લોપ પામતા અક્ષરો

આદ્ય વ્યંજનનો લોપ:

લોપાયેલા આદ્ય વ્યંજનો	આદ્ય વ્યંજનનો લોપ સૂચવવા એના પછીના વ્યંજનોના નીચે પડતેના રૂપાન.
અ	
ય	
ક	
ન	

ઉદાહરણો



ભરદારા કમરતાન કરના ગુજરાતી પરેશ ભગીરો ભનાવટ

અંત્ય વ્યંજનનો લોપ:

(1) શબ્દને અંતે આવતા 'ત', 'ર', 'મ', 'જ', 'ય', 'ક', 'ય', 'સ' જોવો, પાછીનો શબ્દ એ આગાઉના શબ્દની નીચે નજીકમાં રહી લખાય છે.

ઉદાહરણો



કેનિલામિક વિલાસ મુખ્ય મેલક દાહક કપૂર પાપણ

બહુપ્રચારી શબ્દો, સમાસો, પુનરાવૃત્તિ, ઉદ્ગારો વગેરે:

ઉદાહરણો:



વિમવિધ આમનેમ મેલનું મેલ મનિયમ્ય પક્ષિરાજ પ્રારબ્ધ અનહાદ

પ્રકીર્ણ રીતે થતા લોપ:

(1) ભૌગોલિક ભનિવાર્યતા પ્રત્યયો, અરબી ફેલ્ડીમોનાં પુનરાવર્તન પામતા પ્રત્યયો, મેમ્બ્રાહમવાચક પ્રત્યયો, નામયોગી પદોનાં વિભક્તિના પ્રત્યયો, એ બધા લોપાય છે.

(2) શબ્દોનો સામાન્ય વિધિમા ૩૬ મુજબનાં ટૂંકાં રૂપો અહીંયા નોંધવિધિમાં પણ વપરાય છે

(3) વિશેષણ અને તેના પછી મુકેલું નામ એ બન્નેમાં જો રૂપ ટૂંકું દોય તો બન્નેને માટે વપરાય છે

(4) લખવા રહી મુકેલા શબ્દો પ્રયોગમાં આવી મુકેલી જગ્યાથી મુજબના છે.

તેરમો દિવસ : આદ્યક્ષરનો લોપ

નિયમો

[૭૭] શબ્દની શરૂઆતમાં 'ક', 'ગ', 'પ', 'બ' માંનો કોઇ વ્યંજન આવતો હોય, ત્યારે એ આદ્ય વ્યંજનનો લોપ કરી, એના પછી આવતો વ્યંજન એવી રીતે લખાય છે કે એ લોપેલો આદ્ય વ્યંજન લખવાની લીટીથી શરૂ કરીને લખ્યો હોત તો જ્યાં પૂરો થાત ત્યાં એ લખવાના વ્યંજનનો નીચેનો છેડો આવી રહે

[૭૮] ઉપરની રીતે આદ્ય વ્યંજન લોપી લખાતો શબ્દનો ભાગ પોતે સ્વતંત્ર શબ્દ હોય એવી રીતે તેના પ્રથમાક્ષર વ્યંજનને શબ્દની શરૂઆતના વ્યંજનોને લાગતા, તેમજ પ્રથમાક્ષર સ્વરને શબ્દના આદિ સ્વર તરીકેના, જોડાણના નિયમો લાગુ પડે છે.

[૭૯] ઉપસર્ગોને નિયમ ૭૭માં જણાવેલી સ્થિતિમાં લખવાની લીટીથી ઊંચે કે નીચે લખવાથી તે ઉપસર્ગની પહેલાનો નહિ પણ પછીનો 'ક', 'ગ', 'પ' અથવા 'બ' લોપાએલો સૂચવાય છે.

સૂચનાઓ

(૭૭) આ આખી લઘુલિપિમા વધુમા વધુ કિલષ્ટ અને કાળજી મેળવવી પડે એવો આ જ એક નિયમ છે છતા ઓછા લખા શબ્દો આ નિયમની રીતે ટુકાવી શકાય છે કે થોડી તકલીફ વેઠીને પણ એ સમજી લેવાની ખાસ જરૂરીયાત છે

નકશામા આ નિયમ ની સપૂર્ણ સમજ આપવા, 'ગ', 'પ', 'ક', 'ગ', એ વધુ સ્પષ્ટ સમજાય એવા ક્રમમા આ ચારે આદ્ય વ્યંજનો એક પછી એક લોપ્યા પછી એના પછી આવતા બધા વ્યંજનો લખવાની લીટીથી કેટલે ઊંચે કે નીચે લખાય તે બતાવ્યુ છે એ બધા વ્યંજનો ઉત્તરોત્તર ક્રમમા 'બ' થી 'ગ' સુધી જોતા જણાશે કે એ બધા વ્યંજનોના નીચેના છેડા 'બ' લોપ્યા પછી લખવાની લીટીથી ઘણે ઊંચે, 'પ' લોપ્યા પછી સહેજ ઊંચે, 'ક' લોપ્યા પછી સહેજ નીચે, અને 'ગ' લોપ્યા પછી ઘણે નીચે આવે છે જેમકે 'જ' વ્યંજન ઉપરના ચારે આદ્ય વ્યંજનો લોપ્યા પછી અનુક્રમે કેવી કેવી રીતે આવે છે તે જોવાથી બાકીના વ્યંજનોના સ્થાન પણ સમજમા આવી જશે

આવી રીતે એ બધા વ્યંજનો લખવાની લીટીથી ઊંચે અથવા નીચે લખાવાનુ કારણ નિયમનો ઉત્તરાર્ધ છે 'એવી રીતે . રહે' એટલે નિયમનો એ ભાગ વધુ વિગતવાર સમજવાની જરૂર છે

પ્રથમ તો જોવાનુ એના આદ્ય વ્યંજનો 'લખવાની લીટીથી શરૂ કરીને' લખ્યા હોય તો જ્યા પૂરા થાય તે સ્થાન શરૂઆતના ભેગમા લખેલા તે તે વ્યંજન અને તે પૂરા થાય ત્યા બતાવેલ નીચેથી સૂચવાય છે જોઇ શકાશે કે એ કોસમા ।। 'પ', 'બ' તો અગાઉના નિયમ પ મુજબ જ લખ્યા છે, પણ 'ક' અને 'ગ' લખતા એ નિયમનો ભગ થયો છે કેમકે આ નિયમ મુજબ તો એ 'ક' અને 'ગ' લખવાની 'લીટીથી શરૂ કરીને' લખાવા જોઇએ અને આવી રીતે લખાતા એ ચારે વ્યંજનો લખવાની લીટીથી ઉપર અથવા નીચે જુદે જુદે અંતરે પૂરા થાય છે એ પૂરા થવાના સ્થાન જે લીટીથી બતાવ્યા છે તે લીટીથી ઉપર રાખતે એક વધારાની કલ્પિત લીટીને જન્મ આપે છે અને પછી લખવાની સામાન્ય લીટીની અવગણના કરી જાણે બધા વ્યંજનો એ લીટીથી બનતી લીટી ઉપર નિયમ પ મુજબ લખેલા છે, એટલે કે બધા વ્યંજનોના નીચે ના છેડા એ કલ્પિત લીટી ઉપર આવી રહે છે

આ નિયમનો વ્યવહારમા પ્રયોગ કરતી વખતે 'ક' અને 'પ' લોપ્યા પછીના વ્યંજનોના નીચેના છેડા જે લખવાની લીટીથી નજીક આવે છે તેને વધારે નજીક લેવા, અને એ જ મુજબ 'ગ' અને 'બ' લોપના પછીના વ્યંજનના નીચેના છેડા જે દૂર રહે છે તેને વધારે દૂર કરવા, આમ બને વખતે જુદી જુદી દિશામા અતિશયતાથી લખવાથી લખાણમા અશક્ય જેવી લાગતી ચોકકસાઇની જરૂર નહિ પડે, અને લેખન વધારે સુવાચ્ય થવા વળી આવી રીતે લખતા આમ આકેલા કાગળ ઉપર જ લખવુ પણ અનિવાર્ય નહિ રહે

આ નિયમ શબ્દના આદ્ય 'ક', 'ગ', 'પ' 'બ' ને જ લાગુ પડે છે એટલે આદ્ય 'ખ' 'ઘ', 'ફ', 'ભ' તો સામાન્ય રીતે લખાય એ જ રીતે લખવા જોઇએ

પણ એ વખતે એને મદદગાર બિંદુની કોઇ પણ સંલ્લેગોમાં જરૂર નહિ રહે. કેમકે તે લખાયા છે. અને લોપાયા નથી, એ જ બતાવે છે કે તે 'ખ', 'ધ', 'ફ', 'ભ' હોવા જોઇએ.

વળી આ નિયમ સામાન્ય રીતે તો કોઇ 'શબ્દો'ને લાગુ પાડવાનો છે; તેમ છતાં સંકેતો કે સંકેતસમૂહોને પણ 'શબ્દ'ની વ્યાખ્યામાં લઈ તેને પણ આ નિયમ લાગુ પડી શકે. માત્ર અકેક અક્ષરના બનેલા સંકેતો 'કે–કોણ, અગર, પણ–પરંતુ, બદલે–બલકે' એકલા જ આવેલા હોય ત્યારે તેમને આ નિયમ લાગુ ન પડે. આમ આ નિયમની રીતે ટુંકાવી શકાય એવા સંકેતો નીચે પ્રમાણે છે:

કે–કોણ, કાઈ, કેમકે, કેટલુક, કેવડું, વખત, કદાચ, કશું, કેવું, ખાસ, ખૂબ, ખોટું, બબર, બરું, અગર, ગૃહસ્થ, વગેરે, અગત્યનું, ગમે, પણ-પરંતુ, માસે, પરું, પછી, પેઠે, પોતે, પર-ઉપર, પેલો, પહેલા, ફરી, બદલે-બલકે, ભાઇઓ, ભાઇઓ અને બહેનો, બાબું, બીજું, બાબત, બીલકુલ, બહાર

ઉપરની બધી ચર્ચા ઉપરથી જોઇ શકાશેકે અગાઉનો નિયમ ૫ અને અહીં આપેલા આ ત્રણ નિયમો, એ બધાનો મળીને એક સ્વતંત્ર ક્રમ થાય છે. અને એ ચાર નિયમોનો આખો સમૂહ લિપિનાં બાકીનાં બધાં અંગોથી સ્વતંત્ર હોવાથી તેનો ઉપયોગ કરવો અગર નહિ તે લઘુલેખકની ઇચ્છા ઉપર આધાર રાખે છે. એટલે જો લઘુલેખક આ નિયમોનો અમલ ન કરવા ઇચ્છે તો પછી લખાણ લખવાની લીટીથી ઊંચે અથવા નીચે ગમે ત્યા લખાય તેનો સરખો અર્થ થશે

આમ આ લઘુલિપિ લીટી સહિત તેમજ લીટી વિના લખી શકાય એવો બેવડી સગવડ રાખવાનું બાસ પ્રયોજન છે. અંગ્રેજી ભાષામાં જ્યા એક કરતાં વધારે શૉર્ટહૅન્ડ પદ્ધતિઓ છે ત્યા કેટલીક માનભર પદ્ધતિઓ અમુક અમુક સંજ્ઞાઓ લખવાની લીટીથી ઊંચે અથવા નીચે લખાય તેને પોતપોતાની અનુકૂળતા મુજબના જુદા જુદા અર્થ આપવાનું ધોરણ રાખે છે. ત્યારે બીજી કેટલીક એવી જ માનનીય પદ્ધતિઓમાં આ જાતની શકયતાને નહતર રૂપ માની એનો લાભ લેવાનું મોકુફ રખાયું હોય છે અને જો કે લઘુલેખનની માનસચિકિત્સાની દૃષ્ટિએ, જેને 'શૉર્ટહૅન્ડ પદ્ધતિઓની રચના કરવાનું શાસ્ત્ર' કે એવું કોઇ ઉપનામ આપી શકાય એવી વિગતોમા આ શકયતાઓનો પણ સમાવેશ થઇ શકે છે. તેમ છતાં લીટી વગર લખી શકાવું એ એવી ઘણી યે પદ્ધતિઓનો ગર્વનો વિષય હોઇ નવા શીખનારને ખૂબ આકર્ષક લાગે છે. એટલે એવું કોઈ સાહિત્ય આ પુસ્તક શીખનારના વાંચવામાં આવે, અને તેને લીટી વગર લખી શકાય એવી ગુજરાતી પદ્ધતિની બોટ સાલે, તો આ ચાર નિયમો જતા કરી તે એ બોટ પૂરી શકશે. અને જો કે આ નિયમો જતા કરવાની માથે ટુંકાવવાની કેટલીક ઉપયોગી સંભાવનાઓ પણ જતી કરવી પડશે. પણ એમ તો લીટી વગર લખાતી બધી પદ્ધતિઓમાં અમુક ઉપયોગી તત્ત્વોને બોગે જ એ જાતની સગવડ આવી હોય છે, એટલે એટલો બોગ અનિવાર્ય છે.

(૭૮) ઉપરના નિયમ મુજબ શબ્દનો પ્રથમાક્ષર લોપાયા બાદ એના પછી 'અ' સિવાયનો સ્વર આવતો હોય તો તે સ્વર, અને નહિતર એના પછીનો વ્યંજન, એ લખેલા શબ્દમા આદ્યક્ષર બને છે. એટલે જો તે વ્યંજન હોય અને 'ર' કે 'લ'માનો કોઇ હોય તો નિયમ ૬ નો ખ્યાલ રાખવાનો રહે. પણ જો તે સ્વર હોય તો નિયમ ૯, ૧૦, ૧૩, ૧૪, ૧૮, ૨૨–૨૩ એટલાનો ખ્યાલ રાખવો પડે. એટલે કે કાં તો તે સ્વર સામાન્ય રીતે પૂર્વે લખાતો જોઇએ એમ લખાય, અથવા તો જરૂર પડયે અનુસ્વાર કે રેફ બનાવવામાં પણ એનો ઉપયોગ થઈ શકે.

વળી આ ઉપરાંત જો એ નવું રૂપ 'ર', 'શ', 'ચ', 'ન' માંના કોઇ વ્યંજનથી શરૂ થતું હોય, અને નિયમ ૭૩, ૭૪, ૭૫, ૭૬માનો કોઇ એ નવા થયેલા પ્રથમાક્ષરને લાગુ પડી શકતો હોય તો તે નિયમ પણ આ નિયમની રૂએ અમલમાં લાવી શકાય છે.

(૭૯) અગાઉના નિયમો ૪૨–૪૩ તથા તેની સૂચનાઓ અહીં ફરીથી વાંચી જવાની જરૂર છે. એ સૂચનાઓમાં પાછળથી આવવાના જે નિયમ માટે ઉપસર્ગના સ્થાનની પૂર્તિ કરવાનું બાકી રખાયું હતું તે જ આ નિયમ છે.

નિયમ ૪૩ ઉપરથી જોઇ શકાશે કે ઉપસર્ગવાળા શબ્દોમાં શબ્દનો પ્રથમાક્ષર એ ઉપસર્ગ નહિ પણ ઉપસર્ગ સિવાયના શબ્દના અંગના પ્રથમ અક્ષરને ગણવામાં આવે છે. અને સામાન્યતઃ શબ્દના આદ્યક્ષરને લાગુ પડતા બધા નિયમો એ જ અક્ષરને લાગુ પડે

છે. એટલે જો એ સ્થાને 'ક', 'ગ', 'પ', 'બ'માનો કોઇ વ્યંજન હોય ત્યારે એ ભાગને નિયમ ૭૭ લાગુ પડી તે આદિ વ્યંજન લોપાય છે, અને એ વ્યંજન લોપ્યા પછીનો ભાગ એ જ નિયમને અનુકૂળ સ્થિતિમાં લખી, પછી ઉપસર્ગ એ લખેલા રૂપની ઉપર લખી દેવાય છે. નકશામાં 'પ્રપંચ' શબ્દ આ રીતે લખ્યો છે. આમ આ દૃષ્ટિએ જોતાં આ આખો નિયમ આમ જુદી રીતે લખવાની જરૂર હતી: 'કોઇ ઉપસર્ગ પછી આવનારા શબ્દના અંગની શરૂઆત 'ક', 'ગ', 'પ', 'બ'માના કોઇ વ્યંજનથી થતી હોય, તો તે અંગને નિયમ ૭૭ લાગુ પડી, તે અંગ લખવાની લીટીથી નિયમ મુજબ ઊંચે અગર નીચે લખાય છે, અને પછી તેના ઉપર ઉપસર્ગ મૂકાય છે.'

ઉપરની રીતે લખતાં લખવામાં અનુકૂળતા ઘણી રહેશે. માત્ર ઉપસર્ગ પાછળથી લખાય એ ક્રમ જરા બદલાએલો લાગશે. કેમકે નિયમ ૪૨ મુજબ ઉપસર્ગ જ પહેલો લખાતો આવ્યો છે. તેમ છતા ઉપસર્ગનું લીટી ઉપરનું સ્થાન નિયમ ૪૨મા નિયમથી મર્યાદિત ન થયું હોવાનું કારણ હવે સમજાશે. સાતમા દિવસના ઉદાહરણોમા ઉપસર્ગોને લખવાની લીટી ઉપર લખેલા બતાવ્યા છે. પણ હવે ઉપરની દૃષ્ટિએ જોતા ઉપસર્ગ એવી રીતે લેખાય ત્યારે તેના પછીનુ શબ્દનુ અંગ જાણે એનો આદ્યક્ષર 'ક' લોપાયો હોય એમ લખવાની લીટીથી સહેજ નીચું આવે છે. માટે હવે ઉપરની રીતે નિયમ સમજ્યા પછી કા તો શબ્દના અંગનો એ પ્રથમાક્ષર લખવાની લીટી ઉપર આવે એટલો ઉપસર્ગને ઊંચો લેવો પડશે, અગર સાચેસાચ 'ક' લોપાએલો બતાવતી વખતે ઉપસર્ગને પોતાને લીટીથી સહેજ નીચે લેવો પડશે.

હવે સમજવા પૂરતું ઉપરનું બધું વિવેચન બરાબર છે. પણ વ્યવહારમા ઉપસર્ગને પ્રધાનપદે ગણવાથી બીજી કેટલીક રીતે સરળતા આવે છે. એટલે નિયમ ૭૯ જે રીતે લખેલ છે તેમા ઉપસર્ગને કેન્દ્રસ્થાને રાખી બધા જરૂરી ફેરફાર તેમાં જ સમાવી દેવામા આવ્યા છે. અને જો કે પાછળનો અક્ષર લોપાએલો બતાવવા ઉપસર્ગને ઊંચે નીચે લખવો પડે એટલું તો એમા પણ જરા વિચિત્ર લાગશે. પણ એ સિવાય ઉપસર્ગ જ પહેલવહેલો અને યોગ્ય સ્થાને લખાઇ જતો હોવાથી બીજી વધારે તકલીફ નહિ રહે.

આમ આ બંને દૃષ્ટિએ નિયમ સમજતાં જુદી જુદી સગવડ છે. અને બંનેમા કોકેક વાત અસ્વાભાવિક જેવી આવે છે. એટલે શીખનાર ઉપર સમજાવેલ દૃષ્ટિએ નિયમ સમજી, પછી નિયમ જે સ્વરૂપમા ઉપર નિયમોમા આપ્યો છે તે રીતે તેનો અમલ કરે.

આ નિયમના ઉદાહરણ તરીકે આવતા લગભગ બધા શબ્દો સાતમા દિવસના ઉદાહરણ ૧ મા આદિ વ્યંજનનો લોપ કર્યા વગર આપેલા છે. એ શબ્દોના અંતિમ અને સાવ સાચા રૂપ તો હવે અહીં જ આવે છે. પણ સાતમા દિવસમા એ શબ્દો આપવાનુ એ પ્રયોજન કે એ રૂપો માથે અહીં અપાતા નવા રૂપોની તુલના કરવાથી ઉપસર્ગનું સ્થાન જુદા જુદા વ્યંજન લોપાતા લખવાની લીટીથી ઊંચે અગર નીચે કેવી રીતે બને છે તે સમજી શકાય.

આ ઉદાહરણોમા 'પ્રકરણ', 'પ્રકાશ', 'પ્રપંચ' એ શબ્દોમા આ નિયમનો જરા છૂટથી પ્રયોગ થએલો છે 'પ્ર' આપણી ભાષાનો ઉપસર્ગ છે ખરો, પણ લઘુલિપિમા તેને માટે ઉપસર્ગ તરીકેની સંજ્ઞા ન હોવાથી લઘુલિપિ પૂરતો તેને ઉપસર્ગ ન ગણી શકાય. એવા સન્જોગોમા લઘુલિપિના સામાન્ય નિયમોથી એટલો ભાગ જેવી રીતે લખાવો જોઇએ એવી રીતે ઉપસર્ગને સ્થાને લખી શકાય, અને પછી આ નિયમ એને લાગુ પાડી શકે.

[ઉપરના 'દિવસ'નાં ઉદાહરણો તેમજ તેનું લઘુવેષ્ણન સ્થળસંકોચને કારણે આવતા અંક ઉપર મુલતવી રાખ્યાં છે.]

મેંદીનાં પાન

પોતાનો ઠાઠ સાચવવામાં જ કેટલાક માણસો એટલો બધાત લે છે કે પછી બીજું કાંઇ જ કરી શકતા નથી

દુનિયા નીતિ કરતાં અનીતિની વાતોમા વધુ રસ લે છે.

દુશ્મન પાસે દયા માગતા મૈત્રી થવાનો સંભવ છે મિત્ર પાસે દયા માગતાં દુશ્મન થવાનો ભય છે.

પોણા ભાગની દુનિયા પોતાની ભ્રમણામાં જ જીવે છે

દુશ્મન કે દોસ્ત કરવાનું સરખું જ સહેલું હોય છે; પણ દોસ્તોની કીમત આપણને ભારે પડે છે.

સીડીનું સૌથી નીચેનું પગથિયું સૌથી ઉપરના જેટલુ જ બપનું અને જરૂરી છે.



મહત્ત્વાકાંક્ષા

• શિખરિણી •

ક્ષણાના ફુંગેાળે અયુત ધનિદાસેા ગણી જતેા
મદે મર્દી લૈને મણિમય મદાકાળા સરખેા
નચાવું નાથીને અદય ઉરના અંકુશ થકી,
અને નાચે સાથે ક્રમ નિજ ભૂલી પ્રકૃતિ–નટી.
હવે દૈયે આવા અતુલ બલથી આગઝરતા
ઉકે લાવા, થાવા સકલ ચિતનેા ચક્રધરતા,
પદાઘાતે વાટે જીવન જગનાં કૈં કચરતેા
વધે વેગે વાજી મદભર મદાન્ધ મનનેા.
ઉનાળા કાળા ને શિશિર સુસવાટા સહીસહી
મથે મેરૂ બનવા જીવન કૂવ શા સૌ જગમહીં;
અરે તેને ચીપી સતત રચતી કીર્તિકલગી
હવે તૂટેા રે એ જડ જિન્દિગિયા સેાય સરખી.
મહત્ત્વાકાંક્ષાના અનલ અનિલેા યે મલયના
વહેા ઢાળેલાના જીવજતનની યે મૃદુ વીણા.

રમણિક અરાલવાળા

મરણ-મૈત્રી

• શિખરિણી •

ખુંદ્યા ખંડેરેા ને શાશ્વત યુગેાના ખડકલા,
સુના કબ્રસ્તાનેા, સડિયલ સુનાં મૂક મુડદા,
સ્મશાને યે શેાધ્યા, પ્રજળતિ ચિતા, અસ્થિ વિખર્યા
ઉપામ્યાં, તેા યે એ મરણ! તવ અસ્તિત્વ ન મળ્યું
ડરે તુથી, નાસે વિસરી તુજને, તુ જટ મળે;
તને શેાધું હું તેા શ્રમણ સઘળું વ્યર્થ નીવડે.
યુગેાના ઉચ્છ્વાસે નિશદિન અવિશ્રાન્ત વહતું
છુપે કાં ભાગથી? ઉર મરણ-મૈત્રી તલસતુ.
જવા આનંદેાની જગઅણુકણી સીમ મહરે
ચહે હૈયું કિંતુ સ્થૂલ શરીર ત્યાં ના ડગ ભરે;
સદા બંધાએલું અજ જીવનચૈતન્ય વિકરે:
ભલા મૃત્યુ! એને તવ મિલનથી મુક્ત ન કરે?
મહત્ત્વાકાંક્ષા ના અવર; બસ છે મુક્ત બનવું,
અને બ્રહ્માંડેામાં બ્રચિત બળની સંગ ભમવું.

નંદલાલ જોષી

વન્દન

• શિખરિણી •

ધરયાં આવે જ્યારે પ્રબળ પડતીનાં પૂર મદા
બધા આશોત્સન્થેા ઉપર ઢળતા સ્યામ પડદા,
નસીબે નોધેલી કદમ કદમે હાર જડતાં
જવામર્દા જેની અધિક ઝબકે આગ સરખી,
અને છેલ્લું ટીપું પૂરી જીવનનું તેજ-દીવડે
બુઝાતેા થબાવા અદ્ધર મથતેા જે મરણિયેા
પડેલેા, હારેલેા, તદપિ અદકા આદરભર્યો,
મહાભાગી એવા જગતવીરને વન્દન હજો.

ચુનીલાલ પાટડીઆ

અવસ્થાભેદ

•અનુષ્ટુપ•

'વૃદ્ધાવસ્થા કહેા કયારે આવે?' 'જ્યારે કરી દૂર
નિજનાં સ્વપ્ન સેવેલાં માનવી ના કલા કરે
વધવા ભાવિના પંથે; હતાશા દાખવે ઘણી.
અન્યને યે પ્રબોધે જે "હવે આગે કંઇ નથી."
કલ્પનાના તરંગેામાં બુદ્ધિ વિહાર ના કરે,
નક્કી તેા જાણી લેજો કે એ હવે ઘરડેા થયેા.'
'કિંતુ જે જિન્દગીમાંથી સત્વને સંગ્રહ્યા કરે,
સિદ્ધ સ્વપ્નેા કરી કૈં યે બીજાં કૈં સેવતેા ફરે,
રસ ને આર્દ્રતા આશા, જેનાં ખંડિત ના થયા,
ઉલ્લાસે જે અહેારાત્ર દેખી રૂડું કૂડું તથા
ટીપેટીપું શકે માણી જીવનાસવનું મધુ,
આકાંક્ષા જાગતી નિત્યે અંતરે જેહના, વધુ
ને વધુ વહતાં વર્ષો આવે વૃદ્ધત્વ દેહને,
ભલે ગાત્રેા થતા ઢીલાં, તેા યે તે તેા જુવાન છે.'

'અજ્ઞાત'

શબ્દેા

•નિમ્ન•

અગ્નિ તણેા સંગ ન પામતાં સુધી,
નિસ્તેજ ટાઢા જ્યમ કેાલસા રહે;
શબ્દેા રહે નિષ્પ્રભ તેમ જ્યાં સુધી
જ્વાલા નહિ સર્જનની પ્રજાળે.

પ્રહ્લાદ પારેખ



ખોવાએલી વીંટી

(બાળવિભાગ)

નગરશેઠનો એ દીકરો હતો. એનું નામ મુકુન્દ એને નાનો મૂકીને એની મા મરી ગઇ હતી

મુકુન્દ બાર વર્ષનો થયો ત્યારે તેણે પરદેશ વિદ્યાભ્યાસ કરવા અને દેશદેશાવર જોવા જવા વિચાર કર્યો જતી વખતે એના પિતાએ એને એક હીરાજડિત વીંટી આપી કહ્યું, 'આ વીંટી તારી બાની છે એમા તારી બાની નાનકડી છબી જડેલી છે તું વિદ્યાભ્યાસ કરીને અને દેશવિદેશ ફરીને પાછો આવીશ ત્યારે તો તુ મોટો થઇ ગયો હોઇશ, એટલે વખતે હું તને ન યે ઓળખી શકુ એ વખતે તુ આ વીંટી મને બતાવીશ એટલે હું તને ઓળખી લઇશ'

મુકુન્દે વીંટી એક કીમા ગાદી કરી ગળામા નાખી લીધી, અને સૌના આશીર્વાદ લઇ ચાલી નીકળ્યો

મહિના વીતા અને વર્ષો વીતવા લાગ્યા નગરશેઠ ણીજી સ્વર્ગે પધાર્યા અને તે સ્ત્રીને પણ એક દીકરો થયો ધીમે ધીમે નગરશેઠ મુકુન્દને ભૂલવા લાગ્યા. એમ કરતા ઘણા વર્ષો વીતી ગયા મુકુન્દનો હજી પત્તો નહોતો સૌએ માન્યુ, મુકુન્દ મરી ગયો હશે

બાર વર્ષ સુધી વિદ્યાભ્યાસ કર્યો પછી બેત્રણ વર્ષ દેશવિદેશ પ્રવાસ કરીને મુકુન્દ ઘેર આવવા નીકળ્યો હવે તે સત્તાવીશ અઠ્ઠાવીશ વર્ષનો મજાનો જુવાન બની ગયો હતો તેનો ચહેરો પલટાઇ ગયો હતો ને તેનો અવાજ પણ બદલાઇ ગયો હતો પ્રવાસ અને પરિશ્રમથી તેના આખા શરીરનો બાંધો પણ બદલાઇ ગયો હતો. વખતે કોઇ તેને ઓળખી શકશે નહિ એવો તેને ભય હતો પણ પેની વીંટી તેની પાસે હતી એટલે એને નિરાંત હતી.

જંગલમા રાતવાસો કરતો કરતો તે ચાલ્યો આવે છે, એવામા એક રાત્રે એ જંગલમા કયાક તેના ગળા માથી કરી તૂટી ગઈ અને નીકળી પડી, પણ તેની એને સરત રહી નહિ સવારે ઊઠી તેણે આગળ ચાલવા માડ્યુ

અગ્યો રસ્તો કાપ્યા પછી તેને વીંટી યાદ આવી જુએ તો કઇ ન મળે' તેને એટલુ તો દુ:ખ થયુ કે તરત બોય બેસી પડ્યો થોડી વારે સ્વસ્થ થઇ વીંટીની શોધમા પાછો ફર્યો બે દિવસ સુધી ઊભે રસ્તે ખોળા ખોળ કરી, પણ વીંટી જડી નહિ છેવટે નિરાશ થઇ તે પાછો ફર્યો 'પિતાને બધી વાત કહીશ, તે કદાચ મારી વાત માનશે ને મને ઓળખશે' તેણે મનમા વિચાર કર્યો

વખત જતા તે ગામમા આવી પહોંચ્યો ને નગરશેઠને ઘેર જઇ ઊભો નગરશેઠે તેને ઘણી અનેક વાતો પૂછી ખાતરી કરી લીધી કે તે પોતાનો દીકરો મુકુન્દ જ છે, પણ તેમની નવી સ્ત્રીએ એ વાત માની નહિ તે બોલી, 'આખુ ગામ કહે છે કે મુકુન્દ મરી ગયો છે માટે આ કોઇ બદમાશ મુકુન્દનુ નામ લઇ અગાઉથી ઘરની વાતો જાણી લઇ આપણને ઠગવા ને મફત ની મિલકત ભોગવવા આવ્યો હશે તો.' સાચો મુકુન્દ હોય તો એની બાની વીંટી બતાવે'

શેઠે મુકુન્દને વીંટી બતાવવા કહ્યું મુકુન્દે વીંટી ખોવાઇ ગયાનું જણાવી બાકી વાત કહી પણ શેઠાણીના મનનુ સમાધાન થયુ નહિ, તે બોલી, નક્કી બદમાશ છે.

શેઠે મુકુન્દને ઘરમા પેસવા ન દીધો

ઉદાસ મુખે મુકુન્દ ઘર છોડી ગામ છોડી ચાલી નીકળ્યો ગામને છેવાડે આવેલા શિવમન્દિરમાથી તે

વખતે ઘંટારવ થતો હતો. એ ઘંટારવમાંથી મુકુન્દને જાણે કોઇની વાણી સંભળાતી હતીઃ 'આવા મંગળ સમયે શા સારૂ તું ઉદાસ મુખે ને ધીમે પગલે ચાલી નીકળ્યો છે, જુવાન?'

મુકુન્દે જવાબ દીધો, 'પંદર વર્ષે ઘેર આવ્યો, ત્યાં ઘરે મને જકારો દીધો. એ શું ઉદાસ થવા જેવી વાત નથી?'

'ના; ઉદાસ થવા જેવું કયાંય કશું નથી. આ જોને, લોકો અમારા શરીર પર ઘા કરે છે ત્યારે અમે ઘાનું દુઃખ ભૂલી કેવો મધુર રણકાર કરી દઈએ છીએ!'

'ઓહો! ત્યારે હું પણ શા માટે ઉદાસ રહું! હે દેવ-મંદિરના ઘંટો! આજે હું જાઉં છું; પણ એક દિવસ જ્યારે મારી જાની વીંટી લઇને પાછો આવું ત્યારે આવો મધુર ઘંટારવ સંભળાવજો.'

ઉત્સાહભેર પગલાં ભરતો એ આગળ ચાલ્યો. પણ હજી તેના દિલમાંથી દુઃખ ગયું નહોતું. રહીરહીને તેના મુખમાંથી ઊંડા નિઃશ્વાસ નીકળી પડતા હતા. રાત પડી ને નિરાશ મને તે ઊંઘી ગયો. સવારે ઊઠ્યો ત્યારે પણ કોના મનનો ભાર હજી હળવો થયો નહતો.

ઝાડે ઝાડે, ડાળે ડાળે પક્ષીઓ મધુર કલરવ કરી રહ્યાં હતા ને કીચકા ખાતાં હતાં. એ કલરવમાં મુકુન્દને જાણે કોઇ કહેતું સંભળાયું: 'આવા ખુશનુમા સમયે શા સારૂ તું દુઃખી મને ડગલા ભરે છે, જુવાન!'

મુકુન્દે જવાબ દીધો, 'પંદર વર્ષે ઘેર આવ્યો ત્યારે ઘરે જકારો દીધો. એ શું દુઃખી થવા જેવી વાત નથી?'

'ના, દુઃખી થવા જેવું કયાંય કશું નથી. આ જોને, જીવતર આખું પળેપળે જળમાં સપડાવાનો ભય છતાં અમે કેવાં ગામેગામ ઓઇએ છીએ! નાની શી જિંદગીમા ગાયું એટલું ભલું.'

'ઓહો! ત્યારે હું શું કરવા ન ગાઉં? હે વનવનનાં પંખીઓ! આજે હું જાઉં છું; પણ એક દિવસ જ્યારે મારી જાની વીંટી લઇને પાછો આવું ત્યારે ફરી આવો મધુર કલરવ મને સંભળાવજો.'

મુક્ત કંઠે ગાતો ગાતો મુકુન્દ આગળ વધ્યો.

ચોતરફ વનથી ખીલી રહી હતી. ડાળીએ ડાળી ભારથી નમી રહી હતી. જાણે વનરાવને ફૂલના વાઘા સજ્યા હતા. દશે દિશા ભરીને વસંતનો સુગંધી વાયરો વાઇ રહ્યો હતો. એ સુગંધમાં મુકુન્દને જાણે કોઇની વાણી સંભળાઇ: 'આવા પ્રફુલ્લ સમયે કૂલવિહોણો તું શા સારૂ જાય છે, જુવાન?'

મુકુન્દે જવાબ દીધો, 'પંદર વર્ષે ઘેર આવ્યો ત્યારે ઘરે જકારો દીધો એ શું કૂલવિહોણા જવા જેવું નથી?'

'ના, કૂલવિહોણા જવા જેવું કયાંય કશું નથી. આ જોને, વંટોળિયાના થપાટો ખાઇખાઇને, પાંખડીએ પાંખડીએ છિન્નભિન્ન થઇ જઇને, છેવટે ધૂળમાં રગદોળાઇને નામશેષ થતાં પણ અમે કેવાં સુગંધ વહાવીએ છીએ! ભલા! એ સિવાય જગતમાં બીજું કામે શું કરવાનું છે?'

'ઓહો! ત્યારે હું શું કરવા સુગંધ વિનાનો રહું? હું યે કૂલ જેવું કૂલ બની જાવીશ. હે દશે દિશાનાં કૂલ! આજે હું જાઉં છું પણ એક દિવસ જ્યારે મારી જાની વીંટી લઇને પાછો આવું ત્યારે ફરી આવી સુગંધ વહાવજો.'

મુકુન્દે થોડાક કૂલ ચુંટી માથામાં, ને કાને ભરાવ્યાં. કેસૂડાનાં કૂલની એક લાંબી ડાળી હાથમાં ધજાની પેઠે લઈ લીધી. પછી ઉલ્લાસભેર એ આગળ ચાલ્યો.

જતાં જતાં ઘોર જંગલ આવ્યું. મુકુન્દે જંગલમાં પ્રવેશ કર્યો. ત્યાં દૂરથી તેને એક હાક સંભળાઇ.

'નાસી જા, રે! નાસી જા. પાછો જતો રહે, નહિ તો મૂઓ પડીશ.'

મુકુન્દે મોં ફેરવી જોયું તો એક બુઢ્ઢી ડોશી થોડેક દૂર એક ટેકરી પર છાણાં થાપતી હતી. મુકુન્દે તેની પાસે જઈ પૂછ્યું, 'શા સારૂ મને નાસી જવાનું કહે છે?'

ડોશીએ કહ્યું, 'મૂરખ! હમણાં પેલો અઘોરી આવશે તો જીવતો નહિ મેલે. નાસી જા, નાસી જા. આ વનમાં ફરી પગ મૂકીશ નહિ. આ તો અઘોરી ખાવાનું વન છે.'

'પણ માજી!' મુકુન્દે હસતાં હસતાં કહ્યું: 'મારે જરા ખાવાજીને જોવા છે!'

ત્યાં તો પવનની લહેરમાં, ન ગમે તેવી કંઇક વાસ ઊંચાઇ આવી. 'એ આવ્યો જો, ત્યારે.' આટલું બોલી ડોશી ચૂપ થઇ ગઇ ને છાણાં થાપવા લાગી ગઇ.

પળ વારમાં તો ઊંચો પડછંદ કાળોમેશ કાપા-વાળો, માથે જથરપથર જટાવાળો, એક હાથમાં લાંબો વજનદાર ચાપિયો ને બીજા હાથમાં ચીભડું લઇ બચકાં ભરી ભરી ખાતો એવો એ વનનો માલિક અઘોરી ખાવો ત્યાં આવી પહોંચ્યો; ને જોરથી પત્થર પર ચાપિયો પછાડી બોલ્યો, 'કેમ આવ્યો છે અહીં?'

મુકુન્દે શાંતિથી જવાબ દીધોઃ 'નોકરી રહેવા'

'નોકરી?' બોલતા બોલતા બાવો એવુ હસ્યો' નદીકાંઠાની મોટી ખેખડ ધમી પડતાં અવાજ થાય એવો એ હસવાનો અવાજ હતો પણ મુકુન્દ જરા યે ગભરાયો નહિ

'હા! હા' હા' હું તને સરસ નોકરી આપીશ ઠીક તો જો, મારે આ આખુ જંગલ કાપી બે ય છેડા સુધી સુન્દર મેદાન બનાવવું છે. તને આજથી એ કામ સોપુ છું. પણ યાદ રાખજે, એક હજાર ને એક દિવસમા એ પૂરૂ થઇ જવું જોઇએ થશે તો એક હજાર ને એક સોનામહોર પગારમા આપીશ, ને નહિ થાય તો આખી જિંદગી મારો ગુલામ કરીને રાખીશ છે કબૂલ?'

'હા કબૂલ!' મુકુન્દે કહ્યું.

'તો ચડી જા આજથી કામે પણે પેલી કુહાડી પડી છે પણ ખબરદાર' બપોરચમા નોકરી છોડી નાસવાનુ કર્યું છે તો ઊભો ને ઊભો ચીરી નાખીશ'

આખો દિવસ ઝાડ કાપવાની સખત મજૂરી કરી થાકેલા મુકુન્દને સાજે બાવાએ જોયો ત્યારે પણ તે પહેલાના જેવો હસતો ને ગાતો હતો બાવાને એ જોઇ ચીડ ચડી તે બોલ્યો, 'આમ માલાની પેઠે કામ કરીશ તો હળે જોડીશ, યાદ રાખજે' મુકુન્દ બોલ્યો, 'કાલથી વધારે સખત કામ કરીશ'

બીજે દિવસે મુકુન્દે ખુબ કામ કર્યું સાજે બાવાએ જોયુ કે કામ ઘણુ થયુ છે, પણ મુકુન્દ તો આજે પણ હસે છે ને ગાય છે' તેણે આજે પણ 'કામ કમ બગાડ્યુ નથી કરતો?' કહી મુકુન્દને ધપકો દીધો મુકુન્દ ધપકો ગણી ગયો

મુકુન્દે જોઇ લીધુ કે બાવાને હસતો ગાતો ચહેરો ગમતો નથી એટલે એણે ત્રીજે દિવસે આગલા દિવસ કરતા થોડું કામ કર્યું, પણ જાણે ખૂબ થાકી ગયો હોય એવો ભારે ચહેરો બાવા કર્યો બાવો જે જોઇ ખુશ થયો તે બોલ્યો, 'હવે એવી મજૂરી કરો'

બોડાક દિવસ પછી મુકુન્દે બીજી એક યુક્તિ કરી તેણે વિચાર કર્યો કે આવી રીતે રોજ મજૂરી કરીશ તો જરૂર એક હજાર ને એક દિવસ પૂરા થાય તે પહેલાં જ આખુ જંગલ સાફ થઇ જશે, અને બાવો એ સમજી જશે તો સોનામહોરો આપવી પડે એથી વચમા કઇ કઇ વિઘ્ન નાખવે, માટે બાવાને ખરેખરું કામ કેટલુ થાય છે એ જણાવવા દેવુ નહિ

બીજા દિવસથી મુકુન્દે રોજ જેટલા ઝાડ કાપતો હતો તેથી બે ચાર પાછળના ભાગથી ઝાડ કાપવા શરૂ કર્યા આખો દિવસ એ પ્રમાણે કામ કરી થોડો વખત પહેલાની જગ્યાએ કામ કરતો ને અતિશય થાકી ગયેલો હોય તેમ પેર પાછો ફરતો બાવો એનો થાકી ગયેલો ચહેરો જોઇ ખુશ થતો ને કહેતોઃ 'હં, એવી મજૂરી કરો.'

આમ કરતા કરતા હજાર દિવસ પૂરા થવા આવ્યા મુકુન્દે આખુ જંગલ સાફ કરી નાખ્યુ હતું, માત્ર થોડાક જ ઝાડ રહેવા દીધા હતા છેલ્લો દિવસ આવ્યો મુકુન્દે આજે ખૂબ ઉદાસ થઇ ગયો હોય એવો ચહેરો બાવા કર્યો કામે વળી વખતે તેણે બાવાને પગે લાગી કહ્યું, 'બાવા' જિંદગી આખી તમારા ગુલામ થઇ રહેવાનું છે તો આજથી જ શા માટે તમારી નોકરી ન કરૂં' મારા પર દયા રાખજો બાપુ!''



સાચીમોટી વાત

આવી મોટી વાત,
એક હતી રાત

ગયો માળો ચાંદો,
ચાંદો પડ્યો માંદો.

વૈદ આવ્યા ગાડી,
આવી નાડ આવી

આપુ દવા ભાઇ,
ખોટો ઊંટી ખાઇ

થોડો થોડો દાડો રોજ,
આખો દાડો એક રોજ.

થોડો થોડો કાંદો રોજ,
આખો કાંદો એક રોજ

જો તો જેવો ચાંદો,
નહિ તો મરશે માંદો


ગયો ખોટી ખાઇ,
એમા કાંટા ચાંદાબાઇ,

પછી કાંદા ચાંદાબાઇ
ગાન ગવાડે ચાંદો,

નાચે ઝમાડે ચાંદો,
ગાન ડુબાડે ચાંદો

ત્યા તો ઊંઘી ગઇ ગાન,
અને પૂરી થઇ વાત

સુન્દરમ્



બાવો મલકાતો મલકાતો બોલ્યો, 'હજી તો બીજનો દહાડો આખો ઊભો છે ને! કસીને મહેનત કર. જંગલ આખું કપાઈ જશે.'

'જેવા આપના આશીર્વાદ!' કહીને મુકુન્દ ઊપડ્યો.

બાવાએ ગઈ કાલે સાંજે જ જોયું હતું કે હજી તો સો વાર જંગલ પણ સાફ થયું નહોતું એટલે મુકુન્દ આપણો ગુલામ થવાનો છે. એ વિચારથી તે હસતો હતો. પરંતુ મુકુન્દે આગલા ભાગનાં તથા છેક છેડેનાં થોડાંક ઝાડ સિવાય આખું જંગલ કાપી નાખ્યું હતું. આજે તે પહેલા પાસેનાં ઝાડ કાપી નાખી પછી છેડા પરનાં ઝાડ કાપવા ગયો અને તે પણ એક પછી એક કાપી નાખ્યા. છેક છેલ્લું ઝાડ કપાઈને ભોંય પર પડ્યું ત્યારે એ ઝાડની વચલી ડાળીઓમાં એક સુંદર માળો તેની નજરે પડ્યો. તેણે તે માળો તપાસ્યો તો અજાણ થઈ ગયો! જે વસ્તુને અભાવે તેને ઘર-માથી અપમાનિત થઈ નીકળવું પડ્યું હતું તે તેની મૃત માતાની સ્મૃતિ—પેલી ચીંટી આ માળામાંથી તેને મળી આવી! હજાર દિવસનો તેનો થાક એ ચીંટી જોઈને એક પલકમા ઊતરી ગયો.

સાંજે મુકુન્દ હસતો હસતો બાવાની સામે આવી ઊભો રહ્યો. બાવાએ આજે એને પોતાના પગમાં પડી ચોધાર આસુએ રોતો જોવાની આશા રાખી હતી, તેથી એને આમ હસતો જોઈ એને તો ભારે ક્રોધ ચઢી ગયો ને બોલ્યો, 'હસે છે શું, મૂર્ખ!? જાણે છે હવે તું મારો ગુલામ છે?!'

'ના રે બાબા! એ તો હું નથી જાણતો!' મુકુન્દે શાંતિથી કહ્યું.

'નથી જાણતો? આપણે શરત કરી હતી એ નથી બાબર? તું એક હજાર ને એક દિવસમાં આખું જંગલ કાપી નાખે તો તને એક હજાર ને એક સોનામહોરો મળે ને ન કાપી શકે તો જિંદગીભર મારો ગુલામ થઈ રહે. કેમ, આવી શરત નહોતી કરી?' બાવાએ કહ્યું.

'કરી જ હતી તો! લાવોને સોનામહોરો કયાં છે? મારી આ ચાદર ભરાઈ જશે!' મુકુન્દે બગલથી ચાદર લઈ જમીન પર પાથરતાં કહ્યું. એ જોઈ બાવાને આટલા ક્રોધમાં પણ હસવું આવી ગયું. તે બોલ્યો, 'બદમાશ! કામ તો પૂરું થયું નથી ને સોનામહોરો માગે છે! હવે તો પીઠ પર પડશે આ ચાબખો સડાક! સડાક!'

'પણ કામ તો કયારનું યે પૂરું થઈ ગયું છે. આખા જંગલમાં એક પણ ઝાડ હવે ઊભું નથી.' મુકુન્દે સ્વસ્થતાથી કહ્યું.

'જૂ જૂ! જુઠ્ઠા! મને બનાવે છે!' કહી બાવાજી ચાબિયો લઈ મારવા દોડ્યા.

મુકુન્દે સામો ફુંફાડો કર્યોઃ 'બાવાજી! તમારું કામ પૂરું કરી નાખ્યું છે, છતાં જો મને મારવા આવશો તો હું યે સામો મારીશ.'

બાવો દોડતો રહી ગયો. તે બોલ્યો, 'ચાલ ભારે, નજરે દેખાડ તારું કામ.'

બાવો ને મુકુન્દ આખું જંગલ ફરી વળ્યા. આવડું મોટું જંગલ સાફ થઈ ગયું છતાં પોતાને કશી ખબર પણ પડી નહિ એ જોઈ બાવો દાંતમાં આંગળાં ઘાલી ગયો. થોડી વાર વિચારમાં પડી ગયો, પછી એકદમ હરખમાં આવી જઈ બોલી ઊઠ્યો, 'વાહ! બચ્ચા વાહ! તેં ખરી કરી! પચીસ વર્ષથી હું આ જંગલમા રહું છું પણ તારા જેવો મહેનતુ અને બુદ્ધિશાળી મને કોઈ મળ્યો નહોતો. આજે તને જોઈ મને બહુ આનંદ થાય છે. માગ બચ્ચા! તારે શું જોઈએ?'

'મારે? મને તો મારી મહેનતની એક હજાર ને એક સોનામહોરો મળે એટલે બસ.' મુકુન્દે કહ્યું.

'બસ?' બાવો હસીને બોલ્યોઃ 'નહિ નહિ બચ્ચા! તારા જેવો બુદ્ધિશાળી અને વળી બળવાન મને બીજે કયાં મળવાનો હતો? બસ, ખુશ થા—મારો બધો બગીચો અને આ બધી જમીન હું તને આપી દઉં છું.'

મુકુન્દ ભારે વૈભવશાળી બની ગયો. નોકરચાકરોની હવે તેને ખોટ રહી નહિ. ભારે હાકમાઠ ને ધામધૂમ સાથે તે પોતાને ગામ જવા નીકળ્યો. વનરાવનનાં ફૂલોએ એને જોઈ સુગંધી વધાવી, વનવનનાં પંખી-ઓએ મધુર કલરવથી એનો સત્કાર કર્યો અને ગામમા પેસતાં દેવમંદિરના ઘંટોએ મધુર રણકાર કરી તેનું સ્વાગત કર્યું. આખા ગામે તેનું સામૈયું કર્યું. ચીંટી જોઈ તેના પિતાની આંખમાં આંસુ આવી ગયાં. પિતા-પુત્ર ભેટ્યા. અપરમાએ પણ પુત્રને આશીર્વાદ આપવા તેને માથે હાથ મૂકયો; મુકુન્દે એ હાથની એક આંગળીમાં પોતાની મૃત માતાની છબી વાળી ચીંટી પહેરાવી દીધી અને તરત જ તેના પગમાં ઢળી પડી બોલ્યોઃ 'માતાજી!'

રમણલાલ સોની



ચાંદરડો

એક અનત કુચાટે
વિચરૂ ભવમનને ઘાટે
ક્ષિતિજકિનારે પાંખ પલાડુ, દિગન્તને ઉંબર ડગ માંડુ,
સૂર્યે તણી પરકમ્મા કેરિ આદરૂ તુજ માટે—વિચરૂ૦
જીવનના ભાથા લઈ બાંધી, મૃત્યુ તણા વનવગડા વીંધી,
કાળકિનારે બન્ધુ હરદમ તવ દર્શન તલસાટે—વિચરૂ૦

(ગુણસુન્દરી)

—સુન્દરમ

સ્વ. નરસિંહરાવ ભોળાનાથ

***ગઇ તા ૧૪મી જાન્યુઆરીના રોજ એમનુ અવસાન થયું મિત્રો અને પ્રિયજનોના નટુભાઇ—નટુકાકા અને ગુજરાતી સાહિત્યના પિતામહ (Grand old man) એ શ્રી નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆ આજથી એક પચીસી પૂર્વેની સસ્કારિતાના જાણે મૂર્ત સ્વરૂપ હતા લેકે દિવસાનુદિવસ થતા જતા એના મૂલ્ય પરિવર્તનને તેઓ અપનાવ્યે રહ્યા હતા, છતા જેમા એ માનતા એ પુરાણી સસ્કારિતાનુ પડ તો એમને કાયમ વીંટળાએલુ જ રહ્યું હતુ

શ્રી નરસિંહરાવનો જન્મ (૧૮૫૯ના સપ્ટેમ્બરની નીજએ) ભોળાનાથ સારાભાઇ જેવા ગુજરાતના આદ્ય ને પ્રખર સુધારકને ત્યાં થયો હતો એટલે ધર્મ તથા સમાજને સસ્કારિતામાં નવા મડાણ -રવાનો ગુણ જેમનામાં સહજ હોતર્યો હતો ૧૮૮૦મા તેમણે બી એ ની પરીક્ષા પસાર કરી અને સસ્કૃત મા પ્રથમ નબર આવી ભારે દાજ પારિતોષિક મેળવ્યુ સ્વ. મણિલાલ નભુભાઇ, પ્રો. શ્રીધર ભાંડારકર, દી બા. કેશવ લાલ ધ્રુવ વગેરે એમના સહાધ્યાયીઓ હતા

બી એ થયા પછી એમ એ ને એલએલ બી માટે એમણે અભ્યાસ કરવા માંડેલો, પણ તે અરસામાં ઇ ૧૮૮૪મા સ્પેશ્યલ સિવિલ સર્વિસમા જગ્યા મળી ગઈ ને તેઓ ખેડા જિલ્લાના આસિસ્ટંટ કલેકટર નીમાયા ત્યારે આરામ અભ્યાસ પડતો મૂકયો ત્યાથી સોલાપુર, બીજાપુર, કારવાર, સિંધ હૈદ્રાબાદ, નાસિક, ખાનદેશ, રત્નાગિરિ વગેરે સ્થળોએ તેમની બદલી થતી રહી હતી ૧૯૦૫થી તે ૧૯૧૭મા નિવૃત્ત થયા ત્યાં સુધી તેઓ રાજકિરિમા જ રહ્યા

કવિતા પ્રત્યેની અભિરુચિ કુમાર વયથી જ એમને હતી, અને એ પ્રયત્નો શિથિલ થયા ન થયા ત્યા નારાયણ હેમચદ્રનો સમાગમ થયો એમના જ આગ્રહથી અમના પરિચયમા નરસિંહરાવે, જૂના યુગ ને નવા યુગને જોવા પાછળ નવયુગની ઉષા સમી કવિતા લખવાની પોતાની પ્રેરણાને સજીવન કરી, અને એ ઋણને પોતાના પટ્ટેવા સમક્ષ 'કુસુમમાળા'ની અર્પણપુષ્પિકાથી અકિત કર્યુ.

એમની નોકરી અને સાહિત્યસેવાનો લાબો ગાળો દક્ષિણમા જ વીત્યો. ૧૮૮૩મા એમનો પહેલો કાવ્યસગ્રહ 'કુસુમમાળા' બહાર પડ્યો બીજા પ્રાતોની સરખામણીમા ગુજરાતી ભાષાની અછીને અવ્યવસ્થિત જોડણીનો પ્રશ્ન તેમને ખૂબ સાલતો રહ્યો હતો અને એને માટેની એમની ધગશ અને પ્રયત્નો ગુજરાતી સાહિત્યમા સ્મરણપ્રસિદ્ધ છે એક ૧૮૮૮મા એમણે 'બુદ્ધિપ્રકાશ'મા જોડણી વિષયક વિસ્તૃત ચર્ચા છપાવી ત્યારથી જે જોડણીની શાસ્ત્રીય ચર્ચાનો આરભ ગણી શકાય. ૧૮૮૬મા એમનુ બીજુ પુસ્તક 'હૃદયવીણા' પ્રગટ થયુ

નોકરીમાથી તેમના નિવૃત્ત થયા પછી બીજે જ વર્ષે અમદાવાદના જે પ્રતિષ્ઠિત સસાર સુધારા પરિષદ મળી હતી તેનુ પ્રમુખસ્થાન તેમને આપવામા આવ્યુ હતુ ને એ સ્થાનેથી એમણે જે વ્યાખ્યાન આપેલુ તે સુધારક તરીકેની તેમની પ્રતિષ્ઠાને છાજે તેવુ જ હતુ આજના યુગમાં જન્મનાર અને જીવનારને એ કાળના સમાજસુધારાની કઠોરતાનો ખ્યાલ આવવો મુશ્કેલ છે સમાજસુધારાનો નરસિંહરાવનો આદર્શ માત્ર પોતાથી જ રાજ કરવામા પર્યાપ્ત નહોતો પામતો, પણ સમસ્ત સમાજને સ્પર્શતો. તેઓ એકેશ્વરવાદમા માનનારા અને ચુસ્ત પાર્થના સમાજી હતા પરંતુ પાછળથી તેમના

આપેલા ઉપદેશો અને વ્યાખ્યાનોની સંખ્યા ઘણી મોટી છે. માર્ચનામાળાના છેલ્લા ભાગોમાંનાં એમનાં રચેલાં પદો ગુજરાતનાં ભક્તિકાવ્યોમાં ઊંચું સ્થાન ભોગવે તેવાં છે.

હિંદના જુદાજુદા પ્રાંતોમાં ફરવાથી અનેક પ્રાંતીય ભાષાઓનો તેમણે નિકટનો પરિચય સાધ્યો હતો. હેમચંદ્રાચાર્યના વ્યાકરણના 'અપભ્રંશ' અધ્યાયનો એમણે બહુ સારી રીતે અભ્યાસ કર્યો હતો અને અપભ્રંશમાંથી ગુજરાતી ભાષાના ક્રમિક અવતારોનું એમણે સૂક્ષ્મ મનન કર્યું હતું. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓના એ અભ્યાસથી જે ચોકસાઇ આવવી જોઇએ એ એમના સારસ્વત જીવનનો તેમજ નિત્યના સામાન્ય જીવનનો પ્રધાન સૂર હતો એ અનુભવ તથા પોતાની વિદ્વત્તા તેમજ ચોકસાઇના પીઠબળ સાથે ગુજરાતી ભાષાશાસ્ત્રના સંશોધનના ક્ષેત્રમાં એમણે કરેલું કાર્ય તો યુગપ્રવર્તી છે. સાક્ષર, કવિ, સમાજસુધારક અને વિવેચક નરસિંહરાવને પડકે કદાચ ભાષાશાસ્ત્રી નરસિંહરાવ તરીકે ગુજરાતી સાહિત્યમાં તેમનું નામ ચિરંજીવ બની જાય એવા સમર્થ એમના એ પ્રત્યનો છે. ગુજરાતી 'હ'કારનો તેમનો આગ્રહ અને વર્ષો સુધી એમણે ચલાવેલી 'પ્રેમાનંદના નાટકોની' ચર્ચાએ તો ગુજરાતી સાહિત્યના અદનામા અદના પરિચિતના મોઢે પણ એમનું નામ રમતું કરી દીધું છે. એમના ગુજરાતી ગદ્ય લખાણોમાં 'મનોમુકુર'ના બે ભાગ તથા 'સ્મરણમુકુર' તો પ્રસિદ્ધ થઈ ગયાં છે. પણ એ ઉપરાંતના એમના સંખ્યાબંધ લેખો અને વિવેચનો હજુ સામયિકોમાં જ દટાએલા પડયા છે.

એમનો ત્રીજો કાવ્યસંગ્રહ 'નૂપુરઝંકાર' ઈ ૧૯૧૪માં બહાર પડેલો. તે પછી કરુણ પ્રશસ્તિરૂપે 'સ્મરણ સંહિતા' બહાર પડયું એ ઇ. ૧૯૧૫ની સાલમાં સુરતની પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે તેમની વરણી કરવામાં આવેલી એ સમયનું તેમનું ભાષણ અને એ જ વર્ષે મુંબાઈ યુનિવર્સિટી તરફથી એમણે આપેલાં 'વિલ્સન ફાઇલૉલૉજિકલ લેકચર્સ'ની માળાના વ્યાખ્યાનો ગુજરાતી ભાષાના ઇતિહાસ ઉત્પત્તિ અને વિકાસ ઉપર અભૂતપૂર્વ પ્રકાશ પાડનારાં નીવડયા છે તત્વજ્ઞાનના વિષયમાં વિશિષ્ટ શૈલીનું એમનું 'વિવર્તલીલા' અઢી વર્ષ પહેલાં જ બહાર પડયું છે. 'કવિતા અને સંગીત' તથા 'અભિનયકલા' પણ એમના સૂક્ષ્મ અવલોકન અને વિદ્વત્તાની સાક્ષીરૂપ નિબંધો છે

૧૯૨૧ની સાલમાં જ્યારે મુંબાઈ યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા અને સાહિત્યના અભ્યાસને સ્થાન મળ્યું ત્યારે એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે તેમને નીમી લેવામાં આવ્યા હતા અને છેવટ સુધી તેઓ એ પદ પર જ રહ્યા હતા. એ જ યુનિવર્સિટી તરફથી ૧૯૩૦ની સાલમાં વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં એમણે ગુજરાતી સાહિત્ય પર જે ચાર વ્યાખ્યાનો આપ્યાં હતાં તેમાં પણ એમની સૂક્ષ્મ દૃષ્ટિ અને સત્યનિષ્ઠા આગળ તરી આવે છે.

નિખાલસતા, એ એમની સમસ્ત જીવનમાળામાં સળંગ દોર રૂપે રમી રહેલો ગુણ હતો એમ એમના પરિચયમાં આવનાર જ નહિ, પણ એમનાં લખાણો વિવેચનો અને ચર્ચાઓ વાંચનાર હરકોઇને જણાશે એ નિખાલસપણાને લીધે પરિશ્રમેલા એમના કટુ સત્યવક્તાપણાએ કદાચિત કોઇને દુભવ્યા હશે; તો એ જ નિખાલસતામાંથી જન્મેલી સરળતાએ છતી પણ લીધા હશે. એટલો જ અગત્યનો એમના જીવનનો બીજો ગુણ તે ચોકસાઇ—અત્યંત ઝીણવટભરી, વિજ્ઞાનીના જેવી ચોકસાઇ વ્યાકરણ જોડણી અને ભાષાશાસ્ત્રના એમના લેખો ને સાહિત્યવિવેચનો એ ગુણની જબરી પ્રતીતિ છે.

એ નિખાલસ, પ્રેમલ અને ભગવદ્ભક્ત હૃદય પર કુદરતના આઘાતો પણ ઓછા નહોતા થયા. એમના ગર્ભાં જ પ્રિયજનો—પુત્ર, પુત્રીઓ, દોહિત્ર, અને છેવટે એમનાં પત્ની—સૌ એક પછી એક, એમની જ હયાતીમાં વિદાય થયાં એના ઘા જીવનમાં એક પછી એક જે વીરતાથી એમણે ઝીલ્યા છે તે એમનો બીજો જ બીજો મહદ્ ગુણ હતો

છેલ્લા ત્રણ ચાર વર્ષથી એમની તબીયત લથડી હતી ને તેમાં ગત દોઢ વર્ષથી તો તેઓ પથારીવશ જ હતા પચાસ વર્ષ પહેલા શરૂ થએલું એમનું લેખનકાર્ય આ સ્થિતિ આવી ત્યારે જ, છેલ્લું 'બુદ્ધચરિત'નું પુસ્તક બહાર પાડી વિરમ્યું.

પશ્ચિમની દળની કવિતાને ગુજરાતી સાહિત્યમાં અવતારનાર નવયુગના અગ્રણી અને ઊર્ધ્વશીલ કવિ, વિદ્વાન વિવેચક અને અપ્રતિમ ભાષાશાસ્ત્રી, ગુજરાતી સાહિત્યના પિતામહ સમા એ વૃદ્ધ સાક્ષરની પોણોસોમી જન્મજયંતિ હજુ ત્રણ જ વર્ષ પર ગુજરાતી સાહિત્ય જનતાએ ઊજવી એમના વાત્સલ્યની જે તૃપ્તાર્તતા બતાવી હતી એ એમના નિધનથી જેવી ને તેવી જ રહી ગઇ છે, અને નજીકના ભવિષ્યમાં એ કોઇથી છીપે એવાં ચિહ્ન પણ જણાતાં નથી. ગુજરાતી સાહિત્યનું એટલું વધુ દુર્ભાગ્ય.

ફૈજપુરનો પરિચય

* * * પચાસ વર્ષ પછી પહેલી જ વાર મહાસભાએ પોતાની બેઠક ફૈજપુર નામના ગામડામાં ભરી. જી. આઇ. પી. રેલવેના બુરહાનપુર અને ભુસાવળ સ્ટેશનો વચ્ચે આવેલા સાવડા સ્ટેશનથી ચાર માઈલ દૂર આવેલા એ ગામડાનો આ ઐતિહાસિક પરિચય રસદાયક થઇ પડશે.

મુંબાઇ ઇલાકાના પૂર્વ ખાનદેશના, યાવલ તાલુકામાં ફૈજપુર આવેલું છે. એની વસતી માંગે જ દસ હજારથી વધારે હશે. વિન્ધ્ય અને સાતપુડાની ગિરિમાળા વચ્ચે ઉચ્ચ સ્થાને તે આવેલું છે. આ પ્રદેશ સપાટ નહિ પણ ટેકરીઓથી વ્યાપ્ત છે. આ ટેકરીઓમાં ઘણી ખીણો છે ને તેમાં સરિતાઓનો પ્રવાહ વહે છે. આ પ્રદેશમાંથી નર્મદા ને તાપીના ગવાહો

જમીની સમુદ્રને ગર્ભે જઈ રહ્યા છે અહીં વાઘ, રીંછ ને એવા જ જંગલી વનચરોના શિકારી પ્રદેશો છે ઈંગ્રપુરની આસપાસ ઠીકઠીક વરસાદ પડે છે ઉનાળા શુષ્ક છે ઉનાળામાં ગરમી ને શિયાળામાં ઠંડી હોય છે, પરંતુ ઉત્તર હિંદ જેટલી ઠંડી અહીં હોતી નથી ખાનદેશનો મુખ્ય પાક કપાસ, બાજરી, કઠોળ અને ગળપણી છે ઈંગ્રપુરમા રંગારા પ્રખ્યાત હતા રાતા ને વાદળી રંગ ખાસ વિખ્યાત ગણાતો આજે તો તે ઉદ્યોગ ત્યાં છે જ નહિ તાપી નદી ઈંગ્રપુરથી થોડા જ માઇલ દૂર વહે છે

પુરાણા કાળમા તાપી નદી પયોષ્ણીના નામે ઓળખાતી હતી એ પ્રદેશ અશોકના સામ્રાજ્યનો એક ભાગ હતો તે પછી તે સાતવાહન રાજાઓની નીચે ગયો ગુપ્ત નૃપાલોના સમયમા આ પ્રદેશ વિષે ચીની પ્રવાસી હ્યુએનસંગને મળે છે સમુદ્રગુપ્ત મહાન લડવૈયો કહેવાતો તેણે પોતાના પિતાના સામ્રાજ્યને ખૂબ વધાર્યું કહેવાય છે કે નર્મદા કિનારે જીત્યા પછી તેણે દક્ષિણ હિંદ તરફ નજર દોડાવી ને પૂર્વ કિનારા પર કેટલાક વરસ સુધી તે પડ્યો રહ્યો યાંથી પાછા ફરીને હસ્તિનના પશ્ચિમ ઘાટોના પ્રદેશ પર વિજય કરતો તે આવ્યો હશે, ત્યારે તાપીને ઓળંગ્યા પછી તેણે રંગો માટે વિખ્યાત એવા નામ પામે પડાવ નાખ્યો હતો એમ કહેવામા આવે છે કે તે ગામ ઈંગ્રપુર હોવા સંભવ છે હકીકતો તો એમ કહે છે કે અજંતા ગુફાઓનો ઉપયોગ થયો છે તે ઈંગ્રપુરથી લઈ જવામા આવ્યા હતા

ઈસવી સનની સાતમી સદીમા ઈંગ્રપુર ચાલુક્યોના, અને ૧૦મી સદીમા યાદવ રાજાઓના હાથમા હતુ પછીથી જલાલુદ્દીન ખીલજીના વખતમા તેના સરદાર અલાઉદ્દીને આ પ્રદેશ પર હુમલો કર્યો તાપીને ઓળંગતા તેના સૈન્યો ઈંગ્રપુર ખાતે પડાવ નાખતા હતાં, કારણ કે તે વેપારનુ કેન્દ્ર હતુ ને જરૂરીયાતની વસ્તુઓ ત્યા મળી રહેતી હતી અરબસ્તાનોનાં ઊંટ નીચે આવ્યા પછી ખાનદેશ મલીક કાફુરના હાથ નીચે ઇ ૧૩ મા સ્વતંત્ર રાજ્ય તેનુ પાટનગર બુરહાનપુર હતુ મલીક નસીરે એ સાલમા જ્યારે ગાવીલગઢ પર હુમલો કર્યો ત્યારે ઈંગ્રપુર તેના વકરી જવાનુ મુખ્ય મથક હતુ ૧૬૦૧મા અકબરે ખાનદેશને મોગલ સામ્રાજ્ય નીચે આણ્યુ ને ઈંગ્રપુર પણ મોગલોના હાથમા ગયુ ઔરંગઝેબ પછી મોગલ સામ્રાજ્ય અસ્ત પામ્યુ ને હિંદમા અરાજક, શીખ, મરાઠા ને અંગ્રેજોના સૈન્ય વચ્ચે જંગ જામ્યા કર્યો એ દરમિયાન પૂર્વ ખાનદેશ પર નીંધિયાનો અમલ હતો, પરંતુ હવે પછી આપેલી નકશાની મુજબ હતો તે સિંધિયા હાથમા છે ઈંગ્રપુરના નદીઓના કિનારાની આ ઝાંખી (ક્રમશ:)

મૂત્રપરીક્ષા

• • • બધા વિદ્વાનો પોતે વૈદકમા પોતે ચીન અને હિંદ જેવા ના વિદ્વાનો પ્રતિભાસંપન્ન હતા છે હુઆંગ, કન્ફ્યુશિયસ, પારાસેલ્સસ અને ગેલનનો જન્મ પણ નહોતો થયો તે પહેલા ધન્વંતરિ, ચરક આદિ ઋષિઓ એ વિષય પરની પોતાની બુદ્ધિ મહિનાઓ ભારતને અર્પતા ગયા છે પાશ્ચાત્યોનો જન્મ નહોતો થયો તે પહેલાં ચીને હડપ્પાયા કૂવાના કરડવા પર એના મગજના જ ચારનો અમ્મીર ઈલાજ શોધી કાઢ્યો હતો હિપ્પોક્રેટિસે પોતાની મૉન્ટીમેડિક સર્જરી ચલાવી તેની તો સદીઓ પહેલા સુશ્રુતે ભારતમા શસ્ત્રક્રિયા ચલાવેલુ આખા યુરોપમા સત્તરમી સદી સુધી તો દાંતનો દુખાવો નમ્બર મારી, લોહી વહેડાવી જ થતો હતો, ત્યારે ભારતમા તો ઈ સ ની સદીઓ પહેલા ચોલિયરાજ જેવાઓએ વૈદકને રોમાંચિત વિજ્ઞાન બનાવી દીધુ હતુ ને એ પુરાણપ્રચલિત વિદ્યાના નિષ્ણાતોએ જે જે અનુભવો આમા નિરૂપણ કર્યું છે, તેમાના ઘણાનુ તો પાશ્ચાત્ય નિષ્ણાતોને સ્વપ્નમા યે આવવુ બાકી છે

મૂત્રપરીક્ષાથી ઘણા રોગોનુ જ્ઞાન મેળવી શકાય છે વાયુના દોષમા મૂત્ર પાણી જેવો ને અધિક પ્રમાણમા ઉતરે છે પિત્તના દોષમા તે લાલપીળો અને ઘોડા જેવો છે જ્યારે કફના દોષમા તે સફેદ, ધાતુ ને ચીકણુ હોય છે બધી ધાતુઓની સમાનતા હોય ત્યારે મૂત્ર દૂધના પાણી જેવુ તદ્દન સાફ હોય છે

ક્ષયરોગમા મૂત્રનો રંગ કપૂરથી કાળો હોય છે, પણ એ સફેદ થાય ત્યારે રોગ અસાધ્ય સમજી લેવામા આવે છે પિત્ત જ્વરમા તેનો રંગ પીળો, કફ જ્વરમા સફેદ ને વાત જ્વરના કાળો હોય છે જળોદરમા તે વીનસ દાણા સમાન હોય છે, જ્યારે લોહીવિકારમા ઉપરથી લીલો ને નીચેથી લાલ હોય છે

તેલથી મૂત્રની પરીક્ષા કરવી હોય તો તડકામા એક સ્વચ્છ પાત્રમા તે રાખી અદર તેલનુ એક ટીપુ નાખવુ જો એ પડતા જ મૂત્રમા પસરી ના ગોઠે તો પિત્તનો પ્રકોપ સમજવો ને તેલનુ ટીપુ સુકુ અને કરચલા જેવુ દેખાય તો વાયુનો વિકાર ને જો મૂત્રમા તે તળાવના જળ સમ ન બની જાય તો કફનો વિકાર સમજવો ટીપુ મૂત્ર પર ફેલાઈ જાય ત્યાં સુધી રાહ જોવી ન પડે ત્યારે અસાધ્ય મૂત્રમા તે નીચે જોવુ જોઈએ તો પણ રાહ અસાધ્ય સમજવો

આ રીતે જ મૂત્રપરીક્ષા ઉપરાંત આયુર્વેદમાં મલપરીક્ષા, સ્પર્શનપરીક્ષા, રસપરીક્ષા, ચક્ષુપરીક્ષા, જીભપરીક્ષા, દૃષ્ટિપરીક્ષા, નેત્રપરીક્ષા વગેરે અનેક પ્રકારો આપ્યા છે જેથી દરેક રોગની પૂરતી તપાસ થઈ જાય છે —એસ. ભોગ શર્મા (પંચમ વૈદ્યસંમેલન-વસઈ-ના સમાપતિતરીકે જે ભાષણ)

ઓલતી ફિલ્મ કેમ ઊતરે છે?

ઓલતી ફિલ્મ ઉતારવા માટે આકાશ્પુર સ્ટુડિયો ની પ્રાથમિક આવશ્યકતા છે 'સ્ટ્રોબોસ્કોપી' નામે પરીક્ષા આ સ્ટુડિયોમા કરવામા આવી છે [illegible] and brass [illegible] અસર થઈ હોવી જોઈએ તેમ છતા કે

અંદરની દીવાલો અને છતપરના વાજ શોષી શકે એવા પદાર્થોનાં બનાવીને ૬૫ સેકન્ડમાં આવી ૫૦ ટકા અસરો ઓછી કરી શકાય છે.

ફિલ્મ ઉતારતાં પહેલાં સ્ટુડીઓના સ્ટેજ ઉપર સાઉન્ડ ડાયરેક્ટર, લાઇટિંગ ડાયરેક્ટર, સીનેરિસ્ટ, કેમેરામેન, ડાયરેક્ટર અને ઍક્ટરો એ બધાની સભા ભરાય છે. કામ કેવી રીતે કરવું એ વિષે બધા વાતચીત કરે છે, બધી ગોઠવણ નક્કી થાય છે અને ઍક્ટરો પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ જાય છે.

પછી તો સ્ટુડીઓમાં જુદે જુદે ઠેકાણેથી પ્રકાશના સંદેશાઓ વડે સૂચવાય છે કે 'અમે તૈયાર છીએ'. કેમેરામેન એની ઓલીમાંથી સ્ટેજ ઉપર પ્રકાશ રેડી જણાવે છે કે ફિલ્મ ગોઠવાઈ ગઇ છે. સાઉન્ડ ડાયરેક્ટર સ્ટેજ નિરીક્ષક ઉપર 'ફોન' કરે છે કે તે પણ તૈયાર છે. છેવટે, ડાયરેક્ટર સૂચના કરે છે એટલે ઍક્ટરો પોતાનો પાઠ શરૂ કરી દે છે. ઇલેક્ટ્રીશિયન 'સ્વિચ' ચાલુ કરે છે, સાઉન્ડ રેકૉર્ડર પોતાનું યંત્ર ચલાવે છે, ફોટોગ્રાફર કેમેરાનું 'શટર' ખોલી દે છે અને ફિલ્મ 'ઊતરવાની' શરૂઆત થાય છે.

બોલતી ફિલ્મ બે રીતે ઉતારી શકાય છે: એક રીતને 'સાઉન્ડ-ઑન-ડિસ્ક' કહે છે; બીજીને 'સાઉન્ડ-ઑન-ફિલ્મ' કહે છે. સ્ટેજની ચારે બાજુ ઘણાં માઇક્રોફોન લટકાવેલા હોય છે. તે એવી રીતે ગોઠવેલા હોય છે કે જ્યારે જ્યારે ઍક્ટર ફરે છે ત્યારે ત્યારે તેનું મુખ માઇક્રોફોન સામે જ હોય છે અને તેથી 'માઇક્રોફોન' તેનો અવાજ ઝીલી શકે છે. માઇક્રોફોનનો ધર્મ ધ્વનિના આંદોલનોને વિદ્યુત્‌ના આંદોલનોમા ફેરવવાનો છે. આ આંદોલનોને પછી મોટા કરવામા આવે છે અને રેકૉર્ડિંગ મશીનમાં દોરવામા આવે છે એટલે 'રેકૉર્ડ' (disc) ઉપર જુદાં જુદા આંદોલનો આલેખાય છે. 'સાઉન્ડ-ઑન-ફિલ્મ' પદ્ધતિમાં માઇક્રોફોનમાંથી ધ્વનિ-આંદોલનો વિદ્યુત્ આંદોલનોમા રૂપાન્તર થઇ પ્રકાશ-આંદોલનોમાં પરિણમે છે. ફિલ્મ ઉપર આ પ્રકાશ આંદોલનોનો દાતાઓના આકાર જેવો ફોટોગ્રાફ પડે છે. (આ આંદોલનો ફિલ્મની બાજુમાં જ પડે છે.)

આ તો રેકૉર્ડિંગ થયું હવે આપણે થીએટરમાં ચિત્રોને બોલતાં કેવી રીતે સાભળી શકાએ છીએ—અથવા આ 'રેકૉર્ડ'નું રેકૉર્ડિંગ કેવી રીતે થાય છે—તે જોઇએ.

આને માટે આર.સી.એ ફોટોફોન, જેની અંદર ઉપરની બંને પદ્ધતિઓનો સમાવેશ કરેલો હોય છે તે, અથવા તો 'સાઉન્ડ-ઑન-ડિસ્ક' પદ્ધતિ વાપરતું વીટાફોન મશીન વપરાય છે. જે વખતે પડદા ઉપર ચિત્ર પડે છે તે જ વખતે પેલી 'રેકૉર્ડ' ચાલતી કરવામાં આવે છે (આ બધું વીજળીની મોટરથી જ થાય છે) અને તેની ઉપરની 'પિન'ના ઘુલરાને લીધે વિદ્યુત્‌નો પ્રવાહ ઉત્પન્ન થાય છે. એ પ્રવાહને 'ઍમ્પ્લી ફાયર (amplifier)'ની મદદથી વિસ્તૃત કરી લાઉડસ્પીકરમાં લઇ જવામાં આવે છે, અને ચિત્ર 'બોલે છે'!! 'સાઉન્ડ-ઑન-ફિલ્મ' રીતે જે ચિત્ર બનાવું હોય છે તો ફિલ્મને કોઇ પ્રકારના કેન્દ્ર આગળથી દોડાવવામાં આવે છે. આ બનાવે પ્રકારનાં આંદોલનો વિદ્યુત્‌નાં આંદોલનોમાં અને તે ધ્વનિના આંદોલનોમાં રૂપાન્તર પામે છે. (ઉપર બતાવ્યું તે પ્રમાણે).

અલબત્ત ફિલ્મને બહાર પાડતાં પહેલાં અનેકવાર તેની પરીક્ષા લેવામા આવે છે અને સુધારાવધારા કરેલી છેવટની ફિલ્મ જ પ્રસિદ્ધિમાં મૂકાય છે. —પદ્મકાન્ત ર. શાહ

ચતુરંગી ક્રિકેટ

મુંબાઇ ખાતે રમાએલી આ સાલની ચતુરંગી ક્રિકેટ ટૂર્નામેંટમાં હિંદુઓ છઠ્ઠીવાર-સૌથી વધારે વાર-વિજેતા થયા છે. ૧૯૧૬માં પ્રથમવાર વિજેતા થયા પછી તેમણે ૧૯૨૩, ૨૫, ૨૬ અને ૨૯માં તે માન મેળવ્યું હતું. આ કેમી મૅચોની શરૂઆત ૧૯૯૨માં થઇ હતી. મુંબાઇના ગવર્નર લૉર્ડ વૅલીંગ્ડને આની શરૂઆત કરી હતી. ૧૯૦૬ સુધી આ મૅચ ફક્ત યુરોપિયનો અને પારસીઓ વચ્ચે રમાતી. ત્યાર પછી તે ત્રિરંગીમાંથી ચતુરંગી બની અને હિંદુઓને તેમાં સ્થાન મળ્યું. ૧૯૧૨માં તે ચતુરંગી બની. ત્યાર પછીનાં પચીસ વર્ષમા તે એકવીસ વાર રમાઇ છે. દેશભરના રાજકીય આંદોલનો જ્યારે સર્વને રપાર્શી ચૂક્યા હતા ત્યારે આ મૅચ પણ ૧૯૩૦, ૩૧, ૩૨ અને ૩૩ એમ ચાર વર્ષ સુધી બોરંબે પડી હતી. આ ચતુરંગીએ સારામા સારા ખેલાડીઓ જન્માવ્યા છે, જેમાંના આજે હિંદભરમાં અને પરદેશોમાં સુવિખ્યાત છે.

સર ઇબ્રાહીમ રહીમતુલ્લાના પ્રયાસથી ૧૯૧૨માં મુસ્લીમો દાખલ થયા અને આ રમત ચતુરંગી બની ત્યારથી તે આજ સુધીના વિજેતાઓની વર્ગણી આ નીચે આપી છે:

વર્ષ	વિજેતા	વર્ષ	વિજેતા
૧૯૧૨	પારસીઓ	૧૯૨૩	હિંદુઓ
૧૯૧૩	ડ્રૉ	૧૯૨૪	મુસ્લીમો
૧૯૧૪	વરસાદથી અટકેલ	૧૯૨૫	હિંદુઓ
૧૯૧૫	યુરોપિયનો	૧૯૨૬	,,
૧૯૧૬	ડ્રૉ	૧૯૨૭	યુરોપિયનો
૧૯૧૭	,,	૧૯૨૮	પારસીઓ
૧૯૧૮	યુરોપિયનો	૧૯૨૯	હિંદુઓ
૧૯૧૯	હિંદુઓ	૧૯૩૦ થી ૧૯૩૩	બંધ રહેલી
૧૯૨૦	ડ્રૉ	૧૯૩૪	મુસ્લીમો
૧૯૨૧	યુરોપિયનો	૧૯૩૫	,,
૧૯૨૨	પારસીઓ	૧૯૩૬	હિંદુઓ

કુલ: હિંદુઓ ૬; યુરોપિયનો ૪; પારસીઓ ૩; મુસ્લીમો ૩ અને પરિણામ વગર ૫. (પ્રજાબંધુ)

પાંદડાંનું તનુસ્વરૂપ

* * * મુખ્યત્વે પીંપળાના, અથવા એવા જ બીજા મોટાં પાદડાંઓનો વચ્ચેનો લીલો રસ ઉડાવી દઈ તેના હાડ પંજર જેવા તનુ સ્વરૂપ ઉપર વિવિધ ચિત્રો કરીને અલંકરણ વસ્તુ તરીકે વેચાતા આપણે અવારનવાર જોઇએ છીએ નાના બાળકોને એવા પાદડા બહુ ગમે છે આ નીચે એવા પાદડા તૈયાર કરવાનો નુસખો આપ્યો છે પછી તે પર સફેદાના ઘાટા પડતી ભોય જમાવી તેના ઉપર રંગાલેખન કરી શકાય છે

પાદડાનો રસ જલદી ઉડાડી દઈ માત્ર તનુ સ્વરૂપ રંગ સંધરવા નીચેનો પ્રયોગ કરવા જેવો છે

કલીચૂનો	૧૨॥	તોલા	અથવા ૫ ઔંસ
વૉશિંગસોડા	૧૫	”	૬ ”
પાણી	૫	”	૨ ”

ગરમ પાણીમા સોડા ઉકાળી, ઝીણા કપડાથી ગળી કાઢવુ અને તેમા કલીચૂનો નાખવો તે ઉકળતુ હોય તે જ વેળા પાદડુ અંદર નાખવુ અને માત્ર વચ્ચેની નસ આ બીજી નસોનુ પડ ચોડખુ દેખાય ત્યા સુધી રાખવુ પછી તુરત પાણી-ધોઇને બ્લૉટીંગ પેપર વચ્ચે જરા દબાણમા તે મૂકી રાખવુ બસ, આથી વધુ ક્રિયાની જરૂર રહેશે નહિ બહુ જુના પાદડા હોય તેને જરાવધુ કુમળી બ્લૉટીંગમા મૂકી દેવી થી તેમા રહેલો લીલો રસ વખત જતા ઠંડી જશે

'ટૅનીન' તત્વ ધરાવતા પાદડા પર આ પ્રયોગ સફળ નીવડતો નથી એમ કહેવામા આવ્યુ છે

(સાયન્ટિફિક ઇન્ડિયા)

પોષાક પર આરોગ્યનો આધાર

કાળા રંગના કપડા પ્રકાશના કિરણો શોષી લે છે એટલે તો જલદી તપી જાય છે એથી ઉલટું સફેદ અગર ફિક્કા રંગના કપડા એ કિરણો પરાવર્તિત કરે છે એટલે એમને તપી જવાનો ભય બીલકુલ રહેતો નથી. આ દ્રષ્ટિએ જોતા ઉનાળામા સફેદ કપડા પહેરવા જ ઈષ્ટ ગણાય

કાળા રંગના કપડાનો બીજો દોષ એ છે કે તે કપડુ ભેજનુ પ્રમાણ મા રૂપાંતર કરે છે અને એ માટે તે શરીરની ગરમીનો ઉપયોગ કરે છે એને લઇને પણ ઉનાળા માટે તે નિકૃષ્ટ ગણ વા જોઇએ

આ માટે તો એ વિજ્ઞાનીઓ અખતરા પણ કરી જોયા છે તેમણે જે કૂંડામા બી વાવી, એક પર સફેદ ને બીજા પર કાળુ કપડુ ઢાકી દીધુ તેને માલમ પડયુ કે મળા કપડાવાળા કૂંડામા ઊગેલા છોડના પાદડા તદ્દન બેરંગી હતા ઉમદા પ્રકારના માટે સફેદ કપડાંની આવશ્યકતા જો પરથી પણ સમજાશે

(પ્રભા)

કાગડો બસો વર્ષ જીવી શકે છે કે નહિ તેની ખાત્રી કરવા એક માણસે માથે પાઘડો છે'

નવી કેડીઓ

ઉગતી યુવાનવર્ગને (તેમજ બીજાઓને) અવનવા કામનો નિર્દેશ થાય એ ઉદ્દેશથી આ નાનો વિભાગ આ વર્ષથી શરૂ કરીએ છીએ દરેક અંકમા આ જ રથળે તે આવ્યા કરશે કામ કરવા ઇચ્છનારાઓ માટે ચોમેર અનેક તકો પાથરી પડી છે ઘણાખરા જીવનમા પોતાની આસપાસ એવા ઘણા અણખેડયા પ્રદેશ જણાઈ આવે છે જેનો પોતે ઉપયોગ કરી શકે તેમ હોય પણ જે બીજાને ઉપકારક થઇ પડે પોતાને સૂઝતા એવા મુદ્દા અમને લખી મોકલવા સૌ વાચકોને વિનતિ છે, કેમકે આ પ્રકાર જ એવો છે કે જે જનસમરતના સહકારથી વધુ વિસ્તૃતી અને ફલદાયી થાય તમારા જ્ઞાનીપથી બીજા ૩ દીવેટ પેટાવો

કાઠિયાવાડમા ચોરનો વિનાશ થઇ ગયો છે પણ તેમાથી પોટાશ મેળવી શકાય તેમ છે (જુઓ 'અર્થશિષકનો વધારો') આવતુ ચોમાસુ બેસતા સુધી કુદરતે સૂકવેલા એ ચોર આ કામમા લેવા ખૂબ આતુર છે

ગીરનાર ઉપર યાત્રાની મોસમમા ફોટોગ્રાફીનુ સારુ ગજુ ચાલી શકે તેમ છે

થાનથી કાચી માટી દેશાવરોમા ચડી શકે તેમ છે અને જુદીજુદી જગ્યાના કુમારો ધારે તો એ માટી મગાવી પોતાનો માલ સારી રીતે સુધારી શકે તેમ છે

અત્યારે જ્યાંત્યા પોપડા વધાય છે યા વચ્ચેની જમીન નકામી જતી હોય છે પણ આજકાલ કેમ રોરડી પદ્ધતિ ઓરડી જેવી રાકે છે, તેમ પોપડા વચ્ચે કુદરતી વાવણીથી જમીનનો પૂરો લાભ લઈ શકાય એમ ધારવુ છે બેકટરીઓ અજમાવી જુઓ

આજની કાલના પત્રકારત્વમાં ઝપલાવવા ઇચ્છતા યુવાનો માટે 'ગુજરાતી લઘુવિધિ' બહુ ઉપયોગી સિદ્ધિ થઇ શકે તેમ છે હજુ તો એ આખુ નવીન ક્ષેત્ર ખેડાવુ બાકી રહ્યુ છે યુવાનો લાભ લઇ શકે

બાકી આજુ કુદરતી નજરોનો વગર પેટ્રોલે સહેલ કરતા આવવામા ખૂબ મજા આવે છે ઉપર જતી વખતે સાઇકલને ખટારામા નાખવી પડે આ જીવની સાઇકલ સર્વિસ ખૂબ ઉપરોગી નીવડશે

ખેરાવળથી આડેક ગાઉ ગાયકવાડી હદમા જમીન ખોદતા પોતાની મેળે બહાર આવે છે (ભૂસ્તરશોધને એ સ્થળ વિશે વધુ માહિતી આપવા વિનતિ છે) ત્યા બુદ્ધિપૂર્વક નવી શોધના નવ ને અવકાશ છે

રશિયાનો તારણહાર મહાન પીટર અત્યંત ક્રોધી હતો. એકવાર આકરા ગુસ્સામાંથી તેની રાણી તથા મિત્રે તેને મહામુસીબતે શાંત પાડ્યા પછી તે એકાંતમાં ખૂબ રડતો જણાયો. કારણ પૂછતાં તે બોલ્યો:'અફસોસ છે કે હું મારી પ્રજાને સુધારી શકું છું, પણ મારી જાતને નથી સુધારી શકતો.'

ગણિત ગમ્મત

૧૧નું વર્ગમૂળ ૧૨૧

૧૧૧નું ,, ૧૨૩૨૧

૧૧૧૧નું ,, ૧૨૩૪૩૨૧

૧૧૧૧૧નું ,, ૧૨૩૪૫૪૩૨૧

૧૧૧૧૧૧નું ,, ૧૨૩૪૫૬૫૪૩૨૧

આ આંકડાઓની ખૂબી તરફ ધ્યાન આપો. ૧૧નો સરવાળો ૨ એટલે વર્ગમૂળનો વચ્ચેનો આંકડો ૨. ૧૧૧નો સરવાળો ૩ એટલે વચ્ચેનો આંકડો ૩. ૨૩ આંકડા સુધીનો ક્રમ ચડતો ને પછીનો ઊતરતો આવે. એ રીતે ૧૧૧૧૧૧૧નું વર્ગમૂળ કાઢવું હોય તો એના સરવાળાનો છનો આંકડો વચ્ચે મૂકતા ૧૨૩૪૫૬૫૪૩૨૧ જવાબ આવે.

કહેવતોના અર્થ: 'મોં જોઈને ટીલું કરવું'. સામેના માણસની પાત્રતા પહેલેથી પરખી લઈ એ મુજબનું જ એની સાથે વર્તન રાખવાની શીખ દેતી આ કહેવતને મળતી આ બીજી કહેવતો પણ છે: 'હનુમાનને આકડોને રાકસને ભિક્ષા'; 'જેવા દેવ તેવી સેવા'; 'ઝાઝા દેવને કમારી-આની આંબો'; 'ઘટના:મોને ઝાંખરાંઈ'.

કાનમાં તેલ નાખતા રહેવાથી નાકનાં દર્દો નથી થતાં, આંખોનું તેજ વધે છે ને ઊંઘ પણ સારી આવે છે

અનેકાર્થી શબ્દ:કાર=કાગકાજ, ધંધો; અસર; આણ, વકર; નિશ્ચય; યત્ન; ક્રિયા, કાર્ય; ગજું; સંબંધ; ફેરફાર; બોજ; કર્તૃત્વ બતાવતો શબ્દ, જેમકે ચિત્રકાર; 'પણું' અર્થ બતાવતો શબ્દ, જેમકે અહંકાર.

યુરોપ અને અમેરિકા વચ્ચેના અંતરમાં દર વર્ષે ૬૩ ફૂટનો ફરક પડતો જાય છે.

શીશી કે બરણીઓપર લેબલ ચોંટી રહેતાં ન હોય તો ઍડહેસિવ પ્લાસ્ટરની પટ્ટીની પાછળની બાજુપર નામ લખીને તેને જ લેબલ તરીકે વાપરજો. સફેદ ચોંટી રહેશે; અને ઉખેડતાં હશે ત્યારે આખી ઉખડી આવશે.


ફ્રેંચ નાગના ઝેરી સત્ત્વનું નામ કોબ્રી ઉપરથી પડ્યું છે, છતાં કોબ્રી કરતાંયે તેનું પ્રમાણ પચાસ ટકા વધારે હોય છે!

ઓ: ઘણાક કુતરા પોતાના માલિક કરતાંયે વધારે સમજણા હોય છે.

બીજો: ખરી વાત; તમારા કુતરાને જોયા પછી મારો પણ એ જ અભિપ્રાય થયો છે

ચાદીનાં ઘરેણાં કે વસ્તુઓ સાફ કરતાં પાણીમાં થોડો ટકણખાર મેળવી જોજો

દુનિયામાં સૌથી ઝડપે ઊગતું ઝાડ યુકેલિપ્ટસનું છે. એ રોજ ૭ ફીટ વધે છે.



વાદ્ય વાદ્યોની શોધનો ક્રમ કયા આંકમાં આપ્યો હતો, આ બીજાને ક્રમ છે; જેમાં હાડકામાં કાણું પાડીને કરેલી પહેલી શોધથી આજ સુધી માનવ કેમ પહોંચ્યો તે દર્શાવ્યું છે

તાજું રંગકામ થએલા ઓરડામાંની ઉગ્ર વાસ જલદી મટાડવી હોય તો થોડી ડુંગળી કાપીને એ ઓરડામાં મૂકજો. પણ પછી એ ડુંગળીનો નાશ કરવો ન ભૂલતા.

બૂટનું ચામડું થઈ ગએલું બૂચ બાંધેક મિનિટ તેલમાં પલાળી રાખવાથી કૂણું ને ટાઇટ તથા દેખાવમાં સુંદર બની જશે.

વા (Rheumatism)ના દર્દી પર ગધમાખીના ડંખ ફાયદો કરે છે.

આર્ણીશીનિયાની ભાષા લખતા દરેક શબ્દ પાછળ અર્ધવિરામ લખવો પડે છે.


ડુંગળીનો રસ માથા પર ઘસતા રહેવાથી માંદગીને લીધે ખરી ગએલા વાળ નવેસરથી આવે છે.

પળાતાં જનાવરોમાં સૌથી વધુ જીવનાર માણી ગણેલું છે.

ઝેરજીવોના ડીલા પડી ગએલા નેતરને પહેલાં ઉપરથી અને પછી તળેથી સાબુવાળા ગરમ પાણી વડે ખૂબ ઘસીને મૂકો અને પછી ખુલ્લામાં સુકાવા દો. નેતર કડક થઈ રહેશે


રંગ સુકાતો અટકાવવાને બ્રશ થઈ રહ્યા પછી ઉપર થોડું પેરેફીન રેડી રાખજો.

આયોડાઇનના ડાઘ કાઢવા માટે થાઇના ભૂકાની પાણીમાં લુગદી બનાવી જરૂરના કપડા પર લગાડવું થોડીક કલાક સુકાવા દઇને ખંખેરી નાખજો.



અજબ કુદરત

માનશો? કાદવનાં આબોચિયાંમાં રહેતી આ માછલી ચારથી છ કલાક પાણી બહાર રહી શકે છે, અને ઝાડ પર ચડી શકે છે!



ઝાકળનાં બિન્દુ



ચાસેદા યુનિવર્સિટી

● અમને ખબર હતી કે જપાનમાં સાત યુનિવર્સિટીઓ સરકારી અને બીજી ચાલીસ ખાનગી છે; અને ખાનગી યુનિવર્સિટીઓની કાર્યવાહી તથા બીજા સરકારી યુનિવર્સિટીઓ કરતાં જરાયે ઊતરે નહિ. સરકારની મદદથી ચાલતી સંસ્થાઓને બહુ પરાક્રમ કરવું પડતું નથી એનો અમારો સહજ ખ્યાલ હતો એટલે ટોકિયો ઈમ્પીરિયલ યુનિવર્સિટી જોવાનો લાભ જતો કરીને પણ અમે ત્યાની સુપ્રસિદ્ધ વાસેદા યુનિવર્સિટી જોવાને ત્યાના એક પ્રોફેસર ના ઓળખ ઉપર ચિઠ્ઠી મેળવી હતી પહેલી જ તકે અગાઉ દર્શક મો અપાનોન લઇ અમે વાસેદા યુનિવર્સિટી તરફ ઊપડ્યા. બાબુ તારે ત્યા પહોંચ્યા ત્યારે યુનિવર્સિટીનો સાજનો વખત પૂરો થયો હતો અને વિદ્યાર્થીઓ ચેરાતા દેખતા હતા એટલે અમે તો માન્યું કે આજ ધરમધક્કો થયો અને બીજીવાર આવવું પડશે પણ પ્રો.નોગોઈના હાથમા અમારાં કાર્ડ ગયા કે તે ચેર જતા જતા અટકયા અને કહ્યું કે અમે એક વાર આખી સંસ્થામા ફરી લ્યો જેથી વિસ્તારનો ખ્યાલ આવશે.

વાસેદાનો ઐતિહાસિક પરિચય

● વાસેદા યુનિવર્સિટી ૧૮૮૨ની સાલમા માર્કવિસ ઓકુમાએ 'ટોકિયો સેંમાન ગાકકો' અટલે ટોકિયોનું વિશિષ્ટ વિદ્યાલય એ નામથી સ્થાપી હતી અને ડૉ. તાકાતા તેના અગ્રગણ્ય સંચાલક બન્યા હતા બીજા ૭ પ્રોફેસરો અને માત્ર સાઠ વિદ્યાર્થીઓ પર શરૂ થએલી એ સંસ્થામા આજે તો યુનિવર્સિટીમા જ ૪૦૦ પ્રોફેસરો અને વ્યાખ્યાતાઓ છે જે ૧૬,૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને વિદ્યાપ્રદાન કરી રહ્યા છે.

મૂળ સ્થાપકનો આશય એવો હતો કે સામાન્ય સ્થિતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ જ્ઞાન સુલભ બને અને તેઓનો સંશોધનકાર્ય મા વિકાસ થાય એ કાળે જપાનમા પ્રત્યેક ઉચ્ચ વિદ્યાસ્થાનમા વિદેશી ભાષામા જ શિક્ષણ અપાતુ હતુ અને અધ્યાપકોના મોટો ભાગ પરદેશીઓનો જ હતો. ખુદ જપાનીઓ પણ પરદેશી ભાષામા વ્યાખ્યાન આપતા આ પદ્ધતિથી, જે નામમા વ્યાખ્યાન થતા તે ભાષા શીખવામા જ વિદ્યાર્થીનો કેટલોક વર્ષ પીની ગયા પછી જ તે પોતાનો ખાસ વિષય શીખવાનુ શરૂ કરી શકતો. આનો અર્થ એ જ કે જિજ્ઞાસામાં ફાગ આપવાના વર્ષો કમી થાય અને મહત્ત્વાકાંક્ષામાં મોટી આડ ઊભી જ રહે. માર્કવિસ ઓકુમાની દૃઢ પ્રતીતિ હતી કે કોઇ પણ પ્રજાની સાચી સ્વતંત્રતાનો પાયો તેની સ્વભાષાના સફળ પ્રયોગ ઉપર જ છે એટલું જ નહિ પણ કોઇપણ ઉચ્ચકક્ષાનો અભ્યાસ માતૃભાષામા જ થઇ શકે ડૉ. તાકાતા અને ડૉ. ત્સુબોચી વગેરે સહયોગીઓ પણ તેમાં સંમત હતા, એટલે આ નવી સંસ્થાની મુખ્ય વિશિષ્ટતા એ હતી કે શિક્ષણ માટે જપાની ભાષાનો જ ઉપયોગ એમાં કરવામાં આવ્યો.

એ સંસ્થાની બીજી નવીનતા એ હતી કે કેળવણીના પ્રયોગોમાં તેણે સંશોધનકાર્ય દાખલ કર્યું. કેળવણી માત્ર રાજ્યતંત્રનું શાસન દૃઢ કરવાનું સાધન ન હોવું જોઇએ, અથવા તેની જ પૂજાપ્રચારનું વાહન બે ન થાય એટલો સદાગ્રહ ટોકિયોની આ સંસ્થાના નેતાઓમાં હતો જ. જપાનને નવું રાજબંધારણ અને હક્કો મળ્યા તે વખતે આવો સ્વસ્થ માનસિક વિહાર જરૂરનો હતો.

ઈ ૧૮૮૨માં માર્કવિસ ઓકુમાએ પ્રધાનમંડળ છોડયું તેની સાથે પ્રો. ઓનો પણ છૂટા થયા અને ત્રણે જણે મળી એ સંસ્થામાં શિક્ષકનું કામ આરંભ્યું. પ્રથમ રાજકારણ, અર્થશાસ્ત્ર અને કાયદો એ ત્રણ વિભાગના અભ્યાસક્રમ ઉઘાડવા શરૂઆતમાં તો સોકોઓ તેમના તરફ બહુ શંકાથી કરી, કારણ કે તેઓ રાજ્યસત્તાના પદેથી ફારેગ થયા હતા અને કદાચ કોઇ કારણસર નવો પક્ષ રચવાના હોય તો!

સરકારે પણ સોકો તેમનાં છોકરાંઓને ત્યાં ન મોકલે એવી તજવીજ કરેલી ખરી. ઈ ૧૮૮૬માં ડૉ.તાકાતા વગેરે અન્ય પક્ષોને જાણ્યું કે વારંવાર સરદાર ઓકુમા પાસેથી ધન માગવાનો તેમની બુદ્ધિ ઝાંખી બનતી જશે, એમાંથી એટલે સંસ્થા પગભર થાય એવા સ્વરૂપમા લાવવાની યોજના થઇ, સુધારા કર્યા અને તેમાં તે દરેકે અદ્‌ભુત સ્વાર્પણ બતાવ્યું માર્કવિસે પણ પોતાનો ફાળો બીજી રીતે આપ્યો. યુનિવર્સિટીના કેટલાક મકાનો પોતાની મૂડીથી બંધાવી આપ્યાં અને પોતે ૧૯૨૨ માં પોતાના મૃત્યુ સુધી પ્રમુખ રહ્યા.

૧૮૮૬માં જ આ યુનિવર્સિટીએ પત્રવ્યવહારથી શિક્ષણ આપવાના ક્રમ યોજ્યા અને તેની કામગરી માટે યુનિવર્સિટીનું પ્રેસ સ્થાપ્યું યુનિવર્સિટીનો કાર્યક્રમ આમ વિસ્તારવામાં આ સંસ્થાની પહેલ હતી. ઈ ૧૮૮૯માં પ્રો ત્સુબોચીએ સાહિત્ય વિભાગ ખોલાવ્યો ત્રીસ વર્ષથી રાજકીય ધમાલમાં પડી ગએલી પ્રજાનું સ્વકીય સાહિત્ય ધૂળ ખાતું પડયુ હતું તેનો સમુદ્ધાર કરવાની તેની મહત્ત્વાકાંક્ષા હતી.

ઈ ૧૮૯૦માં જપાન સરકારે પોતાનું કાયદાપ્રકરણ સરકાર્યું સુધાર્યું તેને અંગે અભ્યાસક્રમમાં આ યુનિવર્સિટીને પણ મોટા ફેરફારો કરવા પડયા હતા; પણ ન્યાયખાતાએ નવી ભરતી માટે જે પરીક્ષાઓ લીધી તેમાં એ સંસ્થાના વિદ્યાર્થીઓ પ્રથમ કક્ષામાં આવ્યા અને ન્યાયપદે નીમાયા, આ ઉપરથી એ સંસ્થાની પ્રતિષ્ઠા વધી અને તેના ગ્રેજ્યુએટોને મધ્યમ કે નીચી નિશાળોમાં શિક્ષક થવાના લાયસન્સ(પરવાના)મળ્યા.

૧૯૦૬માં ત્રેવીસ વિભાગનો વધારો થયો. તેની એક પ્રાથમિક શાળા પણ થઇ. ધંધા માટે જે પાકું જ્ઞાન અને શિક્ષણ આજના વધતા વહીવટોમાં જરૂરનું છે તેનું સંગીન શિક્ષણ આપવાની ગોઠવણ થઇ, તે વિભાગ ખોલ્યો તો ક્ષોભપ્રિય થયો કે તેમા પ્રથમ વર્ષે ૧૦૦૦ વિદ્યાર્થીઓ આવ્યા તે જ વર્ષે

હાયર નૉર્મલ સ્કૂલ થઈ તેમાં ઇતિહાસ, ભૂગોળ, અને નીતિ શિક્ષણ, જપાની-ચીનીનાં કલાસિકસ અને ૪ યુરોપિયન ભાષા, એમ ત્રણ વિભાગ ખુલ્યા વિજ્ઞાન અને ગણિત પાઠળથી ઉમેરાયા. ૧૯૦૯માં તો મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ એન્જિનીઅરિંગ આવ્યા અને ૧૯૧૦માં માઇનિંગ તથા આર્કિટેક્ચર તેમજ ઍપ્લાઇડ કેમિસ્ટ્રી (પ્રાયોગિક રસાયણ) દાખલ થયાં.

પણ લેબૉરેટરી અને વર્કશૉપની ભારતને નાણાંની ખેંચ હતી એ વાત નહેરુશાહને કાને પહોંચી, એટલે તેમણે ખાનગી ખજનામાંથી મોટી રકમ ભેગી કરી અને આ સંસ્થાની પ્રતિષ્ઠામાં વધારો કરી દીધો પછી તો રાજકુટુંબના નબીરાઓ, સરદારો, ઠાકોરો અને અનેક સંસ્થાનોએ મદદો વરસાવી ચીનના નામાંકિત પુરુષોએ પણ અહીં મદદો મોકલી હતી અને વાસેદા યુનિવર્સિટીમાં ભણેલા કેટલાક ચીની ગ્રૅજ્યુએટો તો પોતાના વતનમાં મહત્ત્વના પદે પહોંચ્યા છે ચીની વિદ્યાર્થીઓ માટે એક નૉર્મલ શાળા પણ વાસેદાએ ખોલી હતી તેમાં ભૌતિકશાસ્ત્ર અને રસાયણ, વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્ર, તથા ઇતિહાસ અને ભૂગોળ એમ વધુ ખાતાં રાખ્યાં હતાં આ શાળામાં ૨૫૦૦ વિદ્યાર્થીઓ હતા

ઈ ૧૯૨૦માં સરકારે યુનિવર્સિટીઓ વિષે ખાસ હુકમ બહાર પાડ્યો તેમાં વાસેદાને ઈમ્પીરીઅલ યુનિવર્સિટી જેટલું જ પદ મળ્યું ૧૯૨૦ના જાન્યુઆરીની ૧૦મીએ સંસ્થા પિતા માર્કવિસ ગોકુમા ગજરી જતા તેમના વારસે તેમ વીલ મુજબ તેમનું નિવાસગૃહ વાસેદાને સમર્પણ કરી દીધું તેથી વિશાળ કુપર ત્યાંનો એક મોટો વિદ્યાપ્રદેશ સંસ્થાન બની ગયો

૧૯૨૯માં વાસેદાએ રાત્રીશાળાઓ શરૂ કરી અને જેમને ખાસ વર્ગોનો અભ્યાસ થોડા વખતમાં કરવો હોય તેમના માટે સગવડ કરી આજે વાસેદા આવી રાતની શાળાઓમાં લગભગ ૧૨,૦૦૦ વિદ્યાર્થીઓને ભણાવી રહી છે

૧૯૩૧ સુધી આવી વિરાટ સંસ્થાના અગ્રણી રહેલા તાનાકા એમ ભાષણમાં કહેતા હતા કે યુનિવર્સિટીથી માંડી તખ્તામ પ્રાથમિક શાળાઓ સુધી વિદ્યાર્થીમાત્રને જ્ઞાન ભરવામાં અને ગોખણમાં જ શક્તિનો વ્યય કરવો પડે છે અને સ્વવિચાર કરવાની તેમજ પોતાના પ્રયત્નને પરિણામ લગાડવાની શક્તિ જરાયે કરવી પડે છે એ જાતની અવગણના બહુ જ સંતાપ જનક છે અને શિક્ષણ જગતમાં પણ એના એ દોષો સામાન્યપણે પ્રવર્તે છે જેવા પ્રો તાનાકા પ્રમુખ થયા કે તુરત તેમણે નવા ધોરણે કેળવણી નિર્માણ કરી અને આજે તે 'સ્વશોધન' (self investigation)ના પ્રકાર ગણીતી છે જાપાનમાં એ પદ્ધતિ અત્યાર સુધી સાવ અજાણી રહેલી તેથી તેનું મહત્ત્વ ત્યાં ઘણું છે

વાસેદાનું નાટ્યાલય

● વાસેદા યુનિવર્સિટીના વર્ગો અને ઓરડા જોતા અમે થાકતા હતા અને ક્યાંક અટકીએ તો સારું એવો વિચાર કરી રહ્યા હતા એવામાં અમારી સાથેના પ્રોફેસરે નાટ્યાલય (એનું નામ તો Theatre Museum)નું નામ લીધું નાનાભાઈ લગભગ ના પાડવા જતા હતા, પણ મેં જરા નજર કરી લેવાની ફરજ પાડી અને તે પણ એ મકાન તરફ ખેંચાયો અને પછી તો અમે જે જોયું તેથી વાસેદા યુનિવર્સિટી કાર્ય પ્રદેશની એક અવનવી જ સીમા જોઈ એમ લાગ્યું

આજળ નામ આવી ગયું છે તે ડૉ. ત્સુબોચી જાપાનની તળપદી સરકારિતા અને ભાષાના સમુદ્ધારના જેવા પ્રખર ઉપાસક છે તેવા જ નાટ્યગુરુ શેકસપીઅરના એક અનન્ય ભક્ત છે તેમના જીવનકાર્યની કદર અને આદર કરવા આ નાટ્યાલય તેમના વિદ્યાર્થીઓ અને પ્રશંસકોએ ફાળો કરીને બાંધ્યું છે


ડૉ. ત્સુબોચી પણ પોતાના સ્મારકના માત્ર અર્ધ્ય ગ્રહણ કરનારા રહ્યા નથી તેમની સાહિત્યભક્તિ અને સ્વદેશપ્રેમથી પ્રેરિત થયેલા એ મહાનુભાવે પોતાના સર્વ પુસ્તકોની રૉયલ્ટીની આવક અને પોતાના નામની નાનીશની આવક આ સંસ્થાને સમર્પણ કરી દીધી છે એમણે પોતાના જીવનના છેલ્લા ચાલીસ વર્ષોથી પણ અધિક સમય માં પોતાના દેશને સાહિત્યસરોવરોથી તથા શેકસપીઅરના અમર નાટકોને જાપાની રૂપમાં અવતારીને દેશના ઋણ પરત્વે પણ પ્રાપ્ત કર્યું છે

જાપાનમાં પણ વર્ષ પહેલાં શેકસપીઅરનું કોઈ નામે જાણતું નહિ. ૨૫ વર્ષની ઉમરે ઈ ૧૮૩૯માં તેમણે અભ્યાસ કરતા કરતા જુલિયસ સીઝરનું ભાષાંતર કરવું પછી ઈ ૧૮૪૪માં મૅકબેથ, ૧૮૭૯માં હૅમલેટ અને ૧૮૮૬ સુધી બીજાં ૧૬ વૉલ્યુમ કર્યાં પણ પછી માત્ર અનુવાદોથી સંતોષ ન થવાથી બધા નાટકોને જાતની સ્વાધીન આપ્યો, પણ તે અવી સચોટતાથી અને સાદાઈથી કે આજે જાપાનના મોટા જનસમુદાયને શેકસપીઅરનું નામ મુદ્દલે અજાણ્યું રહ્યું નથી

પરદેશી ફિલોલૉજીસ્ટોએ તેણે વતનમાં કરાડી કેરી જે મહત્ત્વનું કાર્ય સાધ્યું છે તેથી તે શેકસપીઅરના અનુવાદકોમાં બહુ અગ્રપદ પામ્યા છે એમના અનુવાદો અતિ ઉચ્ચ કક્ષાના ગણાય છે અંગ્રેજી ભાષાનું સાબૂત જ્ઞાન, પોતાની ભાષાની લાક્ષણિકતા અને રસ ઉપર પકડ તેમજ નાટ્યકળાનું તલસ્પર્શી જ્ઞાન તેમના હોવાથી આ પ્રચંડ કાર્યને તેમણે સર્વાંગસિદ્ધ કરી બતાવ્યું છે ડૉ. ત્સુબોચીની શેકસપીઅર વિ ગ્રંથમાળાના ૩૭ ખંડો છે તેમાં ૩૪માં નાટકો, બેમાં કાવ્યો અને એકમાં શેકસપીઅર વિ અભ્યાસ માટે પરિચયલેખ છે

ઈ ૧૮૮૫માં તેમણે જ આ યુગની નવલકથાનો પ્રથમ નમૂનો જાપાની ભાષામાં આપ્યો નિબંધો, વિવેચનો અને ગ્રંથાવલોકનોમાં તેમનું નામ અગ્રપદે છે જર્મન સંસ્કૃતિના સમુદ્ધારમાં લેસીંગ સાથે જાપાની ભાષામાં તેમની સરખામણી

(અનુસંધાન આગળ પાન ૧૦૩માં)



ધીરે રહીને એક પછી એક સર્વ મગરો બહાર
રેતી પર આવ્યા અને પાણી સામે મોઢાં
રાખી તડકામાં શરીર શેકવા મડચા.

રાણીનું સ્વર્ગ શરાબ, સાકી અને મનગમતી સાથે છે અને મારો આનંદ વેદાંત, સાદિલ અને શિકારમાં છે. જ્યારે દુનિયાની કઠોરતા, લોકોની ખુશામત અને ઘરની ચિંતાથી ચિત્ત બળવા માંડે છે ત્યારે વસતીથી બહુ બહારનું જંગલ રમરણ્ય લાગે છે ને ગાંડાની જેમ એ તરફ ભાગી જવાનું દિલ થાય છે.

મનની આવી પરિસ્થિતિમાં એકવાર નીચે માથે ચૂંપડીના આલબામા હું ટહેલતો હતો. અંતે એ નિર્ણય પર આવ્યો કે યમુનાતટ પર જઈને મગરનો શિકાર કરવો. ત્યા કેટલેક ઠેકાણે માણસને ફ ખાનારા મગરો વસે છે. નિશ્ચય કરીને મેં ગોપાલસિંહને બોલાવ્યા.

ગોપાલસિંહનો મારા પર બહુ સ્નેહ છે અને દરબારના શિકારમાં તો સેંકડે નવ શિકારમાં એમનો સાથ રહ્યો છે. એમને સાથે લેવાનું એક બીજું કારણ પણ હતું. એમનું સાસરું યમુનાને કિનારે છે એટલે રહેવાની મજા આવે. બાકી કાદવ માટે ગોવિંદ ચમારને સાથે લીધો.

રામ (હું). ગોપાલ અને ગોવિંદ—અમે ત્રણે ગોપાલસિંહના સામટા નજીક પહોંચ્યા. ગોપાલસિંહે વાતમાં કહ્યું: 'પંડિતજી, તમને મેં કહ્યું સાસરે જતા જોયા કે સાભળ્યા નથી. હવે જાઓ ત્યારે મને જરૂર લઈ જજો.'

મેં જરા ચીડાઈને કહ્યું: 'આવી નકામી વાતો કરતાં શિકારની વાતો કરો તો! તમે કહેતા હતા એ ખૂની મગર બાકીયાં કંઈ જાણ્યું રહે છે?

ગોપાલ: 'એનું ખાસ સ્થાન નથી, પણ એ છે જબરદસ્ત.'

મેં કહ્યું: 'સારી વાત છે. આજે સાંજે જઈને તપાસ કરીશું.'

સાંજે લગભગ પાંચ વાગે ઘેરથી નીકળી અમે યમુના-કિનારે એક ટેકરી પર જઈને બેઠા. યમુના ધનુષાકારમાં

સાદુલ બહાદુરી ખત નિર્ભયતા બોલવાની પ્રકાશનની બેબાકળા કાર્ય વિશ્વાસ

ખૂની ઘાટવાસી

ચિત્રકાર • રવિશંકર પંડિત

ઠીંગણા કદના, મજબૂત બાંધાના અને તેજસ્વી આંખોવાળા મર્દ પંડિત શ્રીરામ શર્મા પહાડના વાસી અને શિકારના અચ્છા ખેલાડી છે. શીલ તેનો સોબતી;એટલે એમની રોલીમાં પણ જાણે એમનું પૌરુષ ઊતર્યું છે. એમનું ગદ્ય વેધક અને જોમવંતું છે. એમના જાતઅનુભવની શિકારકથાઓનો ગ્રંથ 'શિકાર' (જેમાંથી આ અનુવાદો રજુ થાય છે) હિંદી ગદ્યવિકાસના ઇતિહાસમા તો સીમાચિહ્ન મનાયો છે.

વહેતી હતી. એમા કલરવ નહોતો અને લહેરો યે નહોતી. નિનાદ અને જોરા તો યૌવનના સૂચક હોય છે, શક્તિના દ્યોતક હોય છે. યુક્ત પ્રાતના આ ભાગથી યમુનાની આધેડ અવસ્થા શરૂ થઈ જાય છે જાણે પોતાની પુરાતન સ્મૃતિઓ અને વ્રજવિરહ પર વિચાર કરતી ચુપચાપ ચાલી જાય છે. વાયુની લહેરો આવીને એને ગલગલિયાં કરે છે, આલિંગન દે છે; પણ એ જાણે બીજાઓને કહે છે 'અરે જાઓ, મસ્તી ન કરો; મસ્તી કરવી હોય તો બીજે જાઓ'

શિકારની યોજના ઘડી અમે ઊઠ્યા. હું રાયફલ ભરીને ઘાટ અને માર્ગથી દૂરના એક રેતીના ઢગલા સાથે નીચે બેઠો હતો. સવારના નવ દમ વાગ્યા હશે. યમુના લા આગળ એક સમકોણ કરતી હતી એટલે ત્રણચાર ઊંડા ખાડા લા હતા, જેમાં પ્રત્યેક ઋતુમાં પાણી સ્થિર રહેતું નદીની બીજી બાજુ રેતીનો સ્વચ્છ પટ હતો. જંગલમાંથી નીલ ગાય, હરણ અને સુવર આવીને પાણી પી જતા. એ સ્થાનની આગે કે આજુબાજુ કોઇ ગામ નહોતું કે રસ્તો નહોતો. નદીકિનારાનો માર્ગ પણ હું બેઠો હતો લાથી ટેકરીઓ ઉપર થઇને જતો હતો. જળ શાત હતું, પણ મારી શિકારી દૃષ્ટિ એ શાત જળાશય પર જ સ્થિર હતી. થોડીવારે સૂર્યના કિરણોનો પ્રકાશ જાણે જ્યા નીચે પહોચ્યો કે એક ખાડામાં લાકડીના એક ટુકડા જેવું કઇ દેખાયુ. ચારપાંચ ઇચ લાબો એ ટુકડો પાસેપાસે બે ઠેકાણે ઉપસેલો દેખાતો હતો ધીરેધીરે એના ચારપાચ ટુકડા પાણી ઉપર તરવા લાગ્યા. અને પછી તો એ મોટા થવા માંડ્યા ને કેટલાક તો ઝાડના થડ જેવા લાગવા માડ્યા.

ધીરે રહીને એક પછી એક એ સર્વ મગરો જબ્બર રેતી પર આવ્યા. એક ન આવ્યો. કેટલાક પાણી તરફ ગોઠવ કરીને રેતીમાં શરીર ઘસવા માડ્યા, પણ જેવો તો પાણીમાં જ પલળતો પડી રહ્યો. એ દૃશ્ય પણ મારતો નહોતો, કિનારે યે આરતો નહોતો અને લાવતોચાવતો પણ નહોતો—અચળ હતો. દૂરબીન માડીને જોયું તો એની ચોગરદમ રક્તવર્ણ ધૂમ્રોત્પાદક આખો જગલ તરફ મંડાઇ હતી. એનું ચીબું નાક જોતા જ લાગ્યુ કે એ તો માણસખાઉ મગર છે.



આ અનુભવના જેવા કિસ્સાઓની આ માળા ગયા વરસથી વાચુ છે જેના લેખક શ્રીરામ શર્મા

એક કલાક સુધી એ જ આસન પર અચળ રહ્યો દાવપેચનો વ્યવસ્થાર હતો. સારા ખોટા ભોજન થી બુદ્ધિ અને સમજણ ઘટે છે કે વધે છે. આને તો માણસના મીઠું માંસ દાંતે ચડ્યું હશે; પછી ચાલાકી કેમ ન આવે? બીજા મગરો એને જરા ગુસ્સાથી જોતા પણ એ એમના નરક બેપરવા હતો, કારણ બીજા-ઓ તો આદમીને આદર અને ભયની દૃષ્ટિથી જોતા અને એ જોતો લોહીતરસી દૃષ્ટિએ.

હું મારા આસન પર સ્થિર બેઠો હતો; એ પોતાના જલદુર્ગમાંથી ચારે દિશા નજરાવી રહ્યો હતો હું બીજા બે કલાક ત્યાં બેસી રહ્યો; પણ એ પાણી બહાર ન નીકળ્યો. મારી આંખો બળવા માંડી અને તાપથી નાક લાલ થઇ ગયું; પણ એ તો અચળ હતો. હું મારા સ્વાર્થમાં—નામનાને માટે—બેઠો રહ્યો કે મારું તો એ ખૂની મગરને જ મારું.

મગર પણ ભૂખ્યો ઉદાસ થયો હતો અને શિકારની રાહ જોઇને પાણીમા તપરવા કરતો હતો. ઘાટ સૂમ-સામ હતો. બેચાર માણસો નીકળે તો તો એમના ભોગ, પરંતુ વીસપચીસનું ટોળું શોરબકોર કરતું નીકળતુ ત્યારે કોઇને પકડવાનું એ સાહસ ન કરતો. નાના બાળકો અને વૃદ્ધો જુવાનોની વચ્ચે ચાલતા એટલે એને ડર લાગતો હતો કે અક્કલનું પૂતળું માણસ જાત પર બેસીને કોણ જાણે શું યે કરી બેસે.

અને બીજી એક વાતથી પણ એ ખૂબ ગભ-રાતો હતો—એને એનો પૂરો અનુભવ હતો,—કે લોખંડી નળીઓમાંથી 'ફિસ્સ' અને 'ધાય' કરતાકને ફૂટતા સીસાના ટુકડા એને કયાક ન વાગી જાય! એક વાર એની પીઠ પર 'ધાંય' અવાજ સાથે એવો જ ગોળો વાગી હતી અને ચારે કિશાઓ કપાઇમાન થઇ ગઇ હતી. એની વેદનાના માર્યા કેટલા યે દિવસો એણે બેચેનીમાં પસાર કર્યા હતા.

એક બીજીવાર એક ચમારડીનો આહાર કરીને શેક લેવા એ બહાર કિનારે પડ્યો હતો ત્યા ધડામ દઇને એની પૂછડી ને પાછલા પગ વચ્ચે ચોટ વાગી અને 'આરરધમ' અવાજ થયો. ગોળો બાજુને એ લપક્યો અને પૂછડી ને નાક એક કરી જમુનામૈયાનું શરણ લીધું. ઉફ્! ઘાવમાં મૃત્યુવેદના થઇ રહી હતી અને લોહીનું બાળું વહેતું હતું. ભયથી દૂરને દૂર નાસતા કાચબા અને માછલી પણ એના લોહીની ગંધથી પાસે દોડી આવ્યા અને માછલીઓએ ઘામા લોંચવાનું શરૂ કર્યું. એક તો આફત હતી તેમાં આ તુચ્છ માછલીઓએ અપમાન કરવા માંડ્યું. એનો પોતાના યુદ્ધક્ષેત્રની એક બાજુમાં આરામ કરવો હતો પણ કાચબા અને માછલીઓ એના ઘામાંથી માંસ તોડીતોડીને ખાતાં હતાં. પરેશાની હતી એની શક્તિ-ની સામે આ હુમલો હતો; પીડાથી મૂર્છા આવવા જેવું થતું હતું; એનામાં હાલવાચાલવાની યે શક્તિ રહી નહોતી પાછળ ફરીને મોઢું મારતો તો યે પીડા વધતી.

આખરે થાકીને એ કોપાયો. માર આગળ આવીને એણે પોતાની ગતિ તેજ કરી. કાચબા પાછળ રહી ગયા, પણ માછલીઓએ કેડો ન છોડ્યો. એમનાથી પીછો છોડાવવો મુશ્કેલ હતું. અંતે એને બહાર કિનારા પર આવવું પડ્યું. ત્યાં માછલીઓનું કંઇ ચાલ્યું નહિ. હા, એક કાચબો આવ્યો. એણે બે દાંત મારીને, પણ તરત બિચારો ઘાયલ થઇને સેવી પડ્યો.

આવી રીતે એ મગર પોતાનો પ્રાણ તો બચાવ્યો, પણ પોતાના આ કડવા અનુભવોને એ ભૂલ્યો નહોતો. શક્ય હોય ત્યાંસુધી પાણીની બહાર જ તે ન નીકળતો. અને નીકળતો—કારણકે તડકામાં સૂઇ રહેવું મગર માટે આવશ્યક છે—ત્યારે પણ ખૂબ સાવધાન રહેતો. કોઇ પણ, ગમે તેવો માણસ એને દેખાય અથવા એવી શંકા જાય કે એ તરત પાણીમાં સરકી જતો.

એટલે એ પાણીમાંથી નીકળે એવો નહોતો. બેઠોબેઠો હું હવે તો છેક થાકી ગયો. મગરનો શિકાર નીરસ હોય છે. ગોળી બાજુને ત્યાં જ પડ્યો રહે અથવા સરરૂરૂર લઇને પાણીમાં સરકી જાય; અને પછી કદિ હાથ ન આવે. મેં ગજવામાંથી ઘડીઆળ કાઢી નક્કી કર્યું કે જો અરધા કલાકમાં એ બહાર ન નીકળે તો પછી બીજા મગર પર ગોળી છોડવી. પણ હજી દસ મિનિટ પણ પૂરી ન થઈ ત્યાં એણે ડૂબકી મારી. અરે! શું એણે મને જોઈ લીધો? એ તો અશક્ય હતું. ત્યારે શું આગળ પાછળ કોઇ માણસ આવે છે? એ શક્ય હતું, કારણ એને તો મનુષ્ય માત્ર ભક્ષણ વખતે જ મીઠો લાગતો હતો.

દૂરબીન લગાવીને સામે પ્રવાહ જોયું, પણ કોઇ નજરે ન પડ્યું. ત્યારે શું કોઇ અજાણ્યો અભાગી



ત માત્ર આટલા જ શબ્દો બોલવા પ મા હાય રે! બચાવો

• હશે કે મગર ઓછો રોજ માણસા મ રે છે ! જ ુ મોત આ યુ હશે તે। જ પકડશે નદિતો ને દિમેદમ ા કડ્યા તેમા થી નાતમા। જ કેમ પકડ્યા ?

ૂ મારી જગ્યા ગેબ્યા ઊભી। ધાર ભાખ્યુ ા રો। નામતો જતો હતો ઓ જોરથા બૂમો પાડી પેના બે અભાગીઆને કહેતો હતોકે ાદીમાથી જલ્દી ા ળો ાદિ તો ૂ ી મગર દમણા કોઇને પ કડી તેશે મેં ોચાર વાર બે માર ્યા ગેબ્લામા માણસ તો ા કારે ાદો ચા ગ યા પણ પેનાં સ્ત્રી મુખ્ા જવ્યામા ાગમકતા હતા પોતાના પગ ધોવા ઢીલી મારી ચેત વણી।। ગેમણે કઇ જ્યાન ન કર્યો આદ મીએ જ્યાન ્યો કે ' કોઇ બીજાને કહ્યુ ુ સ્ત્રી પગ ધોઇને જે ી

અને પ ણીમા સમાઇ ગઇ

માણસ યમુનામા પાણી પીવા આ ેા છે અથવા સ્નાન કર્વા પડ્યો છે ? નહી। ઉપર નજર ાખી ને માર માયુ ભમી ગયુ એક આદમી આ એક સ્ત્રી ઘાટ પાર કરી રહ્યા હતા આદમી આગળ હતો અને સ્ત્રી કપડા ઊંચા લઇને ભાગી ભાગી। ચાલતી હતી થાક ચોળી જીંટનો ચળિયો અને ચુ ડીથી લાગ્યુ કે આ તો કોઇ ગામડીયો પોતા ી સ્ત્રી। પહેલ આણે પોતા। ઘેર લઇ જતય છે ચોક્કસ એ કોઈ દુ નો રહેનારો હશે અને ધારના ભય ી એને બળજ નદિ કોય નદિતો ગા ી રીતે એકલા ન ી ગત અથવા જાણીજોઇને આમ્યબુદ્ધિ ગ ી

• હશે કે મગર ઓછો રોજ માણસા મ રે છે ! જ ુ મોત આ યુ હશે તે। જ પકડશે નદિતો ને દિમેદમ ા કડ્યા તેમા થી નાતમા। જ કેમ પકડ્યા ?

ૂ મારી જગ્યા ગેબ્યા ઊભી। ધાર ભાખ્યુ ા રો। નામતો જતો હતો ઓ જોરથા બૂમો પાડી પેના બે અભાગીઆને કહેતો હતોકે ાદીમાથી જલ્દી ા ળો ાદિ તો ૂ ી મગર દમણા કોઇને પ કડી તેશે મેં ોચાર વાર બે માર ્યા ગેબ્લામા માણસ તો ા કારે ાદો ચા ગ યા પણ પેનાં સ્ત્રી મુખ્ા જવ્યામા ાગમકતા હતા પોતાના પગ ધોવા ઢીલી મારી ચેત વણી।। ગેમણે કઇ જ્યાન ન કર્યો આદ મીએ જ્યાન ્યો કે ' કોઇ બીજાને કહ્યુ ુ સ્ત્રી પગ ધોઇને જે ી પોતાના જોડા હેરવા વાકો વળી તેવી જ એકદમ ગે ા। ગોદામાથા ચીસ ા કળી ગઇ અને ગભરી। પાણી તરફ ધમડકા। માડી માર એટના જ ગભરો પોતા પાગી દાપરે સ્ય વે। ઓ ા ભીમ સમાઇ ગઇ

આ આકસ્મિક નજ ાતથી પેના પુરુ હજતાઇ ગયો ૂ એની ામે હોરવો એવ ત ગેબે ધ્રુસકે રુસ રો। માડ્યુ મમવેદ ાથી હુદમા ભ તી આવે છે ઓ માણસન દુ ખ હલકુ ગ ા। આમે । માર્ગે ગદાર આવે છે એ આશ્વાસન આપી। ૂ ચાલતો થયા

આ ધર ા પછી ભગવાન માત િમે ત્યા જ એક

ઉચિત સ્થાન પર હું શિકારની રાહ જોઈને બેઠો. ભરેલી રાયફલ ઢેંટાને આધારે પડી હતી. એમાં છ કારતુસ ભર્યા હતા. દૂરબીન જંગલમાં હતું અને યમુનાનો બીજો કિનારો ગારાથી સો ગજ દૂર હતો. ત્યાં નદીથી ચારપાંચ ગજ દૂર એક બકરી બાંધી હતી. એનું બચ્ચું એની પાસે નહોતું એટલે એ બેં બેં કરતી હતી. એ સાત દિવસોમાં એક માણસના વિસ્તારમાં ન તો કોઈએ યમુના પાર કરી હતી, કે ન તો કોઈ ઢોર પીવડાવવા આવ્યું હતું. જંગલી જનાવરને પાણી પીતા રોકવા માટે પણ રખેવાળો રાખવામાં આવ્યા હતા. બકરી બાંધવાનો પ્રયોગ નવો હતો. મને ઘૂન આવી હતી અને મેં એ નુસખો અજમાવ્યો હતો.

બકરીનું બેં બેં ચાલુ હતું. મારી નજર યમુનાના પેલા બાડામાં જ હતી. એક કલાક પછી હું સાવધાન થયો. મારી ડાબી બાજુ, દોઢસો ગજ દૂર, જાણે એક પાટિયું તરીને ઉપર આવ્યું. એના પછી તો માત્ર માથું જ ઉપર રહ્યું. બાકીનો ભાગ ડૂબી ગયો. દૂરબીન લગાવીને જોયું તો એની આંખો બકરી તરફ હતી. હોય ન હોય પણ એ જ ખૂની ઘાટવારી મગર હોવો જોઈએ એ ખ્યાલથી મેં રાયફલ હાથમાં લીધી અને રાહ જોવા લાગ્યો.

ધીરે ધીરે પેલી આકૃતિ પ્રવાહમાં બકરી ભણી આગળ વધી અને થોડે દૂર જઈને રોકાઈ. દૂરબીન લગાવીને મેં એની આંખો ભણી ફરીથી જોયું એ ખૂની આંખોમાંથી કપટ નીતરી રહ્યું હતું. આંખો બકરી તરફ જ હતી. એ રાહ જોતો હતો કે બકરી પોતાની તરસ છીપાવવા આવે તો બસ. પણ અભાગી બકરી પાણી પીવા આવતી નહોતી. એ તો પોતાનો વિરહ ગાતી હતી.

બે કલાક એણે રાહ જોઈ. બકરી હાંફી રહી હતી, પણ પાણી પીવા નહોતી આવતી; ભલે ન આવે એ પોતાના કર્તવ્યથી ભલે ભ્રષ્ટ થાય; પણ મગર શામાટે ભૂખે મરે ? કદાચિત્ આવો જ કંઈ ખ્યાલ કરીને એ પુરાણો પાપી ધીરે ધીરે બહાર નીકળ્યો. અને ઝડપથી બકરી પર દોડ્યો. મરોળી જેમ જંતુને પકડી લે તેમ એ ખૂની મગરે બકરીને પોતાના ભોરદામાં પકડી.

જેવો એણે બકરીને પકડી એવી જ મેં તાકીને ગોળી છોડી. ગોળી બરાબર એની ગરદનમાં વાગી. ગોળી આધને એ સ્તબ્ધ થઈ ગયો અને પળવારમાં જમીન પર ઢળી પડ્યો. બકરી એના મુખમાંથી નીકળવાનો પ્રયત્ન કરતી હતી. મેં બીજી બાજુથી લાગલાગટ ગોળીઓ તાકી, છ પૂરી કરીને રાયફલ ફરીથી ભરી અને સનનન કરતી એની પીઠ પર ગોળી ચલાવી. એ ગોળીએ એની પીઠ ઉપસંત બકરીને પણ પૂરી કરી.

મગર મરેલો પડ્યો હતો. એનું પૂછડું છસાત ઈંચ પાણીમાં હતું. ગોળીઓથી એની પીઠ વીંધાઈ ગઈ હતી. એ બાર ફૂટ અને નવ ઈંચ લાંબો હતો. પેટ ફાડીને જોયું તો એમાંથી ચૂડીઓ અને કડલાં નીકળ્યાં અને તરતના બાંધેલા સ્ત્રીના શરીરના કેટલાક ભાગ. આ બીજને યમુનામાં ફેંકી દીધી. સ્મૃતિચિહ્ન તરીકે મેં માત્ર કડલાં રાખ્યાં. તે દિવસથી ઘાટનો ઉપયોગ થવા માંડ્યો. લોકો નિર્ભય રીતે નહાવા-ધોવા લાગ્યા અને મૂગા જનાવરોને પાણી પીવાનું પણ સુખ થયું. લોકોએ મારી કીર્તિનો પૂલ બાંધી દીધો.

શ્રીરામ શર્માની વાર્તા ઉપરથી અનુવાદ : કિરાનસિંહ ચાવડા


આજના પોલૅંડનો તારણહાર

'આજે જીવીએ છીએ ત્યાં સુધી તો પોલૅંડ પરાજિત નથી. વિદેશીઓએ આક્રમણ કીધું છે ને અમે તલવારના પાંચું લઈશું.'

રશિયા, પ્રુસિયા ને ઑસ્ટ્રિયાએ પોલૅંડને ત્રીજી વખત (૧૭૯૫માં) વહેંચી લીધા પછી ઓગણીસમી સદીના યુરોપના નકશામાં પોલૅંડનું અસ્તિત્વ નથી. પરંતુ પોલૅંડવાસીઓ પોતાનું અસ્તિત્વ ભૂલ્યા નહોતા. જોનાપાર્ટના સૈન્યમાં યુરોપનાં અનેક યુદ્ધોમાં લડી આવેલા પોલૅંડવાસીઓનું, ઉપર જણાવ્યું તે, પ્રિય ગીત હતું.

ઈ.૧૮૬૩ની ક્રાન્તિ નિષ્ફળ થયા પછી પોલૅંડમાં ઝારશાહીનું તંત્ર વધારે સખત થતું હતું. ત્રણ વર્ષોમાં રશિયન પોલૅંડમાં સેંકડોને ફાંસી દેવામાં આવી. હજારોને સાઇબીરિયા મોકલવામાં આવ્યા અને ઘણાઓની મિલકત જપ્ત થઈ. રાષ્ટ્રશોકનાં એ વર્ષોમાં ઈ. ૧૮૬૭ની પમી ડિસેમ્બરે લિથુઆનીઆમાં ઝુયુઝની જાગીરમાં જોઝેફ પિલસુદસ્કીનો જન્મ થયો.

માદામ પિલસુદસ્કી (મેરી-અન્ના બિયે વિટસ)ને એના પિતા તરફથી વારસામાં મળેલા ગામમાં જોઝેફના પિતાએ વાસ કર્યો હતો. એણે કૃષિવિદ્યાનો અભ્યાસ કર્યો હતો અને પોતાના જ્ઞાનનો ઉપ-



યોગ કરવા માટે નવી યોજનાઓ ઘડતો અવ્યવહાર યોજનાઓ ઘડવામાં એ દેવાદાર થયો. ૧૮૭૪માં ઝુપુફ્રની મિલકત મોટી આગમાં તારાજ થતા ગરીબ અને દેવાદાર થઈલુ પિલસુદ્રસ્કી કુટુંબ (તેનો જન્મ ને ત્યુ ઝીયુક જૅસેફ) તથા એનો મોટો ભાઈ બ્રોનીસ્લાવ લાની રશિયન શાળામાં દાખલ થયા

ક્રાન્તિ પછીના વર્ષોમાં જર્મની તથા રશિયાના તાબાના વિભાગમાં પોલૅંડવાસીઓ અમનો ઉજળો ઇતિહાસ ભૂંસી જાય એવા પ્રયત્ન થતા હતા. ૧૮૬૩ની ક્રાન્તિમાં પિલસુદ્રસ્કીના કુટુંબીઓએ ભાગ લીધો હતો. સાઇબીરિયા, શરાદત અને જપ્તીનો અનુભવ એમને હતો. જૅસેફની વૃદ્ધ દાદીએ જેલ નિવાસ પણ ભોગવ્યો હતો. માદામ પિલસુદ્રસ્કાને ક્રાન્તિની નિષ્ફળતાથી ઘણું દુ:ખ થતું. શહેરી જીવનના છુટાપણા ઉપર ઘણો અંકુશ હતો. સ્વભાષાનું શિક્ષણ આપવા માટે ભારે શિક્ષા થતી હતી. પોલૅંડના કવિઓ અને લેખકોના પુસ્તકો પણ ઘરમાં રાખવાની મનાઈ હતી. એ વખતે માદામ પિલસુદ્રસ્કા પોતાના બાળકોમાં વાત્સલ્યના અમી સાથે દેશપ્રેમનું અમી સિંચતી હતી. ઘરને ખૂણે સંતાડેલા



પુસ્તકોમાંથી પોલૅંડનો ગૌરવભર્યો ભૂતકાળ, રાષ્ટ્રપ્રેમ અને વિશ્વબંધુત્વની ભાવનાથી ઊભરાતા કાવ્યો વાંચી સંભળાવતી.

નાના જૅસેફને યુદ્ધવર્ણનના પુસ્તકો ગમતા. ગ્રીક અને રોમન ઇતિહાસમાંની વીર કથાઓ અને નેપોલિયનના ભભકભર્યા વ્યક્તિત્વથી અંજાઈ ગયેલી નવલકથાઓ એ વાંચતો. નેપોલિયનનું જીવન એક મહાકાવ્ય જેવું એને લાગતું. 'ઇધી નાખતી દમન ગિતિ ધરીના પડની જેમ એનું નૈ દુ ભ્યાવી રહેતી.' આખો વખત ક્રાન્તિના વિચારો જ એને આવતા. રશિયામાં ઝારશાહીની સામે 'પ્રજામત' નામે સરવા ની પ્રવૃત્તિઓ ખીલી જાગી હતી. પિલસુદ્રસ્કી અને પોલૅંડના બીજા શહેરોમાં એના પડઘા સંભળાતા હતા. રાષ્ટ્રભાવનાથી અંકાએલા સમાજવાદમાં એણે પોતાની ભક્તિ જોઈ. શાળાનો અભ્યાસ પૂરો થતા ડાક્તરીનો અભ્યાસ કરવાનો એણે નિર્ણય કર્યો. એ વર્ષે (૧૮૮૪માં) એની માતાનું અવસાન થયું અને કુટુંબ પણ વિખેરાયું. ભારેલા હૃદયે વિદ્યાપીઠમાં

પિલસુદ્રસ્કી જેણે પરાધીન પોલૅંડને પુનર્જીવન આપ્યું





ડાબીબાજુઃ બૅસેક પિલસુદ્રસ્કીની માતા મારામ પિલસુદ્રસ્કા (મેરીઆ ઝિલેવિ ટ્સ);જમણીબાજુઃ બૅસેકના પિતા

થોડા મ. ના ફકતનાના અભ્યાસ કર્યો પરતુ બીજે વર્ષે વિદ્યાપીઠમા એને દાખલ કરવામા ન આવ્યો.

એ વર્ષોમા એણે સમાજવાદી પત્રિકાઓ તથા માર્કસના કૅપીટલનો અભ્યાસ કરવા માડ્યો. વળી રાષ્ટ્રીય અસ્મિતાના વિધાતક રશિયન તત્વમા પ્રજા-જીવન જીવતુ રહે તેવા પ્રયત્નો કરવા માટે એણે મંડળ રચ્યાપ્યું. આમ પિલ્સુના કામદાર તથા મજૂર વર્ગ સાથે એનો પરિચય વધતો ગયો.

૧૮૮૭ની શરૂઆતમાં રશિયાના ઝાર ઍલેકઝાન્ડર ત્રીજાને મારી નાખવાના કાવત્રામાં સંબંધ હોવાના આરોપસર એના મોટા ભાઇ બ્રોનીસ્લાવને પંદર વરસની દેશપારીની સજા થઇ. બૅસેકની પ્રવૃત્તિઓની પોલીસ ખાતાને જાણ હતી. કાવત્રાખોરો સાથે એને સંબંધ નહોતો છતાય એને પાંચ વર્ષની દેશનિકાલની સજા થઇ.

દેશનિકાલની સજાવાળા કેદીઓને સાઇબીરિયા મોકલાવવામા આવતા. વૉરસો માથલ દૂર આવેલા એ વિભાગમાં જવા માટે પ્રચંડ હિમવિસ્તાર ઉપરથી ઘણો વખત જવું પડતુ. કેદીઓને એ લાંબી મુસાફરી પગપાળા કરવાની હતી રસ્તામાં અમલદારો સાથે તકરારો પણ તી. પિલસુદ્રસ્કીને ઇર્કુટ્સ્ક જેલમાં થોભવાનું હતું. એક વખત જેલના અમલદારો સાથે કેદીઓની તકરાર વધી પડી અને કેદીઓએ અધિકારીઓ સામે બળવો જગાડ્યો. પિલસુદ્રસ્કી અને બીજા કેદીઓને બંદૂકના કુંદાનો સખત માર પડ્યો. નિઃશસ્ત્ર કેદીઓના પોલીસ રીપોર્ટમાં જણાવેલા આ 'સશસ્ત્ર બળવા' સામે કામ ચલાવી કેદીઓની સજામાં વધારો કરવામાં આવ્યો. સાઇબીરિયાના વર્ષોમા એણે રશિયન સ્વભાવનું અવલોકન કર્યું ત્યા એને ૧૮૬૩ના કેદીઓ સાથે સમાગમ થયો. અને પોલૅંડની સ્વાધીનતાનું એનું ધ્યેય વધારે સ્પષ્ટ થયું.

૧૮૯૨માં સજા પૂરી થતાં પિલ્સુ આવ્યો ત્યારે પિલસુદ્રસ્કીની ઉમર પચાસ વર્ષની હતી. ફરાવો પસાર કરી રશિયા સાથે સહકારના વિનિયોગથા સ્વાધીનતા મેળવવા માટે વિનીત રાજકારણીઓનો નૅશનલ ડેમોક્રેટ પક્ષ પોતાનો કાર્યક્રમ પ્રજા આગળ ધરતો હતો. પિલ્સુદ્રસ્કીને એ કાર્યક્રમમાં શ્રદ્ધા નહોતી. જૂના સંબંધ

તાબ્દ કરતા તરતમા જ સ્થપાએલી પોલીશ સોશિયાલીસ્ટ પાર્ટી (પી.પી.એસ.)નો એને પરિચય થયો પોલૅંડના ક્રાન્તિવાદી મંડળોમાં એ સસ્થાના સૌથી વધારે સભ્યો હતા અને આખા પોલૅંડમા એની જહોળી અસર હતી પરંતુ સામ્રાજ્યવાદ વિરોધી એની મહત્ત્વાકાક્ષા સત્તાધીશોથી સાખી જાય એમ ન હતુ. થોડા જ વખતમા ધાંધ્ય સભ્યો પકડાઇ ગયા અને પ્રચાર સંચાલનની બધી જવાબદારી એને માથે આવી પડી મિત્રોમા એ કોમરેડ વિક્ટરને નામે ઓળખાતો હતો એ અરસામા એના સાથીદારોમાની એક મેરીઆ જુરકીએવિચ સાથે એણે લગ્ન કર્યા પિલસુદ્‌સ્કીને બધી છૂપી પ્રવૃતિઓમા એણે ઘણી મદદ કરી છે

સમાજવાદી પક્ષના મુખપત્ર 'મજદૂર'ના છુપા પ્રેસનું સંચાલન એણે જ કરવાનુ હતુ દરેક અંકનુ લખાણ તૈયાર કરી, બીજા ગોઠવવાથી માંડીને છાપવાનુ અને અંકો તૈયાર કરી પકડાયા વિના પ્રચારના બધા મથકોએ પહોચાડવાનું કામ પણ એણે જ કરવાનુ હતુ. વાંધા ભરેલા સાહિત્યનો ફેલાવો અટકાવવા ઝારના પોલીસખાતાએ ત્રણ ત્રણ લાઇનદોરી રાખી હતી. એ વખતના એના અનુભવો અદ્‌ભુત સાહસકથા જેવા લાગે છે. સમાજવાદીઓની પરિભાષામા પત્રિકાને 'ઇસ્કુવાહ્' કહેતા. કિસાન અને કામદારોમા પત્રિકા નિયમિત પહોંચે એ માટે પ્રચારનાં બધા અંગો એણે જોયાં હતાં. સીગારેટના દાબડા અને ચીઝોનાના ચોકલેટનાં બોબાંમા પત્રિકાઓ મોકલવામા આવતી એક વખતે પિલસુદ્‌સ્કીની પત્નીએ ઘણી પત્રિકાઓ શરીર પર વિંટાળીને દૂર સુધી પહોચાડી હતી. અને પત્રિકાને બાબતે તારથી એનું શરીર વિંધાઇ લોહી નિકળ્યા છતાં ઊંકાર સુદ્ધા કર્યો નહોતો.

ઘણી વખતના નિષ્ફળ દરોડા પછી ૧૮૯૪ના ફેબ્રુઆરીમા લૉજ (Lodz)ના એક સામાન્ય મકાનમાં પહેલે માળેથી 'મજદૂર' પ્રેસ પોલીસે શોધી કાઢયું. પિલસુદ્‌સ્કીને બીજી વખત કેદ પકડવામાઆવ્યો થોડા દિવસ લૉજમાં ગણી ગજદારી કેદીઓ માટે બનાવેલા વૉરસૉના કિલ્લાના દશમા વિભાગ (Tenth Pavilion)મા પિલસુદ્‌સ્કીને રાખવામાં આવ્યો. આ વિભાગના સખત ચોકી પહેરામાથી નાસી છટવાનુ અશકય મનાતું.



રશિયાની હાઇસ્કૂલમા ભણતો તે વેળાનો જુવાન જૉસેફ

પિલસુદ્‌સ્કી સમાજવાદી પક્ષના (પી. પી. એસ) પ્રાણ જેવો થઇ રહ્યો હતો, એટલે એને નમાડવાના પ્રયત્નો થવા માડયા. વૉરસૉના કેદખાનાનો દારોગો સિરેલ-નીકોફ ઉમદા સ્વભાવનો હતો, એટલે પિલસુદ્‌સ્કીના સાથીઓનો સંદેશો જેલમા પહોચાડવો પિલસુદ્‌સ્કીએ કિલ્લાના શસ્ત્રનો ટોપ કરવાનો હતો, એણે એ ટોપ ખૂબ ઝનૂન પૂર્વક બજાવ્યો. ખાવાનું પણ એ ફેકી દેતા લાગ્યો

એ ઉપર્યા પિલસુદ્‌સ્કીને સેંટપિટર્સ બર્ગની સેંટનિકોલસની દિવાના શાણામા મોકલવામા આવ્યો. જયા જકાની બાનાના અમલદારના કપડા તેને માટે છૂપાવી રાખવામા આવ્યા હતા. એ પહેરીને ફૉન્ટીટલના રક્ષકની સલામી લેતા દરવાજા બહાર તૈયાર રાખેલી ગાડીમા બેસી એ આને આ કાર્યવાહી નકલ કરીને પાર પાડનાર શાણાના પોતાના દાક્તર મનર્વ્રત માઝૂટ કિસેવિચ બંને વહી મે ૧૯૦૧ના રોજ નાસી છટયા.

પિટર્સબર્ગથી પિલસુદ્‌સ્કી બીજ ગયો થોડા કલાકના રાતવાસમા એણે લા ૭પાતા 'મજદૂર'નો



ગાંધી, ગોખલે, ટિળક અને જિન્ના—ચારેય રાષ્ટ્રીય નેતાઓ સાથે કામ કરનાર પહેલા ભારતીય

ઓ તૈયાર કરવામાં પોતાના મિત્રોને હાથ આપ્યો.

૧૯૦૪માં રૂસો–જાપાની વિગ્રહ શરૂ થતાં પિલસુદ્રસ્કીએ જોયું કે ૧૮૬૩ની ક્રાન્તિની સફળ પુનરાવૃત્તિ કરવાનો આ સમય હતો, પરંતુ દેશમાં એની તાકાત નહોતી. રશિયાએ ભરતી માટે જાહેરાત કરતાં પી. પી. એસે એનો સશસ્ત્ર દેખાવો કરી વિરોધ કર્યો.

રૂસો–જાપાની વિગ્રહથી મળતી બધી તકનો લાભ પિલસુદ્રસ્કીને લેવો હતો. ૧૯૦૫માં એ જાપાન ગયો અને રશિયા સામે ક્રાન્તિ જગાડવા તૈયારી કરવા એણે જાપાની સરકારની મદદ માગી. પણ વિનીત રાજકારણી ડમોવસ્કીએ જાતે ટોકિયો આવી જાપાની સરકારને આ ક્રાન્તિને મદદ ના આપવાનું સમજાવ્યું. આવા અનુભવોથી પિલસુદ્રસ્કીનું રાજકારણ વધારે ઉગ્ર થતું હતું. ફ્રેંકોવ આવીને એણે ઉદ્દામ સશસ્ત્ર સમાજવાદને વેગ આપવા 'બોયેવકા' નામે મંડળ સ્થાપ્યું. એનો ઉદ્દેશ કામદારોનું સંગઠન કરવાનો, સશસ્ત્ર દેખાવો કરવાનો, તપાસ હેઠળના અને બીજા રાજદ્વારી કેદીઓને છોડાવવાનો અને આ પ્રવૃત્તિ ચલાવવા ઝારની સરકારની તિજોરી અને ટપાલખાતાં પર ધાડ પાડી જોઈતાં નાણાં મેળવવાનો હતો.

આ બધી યોજનાઓ પિલસુદ્રસ્કી જાતે દોરવતો હતો. એવી એક મોટી ધાડમાં પિલસુદ્રસ્કીએ આગેવાની લઈ (૧૯૦૮માં) બેજડાવી સ્ટેશન પર મેલ ટ્રેન અટકાવી ત્રણલાખ રૂબલ જેવડી મોટી રકમ મેળવી હતી. મોટી રકમો એના હાથમાં આવ્યા છતાં પોતા માટે એ કશું લેતો નહિ. આલ્બર્ટ સોટ્રેસ કહે છે કે 'લોહીના કરતાં એ પૈસાની બીકથી એને વધારે હતી.' એ દિવસોથી જ પિલસુદ્રસ્કીના મિત્રો એના તરફ બહુમાનથી જોતા થયા. ડાસઝીન્સ્કીએ કહ્યું છે, 'એના સ્વભાવની બે વિશિષ્ટતાઓથી એ અમને પ્રિય હતો: એનો વિનય અને એની સ્વાર્થરહિત તટસ્થદૃષ્ટિ.'

યુરોપનું રાજકારણ ધીમેથી પરંતુ ચોક્કસરીતે મહાયુદ્ધ તરફ ધસડાતું હતું. પિલસુદ્રસ્કી માનતો હતો કે યુરોપના રાજકારણમાં પોલૅન્ડને ભાગ લેવો હોય તો પોતાનું લશ્કર હોવું જોઈએ. એ માટે ૧૯૦૮માં લેમ્બર્ગની બોયેવકાની શાખાએ એના સાથીદાર સોસ્કોવસ્કીની દેખરેખ હેઠળ મંડળના સભ્યોને લશ્કરી શિક્ષણ આપવા માંડ્યું. સંસ્થાના મકાનના પાછલા ભાગમાં બાર પંદર માણસોની લશ્કરની કવાયતથી 'યુનિયન ઑફ રાયફલમેનની' શરૂઆત થઈ. મહા યુદ્ધમાં ભાગ લીધો એ પોલીશ લિજીઅન, અને ભવિષ્યના પોલીશ રિપબ્લીકની સીમાઓના રક્ષક સૈન્યની આ





ડાબા બાજુ: ઑસ્ટ્રો-હંગેરિયન યુદ્ધકેદીઓના જતા સવારમાં પગે ચાલતો જતા માર્શલ પિલસુદ્‌સ્કી; જમણી તરફ: જનરલ રિડ્‌ઝ સ્મારૂલી (પોલૅંડનો હાલનો માર્શલ) મહાયુદ્ધના વખતમાં માર્શલ પિલસુદ્‌સ્કી સાથે યુદ્ધચર્ચામાં

રીતે શરૂઆત થઈ. એ પછી પિલસુદ્‌સ્કીએ આ પ્રવૃત્તિને પોતાનું સર્વસ્વ આપ્યું છે.

પોલૅંડને વહેંચી લેનારાં રાજ્યોમાં ઑસ્ટ્રિયન સરકારે પોલૅંડવાસીઓની પ્રવૃત્તિઓ ઉપર બહુ ઓછો અંકુશ રાખ્યો હતો, એટલે પોલૅંડના છુટાપણાની અને સંસ્કાર સર્જનની અનેક પ્રવૃત્તિઓ એ બે ભાગમાં શરૂ થતી. મર્દાની રમતો અને અખાડાની પ્રવૃત્તિને વેગ મળે એ માટે ઑસ્ટ્રિયાની સરકારે (૧૯૧૦માં) કાયદા ઘડ્યા હતા. એવી સંસ્થાઓના બાહોર મેળાવડામાં ભાગ લઈ સંસ્થાની આ પ્રવૃત્તિઓને કાયદેસરની પ્રવૃત્તિઓમાં મુકાવી અને દર વીસ માણસે એક જૂની રાયફલ કાયમ માટે ઑસ્ટ્રિયન સરકાર પાસેથી મળે એવા ગોઠવણ થઈ. આ વર્ષોમાં પિલસુદ્‌સ્કીએ યુદ્ધ-વિદ્યાનો શાસ્ત્રીય અભ્યાસ કર્યો. નેપોલિયનનાં યુદ્ધ સંચાલન અને ઓગણીસમી સદીમાં ઊભાં થએલાં વોલંટિયર લશ્કરો વિષે એણે ઘણું સાહિત્ય વાંચ્યું.

ઈ. ૧૯૧૪ના ફેબ્રુઆરીમાં પૅરિસની જ્યોગ્રાફીકલ સોસાએટી સમક્ષ આપેલા ભાષણમાં ભવિષ્યની આગાહી સ્પષ્ટ શબ્દોમાં એણે કરેલી: 'અમારું લશ્કર તૈયાર થતાં આખું જગત અમારા દેશના જીવંત પ્રશ્નો વિચારતું થશે. લડાઈની આખરે વિજેતા અને પરાજીત રાજ્યો નબળાં પડ્યા હશે એ વખતે અમારી તક આવશે. એ છેવટ માટે અમારે તૈયાર રહેવું જોઈએ. એમાં જ અમારી સલામતી છે.'

મહાયુદ્ધની શરૂઆતમાં પિલસુદ્‌સ્કીએ રશિયા વિરુદ્ધ ઑસ્ટ્રિયા અને જર્મનીને સાથ આપ્યો. મધ્યસ્થ



જૉસેફ પિલસુદ્રસ્કી: સોશ્યલિસ્ટ લેજમિન્સ્કીએ આપેલા પોટ્રેટ પરથી

રાજ્યો (Central Powers)ને મદદ કરવા કરતાં પોલૅંડની સ્વાધીનતા એનું ધ્યેય હતું; અને પોતાના દેશ વાસીઓને એ ધ્યેય સ્પષ્ટ કરવા માટે જ ઑગસ્ટ્રિયન જનરલ સ્ટાફના હુકમ વિરુદ્ધ રશિયન પોલૅંડમાં તે દાખલ થયો.

૧૯૧૫માં રશિયા સામે પૂર્વની સરહદ પર મધ્યસ્થ સરકારે વિજય મેળવ્યો. રશિયનોએ વૉરસૉ છોડ્યું અને રશિયન પોલૅંડનો બધો પ્રદેશ મધ્યસ્થ સરકારના હાથમાં આવ્યો. પોલૅંડની સ્વાધીનતા માટે કશી બાંહેધરી આપવામાં આવતી નહોતી એમને તો મિત્ર રાજ્યો સામે લડવાને પોલૅંડમાંથી લશ્કર ભેગું કરવું હતું. સરકારની ભરતી માટે યુદ્ધની શરૂઆતમાં ઊભી થએલી એન. ડે. એન. સંસ્થાને ટેકો આપવાનું છોડીને સ્વતંત્ર પોલીશ લિજીઅન (Polish military organisation ટૂંકું નામ P. O. W.) ઊભી કરવાની મિત્રોને ખાનગી સૂચના એણે આપી અને પોતાના અધિકારનું રાજીનામું આપ્યું.

પોલૅંડના કારોબારી વહીવટ માટે ઑસ્ટ્રો–જર્મન સરકારે જુલાઈ ૧૯૧૭ માં સ્થાપેલી સમિતિમાં પિલસુદ્રસ્કી યુદ્ધમંત્રી હતો. પોલૅંડનો આ લાંબા સાંભળવાની એમને ઇચ્છા નહોતી. નવો કારોબાર શરૂ થતા સરકારને કરાયો વફાદારીના સોગંદ લેવાના હતા. એ વખતે લિજીઅનોને એ સોગંદ નહિ લેવાની સૂચના આપવામાં આવી.

સરકારી શિરનામાં વફાદારીના સોગંદ નહિ લેનારને જબરાખોર મજૂરોમાં આવે છે. લિજીઅનના ઘણા સૈનિકોને કેદ પકડવામાં આવ્યા. પિલસુદ્રસ્કી તથા સોરકોવસ્કીને કેદ પકડી જર્મની લઈ જવામાં આવ્યા; પિલસુદ્રસ્કીને માગડેબર્ગના કિલ્લામાં રાખવામાં આવ્યો.

અમેરિકા યુદ્ધમાં જોડાયું હતું. મધ્યસ્થ સરકારનો પરાજય થતો હતો. ૧૯૧૮ની ૯ મી નવેમ્બરે જર્મન બળવાખોરો એને બર્લિન લઈ ગયા. કૈસરે ગાદીત્યાગ કર્યો હતો. વૉરસૉમાં સ્થપાએલી કામચલાઉ સરકારે નવા રચવાએલા પ્રધાનમંડળમાં યુદ્ધમંત્રીની જગા એને માટે રાખી હતી. ૧૯૧૮ની ૧૧મી નવેમ્બરે પિલસુદ્રસ્કી વૉરસૉ આવ્યો એ વખતે દેશનો મોટો ભાગ જેના તરફ એક વખત સંકાશીલ દૃષ્ટિએ જોતો હતો એવા ઝીદાલ પક્ષનો નેતા એ નહોતો, પરંતુ યુરોપનાં ત્રણ મોટાં સામ્રાજ્યોના પતન પછીની અરાજકતામાંથી દેશનું ભાવિ સ્વાભાવિક રીતે જ જેને સોંપવાનું હતું એવો એક લોકમાન્ય અગ્રણી હતો. દેશમાં આંતરવિગ્રહ ક્યારે જાગે એ કહેવું મુશ્કેલ હતું. કાઉન્સીલ ઑફ રીજન્સી આ પરિસ્થિતિને પહોંચી વળે એમ નહોતું. એટલે દેશની કારોબારી અને મુલકી તમામ સત્તા એણે પિલસુદ્રસ્કીને આપી એને 'રાષ્ટ્રના પ્રથમ

નાગરિક' (Chief of State)ના પદે સ્થાપ્યો. એ જ રીતે પોલૅંડ વાસીઓએ ૧૭૯૪માં કોશિયુસ્કોને બધી સત્તા આપીને દેશની સ્વાધીનતાનો એક માત્ર રક્ષક ઠરાવ્યો હતો.

પિલસુદ્સ્કીને સત્તા આપવામાં આવી ન હોત તો પોલૅંડની સ્વાધીનતા અને અસ્તિત્વ હોત કે કેમ એ શંકાભરેલું છે એ વખતે પોલૅંડને નિર્ણીત સરહદ હતી નહિ, કારોબાર ની નિયમિત વ્યવસ્થા નહોતી, રાજ્યનું નાણાખાતું નહોતું, લશ્કર નહોતું પૂર્વ યુરોપની યુદ્ધભૂમિ એ હતું આક્રમણ કરનારા લશ્કરો ઘણી વખત પોલૅંડમાંથી પસાર થયા હતા ગામડાં અને શહેરો, પૂલો, રેલવે, શાળાના અને બાંધેર મકાનો, કારખાના બધું યે નવેસરથી ઊભું કરવાનું હતું દેશભરના ખેતરો પડતર જમીન જેવા થઈ ગયા હતા અનાજ નહોતું હજારો માણસો નિરાધાર હતા પહેરવાના વિભક્ત પોલૅંડમાં જુદાજુદા કાયદા હતા. દેશનું ચલણ (currency) એક નહોતું અને એની યે કીમત ઘટી ગઈ હતી પરંતુ કોઈ બનદુકની જેમ એ બધું એકી સાથે થઈ શકે એમ નહોતું

પિલસુદ્સ્કીએ ૧૯૧૮ની ૧૧મી નવેમ્બરે સમાજવાદી પક્ષની બહુમતી માટેનું પ્રધાનમંડળ નીમી, પાર્લામેન્ટની ચૂંટણીના કાયદા ઘડવાનું કામ એને સોંપ્યું નૂતન પોલૅંડની પાર્લામેન્ટમાં પ્રતિનિધિ મોકલવા માટે જાતીય ભેદ વિના આપુરુષોને સમાન હક્ક મળ્યા.

૧૯૧૯ની ૧૦મી ફેબ્રુઆરીની પાર્લામેન્ટની પહેલી બેઠકમાં પિલસુદ્સ્કીએ પોતાને સોંપાએલી બધી સત્તા પાછી સોંપી, પરંતુ પ્રજાસત્તાકનો નવો પ્રમુખ ચૂંટાયો ત્યાં સુધી એ પદ સાચવવાનો એને આગ્રહ કરવામાં આવ્યો. નવા પ્રમુખની ચૂંટણી થાય એ પહેલાં ગંભીર માંદે (૧૯૨૦માં) વિદાય થયો અને નવા પ્રમુખની ૧૯૨૨માં ચૂંટણી થઈ ત્યાં સુધી બધી સત્તા તેના જ હાથમાં રહી

સૈનિકની અંતિમ ઇચ્છા

અમે સૈનિકોએ જનનીચરણે આ શરીરને બલિદાને અર્પ્યું જીવનભર ઝૂમી સમરમાં. અગોરે, બેકુતો, જીવનધન અર્પી અહીં સૂતા, તમારી મહોલાતે—(અમર ધરતિદાસે કિરત જે) —દઈ પોકારે–'પરવશ વહ્યા ના નીર કદી વહી વિરલા ધેની જનમભૂમિમાં પ્રાણ પૂરતી' વિદેશીઓ આવી ગરવી તુજ ગાથા ભૂસવામાં મથ્યા અગ્નિઝાળે સતીસમ દીપે તું અપનથી ધરી શોભા રાચે જગતભરમાં એક મૂરતી.

અને છેલ્લી મારી ઉરધબકને એક મનખો હુંફાળા હૈયાને શિશુ સમયની હોશ પૂરવા, તહીં દાટો મારા વતનમહીં એકાન્ત કબરે સૂતેલી માતાના પદકમળની આરતી કરી રમુ કાવાન્તે યે ચરણરજ યે એ જ પદમાં.

હરિશ્ચન્દ્ર ભટ્ટ

નોંધ

સૌથી યે વધારે વર્ષોના પરચક્રમાંથી પોલૅંડને સ્વાધીનતા અપાવનાર માર્શલ પિલસુદ્સ્કીનું ૧૯૩૫માં અવસાન થયું એના દેશવાસીઓમાં એનું એટલું બધું માન હતું કે સ્વાભાવિક રીતે જ પોલૅંડની સંસ્કારિતાના કેન્દ્ર સમા પ્રાચીન રાજધાની જ ક્રેમેલના વાવેડના કિલ્લામાં વીર પૂર્વજોની સાથોસાથ દાટવાનું રાષ્ટ્રીય માન એને આપ્યું. પોતાના મરણ સમયે એણે ઇચ્છા બતાવેલી કે રાષ્ટ્રીય અસ્મિતાને માટે એના શરીરને વાવેલમાં દાટવું હોય તો યે એનું હૃદય તો વિસ્તુલા (Vistula) નદીના કિનારામાં એની માતાના પગ આગળ જ દાટવું વિસ્તુલા (Vistula) ભારતની ગંગા જેવી પોલૅંડની ઇતિહાસવિખ્યાત નદી

એ પછીના વર્ષો નૂતન પોલૅંડના ઘડતરના વર્ષો છે કેળવાએલા મધ્યમ વર્ગનો એ પ્રતિનિધિ હતો જમીનની માલિકી બાબતમાં જમીનદારોને બોગે એડુતોને અનુકૂળ સુધારા એણે દાખલ કરાવ્યા હતા શ્રમજીવીઓ તરફ રક્ષણની નીતિ એને પસંદ હતી કારખાનાના માલિકો તથા ધર્માચાર્યોનું દિલ ધરાવતો 'નૅશનલ ડેમોક્રેટ' તથા 'ક્રિશ્ચિયન ડેમોક્રેટ' પક્ષ હમેશા એનો વિરોધ કરતો સ્વાધીન સત્તાના નાગરિકો એકતાનો પાઠ શીખ્યા નહોતા પક્ષાપક્ષી એટલી હદ સુધી ગઈ હતી કે પ્રજાસત્તાકના નવા ચૂંટાએલા પ્રમુખ નારૂટોવીકસનું ૧૯૨૨માં ખૂન થયું એ કરુણ ઘટનાએ લોકોની આંખો ખોલી, પરંતુ વર્ષોની પરાધીન-

તામાં શોષાઇ ગરીબ થઈેલા દેશને કડક શાસન અને સ્વાર્થત્યાગ તથા આપભોગની જરૂર હતી. આવી સ્થિતિને પહોંચી વળવા વાતાવરણ અનુકૂળ નહોતું. એટલે પિલસુદ્સ્કીએ ૧૯૨૩ના મેની ૨૮મીએ રાજીનામું આપ્યું અને એના સૈનિકોએ આપેલા એક નાના બંગલામાં વૉરસૉથી થોડે દૂર આવેલા સુવેયોવેકમાં રહ્યો.

નિવૃત્તિના વર્ષોમાં દેશના રાજકારણીઓ સલાહ લેવા આવતા. દેશનું સુકાન એને જ સોંપવું જોઇએ એવું માનનારો વર્ગ પણ હતો. ૧૯૨૩–૨૫નાં વર્ષોમાં એક પછી એક ઘણાં પ્રધાનમંડળ રચાયાં. ૧૯૨૬ની શરૂઆતમાં દેશના ચલણની કીમત અર્ધોથી યે વધુ ઓછી થઇ અને આંતરરાષ્ટ્રીય સંબંધમાં પોલૅંડની આબરૂ રહી નહિ. કારોબારમાં લાંચરૂશ્વત વધી પડ્યાં હતાં અને લશ્કર પણ નબળું થઇ ગયું એવા અમલના ભણકારા આપતા હતા.

૧૨મી મે ૧૯૨૬ના દિવસે વૉરસૉની દિવાલો પર જાહેરનામા ચોડી પિલસુદ્સ્કીને સત્તા આપવાની સૂચના થતી હતી. 'ઘણું જીવો પિલસુદ્સ્કી'ના અવાજો કરતા લોકોના ટોળાં શહેરમા ફરતા હતાં. એ રાત્રે પિલસુદ્સ્કીના વફાદાર સૈનિકો એને આવીને મળ્યા. ૧૨ મી મેએ પિલસુદ્સ્કી વૉરસૉમા દાખલ થયો. પ્રમુખ વોઇશેહોફ્સ્કીને નવું પ્રધાનમંડળ રચવાની એણે સૂચના કરી પરંતુ એની અવગણના થતાં લશ્કરના બળે પોતાના હાથમાં (૧૫ મે ૧૯૨૬) સત્તા લીધી. પાર્લામેન્ટે ફરીથી એને જ બહુમતીથી પ્રમુખ ચૂંટ્યો, પરંતુ પ્રમુખપદ એણે લીધું નહિ એટલે વિજ્ઞાનના ક્ષેત્રમા સુપ્રસિદ્ધ એના મિત્ર મોસીસ્કીને પ્રમુખ ચૂંટવામાં આવ્યો. નવા પ્રધાનમડળમાં પિલસુદ્સ્કી વડો પ્રધાન અને યુદ્ધમંત્રી હતો. નવા કાયદા અને નવી યોજનાઓનો સૂત્રધાર તો પિલસુદ્સ્કી જ હતો.

રશિયા અને જર્મની સાથે આક્રમણ નહિ કરવાના દસ વર્ષના કરારોથી દેશને બહારથી સુરક્ષિત કરી એતી, ઉદ્યોગ અને કારખાનાંઓને ઉત્તેજન મળે એવા પ્રયત્નો કરી દેશની સર્વદેશીય ખીલવણીનો માર્ગ એણે ખુલ્લો કર્યો. સરમુખત્યાર થવાના અનુકૂળ પ્રસંગો છતાં હિટલર અને મુસૉલિનીની જેમ એણે લોકશાસન અભડાવ્યું નહિ. એના વિષે એક ઇતિહાસકારે લખ્યું છે, 'પિલસુદ્સ્કીનો ફાળો મોટા વિસ્તારનો નથી પરંતુ ચિરંજીવ છે. એણે એક રાષ્ટ્રનું સર્જન કર્યું. મહાયુદ્ધમાં વિજયી થએલા લોકશાસનના આદર્શમાં એ શ્રદ્ધાવાન હતો ફ્રૅંકલિનની જેમ એને સત્તાનો શોખ હતો, પરંતુ લાંબા વખત માટે સરમુખત્યાર થવામાં એને સંતોષ નહોતો. લોકશાસનવાળા પોલૅંડની એણે કાળજીપૂર્વકની પરિચર્યા અને સુશ્રૂષા કરી છે.'

બીજા એક કહ્યું છે, 'પિલસુદ્સ્કી એના દેશનો શિક્ષક હતો. દેશની સ્વાધીનતાના સ્વપ્નાં એણે સેવ્યાં અને પોતાના દેશને સ્વાધીન થએલો એણે જોયો એના જીવનમાં એનો પરાક્રમુખ થઇ વિચારવાના પ્રસંગો આવ્યા છે. અને તેથી જ આત્મવિશ્વાસ એ જન્મે છે. એની જીભમાં હૃદયની વ્યથા છતાં જીંદગીની શાંતિ એના મોં ઉપર દેખાઇ આવે છે. એણે એના દેશનો નવો અવતાર જોયો છે. એના દેશે જીવતાં શીખવાનું છે અને એ તરફ એ ધ્યાન આપી રહ્યો છે.'


પિલસુદ્સ્કીની પ્રેરણાથી ઘડાએલા નવા બંધારણમાં લોકશાસનના પ્રમુખમા કેંદ્રિત થતી સત્તાનું સ્વરૂપ ઘડેલું છે. ૧૯૩૫ની ૨૩મી એપ્રિલે પિલસુદ્સ્કીની લિજ્જતભરી રણગીતો ગાતાંગાતાં ભારે ઉત્સાહ અને આનંદમાં પાર્લામેન્ટે એ બંધારણ પસાર કર્યું એ બંધારણના પહેલા પ્રસ્તાવની બીજી કલમ રાષ્ટ્રની ઐતિહાસિક એકતાની સૂચક છે:

'પ્રજાના ઉત્તમોત્તમ પુત્રોના યત્ન અને કુરબાનીથી પુનર્જીવિત થએલું આ રાષ્ટ્ર ઐતિહાસિક વારસારૂપે પેઢી દર પેઢી સોંપવાનું છે.'


થોડા દિવસો પછી ૧૯૩૫ના ૧૨મી મેને રવિવારે એનું અવસાન થયું. પ્રાચીન રાજધાનીના શહેરમાં આવેલા વાવેલના કિલ્લામાં વીર પુરુષોની સાથે દફનાવવાનું બહુમાન પ્રજાએ એને આપ્યું, પરંતુ એની છેવટની ઇચ્છા પ્રમાણે એના માતૃવત્સલ હૃદયને, પિલ્નોમાં એની માતાના પગ આગળ દાટવામાં આવ્યું.

ગુલામીના વર્ષોમાં સ્વાધીનતાનો અગ્નિ જવલંત રાખનાર પોલૅંડના માતૃત્વને આથી વધારે સુભગ અંજલિ કયો પુત્ર આપે એમ હતું ? હરિકૃષ્ણ ભટ્ટ

(તાજેતરમાં બહાર પડનાર પુસ્તક પરથી તારવીને)



દાતણની ચીરીઓ વીણનારી (સમાજના નાયકા પુરાણા નવીનોની ચિત્રમાળા—૧૫) અ ઉમા બનીબાલ : નૂતન ૪૬



ઉલોધનું તળાવ

ફોટો - સૈયદ-પાલણપુર

BAI KABIBAI HINDU HIGH SCHOOL
BOMBAY.
ना विद्या वा विमुक्तये।

વનવગડાનાં વાસી



'છાણના કીડા'

ડંગ બીટલ્સ

'સલામ સા'બ. તમે આ કયા કરતા હૈ?'

'સલીમ અમે ભેંસકા છાણ ફેંકતા હૈ.'

મારો જવાબ સાંભળી એ ચાલ્યો જ ગયો. ન તો આગળ પૂછવાની એની હિંમત થાની કે ન એ પાછું જોવા ઊભો રહ્યો. ઊંધું માથું ઘાલીને પડ્યો રસ્તે. છતાં આગ પૂછવામાં એની અણઘટતી ઉતાવળનો વાંક ન હતો. તેમ મારા ઉત્તરમાં પણ અયથાર્થતા કે ઉપાલંભ ન હતો. બાર જનાળે, ચોરને કાંધ મારે એવે વખતે ધીખતી મહેતી પર પલાંઠી મારી, આગ જેવા ગોબાદાર (૧) માણસને નીરાંત જીવે છાણના ગોદણાં ફીંતો જોયા પ્રાણીને પણ કતૂહલ થાય. તેમાં યે આ પૂછનાર તો—અવારનવાર ચંડોળા પર ફરવા નહીં ઓટલે—પ્રાણિનિરીક્ષણના મારા શોખથી કંઈક પરિચિત હતો. છતાં મારી જિજ્ઞાસા આમ 'છાણ ફીંદ્યા' સુધીની હદથી પાછરીએ ઊતરી પડશે એની તો એ બીચારાને કલ્પના જ કયાંથી આવે?

શહેરના મહત્વાનથી તો ગામડાનાં વતની પણ છાણા થાપવાં ભૂલ્યા. છતાં હું શહેરમાં રહેનારો, પ્રતિષ્ઠિત મનાતો પુરુષ આવું પૃથ્વીતપાટક કાર્ય કરવા પ્રેરાયો! કદ થકો? પણ ચાલો અમારી અકાલ્પ્ય મિત્રતામાં શિથિલતા લાવનાર એ છાણ ફીંદવાનો મારો વ્યવસાય તમને નજરોનજર દેખાડું એની સારા-સારતાનો તોડ તમે જ કાઢો.

અનેક સ્થળે રખડું છું, પણ આ વિષયમાં મારા અવલોકનની પ્રધાન પ્રયોગશાળા તો ચંડોળા તળાવનો વિશાળ વિસ્તાર છે. કોનાળો આવે અને શાદઆવમનું તથા બજૂરીનાળું તળાવ મકાઈ જ્યાં ચંડોળાનું ગૌરવ પણ એના ગરમા ચુકાએલા પાણીથી ખંડિત થયું હોય, ત્યારે એની દક્ષિણાળી બાજુ પર ભેંસનાં ધણ પર ધણ ચરવા ઊતરી પડે. છાણના ઓટલા તો પોદળા પડે કે પગ મૂકવાનો માર્ગ પણ ભાગ્યે જ મળે. એવે વખતે છાણની ઝમથી આકર્ષાઈ આવેલા, એના રસાઇ તોબી વિવિધરંગી જીવડાંના આખો વિસ્તાર જોવા જેવું દૃશ્ય છે. જીવડાં તે 'ડંગ બીટલ્સ,' ગોમયકીટ, છાણ ખાઈ જીવનારાં (માખીની જાત, ગોકળગાય, અળસિયા વગેરેના વર્ગના) ક્ષુદ્ર જંતુ પ્રકૃતિનો બધો જ બંદોબસ્ત

---

૧ Disreputable ૨ Coleoptera

આ બીજો પોદળો. 'જુઓ, હું એને હલાવું છું. અંદરથી નાની બદામ જેવડાં શ્યામરંગી અનેક નાનાં ટુકડાં બહાર આવે છે. અહીં થોડીવાર બેસીએ.

આ 'બીટલ' જુઓ. છાણમાં જો ઘાલીને, શોધી-શોધીને એ સરસ મધ્યભાગ જુદો કાઢે છે. સૂપડા જેવાં વિચિત્ર જડબાંની અને પાવડા જેવા દૃઢ પગની મદદથી એ છાણની લાડુ જેવી ગોળી બનાવે છે.

ગોળી તો બની, પણ એના ભારથી તો એણે પીઠ ફેરવી. ન બની કે શું? ના ના; એણે તો ગોળી પર પાછલા લાંબા પગ ગોઠવ્યા. અરે, એ તો એને ધકેલવા માંડ્યો. પાછે પગે ચાલતો જાય અને ગોળીને આગળ ને આગળ ગબડાવતો જાય. પણ જશે કયાં? એના દૃગ્મા રહેતો.

એની જાતનાં બીટલ બધા જ છાણની આવી ગોળીઓ બનાવે. કોઇ નાની, કોઇ મોટી. કોઈની તો એમના દેહથી યે બમણી ભારે. બધાનો એક જ ઉદ્દેશ: હાથમાં આવેલું છાણ વેડફાઇ જવા ન દેતા એમાંથી બને તેટલા 'લાડુ' બનાવી, એનાથી દરની બખોલો ભરી દેવી. પછી હેઠે દૈયે અકરાંતિયાપણે એ લાડુ પર હાથ મારવો. અજબ કહેવાય! હું બેઠો છું છતા એ ગભરાતો નથી. છાણમાંથી લાડુ વાળી એને દરમા પધરાવવા સારૂ રગડાવવાની ક્રિયામા જ એનુ અશેષ ચિત્ત પરોવાએલું છે.

જરા ગમ્મત કરીએ. બીસામાંથી ચપ્પુ કાઢી હું એ ગોળીનો બે ફડશો કરૂ છું. ભારે થઇ. બીટલનો જીવ હાથમા નથી રહેતો. અદ્ધર જીવે, પાછલા પગે એક અને આગલા પગે બીજુ એમ બંને અડધિયા ભેગા કરી સાધવા એ ખેંચતાણ કરે છે. એની વહારે બીજો આવ્યો. બંનેના ભેગા પરિજાણ્યા લાડુ સંધાયો તો ખરો.

હવે જુઓ. હું એ લાડુ આખો ઉપાડી લઉ છું. અરરર! આ તો નૃશંસવૃત્તિ! બિચારા અસહાય જંતુ પર આવડો જુલમ! કેવડો ગભરાટ! શી મૂંઝવણ! અદ્દીતદી, પણે બધે એ શોધતો ફરે છે; છાણના પોદળામાં પણ ઉથલપાથલ કરી મૂકે છે; તો યે એનો ખોવાએલો લાડુ જડતો નથી. ભારે આપદા. ગોગોણી શોધવામાં એટલો તો મશગૂલ છે કે છાની આગળ પડેલા છાણમાંથી નવો લાડુ બનાવી લેવાનું પણ એને સૂઝતું નથી. દયાનો પ્રેરાયો હું એનો લાડુ પાછો આપું છું. ખુશખુશાલ!

પણ મારી કુતૂહલવૃત્તિ હજુ સંતુષ્ટ નથી થઇ; એટલે એના માર્ગની વચ્ચે મોટું રોડું જમાવી દઉ છું. લાડુની પુનઃપ્રાપ્તિથી આનંદઘેલો એ દડબા દડબડ લાડુ દોડાવતો ત્યાં આવી પહોંચે છે. વચ્ચે ભયાનક 'ડુંગર' જોવા છતાં એને સંક્ષોભ નથી થતો. પ્રથમ તો 'પહાડ' પર થઇને લાડુ ચડાવી લઇ જવાનો પ્રયત્ન કરી જોયો, પણ નકામો. એટલે લાડુ હેઠો મૂકી એણે રોડાની પ્રદક્ષિણા કરવા માંડી. ચારે તરફ ભમી રહ્યા પછી એને ખબર પડે છે કે આ રોડાને ફરતો ચકરાવો લીધા વિના છુટકો નથી. આ નિશ્ચય થયો કે બસ. તરત દોડો રેડવતો એ આ પહાડની પડકમા કરી પાછો આગળ વધે છે.

હજુ એક વખત એની સત્ત્વપરીક્ષા કરી જોઇએ. હું એને ઉપાડું છું. લાડુ છીનવી નથી લેતો, પણ લાડુ સહિત જ એને, એ જતો હતો તેથી ઉલટી દિશામાં ગોઠવી મૂકું છું. પરિમિત દૃષ્ટિવાળો એ આડે રસ્તે ચડી જશે? ના. એની સ્થૂલ દૃષ્ટિ ભલે સંકુચિત હોય, પણ એની આંતરદૃષ્ટિ અતિ વિશાળ છે. જોતજોતામા એ પાછો ફરે છે. એની આંખો જોઇ શકતી નથી, છતાં એની ગૂઢ જ્ઞાનદૃષ્ટિથી ક્ષણમાં નિશ્ચય કરી બૂલેલો પંથ તજીને અસલને પથે ચડી જાય છે!

ભાંગેલો દડો સાંધવાનું, દડો શોધવા રખડવાનું, આડે આવતા નડતરની પાર જવાનું, ભૂલેલી દિશાએ ફરી ચડવાનું એને આવડે છે. આ બધી ક્રિયાઓમાં દરમાં લાડુ પહોંચતો કરવાની એની એકાન્તિક 'ધૂન' સ્પષ્ટ દેખાય છે. છતાં નવાઇની વાત તો એ છે કે લાડુ ખોવાય અને છાની પર છાણ પડ્યું હોય છતાં 'નવો' લાડુ બનાવી લેવાનું એને સૂઝતું નથી. ગએલું એ શોધી શકે છે, ભાંગેલું સાધી શકે છે, અનુકૂળ અને પ્રતિકૂળ એ પારખી શકે છે, પણ 'શોધવાની' ધૂનમાં એ નવો લાડુ 'વાળી' શકતો નથી! અજબ છેને! એનામાં સ્વયંભૂવૃત્તિ[૩] છે: વિવેકદૃષ્ટિ[૪] નથી દેખાતી.

આ બીજો પોદળો જોઇએ: ઉઘાડીને તપાસતાં પણ

---

૩ Instinct

૪ Intelligence

એમાથી 'લાડુ' બનાવનાર કોણ એ ખ્યાલ નજરે નથી પડતો કારણ? પેલામા અનેક અને એની અડોઅડ પડેલા આમા એક પણ નહિ? આ છાણ તાજુ નરમ છે પેલું જરા કઠણ થઇ સુકાણુ છે નરમ છાણનો લાડુ વળે નહિ, જેમતેમ વાળે તો રેડવતા ફાવે નહિ એથી જ એને કંઇક ઘટ્ટ છાણ ગમે છે એટલે એને આ નરમ, આ કઠણ આ સુકાતુ આ કઠોર, આ ઘટ્ટ, આ બરડ આ ઢકાએલુ આ ખુલ્લ એવા ભેદ પારખવાની પણ નૈસર્ગિક શક્તિ મળી છે. આને આવડત કહેો, અભ્યાસ કહેો, આનુવંશિક સા દ્રષ્ટિક વૃત્તિ કહેો કે બુદ્ધિ કહેો પણ એના પ્રત્યેક આચરણમા નિયમિતતા, અનુક્રમ અને સપ્રાણના દર્શન દેખાય છે એની પ્રત્યેક ક્રિયા ચેતનવતી છે લાડુ રેડવતા એને જ્યારે પ્રસ્તાવ નડે છે ત્યારે એ શાંતિથી સૂક્ષ્મ નજરે, ખૂબ શ્રમપૂર્વક એની વિટંબણા તપાસે છે, એની પરીક્ષા કર છે અને એનો તોડ કાઢવાના પ્રયત્ન કરવામા સફળતા મેળવે છે.

સામાન્ય રીતે લાડુ વાળનારનું કાર્ય માદાનું છે, છતા એને રેડવામા નર પણ સાથેદાર હોય છે કદી કદી એકાદ ગીબળમોર મદદને બદાને આવીને કામે લાગે છે અને લાગ મળે કે લાડુ લઇને જવાના થઇ જાય છે અને પેસ્તો આદિ પુરુષાર્થી રઝળતો રહી જાય છે કદીક બે જણ એક લાડુ માટે લડતા હોય ત્યા ત્રીજો કોઇ વચ્ચેથી તફડંચી કરી જાય પણ ખરો એનું ચાલે ત્યા સુધી તો એ વજનદાર લાડુ શાંતિથી એનો લાડુ લઇ જાય છે, પણ જરૂર પડે તો સામી છાતીએ લડવાને પણ તૈયાર જ હોય છે

આ જીવડા છે પણ ભારે નીડર એક જ દૃષ્ટાન્ત આપુ. એક વખત ઊનાગામા કાળુપુર જંક્શનમાં થઇને હું અસારવા તરફ જતો હતો રેલના પાટેપાટે ચાલતા આગળ શંગિ ઘાંડ આવે છે ત્યા લાઇનની અડોઅડ અન્ધુ કાચુ પાકુ હાથભરનુ અડાયુ છાણ પડ્યુ હતું એમાથી કુશળતાપૂર્વક બનાવેલો વાડવો મહેનતના થઇ જતા બે ઘીટલ મારા જોવામા આ યા એમનુ ઘર બરાબર સોદાની રેલની નીચે એમના નસીબે આ સ્થળે મેગ્લ ન હતો એગ્લે ઘર બોલ્યા તો એમને મહેનત ન પડેવી, પણ માથા પર ભારે જ વૈત ઉપર આખો દિવસ અને રાત આવતાજતા ભારે એન્જિનો ગરી ડબાનો અવિરત ગડગડાટ ચાલુ રહેતો આ આ ચપળ અને ક્રમજ્ઞ જતુઓ સ્થિરવૃત્તિના ન એથી ઉપરોક્ત થયો કે ન એમની કાર્યાગપદ્ધતામા નિક્ષેપ આવતો ત્યાર પછી તો જતા આવતા, રેલના પાટા સામે ગોઠીને એમના આદારોત્પાદના ઉદ્યોગને અવલોકવાનો મારો નિયમ જ થઇ ગયો છે, પણ બાલ્ય ઉપદ્રવોથી નમ્ર થતા અને ક્રિયાભંગ કરતા મેં એમને કદી જોયા નથી

પણ આ જગી ક્રમાન શા માટે? છાણ એમ ને એમ નથી ખવાતુ - આ લાડુ વાળવાની ખરી વહોરી લીધી? કેટલાક તદ્વિદોએ આ સમસ્યાનો ઉકેલ એવી રીતે કાઢ્યો છે કે લાડુ બનાવવાની ક્રિયા માં ની છે તે મકાગણ છે દરેક લાડુની વચ્ચોવચ માદા એકેક ઇંડુ મૂકી દે છે એટલે જેવો ઈંડામાથી કીડો નીકળ્યો કે ભોજન પ્રાપ્તી ઉપર જ હોય પણ આ સખ્ય લાડુ ભાગી નીકળતા દરેકમા ઇંડુ જોવા મા આવતું નથી માત્ર દરમા બાકીના લાડુની વચ્ચે નજરે પડતા એક બાજુ બનાવના ભોગ લાડુમા જ એ ઇંડા જોવામા આવે છે ખરી વાત તો એ છે કે આ જંતુના જોની રચના જ એવી છે કે એ નાથી કશું પકડી શકાતુ નથી એટલે છાણ સુકાઇ જાય ત્યાર પહેલા એનો ભડાર ભરી લેવા લાડુ બનાવી લીધા વિના બીજો કોઇ રસ્તો નથી

આ તો સુકાતા છાણની વાત થઇ પણ લીલા છાણના શુ? એના લાડુ તો ગમે તેટલા સારે એ સુકાય ત્યા સુધી ભેગા રહેવાના? ના એનો પણ તોડ કુદરતે કાઢ્યો છે જેવા આ સુકાતા છાણને ખાનારા જીવન છે, તેવી રીતે લીલા છાણને વળે પાડનાર જીવનનો પણ અન્ય વર્ગ છે લીલા લચ રચના છાણમા જે એ જોડાજોડી મદદ છે જેમને લાડવા બનાવવાની ખટપટ જ ગમતી નથી જેવો તાજા નરમ છાણના પોદળો દાબ લાગ્યો કે મારે કુદકી છાણમા થઇ એને તળિયે પહોચી જાય અને જગોજગ પોલાણો નીચે જમીનમા ઘર કરી, લીલ છાણની રખાગે ભરી નાખે ખાતા ખાતા છાણ ખૂટ્યુ કે તરત ઉપર ચઢી આવતા અને છાણ ખેંચી લાવતા વાર કેટલી? પ્રકૃતિનો કેટલો અદ્ભુત શ્રમવિભાગ?

છાણના આવા નીકાલનો પ્રશ્ન તાજા ખેડૂતને

'ઓહો! આ રસ્તે ક્યાં આવ્યા? કેદારજીનો રસ્તો તો પેલી તરફ રહ્યો. આ રસ્તો તમને નેપાળની સરહદે લઈ જશે; અને તે પણ ભારે કલેજાનો છે. આ રસ્તે તો ભોટિયા જ આવે જાય. રાહગીર માટે આ રસ્તો બરાબર નથી.'

'ત્યારે? ગામ બતાવોને? ત્યાં જઈને સાચે રસ્તે ચડી જઈશ.'

બેએક મિનિટ પેલા ચૂપ રહ્યા. 'ગમ કરો; અહીંથી સામે દેખાય તે ટેકરીની બાજુમાં એક સાધુ રહે છે. એ દર વરસે કેદારનાથની જાત્રા કરે છે તેમને બધી માહિતી છે. એ બધું બતાવશે.' તેમણે કહ્યું.

મને ગામ કરતાં આ વાત વધારે રૂચી. સાધુ બિચારો ઉપયોગી સૂચના આપી શકશે. એ મારો જૂનો અનુભવ હતો કે દેશના ખરા ભોમિયા સાધુઓ જ હોય છે.

'હાશ'નો એક લાંબો શ્વાસ કાઢીને ચાલતો થયો.

ટેકરી નજીક જ દેખાતી હતી. પણ પહોંચતા પહોંચતાં દમ નીકળી ગયો.

ટેકરીના ચેટાળમાં આછી આછી ઝાડની ઘટા હતી. ચારે બાજુ નજર ફેરવી. સાધુજીની કુટિર દેખાઈ નહિ. છેક નીચે ગયો. નાના ઝરણા વહતા ઝરણાને કિનારે આવ્યો. શોધ કરી. સાધુજી મળ્યા નહિ. છેવટે સાધુના નામની બૂમ મારી. બેચાર બરાડા પાડ્યા. જવાબ મળ્યો નહિ. પીઠ પાછળ ખોખારાનો અવાજ સંભળાયો. એ તરફ વળ્યો. થોડે જ દૂર બે મોટા પત્થર પાસે સાધુજી બેઠા હતા. પ્રણામ કરીને ઊભો રહ્યો.

'બૈઠો.' ધીમે સ્વરે સાધુજી બોલ્યા.

'કયોં બાબાજી! સ્વાસ્થ્ય ઠીક નહીં હૈ?' મેં પૂછ્યું.

'આજ એક મહિનેસે બીમાર હૂં. ક્યા કરે? શરીર હી તો આત્માકા કારોબાર હૈ ન?' હું ચૂપ રહ્યો

'કહાં સે આતે હૈ, બાબ?' સાધુજીએ પૂછ્યું.

'આલમોડાથી.'

'કહાં જાઓગે?'

'નેપાળ જવું છે.'

'નેપાળ? કેમ?'

'બસ, મુસાફરી કરવા જ.'

'આ રસ્તો કોણે બતાવ્યો?'

'હું તો અહીં અડે આવું છું, મહારાજ!'

'બ્રાહ્મણ છો?'

'જી હાં.'

'વાહ. બે ચાર દિવસ અહીં રોકાઓ. હું બધો રસ્તો બતાવીશ.'

આટલી ટૂંકી વાતમાં હું સાધુનો ભલો સ્વભાવ જોઈ શક્યો.

સાધુજી બીમાર હતા. વાત વાતમાં ઉપરસના ઠસકાથી ફેફસાં કૂણી જતાં. શરીર કૃશ થઈ ગયું હતું. આંખો ઊંડી બેસી ગયેલી.

'ભૂખ લાગી છે?' સાધુજીએ પૂછ્યું.

'લાગી તો છે.' મેં કહ્યું.

'લોટ તો છે નહિ. ચલાતું નથી ને ગામમાં જવાતું નથી. બેત્રણ દિવસે કોઈ આવી જાય છે અને અનાજ-પાણી મળી જાય છે. ચોખા છે; પકાવો.'

પિત્તળનો ઘડો લઈને હું ઝરણામાંથી પાણી ભરી લાવ્યો. ઍલ્યુમીનિયમની દાંડીમાં ચોખા પકાવ્યા. સૂરજ આથમી ગયો. સાધુજી 'ભજગોવિંદમ્' ગાવા લાગ્યા. શાંત ચિત્તે હું પાસે બેસી રહ્યો. તેમના મંદ અને ઘેરા અવાજનાં આંદોલનો સંધ્યાની અલૌકિક શાંતિમાં ભળી જતાં હતાં. એનો ધ્વનિ ચિત્તમાં ચૈન ભરતો હતો. ભજનની ખરી મજા મેં અહીં અનુભવી.

સંધ્યા ઓસરી ગઈ. આખું અંધારું ઊતરી આવ્યું

ચોખા તૈયાર કર્યા. સાધુજીએ મને થોડો ગોળ આપ્યો. પોતે ખાલી ભાત જ લીધા. ગોળ ખૂબ મીઠો લાગ્યો. જમીને પરવારી ગયા.

મોડી રાત સુધી સાધુજી સાથે વાતો થઈ. તેમણે લાગણીપૂર્વક બળાપો કાઢ્યો કે લોકો જીવનની કીમત સમજતા જ નથી. દાયચાલાઈનો એકાદ ખેલ બતાવનાર જાદુગરનો તમાશો જોઈને લોકો ખુશાખુશ થઈ જાય છે. એ ચાલાકીનું જાદુ કોઈ જાણી લે તો તો વળી ફુલાઈ બેસે છે. પણ આ જગતને તો કોઈ જોતું જ નથી. કેવું અથાગ જાદુ! કેવી વિચિત્ર ક્રમબદ્ધ ક્રિયા! અરે, આપણું માનવ જીવન તો જુઓ! શું કરો? શા માટે આવું કરો? આ કોઈને જાણવું તો દૂર રહ્યું. પણ વિચારવું યે સૂઝતું નથી. માણસોનો આ યુગ, કહે છે કે વિજ્ઞાનનો છે. ઉન્નતિનો છે. પણ સાચું તો કૃત્રિમ જીવનનો જમાનો છે. કુદરત ની દુનિયા તો અનહદ સુખથી ભરી છે. જ્યારે આ કૃત્રિમ દુનિયામાં દુઃખ, દુઃખ ને દુઃખ જગતનાં બધા માણસોને

પૂછી જોજો ! કોઇને યે સુખનો સતોષ છે ? ક્યાંથી હોય ? કૃત્રિમ જીવનવ્યવહારમા સુખ હોય જ શાનુ ?

આમ ઘણુ વણુ કહ્યા બાદ સાધુજીએ કહ્યુ 'માણસ કુદરત પ્રતિ પાછો નહિ ફરે ત્યા સુધી જગતમા શાતિ નથી સુખ નથી, આનદ ને ઉપભોગ પણ નથી'

મને તો કઇ બોલવા જ ન દીધો સાધુજી કેમ જાણે પોતાના ગત જીવનને તિરસ્કારતા હોય તેમ વગળ બદતા ગયા

સૂતા અને સવાર પડયુ હું ઊઠીને શૌચ જઇ આવ્યો સાધુજી સૂતા જ હતા સૂરજ ઊગવાની તૈયારી થત સાધુજીએ પથારીમા પડયાપડયા મને બોલાવ્યો તથા પાસે બેસવા કહ્યુ.

'કેમ ઠીક નથી ?' મેં પૂછ્યુ

'જગ તાર જેવુ છે' સાધુજી બોલ્યા

હાથ જોગો, કપાળે હાથ મૂકયો સાધુજીનુ શરીર સારી રીતે તપતુ હતુ, નાડી સ્થિર હતી

'તાવ તો સારી પેઠે છે પણ નાડી બરાબર છે' મેં કહ્યુ

'એ જ મૃત્યુનુ ચિહ્ન છે' સાધુજીએ કહ્યુ

હું સ્તબ્ધ થઇ ગયો સાધુજી બોલ્યા 'બેટા ! તારા મનોભાવ હુ સમજી ગયો છુ પણ અફસોસ ! હુ થોડા કલાકોનો જ મહેમાન છુ પ્રભુએ મારી અત્યેષ્ટિ માટે જ તને અહીં મોકલ્યો છે' કહેતાકહેતા ઉધરસ આવી અને આંખો લાલ થઈ ગઈ

પાચેક પળ પછી શાતિ વળી અને કહ્યુ 'ભાઇ, મારી સાઠ વર્ષની ઉમર છે, પણ પચાસ જોતે ગયા દસ જ વર્ષ જીવ્યો છુ લાકોની નજરે પચાસ વર્ષનું જીવન મે સુખે ગાળ્યુ છે સવા સો રૂપિયાનો મરકારી અમલદાર હતો એ મસ્તીનો મદ ! અગ્ગર ! કેવુ ઘોર નર્ક ! બોલ ! એ યાદ કરું છુ અને ધ્રુજુ છુ એક દિવસે ઇકલાવ્ય એક વાચક બાબો આવ્યો તેણે 'ભજ ગોવિન્દમ્' ગાવા માડયુ બીજી કલ્પક મને ગમી અને પૂરું સાભળ્યુ મારા જીવનમા એ મહામથી ઘડી હતી પૂરું સાભળી રહ્યા અને બીજી કલ્પક વિસરી ગયો શકર ભગવાનના એ ઉપદેશની ચોટથી ઘાયલ થઇ ગયો પછી તો બીજી જ ગતે ગધાની રટન લીધી, મનુષ્યને મારવુ છોડયુ અને હિમાલયનો રાહ પકડયો છેલ્લા દસ વરસથી આ જ કુટિરમા વસુ છુ. માણસોની દુનિયા છોડી ઇશ્વરી દુનિયામાં આવી વસ્યો અરેરે ! હવે તો છેલ્લી ઘડીઓ છે પ્રેમ, પ્રેમ, પ્રેમ, હા પ્રેમ ! ઓહ !

સાધુજીએ આખો મીંચી દીધી મને તો ડર લાગ્યો કે સાધુજી ઠંડા થઇ ગયા કે શુ ? નાડી જોઇ તો ધબકતી હતી

બપોર સુધી એમ જ પડી રહ્યા હું પણ પાસે જ બેસી રહ્યો આખ ખોલી ત્યારે હું પાસે જ હતો બે પળ સામે જોઇ રહ્યા

'બેટા ! ચાલવ પકાવ' સાધુજી બોલ્યા

'આપને ઠીક નથી કહો તો ગામમા બીજુ કઇ મળે તો વધ આવુ રસ્તો બતાવો' મેં કહ્યુ

'ના ભાઇ કયાંયે નથી જવુ ચાલવ પકાવ હું જગીશ'

મેં ચોખા ગણ્યા બેએક રૂપિયા ભાર સાધુજી એ બાધા

પછી તો આખો દિવસ શાતિથી પસાર થયો રાત પણ સુખથી વીતી

સવારમા ફરી સાધુજીની એ જ સ્થિતિ હતી શાતિ વધી હતી મને પાસે બોલાવીને બોલવા માડયા

'ભાઇ, પ્રેમની દુનિયા તો મેં અહીં જોઇ અરેરે' આપણી દુષ્ટ વૃત્તિઓનો પ્રતિભાવ જ અન્ય પ્રાણીઓમા જાગે છે. બોદ્ધધુરક જેમ બોદ્ધકણને ખેંચે છે તે જ રીતે આપણા ભાવો એ જ રૂપમા જગતને ખેંચે છે આકર્ષણનું નામ પ્રેમ અરેરે ! દુનિયા ના લોકો કોને પ્રેમ કહે છે ? વાસનાને, મોહને, ઇદ્રિયાસક્તિને ! પ્રેમ તો મેં અનુભવ્યો કુદરતને ખોળે ભાઇ, શિયાળાની ઠંડીમા હું આખી રાત ધૂણી રાખતો એક તરફ પડી રહેતો ઘણી વખત વાઘ મારી પાસે જ પડી રહીને ધૂણીની ઉષ્મા રાત ગાળીને જતો રહેતો ચારચાર આખો તો સેંકડો વાર થઇ જતી

બેટા ! તું સપત્તિના મોહમા ન પડીશ પ્રકૃતિ સાથે ગમતા જીવનો મોહ ન રાખીશ શરીર અને ચેતનનો સબધ એ જ જીવન નથી જીવન તો અનત છે શરીર એ તો સાધન છે એ જતુ તો બીજુ મળે પણ વખત ગયો નહિ મળે સાહસ એ મનુષ્ય જીવનને અમલી બક્ષિશ છે એથી જ યુરોપીય પ્રજા કહેવાતુ સ્વર્ગ ભોગવે છે પણ એ જડ માદમ છે ખતા એનુ ફળ કેવુ સુખકર ! મને તારી ઉમરમા સૂઝયુ હોત, તો હું ઓળી વહને જગતને ખુદી વગત

ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ સુધી વિહરત. વિવિધ દેશ, વિવિધ પ્રાણી, વિવિધ પ્રકાર ને વિવિધ જીવન! એમાંથી જ આ અનંત જીવનને જાણવાનો પ્રથમ પાઠ મળે છે. દસ જ વર્ષ જીવ્યો, ભાઈ, હું તો દસ જ વર્ષ જીવ્યો!'

સાધુજીએ ઊંડો શ્વાસ લીધો. 'હરિ ૐ' કહીને આંખો મીંચી દીધી.

મને જેટલું સ્મૃતિમાં રહ્યું છે એ જ ટૂંકમાં લખ્યું છું. સાધુજીએ મર્મસ્પર્શી વાણીમા ઘણું સુંદર કહ્યું હતુ.

પાણી માગ્યું. આપ્યું. થોડું પીધું. સાધુજીનું મો કંઈક ફિક્કું પડતું લાગ્યું. બેત્રણ વાર બળ કર્યો પછી બોલ્યા:

'ભાઈ, બેએક કલાકથી વધારે મારું જીવન નહિ લંબાય. આ ઝરણાને કાંઠે જ મારી ચેહ રચજો. દિલ્હીમાં મારું કુટુંબ છે તેને ખબર આપજો. હવે નથી બોલી શકાતુ. ઘૂમજો, ભટકજો, રખડાય એટલું રખડજો. આપોઆપ તને જ્ઞાનની દિશા મળશે. સ્વતંત્રતાની કિમત કોઈ નથી સમજતુ. પોતાની જાતને પ્રત્યેક બંધનમાંથી મુક્ત કરવી એ જ સ્વતંત્રતા. ભાઈ, તુ સ્વતંત્ર બનજે.'

ફરી 'હરિ ૐ' કહીને સાધુજીએ આંખો ઉપર હાથ મૂકી દીધા. મેં હાથની નાડી જોઈ તૂટતી જણાઈ. મૃત્યુ વખતની નાડી જોવાનો મારો આ પ્રથમ પ્રસંગ હતો. એ વિષે આયુર્વેદના પુસ્તકોમાં વાંચેલું ખરું. બેત્રણ વખત નાડી થંભી ગઈ ને ગતિમા આવી. સાધુજીએ ઊંડો શ્વાસ લીધો. 'ૐ' કહીને ડચકું ખાધું. બસ, એક બે ને ત્રણ ડચકાં! સાધુજીએ પ્રાણ વિસર્જન કર્યો.

સૂરજ રાશવા ઉપર ચડ્યો હતો. ચારે તરફ પ્રચંડકાય પહાડરાશિ અને વનરાજિ. બધું શૂન્ય બની ગયું. વાતાવરણ ગંભીર ભાસ્યું. સાધુજી મડદા રૂપે પડ્યા છે, એ ખ્યાલ આવતાં જ કંપારી છૂટી. તરત જ 'અરે, કંઈ નહિ' બોલીને સચેત બન્યો.

ચેતનહીન દેહ કેવો ભયંકર! કેવો કુરૂપ! બે ક્ષણ પહેલાં જે સાથી હતા, તે ચેતન જતાં ભયરૂપ થઈ પડ્યા.

પ્રસંગ આવ્યા પછી જ એને સહન કરવાની શક્તિ આવે છે. પહેલેથી એ શક્તિ કેળવી શકાતી જ નથી. મડદાનું નામ સાંભળીને કરતાંયે હું આજે મડદા પાસે બેઠો હતો.

લાકડાં એકઠાં કર્યાં. મૃતદેહ ગોઠવ્યો. ચામ મઢ્યા. લાકડાં સળગ્યાં તો ખરાં પણ એક તરફથી એક પડખે બળી રહ્યાં ત્યારે બીજી તરફ શરૂઆત થઈ. ત્યાં બીજાં લાકડાં મૂકયાં. એમ સાંજ સુધી કર્યાં કર્યું કાશીમા હતો ત્યારે એક વિદ્યાર્થીને અગ્નિદાહ દેવાનો પ્રસંગ મળેલો. તે અનુભવે ચિતારચનામાં કંઈક મદદ કરી, નહિ તો હેરાન થઈ જાત.

દેહની ભયંકરતા જોઈને હું તો કમકમી ઊઠ્યો. ઉપરની ચામડી બળી ગયા પછીનું સ્વરૂપ તો મહા ભયંકર. એ વર્ણન કરવું પણ નથી ગમતું છતાં મને તો એ પ્રસંગે ઘણું ધૈર્ય આપ્યું.

સાજ થતાંથતાં દેહ ભસ્મ થઈ ગયો. રાખ ઝરણામાં તરતી દીધી.

સૂરજ આથમવાને થોડી જ વાર હતી. ભૂલ થઈ કે ગામનું કંઈ પૂછ્યું નહિ. અહેં અહેં ચાલ્યો. મહામુસ્કેલીએ પચીસેક ઘરનું ગામ શોધી કાઢ્યું. સાધુજીના મૃત્યુ સમાચાર સાંભળી ગામનાં બધાં કકળાટ કરવા લાગ્યાં.

બીજે દિવસે હું દિલ્હી પહોંચવા પાછો ફર્યો. મારે સાધુજીના કુટુંબને ખબર આપવા હતા. સાધુજીએ સરનામું લખાવી દીધું હતું.

દિલ્હી ગયો. મહામુસ્કેલીએ કુટુંબ શોધ્યું. સાધુજીના પુત્ર પોસ્ટ ઑફિસમાં નોકરી કરતા હતા. નાના પુત્ર વકીલ હતા. તેમણે મારો ખૂબ સત્કાર કર્યો.

આજ સાધુજીની એ કુટિર ભૂલાતી નથી. તેમના અલ્પ ઉપદેશે જે પરિણામ અને પ્રભાવ જન્માવ્યાં, તે કદાચ ગ્રંથોના પઠનથી કે પ્રયત્નથી પ્રાપ્ત ન થઈ શકયાં હોત. એમના જ પ્રતાપથી મેં ભયંકર સાહસ ખેડ્યાં છે. મૃત્યુને હસી કાઢીને રમતો રમ્યો છું. મદારી જેવીને આનંદ મેળવ્યો છે.

મારી એ સાહસયાત્રાનું પ્રયાણ પ્રારંભું તેનું આ મંગલાચરણ!

(ચાલુ) જીવરામ જોષી

નાણું

એની અજબ કથા

આજે આપણે કોઇ પણ જણસની કીમત બહુ જ સહેલાઇથી મૂકી શકીએ છીએ; કારણ કે આપણી પાસે તે માટે નાણાનું ધોરણ છે. સોય અને સાવરણીથી માંડી મોટરગાડી કે મોટી મહેલાતો સુધીની વસ્તુઓ માટે પણ આપણે અંદેશા વગર કહી નાખીએ કે તેની અમુક સંખ્યાની કીમત અમુક થશે. અને નાણાનું એ ચલણ આજની આપણી સંસ્કૃતિમાં એટલું અગત્યનું છે કે તેના વિના એનું ધડતર લગભગ જ બની જાય.

છતાં જાણીને નવાઇ લાગશે કે દુનિયામાં એક વખત એવો હતો જ્યારે નાણાનો કશો ઉપયોગ નહતો માણસો પોતાને જોઇતી ચીજો જાતે જ પેદા કરી લેતા; જાતે ન બની શકે કે ન મેળવી શકાય તેવી બહુ જરૂરની ચીજો પરસ્પરના સહકારથી સાધી લેતા: અને આ સહકારને તેઓ ઈશ્વરની સેવા અને સમાજના શ્રેય તરીકે ગણતા.

પણ જેમજેમ માણસ 'સુધરતો' ગયો તેમતેમ તેને અમુક વસ્તુઓની જરૂર તો કાયમ રહેતી ગઇ ને ઘણી વખત પરસ્પર અદલોબદલો કે સહકાર કરવા ઇચ્છતા માણસને સામે એવો બીજો શોધતા મુશ્કેલી નડતી ગઇ. જરૂરિયાતોનું ક્ષેત્ર જેમ વિસ્તર્યું તેમ એ મુશ્કેલીઓ પણ વધી. આથી અંતે માણસે વિચાર્યું કે એક એવું ધોરણ નક્કી કરવું કે જે સૌને રૂચે, જેની કીમતમાં ફેરફાર ન થાય ને જે બધા પ્રકારના માલ માટે અદલામાં આપી શકાય.


દુનિયા આખી ત્યારે પ્રાથમિક અવસ્થામાં જ જીવતી. એટલે એ વેળાના માણસે તો કોડીઓ, સૂકવેલી માછલીઓ, સોયો ને બાલો જેવી ચીજો આ મુશ્કેલીના તોડ રૂપે શોધી કાઢી, જે હજી આજ પણ સંસ્કૃતિથી અસ્પૃષ્ટ રહેલા કેટલાક લોકોમાં ચાલુ છે.

એથી કંઇક વિકસિત બનેલી જાતોએ એ માટે ઢોર અને પાછળથી ગુલામોનો ઉપયોગ કરવા માંડયો; પણ છેવટે સૌથી સંસ્કૃત જાતે ધાતુનાં નાણાંની શોધ હાથ કરી. ધાતુને ચાહે તે આકારમાં કાપી શકાય છે ને તેના પર ગમે તેવી છાપ મારી શકાય છે એ તેના જાણવામાં આવ્યું ને તેણે અખતરારૂપે એ અમલમાં મૂક્યું.

કહેવાની જરૂર નથી કે પ્રાથમિક દશામાંથી બહાર આવી પોતાની સૌ પ્રથમ સંસ્કૃતિ ફેલાવનાર એ જાતિ તે આર્ય જાતિ હતી. જીવનનું વહેણ સમધારૂં રાખવા વિનિમયનો આખો પ્રકાર તેણે ઉલટાવી નાખ્યો. નવાઇ જેવું તો એ છે કે તેણે સૌ પ્રથમ જે ધાતુ વિનિમય માટે વાપરવાની શરૂઆત કરી હતી એ સોનું હતું. જુદીજુદી કીમત અંકિત કરેલા સિક્કા તેણે જ માનવઇતિહાસમાં પહેલા પાડયા. ઠેઠ ઋગ્વેદના સમયમાં એ સિક્કાઓ માટેના 'નિષ્ક', 'રંજત,' 'હિરણ્ય' વગેરે શબ્દો મળી આવે છે. મહાભારત અને મનુના જમાના સુધી તો ભારતવર્ષમાં એકલા સોનાના સિક્કાઓનું જ ચલણ રહેલું.

પણ બાકીનું ઘણુંખરૂં જગત ત્યારે જંગલી અવસ્થામાંથી ભાગ્યે જ ઊંચું આવેલું જગતના ડહાપણનો ભાર આજે પોતાને માથે લઈ ફરતા યુરોપના ત્યારના નિવાસીઓ તો ત્યારે ગુફાઓની વચ્ચે રહી વનમાનવોની જિંદગી ગુજારતા. વિનિમયનું નિશ્ચિત ધોરણ તેમને ન સૂઝેલું ને મનુષ્યનો પણ વિનિમય તરીકે ઉપયોગ કરતા તેમને વાર ન લાગતી. નૉર્મન ઍન્જેલના કહેવા પ્રમાણે એક બાજ કે કૂતરા કરતાં યે ત્યારે તેમને મનુષ્યની કીમત વધારે ન હતી.

વિનિમય તરીકે ધાતુના સિક્કાઓનો આટલો વિપુલ પ્રચાર ભારતવર્ષ સિવાય પાછળથી જન્મેલી બીજી એકે સંસ્કૃતિમાં નથી જોવામાં આવતો. તેનું કારણ એ નથી કે બીજે ધાતુઓની અછત હતી, પણ ચલણની સમતોલતા જાળવવાનું તેમને જ્ઞાન ન હતું. ચીનમાં તો સિક્કાઓનું ચલણ ચાલુ કર્યા પછી બબ્બે વખત તે પાછું બંધ કરવું પડયું હતું, ચીનાઓ મોંઘી ધાતુઓ સિક્કાઓમાં કદી ન વાપરતા; અને એટલે સોનાની ખોટ પડતાં જેમ રોમનું સામ્રાજ્ય



મોહેં-જો ડેરોમાંથી મળી આવેલી ૫૦૦૦ વર્ષ પહેલાંની કેટલીક મુદ્રાઓ.



મોહેં-જો-ડેરાની મુદ્રાનું વાચન તથા તેનો અર્થ કરવાની પદ્ધતિ. ઉપલી મુદ્રાને પડખે પહેલી પંક્તિમાં તેનાં આલેખનો છૂટાં પાડી બતાવ્યા છે; પછી તેને મળતી સુમેરિયન ચિત્રલિપિ મૂકી છે; ને છેલ્લી પંક્તિમાં તેનો ઉચ્ચાર દર્શાવેલો છે. એ રીતે ઉપલી મુદ્રાનું વાચન આ પ્રમાણે થાય છે: 'સવિતર-એદિન-અરસ.' તેનો અર્થ: એદિન(સિંધુનદ ગામ)નો સવિતા (એની આ મુદ્રા) છે.



સિકંદરનો સિક્કો : એક બાજુ : ઈરાની ટોપ પહેરી, જમ ધરી બેઠેલો સિકંદર; બીજી–હાથી ઉપર હુમલો લઈ જનાર ઘોડેસવાર



તોરમાણ કુષ્ણનો સિક્કો

ભાંગી પડ્યું તેમ ચીનને તેવો વારો કદી ન આવ્યો.

વળી ચીનાઓનું વલણ પણ મોંઘી ધાતુઓ પ્રત્યે આજના પાશ્ચાત્યો જેવું ભૂખાળવું ન હતું. આખાદ વર્ષોમાં ખાણો ખોદવાનું કાર્ય લાચાર અંધ જ રાખવામાં આવતું. કેટલીક ખાનગી વ્યક્તિઓ ખાણો ખોદવાની પરવાનગી મેળવતી પણ ભારે કર આપીને જ. આમ ધાતુની કીમત ઊંચી રાખી, સિક્કાઓને ન છુટકાની જ લેવડદેવડ તરીકે સ્વીકારી, ચીને પોતાનું અસ્તિત્વ કાયમ રાખ્યું.


નાણાં વગરની બીજી મહાન સંસ્કૃતિ તે પેરૂગાંની ઇંકા સંસ્કૃતિ. મિ. રેજિનાલ્ડ પેનૉક પોતાના 'પેરૂનો ઇતિહાસ'માં એ વિષે લખે છે કે, 'ત્યાં કોઇ જાતનું ચલણ જ ન હતું ને સોના તથા ચાંદીનો ઉપયોગ માત્ર મંદિરોની શોભા બાનર હોવાનું જ મનાતું. એ મેળવવા કોઇ પ્રયાસ પણ નહોતો કરતું. કારણ એમની મન એ દેવોના જ ધાતુનો બીજો કશો ઉપયોગ જ ન હતો! ઇંકા લોકો રાજ્યને કર પણ ધાન્યમાં જ આપતા. ગામડે ગામડે તે માટે કોઠાર રહેતા, જે લશ્કરને તેમજ દુકાળ વખતે પાછા આમવર્ગને કામ લાગતા.

ગ્રીકોને યે સિક્કાઓનું પહેલવહેલું જ્ઞાન તો ભારતવર્ષ મારફત જ મળ્યું. એશિયા માઇનોરના ગ્રીકોએ ઇ.પૂ. ૬૦૦માં પહેલવહેલા સિક્કા પાડ્યા, પણ તે મિશ્ર ધાતુઓના જ. ખરેખરા સોનાના સિક્કાઓનું ચલણ તો પાછળથી ક્રોસિયરો ચાલુ કરેલું. સિકંદરના જમાના સુધીમાં હિંદમાં સોના સાથે ચાંદી અને ત્રાંબાના સિક્કા પડવા લાગ્યા હતા. ત્યારે ગ્રીકો અને રોમનો પાસેથી સિક્કા પર રાજાની મહોર પાડવાનું હિંદે અપનાવ્યું, જે કળાને ગુપ્તોએ પૂર્ણપણે વિકસાવી. હિંદના સરહદપ્રદેશમાંના ગ્રીક રાજ્યને લઇ ગ્રીક સિક્કાઓનું પણ અમુક સમય ચલણ રહેલું.

પ્રાચીન હિંદી સિક્કા બેકિટ્રિયા કે સાયરેકયઝ જેવા, કારીગરીમાં આગળ પડતા ન હતા તેનું કારણ ભારતીય કારીગરો બીજાં પાડવાની કળા પ્રત્યે આકર્ષાયા ન હોવાનું હોઈ શકે. બાકી સિક્કાનું શાસ્ત્ર તો તેમણે પૂર્ણપણે વિકસાવેલું. ચંદ્રગુપ્તના પ્રધાન ચાણક્ય કૌટિલ્યે સિક્કાનું બહુ વિસ્તૃત વર્ણન લખ્યું છે. કેવી જાતના એ બનાવવા, કયાં મિશ્રણોથી એ

બનાવવા, કઇ રીતે તે મને વિનિમયનું માધ્યમ બનાવવું એ બધી વિગત તેના અર્થશાસ્ત્રમાથી મળી આવે છે તેના જમાનાના સિક્કા આ હતા પણ, અર્દ્ધ ાણ, ચતુર્થપણ, અષ્ટપણ, માશક, અર્દ્ધમાશક, કા કની અને અર્દ્ધકાકની ગુમકાવ સુધી હિંદમા સોનાનુ ચલણ સવિશેષ હતું એ કાલના સિક્કા લંડનો મ્યૂઝિયમમા સ ચવાએલા પડયા છે એમનુ ચલણ ભારત ઉપરાત ઇરાન અને કા રગર સુધી ણ હત ક રગરના ખોદાણોમાથી મળેલા સિક્કાની એક બાજુ ભારતની પ્રાકૃત ભાષા અને બીજી બાજુ ચીની ભાષા અકાએવી છે પજાબમાથી મળી આવેલા સિક્કામ એક બાજુ ખ્રાહ્મી અને બીજી બાજુ ગ્રીક ભાષા છે.


આ પરથી જણાશે કે જુદી જુદી સસ્કૃતિ ઓની અસર ભારતીય ચલણ પર થઇ હતી, પરતુ ભારતમાં તે પોતાની જ રગે લીધી હતી ભારતમા ચલણનો નિકાસ તદ્દન સ્વતત્રરીતે થયો હતો એમ બ્રિટિશ મ્યૂઝિયમવાળા જે એ-લન પણ 'ઓનમાઇકલો



(૧) ગોળ જેવો લાગતો પ્રાચીન ગ્રીક સિક્કો (૨) વલ્લભ લોકોએ ઇ સ ૧૮૦૦મા બનાવેલા ત્રાણાની પાઈમાથી કાપીને બનાવેલો સિક્કો (૩) રૂપાના સળિયાને કાપી તથા વાળીને તૈયાર કરેલો સિયામનો પુરાતન સિક્કો (૪) રૂપાના તારનો બનાવેલો હિન્દુસ્તાનનો જુનો સિક્કો (૫) ત્રાસાના તારમાથી બનાવેલો સિક્કો (૬) ૧૫૭૭મા સ્પેનિશ લોકોએ હરમેનને ઘેરો ઘાલ્યો ત્યારે છાવેલો સિક્કો (૭) ૧૭૭૨ના વેન્ડોના ઘેરા વખતનો સિક્કો જે રૂપાની રકાબી કાપીને બનાવવામા આવ્યા હતા, ને જેમા રકાબીની કીનારી પણ જોવા છે (૮) શક લોકોના સમયનો પ્રાચીન હિંદનો સિક્કો (૯) અમ્બરના સમયનો ચોરસ રૂપિયો (૧૦) સ્વિટ્ઝરલેડનો 'સકટ્રીએટ' નામનો પુરાણો સિક્કો (૧૧) સોનાની ખાણોની શોધ સમયનો કેલીફોર્નિયાનો સિક્કો (૧૨) (૧૩) (૧૪) આજના નિકલના બ્રિટિશ સિક્કાઓ (૧૫) સિયામની ઉત્તર આવેલા લેઓ સ્ટેટમાનો હોડી ઘાટનો સિક્કો (૧૬) આ ગરની 'મીડલાણી' મહોર (૧૭) પેહાગનો ટોપી ઘાટનો સિક્કો (૧૮) કેડાનો લગભગ સિક્કો (૧૯) કેડાનો વિચિત્ર સિક્કો (૨૦) ઇટલીના ઇમ્પિરિયમ પરગણાનો ત્રાણાનો લગભગ સિક્કો (૨૧) ઓછનાનો એક પુરાતન કદરૂપો ગ્રીક સિક્કો (૨૨) મધ્યકાળમા અમેરિકામા પાડવામા આવતા તરેહવાર સિક્કાઓમાનો એક (૨૩) (૨૪) ૧૭મી સદીના જોગાળ મેક્સિકન સિક્કાઓ (૨૫) વેસ્ટ ઇન્ડીઝના ટાપુઓમા વપરાતુ સ્પેનીશ ડોલરનુ ચોથિયુ (૨૬) સેંટ લ્યુસિયા ટાપનુ પરચુરણ નાણું (૨૭) (૨૮) ઇન્દોસનની શરૂઆતમા બનેલા ચીનાઇ સિક્કાઓ (૨૯) 'શો' નામનો વિચિત્ર રૂપાનો સિક્કો (૩૦) 'સીસી' નામનો ચીનાઇ સિક્કો (૩૧) આનામનો રૂપાનો સિક્કો (૩૨) કોમોડોર પેરી જપાનમા ગયો તે સમયનો જપાનીઝ રાનો સિક્કો (૩૩) સ્પેનનો કાણાવાળો સિક્કો એ કાણાના ગાળાના કકડાની કીમત જે સિક્કા જેટલી થાય છે! (૩૪) પ્રાચીન ચીનનો છરી ઘાટનો સિક્કો (૩૫) 'પસ' નામને યે (ચીન)નો પ્રાચી ન સિક્કો



અમેરિકાના રેડ ઇંડિયનોનું નાણું: મથાળે ડાબી તરફ કોંડી: ડાબી બાજુ ન ચૅ: પથ્થરો પરોવીને બનાવેલું બેલ લિ-કોચિક નાણું. જમણી બાજુ: વાંપુમ સિક્કા



ઈસ. ૭નું ચીનનું છરીનાણું: જેમાંથી છેવટે પાનું ઊડી જઈને ઈ.સ. ૨૨ સુધીમાં હાથો જ રહ્યો એ વિકાસ દર્શાવતું ચિત્ર

પીડિયા ચિટાનિકા'માં કબૂલ કરે છે. અને એ ચલણ મોટે ભાગે સોનાનું રહેલું તેનું પણ કારણ છે. ભારતમાં સોનાનો કોઇ કાળે દુકાળ નહોતો એટલે વેદના સમયથી જ સોનાનાણું કાયદેસર માલ (legal tender) નાણાં તરીકે ચાલતું આવ્યું હતું, જેનો ઠેઠ અંગ્રેજોના આગમન કાળે અંત આવ્યો.

ભારતવર્ષ અને તેની ઉપજીવી સંસ્કૃતિઓ સિવાય નાણાંનું ધોરણ જ્યાં નિશ્ચિત નહોતું થયું ત્યાં વિનિમયના સાધન તરીકે અનેક ચીજોનો ઉપયોગ કરવામાં આવતો. મિસરવાસીઓ પાછળથી એ ભૂમિકાથી ઊંચા આવ્યા ને દિનકા ને શિલુકની કોઠાળી બાટની ધાતુઓની લગડીઓ વાપરવાનું શરૂ કર્યું. સિક્કાઓનું ચલણ તો ત્યાં મિસરી સામ્રાજ્ય ભાંગી ગયા પછી ઠેઠ સુલેમાનના વખતમાં ચાલુ થએલું.

અમેરિકાના ઇંડિયનોએ તો વિનિમયના માધ્યમ તરીકે ઘણી વિચિત્ર જ પ્રકાર યોજેલો. સોનું ત્યાં પુષ્કળ પ્રમાણમાં હતું, છતાં નાણાં તરીકે તો તેઓ શંખલાં ને છીપલાંનો જ ઉપયોગ કરતા જે હજુ મલેનેશિયા ને આફ્રિકામાં સહરાની તે બેનિનના ઉપસાગર સુધી ચાલુ છે. તેમના સિક્કામાં વાંપુમ અને બેલ-લિ-કોચિક એ બે પ્રખ્યાત છે. બેલ-લિ-કોચિકમા ચકમક જેવા પથરામાંથી ઘસીને પરોવવામાં આવતા. અમેરિકામાં ગએલા ગોરાઓએ શરૂઆતમાં એવાં બેલ-લિ-કોચિકો બનાવી, ઇંડિયનોને બેટ આપી, બદલામાં સોનાનો સારો જેવો જથ્થો મેળવેલો.

સિક્કા માટેની યુરોપની શોધ મૌલિક નથી. અરબોએ એ કલા બાયઝેન્ટિયનો પાસેથી શીખી. તેમના દીનાર, દિરહમ ને ફલુસ એ બાયઝેન્ટાઇનના જ મૂળના છે. પોતાના વિજયકાળ દરમિયાન તેમણે સ્પેન અને સિસિલીમા એમનું ચલણ ચાલુ કર્યું. ફ્રાન્સના પેપિન થી શૉર્ટે તે ફ્રાન્સમાં દાખલ કર્યો ને ઇટલિએ પણ સિસિલી મારફત તેનું અનુકરણ કર્યું. બાયઝેન્ટાઇન અસર તળે આવેલા રશિયા સિવાય પાછળથી આખા યુરોપમાં એ અનુકરણ ચાલુ થયું ને પછી જુદા જુદા દેશોએ તે પર પોતાની રાષ્ટ્રીયતા અંકિત કરી. ઇટલિમાં તો ઘણા વર્ષ સુધી સિક્કાની પાછે અરબી લખાણ ચાલુ રહેલું.

નાણાંના ઇતિહાસમાં ચીનના પ્રસિદ્ધ કુળલાઇ-

પાને કરેલો અખતરો નોંધવા જેવો છે. ઇ.સ.૧૨૬૦ થી'૬૩ના ગાળામાં તેણે ચીનાઇ કાગળની નોટો ચલણ તરીકે ચાલુ કરેલી જે ઇતિહાસનું પહેલું જ કાગલ-નાણું હતું. પાછળથી એ ચલણ બંધ થયું એટલે ૧૨૬૪થી '૯૦ના ગાળામાં તેણે ફરીથી અકેક ટિંગની નોટો બહાર પાડી. એક હજાર યુએનનો એક ચાંદીનો ટેલ અને દશ ચાંદીના ટેલ બરાબર એક ટિંગની કીમત થતી. પણ એ નોટો બહાર પડતી વખતે કશો અંકુશ મુકરર કરેલો નહોતો એટલે થોડા જ વખતમાં ટિંગ-ના સિક્કા કરતાં નોટની કીમત અનેકગણી ઊતરી ગઇ.

પણ છતાં ચીનમાં એ ચલણ ટકી રહ્યું. માર્કો-પોલો ને બૅથિયરે પોતાની મુસાફરીઓમાં તેમની નોંધ લીધેલી છે. વિખ્યાત મૂર જગતસફરી ઇબ્ન બતૂ-તાહની ચીનની મુસાફરી વખતે પણ ચીનમાં કાગળ અને ચામડાનું ચલણ ચાલુ હતું. તેણે લખેલું છે કે, 'ચીનનો શહેનશાહ કાગળ કે ચામડા સિવાય બીજું નાણું બહાર પાડતો જ નથી;અને જ્યારે તે ઘસાઇ જાય છે ત્યારે લોકો રાજ્યની ત્રીજોરીમાંથી બદલાવી નવું લાવે છે.'

ચીનનું સૌ પહેલું નાણું તો જુદું જ હતું. તેનો એક સિક્કો બદામના આકાર જેવો હતો જે 'પુ' કહેવાતો. બીજો છરીના આકારનો હતો જે 'તાઓ' કહેવાતો. એમાં વિકાસ થતાં થતાં છેવટે છરીનું પાનું ઊડી જઇ ગોળ હાથો જ ચલણમાં વપરાવા લાગ્યો. ત્યાર પછી કલઇ, સીસું, લોઢું અને પકવેલી માટીના સિક્કા પણ ચીનમાં વપરાવા લાગ્યા હતા. ને એ પ્રકાર નવો ન હતો. હિંદમા આંધ્ર રાજાઓએ સીસું જ સિક્કામાં વાપરેલું. ઇ.પૂ. ત્રીજી સદીમા બૅક્ટ્રિયા-માં નીકલનો જ પ્રચાર હતો. અરે, ચાલુ જમાનામાં યે મહાયુદ્ધ પહેલાં ખ્રિટને પૂર્વ આફ્રિકામાં ઍલ્યૂમિનિમ-ના સિક્કા ચલાવેલા ને યુદ્ધ વખતે જર્મનીએ લોઢા-ના સિક્કા પાડેલા. બલાઇ રાજ્યોમાં હજુ યે સીસા-ના જ સિક્કા વપરાય છે.

પણ ઇ. પૂ. ૨૧૯માં હન વંશના એક રાજાએ ચીનમાંથી સિક્કાના ચલણનું નામનિશાન ઉડાવી દીધું. સિક્કા પાડનારાં કારીગરોને તેણે કતલ કર્યા ને ચલણમાંના બધા સિક્કા દરિયામાં ફેંકી દેવરાવ્યા. માટીમાં ગુંદ જેવો ચીકણો પદાર્થ ઉમેરી, તે પર શાહી છાપ મારેલા સિક્કા તેણે ચાલુ કર્યા. યુ-ટી નામનો




વિક્રમાદિત્યનું બિરદ પામનાર મહા-રાજાધિરાજ ચંદ્રગુપ્ત બીજાનો સિક્કો



કુમારગુપ્ત પહેલાનો સિક્કો



ક્ષત્રપોના સિક્કા:નહપાણ, છષ્ટન અને રુદ્રસિંહ શકની - છાપના



કનોજના રાજા ભોજ અથવા, મિહિર ગુર્જર-પ્રતિહારનો સિક્કો

ગુજરાત ઉપર રાજ્ય કરીગએલી વિવિધ જા-તિઓ અને જુદાજુદા રાજાઓના સિક્કાઓ



ઇંગ્લંડની આજની એક પૌંડની ચલણી નોટ



અમૃતગુપ્તનો સિક્કો



કનિષ્કનો સિક્કો

શહેનશાહ તેથી યે આગળ વધ્યો ને તેણે ઇ. પૂ. ૧૪૦મા બધા સિક્કા બંધ કરાવી કાગલનાણું જ ચાલુ કરાવ્યું. હિંદ સિવાય પૂર્વએશિયાના કોરિયા, અનામ, જાપાન વગેરે પોતાના ચલણ માટે ચીનના જ ઋણી છે.

હિંદ તો પાછળથી મુસ્લીમોના હાથે જ પડ્યુ, એટલે તેમણે જૂના સિક્કાને બદલે પોતાના જ સિક્કા ચાલુ કર્યા. ઘોરી સાહ્બઓએ ૧૭૮ ગ્રેનના સોના ને રૂપાના, એક બાજુ કલમા ને બીજી બાજુ મહોરવાળા 'તનકા' નામના સિક્કા ચાલુ કર્યા. ઇબ્ન બતૂતાહ હિંદ આવ્યો ત્યારે દિલ્હીની ગાદીએ મહમદ તઘલખ હતો. તેણે દીનાર ને દિરહમનું ચલણ કાઢી નાખી નવા જ સિક્કા બહાર પાડ્યા હતા. તેનું કોષ્ટક આ પ્રમાણે હતું:


૪ દમડી=૧ કાની અથવા જિતલ
૨ કાની=૧ સુલતાની
૩ સુલતાની=૧ શશકાની
૧૪ કાની=૧ તનકા.

જુદાજુદા રાજ્યતંત્ર તળે સિક્કા અનેક પરિવર્તન પામતા ગયા પણ અંધાધુંધીના એ યુગમાં જ્યારે શેરશાહ સૂરીએ દિલ્હીની ગાદી મેળવી ત્યારે તેણે મહમદ તઘલખના વખતથી બંધ પડેલું રૂપાનું ચલણ ફરી ચાલુ કર્યું. અને વિનિમયના સાધન તરીકે પહેલવહેલો જ એક સિક્કો હિંદમાં ચાલુ થયો. એ સિક્કો તે 'રૂપિયો' જે આજ સુધી એ નામે ચાલુ રહ્યો છે. પહેલવહેલો ઇ. ૧૫૪૨મા તે બહાર પડ્યો.

અને જ્યારે અકબરે રાજ-લગામ હાથમાં લીધી ત્યારે તો સિક્કા તરફ તેણે ખાસ લક્ષ આપ્યું. આગ્રા, અમદાવાદ, કરાચી અને બંગાલમાં ને માટે તેણે વ્યવસ્થિત સાધનો તરીકે મોનાની ટંકશાળો ઊભી કરી. એ સિવાય ચાંદીના સિક્કા માટે ચૌદ સ્થળે અને તાંબાના સિક્કા માટે અઠ્ઠાવીશ સ્થળોએ તેણે જુદી ટંકશાળો ઊભી કરેલી. તે વખતના કેટલાક સિક્કાનાં નામ આ રહ્યાં: શહેનશાહી મહોર, સાહ, આનમાહ, બિનસાત, ચારગોશા, છુગલ, છલાદી, આકતાણી, લાલજલાદી, અધેલો, પૌવો, દમડી વગેરે.

આ મુગલ સામ્રાજ્યના પતનકાળે હિંદમાં ઊભાં થએલાં જુદાંજુદાં સ્વતંત્ર રાજ્યોએ પોતપોતાના સિક્કા ચાલુ કર્યા. પહેલાં તો એ ઢંગધડા વગરના હતા પણ પાછળથી મોગલ ઢબ પ્રમાણે જ એ છપાવા લાગ્યા. એ કાળે જ અમેરિકામાં યુરોપિયનોએ જમાવેલો અહીં સ્થિરતા પકડતો હતો. તેમને સૌથી પહેલાં તો વિનિમયના સાધન તરીકે શું ચાપરવું એ જ મુખ્ય પ્રશ્ન થઇ પડેલો, પણ આ અરસા સુધીમાં તેમણે તેનો ઉકેલ આણી મૂકેલો. દક્ષિણમાં તેમણે તે માટેના સુતરા સાધન તરીકે તમાકુનું માધ્યમ સ્વીકારી લીધેલું— આણીસીનિયાના મીઠાની લગડીઓના ચલણ માફક. કૅરોલિનામાં કૂઇ નામના ગોળ પત્થરનો ઉપયોગ ચાલુ થએલો, પણ તમાકુનું ચલણ સવિશેષ અને લોકપ્રિય હતું. અમેરિકામાં તમાકુની લોકપ્રિયતા એટલા પરથી જ સમજી શકાશે કે તેની પહેલવહેલી પાડેલી નોટ પર પણ તમાકુના પાંદડાની જ છાપ પાડવામાં આવેલી.

આ તમાકુનું ચલણ પણ એ વખતના કૅનેડાના



ફ્રેંચ ઇંડિયા કંપનીનો કારોબાર હિંદ પર શરૂ થયો ને તેણે હિંદનુ બધુ પ્રચલિત નાણું બંધ કરાવ્યુ ૧૮૩૫ના ૧૭મા કાયદાથી એક તોલા (૧૮૦ ગ્રેન)ના રૂપિયાનું તેણે માધ્યમ તરીકે ચલણ ચાલુ કર્યું હિંદી પ્રજાનું મન છતા સોનાનાણા તરફ વધુ ઢળેલું લાગતા ૧૮૪૧મા કંપનીએ જાહેર કરેલુ કે, ચલણમા ન હોવા છતા પદર રૂપિયાની કીમતે જાજનામાથી કોઇને પણ સોનાની મહોર આપવામા આવશે. પરંતુ ૧૮૫૭થી તો એ યે બધ કરી દેવામા આવ્યુ ને આથી હિંદી રૂપિયાના નિદેશી હુંડિયામણના દર તદ્દન અનિશ્ચિત થતી ગયા.

આ હુંડિયામણની મારમાથી બચવા પાચ હજાર યુરોપિયનો અને સાત હજાર હિંદીઓની સહીવાળુ એક અરજપત્ર વિધાયક મોકલવામા આવતા ઠેઠ ૧૮૯૭મા આ બાબતની તપાસ કરવા હર્શલ કમીશન નીમવામા આવ્યુ તેના રીપોર્ટને અનુસરી ૧૮૯૩મા હિંદની બધી ટંકશાળો બધ કરી દેવામા આવી, પણ એથી તો રૂપિયાની કીમત કૃત્રિમ રીતે વધી ગઇ ૪ ૧૮૯૮મા હેન્રી ફાઉલરના પ્રમુખપણા

ફ્રેંચ ઇંડિયા કંપનીના

નીચે ફરી એક કમીશનં નીમવામાં આવ્યું. એણે તો ભારતને કપાળે સોવરિનને પ્રચલિત સિક્કા તરીકે ઠોકી બેસાડ્યો એટલે દિંદ ઓલ્લામાંથી નીકળી ચૂલામાં પડ્યું રૂપિયા વટાવી સોવરિનમાં ભરપાઈ કરવાથી દિંદને હુંડિયામણની જતી અસલ્ય ખોટ તો કોઈ અર્થશાસ્ત્રી જ સમજાવી શકે. અને બીજી વાત. રૂપિયાના મૂલ્ય પ્રમાણે તેની અંદર ચાંદીનું પ્રમાણ ખૂબ કમી કરી નાખવામાં આવ્યું હોઇ, દિંદના ઇતિહાસમાં પહેલી જ વાર આપણો રૂપિયો એક પ્રમાણિક સિક્કો મટી ગયો છે.

એક બીજા દેશોના ચલણ વચ્ચે હુંડિયામણના આવા ચૂંચવાડા માણસે સ્વીકારેલા નાણાંના ઘોરણથી જ ઊભા થાય છે એ ખરૂં છે, છતાં આજની સંસ્કૃતિમાંથી તેને પાછું ખેંચી લઈ શકાય તેમ નથી એ પણ એટલું જ ખરૂં છે. અસંસ્કૃત કે અર્ધસંસ્કૃત જનતો હજુ તેમ કરી શકે. જેમ હજુ યે ઉત્તર અમેરિકામા તમાકુ ને બીવરના ચામડાં, આબીસીનિયામાં મીઠા ને ચીનમા ચાની દબાવેલી લગડીઓ, મંગોલિયામાં સોયો વગેરે વપરાય છે તેમ. અગર તો રાષ્ટ્રે રાષ્ટ્ર તેમ કરી શકે જેમ જર્મનીએ બ્રાઝીલને પોણો લાખ ટન કોલસા આપી બદલામા કૉફી લીધી હતી તેમ.

નાણાંના માધ્યમ તરીકે ધાતુ સિવાય તો કંઇ ન ફાવે એ દેખીતું છે, કારણકે તેને ગમે તેમ ઢાળી શકાય છે ને ચાહે તેવી છાપ તે પર ઉઠાડી શકાય છે. પણ એ ધાતુઓ પણ અખતરાથી પર નથી રહી. સ્કૅાટલૅંડે કલઇ ને લોઢું સુદ્ધાં અજમાવી જોયું હતું ને રશિયાએ તો પ્લૅટિનમ પર પણ નજર દોડાવી હતી. પરંતુ એની મોંઘારત ને મેળવવાની દુષ્કરતા તથા ગીરાણવાની મુસ્કેલીને લીધે આખરે ૧૮૪૫માં એ પડતું મૂકેલું

અત્યારે સિક્કા માટેની મુખ્ય ધાતુઓ રૂપું ને તાંબું જ લેખાય. સોનું મુખ્ય ન લેખી શકાય. સોનાના સિક્કામાં ૨૨ ભાગ સોનું, રૂપાના સિક્કામાં અરધું રૂપું, ને તાંબાના સિક્કામાં ૯૫ ભાગ તાંબુ અને બાકી મિશ્ર ધાતુઓ મેળવવામાં આવે છે. અને હવેના સિક્કામાં તો પહેલાં જેવી અનાકર્ષકતા યે નથી રહી. તેનાં સુશોભન અને છાપ ઉપર અત્યારે ખાસ ધ્યાન આપવામાં આપવામા આવે છે. વળી પહેલા જેમ વેપારીઓ સિક્કા પાડી શકતા હતા તેને બદલે આજે બધા સિક્કા રાજ્ય તરફથી જ બહાર પાડવામાં આવે છે.

નાણાંની અગત્ય ખરેખરી તો ગઇ કેટલીક સદીઓથી વધી છે. તેનું કારણ આંતરરાષ્ટ્રીય વેપારમાં થએલો વધારો છે ને એટલે જ સોનાનાણાંનું મહત્ત્વ છે. જુદા જુદા રાષ્ટ્રો પોતપોતા વચ્ચે વ્યવહાર કરે ત્યારે બંનેનું જે સામાન્ય માધ્યમ રહેવું જોઇએ તે એકલું સોનું જ પૂરૂં પાડી શકે છે.

પરંતુ મહાયુદ્ધ પછી જગતના આગળ પડતા ઘણા રાષ્ટ્રોએ સોનાની બાબતમાં દીવાળું કાઢ્યું છે, ને પોતાનાં સોનાનાં ચલણ છોડી દીધાં છે. નાણાંના આપણે સ્વીકારેલા ઘોરણે એની ગમે તે અસર થાય, પણ એટલું તો ચોકકસ થાય છે કે નાણાંને એની પોતાની કશી કીમત નથી. માત્ર આપણે સ્વીકારેલી કીમતનું જુદે જુદે રૂપે એ પ્રતીક જ રહે છે. **અશોક હર્ષ**



મેંદીનાં પાન

જેનો ખરો રંગ જે લાગશે તો સદા તમારા આત્માને સોહાવી રહેશે.

સંયોગો માણસને દુઃખ નથી બનાવતા. સંયોગો માટે તેણે બાંધી લીધેલો અભિપ્રાય જ તેને દુઃખી બનાવે છે.

આપણને જે ગમતું હોય તે કરવા કરતાં જે જરૂરી હોય એ કરવા લાગતાં આપણે ઓછું દુઃખ આમંત્રીએ છીએ.

વધુમાં વધુ વાતો કરતો રહેનાર થોડામાં થોડું વિચારનાર બને છે.

બારકા મહોંએ પોતાની થતી નિંદા અને ભૂલો વારતે દપકો સાંભળવાની તૈયારી એમાં જ માનવતાની સાચી કસોટી રહેલી છે. દપકો સાંભળી, ભૂલ સુધારી દપકો ભૂલી જવો એ જ ખરી મર્દાનગી.



સાબરના પૂરમાં

તારંગાનો એક વર્ષાપ્રવાસ

સંવત ૧૯૮૯ના શ્રાવણ માસની આ વાત છે જન્માષ્ટમી ની રજાઓ ઉપર ઘરડાથી તારંગા પગપાળા જવાનો નિશ્ચય કરી રાધણછઠને દિવસે સાજના અમે ઊપડ્યા અમારી મૂળ યોજના તો રાત્ર વેરાબર રોકાઈ બીજે દિવસે વહેલી સવારે રવા ની થઇ અંધોર થતા સુધીમા તારંગા પહોંચી જવાની હતી પણ અમે નીકળ્યા સાજે જ દિનાગો ગોર ભા એવી હતી અને રસ્તે આકારા ગોધનાઓ પત્થર સાથે ટમાઇ ધમાઇને પીઠની ચણ રામાવતા હોય એમ જગભરિત મેવમાળ ડુંગરાઓને અથડાઇને દોડી રહી હતી એકાદ કલાક ચાલી ડુંગરી વટાવી અમે મેદાનમા ઊતર્યા એટલામા રૂમઝુમ કરતુ એક ઝાપટુ અમને ઘેરી વળ્યુ અરધાએક કલાક પડી જ્યારે વરસાદ વળી ગયો ત્યારે પ્રકાશની આભા જગભર વાદળના કાગરે કાગરે પ્રસરી રહી હતી બેતરોમા બીયેની વનસ્પતિનો પોપટિયો પથરાટ, લમણા જ પડીને ઉભી રહેવા તાજા જણકણો, અને ઘોરાઓની ચકચકિત ડુંગરમાળ એ ત્રિવિધ શોભાને હૃદયમા ભરતા અમે ઉતાવળે ડગ ભરવા લાગ્યા ધૂપ અધારૂ થઈ ગયા પછી આશરે એક કલાક ચાલીને અમે કોરા ગામ પહોંચ્યા ત્યારે વેરાણનો વિચાર છોડી દઇ રાત ની રાત ત્યા જ પડી રહેવાનો નિરધાર કરી અમે પટેલના ઘર તરફ ગયા

સવારે વહેલા ઊઠી અમે ચાલવા માંડ્યુ ગામ બહાર જતા જ વરસાદથી ધોવાએલી સ્વચ્છ રેતીમા જોરેલુ એક ઊંટન ટોળુ જોયુ એના રબેવાળ પણ ત્યા જ હતા એમા એક જ માણસ જાગતો હતો, બાકી બધા બીજા પછેડીઓ ઓઢીને પડેલા હતા ઊંટની જાત સ્વભાવે ઘણી અનડ હોવા છતા શરીરે સુવાણી હોય છે રિયાળોઉ ાળો તો એ વૈર કર્યા જ કરે પણ ચોમાસામા એને આરામ જોઇએ વર સાદ પડ્યા પછી તો એની માવજત મુરબ્બી ની માફક રાખવી પડે દિવસે એ જગલમા ઝાડપાન ચર્યા કરે અને રાત્રે ગામ બહાર સ્વચ્છ ખુલ્લી જગ્યામા એને બેસાડવા પડે ચોમાસામા તો ઊંટ લગભગ ગામમા પેસે જ નહિ કારણ ગામમા પુષ્કળ કાદવ અને માખીઓ હોય છે જરાક સંભાળ ન રહે તો ઊંટની સુવાણી ચામડી કોઇ જગ્યા તેમા ઇજા પડે છે અને એ ચેપ કેનાક કદાચિત પ્રાણ ઘાતક પણ નીવડે છે

બેએક માઇલ ચાલી ઘોરાનુ જગલ વટાવી અમે વેરાબરની સીમમા પેસા ત્યારે વાદળ જરા હળવુ થયુ હતુ અને ઘડીમા ઘેરાતી વાદળીઓ નિશાળમાથી છૂટેલા બાળકોની માફક ચોમેર નાસભાગ કરી રહી હતી દૂરના ડુંગરાઓ આકાશમા ચડઉતર ચિત્રામણ કરેલુ હોય એવા લાગતા હતા અને એક ચટચકિત રેખા જોવુ સાબરનુ પટ્ટન આવેથી ઝાંખી થઇ હતુ નાસ્તો કરી અમે નવેક વાગતા વેરાબરથી નીકળવાની તૈયારી કરી, ગામવામા તો સમાચાર મળ્યા કે બધા દિવસથી સાબરના પૂર ઊતર્યા ન હતા અને સામે પાર જવુ એ લગભગ અશક્ય હતુ અમે જરા ખમચાયા તે ખરા, પણ છેવટ સામે પાર નજ જઇ શકાય તો સાબરના પૂરજોઇને પાછા ફરવાનો નિરધાર કરી આગળ વધ્યા

અમે નીકળ્યા એ જ વખતે ડુંગરીયા આકારા

પાણીની ખૂબ હલચલ મચી રહી હશે એમ કિનારા પર પડેલા ઓવાણની લાખી લીટીથી જણાતું હતું. ઓવાણની લીટીથી પાણી અત્યારે ઠીકઠીક હટી ગએલાં હતા. એટલે પૂર ઉતાર ઉપર હતાં એમ ચોખ્ખું જણાઇ આવતું હતું. પણ સાબરનાં પૂર ઊતરવા માડ્યા પછી પણ ગોળા ફરે એટલાં ઓછા તો કદિક કદિક બેત્રણ દહાડે થાય છે. એટલે ઓવાણની લીટીથી પાણી પાછા હઠે કે તરતજ એમાં પડી શકાતું નથી. બુધવાર દિવસથી પૂર ઊતરતા હતાં એટલે દેખાવ છેક જ રૌદ્રરૂપ પણ ન હતો. પૂરની શરૂઆત હોય છે ત્યારે તો પ્રલયકાળના તાણ્ડવ જેવો ચોમેર દેખાય થઇ જાય છે પ્રવાહની છોળોના પછડાટમાં ઝાડોના ઝાડ ડચકડચક કરતા ઊંચાનીચાં થતાં હોય, મોટા કાટાના થર તરાપાની માફક પાણી ઉપર ડોલતા હોય અને ચોમેર જ્યા જુઓ ત્યા કચરાના કાળા કાળા ફોગા પાણી ઉપર ફરી વળતા હોય. પણ પૂર શાતા ધરવા માડે છે એટલે ઝાડઝાખરા ઓછાં થઇ ફક્ત પાણીના ચોઢ જ ઉછળી રહે છે. આજે તો સાબરના પૂર કાઇક સૌમ્ય થયા હતાં અને સૂર્યનો પ્રકાશ એની સૌમ્યતામા વધારો કરતો હતો.

સાબરનાં પૂર પ્રચંડવેગી અને મહાઉછાળા હોવા છતા એક રીતે તો નાની નદીઓને મુકાબલે એ સૌમ્ય રૂપ જ ગણાય. હાથમતી અને હરણાવમાં પાણીનો પ્રવાહ જો કે સાબરને મુકાબલે કાઇ વિસાતમા નહિ, છતા એનો ધુધવાટ એટલો ઘેરો હોય છે કે દૂરથી આપણને ચોક્કસ ખબર પડે કે નદીમા આજે પૂર છે અને કાઠે જઇને ઊભા રહીએ ત્યા તો પાણીના પ્રચંડ પછડાટથી કાન બહેર મારી જાય. સાબરમાં થોડાપુર હોય ત્યારે પણ દૂરથી તો નદીમા પૂર હશે કે કેમ તેની શંકા જ રહે. માત્ર કિનારે જઇએ ત્યારે ખ્યાલ આવે કે હાથીના ટોળેટોળા મદમસ્ત બનીને સામસામાં ઊછળી રહ્યાં હોય એવા ચોટ પછાડતી રેલ સલસ્ત ફણા ફેલાવી ધસમસી રહી છે. સાબરના પૂરનો અવાજ નહિ જેવો જ. એ ગાજતી નથી, પણ ઊંડાણમાંથી એક હુંકાર કરતી હોય એમ એનાં પાણી હમહમી રહે છે. જેમ કોઈ મહાકવિની વાણી એની ટોચે ઝડઝમક કે પ્રાસાનુપ્રાસના શબ્દઘોષમા પડતી નથી, પણ ગર્ભિત અર્થસૂચનદ્વારા વિશાળ વ્યંજના પ્રકટીને ભાવની ભરતી કરી દે છે, એમ સાબરનાં પૂર નિર્ઘોષ ભવ્યતાથી વહે છે. મૌનમાં જ સાચી મહત્તા છે એવો જાણે નિરધાર જ કરી લીધો હોય એમ એ ભાગ્યે જ મૌનભંગ કરે છે.

આથી યે વધુ જાણવા જેવી હકીકત એ છે કે સાબરના પટમાં ગોળી ફેરવવી એ મુકાબલે શીનજોખમી અને સરળ હોય છે. હાથમતી કે હરણાવમા ગોળી ફેરવવી એ ઘણું અઘરું કામ, કારણ ગોળી ગમે તે સ્થળે પત્થર સાથે અથડાઇ પડવાની પૂરી બીક; એટલે ખૂબ સાચવીસાચવીને તાગઓને કામ લેવું પડે અને એમ સાચવતાં યે સો ટકાનું જોખમ. ઉપરાંત પાણીની ભમરીઓમા ઠેરઠેર ફનાઇ પડવાનો. અને ઉતારને એકાદ બેખડ કે પત્થર ઉપર હાથપગ કે માથું ભાગી બેસવાનો. પણ પૂરતો સંભવ. સાબરના પૂરમા તો પત્થર સાથે અથડાઇ પડવાની કયાંય બીક નહિ, એટલે એમાં તો હળવે રહીને ગોળી મૂકી દેવાની અને સડસડાટ ત્રાંબામાં તરી નદી ખેંચી જાય તેટલે દૂર સામે કિનારે નીકળી જવાનું. કવચિત અરધોપોણો માઇલ દૂર નદી ખેંચી જાય તો પણ ડરવાનું નહિ. માત્ર કયાંક ભમરી આવે તો સંભાળી લેવાનું અને એ વખતે તરવાની ક્રિયા કરવાનું છોડી દઇ, ગોળીને સ્થિર કરી પાણી એકાદ બે ચક્કરા બેવડાવે તે લગ, ફરીથી એકવાર ભમરીની બહાર આપમેળે જ જઇ પડશે પાછા શ્વાસમાં ગોળીના આધારે તરવા માંડવાનું. આમ સાબરને બાદ્ય ઘોડાપૂર ન હોય એવા બધાં જ પૂરોમાં ગોળી મારફત ઘણુંખરૂં સહેલાઇથી પાર કરી શકાય. વળી સાબરને આરે ગોળીઓ ઠેરઠેર ફરી શકે છે, કારણ કે એનું વહેણ પૂરમાં પણ સમધારણ હોવાથી થોડાં અપવાદના સ્થળો સિવાય લગભગ બધે જ સ્થળેથી એ પાર કરી શકાય છે. હાથમતી અને હરણાવમાં અમુક ચોક્કસ સ્થળોએ જ ગોળી ફરી શકે અને ત્યાં પણ જરાક આધાપાછા થઇ ગયા કે ગોળી અકસ્માતથી કૂદી ગઇ તો તારા અને ઉતારૂ બંનેના ઘણુંખરૂં તો બાર વાગી જવાના! પણ સાબરમાં ગોળી કૂદવાનો સંભવ નેવું ટકા ઓછો, અને કદાચ અસાધારણ સંજોગોમા એવું બની બેસે તોપણ તારાઓ લગભગ બચી જ જાય અને ઉતારૂની કેડે તુંબડાં બાંધેલાં હોય તો એ પણ બેત્રણ માઇલ દૂર ખેંચાઇ જઇને કે એકબે

વડા પાણી પી જઈને કદાચ કિનારા પર બેભાન હાલતમા જે બહાર નીકળી આવે ખરો અને બેભાન હાલતમા જો કોઇ ઉતાર થયો જાય તો એને સાજા થવામા એટલી તકલિફ નહિ, કારણ વરાળનુ તો ભાગ્યે જ વાગેલુ હોય

આમ, સાણસ પૂરમા પણ માતા જેવો એનો મરવ સ્વભાવ છોડી દેતી નથી માત્ર થોડાપૂર હોય ત્યારે, કદાચિત મા પણ મારા મૂકે એવુ એનુ થઇ જાય છે, એટલે એ વખતે એનો વિશ્વાસ નહિ થાકી તો પૂરમા યે એની સાથે સામાન્ય રીતે સ્નેહ કરી શકાય,—અલબત્ત, એ બાબતમા ઉત્કૃષ્ટ થવાનુ તો નહિ જ જેમ કોઇ માતા કારણવશાત્ ગંભીર બની જાય ત્યારે બાળક એને કુપિત થએલી માનીને કાલાવાલા કરતુ એની પાસે જતુ નથી, છતા જો જરૂર પડે તો મા છાતી માથે ચાપીને એને અભય બનાવી મૂકે છે, એવુ સાગરનુ યે છે સાગરના પૂર જોઇને એક વખત ગમગી જનારને પણ બેત્રણ વખત હિમત રાખી ગોળા ઊતર્યા પછી એમ થાય કે 'અહો! આમા તે શુ? આ તો બહુ સહેલ છે' પણ આ સહેલુ કામ આપણી પોતાની તાકાતના પરિણામરૂપ છે એમ ગણવાની ઉતાવળ કરવી એ ભૂલ છે એની પાછળ તો સાગરના સ્વભાવની સહજ સરળતા છે

એક આ વાત પણ અહીં જ કરી લઇએ સાગરનો પટ સામાન્ય રીતે એટલો વિશાળ છે કે આઠે દિવસે પટના પ્રમાણમા એમા વહેતો પાણીનો પ્રવાહ છેક પાતળો જ લાગે પટની આ વિશાળતાને લીધે પૂરમા યે એના પાણી પટ કરતા સહેજ ઓછા જ હોય કે માત્ર થોડાપૂર આવે ત્યારે જ સાગર છલોછલ થતી હોય એમ લાગે છે, અને આવા પ્રસંગે પણ ઘણુખરૂ એ માઝા તો મૂકતી નથી જ, એટલે એ કોઇપણ જાતનુ નુકસાન પહોંચાડવાના કિસ્સાઓ બહુ ઓછા જ બને છે બહુ જ કે વિશ્વામિત્રી કે નાઇને કાંઠાના ગામોને નુકસાન પહોંચાડ્યાની આ વર્ષે વારંવાર વિગતો સાંભળીએ છીએ, જ્યારે સાગરને વિષે એવા સમાચાર ભાગ્યે જ સાંપડે છે એનું કારણ એ નથી કે એ નાની નદી છે તેથી ઓછી તોફાની છે એનુ કારણ તો જે આવે તેને સમાવી દે અને પોડાપૂરને પણ પૂરી મૂકે એવ એનું વિશાળ પેટાળ છે. પેટ નાનું હોય અને પાણી વધારે ભરાતા હોય તો ગમે તે નદીને છલકાવુ જ પડે, પણ સાગરને સુભાગ્યે મળતાની સમૃદ્ધિ સાથે પટની વિશાળતા પણ વરેલી છે

આજે સાગરને પાર કરવી કે કેમ એ અમારે વિચારવા જેવુ તો હતું જ, પણ તે આગલી રાતથી જ પૂર મોળા પડવા માંડ્યા હતા, જે પછી હડોલ ગામનો અમારી સાથેનો તારો પોતાના અંગત કામે પુંડા આવેલો તે હવે પાછા જતો હતો રીતસર ગોળી તો કરતી ન હતી અને અમાગ સિવાય બીજા કોઇ ઉતાર પણ ન હતા વળી આ આરો ઊતરવા માટે એટલો સલામત નથી એવુ ગામનો સૂચન પણ મળેલુ, એટલે તારાએ આપેલી બાતરી છતા અમારૂ મન ડચુકચુ હતુ પણ સામે નજર કરી તો દુગરમાળ ઝઝૂમી રહી હતી અને એની વચ્ચે અમારી બરાબર સામે જ તાર ગાનો દુગર, એક મોટો સાદ ખૂબ કાઢીને ત્રાસો બેઠેલો હોય એવો શોભતો હતો તાર ગાની ઉપની ટોચ અહીંથી બરાબર સાદની ખૂબ જેવી જ લાગે છે, એટલે જાણે નન્દી કૈલાસને છોડીને સાગરના પાણી પી અહીં નિરાંતે બેઠો હોય એમ વહીવાર કલ્પનાવિહાર કરવાનું મન થઇ જાય છે એ જોઇને મારૂ ડહાપણ ચળી ગયુ અને સામે પાર જવાનુ નિશ્ચયબળ મેળવવાના પ્રયાસ શરૂ આથી મેં મારા સાથીને દાણો દબાવી જોયો પણ એ ઉમરમા અને અનુભવમા મારા કરતા ખૂબ મોટા હતા એટલે એમ ભોળવાઇ જાય એવા ન હતા આખરે મેં સાહસ વાણી શરૂ કરી, એટલે એ પણ સ્વભાવે ગાઢ પ્રકૃતિપ્રેમી હોવાથી ઉત્સાહમા આવીને બોલ્યા 'આવો ત્યારે, જે થાય તે ખરી!'

પણ એમણે તારાને પોતાના અનુભવ અને ડહાપણની કસોટી ઉપર કસી જોવાનું કર્યું એમણે પૂછ્યુ કે તેની પાસે તુંબડા હતા કે કેમ? મેનાએ કહ્યું કે તુંબડાની કોઇ જરૂર જ નથી, એ તો સામે પાર છે મારા સાથીએ તો તુંબડા વિના પૂરમા પડવાની સાફ ના પાડી દીધી એટલે મેના સામે પાર જઇ તુંબડા લાવવાને તૈયાર થયો અને ગોળી માંડીને પૂરમા પડ્યો ગોળી પર બે હાથ માંડીને છાતીથી તેને ધક્કેલતો ધક્કેલતો એ મડસડાટ ત્રાસમા વહી ચોડીવારમા તો

નિર્માલ્ય માનીને અવગણ્યા કર્યા છે.

દૂધ, છાશ, મધ, તાજાં શાકભાજી અને સંત્રાં-મોસંબી જેવાં ગધુર ફળો એ જ સાચા પૌષ્ટિક ખોરાકો છે. પથારીવશ માંદા માણસથી માંડીને સંપન્ન-મા સંપન્ન પરિશ્રમ ઉઠાવતા પહેલવાન સુધી સૌકોઇ એનો સહેલાઇથી પચાવી શકે છે. એ ક્ષારો અને પ્રજીવકોથી ભરપૂર છે પાચક અવયવો ઉપર એ ઓછામાં ઓછો કર નાખી બદલામા વધુમાં વધુ શક્તિ આપે છે.

અને શિયાળામાં મફત મળતા એક અતિશય પૌષ્ટિક ખોરાક તરફ બહુ ઓછા માણસોનું ધ્યાન ખેંચાયું હોય છે. એ ખોરાક તે શિયાળાની નવા જીવનથી ભરપૂર પ્રાણદાયક હવા! એ શાકભાજી અને દૂધઘીની પેઠે ખોરાક જ છે, એટલું જ નહિ, પણ એમના કરતા યે વધુ જરૂરી એવો એ ખોરાક છે.

વહેલી સવારે ફરવા નીકળી પડી ઊંડા શ્વાસ લોઃ જો અગાઉની ટેવ નહિ હોય તો આ હવા શરૂ-શરૂમાં અળખામણ પણ કરશે. પણ એનાથી મૂંઝાવાની કે ડરવાની જરૂર નથી, એ તો સારામા સારો પુરાવો છે કે સજીવ હવાના સંસર્ગથી ઉત્તેજાએલું શરીર અંદર જામેલો નીરૂપયોગી કચરો બહાર ફેંકી રહ્યું છે. વધુ ઊંડા શ્વાસ લઇને આ શરીર સફાઇની ક્રિયાને મદદ કરો. ત્રણચાર દિવસમાં સળેખમ એની મેળે અદશ્ય થઇ જશે.

હવે પૌષ્ટિક ખોરાકો કોને કહેવા ? નીચે આપેલી બાર કસોટીમાથી ઓછામા ઓછી આઠમાથી જે ખોરાક પસાર થાય એને પૌષ્ટિકમાનવામાંવાંધોનથી.

(૧) એ સહેલાઇથી પચે એવો હોવો જોઇએ.

(૨) એ કબજિયાત ઘટાડવામા અને મટાડવામાં મદદ કરે એવો હોવો જોઇએ, કારણકે કબજિયાત એ દુનિયાના અરધો અરધ રોગોનું મૂળ છે.

(૩) એમાં ક્ષારો પૂરતા પ્રમાણમાં હોવા જોઇએ.

(૪) એમાં પ્રજીવકો છૂટથી હોવા જોઇએ.

(૫) એમાં ચૂનો બરાબર હોય એ આવશ્યક છે. દુનિયાના લગભગ બધા જ આહારશાસ્ત્રીઓ એ બાબત ઉપર એકમત છે કે, આજનો સુધરેલો માનવી ચૂનાની તૂટથી પીડાઇ રહ્યો છે. દાંત અને હાડકાંના રોગો થવામાં ચૂનાની અછત એ એક અગત્યનું કારણ છે.

(૬) એ જ મુજબ સુધરેલા ખોરાકમાં, લગભગ દરેક ખોરાકને રાંધવાની આપણી ટેવથી અને રદી-અધ્ધ રસોઇથી પ્રજીવક 'ક' ની હરહમેશ ઓછીવત્તી તાણ રહે છે. આદર્શ ખોરાકમાં આ ખોટ બરાબર રીતે પૂરવા માટે પ્રયત્ન થવો જોઇએ.

(૭) નત્રિલ (protein)-નું પ્રમાણ શરીરની જરૂરિયાત કરતાં વધારે ન હોવું જોઇએ. પુખ્ત ઉમરના માણસ માટે રોજનું ૬૦ ગ્રામ નત્રિલ આદર્શ મનાય છે.

(૮) નત્રિલની ગુણવત્તાનો પ્રશ્ન પણ જરૂરી છે.

દૂધ અને ઇંડાનું સર્વોત્તમ, માસ અને કોચલીયાં ફળો (nuts)નું મધ્યમ, અને કઠોળનું નત્રિલ કનિષ્ટ લેખાય છે.

(૯) ખોરાકમાં વપરાતી ખાંડ કુપાચ્ય ન હોવી જોઇએ.

(૧૦) ક્ષારો પ્રજીવકો અને કૂચો પૂરો પાડનારાં છોડાં, અનાજ કઠોળ અને શાકભાજીમા બની શકે એટલાં વાપરવા જોઇએ.

(૧૧) રસોઇ શાસ્ત્રીય હોવી જોઇએ.

(૧૨) વાનીઓ ઓછી હોવી જોઇએ.

આજકાલ જુદીજુદી જાતના પાકોને સામાન્ય રીતે પૌષ્ટિક ખોરાકો માનવામાં આવે છે, પણ પકવેલા ખોરાકો કરતાં કાચા ખોરાકમાં ઘણું વધારે પોષક તત્ત્વ હોય છે. શિયાળામાં મૂળા, મોગરી, ગાજર, ટૂંમણી, સુવા, કોથીજ અને કૉલીફ્લાવર જેવા, કાચા ખાઇ શકાય એવા અનેક પદાર્થો સોંઘા મળતા હોવા છતાં, અતિ રાંધવાથી નિસત્વ થએલા મોંઘા પાકો પાછળ પૈસા બગાડવાની આપણને ઘેલછા લાગી છે.

છેવટે એ પણ જોવા જેવું છે કે પોષણ એ ખોરાકનું સૌથી વધારે જરૂરી અંગ છે, છતાં યે શુદ્ધિ, સુરૂચી, કરકસર, માનવતા, જીવદયા, દેશપ્રેમ અને કાર્યક્ષમતાની કપરી કસોટીઓમાથી પસાર કર્યા વિના આપણે કોઇ પણ ખોરાકને આદર્શ ખોરાક કહી શકીએ નહિ. કૉડલીવર ઑઇલ જેવા કેટલાક ખોરાકો પોષણની કસોટીમાથી સહેલાઇથી પસાર થશે, પણ બીજો દરેક દરવાજો એમને માટે બંધ રહેશે.

શિયાળામાં આરોગ્ય મેળવવા શરૂઆત કરનાર ઇચ્છનારાઓને આગળ દર્શાવેલા ખોરાક સંબંધી વિચારો ઉપરાંત, નીચેની બાબતો પણ લાભદાયક નીવડશે.

(૧) દુબળા કરવા માગતા હો તો દરરોજ અને ભારે કરવા માગતા હોતો એકાંતરે નિયમિત કસરત કરો.

(૨) શરીરને સતેજ રાખો, પણ તે ખૂબ કપડાં પહેરીને કે અંગારે તાપીને નહિ; કસરત, સૂર્યસ્નાન અને જોઇતાં કપડાંથી એ સારામાં સારી રીતે થઇ શકશે.

(૩) સૂતી વખતે બારીઓ ઉઘાડી રાખો. સખત ઠંડી હોય ત્યારે ઓછામાં ઓછી એક બારી તો ઉઘાડી રહેવી જ જોઇએ. ટાઢ વાતી હોય તો બે વધારે ગોદડાં ઓઢવાં પડેતાં છે, પણ ચહેરો બીલકુલ ઢંકાવો ન જોઇએ.

(૪) સવારે, સાંજે અને નવરાશે ઊંડા શ્વાસ લઇ હવાને દવા બનાવો.

(૫) શિયાળામાં ત્વચા કોરી થઇ જાય એ તરફ બરાબર ધ્યાન આપવું જોઇએ. શરીરે તેલ ચોળવાની આપણી જમાનાજૂની પ્રથાને આજનું વિજ્ઞાન સંપૂર્ણ ટેકો આપે છે.

આરોગ્યશાસ્ત્રીના આ આદેશો તરફ જો પૂરતું ધ્યાન આપવામાં આવે તો શિયાળો રોગની ઋતુ મટી જઈ આરોગ્યની ઋતુ નિઃશંક થાય.

રમણલાલ એન્જિનીઅર

ગુજરાતી લઘુલિપિ

(જયા અકને અનુસધાને)


ઉદાહરણો

(૧) [નિ. ૭૭: આદ્ય 'ક', 'ગ', 'ય', 'અ'નો લોપ] કથા, કબજો, કબ્રસ્તાન, કર, કરાર, કલા, ગતિ, પગલું, પદવી, પદાર્થ, પદ્ધતિ, પસદ, પહાડ, બગીચો, બનાવટ, બહાનું

(૨) નિ. ૭૮: આદ્યક્ષરના લોપ પછીના રેચર કે વ્યંજન] કરોડો, કલમ, કલાકાર, કલામય, કલ્પના, કલ્યાણ, કંટાળો, કાગળ, કાચ, કાગદાર, કાયદો, કાર્ય, કાવ્ય, કિનારો, કિરણ, કિંમતી, કિરમજી, કુમાર, કુરાન, કુરબાન, કૃતિ, કૃત્ય, કૃત્રિમ, કેળવણી, કોયડો, ગલીચ, ગુજરાતી, ગુનો, ગુલામ, ગોત્ર, પવિત્ર, પાઇલટ, પાઠ, પાત્ર, પારકું, પાર્ટી, પાલન, પિતા, પીંછી—પુરાણ, પુરાવો, પુરુષાર્થ, પુત્ર, પેઢી, પૈસા, પોષણ, બાગ

(૩) [નિ. ૭૯: ઉપસર્ગ પછીના 'ક', 'ગ', 'ય', 'અ'નો લોપ] અનુકરણ, અનુકૂળ, અનુકૂળ, અવકાશ, ઉત્પન્ન, ખુશબો, દુર્બળ, દુષ્કર્મ, નિર્બળ, પરિપૂર્ણ, પ્રકરણ, પ્રકાશ, પ્રતિપાદન, પ્રપંચ મહાપુરુષ —મહાત્મા ગાંધી, સદ્‌ગુણ, સદ્‌ગૃહસ્થ, સકલ્પ, સંબંધ, સુગંધ.

ઉદાહરણોનું લઘુલેખન





સામે કાંઠે

• મંદાક્રાન્તા •

દૂર દૂરો વિચરી વિચરી આવતી સિન્ધુ-ઊર્મિ!
કૂદેશો કેવી વનલલિત કંઠાર દેશાવરોની?
કેવા ત્યાંનાં પ્રબળ ગરવાં શૂર સ્વાધીન રાષ્ટ્રો?
ઓ કાઠે છે અમ સરીખડી કો ગુલામી પ્રજાઓ?

સન્ધ્યા-ઉષા! જગત ભ્રમણે ઊડતી નિત્ય જોડી!
આ ભૂમિમાં ઉગી ઊતરતી એવી બીજે ઉગો છો?
તો શાને આ ધરતી અમ નિસ્તેજ નિષ્પ્રાણ સૂની
ને સામે ત્યા રિમત સુખભર્યા કોરતાં મુક્તિગીતો?

રોમે રોમે સળગી ઊઠતી અગ્નિનીખી યુવાની!
ઓ કાઠેથી મુજ વતનમા એકદા આવજે તે
આઝાદીના વીજળી સરખા આયકાથી જગાડી
કાળી રાતે અમ કદમનો દોરજે મૃત્યુકૂચે.

ચુનીલાલ પારડીઆ

સ્થાનાંતરીને

ઘર બદલી જનાર પ્રતિ ઘરની ઉક્તિ

• શિખરિણી •

મને વાણીઝાડી સુઘડ કરવા તેં શ્રમ ઘણો
લઘો બોં લીંપીને; મજ હૃદયનો ભાર કમી તો
થયો જ્યારે આવી તવ ગૃહિણિ આ ગોદ વદને
ધરીને માગલ્યે શુભ કલશ ને પાસ દીપિકા.

હું યે આનંદ્યો કે તુજ સુભગ સહ્વાસ ગમશે
અને સંસ્કારિતા મજ સહપને ઑર દીપવે.
પરંતુ એ શૂન્યેઃ પરિચય વધ્યે કલેશ વધતો
નિહાળીને તારી મલિન રહણી ને કરણી સૌ.

અમી ઓ યે લીધું પણ કુટિલતા તેં નવ ગમ્યા,
વદે પાછો લોકેઃ 'નવ સુખ લહ્યું આ ઘર વિષે,'
મનોરી સૌ લેતો ઘતર વસવા તું મજ થકી,
અને ભાખી ભાવા સમ સ્વરૂપ મારૂં જનપતો.

• ઝવણા •

જે મહાપંચભૂતે કરણ તત્ત્વ ઘડયું
તે સહુએ રચ્યું માણ્યું આ,
તુજ ગયે જે દશા પ્રાણુદીન માદરી
તે સ્થિતિ કાં ન -મરતો બડેખા?

કાકોર ચોકસી

મોંઘા મારે ગામડે આવો

(મારે ઘેર આવજો આવા . . . . એ ઢાળ)

મોંઘા મારે ગામડે આવો,
લેવાને લાભનો લ્હાવો.

મોટે પ્રહરોડે વાગે વલોણાં, ગાજે ઘંટીના ઘોર;
દહીં ને દૂધની વહેતી સરિતા, છાશની છાકમછોળ:
અવનીનાં એ અમૃત મીઠાં,
દેવોએ સ્વર્ગે ન દીઠા.

સરખી સાહેલીની સંગે સચવતી, જાણે દળકની રેલ;
સુખદુઃખની નિજ ગોઠડી કરતી, માથે મૂકી જળહેલ:
માનુનીનો મધિયર મેળો,
કુવા કેરો કાંઠડો પહેલો.

બરછટ બોલી ને કાળજતું કુણા, બોલો મારો ભડવીર;
ભૂખ્યા તરસ્યાનો માણવો એ તો દુઃખીનો બીજો બાર:
નિદાણા લ્યો નાહે નરવો,
એહ મોટે ગાજતો ગરવો.

પ્રીચુડ પ્રીચુડ કોસ કરંતો, કોશીઓ માનો ગાન;
કુડકપટ એ કાંઇ ન જાણે, તનમાં એક જ તાનઃ
પાકી કેડે પાળુંડાં વાળે,
ખૂણે ભાણ આખડી ઢાળે.

મ્હેમાન દેખીને મુખડું મલકે, અડધો ઉરે એ થાય;
સ્વાગત માટે સર્વ મૂકાને, પાધર સુધી પળાયઃ
ચરણ ધરે સંપત્તિ સારી,
અમરાપુરી નાણે ઓવારી.


વનવનનાં વનપંખી બોલે, મોર કોયલ ટહુકાર;
સાયંકાળે આરતીટાણે, ઝાલરના ઝણકાર:
ડંકે ડંકે ડુંગરા કોપે,
અભિમાની આખડી બોલે.

અમાસ એકાદશીના અણુગ્ન, વાયક સઘળે જાય;
ઝાંઝ પખાજ ને વાગે મંજીરા, ભગત ભેળા થાયઃ
તંબુરાના તારને છેડે,
અબોલે આતમા રેડે.

મરવા મારાં ગામડા જોવા, આવજો માવા! આજ;
કોડીલી કુદરત આપે આમંત્રણ બોલાને ખૂંદવા કાજઃ
ફાગણીહા વાયરા વાયે,
તાપો તનમનના જાયે.

નાનાલાલ દલપતરામ પટેલ

આ અંકનું મુખચિત્ર અને એના કલાકાર



આ અંકના મુખચિત્ર તરીકે રજુ થતા 'રબની કલા' નામક ચિત્ર ના લેખક શ્રી છગનલાલ જાદવને, આ વર્ષ ના પ્રૉ ગે ગાટ ને આપેલી ૫૬૫૦ મી શ્રેષ્ઠ વૉટરકલર માટેનુ પદક ઇનામ આપવા આવે છે ૪ ૧૯૦૬મા જન્મેલા આ હરિજન યુવાને આજે આ વિદ્યાપ્રસાદના પ્રભાવે તાની જાતિ તેમજ સિદ્ધાન્તને અમર ગૌરવ અપાવ્યુ છે એક વખત અમદાવાદ ની ચુ શાળામા પ્રવેશનો અધિકાર નહિ મળવાથી નિરાશ થયલા આ યુવાન સા ધનો, અર્થ, સ્વદાય તેમજ સરકારનો આશ્રય ખૂબ જોઇએ છે કુમાર' માસિક અને કનુ દેસાઇના સદ્ધારે તેમનો જીવનમા ર્ પ્રવેશ્યા આ ચિત્રકારમા પ્રતીભા મેળવવા તેમણે રવિશંકર રાવળના કલા હૃદયા સ્પર્શ ન મળ્યા ત્યાર પછી ઉત્તરોત્તર ખુબ વિકાસ સાધ્યો ગુજરાત હરિજન સમિતિ તેમજ અ ખિલ ભારત હરિજન સંઘ તરફથી મદદ મળતા લખનૌ ની કલામાળામા એક વર્ષ વિશેષ અભ્યાસ કરી આવી નવા સરકાર મેળવ્યા આજે તે અમદાવાદના જ્યોતિ સંઘના ચિત્રના અધ્યાપક તરીકે સરસ સેવા આપી રહ્યા છે તેમના ચિત્રો અભ્યાસ, મહેનત અને સુઝબુઝનાના નમૂના છે સ્વભાવે તથા વર્તને એ શીલવંત સુજ્ઞ છે

એમની કૃતિ 'રબની કલા' પરથી છે કે કલામાત્રનુ ઉદ્ભવસ્થાન હૃદય છે હૃદયના સ્પર્શ વગરની કોઇ પણ કૃતિ કલાશ્રેણીમાં આવી શકે નહિ પોતાના ગિયજનોના સંતોષ અથવા આનદ ખાતર કે તેમનાં સુખે બનો ખાતર, જગતમા કેટલા યે અનામી કલાસર્જકો કલાસમૃદ્ધિ કેવી રીતે બરછ હશે તે જગજાહેર હોય તો ખોળે રમતા બાળક તરફ નજર નાખી હોય તો આંગણીમા પત્ની નેના લાડ પુરનારી આંખલાભરી રંગીન ટોપીનો વિચાર કરો બાળક કદાચ આ નાદ સમજે, પણ પોતાનો લાડીલા ઓઢણીથી શોભતો એ વિચ રે માતાના મનના ભાવો હૈયાજરી ગિરિઓ આ પળે જગાડી મૂકે હશે। કલાકાર એક ઘરમા પણ કલાની ગંગાનુ પુનિત વાતાવરણ વદૈત દર્શનની શી મતાં ની શોભાસમૃદ્ધિ પર અજબ કટાક્ષ કરો છે કે લક્ષ્મીમત માતાઓ, આ મહેનતમજૂરી પર રળતી ખાની માતા ઓ પ્રત્યે પોતાના બાળકો માટે કલ પ્રમાણે તૈયાર કરી આપતી હશે? કામ મજૂરી કરતા કરતાં પડીકે રહ્યાથાકી ગયેલી રજોટા પોતાના ટાબરિયાને આજ્યે પોતાની રાગની ભિડાસ માબૂના નજરે પડે છે તેનુ આલેકૂણ પ્રતિબિંબ બાળ જીવને આ ચિત્રમા ઉતાર્યું છે એક જ પાત્ર દ્વારા આખી જનતાનો ચિતાર એમણે એમા રજુ કર્યો છે (ગુજરાત કલામ્પાપ'માંથી)

સંસારના આપણી નજરે સમાચાર

ડિરેક્ટર જનરલ ઑફ આર્મીઓર્ડનન્સ તરીકે પદેથી જ વાર એક હિંદી તરીકે સુપ્રસિદ્ધ પુરાતત્વ નિષ્ણાત શ્રી કાશી નાથ દીક્ષિત ની વરણી થઈ છે ૧૯૧૭ની સાલમા એ બી તાના દાખલ થઇ એજન્સી પૂના, મુબાઈ, કલકત્તા, પટણા, સીમલા વગેરે ખાતે અનેક ઓફિસોમા સંનાકી વિવિધ કામ કર્યું છે વિખ્યાત મોહેં જો દેરાનુ યે ધરખ્ત ખોદકામ તેમની દેખરે ખમા થયેલુ પ્રાચીન સંસ્કૃતિદાસ તાને સંસ્કૃતિ કાર અમારો અનેક લેખો ને ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે,ગોટલે એ વરણીથી ખોગનુ યોગ્ય સન્માન જ થયુ છે

હિંદના એક અગ્રગણ્ય રાજપુરુષ સર ભૂપેન્દ્રનાથ મિત્રનુ તા ૨૫મીના જન્મ હૃદય બધ પડવા ૬૨ વર્ષની વયે અવસાન થયુ છે ૧૮૯૫મા સરકારી નોકરીમા દાખલ થયા પછી બાબુ ખાતા ના મદદનીશ મંત્રી, યુદ્ધના હિસાબકિતાબના કૉન્ટ્રોલર, સરકારના હિસાબ તપાસ વગરે જુદા જુદા સરકારી ખાતામા કામ કરતા કરતા ચઢીને ૧૯૩૧થી ૧૯૩૯ સુધી તેઓ યુ નાઇટેડ કિંગડમમા હિંદના હાઇ કમિશનરના હોદ્દે રહ્યા હતા એ ઉપરાંત આર્થિક અને સહકારમંડળને લ તી શાહી સમિતિઓ તથા જુદી જુદી આતરરા ટ્રીય સમિતિઓમા પણ તેમણે સરકાર ની મારી સેવા બજાવી સી બી ઇ, ઓ કે સી આઇ ઇ ના ખિતાબો અને પ્રતિષ્ઠા મળ્યા હતા

૧૯૪૧ની સાલમા ત્રીસ માઇલનો પટ દોડવા એક આતરરાષ્ટ્રીય પ્રદર્શન રમત ખાતે ભરવાનુ મુસોલિની ની ફૅસીસ્ટ સત્તા હેઠળ ઇટલિએ જાહેરાત કરી છે આ પ્રસંગનુ વિશ્વવિદ્યાલય હોવાથી ફાસીસ્ટ સત્તા હેઠળ ઇટલિએ જે કોઈ વિકાસ પ્રાપ્ત કરો

આ મહિના (ફેબ્રુઆરી) . . . અને એની પ્રતિભા

તા. ૧૯મીએ સ્વ. ગોપાળ કૃષ્ણ ગોખલેની અવસાનતિથિ. ગાંધીજીના એ ગુરુના જાહેરજીવનનો ક્રમવિકાસ આ નીચેના અનુક્રમમાં આપ્યો છે

તા. ૧ શ્રી અબ્બાસ તૈયબજીનો જન્મ —ઈ. ૧૮૫૪.

તા. ૩ અંગ્રેજને પહેલવહેલા હિંદુસ્તાનમાં આવ્યા —ઈ ૧૬૧૩.

તા. ૪ પં૦ મદનમોહન માલવીય અને સ્વ. ઍની બીસંટના પ્રયાસના ફળરૂપે બનારસ હિંદુ વિદ્યાપીઠની સ્થાપના— ઈ. ૧૯૧૫.

તા. ૭ જેના પરિણામે જાપાન જગતની નજરે ચડ્યું અને જેમા વિજય મેળવી હિંદી સ્વાતંત્ર્યવીરોને એણે પ્રેરણા પાઈ એ રૂસો–જાપાનીઝ યુદ્ધની શરૂઆત— ઈ. ૧૯૦૪.

તા. ૮ ભારતમાર્તંડ પંડિત ગટ્ટુલાલજીનો જન્મ. સ. ૧૯૦૧.

તા. ૧૨ દીનબંધુ સી ઍફ ઍન્ડ્રુઝનો જન્મ—ઈ. ૧૮૭૧.

તા. ૧૩ હિંદના બુલબુલ શ્રી સરોજિની નાયડુનો જન્મ—ઈ.૧૮૯૭ * * હિંદના ગવર્નર જનરલના પદેથી ગેરવર્તણૂક લાવવા માટે વેસ્ટ મિન્સ્ટરમાં વૉરન હિસ્ટિંગ્સની તપાસશરૂ થઇ—ઈ.૧૭૮૮. ૧. ૧૪ જગતસફરી કૅપ્ટન કૂક્નુ હવાઇ ટાપુના વતનીઓ સાથેની અથડામણમા મૃત્યુ—ઈ. ૧૭૭૯ * * બાબરનો જન્મ ઈ. ૧૪૮૩ * * અકબર તખ્તનશીન થયો. ઈ ૧૫૫૬.

તા. ૧૫ રાવ સાહેબ રાજેન્દ્રલાલ મિત્રનો જન્મ—ઈ. ૧૮૨૪.

તા. ૧૬ મહારાણી વિક્ટોરિયાની જ્યૂબિલી હિંદમાં ઉજવાઇ—ઈ ૧૮૭૭

તા. ૧૯ શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેનું અવસાન—ઈ. ૧૯૧૫.

તા. ૨૧ હિંદુસ્તાનનો ઇતિહાસપુરાણો પ્રખ્યાત હીરો 'કોહીનૂર' અંગ્રેજોને હાથ ગયો —ઈ ૧૮૪૯. * * ઔરંગઝેબનું અવસાન ઈ. ૧૭૦૭. * * પંડિત મોતીલાલજીનું અવસાન.

તા. ૨૨ અમેરિકાને ઇંગ્લંડની ગ્રૂસરીમાંથી છોડાવનાર પ્રખ્યાત કર્તવ્યપુરુષ જ્યૉર્જ વૉશિંગ્ટનનો જન્મ—ઈ.૧૭૩૨

તા. ૨૫ સ્વામી વિવેકાનંદના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસની જયંતી * * કવિ નર્મદાશંકરનું અવસાન—ઈ. ૧૮૮૫.

તા. ૨૬ ગુજરાતી સાહિત્યમાં 'કેકારવ' કરી, ઊંઘીને જ આથમી જનાર કલાપી (લાઠીના ઠાકોર શ્રી સૂરસિંહ)નો જન્મ —ઈ. ૧૮૭૪. * * ૧૮૫૭ના બળવાનું મંગલાચરણ.

તા. ૨૮ કલકત્તા, મદ્રાસ તથા મુંબાઇમાં ટેલીફોન દાખલ થયા ઈ. ૧૮૮૨.* * શિવાજી મહારાજના પ્રેરણાદાતા ગુરુદેવ શ્રી સમર્થ રામદાસની પુણ્યતિથિ.



આ માસની વિભૂતિ
શ્રી ગોપાળ કૃષ્ણ ગોખલે

ઈ. ૧૮૬૬ કોલ્હાપુર મુકામે જન્મ. તા. ૯મી મે.

ઈ. ૧૮૭૯ પિતાનું મૃત્યુ.

ઈ. ૧૮૮૪ બી એ પસાર થયા અને સ્વેચ્છાએ સેવાસન્યાસનો આદર્શ સ્વીકાર્યો

ઈ. ૧૮૮૫ ડેક્કન એજ્યુકેશન સોસાયટીમાં અધ્યાપક રહ્યા

ઈ. ૧૮૮૬ મહર્ષિ રાનડેનું શિષ્યત્વ સ્વીકાર્યું ને એમનું 'ક્વાર્ટર્લી જર્નલ' ચલાવવા લાગ્યા.

ઈ. ૧૮૮૯ મુંબાઇની કૉંગ્રેસમાં સક્રિય ફાળો આપ્યો.

ઈ.૧૮૯૫ કૉંગ્રેસના મંત્રી અને 'રાષ્ટ્રસભા સમાચાર'ના તંત્રી થયા

ઈ. ૧૮૯૬ પુનામાં ડેક્કન સભાની સ્થાપના કરી.

ઈ.૧૮૯૬ પૂ ગાંધીજી સાથે પ્રથમ મીલન

ઈ. ૧૮૯૭ સર વેડર્બર્ન અને શ્રી રાનડેએ પ્રવાસખર્ચ ભેગની એમને વેલબી કમીશનમાં જુબાની આપવા વિલાયત મોકલ્યા. ત્યાં દાદાભાઇ સાથે રહી તેમણે પ્રશસ્ય કાર્ય બજાવ્યું એ જ સાલમાં પુનામાં ફાટેલા પ્લેગ સામે તેમણે લડત ઉપાડી જેના પરિણામે અનેક અપમાનો, અને આફતો મૂગે મોઢે સહન કર્યાં.

ઈ. ૧૮૯૯ મુંબાઇની ધારાસભામા લોકનિયુક્ત સભ્ય તરીકે પ્રવેશ કર્યો.

ઈ. ૧૯૦૧ ધારાસભામાંથી 'Walk-out'—અસહકાર જાહેર થયો.

ઈ. ૧૯૦૨ સર ફિરોજશાહ મહેતાએ પોતે મુક્ત થઇ, તેમને વડી ધારાસભામાં જવા કરી આપી; ડેક્કન એજ્યુકેશન સોસાયટીમાંથી રૂા.૨૫)નું પેન્શન લઇ નિવૃત્ત થયા

ઈ.૧૯૦૪ હેન્રી કૉટનના પ્રમુખપણા નીચેની મુંબાઇની કૉંગ્રેસના મંત્રી નીમાયા.


ઇ ૧૯૦૫ પૂનામાં 'હિંદ સેવક સંઘ'ની સ્થાપના કરી.

ઇ. ૧૯૧૨ હિંદીઓને થતો અન્યાય દૂર કરાવવા દક્ષિણ આફ્રિકા ગયા. પૂ ગાંધીજી તેમના મંત્રી બન્યા. અન્યાય દૂર થવાનું વચન મેળવ્યું પણ વચન ન પળાયું એટલે ગાંધીજીએ સત્યાગ્રહ જંગ આદર્યો અને જીત મેળવી.

ઇ. ૧૯૧૫ ગાંધીજી જેવી પ્રતિભાશાળી વ્યક્તિની અસાધારણ શક્તિ આફ્રિકામા વસતા થોડાહજાર હિંદીઓ પાછળ ખર્ચાય તેના કરતાં હિંદની સેવામાં જ સમર્પિત થાય એમ ગોખલેજી ઇચ્છતા. જાણે એ પાછળ કોઇ દૈવી સંકેત રહેલો હોય તે પ્રમાણે ગાંધીજીને હિંદ બોલાવી પોતાનું બધું કાર્ય તેમને બજાવી ૧૯મી ફેબ્રુઆરીને રોજ તેઓ વિદેહ થયા.

મારી નજરે

(ગતાંકથી ચાલુ)




પ્રો. ત્સુબોચી

થાય છે તેમના ૭૦મા વર્ષે તેમણે સ્મરણે રચેલ ત્સુબોચી મેમોરીઅલ નાટ્યગાળા ય. તેનુ સરનામુ એલિઝાબેથ સમયના ફેર્મુના ગ્રીક થીએટરના ઘાટનુ છે અને અંદરબહાર લગભગતેનુ જ અનુસરણ છે પરસાળ નાટ્યમય જેવી છે પ્રવેશદ્વારે Totus Mundusagit Histrionen ('આખુ જગત એક નાટક શાળા છે') એમ લેટિન ભાષામા લખ્યુ છે

આ મકાનના ત્રણે માળના ભાષાના જેક હજાર વર્ષ પૂર્વેના નાટ્યગૃહો પાત્રો, પોશાકો, સાધનો ચોરેનો અજબ સંગ્રહ છે તે ઉપરાંત યુરોપના નાટ્યગૃહો જુદાજુદા યુગના પ્રસિદ્ધ નાટ્યલેખકો ની છબીઓ, ચિત્રો હસ્તલેખો ચોરેનો બેમૂનો સંચય છે માત્ર હિંદ પ્રદેશ, જાપા એ જ દેશોના પ્રતિનિધિરૂપ મેં કાંઇ ન જોયુ જાપાની યુરે પનુ બધુ સાહિત્ય હતુ ત્યા જેકના નાટકો પરના ૧૫૦૦૦ પુસ્તકો ચીની ભાષાના, ૫૦૦૦ ગ્રંથો યુરોપિયન દેશોના, ૧૦૦૦ યુરોપિયન ગ્રંથો માત્ર શેકસપીઅર ઉપર પ્રો ત્સુબોચીએ જ ભેગા કરેલા સંગ્રહાએલા હતા ૩૦,૦૦૦ રંગીન ચિત્રો ઉપરાંત બ્રોન્ઝના, વેગપલટાના સાધનો, નાટ્યગૃહોના નાના નમૂના પાત્રો સહિત આ બધુ જોતાજોતા અમે થાકયા હતા ઉતા વળ્યા હતા ત્યારે એક કલાક લાગ્યો

ફોટાં આખુ જ જોવા આવ્યા હોત તો યે આગે સફળ જાત બપોરના જીવ્યા પછી, હિંદુસ્તાની ભવાઇનો, રાસલીલાનો, કથકલીઓ વગેરેમા હજુ પણ જીવતુ પ્રાચીન તત્ત્વ સંઘરનારા ગ્યૂઝિયમની કલ્પના કોણ જીવશે તેના ઉમરા સંભાવતા યુનિવર્સિટીના હૉલમા આવ્યા એ વખત અંધારુ થઈ ગયુ હતુ ન દીવા પ્રગટી ગયા હતા પણ જોયુ તો યુનિવર્સિટી આખા ખંડે રોશની થઇ રહી હતી પ્રો નીગોઇને



ત્સુબોચી મેમોરિયલ નાટ્યગાળા



જાપાનના વિદ્યાર્થીઓ

પૂછતા તેમણે જણાવ્યુ કે હવે યુનિવર્સિટીના રાતના વર્ગો બંધ થયા છે અને રાતના અધ્યાપકોનો રંગારંગ દિવસના વપરાતા ખંડોમા જ વર્ગો ભરાવશે આ રીતે અખંડ વિદ્યોપાસના ચાલતી રાખતી જોવાની તક અમને આમુલી લાગી તેથી તે વર્ગોમા કંઇ કામ ચાલતુ નિરખવાની ઇચ્છા પ્રો નીગોઇને જણાવી તેમણે તો અમે તેમના રોજના નિયમ કરતા બે કલાક વધુ રોકયા હતા એટલે રાતના કોઇ અધ્યાપકને ઓળખાણ કરાવી આપી જોવા વિનંતિ કરી જાપાનની સામાન્ય સભ્યતામા પણ કેટલીવાર ક્ષતિ જોવા અમે જોયેલી નહોતી તો પછી અહીં વિદ્વાનો વચ્ચે તો પૂછવુ જ શું? તેમણે તરત રાતના શાળાના પ્રિન્સિપાલ પાસે અમને પહોંચાડ્યા અને તેમને અમારો પરિચય આપી પોતે ઘેર સીધાવ્યા રાતના પ્રિન્સિપાલ સાહેબ પ્રથમ તો અમને તેમના રૂમમા લઈ ગયા અને ત્યાં કશુ ખાધુ નહિ હોય એમ ધારી લઇન ચાનાસ્તો મગાવ્યો ખરૂ પૂછો તો અમને ખાવાનુ સાંભરતુ નહોતુ પણ એટલો ટેકો જરૂરનો ધારી એ આતિથ્ય વધાવી લીધુ

પ્રિન્સિપાલ સાહેબને પૂછ્યુ કે તેઓ કયો વિષય શીખવે છે તો કહે Ethics! ગોન્દ્રાગિરિંગ ધનેકટ્રિસિટી વગેરે જ્ઞાનાશને પણ હજી ચરિત્ર, નીતિ વ્યવહાર અને વતનથી વધારે દિવ્યતર ભાવતાનો પરિચય આપવા જાપાન કેટલી હદ પ્રવૃત્તિ સેવે છે તે જોવાજાણવા જોયુ રાતની નિશાળના

ખંડે ખંડ ઉત્સાહી, ઉદ્યોગી, ચમકતા ૧૪ થી ૧૮ વર્ષના જપાની છોકરાઓથી ઉભરાઇ રહ્યા હતા, પણ ક્યાંયે ધૂમાધૂમ કે ધમાધમનું નામ નહિં. પ્રિન્સિપાલ સાથે અમે ચાલીમાં જતાં કોઇ સામા મળતા તો નમ્યા વિના રહેતા નહિ.

જપાની વિદ્યાર્થી બાળવર્ગનો હોય કે યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ હોય, પણ તેના દેખાવમાં જરાયે ઢાંડાઈ કે તુમાખીપણું દેખાયજ નહિ. દરેક જણ પોતાની શાળાનો મુકરર થએલો—યુનીફૉર્મ જેવો—પોશાક જ પહેરે. તે પણ બહુ જ જાડા સાદા કાપડનો હાફકોટ અને પાટલૂન કોઇનાં બટન બળાથી જ બંધ એટલે નેકટાઇનું નામ જ નહિ; અને માથે પણ સંચાથી કાપેલું એકસરખું મોદાન. એટલે દાંતિયા બ્રશની ટાપટીપ જ નહિ. આખો અને ઠોઠ મૃદુ હસતા, પણ તેમા ગરકરી કે ઉછાળાપણું નહિ. કોઇ ઠેકાણે ટોળે મળેલા કે એકબીજાની છેડ મસ્તી કરતા કદી તેઓ દેખાતા નહિ. પચાચ પચાસ વિદ્યાર્થીઓનો એક એક વર્ગ હતો છાયછત્રવાળા લટકતા વીજળિક દીવા નીચે બબ્બેનાં ટેબલો હતાં. દરેક વર્ગમાં બે શિક્ષક રહેતા, પણ કોઈમાં અવાજ કે અવ્યવસ્થાનો ઇશારો પણ ન હોય ડ્રૉઇંગ, રસાયણ, વીજળી કે ભાષા—કોઇપણ વર્ગમાં સંપૂર્ણ શાંતિ અમે ઘણા બધા જોયા અમને દુઃખ માત્ર એ થતું કે અમે તેમની ભાષામાં કશું કહી કે સમજી શકતા નહિ છતાં મિન્સિપાલ અમારા દર્શક (ભોમિયા) મારફત દરેક બાબતનો ફોડ પાડવા બહુ તત્પરતા બતાવતા. બધા પ્રિન્સિપાલો કે દર્શકો પણ હિંદમાં તો શોધવા પડે એમ છે

જપાનની શિક્ષણવ્યવસ્થા અપૂર્વ છે. વાસેદા યુનિવર્સિટીએ અમને તેનો પહેલો પણ એક સંપૂર્ણ નમૂનો બતાવ્યો, અને પછી જોએલી સંસ્થાઓમાં એને લીધે જ અમે વખતોવખત વખત બચાવવા નજર કરીને જ સંતોષ લેવાનો ક્રમ રાખ્યો હતો.

(હવે બાપજી કલાકાર કાત્સુતાને ઘેર જવાનું છે. કવયિત્રી મૅડમ યોશીમુરા મળવા આવવાના છે એવો પત્ર છે ટોકિયોનાં એક પ્રખ્યાત કટાક્ષ ચિત્રકાર યાકુતેનને મળવાનું છે તેમજ ઇમ્પીરીઅલ આર્ટ ઍકેડેમી પણ જોવાની છે. તે આવતા અંકે)
(ચાલુ) ર.મ.ર.

સાતમો વિશ્વશિક્ષણ સમારંભ જપાનમાં



એ સંસ્થાનું મુદ્રાચિહ્ન

જગતભરની શિક્ષણસંસ્થાઓના પ્રતિનિધિઓને નોતરતો સાતમો વિશ્વશિક્ષણ સમારંભ જપાનના પાટનગર ટોકિયોમા આ સાલ ભરાશે. તેની કાર્યવાહી ઉઠાવવાને જપાન ઍજ્યુકેશન ઍસોસીએશને ૧૯૩૫ના ડિસેંબરની ૨૫ મીએ તેનું ખાસ મંડળ કરી લીધું છે ડૉ માસાનોરી ઓશીમા તેના સેક્રેટરી જનરલ નીમાયા છે અને તા. ૨૭ થી ૩૦ી ઑગસ્ટ ૧૯૩૭ સમારંભ માટે નક્કી થઇ છે. સમારંભના માહિતીપત્રો તો ગયા જૂનની પહેલીથી છૂટવાં શરૂ થઇ ગયાં છે.

એ મહાન પરિષદમા નીચે મુજબ વિભાગો ગોઠવવામા આવ્યા છેઃ ૧ પ્રૌઢ શિક્ષણ, ૨ પ્રચારકાર્ય, ૩ ફૉલેજો અને યુનિવર્સિટીઓ, ૪ શિક્ષણાત્મક કળાઓ, ૫ ભૂગોળ, ૬ આરોગ્ય, ૭ ઘર અને શાળા, ૮ શિક્ષકોની તાલીમ, ૯ ઘર અને કિન્ડરગાર્ટન, ૧૦ માધ્યમિક કેળવણી, ૧૧ પ્રત્યક્ષ પ્રાયોગિક શિક્ષણ

ભૂગોળના વિભાગમાં એક સર્વસાધારણ વિચારસરણી નિર્ણીત થઇ ગઇ છે કે એના શિક્ષણ દ્વારા મનપ્રબળના સંબંધોમાં સુવાસ ઉત્પન્ન કરવી. જપાનના ભૂગોળજ્ઞાતાઓ નીચેના વિષયો ચર્ચશેઃ ૧. ભૂગોળ શીખવવાનાં સાધનોનો પ્રબળ પ્રબળ વચ્ચે વિનિમય શી રીતે ચલાવો, ૨. જપાનમાં ભૌગોલિક શિક્ષણ નો તાજેતરનો વિકાસ, ૩. ૧૮૭૦થી જપાનની પ્રબળ [illegible] ઇ. ૧૮.

૧૨ અમેરિકાને ઇંગ્લંડની ડૂબતી-[illegible] ફાળો આ[illegible] તાગાતા, ઉગાડનાર પ્રખ્યાત કર્તવ્યપુરુષ ઈ.૧૮૯૫ [illegible] તા તે [illegible]ટનનો જન્મ—ઈ.૧૭૩૨ સભા સમાચ[illegible] શિક્ષણ

સમારંભના ઉપપ્રમુખ તરીકે ચાલુ રહેશે. આ સમારંભના પ્રસંગે રેલવે કંપનીઓ પોતાના દરમાં પચાસ ટકા ઘટાડો કરશે હવાઇ વ્યવહાર કરનારી કંપનીઓ ત્રીસ ટકા અને સ્ટીમર કંપનીઓ વીસ ટકા ઓછા લેશે.

સમારંભનો કાર્યક્રમ હમેશાં બબોર પહેલાં છકવી જશે એ પછીનો સમય, પ્રતિનિધિઓ વિવિધ પ્રવૃત્તિઓનો લાભ લઇ શકે તે માટે છૂટો રહેશે. પ્રતિનિધિઓને રાહત, આરામ અને સગવડો આપવા સ્વાગત મંડળ સંસ્થાઓની મુલાકાતો, નાટકો, નૃત્યો, ફૂલસજાવટ, ચામંડળી વગેરેનાં કાર્યક્રમો યોજ્યા રહ્યું છે. વળી એ પ્રસંગ માટે જ જપાનની સંસ્કૃતિ અને જપાનના પ્રવાસ વિષે બે માહિતીપૂર્ણ ગ્રંથો બહાર પાડવાની યોજના પણ હાથ લેવામાં આવી છે. જપાનનું દરેક મોટું શહેર આવનારા પ્રતિનિધિઓ માટે જાતજાતના આકર્ષણો અને આદર આપવાની ગોઠવણો વિચારી રહ્યું છે. તે સિવાય, આવનારાઓને જપાન વિષે અનેક જાતની માહિતી આપનારાં ભાષણો પણ યોજવામાં આવશે. પ્રતિનિધિઓની તહેનાત ક્રમ સાચવવી તેની ૨૦૦ યુવાનો તો ખાસ વર્ગો અને ભાષણોથી તાલીમ લઈ રહ્યા છે. ૧૯૩૭ના જુલાઇ સુધી આ વર્ગો ચાલુ રહેશે. બધી પ્રવાસયોજનાનો કાર્યભાર જપાન ટૂરિસ્ટ બ્યૂરોએ લીધો છે.

ગુજરાતમાંથી થોડાક વિદ્વાનો ને શિક્ષકો આ પ્રસંગનો લાભ લે એવી આશાથી આ માહિતી આપવામાં આવી છે.-તંત્રી

કાયદાનું રાજ

ઉજરત અલી મરી-ગના જગામા હતા, ત્યા ધામ થયો, એટલે બખ્તર ઊતારીને નીચે મૂકયુ ને પોતે પાઘ સૂઝતા જ રહ્યા

લડાઇ બંધ થયા પછી બખ્તર પોતના માણસોને મોકલ્યા, પણ જડ્યુ નહિ

એક દિવસ હજરત અલી શહેરમા ચાલ્યા જતા હતા, ત્યા જોયુ તો એક માણસ એમનુ જ બખ્તર પહેરીને ફરતો હતો એટલે અલી એને કાજી આગળ તેડી ગયા, અને કહ્યુ, 'મેં બખ્તર વેચ્યુ કે આપ્યુ નથી આ ભાઈ કહે છે કે એ એનું છે પણ હું એને ઓળખુ છુ ને એ મારુ છે એમ કહું છુ તો અમારો ન્યાય કરો

'આ કોનુ છે?' કાજીએ માણસને પૂછ્યુ, 'ને તમે તે કયાથી લીધુ?'

'એ મારુ છે,' માણસે ઉત્તર આપ્યુ, 'અને મેં એ પહેર્યું છે તથા એ મારા કબ્જામા છે, એટલે ભોગવટાના અધિકારથી તે મારુ છે. બીજા કોનુ હોઇ શકે? આ એનુ છે એમ આ માણસ સાબિત કરી આપે તો ભલે એ લઇ લે'

કાજીએ અમીરુલ મુસ્લામને કહ્યુ, 'જનાબ, આ બખ્તર આપનું છે એવો આપનો દાવો છે, એટલે આપનું છે એમ સિદ્ધ કરવા સાક્ષીઓ આપો એ સાક્ષીઓએ કુનને મદદ ઉપર સમ ખાઇને કહ્યુ જોઇએ કે તેઓ આ બખ્તરને ઓળખે છે, અને



શાકવાણીનો ભેરૂ

હાથમા મારી દાઢી મૂછો, ઓટલે બેસી જોઉંછુ રોજ,
ટોપલા વાળી બનજે આવી, ટહેલ નાખીને બોલતી રોજ

ગુલાબ વેચે, દૂધી વેચે, વેચે તાજા ભાજી પ્યાજ,
તરબૂચ ટેટી વેચતી બનજે, ગલ ! બીંડા સવાર સાજ

રાખતી રાખતી બા આવેને કેડો બોલતી મૂકે ભાવ
ટોપલો ઉપાડે બનદુક બનજે, શાક તો ત્યા ના માયા બનજ

બા છે મારી એની બની તે ટોપલો આખો ફંદી બનજ,
પાશેર વેચે ઘરમા બનજ ને પેલી કેડાળા કાદવી બનજ

થાય મને, શાક ખૂબ ન લીધુ તેથી બાપડી રડશે ખૂબ,
લાવ હું એનુ વેચવા લાવુ શાક, પાડીને મોટી બૂમ

'ટોપલા વાળી શાકવાળી બોલ' આખરે અર્દી અર્દી રેબાય'
સાદ સુણી મુજ, કેડા કાઢી, ગાળા દઇ બેઠા બની બનજ

હું તો એને કહેતા માયુ તારો થાકે હું મદદ કીશ,
શાક તારૂ સૌ વેચી આપુ મારા પર ના કરીશ રીસ

ટોપલે તારે બેસાડી મને મૂકીમૂકી ફરજે માત્ર,
એવો બની હું સાદ પાડીશ કે શાક ખરીદને માણસ માત્ર

પણ જો હું બાઉં કાકડી ટેટી, તારે તો ના બદલુ ભાઈ,
પૂરા દામ ના ઉપજે તો છે મારી પાસે એક ઉપાય

સાજરે મારે ઘેર જમશ, ગોતતી હશે માત મને,
ટોપલામા મને ઢાકી રાખી ધીરેક જજે ઓટલા કને



ને હું બોલીશ 'શાક લો કોઇ, નાનકો બચુ વેચે શાક'
નવાઇ પામી આવશે બા, લા ટોપલેથી મો કાઢું જરાક.

'ઓ રે લુચ્ચા ચતર હેરો' બોલને કેડો કાઢી બા,
શાકવાળી ઓ તનેય ભાવશે, પણ ના બીશ,ન માગશે બા.

કહીશ,'હું છુ વાડીનો મૂળો કીંમત મારી રૂપિયા તેર,
જોઇતોહોયતો ખરીદવેબાઇ, નહિતોઆપણે રોપવેલ્લેર

માનું જ કે મને તેરમા લશે ખરીદ કરી મારી બા,
નહિ તો તાર ટોપલે બેસી વેચવા લાગીશ નાક મદા.

હાથમા મારી દાઢી મૂછો ઓટલે બેસી જોઉંછુ રોજ,
શાકવાળીના નાકની ચૂની કેવી રૂપાળી લાગે રોજ!

—સુન્દરમ્—

આપત્તિનો હતો પણ હૉરિસ્પર્ગરની એ ખાટલાવશ અવસ્થામાં જ એના કટાળાભરેલા જીવનને બહેલાવવા પોતાના જીવનની રમ્ય સ્મૃતિઓ અને અનુભવો એ કાગળ પર ટપકાવવા લાગ્યો. આ મંથનકાળમાં એના હૃદયનો સાચો નિચોડ એની કલમ-માંથી ઝરવા લાગ્યો; અને પરિણામે તેણે સંખ્યાબંધ એકાંકી નાટકો લખી નાખ્યાં.

રાત્રઆતમા તો ૩૬ પ્રાદ્યાલિકાઓ તોડતાં તેનાં લખાણો તરફ ખૂબ વિરોધ જન્મ્યો. જૂની ઘરેડના સાહિત્યકારોએ તેને પીખી નાખવામાં પણ બાકી માખ્યું નહિ અને તેની સાહિત્યકૃતિઓને ઉતારી પાડતા બેતરજોર લખતા માંડ્યા. આધુનિક સંસ્કૃતિના ઓઠા હેઠળ ચાલતી શોષણનીતિ અને દાંભિકતાને દુઃખી પાડનાર યુજન, યુવાનોને ખૂબ ગમી ગયો. તેના બંડખોર માનસને તેઓ વધાવા લેવા લાગ્યા અને તેનાં ઓકાંકી નાટકો અમેરિકામા ઘેરઘેર વંચાવા લાગ્યા. અમેરિકાના લબ્ધપ્રતિષ્ઠ લેખકને મળતુ 'પ્યુલિત્ઝર પ્રાઇઝ' જ્યારે તેને ૧૯૨૦મા તેના 'ક્ષિતિજપાર' નામના નાટક માટે મળ્યું ત્યારે ૩૬ મતવાદી લેખકો પણ શાન પડ્યા અને તેના તરફનો વિરોધ ઠંડક પકડ્યો. સને ૧૯૨૮ સુધીમા તેની ઉત્તમોત્તમ નાટ્યકૃતિઓ માટે ફરી બે વખત તે જ ઇનામ મેળવવા તે ભાગ્યશાળી થયો.

કુદરતની જટિલતા પાસે તેનું માથુ ઢળે છે જીવન જેવું છે તેવું તેના નગ્ન સ્વરૂપમાં આલેખનાર તે અજાત પ્રતિભાધર છે. માનવ પ્રકૃતિના ગૂઢ કોયડાઓ ઉકેલી તેનું રહસ્ય તાદશતાથી પોતાની નાટ્ય કલાકૃતિઓમાં તે ઉતારે છે શહેરના કૃત્રિમ જીવન કરતા કુદરતને ખોળે ઉછરતા અમેરિકાના હબસી-ઓના જીવન તેને વધારે સ્વાભાવિક અને સરળ લાગે છે. પીડિત જનોની લાગણીઓ અને જાતેને વ્યક્ત કરતુ તેનું નાટક 'શહેનશાહ જોન્સ' અમેરિકામા બહુ લોકપ્રિય થયુ છે અને એ જ નાટકની ઉતારેલ સીનેમા-ફિલ્મે અમેરિકાની પ્રજાને મંત્રમુગ્ધ કરી દીધી છે.

આ નાટકો પોતે લખ્યાં છે એટલું જ નહિ પણ તેમાં નટ તરીકે ઊતરી ઉચ્ચ પ્રકારની અભિનય કલા માટે પણ તેણે ખૂબ કીર્તિ મેળવી છે. ન્યૂ યૉર્કના 'ગ્રીનિચ વીલેજ થીએટર' સાથેનો તેનો સંબંધ ૧૯૨૫ થી આજસુધી ચાલુ છે. આ નાટ્યકારની ઉગર હજુ અડતાલીસ વર્ષ જેટલી માડ છે; એટલે અમેરિકાને તો તેના પર હજુ ઘણી આશાઓ છે.

—રાયસિંહજી કાનજી રાઉળ

શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી

* * * તરુણ વર્ગને કદાચ એમની ઓછી ઓળખ હશે, પણ આપણા પહેલાંની પેઢી પર જેનો બહુ ઊંડો અસર રહેલી છે, એ શ્રીમદ્‌સિદ્ધાચાર્યજીએ વડોદરામાં સ્થાપેલા શ્રી શ્રેયઃસાધક અધિકારીવર્ગે ગુજરાતના બહોર જીવનમાં એક વખતે ખૂબ મહત્વનું સ્થાન ગ્રામ કર્યું હતું. 'પ્રાતઃકાલ', 'મહાકાલ', 'ધર્મધ્વજ', 'યગદૂત' આદિ માસિકો તથા એ વર્ગની બહાર પડેલી પુસ્તિકાઓએ ગુજરાતની આધ્યાત્મિક બાજુને સબળ બનાવવામાં ઘણો હિસ્સો આપ્યો હતો. શ્રીમદ્‌સિદ્ધાચાર્યજી પછી એમના પુત્ર શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીએ આ વર્ગનું આચાર્યપદ સ્વીકાર્યું હતુ વ્યાખ્યાનો, નિબંધો અને ભજનો આદિથી તેમણે શ્રેયઃસાધક વર્ગની પ્રતિષ્ઠા ખૂબ જમાવી હતી પોતાના પત્ની શ્રીમતી જયદેવીના સહકારથી સ્ત્રીજીવનમાં પણ ઉન્નત સંસ્કાર રેડવાનો એમણે પ્રયાસ કરેલો. એમના આકસ્મિક અવસાનથી એકલા શ્રેયઃસાધક અધિકારીવર્ગને જ નહિ, ગુજરાતભરની સસ્કારી જનતાને ખોટ ગઇ છે.

છેલ્લી સદીમાં જે છ ધાર્મિક પ્રવાહો વહ્યા, તેમાંથી રામ-મોહનરાયનો બ્રહ્મસમાજ, રામકૃષ્ણ પરમહંસની ધર્મસંસ્થા, સ્વામી દયાનંદનો આર્યસમાજ, મેડમ બ્લૅવૅટસ્કીની થીઓસોફી: એ ચાર સાર્વત્રિક પ્રવાહો અ શ્રીમદ્‌સિદ્ધાચાર્યનો શ્રી શ્રેયઃ-સાધક અધિકારી વર્ગ તથા શ્રીમત્પુરુષોત્તમ શર્માનું મંડલ એ બે ગુજરાતના વિશિષ્ટ પ્રવાહો આચાર્યશ્રીનું વ્યક્તિત્વ, આચાર્યશ્રીનું પોતાનું તથા તેમના અનુયાયીઓ અને શિષ્યોનું સાહિત્ય વગેરે દૃષ્ટિઓએ જોતાં શ્રેયઃસાધક અધિકારીવર્ગ ગુજરાતના જીવનમાં મહત્વનું સ્થાન ભોગવે છે. શ્રીમદ્‌સિદ્ધાચાર્ય પછી તે વર્ગના આચાર્યનું પદ શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીને અર્પણમાં આવ્યું હતું તેમના શિષ્યવર્ગમાં ગુજરાતમાં પડિતો ગણના વિદ્વાન પુરુષો છે, જેવા કે છોટાલાલ ભારતર, જેકિસનદાસ કણીઆ, નર્મદાશકર મહેતા, કૌમિકરામ મહેતા, નગીનદાસ સંઘવી વગેરે તે સર્વ ધાર્મિક વૃત્તિના હોવા ઉપરાંત ઉચ્ચકોટિ-ના તત્વચિંતકો અને સાહિત્યમેવકો તરીકે વિખ્યાત છે એવા વર્ગના આચાર્ય થવું એ નહોતું જેવું તેવું સંદ્‌ભાગ્ય કે નહોતી જેવીતેવી ગભીર જવાબદારી મારે મન તો શ્રીમદ્ ઉપેન્દ્રા-ચાર્યજી એટલે એક આદર્શ સ્નેહીજન, આદર્શ સસ્કારીજન અને આદર્શ સજ્જન હતા. એમનું આધ્યાત્મિક રંગે રંગાએલું અસામાન્ય સૌજન્ય એમનું અદ્‌ભુત આકર્ષણ હતું. પ્રભુ એમના આત્માની સદ્‌ગતિ કરે.

(ગુજરાતી) —ચદ્રશંકર નર્મદાશંકર પંડ્યા

હિંદી વહાણવટાની પડતી

* * * આજે તો એ ઉદ્યોગ છેલ્લો શ્વાસ લઈ રહ્યો છે, પણ હજુ-ના જન્મ આસપાસની સદીઓ એનો ખરો સુવર્ણકાળ હતો. ગ્રીકો ને રોમનો જ્યારે ધંગીઓ (Galley-ships) ચલાવતાં પણ નહોતા શીખ્યા, ત્યારે ભારતનાં વહાણો આફ્રિકા તો શું ઠેઠ મયદેશ (Mexico) સુધી વહાણ ખેડતા હતા. સિકંદર અને દારા જેવા સમ્રાટોએ હિંદી વહાણોથી જ પોતાનો કાફલો ઊભો કર્યો હતો.

હિંદ સાથે સંપર્ક રાખતી એ નવી સંસ્કૃતિઓનો ઇસ્લામના આગમનથી ભંગ થયો નાગર અટૂલી પડીગઈ.

મિસરના ફેરૂ રાજા ટેવેન્દ્રે એ સમયથી દેશનો કિનારો છોડ્યો ને એના વસાહતોનાં એકે કચ્છની ગાદી સ્થાપી ત્યારથી કચ્છનું વહાણવટું હસ્તીમાં આવ્યું, જે આજ લગી યે ટકી રહ્યું છે. આજે પણ એના વહાણો નાગણારી (નીકોબાર), માલદીવ (માલદ્વીપ), સીંગાપોર ને બટેવીઆથી માંડી,હિંદના બધાં બંદરો ઉપરાંત બારેન (બહેરીન), કનીમ, બસરા, જગબાર, મોંબાસા ને માડાગાસ્કરથી લઈ ડેક ડરબન, મોઝાંબિક, મુરશ (મૉરિશિયસ), અને લિડી સુધી વેપાર ખેડતા ફરે છે અને એ ઉદ્યોગની વંશપરંપરાનુગત કુશળતાને લીધેજ કચ્છના કારીગરોએ 'રંગમતી' સ્ટીમર બાંધી એ કૌશલ્યની પ્રતીતિ આપી છે.

પણ કચ્છમા તો એ શકયતા હજુ રહી છે એનું કારણ, સર્વોપરિ સત્તા તેના આંતરવહીવટમા કોઈ રીતે હસ્તક્ષેપ નથી કરી શકતી એ છે જખાદાર ફતેહમહમદના પુત્ર હુસેનખાને અંગ્રેજ લશ્કર સામે ચડાઇ કર્યા પછી કમ્પાન મૅકમર્ડોએ કચ્છ રાજ્ય સાથે જે કરારો કર્યા છે તે અનુસાર બ્રિટિશ તબમા એ Foreign Territory તરીકે જ ગણાય છે, જ્યારે બાકીના હિંદુસ્તાનનુ એમ નથી રહ્યું નેપાળ અને ભૂતાન સિવાય સારા હિંદુસ્તાન પર અંગ્રેજ સત્તા સાર્વભોમ છે અને એને લઇને હિંદી માલ હિંદી વહાણોમા જ જ્યારે ઇંગ્લંડને કિનારે યોકહામ ઉતરવા લાગ્યો ત્યારે ત્યાના વેપારીઓએ એ માલ નીપજાવતા ઉદ્યોગો સાથે જ હિંદી વહાણવટા સામે યે પોકાર કઢાવ્યો ને શાસક બનાઓ બનેનો સાથેજ મૂ ધુબડવગાડયો વધુ દૂર જવું તો કયા રહ્યું પણ ૧૮૫૬મા જ જ્યાં હિંદના વહાણો ને મછવાઓની સંખ્યા ૩૪,૨૯૬ હતી ત્યા ૧૯૦૬મા ૮,૬૪૦ થઈ ગઇ ને જે વહાણ ચરે નેલ્સને ટ્રફાલ્ગરનુ યુદ્ધ જીત્યું એ 'વિક્ટરી' જેવા વહાણો નીપજાવતા એ ઉદ્યોગના આજ તો કોણ જાણે કેટલા યે આંકડા કપાઇ ગયા હશે

કચ્છ રાજ્યના ઇજનેર મિ બુધભટ્ટીએ પોતાની જ કલ્પનાથી ડિઝાઇનથી કચ્છના મદ્રાસીઓની મારફે ખાસ તૈયાર કરેલા યાર 'રંગમતી' જ્યારે મુબાઈના બારામા આવી ત્યારે દેશી વહાણવટાના અને વહાણના બાંધકામના ઉદ્યોગો બાબતમા ઘણો બહોર ઉઘાડોહ થયો હતો. દેશી કચ્છી કારીગરોએ બનેલી 'રંગમતી'ની બાંધની તથા અંદરની સજાવટ જોતા એમ તો સિદ્ધ થઇ જ ગયુ હતુ કે આ ઉદ્યોગને જો રાષ્ટ્રીય સ્વરૂપ આપવામા આવે, રાષ્ટ્રીય મૂડી એકઠી કરવામા આવે અને રાષ્ટ્રીય ઉદ્યોગોનો વિકાસ સાધવાની ઉત્કટ ઇચ્છાવાળા ઉદ્યોગપતિઓ એમા રસ લેતા થાય તો સદીઓ પહેલાં ધીકતા ચાલતા એ ઉદ્યોગને પુનર્જીવન મળે અને પરદેશી વહાણો જેવાં વહાણો, સ્ટીમરો,સ્ટીમબોંચો અને યાટ ઇત્યાદિનું બાંધકામ જરૂર દિવસે હિંદમા પણ ગમ્ય બની જાય.

હિંદનો વહાલ્ પણ વરાનો ઉદ્યોગ,લોખંડ અને પોલાદનાં પતરાં જ્યારથી દરિયા પર તરવા લાગ્યા ત્યારથી તાંબાનો બેવી એક માન્યતા પ્રચલિત છે લોખંડ અને પોલાદના વહાણો વરાળની મદદથી તરતાં અને ઝડપથી ગાર્ગ કાપતા, એને લીધે, લાકડાના વહાણોને કુપયોગ થવા માંડયો અને તેથી એ બાંધવાનો ઉદ્યોગ પણ કુદરતી રીતે જ નષ્ટપ્રાય થયો.

'બૉમ્બે ક્રૉનિકલ'મા આ પ્રશ્નની ઝીણવટથી મીમાંસા કરતા મિ. એસ એમ. કાપડીઆ જણાવે છે કે 'માત્ર પોલાદી વહાણોના કરતા પણ વધુ નાશકારક કેટલાક તત્વો એવાં હતાં કે જેને લીધે આપણા વહાણ બાંધવાના ઉદ્યોગનો નાશ થયે હતો. લોખંડ અને પોલાદના વહાણો આપણા દેશમા આવ્યા, વહાણોમા વરાળનો ઉપયોગ થવા લાગ્યો વગેરે તો અનેક કારણોમાના એકાદ બે કારણો ગણાય.'

'વહાણનુ બૉઇલર બાવવામા પડેલવહેલું લોખંડનું પતરૂ ૧૭૮૬મા બનાવ્યું પરતુ ઇંગ્લંડની ઔદ્યોગિક ક્રાંતિ પછી જ એ ઉદ્યોગનો વિકાસ સારી રીતે થયો એમ કહી શકાય ઔદ્યોગિક ક્રાંતિ પછી ઇંગ્લંડમાં ઉદ્યોગો ઘણા વધ્યા, યાંત્રિક યુગ બેઠો અને તેથી માલના ઉત્પાદનમા ઝીન્ક અનેક મુદ્દાઓ વિચારવાની જરૂર પડી તૈયાર બનાવટો કયા બજારોમા ઠાલવવી એ તે વખતનો મુખ્ય પ્રશ્ન નહોતો, પરતુ કાચો માલ કયાથી મેળવવો એ વિમાસણમા નાખે તેવો પ્રશ્ન હતો હિંદમા કાચા માલની વિપુલતા તથા તૈયાર બનાવટો માટેનું વિશાળ બજાર હોવા વિષેની જ્યારે ઇંગ્લંડના લોકોને પ્રતીતિ થઇ ત્યારે તો હિંદ જવા આવવાના દરિયા માર્ગની અને ઝડપી સાધનો માટેની બૂમરાણ થઈ પડી '

ઇસ ૧૮૭૩મા કલકત્તાના કેટલાક સાહસિક વેપારીઓએ એકઠા થઇ 'સ્ટીમ ફંડ' ભેગુ કરવાનુ શરૂ કર્યું અને એ ફંડ જે થાય એ ઇંગ્લંડ અને હિંદ વચ્ચે ૧૮૨૬ પહેલા નિયમિત સ્ટીમર સર્વિસ દોડાવવાનું શરૂ કરનાર કંપનીને ભેટ આપી દેવું એવી યોજના વિચારાઇ બોર્ડ ઑફ ડીરેક્ટર્સની અનુમતિની આગાઓ હિંદી ગવર્નર્સ સરકારે તેમા ૨૦,૦૦૦રૂપિયા ભર્યા અને ફંડમાં ધીમે ધીમે સારી રકમ એકઠી થઇ રાકી ઇ.સ. ૧૮૨૫ના ઑગસ્ટની ૧૬મી તારીખે ઇંગ્લંડની એક કંપની તરફથી 'એન્ટરપ્રાઈઝ' નામની સ્ટીમર પ્લીમથ બંદરેથી હિંદ આવવા રવાના થઈ એની મુસાફરી તો સાવ નિષ્ફળ ગઇ, કેમકે કલકત્તાની સોસાયટીની કેટલીક શરતો 'એન્ટરપ્રાઇઝ'થી પૂરી પડે તેમ નહોતુ, તેથી દંડ તેને ન ભરવુ પરતુ ઇંગ્લંડની કંપનીને આવી નિષ્ફળતાથી ભયંકર ખોટ ભય તેવું દેખાયું હિંદી સરકારે રૂપિયા ૬,૦૦,૦૦૦ની રકમ આપીને 'એન્ટરપ્રાઇઝ'

ગે ઇટલીની આઝાદીનો અણનમ આશક

ની માની મરજી એને બાદરી બનાવવાની હતી; એના બાપની મરજી એને વકીલ કે વકીલ બનાવવાની હતી; પણ લાકનબર્ગ એના હાથ સાધુના ઠંડા મઢમાં પ્રાર્થનાબદ્ધ રહેવા, કે શહૂરબરી તેની જબાન છબાના લોચા વાળવા નહોતી સર્જાઈ. પોતે કઇ બનવું જીવન જીવવું એનો ગેરિબોલ્ડીએ જનતે જ નિર્ણય કરી લીધો હતો.

એનું વતન ઇટલી ત્યારે બાનાખરાબીની ટોચે પહોંચ્યું હતું. દક્ષિણે સ્પેન, મધ્યમાં પોપ અને ઉત્તરે ઑસ્ટ્રિયાએ મળી એની આખી કમ્મર તોડી નાખી હતી ને જુદાજુદા મણકા પચાવી પાડી મુસ્તાક બની રહ્યા હતા. બેચાર નાનાં સ્વતંત્ર રાજ્યો રહ્યાં હતા, તેયે પરસ્પર ઝગડવામાંથી ઊંચાં નહોતા આવતા. 'માતા ઇટલી'નું તો તેમને સ્વપ્ન સરખુ યે નહોતું. ઉગારનો કોઇ ઉપાય રહ્યો ન હતો. લાચાર જીવે ઇટલીને એ ત્રણે બીંગી સત્તાઓની બીબાવટ સહન જ કરવી રહી હતી.


પણ સહનશીલતાની યે કંઇ હદ તો હોવી જોઇએ ને? ઇટલીનો પોતાના દર્દનો ઉપચાર થવો તો દૂર રહ્યો, પણ એ દર્દની આહ પણ બોમાથી ન નીકળી શકે એવા તાળા તેના ઉપર ઠોકાવા લાગ્યા. જરાક બો બોલ્યું કે કેદખાનાની દીવાલો તૈયાર જ. વાતવાતમા ઇટાલીઅનો ફાસીને માચડે લટકવા લાગ્યા. મુક્ત ઇટલીના સ્વપ્નથી યે તેના શાસકો ધ્રુજી ઊઠતા હતા. ધર્મગુરુઓ તો બરબાદ લોકોને હજુ આશ્વાસન આપી રહ્યા હતા કે, 'પ્રભુ બધું સારું કરશે.' પણ એમના પ્રભુના નિષ્ક્રિય હાથ સક્રિય બને ત્યાં સુધી હવે ઇટલીથી રાહ જોઇ બાય એમ નહોતું રહ્યું; કારણ દલિત પ્રજામાં વહેલો મોડો બરફરોઝીનો જે જુસ્સો પ્રગટે છે તે ઇટલીમાં પ્રગટ થઇ ચૂક્યો હતો.

ત્રાસિત જુલ્મી સત્તાઓનો અંત આણી ઇટલીને મુક્તપ્રાણ બનાવવા તેના પુત્રોએ હવે પોતાનું ખૂન રેડી અજ્ઞાનતા, પરાધીનતા ને અન્યાયની દીવાલો કમજોર બનાવવા ને તોડી પાડવાના સક્રિય પ્રયાસો આદર્યા. એ વેરવિખેર પ્રયાસોને સંગઠિત બનાવવાનું કામ પ્રખર પ્રજાભક્તાવાદી જિસેપ મ્યાટ્સિનિએ હાથ લીધું. 'નરુણ ઇટલી' નામનુ મંડળ તેણે જમાવ્યું ને એ મઝા તરફથી એ જ નામનું ચોપાનિયું તેણે બહાર પાડવું શરૂ કર્યું. ઇટલીના જુવાનોને તેણે ઢંઢોળાઢંઢોળીને જગાડવા માંડ્યા: 'બીજા કોઇના નામે નહિ, માત્ર ઇટલીના નામે બહા થાઓ.' ને એના ઝંડા નીચે નવલોહિયાનાં ટોળાં ને ટોળાં જમા થવા લાગ્યાં. લાંબી મુદતથી પરાધીનતામાં જકડાએલા દેશની મુર્દાદિલી એકસામટી ભસ્મીભૂત થવા લાગી. પરંતુ ઇટલીને સ્વતંત્રતા હજુ કીબવાની હતી, એવું માનતા એના શાસકવર્ગે મ્યાટસિનીને એ ઉત્થાનની બાબચ્ચે જ ઉપાડી લઇ દેશનિકાલ કરી દીધો ને પોતાની જનતને વધુ સલામત રાખવાની ચુસ્ત ચેરવીઓ કરવા માંડી.

રાષ્ટ્રોત્થાનના આ ઘટનાચક્રે જ ગેરિબોલ્ડીને કુમાર વયમા તેના જીવનનો નિર્ણય કરાવી દીધો હતો. દેશનિકાલ મ્યાટ્સિનીની વાતો એ દર્દભર્યે હૈયે જ્યાંત્યાથી સાભળતો. એના પુસ્તકો જ્યારે ને જ્યાથી મળે ત્યારે ને ત્યાંથી માગી, લાવી એનું બાનગીમા પારાયણ કરતો. ઘણીવાર એને મનમા ને મનમાં પોતે ઇટલીના મેદાનો પર દુશ્મનો સામે લડતો હોવાની કલ્પનાઓ જાગતી. ને એ મૂર્ત કરવાની બાણી ન આવે ત્યાંસુધી એ બધી ભાવાત્મક કલ્પનાઓ હૃદયનેએકખૂણેસંધરતોજતોહતો.

એનું આખું નામ જિસેપ ગેરીબાલ્ડી. ગેરિબો તો માબાપે એનું લાડમાં પાડેલું નામ. ઇટલીના નાઇસ ગામમાં ૧૮૦૭ના જુલાઇની ૪ થીએ તેનો જન્મ થયેલો. બાપ ને દાદો બંને વેપારી કપ્તાન હતા, એટલે ફરજનો ચાદ, બચાક બળ ને નિર્ભીક હિંમત સાથે સાગરનો શૌબ પણ તેનામાં ઊતરેલો. નિશાળે જવાને બદલે દરિયાકિનારે પડ્યા રહી, મ્યાટ્સિનીના પુસ્તકો વાંચવામાં અગર તો વહાણોને બૂચ જેમ આમતેમ નચાવતાં દરિયાનાં ચેડતાપડતાં મોજાં જોઇ રહેવામા તેને ઓર મજા આવતી. સિનિજમા દેખાતાં ટપકાંમાંથી ચેતપંખી જેમ ફૂટી નીકળતાં વહાણોને એ આગોટ

ગૅરીબાલ્ડી



નાકી રહેતો ને બેનાનીરંગદર્શી જિંદગીનાં સ્વપ્નાં ઘડતો.

ગોરિયો નિશાળે જતો ત્યારે શિક્ષકનું આવી બનતું. ફાવે તેમ વર્તે. સાથે બીજા વિદ્યાર્થીઓને પણ તોફાને ચડાવે. એક વખત તો બે જણનું સાથે લેણ એક તરાપામા તે રોમ નાસી જવા ઊપડી નીકળ્યો. પણ એક પાદરીએ તેના બાપ પાસે ચાડી ખાતાં પાછળ વહાણ દોડાવી જણેને પાછા આણવામાં આવ્યા.

બસ. ત્યારથી ગોરિયોએ નિશાળમાં જવાનું સમૂળગું માંડી વાળ્યું. બાપને બબર પડી અને કારણ પૂછ્યું તો તેણે પુસ્તકોનુ બહાનું આપ્યું. નવા પુસ્તકો લેવા બાપે પૈસા આપ્યા, પણ એ પુસ્તકોને બદલે એ પૈસાની એણ બંદૂક ખરીદી લાવ્યો. હવેથી દરરોજ તે બંદૂક સાથે રખડવા લાગ્યો.

બાપને યે આથી લાગ્યું કે એને ભણાવવામા સાર નહોતો. ત્યારે એને જોડવો શામાં? મ નો નામરજી છતા ગૅરીબાલ્ડીએ તો ખલાસી થવાનુ જ પસંદ કર્યું. બાલપણથી જ કરિયાની તેની કોઇ અજબ મોહિની લાગી હતી. ગોલેસા, રોમ, બ્રિન્ડાઝ્ટર, કૅનેરીસ ને કૉન્સ્ટાન્ટીનોપલની સફરો તે બેઠતો થયો.

એ સફરોમાં પણ રોમની મુલાકાત લીધી ત્યારથી તો તેની ભાવનાસૃષ્ટિ કંઇ ઓર બબડી ઊઠી. ત્યાના બંદિયેરોમાં તેણે નવો સંદેશ વાચ્યો. રોમ તેને સંયુક્ત ઇટલીની પ્રધાનસંજ્ઞા સમું ભાસતું ને તેમા યે જ્યારે તાગનરોગ નામના દેશભક્તનો તેને ત્યા ભેટો થયો ત્યારે તો કોલંબસને અમેરિકા શોધતાં યે નહિ થયો હોય એટલો આનંદ તેને ઊપજ્યો હતો. ત્યારથી તેનું મૂર્ખું દેયું માતા ઇટલીને નિશદિન જણે પ્રાર્થતું રહેવા લાગ્યું—

Beloved, O men's mother, O men's queen,
Arise, appear, be seen.

પછી તો એ એક વહાણનો કપ્તાન થયો. એ જ અરસામાં, ફ્રાન્સની રાજ્યક્રાન્તિની બીજી જ સાલે, ઇટલીમાં પણ ક્રાન્તિનો પ્રયાસ થયો. પન્નીમ લાખ ઇટલીઅનોએ પોપ ને ઑસ્ટ્રિયાના ગેરશાસન સામે બળવો પોકાર્યો. પણ કમનસીબે તે નિષ્ફળ ગયો. ઑસ્ટ્રિયનોએ બળવાખોરોને ઘાસ પેઠે વાઢી નાખ્યા જીનોવા, પાડુઆ, પાવિયા ને તુરીનની વિદ્યાપીઠો પર તાળા લગાવી દીધા. પોપ ગ્રેગરી સોળમાએ પૉન્ટિફિકલ સ્વયંસેવકો ઊભા કરી, સ્પેનિયાર્ડોના મુલ્ક દેશને માટે માયું ઊંચકનારાઓની કતલ ચલાવી. જેમની કતલ પોપ ન બણાઇ તે જેલમા ગોંધાયા ને જેલ માટે જે ભયંકર બણાયાં તેમને દેશનિકાલ કરવામા આવ્યા. સીત્તમને કોરડે ઑખો દેશ નિઃસત્ત્વ બની ગયો. બબકતે હૈયે ફરી એ માતા ઇટલીને પ્રાર્થવા લાગ્યો—

Italy, what of the night?

ને કારમી નિઃશબ્દતા બણે એનો જવાબ આપતી,

Ah, Child, Child, it is long!

પણ એ નિરસત્ત્વતામાં યે એક બીજો અવાજ

માતા ઇટલી માટે ઘર કીર્તિ ને પત્ની સુધાંનું બલિદાન દેનાર, ગરીબી બદનક્ષી અને કારમી વિટંબણાઓ સહન કરનાર અને મોત સિવાય કશા બદલાની આશા ન રાખનાર એ જવાંમર્દની સરફરોશી આજે યે જગતની જુવાનીને શૂરને છોટણે રંગે છે.

સંભળાવો સતત ચાલુ રહ્યો હતો ને તે ઇટલીના અણનમ દેશભક્ત જિસેપ મ્યાઝિનીનો. ઇટલીની જુવાનીને તેણે ચોક ને ચોકબંધ પ્રાણવાન સાહિત્ય પીરસ્યું હતું. કાળી વિષાદભરી આંખો, ભવ્ય લલાટ, વિશાળ ભવાં ને કમનીય રીતભાત સાથે જબ્બાન ઉપર અજબ કાબૂ. ખરાવતો આઝાદીનો એ ફકીર ચિંતક હતો, સંત હતો ને ઇટલીની નવી પેઢીનો પયગંબર હતો.

એની મયામણે ઘેરેઘેર આઝાદીની ઝંખા જગાવી દીધી હતી. માર્સેલ્સમાં રહ્યે માભોમની આરાધના કરતો એ દેશભક્ત બાળક જેટલો જ અહંકારથી પર હતો. ઇટલીએ તેના હૃદયનો એટલો કબજો મેળવેલો કે આખી જિંદગી તે અપરિણીત રહેલો. પોતાના સિદ્ધાંતો તેણે કદી સ્ખલિત કર્યા નથી. પણ એ સિદ્ધાંતોના વાચનારને ઇટલીમાં તો કેદ યા ફાંસીને યોગ્ય જ ગણવામા આવતો હતો.

કપ્તાન ગૅરીબાલ્ડીએ આવા એ વતનપરસ્તની પહેલી મુલાકાત પોતાની માર્સેલ્સની સફર દરમિયાન લીધી. બંનેના જીવન જુદાં હતા, શિક્ષણ જુદું હતું, પણ આખરી ધ્યેય તો એક જ હતું. એક દુબળો, પાતળો છતાં આખોમાં અબૂઝ જ્વાલાભર્યો, બીજો દરિયાની છાતી ખૂંદી અઠીખમ પહાડની દૃઢતા ને તાકતભર્યો. પહેલાના આદર્શોએ બીજાની તાકતમા જાણે પ્રાણ પૂર્યો.

એ દિવસે મ્યાઝિનીને આજીવન સાથ આપવાની ગૅરીબાલ્ડીએ કબૂલાત આપી. સિક્કે સિક્કો તુર્ત માપી લીધો ને ગૅરીબાલ્ડીને તેણે એ જ વખતે જીનોઆ રવાના કર્યો, કારણ બળવાની બધી પૂર્વતૈયારી ત્યા સંપૂર્ણતાએ પહોંચી હતી. વહાણનો સુકાની દેશનું સુકાન સંભાળવા પાછો ફર્યો.

પણ ઇટલીની દુર્ભાગ્યપરંપરા હજુ પૂરી નહોતી થઈ. સ્વાતંત્ર્યની દેવીનું ખપ્પર હજુ યે કદાચ ઊણું રહ્યું હશે, એટલે બધી મજબૂત તૈયારી છતા એ બળવો પણ નિષ્ફળ ગયો. અનેક મરાયા ને અસંખ્ય જેલોમાં પુરાયા. જુવાન ઇટલીને ફ્રાન્સમાં બેઠા પ્રેરણા પાતા મ્યાઝિનીને ત્યાંથી દેશનિકાલ કરવામા આવ્યો. એ



સ્વિટ્ઝર્લૅન્ડ ગયો, પરંતુ ત્યાંની સરકારે પણ એને સંઘરવાની ના પાડતાં આખરે એણે ઇંગ્લંડનું શરણ લીધું.

બળવામાં ગૅરીબાલ્ડીએ આગળપડતો ભાગ લીધો હતો, પણ એનું એ સદ્‌ભાગ્ય હતું કે તેને કોઇએ ઓળખેલો નહિ; ને એનો લાભ લેવા તે વેશ પલટાવી નાસી છૂટ્યો. જંગલો અને પહાડો પસાર કરતો ને તરીને નદીઓ પાર કરતો તે નાસ્યે જતો હતો, પણ અંતે બળવાના એ સુકાનધારીની બાતમી સત્તાધીશોથી છૂપી ન રહી શકી. તરત તેની પાછળ જાસુસો દોડાવવામાં આવ્યા ને તેનું માથું કાપી લાવનારને જબરું ઇનામ આપવાની જાહેરાતો કરવામાં આવી.

રસ્તામાં પોતાની જાતને છુપાવવા બનતી સાવચેતી રાખતો રખડતો રખડતો ગૅરીબાલ્ડી દસ દિવસે માર્સેલ્સ પહોંચ્યો. અઢાર કલાક થયાં કોળિયા અન્નથી યે વંચિત રહેલો એ ત્યાંની શેરીઓમાં આથડવા લાગ્યો. ફરતાં ફરતાં અચાનક એક છાપું તેના હાથમાં આવ્યું. એ વાંચતાં તેમા પોતાને ઇટલીનો ગદ્દારવટિયો ગણી પકડી લેવાનો હુકમ છપાએલો જોયો.

દેશમાથી મોત પાછળ પડ્યું હતું, અહીં તેના માટે કેદખાનું રાહ જોતુ હતું; છતાં ગૅરીબાલ્ડીએ હિંમત રાખી. પોતાનું નામ બદલાવી તેણે જિસેપ પેન રાખ્યું ને નકની રાહ જોવા લાગ્યો. એ તક પણ મળી ગઇ ને આબાદ રીતે છટકી, રાયો ૬ જનેરો પહોંચવા ૧૮૩૬માં તે દક્ષિણ અમેરિકા ઊપડી ગયો.

તેના ત્યાં પહોંચવા બાદ નવ જ મહિને બ્રાઝીલની પોર્ટુગીઝ સત્તા સામે બળવો ફાટી નીકળ્યો. રાયો ગ્રાન્ડ ડો સુલના પ્રાંતે પોતાને પ્રજાસત્તાક જાહેર કર્યું ને યુદ્ધની શરૂઆત થઇ. ગૅરીબાલ્ડીએ એ યુદ્ધમાં પોતાના અનેક દેશવાસીઓને કેદમા પડતા ને કપાઇ જતા જોયા અને તેના ચિત્તની શાંતિ ઊડી ગઇ.

બાનગી સૈનિક તરીકે કામ બજાવવાની તેણે પરવાનગી મેળવી ને એક મજબો તૈયાર કર્યો. પોતાના આદર્શ મ્યાઝિનીનું એ મંડળને તેણે નામ આપ્યું ને અંદર હથિયાર વગેરે ભરી, બાર બહાદુરીઓ સાથે બ્રાઝિલની શાહી સત્તા સામે લડવા તે મેદાને પડ્યો.

અનેક વખત એ ઘાયલ થયો, માંદો યે પડ્યો, પણ પોતાની કર્તવ્યનિષ્ઠાને એણે જરા યે મેણાં પડવા ન દીધાં. પ્રજાસત્તાક પ્રાંતને આવી દમદાટીથી એણે આપેલા



ઇટલીનો સ્વાતંત્ર્યદૂત
બાનાબક્ષ ગૅરીબાલ્ડી

કાળી વિષાદમયી આંખો, ભવ્ય લલાટ, વિશાળ ભાલ અને કમનીય દેહલતા સાથે જબ્બાન પર અજબ કાબૂ ધરાવતો આઝાદીનો ફકીર એ ગૅરીબાલ્ડી ચિંતક હતો, સંત હતો, અને ઇટલીની ભૂમિનો પયગમ્બર હતો

આ વીર ગૅરીબાલ્ડીના શૌર્યરંગે રંગીને મૂર્તિમંત કરી તે અજોડ વીર

માથાને લીધે તેની નામ ના ચોમેર ફેલાઈ ગઇ. શાહી સત્તા પણ હવે તેને ખૂબ ભયકર ગણવા લાગી

આખરે મૉન્ટીવીડિયોમા તે કેદ પકડાયો ત્યાંથી નીકળ જ દિવસે એ તો નાસી છૂટ્યો, પણ તે ની જાણ થતા જ તે પાછો પકડાઇ ગયો ત્યાના અધિકારીઓએ આ વખતે તેની જમીની ૩ફૂટ અદ્ધર લટકાવ્યો, સાથીઓના નામ આપી દેવા તેને ઘોડાના ચાબુકથી ફટકારવામા આવ્યો, પાણી વગર તરફડાવવામા આવ્યો ને બીજા પણ ઘણા ત્રાસો વરસાવવામા આવ્યા પણ છેવટ સુધી તેણે ઇન્કાર જ કર્યો

ગાઢ માઢ એક મિત્રનો સાથ મળતા તે આ જેલમાથી છૂટ્યો પોતાને રસ્તે જતા એક ખેડૂતને ત્યા એ કૉફી પીવા રોકાયો એ ખેડૂતની એકની એક પુત્રી આનીતા ગૅરીબાલ્ડી પર પ્રથમ મુલાકાતે જ આફરીન પ્રિય, બહાદુર ને માનની હતી તેને એક સીધા વગર રહેતી ઉભય હૃદયમા અને તે ઘિરાઈ, એ પૂર્ણ કરવા બંને પરણ્યા

એક જ ધ્યેયનો પોપાક, એક જ ધ્યેય ની પૂજક અને એને જ ધ્યેય ના આવેગો મદિરા જો જોર ધરાવી નીકળ્યુ મૉન્ટીવીડિયો આવી ગૅરીબાલ્ડીએ કયાક નોકરી કરવા ખરાદો કર્યો પણ ત્યા તો જુલ્મોના આરીઝની જુલ્મગાર સત્તા સામે બળવો ફાટી આવ્યો સ્વાતંત્ર્યના દરેક પ્રયાસને દમદર્યા હતા ગૅરીબાલ્ડીએ નરત તેમા ઝંપલાવ્યો દીધુ પોતાની ઇટાલિય ટુકડી બનાવી, ને બળવાના અંત સુધી એકનિષ્ઠ થયા સાથ આપ્યો

બળવો પરિસમાપ્તિ પામ્યા અધિકારીઓ ને માનભ્રષ્ટ રાજ્યાનીવિરોધીઓ સવારના વાગ્યા, પણ ગૅરીબાલ્ડીએ સભળાવી દીધુ કે "અમે જે કઇ કરીએ છે તે ધમા કે માન માટે નહિ, પણ સત્ય માનવતાની પ્રગતિને જ કર્યું છે અને તે આપે જ ખુશ કરવો જોઇએ તો માફ કરવી માટે હું માફી ત્યારે માગીશ જ્યારે હું ખોટો હોઉ ત્યારે અહીંયા છું મને ગમે તેવી માફી માગવા ગદાય નથી"

અધિકારીઓને તો એ માગણી બહાલ રાખવામાં કોઇ જાતનો વાંધો નહતો. ઇટલીના વિચારમાત્રથી ગૅરીબાલ્ડી હજુ કંઈ ઊકળતો હતો. તે કહેતો, ‘પરાધીન માનવતાથી ઉભરાવા કરતાં તો ઇટલી વેરાન હોય એ હું વધુ પસંદ કરું. પરંતુ, હજુ ભવિષ્યમાં મને શ્રદ્ધા છે.’

ઈ. ૧૮૪૮ની સાલ કંઇ અનોખા જ રંગથી ઊગી. ફ્રાન્સમાં પ્રજાસત્તાક જાહેર થયું. સિસિલીએ કરેલો ખુલ્લો બળવો સફળ થયો ને મિલાનીઓએ પણ પાંચ દિવસના યુદ્ધ પછી રેડિત્સ્કીને હરાવ્યો. વેનીસે પણ પરદેશી સેનાને હાંકી કાઢી. ઇટલીના સુખ હોંશે નવો પ્રકપ અનુભવ્યો. ટસ્કનીનો ગ્રાંડ ડ્યૂક અને પોપમોંટનો રાજા ચાર્લ્સ આલ્બર્ટ પણ રાષ્ટ્રીય ઝંડા નીચે પોતાની સલામતી જોઇ તેમા જોડાઇ ગયા. દસ હજાર સ્વયંસેવકો ને સાત હજાર શસ્ત્રધારીઓ તૈયાર હતા. પણ ‘ઘર ફૂટે ઘર જાય’ તેમ રોમે ઑસ્ટ્રિયાને સહાય કરી ને ચાર્લ્સ આલ્બર્ટને ભયંકર હાર ખાવી પડી. હતાશ થઇને પોતાના પુત્ર વિક્ટર ઇમાન્યૂએલને રાજ્ય સોંપી તે નિવૃત્ત થયો.

મ્યાઝિનીએ અમેરિકામાં રહેલા ગૅરીબાલ્ડીને આ હકીકત લખી. તરત, સ્વાતંત્ર્યના એ કૂટતા પરોઢમાં નવો રંગ પૂરવા લાની સરકાર પાસે વચન મુજબ તેણે વિદાય માગી. એક કોડીની યે આશા રાખ્યા વિના પોતાના સ્વાતંત્ર્ય-પ્રયાસમાં સાથ આપનાર સ્વાતંત્ર્ય ને શિસ્તના એ પૂજકને મૉન્ટીનીડિયોના પ્રજાજનોએ હાર્દિક વિદાય આપી.

ગૅરીબાલ્ડી ઇટલી પહોંચ્યો. મ્યાઝિની પણ આવી પહોંચ્યો. પહેલો જ હલ્લો ઇટલીની કરોડ જેવા રોમ પર લઈ જવામા આવ્યો. મ્યાઝિનીની ઘોષણા અનુસાર ‘ડાયો ઇ પોપોલો’ (પ્રભુ અને પ્રજા)ના નામે ધોકબંધ જવાનો તેમને પડકો આવ્યા. પોપના વડા પ્રધાન રોસ્સીનું ખૂન થયું. પોપ પાયસ નવમો કિરિનાલનો પોતાનો મહેલ છોડી ગીતી નાસી ગયો. રોમ બળવાખોરોને હવાલે આવ્યું. તરત તે પ્રજાસત્તાક જાહેર કરવામાં આવ્યું. મ્યાઝિની તેનો પ્રમુખ ચુંટાયો. સંભારણું સમિતિ સ્થપાઇ ને ગૅરીબાલ્ડી તેનો સભ્ય બન્યો. રોમન પ્રજાજનોએ જાહેર કર્યું કે તેઓ માત્ર રોમન નહિ પણ ઇટાલીઅન હતા ને આખા ઇટલીને સ્વતંત્ર બનાવવાની તેમની ખ્વાહિશ હતી.

પરંતુ ઇટલીની આ ખ્વાહિશ કોઇ સત્તાને પોસાય તેમ ન હતા. નાહેલા પોપે તેમને કચડવાના રસ્તા શોધ્યા. સ્પેન તેની સાથે જોડાયું ને ઑસ્ટ્રિયા તો એ માટે પોતા નદી વહેલી જ બોળી ચૂક્યું હતું. અને છતાં યે હજુ ઊભુ હોય તેમ પ્રજાસત્તાક ફ્રાન્સે પણ એ જુલ્મગારીમાં સાથ આપ્યો. રોમ ઘેરાઇ ગયું.

એક સિવાય બધાની આશા છેલ્લા શ્વાસ લઇ રહી હતી. ગૅરીબાલ્ડીએ હજુ આશા નહોતી છોડી. જો નિતાન્ત બચવ હોય તો પોતાને સત્તામુખત્યારી સોંપવાની તેણે માગણી કરી, પણ બંધારણસભાએ તે મંજુર ન કરી, એટલે માત્ર બાનમી સૈનિક તરીકે તેણે યુદ્ધમાં સાથ આપ્યો. પણ રોમ તો હાથથી જવા બેઠું. નાસી જવા સિવાય બીજું કોઇ ચારો ન રહ્યું ને છેવટે તો એ જ ઉપાય અજમાવાયો. સ્ટૂઅર્ડના વેશે મ્યાઝિનીની નાસી છૂટવો સ્વિટ્ઝર્લેન્ડે ન સંપ્યો એટલે ઇંગ્લંડનું શરણું લીધુ ભાગ્ય હશે તે ઉત્કૃષ્ટ ભવિષ્યનાં સ્વપ્ના જોવા લાગ્યો.

આ બાજુ ગૅરીબાલ્ડીએ નવું લશ્કર જમાવવું શરૂ કર્યું. તેણે હાકલ કરી, ‘જિરાલ્ડો, જેને ક્રાન્તિ પ્રિય છે તે મારી સાથે જોડાઇ શકે છે. વતનની દાઝથી સળગતાં તમારાં અંતરો સિવાય મને બીજી કશી ગરજ નથી. ને મારી સાથે જોડાઇને પણ તમને પૈસા નહિ મળે, આરામ નહિ મળે, ખોરાક પણ પૂરતો નહિ મળે. મળશે ભૂખમરો, યુદ્ધો ને ઇટલી માટે મરી ફીટવાની સોનેરી તક.’

હુકમો વતનથી સળગતાં સઘળાં દિલ ફરી ગૅરીબાલ્ડીના નેજા નીચે જમા થવા લાગ્યાં. પ્રિયતમા આનીટા ને પાંચ હજાર વતનપ્રેમી જુવાનિયાઓ સાથે એ ચાલી નીકળ્યો. ઍપેનાઇન્સની કોર તરફ. એ પાંચ હજાર ને બે જિંદગીઓને નાબૂદ કરવા ચાર લશ્કરો પાછળ પડી ચૂક્યાં. એક ત્રીસ હજારનું, બીજું બાર હજારનું, ત્રીજું છ ને ચોથું બે હજારનું.

ચાર સત્તાઓની દૃષ્ટિફલક નીચેથી છટકવાનું હતું.

છ દિવસ થયાં ગૅરીબાલ્ડી ને તેના સાથીઓને ખાવું નહોતું. થાકથી તો આખે અંધારાં આવતાં હતાં. વાળ કપાવી પુરુષવેશે ઘોડે બેઠેલી આનીટાની તબીયત તો સૌથી વધુ ચિંતાજનક હતી. માથે ગીધડાં ઊડતાં ને પા-

બળ એજ દાનતથી માનવરાક્ષસો દોડતા. તેમને આશ્રય આપનારને યે ફાંસીની સજા જાહેર થએલી.

સફળતાની અનિશ્ચિતતા છતાં પોતાને ખાતર,કેવળ ગેરીબાલ્ડીનું હૈયું પીગળી ઊઠ્યું. તેણે કહ્યું, 'સૈનિકો, મને માથું આપવાની ફરજમાંથી હું તમને મુક્ત કરું છું મારા ઘેર પાછા ફરો. પણ એટલું કરજો કે ઇટલીની ગુલામ ને શરમભરી સ્થિતિ કદી વિસારે ન પાડતા'

એક પછી એક સાથીદારો ઘરનો રસ્તો લેતા ગયા છેવટે માત્ર બસો જ જણ બચ્યા તેઓ તો મરણિયા હતા એમના માથાનાં મોલા મૂલ જાહેર થયા હતા

જવાની વેનીસ પહોંચવા જવાની આશાએ એક અજવાળી રાતે તેઓ હોડીમા બેઠા, પણ ઑસ્ટ્રિયન લશ્કરે તેમને જોઇ લીધા ને પાછળ પડ્યું લડાઇ ચાલી તેમાંથી આઠ હોડીઓ ડુબાડી દેવાઇ બાકીની કેદ પકડાઇ ફક્ત ગૅરીબાલ્ડીની હોડી આનીટા સાથે બીજા નવ માણસોને લઇ નામી જઇ શકી દુશ્મનના બહેર રેવેન્નાને કિનારે તે નાગરાણી બધા ઉત્તર દિશામા વેનીસ તરફ ચાલ્યા પણ આનીટાની તબીયત આ નકામાથી વધુ બગડી હતી તેનાથી ચલાતું પણ ન હતું ઑસ્ટ્રિયનો તો તેમને ચોકીદા જેમ સૂચના પાળવા જ પડ્યા હતા. માત્ર પોતાની બાતર નવ જિંદગીઓ બતરામા મુકાતી ગૅરીબાલ્ડીથી ન જોઇ શકાઇ કચવાતે મને તેણે નવે માણસોને રજા આપી દીધી

પરંતુ એ કમનસીબ નવનો સામટો શિકાર કરવાનો પેંતરો તો વહેલો જ રચાઈ ચૂક્યો હતો ગૅરીબાલ્ડીથી છૂટા પડતા જ એ બધા યે ઑસ્ટ્રિયનોના હાથમા પકડાયા. 'નવ કબ્રો ખોદો' ઑસ્ટ્રિયન પ્રિન્સે હુકમ કરી દીધો એ પોચી રેતાળ જમીનમા જરા વારમા નવ બદકિસ્મતોએ પોતાનુ કામ પતાવી લીધુ નવ બાડામા નવ લાશ બડકાઈ ગઇને સ્વાતંત્ર્યની ઝબનાની ભરપાઇ કરવાની કીમતના બનેલ પ્રતીક હોય તેમ આઠ જુવાન ને એક કિશોર પર માટીના નવ ટીંગા બડકાઇ ગયા.

આ બાજુ લા માન્દ્રીઓવાના રસ્તે જ આનીટાનો જીવનદીપ બુઝાવા લાગ્યો ગૅરીબાલ્ડીએ પહેલી તકે એક ઝાડું ગોધી કાઢ્યુ ને આનીટાને એમા આશ્રય આપ્યો. બીજી જ પળે એણે ચિરકાલની નિદ્રા લઇ લીધી. એના ચહેરા દર્શન પણ દિન બાકીને કરી લઇ નજર હારવા જેવો અવકાશ ગૅરીબાલ્ડીને ન હતો. એક ભલા બેકરી પાસેથી તેણે કફન માગ્યુ ને બનેએ માથે મળી તેની મૂગી દફનક્રિયા કરી પ્રાર્થના કરવા જેટલો યે સમય ન હતો એ ગોઝારી પળે કબર પરથી માટીની એક ચપટી ઉઠાવી, છેલ્લી નજર નાખી લઇ ભગ્નહૃદય ગૅરીબાલ્ડી તાણતોણ ચાલી નીકળ્યો. ફક્ત પરાધીન ઇટલી ની યાદે જ આ હૃદયભગથી તેનો અંત આણતો બચાવ્યો એમ કહીએ તો ચાલે

સાડત્રીસ દિવસ લગી એ પોતે સ્ટર્બિનોના અજ્ઞાત પાસે રખડ્યો. દિશાશૂન્ય ચિત્તે એ ચાલ્યો જ જતો. કિયાવૅરી પહોંચતા ત્યાના અફસરે તેને કેદ કર્યો પરંતુ લોકોએ ઇટલીના આ વિધાતાની ઓછી વત્તી વિરોધ કર્યો 'તમે એની મહત્તાનુ અનુકરણ કરો. એમ ન થાય તો એને માન આપો. પણ આપણા ઇટલીનુ એ ગૌરવ તો રાખો જ' ને ગૅરીબાલ્ડી ત્યાંથી છટક્યો. તે માર્ડિનિયા આવ્યો, પણ એ તેને ન સંધરી શક્યુ આથી તેણે ઇટલી છોડવાનો નિર્ણય કર્યો એજીયાને કિનારે એક વહાણ ચોપડતું હતુ તેમા એ જઈ બેઠો ને દેશબંધુઓને સંદેશો આપ્યો, 'હું જાઉં છું, પણ ઇટલીને જરૂર પડશે ત્યારે પાછો ફરીશ' દેશબંધુઓએ 'વીવા ઇટાલિયા'ના હર્ષઘોષો વચ્ચે તેને વિદાય આપી.

૧૮૪૯ના સપ્ટેંબરની ૧૬મીએ એ ટ્યુનિસ પહોંચ્યો, પણ ફ્રેંચોએ તે સામે વાંધો લીધો. જિબ્રાલ્ટર ગયો તો ત્યાના અંગ્રેજ ગવર્નરે પણ આઠ કલાકમા કિનારો છોડી જવાનો હુકમ ફરમાવ્યો. આથી તે કેપ્રેમાના એક વહાણમા અમેરિકા ગયો.

પાંચ વર્ષની ગેરહાજરી બાદ તે પાછો પોતાના વતન નાઇસ આવ્યો ત્યારે ઇટલીની રાજકોતર જની જુની જ માંડ મડાઇ હતી ઑસ્ટ્રિયનો સામે ફ્રાન્સનો બુઈ નેપોલીઅન ઇટલીમા ઊતર્યો હતો. તુરીનના ગજા વિક્ટર ઇમાન્યુએલ પોતાના વિચક્ષણ રાજમંત્રી કાવૂરની મદદથી નેપોલીઅન જોડે સલાહ કરીને ઑસ્ટ્રિયનો સામે તેને મદદ આપી હતી

કાવૂર ઇટલીનો જબરો રાજકારણપટુ પુરુષ હતો. ફ્રાન્સની સહાયથી તેને ઇટલીની મુક્તિ સાધવી હતી. ગૅરીબાલ્ડીની તેણે મદદ માગી ને તે તેણે ખુશીપૂર્વક

[અનુસંધાન આગળ પાન ૧૨૮ઉપર]

સિંહની સહચરી

આફ્રિકાની રાતોની મધમધી કાળાશ, કાંટાળી વાડો વચ્ચે પવનથી થનગંનતું તાપણું અને પાળેલાં પશુઓને તેમના કાળા માલકોની ગંધ, એ વાડ પાછળ જ આંટા મારતાં બે પ્રાણીઓની નજર અને નાકને ભરી દેતા હતા.

જરખ અને શિયાળવાંએ પણ એ ગંધ પારખી હતી ને એને લઇને મળનારી ભાવિ ઉજાણી માટે આનંદની ચીસો પાડવા માંડ્યાં હતાં. જિપ્સીઓનું ટોળું થોડે એ દૂર ગયાથી ખીને પસાર થઈ ગયું, પણ આ બે પ્રાણીઓ તો તે તરફ બેદરકાર જ રહ્યા. એમની નજર તો વાડ વચ્ચે ઊભેલાં માંસલ શરીરો પર જ ચોંટી રહી હતી.

અત્યાર સુધી તાપણાથી તેઓ બીતાં રહ્યાં હતા. પણ સિંહ જ્યારે ભૂખ્યો થાય છે ત્યારે કોની પરવા રાખે છે? એણે ને એની સહચરીએ ત્રણચાર આંટા તો એ વાડની આસપાસ માર્યા, પણ પછી સિંહણ ન રહેવાયું. એણે જોરથી ત્રાડ કરી અને જંગલના બધા અવાજોને ડુબાવી દેતી એ હવાને કંપાવી રહી.

વાડમાંનાં બધાં જાનવરોને ગંધ તો પહોંચી જ હતી. આ અવાજ થયો એટલે એક ખૂણામાં બધાં તરત ભરાઈ ગયાં ને બરાડા પાડવા લાગ્યાં. 'ઘુર, ઘુર' કરતા મુગાતી રખેવાળો તેમને વચ્ચે લાવવા પ્રયાસ કરવા લાગ્યા. ત્યાં તો જડપ્યાં ફાડી, લટકતી કેશવાળી સાથે સિંહ પહેલે પંજે વાડમાં ઠેકી પડ્યો. પંજાના એક જ ઘાએ તેણે ગરદન ચીરી નાખી ને એક ઢોર નીચે પડ્યું.



તરત રખેવાળો ભાલા સાથે તેના પર તૂટી પડ્યા. મુગાની બચ્ચો જન્મે ત્યારથી જ લડાયક ખાનદાનોહોય છે. પહેલા ઘાએ સિંહના ખભા પર સહેજ અસર કરી. બીજે ઘા તે ચુકાવી ગયો ને ત્રીજા ભાલાનું પાનું ફાંતથી ભરડી નાખ્યું. એક શરીર દેખાતો જુવાન વધુ આગળ આવ્યો. સિંહે પહેલાથી યે વધુ જોરથી ત્રાડ કરી ને એના પંજાનો એક જ ઘા એ જુવાનને જિંદગીભર લૂલો બનાવવા પૂરતો થઈ પડ્યો.

પણ ભાલાના ઘા એટલા વધ્યા કે સિંહ એ બધાનો સામટો સામનો કરવા અશક્ત બન્યો. થોડી વારમાં તેનું શરીર વીંધાઈને ચાળણી જેવું બની ગયું. છેવટની એક ભયંકર ત્રાડ પાડી તે જમીન પર ઊથલી પડ્યો ને વનરાજની અદાથી જ મોતનું શરણ લીધું.

આ યુદ્ધ ટૂંકું જતાં તુમુલ હતું. એટલે જ ઉશ્કેરાયેલા મુગાતીઓને વાડ બહાર રહેલી સિંહણનો ખ્યાલ નહોતો રહ્યો. પણ બીજાં પ્રાણીઓ કરતા સિંહણ સિંહની સવિશેષ અર્ધમાં અર્ધાંગના હોય છે એટલે સિંહની છેલ્લી ત્રાડ સાથે તો એ વાડમાં કૂદી આવી

હવે? મુગાતી પાસે ભાલો એકએક જ હોય છે ને એ તો બધાએ સિંહ પર ઘા પરી નાખેલા. ફાટી આંખે એ સિંહણ તરફ જોઇ રહ્યા. વેર લેવાની સિંહણની તૈયારી સ્પષ્ટ હતી. ક્રોધથી ધ્રૂજતો તેનો પંજો વીજળી ને એક મુગાતીના રામ રમી ગયા. એ પડ્યું કે બીજા એકની જિંદગી જેની છાતીમાંથી લોચો કાઢી નાખ્યો. એમ ને એમ બધાયનો અંત એ આણી દેત પણ ત્યાં તેને પોતાના એકલવાયાં બચ્ચાં સાંભર્યાં. તેને થયું કે વેરનો બદલો પણ બરાબર લેવાયો હતો એટલે વધુ કરવું છોડી દઇ તેણે શરીર સંકોર્યું ને બીજી જ પળે વાડ કૂદી ગઇ.

એ જ વખતે એક સાહસી જુવાને સિંહની લાશમાં પરોવાયેલો એક ભાલો ખેંચી કાઢ્યો ને નાસતી સિંહણની પીઠ પકડી. લાગ ફાવતાં નેમ સાધી એણે જોરથી ભાલો ફેંક્યો. સિંહણે ગળું તો બચાવી લીધું. પણ એનો બલો આખો ચીરાઇ ગયો. થોડી વાર એના મગજમાં ચક્કર આવ્યા, પણ ત્યા બીજા મુગાતીઓની



કલાકો સુધી પરસેવો ઠતાર્યા બાદ મળેલા મીઠા ખાળિયે સિંહણને ઝડપતી વેળા જરાયે બાલકુલ તૈયાર ન હતા

યે ફાકિયારી એને કાને પડી, એન્સ્લે અમલ્ય વેદ્ય છતા યે પગ પર વિશ્વાસ મૂકી પોતાનો અને પાડો પકડનારાઓની વચ્ચે અધારાનો પડદો વધારતી એ નાસી છૂટી.

જ્યારે વધુ નાસવું કશી જરૂર ન જણાઇ, ત્યારે એક ગીચ ઝાડીમા જઇ સુરક્ષિત સ્થાને એ બેઠી ને પા ચાટવા લાગી. વળી તેને બચ્ચા માભર્યા ભણકારા યે થવા આવ્યુ હતુ એન્સ્લ એ બોડ તરફ ઊપડી

રસ્તે જ નિશ્યાનુ એક ટોળુ પડખે થઇને પસાર થતુ જોયુ આખુ ટોળુ તેણે પસાર થવા દીધુ. છેક છેલ્લી રહેલો માદા પર તેણે પેંતરો અજમાવ્યો, પણ બબ્બાના ઘાએ એ પેંતરો નિષ્ફળ બનાવ્યો ને ઉથલ માદાની ખરીઓની ઝડી ટપોટપ તેના ડીલે પડવા માડી ત્યા સુધીમા તો આખુ ટોળુ તેને ફરી વળ્યુ એમની લાતોમાથી માડ તેણે છૂટકારો મેળવ્યો

રસ્તે એક હરણ તેણે નજરાવ્યુ, પણ એ યે છટકી ગયુ, કારણ પવનની ગધ તેને વહેલી પહોચી ગઇ એમ ને એમ સાત પડી ગઇ હજી બચ્ચા માટે તેણે કશ માજ મેળવ્યુ ન હતુ શરીર પણ કળતુ હતુ બે ત્રણ ઝાડી પાસે એ ઘાસમા બાવા બેઠી. તેના નસકોરા ફૂલતા હતા, પણ આખની પાપણો હજુ કાચા પથ્થર જેવી જ સ્થિર હતી.

દૂરથી પસાર થતુ નિશ્યાનુ એક બીજુ ટોળુ તેની નજરે ચડ્યુ પોતાની નજીકમાથી જ એ પસાર થવાનુ ધારતી એ બેસી રહી, પણ ટોળુ તો દૂર ને દૂર ચાલ્યુ ગયુ એટલામા સામેથી ધૂળના ગોટા ઊડતા દેખાયા. ચોક્કસ એ મુગાતીઓ જ દોડને પાણી પાવા આવતા હતા એમના તેવરો હતા પણ સ્વાદુ અને હૃષ્ટપુષ્ટ તેને લાલચ તો થઇ આવી પણ તરત ભાલા ચમકતા પાના તેને યાદ આવ્યા થએલા ઘા પણ એને ઓછા નહોતા સાભર્યા, એન્સ્લે હળવેક રહીને ગે કાટાળી ઝાડીમા સરી ગઇ ને બચ્ચાં પાસે જઇ પડી

ત્યા કિસ્મતે ભૂલા પુ હોય એવુ લાગ્યા જે અને વિચિત્ર છતા સુદર બળાકાર શીંગડાવાળુ એક હરણ તેની આગે જ નાસતુ આવી અટકયુ એને જોતા જ તેના બધા વિચારો દૂર થઇ ગયા જાણે તેનુ દર્દ એ ભૂલી ગઇ અને આગેચાલનુ જતન સાચવી એ કૂદી એ જ પળે હરણના શરીરમા ચપરા જેમ તેની દાઢ પેસી ગઇ



સિંહણ નવેશમાંથી પાણી પીવા મડી. બચ્ચાંએ તેનું અનુકરણ કર્યું.

પણ એ હરણની પાછળ તો જરખોનું આખું ટોળું પડેલું. સિંહણે અધવચ્ચેથી પડાવેલો શિકાર એમનાથી સહન થાય તેમ ન હતું. ટોળામાંનું દરેક જણ માનતું કે શિકારનો હક્ક પોતાનો જ હતો. એમની લુચ્ચી આંખોમાં સિંહણનો જન્મ તરત દેખાઈ આવ્યો ને એનામાં રોજ જેટલી તાકાત ન રહી હોવાનું પણ એ કળી ગયા. પછી તો એ ભૂંડે જ શાના? એનો માર્ગ અવરોધી બધા તેની ફરતું કુંડાળું વળી ગયા.

સિંહણના મોં પર કશો ફેરફાર ન જણાયો. એણે શો નિશ્ચય કર્યો હશે એ તો કોણ જાણે, પણ પૂછડીના પછાડા સાથે ફાટતા જ્વાળામુખી જેવી તેની ગર્જના જાણે સંભળાવી રહી હતી 'હટો, હટો, માર્ગ કરો.'

પણ એની કોણ દરકાર કરે એમ હતું? જરખોનો જ એ શિકાર હતો. એ માટે ક્યાંયીક્યાંથી એ શ્વાસભેર દોડ્યા આવ્યા હતા? એના પાછળ એમણે કલાકોથી પરસેવો ઉતારેલો ને, હવે છેવટ મીઠો કોળિયો આ સિંહણ ગ્રસી જાય? એટલા બધા પરિશ્રમનું ફળ સિંહણને તેઓ કોઈ રીતે ભોગવવા દે તેમ ન હતું. ખુદ સિંહણનો પણ ટોટો પીસતાં એ પાછી પાની કરે તેમ ન હતાં.

ઊભેલા આખા યે ટોળામાં જાણે મૂંગો હુકમ ફરી વળ્યો. સઘળા યે સમજૂતી પર આવી ગયા હોય તેમ ભવિષ્યની કામગીરી માટે તૈયાર બની ઊભા. પણ ખરી રીતે તો એમણે દિશાભૂલ જ કરી હતી. સિંહણ ગમે તેટલી ઘવાએલી હતી છતાં તેનું બળ હજુ સાવ પરવારી નહોતું ગયું. તેમ એ દેખાતી એટલી બધી થાકી પણ નહોતી ગઈ. જરખોની એ ધૃષ્ટતામાં તેને ચોકખો માનભંગ લાગ્યો. ને વનના સમ્રાટની સહચરી એ અપમાન કેમ સાખી શકે?

જ્વાળામુખીના પેટમાંથી ઓચિંતો લાવા જેમ ઊડી નીકળે તેમ ક્રોધના ભભૂકા સાથે સિંહણ ઉછળી નીકળી. ઝડપી વંટોળિયા જેમ થોડી પળોમાં તો એ આખા ટોળામાં ફરી વળી ને પાછી શિકાર સમાલવા આવી ઊભી રહી. જરખોમાંના કેટલાક તો ફરી કદિ કોઈ સિંહણ સામે ન થવાની પ્રતિજ્ઞા લઈ ચાલતા થયા ને કેટલાક પોતાનાં જખમો ચાટતા દૂર જઈ ઊભા. અપમાનનો બદલો સિંહણને મંતોષી રહ્યો.



ભાનુ સમ

· ગઝલ ·

જીવનપ્રભાતે અમિત ઉમંગે,
તેજ પ્રકાશિત અંગેઅંગે,
નવલ પ્રભાભર કોમલ રંગે.
ભાનુ સમ ઉગજે.

ગગનગુંજને ફાળ ભરંતા,
કર્તવ્યાગ્નિ જ્વાળ જરંતા,
મધ્યાહ્નને એ તેજોવંતા.
ભાનુ સમ તપજે.

સાંધ્ય કાળે ગૌરવશાળી,
જીવન સકળતા હૈયે ધારી,
સમદૃષ્ટા સમ રહી અવિકારી,
ભાનુ સમ શમજે.

'અજ્ઞાત'



પૂરતી તૈયારી અને સાવચેતી સાથે એ એરિકસ હરણા પર તે કૂદી

સિંહણ પણ સાવ કોરી નહોતી રહી. તેના ગળા, ખભા ને પીઠ પર ઉઝરડા પડ્યા હતા ને તેમાથી લોહી નીતરતું હતુ. ફરીવાર આવા ને આવા જખમો થાય તો તેની રહીસહી શક્તિ પણ ચાલી જાય એમ હતું. ને ઘવાયેલા પ્રાણીએ તો જંગલમા નજરે ન ચડવું જ મુનાસિબ છે.

પણ સિંહણને એ જગ્યા છોડવી દુષ્કર હતી. બાકી રહેલા જરખોની સંખ્યા બહુ ઘટી ગઇ હતી, છતાં મુરાદ બોણી નહોતી પડી. શિકારની માલિકીનો આખરી તોડ લાવવા જ જાણે એ કટિબદ્ધ થયા હતા.

ને આ વખતે બળ કરતા કળથી કામ લેવાનો તેમણે ઇરાદો કર્યો હતો એક જણ સિંહણ સામે ધસે સિંહણ તેના પર વળે એટલે પાછળથી બીજો આવી પહોંચે બીજા પછી ત્રીજો. વાર વારના એ ઉઝરડા, થકાવટ ને ઘાથી નિર્બળ થતી સિંહણ હવે હિંમત હારવા લાગી

તેની પાછળ જ ગીચ ઝાડી આવેલી હતી જેમા તેના વહાલસોયા બચ્ચા ભૂખ્યા આળોટતા હતા. તેણે કોઇ રીતે લા પહોંચવાનો મક્કમ નિરધાર કર્યો. રસ્તો લાંબો ન હતો, પણ છટકવું અઘરૂ હતું; કેમકે જેવી તે પીઠ ફેરવે એવું જ જરખોનું આખું ટોળું તેને પીંખી નાખવા તૂટી પડે એમ હતું.

ફરી એક વાર તે કૂદી—પહેલાં કરતાં બમણાં જનૂનથી; બમણી શકાય એટલી કામગીરી બમણી, ટોળું એકઠું થાય લાં સુધીમા તો શિકારને ઘસડતી એ ઝાડી સુધી જઇ પહોંચી. પાછું ટોળું એકઠું થાય લાં સુધીમાં તો બેરના એક ઝાડને પીઠ દઇ તે લડવા તૈયાર થઇ ઊભી. તેને પોતાને હવે હિંમત આવી ગઇ હતી ને બચ્ચાના સ્મરણે જનૂન પણ પુષ્કળ વ્યાપી ગયું હતું. હવે કોઇની નાકાત નહોતી કે તેની સામે મોરચા માંડી શકે. તેની આંખો હવે ફરી ગઇ હતી. જરખો પણ કઇ તદ્દન બેવકુફ નહોતા. સહજપ્રવૃત્તિથી તેઓ પણ ગામસો પામી ગયા. સિંહણને ફરી કૂદવાની જરૂર પડે તે પહેલાં તો તેઓ ગચ્છંતિ કરી ગયા. સિંહણે એક 'લાશ' ખેંચી અને લથડાતી છતા સજ્જડ જડબે શિકારને ઘસડતી એ બોડમા પહોંચી. થોડી વાર બચ્ચા જોડે ગેલ કરી, તેમને ખવડાવી એણે રાતનો ઉજાગરો ઉતારવા આંખો મીંચી અને બચ્ચા હરણની ઉજાણી પાછળ મડ્યા.

દિવસ ચડ્યો ત્યાસુધીમા તેણે ઊંઘ ખેંચી કાઢી ને પછી બચ્ચાને લઇ ઊપડી તેનુ ગળુ બળતુ હતુ એટલે પાણીના નવેશ તરફ એ વળી. થોડોક જ રસ્તો કાપ્યો હશે લા જરખોનુ એક ટોળુ સામે આવી લાગ્યુ તેનું જખમોથી ભરપુર ડીલ અને લથડતા પગ ભાળી તેઓ તેની પાછળ પડ્યા મોતની પ્રતિછાયા જાણે પહેલેથી જ પડી જતી હોય તેમ ગીધો પણ ઉપર લકવા મંડ્યા.

સિંહણે જરખોએ પકડેલા પીછાનો હેતુ પરખી લીધો હતો, પણ સ્વભાવસહજ ગૌરવ અને બેદરકારીથી એણે ચાલ્યે જ રાખ્યુ. જરખોને લાગ્યું કે સિંહણ હજુ સાવ નહોતી પરવારી એટલે તેની વધુ પૂંઠ પકડવી માંડી વાળી. સિંહણ પણ દમામભેર નવેશ સુધી જઇ પહોંચી ને પાણી પીવા બેઠી. બચ્ચાંઓ પણ તેનું અનુકરણ કર્યું.

લાંબો વખત સુધી તે લા ને ત્યાં પડી રહી. ઘડીકમા જખમો ચાટતી ને ઘડીકમા પાણી પીતી અવારનવાર એકાદ હરણું પણ નાસતું તેની નજરે પડતુ. તે ઘણો યે

યત્ન કરતી, પણ તેના મુડદાલ જનેલા શરીરમાં ચોટ લેવા જેવો દમ રહ્યો ન હતો. શું શિકારી જીવનનો અંત આવ્યો ? એને પોતાનો યે ત્રાસકા મડ્યો. વ્યથાભરી આંખે એ બચ્ચાં સામે જોઇ રહી.

પણ એ સ્થિતિ ઝાઝો વખત ન ટકી. તેના કાન સરવા બન્યા, હવા સુંઘી જોઇ પણ તે કશી ખાતરી ન આપી શકી. છતાં એની તૈયારી નિષ્પ્રયોજન તો ન હતી. દૂરદૂરથી એક આકાર આગળ વધી રહ્યો હતો. થોડી વારમા જ સ્પષ્ટ થયુ કે કોઇ પ્રાણી તેના તરફ આવી રહ્યું હતુ.

પહેલાં તો એ આવતા પ્રાણીની ઝડપ બહુ જ જણાતી હતી, પણ ક્ષણે ક્ષણે તે ઘટતી ગઇ. મીમોસાનાં ઝાડવા વચ્ચે આવી એ ઓબ્ઝિકસ હરણું અટક્યુ ને માથું નમાવી ઊભું રહ્યું. ઝાડનાં પાછળથી સિંહણ અને બચ્ચા પણ તેને અનિમિષ જોઇ રહ્યાં. હરણે એક કેમારી ખાધી ને પછી શાંત ઊભું રહ્યું. લાગતુ હતુ કે એ ધવાઇને નાઠું હોવું જોઇએ.

સિંહણ ક્ષણવે રહીને આગળ વધી. બચ્ચા એની પાછળ ચાલ્યા. હરણને મારવો હતો એ એક વાત હતી ને એને નાસવા દઇને મારવું એ જુદી વાત હતી, એટલે એ બૂબ સાવચેતીથી આગળ સરતી ગઇ. વળી એને જખમો પણ હજુ સાલતા હતા ને આ હરણનાં અણીદાર શીંગડાનો વધુ એક પણ જખમ આવા તે નારાજ હતી.

આટલી તૈયારી અને સાવચેતી પછી હરણું બચે જ શાનું ! લોહી અને માસની ગંધ આવતા બચ્ચાં પણ આગળ દોડી આવ્યા. સારા પરિવારે પેટ ભરી ખાધું અને પછી બચ્ચાંને ગોદમાં સમાવતી સિંહણે એ સદવ્યવસ્થિએ આરામથી પથારી કરી.

(અંગ્રેજી ઉપરથી) 'રોનિન'

અનિવાર્ય સંજોગોને લીધે તંત્રીના જાપાનના પ્રવાસનો 'મારી નજરે' નો હપતો આ અંકમાં આપી શકાયો નથી; આવતા અંકથી તે નિયત સ્થાને ફરી ચાલુ થશે.

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ફોટો-ચિત્રનો વિષય અગાઉથી વિચારી તેની શોધમાં ભટકી ચિત્ર મેળવવું એ ચિત્રસર્જનની એક રીત છે. એકાગ્રતા, તેજક દૃષ્ટિ અને તકનો ઉપયોગ એ તેના આવશ્યક અંગો છે. પરંતુ કેમેરા ખભે લટકાવી કોઇપણ ચોક્કસ લક્ષ્ય વિના ફરતાં ટ્રિગર જગાવતો એકાદ વિષય નજરે પડતાં તેને તાત્કાલિક ઝડપીને પણ ચિત્રસર્જન થઇ શકે છે. દરેક વ્યક્તિ પોતાને અનુકૂળ પદ્ધતિ ગ્રહણ કરે છે. કોઈપણ રીતે, ચિત્ર એ ચિત્રકારની રસવૃત્તિનું જ પ્રતિબિંબ હોય છે. ચિત્રસર્જન કેમેરા નથી કરતો પણ તેનો વાપરનાર જ કરે છે.


ભાઇ કી બી. ઓપકરના ફોટોચિત્ર 'નમતા પહોરે' સીમ-ગાથી ઘર તરફ વળતું ગામના જોણીઆમાંથી પસાર થતું ઘેટાંનું ટોળું નમતા પહોરનું અચ્છું વાતાવરણ રજુ કરે છે. ખભે લાકડી ટેકવી ઘેટાંને ઘર તરફ વાળતો તેનો પાલક તેમજ બાળકને કેડમાં તેડી સાથે ચાલતી સ્ત્રી એ ચિત્રના આકર્ષણમાં ઉમેરો કરે છે. મિનિટિંગ અને ટ્રિમિંગ સારાં છે. ચિત્રના ચારે ખૂણે વિષયનો વર્ણ-tone-કુદરતી રીતે જ કાળો હોવાથી ચિત્રકેન્દ્ર પર જોનારનું ધ્યાન સ્થિર થાય છે.

'કુમાર'ની હરીફાઇમાં પહોરણીઆના ફોટોગ્રાફ અગાઉ આવેલા છે. પરંતુ ભાઇ કનુ રાવત પહોરણીઆનું ચિત્ર ઉપ-લબ્ધ કરવામા ઠીક સફળ થયા છે. પહોરાનું બીજ તથા પાછળ આવું પડેલું બીજ બંને ઢલવાસુવટી દિશામાં પડેલાં હોવાથી એક પ્રકારની રુચિકર રચના ચિત્રમાં આપોઆપ બને છે. બૅકગ્રાઉન્ડ પણ વિષયને અનુરૂપ જ છે. પરંતુ ચિત્રમાં ક્રિયાનો અભાવ હોવાથી ચિત્રનું અરધુ આકર્ષણ ગાયું જાય છે.

ભાઇ નરેન્દ્ર જસાણી (ભાવનગર)નું ફોટોચિત્ર 'જીવન-દાન' વિચારપૂર્વક પાડેલું જણાય છે. અને પાણી પાનારનાં હાથ સિવાયનાં બીજાં અંગો ખુબીપૂર્વક જ ચિત્રમાંથી કમી કરેલાં હોય તો પ્રશંસનીય ગણાય. પાનાર અને પીનારના હાથ, પાણીની ધાર અને પીનારની મુદ્રા એ આ ચિત્રનાં આકર્ષક અંગો છે. ફોકસિંગ સહેજ ખામીવાળું છે અને નામ ખોટી રીતે ખરે પડતું છે.

પરિણામ.—પહેલું ઈનામ: 'નમતા પહોરે' ભાઇ કી બી ઓપકર (અમદાવાદ); બીજું ઇનામ: 'પહોરણીઆ' કનુ રાવત (અમદાવાદ); ત્રીજું ઇનામ: 'જીવનદાન' ભાઇ નરેન્દ્ર જસાણી (ભાવનગર). નોંધપાત્ર: ગુણ પ્રમાણેના ક્રમમાં: 'ફરતા રામ' ભાઇ પ્રાણલાલ પટેલ (અમદાવાદ); 'ગોગનિદ્રા' ભાઇ એમ એસ. પથરાવાળા (અમદાવાદ); 'ગલી-By-way' ભાઇ ડૅ. એમ. કાદરી (અમદાવાદ). અલબત્ત ભટ્ટ

દવા અને ખોરાક



દુનિયામાં આજે મોટા ભાગના લોકો એવું માનનારા છે કે દવા અને આરોગ્ય વચ્ચે ગાઢો સંબંધ છે. આજે આરોગ્ય જાળવવા, બીમારીઓ અટકાવવા અને રોગો મટાડવા માટે ઘણે ભાગે દવાનો જ ઉપયોગ થાય છે રોગોની ચિકિત્સા કરનાર તેમજ દવાનો ઉપયોગ કરનારા વૈદ્યની અનેક દેશી, વિદેશી, પ્રાચીન અને અર્વાચીન પદ્ધતિઓ છે. આ બધી પદ્ધતિઓ ઘણી બાબતોમાં એકબીજીથી જુદી પડે છે અને કેટલીક બાબતોમાં તો પરસ્પરવિરોધી પણ છે; પરંતુ એક બાબત ઉપર તો સૌ એકમત છે કે દવાથી આરોગ્ય મેળવી શકાય છે.

કોઇ માણસને કાંઈ પણ રોગ કે માંદગી ન હોય, છતાયે એને જો પોતાની તંદુરસ્તી મજબૂત કરવા લાયકી ન હોય તો જરૂર એ કોઇ 'ટૉનિક' લેવાનો આ આરોગ્યને 'જાળવનારી' દવા.

શીતળા, કૉલેરા, પ્લેગ કે ટાઇફૉઇડ જેવા રોગોના વાવર (epidemic) આવતા હોય ત્યારે આ રોગની વિરોધી રસી ઘણા લોકો પોતાના દેહમાં દાખલ કરાવે છે. આ રોગ 'અટકાવનારી' દવા

આજ સુધી દવાઓ ત્રણ માર્ગે લેવાતી: મોં, નાક અને ચામડી વાટે હવે આ જમાનામાં દવાઓ આપવા માટે એક નવો રસ્તો ઉઘેરાયો છે અને તે લોહી વાટે. ઇન્જેક્શન વાટે દવા આપવાથી, દવા પરભારી લોહીમાં જઇને તેની તાત્કાલિક અસર થાય છે એટલા માટે જ આજકાલ આ પદ્ધતિ બહોળો ફેલાવો પામી છે

દવાઓને આપણે ત્રણ વિભાગમાં વહેંચી શકાએ ખનીજ, વનસ્પતિજન્ય અને પ્રાણીજ.

પારો, મોમલ વગેરે ખનીજ દવાઓ છે, ક્વિનાઇન, સ્ટ્રિકનીન એ બધી વનસ્પતિજન્ય દવાઓ છે, અને જુદાજુદા જનાવરોના પાચપરૂ એ પ્રાણીજ દવાઓ છે.

આ થઇ મોટા ભાગના લોકોની વાત પણ એ ઉપરાંત બીજો પણ એવો એક વર્ગ છે કે જે એક યા બીજા કારણને લઇને દવાઓ ઉપરની પોતાની બધી શ્રદ્ધા ગુમાવી બેઠો છે એ લોકો એમ માને છે કે દવાઓ રોગોને 'અટકાવતી' કે 'મટાડતી' નથી તેઓ તો એટલી હદ સુધી કહે છે કે બધી દવાઓ નિરુપયોગી જ છે, એટલું જ નહિ પણ ઘણી તો નુકસાનકારક અને જીવલેણ છે!

સો વર્ષ ઉપર આવા વિચારો ધરાવનાર મુઠ્ઠીભર માણસો હતા. આજે, આ પ્રકારના વિચારો ધરાવતા જુદાજુદા દેશના લોકોની સંખ્યા દસ કરોડ ઉપર છે દર સાલ આ સૈન્યમાં લાખો નવા સૈનિકોની ભરતી થતી જ જાય છે. અજાયબ થવા જેવું તો એ છે કે જેમને પોતાની પ્રૅક્ટિસમાં પળિયાં આવ્યા છે એવા અનેક શાણા, હરેલ અને નામાંકિત ડાક્તરો પણ આ ચળવળના આગેવાનોમાં છે આ લોકોએ પોતાની બધી યે શ્રદ્ધા હવે ખોરાક ઉપર કેન્દ્રસ્થ કરી છે

કેટલાક લોકો એવા હોય છે કે જે ખોરાક અને દવા બંનેમાં આસ્થા મૂકે છે, એનું કારણ એટલું જ હોય છે કે તેમણે એકનો ઊંડો અભ્યાસ કર્યો હોતો નથી.

ખોરાક અને દવા એ બને પ્રકાશ અને અંધકાર જેટલી પરસ્પરવિરોધી વસ્તુઓ છે એક આવે એટલે બીજાને ખસવું જ પડે આજ સુધી આ બંનેની બહુ ઓછી વ્યાખ્યાઓ થઈ છે. ખોરાકની મારી વ્યાખ્યા એ છે કે શરીરમાં ગમે તે રસને લેતા શરીરને કાયક પણ લાભ કરે તે ખોરાક. જ્યારે શરીરમાં ગમે તે રસ્તે લેતા શરીરને કાંઈક પણ નુકસાન કરે તે દવા

'પચે એ જ ખોરાક' એવી જો આપણે ખોરાકની વ્યાખ્યા બાંધીએ તો માણસ એવો ખોરાક ખાઇને થોડાક અઠવાડીયાથી વધુ જીવી જ શકે નહિ! આપણા ખોરાકમાં કૂચો એ ઘણું જ આવશ્યક તત્ત્વ છે. છતાં યે આ તત્ત્વ પચતું નથી, એ ગા। આંતરડાને કામ આપે છે એ જ રીતે ખનીજ તેલ (Mineral oil)

એ ખોરાકની વસ્તુ નથી; છતાં એ આંતરડાં સુંવાળાં રાખી કબજિયાતથી પીડાતા માણસોને મદદ કરે છે. એટલા માટે એને પણ ખોરાક તરીકે માનવામાં વાંધો નથી.

આપણા સામાન્ય જીવનમાં ખોરાક અને દવા એ બંનેને જુદા પાડનારી લીટી દોરતાં ઘણી વખત મુશ્કેલી નડે છે. કેમિસ્ટો અને ડ્રગિસ્ટો દવાઓ સાથે ખોરાકો પણ રાખતા હોય છે. ગાંધીઓ પણ સાદી વનસ્પતિઓ અને ખોરાકો સાથે દવાઓ રાખે છે. કૉડલીવર ઑઇલ એ દવા નથી, પણ ખોરાક છે; બ્યારે સેકેરીન એ ખોરાક નથી પણ દવા છે.

સદ્ભાગ્યે ઔષધ-ઉપચારકો એમ માને છે કે દવાઓ શરીર ઉપર અસર કરે છે. ઉલટપક્ષે જેમને ઓસડ ઉપર શ્રદ્ધા નથી તેઓ કહે છે કે દવાઓ શરીર ઉપર અસર કરે છે એ ખોટી માન્યતા છે. ખરું તો એ છે કે શરીર દવાઓ ઉપર અસર કરે છે!

ઘણાને આ વાક્ય વિચિત્ર લાગશે. કોઇને એમાં શબ્દછળ પણ જણાય!

એક જમાનો એવો હતો કે જ્યારે લોકો માનતા કે સૂર્ય પૃથ્વીની આજુબાજુ ફરે છે! હવે આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે પૃથ્વી જ સૂર્યની આસપાસ ફરે છે, અને સૂર્ય પૃથ્વીની આજુબાજુ ફરે છે એ તો માત્ર દૃષ્ટિભ્રમ હતો. એ જ રીતે દવાઓ શરીર ઉપર અસર કરે છે, એ પણ એક બુદ્ધિભ્રમ છે! બાપડી નિર્જીવ દવાઓ સજીવ શરીર ઉપર શી રીતે અસર કરી શકે?

તો પછી આપણે એ જોવું પડશે કે શરીર દવાઓ ઉપર કેવી રીતે અને શા માટે અસર કરે છે.

આપણા શરીરના નાનામાં નાના કોષથી માંડીને મોટામાં મોટા અવિય સુધી, જીવનનું નિયમન કરતી એક બુદ્ધિ કાર્ય કરી રહી છે. એને આપણે 'કુદરત'ને નામે ઓળખીએ છીએ. એ કુદરત, આપણને નીરોગી રાખવા ચોવીસે કલાક સતત પરિશ્રમ કર્યા જ કરે છે.

હવે, જ્યારે જીવનને નુકસાનકર્તા કે આરોગ્યનો નાશ કરનાર એવો કોઈ પણ પદાર્થ આપણે શરીરમાં લઈએ, ત્યારે એને બહાર ફેંકી દેવા કુદરત કટિબદ્ધ થાય છે.

આંખમાં જો ધૂળ કે કણું પડે તો તરત જ એમાં પાણી છૂટે છે. શા માટે? એ કચરો આંખમાંથી નીકળી જઈ શકે એટલા માટે.

આગગાડીમાં મોટા ભાગના દવાઓ વેચનારા પોતાની પાસે કોઇ નાગીચા પર્વતની અજ્ઞવયસ જડીબુટ્ટીઓમાંથી બનાવેલો, એક અનિશ્ચય ગુણકારી સુરમો રાખે છે. આ સુરમો જેની આંખોમાં આંજે તેની આંખોમાંથી પાણી દદડે છે! ખરીદનારને સુરમાના ચમત્કારિક ગુણો માટે ખાત્રી થઇ પોતાનાં નાણાં વસુલ થયાનો સંતોષ થાય છે; કારણકે એનાથી આંખની ગરમી નીકળી ગઇ! ખરી રીતે તો ગરમી નીકળતી નથી કે ઠંડી પેસતી નથી; પણ સુરમાનું ઝેર નાજુક આંખને ઇજા ન કરે એટલા માટે કુદરત એને આંખના પાણીથી ધોઇ નાખે છે. સુરમો આંખ ઉપર અસર નથી કરતો, પણ આંખ સુરમા ઉપર અસર કરે છે!

પણ આવી રીતે વારંવાર થાય તો? આંખમાંથી એ પાણી છોડનારી રસોત્પાદક ગ્રંથીઓ (tear glands) થાકીને છેવટે હતાશ થઇ જાય. દરેક વખત આવી રીતે થતાં જીવનશક્તિનો મિથ્યા વ્યય થાય; અને જે અવયવનો આવી રીતે દુરુપયોગ થયા જ કરે એ ધીમેધીમે નિરુપયોગી બની જાય. રેલવે—ઓફિસના ટાઇપરોની આંખો વારંવાર ધૂળ, કાંકરી અને કચરો પડવાથી નઠોર થાય છે; એમની આંખની ઉપરનું પડ જાડું અને સખત થતું જાય છે અને એમની જોવાની શક્તિ ધીરેધીરે ઘટતી જાય છે.

કબજિયાત મટાડવા વપરાતી, નેપાળાયા માદીને કેસોમેલ ચુર્ણી, જુલાબની દવાઓ આવી જ અસર કરે છે. દવાને નામે અપાતું એ ઝેર જો શરીરમાં રહે તો શરીરને નુકસાન કરે, એટલા માટે કુદરત એને જેમ બને તેમ જલદી શરીરની બહાર ફેંકી દે છે. કોઇ પણ સખત જુલાબની જો કે બહુ ગોળી લીધી હોય અને સાથે પાણી પણ પીધું ન હોય, તોપણ શરીરમાંથી બસેરાં ત્રણસેર પાણી નીકળી જાય છે. આ પાણી ક્યાંથી આવ્યું? એ લોહીમાંથી જ ખેંચાઇ આવ્યું હોય છે. જે રીતે આંખમાંથી પાણી ઝરે છે, એ જ રીતે આંતરડાંમાંથી પણ પાણી છૂટે છે.

શરીરના આ કીમતી જીવનરસ (serum of blood)ને આવી રીતે વેડફી મારવાથી એ આગળ જતાં ધીમેધીમે ઓછો ઝરે છે. આવે વખતે વાપરનારને લાગે છે કે દવા ધારી અસર કરતી નથી, એટલે એ તેની માત્રા (ડોઝ) વધારે છે. છેવટે એક વખત એવો

આવે છે કે એ દવા ગમે તેટલી માત્રામાં લેતાં પણ જોઇએ એવી અસર કરતી નથી, એટલે દવા બદલવાની ફરજ પડે છે. અને આવી રીતે અનેક દવાઓ બદલ્યા બાદ છેવટે આતરડા એ તો જક્કી થઇ જાય છે કે એ દવામાત્રને દાદ દેતાં નથી! આવે વખતે આપણે કહીએ છીએ કે 'દવા કોઠે પડી!' મોટા ભાગના લોકો માને છે એ પ્રમાણે જો દવા બરેબર શરીર પર અસર કરતી હોત, તો જે દવાની અમુક માત્રાથી શરૂઆતમાં સહેલાઇથી દરદ થતો, એ જ દવાની અનેકગણી માત્રા, એના એ માણસ પર અમુક વખત પછી શા માટે કાર્યસાધક નથી નીવડતી?

આપો જન્મારો કબજિયાતની દવાઓ ખાધા અને પીધા કરી હોય, અને છેવટે કબજિયાતથી જ ઉભન થએલા કોઇ રોગથી જેનું મરણ થયુ હોય એવા કોઇ માણસનું શરીર જ્યારે સર્જન ચીરે છે ત્યારે એના આતરડા અંદરથી શીંગડા જેવા સખત થઇ ગએલાં માલુમ પડે છે. છબ જેવાં સુવાળા આતરડાં શીંગડાં જેવા સખત થયા હશે ત્યારે એમના ઉપર શું શું નહિ વીતયુ હોય?

આ જ રીતે જુદાજુદા રોગો પર અપાતી જુદીજુદી દવાઓ ઉપર, શરીર જ જુદીજુદી અસરો કરે છે અને પરિણામે તે ઘસાતું ને પાયમાલ થતું જાય છે. શહેનશાહ સાતમા એડવર્ડનો ડાક્તર સર ફ્રેડરિક ટ્રીવ્સ તો કહેતો કે દવાઓથી જેટલા માણસો મરે છે એટલા રોગોથી મરતાં નથી!

દવાઓ સામે બીજો વાંધો તો એ છે કે તેઓ દુઃખને છૂંદી નાખે છે. તન્દુરસ્ત અને અલ્પસ્વસ્થ લોકોને પોતાનાં શરીર સંબંધે બહુ ઓછું જ્ઞાન હોય છે. જેના પેટમા કાયમ ચૂંકાતું હોય એને, પોતાને હોજરી હોવાનો ખ્યાલ હરહમેશ રહ્યા કરે છે. દરેક દુઃખ, પછી તે પેટની ચૂંક, માથાનો દુખાવો કે કમ્મરનો ચસકો હોય, એનો ચોક્કસ અર્થ છે. દુઃખ એ કુદરતની ભાષા બોલી છે. એ દર્શાવે છે કે શરીરમા કશેક બગડયું છે; ત્યા સમારકામની જરૂર છે.

હવે, એ દુઃખનું કારણ શોધી કાઢી એને દૂર કરવાને બદલે, જો આપણે દુઃખને જ દુઃખ માની એને કચડી નાખીએ. તો પેલું કારણ સલામત રહીને શરીરમા વધુ અવ્યવસ્થા થાય છે, અને ઘણી વખત નાની ફરિયાદમાંથી મોટો રોગ ઉભવ થાય છે. દુઃખ મારનારી મોટા ભાગની દવાઓના બાલુ વાપરને પરિણામે, જ્ઞાનતંતુઓ બુઠ્ઠા થઇ શરીરના અંદરની પરિસ્થિતિના આપણને સાચા સમાચાર આપતા નથી. ફેનાસેટીન, એસ્પીરીન વગેરે આ પ્રકારની દવાઓ છે.

દવાએ સામે ત્રીજો વાંધો એ છે દાક્તર, કૉમ્પાઉન્ડર, કેમિસ્ટ, ડ્રગિસ્ટ, નર્સ કે પછી ઘરના કોઇ માણસની ગફલતની બેવડી માત્રા કે બીજી જ દવા જો અપાઇ જાય તો એનાં પરિણામો બહુ જ માઠાં આવે છે અને ઘણી વખત તો બાપડો દર્દી જાન ગુમાવે છે. આપણને ખ્યાલ હોય છે એના કરતાં આવા દાખલા ઘણા વધારે પ્રમાણમાં બની રહ્યા છે. આવે વખતે વધારે કાળજી રાખવાની જે સલાહ અપાય છે તે ઠીક છે, પણ જો આવા ભયકર ઝેરો વિના ચલાવી શકાએ તો વાંધો ખરો?

એમની માગે ચોથો વાંધો એ છે કે મોટા ભાગની દવાઓ, જેવી કે દારૂ, કેરીન, નિકોટીન, એસ્પીરીન, અનેક દેશી વિદેશી રાસાયણિક ઔષધો વગેરે ટેવ લાગુ પાડે છે, માણસને પોતાના ગુલામ બનાવે છે અને છેવટે વાંધો એમની સામે એ છે કે એ બહુ જ ખર્ચાળ છે તોલાના એક રૂપિયાથી માંડીને પચીસ હજાર રૂપિયા સુધી પણ દવાના આપવા પડે છે રેડિયમ જેવી દવાઓ તો એથી પણ મોઘી હોય છે.

વળી, દવાઓની સારવાર એના નિષ્ણાત પાસે, એટલે કે જેણે અમુક પદ્ધતિનો અભ્યાસ કરીને અમુક ઉપાધિ મેળવી હોય એની પાસે જ લેવી પડે છે. ઊંટવૈદ પાસેથી લઇએ તો જીવ ગુમાવવો પડે! જ્યારે ખોરાક વિષે તો ગમે તે માણસ જાતે અભ્યાસ કરી, પોતાના ખોરાકમા જોઇતા ફેરફારો કરી, પોતાની તન્દુરસ્તી સુધારી શકે છે.

આ પાચ ઉપરાન્ત બીજા પણ અનેક વાંધાઓ છે. પણ આટલું જે લખાયુ છે, એ પેલા દસ કરોડ માણસોનુ દૃષ્ટિબિંદુ સમજવામા મદદગાર થઇ પડશે.

દવાઓ વાપરવાની ટેવ સારી તો નથી જ, છતાં તંદુરસ્તી ગુમાવ્યા બાદ એ વાપરવાનો તમારો આગ્રહ જ હોય તો, દવાને ખોરાકબનાવવાનેબદલેખોરાકનેદવાબનાવો!

કેવી રીતે, તે ફરી કોઇ વાર.

રમણલાલ એન્જિનીઅર

ગૅરીબાલ્ડી [અનુસંધાન પાછળ પાન ૧૨૬થી]

આપી. પણ બંને શહેનશાહોએ વિલા ફ્રાન્કાની સંધિ કરી ત્યારે ગરીબડાને તો ઊંચું જ મૂકી દેવાયું.

ગૅરીબાલ્ડીને હવે કાબૂરે પરાશ્રય શોધવામાં કરેલી ભૂલ સમજાઈ. એક હજાર માણસો સાથે લૅાબાર્ડો ને પાદમૅાંત એ બે રજીમેન્ટને કબજે કરી તે સીધો જઈ શકવાના સફળ કેન્દ્ર સિસિલી પહોંચી ગયો. રાજા વિક્ટર ઇમાન્યુએલને તેણે લખ્યું: 'હું જાણું છું કે હું જોખમ ખેડું છું, પણ ઇટલી ને યુરોપ જાણશે કે મેં અહંકારથી નહિ પણ શુદ્ધ રાષ્ટ્રભક્તિથી પ્રેરાઈને જ એ કાર્ય ઉપાડ્યું છે.'

સિસિલી તો એને જોતાં વેંત જ આવેશમાં આવી ગયું. તરત જ તેને સન્મુખત્યાર બનાવી દેવામાં આવ્યો. હવે તો લશ્કર પણ ૧૨,૦૦૦ જેટલું હતું. તેણે લાગલો જ કૂચનો હુકમ કર્યો.

એ સાત મેલીટો પહોંચ્યો. રાજા ફર્ડિનાન્ડ ભાગી ગયો ને એ સહેલાઈથી કબજે આવ્યું. ત્યાંથી ચાલ્યો નેપલ્સ તરફ. તેના રાજાને તેણે કાપુઆમાં નિર્વાસિત જીવવાની ફરજ પાડી, બધા રાજદ્વારી કેદીઓને મુક્ત કર્યા ને પોતાના રાજા વિક્ટર ઇમાન્યુએલને છતાએલા પ્રાંતોનો રાજા જાહેર કર્યો.

એ ધારત તો પોતે સરમુખત્યારી ટકાવી શકત, રાજપદ પણ મેળવી શકત: પણ તેને એ લાલસા જ કદી નહોતી ઊઠી. હજુ તે પરાળ પર જ સૂઈ રહેતો ને રોટી ને માખણથી જ ખાણું પતાવી લેતો. માન કે પૈસાની તેને મુદ્દલ પરવા ન હતી. વિક્ટર ઇમાન્યુએલે તેને 'ડિક્ટેટરશિપ-સી' નો ખિતાબ આપ્યો ત્યારે તેણે કહ્યું, 'એ ખિતાબને લાયક તો હું રોમ ને વેનીસ લઈશ ત્યારે જ બનીશ. એ ઇટલીના પ્રાંતો છે, નહિ કે ફ્રેંચ કે ઑસ્ટ્રિયનોના'. પ્રિન્સના પક્ષકારણની યે તેણે અવગણના કરી ને 'હું તો એક ખેડૂત છું' એટલું કહેતો ખાલી હાથે તે પોતાને વતન પાછો ફર્યો.

પણ હજુ તેને જંપ ન હતો. ઘેટાંને ચારવા નીકળી પડતાં, એક દિવસ એક ખડક પર આરામ લેતાંલેતાં તેની પૂર્વપરિચિત સઘળી કલ્પનાઓ સળગી ઊઠી. પાણીમાં તોળાઈ રહેલા એ ખડંગ પર પગ ટેકવી એ બબડી ઊઠ્યો, 'ઓ, આ ઓકેઓક ખડક જાણે મારાથી વાત કરવા માગે છે. આ ઓકેઓક પથ્થર મને જૂની મુલાકાતો તાજી કરાવે છે. ના, હું નથી ભૂલ્યો. મને મારૂ ઇટલી સાંભરે છે.'

ને એ જ સાંજે કુટુંબની બધી વ્યવસ્થા પોતાના મોટા છોકરા મેનોટીને સોંપી એ ચાલ્યો નીકળ્યો. 'રોમ યા મોત'નું તેણે ઝનૂન લીધું. મુક્તપ્રાણ ઇટલીમાંથી હવે તેને સાર્વભૌમ શોધવા જવું પડે તેમ ન હતું. કૅટેનિયામાંથી માણસો એકઠા કરી મેસિનાની સામુદ્રધુનિએ તેણે ઓળંગી.

પરિણામ જે આવવું જોઈતું હતું એ જ આવ્યું. રોમ પડ્યું. ફરી વાર તે આખા સંયુક્ત ઇટલીની રાજધાની બન્યું—લાટિન પ્રાંતોનું સાંસ્કૃતિક કેન્દ્ર બન્યું. ને પોતાના જીવનકાર્યની પરિસમાપ્તિ પર સૌની નજર નાખતાં ગૅરીબાલ્ડીએ પણ જીવનલીલા સંકેલી. હિમછાયા આલ્પ્સથી માંડી દરિયામાં પગ પખાળતા સિસિલી સુધી ૧૦ ઇટાલિયનો એ દિવસે રડી ઊઠ્યા.

ઇટલીનું એ એક મહાન સદ્‌ભાગ્ય છે કે તેનો નવો ઇતિહાસ ગૅરીબાલ્ડી જેવા એક પવિત્ર ને ઉદાત્ત વીરથી શરૂ થાય છે. પુરાણી તવારીખની એ ભૂમિ નૃશંસ શાસકોને કબજે પડતાં લોકોએ પોતાનો જુસ્સો સાવ ગુમાવી મૂક્યો હતો. તેને પુનર્જાગૃત કરી, ઇટલીના એકીકરણનું પોતાનું આજીવનસ્વપ્ન સાર્થક કરનાર સ્વાતંત્ર્યના એ ચોકીદારી કરતાં, આદર્શ પ્રત્યેની વફાદારીનું વધુ ઉત્કૃષ્ટ ઉદાહરણ મળવું મુશ્કેલ છે. માતા ઇટલી માટે તેણે ઘર, કીર્તિ, પત્ની સુદ્ધાંનું બલિદાન આપ્યું. ગરીબી, બદનક્ષી, કારમી વિટંબનાઓ તેણે સહન કરી. મુઠ્ઠીભર માણસો સાથે ઇટલી ખાતર સરફરોશી કરવા નીકળનાર એ જવાંમર્દની વતનની હુન્નર કયાં ને જબાનનો વફાદાર એ જમાનામાં જ પોતાના કર્તવ્યની ધૂનિથી માની લેનાર આપણા યુવકોનું માયકાંગલું માનસ ક્યાં?! ફરજની સદાજાગૃત ભાન એ જ આઝાદીનું આદિ સાધન છે. લાલાજી યોગ્ય જ કહી ગયા છે કે, 'સ્વાતંત્ર્યની દેવી એ જગતની પવિત્રમાં પવિત્ર દેવી છે. એના મંદિરમાં પગ દેતાં પહેલાં તમારા જીવન પરની તમારી એ મિલકતની લાયકાત તમે સાબિત કરી આપો.'

અનુસંધાન પાછળ પાન ૧૨૯



જેસન અને સાથીની ગોધા
(ચિત્રકાર : એડમન્ડ ડુલાક)

કાકાએ પચાવી પાડેલું પિતાનું રાજ્ય પાછું મેળવવા નીકળેલા જેસન આજના ઑક્સિયસ પર્વત પર 'સોનેરી ઊન' હર્ષ આવવાની આકરી શરત કાકાએ મૂકેલી, જે મેળવવા નીકળેલા જેસન અને એના સાથીઓ અનેક પરાક્રમો કરતા કરતા રીતે ઑક્સિયસ પહોંચ્યા અને ત્યાંના રાજા આઈટીસના ગુસ્સાની ગોધાઓને વશ કરી, જે વડે દૈવી મિતજ્ઞે ઘડી શસ્ત્રો ખર્ણના દાંત વડે જેમાં વાવેતર કરી, પ્રચંડ લડવૈયાઓને જન્મ કરીને આઈટીસની પુત્રી મીડિયાની મદદથી જેસને કેવી રીતે સોનેરી ઊન મેળવ્યું એ હકીકત ઈસવીની બીજી એ પ્રાચીન દંતકથા આ અંકના આગવિજ્ઞાનમાં આપેલી છે

ચિત્ર ૧૦૬ : ગોવિંદ ગુરુ (ડાબે) અને ધારા ગામના મેદાનમાં ભીલોની સભા

આજનો જગતની અજૂઝ ઝંખના

માણસના વિકાસક્રમનો એક તબક્કો એવો હતો કે જ્યારે પોતાનું પેટ ભરવા પૂરતા જ સ્વાર્થની તો ગરજ હતી શિકાર્યો એ પેટ-ગુજારો કરી લેતો એમાં ઘણીવાર સિવાય પાછળ પડવાનું યે તેને આવતું, પણ રસ ની ટેવથી જ ત્યારે તો એ જોહતી ઝડપ આવી હતો


પછી જેમ કાળ વીતતો ગયો તેમ જો સુધરતો ગયો ને એ ની જરૂરિયાતો પણ વધતી ગઈ એક જીવ્ય પ્રદેશો માથે જેમ તેમ વધેવાર સધાતો ગયો તેમ માત્ર પગનું માપ તો ઊણું ભાસતું ગયું

તેની પહેલી જ નજરે પાણી શકાતા જનારો પર હરી અને ને મરમ કામ આપી શકે છે એમ તેણે જોય પોતાની ઉતાવળ આંખોનો ભાર પણ લાવ્યો તે એ જનાવરો પાસે જ વહાવતો થયો

આમ ને આમ ઘણો વધો કાળ વીત્યા પછી કોઈ એક જણને લાગી આવ્યું કે જમીન પરનો ગોળો ઘસડતા આવતા જનાવરને કષ્ટ વધુ પડે છે તેણે જોડ્યું કરવું ને જનાવરને આમ ની આપતી પેઠ ની ગોમ કરી

બોલ્યે બેચરામાં તો એ નવી ગોઠવણ ખૂબ ને સફળ પુરવાર થઈ પણ બન્યે રહાડે ગાડુસને એકલી ગોટલા પૂરતી જ નિરાંત ન રહી તે પોતાના પેટ ની ખાતર વિચારતો થયો હતો, એટલે ભારવાહી વાહનો

ઝડપ વધારવાના પ્રયત્નોમાં માણસનો મોટામાં મોટો દુશ્મન તે પવનનો થપ્પો એ ઓછામાં ઓછો લાગે એ જાતના નવા ઘાટ જેણે વાહનોને આપ્યા આ પ્રકારને 'સ્ટ્રીમલાઇન' કહે છે ની




ઉપરાંત પોતાની બીજાની જાની કલાદૃષ્ટિ અનુસાર વેલ, ડબ્બા, ટાંકા, ટ્રાન્સ્ફર વગેરે એક પછી એક વાહનો પણ એ ઓપતો ગયો.

પણ પોતાના શૌખ અને મગજને સાચવવા નીકળેલા ગાણુમની જડપની ઝંખના એથી પણ પૂરી ન નતોષાઈ; એ તો જોતી ને તેની કાયમ જ રહી અને એમ ને એમ એક પછી અનેક સૈકાઓ વીતી ગયા ત્યારે તેનું પહેલું બારું હાથ આવ્યું તેણે જાણ્યું કે વરાળ વાહનોને ગતિ આપી શકે છે. અને એ જાણતાં તેણે ત્યારે દુનિયાના જગતમાં અપૂર્વ એવું રવરૂપ આપ્યું.

એ બારું તો હજુ ગઈ કાલે જ હાથ આવેલું ગણાય. ફ્રાન્સની રાજ્યક્રાન્તિ અને યુરોપ પરની નેપોલિયનની ધાકના કારણેજ એ ગાળો નેપોલિયનના જન્મના જ ૪ વર્ષ પહેલાના વર્ષમાં કુગનેએ વરાળથી ચાલતી પહેલી મોટર બનાવી. ઈ. ૧૭૭૦માં એજવર્થે આજની ટ્રેન્ક ફૂકનો પૂર્વજ શોધ્યો. ઈ. ૧૭૮૩મા જોઈફ્રીએ જાલૂનમાં પહેલવહેલો ઊડ્યો.

દબાવે દબાવે એ બધા પ્રયોગો તીવ્રના પૈંકડતા ગયા. પરિણામે, દુનિયાએ અગાઉ કદી ન જોએલી એવી રેલવેઓ, મોટરો, આગબોટો ને વિમાનો હસ્તીમાં આવ્યાં. આમ, રોણી રોણી વચ્ચેનો પ્રાયમિક વ્યવહાર પ્રાન્તેપ્રાન્ત ને દેશેદેશને સાંકળતો, ઉત્ક્રાન્ત થતો જઈ છેવટ બંડેબંડને સાકળી રહ્યો.

જગતને જડપની ઝંખના આબૂજ તો યુગોથી રહેતી આવેલી, પણ એને મોકળો અવકાશ તો મહાયુદ્ધને અંગે જ મળ્યો કહેવાય. જર્મનીએ પોતાના વાહનોની જડપ ત્યારે શકય એટલી ટોચે લાવી મૂકી હતી. તેનાં જડપી ઝેપલિનો લશ્કરી થાણાંનાં થાણાંનો નાશ કરવા લાગ્યા, એની એક જ કૂચર એરફ્લે પંદરપંદર બ્રિટિશ રટીમરોને દફનાવી દીધી ત્યારે મિત્રરાજ્યોને લાગ્યું આવ્યું કે યુદ્ધકળામાં જડપ કેટલો અગત્યનો ભજવે છે. એ યુદ્ધ બંધ પડ્યાને જીતવા આવ્યા છે, છતા આજે




માણસે તેને મદદે બોલાવ્યો; સફળ નિષ્ફળતાઓમાંથી માર્ગ કરતાં જમ તેણે છેવટ જગતને ચરણે જે ધર્યું તે વાહનોનો નાનો જ જન્મેલો 'રટીમલાઈન' પ્રકારે.

જડપના આજ સુધીના ઇતિહાસમાં આ પ્રકાર બીજો નવીન છે. તેના પહેલા નમૂના રૂપે અમેરિકાએ બેએક જ વર્ષો પર રટીમલાઇન ટ્રેન દોડાવી. એ ચાલુ થઈ ત્યારે તો સાધો લોકો કુતૂહલની નજરે તેની મોજ લૂટવા લૉસ ઍન્જેલિસ ગએલા અમેરિકાએ ઓ ટ્રેનને નામ આપ્યું છે M ૧૦૦૦૧. હવે તો ઇંગ્લંડે પણ 'સ્પૂનિવા' નામે એક રટીમલાઇન ટ્રેન ચાલુ કરી છે.

કયા લિવરપુલ અને માન્ચેસ્ટર વચ્ચેનું ૩૧ માઇલનું અંતર દોઢ કલાકે કાપતી જગતની પહેલી ટ્રેન અને કયાં કલાકે સાઠ ઉપરાંત માઇલ કાપતી આ રટીમલાઇન ! આજની જડપીમાં જડપી ટ્રેનો જેટલું અંતર ૫૫ કલાકમાં કાપે એટલું અંતર કાપવા એને ચાળીસથી યે ઓછા કલાક લાગે છે. જર્મનીએ તો ૨૦૦ ટનની પોતાની રટીમલાઇનને કલાકના ૧૧૯.૮ માઇલે લાવી કમાલ કરી છે એમ કહી શકાય.

મોટા રાક્ષસ જેવી લાગતી આ રટીમલાઇન ટ્રેનોને આટલી જડપે પવનનો ધક્કો યે કંઈ ઓછો ન લાગે. એટલે એથી બચાવવા તેના કબ્બા એટલા તો સાથોસાથ જોડેલા હોય છે કે કયો કબ્બો કયાંથી શરૂ થાય છે એ પણ સહેલાઇથી ન કળી શકાય. હાલની ટ્રેનો કરતાં તેનું ગુરુત્વમધ્યબિન્દુ પાટાની બીજ ઈંચ જેટલું નજીક લાવી શકાયું છે, એટલે એમ તેવો વાંધો જેવો તેમાં યે તેને સહેજ સરખો યે આંચકો નથી લાગતો.

એને ચલાવતું યંત્ર એના રાક્ષસી કદ ઉપરથી આપણે રાક્ષસી જ ધારી લઇએ; પણ એમ નથી ડીઝલના નાના સરખા બીજણીક સાંચાથી જ તે ચાલે છે, ને તેનું આખું યે પાવરહાઉસ બીસ ફૂટ લંબાઈ, ઊંચાઈ અને છ ફૂટથી યે ઓછી પહોળાઇ તિમાંથી નીકળતો પાવર પૈડાં સાથે જોડાએલી ણીથી ગતિ આપે છે ને ટ્રેન ચાલુ થાય છે. ટ્રેનોને તેમ જ મોટરને પણ રટીમલાઇન આ પ્રવાસો વધ્યા છે. એનો સારામાં સારો જર એચ.ઓ.ડી. સીરીઝનું 'ગોલ્ડન એરો' ય, જે વડે કલાકના ૨૩૧ માઇલ કાપી





જનણી બાબુ : એચ ઓ ડી સીગ્રેવ પોતાની 'ગોલ્ડન ઍરો' મોટરથી ૧૯૨૯મા ઑલ ઝડપનો જગતરેકૉર્ડ તોડ્યો, પણ આગળ જતા વધુ ઝડપ માટેના અખતરામાજ ઓનો અપઘાતમા અવસાન થયો

ઉપર : સર માલ્કમ કૅમ્પબેલના મોટર 'બ્લ્યુ બર્ડ' જે તેણે જમીન પરની બધી ઝડપોનો જગતરેકૉર્ડ તોડ્યો ત્યારે ૧૯૩૬મા કલાકના ૩૨૦ માઈલની ભયંકર ઝડપથી

ઍ૧૯૨૯મા જગતરેકૉર્ડ તોડ્યો આગળ ઉપર પણ ઝડપની દિશામા તેને ઘણુ કરવાની ઇચ્છાઓ હતી. પણ તે માટેના મોટરબોટ પરના અખતરાએ તેના જીવનનો અંત આણ્યો.


પણ મેજર સીગ્રેવથી યે જબરી હિમત તો સર માલ્કમ કૅમ્પબેલે કરી ગણાય. ૧૯૩૬મા ડેયટોના મુકામે એમણે પોતાની 'બ્લ્યુ બર્ડ' મોટરમા જમીન પરની બધી ઝડપોનો જગતરેકૉર્ડ, કલાકના ૩૨૦ માઇલની જે ભયંકર ઝડપથી તોડ્યો તે તો અદ્‌ભુત જ કહી શકાય. કલાકના ૩૨૦ માઇલ એટલે શુ તેનો ઘણાને ખ્યાલ પણ નહિ આવે. એટલી ઝડપે હવાના તો હથોડા જેવા ઘા પડે! સુરક્ષિત કૉકપિટમાથી ડોકુ બહાર કાઢયું તો ભાગી જ જવાનુ. ને હવાનુ દબાણ પણ અસાધારણ જ! સર કૅમ્પબેલની મોટરના પાવરમાથી અરધો તો એ ચાર ટન જેટલા દબાણના પ્રતિકાર કરવામા જ વપરાયો હતો. એ વખતે એકાદ ટાયરમા જો કાણું પડયું હોત તો કૅમ્પબેલ મોટર સાથે અદ્ધર આકાશમા ઉછળી નીકળ્યા હોત!

મોટરો ને ટ્રેનો કરતાં યે જબરા અખતરા તો હવાઈ યાનો પર થવા લાગ્યા છે. જ્યારે હજી સુધી તો માણસ એ દિશામા, તાજી પાંખો જન્મેલુ બચ્ચુ જ ગણી શકાય; પણ ભવિષ્યમા ઝડપના ઇતિહાસમા ક્રાન્તિ પણ આ હવાઇ યાનો જ આણશે એ ચોક્કસ છે. અમેરિકાએ પોતાના સ્વાતંત્ર્યયુદ્ધ દરમિયાન ૧૮૧૨મા લોખંડી બખ્તરવાળા લાકડાં વહાણો પરથી વાદળોમાથી લાકડું મોગેધામે ખસતું જ ગયુ છે, ને હવે તો ઍલ્યુમિનિયમની શોધ બીજી બધી ધાતુઓને પદભ્રષ્ટ કરશે એમ જણાય છે. એની મિશ્ર ધાતુ ડ્યુરેલ્યુમિન પોચાદ જેટલી જ મજબૂત હતા વજનમા ઓછી નીકળી આગની જ રહે છે, એટલે ભવિષ્યમા ટ્રાંસ્ટાલાન્ટિક વ્યોમ દારમા તેનો જ દિબ્બો રહેશે એમ લાગે છે.

આ સ્ટ્રીમલાઇન વાદળોના અખતરા પાછળ વધુમા વધુ કોણ દેશ મરયુ હોય તો તે જર્મની છે. પોતાની મેળે મોપાના ને નીકળી જતા પાણીથી પાવર મેળવવની આગબોટોથી માંડીને, એક પાટા પર જમીનથી ઊંચે દોડતી 'ઍરિડો ટ્રેનો' બનાવવાના તેના અખતરા ચાલુ છે એટલેથી જ એ નથી અંપતું. ઍપ્પિનના આકારમા ફેરફાર કરી તેમા કલાકે ચારસો માઇલની ઝડપ આણવાના, આટલાટિક પાર કરવા માટે ઊડતી આગબોટો બનાવવાના વગેરે એવા તો અનેક અખતરાઓ પાછળ એ કોડભેર મંડયુ છે અને વિશેષજ્ઞો પણ જ્યારે જણાવે છે કે લેશ પણ આંચકા સિવાયની નરળ ગતિ ગમે તેટલા પ્રમાણમાં હોય તોયે ભયજનક નથી રહેતી, ત્યારે એ અખતરાઓની ભાવિ સફળતામા શ્રદ્ધા બેસે છે.

આ બધુ શુ બતાવે છે? દેખીતી રીતે માણસ ભલે દિશા ને કાળથી બંધાએલો હોય, પણ એ બેનો કેદી તો નથી જ રહ્યો એની સીમાઓ વધારવા એ સતત પ્રયત્ન કરતો જ રહ્યો છે. પ્રકાશના જેટલી ઝડપે ભમતાઓ ગોકળની ચીજોને કેદ કરી, દૂર્બીઝ, ઑલિવરલૉજ ને માર્કોનીએ આપણા દિશાના ખ્યાલમા જબરી ક્રાંતિ આણી છે. હવે તો એ વખત પણ બહુ દૂર નથી, જ્યારે દુનિયાને છેક ખૂણે બનતો બનાવ બીજે ખૂણે સંભળાતો એના ભીંતો પર ચિતરતો થશે

ને કાળને પણ ઝડપના અનંત વિચારના બની




ઇ. ૧૯૨૬ની સાલ સુધીમા આબુલ "છેડા"ઓ સાધેલા અર્બાદ

ચિત્રનો ઉપરનો ભાગ, આબુએ પૃથ્વીની સપાટી ઉપર તેમજ હવામાં સાધેલી પ્રગતિ બતાવે છે. (A) રૅકેટ-વાળું એરોપ્લેન—કલાકે ૧૭૦ માઇલને આશરે. (B) મોટરબોટ—કલાકે ૪૩૦ માઇલ. (C) રૅકેટ રેલગાડી—કલાકે ૨૪૮ માઇલ. (D) ઍરોપ્લેન—કલાકે ૨૦૩ માઇલ. (E) એરોપ્લેન રૅકેટ આપે —કલાકે ૧૧૦ માઇલ, (F) ઇલેક્ટ્રિક ટ્રૉલીકાર—કલાકે ૧૩૦ માઇલ; (G) રહીમ ઍન્જિન—કલાકે ૬૫ માઇલ. (H) ડિરપ્લેસમેન્ટ સ્પીડ બોટ—કલાકે ૧૦૫ માઇલ; (I) ઘોડો, કલાકે ૩૧ માઇલ; (J) માણસની દોડ—કલાકે ૧૮ માઇલ

ચિત્રનો નીચેનો ભાગ, આબુએ પૃથ્વીની સપાટીથી ઊંચે જવામાં મેળવેલી પ્રગતિ, પૃથ્વીની ઊંચી ચરતુઓના ક્રમને મુકાબલે બતાવેલ છે. (૧) ઊંચામાં ઊંચું મકાન—વૂલ્વર્થ ટાવર, (૨) રૂટ્રેસ વાદળાં, (૩) ઊંચામાં ઊંચા જર્મન પર્વતો, (૪) કબૂતરપુષ્પ થા બાં; (૫) હિમાલયમાં ઊંચામાં ઊંચો માનવનિવાસ, (૬) ૨૪૦૦૦ વાદળાં; (૭) પૃથ્વીની ઊંચામાં ઊંચી દેવદાર હિમાલયનું સિખર એવરેસ્ટ; (૮) વિમાનનો ઊંચાઇનો રેકૉર્ડ (૯) બલૂનનો ઊંચાઇનો રેકૉર્ડ (૧૦) આગ્ર પાર કરતાં વિમાનોનું ૨૫૬૫ ઉડ્ડયન (૧૧) જ્વાળામુખીનો ઊંચામાં ઊંચો ધડૌચિયેલો ગોળ (૧૨) રજારહિત બલૂન (૧૩) જર્મન ઍરશૅપ્ જ સોપ (૧૪) બાવિ રૅકેટ પ્લેન, (૧૫) ઍન્જિન ઍન્જ ૧૫૫ અને (૧૬) અવકાશગાડીઓ.

—હાસ્ય ગુચ્છ ૪૧ આધ



૧૮૨૯ના રોકહાર્ડ રસ્પાર્ટા પર ચાલતા પ્રથમ સફળ વરાળ એન્જિનથી માંડી આજની સ્ટ્રીમલાઈન ડીઝલ ઇલેક્ટ્રીક ટ્રેન સુધીના વાહનોનો વિકાસ

એણે જાણે કાગળને કેવી બનાવવાનો નિર્ણય કર્યો છે દાખલા તરીકે સ્ટ્રેટોસ્ફીઅરમાં કલાકના ૬૦૦ માઇલની ગતિ એણે સિદ્ધ કરી છે એ જોતાં તો ઝડપની એની અખૂટ ઝંખના, પૃથ્વીની આસપાસની સૂષ્ટિ કહેવાની મુનાફરીને પણ કદાચ મારી હટાવે અત્યારે કે આઠ વાગ્યે વડન છોડી ન્યૂ યૉર્કના આઠ વાગ્યે જ એ ન્યૂ યૉર્કે પહોંચી જશે. અરે, એટલથી યે બસ શા માટે ? એથી યે વધુ ઝડપ તે મેળવશે ને લડન છોડ્યા પહેલાંના જ સમયે એ ન્યૂ યૉર્ક પહોંચી જશે ! આ બધી કપોલ કલ્પનારૂપે માનવના દમણા થોડા જ વખત પર જુલ્સ વર્નની પણ કલ્પનાને હરાવી દે એવી રીતે એરૂ આર ડી સ્વેષ્ટ ૪૯,૯૬૭ ફૂટ ઊંચે સ્ટ્રેટોસ્ફીઅરમાં ગેડી આવ્યો ! માનવમાત્રા મુરબ્બીએ બચાવ એણે કરેલુ આ સફળ ઉડ્ડયન અમાનુષી જ ગણવામાં આવે છે

આ સફળતાએ ઝડપના મુદ્દામાં નવી મહત્વાકાંક્ષા જન્માવી છે પ્રયાસ દ્વારા ફૂટની ઊંચાઈમાં આજના આપણા એન્જિનો તો સારૂં કામ ન આપી શકે પરંતુ રશિયાએ બનાવવા માટેના 'સ્ટીમ કૉમ્પ્રેશન' તરફ બધા આશાની નજરે જુએ છે વૉર્ડ કલાધામ ડેવના કહેવા પ્રમાણે એન્જિનો સુધરતા ઝડપ માટે આગે મચાવ નથી રહેતો દુનિયાની બધાએ ૧૯૩ માઈલની ઝડપે ઊડતા વિમાનમાં ૪૦,૦૦૦ ફૂટ ઊંચે ૧૭૭ માઇલની ઝડપ આપમેળે આવી જાય છે વળી પખાન કદ (wing-span) વધારતા તો તે સહેજે ૨૯૬ માઇલ પર પહોંચે

અને આમ, કલાકે લગભગ બસ્સો માઇલની ઝડપ મળતા સાત કલાકમાં તો આટલાંટિક સહેજે પાર કરી જવાશે એ રીતે ભવિષ્યમાં માણસ વધુ કામયાબ બનતો જશે તો બે લાખ ફૂટ ઉપર તો એને બળતણ પણ સીધું લઈવાના એ ઉપરવા આકર્ષણ માયી જ મળી રહેશે ! અને ત્યારે માણસે અવાજ કેટલી જ—કલાકના સાતસો માઇલની ગતિ કેમિદિ મેળવી હશે ? એ અખૂટ ઝંખના પૂરવાના આજના જ પ્રયાસો જુઓને ?

કુદરતપ્રદેશના એકાકી સાદમ મરૂની અને પ્રયોગશાળાના કોઈ પ્રોફેસરથી માંડી માનસશાસ્ત્રી, ખગોળશાસ્ત્રી કે કોઈ પણ 'શાસ્ત્રી' તરફ નજર નાખો બધાયના પ્રયાસો પાછળ એ એક જ ઝંખના કામ કરી

રહેલી લાગશે,—દિશા અને કાળની સીમાઓ દૂર હડસેલવાની. ને તે એટલા જ ખાતર કે નવી પેઢી એના પોતાના કરતાં વિશાળ 'કેદ'માં જીવી શકે!

અને આજકાલ આપણે નથી અનુભવતા કે એવા પ્રયાસો માટે રાષ્ટ્રેરાષ્ટ્ર અને વ્યક્તિએ વ્યક્તિ પણ હવાવૃત્તિ (air-sense) ધરાવતી થતી જાય છે? હવે સ્ટ્રેટોસ્ફીઅર શોધાયું છે તે એટલા જ ખાતર કે એમાં સફળ ઉડાણ કરી શકાય. એ સફળ થતાં વૈશ્વકિરણ, ઑઝોન અને જુદીજુદી ઊંચાઇએ રહેલી હવાની જુદીજુદી વિદ્યુન્મયતાના ઘણા ચમત્કારો આપણે જાણતા થઇશું. પૃથ્વી પર પડતાં અલ્ટ્રા-શૉર્ટ કિરણોને પૃથ્વીનો વિનાશ કરતાં પણ સ્ટ્રેટોસ્ફીઅરમાનું એ ઑઝોનનું આવરણ જ બચાવે છે. હજુ સુધીનાં ઉડાણો એ આવરણને પહોંચી શકયાં નથી, પણ માણસનો ભવિષ્યનો હલ્લો ત્રીસ હજાર ફૂટ ઊંચે આવેલા આવરણમા જ થશે એ ચોક્કસ છે.

આજસુધીમા યે માણસે હસ્તગત કરેલા વાદનોને કેટલી સંપૂર્ણતાએ આણી મૂકયાં છે? વિમાનો સુપર સર્ચલાઇટ ને રેડીઓ કૉન્ટ્રોલ ધરાવતા તો થયા જ છે, પણ ટેલીવીઝન મારફત તેમને રસ્તાનો અને પહોંચવાના સ્થાનનો નિશ્ચિત ખ્યાલ આપવાના, તેને જોઇતું બળતણ ઘટાડવાના અને પૃથ્વીના ગુરુત્વાકર્ષણના ખેંચાણમાથી પણ તેમને મુક્તિ અપાવવાના પ્રયોગો માનવી નક્કી કરી રહ્યો છે. વિમાનોના હડહડતા દુશ્મન સમા ધુમ્મસને રસ્તામણેથી હટાવવાના ને પાઇલટો વગર જ વિમાનોને નિશ્ચિત સ્થાને પહોંચાડવાના પણ પ્રયાસો પાછળ નથી રહ્યા.

પણ રહી રહીને સવાલ એ થાય છે કે યુગોથી ચાલી આવતી આ અખૂટ ઝંખનાનું આખર પરિણામ શું? 'ઉડ્ડયની ખાતર ઉડ્ડય' એ બેશક જીવનમા એક નૂતન રંગદૃષ્ટિ જન્માવી શકે છે; પણ માણસની સ્વાર્થવૃત્તિ સદા યે અનિયંત્રિત રહેતી આવી છે, એટલે એ ઝંખના પાછળ એ પોતાના સ્વાર્થને પણ વેગ નહિ આપે એની શી ખાત્રી? પાઇલટ વગરના એરોપ્લેન ને ટૉર્પિડોને પ્રેમના દૂતો તરીકે વાપરવાને બદલે મોતના કાસદો તરીકે એ નહિ વાપરે એનો શો પુરાવો? આપણે ઇચ્છીએ કે એમ ન બને; પણ એમ નહિ બને એમ માનવાનું પણ કોઇ સબળ કારણ તો આપણી પાસે નથી જ. 'અનિકેત'

મારી સફર [૨]

જીવનની મિરાત ભૂતકાળનાં સ્મરણોમાં છે પણ સ્મરણમા એ જ કાર્ય સમાઇ શકે છે, જે અંતરની ઊંડામા ઊંડી લાગણી સાથે સંકળાએલું હોય લાગણીએ પ્રેરેલા કાર્યમાં માથું મૂકવું પડે તોપણ કર્તા એને ધન્ય પ્રસંગ ગણે છે.

આવા કેટલા યે સફળ કે વિફળ પ્રયત્નોનાં સ્મરણો મને આનંદ-સમાધિમાં નિમગ્ન બનાવી દે છે. આજ એ ભૂત-પ્રસંગોનો ઢગ ઊભેળું છું અને એમાંથી ઊડતી ધૂંધળી વાતાવરણમા પડવા પાડે છે. હું એ પડઘો ઝીલું છું. એ કહે છે. 'માણસ સંસ્કારોનું પૂતળું છે સંસ્કારના કંકાલમા બેસીને જ મનુષ્ય જન્મે છે. પ્રસંગ-યોગ એ સંસ્કારોને પોષે છે અને કરમાવે છે. અનુભવના યોગ સાથે ભળી જઇ એ સંસ્કારો મનુષ્યનું જીવન ઘડે છે.'

આ પડઘો સાંભળીને ઘણી વાર સુધી હું થંભી રહું છું. છેવટે બોલી ઊઠું છું: 'તો પછી સફળતા કે વિફળતાનો શોક શો? મેં કૃપા કંઇ કર્યું છે? પ્રકૃતિનું અગમ્ય બળ જ મારી પાસે કંઇક કરાવી ગયું.' આટલું બોલ્યા પછી મારા અંતરમા ટાઢક વળે છે.

હું આઠેક વર્ષનો હોઇશ. મારા પાડોશના એટલી જ ઉમરના એક છોકરા સાથે આખો દિવસ રમ્યા કરતો સાંજ થઇ અને ગાયોનું ધણ કયારે આવે એની રાહ જોતા અમે શેરીમાં બેસી રહેતા. ધણ આવ્યા પછી જ ચોરામાં હાકોરજીની આરતી થતી. એક પછી એક બધી ગાયોને જતી અમે મૂગા થઇને જોઇ રહેતા, ને એકે ય ગાય ન દેખાય એટલે દોડીને ચોરે પહોંચી જતા

ઝાલર વાગે; શંખ ફુંકાય; બાવાજી કૂકડે ગજવાજે અને આરતી ઉતારે. છેવટે 'સંધ્યા આરતીના જે સીતારામ' બોલીને અમે પગે લાગીએ. બાવાજી તુલસી પાન સાથે પાણીનું ચરણામૃત આપે. પી જઇ, આંખે લગાડીને 'બાવાજી સીતારામ'ના બરાડા પાડતા અમે નાસી જઇએ. રોજનો અમારો આ કાર્યક્રમ કોઇરીતે વિક્ષેપ પામતો નહિ.

બેચારપાંચ દિવસે એકબે સાધુ ચોરે આવ્યા જ હોય. બેચાર માણસોનું ટોળું એ બાવાની ચોમેર કરી વળ્યું હોય. બાવાજી લાંબી ચલમ ફૂંકે અને એક દમ

એવો લગાવે કે ચલમ ઉપર ભડકો થઈ આવે આ જોવું મને બહુ ગમે. કોઈ સાધુ આવેલો હોય તો આરતી થયા પછી જરા દૂર જઈને અમે સામે બેસી જતા ચલમ પુકારી જોઈજોઈને ખુશ થતા.

પ્રથમ તો ચલમના ભડકા તરફ જ અમારું લક્ષ રહેતું. પછી બાવા સાથે લોકો વાતો કરતા તે સાંભળવામાં પણ કંઈક રસ પડવા લાગ્યો. લોકો પૂછે કે 'બાવાજી ક્યાંથી આવતા હો અને ક્યા જાવેગા?'

ત્યારે બાવાજી પણ પ્રશ્નની શુદ્ધતાભરી દિલ્હી ભાષા જેવી જ ગુજરાતીમાં જવાબ દેતા પોતે ઘણીકેદારથી રામેશ્વર અને ગંગાસાગરથી દ્વારિકા કેવી રીતે જાત્રા કરી તેનું બાવાજી વર્ણન કરતા કયા પ્રાંતનાં લોકો સારા ને કયાના લફંગા એ વર્ણનીને પોતાનાં કષ્ટનું જ્ઞાન આપતા કયારેક તો આવી વાતો ઘણી વાર સુધી ચાલતી.

ધીમેધીમે ચલમના ભડકાની દિલચસ્પી જતી રહી અને બાવાજીની વાતોમા રસ પડવા લાગ્યો.

ના કરતા સાધુઓ જીવની ભૂગોળ સમા હતા એમના વર્ણનો નિરીક્ષણ કે તુલના વિનાના બહુ હશે. પણ વાસ્તવિક તો ખરા જ. મારા અનુભવમા પણ એ જ આવ્યું છે કે દેશની વાસ્તવિક પરિસ્થિતિ સમજવા માટે પરિભ્રમણ કરવું હોય તો એ સાધુ-બાવાના સ્વાંગમા સફળ નીવડે છે. તેં સ્થિતિમા અનેક પ્રકારના અનુભવો થાય છે. 'તુડે તુંડે મતિર્ભિન્ના' સમા હજારો લોકોનો પરિચય મળે છે. આ ભગવા વેશમા મોટો ફાયદો તો એ છે કે વિના ખર્ચે આખા દેશમા ભમી શકાય થોડી સમજશક્તિ અને હોશિયારીથી વર્તે તો ભાવિક અંધશ્રદ્ધાળુઓમા ગુરુ પણ બની બેસે છે મને તો આવી રીતે ઘણી જ સહેલ મળી છે. પોરબંદરના એક જોકર માહેજ સંન્યાસીના વેશમા આખો દેશ ભમીને હાથી આવ્યા હતા તેઓ સંપન્ન હોવા છતા એક પાઈ પણ સાથે લીધા વિના જ નીકળેલા. પાસે એક કમંડળ અને મૃગચર્મ રાખતા

આપણા દેશના સાધુઓની જિંદગી ભમણમા જ જાય છે આવા ભમતા સાધુઓનો એક વર્ગ બની ગયો છે.

માગ ગામને ચોરે આવતા ઘણા સાધુઓને મેં સાંભળ્યા. મારા કુમળા મન ઉપર એક અસર ઘર કરી ગઈ.

ઉપદેશનો પ્રભાવ માણસને ઘડીક આવેશમા બહુ લાવી દે, પણ એ જીવનમા ભળતો નથી. આપોઆપ ગ્રહણ કરેલા વિચારોનું બળ મનુષ્યને મક્કમપણે દોરે છે. એ બાબામાં જીવન રંગાઈ જાય છે.

મને લાગ્યું કે આ સાધુઓ કેવું સુખ માણે છે! મારે તો ઘરની કેદમાં પુરાઈ રહેવાનું રામાની યે છૂટ નહિ. પિતાજી રોકે; બાનો ડર. આમ ન કર, આમ ન થાય, એમ કરીશ તો માર ખાઈશ, આવા ઍડિનન્સ માત્રામા જ કરવાના. માબાપનો આ જુલમ આ વખતે મને ભયંકર લાગ્યો. મોટેરા આવા નિર્દય કેમ હશે એવું વિચારીને ઘણી વાર ગાળો પણ દેતો.

પેલા બાળ દોસ્તને મેં વાત કરી કે 'આપણે ઘેરથી ચાલ્યા જઈએ.'

મિત્ર કહે 'મને પણ મારી બા મારે છે, એટલે મારે ય ભાગી તો જવું છે પણ બાપુ કાંઈ જવા દે?'

મેં કહ્યું 'આપણે બાવા થઈ જઈશું. ચાલને, બારે મજા પડશે. ફરીશું ને મોજ કરીશું.'

બસ; નિશ્ચય થઈ ગયો. એ જ દિવસે નાના જવાનો વિચાર કર્યો. માંગવા કંઈ માગ્યું નહિ. જરૂર શાની પડશે એ પણ કંઈ વિચાર્યું નહિ પણ એક વાત ભુલાઈ નહિ. ખાવાનું તો જોઈએ જ ને? મિત્ર કહે, 'થોડા દાણા તું લઈ લેજે અને થોડા હું લઈ લઈશ'

વાત ગમી ગઈ તરત જ દાણા લેવા અમે છૂટા પડીને ઘેર ગયા.

મારા બા ઘરમાં હતા. તેમના દેખતા તો દાણા લેવાય નહિ ભોંયચૂપ થઈને આગણામા જ બેસી ગયો. બા ઘરમાંથી કયારે બહાર આવે કે દાણા લઈ લઉં એ મોકો જોઈ રહ્યો.

બાની બેસી રહે એ બાળક જ નહિ આંગણામા પીપળો હતો. તેના પાંદડા ખરવા લાગ્યા. બધા પાંદડા ખરાઈ ગયા. આ તો કંઈ આડાઅવળાં થયાં નહિ. પાંદડા લઈને બેસી ગયો. પીળા, લીલા ને સૂકા એમ અલગ અલગ કરીને ગોઠવવા લાગ્યો. બા કયારના મારી લીલા જોઈ રહ્યા હશે. ઓસરીની કોર ઉપર ડોકાં કરીને જોયા:'હા, આમ ડાહ્યો થઈને રમતો હોય તો કોઈ મારે? મારે વિચારશક્તિ હોત તો હસી જ પડત

થોડી વાર પછી બા કયાંક ગયાં. 'હમણાં આવું છું, ક્યાં ય ન જજો.' કહેતાં ગયાં. મને તો કલ્પવૃક્ષ ફળ્યું. તરત જ દોડતો ઘરમાં ગયો. ઘઉંની કોઠી ભરી હતી. સાણું ઉઘાડી નાખ્યું. ખણખણ કરતી ઘઉંની ધાર છૂટી. મારે તો પહેરણની ઓઇ જ ભરવી હતી. સમાયા એટલા ઘઉં ભરીને ઘર બહાર નીકળી ગયો.

દોસ્તના ઘર સામે નજર કરી તો તે બારણા પાસે રમતો હતો. 'ઓઇ! ઓઇ!' કહી તેને બોલાવ્યો. પાસે દોડી આવીને તેણે કહ્યું. 'હું દાણા નહિ લાવું. મારી બાએ મને માર્યો.'

બાઇ સાહેબ દાણા લેતાં પકડાઇ ગયા હશે.

'મેં ઘણુંય લીધા છે. ચાલ ઝટ, જતા રહીએ.' મેં કહ્યું.

અમે તો ચાલી નીકળ્યા. દોસ્ત 'દિશોપિ વસનમ્' હતો. મેં એક પહેરણ જ પહેરેલું. ગામડાંમાં આઠનવ વર્ષની વય સુધી બાળક નગ્ન ફરે એમાં શરમ મૂંઝાતી નથી.

અમે તો પહોંચ્યા સીધા ગામને ઝાંપે. અગારા ગામનો આ દરવાજો તો અમે કયારેક કયારેક જોએલો, પણ પાદરની પેલી પાર શું છે તેના ખબર નહિ.

ગામ બહાર નીકળીને વિચારમાં પડ્યા. કયા જવું, કયે રસ્તે જવું એ પ્રશ્ને મૂંઝવ્યા. સૂર્ય આથમી ગયો હતો. ગાયોનું ધણ પાદરમાં આવી પહોંચ્યું. પાદરની એક પીપળ હેઠે ઊભા થઇ રહ્યા. ગાયો ગામમાં જતી રહી. સંધ્યાના રંગો ઓસરી ગયા. હવે અંધારું થશે, એમ લાગ્યું.

'હું નહિ આવું. ના બાપુ, હવે તો રાત થઇ ગઇ. પણે ભૂત થાય છે.' કહીને મારા ભાઇબંધે પાછી પાની કરી.

દલીલ કરવા જેટલી શક્તિ એ વેળા મારામાં નહોતી

'સારે ચાલો, ચોરે જઇને સૂઈ રહીએ. સવાર થશે ત્યારે જઇશું.' મેં કહ્યું.

બાવા તો ચોરે જ ઊતરે, એ વાતે મને આમ કહેવરાવ્યું. અમે પણ હવે તો બાવાની દીક્ષા લીધેલીને! ચોર કેમ જવાય?

અમે પાછા ફર્યા. ચોરે જઇને બેસી ગયા. આરતી થઇ ગઇ હતી. ટમટમતા દીવાના અજવાળામાં એકબે માણસો દેખાયા. બાવાજી ભજન ગાતા હતા એક ખૂણામાં અમે બેસી ગયા. માંયે જ બાકી અમે સાધુ બની ગયા છીએ એ જ ભાવ દિલમાં ભર્યો હતો.

થોડી વાર થઇ ત્યાં તો બેત્રણ જણ ચોરા પર ચડ્યા

'અલ્યા, આ રહ્યા!' અમને ખૂણામાંથી કાઢી કાઢીને બાવાએ બોલાવ્યું.

'અહીં કેમ બેઠા છો? ચાલો.' કહીને મોટા ભાઇ નજીક આવ્યા. મારો હાથ પકડ્યો.

'નથી આવવું,ન' કહીને હું ખૂણામાં ભરાતો ગયો.

'નથી કેમ આવવું?' કહીને ભાઇએ મારા હાથ પકડ્યા. બીજાએ ના પગ પકડ્યા. મને ઉપાડી ચાલ્યા.. હું બરાડા પાડતો રહ્યો. દોસ્તનું શું થયું, એ કંઇ યાદ નથી રહ્યું.

આ રીતે મારી પ્રથમ સફરે પડી ભાંગી.

મારી આ કરણી ઉપર ઘરના જનોને મેં હસતાં જોયાં હતાં. આજ વિચારું છું અને માબાપો ઉપર વધારે શુરસો ચડે છે. માબાપોએ કદી બાળકની દુનિયાનો વિચાર કે પરવા કર્યાં જ નથી. પોતાની જ દુનિયાનાં રમકડાં એમને બનાવી મૂકયાં છે. બાળક કે દુનિયાનો વિચાર માબાપો કરશે, ત્યારે મહાત્મા ગાંધીની જરૂર નહિ રહે ત્યારે ઈશ્વરને અવતાર નહિ લેવો પડે

બાળકને માબાપ ઘરે છે અને પોતે બનાવે છે એ વાત જ ખોટી છે. ના, બગાડે છે જરૂર. જન્મજાત સંસ્કારોને ધૂંધીને કૃત્રિમ ચોકઠામાં એ જકડી દે છે જન્મજાત સંસ્કારો પોષાય તો મનુષ્ય સંપૂર્ણ જીવન જીવે છે. એની જરૂરિયાતો એને મળે જ છે. જૈવ જીવનપ્રવાહમાં પછી 'નેતા–બાળ'ની ફરક નથી રહેતી

મનુષ્યજાતિના જીવનનું આ રહસ્ય આ જન્મજાતના આપણે જરા નહિ સમજી શકીએ.

આ મારી પ્રથમ સફરે સંસ્કારના એકાદો અંકુરને લીધો હશે.

(ચાલુ) છોટુભાઇ જોશી

મેંદીનાં પાન

ખરી પ્રશંસા તે જ કરી શકે છે જે પોતે પ્રશંસાથી બેપરવા હોય છે.

પુસ્તકોનો ઉપયોગ કરતો હો તો એની રીતે કર, જેવી રીતે મધમાખી પુષ્પનો કરે છે.

દુનિયામાં મોટામાં મોટી કમનસીબ તે છે જે કમનસીબી સહન કરી શકતો નથી.

એક અભ્યાસી અને અનુભવીનાં કલમે લખાતી જળજંગલની જીવનસૃષ્ટિની પરિચયમાળા


વન વગડાનાં વાસી



કરોળીઆ.

કૃષ્ણપક્ષની રાત અને ભાર ચોમાસું વળી ઘણા રાગી ગીચ ઝાડ પરના અંધકારનું શું કહેવું? એને બોલનારી એક પણ તારા નજરે પડતી ન હતી. માત્ર વરસાદ ઝરમર ઝરમર આવતો હતો. જોના ટીપાના ટપકારાથી તડતડતા પાદડાની વચ્ચે ઊડતા ચમકતા અસંખ્ય આગીઆથી નદીનો પ્રાન્ત પ્રદેશ પળપળે ઝબુકી ઊઠતો હતો. બધે સુમનાગ હતું આ પ્રાન્તતાને ભરી દેતા, તરાના કાંઠા અને શેમાની આખરી ઝાંખી મિશ્ર બધાયે વાતાવરણ ગમગીની ભર્યું હતું પણ આ બધાનો ઉપભોગ કોણ કરે? ચંદ્રા તળીયા ગાવતા આવેલા ઓટલે અમારામાના ઘણાખરા તો ઘાસને લીધે ઘોરતા પડયા હતા.

રસોઇ તૈયાર થઇ અને ડોલ લઇને હું પાણી લેવા નીચે ઊતર્યો. મંદાદેવ વગરની આગળ જતાં હું લપસ્યો. મારા ગળા પર ફાંસા જેવું કંઇક લાગ્યું. કપડાં સૂકવવાની કોઇ વાનીઓ દોરી બાંધી હશે, એમ ધારી હું ફરી ઊભો થયો. જોઉં છું તો દોરી નહિ, પણ રેશમના ઝીણા તાર જેવો પણ દૃઢ એ આડ વચ્ચ ઝૂલતો ત્રિપેક હાથ લાંબો દોર અને એ ઉપર ઠેર ઠેર ઝાકળનાં મોતી જેવડાં કરોળીઓ નજરે પડ્યાં. આવડા મોટા કરોળીઓ જિંદગીમાં જોયાનો મને કદાચ કુલ હલ્યો અને કંઇક ચિંતામાંથી હું ઊભો ઊઠ્યો પહેલાં તો પ્રકાશ જેવું કંઇ ગયું એમ, પણ ધીમે ધીમે વિસ્તર્યા ગયો એમાં કાંઇ ગાયબ થયું. મારા ગળામાં કંઇક ભરાયું. બીજે ભાઇ જતા એમણે આ દૃશ્ય કદાચ જોયું હશે, પણ આ તો જુદું જ નીકળ્યું એમનો ઝટકો વાગતા માંડી આંખોમાં ચર્બી જાય, નીચે ઊતરે અને ઉતાર ચડે—એમ નાનાન વિતાન તન્તુઓની એ રચના વચ્ચેનો આખો પ્રદેશ ભરી નાખતા ગયો. પણ મારી ખૂબ ના પડી હતી તો પણ ગાનાના ગાન કોલાહલથી મુગ્ધ થઇ હું ત્યાં આવી ગયો હતો પણ મારા ગાન ગાતાં ગાતાં ભૂખ્યા પેટ જોતા ગાન સાંભળીને ઘોડા બધા જ ઉતારુઓ ઊભા થઇ ગયા. મોકાણમાં ન પડવું હું ત્યાંથી ગયો. આમ તેઓ ચર્બીના



બાળકોને ગમતી કરોળીઆની માદા

વાઘની વાતો ખૂબ સાંભળેલી એટલે આમથી ખાશે કે તેમથી, એમ ગભરાતો હું ઝટપટ ડોલ ભરીને નાઠો. વળી પછી પણ પેલું અધૂરું નન્તુરાય કર્મ જોવાનું ઘણું મે મન હતું. પણ તમે જાણો છો ને? પેટમાં પડેલી ભાખરી કંઈ એવાં અવલોકન થોડાં જ કરવા દે? એટલે કચવાતે મને આખોને ઘેરાવા દીધી. સવારમાં ઊઠીને જોઉં તો રસ્તા વચ્ચોવચ્ચ પૂરા પાંચ ફૂટ ઊંચા વિશાળ સુંદર ચક્રાકાર જાળા! એનો વણનાર તો ન દેખાયો, પણ એની અદ્‌ભુત લીલાનો મૂર્તિમંત પરિચય પાછળ મૂકતો ગયો. આછા સૂર્યપ્રકાશમા સપ્તરંગી વર્ણશોભા ધારણ કરતા વારિકણથી લચી પડતી એ આજે પણ મારી નજરે તરે છે.

* * *

મમળાત થઈ હશે અત્યારે મારો પગ ખૂબ પીડાય છે પંદર દિવસથી પથારીવશ છું; પણ અસહ્ય વેદનાને લીધે ઊંઘી ન શકયો હોઉં તો આજે જ. વાચવાનું પણ ગમતું નથી બરડા બધા ઊંધે છે. જાગતા હોઈએ તો આપે બે જ: હું અને મારો લુત્તાવટ્ટ મિત્ર: 'માખીનો વાઘ'. મારા પલંગની ચોકાઅડ, ભીંતોની કિનારીએ એણે ઘર બાંધ્યું છે. સુંદર મુલાયમ સ્વેત રેશમના પડદા પાછળ, આછી મલમલની બનાવી હોય એવી નાની કોથળીમા એની માદાએ ઈંડા સુરક્ષિત મૂકયાં છે. માદાને ઘર ભળાવી અત્યારે એ આહાર શોધવા નીકળ્યો છે. રાતે પણ ભાગે અને દિવસે પણ આ જ ઉદ્યમ. કવચિત એકાદી; બધાતે સન્નોડે પણ વિચરે. પહેલાં ભીંત પર જ ફરતો. હવે એ મારી મચ્છર-દાનીની કિનારે પણ આવે છે. કેવળ માખી એનો ભક્ષ્ય. માખીને પાંખ: એની નથી. એ માત્ર કૂદી શકે: અત્યંત તીવ્ર વેગે પણ નિઃશબ્દપણે. એ માખીની પાછળ પડી. એને પકડી શકે. આ બધામાં એ અદ્‌ભુત કૌશલ્ય દર્શાવે છે. મનુષ્યને દુર્ગમ એવી એની કુશળતાના અવલોકનમાં હું મારું દરદ ભૂલી જાઉં છું.

* * *

આ તો ભૂતકાળનાં બે રમરણ બાળારામના મિત્રને ફરીથી ગણવાનો યોગ નથી આવ્યો. પણ 'માખીનો વાઘ' તો જૂનો જોગી. એને હું જન્મથી ઓળખું છું. આ લખું છું તે વખતે પણ એ સામેની ભીંતે ભમી રહ્યો છે. પણ એના જીવનમાં રસ લેતાં હું શીખ્યો મારી બાલ્યાવસ્થામાં. મને બાકરગાત ન થયો હોત તો કદાચ એનો નિકટનો પરિચય મને ન થાત.

પરંતુ એ અને એના સગોત્રી બીજા કરોળીઆના અનુભવ માટે માંદા થવું કંઈ આવશ્યક નથી. ગમે ત્યારે પણ એના જીવનનો પરિચય કરી શકાય છે. વિકૃત શરીર અને બીભત્સ દર્શનથી એ ભલે કદરૂપ થયો; છતાં આપણને એ ઘણું શીખવી શકે તેમ છે. એની પાછળ વાપરેલો સમય વ્યર્થ તો નહિ જ જાય.

કરોળીઓ એટલે Spider.[1] પીંછી એના સગોત્રી. કાનખજુરા, ઊંમેલ, મોચીડા, જૂના વગેરે એના જ વર્ગનાં પ્રાણી. કરોળીઆને જીવાત—'ઇન્સેક્ટ'—ન કહેવાય. જીવડાને છ પગ: કરોળીઓ આઠ પગવાળો. જીવડાંને બે મૂછો—'ઍન્ટીના': કરોળીઓ મૂછીઓ. જીવાતના શરીરના અનેક સાંધા: કરોળીઆના શરીરના ધડ અને પેટ એવા બે જ ભાગ. જંતુઓને ઓછાવત્તા અવતાર લેવા પડે: કરોળીઆનાં ઇંડાંમાંથી પૂર્ણાવયવવાળા નાના કરોળીઆ જ જન્મે. અવતાર લીલાની એને ઝટપટ જ નહિ. જંતુઓને પાંખો હોય કરોળીઓ પાંખો વિનાનો.

આંખો: મોટે ભાગે આઠ; બે વચ્ચોવચ્ચ. બીજી દરેક પડખે ત્રણ ત્રણનું ઝુમખું.

મોં: અત્યંત સાંકડું. નક્કર આહાર ખાવી શકાય નહિ; માત્ર રસ પીવાય.

ધડ: કેડથી તે માથા સુધી સળંગ એક જ; ઢાલ જેવું કઠણ ઢાકણ[2]

પેટ: કેડ પાતળી દોરડી જેવી. બીજે છેડે ગોળ ચંપડું, લંબગોળ—એમ વિવિધ આકારનું, પાતળી નરમ

---

1 શાસ્ત્રીય સંજ્ઞા Araneida

2 Arachneida

3 Carapace. કાચબાના શરીર ઉપરની ઢાલનું પણ આ નામ

રેશમ જેવી મજબૂત ઝાળનું પેદા કરે છે. ૨ પાછળ પેટનો છેડે રેશમ કાંતવાના ય। Spinne etes

ચક્ષુ આઠ, બીજા સાધનોનો પણ પગ પર વાળ

પાણી એ બધાની શક્તિ ઘટાડે પણ કરોળિયા ખાસ પ્રકારનું રસરોધકક ય।[૪] કોષ છે કરોળિયાના દાતા ની લાળથી કરોળિયા આવાજ ઉત્પન્ન કરી શકાય છે તે જાતનું

આ કરોળી ઝાલણશક્તિ વાળી તીક્ષ્ણ હોય છે સ્વરથી કે જાળ। આ દેશના કે મુખ્યત્વે કરીને શિકારના શરીરમાં ઝેર ઘાસરસ ચૂસી[૫] ન છે મુખ્યત્વે કરીને કરોળિયો આહાર કરે। પકડવા એ વિવિધ યુક્તિઓ અજમાવે છે ક્વચિત શિકાર પાડવા દબાતે પગને જાય, ક્વચિત કૂપાકારે ખુલ્લો ફુગરો કરીને વળી અદ્ભુત અપૂર્વ રચના બાંધી જાળમાં ફસાવે તે પર જાય કિંવા કોઈ વિધિથી કરોળિયો શિકારનો ઓછા જાજા કરે પકડવો કે એ। ચૂસવા ઝેરીલો રસ કરોળીઓ ચૂસી લેવા। જ્યારે કરોળી આવો પોતાનો આહાર મેળવી આ। ભોગવે

આપણા પરીતે કરોળીઆ ૬। જાત—કોટકોટિ ૮૦ થી ૧૦૦ જેટલા ઓછી વધતે—મકે ઠ ક્વચિત પાદરાની વચ્ચે કવચિત જાળી। ૨ જો। ક નાનો ગોળ માણીના વાઘ જેવા મકાની ભીંતે મંદિર ચાર જોવી, રૂપિયા જેવડી રેશમની ગાદી કરાવી।



દોડીને પકડનાર કરોળી

ધરવા કાળા બાજ છે તે। કરોળિયા વળી ઘણી ક્રોધણી જાતે ચાવડી।—આમ વિવિધ રીતે આહાર કરતા। ૨। કે ઓળખ્યા બધી કીડો તે ખાય। જેવા જ અનેકવિધપણું

ઓળખી વિનાશ સર્વ નાની છે દુષ્ટ પ્રકૃત્ય। એ ખરી આપણ આપણે ગુજરાતમાં ૧૫ કરોળી અનેક જાતનો દે?

ઓળખી વિનાશમર્થ ઘણું જોવા જેવું। અને અગમ્ય જાનો જાળી। પ ગ્રહણી કરોળીક ઝાડ। ઝાડવેલાને છોડ ની ઘરકે ડાળી। પાંખ ઘાતણ ઘણા ઝાળ ખરીને ઘર કરી પણ કુ તથા ગિરે કે જાળામાં દર કરી વનમાં ઘણું કરોળાક ય ગોતો। ખીણ મા ઉતરી ગિરિદર ।।।। કેવામાં જાત્તા માણી છે આ બધાથી ભિન્ન વિકાર ની વિશિષ્ટ કરોળાં ની

૪ Stradulating apparatus તીની। કાં કરોળીક જાતો ની પગ પર ચાવા જેવા ઘસ હોય છે

૫ આ ઘાસરસ ચૂસવાના ।। (Haustellate) મોં ની બધી જાતમાં જોવા છે

કાંતે છે. પેટની ત્વચામાંની કંઈક ત્રીજી નળીઓનાંજ છિદ્રોમાંથી આ ગ્રન્થીઓનો રસ દ્રવે છે. એ રસનો તાર પવનનો સ્પર્શ થતાં જ કંઈક ઘની જાય છે: જેમ લાકડાના પહેરનો રાસાયનિક પ્રયોગથી માવો બનાવી, તેને લોખંડની સૂક્ષ્મ છિદ્રવાળી નળીઓમાંથી સેવની પેઠે તાર રૂપે કાઢી સૂકવીને આર્ટિફિશ્યલ રેશમ બનાવે છે, તેમ. આવી ગ્રન્થીઓ ચાર કે છ, કવચિત્ આઠ હોય છે.

આ તારથી રચાતી જળો વિવિધ પ્રકારની હોય છે. આપણા ઘરમાં લટકતાં બાવાં, માખીના વાઘનો રેશમી પડદો, દરજી કરનાર કરોળીઆનાં ટાંકણાંનાં મજબૂત ગરસાં, બાવળ વગેરે ઝાડને આવરી લેતાં ગીચ જળાં અને ઝાડની ડાળીઓ પર બંધાએલી ગોળ ચક્રાકાર ઉધાડી જળ—આ બધાં એ તન્તુઓ વડે જ ઘડાએલાં છે. પણ એમાં સર્વોત્કૃષ્ટ હૃદયંગમ જળ તો છેલ્લી ચક્રાકાર જ છે. એના રચનાર કરોળીઆના આ જાતના અપૂર્વ લાઘવયુક્ત શિલ્પ અને સ્થાપત્ય વિધાનમાં, ભલભલા ઇજનેરો પણ ઊણપ કે દોષ કાઢી શકતા નથી.

આવી જળ રચવાના નિશ્ચયવાળો કરોળીઓ પ્રથમ ઝાડની ખુલ્લી ડાળ પર, પવન જાણી પોતે ઊંચી કરીને બેસે છે. પછી પેટના સ્નાયુઓના દબાણથી એની ગ્રન્થીમાંથી રેશમના રસનું બિન્દુ કાઢે છે. નીકળતાંવેંત પવનના સ્પર્શથી એ સુકાઈ જાય છે. આરતેઆરતે આવા બિન્દુઓ તાર રૂપે પરિણત થતા હવામાં ફરકવા લાગે છે. હવામાં એ તાર ખેંચાતો જાય છે અને જોરથી ખેંચાતો જાય છે અને એમ લાંબો થતાં થતાં વચ્ચે કોઈ ડાળી આવે તો એની સાથે એ લપટાઈ જાય છે.* કરોળીઆની જળ ચૂંથવાનો આ પહેલો દોર. આ દોરનો રસ વિશિષ્ટ ગ્રન્થીમાંથી નીકળે છે. જરૂરીઆત પ્રમાણે કરોળીઓ એક કે અનેક ગ્રન્થીઓમાંથી એકસામટા તાર કાઢી ભેગા કરીને પણ આ દોર બનાવે છે.

આમ, પહેલો દોર કોઈ ડાળીએ પકડાય તો તો ઠીક, નહિ તો કરોળીઓ ભારે આપદામાં આવી પડે છે. કારણ, એક વખત તાર નીકળવા માંડ્યો પછી એને ખેંચાતો અટકાવવાનું એની શક્તિ બહાર છે જ્યાં સુધી પવન એને ખેંચે ત્યાં સુધી—આખી ગ્રન્થી ખાલી થતાં સુધી—એ નીકળ્યે જ જાય છે. આ અનિષ્ટાપત્તિ ટાળવા એક ઉપાય એ યોજે છે: તારને કાપી નાખી શરીરથી છૂટો કરવાનો. આમ કાપવાનું સાધન એના પગ: પગના છેડાના તીક્ષ્ણ નહોર વડે તારને કાપી નાખી એ હવામાં ઊડતો મૂકી દે છે. જાળ રચવા ઉપરાંત આ હવાઇ દોરથી કરોળીઓ એક ઝાડથી બીજે ઝાડ, ઊપરથી નીચે કે પતંગ તરીકે એ તારના છેડે છૂટો લટકતો આ ટેકરેથી બીજા ટેકરે જઈ શકે છે.

પ્રથમ દોર તૈયાર થતાં એ પર ફરતાં ફરતાં કરોળીઓ આડા અવળા બીજા તાર સાંધી ચોકઠું—જાળનું બોબું—તૈયાર કરે છે. પછી આ બોબાની વચ્ચે સુંદર ગોળ જાળ ચૂંથે છે.

આ આખી ચૂંથણીનાં પાંચ અંગ ગણવાની શકાય: શરૂઆતના દોર; મધ્યબિન્દુમાંથી નીકળતી સમાન્તર ત્રિજ્યાઓ; મધ્યબિન્દુને સુદૃઢ કરનારી પરીધાકારે ફરતી રેખાઓ; જાળની વચ્ચે, પ્રત્યેક ત્રિજ્યા પર ચોંટાડેલી ગોળ રેખાઓ; અને જાળના છેડે ફરતી પીટલી, શિકાર પકડવાની ચીકણી રેખાઓ. આ પ્રત્યેક જાતના તારની બનાવટ વિશિષ્ટ રસોમાંથી પૃથક્‌પૃથક્ ગ્રન્થીમાંથી બને છે. સેંકડો પગલાં ભરે, કેટલા યે આંટા મારે, અનેક જગ્યાએ આડા ઊભા તારના સાંધા કરે, છતાં આપણી નજરે અત્યંત ઝટપટી લાગતી આ સર્વ ક્રિયાઓ, એનાં પરિમિત સાધનો વડે કરતાં, એને ભાગ્યે જ એક કલાક થતો હશે! અને આટલો શ્રમ કરવા છતાં પણ દરરોજ રાત્રે એ બનાવે અને સવારે સંકેલી લે છે.

આવી ચક્રાકાર જળો, કોઈની અરધો આંગળ પહોળી તો કોઈની માણસપૂર ઊંચી હોય છે. એ જળમાં મધ્યસ્થાને બેસીને કરોળીઓ શિકારની રાહ જુએ છે. હવામાં ઊડતો જંતુ એ જળ સાથે અથડાય કે તરત બેલા ચીકણા તાર સાથે ચોંટી જાય છે. એ છોડાવવાનો પ્રયત્ન કરવા માંડે ત્યાં તો કરોળીઓ દોડતો આવી એને પગથી પકડી રેશમના પડદામાં લપેટી અસહાય બનાવી નાખે છે અને પછી નિરાંતે એનો માંસરસ પીએ છે. ચીકણા તાર સાથે જંતુ ચોંટી

---

* Spinnerules

* આવા ઓછા તારને Gossamer કહે છે.

જાય, પણ એ પોતે ન ચોટે એનું માર્જન ? કરોળીઓ પોતાના પોમાની એક વિશિષ્ટ ગ્રન્થીમાથી 'તેલ' કાઢીને પોતાના પગ અને શરીર પર ચોપડે છે. એ 'તેલ'ના પડ ઉપર લાળની ચિકાશ અસર કરતી નથી.

સ્વરૂપે ગેડોળા, સ્વભાવે નિશાચર અને બીકણ, અલ્પ સાધનસંપન્ન અને કેવળ ઉદરપોષણનો જ ઉદ્યમ કરનારો, છતા કરોળીઓ જે લોકોત્તર સર્જકશક્તિ દેખાડે છે, તેથી હું મુગ્ધ થાઉ છુ. એની નિપુણતા આગળ આપણી બુદ્ધિ શા કામની ? આટલો ઉન્માદ, આટલુ તોફાન, આટલા કુદકાભુસકા આપણે શા માટે મારતા હોઇશું ? બુદ્ધિવાળા ગણાતા છતા આપણે શુ જોયુ ? કેટલુ શીખ્યા ? એક કરોળીઓ જ કેટલું શીખવાડે છે ! છતા સંસ્કૃતિના કહેવાતા પ્રકાશ નીચે પ્રકૃતિના કેટલા સત્યો પ્રત્યે આપણે આખો બંધ કરીને જ છીએ છીએ !

When I compare
What I have lost with what I have gained,
What I have missed with what attained,
Little room do I find for pride"*


* *Longfellow*

ચં. ને. ચ.

ચિત્રકલામાં સ્વશિક્ષણ

આ નવી વેષભાતભાતની સુંદર તાઓ મુજબ પ્રયત્ન અને મહાવરો કરતા રહેનારને કોઇની પણ પ્રત્યક્ષ મદદ વિના આપ પ્રમાણે ચિત્રકળામાં પ્રાથમિક પ્રવેશ મળી રહેશે અને અંતમાં બહુ સહેલાઇથી આગળ વધી શકશે આનો પહેલો હપતો અક ૧૫૬મા આવી ગયો.

શીખનારે શરૂઆતથી જ ચિત્રકામમા ચોકસાઇ રાખવાની જરૂર છે, નહિતો આગળ જતા કામ બારે પડવાનુ જ, અને તે વખતે તે પાર કરવાની શક્તિ કેળવી પડવાની આ કારણે જ બરશિબાઉ વિદ્યાર્થીઓ પહેલેથી બહુ જ સાદા નમૂનાઓથી ચિત્રકામ શરૂ કરવુ જોઇએ, અને તેના પરથી, અતિ ઝીણવટ અને જહેમત ગણી નમને નમનો કરવાને બદલે



ગણી લીધાઓ, રેખાઓ રેખા આણીમુદ્દ મેળવવી તેમજ એકેકોક છાયા મંજાળી જોઇએ


હાથવગા બગેબગ કાપૂ આવે ને છૂટે હાથે ચીનરના આવડે સાનવી ચોકસાઇ કેળવવામા ઉપયોગી નીવડે એવી કોઈ પણ પદ્ધતિનો આશ્રય લેવાનુ મુનાસબ ગણાય

સપાટી પરની કોઇપણ ચિત્રકૃતિની બગે તે માપની નકલ ઉતારવાને આ પાર માથે આવેલી ચોરસ ખાનાવાળી રીત બહુ જ પ્રચારમાં વપરાયેલી અને જૂનામા જૂની છે તે રીતના આંધારે આજ અણુબંધને પણ સરતે ચડાવવાનું સુગમ થાય છે

ચીનર વાનો નમૂનો ચાર બીબી કે ચિનચડે પાટિયા ઉપર બગેબગ જડીને કાટખૂણાની મદદથી જરૂર જેટલા માપના ચોરસ બાના તેની ઉપર પેન્સિલથી અથવા બાલ શાહીથી દોરવા આગ કરવા માટે ચિત્રની બારે બાજુ પડેલા તેની દરેક બાજુની મધ્યમાથી પડેલા એક બીબી દોરી લેવી. આમા આડી અને ઊભી બીબી બરાબર જ બાજુએ. આ, ચિત્રનું મધ્યબિંદુ થયુ, અને તે રીતે જ તમારા પોતાના કાગળમા પણ મધ્યબિંદુ લેવાનું છે પછીથી ચિત્ર ઉપર મધ્યરેખાઓની ઉપર જેટલા ચોરસના બાપના ટપકા મૂકી દેવા અને આડી ઊભી બીબીઓ બાકી કાઢી લેવી આ



ઉપર : ચિત્ર અ



જમણી બાજુ : ચિત્ર બ

સાથે આપેલું વાર્થીનું ચિત્ર તથા પાછળના પાને ચિત્રઅ).

પછી મૂળ નમૂના ઉપરથી તમારે તમારો નમૂનો જેટલાગણો મોટો કરવો હોય તેના હિસાબે તમારા કોરા કાગળ પરની મધ્યરેખા ઉપર બંને બાજુ ટપકાં કરીને તેટલાગણા ચોરસ દોરી લેવા.

વાર્થીના ચિત્ર માટે તમે મથાળેથી આકેલી રેખાઓમાં નજરથી જ એક ટપકું મૂકો. તે ટપકું રેખા ઉપર બરોબર મુકાયું છે કે નહિ તે તપાસવા એક કાગળની પટ્ટી અસલ ચિત્રના બાજુ ઉપર મૂકી બાજુમાં બૂણાથી કેટલું છેટું છે તેની પેન્સિલથી નિશાનીઓ કરી લો. તમારા કાગળ ઉપરના ટપકા બાજુમાં મૂકી જુઓ. અસલના માપનું જ ચિત્ર કરતા હો તો ટપકું નિશાની જોડે બાજી રહેવું જોઇએ. તમે બાજુ બેવડા માપે દોર્યો હોય તો પટ્ટી પરની નિશાનીથી બે માપ ભરવાં જોઇએ.

આ રીતે એક ટપકાથી બાંડી, તેમાંથી નીકળતી લીટી અસલમાં કેટલાં કેટલા બાજુમાથી અને લીટીઓ ઉપરથી બાજુ છે તેની નોંધ તે તે બાજુ અને લીટીઓ પર ટપકાંથી કરતા બાજો. સાથે સાથે ઉપર જણાવેલી રીતે તેની ચોકસાઈ પણ ચકાસતા બાજો. યાદ રાખજો કે પહેલાં નજર અને પછી માપણી. એ રીતે જ નજરને તમે ચોકસ માપ લેતા કેળવી શકશો. (જુઓ ચિત્ર બમાં આકૃતિ ૧).

ચાર છ ટપકાં થાય કે તેને ચિત્રની રેખા પ્રમાણે રેખા દોરીને બાંધા લેવાં. (જુઓ ચિત્ર બમાં આકૃતિ ૨) પછી આ રીતે આખું ચિત્ર દોરતાં ટપકાં કરતા બાજો અને લીટીઓ દોરતા બાજો. (ચિત્ર બમાં આકૃતિ ૩)

ચોરસ બાનાં કેટલાં મોટાં કે નાનાં રાખવાં તે અસલ ચિત્ર ઉપર આધાર રાખે છે. તે સાથે તમારી કામ કરવાની આવડત અને શક્તિ ઉપર પણ ગણતરી રાખવાની છે.

શરૂઆતમાં બધુ પાસે લીટીઓવાળાં બાનાં પાડવાં. જેમ દોરવાની શક્તિ વધે તેમ બાનાના બાળા વધારતા જવું. ઉંચના સોળ ભાગથી બાંડી એકકે ઉંચ સુધીનાં બાનાં કરવાની જરૂર પડે છે. જોવા આંકેલાં બાનામાં આ રીતે ચિત્ર દોરાઇ બાય એટલે તેને બીજા કાગળ ઉપર ઉતારવાનું છે તે વિષે હવે પછી.

કોઈ પણ બાબતમાં પ્રગતિ કરવા ઇચ્છતો વિદ્યાર્થી તેને માટે જેટલો વખત વિચાર અને મહેનત લેશે તેટલું ફળ પામ્યા વિના નહિ જ રહે. ર.ગા.ત.

અખાડો

જેમાં વ્યાયામની ઉપાસના કરનારા યુવાનો દર મહિને પરસ્પર અનુભવનો આપલે કરે છે

નિરીક્ષક

શ્રી હરિનારાયણ આચાર્ય

કુશ્તી

બે જણ ગાથગાથા કરી એકબીજાને જમીન પર પાડવા મથે, ગમે તે ઉપાયે એનું નામ 'કુસ્તી' કેટલી સાદી અને મીઠી વાત? છતાં આવા સાદા પરિણામની ખાતર પ્રાચીનતમ કાળથી જગતના પ્રત્યેક દેશમાં કેવા કેવા ભારે જંગ ખેલાયા છે! એ પરિણામને લાવવા કેવી યુક્તિપ્રયુક્તિઓ મથાઈ છે! સાડા ત્રણ હાથના મનુષ્યદેહની વિવિધ સમવિષમ પરિસ્થિતિઓ, અંગમરોડ અને ગતિસ્થિતિના સૂક્ષ્મ અવલોકનજન્ય દાવપેચ મરોડ તોડ વગેરેનું કેવું એક અદ્‌ભુત શાસ્ત્ર મર્જ્યું છે! મને તો લાગે છે કે પુરુષ શરીરના શક્તિ તથા સૌન્દર્યની પ્રગટ ભાવના અને તે અર્થે વ્યાયામ કે વિવિધ રહસ્યો પણ આ 'કુસ્તી'ના વ્યવસાયમાંથી નિષ્પન્ન થઈ હશે આજે પણ જગતભરમાં કુસ્તી વિવિધરૂપે વિદ્યમાન છે એના મુખ્ય પ્રકાર જાણીએ

૧ ઍંગ્લેજી પદ્ધતિ એને વેસ્ટમોરલન્ડ અને કમ્બરલન્ડ કુસ્તી પણ કહે છે ઇંગ્લન્ડમાં પ્રાચીનતમ કાળથી જે કોઈ કે અવિચ્છિન્ન પરંપરા ચાલતી આવેલી હોય તો તે માન આ કુસ્તીનું જ

એનું મહત્ત્વનું અંગ પેંતરો' છે અને હરીફો સામસામા ઊભા રહે ડાબીએ ડાબી ભોડાવે દક્ષી હરીફના જમણા ખભા પર જમાવે પછી બે હાથે પ્રતિસ્પર્ધીના શરીરને પીઠ પાછળ ચૂડ ભરાવી પકડે ડાબો હાથ એના જમણા સાવડા ઉપર આવે એમ

જ્યારે સામેવાળા એક પણ રહેવાસીના પગના તળિયા સિવાય શરીરનો કોઈ પણ ભાગ–હાથ અને દીવણ પણ–જમીનને અડકે તો એ ચીત થયો ગણાય આ સારૂ દરેક જનનો વાજબી દાવ બચાવની કુશળતા છે કુસ્તી ચાલે ત્યાં સુધી હાથ ઘડીક પકડ ઘાલવી પડે છે દાવ કરતા જેવી પકડ કુદી જતાં એ ચીત થયો ગણાય કદાચ બને હરીફો સોડામાંથે જમીન પર આડે પડ્યે પડે અગર એવી રીતે વાગકુસ્તી લડે કે પહેલો કોણ જમીનને અડકયો તેનો નિર્ણય કરવાને પંચ અશક્ત નીવડે (આને Dog-fall કહે છે) તો કુસ્તી ફરીથી કરાવાય છે

૨ ફ્રેન્ચ પદ્ધતિ ફ્રાન્સ એનું ઘર હોવાથી યુરપની 'ગ્રેકોરોમન' કુસ્તી તે આ જ આપણે ત્યાંની ગણિપુરી 'બડી કુસ્તી આને મળતી આવે છે

આ પદ્ધતિમાં કેડની નીચે દાવ લેવાનો પ્રતિબંધ છે પગને આડી મારવાની કે પકડવાની પણ મનાઈ હોય છે અને બન્ને ખભા ઓછી વધતે જમીનને અડકે તો જ ચીત ગણાય ગત યુરપીય મહાયુદ્ધ વખતે, અગે ત્રિકાના યુવાનોને વ્યાયામનું શિક્ષણ આપી લશ્કરની ભરતીને યોગ્ય બનાવનાર સુપ્રસિદ્ધ વિલિયમ મુલ્ટન આ કુસ્તીનો જગદેકમલ્લ હતો સામાના હાથે પરાજિત ત્રિવિસ્કોના નાનો ભાઈ પણ આનો નિષ્ણાત છે

૩ લૅ કેશાયર પદ્ધતિ: આને જ 'કૅચ–ઍઝ–કૅચ–કૅન' કુસ્તી કહે છે. આપણી પગથી કુસ્તીનો એ પાશ્ચાત્ય અવતાર એમાં તમને ફાવે તેવો દાવ લો પ્રતિબંધ માત્ર લગોટ કે માથાના વાળ પકડવાનો ચીત થવા બે બન્ને ખભા અને એક થાપો કે બે થાપા અને એક ખભો એમ પીઠના ત્રણ અંગ ઓછી વધતે જમીનને અડકવા જ જોઈએ આજે જગતભરમાં વ્યાપક રૂપે રમાતી કુસ્તી આ જ 'કૅચ-એઝ, ગૉક, કાર્મેલ જર્ન્સ, રોમન, ત્રિવિસ્કો વગેરે મલ્લ-થીઓ આનો આશ્રય લઈને જ ફૂલીફાલી જાણ્યા છે સુપ્રસિદ્ધ 'સોનના કૂતર' નાટકથામાં આ પદ્ધતિની કુસ્તીનું જ વર્ણન આવે છે

૪ સાઉંડ હોલ્ડ પદ્ધતિ આમાં આંટીઘૂંટીનું તત્ત્વ જ નથી, જોર કૌશલમાં એક વખત એનો ભારે પ્રચાર થયો હતો

આ પદ્ધતિના હરીફો ચામડાના મજબૂત ઢીંચણ કોટ પહેરીને રમવા ઊતરે છે આની બે રીતે પકડ

લેવાય છે: રાઇટ ઍન્ડ ઓવર અને લેફ્ટ ઍન્ડ અન્ડર રાઇટ ઍન્ડ ઓવર એટલે હરીફના કોટને જમણા ખભા પાછળથી જમણા હાથે પકડી, એના જમણા હાથને ડાબા હાથે પકડવો. લેફ્ટ ઍન્ડ અન્ડર એટલે હરીફના કોટને ડાબી કેડ પાસેથી ડાબા હાથે પકડી એના ડાબા હાથને જમણા હાથથી પકડવો. આમાં લેફ્ટ ઍન્ડ અન્ડરે પકડની ઉપયોગિતા સ્પષ્ટ હોવાથી પહેલી પકડ કોણે લેવી એ, સિક્કો ઉછાળીને નક્કી કરાય છે.

પેંતરો જમાવવા બંને હરીફો એકબીજાને પડખે ઊભા રહે છે: સામી છાતીએ નહિ. શરૂઆતમાં લીધેલી પકડ કુસ્તી પૂરી થતાં સુધી રાખવી પડે છે. વચ્ચે છોડી દેનાર કે હાથ બદલનાર ચીત ગણાય છે. કોઇ પણ રીતે હરીફને જમીન પર ચીતો નાખી, એના બંને ખભા જમીનને અડકાડવાથી ચીત કરાય.

૫ સ્વિસ પદ્ધતિ: આ કુસ્તીમા હરીફો ચામડાના મજબૂત કમરપટાવાળી ટૂંકી ચડ્ડીઓ પહેરે છે. બને હાથે કમરપટો પકડી હરીફને ઉથલાવી પાડી ચીત કરવાનું હોય છે. એ માટે ખભા અને થાપામથી કોઇપણ બે અંગો જમીન પર અડકતાં જોઇએ. સાથે સાથે વિજયી હરીફે સામાના કમરપટા કે ચડ્ડીને એક હાથે પણ પકડી રાખેલી હોવી જોઇએ. આવી કુસ્તી કરનારા 'લિસ્સ રિવગ'મા નિષ્ણાત હોય છે. સ્વિસ રિવગ એટલે હરીફને જોરથી ફેરફૂદડી ભમાવવી. ફેરવતા ફેરવતા એના પગ જમીનથી અદ્ધર ઊપડે કે તરત ઉલટો ઝોક મારી એને ચીતો પટકી ચીત કરી દેવો. આવી કૂદડી ભમાવામા પ્રેક્ષણીયતાનું તત્ત્વ પ્રધાન હોવાથી આ કુસ્તી ખૂબ આકર્ષક નીવડે છે.

૬ કૉલર એન્ડ્યો પદ્ધતિ: એને 'રકવેર હોલ્ડ' કુસ્તી પણ કહે છે. મજબૂત કૉલર અને બાંયોવાળો કોટ પહેરી આ કુસ્તી ખેલાય છે. હરીફના ડાબા કાન આગળ જમણા હાથે અને જમણા કાન આગળ ડાબા હાથે કૉલરને પકડી પેંતરો જમાવે છે. બે ખભા અને એક થાપો અગર બે થાપા અને એક ખભો એકસાથે જમીનને અડે તો જ ચીત ગણાય. કૉલરને છોડી દેવો કે હાથ બદલવો એ પણ ચીત ગણાય છે. આયર્લેંડ આ કુસ્તીનું માદર વતન.

૭ જાપાની પદ્ધતિ: આ કુસ્તીની વિચિત્રતા એ છે કે એમાં જેમ પહેલવાન વધુ વજનદાર તેમ એ વધારે નિષ્ણાત ગણાય. એમના લંગોટ એટલે મોટા ઘાઘળા કે પીછોડી આમળીને વીંટાળેલાં દોરડાં. આ પદ્ધતિમાં પ્રેક્ષણીય તત્ત્વ ઝાઝું નથી હોતું.

૮ બોર્નીઓની કુસ્તી: પૂરેપૂરી જંગલી મનાતી આ દેશની વસતીમા કુસ્તીનો ભારે શોખ છે. એમની પદ્ધતિમા હરીફને ધક્કેલી જમીન પર પાડવાથી ચીત ગણાય છે.

* * *

માગ શરીરને અખાડાની માટી અડચે દસ વર્ષ થયાં છતાં એ પ્રત્યેનો મારો અનુરાગ એવો ને એવો ઉત્કટ છે. એના વર્ણનમાત્રથી હું રોમાંચ અનુભવું છું. જેણે જિંદગીમા એક વખત પણ કુસ્તી ખેલી છે, એને એ જીવનભર ભૂલાતી નથી. કુસ્તી એક જાતનો કેફ છે. બીજી રમતોનું તો કોણ જાણે,પણ કુસ્તીનો કેફ ઉતારવો કઠિન વાત છે.

એનો ઇતિહાસ બહુ રસિક છે. આપણે ત્યાં જે કુસ્તી ચાલે છે તે પંજાબી પદ્ધતિ કહેવાય. એનું સંસ્કૃત નામ મલ્લવિદ્યા. આપણા પ્રાચીન ગ્રન્થોમાં મલ્લયુદ્ધનાં ભારે ગુણગાન થયાં છે. સર્વ વિદ્યાઓમાં પ્રધાન સ્થાન મલ્લવિદ્યાનું હતું. મહાભારતના વિરાટપર્વમા ભીમ અને જય નામના મલ્લરાજના ભીષણ યુદ્ધનું અદ્‌ભુત વર્ણન છે. એ જોતા, એ વખતે આ વિદ્યાના વિવિધ દાવની સંજ્ઞાઓ પણ જાણીતી હશે એમ સ્પષ્ટ દેખાય છે. આજે એ નામો ભૂલાયાં છે. આજના અરોપ દાવ, કુસ્તીને લગતી સમગ્ર પરિભાષા ફારસી ભાષાની છે. આજે ચાલતી પ્રણાલિકામાં પણ ગુરુસ્થાને મુસલમાન ઉસ્તાદો જ છે. એટલે આજની આપણી કુસ્તી તુર્કસ્તાન અને ઇરાનના રસ્તે મુસલમાનો હિંદુસ્તાનમાં લાવ્યા હશે અને આપણી વિદ્યા એમાં ભળી જઇ તિરોહિત થઇ હશે.

* * *

ઉચ્ચાલનના સિદ્ધાન્તના સૂક્ષ્મ જ્ઞાન વડે મનુષ્યશરીરને વિવિધ રીતે ફેરવવાનું તત્ત્વ જ કુસ્તીના મૂળમાં હોવાથી, દરેક પદ્ધતિના મુખ્ય દાવ તો એક જ પ્રકારના છે; પરંતુ એની વિવિધતામાં તો આપણી તોલે અન્ય કોઇપણ દેશ આવી શકે તેમ નથી. આપણે ત્યાં દાવની સંખ્યા આશરે એક હજાર ગણાય છે. આ બધા જે દાવમાં પારંગત થવાની આશા રાખવી વ્યર્થ છે. તેમ

એ બધુ યે જાણવાની આવશ્યકતા અનિવાર્ય નથી દરરોજના ઉપયોગમા આવતા મહત્ત્વના દાવોની સિદ્ધિ પૂર્વક, માત્ર એકબે કાતિબ દાવ પર જ સંપૂર્ણ સ્વામિત્વ મેળવવાનો પહેલવાની રિવાજ થઇ પડ્યો છે આવા દાવ ખૂબ સૂક્ષ્મ બુદ્ધિથી નક્કી કરાએલા હોઇ એના બંધનમા આવેલા પ્રતિસ્પર્ધીને પરાજય વિના છૂટવાની બારી જ નથી હોતી સાથેસાથે એ દાવ લેવાની પ્રાથમિક ક્રિયા પણ અતિશય અટપટી ન હોવી જોઇએ આપણે ત્યા ગામા નમાજબંધ દાવમા અજેડ છે ગૌરાગોમા જે સ્ટ્રેચરનો સવારી દાવ, ટ્યૂડરનો સ્ટ્રૅન્ગલ હોલ્ડ (એ પરથી એનુ નામ જ ટ્યૂડર 'સ્ટ્રૅન્ગ્લર'—ફાસીગર—પડ્યુ છે), ગૉકનો ટોહોલ્ડ વગેરે દાવોની વાત જાણીતી છે

દેશભરમા કુસ્તીના સમરાગણ ભલે અનેક હોય, પણ જગદેકમલ્લના બિરુદની અભિલાષા સેવનાર પહેલવાનને તો એ વિદ્યાના પારંગત જ્ઞાનગ્રહોની પ્રધાન વિદ્યાપીઠમા નિર્ણય મેળવ્યા વિના છુટકો નથી થતો મલ્લ વિદ્યાના આવા તીર્થધામ યુગેયુગે બદલાયા છે પ્રાચીન કાળમા મથુરા અને વિરાટ નગર મલ્લોના માનભર્યા દ્વાર હતા એ નગરોમા જાની આવેલા મલ્લ ઇતિહાસને પાને કોઇક જ લખાયો હશે મધ્યકાલીન યુગમા મથુરા અને વિરાટનગરનુ સ્થાન કાશીએ લીધુ ગુહ્ય આ વિદ્યાના ગૌરવનુ છેલ્લુ આશ્રયસ્થાન આ વારાણસી જ ત્યાથી પદભ્રષ્ટ મલ્લવિદ્યા મુસલમાન સંસ્કૃતના આશ્રયે દિલ્હીના પાયતખ્તમા આવી સ્થિર થઇ કાળાંતરે દિલ્હીએ પણ નામ બોળ્યુ એટલે આજે આપણી નજર લાહોર અને અમૃતસર ભણી ખેંચાય છે પંજાબ મા આજે તો અમેરિકા કુસ્તીને એકદમ્યુ સામાન્ય જમાવી બેઠુ છે

સ્વભાવે જ અધ્યાત્મવાદી હતા શરીરની મહત્તા સમજનાર આપણા સમાજમા, શરીરને કેળવવાનું અજોડ સાધન 'અખાડો' પ્રાચીન કાળથી પવિત્ર સ્થાન ગણાતો આવ્યો છે એની મુલાયમ ન્યારી ધરતીમા માત્ર ચડ્ડી લંગોટ પહેરીને ઊતરવાનો રિવાજ કે માથાના વાળ ખેંચવાનો પ્રતિબંધ નથી હતા શીખના ચોટલા અને દાઢીને કે હિંદુની શિખાને હાથ પણ લગાડી શકાતો નથી ગળાના કે હાથના તાવીજને તો કોઇની તાકાત નથી કે જનોઈબૂરીને સ્પર્શ કરે.

ભારતીમા રગદોળાવાનું ત્યાના વાતાવરણમા પ્રતિકૂળ હોવાથી, યુરોપ અમેરિકામા જમીન પર જડ્યા ગાદલા પાથરી તે પર કુસ્તી કરવાનો રિવાજ પડ્યો છે પાવિત્ર્યની ભાવનાનો આમા અભાવ હોવાથી, લાના પહેલવાનો રબ્બરના બૂટ પહેરીને કુસ્તી કરે છે માથાના વાળ પકડવાની કે લંગોટ ચડ્ડીની પકડ લેવાની ત્યા મના છે, એટલે ઘણાખરાને માથે બાબરી અને પગે સુવાવ તથા ચામડાના દીર્ઘણિયા બાંધેલા હોય છે માત્ર ગ્રિસિયન તથા જર્મન પહેલવાનો માથુ મફાવટ બોલુ રાખે છે માત્ર ઝિમિક્કા ટૂંકો તબિયો પહેરી ઉઘાડા પગે લડે છે

આપણે ત્યા પીઠ જમીનને અડકે ન અડકે પણ પડનાર દાવ કરતા ચીતો ફરી ગયો એટલે 'ચીત' ગણાય છે 'ફૅચ–ઑઝ–ફૅચ ફૅન'મા આવુ નથી એમા ચીત ગણાવા માટે પીઠના કોઇ પણ ત્રણ ચોથા જમીનને અડકવા જ જોઇએ અડક્યા કે નહિ તેનો નિર્ણય પીઠ અને જમીન વચ્ચે હાથ ઘાલીને પંચ કરી લે છે વળી આવી સ્થિતિમા બે સેકંડ સુધી રહે તો જ ચીત ગણાય આપણે ત્યા પ્રાચીન પ્રણાલિકાને અનુસરી એક જ કુસ્તીમા હરીફોનો નિર્ણય કરવાનો સામાન્ય રીવાજ છે યુરોપ વગેરેમા ત્રણ કુસ્તીમા જે બે વખત જીતે તે વિજયી ગણાય છે નિયત સમયમા કોઈ ચીત ન થાય તો લડવાની ઝપ, દાવનું કૌશલ્ય, ચપળતા વગેરે ગુણોના તારતમ્યને લક્ષમા રાખીને પણ વિજયનો નિર્ણય કરવાનો ત્યા રિવાજ છે

ચીત થતા છતા પણ, પીઠ જમીનને ન અડકે તો 'ચીત' ન ગણાય એવી યુરોપિયન કુસ્તીની આ વિશિષ્ટતા–વિચિત્રતાને લીધે ત્યાની કુસ્તીના એક વિશિષ્ટ અંગનો જન્મ થયો છે એનુ નામ 'રેરલર્સ બ્રિજ' કુસ્તીના આ અત્યંત પ્રેક્ષણીય અંગની શરીરવિકાસની દૃષ્ટિએ ભારે



ખભે ખડિયો

જ્ઞાન અને રખડપાટની તમન્નાથી કરેલાં નાનાંમોટાં પરિભ્રમણોનો વિભાગ

સાબરના પૂરમાં

તારંગાનો એક વર્ષાપ્રવાસ

ઉદોલ-ગામ આવ્યું એટલે રસ્તો પૂછી લઈને અમે આગળ વધ્યા. એકાદ કલાક ચાલ્યા હોઈશું એટલામાં એક બીજું નાનું ગામ આવ્યું. એ ડાબે હાથ જરા દૂર હતું. એટલે રસ્તા ઉપર એક ઝૂંપડી હતી તેમાં એક રબારણ બાઈ એનાં બે બાળકો સાથે બેઠી હતી તેને આગળનો માર્ગ અમે પૂછી લીધો. એ બાઈને રસ્તા વિષે બહુ સારૂ જ્ઞાન હોય એમ લાગ્યું, કારણ એણે બહુ ઝીણવટથી અમુક સ્થળ સુધી સીધા ગયા પછી આયમણું વળવાનું વગેરે માહિતી આપી. પણ એણે આપેલી માહિતીનો ઉપયોગ કરવા જેટલું દિશાનું વ્યવહારૂ જ્ઞાન અમને જરા ન હતું, એટલે અમે આગળ વધતા હતા તેમ મનમાં ગૂંચવાતા હતા. શહેરમાં રહેનાર ગામડામાં જતાં દિશાનું ભાન કેવળ ભૂલી ગયાના દાખલાઓ વારંવાર બને છે.

ગૂંચવાડામાં અમે તો ચાલ્યા જ જતા હતા એટલામાં ફરીથી વાદળ ચઢી આવ્યા અને થોડીવારમાં તો એક ઝાપટું પણ તૂટી પડ્યું. પેલી બાઈએ અમને આયમણી દિશાએ અમુક સ્થળેથી વળવાનું કહ્યું હતું, પણ એ સ્થાન નક્કી કરવું મુશ્કેલ હતું અને આયમણી દિશાએ તો કેરકેર કેડીઓ જતી હતી. અમને લાગ્યું કે આમ તો રઝળી મરીશું તો યે પત્તો બાશે નહિ. એટલામાં એક મુસલમાન વેપારી જેવો માણસ ઘોડા ઉપર બેસીને વડનગર તરફ જતો અમને મળ્યો. અમે એને રસ્તો પૂછ્યો એટલે એણે અમારો વેશ જોઈને સલાહ આપી કે તમને રસ્તો એમ નહિ જડે માટે કોઈકાદ માણસ સાથે લઈ જવો. પણ આ જંગલમાં વરસતે વરસાદે માણસ ક્યાંથી કાઢવો? અને છેલ્લું ગામ તો અમે લગભગ બે માઈલ પાછળ મૂકી દીધું હતું ત્યાં ફરીથી પાછા જઈને એકાદ માણસ લાવવા જેટલી હિંમત અમારામાં ન હતી. આમ અમે નિરાશ થવાની તૈયારીમાં હતા, એટલામા આથે વાંધામાં અમે બે ભરવાડને બકરાં સાથે જોયા. અમે ત્યાં ગયા અને પૈસાથી એકને અમારી સાથે તારંગા સુધી આવવા કહ્યું પૈસાની લાલચ આપવા છતાં પૈસાઓએ તો ચોખ્ખી ના પાડી જણાવ્યું કે એમનાં બકરાંનું શું થાય? આખરે આઠ આના આપવાના કરી અમે યાચાળુ ઢીએ વગેરે શબ્દો વડે એમને શરમમાં નાખવા જેવું કર્યું ત્યારે પા કલાકે આખરે વાત બીલે બેસાઇ કે જેમાંથી જે જુવાન હતો તેણે અમારી સાથે આવવું અને સાંજ પડતા પાછા ફરી જવું. દરમિયાન બીજો આધેડ રબારી હતો તે બધાં બકરાં સાચવે.

પેલો સાથે થયો એટલે અમે ત્રણે ય ઊપડ્યા. થોડે આગળ જઈને એણે આયમણી કેડી પકડી એટલે અમને થયું કે પેલી રબારણે બતાવેલો રસ્તો સાચો હતો. આગ થોડીવાર જંગલમાં ચાલીને અમે એક ડુંગરની તળેટીમા આવ્યા. તારંગાનો આ રસ્તો તદ્દન સીધો ન હતો પણ આડમારગ હતો, એટલે આવા જોવણ ડુંગરાઓ ચઢી પછવાડેથી તારંગા પહોંચવાનું હતું સીધો રસ્તો તો ભડેમાણાથી આવતી રેલવે બન્યા થોબે છે ત્યાંથી આગળ છે અને ત્યા ડુંગરની તળેટીમા ધર્મશાળા તથા ઉતારાપાણીની સારી સોય છે. ત્યાંથી તો ડુંગર ઉપર જવાના રસ્તે માત્ર એક ડુંગરી ચડવી પડે છે. એ સિવાય રસ્તો બીલકુલ સહેલ છે. ઈડરથી પગપાળા જનારને ત્યાંથી જવું બહુ દૂર પડે તે માટે. અને બાસ કરીને તો આડમારગે ચાલવાના અમારા શોખને કારણે અમે પાછલે રસ્તે

જવા જ પ્રથમથી નક્કી કરેલુ

અમે ઝપાગબંધ ડગર ઉપર ચડવા લાગ્યા આ બાજુ એક નાની પગદડી હતી અને શિવાઓ વગ સાદણી પલળેલી હોવાથી અમે સભાળીને ચાલતા હતા ચાલતાચાલતા ટોગની, બકરાની, ગાયોની અને વાઘની પણ પેલા રબારી જુવાન સાથે ઘણી વાતો થતી હતી અમે એક સ્થળે આવી પહોચ્યા ત્યા ડાબા હાથ બાજુ દિશા ચીમી પેલા રબારીએ કહ્યુ કે એ સ્થળે થોડા મહિના પહેલા વાઘે એની ગાયને મારી નાખેલી મેં એને પૂછ્યુ કે એ તો બરાબર ગઇ નથી અને વાઘે જ એને મારી છે તેની શી ખાત્રી ? એણે જવાબ આપ્યો કે બે દિવસ સુધી તો એ ગાયને શોધતો રહ્યો, એવામા આ સ્થળે જતા જોયુ તો એ ા હાડકા અને માથુ પડેલા હતા મેં શકા કરી કે એમ હાડ ઉપરથી શી ખબર પડે ? એણે આવેશમા જવાબ આપ્યો કે કેમ ન બબર પડે ? શુ મારી પોતાની ગાયને હું ન ઓળખુ ? મેં તો માત્ર દાણો દબાવી જોવા માટે જ આટની ચર્ચા કરેલી બાકી હું તો જાણતો જ હતો કે રબારી હકીકત બકરાના ટોળામાથી એક ખોવાયુ હોય તોપણ તરત પત્તી જાય, એની એના માલની એને ઓળખ હોય છે

ડુંગરો ચડી રહ્યા એટલે સપાટ જમીન આવી સામે બીજો ડુંગર અરધોએક માઇલ દૂર ત્રાસો આવી રહ્યો હતો અને ડાબે હાથે એક બીજો ડુંગર હતો એ બેની વચ્ચે સપાટ જમીન હાબે સુધી હતી અને તેમા કેટલાક વેકરા ખેતી કરી રહ્યા હતા ઘણાભાગે એ બધા રાપ ફેરવતા હતા બે ડગની વચ્ચે સપાટ જ મીનમા થતી એ ખેતી જોઇને મને થયુ કે વેકરા કયાના કયા રોટલાની શોધમા પહોચી ગયા છે ? જ્યા જમીનનો ટુકડો હાથમા આવી ગયો ત્યા બાકી માટીમાથી કણ પેદા કરવા મહી પડે છે આમ તો ઘણી બે સારી જમીન વણખેડાઇ પડી રહે છે, પણ ત્યા વિષોટી કે વેરને કારણે નામીને લોક બીચારા ઊબમાથી ચૂનમા ભરાઈ પડે છે અને માત્ર રામ ઊગી શકે એવી જ મીનમા બનાજ ઉગાડવા મથી મરે છે પરતુ ચીજ વેડફાઈ જાય તો ભલે, પણ ઉપયોગ માટે તો ન જ આપાય એવી જાતની સમાજ વ્યવસ્થામા બીજો રસ્તો બે શા ? કેટકેટલી જનશક્તિ આમ વ્યર્થ વપરાણ ા વહેમ ઉપર ોડાઇ રહી છે ?

સપાટ મેદાન વટાવીને અમે બીજે ડુગરે ચડવા અને થોડે જઇ ડાબે હાથ વળી પડી બીચ ઝાડીમા પેઠા અહીં એક કેડીવાથી વધુ દૂર ભાગ્યે જ દેખી શકાતુ આમ ગ ચ ઝાડીમા ચાલતાચાલતા અમે એક વહેળા કાંઠે આવ્યા વહેળો ઝપાગબંધ વહી રહ્યો હતો અને એના પાણી વગર ા હતા લગભગ ચોખ્ખા જ હતા હું વહીવટ થના ડુગર વચ્ચે વહેતા એ તરબુચિયા નિર્ઝરને જોઇ રહ્યો અને બેચાર બોબા ભરીને એમાથી પાણી પીધુ આખરે દમિત ડગ ભરતા અમે અરધોએક કલાક ચાલ્યા એટલામા તારગાના મદિરોની ટોચ દેખાઇ અને જોતજોતામા તો અમે દાખલ થવાના દરવાજે આવી પહોચ્યા. દિગબરોની ધર્મશાળા ા સચાલક ઉપર અમે ચિઠ્ઠી લાવેવા એટલે એને બોણી કાઢી અમે તેણે બતાવેલા એક ઓરડામા ઉતારો કર્યો નપામ કરતા લગભગ ચારનો શુમાર હતો એમ માલૂમ પડ્યુ


જરા વિશ્રાન્તિ કરી અમે મુખ્ય મદિર જોવા ગયા હું મદિરને જરા ઝીણવટથી જોવા લા વધારે રોકાયો, એટલામા માગ સાથી રસોઇ માટે તૈયારી કરવા સીધાસામાનની જોગવાઇ કરવા લાગ્યા તારગાનું મદિર એના મોટા ભગવદાર દૂરથી જોનારને આજી રહે છે એ સિવાય એમા ઝાઝી સ્થાપત્યકલા હોય એમ મને ન લાગ્યુ જોકે મદિરની દિવાલો ઉપર ચોમેર સુદર અને વિવિધ આગમરોડાવાળી હિન્દુ સ્થાપત્યની દેવની મૂર્તિઓ છે, પણ એ રેલવાડા, કુભારિયા અથવા બીજા કેટલાક સ્થળોની માફક બહુ આકર્ષક નથી આખું યે મદિર રાજા કુમારપાળના નામ સાથે સ કળાએલુ છે એમ કહેવાય છે, પણ એનુ સ્થાપત્ય અને દિવાલો પરની મૂર્તિઓ જોતા એમા કેટલુ વસ્તુ છે એ એક શોધખોળનો વિષય છે આમ છતા એનો દેખાવ આસરકારક તો છે જ, કારણ કે એક મધ્યસ્થ મદિરનુ જ માપ લઇએ અને પ્રાન્તભાગોને અલગ રાખીએ તોપણ એવા મધ્યસ્થ દહેરાઓમા તારગાનુ દહેરૂ કદાચ ગુજરાતમા ભરાવા અને ઘેરાવાની દૃષ્ટિએ પહેલે નબરે હશે

અરધોએક કલાક મેં મદિર જોવામા ગાળ્યો એટલામા માગ મિત્ર રસોઇપાણી માટે મીઠુસામાન

ઓરડામાં મુકાવી પાછા આવ્યા અને પછી મંદિરના ચોગાનમાં બેચાર આંટા અમે માર્યા. એક બાજુના ભાગમાં આરસપાણની તકતીઓ ચોડવાનું કામ ચાલતું હતું ત્યાં જઈને અમે ઊભા રહ્યા. આરસનું કામ કરનાર એક ભાઈ સાથે થોડી ચણતર બાબત પૂછપરછ કરી પછી મારા સાથીએ સહેજ પૂછયું કે એ કયાનો હતો? પેલાએ જવાબ આપ્યો: 'વઢવાણનો'. હું પણ વઢવાણ ગામનો રહીશ હોઇ મને થયું કે કયાના કયાં જના માણસો ભટકાઇ પડે છે? વઢવાણનો રહીશ એ ગાડી-રસ્તે અહીં આવી રોટલાને અર્થે વર્ષાઋતુમાં આ ડુંગર ઉપર કામ કરી રહ્યો હતો અને એ જ ગામનો હું ઇડરથી કાદવ ખૂંદતોખૂંદતો સાબરના પાણીમા થઇ અહીં ભટકવાની ભૂખ સતોષવા આવ્યો હતો. એક જ ગામના, એકબીજાને નહિ ઓળખનારા માણસોનું ડુંગરના દહેરા ઉપર આ કેવું મિલન? મેં એની સાથે હું પણ વઢવાણનો છું એમ કહી ઓળખાણ કરી એટલામા એક બીજા ભાઇ પણ અમારે લાંના નીકળ્યા એટલે અમે કયા ઊતર્યા છીએ વગેરે પૂછપરછ કરી આ માટે આગ્રહ કર્યો પણ 'આ' માટે મને બહુ ચાહ નથી એટલે મેં વિવેકથી ના પાડીને પતાવ્યું.

ઓરડીએ પાછા ફરી અમે રાંધવાનું શરૂ કર્યું. લાકડાં વરસાદને લીધે ભીના હતા અને છાણા તો અહીં હોય જ નહિ, એટલે જેમતેમ કરીને આખો ચોળતા અમે ચૂલો ચેતાવી ભાખરા બનાવ્યા અને પછી શાક કર્યું. એટલામા દૂધ પણ આવી ગયું. દૂધ ગરમ કરી અમે જગવા બેઠા, અને બીજે દિવસે મોઢું ખાવા મળે તો દરકત ન આવે તેની અગમચેતી સાથે ઠીકઠીક દાબ માર્યો. મારા સાથીએ સૂંઠ અને ગોળ આણેલાં તેની નાની લાડુડી જેવું બનાવી અમે એકએક ખોરાક સાથે જ ચડાવી ગયા. અમે આખો દિવસ લગભગ પાણીમાં જ રહેલા એટલે આ ઉપાયે અમને શરદી સામે ઠીક બળ આપ્યું. જમીને પરવાર્યા પહેલા જ વરસાદ શરૂ થઇ ગયો હતો તે વચમા વચમાં થોડો ધીમો પડી જઈ અવારનવાર ત્રમઝટ વરસતો હતો, એટલે કયાંય બહાર તો નીકળી શકાય એમ ન હતું. અમે ઓરડીમાં જઇને બેઠા અને પથારી કરી આડા થયા. વરસાદનો લીધે પહેલુંવહેલું અંધારું થવા લાગ્યું હતું અને ઓ પડતી રાતમાં ચોગેર જોરથી ધસી પડતા ધોધવાઓ જાણે બરાડા પાડીપાડીને ડુંગરની વેદના રડી રહ્યા હતા. થોડીવારમા તો અંધારું પૂરેપૂરું વ્યાપી ગયું અને પડતાં પાણી અને ખરી પડેલાં પાંદડાંના પથારા પર વરસાદની ધારાના ટપટપાટ સિવાય બધું સૂમસામ થઇ ગયું. રાતનાં પક્ષીઓ આજે કયાંક ભરાઈ બેઠાં હતાં એટલે એકાદ ઘૂવડનો ઘુઘવાટ કે ચીબરી અથવા વાગોળનો તીણો અવાજે સાભળવા મળે એમ ન હતું. માત્ર ડુંગરની શિલાઓ અને જંગલની વન-સ્પતિઓ ઘનઘોર અંધકારની ચાદર ઓઢી લઇ બેગાં મળી લાંબા સૂરે 'લોંકાર' રાગડો તાણી રહ્યાં હતાં. થાક અને ઠંડીને લીધે મારી આંખો ઘેરાવા લાગી હતી અને હું જ્યારે ઊંઘી ગયો ત્યારે મારા સાથી ધર્મ-શાળાના રખેવાળ સાથે ડુંગરના વસવાટ સબંધી વાતો કરી રહ્યા હતા. રાતે એક વખત આંખ ઊઘડી ગઈ ત્યારે પણ વરસાદ ટપટપ પડતો હતો અને ડુંગરનો ભેકાર પણ ભયાનક બન્યો હતો. પણ થાકને લીધે મિનિટમા જ હું પાછો જામી ગયો તે છેક ભળભાખળું થયે મારા સાથીએ મને જગાડયો.

વરસાદ તો રાતમાં જ રહી ગયો હતો એટલે પાણીનો અવાજ કાંઇક ધીમો પડયો હતો. અમે ધર્મ-શાળાની બહાર નીકળી એક વડ ઉપરની વડવાઇ કાપીને દાતણ કર્યાં અને પછી દિશાજંગલનું પતાવી પાછળ વહેતા એક શિલાનિર્ઝરમાં સ્નાન કર્યું. ઓરડીએ પાછા ફરી દૂધ મેળવી સૂંઠ અને ગોળનો ઉકાળો બનાવ્યો તે પી કરીને પરવાર્યા પછી વિચાર કરવા બેઠા કે મેવાડમાં જે અહીંની માફક વરસાદ હોય— અને આ વરસાદ તો અમને સર્વસામાન્ય જણાતો હતો—તો સાબરમા મોટું પૂર આવે અને સામે કિનારે જવું ભારે થઇ પડે, અથવા મહેસાણા–અમદાવાદનું ચક્કર લગાવી પાછા ઇડર જવું પડે. વળી આજે પણ વરસાદ નહિ આવે એની શી ખાત્રી? એટલે અમે નિર્ણય કર્યો કે નવ વાગતા સુધીમાં બધું જોઇ લઇને ખાવા-પીવાની સગવડમાં પડયા સિવાય અમારે આજે જ રવાના થઈ જવું. નિર્ણય કરીને અમે મંદિર જોવા ગયા. મંદિરની અંદરના ઘુમ્મટમા ત્રણ માળ છે અને ત્યા જવા માટે નીસરણીઓ બાંધી છે. અમે કાલે ઓળખાણ કરી હતી એ સલાટ ભાઇઓમાંથી એક સાથે ત્યાં ચડયા અને બધે ફરીફરીને ઘુમ્મટની રચના



ઇડરથી નીકળી વેરાણરને માર્ગે થઇ કુનેડા આગળ સાબરમતી ઓળંગીને તારંગા અને ત્યાંથી ઉડણીને રસ્તે પાછા વળતા સાબરમતી ઓળંગી કાવા થઇને પાછા ઇડર—એ માર્ગ બતાવતો નકશો.

જોઇ છેક ઉત્તરના માળામા ખુશ્મટના આ પ્રદેશ માટે લાકડાના મોટા સળગ પાટડા એ નામેના છે તે તરફ ધ્યાન ખેંચીને પેલા ભાઇઓ અમને સમજાવ્યુ કે એ લાકડું 'કેંગર'નું હતું અને એ બીલકુલ સળે નહિ અને એને આગ પણ લાગે નહિ એવુ એનુ બંધારણ છે મને એ લાકડાનો એક નાનો કટકો કાપી લઇ અગ્નિમા એનું સામર્થ્ય અજમાવી જોવાનુ મન થયુ, પણ એ વિચારને સફેલી લઇ અમે સિન્ધુ સ્થાપત્ય-કલાની તારીફ કરતાકરતા નીચે ઊતર્યા.

અમે હવે જવાની તૈયારી કરી વાસણ, ગોદડા વગેરે પરત કર્યા આજે અમારે ઉંડણી તરફ જવુ હતુ અને એ રસ્તો નવીન હતો, એટલે કાયની માફક પાછળથી મૂંઝવણ ન થાય એવા ખાતર પ્રથમથી જ ભોમિયો લેવાનુ નક્કી કર્યું ઉંડણી જવાનો બીજો ચક્કરનો રસ્તો છોડીને અમે ટૂંકે રસ્તે જવાનું પસંદ કર્યું, એટલે ભોમિયો અમને થોડુક રસ્તે ચલાવી પછી વળીને એક પગદંડી ઉપર થઇ ગયો ત્યાંથી અગે ગીધો ડુંગર ઊતરવા માંડ્યા. અહીંથી ડુંગરનુ ઊતરાણ ઘણુ કઠણ છે, એટલે ભોમિયાએ એકબે વખત જરા શકા બતાવી મદદ આપવા મન કર્યું પણ આડમારગે ડુંગર ચડતા ઊતરવાના અમે અહંગ અજમાવી હતા એમ એને પણ સમજાવ્યુ એટલે એ ત્વરિત ગતિએ ઊતરવા લાગ્યો અમે પણ એની પાછળ ને પાછળ જ ધપતા હતા એમ છતા વરસાદને કારણે એકબે સ્થળે અમારે સાવચેતી ખાતર બેસીને ઊતરવુ પડેલુ આજે તો વાદળા બૂબ ઓછા થઇ ગયા હતા અને સૂરજ પૂરબહારમા પ્રકાશી રહ્યો હતો એટલે વીરાની આખી વિશાળ સૃષ્ટિ જાણે આખ સામે ઊઘડી ગઇહતી આ પ્રમાણે લગભગ અઢીબેએક કલાક ચાલીને અમે છેક નીચે ઊતરી ગયા અને હવે તો અમારે સપાટ ભૂમિ ઉપર જ છેક સુધી ચાલવાનું હતુ જંગલમાથી અમે ઝપાટાબધ માર્ગ કાપતા આગળ ચાલ્યા થોડીવાર પછી મારા સાથીએ ભોમિયાને પૂછ્યુ, 'કેમ અન્યા, મીરખાન આ જ રસ્તે આવ્યા કરતો કે ?' ભોમિયાએ હા ભણી એટલે એમણે મારા તરફ ફરીને સમજાવ્યુ કે પ્રસિદ્ધ મહારવટિયો મીરખાન વડનગર વગેરે આજુબાજુના ગાયકવાડી ગામોમા લૂંટફાટ કરી આ નાગાની પાછળના રસ્તે થઇ ગઢવાડા—દાતા તરફ ઊતરી જઇ પેલી પાર મેવાડના ડુંગરાઓમા ભરાઇ જતો આ આખી ડુંગરમાળ છેક મેવાડ સુધી સંકળાએલી છે એટલે આ વાત બનવાજોગ હોઇ મને એ માની લેવામા બૂબ મજા પડી અને ક્ષણભર હુ એક ગરુડના જેવી ઝીણી અને તીક્ષ્ણ આખવાળા સવારને પાણીપથા ઘોડા ઉપર આગળ ધસી રહેલો અને પાછળના ભાગથી લટકાએલા વેગીલા ફાળ ભરતા ઊંટોને દોરતો મારા મન ચક્ષુ સમક્ષ આવેખી રહ્યો

અમારે ચાલવાનો રસ્તો હવે રેતાળ થયો હતો અને એક પછી એક રેતીની ડુંગરીઓ વટાવતા અને

તે વચ્ચેથી માર્ગ કાપતા અમે, જેની થતી હતી તેવા પ્રદેશમાં આવ્યા. સાંથી રસ્તા ઉપર અને ખેતરની કેડીઓમાં થઈ બેત્રણ ગામો આવ્યાં તેના ઉપર આ-ધેથી નજર ફેંકતાં અમે આશરે બાર વાગતાંમાં ઊંડણી આવી પહોંચ્યા. કિનારા પર આવીને જાણ્યું કે સાબ-રમાં નવાં પાણી આવવાને બદલે આજે પૂર બહુ ઓછાં થઈ ગયા હતા અને આરાની સરળતાને કારણે સામે પાર જવું સહેલ હતું. બપોર ચઢી ગયા હતા એટલે તારાઓ ઘેર રોટલા ખાવા ગએલા, ત્યાંથી તેમને બોલાવવાની તજવીજ કરી અમે કાંઠા ઉપર વિસામો ખાવા બેઠા.

ઊંડણીનો આરો એ આ બાજુના ભાગમાં સાબર ઓળંગવાનો ઘોરી માર્ગ છે. વડનગર તરફ કે શ્રી-પોર-સિદ્ધપુર તરફ જતી મોટરસર્વિસો અહીં જ સાબર ઊતરે, ગાડાંગઠીરાં પણ અહીં જ નદી પાર કરે ને આગળ વધે. અહીં સાબરનો પટ સમદળ અને સહેજ વિશાળ છે, એટલે પાણીનો પ્રવાહ પહોળો છતાં છીછરો છે. એથી નદી પૂરમાં હોય છે ત્યારે પણ ગોળી ફેરવવા માટે આ આરો બહુ સલામત છે. પૂરનો નિયમ છે કે જ્યા પટ સાંકડો હોય ત્યા એનું તાણ વિશેષ અને પટ પહોળો હોય ત્યા તાણ મુકાબલે ઓછું રહે છે. જોકે દેખવામા તો, પહોળો પટ હોય તે પૂરમા વિસ્તારને કારણે અજાણ ઉતારને વધારે ભયા-વહ લાગે, જ્યારે સાંકડો પટ જોઈને એમ થાય કે આટલું પાર કરવામાં બહુ જોખમ નહિ હોય; પણ ખરા મામલાની ખબર જાણકાર ઉતારુ અથવા તારા-ને જ હોય છે, એટલે તેઓ લાંબો પટ જોઈને ગભરાઈ જાય નહિ કે ટૂંકો પટ જોઈને એને તુચ્છ ગણે નહિ.

આરાની સલામતીના કારણે અમે લગભગ નિ-શ્ચિત થઈ ગયા હતા અને આજે વરસાદ પણ ન હતો, એટલે રોટલા ખાવા ગએલા તારા આવવામાં જરા મોડું કરે તો અમને ઉતાવળ પણ ઓછી જ હતી. આજે જન્માષ્ટમીનો દિવસ હતો એટલે ગામ-ની સ્ત્રીઓ નવરી હોવી જોઈએ, કારણકે અમે જોતા હતા તેથી ડાબે હાથ થોડે દૂર એક મોટી બેબડ હતી ત્યાં તેમનો પુષ્કળ જમાવ હતો. સાબરના કાંઠે આ મોટી બેબડ જોઈને મને જરા આનંદ થયો, કારણ સાબરના પટમાં બેબડ કયાંક અપવાદ રૂપે જ હોય છે; બાકી તો કપડા ધોવાં હોય તો પણ પથ્થર બદારથી લાવીને મૂકવો પડે. માત્ર એકલારા ગામના આરા ઉપર જ મેં સાબરના પટમાં બેબડોનું એક મોટું જૂથ જોએલું. એકલારા પાસે સાબરના કાંઠા ડુંગર જેવડા ઊંચા છે અને ત્યાં છૂટથી પથ્થરની કે તેવી ઊંચી બેબડોની લાંબી હારની વચ્ચે થઈ સા-બરનુ વહેન માર્ગ કરે છે. બાકી એકલારાના આરા ઉપર સળંગ મોટા પથરાઓ છે અને તેમાં પુષ્કળ મગરો રહે છે. એકલારાથી ટેચાવા ગામ તરફ આ આરા ઉપરથી જવું બહુ નજીક પડે છે. મગરના ભયને કારણે વર્ષાઋતુ વીત્યા બાદ પણ લાંબા સમય સુધી લોકોને મોટો ચક્કરો ખાઈ બીજા આરે ઊતરીને ફેરમાં જ જવું પડે છે. ઊંડણીના આરાની બેબડ બહુ મોટી એમ કહી શકાય, પણ એ એકલ જ અને જરા બાજુમા હોઈ નટવરરૂપ થવાને બદલે અનેક રીતે ઉપયોગી થાય છે. આજે તે ઉપર કોઈ ઓગો બેઠાં ઉટકતી હતી, કોઈ માટીમાં વસી વસી કપડાં ધોઈ રહી હતી અને કેટલીક માથામાં બારો નાખી ચોટલો ચોળાતી હતી. દૂર એક આધેડ ઉમરની સ્ત્રીનો ઉઘાડો વાસો એક જુવાન જોડી બાઈ ચોળી રહી હતી. તેની બા-જુમાં ગામના પાંચસાત ઉઠંબલ અને હિંમતવાન છોકરાઓ નદીના પૂરમાં પડી થોડે તણાઈ પાછા કાંઠા ઉપર નીકળતા હતા અને એ રમતનું પુનરા-વર્તન કર્યે જતા હતા.

ઊંડણીના બરાબર સામે જ કાંઠે કલાસણ નામનું ગામ છે. આ બંને ગામ લગભગ સામસામાં જ છે અને એ બંનેને સાંકળી લેતા હૃદયરસ જેવો નદીનો પ્રવાહ વચમાં વહી રહ્યો છે એટલું જ એમની વચ્ચે અંતર છે. ઊંડણી અને કલાસણ એ લગભગ એક જ ગણાય છે અને નિકટતાના કારણે બંને ગામોનો વ્યવહાર બહુ ગુંથાએલો છે. આઠે દિવસે માત્ર નદી જ ઓળંગીને બંને ગામના લોકો એકબીજા સ્થળે જતા, પણ જ્યારે પૂર હોય ત્યારે બંને ગામોએ એક-બીજા સામે તાકીને જોઈ રહેવાનું કે હાથ હલાવીને સંજ્ઞા કરવાની. એ વખતે બંને ગામોનો પ્રત્યક્ષ અને રાંધો નિકટનો સંબંધ ઓછો થઈ જાય, પણ આ આરે ગોળી તો લગભગ ફરતી જ હોય એટલે એ નિરોધ તો માત્ર બેચારપાંચ દિવસે જ થાય. આજે

ફલામણને આરે પણ હલચલ હતી, અને સા પણ અનેક સ્ત્રીઓ સ્નાન કરી રહી હતી એમાની ઘણીખરી બેડૂતની સ્ત્રીઓ હશે એમ જણાતું હતું કારણ કેટલીકના જાડા રાતા સાડલા અને ચણિયા કારે સુકાતા હતા અને બીજી ઘણીક એવા જ કપડા માથે સ્નાન કરી રહી હતી મને સાભર્યું કે આજે જન્માષ્ટમીના કારણે એ સ્ત્રીઓ બેતરમા નહિ ગઇ હોય અને કેટલીકે તો ઉપવાસ પણ કર્યો હશે, એટલે નદી ઉપર નહાવા આવી હશે, નહિતર એકસામટુ આવડ મોટુ ટોળુ બેડૂત સ્ત્રીઓનુ નદી પર એકસાથે ભાગ્યે જ બનતુ હોય આવેથી જોતા, ચણોઠી જેવા રાતા રંગના વિવિધ આકારો, કેટલાક હરડફરડ કરતા ફરતા હોય અને કેટલાક કાંઠા ઉપર કે નીકળમા આળોટતા હોય એવુ લાગતુ હતુ

તારાઓ આ વા એટલે આગે તૈયાર થયા આ આરે તુમડા બાંધવાની એટલી બધી જરૂર ન હતી એટલે અમે પણ એનો આગ્રહ ન ધર્યો ગોળીમા કપડા ધાબીને તારાએ ભેખડના આ છેડે જઈ ગોળી પાણીમા મૂકવા ની તૈયારી કરી એટલે અમે પણ સા પહોચી ગયા આ ભેખડ નદી ા પટમા ઠીક ઠીક ધસી ગએની હતી એટલે મીના કાઠેથી જ પડીએ એ કરતા ભેખડ ઉપરથી પડવાનો થોડુ અતર કપાઈ ગયા જેવુ થતુ હતું, એથી તારાએ ભેખડ પસદ કરેલી ભેખડને ધસારાથી પાણીમા એક મોટી ઘૂમરી વળતી હતી તે લાણે સુધી ફેલાઈ જતી હતી તે એક ઓળંગી જવાય એટલે સામે પાર જવુ સહેલ હતું કડોયને આરે બે જુદીજુદી ગોળીઓ ઉપર અમે ઊતર્યા હતા તેને બદલે અહીં બે તારાઓ એક જ ગોળીને વળગ્યા અને અમે બને ઉતારૂઓ પણ એને જ વળગ્યા હતા સામસામા બો રાખીને જેમ બે એન્જિન વળગે છે એમ બને તરાઓ સામસામી દિશાએથી ગોળીને વળગ્યા અને એમણે ઘૂમરીમા ઝપલા યુ ઘૂમરીનુ જોર અમે ધાર્યા કરતા ઘણું વધારે હતુ, કારણ અમે દૂર સુધી શરૂઆતમા ખેંચાઇ ગયા, પણ પછી ઓળગ્યા બાદ તો કામ કરતા તાણ ઘણુ નરમ હતુ અરધો પટ ઓળગી રહ્યા બાદ મેં બે હાથ વખત ગોળી છોડી દીધી અને પકડી બીજી એ ી રમત કરી પછી અરધા પટ ઉપર બીકડીક ઓળગી રહ્યા બારે મેં ગોળી બીલકુલ છોડી જ દીધી અને હું જાતે જ તરવા લાગ્યો પણ એમ તો ધાર્યા કરતા ઘણે દૂર ખેંચાઇ ગયો, અો વચમા એક વખત મનમા જરા ગભરાટ પણ થઇ ગયુ ત્યારે જ સાગરની શક્તિનુ મને ખરૂ ભાન આ યુ અને તારાઓ ી તાકાત ઉપર હું આફરીન થયો

સામે પાર પહોચ્યા અગે વેરાવર ઊતરવા તારા તરફ જતા તો અમે પારમા લગભગ દોડતા હતા, પણ હવે ઉત્સાહ ઓસરી જવાથી અને ભૂખથી પણ અમે રસ્તો બહુ ધીરેધીરે કાપતા હતા એટલે છેક સાજ પડવા આવી ત્યારે વેરાવર પહોચ્યા રાત ી રાત વેરાવર ગાળી બીજે દિવસે સવારમા અમે ઘર તરફ રવાનતા થયા બોરીનુ જગત વટાવી કાવા ગામ મૂક્યુ એટલામા મારી આખો મને બળતી લાગી અને માથુ ફાટતુ હોય એમ જણાયુ મેં મારા સાથીને પૂછ્યુ એટલે એમણે મારો હાથ પોતાના હાથમા લઇ અને કપાળ પર પન્ને મૂકી કહ્યું 'તાવ આવ્યો છે, એટલે હવેને ગામ રોકાઇ જઇએ' મેં કહ્યું 'ચાલોને હવે, ઘેર જ પહોચી જઇએ.' અને હસતા હસતા ઉમેર્યું 'આ બધી પ્રતાપકથા ા અધૂરા રહેલા શ્લોકની આ તાવે આવીને છેવટની પાદપૂર્તિ કરી છે એનો વિના આપણી આહસસગરયા કાદકે ઓડી જ શોભાત'


રામપ્રસાદ શુકલ

આપણા અધ પતનના બીજ તો આપણી પોતાની અદર છે અો તે આપણા ચારિત્રમા, આપણા સમાજમા, આપણી રોજ ી જનોમા, આપણા વિવેકબુદ્ધિ વગરના વહેવારમા ઊડા ઊતરેલા છે આપણી પ્રજાને આ ખા પોતાના જ દુરગનો સામે લડવાનુ છે, આપ ી કગનસીબીના સાચા કારણરૂપ આપ ી સૈકાઓની મૂર્ખાઇઓને આપણે નાશ કરવા ી છે

ડૉ. રવીન્દ્રનાથ ટાગોર

(કલકત્તા વિદ્યાપીઠના પદવીદાન સમારભ પ્રસગે વેલા)

શ્રી હરિકૃષ્ણ વ્યાસ સંયોજિત



ગુજરાતી લઘુલિપિ



[અનુસંધાન ગાઇ અંકના પૃ. ૬૬થી]

ચૌદમો દિવસ : અંત્યાક્ષરનો લોપ

નિયમો

[૮૦] શબ્દને અંતે 'ત' અથવા 'ક' હોય અને એની પૂર્વે અનુસ્વાર હોય, ત્યારે એ અંત્ય 'ત' અથવા 'ક'નો લોપ થાય છે.

[૮૧] બે કરતાં વધારે પદના શબ્દને અંતે 'ત', 'ર', 'સ', 'જ', 'ચ', 'ક', 'પ', 'લ' એમાંનો કોઇ વ્યંજન હોય, તો તે વ્યંજનનો લોપ કરી, તેના પછી આવતો શબ્દ તદ્દન નજીકથી શરૂ કરી લખાય છે.

[૮૨] ઉપરના નિયમો મુજબ અંત્યાક્ષર લોપી શકાય એવા શબ્દને કોઇ પ્રત્યય લાગેલો હોય, તો પણ એ અંત્યાક્ષર લોપાઈ પ્રત્યય કાયમ રહે છે.

સૂચનાઓ

(૮૦) અનુસ્વાર પછી આવતા અંત્ય 'ત' અને 'ક' બોલતી વખતે જાણે એ અનુસ્વારમા ભળી જતા લાગે છે. અને સામાન્ય રીતે જે શબ્દોમા એ અક્ષરો આવી રીતે આવતા હોય છે એનું બંધારણ જ એવા પ્રકારનું હોય છે કે આ અંત્ય વ્યંજનો ન લખવા હોય તો પણ ત્યાં એ અક્ષરોની ખોટ પડતી જણાય. આ પછીના નિયમમાં પણ આ બે અંત્યાક્ષરો તો આવે છે જ, છતા એ બે અક્ષરો માટે આ જુદો નિયમ આપવાના કેટલાક કારણો છે. પ્રથમ તો આ નિયમની રીતે થતો લોપ બીનશરતી છે, એટલે નિયમ ૮૧ મુજબ પાછળનો શબ્દ નજીક લખવાની જરૂર રહેતી નથી. વળી આ નિયમ બે પદના શબ્દોને પણ લાગુ પડી શકે છે, જ્યારે આ પછીનો નિયમ બે કરતાં વધારે પદવાળા શબ્દો માટે છે. વગેરે.

(૮૧) આ નિયમ મુજબ 'શબ્દને અંતે' અમુક વ્યંજન આવવો એનો અર્થ આપણી સામાન્ય લિપિમાં શબ્દને અંતે સમજવાનો છે, લઘુલિપિમા લખાતા રૂપને અંતે એમ નહિ. આમ લોપાયો સંકેતોના અંત્યાક્ષરો, પ્રત્યયો, ક્રિયાપદોના 'વું' લોપાયાથી છેડે આવેલા વ્યંજનો, એ બધા આ નિયમમા ન આવી શકે. એટલે ટૂંકમાં આ નિયમનો ખાસ ઉપયોગ તો ઉપર ગણાવેલા વ્યંજનમાંથી પૂરાં થતાં નામ કે વિશેષણ ટુંકાવવા માટે જ રહેશે. અને તેમાં પણ ઘણું કરીને ત્રણ પદવાળા શબ્દો આ નિયમમાં વધારે આવશે. કેમકે ચાર પદ વાળા શબ્દોનો ઘણો મોટો ભાગ તો હવે પછી દિવસ ૧૫મા આવનારા એક નિયમમાં સમાઇ જતો હોય છે.

આ નિયમની રીતે અંત્યાક્ષર લોપાયા પછી તે વાચતી વખતે બાર વિકલ્પ રહે છે કેમકે અંત્યાક્ષર લોપાયાનું સૂચન તો પાછળનો શબ્દ નજીક હોવાથી મળી રહે છે, પણ વ્યંજન કયો હશે તે અનુમાન શબ્દના બોધિત રૂપ ઉપરથી કરવાનું રહે છે. ઉદાહરણો ઉપરથી જોઈ શકાશે કે આવી રીતે લોપાએલો અંત્ય વ્યંજન શબ્દના આગાઉના રૂપ સાથે એવો કાયક સંબંધ ધરાવતો હોય છે કે, જો કે તે સંબંધને વ્યાકરણના કોઇ નિયમથી બાંધી ન શકાય, તેમ છતા ભાષાથી પરિચિત કાન અમુક અમુક વ્યંજનોના બનેલા શબ્દનો પ્રવાહ અંતે કયા હશે એનો કાયક આંબો બાલ્યા વગરની શકે છે; કેમકે વ્યંજનોના સાનિધ્યમા અમુક અમુક વ્યંજનોને બીજા અમુક જોડે

એની ગાઢ મૈત્રી હોય છે કે બાપામા ન આવનારા જોડાણ જીભ અને કાનને પણ પ્રથમ દર્શને જ અ કુદરતી લાગે આમ વ્યંજનોના માનિષ્યના નિયમો બુદ્ધિપૂર્વક ન જાણતા હોવા છતા તેઓના વ્યવહારના સંસ્કાર સૂક્ષ્મરૂપે આપણી કર્ણેન્દ્રિયમા સુષુપ્ત હોવાથી આપણે 'ધ્વનિ સાહચર્ય' કહી શકીએ અને આ ધ્વનિ સાહચર્યની મદદ વડે જ આ આદ વિકલ્પ ધરાવતા નિયમનો સફળતાપૂર્વક પ્રયોગ કરવા- ની શકયતા આપણે પ્રગટાવીએ છીએ

આ નિયમમા ગણાવેલા અત્યાક્ષરોમાના 'ર'ને નિયમ ૨૪ તથા 'ત' તથા 'ક'ને નિયમ ૮૦ લાગુ પાડી શકે તેમ હોય ત્યા તો એ નિયમો મુજબ જ લખવા પણ શબ્દના અત્યાક્ષર 'ય' અને 'જ'ની ગણતરીમા 'કેટલાય', 'આથી જ' એવા શબ્દો સાથે આવતા 'ય' તથા 'જ' પણ ગણી શકાય આવા શ બ્દોમા એ 'જ'ને જુદો જ શબ્દ ગણવામા આવે છે પણ લઘુલિપિ પૂરતો એને અગાઉના શબ્દનો અત્યા ક્ષર ગણવામા હરકત નથી

એ ખાસ ખ્યાલમા રાખવાનું છે કે અત્યાક્ષરનો લોપ થયો છે એ જણાવવા માટે બીજા શબ્દ એ અગાઉના એટલે કે જેનો અત્યાક્ષર લોપાયો હોય તે શબ્દની તદ્દન નજીકથી શરૂ કરી લખવો જોઇએ. આમ રીતે નજીક લખેલા શબ્દો 'મનોયત્ન' મા જોવાથી તે કેમ લખવા જોઇએ તે સમજાશે હાલ તો આ બાબતનો ખ્યાલ આપવા નકશામા આપેલ ઉદાહરણોમા ચોકડીથી એ પાછળના શબ્દનું સ્થાન બતાવ્યુ છે. અને આ નિયમના ઉદાહરણોમા એવી ચોકડીઓ આપેલ નથી પણ સમજી લેવાની છે

(૮૨) આ નિયમ મુજબ અત્યાક્ષર લોપાય ત્યારે એના પછી આવતો પ્રત્યય અત્યા ર લોપાએલા શબ્દ- ના કને લાગે, એ સ્પષ્ટ છે પણ પ્રત્યયો પણ જા- તના છે તદ્ધિત, વિભક્તિના અને કૃદંતના અને તેથી એ દરેકની વિશિષ્ટતાઓ આ નિયમ પરત્વે સમજ- વાની જરૂર છે

આ બધામાથી સૌથી સહેલા વિભક્તિના પ્રત્યયો છે. ઉદા ૪ મા પણ બધા વિભક્તિના પ્રત્યયો જ લખી બતાવ્યા છે નિયમ ૮૧ મુજબ શબ્દ જેવી રીતે લખાય એવી રીતે લખી, પછી આ પ્રત્યયો લગાડી દેવાય એ સાદામા સાદી બાબત છે

કૃદંતના પ્રત્યયો વિષે જાણવાનું કે તે પ્રત્યયો કોઇ શબ્દને લાગતા નથી હોતા એ પ્રત્યયો પહેલા તો ધાતુના કોઇ અપૂર્ણ રૂપ હોય છે અને વળી ધાતુઓ- માથી અત્ય અને ઉપાત્ય વ્યંજનો અગાઉથી જ લોપાઈ જતા હોવાથી એને આ નિયમ લાગુ ન જ પડી શકે.

તદ્ધિત પ્રત્યયોમા જ્યારે એ પ્રત્યયની પૂર્વનો શબ્દ- નો ભાગ પોતે પણ એક સ્વતંત્ર શબ્દ હોય—જેમકે 'અમલદાર'—ત્યારે આ નિયમ તેને લાગુ પડી શકે પણ સામાન્ય રીતે તદ્ધિત પ્રત્યયો વાળા શબ્દો એ પ્રત્યયથી જ આખી પેઢી ચલાવાતા હોવાથી અસાધારણ લાગેશે સિવાય આ નિયમનો પ્રયોગ કરવાની જરૂર રહેતી નથી તેથી ઉદાહરણોમા પણ એવા શબ્દો આપેલા નથી

ઉદાહરણો


(૧) [નિ. ૮૦: અનુસ્વાર પછી 'ત', 'ક'નો લોપ] કવક, ગુજરાત, ગુજરાતી, નિશ્ચિત, નિષ્કલંક

(૨) [નિ. ૮૧ અંત્ય 'ત', 'ર', 'સ', 'જ', 'ય', 'ક', 'પ', 'લ'નો લોપ] અકસ્માત, અનુભવ, અગત્યનુ, અદ્‌ભુત, અભિપ્રાય, અમલ, અસલ, અહિત, આગત, આકર્ષક આગાહિત આધ્યાત્મિક, આર્થિક, આશ્રય, આજસ—ઐતિહાસિક, ઔદ્યોગિક, કિયાત્મક, ખાસીયત, ગેરહાજર, ગ્રાહક, ગ્રીકસ, ચારિત્ર, જરૂરત, જનક, જમલ, જરૂરિયાત, ઝનેરાન, ટપાલ, ટેણલ, તાકાત, દક્ષીલ—દાખલ, નિરર્થક, નિર્ણય, નિશ્ચય, નિયમ, પરિચય, પ્રમાણિક, પ્રયાસ, પ્રવાસ, માનસ, માનસિક, માલિક, માસિક, મુલક —મુલ્યવ, મૌલિક, યુવક, રમણીય, રાજકીય રાષ્ટ્રીય, લડાયક, લાયક, વિકાસ, વિખ્યાત, વિજય, વિલાસ, વિવેક, વિષય, વ્યવસાય, વ્યાપાર—શરત, શાબ્દિક, શારીરિક, સાહસ, સરસ, સહાયક, સહેતુક, સગીત, સંપ્રદાય, સાવચેત, સુશિક્ષિત —સૂચક, સૌમ્ય, સ્વાભાવિક સ્વીકૃત, હરકત, હાકલ, હૃદય

(૩) [નિ. ૮૧ ચાલુ આદ્ય અને અંત્યાક્ષરનો લોપ] કનૈયા, કલાક, કસરત, કાર્યાલય, કલ્પનિક, કીમત, કુદરત, કોમેસ, પગાર, પાગલ, બક્ષીસ, બદૂક, બાહબલ, બાળક, સભવિત

(૪) [નિ. ૮૨ અંત્યાક્ષરના લોપ પછીના પ્રત્યય] અભિપ્રાયને, અનુભવના, આશ્રયમાં, આજસનુ, ખાસીયતોથી, પ્રયત્ન સથી, મૌલિકથી, લાયકનુ, વિજયમા, કુદરતને, કોમેસને, બહાદુરમા

ઉદાહરણોનું લઘુલેખન



ચીનની મુસાફરીએ આવેલા ચાર અંગ્રેજ યુવાનોએ એક ચીની નોકર રાખ્યો. સ્વભાવે બધા દિલાવર. પહેલે દિવસે તેમણે તેની ચાળણી બીજા કરે જમીનમાં દોરી દીધી ચીનો કશું ન બોલ્યો. બીજે દિવસે તેની પથારીમાં ધૂળ ભરી, તો યે એ ન બોલ્યો ને કરિયાવરના કબાટ ફોડી લાચી દાજર કરી ચારે જણાને લાગ્યું કે આવા કદાવર માણસની મદદની કરવી ઠીક નહિ; ને તેમણે એ ચીનાને તેવું કથન આપ્યું.

'હવે આપણી બીજા નહિ હોય?' ચીનાએ પૂછ્યું.

'ના!'

'પથારીમાં રેતી યે નહિ નાખો?'

'બરાબર નહિ!' જવાબ મળ્યો.

'ત્યારે તો હું યે તમને બેકની કાડી દાંતેથી નહિ પાડું!'

સ્કૂલમાં રેન્ક પડતા મહેતાજી હરખાતા મારે ઊભા હતા, ત્યાં બેઉ સાથે એક કુમાર ત્યાં આવી ઊભો. મહેતાજીને જરાક રમૂજ કરવાનું મન થઈ આવ્યું એટલે કુંભારને પૂછ્યું, 'કેમ, આ તારા સગાને આટલો મજબૂત પકડી રાખ્યો છે?'

'એ મૂર્ખાને તમારી નિશાળમાં મહેતાજી થવું છે માટે!' કુંભારે જવાબ આપ્યો. મહેતાજીએ વધુ ન બોલવે વિદાય લીધી.

શિક્ષક: આકાશમાં થતી વીજળી, ને કોના દીવા આપણે બાળીએ છીએ એ વીજળી વચ્ચે શો તફાવત છે કનુ?-

કનુ: આકાશમાં થતી વીજળીનું બિલ આપણને નથી ચૂકવવું પડતું!

ડાયરેક્ટર: અને આ ફ્રાડ પરથી તારે કંઈ પકડવું છે.

ઑફિસર: પણ ધારો કે એથી મને ગંભીર ઈજા થવા જેવું બનવાનું બેબાક થાય તો?

ડાયરેક્ટર: ડરપોક નહિ, આપણે આ છેકરીને જ લીધે છે

ચમીલા: અને તમે કહો છો કે આ માણસે તમારી મોટર ચોરી?

કરિયાદી: બોલું હતું ખરું; પણ તમારી કરતૂત જાણ્યા પછી તો મારી મારો મોટર હતી કે નહિ તેની પણ મને શંકા થાય છે!

'આહ!' અભાયરે ઘૂરકી મારી.

'પણ દડો તો મને ગાયામાં વાગ્યો.' બૉલ્સમેને ચમચો લીધો.

'એ હું ન જાણું.' અભાયરે મુખ્યું. 'લાકડા જેવા અવાજ પરથી મેં મારો નિર્ણય કર્યો છે.'

'તમે તમારી મોટર ઓક બાજુ લાલ ને બીજી બાજુ લીલી કેમ રંગાવી છે?'

'અરેરે, ઓટલું ન સમજ્યા? અકસ્માત થાય તો ત્રણીઓની જુબાની ઓકબીજાથી વિરુદ્ધ જાય તે માટે!'

પ્રોફેસર: (પેન આવી પત્નીને છત્રી આપતા) લે, આજે તો નથી ભૂલી આવ્યો ને? છત્રી મૂક, કાંઈ સંભાળીને લાવજે

પત્નીઃ પણ આજે તમે છત્રી લઈ જ કયાં ગયા હતા! આ વખી કોની ઊપરકી લાવ્યા?'

પોતાનો હક જાહેર કરતાં પહેલાં



ટૂંક વખતમાં રાજકોટમાં મળનારી કાઠિયાવાડની 'વિદ્યાર્થી-પરિષદ' સમયે 'વિદ્યાર્થીઓના હકના જાહેરનામાં ઘડવા' કરતાં યે પહેલાં તો 'પોતાની ફરજ વિચારતા અને લાયકાત કેળવતા થવા' પ્રત્યે વિદ્યાર્થીઓનું ધ્યાન દોરતા કેટલાક વિચારો, જાણીતા લોકસેવક શ્રી છગનલાલ નથુભાઇ જોષીએ મૂકી બતાવ્યા છે તે સમસ્ત વિદ્યાર્થી જગતને ઉપયોગના હોઇ અત્રે પ્રકટ કરીએ છીએ.

સમસ્ત કાઠિયાવાડ વિદ્યાર્થી પરિષદ રાજકોટને આંગણે બોલાવી છે ત્યારે રાજકોટની વિદ્યાર્થી આલમે એ પરિષદ સફળ કરવા શું કરવું જોઇએ?

મુંબઇ યુનિવર્સિટી મેટ્રિકની પરીક્ષામાં વિદ્યાર્થીઓની કત્લે આમ કરે છે; હાઇસ્કૂલના માસ્તરો વિદ્યાર્થીઓને શિક્ષા કરે છે; શિક્ષણપદ્ધતિમાં ભાષ અને સાહિત્યને પ્રધાન સ્થાન આપવામાં આવે છે; ભણતરની ફી બહુ આકરી લેવામાં આવે છે; પાઠ્ય પુસ્તકો આગેવાનોની ધૂન પ્રમાણે વારંવાર ફેરવી નાખી વિદ્યાર્થીઓને ખરચના ખાડામાં ઉતારવામાં આવે છે, આ અને આ પ્રકારની બીજી ફરિયાદો દૂર થાય તો વિદ્યાર્થી પરિષદ કંઈક અંશે સફળ થઇ ગણાય ખરી

પણ આ બધી ફરિયાદો દૂર કરવાનું આપણા હાથમાં નથી. યુનિવર્સિટી કે રાજ્યની સત્તા વિદ્યાર્થીઓના હાથમાં આવી નથી. આપણે ખૂબ બળાપો કરીએ, વારંવાર બરાડા પાડ્યા કરીએ, તો આપણો અવાજ વહેલોમોડો સત્તાધારીઓના કાને પહોંચવાનો જ છે અને ધાર્યું પરિણામ આવવાનું જ છે એમ માની બેસવામાં ડહાપણ નથી.

પણ અનુભવવાણી એથી ઉલટું કહે છે. 'પાણી આશા મદા નિરાશ' જ્યાં સુધી ખુદ વિદ્યાર્થીઓમાં બળ નહિ આવે ત્યાં સુધી બધા ફાકા છે. વિદ્યાર્થીઓમાં શક્તિનો સંચાર થાય એ માટે ગમે તેવા ઉપાય વિદ્યાર્થીઓનું સંગઠન કરવું જોઇએ એમ કહેવામાં આવે છે. પણ એ સંગઠન કરવું કેમ? વિદ્યાર્થીઓમાં સંઘશક્તિ કેમ કરીને પેદા કરી શકાય? સામાન્યિક વિદ્યાર્થી સમેલનો ગોઠવીને કે ચર્ચાપત્રિકાઓ બહાર પાડીને જ વિદ્યાર્થીઓ એ ધ્યેયને પહોંચી શકશે?

સંગઠનના બાહ્ય ઉપાયો જેટલા ગોઠવી શકાતા હોય તેટલા ભલે ગોઠવાય, પણ એ બધા કાર્યક્રમમાં રામ તો તો જ આવશે, જો એ યોજનાના ઘડનારાઓમાં પણ પ્રાણ હશે 'આગ મે આગ જલતી હૈ', 'દીવો દીવાને પ્રગટાવી શકે છે.' રાજકોટમાં એવા દીવા કોઇ છે? ન હોય તો આજથી જ એ જ્યોત પ્રગટાવવા દીવા થવું જોઇએ.

આવી વિદ્યાર્થીજ્યોતિએ પૂર્વતૈયારી માટે જીવનના અમુક નિયમો ઘડી તે પ્રમાણે આચરણ થઇ જવું જોઇએ.

થોડાક માર્ગદર્શનરૂપ થઇપડે એવા નિયમો આ રહ્યા:

પહેલું સુખ તે જાતે નર્યા આજના વિદ્યાર્થીઓના શરીર ગાયકાગવા જેવા બની ગયા છે શરીરસંપત્તિ વિના તો બધું ધૂળ છે તો વિદ્યાર્થીઅવસ્થામાં શરીર બુલંદ બનાવવા માટે આજથી જ તનતોડ પ્રયાસ કરવો જોઇએ ૨૫૦ લોકમાન્ય નિયક મહારાજે કૉલેજનું એક વર્ષ 'બગાડીને' પણ પ્રથમ શરીર માઇ બનાવવા મહેનત કરી હતી રોજ કસરત—વ્યાયામ કરવાની આવશ્યક ટેવ પાડો તમે કસરત તો કરતા હશો, આસનો યે કરતા હશો એ નિયમિત કરતા હશો તો તમારે ચેપ જરૂર તમારા જોડીઆ મિત્રોને લાગવાનો છે.

ભલેને ભૂખ આવે કે મોટો સમરંભ દેખાય તો યે તેની સમક્ષ જે તમારા અંતરાત્માને સાચું લાગે તે જરા પણ અચકાયા સિવાય, ડર્યા સિવાય, નમ્રતાથી વિવેકપૂર્વક કહેવાની હિંમત કેળવતા શીખો અને આ હિંમત બનાવવા માટે, અભ્યસત કેળવતા, જે કાંઇ સહન કરવું પડે તે બાળપણથી સહન કરતા શીખો

જીવનમાં સાદાઇ, સંયમ અને શરીરશ્રમને પ્રથમ સ્થાન આપો.

આજે વિદ્યાર્થીજગતમાં રંગીલાપણું છે એવો ઘાટ પડ્યું કે નાટકીઓના હાવભાવ વધારે જોવામાં આવે છે એ દૂર કરવાનો મોનોરી કલાક વિદ્યાર્થી પુરુષ થવા ઇચ્છતા યુવકોએ પોતાનું જીવન પવિત્ર બનાવવું

જોઇએ. વિદ્યાર્થીગૃહમાં કે કુટુંબમાં રહેનાર વિદ્યાર્થીએ રોજ, કલકું ગણાતું, જેમાં શરીરને ઘસવું પડતું હોય તેવું કામ બીજાં કરનાર અગત્યનાં કામ છોડીને પણ હોંશપૂર્વક બજાવવાનો સંકલ્પ કરવો જોઇએ. ઘર વાળવું, વાસણ માંજવાં, કપડાં ધોવાં, પથારી ઉપાડવી,— આ કામ વિદ્યાર્થીને ગમતાં નથી. તમે એ કામ કરવામાં હમેશાં તત્પર રહો અને તમારી આસપાસનું એથી વાતાવરણ નાખૂશ થએલું જોશો.

વિલાયતી કાપડ, વિલાયતી સાબુ–તેલ, વિલાયતી જોડા, વિલાયતી બાડની મિઠાઇનો શોખ વિદ્યાર્થીઓમાં સારીપેઠે પેસી ગયો છે. પરદેશના મોહમાં તણાઈ જઇ વિદ્યાર્થીઓ કહેવાતું ભણતર મેળવતાંમેળવતાં પોતાના કુટુંબ પર ને સંસ્થા પર કેવા ભારરૂપ થઇ પડ્યા છે અને દેશનું સત્યાનાશ વાળી રહ્યા છે તેનું તેમને ભાન નથી. એ ભાન વિદ્યાર્થીઓમાં આવે તે માટે વિદ્યાર્થીજ્યોતિ ધરે. આજથી જ સંકલ્પ કરવા જોઇએ કે શરીરને વિલાયતી કાપડ બાદાદી દરગીઝ અપવિત્ર નહિ કરું; મોજશોખની વસ્તુઓ ખરીદી દેશની ગરીબી વધારવામાં હું કોઈ કાળે હાથો નહિ જ બનું; દેશનું ધન વધારવા માટે રોજ કંઈ ને કંઈ ઉત્પાદક મજૂરીનું કામ કરીશ જ.

હરિજનોના ૮–૧૦ વરસના બાળકો પણ પોતાનો અભ્યાસ કરતા બટૅાલિશનું કામ કરી રોજ બેચાર આના કમી મારે છે. બેહુત—ભારવાડના કે સુથાર, સોની, લુહાર, કુંભાર કે મોચીનાં નાના બાળકો પોતાના બાપીકા ધંધામાં મદદ કરી કુટુંબની રોજીમાં પાઇ પૈસાનો યે વધારો કરે છે. તમે કોઇ જેવું મજૂરીનું કામ વિદ્યાર્થી અવસ્થામાં કરો છો?

શરીરશ્રમ એ મહાપાપ છે; બીજા માટે શરીર ઘસવું એ જીવનનો મહામંત્ર છે. તમારા સાથી માંદા હોય તો તેની માવજત કરવામાં, તેમનું ગંદું સાફ કરવામાં નાક મરડવાને બદલે આનંદ માણી શકો છો?

તમારા સાથીમાં શારીરિક કે માનસિક બોડાપણું હોય, એટલેકે કોઇ વિદ્યાર્થી તોતડો હોય, બોબડો હોય, બહેરો હોય કે લંગડો હોય તો તેના તરફ પ્રેમ વરસાવો છો કે તેની મશ્કરી—કજેતી કરવામાં રસ લો છો?

કોઇ વિદ્યાર્થીને કાંઇ ન આવડતું હોય તો તેને શીખવવા માટે થોડો વખત કાઢો છો, કે ભલો મારો અભ્યાસ ને ભલી મારી ચોપડી, હું માર કરતાં યે પરવારતો નથી ત્યાં બીજાની વેઠ ક્યાં કરવા જાઉં એમ કહી એકલપેટા થઇ ગયા છો?

ટૂંકમાં વિદ્યાર્થીઓનાં હકનાં જાહેરનામાં ઘડવાની લાયકાત કેળવવા માટે ભણવું તો વિદ્યાર્થીઓની ફરજ જ વિચારતા થઇ જાઓ અને જીવનને ઉત્કર્ષ કરે તેવા ગણધાગાંહ્યા સંકલ્પસિદ્ધાંતો ઘડી કાઢો, અને એ વ્રતોને આગ્રહપૂર્વક વળગી રહો. જીવન સિદ્ધાંત મુજબ ચલાવતાં શીખશે તો થોડા વખતમાં તમે તમારા પોતાના જ જીવનનાં અનર્થ વર્તનથએલું જોશો અને તેની અસર વિદ્યાર્થી જગત પર પણ થયા વિના નહિ રહે.

સો વાતની એક વાત છેઃ આપ ભલા તો જગ ભલા.

છબનલાલ મ. મોદી

કહેવત કથન અને કવિતા

વાડ વિના વેલો ચડે નહિ

વગ વગર પગ થાય નહિ.
સૌ વગે વાવણાં કરે.
ઓથની ફૂંક રહે.
સીફારસકી ગદ્દી તેજીકા સાત મારે.


વગે પીરસણું, વગે ન્યાય;
વગ ન હોય તે પાછો જાય.

વગે વાવણાં, વગે ફુવા;
વગ વિનાના કુંવારા મુવા.

પક્ષે પૂજા પક્ષે ન્યાય;
પક્ષ વિનાનો ગાયો જાય

કારજ સહાયતા વિના, કરી શકે નહિ કોય;
કહો હથોડો શું કરે, જો નહિ હાથો હોય

ગિના વસીલે ચાકરી, ગિના ઢાલ જવાન;
યે તીનોં ફિક્કે લગે ગિના સુપારી પાન.



(ગ્રીસની પ્રાચીન દંતકથા)

સોનેરી ઊન

ઘણાં વરસ પૂર્વે ગ્રીસના મિન્યુઅન પ્રદેશ ઉપર ઇસન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને પીલીઆસ નામનો એક ઓરમાન ભાઇ હતો. પીલીઆસ મહા દુષ્ટ અને સ્વાર્થી હતો. તેણે છળકપટ કરી મિન્યુઅન પ્રદેશની રાજગાદી પચાવી પાડી અને પોતાના મોટા ભાઇ ઇસનને દેશધૂત કરી રાજ્યની બહાર હાંકી કાઢ્યો.

પોતાના નાના પુત્ર જેસનને લઇ રાજા ઇસન ગાઢ જંગલમાં ભિખારીના વેશે ભટકવા લાગ્યો. એક દિવસ એક ઊંડી ગુફા પાસે તે આવી પહોંચ્યો. અંદર જોયું તો એક મહાન સમર્થ સંત બેઠેલા. સમય વિચારી રાજાએ પોતાના પુત્ર જેસનને એમના ચરણોમાં મૂક્યો અને કહ્યું, 'કૃપા કરી મારા આ પુત્રને આપની પાસે રાખો તેને યોગ્ય વિદ્યાભ્યાસ શીખવો.' જેમનની ભવ્ય મુખમુદ્રા જોઇ તપસ્વીને લાગ્યું કે આ છોકરો ભવિષ્યમાં મહાન થવા સરજાયો લાગે છે તેમણે તરત જ હા કહી અને જેસન એ ગુરુ પાસે રહી વિદ્યાભ્યાસ કરવા લાગ્યો. કાળે કરીને ઇસન મરણ પામ્યો.

વખતને જતા વાર નથી લાગતી જેસન હવે જુવાન થયો હતો. ગુરુએ તેને સર્વ વિદ્યામાં પારંગત કર્યો હતો હવે તેને પોતાનું વતન યાદ આવ્યું ગુરુએ તેને મરણી વસ્તુસ્થિતિ સમજાવી. એટલે પિતાએ મુકાવેલું રાજ્ય પાછું મેળવવાની તેને તીવ્ર ઇચ્છા થઇ આવી. તરત જ ગુરુ પાસેથી આજ્ઞા લઈ પોતાના વતન મિન્યુઅન પ્રદેશ તરફ તે ચાલી નીકળ્યો.

જતાં જતાં એક મોટી નદી આવી. કિનારા ઉપર એક જંગલી ડોશીમા બેઠેલાં. તેણે જેસનને જોઇને કહ્યું, 'બેટા! મને સામા કિનારે લઇ જા!' જો કોઈ ઇચ્છા પૂરી કરતી નહીં, અંદર ઉછાળા મારતા મોટા મોજાં જોઇને નાખી નજર ન પહોંચે એટલે દૂર જણાતો કિનારો જોઇ જેસન ઘડીભર તો થંભી ગયો. છેવટે, ગમે તેમ થાય પરંતુ ડોશીને સામે કિનારે તો પહોંચાડવી જ એવા દૃઢ નિશ્ચય ઉપર તે આવ્યો. તેણે કહ્યું, 'માડી! ચાલો, હું તમને સામા કિનારે પહોંચાડી દઉં!'

પરંતુ, જ્યાં સામે જુએ ત્યાં તો ડોશીને બદલે મહાન તેજસ્વી સાક્ષાત્ દેવી હીરા (ગ્રીક દેશની સર્વ સત્તાધીશ, દેવોની મહારાણી) ઊભેલા! જેમન તેમના પગમાં પડ્યો. હીરા પ્રસન્ન થયા અને વચન આપ્યું કે 'સંકટની વખતે મને યાદ કરજે; તત્કાળ હું તને મદદ કરીશ.'

જેસનમાં હવે બમણો ઉત્સાહ આવ્યો. થોડા જ વખતમાં પોતાના કાકા પીલીઆસ પાસે તે જઇ પહોંચ્યો અને સંભળાવી દીધું કે ચાહે તો મારી સાથે યુદ્ધ કરો, નહિતર મારા પિતાનું રાજ્ય મને પાછું સોંપી દો!'

પીલીઆસે મનમાં કપટ રાખીને તેને આવકાર આપ્યો અને વિના મહેનતે જેસનનું કાસળ કાઢી નાખવાનો વિચાર કરી કહ્યું 'જો તું ઑલિમ્પસ પર્વત ઉપર આવેલા દેવોના નિવાસ-સ્થાનવાળા જંગલમાંથી સોનેરી ઊન લાવી શકે તો જરૂર હું તને તારું પિતાનું રાજ્ય સુપ્રત કરું!'

જેસન જેવો બળવાન તેવો જ આદમિક પણ હતો. તેણે જોયું કે સોનેરી ઊન જેવી દુષ્કર ને વિખ્યાત ચીજ લાવવાથી પોતાની કીર્તિ પણ ચોતરફ ફેલાશે. તરત જ તેણે એ ભગીરથ કાર્ય કરવાનું બીડું ઝડપ્યું.

તેણે પોતાના કેટલાક શૂરવીર મહાધ્યાયીઓને સાથે લીધા અને દેવી હીરાનું સ્મરણ કરી તે દરિયાકિનારે આવી પહોંચ્યો. તેઓએ જંગલમાંથી લાકડાં કાપી એક જંગી વહાણ બનાવ્યું અને ઑલિમ્પસ પર્વત તરફ સમુદ્રરસ્તે સૌ રવાના થયા.

થોડે દૂર ગયા ત્યાં એક વિચિત્ર ટાપુ આવ્યો. જેવું વહાણ તેના કાંઠા ઉપર લાગ્યું કે તરત જ મોટા પહાડ જેવા શરીરવાળા અને છ છ હાથવાળા સંખ્યાબંધ રાક્ષસો તેમના ઉપર ધસી આવ્યા. જેસનના

સાથીદારોમાંનો એક હિરેકલ્સ પ્રવીણ થાણાવળી હતો. તેણે પોતાનું મજબૂત ધનુષ્ય ખેંચી રાક્ષસો ઉપર બાણોનો વરસાદ વરસાવ્યો અને તે બધાને કિનારાના પત્થરો સાથે સજ્જડ જડી દઈ થોડી જ વારમાં વિપત્તિનો અંત આણ્યો.

આગળ જતાં એક ભવ્ય શહેર આવ્યું. ત્યાંના રાજાએ જેસનનો સત્કાર કરી સૌને જમવા માટે બોલાવ્યા. પણ જેવું જમવાનું પીરસાયું કે તરત જ ઓચિંતા આકાશમાંથી અર્ધ મનુષ્ય અને અર્ધ જનવરનાં શરીરવાળાં હાર્પીઝ પક્ષીઓ આવી બધી રસોઇ ઝૂંટવી ગયા. રાજાએ જેસનને વિનંતિ કરી કે આ પક્ષીઓ મને અને મારી પ્રજાને અહોનિશ આ પ્રમાણે દુઃખ આપે છે! તરત જ, જેસનના બે મિત્રો કે જેઓની ઊડવાની ગતિ પવનના જેવી હતી તેઓ તેમની પાછળ પડ્યા અને મોટી લડાઈ કરી બધા હાર્પીઝોનો અંત આણી રાજાને હમેશને માટે દુઃખથી મુક્ત કર્યો.

આનંદથી સૌએ આગળ સફર શરૂ કરી. કેટલેક દૂર ગયા ત્યાં સમુદ્રની સપાટી ઉપર બે મોટા બરફના પહાડો તરતા જોયા. જેસને કહ્યું, 'દોસ્તો! સંભાળજો. કપરી કસોટીમાંથી તો હવે પમાર થવાનું છે!' ઑલિમ્પસ પર્વત પાસેની દેવભૂમિમા જવાનું આ પ્રવેશદ્વાર હતુ. જેવું કોઇ બરફના આ બે પર્વતોની વચમાં થઇ પસાર થવા જતુ તેવા જ તે સામસામા જોરથી અથડાઇ પ્રવેશ થનારનો નાશ કરી નાખતા. વહાણને થોડા વખત બાળી રાખી જેસને દેવી હીરાનું સ્મરણ કર્યું. એટલે દેવીની પ્રેરણાથી તરત જ સડસડાટ કરતુ એક પક્ષી બંને પર્વતોની આરપાર નીકળી ગયું. એ પક્ષીને ચગદી નાખવા માટે જેવા એ બંને પહાડો અથડાઈને છૂટા પડ્યા કે તરત જ જેસને પોતાનું વહાણ જોરથી હંકાર્યું, અને ફરીથી તે પર્વતો સામસામા અથડાય તે પહેલાં તો વહાણ પહાડોને સામે પાર નીકળી ગયું!

આવીઆવી ઘણી મુશ્કેલીઓ વેઠીને છેવટે તેઓ ઑલિમ્પસ પર્વત ઉપર આવી પહોંચ્યા અને ત્યાંના રાજા ઓઇટ્રીને સોનેરી ઊન લેવાદેવા માટે વિનંતિ કરી.

રાજાએ કહ્યું, 'સોનેરી ઊન મેળવતાં પહેલાં તો તમારે ઘણાં મહાન કાર્યો કરવાં પડશે. જુઓ, આ સામે પિત્તળની બરીઓવાળા બે જંગી ખૂંટ બાંધેલા છે. તેને પ્રથમ તાબે કરી આ દેવી ખેતર તમારે ખેડવું જોઇશે અને પછી તેમાં રાક્ષસી સર્પોના દાંત વડે વાવેતર કરવું પડશે. પણ એટલામાં તો શસ્ત્રો સહિત સંખ્યાબંધ પ્રચંડ લડવૈયા તેમાંથી ફૂટી પડશે. સૂર્યાસ્ત થતાં પહેલાં એ બધા લડવૈયાને જે મારી શકે તે જ આ લીન મેળવવા માટે લાયક ગણાય!'

આ સાંભળીને બધા શૂરવીરો તો સ્તબ્ધ જ થઇ ગયા. એટલામાં, દેવી હીરાની પ્રેરણાથી, એ રાજાની પુત્રી મીડીઆ ત્યાં આવી પહોંચી. તેણે જેસનને કહ્યું, 'જો તું મારી સાથે લગ્ન કરવા કબૂલ થાય તો આ સોનેરી ઊન મેળવવાની સઘળી યુક્તિ હું તને બતાવું!'

જેસન તરત જ કબૂલ થયો અને મીડીઆએ મંત્ર ભણી જાદુઇ તેલ જેસનને આપી શું કરવું તે બધું બરાબર સમજાવ્યું.

બીજા દિવસનું પ્રભાત થયું. મોટી વિરાટ સભા ભરી રાજાએ જેસનને બોલાવ્યો અને બે ખૂંટ બતાવી તેમને પ્રથમ તાબે કરવા સૂચવ્યું.

મીડીઆએ આપેલું જાદુઇ તેલ શરીર પર લગાડી જેસન મેદાનમાં આવ્યો. જેવા ખૂંટોને છૂટા મૂક્યા તેવા જ તે જોરથી ફુંફાડા મારતા અને નસકોરાંમાંથી અગ્નિ વરસાવતા જેસન ઉપર ધસી આવ્યા. આ મદા બળવાન ખૂંટોને પેલા જાદુઇ તેલના પ્રભાવથી જેસને થોડા જ વખતમાં શાંત કરી હળ સાથે જોડી દીધા. પછી રાજાએ આપેલા રાક્ષસી સર્પના દાંત લઇ એ દેવી ખેતરમાં વાવેતર કરી નાખ્યું. થોડો સમય થયો. એટલામાં તો એ જમીનના કણેકણમાંથી શસ્ત્રો સહિત સંખ્યાબંધ લડવૈયા ઉત્પન્ન થયા અને સૌ જેસન પર ધસી આવ્યા. તરત જેસને પોતાના કમરપટાને મંત્ર ભણી તેલ છાંટયું અને જેવો તે લડવૈયાની વચમા ફેંકયો તેવા જ તેઓ અંદરોઅંદર લડી કપાઇ મૂઆ. આ રીતે આ કપરૂં કાર્ય સાંજ પહેલાં પુરૂં કરી જેસન રાજા પાસે આવ્યો અને સોનેરી ઊન આપવા માટે વિનતિ કરી. પરંતુ રાજાએ બીજા દિવસ ઉપર એ વાત મુલતવી રાખી સભા બરખાસ્ત કરી.

તે જ રાત્રે મીડીઆ જેસન પાસે આવી અને કહ્યું, 'મારી સાથે લગ્ન ચાલે તો હું તમને સોનેરી ઊન બતાવું. સૂર્યોદય થતાં પહેલાં જો નાસી નહિ છૂટીએ તો રાજા આપણા સૌનો નાશ કરી નાખશે.'

દસ ઉંદર



એક હતા ઉંદર, જેમણે પોતાની પહેરી નદર,
બા ઇંદેણી કદાચ તો કેક ઉંદરો મરી ગયો.

બે હતા ઉંદર, જેમણે બતમા પહેર્યાં નદર,
કના 'બાપતો દશી દીધા, એક ઉંદરો મરી ગયા.



ત્રણ હતા ઉંદર, જેમણે પોપી પહેરી નદર,
પાણીયા મોં જોને રાત્રો એક ઉંદરો મરી ગયા.

ચાર હતા ઉંદર, જેમણે મોજાં પહેર્યાં નુદર,
દોડતા દોડતા ચા વાગ્યો,એક ઉંદરો મરી ગયો.

પાંચ હતા ઉંદર, જેમણે બોટા પહેર્યાં નદર,
નાચતા નાચતા લ વાગી ગયો.એક ઉંદરો મરી ગયો!



છ હતા ઉંદર જેમણે ચશ્મા પહેર્યાં નદર,
બબ્બર દડને દેખી ન શકા, એક ઉંદરો મરી ગયા.

સાત હતા ઉંદર જેમણે પોપા પીતા નદર,
મોટરમા કેમાટો પડયો,એક ઉંદરો મરી ગયા.

આઠ હતા ઉંદર જેમણે ખાકરી ખાધી નદર,
પેટી દરદ થયા ત્યા એક ઉંદરો મરી ગયો.



નવ હતા ઉંદર જેમણે ચમચા પીધી નદર,
ચમચા ખરિયે પડી ગયા એક ઉંદરો મરી ગયા.

એક હતો ઉંદર, જેણે ધુપ્રપાન ન કર્યા નદર,
જિંદગી ટકી રહી અને ઉંદરો મરી ગયો.



રમણલાલ મોતી

જેમને આને તેનો એક આ-
થી સંગીતકાર અને જન્મ નેપાળ
થયા અને ગીદીઆ નામે ગાદ
જગલમા એક મોટા વૃક્ષ પાસે
તેઓ આરી પહોચ્યા જુએ છે
તો એક પ્રચડ કેરી સર્પ ઓ
ઝાડની આજુબાજુ વીંટાઓલા
પડેલા માણસોના આ વાનો
પગર ા આબાગી તે નાગે જોરથી
પોતાની ફેણ પ્રસારીને ભયકર
અગ્નિની જ્વાળા વરસાવતુ
જોયુ તો ક્રાતિય ચેન જોનરક
રેલાવ્યુ કે આસપાસના ઝાડ
તથા વેલા બાદડા બળીને ખાખ
થઇ ગયા ગીદીઆ મ ત બળી
તેની પાસે આવી અને પોતાનો
જમણો હાથ ઓ નાગની ઉપર
ફેરવવા લાગી. એટલે જેમનનો
આવી પહોચ્યો સગીતકાર ગીદીઆ-
ના કપાળથી મોગલી બન્ન ત્રા
વાળો મધુર મોરલીના નાદથી
સર્પ આનદની મસ્તીમા આવી
ગયો અને પોતાની પ્રચડ ફેણ
બંધી કરી આગળી તેમ ડોલવા
લાગ્યો એટલે નગ્ન જ જેમને
ઉતારવે પગે ચાલી ઓ ઝાડ ઉપ-
રથકની મોનેરી ગિન લઇ લી ી

પોતાનું કાર્ય પૂર્ણ થયેલુ જોઇ
જેમન, તેના સાથીદારો તથા
ગીદીઆને લઇ તે જગલ વટા
ભૂમા જેવી ગામનો થયો આ
મે નાદિમે મિન્યુઅન પરેશની
નજરાનીમા આવી પહોચ્યો
તેના હાથો પીરાઆમ તો જે
અને જોતા જ નાખી છટકો,
જોઇને ગીદીઆ આગે પામ
પુગણી જઇ કરી જેમન તથા
નગાન સર્યે (અનુવાદ ટ્રાયા)

રેખાદ ગ. ઝાંઝરિયા



ચાંદુડો

આ પારે ગામડું ને ઓ પારે શેર વચ્ચે બુદ્ધાઈનાં પાણી વહેતાં,
દોટદોટ સૈયાના બૂમેરા વેર એ ર પાણીના ગેબ માહે રે'તાં,
આજે એ નીર પરે સેતુ બધાય આજે તો પાણીમાં પત્થર તરતા,
સતજુગમાં રામનામ કેરી દુવાઈ કળજુગમાં દેરાનાગ રે'શું રટતા. (કુસુમાગ્રજ)

રશિયાનો સાહિત્યાત્મા પુશ્કિન

'In the hope of glory and good
I look without fear ahead'

એ લીટીઓના ગાનારે તો કોઈ એમાદી સુભગ પળે એ વક્તવ્ય છન્દોબદ્ધ બનાવ્યું હશે, પણ એના જીવનમાં તો એ આજીવન ઘડાઈ ચૂમ્યું હતું જીવનની એ સ્વયંનિર્ણીત ધારીને લઈને આપે રશિયન સાહિત્યને એટલું તો માતબર બનાવ્યું છે કે આજ એ રશિયન સાહિત્યના પિતાનું બિરુદ પામ્યો છે આજના પેનિનગ્રાડની બાગોબાગમાં જ, એક સદી પહેલા દ્વન્દ્વમાં જખમી થઈ મોતને ભેટેલો રશિયાનો એ શાયર તે એલેક્ઝાંડર સર્જિયેવિચ પુશ્કિન

સ્વીડનના એક રાજકુમાર નાં ગોરોડે સ્થાપેલું કજા ગણ્ય તીબ્ર માણસોના જ વિસ્તારન મરકો વાઇટ સરથાન પાછળથી ઇવાન પીટર અને કેથેરાઇનના પ્રયાસોથી એક મહાન સામ્રાજ્ય બની ગયું પરંતુ સામ્રાજ્યવિસ્તારની એ સાતે સદીઓમાં એ રશિયન સમ્રાજ્યમાં કયા એ પ્રજાતત્ત્વ જેવું કશું તત્ત્વ જ બાહાર આવવા નથી પામ્યું પ્રજાનો કપરોગ ગાન ઝરો અને એમના મદદનીશ જમીનદારોનાં વર્ચસ્વ ટકાવવાના હથિયાર તરીકે જ હતો. એની પ્રજાને પોતાના પ્રજાતત્ત્વનું પહેલું ભાન કરાવનાર આ પુશ્કિન એના કાળના અને એ પછીના રશિયન જીવનના ઘડતરમાં એનો સૌથી મોટો હિસ્સો છે. ગ્રીકાટે, શેક્સપિયર, શીલર અને નિત્શે જેમ જર્મન જીવન ઘડયું, શેક્સપીઅર, બાયરન, શેલી ને કિટ્સે જેમ અંગ્રેજ જીવન અને ફ્રાન્સેસ્કા, રૅસિની, મોલિયેર અને ઝોલાએ જેમ ફ્રેંચ જીવન ઘડયું એ જ રીતે રશિયાનું જીવનઘડતર ચાર વ્યક્તિઓને આભારી છે; પુશ્કિન, ગોગોલ તર્જનેફ અને ટૉલ્સ્ટોય.

પરંતુ એ ચારેમાં પુશ્કિનનું નામ નિરાળું જ છે. એ કોઇ વ્યક્તિ કે દેશનો કવિ નથી જગતનો-માનવતાનો એ શાયર છે. એની શાયરી સાદામાં સાદી, સીધી હૃદયને પહોંચી વળે એવી છે. એનો શબ્દભંડોળ પણ બહુ નાનો છે. સમાજના નીચલા થર સુધી જ્યારે સાહિત્ય પહોંચવું નહોતું ને કુલીન વર્ગ પર જર્મન સંસ્કૃતિઓ તરફથી નજર ફેરવવા જ્યારે નારાજ હતો ત્યારે માતૃભાષામાં સાહિત્ય સર્જનારી અને મહત્તરપદે સ્થાપનાર આ કવિ. થીઓડોર ડૉસ્ટોયેવ્સ્કીએ તો એનું પૂતળું મૂકતા રશિયન પ્રજાને કહેવું કે, 'જો પુશ્કિન આપણને ન મળ્યો હોત તો એના પછીની સર્જક પ્રતિભાઓમાંની એકે આપણા સાહિત્યને ન મળી હોત.'

રશિયાના એ સાહિત્યાત્માનો જન્મ મોસ્કો ખાતે ૬.૧૬૯૯ ના જૂનની છઠ્ઠીએ થએલો. એના બાળપણના કાળમાં રશિયામાં ક્રાંતિ ફરસીની ઊજવણી હતી એકલા યુરોપના જ નહિ પણ ગ્રીક, અરબ, ચીન, હિંદ બધા મુલકોના સાહિત્યગ્રંથો રશિયન ભાષામાં ઉતારવાનો એનો ફાલ એટલો જબ્બર અને ભરતી છે કે આજ પણ અનુવાદક તરીકે જગતમાં તેનું સ્થાન અજોડ છે પુશ્કિને એનો ઝૂડો અભ્યાસ કર્યો. સર્જક પ્રતિભા તો એને મૂળથી જ મળેલી. તેની બુઢ્ઢી નર્સ એરીઆના રેડિયોનોવનાએ દંતકથાઓ ને લોકગીતોથી તેમાં ખૂબ રસમ્રા પૂરી હતી; એટલે અઢારમે વર્ષે રશિયન પરદેશખાતાની ઑફિસમાં એ જોડાયો એ પખતથી જ એણે, ૧૮૨૭મા પૂરું થએલું, 'રુસલા આં લીંદમીલા' લખવું શરૂ કરી દીધું હતું.

સાહિત્યસેવા તો એણે આદરી ને ઉંચક પ્રતિષ્ઠા યે મારા કરી; પણ સાથોસાથ એ કાળના રશિયન સમાજના ઐયાશી વર્ગ સાથે એ ભેટયો તો ખરો કે ધૂળને બીક લાગી કે તેનું કવિત્વ કુવાઇ જઈ તે માત્ર ફેશનેબલ વ્યક્તિ જ બની

છે તેમ ગદ્યલખાણોમાં તેની 'Captain's Daughter' એ નવલકથા અને 'The Queen of Spades' એ નવલિકા સર્વોત્કૃષ્ટ છે. એણે જે કાંઈ લખ્યું છે એ બધું લોકોની નાડ સાથે પોતાની નાડ મેળવીને જ લખ્યું છે. એમ તો આજના રશિયામાં બે લોકો માટે લખનારા ઘણા છે—પુષ્કિન કરતાં વધુ પ્રતિભાશાળી, જ્ઞાનવૃદ્ધ અને ઊર્મિશીલ,—પણ એ બધા 'Gentlemen writing about masses' જ રહ્યા છે. આત્યારનું રશિયાનું રાજકારણ જેમ મોટેભાગે પ્રપંચખોરી સિવાય કશું નથી, તેમ આત્યારનું તેનું સાહિત્ય પણ મોટે ભાગે પ્રચારકનેડા સિવાય કશું નથી બલ્કે, એ પ્રચારકનેડા પાછળ લોકોની સિદ્ધાંત પાછળની ધગશ હોવી તે એની ના નહિ. —અ.

માતૃભાષાની પ્રતિષ્ઠા

* * * હિંદની બધી યુનિવર્સિટીઓમાં કલકત્તાની યુનિવર્સિટી ન્યૂનામાં ન્યૂની (સ્થા. ૧૮૫૭) છે. રાષ્ટ્રીય અસ્મિતા માટેના તેના પ્રયાસો પણ સૌથી ન્યૂના છે. ૧૯૧૯મા બેઠેલું 'કલકત્તા યુનિવર્સિટી કમિશન' તો હિંદની યુનિવર્સિટીઓના ઇતિહાસમા એક માર્ગદર્શક ગણાય છે એનાં રાષ્ટ્રીય અસ્મિતાના અત્યાદરનું તાજું જ ઉદાહરણ આ નીચે ઉતાર્યું છે.

હિંદની યુનિવર્સિટીઓના ઇતિહાસમા અગાઉ નહિ બનેલો ગૌરવ લેવા જેવો એક પ્રસંગ હાલમાં બની ગયો છે. આ પ્રસંગ તે કલકત્તા યુનિવર્સિટીના પદવીદાન સમારંભ તા. ૧૭મીએ કવિવર ટાગોરે આપેલું ભાષણરૂપક જેવું પ્રવચન છે આ પ્રસંગની નોંધ એટલા માટે લેવાની છે કે કવિવર ટાગોરે બંગાળની માતૃભાષા—બંગાળીમાં પ્રવચન કર્યું હતું અગાઉ ઢાકે વાર આ યુનિવર્સિટીમાં પદવીદાન પ્રસંગે અંગ્રેજી સિવાય બીજી ભાષામા પ્રવચન થયેલ નથી, તેમ એ યુનિવર્સિટીની પદવી જેને ન મળી હોય એવા બહારના માણસોને તે કાર્ય માટે કોઇ વાર નિમંત્રેલા નથી. એટલું જ નહિ, સ્નાતક વિદ્યાર્થીઓને પદવી લેવા માટે કોટ-બૅન્ડ સિવાયના દેશી પોષાકમાં આવવાની છૂટ નહોતી; પરંતુ આ વખતે તે બાબતમા પણ છૂટ આપવા હતી, અને ઘણા ખરા વિદ્યાર્થીઓ ધોતી અને પહેરણ—બંગાળી પોષાક પહેરીને આવ્યા હતા. આ ત્રણ કારણોથી કલકત્તાની યુનિવર્સિટીનો આ પદવીદાન સમારંભ અપૂર્વ ગણી શકાશે.

હિંદમાં સહુથી પહેલી કલકત્તા યુનિવર્સિટી સ્થપાઇ હતી. યુનિવર્સિટીના વહીવટમાં સુધારા કરવામા પણ તે અગ્રેસર જ રહેતી આવી છે. શિક્ષણ વિદ્યાર્થીની માતૃભાષા દ્વારા અપાવું જોઇએ અને પરીક્ષા પણ માતૃભાષામાં જ લેવાવી જોઇએ એવી શિક્ષણશાસ્ત્રીઓ મોકેથી બૂમ મારી રહ્યા છે, પરંતુ તેનો અમલ કરવાની પહેલ તો કલકત્તાની યુનિવર્સિટીએ જ કરી છે. વેષ, ભાષા અને વ્યાખ્યાતા—ત્રણે બાબતોમાં સ્વતંત્રની પ્રતિષ્ઠા કરવાનો આ પ્રયાસ પ્રશંસનીય અને અનુકરણીય છે. ભારતા વિદ્વાન પ્રાસે, ભારતી ભાષામાં, ભારત પોષાકવાળા વિદ્યાર્થીઓને ઉપદેશ કરવાની ચાલી આવતી પરંપરામાં કલકત્તા વિદ્યાપીઠે પ્રશસ્ય પ્રણાલિકાભંગ કર્યો છે. આ પ્રસંગે ડૉ. ટાગોરે આપેલું ભાષણ સ્વભાષાના અભિમાનથી નીતરતું હતુ. તેમાં સ્વભાષા બંગાળી પ્રત્યેનો આદર અને લાગણી ઉત્કટ સ્વરૂપમાં દેખાઇ આવતાં હતા. એ ગ તૃભાષા તરફ વિદ્યાપીઠમાં બતાવાતા આવાદર પ્રત્યે ઉગ્ર રોષ પણ તેમાં દેખાઇ આવતો હતો. તેમ છતા અંગ્રેજી ભાષાની આવશ્યકતા પણ તેમણે દર્શાવી હતી; પરંતુ તે વિષયનું રાજકારણ, વિજ્ઞાન વગેરે સાહિત્યના ઉચ્ચ અભ્યાસ માટે તેમજ આજીવિકાપ્રાપ્તિ અર્થે. હિંદુસ્તાન એક જ એવો દેશ છે, જ્યા માતૃભાષાને બદલે વિદેશી ભાષામાં શિક્ષણ અપાય છે અને પરીક્ષાઓ લેવાય છે, એવી કડવી અને દુ:ખભરેલી ટીકા કરી તેમણે માતૃભાષા દ્વારા આમ વર્ગ સાથે એકરસ થવાનો રચનાત્મક સંદેશો વિદ્યાર્થીઓને આપ્યો હતો. (ગુજરાતી)

બ્રહ્મદેશનો વસંતોત્સવ

ચીનગુન અગાઉ બર્મેલાં એ બરમીઝનો મોટો તહેવાર છે. આખરી હોળી પછીથી પંદર દિવસે તે આવે છે. આ તહેવાર બરાબર જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે નક્ષત્રસૂચન છે. એ દિવસથી સૂર્યની ગતિ બદલાય છે. આખું અને બરમીઝ જ્યોતિષશાસ્ત્ર સરખું જ છે. મૂળ તો બંને એક જ સંસ્કૃતિની દુહિતા નો આ તહેવારના સાજાનરસા પર આખી પ્રજા ખૂબ જ વિશ્વાસ મૂકે છે. લ્હે એ ચોગની ધારેલી રીતે સંતોષ અને આનંદોલ્લાસમા બરાબર થાય તો એમની માન્યતા પ્રમાણે આખું વર્ષ લીલાલહેર! અને પહેલે દિવસે જો કંઇ વિઘ્ન નડે કે અપશુકન થાય તો આખા વર્ષની ખાનાખરાબી!

ચીનગુન તહેવાર લગભગ આપણા વસંતોત્સવને મળતો છે. ગ્રીષ્મ ઋતુના કકળાટથી ત્રસેલાં માણસો, પશુ-પક્ષી, ઝાડપાન, બધાં જ વસંતની આતુર નયને રાહ જોતાં હોય છે, અને વસંત દર્શન દે એટલે તેને આવકારવા કેસર પીચકારીઓ એકબીજાને રંગી દે છે. કેટલો મીઠો, મધુરો, આનંદી અને ઠંડકપ્રેરક રંગ! કેમુડાં ખીલે ત્યારે માણસના શરીર પર કેસરરંગ કાં ન શોભે? વસંતોત્સવની જળક્રીડામાં ગિરજો બોડે પાણીમાં સંતાકૂકડી રમતાં કોઈ ગિરજને પાણીની છાલે ગુંગળાવી નાખવું કેટલું આનંદદાયી છે! પણ એ બધું રહ્યું કયા? 'સાપ ગયા ને લીસોટા રહ્યા'

ચીનગુનના તહેવાર દરમિયાન ત્રણ દિવસ સુધી કિશોરકિશોરી પુકાનપુકાની પાણીનાં પીપ અને ટાંકી ભરી મોટરમાં નીકળી પડે છે. કેરકેર મંડપ બાંધી આવી ટોળીઓને ખાવાપીવાની અને બેસવાની સગવડ કરી આપવામાં આવે છે. મોટરને ફૂલપાનથી શણગારવામાં આવે છે. આ આરસ્તા દરમિયાન, કૂવા મોટરે, બાગામાં ફૂલ તોડી

આનંદ કરતી કિશોરીઓના કિલ્લોલ તો સામાન્ય બની જાય છે એટલે એકાદ ટોળી પસાર થાય તો તેને આવકારવા બીજી ટોળી સામે જ હોય છે. અકબીજા ઉપર પાણી છંટી, 'હીરાણો'-પરવા નહિ, એતો ગમ્મત છે પાણી છંટવું હોય એવું ગમે—થી એકબીજાના સત્કારને વધાવતી, આ આગવા શરણત પીકાના સાથે ટોળીના આગ્રહને વશ થઇ, જળ સિંચનથી શીતળ બની 'હીરાણા'ના ધ્વનિમા છૂટી પડે છે, અને જે વિલીન થએલા શબ્દના પડઘા આપણા કાનમા અને એ દૃશ્ય આપણા મનઃચક્ષુ આગળ મૂકતી જાય છે નૃત્ય અને અંગમરોડ તો આ પ્રજાને સહજ સ્વાભાવિક છે એટલે ચાલતી મોટર પણ ગાનતાન અને તેમનુ નૃત્ય તો ચાલુ જ આટલા ત્રણ દિવસ માટે એમના ખાસ પોષાક—આપણે હોળી પર પહેરીએ છીએ તેવા-પહેરે છે, કાન ઢંકાઇ જાય એવી-સુરદાસની ટોપીને મળતી, કાનમા પાણી ન પેસે માટે રબરની ટોપી પહેરે છે સ્ત્રી અને પુરુષ બને જાણે આનંદ અને મસ્તીમા આધળી બનેલી નાદાન સરદારની ટોળી! ઘણે ભાગે તો એમના આનંદ બહુ જ નિર્દોષ અને હૃદયમાથી ઉદ્ભવતો હોય છે. બસ ખાવુ, પીવુ, ખેલવુ અને આનંદ એ જ એમનો વ્યવસાય ન એમા કુટુંબની હદ કે ન એમા જાતિ—નરનારી—ની હદ માણસ -પાણી સુધી પોતાનુ જીવન આનંદી અને સંતોષી બનાવી શકે છે તેતો આ પણે એમની પાસે જ શીખી શકીએ આવો નિર્દોષ આનંદ લેતાય આ પણ હૈયુ ઘડીભર નાચી ઊઠે છે. એનો આનંદ લૂંટવા જેવો એમાય ધન્યતા નથી? આપણે તો કોઇ પણ સ્ત્રી-પુરુષ જોવા મળે એટલે એમા વિકાર શોધવા જ ટેવાયા છીએ એમને તો એનો વિચાર સુદ્ધા યે ન હશે!

પુષ્પ એટલે બરમીઝને મન અર્થ જીવન! ખાસ કરીને સ્ત્રીઓને મન ફૂલ જાણે એટલે તો ગાડાગાડા થઇ જાય કોઇ સુંદર ફૂલ જોવે એમને મન જીવનસર્વસ્વ અને એકાદ તદ્દન નવીનજ પ્રકારનુ, નવીન જ જાત પાડનુ, આખે ગોટો વળગે જોવુ ફૂલ પોતાના વાળમા ન થયું એટલે તો એમના જીવનનો મોટો લડાવો!! ઋતુ અનુસાર એ જોકો ફૂલનો બહુ જ ઉપયોગ-ઉપયોગ કરવા તો લગભગ મોટે ભાગે ઋતુના ફૂલો (seasonal flowers) પોતાના માથામા વધારે ગમતાના વસંતના બીજા આવે બરમીઝ સ્ત્રીઓનાં માથા પણ બીજી ઊઠે છે વરસાદના સૂચન કરતા પીળા ફૂલ બીજે કે તરત બરમીઝના માથામા ખીલ્યા જ.

વાળ એ અહીંની સ્ત્રીનુ મોટામા મોટું આભૂષણ છે એ પણ કરતા અહીંનુ વાળનુ ગમ્મત પણ મોટું. અને વાળની માવજત પણ એમની જ. જરા વખત મળે એટલે રસ્તે ચાલતા બુઢ્ઢા વાળ સમારવા મંડી પડે કાંસકી તો માથામાં જ હોય! ઓળાના સુંદરતા ખાતીર નહિ પણ સૌંદર્યે નહિ પણ લાવણ્ય છે; જોકે એમનાં નાક જરા ચીબા છે પણ એ ચીબા નાક પણ વારવાર જોવાથી આપણી આખ ટેવાઈ જાય છે જાણે એ પણ એમની સુંદરતામા વધારો કરે છે! આહીંની આબોહવા અને વાતાવરણ જ એવું છે કે અહીં જન્મતા બાળકના નાક ચી! બને છે-ગમે તે જાત કે જાત હોય તોપણ. આપણા હિંદીઓના પણ એ પ્રમાણે ચીબા નાકના બાળકો જન્મ્યા છે

વિશાળ વક્ષસ્થળ એ નારીનુ ભૂષણ છે એમ આપણા સંસ્કૃત કવિઓએ વર્ણવ્યુ છે પણ અહીં તો વિશાળ વક્ષઃસ્થળને બદલે જાણે વક્ષઃસ્થળનો અભાવ! તોપણ શરીરના અવયવો બહુ જ સપ્રમાણ છે. એમની ઉંચાઈ પણ સારી અને બાંધો પણ મજબૂત હોય છે. વિશાળ વક્ષ સ્થળ તો નહિ પણ સંસ્કૃત કવિનો કેશકલાપ તો અહીં આબેહૂબ નજરે પડે છે બરમી એટલે કેશકલાપ અને કેશકલાપ એટલે બરમી! (લોકવાણી) —પ્ર

દુનિયાની સૌથી ભારે ચીજ

આજ દિવસ સુધી આપણે સીસાને ભારેમા ભારે ચીજ ગણતા આવીએ છીએ પણ હવે તેનું સ્થાન 'ઓસ્મિયમ' ને આપવુ પડશે દુનિયા પરના કોઇ પણ પદાર્થથી તે વધુ ભારે છે, સીસાથી બમણું, લોઢાથી લગભગ ત્રણગણું, ઓ-ર્યુમિનિયમથી નવગણુ ને પાણીથી સાડાબાવીસગણું ઓ-સ્મિયમના એક ઘનફૂટનુ વજન ૧૪૦૧ પૌંડ થાય છે

ધાતુ બંધારણના છતા રસાયણિક પ્રક્રિયાઓમા ઘણે અંશે ધાતુગુણોથી વિમુક્ત રહેતો આ વિચિત્ર પદાર્થ રંગે આસમાની હોય છે ને કાચ કરતાં પણ વધુ સખત તેની પહેલ હોય છે ઇ ૧૮૦૪મા સ્મિથસન ટેનંટ નામે વિજ્ઞાનીએ તે શોધેલો યોરીલ અને યુરલ પર્વતોમા તે પુષ્કળ મળે છે (ટિ-બિટ્સ)

'મમ્મા' 'પપ્પા'નો બહિષ્કાર

'મમ્મા, પપ્પા' એ શબ્દોથી પોતાના માબાપને બોલાવવાની પ્રથા બર્મામાં બાળકોમા વધતી જોઇને બર્માના રાષ્ટ્રિયાભિમાન ધરાવતા લાગતા શિક્ષણપ્રેમી મંત્રીશ્રીએ પ્રાથમિક શાળાઓમા આ શબ્દોનો ઉપયોગ ન થવા દેવાનો હુકમ કાઢ્યો છે.

મીમલા

બ્રિટીશ કાળમાં હિંદુસ્તાનની રાજધાની બની રહેલા આ શહેરનું નામ કદાચ અંગ્રેજી કે ફ્રેંચ શબ્દ પરથી બને છે પ્રાચીન કાળમા ત્યા શ્યામલા દેવીનુ મંદિર હતુ, એટલે આ 'શ્યામલા' પરથી સીમલા બન્યુ એવો કેટલાકનો મત છે બીજો મત આમ છે, ત્યાની જમીનમાથી સ્વેત જેવો કાળો પથ્થર બહુ મળી આવે છે. એવા પથ્થરની એક મઢી ત્યાની ટેકરી પર બાંધી, એક સાધુ ઘણા વર્ષ રહેલો એ મઢી પરથી એ ટેકરીને 'શ્યામલા' નામ મળ્યુ એ બનેમાથી કોઈ પણ એકનું અપભ્રંશ સીમલા છે

આંખ ધોવાની રીત

*** આપણા દેશમાં દસ લાખથી વધારે લોકો આંધળા છે ને ત્રીસ લાખ ઉપરાંતની આંખો ચોટે યા ધાણે અંશે બગડેલી છે જીવનનું એ નૂર ધણી વાર તો આપણી બેદરકારીથી આપણે ગુમાવી બેસીએ છીએ એની રચના, કાર્ય, નડતરનો પ્રતિકાર વગેરેની આપણી દરેકની ફરજ છે. તાજેતરમાં એ વિષય પર 'આપણી આંખો' નામનું પુસ્તક શ્રી હરજીવન અમુલખરાય દેસાઇ (પ્રિતમનગર અમદાવાદ)એ બહાર પાડયું છે, જેમાંથી આ નીચેની હકીકત ઉતારવામાં આવી છે. પ્રકાશકે તેની સોળ નકલની કીમત એક રૂપિયો રાખવામાં આવી છે અને લેખક આશા રાખે છે કે, 'જેમને ઇશ્વરે પૈસા આપ્યા છે, તેઓ પોતાના ગરીબ બધુઓ આવાં પુસ્તકોનો બધુ પ્રમાણમાં લાભ લઈ શકે તેવો બંદોબસ્ત કરશે'








ડાબી બાજુ: ઉપર-ઝારી; નીચે આંખ ધોવાનો ખાસ પ્યાલો જમણી-પ્યાલાથી આંખ ધોવાની રીત

આંખો સારી રાખવા સારૂ કેટલાક લોકો નકામીનકામી દવાઓ આંખમાં નાખ્યા કરે છે, અથવા તેમાં સુરમો વગેરે આંજે છે. પણ તેમ કરવાની જરૂર નથી કેટલાક મૂખ લોકો આંખમાં રંગવાનો લાલ રંગ નાખે છે. તે ઘણું ખરાબ છે,



તાંસળામાં આંખ ધોવાની રીત

કારણકે તેમાં તેનાથી તરત જ ધોવાયો આંખને નુકસાન પહોંચે છે એને બદલે મીઠાના કે બોરિક ઍસિડના પાણીથી ધોવાથી તે ગજબનું ને સારી રીતે કરે છે. આ રીતે જુદાજુદી રીતે આંખ ધોઇ શકાય છે.

૧લી રીત—આખામાં ખરમાં નાખવાની વિનજાની કે બીજી બાતની ઝારી હોય તેમાં જે પાની ભરવું પછી મોઢું ઢોળવાના બંધુલ અને પહેલી આંખજી ઘડે આંખ ફાટી જીભ હાથમાં ઝારી પકડી તેના વતી તે પાણીની ઝીણી ધાર આંખમાં કરવી. આમ આંખ સરસ રીતે ધોવાઇ જશે.

૨જી રીત:—આંખ ધોવાનો ખાસ પ્યાલો આવે છે. તેમાં કુપકું પાણી ભરી, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે આંખને તેમાં રાખીને ઉઘાડવાસ કરવી. પ્યાલો સાંધા જબળ સુધી આંખ પર મૂકી રાખવો નહિ આશરાંય સેકન્ડમાં તેને ખસેડી લેવો, પછી ફરીથી આંખે મૂકવો. આમ અનુભવે જબળ ધોવાથી આંખ ધોવાઇ જાય છે એક આંખને રોગ થયો હોય તો તે પ્યાલાને સારા ગરમ પાણી વતી ધોવા બાદ જ બીજી આંખ ધોવાના કામમાં લઇ શકાય એક આંખમાં વાપરેલું પાણી બીજી આંખ માટે વાપરવું નહિ.

૩જી રીત:—કેટલીક વખતે એક મોટા તાંસળા કે કૂંડીમાં મીઠાનું કે બોરિક ઍસિડનું પાણી ભરી ચિત્રમાં બતાવ્યા પ્રમાણે મોઢું પાણીમાં ડબાડી રાખવું તે પછીથી તેમાં આંખને ઘણી વખત ઉઘાડવાસ કરવાથી તે ધોવાઇને સાફ થાય છે. બહુમાં બહુ પાંચ સેકન્ડ સુધી આ કામ થઇ શકે.

ગામની સભામાં પહેલ પહેલું ભાષણ કરવા ઊભો થયેલો એક યુવાન સભાશ્રોતાથી ગભરાઈ ગયો, એટલે બીજા સભ્યોએ તેની હુરિયો કર્યો. આથી ભારપૂર્વક રાખી એ બોલ્યો, 'મેં વારંવાર અનેક ભાષણો હાયગા લાધી છે ને તેમાં હું અંતે સફળ થયો હું. અત્યારે તો હું બેસી જઉં છું, પણ એક વખત એવો આવશે કે જ્યારે મને સમજવાની તમને ફરજ પડશે.' એ યુવાન તે પાછળથી બનેલો ઈંગ્લેન્ડનો વડો પ્રધાન બેન્જામિન ડિઝરાએલી.

ગણિત ગમ્મત

ત્રણ આંકડાથી દર્શાવાતી મોટામાં મોટી રકમ કઈ તે જાણો છો ? ૯૯૯ (9 raised to the 9th power of 9). અને તે કેવડી મોટી ? એનો જવાબ લખવા બે કાગળની ૧,૨૬૪ શીટ લાબી પડી જોઈએ ! બધા મળી છત્રીસ કરોડ લોકોનું લાખ આંકડા એ જવાબમાં આવે


અનેકાર્થી શબ્દ હાથો=હથિયાર કે બીજી કશાંથી પકડાય તે ભાગ; મૂઠ કે દસ્તો; સહાય; પક્ષ; કકુવાળા હાથની છાપ; અસર; કુમાર; બાજુ; નિશાન; રેલવેનો સિગ્નલ; વેપારીઓ ભાવ ઠરાવવા માટે આંગળીઓની નિશાની સાટ પોતાનો હાથ કપડા નીચે ઢાંકીને આપે છે તે.

કહેવતોના અર્થ: 'હાટે બાપુજી ખરા ગઈ' માર્ગમાં નડતું વિઘ્ન જ્યારે કશી તકલીફ આપ્યા વગર આપમેળે અથવા લગ્ન ઇલાજોથી જ દૂર થઈ જાય છે ત્યારે ઘણુંખરું આ કહેવતનો ઉપયોગ કરવામાં આવે છે. એને મળતી બીજી કહેવતોમાં 'વાઘે વાઘણ ખસી ગયું', 'વાઘે કમાડ દેવાઈ ગયાં' વગેરે બોલાય છે.



આરામ કુદરત

ઈલ માછલીની એક જાત. આખા શરીર કરતાં એનું મોં પહોળું. ને પેટ તો એવું વિચિત્રસ્વરૂપ કે પોતા કરતાં અનેકગણી મોટી માછલીઓને સમાવી દે.



નિઝામ ઓગ્ટ વરફથી જ્યુબિલી પ્રસંગે બહાદરપાદવામાં આવેલી ચાર અને આઠ પાઈની ટિકિટો આઠ પાઈની ટિકિટવાળા કવરમાં ભરવા તોલાનું વજન જઈ શકેછે. (રાગભાઇ)

તમાકુને લીધે જુદી જુદી જાતના ઔશી રોગો થતા હોવાનું જણાયું છે.

આલ્ફા નામને કોઈ બ્રહ્મ પોતાના સોદાની વાતો કર્યા કરતા હતા તેમને પાછળથી એક પ્રેક્ષકે કંટાળીને કહ્યું: 'બાઇબા, કઈ સામળવા દો તો બહેરણાનો!'

'એ ન બનવી શકે; આ અમારી ખાનગી વાતો છે.' બેનાંના એકે જવાબ આપ્યો.

એક દના કોલસામાં ૨૦,૦૦૦ ઘન ફૂટ ગેસ રહેલો હોય છે.

એક માખીની ઓલાદમાંથી એક કુટુંબની ભરવા ન પામે તો પાંચ માસમાં એ કુટુંબના આદલા સભ્યો આજ ૧,૦૬૬,૧૮૧,૨૪૮,૩૨૨,૦૦૦,૧૦૦,૦૦૦,૦૦૦.

મોટર, ગાડી કે ફર્નિચર બોરાના બોરા ભેપરને કાગ થઈ રહ્યા પછી કચરો ઘણો ભરવું કે ટબલા નીચે દાબી સાબવાથી તુકાઇને અક્કડ ન થઈ જતાં મુલાયમ રહેશે.



આધુનિક ઢબની ડ્રેસ ડ્રૉઇંગરૂમ–જેમાં લેખનસામગ્રી, પુસ્તકો, કપડાં અને રેડિયો સેટ બધું રાખવાની ગોઠવણ છે. અજમાવવા જેવું છે

કુમાર · ગુજરાતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ તેરમું · અંક ચોથો · શ્રેત્ર ચોવીસમો સો ત્રણ



પહેલવહેલી

હાં રે પહેલવહેલી રે,
કોઇ કહેશો કે તારલાની ટોળી રે
કોણે આકાશે રમવા મેલી રે પહેલવહેલી
રે પહેલવહેલી.

હા રે પહેલવહેલી રે,
કોઇ કહેશો કે મેઘગાથી કાઢી રે
કોણે ધરતી દીધી ઓઢી હેવી રે પહેલવહેલી
રે પહેલવહેલી.

હા રે પહેલવહેલી રે,
કોઇ કહેશો કે સાતે સાગરને રે
કોણે આવીને પાળી બાંધેલી રે પહેલવહેલી
પહેલવહેલી.

હા રે પહેલવહેલી રે,
કોઇ કહેશો કે ધરતીને ખોળે રે
કોણે નદીઓને વહેતી મેલી રે પહેલવહેલી
રે પહેલવહેલી.

હાં રે પહેલવહેલી રે,
કોઇ કહેશો કે કોકિલને કંઠે રે
કોણે સતાઇ સૂરેલ રેલી રે પહેલવહેલી
પહેલવહેલી.

હા રે પહેલવહેલી રે,
પેલા ઘેલા ચકોરનણ ચિત્તે રે
કોણે ચંદરની પ્રીતડી ભરેલી રે પહેલવહેલી
રે પહેલવહેલી.

હા રે પહેલવહેલી રે,
પેલી વાછડીને બીલડોળા છૂટતાં રે
કોણે ધાવવાની વાત ગોખવેલી રે પહેલવહેલી
રે પહેલવહેલી,

હા રે પહેલવહેલી રે,
નનાં બાળકને માત મામુ જેવી રે
કોણે હસવાની વાત પઢવેલી રે પહેલવહેલી
રે પહેલવહેલી.

હા રે પહેલવહેલી રે,
કોઇ કહેશો શહીદનણે હૈયે રે
કોણે કુરબાનીને કોતરેલી રે પહેલવહેલી
રે પહેલવહેલી.

મારા ઘરે

ચિત્રકાર કાત્સુતાને ઘેર



જપાની કલાકાર કાત્સુતા જે હિંદમાં શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરને ત્યાં વર્ષો ગયા હતા

• ઇન્ડો જપાનીઝ એસોસીએશનના મંત્રી મિ. સકાઇએ નહીં-નહીં સંસ્થાઓના મુલાકાતો માટે ગોઠવણ કરી આપવાનું સ્વીકાર્યું હતું તેના પ્રથમ તેમણે ગિનિન્ઝર ઑફ ઍન્યુકેશન સાથે ઓળખાણ કરાવી તેમનું કાર્ડ આપ્યું. એ કાર્ડ અમારી પાસે છે એમ જણાવતા કોઇપણ સંસ્થા અમને આવકાર આપશે એમ તેમણે આગ્રહપૂર્વક કહ્યું હતું, પણ અમને એ વખતે ખાત્રી થઈ નહોતી. પછીથી જ્યારે અમારો ફોન મિ. આમાનો ટેલીફોન પર ટોકીઓના શાળા, હુન્નરશાળા કે કૉલેજને અમારી ખબર આપી વખત માગતો કે તુરત અમને સમય મળતો અને સામેથી તેઓ જણાવતા કે તેમના પર એ ખાતાનો ઍન્યુકેશન મિનિસ્ટરનો સરકુંલર આવી ગયો છે! અજાણ્યા પરદેશીઓને આવી તત્પરતા અને ઘોકસાઇભરી સગવડતા મળે તેથી કેવું સાનંદાશ્ચર્ય થાય? બેચાર શાળા ને કૉલેજો જોવાની યોજના કરવામાં મિ. સકાઇએ જે ટેલીફોન-સંદેશા ચલાવ્યા, તેમા મારા માટે કોઇ કલાકારની મુલાકાત કરાવી દેવા પણ તે બહુ ઉત્તેજન જણાવ્યા; પણ વૅકેશન હોવાથી ઘણા તો બહારગામ ગયાના ખબર મળતા. આખરે દસ વાગ્યે તેમનો ટેલીફોન આવ્યો કે ચેતે ભતે એક આર્ટિસ્ટને ત્યા સાથે આવશો અને પછી બીજી યોજના થઇ રહેશે હિંદુસ્તાનમાં આવી ગએલા એ કલાકાર જોડે મને મેળવવામાં તેમણે ખાસ હેતુ વિચાર્યો હશે એમ મને સમજાયું, કેમકે એથી હિંદુસ્તાનથી આવનાર આ પરદેશી કઇ કક્ષાનો માણસ છે એ સહજમાં જાણવાનું બને. સુભાગ્યે પાછળથી હું સમજ્યો કે તેમની તુલનામા તેમને નિરાશ થવું પડ્યું નથી. સજમજ દસ વાગ્યે એ મને તેડવા આવ્યા તે વખતે વરસાદ પડતો હતો, છતાં તેમણે મારી સાથેનાં ચિત્રો લઈ આવવા કહ્યું એટલે બારે પેટી રિક્ષામાં તેમણે પોતે સામેથી હાથ આપ્યો. જપાનમાં ઊંચા દરજ્જાના માણસો પણ જરૂર પડતા ઊંચકે ઉપાડતાં કે મદદ કરતાં શરમાતા નથી એ મેં ઘણી વાર જોયું હતું, અને પચાસ વર્ષના મિ સકાઇ, વિદ્યાર્થીના ઉત્સાહથી પેટી ટેક્સીમાં મૂકતાં અને ઊતારતા વાર ન લગાડતા એ જોઈ મને પણ ક્ષોભ થતો.


વરસાદ ઓસરો ગયો હતો કે ક્યાં યે જવાનું ગમજ ન થાય. એ વખતે અમારી ટેક્સી ટોકીઓના કોઇ ધરાની ટેકરીવાળા રસ્તા ચડતીઊતરતી એક બગીચાવાળા બારણા આગળ જઇ ઊભી. ટેક્સીવાળાને તગારાં કેટલાનું કાર્ડ આપ્યું કે પછી જવાની કલાકાર કાત્સુતા જે હિંદમાં શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરને ત્યાં વર્ષો ગયા હતા. તેની જ ફરજ કે કેટલાસર ઊભી રાખે આ મુલાકાત વેળા તેને એટલું ઠેકાણે ટેક્સી ઊભી રાખી પોલીસને પૂછવું પડ્યું અને રસ્તા પર ચોકીસો નકશો મેળો પડ્યો. મને આગળ આવી ગએલા એકલે હિંદી ચિત્રોએ કહેવું કે ટોકીઓમાં ઘર ટેક્સીવાળાઓને પણ બીજા સત્તામાં જઈ પૂછવું પડે એટલું વિસ્તારવાળું એ શહેર છે. અને આખુ ટોકીઓ ખૂંદી વળેલા ટેક્સીવાળા તો ઘણા થોડા; છતાં ટેક્સીના નકશા ચોપડા સંપૂર્ણ કે તેના આધારે તે ક્યાં ય પણ જવા તૈયાર થાય.

કલાકાર મિ કાત્સુતાના ઘર આગળ આમે પહોંચ્યા ત્યાં સુધીમા ટેક્સી ચારેક આઇલ દોડી હશે, છતાં અમે માત્ર ૬૦ સેન—લગભગ છ આના જ ચૂક્યા!

ટપકતા વરસાદ નીચે ખભે કોથળી ચિત્રપેટી લઇ અને તો મિ. કાત્સુતાના ઘરના ઊંચા ઉતરા આગળ ઊભા રહી ઘંટડી દાબી. મિ. સકાઇએ પોતાના બૂટ ઉતાર્યા. મેં પણ ઉતાર્યા; ત્યાં બારણું ઊઘડ્યું અને બીજી જ પળે તો એ ઘરના બાઇ પોતે ઘૂંટણે પડી માથું નમાવી આવકાર આપતાં દેખાયાં. મિ. સકાઇએ તરત બહુ જ આદરપૂર્વક સામું નમન કર્યું અને 'નામદાર ચિત્રકાર ઘરમાં છે કે?' એમ હસતાંથી પૂછી અમારાં કોટ આપ્યાં. તે લઇ બાઇ અંદર ગયાં એટલે મિ. સકાઇએ મને હળવેથી કહ્યું, 'જપાનમાં આવા ચિત્રકારોને મળવું બહુ મુશ્કેલ હોય છે.' વેપારી આલમનો આ બોભીઓ, લખપતિઓને રોજ મળનારો, ચિત્રકારના ઘરને આટલું આદર્શ સ્થાન અને દૃષ્ટિબિંદુ મારે એ મારે મન નવાઇ જ હતી. પણ મને વિચાર કરવાની તક મળે તે પહેલાં તો બાઇ પાછાં આવ્યાં અને ચિત્રકારે જણાવ્યું કે આપની જ રાહ જોવાય છે; અંદર પધારો.

જપાની ઘરની ખંચાણી જેવી ચાલમાંથી અમે પાછળ બગીચાની બાજુના ખંડમાં ગયા. ત્યાં વિશાળ મુખ્યખંડનો સાદો ઓરડો અને ચિત્રગોલક તેમજ બગીચા તરફની આખી બાજુ ખુલ્લી બધું પૂરું જપાની ઢબનું બહારની હવા અને વરસાદથી બચવા માત્ર બારણાં મોટાં ચોકઠાં આંડાં જેવી લેખામાં આવ્યાં હતાં.

અમે જરા વાર બેઠા. મારાં ચિત્રો બહાર કાઢી મિ. સકાઇએ પ્રદર્શન માફક ગોઠવી દીધાં. તેમણે પણ અહીં જ



કલાકાર મિ. કાત્સુતાને ઘેર બેસીને ગુજરાતી કલાકારોના ચિત્રો બતાવે છે 'દોચ્યો' પત્રે પ્રશ્ન કરતી છબી

પહેલીવાર જો જોયા અને મારો કયાસ કાઢવાની તેમને ટેક તક મળી ગોટલામા પરવારેલા મિ કાત્સુતા ત્યા આવ્યા વિવેક પચાર થયા બર્દી તો જપાની શિષ્ટાચારમા એક પણ ભૂલ ન થાય તે ની સધાઇ પણ ખૂબ કાળજી રાખતા—જાણે જપાની સસ્કૃતિના રક્ષક મોઇ દેવને પરી ા આપતા ન હોય મેં દૂબળા પણ ભાવપૂર્વક મારો વિવેક પૂરો કર્યો એટલે મિ સકાઇએ મને બેસવા ી ખાસ જગ્યા બતાવી મહેમાનને જો બેઠક બતાવાય બારી સામે દેખાય એની રીતે જગ્યા આપે છે ઘરધણી તેની જમણી બાજુ બેસે છે મિ કાત્સુતા અમજી સમજ્યો એમ કહેતા મેં મારા વિષે અને ચિત્રો વિષે કહેવા માડયુ, પણ સામેથી તેમના પ્રશ્નો બાવ્યો કે ચર્ચાની ધારા ઊડી ગઇ જપાનીઓ પરદેશ જાય ત્યારે જેવુતેવુ અમેજી શીખી તો લે છે, પણ જપાનમા આવતા ભૂલી જાય છે સમજે પણ કોક પણ મિ કાત્સુતા ઘણુ બોલતા અને પૂછતા એટલે મન લાગ્યુ કે મારા કામમા એમને ખૂબ રસ પડે છે

આટલો ક્રમ કુ સમજાવી રહ્યો એટલામા બીજા બે જપાની ગૃહસ્થો મોડર્ન પોશાકમા આવી પહોચ્યા એ પાછી, બોલી જાણવા મિ કાત્સુતા ઉપર મેં જોઇ પણ મિ. સકાઇએ તેને અને મને જુદીજુદી ભાષામા સમજાવ્યુ કે અમે નીકળ્યા ત્યારે તેમણે 'દે ચી' પત્રની ઑફિસમા ટેલીફોન કરેલો કે એક હિંદી કલાકાર જપાની કલાકારને મળવા જાય છે તમારા રીપોર્ટરને મોકલવો હોય તો મેં કહ્યું એ બે પેઢી એક જાણ રીપોર્ટર હતો અને બીજો ફોટોગ્રાફર હતો રીપોર્ટરે તો પાથરી નોટબુક હાથમા લીધી અને મિ સકાઇ મારફત મને ટોકયો સવાલ જવાબ પૂછવા કરવાન મિ કાત્સુતા બનાવેલા ચિત્રો બારીકીથી જોતા બેઠા એટલામા તો પ્રકાશનો પ્રબન્ધ મારો થયો અને ખૂણામા ઊભેલા ફોટોગ્રાફરે દબી પાડી લીધી એમ મેં જાણ્યુ જપાનમા આ રીતે સચિત્ર રીપોર્ટ લેવાનો બહુ શોખ અને મહિમા વધી પડયો છે તેનો મને આ બીજી વાર અનુભવ થયો આ પ્રસગો તો મને પાછળથી બહુ રમૂજ ઉપજાવનારા હતા તે આગળ જણાવીશ

ઘણી વાતો કરતા જણાયુ કે મિ. કાત્સુતાએ ટોકિયા કલકત્તા ના જ પ્રવાસ કરેલો મુબાઇની બાજુથી તે સાવ અજાણ હતા પશ્ચિમ હિંદનો કુ ઓકેલો અને પહેલો ચિત્રકાર જપાનમા આવ્યો હુ એમ તેમણે કબૂલ કર્યું પછી વાતમા મેં જણાવ્યુ કે છતા મેં તો તેમના ચિત્રો 'રૂપમ્' પત્રમા જોયા હતા આ પ્રસગોમા, રામ અયોધ્યાગમન, સીતા વગેરે નામો આપ્યા ત્યારે એ ખૂબ ખુશ થયા વાતમા મેં જણાવ્યુ કે તેમનુ 'સીતા' નામનુ ચિત્ર તો અમદાવાદમા શેઠ અબાલાલ સારાભાઇને ત્યા છે અને તેનુ રીપેર કામ કરવાનો મને પ્રસગ મળ્યો હતો, ત્યારે તેમને મારામા બહુ રસ પડયા ઊભા થઇ તો ઊભા અને બાજુના રૂમમાથી બીજી જાપની ટાયોરનુ એક નાનુ આછેરા રંગનુ ચિત્ર લઇ આવ્યા બીજી રીતમા જોયુ તો ન નકકુ રંગનુ ચિત્ર જોઇ મને આનદ થયો જોકે જપાનના મોટા



મૅડમ રોઇકો યોશીમુરા

ચિત્રપટો. આગળ તો એક ઑર્ગેટરની કૃતિ જેવું લાગતું હતું. હું ઘણું પૂછવા-કહેવા ચાહતો હતો. પણ મને બાજુ બાજુની દીવાલો નડતી હોવાથી ખબર અને મહેનત બહુ ખર્ચાતાં. તો યે દોઢેક કલાક પીતી ગયો. મિ. કાત્સુતાએ છેવટમાં એક વાકય કહ્યું જે હંદી ભણી નરસાય એવું હતું 'હિંદુસ્તાનના હજુ ચિત્રકારને યોગ્ય સ્થાન મળ્યું નથી' જાપાનને એમ કહેવાનો અધિકાર છે એમ મને પણ લાગ્યું

આ બધી મુલાકાત દરમિયાન મિસિસ કાત્સુતા એક વાર હિંદી ચા બનાવી લાવ્યાં; પછી વળી સોબાવીનની મિઠાઈ પીરસી ગયાં; પણ મિ કાત્સુતા તો જાણે તેની ખબર જ ન હોય તેમ જેનું કામ જે કરે એવી તટસ્થતા રાખતા જણાયા. મિ કાત્સુતાની કૃતિ જોવા મેં ઇચ્છા બતાવી ત્યારે તેમણે જણાવ્યું કે તેમના ચિત્રો તુરતાતુરત અમેરિકનો ખરીદી જાય છે, પણ હાથ પરનું એક બિલાડીનું ચિત્ર તેમણે બતાવ્યું તે પરથી તેમની પ્રાણી-ચિત્રકાર તરીકે અદ્‌ભુત પીછી જોઇ હું આફરીન થઇ ગયો. એ પરદેશી ચિત્રકારે હિંદી ચિત્રો દોરવામાં ઘણી શક્તિ અને સચોટતા બતાવ્યા હતા.

મિ. કાત્સુતાને મળવાથી ટોકીઓની કળા વિષેની મારી આતુરતા જરા યે શમી નહોતી અને હજુ કંઈક તાત્ત્વિક અને વધુ ખ્યાલ આપે એવી મુલાકાતની ઝંખના રહી હતી. એક બે સ્ટોરમાં બસ જોયેલાં પાર્ટસોનો જોયાં. સ્કૂલ ઑફ આર્ટ જોવાની હતી, પણ વરસાદની ઝડીઓ ઉત્સાહ અને પ્રવાસ ઠંડો કરતી હતી. બધુંમાં મુસ્કેલા રંગોની રહેતી. કાળોમાં તો જાપાની-અંગ્રેજી કે જાપાની-હિંદી વ્યવહાર કરનાર કોઇ ને કોઇ સાથી મળી રહેતા, પણ અહીં તો નાનાભાઇનો દરજો આપનો હોય તો જ રસ્તો થાય એવામાં, અમારા કોલેથી એક ઓળખાણ પર પત્ર લખેલો તે મૅડમ યોશીમુરાનો પત્ર આવ્યો કે તે બીજે દિવસે સવારે કામાકુરાની બાજુના ગામમાંથી ખાસ મને મળવા આવે છે. તેમનો પુત્ર બીમાર હોવો તે જલ્દી મળી શકયાં નહોતાં. ચાલો, હવે એક ઓળખાણ એવી બને છે કે જે બધુ છૂટથી અંગે જોવાની સગવડ કરી. તેમના પત્રો અંગ્રેજીમાં આવતા એટલે મને સીધી વાતચીતની સરળતા મારો ભોગ બની ગઇ.

બીજે દહાડે સવારે દસેક વાગ્યાના ગુજારે ગાડી ઇંગ્લેન્ડની ઢબની ઇમારત ફોન આવ્યો કે મૅડમ યોશીમુરા લિફ્ટમાં ઉપર આવે છે. હું બારણા બહાર ઘરચો ત્યાં ફ્રેંચ ઢબે બાંધેલા આધેડ ઉંમરનાં મૅડમ યોશીમુરા લિફ્ટમાંથી બાળ ખરચાળી આવતાં દેખાયાં તુરત નમનોની આપલે કરી મારા રૂમમાં તેમને આવકાર આપ્યો; ચાનો ઓર્ડર આપ્યો.. બહાર યોગાસું જ હતું, પણ મૅડમ યોશીમુરાના આનંદમય ચહેરાએ તથા મને મદદ કરવાની ઇતેજારીએ મને જોમ આપ્યું. તેમણે પહેલું જ પૂછયું કે તમે અહીંના કોઇ આર્ટિસ્ટને મળ્યા કે નહિ? મેં મિ કાત્સુતાની વાત કહી. તેમણે કહ્યું ફિકર નહિ. એમ કહી ટેલીફોન ડાયરમાં રહેલ ટોકીઓનાં બેચાર ઠેકાણાં બખડાવ્યા. તેમના પોતાના ગુરુ એક મહાન ચિત્રકાર હતા, તે પણ બહારગામ! બીજા, તે પણ બીમાર હોવાથી નહિ મળી શકે; જોકે તે એક મોટી ખાનગી આર્ટ સ્કૂલ ચલાવનારા હતા ત્રીજા મિ. સકુતેન ટોકીઓના સુપ્રસિદ્ધ ક્યારૂન-ચિત્રકાર, જેમને ત્રણ કંપનીએ સીન્ડીકેટ કરેલા. એમનો જવાબ આવ્યો: 'હોં; ઘરમાં જ છું તમારા ચિત્રને તાબડતોબ મોકલો. કાલે તો હું બહારગામ જવાનો છું, પણ તેને બદલે હું પણ ફ્રેન્ડલી છું'


મૅડમ યોશીમુરાને કંઈક સંતોષ થયો કે ઓછામાં ઓછા ચિત્રકાર તો મેળવી આપ્યો તેમણે ચા પીવી ને ટૂંકમાં પોતાની હકીકત કહી. પોતે સારાં ઘરોમાં કળાનાં ટ્યૂશનો આપે છે. નવ વર્ષનો છોકરો છે, તેને મોટો કરવા પૂરતો ઘરમાં રવાર્થ છે. પતિનું એટલું સંભારણું અને પોતાની કળા બે જ તેમના જીવનનાં અવલંબન; સિવાય કોઇ જ ભાર તેમની નજરમાં નહોતો.

તેમના કહેવાથી હું તુરત તૈયાર થઇ ગયો. દરજો આમાનો તો નાનાભાઇ સાથે નાકળી ગયો હતો. સોબતની ખાતર મેં બાજુ રૂમના પુરોહિતને સાથે ઘસડ્યા. આ ભાઈ જાપાનમાં અભ્યાસ કરવા આવેલા, પણ કૉલેજ ઘસડવાની વાર હતી એટલે અમારી હોટેલમાં આવી ભેગા થઈ ગએલા. મૅડમ યોશીમુરાએ નીચે આવી ટેકસી કરાવી આપી ને તેને સરનામું આપ્યું. કયાં જવું છે, કોને મળવું છે તેનો કશો પૂરો ખ્યાલ કર્યા વગર અમે તો ઊપડયા. મૅડમ યોશીમુરાએ ટોકીઓના રસ્તામાં એક નવી રેખા દોરી.

કલાક્ષચિત્રકાર મિ. સકુતેન ;

■ આ ટોકીઓના ટેકસીવાળાઓને તો હજારો ધન્યવાદ હજો! ચાર છ માણસનાં અડાબડાં ચારસાં લઇ કોઇ એક પરામાં આમને ઓક યાંત્રિક પરનું બોર્ડ બતાવતો એ ઊભો રહ્યો. બાજુમાં એ જ સકુતેનનું ઘર! અમે નવી ઘંટડી બજાવી. ઘરની દાસીએ બારણું કૂણ કર્યું અને મુલાકાતના ખંડમાં બેસાડ્યા. અહીં પહેલી જ વાર ખુરશીઓવાળો ઓરડો જોયો. પછી ખબર પડી કે સકુતેન અગિયાર વર્ષ યુરોપમાં અભ્યાસ માટે





ડા ી બાન્ડુ જપાની કલાકાર રાકુતેન કીતાઝાવાએ ચેમકનો કરેલો સ્કેચ • ડા૨ લેખકે મિ રાકુતેનનો કરેલો પેન્સિલ સ્કેચ

જઈ આવ્યા છે ને તેથી થોડુ પણ અંગ્રેજી ને ફ્રેંચ ભરડી જાને છે કલાકાર સાથે સીધી વાત કરવાની સિજ્જત અને માનવતાસ્પર્શ મને બહુ જ આનંદ આપવા લાગ્યો

મિ રાકુતેન બાપી દડી ા, હસમુ ા, ફ્રેંચ કટ ી મૂછ વાળા ગૌઢ સજ્જન છે ચિત્રો વગર તેમને પણ બતાવ્યા પડી તે અદર પોતા ા સ્ટુડિયેમા મને લઇ ગયા ત્યા ચ, ફોટા, નારતો વગેરેથી તેમણે આદર કર્યો તેમનો સ્ટુડિયો બહુ જ મોટો જોઈ તેનુ કારણ પૂછતા કહ્યું કે દરરોજ સાંજે બધા મળી લગભગ ૧૮૦ વિદ્યાર્થીઓ તેમ ા સ્ટુડિયેા ા લાભ યે છે મૉડેલ પરથી ચીતરે છે ધમાર્ગી કલા, પ્રેસ આર્ટ વગેરે શીખે છે કેટલાકો, દિવસે કળાના જ ધ ધામા નિર્ણાક કરે છે તેમણે વિદ્યાર્થીઓ માટે કૂપનો કરેલી એક યેાજના પાચ કૂપનો આપતા વિદ્યાર્થી જે દિવસે ક્લાસમા આવે તે દિવસે એક કૂપન આપીને બેસે તેમણે મને બહુ આગ્રહ કર્યો કે એક-બે રાત તેમના ક્લાસમા મારે હાજરી આપી વિદ્યાર્થીઓને પરિચય આપવો પણ સાથ અને વાગીવ્યવહારના સાધન ી અડચણમાણ એ લી હતી કે રાત્રે જોખમે દૂર આવવાનો વિચાર પણ અશ્ક્ય લાગ્યો મેં આભાર માની છેવટમા તેમનો સ્કેચ કરવા માડ્યો, એટલે તેમણે પગ ફાસી પાસે પીઠી ર ો ભગવી ગાઢ વ્યક્તિચિત્ર લેવા માડ્યુ અમે ખરેખર એક-બીજા ા પ્રેમી બ ી ગ ા એવા માન આવ્યો આ બાર માત્ર કલ્પના નથી એની પ્રતીતિ પછીથી તેમણે લખેલા પત્રમા મળી હતી છગન પુરોહિતને તેમણે એકદમ અક ો વટ ચીતરી આપ્યો અને કહ્યું કે 'લો, વારા બાપુના માટે આ આદર્શ સાચવજો,' અને જોરથી કહીને ખડખડાટ હસી પડ્યા

મિ રાકુતેન ઘણા પ્રકાશકો અને સચિવ ત્રો સાથે પણ ગાઢ સબધ ધ ારતા લાગ્યા તેમના ચિત્રાર્થીઓ પણ ઘણી સારી જગ્યાએ ચિ ારિસિદ્ધો અને આર્ટિસ્ટો થઈ રહ્યા છે એ મેં જાણ્યુ અને તેમની લાગવગથી ઘણી બાન્ડુઓ જોવાનો ખ્યાલ કરી નાખ્યો તેમના તાતના વર્ષમા ગોકુલદાર તો જવુ એવો નિશ્ચય કર્યો, પણ પછીથી ટોકીયોના સજોગોએ જોર પકડ્યું કે તેનો અમલ ન જ થયો

ઇમ્પીરીયલ આર્ટ ઑકેડેમી

● રેર આવતા મિ સકાઇનો ટેલીફોન આવ્યો કે ઇમ્પીરીયલ આર્ટ કૉલેજ કાલનો જ દિવસ છુટ્ટી રહેશે પછી વૅકેશન પડે છે, માટે આપણે સાથે જ ત્યાં જવાનું છે આ એક નવાઈ જ હતી કે મિ સકાઇ જેવા બધાની બાન્ડુ બધારે સબધ ધરાવ ારા પણ મારી જોડે આવે ઠેકાણે આવવામા વધુ રસ લેતા હતા અમે બીજે દિવસે આર્ટ સ્કૂલમા પહોંચ્યા ત્યારે ખરેખર શાળાની પરીક્ષાઓ ચાલતી હતી તેમજ કેટલાક પ્રોફેસરો કે જેમ ા પર મેં બ્લાકો આલેખી તેઓ હતા ગાટે કે આરાગા માટે પહાડો પર કે દરિયાકિનારે ચ હ્યા ગયા હતા છતા મિ સકાઇએ અમારી ઓળખાણ કરાવી, એટલે પ્રિન્સિપાલે અમારો આદર સ્વીકાર્યો અને બધા વિદ્યાર્થી-ઓને બોલાવી, મારા ચિત્રસગ્રહ પર મારી પાસે વાત કરાવી તરજૂમો કરી દરેક વિષય સમજાવ્યો આ તો મારુ મહદ્ાન થવા લાગ્યુ તે જોઈ હું ચિત્રો બતાવવાનુ મિ સકાઇ પર છોડી, બીજા પ્રોફેસરને લઈ વર્ગો જોવા ચાલી નકિજનો ટોકીયોની આ આર્ટ કૉલેજ એક મોટી યુનિવર્સિટી જેવી છે તેમા અગાસ ન ાની કળાનો સપૂર્ણ આદર અને શિક્ષણનો પ્રબધ છે તે સાથે યુરોપીઅન કળાઓ માટે પણ એટલો જ જોરદાર રુઝાન

(અનુસધા ા આગળ પા ા ૧૮ પર)

ગમે કેટલા રાજકારણપટુઓ કે અર્થશાસ્ત્રીઓ રાષ્ટ્રનું ઘડતર કદી કરી શકતા નથી. એ ઘડતર થવા પહેલાં પ્રજાની કલ્પનામાં એનો આદર્શ ખડો થવો અનિવાર્ય છે. પ્રત્યેક રાષ્ટ્રના ઘડતર પાછળ એવી કોઈ વિભૂતિ ઊભી જ હોય છે. એ પ્રમાણે હિંદમાં પણ એક વિભૂતિ થઈ ગઈ. એણે માતા ભારત માટે હિંદવાસીનાં હૃદય સળગતાં બનાવ્યાં. વિભિન્ન જાતિઓ ને પંથોને એક જ માતાનાં ફરજંદ હોવાનું ભાન કરાવ્યું. 'વન્દે માતરમ્'નું અમર ગીત આપી હિંદી હૃદયમાં માતા ભારતીની એણે પ્રતિષ્ઠા કરી. પરંતુ એકલી રાષ્ટ્રીયતા ગાઈને જ એણે સંતોષ ન માન્યો; પોતાનું જીવન જ રાષ્ટ્રીયતાના સ્રોત સમું એણે બનાવ્યું. 'વર્તમાન યુગના માનસની પુરોગામી સૂચના માત્ર નહિ, પણ તેનું યથાર્થ દર્શન' એણે કર્યું હતું.

આ વિભૂતિ તે બંગ સાહિત્યની રંગદર્શી દીક્ષાગુરુના આદ્ય જનક અને હિંદી રાષ્ટ્રધર્મની પ્રથમ વ્યાખ્યા બાંધનાર બાબુ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય.

પાશ્ચાત્ય જગતમાં, મશિયાવેલ્લી, એ રાષ્ટ્રીયત્વ અને પતનકારોશીનાં સૂત્રોનો પયગંબર ગણાય છે. તેના સરખું જ પ્રતિનિધિત્વ ધરાવનાર કોઈ હિંદીનું નામ આપણે જોવા જઈએ તો બાબુ બંકિમચંદ્રનું નામ નિઃશંક મૂકવું પડે. એમનો રાષ્ટ્રધર્મ મશિયાવેલ્લીથી યે ઉદાર હતો. રાજકારણનો મુખ્ય પાયો એમને મન સ્વદેશભક્તિ હતો. એટલા ખાતર જ નહિ, એ ઉપરાંત બીજી રીતે પણ રાજકારણી ફિલસૂફ તરીકે મશિયાવેલ્લીથી એમનું સ્થાન ચડે એમ છે. એ ફ્લૉરેન્ટાઇન મહાપુરુષનું તો કહેવું હતું કે 'જ્યારે એક દેશની સહીસલામતી જોખમાય ત્યારે યોગ્યાયોગ્ય, હિંસા-અહિંસા, પ્રશસ્ય કે નૃશંસ, કશાની ગણતરી ન હોવી જોઈએ. જે વડે દેશનું સ્વાતંત્ર્ય રક્ષી શકાય, એ સિવાયના બધા માર્ગોની ત્યારે ઉપેક્ષા કરવી ઘટે!' પરંતુ બંકિમબાબુનો આદર્શ જુદો જ હતો. એમના અમર બનાવેલા ગ્રંથો 'કૃષ્ણચરિત્ર' અને 'ધર્મતત્ત્વ'માં એમણે પોતાના આદર્શનો રફોટ કર્યો છે. સ્વદેશભક્તિથી દેશનું હિત રક્ષાય છે એટલા ખાતર એની મહત્તા એ ન સ્વીકારતા. એ માનતા કે એથી જગતને સેવા આપવાનો રાહ પણ ખુલ્લો થાય છે.

ઈ. ૧૮૩૮ના જૂનની ૨૭મીએ ગંગાકિનારે આવેલા કાંટાલપાડા ગામમાં એમનો જન્મ થયેલો. તેમના પિતા યાદવચંદ્ર જેવા પ્રતિભાશાળી અને ઉદાર હતા, તેવાં જ તેમનાં માતા દયાળુ અને શાંત સ્વભાવી હતાં. પાંચ વર્ષની વયે તેમને શાળામાં બેસાડવામાં આવ્યા ત્યાં પહેલે દિવસે જ તેમણે આખો કક્કો શીખી લીધો.

આવી કુશાગ્ર બુદ્ધિને લઈ, બાર જ વર્ષની વયે એ હુગલી કૉલેજમાં દાખલ થયા. જાતની તેમની તરસ એટલી તો પ્રબળ હતી કે કૉલેજના પુસ્તકાલયમાંથી અનેક વિષયનાં પુસ્તકો લાવી તે ચાંચી નાખતા. કૉલેજનાં પુસ્તકો પાછળ બહુ ઓછું ધ્યાન એ આપતા, છતાં તેમનો જે ઊંચો વર્ગ રહેતો તે તો શિક્ષકોને પણ સાનંદાશ્ચર્ય ઉપજાવતો. પરીક્ષા નજીક આવે ત્યારે જ તેઓ કૉલેજનાં પુસ્તકો વાંચવા માંડતા.

એ કૉલેજમાં સિનિયર સ્કૉલરશીપની પરીક્ષા તેમણે પસાર કરી અને કાયદાનો અભ્યાસ શરૂ કર્યો; પણ એવામાં (૧૮૫૨) બી.એ.ની પરીક્ષા લેવાનું ધોરણ નીકળ્યું. બંકિમબાબુએ કાયદાનો અભ્યાસ ઊંચો મૂક્યો અને માત્ર બે જ માસના પરિશ્રમે વીસ વર્ષની વયે બી.એ.ની પરીક્ષા પહેલા વર્ગમાં પસાર કરી. તે વખતના બંગાળાના લેફ્ટેનન્ટ ગવર્નરે તેમની આ પ્રતિભાથી મુગ્ધ થઈ તેમને ડેપ્યુટી મૅજિસ્ટ્રેટના હોદ્દા પર નીમ્યા.

બંકિમચંદ્રને એક મહત્ત્વાકાંક્ષા બાળ સતાવી રહી હતી અને તે પત્રના સંપાદક બનવાની. તે વખતે 'સંવાદ પ્રભાકર' અને 'સાધુરંજન' પત્રો બંગાળમાં નીકળતાં અને તેમાં પોતાના લેખો અને કાવ્યો એ મોકલતા. સાહિત્યનું આ વ્યસન છેવટે ખૂબ વધી પડ્યું ને ફુરસદની એકેએક ક્ષણ તેઓ સાહિત્યસેવામાં ગાળવા લાગ્યા.

અગિયાર વર્ષની નાની વયે તેમનો વિવાહ થયો હતો, પણ પાંચ છ વર્ષ બાદ તેમનાં પત્નીનું અવસાન થતાં એકવીસ વરસની વયે તેમણે બીજું લગ્ન કર્યું. બીજી વારનાં આ પત્નીએ બંકિમબાબુનું ચારિત્ર્ય ઘડવામાં મહત્ત્વનો હિસ્સો આપ્યો હતો એમ એમણે પોતે કબૂલ કરેલું છે અને તેમને 'નીતિગુરુ' તરીકે સંબોધ્યાં છે. તેમની સાથેના સહજીવને બંકિમચંદ્રને સ્ત્રીજાતિના ભક્ત બનાવ્યા અને એ જ સંપર્કે તેમની પાસેથી ઉચ્ચારાવ્યું કે 'સ્ત્રીઓ એ સાક્ષાત્ ક્ષમા, દયા અને સ્નેહની દૈવી મૂર્તિઓ છે.'

બંગ સાહિત્યની રંગદર્શી હીલચાલના આદ્ય જનક અને હિંદી રાષ્ટ્રધર્મના પ્રથમ મંત્રદ્રષ્ટા



બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાય

કવિતા જેવા, વ્યવહારૂ જીવન માથે ભાગ્યે જ સંબંધ ધરાવતા સાહિત્યના એક પ્રકાર પાછળ બંકિમચંદ્ર બીજાઓની જેમ પોતાની બધી શક્તિ વેડફતા રહે એ 'પ્રભાકર' પત્રના સંપાદક તેમના મિત્ર ઈશ્વરચંદ્ર ગુપ્તને ન ગમ્યું. તેમણે બંકિમચંદ્રને કહ્યું, 'તમારામાં લેખનશક્તિ સારી છે તો, કવિતા ન લખતા ગદ્ય જ લખ્યા કરો.' અને બંકિમબાબુએ એ સૂચનાનો તરત સ્વીકાર કરી લીધો, જેનું ફળ તેમની અનેક કૃતિઓમાં નજરે ચડે છે.

એ વખતમાં, હિંદુસ્તાનમાં હજુ તાજા જ શેઢ ભેમાડતા ગોરાઓમા તુમાખીનો પાર ન હતો. અનેક બહાને એ દેશીઓને સતાવતા. ઘણા ભદ્ર પુરષો એ તુમાખી મૂગે મોઢે સહી લેતા, પણ બંકિમબાબુ ગાંજ્યા જાય એવા ન હતા. અનેક ગોરાઓની એમણે ખબર લઇ નાખી હતી. એમની જિંદગી જ સાહસ ને મનોબળથી ભરેલી હતી. પ્રૌઢાવસ્થામા બહેરામપુરના રસ્તામાં તેમને સતાવનાર કર્નલ ડફ્રિન પર માડેલા કેસે ખૂબ પ્રસિદ્ધિ મેળવી છે. એ વખતમાં એક ગોરાને આરોપીના પીંજરામાં ઊભો કરવો એ કઇ જેવીતેવી વાત ન હતી છેવટે એ ગોરાએ ન્યાયાધીશ જેન્ક્યિજ સાહેબની સૂચનાથી ભરી સભામા બંકિમચંદ્રની માફી માગતાં કહ્યું, 'બાબુ સાહેબ, તમારો જે હાથ પકડીને મેં બળજબરીથી પાછા હઠાવ્યા હતા તે જ હાથ પકડીને અત્યારે તમારી માફી માગું છું' ત્યારે જ એમણે એ કેસનું રાજીનામુ આપ્યું.

ઇસ ૧૮૬૦મા એમની બદલી પાંચમી શ્રેણીના મૅજિસ્ટ્રેટ તરીકે ખુલના મુકામે થઇ. એક બાજુ ગળીની ખેતી કરાવનાર સાહેબોનો ઉપદ્રવ અને બીજી બાજુ ચોર લુંટારાઓનું પ્રમાણ વધતા ત્યાં ઘોર અરાજકતા વ્યાપી રહેવી. ગળીવાળા ગોરા સાહેબોએ જમીન પણ ઓછી નહોતી પચાવી પાડી. કૃષ્ણનગરના લિન્ડસ સાહેબને એકલાને જ ત્રણ લાખ વીઘાં જમીન હતી. તેનો ત્રાસ પણ ખૂબ જ હતો. ઘોરણસર પોતાનું સૈન્ય રાખી, એ પોતાને રાજા મનાવતો હતો. દેશીઓમાથી જે લોકો ગળીની ખેતીમાં જોડાવા ના પાડે તેમના પર ગોરાઓનું આ સૈન્ય તૂટી પડતું ને પૂરી ધાતકતા ચલાવતું.

આ બધા ગળીવાળા સાહેબોએ સને ૧૮૬૧ની આખરમા સરકાર પાસે મુકદમો રજુ કર્યો કે જેસોર અને નદિયા જિલ્લાની પ્રજાએ મહેસુલ આપવું બંધ કરી દીધું છે. સરકારે તપાસ કરવા કમિશન નીમ્યું અને કમિશને તપાસ બાદ તારણ કાઢ્યું કે 'ગળીવાળા સાહેબો સીધા, સાદા, ભલા માણસો છે. તેમણે કદી પ્રજાના શરીરે હાથ અડકાડ્યો નથી. કોઇપણ પ્રકારનો

અત્યાચાર તેમણે કર્યો નથી. બધો દોષ બંગાળી પ્રજાનો જ છે.' આ બધા નિઃસ્પૃહી (!) સાહેબોના ટોળામાં એક મૉરેલ નામનો ગોરો હતો. તે વખતના ગવર્નર સર જે.પી. ગ્રાન્ટે તેને આદર્શ ગણીવાળો ગણાવ્યો છે. તેની એ આદર્શચુસ્તતા આપણે જોઈએ.

આ મૉરેલે મૉરેલગંજ નામનું એક પોતાનું નગર વસાવ્યું હતું ને પોતે તેનો રાજા ગણાતો. તેની પાસે લાઠી,બંદૂક, કુહાડી વગેરેની હથિયારધારી પાંચ-છસોની એક સેના રહેતી, તેનો સેનાપતિ ડેનિસ હેલી કરીને હતો. પહેલાં તો તે પોલીસની ઘોડેસવાર ટુકડીમાં સાધારણ પગારદાર હતો, પણ એ નોકરીમાં માણસોની હત્યા કરવાની સગવડ ન હોવાથી એણે મૉરેલ સાહેબના લાઠીધરોની સરદારી સ્વીકારી હતી.

૧૮૬૧ના નવેમ્બરની ૨૬મી તારીખની સવાર હતી. બડખાલી ગામના કિનારા પર લાઠી, બલ્લમ ને બંદૂકધારીઓથી ભરેલી હોડીઓ ગોઠવાઈ ગઈ હતી. ગળીની ખેતી કરવા માટે એ ગામના લોકોને અણગમો હતો એટલે મૉરેલ સાહેબ વતી તેમને પાંસરાદોર કરવા હેલી સાહેબ નીકળેલા. બાર હોડીઓમાં ત્રણસો વીસ લાઠીધારીઓ તેમણે બાંધેલા.

બંકિમચંદ્ર અને જિલ્લાની પોલીસને આ દંગાની જાતગી પહેલેથી જ મળી ગઈ હતી. એમણે સફેલીઆ ગામ પર હુમલો થવાનું ધારેલું, ને પોલીસ પણ ત્યાં પહોંચ્યા, પરંતુ દંગાખોરો રાત્રે જ છુપાઈને બડખાલી જતા રહ્યા.

સવાર થતાં વેંત બડખાલી પર હુમલો થયો. ગામલોકોમાં એકય ખૂબ હતું, એટલે તેઓ પણ ટોળે વળીને સામના માટે ઊપડ્યા. સાહેબના માણસો પ્રમાણમાં ઘણા હતા એટલે સૌનાં હૈયા ધબકવા લાગ્યાં; છતાં કોઈ પાછું તો ન જ ફર્યું. રહીમુલ્લા નામનો પઠાણ લાઠી લઈને આગળ વધ્યો. તરત હેલીનું ટોળું તેના પર તૂટી પડ્યું, પણ રહીમુલ્લા અડગ રહ્યો. તેની લાઠીથી કેટલાયે હથિયારબંધ હુમલાખોરો જમીન પર ઢળી પડ્યા. હેલીથી આ 'ન જોવાયું. એટલે તેણે બંદૂક ચલાવી ને રહીમ ઘાયલ થયો. તે છતાં એ હિંમત ન હાર્યો. ચાલતા જ ઘેર પહોંચી એણે ઘા પર પાટા બાંધ્યા. પરંતુ એ જ વખતે ખૂની હેલી પણ ત્યાં પહોંચ્યો ને તેને ગોળીથી ઠાર કર્યો.


રહીમ એ ગામનો મુખી હતો. તેના મરતાં લોકો ડરીને જંગલ તરફ નાસવા લાગ્યા. તે વખતના દરશ્યનું વર્ણન કરવું પણ અશક્ય છે. ગોરા માલિકોના એ લાઠીબંધ લોકો ઉલ્લાસપૂર્વક ગામને લૂટવા ને સળગાવવા લાગ્યા. જેટલું લૂટી શકાયું એટલું લૂટ્યું; જે ન લઈ જઈ શકાય તેને આગમાં ફેંક્યું ને જે ન સળગી શકે તેને પાણીમાં ડુબાડ્યું. જે વસ્તુ સામે આવી તેનો નાશ કર્યો, જે માણસ સામો થયો તેને ઠાર કર્યો ને જે સ્ત્રી હાથ આવી તેને પકડી કેદ કરી. રહીમની તો સ્ત્રી કે બહેન કોઈને તેમણે ન છોડ્યાં. લૂંટ, સ્ત્રીઓ અને રહીમની લાશ સાથે મૉરેલનાં માણસો પાછાં ફર્યાં.

બંકિમ બાબુને આ ખબર પડી ને તેઓ તરત મૉરેલગંજ ઊપડ્યા.પણ ત્યાંથી તો ઘોડાબધ્યા લાઠીધારીઓ જ પકડાયા, જેમાંથી એક હોકલ ચોરનારને ફાંસીની સજા થઈ ને બાકીનાને જન્મભર દેશનિકાલની. મૉરેલ ને તેના ભાગીદાર લાઈટફૂટ તો વિલાયત નાસી ગયા. હેલી પણ પોતાનું નામ તથા વેશ બદલી નાસી છૂટવાનો હતો ત્યાં મુંબાઈમાં પકડાઈ ગયો. ઘણા દિવસ સુધી તેણે કેદખાનાની હવા ખાધી, પણ એને ઓળખાવનાર કોઈ ન મળી આવતાં ત્રણ ચાર મહિના બાદ એને છોડી મૂકવામાં આવ્યો.

આવા ઉત્પાતો જેસોર જિલ્લાના બીજા કરબાઓમાં તો ચાલુ થયા કરતા; પણ બંકિમ બાબુના પ્રયાસથી ખુલના તદ્દન શાંત રહ્યું હતું. આથી ખુશ થઈ જેન્કિન્સ સાહેબે સરકારમાં તેમનાં વખાણ લખી મોકલ્યાં અને બીજા માત્ર સાડી ચોવીસ વર્ષની જ વયમાં પગારમાં સો રૂપિયાનો વધારો મેળવી તેઓ ચોથી શ્રેણીના મૅજિસ્ટ્રેટ બન્યા.

ગળીવાળા સાહેબો ઉપરાંત ચાંગીઆઓને પણ ટેકાણે લાવવામાં એમણે ઓછો ભાગ નહોતો ભજવ્યો. નવાબની વાત તો એ છે કે ગળીવાળા સાહેબો સાથે જ્યારે ઝઘડો ચાલતો ને ચોમેર ચાંગીઆ ને બદમાશો તેમને મારવા ફરતા ત્યારે બંકિમ બાબુ તો સ્થિર ચિત્તે 'દુર્ગેશનંદિની'ની નવલકથા લખ્યે જતા હતા.

પોતાની જે એકની એક મહત્ત્વાકાંક્ષા રહેલી એ પણ પૂર્ણ કરવાનો અવસર છેવટે બંકિમચંદ્રને હાથ આવી



નીરાંતની વેળા

ચિત્રકાર · અનુપચંદ શાહ



ઊધને ઓળે

પેટલે સોરાષ્ટ્ર આરેનાટ

લાગ્યો અને ૧૮૭૨ના વૈશાખમા 'બંગદર્શન' માસિક એમણે શરૂ કર્યું એ વખતે બંગાળી ભાષાક્ષેત્ર બીજ કુલ અણુબૅાંબ હતુ બંગાળાનો શિક્ષિત વર્ગ એ માતૃ-ભાષા તરફ કેવાણે ભેાએ જોતો નહેતો એટલુ જ નહિ, તેને એ ભાષા બોલવામા પણ શરમ લાગતી ખુદ રમેશચંદ્ર દત્ત જેવા પણ તેમા અપવાદરૂપ ન હતા પરતુ 'માધવી કંકણ' અને 'રાજપૂત જીવન સંધ્યા' જેવા પુસ્તકોના એ વખતાન્ને બંકિમ બાબુએ છેવટે બંગાળીમા લખવા પ્રેર્યા, અને અંગ્રેજીમા વિચારવા મા જ મહત્તા માનનાર માઇકેલ મધુસૂદન દત્ત જેવામા પણ એમણે માતૃભાષાનો પ્રેમ સળગાવ્યો માતૃભાષાનું મહત્વ વધારવા સુશિક્ષિતોએ જ કંઈ કરવુ જોઇએ એ બંકિમચંદ્રની દૃઢ માન્યતા હતી અને એટલે જ પોતે અંગ્રેજીમા લખવા માંડેલી Raj mohan's wifeની નવલકથા પડતી મૂકી 'દુર્ગેશ-નંદિની' લખવા માંડી હતી

એ 'દુર્ગેશનંદિની'ના લેખનકાળે હિંદમા નવી જ જાગ્રિતા જાગતી હતી ને ભાષાપ્રેમથી તેનો પાયો રોપાતો હતો. તેના આદ્ય દૃષ્ટા બંકિમબાબુ એમની એ દૃષ્ટિએ પર પ્રાંતના પણ અનેક સાહિત્યકારોને પ્રેરણા આપી છે આ બંગાળીઓનું તો પૂછવુ જ શુ ખુદ રવીન્દ્રનાથ ઠાકુર એ વિષે 'આધના'મા લખે છે કે 'અમારી બંગાળી ભાષા માત્ર એકતારાની પેઠે એક તારથી બંધાએલી હતી બંકિમે પોતાના હાથ તેમા એક એક તાર ચડાવીને આજ તેને વીણાનુ સ્વરૂપ આપી દીધુ છે તેમણે બંગાળીઓ ઉપર કેટલો મહાન અને ચિરસ્થાયી ઉપકાર કર્યો છે એ વાત પણ જો કોઇને સમજાવવાની જરૂર હોય તો એથી મોટુ દુર્ભાગ્ય બીજુ હોઇ શકે નહિ'

અન્યાયનો પ્રતિકાર, અણુબૅાંબ ભાવાનો ઉદ્ધાર, એ મહદ્ ગુણો તો છે જ પરતુ બંકિમચંદ્ર હિંદને સર્વોત્તમ ભેટ તો રાષ્ટ્રીયતાનો તેમણે ચણેલો ધાર્મિક પાયો જ છે. હિંદના બધા જ દેવોના પ્રતીક તરીકે તેમણે ભારતમાતાની મૂર્તિનુ પ્રતિષ્ઠાન કરી 'વંદે માતરમ્' દ્વારા જે મૂર્તિનુ સુસ્પિષ્ટ આલેખન કર્યું છે આજ તો એ 'વંદેમાતરમ્' પાશ્ચાત્ય દુનિયામાના રસો. 'સામાજિક કરાર' જેટલુ જ હિંદી બિગરનું માનીતુ થઇ પડયુ છે તેમણે આપેલ એ જીવનમંત્ર હજારો ને લાખોના માનસ ઉપર બંદૂકની પેઠે વરીકરણ કરી રહે છે અને લાખો માનવોને તે મા વડે જીવનની ભાવિમહત્તાના, ઉચ્ચતાના, ગૌરવના અને નવજીવનના દર્શન થયા છે' જે નવલકથામા તેમણે એ ગીત મૂકયુ છે, એ 'આનંદમઠ'ને તો આપણે સ્વદેશભક્તિ ના બાઇ બલ સમુ ગણી શકાએ 'ગ્રંથી કલ્પનાશક્તિ અને આદર્શ ને વ્યવહારિક સત્યની કક્ષા સમીપ જઇ શકે તેનો પુરાવો 'આનંદમઠ' પૂરો પાડે છે'

પ્રિન્સ બિસ્માર્કે આખા જર્મનીને લશ્કરી બનાવવા ની ઝુંબેશ જ્યારે ઉપાડી હતી ત્યારે બાબુ બંકિમચંદ્રે પણ હિંદના દરેક શહેરી માટે આ યોજના તૈયાર કરેલી હિંદુ પદ્ધતિ પ્રમાણે દરરોજ વ્યાયામ, અથી જાતના હથિયારો વાપરવાનું શિક્ષણ સવારી, કુસ્તી, તરવુ, ઉપરાત ઠાઢ, તાપ, ભૂખ ને તરસને પણ સહન કરવાની શક્તિ કેળવી ચોધરાણી'મા તેમણે એના શિક્ષણની હિમાયત કરી છે અહિંસામા તેમને શ્રદ્ધા ન હતી દેશની ખાતર હથિયાર ન લેવાય એને તેઓ મનુષ્યની કર્તવ્યચ્યૂતતા ગણતા

જીવનપર્યંત કોઇની ખુશામદ ન કરનાર, કડક શિસ્ત અને રાષ્ટ્રચેતનાના અગ્રેસર આ હિંદની વત નિયતના એ પહેલ મંત્રદૃષ્ટાનુ ૫૬ વર્ષની વયે ૮ એપ્રિલ ૧૮૯૪મા અવસાન થયુ

બાબુ બંકિમચંદ્રનુ માનસ પૂરેપૂરૂ સમજવુ હોય તો એમના એકેએક ગ્રંથનુ અધ્યયન કરવુ જોઇએ. તેઓ પાકા બુદ્ધિવાદી હતા, ને એ જ નજરે જગતપુરૂષ શ્રી કૃષ્ણને તેમણે ચીતર્યા છે કાર્લ માર્કસનુ 'દાસ કૅપીટલ' જ્યારે અંગ્રેજીમા અનુવાદિત પણ નહોતું થયુ ત્યારે પોતાના 'સામ્ય' નામના નિબંધમા એમણે સામ્યવાદનો પાયોચર્ચ્યો છે એમણે લખ્યુ છે શૂદ્રોને પડતા મૂકવાથી જ હિંદનુ અધ પતન થયુ છે બધુ વર્ગો કરોળિયાની જેમ પોતપોતાની આસપાસ જાળા રચતા ગયા તેનુ જ આ પરિણામ આવ્યુ છે' રાજમોહનની જેટલા જ એ ઓરતાંતના હિમાયતી હતા ભારતને નંદનવન બનાવવાનો એક જ રસ્તો એમણે સૂચવ્યો છે અને એ તે દિવસે મૂર્ત થશે, 'જે દિવસે યુરોપીય વિદ્યા ન અને ભારતવર્ષનો નિષ્કામ ધર્મ બને એકત્ર થશે'

આપણે ઇચ્છીએ કે ભારતવર્ષ એમની એ આશા વહેલી પૂરી પાડે

અશોક હર્ષ



ક્રાંતિકારિણી ચિત્રલેખા અમૃત શેર-ગિલ

શ્રીમતી અમૃત શેર-ગિલ એ આ દેશના વર્તમાન યુગના અગ્રણી ચિત્રકારો પૈકીની એક વ્યક્તિ છે. તેમનો જન્મ ૧૯૧૩માં હંગેરીમાં થયો હતો. તેમના પિતા એક શીખ જાગીરદાર છે અને માતા હંગેરીનાં છે. બાળપણમાં પાંચ સાત વર્ષની ઉંમરે તેણે ચિત્રકળા માટે વૃત્તિ પ્રકટ કરી હતી, જે બાબતથી પારીસમાં જઈ વિકસિત કરી. લ્યુસીઅન સાયમન નામના પ્રસિદ્ધ કલાકાર પાસે તેણે Ecole Des beaux Artsમાં તાલીમ લીધી, પણ એ સંસ્થાનો અભ્યાસ પૂરો કર્યો બાદ શાળાની અસરમાંથી મુક્ત થવાને બદલે સ્વતંત્ર કામ કરવા માંડ્યું. હિંદમાં આવતા જ તેમને લાગ્યું કે પોતાનું બધું ક્ષેત્ર અને પ્રેરણા તો બાહર વતનમાં જ છે. અને તેમાં પણ પરદેશી નહિ, પરંતુ હિંદી બાજુ તરફ તેમનું સ્પષ્ટ વલણ હતું, જેથી તેમનાં પાત્રોમાં પૂરેપૂરું હિંદી વાતાવરણ વ્યાપેલું રહે છે. હિંદમાં તેમણે જે કૃતિઓ કરી છે તેમાં તેની Post Impressionist દશાનો અંશ પણ આવતો નથી. કળામાં તેણે પ્રવીણતા મેળવી છે તે સાથે તેમની સંસ્કારિતા પણ ઉચ્ચ પ્રકારની રહી છે અને સાતેક ભાષાઓ તે ચૂંથીચંથ બોલી જાણે છે.

હિંદની છેલ્લાં વીસ વર્ષની કળાની કારકીર્દિ પર નજર નાખનારને એક વાત સૌથી પહેલી નજરે પડે છે તે એ છે કે અજંતા-બાધની પ્રાચીન ગુફાઓની ચિત્રકળા કે હિંદુ યા મુગલ સમયની પંદરમા સૈકાની તસ્વીરી કળા જે ૧૮મા સૈકામાં તદ્દન લુપ્ત થઈ ગઈ, તેના નમૂનાઓમાંથી હાલના ચિત્રકારોએ વખતોવખત કંઈ ને કંઈ માર્ગદર્શન મેળવવા યત્ન ચાલુ રાખ્યો છે. ભૂતકાળની એ કળાઓની પ્રેરણાએ કેટલી કૃતિઓમાં સાચો પ્રાણ પૂર્યો છે અથવા કેટલે દરજ્જે તે પુનર્જીવિત થઈ છે એ એક મોટી ચર્ચા થઈ પડી છે; એટલું જ નહિ પણ બીજી પરદેશી અસરોમાં જપાન, ચીન, ઈરાન વગેરે દેશોની કળાઓએ પણ પોતાનો થોડોઘણુ ફાળો આપ્યો જ છે.

આજે હિંદી કળામાં કેટલીક સર્વોત્તમ ગણાતી, બંગાળની સુપ્રસિદ્ધ ચિત્રકૃતિઓમાં તેના ઉદાહરણ મળી શકે તેમ છે. છતાં યુરોપમાં કાફે રૅસ્ટોરાંમાં ચિત્રકાર બેનેટની મંડળીએ અનેક પ્રતિષ્ઠિત સંસ્થાઓના સખત વિરોધો ખમીને પણ જે નવી કળાનો પ્રચાર કર્યો તેનાથી તો એ સાવ અળગી જ રહી છે. માત્ર શ્રી ગગનેન્દ્રનાથ ટાગોરે હિંદી ભાવનાઓ અને ઊર્મિઓ ચીતરવામાં ફ્રાન્સના ઇમ્પ્રેશનિસ્ટ અથવા પોસ્ટ ઇમ્પ્રેશનિસ્ટ કે ક્યુબિસ્ટ સંપ્રદાયના સિદ્ધાન્તોનો પ્રયોગ કર્યો છે. જોકે તેમા તેમને ઝાઝી સફળતા મળી નથી. તેમનાં ચિત્રો માપમાં નાનાં અને વસ્તુકલ્પના વિશાળ, એટલે પરસ્પરનો વિરોધ થાય; અને માત્ર તરંગી સૃષ્ટિમાં સાવ લહેરથી વિહરવાની તેમની ટેવ એ પણ મોટી આફત થતી. કમનસીબે તેમને વ્યાધિ એવો થયો, જેથી એ અદ્‌ભુત પ્રયોગ આગળ લેવાનું અટકી ગયું. પણ તેમણે એક નવી દિશા ઉઘાડી દીધી અને નવો પ્રદેશ નજરમાં આણ્યો. ધીમેધીમે સૌને એમ પણ જણાયું કે અજંતાની અને હિંદના દેવશિલ્પની કળામાં જે આધારભૂત સિદ્ધાન્તો હતા તે જ સિદ્ધાન્તો



સામેઃ શ્રીમતી અમૃત શેર-ગિલ ઉપર–ડાબી બાજુ. મુમ્બાઇ ટાઉનહૉલના આ વર્ષના પ્રદર્શનમાં સુવર્ણચન્દ્રક મેળવનાર કુ. શેર–ગિલનું ચિત્ર 'ત્રણ બ્હેનો' જમણી બાજુઃ એમની લાક્ષણિક શૈલીનું એક બીજું ચિત્ર 'જનતાના પુત્રો'

ફ્રેંચ પોસ્ટ ઇમ્પ્રેશનિસ્ટ (ભાવછાયાના આલેખકો)ની કૃતિઓમાં વ્યાપ્ત હતા. છતાં એ નવી કળાની અસર હિંદી ચિત્રકારો ઉપર તો હમણાથી જ પડવા લાગી છે અને કુ. અમૃત શેર-ગિલ તેમાં સૌથી આગળ છે.

શીખ પિતા અને હંગેરીઅન માતાના એ સંતાન છે. તેમણે કળાનું શિક્ષણ પારીસમા મેળવ્યું છે અને ત્યાંના ગ્રાન્ડ સૅલૉં (મુખ્ય ચિત્રધામ)નાં સભાસદ છે. કળાનો અભ્યાસ ત્યાં કર્યો હોવા છતા તેમનું માનસ ખસ્સ હિંદી છે. એટલે જેવાં તે હિંદમાં આવ્યાં કે તરત મોટા કેનવાસપટોમાં પોતાની સઘળી સફળ પીછીયા તેનો પરિચય કરાવ્યો અને મુલકભરમાં તેની જ ચર્ચા થવા લાગી. અહીં કરેલાં તેમનાં ચિત્રોમાં તેમણે મેળવેલી પહેલાંની શાળા–શૈલીની છાંટ પણ તે દેખાવા દેતાં નથી; પણ તેમની સફળ આલેખનના પારીસની આર્ટ્સ કૉલેજમાં ગુજરેલાં વર્ષોને જ આભારી છે.

તે હમેશાં તૈલરંગોથી જ ચીતરે છે. મોટેભાગે હિંદી ચિત્રકારો તે રંગો વાપરતા નથી. પણ તામ્રવર્ણી આગણ્યોનાં સચોટ આલેખનો માટે, યોગ્યરીતે વપરાય તો એ કેવું ઉત્તમ સાધન છે તે કુ. શેરગિલે બરાબર સાબિત કરી આપ્યું છે. ગરીબ અને દુઃખી જનતાનાં ચિત્રો તે દોરે છે એ પરથી એ આમવર્ગનાં ચિત્રકાર છે એમ સમજવાનું નથી. અલબત્ત, તેમનાં ચિત્રો તો સાધારણ તથા આમવર્ગનાં જ હોય છે, પણ તેમાં તેમના ચહેરાઓ પરની એક પ્રકારની માનસદર્શક છાપ તેમને આકર્ષે છે. વળી તેમનાં શરીરના ઘાટ અને પોશાકમાં પણ એક એવી કલ્પનાપૂર્ણ તાલમયતા હોવાથી, તેમના કલાકાર માનસને સૌદર્યદર્શન થાય છે. હિંદનાં કોટયાનકોટી માનવોનાં વદન પર એકસરખાં દેખાતાં યાનસીણી ને નરમાશ એમના જેટલી સ્પષ્ટતાપૂર્વક હજુ કોઇ હિંદી ચિત્રકારે ચીતર્યાં નથી. આથીજ,તેમનો જેટલી પ્રશંસા થાય છે એટલી જ કચકચ પણ સંભળાય એ સ્વાભાવિક છે. વિક્ટોરીઅન સમયમાં જે મીઠડાં મોં દોરવાની અને ચાવળી રેખાઓ કરવાની રીત પ્રચલિત હતી તેનાથી એમનાં ચિત્રો સાવ નિરાળાં રહે છે. યુરોપી ઘોરણે ભણેલો આજનો હિંદી તો કલાની સમજમાં હજુ વિક્ટો-

રીઅન યુગનો જ છે અને પોતાના દેશના ખજાનાથી બીનવાકેફ રહ્યો છે.

કુ શેર-ગિલના ચિત્રોએ જે બળબળાટ ઉપજાવ્યો તેનું એક કારણ તો ઘણી બીજું પણ છે. તેમણે પોતાની કળામાં જરા ક્યૂબિઝમ છાટ સાથે પોસ્ટ ઇમ્પ્રેશનિઝમની જોરદાર છાયા ઉતારી છે. ને તો અજબ જેવું એ લાગે છે કે હિંદીવાનો આ નૂતન પ્રણાલીની કળા કેમ સમજી શકતા નહિ હોય! યુરોપની આજની કળાનો જરા પણ પરિચિત થયો હોય તેવો કોઇ પણ યુરોપી પ્રવાસી ઇલોરા અને અજંતાના, તાદૃશતાથી નિરાળા લાગતા પણ ભવ્ય શિલ્પ સામે મંત્રમુગ્ધ થઇ ઠરી જાય છે; જ્યારે હિંદના અનેક કળાવાએલાઓ વાન ગફ(Van Gogh)કે જાપાની શિલ્પના બાગરીન મોજીલિયાની (Modgiliani)ની ઊર્મિપ્રદ કૃતિઓ સમજવામાં પણ હતપ્રાયઃ બની રહે છે. ચિત્રનું વસ્તુ સાદા ઘાટમાં ઉતારવું તે સાથે કેવળ કલ્પનાસ્વરૂપ ન થવા દેવું અને સાદામાં ખપે એટલે અંશે કુરૂપતાથી બચાવી તાદૃશતા સાચવવી એ તેનો સ્પષ્ટ પ્રયાસ છે. કુ શેરગિલની કૃતિઓ આપણને આંજી દેતી નથી. એવો તેનો હેતુ પણ નથી હોતો, છતાં એ ચિત્રોમાંથી શક્તિમત્તાનો પ્રભાવ છૂટનો લાગશે જ. તેમની સૃષ્ટિમા પાલવોના છેડા ઉછાળની મદભર પ્રેમનોતરાણી ગોપિકાઓ નથી યા તો પ્રેમાલાપ કરી રહેલા ગોપગણો તે ચીતરતાં નથી; તેમજ ઊન્નત કૈલાસ અને તેના સ્વામીને ચીતરવાના કોડ તેમની કલ્પનામા જાગ્યા નથી. રોજની સાદી જિંદગી ગુજરતા માનવસમુદાયને જેવો ને તેવો રજૂ કરતી તેમની કળામાં નથી આદર્શ લાવવાનો હેતુ કે નથી જીવનની પામર દશા રજૂ કરવાનો બાલ પ્રયત્ન. તેમનું આ 'રંકકન્યા'નું ચિત્ર જુઓ તો ઘેરા લીલા રંગની સુરખી વાળા મુખની કાળી આંખો અરધી બેપરવાઇથી જરા નજર ફેરવતી કોઇને પણ જોવાને રોકે એવી છે અને ધ્યાન ખેંચે છે. પણ તેમા બાળલગ્નના રિવાજ ઉપર કોઇ કટાક્ષ ઉપજાવવાનો ઇરાદો આગળ નહિ પડે. ઉપદેશકનું કાર્ય ઉપાડી લેનાર ચિત્રકારને એવું પ્રચારકાર્ય હાલે મુનાસફ રહે.

શ્રી શેર-ગિલની કળાનું બીજું ધ્યાન ખેંચતુ લક્ષણ એ છે કે તે છાપ પાડવાને ચિત્રના વિષય ઉપર જ નિર્ભર રહેતી નથી. ફ્રેંચ કળાના નિકટ પરિચયને લીધે તેમનામાં એવી સમજ ચોકકસપણે ઊતરી છે કે ચિત્રને વસ્તુના જેટલું મહત્ત્વ આપનારાં સુરચના (design) અને રંગાવટ (colour)જોઇએ જ. વધારેમા રંગયોજનાનો સાથ એ જ સુરચનાનો પ્રધાન અંશ છે. તેમની રંગપાટી સુરમ્ય છે; પણ છાંટણાં સમી નથી. ઉજ્જસભર્યા રંગની ચુંદડી ચીતરવામાં તે પોસ્ટર (ભીંતચિત્ર)ના જેવા રંગઝડકા નથી ઉડાડતી. કોઇ ચતુરાઇથી આસપાસની રંગભૂમિ સંભાળીને હિંદી રમણીનાં વસ્ત્રોની મુલાયમ મનોહરતા ,અને ઉજ્જસ તે સાચવી લે છે. વસ્ત્રોની પસંદગી અને ગોઠવણમાં તેઓ ખાસ કરી વધારે સફળતા બતાવી શકે છે. એમ છતાં તેમનાં પાત્રોમાંથી નક્કરપણું અને દૃઢ કર્મી થતાં નથી આથી જ તેમનાં સર્વ ચિત્રોનાં પાસોમાં ઘડતરનું સંગીનપણું ભાસે છે.

ભાતભાતનાં લટકાં-ઝટકાં જોવાને ટેવાએલી નજરવાળાને એમની આ મક્કમ ચિત્રશૈલીની કરકસરની કદર કરતાં મુશ્કેલી લાગે, પણ આવું કડક રૂપવિધાન જ પ્રાચીન શિલ્પમાં કેટલું ગૌરવભર્યું બન્યું છે! આ નવીન ક્રાંતિકારિણી ચિત્રવેણાને મન ફ્રેંચ કલાકારો રીઝે અને ગોગાં રંગમહારથીઓ છે: તે પોતે એમના દેશમાં ભણ્યા છે માટે નહિ; જેઓ પ્રાચીન હિંદી ચિત્ર ને શિલ્પને ઝડું મમજ્યા છે અને તે પર પ્રેમ કરે છે તે સૌનો સહજ ને સકારણ મત એ જ થઇ જાય છે.

શ્રીમતી અમૃત શેર–ગિલની કળા નવા યુગના ઝુંબરે છે. એવી પણ માન્યતા થતી જાય છે કે બંગાળા--કલાશ્રેણીના આદર્શો અને સિદ્ધાંતોએ નંદલાલ બોઝ જેવા કલાસ્વામીને આગળ આણ્યા; પણ એ સિદ્ધાંતો અને આદર્શો ઊતરતી પંક્તિના કલાકારોના હાથમાં આજે જીવ વિનાની પ્રણાલી બની ગયા છે. આછા રંગોને રંગનો સંયમ કહેવામાં આવે છે. માત્ર રેખાની સફાઇ સાચવી એટલે રેખા બલવતી નથી બની જતી ભાવનાને બદલે પ્રેમલાપણું વધ્યું છે અને સુરચનાને સ્થાને ભભકદાર અલંકારો કરવા છે. જ્યારે કલ્પના પ્રબળ અને વેગવતી ન હોય ત્યારે શિવ, કૃષ્ણ, અથવા વૃંદાવનની ગોપીઓ અર્થહીન દીગલાં જ લાગે અને તેની પીછી કલાકારની વાચા બનવાને બદલે કારીગરનું મામૂલી ટાંકણું જ બની જાય.

: કાર્લ જે. ખંડાલાવાળા

તલે સમાતી તાવીજ



ઝગઝગાટ મારતું એનું પાનું હજુ નીચું નહોતું ઢળ્યું એ પહેલાં તો એનો હાથ પાછળથી અદ્ધર જ જકડાઈ ગયો.

બુખારાનાં આબાદ મેદાનો પર મંગોલો ને તુર્ક માણો ફરી વળેલા એ, ઈશુની ૧૫૬૫મી સાલ ચાલતી હતી ત્યારે સમરકંદની એક મસ્જિદને ઓટલે બેસી બે શખ્સ વાતો કરી રહ્યા હતા. એક હતો અરબનો શેર અહમદ બેગ ને બીજો હતો શામ (સીરિયા)નો ઇસાક બીન હારીન અને જેટલા માલદાર હતા તેટલા જ દુનિયાના બાધેલા હતા.

એમની એ ગુફ્તગો ચાલુ હતી ત્યાં શહેરનો મુખ્ય કારખાનદાર ત્યાંથી ઘોડે ચડી નીકળ્યો. શામીએ તેને ઝૂકીને સલામ કરી. અરબ માત્ર તિરસ્કારથી જમીન પર થૂંક્યો. આ એ બને વચ્ચેનો તફાવત. 'ગૉડ'ને માનનાર શામી અને અલ્લાહપરસ્ત અરબ બને પરદેશીઓના આક્રમણના તો સરખા વિરોધી હતા; છતાં શામી ભયની બહુ દરકાર ગણનાર હતો, જ્યારે અરબ તેથી બીલકુલ બેપરવા અને પોતાની જાત ઉપર ગરૂર ધરાવનાર હતો.

'મુખો' પસાર થઈ જતાં ઇસાકે બીજા બીજા શેર અહમદના ઘૂંટણ પર હાથ દબાવ્યો 'દોસ્ત, તેં મારૂ ન કર્યું જોયું, આખી વાટ એ કેવો કતરાતો ગયો ? એની આંખોમાં ખુદાઈ મળગતી હતી લોકો એને શિયાદ સવાર'ને નામે ઓળખે છે.'

'બરાબર છે !' અરબે જવાબ આપ્યો, 'એનું દિલ શેતાન જેટલું જ શિયાદ છે. હું કોઈ મંગોલ કુત્તાનો ઇતબાર નથી કરતો.'

'છતાં એ આ જમીનના માલિકો છે, શેર અહમદ ! મારા સખૂન યાદ રાખજો. આપણે જેલમાં ઠોકાઈશું અને પછી . . .' ઇસાકે બંને ખભા ધુણાવ્યા '. . . પછી આપણું નામોનિશાન મટી જશે.

પણ અરબ એ સાંભળવાને બદલે પોતાના જ વિચારોમાં ગુંથાયો હોય એમ લાગ્યું 'હવે અહીં વેપારની મજા નથી ઇસાક !' એ વિચારોનો તોડ આણતો હોય એમ તે બોલ્યોઃ 'એક વખત આ શહેર સારી આલમમાં દોલતમંદ ગણાતું.'

'એટલે જ હું એ તજી દેવાનો ઇરાદો રાખું છું. કારાખાનની યે બીક લાગે છે.'

'અને કયાં જઈશ ?'

'મધરિબ તરફ અંજીરો બધા ઉત્તર અને પૂર્વમાંથી જ આવે છે. ને હવે તો ફેઝ મોરક્કમ સુધી એ પહોંચ્યા હશે. છતાં બહેરે બિન્જ (ભૂમધ્ય સાગર)ના કિનારા પર હજુ મોકો છે. એશિયાના જવાહેરાત ને મબલખતા બત્તરો પર આફરીન થનારાં દોલતમંદ શહેરો ત્યા છે.'

'ઇર આ ચે શક !' અરબ બોલ્યો. 'હું પણ આ શહેર તો છોડી જવું છું, પણ કારખાનની કે કોઇની બીકે

યંત્રોએ દરિયાની છાતી ચીરીચીરીને એનો બધો ધડકાટ ઓસારી નાખ્યો ન હતો એ આજથી સદીઓ પહેલાંના જમાનામાં એના રંગભરત ઉંચા પર બનેલો એક કિસ્સો

નહિ. કારણ, ઇસાક, મારા અંગ પર એક કરામાત એવી છે કે બધા બતરામાંથી મને બચાવી લે'—કહેતાં એણે ગળે બાંધેલું પંચ આકારનું સોનાનું તાવીજ કાઢ્યું. તેના પર કંઈ વિચિત્ર લખાણ કોરેલું હતું. જોવા માટે ઇસાકના હાથમાં એ મૂકતાં એણે પૂછ્યું, 'ઇસાક, પહેલાં કદી તેં આવું તાવીજ જોએલું ખરું?'

ઇસાક તો એ અનિમેષ આંખે જોઈ જ રહ્યો. તે નામી દલ્લી પણ હતો, છતાં આ વખતે તો એને યે માથું ધુણાવવું પડ્યું. 'શેર અહમદ બેગ! કહે તો ભલા, એ કયાંથી મેળવ્યું?' તેણે સામો સવાલ કર્યો.

'ઓહ! એના પર તો કેટલી યે સાલ ગુજરી ગઇ. હું ત્યારે કેથે (ચીન)માં હતો. જબરદસ્ત મુલક છે. જોકે અલ્લાહ અને તેના રસુલમા મને પૂરો ઇતિમાદ (વિશ્વાસ) છે, પણ આ કલામા તલેસમાત જેવું પણ કંઈ રહ્યું હોવાનું હું માનું છું અને આ તાવીજે તો બેહિસ્તમાં બતાવેલા મોજેઝા (ચમત્કાર)ની યે વાત મારે કાને ચાવી છે.'

'ગલત વાત!' શાગીએ કહ્યું: 'શેર અહમદ બેગ, તમે ઇસ્લામી તો 'લાઇલાહા ઇલ્લિલાહ'નો કલમો પઢો છો, તો યે એટલી વાત નથી સમજતી કે ખુદા સિવાય કોઈથી મોજેઝા થઈ જ ન શકે?'

'પણ આ તાવીજે એક જાન તો મારી નજરોનજર બચાવ્યો છે. ઇસાક, એની કૂંકથી જ હું કારાખાન પર થૂકી શકું છું. ખેર, એ વાત જવા દે; દોસ્ત, આવતી કાલે હું યે મારા રેગિસ્તાન તરફ ઊપડી જાઉં છું.

એક અઠવાડિયા બાદ સમરકંદ છોડી, બે કારવાંઓએ પશ્ચિમ તરફ પ્રયાણ માંડ્યુ. વચ્ચેથી જ ઇસાકે તો છૂટા પડી તહેરાનનો રસ્તો લીધો, પણ શેર અહમદે જોથી જુદો રાહ પકડ્યો. બરફાક શહ, આમુ દર્યા (યુફ્રેટિસ)ની બીજી ઓળંગી, અનેપ્પો થઇ તે રમનાં પહોંચ્યો. શામીની કારવામાં સો ઊંટ હતાં, જ્યારે બેગની પાસે બસો; ને એ બસો યે બસો વેપારી બરાબ્બતથી લદાએલાં. આખો રસ્તો વેચવાળ, બરીદી ને સાટાની સોદાગરી કુનેહ બજાવતા જઈ બેણે ખૂબ નફો કર્યો હતો; પણ એ નફા ને બધી સૂઝીના સાટામાં યે કોઇ તેને તેના દિલકશ તાવીજથી તો અળગો ને જ કરી શકે.

એ રમનાં શહેરમાં જ શેર અહમદ બેગે વેનીસ નગરની રંગબેરંગી વાતો સાંભળી. એ દિલચસ્પ શહેરના એશઆરામી જીવને એના મગજ પર અજબ પરિણમ જમાવ્યું. એણે બધાં ઊંટ વેચી નાખ્યા; એક બગલો (ઊભો મહોરો, પહોળો સંધો ને પહોળી વાંદારવાળું વહાણ) ખરીદ્યો, ને પોતાની બધી બસકામત તેમાં ભરી તે કેત તરફ ઊપડ્યો. પણ ખુદાનું કરવું તે, હજુ ટ્રિપોલી પણ નહોતું લંબ્યું ત્યાં તો બર્બર બાજીરના વહાણનો એને ભેટો થઇ ગયો.

શેર અહમદ બેગની જુવાની તો વીતી ગઇ હતી, પણ કુવ્વત હજુ નહોતી પરચારી. છતાં આ વખતે તો એ લાચાર નીવડ્યો. પછીતના પવને પૂર ઝપે આગળ વધતા બાજીરના વહાણનું તુતક એણે હથ્યારબંધ માણસોથી ઊભરાતું જોયું. કાળી દાઢી લટકાવતો પડછંદ બાજીર તો એની લાંબી તેગથી કોઇ જલ્લાદ જેવો જ લાગતો હતો. એનો આખો કમરપટો છરા ને પિસ્તોલોથી બચેલો હતો.

અરબને થયું કે આવી બન્યું. કશી બેરવી હવે નકામી હતી. શરણાગત સ્વીકારતો હોય તેમ પોતાની તેગ તેણે દરિયામાં ફેંકી દીધી. થોડી વારમાં તો બાજીરના વહાણનો બોરો ફરી તેના બગલાની બગલમાં દબાઇ ગયો ને તેથી યે થોડી વારમાં તો તે સાંકળોમાં બંધાઇ ગયો. બધો માલ અસબાબ ગયો ને એ ગુલામ બન્યો. ગુલામને વળી મજલીનના કપડાં શાં? બાંગાની એક લૂંગી એને આપવામાં આવી. એટલું જ નહિ, એનું દિલચસ્પ તાવીજ પણ બાજીરને ગળે લટકી ગયું.

એ બાંકીઆ બાજીરનું નામ હતું મરચ. બલાસીઓ એનાથી કાંપતા રહેતા. ને હલેસા પર બેઠેલા ગુલામો તો તેને મલેકુલ-મોત જ સમજતા. શેર અહમદ બેગને યે હવે તો બંદીવાન હાલતમાં હલેસા પર બેસવું પડ્યું. ન્યૂણીઅન પડઘમચી પડઘમ શરૂ કરે ને જેના હાથ ન ચાલે તેના ચામડા પર મરચનો જેરબંધ ફરી વળતો. દરિયાઇ તવારીખનો એ કાળ કરુણમાં કરુણ ગાળો હતો. ઇન્સાન રંજાડે ઇન્સાનને ગુલામ બનાવતો ને બનાવતો, ચાહે તેવા જમાનામાં એના ઉપર ગુજરવાની એને ત્યારે છૂટ રહેતી ને એને પરિણામે કુદરતથી યે બદતર હવાલ પામી ઇન્સાન

પોતાની ફરજ છોડતો

પણ વહાણમાના ગુલામો કરતા યે શેર અહમદ બેગ પર અસીમ જોરતલબી ગુજરતી ઉમરમા એ બધાથી મોટો હતો, છતા સીતમની કળી અસર તેના ચહેરા પર નહોતી જણાતી

એક દિવસ ભઠ્ઠી જેવો આકરતાપ સળગી રહ્યો હતો ત્યારે મરચ્ય તેની પાસે આવ્યો ને તેના બળા પર બેઠો પેલું સોનેરી તાવીજ કાઢી એણે અરબને પૂછ્યુ 'આ શુ છે ? ને આ લખાણ શાનુ છે ?'

અરબ માત્ર હસ્યો 'અગર હુ એ જાણતો હોત તો પણ તને તો ન જ કહેત' એટલા શબ્દો એના મોમાથી સર્યા ન સર્યા ત્યા તો બેબ્રધની સાત શેડ તેની પીઠ પર ઉપરા આવી !

'પરવા નહિ, સુલ્તાન ! હુ જાણુ છુ કે એમા કઇ મોજેનો ભર્યો હોવો જોઇએ' કહેતા બાજરે વિદાય લીધા પીડમાથી લોહી નીગળતા છતા અરબ તો હસતો જ રહ્યો, કારણ બાજરે જાણ્યુ એ તો અર્ધસત્ય હતું, એક વખત એનો જીવ એ તાવીજ જરૂર બચાવે, પણ પછી તો એ ચીજ બદદુવા ઉતારે કે તોબા !

એમ ને એમ હલેસા મારતા એક પછી એક એમ દિવસો વીતતા ગયા પણ એક દિવસે એનું ઠેકાણુ બદલાયુ ત્યારે છતેડીના એક ખૂણામા લટકતો પીર બાવા જેવો નાનો શો ઝરો અરબે આથમતી સાજે મેરી લીધો ને લૂગીની અદરની ગાઠમા સતાડી દીધો

આટલા સદામમા શેર અહમદ બેગને એટલી તો ખાતરી થઇ ગઇ હતી કે હલેસા પર બેઠેલા બધા ગુલામો આઝાદ થવાની રાહ જોઇ રહ્યા હતા એની રગ પણ હવે એમની સાથે ઠીક મળી ગઇ હતી એક દિવસ વાગ જોઇ એણે પોતાની યોજના એમની આગળ મૂકી અને એની આ યોજનામા તાબુમથી તે નાઇન સુધીના બધા ગુલામોએ સમતિ આપી.

રાત પર રાત શેર અહમદ બેગ પોતાની કારી વડાવતો ગયો ઝરાનુ લોહું નહુ સળગ હતું, એટલે ભરતરની સાકળો પર તેને કાનસ તરીકે એ અજમાવવા લાગ્યો એના માટે જેટલી મજૂરી જોઇએ એટલી એણે પકડી લીધી ને છેવટ એ કૃતેહમદ થયો

ચાદ હજુ આકાશના ઓજલમાથી પૂરો બહાર પણ નહે તો નીકળ્યો એવા એ ખેવૈયાની મદદથી હલેસા છૂટ્યા થતા જ તે ગિલ્લીપગે સરકયો સઢના ઓઠાયા નીચે જઇ ખાત્ર કરતા સુકાની ને એના મદદનીશ સિવાય ઉપર કોઇ ન દેખાયુ બેગની નજરમાથી ઓઝલ થતા જ કામ બને પહેલી તકે મરચ્યને ખતમ કર્યા સિવાય બીજો ઉગાર નહોતો. આખરે મામલો મુકદ્દર પર છોડી એ ક્ષણભર આગળ સરક્યો.

વહાણ પરોઢમા ગતિ કરતું હોઇ, સઢનો ઓળો આખા વહાણ પર ફરી વળ્યો હતો કપ્તાનની ઓરડી પાસે પહોચી કાન દીધો તો કોઇ ઘસઘસાટ ઘોરતું હોવાનુ જણાયુ હાથમાના છરાની પકડ એણે મજબૂત કરી ને બીજા હાથે હળવેક રહીને બારણુ ઉઘાડી તે અદર ઘૂસ્યો

સુખડના બાટ ઉપર, સોના રૂપા ને મહોગનીના રાચરચીલા વચ્ચે, જરિયાન પથારી પર મરચ્ય મીઠી ઊંઘ લઇ રહ્યો હતો—ગુલ્લોની ચિઠાત પર આળોટતા સાપ તો બાજક અરબ બાટ નજીક પહોચી પોતાના શિકારને અનિમેષ નજરોથી જોઇ રહ્યો ઘડીભર પોતાને ખૂજ છક્કી હોય એમ એને લાગ્યુ. નાનામોટા જગોમા તો અનેક આદમીઓ એણે વધેરેલા, પણ આ રીતનો તો એનો એ પહેલો જ મોકો હતો

પણ બીજી જ ઘડીએ એના હોઠ પરથી કપ ઊડી જઇ મુશ્કેરાટ તની આવ્યો એને તો માત્ર સામાન્ય ઇન્સાફ જ ચૂકવવાનો હતો ને ? તેનો ડરાવણો હાથ હવામા તોળાયો

એનો ઘા મરચ્યનું કલેજુ જ સોસરવ ચીરી નાખત, પણ ઝગઝગાટ મારતુ એનું પાનું હજુ નીચુ નહોતું ઊતર્યું એ પહેલા તો એનો હાથ પાછળથી અદ્ધર જ જકડાઇ ગયો બોચીનો દરવાજો પાછો બધ કરવાનું એ ચૂકી ગયો હતો ને ઓચિંતી મોટી રાતે અચાનક ખુલ્લેલા દરવાજા પર સુકાનીની નજર જતા, બેડીદાને સુકાન સોપી તે ત્યા આવી લાગ્યો હતો

કટોકટીનો વખત હતો શેર અહમદ બેગે પોતાનો હાથ એક ઝટકે છોડાવી લીધો ને એક ચોટે તો સુકાનો દૂર ખૂણામા જઇ પડ્યો પણ જ્યા આગે નજર ગઇ કે આ બધા દબાયો ઊભી ઊઠેલા મરચ્યને ઓશીકા નીચેથી પિસ્તોલ મેગનો એણે જોયો મિનિટો નહિ પણ સેકડોમા જ એ હતો ન હતો થઇ જાત પણ જબાનાનો બાધેલ અરબ સમયસૂચક હતો.

એ બચેલી સેકંડોમાં જ સળગતી મીણબત્તીવાળી હાંડી એણે નીચે પાડી બોલીમાં અંધારું પાથરી દીધું ને મરચ કે સુકાની કંઈ કરી શકે તે પહેલાં તો બહાર નીકળી ગયો. છેલ્લી તકે એની નજર મરચના ગળામાંના તાવીજ પર પડી. એ પામી ગયો કે મરચના બચાવનું કારણ પોતાની ગફલત નહિ પણ એ તાવીજનો તહેસમાત જ હતો.

હવે એ સાંધો દોડ્યો સથા ઉપર. મરચની બૂમે સુકાન સંભાળનારે તરત પિસ્તોલ ખેંચી હતી, પણ એ કામગરી બજવે એ પહેલા તો અરબનો છરો તેના કલેજામાં હૂલી ગયો ને એ મૂરની લાશ નીચે પડી. બીજી જ પળે ધામણુને પીઠ દઈ તે પાછો ફર્યો. ન ફર્યો હોત તો એ જ ક્ષણમાં ત્યાં આગળ જ તેનો ફેંસલો થઈ જાત, કારણ મરચ હાથમા ખંજર સાથે આવી લાગ્યો હતો. એનુ ખંજર હાથમા જ રહ્યું ને એની દાઢી પર અરબનો એવો તો સણસણતો મુક્કો પડ્યો કે ધબ્બ કરતો તે નીચે પડ્યો. તેના હાથમાથી ખંજર વછૂટી ગયું. એ સાથે જ, બિલાડી ઊંદર પર જે સાવધતા ને ઝડપે કૂદે એમ એ કૂદ્યો ને ખંજર સાથે મરચના ગળામાંનું તાવીજ પણ ખેંચી કાઢયું તાવીજ આવતા જનના જોખમની તેની ફિકર ટળી ગઇ અને હવે એક હાથમાં છરો ને બીજા હાથમા ખંજર સાથે આવતી પળો માટે એ હોશિયાર બની ઊભો. એની સામે જ માણસો સાથે મરચ ઊભો હતો: 'એ સુવ્વરને જીવતો જ પકડી લો. હું એનો બરાબર વહેવ કરીશ.' તે બરાડતો હતો.

વિચારવાની બહુ થોડી પળો રહી હતી. મરચના હાથે પોતાની વહે થવા દેવા કરતા એણે દરિયાનું જ શરણું લેવાનું યોગ્ય ધાર્યું. એ ન ડૂબાડે ત્યા સુધી તર્યા કરવાનો એણે નિર્ધાર કર્યો. દુશ્મનને પીઠ દેખાડવામાં તેને અરબ તોખમની નામોશી તો જણાઇ, પણ હવે એ કયાં જાહોજલાલ શેર અહમદ બેગ રહ્યો હતો? અત્યારે તો એ બાળરનો ગુલામ હતો. તે ગુલામોને નામોશી કે બગરનામોશી શી જોવાની?

ત્યાં તો ક્ષિતિજ પરના ચંદ્રના અજવાળામાં ત્રણ સઢવાળું એક વહાણ એ બાજુ આવતું એની નજરે પડયું. અચાનકનો એ સહારો મળતાં જ એણે ખંજર દરિયામા પધરાવી દીધું, છરો બીડ્યો દાંત વચ્ચે ને તાવીજ લંગોટીમાં ખોસી કૂદી પડ્યો પાણીમા, બીજા કોઇ જોખમે તો બાળર કદાચ એને એમ ને એમ જવા ન દેત, પણ એણે યે એ આવતું વહાણ જોયું હતું. મોટા વહાણની તો ચાચીબાઓને વધુ દરકાર રાખવાની, એટલે એના ત્રણ સઢના કાંગરા જોતાં જ બાળરે શેર અહમદ બેગને એના મુકદ્દરના હવાલે કરી વહાણુની બત્તીઓ બુઝાવી નાંખવાનો હુકમ કર્યો.

એ આવતું વહાણ હિસ્પાનીઓ (સ્પેનિયાર્ડ્સ)નું હતું. એના કપ્તાન ડૉન વાઇસેન્ટ ડૉઢાસના કહેવાથી શેર અહમદને વહાણ ઉપર લઇ લેવામાં આવ્યો. એણે પોતાનો અર્થેતિહાસ ડૉઢાસને જણાવતાં હિસ્પાની વહાણે પહેલા કરતાં પણ વધુ ઝડપે બાળરના વહાણની પૂંઠ પકડી.

માહતાબે પોતાનું મોં સંતાડયું ને દરિયાની છાતી અંધારી બની ત્યાં તો બાળરનું અંધારું વહાણ પકડાઇ ગયું. ડૉઢાસના બખ્તરધારીઓ, બાળરના મૂરો અને ન્યૂણીઓ પર તૂટી પડ્યા. મુલકે મુલકના પાણી ડોળનાર એ હિસ્પાનીઓ આગળ બાળરનાં માણસો નાકોવત પુરવાર થયા. બધાના જન ગુમાવવા કરતાં શરણું સ્વીકારવાની સન્મતિ રહીરહીને પણ બાળરને સૂઝી આવી.

બધો મામલો થાળે પડતાં હિસ્પાની કપ્તાને શેર અહમદ બેગને પોતાની પાસે બોલાવ્યો ને એનો બધો અસબાબ બોળાબોળી કાઢવા કહ્યું. એ પત્યું. અરબનો માલ એને હવાલે થયો ને બાકીનો બધો માલ ને કેદીઓ ડૉઢાસે પોતાના વહાણમાં બડકાવ્યા. બારણની આજીજીને વશ થઇ હલેસા પરના ગુલામોને પણ એણે આઝાદ કર્યા ત્યારે શેર અહમદ બેગનું અંતર આભારથી દ્રવી ઊઠ્યું ને તે બોલ્યોઃ 'જનાબ, હું આપને કાફર ગણતો હતો. પણ ઇન્સાનની તરાહવાર જિંદગી તેને કંઇ અવનવા સબક પઢાવે છે. હવે મને ખાત્રી થાય છે કે ગોરી, કાળી કે બીજી ચામડી નીચે યે કોઇ પણ ઇન્સાન સાચો ઇન્સાનિયત બનાવી શકે છે.'

ડૉન ડૉઢાસે સર ધુણાવ્યું.

'અને, જનાબ, આ લ્યો!' અરબે લંગોટીમાથી સેરવેલું તાવીજ તેને આપતાં કહ્યુંઃ 'એ બેશકીમત છે. ગમે તેવા ખતરામાંથી એ તમારો જન બચાવશે.

રસુલિલ્લાહ, મારા સુદ્ધા ચાર આદમીના જાન એણે બચાવ્યા છે, કોઇ રોજ તમારો યે બચાવશે પણ સંભાળજો' એક વખત જાન બચ્યા બાદ એનાથી તરત છૂટકારો મેળવજો નહિતર એ જ તાલીમ પછી તમારા ઉપર ખતરો ઉતારશે'

હિરપાની કપ્તાન ઉપર એ ી કઇ અસર થઇ કે નહિ એ તો કોણ જાણે, પણ અરબની એ ભેર એણે દમતા દમતા સ્વીકારી લીધી ને બાજીરના વહાણનો કબજો એને સોંપી તે પોતાના વહાણ પર ઊપાડ્યો અરબ શેર અહમદ બેગે પણ, અહેસાનનો બદલો પોતે બરાબર વાળ્યો હોવાની કૃતજ્ઞતા પૂર્વક એની સલામી આપી ને પછી આબાદ બનેલા બનાવોના મસ્ત ટોળા વચ્ચે સંતાઇ ગયો

(સૂચિત) અશોક હર્ષ

પ્રાર્થના વિ૰ કર્તવ્ય

સુખમય જીવન જીવવા માટે કદિ પણ પ્રાર્થના કરતા નહિ, ફક્ત શક્તિશાળી બનવા માટે જ પ્રાર્થ ા કરજો તમારા સુખને અનુકૂળ હોય એવા કાર્યો કરવા માટે કદિ પણ પ્રાર્થ ા કરતા નહિ, પરંતુ તમારા કર્તવ્યોને અનુકૂળ થઇ પડે એવી શક્તિ પ્રાપ્ત કરવા માટે જરૂર પ્રાર્થના કરજો

એમ કરવાથી તમારૂ કાર્ય ભલે અલૌકિક ન દેખાય પરંતુ તમે પોતે તો જરૂર અલૌકિક બની જશો

ત્રિભુવન વીરજીભાઇ હેમાણી

જીવનની સાર્થકતા

ઉચ્ચમા ઉચ્ચ વસ્તુઓ તમારા પાસે છે શ્વાસ તમારા નાકમા, પ્રકાશ તમારી આંખોમા, પુણ્ય તમારે ચરણે, કર્તવ્ય તમારા શિર પર અને ન્યાયપથ તમારી સન્મુખ. આટઆટલી સામગ્રસામગ્રી હોવા છતા તમે આકાશ સામે શા માટે મીટ માંડી રહો છો? તમારા રોજના કર્તવ્યોને ફત્તેહમંદીપૂર્વક પાર પાડવા માટે જે સામગ્રી કંઇ ઓછી નથી. માટે શ્રદ્ધાપૂર્વક સમજવા જેવી વાત તો એટલી જ છે કે હમેશના કર્તવ્યોનુ પાલન તથા પેટપૂર્તિ– એ બેમા મનુષ્યજીવન ની સાર્થકતા અવશ્ય છુપાએલી છે

ત્રિભુવન વીરજીભાઇ હેમાણી

મારી નજરે

(અનુસંધાન પાનુ પાનુ ૧૭૩થી)

છે દરેક પ્રોફેસર જાણતો છે પણ તોયે યુરોપની મેટ્રી ઑર્ડેમીમા પાચ દસ સાલ કાઢી નાખી પાકો અનુભવ અને શક્તિ મેળવ્યાં હોય છે ટોકીઓ આર્ટ ઑર્ડેમી દરેક વિદ્યાર્થીને ગ્રેજ્યુએટ બનાવે છે અને છેલ્લી ડિગ્રેમા મેળવે ત્યારે જ તે મોટા ગાળા કે સંસ્થામા ચિત્રશિક્ષક થાય છે

આ આર્ટ ઇન્સ્ટીટયૂટની બાજુમા જે મોટા રાજમહેલો જેવાં મકાનો છે તે ખાસ વાર્ષિક પ્રદર્શનો માટે જ બંધાયા છે લગભગ ૫૦૦૦ જેટલા નવા વીણેલા ચિત્રો ત્યા દર વર્ષે ગોઠવાય છે અને ખુદ સહેનશાહને હાથે એ પ્રદર્શન ખુલ્લુ મુકાય છે જાપાની તેમજ આધુનિક કળાના મહારથીઓ એ ઉત્કૃષ્ટતા માટે એટલી તીવ્ર હરીફાઈ ચલાવે છે કે ઘણી વાર કોને ઉચ્ચ સ્થાન આપવુ તે અધિકારીઓને મુશ્કેલ લાગે છે મૉડર્ન આર્ટમા જાપને નામ કરી બતાવ્યુ છે ખુદ ટોકીઓના આર્ટિસ્ટો સામે ચિત્ર માટે બેસનારા models (માનવપાત્રો) અદ્દીસો છે હુ જ્યારે ચિત્રના બંડો જોતો હતો ત્યારે ડિગ્રેમાના વર્ગમા ચાર સ્ત્રી પાત્રો નવસ્ત્રા દેહે pose (બેઠક) આપી રહ્યા હતા નવસ્ત્રાપણા માટે જાપાનીઓમા સાધારણરીતે કઇ પણ કુતૂહલ છે જ નહિ, પણ એ બાબતમા મારા સાથીદારોને દાખવ ન કર્યા હુ આર્ટિસ્ટ છુ એ જાણતે જ મને એ વર્ગના પ્રવેશવાનો હક્ક અપાયો પાછળથી આ જાણત પર ચર્ચા કરતા નાનાભાઇએ એક ઘણો સરસ દાખલો આપ્યો તેમણે એક અંગ્રેજ સર્જનને પૂછ્યુ કે તમે અનેક માનવ સ્ત્રી–પુરૂષોના દેહને જોવા ને તેવા રૂપમા સંપૂર્ણ છૂટથી જુઓ છો ત્યારે તમને શું લાગે છે? તેનો જવાબ તેમણે આપેલો કે ઓપરેશન ા રૂપમા તો અમે ચામડાં હાડકા અને રોગનો જ વિચાર કરી શકીએ છીએ બહાર નીકળીએ ત્યારે જ સ્ત્રી–પુરૂષોની સૃષ્ટિના અમે પણ પાત્રો બની જઇએ ઓપરેશન રૂમમા અમારો હાથ માત્ર વસ્તુનો નેસ્પર્સો છે નહિ કે લાગણી યા હૃદયના સ્પંદનોને

ટોકીનો ઇમ્પીરીઅલ આર્ટ ઑર્ડેમીની વિશાળતા અને સાધનસંપન્નતા એક યુનિવર્સિટી જેટલી છે તેના પ્રોફેસરો વિદ્યાર્થીઓને કળાના કોઇ પણ ક્ષેત્રમા ખંતથી શિક્ષણ આપવાની તૈયારી અને તત્પરતાવાળા છે બીજા કોઇ ક્ષેત્રમા ભાષાની દીવાલ રહે તે કરતા ચિત્રકળા શિલ્પ, લાકડાની કળા કે જાપાની ચિત્રકામ શીખવામા પરદેશીને જો ઓછી તકલિફ નડે. મુંબાઇના વસવાટમા જે ખર્ચ થાય એટલા ં ખર્ચે અહીં વિદ્યાર્થીઓને કળાનુ સર્વોચ્ચ શિક્ષણ યુરોપની હારમા મૂકે એવુ બની શકે છે હિંદી વિદ્યાર્થીને માત્ર રંગીન રંગનો લાગો પથ કરવો પડે એટલુ જ વધારે

આવી જ મેટ્રી કળામય્યા છોકરીઓ માટે છે તે 'ઇમ્પીરીઅલ આર્ટ કૉલેજ ફૉર ગર્લ્સ' કહેવાય છે પણ ત્યા જવાનો વિચાર કરૂ તે પહેલા ઓસાકાની એક મીજબણા ગિરે આપણા સુકાન વાળી લીધા ર મ. ૨.

(હવે નાટકો, દુકાનદારી, જલસા વ ાર એક સાથે જ લઇશું)

માનવસંસ્કૃતિનો ઈતિહાસ

કાળના સતત વહેતા પ્રવાહમાં માનવજાતે કરેલી સહેલગાહનો હૂબહૂ ચિતાર, જાણે ચિત્રપટના પડદાની માફક, આ સાથેના ચિત્રમાં આપણી આગળ ખડો થાય છે. એમાં આપણા ડાબા હાથ તરફ સ્મૃતિની અંધારી ખાણોમાં ડૂબેલો ભૂતકાળ છે અને જમણા હાથ તરફ એવો જ અગમ્ય ભવિષ્યકાળ આપણી કલ્પના પર અંધારપછેડો ફેલાવી રહ્યો છે. એ અંધકારમય ભૂમિકા પર, આકાશમાં જેમ વીજળી ચમકે એમ, છ હજાર વર્ષના ટૂંકા ગાળામાં માનવસંસ્કૃતિની તેજરેખાઓ ચમકી, ઝાંખી પડતી, અદશ્ય થતી ચાલી જાય છે.

વળી એ ચિત્રપટની ઉપર-નીચે બંને તરફ બે પટ્ટીઓ ચીતરી છે. ઉપરની પટ્ટીમા તે તે સંસ્કૃતિએ સ્થાપત્યની દિશામાં કરેલી પ્રગતિની વિજયપતાકા સમુ એકાદુ જીવતું સ્મૃતિચિહ્ન છે; અને નીચેની પટ્ટીની ડિઝાઇનમા તે તે સંસ્કૃતિની એકાદ વ્યક્તિનુ લાક્ષણિક ચિત્ર નજરે પડે છે. આપણા ઘણા બે જૂનાં પરિચિતોને આપણે એ બંને ડિઝાઇનોમાં પિછાની શકીએ છીએ. નીચેની ડિઝાઇન અને વચલા ચિત્રપટ વચ્ચે છ હજાર વર્ષનુ માપ બતાવનાર ગજ આવેલેલો છે, અને એ નીઓલિથિક યુગથી શરૂ કરી, ઇ. સ. પૂર્વે ૪૦૦૦ આસપાસમા સંસ્કૃતિના ઘડતરના પહેલા પહેલા પાદચિહ્નથી માડી, ઇ.સ.ની શરૂઆત ઓળંગી, વર્તમાન સુધીના સમયને ચચ્ચાર સૈકાના ગાળામા આપણને વહેંચી આપે છે.

હવે વચલા ચિત્રમાનો જુદીજુદી રેખાઓવાળો આલેખ જોઇએ. એમાં, ડાબી તરફના ભૂતકાળમાંથી જુદીજુદી ઊંચાઇએ જતી પાંચ રેખાઓ આપણી દૃષ્ટિના ક્ષિતિજમા દેખાય છે. એ બધી કયાથી આવી એ પ્રશ્ન આપણે નહિ પૂછીએ, કેમકે એટલી આગેા ખેંચીને પણ આપણે બહુ સ્પષ્ટ જોઇ શકીએ તેમ નથી. આપણા ભાષાશાસ્ત્રીઓ, આપણા પુરાતત્ત્વવિદો, આપણા ઇતિહાસકારો, એ અંધકારમાં પણ કાંઇક જોવા યત્ન કરી રહ્યા છે; પણ દંતકથાઓની એ સ્વપ્નસૃષ્ટિમાં જોવાની વસ્તુઓ એટલી છૂટી વેરાએલી છે, અને એના ઓળા એવા તો વિચિત્ર પડે છે, કે શું જોયું એ વિષે એ બધા એકમત થઇ શકતા નથી.

વારૂ. એ રેખાઓ કયી કયી છે? સૌથી નીચે હિંદુ સંસ્કૃતિ છે, અને તેની ઉપર અનુક્રમે ક્રેતન, ચિનાઇ, મિસરી (ઇજિપ્શ્યન) અને સુમેરૂ (સુમેરિયન) સંસ્કૃતિઓ છે. એ બધી સંસ્કૃતિઓનાં ઉત્પત્તિસ્થાન, અનુક્રમે, હિંદુસ્તાનના શિવાલિક પર્વતોની આજુબાજુનો પ્રદેશ, ભૂમધ્ય સમુદ્રમાં આવેલેા ક્રેતનેા દ્વીપ, ચીન, મિસર અને પશ્ચિમ એશિયા છે. એમાંની હિંદી, ચીની અને સુમેરૂ સંસ્કૃતિઓનાં ઉત્પત્તિસ્થાનેા એશિયાના છે, ક્રેત યુરોપનું અને મિસર આફ્રિકાનું છે.

પણ ચિત્રકારે એ રેખાઓને એમ ઉપરનીચે શા માટે ચીતરી છે? કારણ સ્પષ્ટ છે. એ ઊંચાઇઓ એની સંસ્કારિતાનું પ્રમાણ સૂચવાય છે; એટલેકે એ રેખા જેમ વધુ ઊંચી એમ એ વધુ વિકસિત સંસ્કૃતિ બતાવે છે.

આ હિસાબે, એ વખતે ચિત્રકારની ગણતરી પ્રમાણે હિંદુ સંસ્કૃતિ બાકીની બધી કરતાં ઊતરતી કક્ષાની હતી. પણ હિંદુ સંસ્કૃતિની એ રેખાની પ્રગતિ બહુ ધીમી છે. અને એવી રીતે ભવિષ્ય તરફ જતી રેખાઓને ભૂતકાળમાં પાછી લઇજઇએ તો બીજી બધી કરતા તે વધુ ઊંડા ભૂતકાળમાં જશે એમ લાગે છે. એની સાથે સ્પર્ધા કરે એવી એક માત્ર રેખા ચીની સંસ્કૃતિની છે. બીજી બાજુ, એ બધી રેખાઓની ઊંચાઇ વધતી જાય છે, એ બતાવે છે કે એ બધી સંસ્કૃતિઓ ચડતીમાં છે. એ આખા આલેખ ઉપર આડીઊભી લીટીઓનાં

સામાન્યરીતે માત્ર મોટા-ઓ કે અભ્યાસીઓને જ જાણીતા એવા આ અત્યંત રસમય અને ઉપયોગી વિષયનેા, અત્યંત ટૂંકામાં, અને છતાં, તેનેા રસ કે રસ જરા પણ કમી થવા દીધા વિના સમગ્ર ખ્યાલ આપતેા આ લેખ વાંચ્યા વિના રહેતા નહિ.

એમાં તથા સામેના નકશામાં આલેખેલું, જગતસંસ્કૃતિઓના ઉગમ અને સંઘર્ષોનું બયાન એ કેવળ બયાન જ નથી; પ્રગતિ ને પછાટોના એ આલેખની પાછળ દર્દ પણ છે, ને ખુમારી પણ છે.

એક અમેરિકન બેલ્જિયમ ‘ચોર્લ’ રિબાટ્રે તૈયાર કરેલા આ નકશામાં, સૌથી નીચે, ઇ સ પૂર્વે ૪૦૦૦થી માંડીને આજની પછી મુકીના ૬૦૦૦ વર્ષના પટ્ટા સરખા ગાળા પાડીને તેમાં તે તે કાળની સંસ્કૃતિના વાક્ષણિક માનવો આલેખ્યા છે, ને બધાની પહોળાઈ એ જ સંસ્કૃતિના એ કાળના બીજાં લાક્ષણિક પ્રતિનિધિત્વ ધરાવતા રચાપત્રો દર્શાવ્યા છે. વચ્ચેના ગાળામાંની રેખાઓમા એક રીતે બાજુના સંસ્કૃતિનો આપો ઇતિહાસ આપણી સમક્ષ રજૂ થાય છે. બીજી બાજુની કોઈક રેખા જો આપણે માનવ સંસ્કારનું કોઈક પ્રમાણ છે, અને જો રેખાઓની ઢાળીનીચી ગતિમાં આપણે આંકી શકીએ (આ ગણતરી ઘણી કઠણ છે) તો આપણે ઘણા ટૂંકા ગાળામાં કેટલી પ્રગતિ કરી છે તે જોઈ શકીએ. આ નકશા પરથી બીજાં પણ ઘણાં સારાં તારણો કાઢી શકાય છે.

ચોરસ બાના આકારમા છે. એમા આખી ઊભી લીટીઓ બબ્બે સૈકાનાં અંતર બતાવે છે, અને એની રીતે બબ્બે સૈકામા થયેલી પ્રગતિના વિસામે. પ્રત્યેક સંસ્કૃતિની વધતી જતી ઊંચાઈ પ્રમાણમર દર્શાવી છે. જોઈ શકાશે કે સિંધુ સંસ્કૃતિ ઇ સ. પૂર્વે ૧૮૦૦ સુધી બહુ ઓછી પ્રગતિ કરી શકી છે પણ ત્યાર્થી આગળ, એની ઉપર તરફ થતી ગતિ વધારે ઝડપ કરે છે અને બબ્બે સૈકામા તો તે અસાધારણ ગતિ કરી બાગે છે.

પણ અહીં એક પ્રશ્ન સહજ થશે કે આ બધી સંસ્કૃતિઓની સંસ્કારિતાનું ધોરણ શું છે? કોઈપણ્ણની સંસ્કારિતાની તુલના કરવા માટે આપણો પાસે કયુ માપ છે? આ એક પ્રશ્ન પર આખા નકશાનો આધાર

સાથે જન્મેલી એ સંસ્કૃતિ ઝડપભેર આગળ વધતી, વચમા ગાતરવિમહોમાં પ્રગતિ ભૂલી જાય છે. પણ જ્યારથી સોનાની શોધમાં એને અમેરિકા સાંપડે છે અને અમેરિકાની જૂની સંસ્કૃતિઓ કચડાતા એનાં પગ ત્યા મજબૂત થાય છે ત્યારથી એનામાં નવું ચેતન આવે છે, અને માણસજાતે હજુ સુધી સર નહિ કરેલી એવી ટોચે તે (પોતાની અમેરિકન શાખા સહિત) પહોંચે છે. એની એ ગતિની પાછળ ભૌતિક વિજ્ઞાનનું જોર છે. ત્યારે એથી નીચે, થોડા જ સૈકાઓમાં ધર્મ-જનૂનના જોરે પગભર થઇ ગએલી અરબ સંસ્કૃતિ બે જૂની સંસ્કૃતિઓની રપર્ધા કરતી ઊભી છે એથી આગળ આપણી દૃષ્ટિ પર ભવિષ્યનો કાળો પડદો પડી જાય છે.

હવે પ્રશ્ન એ રહે છે કે આ બધી રેખાઓ આગળ કઇ દિશામા જશે? ચિત્રકાર પોતાની ટૂંકી નોંધમાં કહે છે કે 'ગ્રીસ અને રોમ પોતપોતાના જમાનામાં ખૂબ ઊંચે ગયા હતા. પણ કાચબાની ચાલે ચાલતાં મિસર, બાબીલ્યા, ચીન અને હિંદની ગતિની સરાસરી કાઢી હોય તો તે દરેક એનાથી વધી જાય. બીજા કોઇ ગ્રહમાથી ઊતરી આવેલા પ્રેક્ષકને તો એ બધાની સરખામણીમાં ગ્રીસ કે રોમને વધુ મહત્ત્વ આપવું કે નહિ તે મૂંઝવનારો પ્રશ્ન થઇ પડે. અને એમા યે ચીન અને હિંદ તો હજુ પણ એવાં જ સશક્ત છે. તો પછી તાજા જ ઊગી ગએલી યુરોપીય —અમેરિકન રેખા પણ ગ્રીસ કે રોમના જેવી જ અલ્પાયુષી કેમ ન હોય! ઇ. ૩૦૦૦ની સાલમાં ભવિષ્યનો કોઇ ઇતિહાસકાર આવો નકશો ચીતરે અને એમાં યુરોપીય-અમેરિકન સંસ્કૃતિને ભાગે ગ્રીસ કે રોમના જેવો છતાં જરા વધુ ઊંચો વળાંક આવે અને આજે હારબારપદ બનતી પૌર્વાત્ય સંસ્કૃતિઓ એના તોફાની વાયુઓથી જરા નીચાણના પ્રદેશમાં શાંતપણે, જેવા અગમ્ય ભૂતમાંથી ચાલી આવે છે એવા જ અગમ્ય ભવિષ્યમાં ચાલી જાય તો નવાઇ નહિ!'

પણ આથી આપણે ઘુલાઈ શા માટે જવું? ભવિષ્ય માટે બધી જાતની અટકળો કરવાનો સૌને સરખો હક્ક છે. આ બધી રેખાઓનું વિહંગાવલોકન આપણને શીખવે છે કે માનવજાતનું સામાન્ય વલણ આ બધા ધર્મપછાડામાં પણ ઉપર જવા તરફ છે અને જે સંસ્કૃતિ એ ઉપર જતા વલણ સાથે સુમેળ રાખી નથી શકી એને વહેલામોડાં નીચે જવું જ પડ્યું છે. તો પછી એમ પણ કેમ ન બને કે એ ઉન્નત અર્વાચીન રેખા બીજી બધીને પોતાની દિશામા ખેંચી જાય? વળી જેટલો ભય ઊંચી રેખાને પોતાની ઊંચાઇના ભારથી ભાંગી જવાનો છે એટલો જ ભય નીચી રેખાને એ ભાર નીચે અગદાઇ મરવાનો છે. અને અસારના જુદાજુદા દૃષ્ટાઓ એ બંને જાતની આગાહી એકસરખા જોરથી ભાખી રહ્યા છે. પણ માનવજાત એ બંને આગાહીને ખોટી પાડી કોઈ નવી જ રેખા દોરે, એમ પણ કેમ ન બને?

હરિકૃષ્ણ વ્યાસ

('પોપ્યુલર સાયન્સ'માં આવેલા ગિ. રિચાર્ડસના લેખ ઉપરથી)



મેંદીનાં પાન

જેનો ખરો રંગ જો લાગશે તો સદા તમારા આત્માને સોહાવી રહેશે.

જે કદી ભરપાઇ ન કરવું જોઇએ એવું કરજ એક જ છે—અને તે વેર.
ઉદાર થવામાં કશું અયોગ્ય નથી; પણ તે પહેલાં ન્યાયી બનવું જરૂરનું છે.
પોતાના ગોત્રોમાં શ્રદ્ધા નથી હોતી એ જ માણસ સોગન ખાવા લલચાય છે.
આત્મશ્લાઘા ઘણી વખત વ્યક્તિને ગદ્દાર આણવા કરતા વિશેષતર ઢાકી દે છે.
ઊંડી નદીઓ જ નીરવ વહી શકે છે.
પડેલા ઝાડનું સ્વાગત દુનિયા કુહાડાથી જ કરે છે.
પડતા દુશ્મનને હાથ લંબાવવા જેવી પ્રશસ્ય ઉદારતા દુનિયામાં ઓછે નથી.
જખમ કરવો જેટલો સહેલો છે એટલો જ રૂઝાવવો દુષ્કર છે.
તારે સમૃદ્ધિ વધારવી જ હોય તો ઇચ્છાઓને ઓછી કરી નાખ.

કિર્લોસ્કરનાં કટાક્ષચિત્રો

ટામ્બ્યા કેફી

મહારાષ્ટ્રના મુ સિદ્ધ મા સિક 'કિર્લોસ્કર'ના તંત્રી શ્રી ગકરરાવ કિર્લોસ્કરે 'ટાબ્યા કેફી' એવું કે 'ટાક ી કેફ ા બાજી ગે નામથી એક ચો ડી પ્રસિદ્ધ કરી છે શ્રી ગ રરાવ ચિત્રશાળા ા મારા સહ ંચ થી હતા અને આજે પત્રકાર તરીક પણ તેમણે અન ય કીર્તિ પ્રાપ્ત કરી છે, છતા 'ચિત્રકર્મ તંજ દીધુ નથી પોતાના કામ ા અનેકવિધ જંજાળમાંથી તેઓ જ્યારે પરવારે ત્યારે કા તો એકાદ કટાક્ષચિત્ર અગ્રે ાયના એકાદ સુદિ્ધર' ચીતરી કાઢે એ બનેમા તેમ ી કાબેલિય ત જ ીતી છે ગેમની કિર્લોસ્કર માસિકદ્વારા મહારાષ્ટ્રમા ઉત્તમ સાહસ, પ્રતિભા અને નવમતનો પ્રણાળ પ્રચાર આદ્યનો છે અને તેમા ગેમના આ કાર્ટૂનોએ જબરો ફાળો ર્યો છે એ બધા કાર્ટૂનને નો સમાવ તે જ ટાબ્યા કેફી'

ગેમા નથી એ નામા સુગધ ભળે તેમ, મહારાષ્ટ્રના મુ પ્રતિભાશાળી વિદ્વાન પ્રો ફડકેગે દરેક કાર્ટૂન ઉપર પ્રેરક કડિતા ઓ લખી છે અમાંથી બહુ મો જન્ય ગ્રંથ એ બધા 'કુમાર મા પ્રસિદ્ધ કરવા ી છ આપી છે આ 'કુમાર' તે માટે તેમનું હુન્નરપૂર્વકનુ ન્ગી ણ યુ છે 'ટાબ્યા કેફી'ની ાયેથી તૈયાર ચોપડી કિર્લોસ્કર વાડી પ્રેમ મુ કિર્લોસ્કર વાડી (જિ સતારા) એ સર ત્રમોપી રૂા ૨ ના કીમતે મળી શકે છે



આળસુની સુખનિદ્રા

ગાદી પર તો પડયા, પણ તલવાર જોઇ?

(ચિત્રકાર રાકરરાવ કિર્લોસ્કર લેખક પ્રા ના સિ કે ર)

કોઇ ગે કહ્યું છે કે ઉદ્યોગના ઘરમા સિદ્ધિસિદ્ધિ પાણી ભરે છે પરતુ જે જન્મથી જ આળસપરાયણ છે તેને તો એમ જ લાગતુ હશે કે ઉદ્યોગી માણસ કરતા પે તે પણ સુખી છે જરા યે હાયપગ હલાવ્યા સિવાય ગાદી પર ટાટીયા લાબા કરી રાતદિવસ ઘર બેઠાનુ મળે તો ાથી વધારે મોજ બીજી કઈ છે? તે મનમા હશેતો હશે, ઉદ્યોગ કરીને ખરે તો માણસે આરામ અને ચેન જ કરવાના ને? તો પછી એટલા માટે ઉદ્યોગ કરવા ી જરૂર શી? ઉદ્યોગી માણસને જે મળવાનુ છે તે તો અમે બેઠાબેઠા છીએ'

આળસુ માણસ ી આ વિચારસર ી કે થી ભ્રમજનક છે? આપ ણે ઉપ રીની ચિત્રાવલી એમજ લાગે કે મને કોઇ ભેદ જાણ નથી પણ ાળજીથી એક દરે પડે ત્યારે આપ ણે ત્રે આવી જાય છે આળસુ માણસનુ પણ એવુ જ છે તે ગાધો પણ દરિદ્રપની ના ી તલવાર તેન માથા પર કાયે નાતરે સદા લટકતી જ રહે છે એ ગોપીનો ગાદી પર પડે ે તો ખર તો ેખની ખો અને એ તલવાર પર દૃષ્ટ ાય પણ ખરે કે ઈ વાર તે પડીને તને સવનાશ કરે ાવના રહેવા ી નહિ જ

સંસારના આપણા જાગૃતે સમાચાર

ટી. તા. ૩ જી ફેબ્રુઆરીને રોજ દિલ્હી મુકામે અખિલ હિંદ સ્કાઉટ સંમેલન ભરાયું, જેમાં હિંદભરના ૪૦૦૦ સ્કાઉટોએ ભાગ લીધો હતો. વીસ વર્ષ પછી લૉર્ડ બેડન પૉવેલની હાજરી સંમેલનમાં ખાસ ધ્યાન ખેંચનારી હતી.

ટી. ઇંગ્લંડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાતી આ સાલની મૅચમાં ઑસ્ટ્રેલિયાએ વિજયી થઈ 'ઍશીઝ' મેળવી છે. આજ સુધીમાં જેણે ૪૬ ટેસ્ટો (છેલ્લા વિજય સહિત) જીતી છે, જ્યારે ઇંગ્લંડે ૫૪.

ટી. કરાચીથી કોલંબો સુધીનો હિન્દ અને સીલોન વચ્ચેનો હવાઈ વ્યવહાર થોડા જ સમયમાં અસ્તિત્વમાં આવશે.

ટી. અખિલ હિંદ હિંદી સાહિત્ય સંમેલનનું છવીસમું વાર્ષિક અધિવેશન તા. ૨૭, ૨૮ અને ૨૯મી માર્ચે મદ્રાસમાં ભરાયું, જેના સ્વાગતમંડળના અધ્યક્ષ કવિશ્રી ખબરદાર હતા.

ટી. અટક્યા વગર સાઇકલ પર લાગલાગટ પરિક્રમણ કરી જગતરેકૉર્ડ તોડવાનો પ્રયત્ન તા. ૩જી માર્ચના રોજ બહાદુરાણાદ મુકામે શ્રી શિવપ્રસાદ, એન. સી ભદ્ર અને રવિન ચૅટરજીએ ત્રણ હિંદી યુવકોએ કર્યો હતો. તેમાંથી શ્રી રવિન ચૅટરજી એ તા. ૯મીની સવારે ૧૦–૧૫ કલાકે ૭૪ માઇલ પૂરા કર્યા. આ રીતે છૂટે હાથે અને હાથકડીઓ સાથે તરવાની બે ચૅંપીઅનશીપો ઉપરાંત શ્રી રવિન ચૅટરજીએ આ સાઇકલ ચલાવવાની ત્રીજી ચૅંપીઅનશીપ પણ મેળવી છે. આ ત્રીજી ચૅંપીઅનશીપ અત્યાર સુધી મદ્રાસના બાબુરાવ ગણપતરાવ શેષતી ધરાવતા હતા. ચૅટરજીએ પહેલી બે ચૅંપીઅનશીપો અનુક્રમે ૧૯૩૫ અને '૩૬માં મેળવી હતી.

ટી. જાપાનીઝ સરકારે તાજેતરમાં એવો કાયદો કાઢ્યો છે કે અઢાર વર્ષની ઉપરના દરેક કુમારે દરરોજ પાંચ વાગે ઊઠીને લશ્કરી તાલીમમાં હાજરી આપવી. એ પહેલા ન ઊઠે તો તે માટે માબાપ જવાબદાર ગણાશે.

ટી. સીંગાપોર અને પીનાંગ પછી બ્રિટિશે હવે હૉંગકૉંગને પણ લશ્કરી કિલ્લેબંદી કરવાની શરૂઆત કરી છે. હવે પછીથી એ શાહી વિમાની કાફલાનું એક અગત્યનું મથક બનશે.

ટી. વર્ધા ખાતે મહાત્માજીએ પોતાના આપેલા નિર્ણય મુજબ આવતી મહાસભા બારડોલી મુકામે ભરાશે

ટી. '૧૯૩૫ની સાલનો રણછોડરામ સુવર્ણચંદ્રક ગુજરાત સાહિત્ય સભા તરફથી શ્રી ચન્દ્રવદન ચીમનલાલ મહેતાને એમના 'આગગાડી' નાટક માટે આપવાનો ઠરાવ થયો છે.

ટી. મહીકાંઠા, રેવાકાંઠા, ગુજરાત તેમજ ઇતર પ્રાંતના વ્યાયામપ્રેમી ભાઇઓ લાભ લઈ શકે તે માટે શ્રી મોડાસા કેળવણી મંડળ વ્યાયામમંદિરની દેખરેખ નીચે તા. ૫-૧-૩૭થી તા. ૪-૬-૩૭ સુધી ખાસ વ્યાયામવર્ગ ચાલુ કરવામાં આવશે. દાખલ થવા ઇચ્છનાર ભાઇએ તા. ૩૦-૪-૩૭ સુધીમાં, પ્રિન્સ મોનજી આઇસરા સંચાલક શ્રી મોડાસા કે મં વ્યાયામમંદિર મોડાસા (A.P. Ry.) એ સરનામે ફીગેઝીટ રૂા. ૨ સાથે અરજી કરવી. વર્ગનું લવાજમ, ભોજન તથા વ્યવસ્થાખર્ચ વગેરે મળીને રૂા. 12) અને પંદર દિવસના રૂા. ૬) છે.

ટી. એવા જ બીજો વ્યાયામવર્ગ, શ્રી હનુમાન વ્યાયામપ્રસારક મંડળ અમરાવતી—એ યોજ્યો છે. છેલ્લાં બાર વર્ષથી એ મંડળ દર વર્ષે એવો નિયમિત વર્ગ ખોલે છે ને રાજ્યના ખૂણેખૂણેથી લગભગ ૫૦૦૦ જેટલા જુવાનો તેનો લાભ લે છે.

તા. ૧ લી મેથી ૧ લી જાન્યુઆરી સુધી એ વર્ગ ચાલુ રહેશે ને એમાં કુસ્તી, મલખંભ, ભાલા, લાઠી, લેઝીમ, હિંદી લાઠી, સ્કાઉટિંગ, પ્રાથમિક લશ્કરી શિક્ષણ, હળવો વ્યાયામ અને એના અનુષંગી બધા વિષયો શીખવવામાં આવશે. એ ઉપરાંત વિવિધ ભાષણોનો પણ પ્રબંધ કરવામાં આવ્યો છે. આખો કોર્સ ત્રણ વર્ષનો છે ને એ પૂરો કરનારને વ્યાયામવિશારદની ઉપાધિ આપવામાં આવે છે. એના બીજા વિભાગ તરીકે મંડળને મજબૂત અને વ્યાયામનું કાર્ય આગળ ધપાવી શકે એવા પ્રાથમિક શાળાઓના શિક્ષકોને તાલીમ આપી શિક્ષણ માટે કામ સોંપવામાં આવશે. રહેવા-જમવાના ખર્ચ પૂરતા માસિક ૧૬) રૂપિયા માત્ર આપવાના હોવાથી તા. ૨૫મી એપ્રિલ પહેલાં પોણા આનાના પોસ્ટેજ સ્ટૅંપ સહિત, ઓચ્છે અનુસારે સેક્રેટરી હનુમાન વ્યાયામ પ્રસારક મંડળ અમરાવતી એ સરનામે અરજી કરવી

ટી. ભારતના કુલદેવી સમાં મહારાણી લક્ષ્મીબાઈ પર કોઈ અંગ્રેજ લેખક મિ. ફિલિપ કૉક્સે 'ઝાંસીની રાણી' નામનું નાટક લખી, તેમના ચારિત્ર્ય પર અનેક આક્ષેપો મૂક્યા હતા. પરંતુ એમના વારસદારોએ સર હરિસિંગ ગૌર તરફથી એ પુસ્તકના પ્રકાશક મેસર્સ જ્યૉર્જ ઑલન ઍન્ડ અનિવન પર નોટીસ મોકલાવતાં તેમણે જવાબમાં સ્વીકાર્યું છે કે: મહારાણી લક્ષ્મીબાઇ સામે કરવામાં આવેલા આક્ષેપો માટે હિંદુસ્તાનનાં આઠ અગ્રગણ્ય વર્તમાનપત્રોમાં દિલગીરી પ્રદર્શિત કરવામાં આવશે, વાંધાભર્યું લખાણ પુસ્તકમાંથી કાઢી નાખવામાં આવશે અને પુસ્તકની સુધારેલી આવૃત્તિ તૈયાર કરવામાં આવે ત્યાંસુધી હાલની આવૃત્તિનાં પુસ્તકો તથા તેના ભાષાંતરના હક્કો પણ વેચવામાં નહિ આવે.

અખાડો

જેમાં વ્યાયામની ઉપાસના કરનારા યુવાનો દર મહિને પરસ્પર અનુભવની આપલે કરે છે

નિરીક્ષક

૧

ભાવનગરથી ભાઈ નગીનદાસ શેઠ બદકોશ અને શીર્ષાસન વિષે થોડા પ્રશ્નો પૂછે છે. બધકોશ વિષે અગાઉ થોડુક મેં લખ્યું છે બધકોશ હોય ત્યારે શીર્ષાસન કરવામાં નુકસાન નથી, તેમ મગજનું દળાણ ન હોય તો અવારે નિશાએ ગયા વિના પણ શીર્ષાસન કરી શકાય પોતાની અનુકૂળતાને અર્થે બપોરે પણ શીર્ષાસન કરવાથી કોઈ જનતી શારીરિક હાનિ થવાનો સંભવ નથી શીર્ષાસનથી આખની નબળાઈ દૂર થવાની માન્યતા છે, પણ એનો મને જનઅનુભવ નથી, એટલે એ વિષે મારો અભિપ્રાય નિરર્થક છે.

બીલ કેવળ કબજિયાતનો રોગ મનાય છે કેટલાક એને બધકોશજન્ય ગણે છે, પણ એ બંનેનો સીધો સંબંધ પુરવાર કરવો મુશ્કેલ કે બધકોશને પરિણામે લોહી બગડે અને બીલ થાય એટલું જ કહી શકાય

૨

'મારું વજન ૧૦૪ રતલ છે હું પ' ફીટ ૬" ઊંચો છું ખૂબ પ્રમાણપૂર્વક હું મારું સ્વાસ્થ્ય સાચવું છું મને કોઈ વ્યસન નથી પરંતુ કસરત કરતા છતા મારું લાડ બધાતું નથી મને લાગે છે કે મુદ્દલ બાધો કસરતથી નહિ પણ વાસ્તામાં મળે છે આવા વિચારથી કસરત તરફ મને અનેક વેળા અણગમો આવે છે આપ શી સલાહ આપો છો?'

જોગવાઈ જેવા દૂરના અર્થે પણ 'કુમાર'ની પ્રેરણાનો નિયમિત વાચન દ્વારા લાભ મેળવનાર ભાઈ ચંદ્રકાન્ત જેવી ખૂબ ઉત્સાહી અને ચીવટવાળા યુવક હોઈ, 'રૉયલ લાઈફ સેવિંગ સોસાએટી'ના સભ્ય થનારી અને ચંદ્રક જીતનાર છે એમના નિયમિત આહારવિહાર, વ્યાયામ, આરામ, સ્નાન અને નિર્વસની જીવનનો હું વિચાર કરું છું, ત્યારે એમની ઉપર દર્શાવેલી ઊણપનું મને એક જ કારણ લાગે છેઃ શરીરના રનાયુઓની વહિ કરનાર યોગ્ય આરામનો અભાવ એમાકનું બળજબરી પાચન થતું હોય અર્થાત્ એનું પુન્હા પ્રમાણમાં લોહી બનતું હોય તો શરીરની વહિ થવા જ જોઈએ

શ્રી હરિનારાયણ આચાર્ય

પત્રવ્યવહાર

પૂર્ણ સ્વાસ્થ્ય હોય ત્યાં યુવાવસ્થામાં શરીર વધે એ કુદરતી છે પણ આવશ્યક આહાર, અને એને અનુકૂળ વ્યાયામ હોવા છતાં શરીર ન વધે, તો એ કાં તો કોઈ રોગને લીધે કે પછી શરીરની કોઈ વિશિષ્ટ ગ્રન્થીના ક્રમની ન્યૂનાધિકતાને લીધે હોવું જોઈએ એ તો કોઈ ચિકિત્સક કહી શકે બાકી આને શરીરની ન્યૂનતા વિષે હું અગાઉ લખી ચૂક્યો છું

૩

'(અ) આજકાલ શાળાઓની દૃષ્ટિએ કયા જાતનો વ્યાયામ શાળામાં દાખલ કરી શકીએ? શાળાઓમાં અન્ય પીરીઅડ પ્રમાણે આનો પણ નિયત સમય ગણે છે, તે અનુકૂળ હોય કે ન હોય, પણ વ્યાયામ કરાવવો એટલે કરાવવો જ તો આવા સંજોગોમાં કેવા પ્રકારનો વ્યાયામ કરી શકાય?

સાજના વર્ગને Mass-Drill રાખીએ તો તેમાં સુંદર શરીર બંધાય એ સમજી શકતું નથી. અને એકની એક વસ્તુ કરીને વિદ્યાર્થીઓ કંટાળી પણ જાય છે વળી તેમાં વિવિધતા લાવવા માટે મુશ્કેલ જેવા શરૂઆમાં જરૂરીનો અભાવ વિદ્યાર્થીઓનો પરદેશી રમતો પ્રત્યે જોવામાં આવે છે તેટલો આગ્રહ નથી, તેથી ફરજિયાત કરવા છતાં તેમાંથી નાની જાતની કસરતો કરી તેઓ છોડ્યા કરે છે આપ કયા પ્રકારનો વ્યાયામ સૂચવો છો?'

(આ) ખૂબ વ્યાયામ કરીને તરત પાણી પીવાથી નુકસાન થવાનું મનાય છે, પણ ક્રમની જેવાડીઓ ક્રમ કરીને દોડતા ઘોડા જેમ અને બીજા પીણા પીએ છે એનું શું? તરત દૂધ પીવાય?

(ઇ) લોકોના મનોરંજન કરવા માટે લાકી, લકડી અને બીજા બીજા 'ફી,મ' કરી બતાવવામાં વ્યાયામનો પ્રચાર નથી થતો? આજકાલ મુંબઈમાં તે બાબતે-

દરમા આવા 'શો' કરીને પૈસા કમાવા સિવાય તેનો બીજો ખાસ હેતુ નથી. આપનો શો અભિપ્રાય છે?

(૩) આ સાથે મોકલેલો ફોટો યોગ્ય લાગે તો 'કુમાર'માં છાપશો?

(ઋ) આપ કુસ્તીને બહુ મહત્ત્વ આપો છો. પણ મારીમા રોળાવાનુ આજકાલનો સુંવરેલો યુવાન પસંદ કરતો નથી તેથી તેનું સ્થાન જયુજુત્સુ લેતું જાય છે અને કુસ્તી જંગલી ગણાઈને તેના પ્રત્યે વધારે ને વધારે તિરસ્કાર કેળવાતો જાય છે. તો શું જયુજુત્સુ કુસ્તી કરતા ચડે તેમ છે? આપણી હિન્દુસ્તાનની કુસ્તી તો અજોડ મનાય છે; તે શું બહેલવાનો પૂરતી જ?'

આ પત્ર આખો ઊતારવામા મારો વિશિષ્ટ હેતુ છે. એના લખનાર ભાઈ શૈલેન્દ્ર ચોપટાણી વીસે બારવેની જી.પી.બી. હાઇસ્કૂલના વ્યાયામ-શિક્ષક છે. કેવળ રમતરસિયા ગાડા પેઠે ચીલેચાલે ચાલી, સાંજ પડચે હાશ કરીને બનતો કૃતકૃત્ય માનનાર વ્યાયામ શિક્ષકોનો જે વર્ગ છે તેમાંના એ નથી, એમ એમના પ્રશ્નો પરથી જણાય છે. એમના વ્યવસાયમાં આવતી મુશ્કેલીઓનો બુદ્ધિપૂર્વક તોડ કાઢવા છતાં, એમનો શ્રમ સફળ કે સંતોષજનક પરિણામવાળો નહિ થતો હોય એમ જણાય છે. એ બાબતે અનુભવી અને વિચારક લાગે છે એટલા પૂરતી એમના પ્રશ્નોની ખાસ મહત્તા છે. એમાના જે વિષયની ચર્ચા અગાઉના લેખોમાં થઈ ગઈ છે તે છોડી દઈને અવશિષ્ટ ભાગનો અહીં સંક્ષેપમા જવાબ આપુ છું.

મારે આરંભમાં જ કહેવું જોઈએ કે હું વ્યક્તિગત વિકાસ અને શ્રમમાં માનનારો છું, એટલે સામુદાયિક વ્યાયામમાં મને રસ નથી. એવા પ્રયોગમાં આનંદનું તત્ત્વ ભલે હોય, મુખાનેમા ચપળતા, આરોગ્ય અને શિસ્તપાલન તથા મહેનતગીનો ઉત્પાદક પણ એ હોય, છતાં શરીરના સંપૂર્ણ વિકાસનો જનક તો એ નથી જ એવી મારી દૃઢ માન્યતા છે. એટલે જ અમદાવાદને આંગણે પ્રથમ વાર આવનાર અમરાવતીના ચુનંદા વ્યાયામશીલોનો સંઘવ્યાયામ જોવા કરતાં, પાસેના સરકસમાંની ત્રપાનીસ ટ્રૂપ જૅમ્નેસ્ટસની જોડીના કે જૅગનરાજ જેવાના રોમન રિંગ પરના પ્રયોગો જોવા જવાનું હું વધારે પસંદ કરું. તે, અમરાવતીના વ્યાયામવીરો પ્રત્યેના અણગમા કે ઉપેક્षાવૃત્તિથી અથવા હું બધું જાણી ગયો છું કે એમના કરતાં વધારે નિષ્ણાત છું એવા મિથ્યા ગૌરવ કે ઘમંડને લઈને નહિ, પણ જે ક્રિયા અનેક જણ જોગા મળી એકસામટી કોઈવખતે કરે તેમાં પ્રેક્षણીય તત્ત્વ ભલે હોય, પણ વ્યક્તિગત કૌશલ્યની પરાકાષ્ઠા તો ન જ હોઈ શકે, એવા વિચારથી. અમરાવતીના પ્રયોગો વિખ્યાત છે. બહુ થોડી વ્યાયામશાળાઓએ એના જેટલી સફળતા કે લાંબી વગેરેમાં નિપુણતા મેળવી છે. છતાં અભ્યાસત પ્રયોગને અંતે દીર્ઘ કાળે વ્યાયામશીલોનો કોઈપણ સમુદાય (કદાચ ગુજરાતીઓ પણ) અમરાવતી જેટલી નિપુણતા કેળવી શકે તો એમાં મને નવાઈ ન લાગે, પરંતુ જૅગનરાજની રોમન રિંગ ઉપરની પ્રભુતામાં પ્રતીત થતુ વૈયક્તિક તત્ત્વ, એના કૌશલ્યનું તારતમ્ય તો, સતત અભ્યાસને પરિણામે યે કોઈ પામી શકે કે કેમ એની મને શંકા છે. અનેક સફળ મલ્લરાજો છતાં જે વ્યક્તિગત 'કંઈક'થી ગામા ગામા ગણાય છે, પરાજિત થયો છતાં જે વ્યક્તિગત કૌશલ્ય અને સામર્થ્યને લીધે જૅક ડેમ્પ્સી 'ન ભૂતો ન ભવિષ્યતિ' બૉક્સર તરીકે દરેક બૉક્સિંગપ્રિય વ્યક્તિના હૃદયમાં સ્થાન પામ્યો છે તે વ્યક્તિત્વ, તે વ્યક્તિગત સામર્થ્યનું દર્શન તો સામુદાયિક વ્યાયામમાં કયાથી જ થાય? ખરી રીતે તો આવી પ્રવૃત્તિઓને 'વ્યાયામ' નામ આપી શકાય કે કેમ એ પણ એક પ્રશ્ન છે. કારણ, વ્યાયામનાં અન્ય અંગો—લાઘવ, વર્ધમામર્થ્ય, ક્ષીણોદ્ધિ, મેદસાં ક્षયઃ—ભલે એમાં હોય, પણ એના મહત્ત્વના અંગ—વિભક્તઘનગાત્રત્વ—ની તો આવા સામુદાયિક શ્રમ દ્વારા આશા જ શાની રાખવી?

મારો આ સ્પષ્ટ અભિપ્રાય છે. એના આધારે જ હું આ પત્રની ચર્ચા કરવાનો છું, એટલું ધ્યાનમાં રાખવું. હવે મુદ્દાસર પ્રશ્નોના ઉત્તર આપું:

(૧) કેવળ શરીરવિકાસનો જ હેતુ હોય તો શાળાઓમાં પણ વ્યક્તિગત વ્યાયામની યોજના કર્યા સિવાય છુટકો નથી; અને એમાં પણ જેમને શરીરનો કેળવણીની ભૂખ હોય તેમને માટે જ. મને કમને વાંકાચૂંકા વળી, રાઇટ લેફ્ટથી પગ પછાડી, પાંચ પંદર મિનિટમાં સંઘવ્યાયામ, કવાયત વગેરે આટોપી લેવાનું સરળ છે, પણ ઇચ્છા ન હોય એવા વિદ્યાર્થીને સ્નાયુ કેળવવા

બળાત્કારે પ્રેરવાનું તો અશક્ય જ છે. એટલે જ આખું વરસ નિયમિત આખા વર્ગને વ્યાયામ કરાવવા છતાં શરીરવિકાસની દૃષ્ટિએ પરિણામ તો સરવાળે શૂન્ય જ આવે છે; જ્યારે બીજી બાજુ, કોઈ ઉત્સાહી વ્યાયામશિક્ષકની પ્રેરણા ઝીલી વ્યાયામશાળામાં મહેનત કરનાર કતિપય વિદ્યાર્થીઓનાં શરીર ચાર–છ માસમાં પણ સુંદર સુદૃઢ અને પ્રતિભાસંપન્ન થતાં દેખાય છે.

જ્યાં આવી વૈયક્તિક કેળવણી શક્ય નથી અને 'માથે પડી વિશ્વદેવા' કરી મને કમને પણ શાળાના નિયત સમયપત્રકને અનુસરી સંઘવ્યાયામ કરાવવો પડે છે, ત્યાં તો મારી દૃષ્ટિએ છેકોસ્લોવાકીઆની 'સૉકૉલ' પદ્ધતિનો સંઘવ્યાયામ બેસ્ટ લાગે છે. એમાં જુદાંજુદાં સાધનોથી વિવિધતા લાવી રસ જન્માવી શકાય.

બહું જોતા તો, આપણા જે કેળવણીકારોએ વ્યાયામનું આ નવું તત્ત્વ આપણા શિક્ષણમાં દાખલ કર્યું છે, તેમનો ઉદ્દેશ પણ વિદ્યાર્થીના શરીરને સુદૃઢ અને સુંદર ઘડવાનો નથી, પણ પશ્ચિમના અનુકરણથી અભ્યાસ દરમિયાન વિદ્યાર્થીઓનાં સ્ફૂર્તિ અને સ્વાસ્થ્ય કેળવવાનો છે. જેટલે અંશે વિદ્યાર્થીઓ વધુ રમ લેતા થાય તેટલી વ્યાયામશિક્ષકની અંગત સફળતા.

આવી દશા આપણી એકલાની જ છે એમ માનવાનું નથી. 'શાળાઓમાં વ્યાયામ' મિહાનના આચરણમાં અગ્રસ્થાને આવતા અમેરિકાની યુનિવર્સિટીઓની વ્યાયામ-પ્રવૃત્તિઓનો પણ આવો જ ઇતિહાસ છે. ત્યાંના વિદ્યાર્થીઓમાનો મોટો ભાગ રમતો તરફ ખૂબ આકર્ષાય છે. જિમ્નેશિયમમાં જઈને નિષ્ણાત વ્યાયામશિક્ષક–coach–ના હાથ નીચે તાલીમ લઈ શરીરને કેળવનારા કે જિમ્નૅસ્ટિકમમાં વ્યક્તિગત નિપુણતા મેળવનારા તો ગણ્યાગાંઠ્યા જ હોય છે.

વ્યક્તિગત વિકાસમાં અપાર શ્રદ્ધા વાળો છતાં હું સામુદાયિક વ્યાયામની કીંમત ઓછી આંકતો નથી. દુનિયાની અન્ય પ્રજાઓની તેમ આપણા જ પૂર્વજોની સરખામણીમાં આપણાં શરીર અત્યંત નિર્બળ ગણાય. એને સુધારવાની કોઈ પણ તક આપણે જતી કરવી ન જોઈએ. વ્યક્તિનો વિકાસ આપણે ધારીએ છીએ તેટલો સરળ નથી, તેમ એવા વિકાસને અનુકૂળ સંયોગો પણ દરેકને નથી મળતા. એવો શ્રમ કરવાની મનોવૃત્તિ પણ બધાની કલ્પી લેવી એ આશા વધારે પડતી છે; એટલે પ્રશ્ન તરીકે આપણું યૌવનધન જેટલું દૃઢ થાય એટલું કરી લેવા અર્થે, વ્યાયામના દરેક પ્રયત્ન અને પદ્ધતિનું અવલોકન કરવું જોઈએ. શરીર સુધારણા (એકલો વિકાસ નહિ, પણ સુધારણા યે) 'જલ' રૂપી બ્રહ્મનો મોટો યજ્ઞ કહેવાય. એમાં સૌ સૌની શક્તિ પ્રમાણે ભોગ આપે. કોઈ નિર્બળતા અને કુરૂપના હોમે તો કોઈ કેવળ વ્યાધિ હોમે કોઈકોઈ સંપૂર્ણ સ્વાસ્થ્ય શક્તિ અને સૌન્દર્ય મેળવે ત્યારે જ જંપે, તો અન્યો રમત ગમત કે અંગમરોડ દ્વારા નિગમય શરીર રાખવાનો જ હેતુ હોય. સમાજના અસ્તિત્વની નજરે તો જેટલી જરૂર બળની છે, તેટલી જ સ્વાસ્થ્યની છે. એટલે શાળાઓની અંદર કે બહાર વ્યાયામનો કોઈ પણ વૈયક્તિક કે સામુદાયિક પ્રયત્ન અવશ્ય આદરણીય છે. એ પ્રયત્ન ગમે તેવો બાલિશ કે તત્ત્વહીન લાગે છતાં એનું સ્થાન કોઈ નવી પ્રણાલિકા ન લે ત્યાં સુધી એની પૂરેપૂરી મદદ અર્થે સંચાલકે મથવું જ જોઈએ આ સંચાલકનું, પોતાનું વ્યક્તિત્વ જેટલું વધારે તેટલી વધારે સફળતા.

(આ) વ્યાયામ કર્યા પછી પાણી પીવા વિષે મેં આગાઉ લક્ષ્યું છે. રમતગમતોની અને શરીરને ખૂબ શ્રમ પહોંચાડનાર વ્યાયામની સરખામણી અપેક્ષિત છે.

(ઇ) થીએટરોમાં જે રીતે આજે થાય છે, એ જાતના લાકી–લકડી વગેરેના વ્યાયામપ્રયોગોની તો વ્યાયામનો કદી યે પ્રચાર થવાનો નથી. એ બધા 'વ્યાયામ' નામને જ પાત્ર નથી. એમનું સ્થાન તો, મહોલ્લામાં ખેલ કરનાર બજાણિયા કે કંઈક વધારે વ્યવસ્થિત રૂપના સરકસના ખેલો કરતા જરા યે વધારે માનપાત્ર નથી. અમરાવતીના ઉસ્તાદ વ્યાયામવીરો ગયે સાલ ગુજરાતમાં આવ્યા હતા, પણ તેમની ઘેલાની ભૂખને લીધે, બધો કાર્યક્રમ પ્રેક્ષણીય હોવા છતાં, વ્યાયામપ્રચારના હેતુ તરી નિષ્ફળ નીવડેલો.

અને સામુદાયિક પ્રયોગો દ્વારા જ વ્યાયામનો પ્રચાર કરવો હોય તો આપણા આજના વ્યાયામમંત્રો અને દીક્ષાઓ શાં ખોટા છે? ઓલીમ્પીક સંમેલનોના નાના અવતાર જેવાં આ બધાં ખોટા ઉપકારક કે ઓછા પ્રેરણાત્મક નથી. માત્ર એમ મોટી ઊણપ સાપડીયતાની ભાવનાની છે. આપણો દેહ કેળવવો એ કેવળ આપણા આનંદ ખાતર નહિ, પણ

આપણા સમાજના, તે દ્વારા રાષ્ટ્રના વિરાટ દેહની (આપણું શરીર એનું એક અંગ છે તેથી તેની) દૃઢતા અર્થે જ—એવી ભાવના આ સંમેલનોમાં ભાગ લેનારના મનમાં સદોદિત જાગરિત રહેવી જોઈએ. ડરીફામનું તત્ત્વ બનતે અનિષ્ટ નથી. પણ એ ડરીફામ, રાષ્ટ્રને અન્ય પ્રજાઓ સમક્ષ ઉચ્ચ સ્થાને મૂકવાના પ્રયાસ અર્થે નહિ, પણ કેવળ અંગત મહત્તા પધારવા માટે જ કરાય છે ત્યારે એ અકારી થાગે છે આવું પ્રબળ રાષ્ટ્રીય તત્ત્વ ગને કેવળ મૉર્ડેલમાં જણાયું છે. આપણા વ્યાયામ શિક્ષકો અને વ્યાયામસંસ્થાના સંચાલકો આવું તત્ત્વ આપણી વ્યાયામ પ્રવૃત્તિઓમાં જોતારી શકે તો કેવું સારું.

(૩) આપણા શરીરનો ફોટોગ્રાફ મોકલો તો વિચાર કરું.

(ઋ) આવતે આગના અંકમાં વિરામ રહેશે.

ફોટોગ્રાફી વિભાગ

ફિલ્મની પસંદગી

ફોટોગ્રાફીનો આખાન પૂરો પાડનારી કેમેરા પણ દુકાનમાં તમે જોયો અને નજર નાખી. લાલ, લીલા, પીળા, કેસરી, એમ વિવિધરંગી ખોખાવાળી ફિલ્મો અને પ્લેટોના પૅકેટોથી ભરપૂર કબાટો તમે જોયો. આ બધામાંથી કઇ ફિલ્મ લેવી એ પ્રશ્ન બધાને મૂંઝવે છે. કેટલીક વાર દુકાનદાર પોતાને લાભદાયી હોય તે કંપનીની ફિલ્મો વેચવાનો પ્રયત્ન કરતો હોય છે બારગાત ખરીદેલી અથવા બીજા બાબતુ, એકાદ ફિલ્મનું પરિણામ આઠ જણાવાને લીધે હમેશા માટે તે જ કંપનીની ફિલ્મ વાપરવાનો આગ્રહ રાખવા પણ ઘણા લલચાતા હોય છે આમ, ફિલ્મ અગર પ્લેટના પ્રકારની સાચી સમજણ વગર ઘણાના ગાડા ગબડતા હોય છે.

પ્રિન્ટિંગ અને એન્લાર્જિંગ માટે વપરાતા કાગળોના ઈમલશન (ઉપર આપરેલા રસાયણ)માં પણ ઘણા પ્રકારો હોય છે. અને એની જ રીતે નેગેટિવ ઉપજાવવા માટે વપરાતી પ્લેટો, ફિલ્મો અગર ફિલ્મોની બનાવટમાં પણ કંપનીઓ અનેકવિધ ઈમલશનો લગાડે છે. જુદીજુદી કંપનીઓની ફિલ્મોનાં ઈમલશનોમાં મુખ્યત્વેકરીને, પ્રકાશનો અસર ઉપજાવવાની શક્તિ—આકૃતિ પકડવાની ઝડપ—Speed of Emulsion to daylight or artificial light અને વિષયના વિવિધ રંગના વર્ણપ્રભેદને કુદરતી નેગેટિવમાં લેવાની શક્તિ—degree of sensitivity to many and various colours માં રહેલો હોય છે.

ફિલ્મની પસંદગીમાં ઘણા ભૂલ કરે છે, કેમકે સામાન્ય રીતે તેમની માન્યતા જોવી હોય છે કે અમુક એક જ પ્રકારની એક જ કંપનીની ફિલ્મથી સર્વ પ્રકારની ફોટોગ્રાફી સરસ રીતે કરી શકાય પણ આ માન્યતા ખોટી છે. જેમ એક ફ્રેમમેકર દરેક કામમાં આવતો નથી, તેમ એક ઈમલશન દરેક વિષય માટે અનુકૂળ હોતું નથી. સર્વોત્તમ પરિણામ સદંતરાઈથી મેળવવા માટે કામને અનુરૂપ ફ્રેમ અને ફિલ્મ વાપરવાં ઘટે.

ઇમલશનની તીવ્રતા જેમ વધારે તેમ ફોટોગ્રાફ સારા આવે એમ પણ ઘણા માને છે અને તે કારણે સૌ વધુમાં વધુ ઝડપની ફિલ્મો ખરીદવા દોડે છે. પણ બધા વિષયોના એક્સપોઝરો માટે અઠ્ઠા ૬૪ડ પ્લેટ કે ફિલ્મ જરૂરી છે, એવું જ નહિ પણ બાપરની સલાહ અપેક્ષો પણ નથી. ફોટોગ્રાફીના નિષ્ણાતો પણ બને ત્યાંસુધી ઓછી ઝડપના ઈમલશનવાળી ફિલ્મનો જ ઉપયોગ કરવાની ભલામણ કરે છે.

વળી એક રીતે colour sensitivityનો વિચાર કરતાં અમુક વિષયો પાડવા માટે પૅન-ક્રોમેટિક સાધનો વાપરવાં આવશ્યક છે, પણ બધાં ઓરથોગ્રાફ તે પ્રકારની ફિલ્મો વાપરવાં જોઈએ એમ માનવું તે પણ મૂર્ખાઈ છે. બધુમાં બધુ સંખ્યાબંધ ચિત્રો માટે તો ઑર્થોક્રોમેટિક ફિલ્મ બસ છે. તે ફિલ્મો વાપરવામાં સુલભ હોવા ઉપરાંત ઑપરેટર તે વડે સહેલાઈથી સારાં પરિણામ ઉપજાવી શકે છે.

નગારી બાજુ એક જ ઝડપનો હમેશા હોય (જેમાં ફ્રેમોનું ઢાંકણ આપોઆપ ઉઘાડવાસ થતું હોય અને તે રીતની કામત શરૂમાં ગોઠવેલી હોય)તેવા ઑટોમેટિક ફ્રેમોમાં અઠ્ઠા રપીડ જી ફિલ્મો વાપરવી સલાહભરેલી નથી. આપણા દેશમા સૂર્યપ્રકાશ બહુ તીવ્ર હોય છે અને ઑટોમેટિક ફ્રેમોમાં ઘણી મોટી રપીડવાળી ફિલ્મ ઓરથોગ્રાફ કરવાથી નેગેટિવો ઓવર ઓરથોગ્રાફ વાળા આવે છે અને ચિત્રો બગડે છે.

ફોટોગ્રાફીનાં સાધનો બનાવનાર મોટાભાગ બધાદર કંપનીની ફિલ્મો તમે બધે વાપરો; પરંતુ દરેક કંપનીની ફિલ્મોમાં પણ પ્રકાર અમુક હોય છે (૧) બહુ જ ઝડપી અને દરેક રંગને રપર્શ તેવી super sensitive panchromatic, (૨) બહુ જ ઝડપી પરંતુ પીળા લાલ અને લીલા રંગોને ઓછી અનુરૂપ એવી orthochromatic અને (૩) ધીમી ઑર્થોક્રોમેટિક ફિલ્મ અગર પ્લેટો. આ કમવાળી કોડાક કંપનીની ફિલ્મો આ નામની બને છે: કોડાક સુપરસેન્સિટિવ ફિલ્માકોડાક પૅનક્રોમેટિક; કોડાક ઑર્થોનૉરી .

આપણા કંપનીની ફિલ્મોનાં નામ આ પ્રમાણે છે: આપણા આઇસોપાન, આપણા આઇસોક્રોમ અને આપણા ઑર્થોનૉરી.

તે ઉપરાંત જૅમ્સ, ઇન્ક્રેડ આઇસ એમ જુદી જુદી બનાવટની ફિલ્મો બજારમાં વેચાય છે. કઇ કંપનીની ફિલ્મમાં કઇ ચીજની કિંમત કેટલી ઘટતી વધતી રહે છે તે તો તે તે કંપનીની વિશિષ્ટતા ગણવી રાખે છે. ઓછામાં સારો માર્ગ તો છે કે જે કંપનીની ફિલ્મ કુદરત પોતાનો હાથ જેમાં તે જ કંપનીની ફિલ્મને હંમેશા વળગી રહી તેની જ ફિલ્મો વાપરવી એથી સારા પરિણામો નીપજતાં શકાશે.

આગફા અને કોડાક કંપનીની ફિલ્મો વચ્ચે તફાવત પાડવો અને કોઇને સારી તો કોઇ કહેવી એ ધૃષ્ટતા છે, પરંતુ મારા અનુભવે દેખાઈ આવેલો ભેદ આ રહ્યો. આપણા દેશની આબોહવા અને ગરમીના પ્રમાણને અનુરૂપ કમલશન આગફાનું હોવાથી, ઉપરાંત યમેન્ટમાં આગફાનું કમલશન બને વધારે સિટફ જણાયું છે. જોઇએ કે એક જ દિવસે આ ફા અને કોડાક બે ફિલ્મો બરાબર વિના ઉપયોગ કરીએ તો આગફા ફિલ્મને ફિલ્ડ થવાનો જોગ સમય રહે છે. પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે જણાતરા એ ફક્ત બારીક માટે ઓછી સ્પીડના ઈગ્વરાનનો ઉપયોગ કરવો એ સવાલભરું જણાય છે. તે દૃષ્ટિએ કોડાક પૅનૅટોમિક ફિલ્મની વપરાશ વધારે જોઇએ. આ બધું છતાં એમ કહેવું જોઇએ કે કોઈના અંગત અભિપ્રાયને વળગ્યા વગર જાતઅનુભવથી જ ઇમલશન ને ગુણદોષ સમજી પોતાને ફાવે તે, પણ એક જ કંપનીની ફિલ્મ વાપરવી એ હિતાવહ છે.


આ ભાગનું પરિણામ

ચાલુ ભાગ ની કરીફાઈંગ આપેલો સમય નિરાશાજનક છે છતાં 'કુમાર'ના વાચકોને આ વિભાગમાં રસ હોવાથી અને તે અંગ ચાલુ રહે એ હેતુથી પરિણામ નીચે મુજબ આપીએ છીએ પહેલા અને ત્રીજા ઇનામને લાયક ફોટો ચિત્રો નથી. બીજું ઇનામ 'ગીતેષુ'—ભાઈ કસ્તુર શાહ (અમદાવાદ); નોધપાત્ર (૧) 'ગામડિયો મોતીઓ' ભાઇ હિંમતરામ ગઢેવા (કરાચી) (૨) 'ગૌદોહન' ભાઇ અશોક હર્ષ (અમદાવાદ)

નવાં પુસ્તકો

બુધ્ધાદાકા લેખક–રમણલાલ પી સોની ભૂતેશ્વર લેખક–મોહનીશ ા, **ગધેડાનાં પરાક્રમો** લે ા ક ત્રિભુવનદાસ **આપણી લોકકથાઓ** લેખક—કમળાશંકર ા, **ટેકરીની વનસ્પતિ** લેખક ત્રિ ભાઇ છ **મૂર્ખાઓ** લે ખક–મોહની લે ા, **ટારઝન** લેખક–રામ શાહ, **ગિરીશભાઇની વાર્તાઓ** લેખ—ગિરીશભાઈ, **ઋતુના રંગો** લેખક ત્રિભુવનદાસ, **તારા અને ચંદ્રો** લે ખક–ગજ ભાઇ પટેલ, **ફીજત દરેકની પાસ આના** **કૈકેયી મંદોદરી** લેખક નાનાભાઇ, ૦–૮–૦ **અજ્ઞાનની શોધમાં** અનુવાદક– નૂજશંકર મો ભટ્ટ ૦–૧૨–૦, ધબાતુ પ્રકાશક ા રસ્તા । શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર ભાવનગર **વાચન પ્રવેશ** પોથી (પહેલી અને બીજી) રચનાર–રતિલાલ સા અંધેર્યું, નાગોરીશાળા રતનપોળ અમદાવાદ, દરેક ની ૦–૧–૬ **સુબોધ પુષ્પ વાટિકા** અનુ ગોવર્ધનદાસ કલ્યાણદાસ અમીન, પ્રકાશક સસ્તુ આદિ ા વર્ધક કાર્યાલય ભદ્ર અમદાવાદ, ૦–૪–૦ **ચિડિયાઘર** લેખક ૫ હરિશંકર શર્મા, સિવિલ લાઇન્સ અ ગ્રા, ૧–૦–૦, **કરીમ મહમદનાં કાવ્યો અને લેખો** લેખક–પ્રકાશક— કરીમ મહમદ ગાસ્તર નૂતનગઢ, ૦–૦ **પ્રિયા આગમન** લેખક કોલક પ્રકાશક—સી જગ ાદાસની કંપની મુબાઇ, ૦–૨–૦ **વિજ્ઞાન સૃષ્ટિ** લેખક–પ્રકાશક—રેવાશંકર ઓધડભાઇ સે મપુરા, ભિંડોર, ૧–૦–૦, **ભારતી** (પ્રથમ કુસુમ) લેખક બાલજી ગોવિંદજી દેસાઇ, પ્રકાશક–નવજીવન કાર્યાલય અમદા ાદ તથા મુબાઇ, ૦–૪ ૦, **લિપિકલા તથા લિપિકલાનો પરિચિત** લેખક નુલેખ ચાર્ય પ ગૌરીશંકર બદ્રી, પ્રકાશક–અક્ષરનિધાન કાર્યાલય, મસા ાપુર કાનપુર, દરેક ની ૦–૪ ૦ **ગુજરાતનાં ભાંગતાં ગામડાંમાં** પ્રકાશક—ગ્રામ સેવા સમિતિ બારડોલી **સમરાંગણની સુંદરી અથવા મોગલ સમ્રાટની હિંદુ ધર્મભગિની** લેખક–પ્રકાશક—કમળાશંકર વિશ્વનાથ રાજગુરુ, રાજપીપળા, ૧–૮ ૦ **ગુજરાતી સાહિત્ય, એનું મનન અને વિવેચન** લેખક–પ્રકાશક— રામલાલ હાથીભાઇ શુકલ, હાલોદ, ૨ ૦ ૦ **મારી જીવનકથા** (જવાહરલાલ નેહરુ) ગુજરાતીમાં ઉતારનાર–મહાદેવ હરિભાઇ દેસાઈ, પ્રકાશક— નવજીવન પ્રકાશ ા મંદિર અમદાવાદ, ૩–૦–૦, **યૌવન તરંગ** લેખક–પ્રકાશક—ગદ્ધા ીરપ્રસાદ ગિરધરરાય ધાધીયા, સાના કુંજ મુંબઇ, ૦ ૮–૦, **જાપાનની કેળવણી** અનુવાદકર્તા–જમશેદ ાદાભાઇ જમશેદનંદાસ મોદી બી એ, પ્રકાશક–પુસ્તકાલય સહકાર સહકારી મંડળ વડોદરા, ૦–૮–૦, **જનપદ** લેખક–મનુભાઇ ત્રેધા ી, પ્રકાશક ગુ ંરંગ ગ્રંથ ન ધાર્યાલ ા ગાંધીરોડ અમદાવાદ **કુતૂહલ** લેખક–પદ્મકાન્ત ર શાહ, પ્રકાશક–અશોક પ્રકાશન મંદિર ગુરસાગર વડોદરા, ૦–૨–૦, **મુંબાઇ** સમાચાર– પ્રકાશક—નાગરદાસ ઈ પટેલ, ગવાડ મુબાઇ, ૦–૩ ૦ **મનન અને મન્તવ્યો** લેખક–પ્રકાશક—જનલાલ વિ ખાડવાળા, વાડી ફળિયા ખાડવાળાની શેરી સુરત, ૦–૮–૦, **અમૃતસરિતા** (ભારતીય સાહિત્ય પુસ્તકમાળા ના ૨) મૂળ લેખક–કાકા કાલેલકર, અનુવાદક–નૃસિંહરાવ શર્મા, પ્રકાશક –ભારતી સાહિત્ય પરિષદ તરફથી સસ્તા સાહિત્ય મંડળ દિલ્હી ૦–૪–૦ **પદાર્થ પ્રવેશિકા** ૧–૪–૦, **પૂર્વભૂમિકા પ્રવેશિકા** ૧–૮–૦, લેખક–પ્રકાશક—જયદેવ રા શ્રી, ગાગડા સદ ા, રાજપુર સિદ્ધપુર ઉ ુજરાત.

શ્રી હરિકૃષ્ણ વ્યાસ સંયોજિત



ગુજરાતી વ્યાકરણ



[અનુસંધાન ૬ ગણુ એકમ' પૃ. ૧૫૬થી]

પંદરમો દિવસ : ચતુષ્પદી શબ્દો અને શબ્દસમૂહો

નિયમો:

[૮૩] ચાર અથવા વધારે પદોના બનેલા જે શબ્દો બોલતી વખતે સ્વતંત્ર રીતે ઉચ્ચારાતાં બે ચરણોમાં વહેંચાઈ જતા હોય, તેનો પૂર્વાર્ધ લખી એ પૂર્વાર્ધના અંત્ય વ્યંજન વચ્ચે ઉત્તરાર્ધનો પહેલો વ્યંજન કાપ પાડીને લખાય છે; અને પછી એ ઉત્તરાર્ધનો બીનજરૂરી લાગતો ભાગ જતો કરાય છે.

[૮૪] ઉપર મુજબ લખતી વખતે કોઈ ચતુષ્પદી શબ્દના પહેલા ચરણને અંત્યાક્ષર લોપવાનો નિયમ ૮૧ લાગુ પડયો હોય ત્યારે એ પાડવાનો કાપ પહેલા ચરણના લખાએલા અંત્ય વ્યંજનની વચ્ચે નહિ પણ છેડા તરફ પડે છે.

[૮૫] મિશ્ર ભાવો બતાવવા ચોળાએલા સમાસો કે સંયુક્ત શબ્દોને, તેમ જ ઉલટા સુલટા બબ્બે શબ્દોના બનેલા દ્વિરુક્તિ બતાવતા શબ્દોને, ચતુષ્પદી શબ્દોના નિયમો ૮૩, ૮૪ લાગુ પડે છે.

[૮૬] કોઇ પણ શબ્દ ઉપરાઉપર એક કરતાં વધારે વખત બોલાય ત્યારે એ વધારાના દરેક ઉચ્ચાર વખતે તેની નીચે એક નાની આડી રેખા કરાય છે; અથવા વિકલ્પે એ શબ્દ કુલ જેટલી વખત બોલાયો હોય તેનો સંખ્યાંક તે શબ્દ પછી લખાય છે.

[૮૭] ઉપરના નિયમ મુજબ પુનરુક્તિ લખવા જતાં કોઈ શબ્દની પુનરુક્તિ વચ્ચે કોઇ પ્રત્યય કે બીજો કોઈ શબ્દ આવતો હોય તો એ શબ્દ કે પ્રત્યય પુનરુક્તિ માટેની રેખાને સ્થાને લખાય છે.

[૮૮] એક શબ્દનો અંત અને તેના પછી આવતા શબ્દની શરૂઆત એક જ વ્યંજનથી થતી હોય, ત્યારે એ પુનરાવર્તન પામતો વ્યંજન એક વખત જ લખી એ બંને શબ્દો જોડીને લખાય છે.

સૂચનાઓ

(૮૩) ચાર પદોના બનેલા શબ્દો જેવા કે 'અહોરાત્ર', 'રાજનામું', 'બલિદાન', 'નુકસાન' વગેરે. વધારે પદોના બનેલા શબ્દો જેવા કે 'આગ્રહપૂર્વક', 'આવકારદાયક', વગેરે. સામાન્ય રીતે આવા બધા શબ્દો બોલતી વખતે બે ટૂકડે વહેંચાઇ જાય છે, જેમકે 'રાજી–નામું', 'આવકાર–દાયક' વગેરે. આવા શબ્દોનો પૂર્વાર્ધ લખવામાં અગાઉ આવી ગએલા યોગ્ય નિયમો કામમાં લેવાય. પણ તે બની શકે એટલો સંપૂર્ણ લખાય એ ઇષ્ટ છે. એ પૂર્વાર્ધને અંતે સ્વર આવતો હોય તો પણ પછીનો વ્યંજન તો એ સ્વર પહેલાના વ્યંજન *ઉપર જ કાપ પાડીને લખવો જોઇએ. ઉત્તરાર્ધનો* કેટલો ભાગ લખવો એને માટે ખાસ નિયમ નથી. ઓછામાં ઓછું જેટલું લખવાથી એ ઉત્તરાર્ધ પૂર્વાર્ધના અનુપ્રાસે સમજી શકાય તેમ હોય એટલું લખવું.

(૮૪) ઉપરના નિયમમાં ઉત્તરાર્ધનો પહેલો વ્યંજન પૂર્વાર્ધના છેલ્લા વ્યંજન વચ્ચેથી કાપ પાડી લખવાનો છે. એટલે એ કાપ વચ્ચેને બદલે છેડા તરફ પડે ત્યારે એ કાપ પાડેલા વ્યંજન પછી પણ બીજો વ્યંજન લોપાયાનું સૂચન કરે છે. એટલે બીજી રીતે આ સમજવા યત્ન કરીએ તો છેડા તરફનો

કાપ એમ સૂચવે કે એ કાપ એ વ્યંજનને માટે નહિ પણ તેના પછીના કોઇ માટે છે.

(૮૫) આ નિયમના કારણ રૂપે એટલું જણવું બસ થશે કે બાળા શબ્દોમા જે તત્ત્વ છે તે ચતુષ્પદી શબ્દોમા માત્ર અર્ધુ જ વિકાસ પામેલું હોય છે. એટલે વસ્તુત: સંયુક્ત શબ્દો કે સમાસો એ ચતુષ્પદી શબ્દોની સંસ્કૃત આવૃત્તિ જ છે. આથી સ્વાભાવિક જ બનેને એક સરખા નિયમો લાગુ પડે છતા સમાસો પૂરતી એક ખાસ કાળજી એટલી નોંધી પડશે કે પૂર્વાર્ધમા આવતો એકનો એક શબ્દ ભિન્ન જુદા જુદા શબ્દો સાથે આવી જુદા જુદા સમાસો બનાવતો હોય ત્યા એ ઉત્તરાર્ધમા આવતા શબ્દનો જરૂર પૂરતો ભાગ સરાસર લખાય જેમકે વિચાર-સૃષ્ટિ', 'વિચારસરણી', 'હિંદુસમાજ', 'હિંદુસંસાર', આવા વૈકલ્પિક સમાસોમા ઉત્તરાર્ધનો પ્રથમ વ્યંજન તેના સ્વર સહિત કે વધારે ભાગ સન્તોગો મુજબ લખવાની જરૂર રહેશે.

(૮૬) શબ્દ ઉપરાઉપર બે કે ત્રણ વાર બોલાય ત્યા સુધી એક કરતા વધારાના એક અથવા બે ઉચ્ચાર માટે એકેક આડી રેખા નીચે કરવી સુગમ પડે છે. આ આડી રેખા 'ત' વ્યંજન કરતા સહેજ નાની કરવી, જેથી વાચતી વખતે ભૂલ ન થાય પણ જ્યારે ચાર પાચ વખત કોઈ શબ્દ પુનરાવર્તન પામતો હોય, ત્યારે એવી રેખાને બદલે 'ચાર' જેટલી વખત તે બોલાતો હોય તેનો અંક '૪', '૫' વગેરે મૂકવો વધુ સહેલો પડે છે.

(૮૭) અગાઉ આ ગ્રંથના નિયમ ૪૮મા કેટલાક પ્રત્યયો શબ્દના અંગથી જુદા અને તેની નીચે લખવાનુ જણાવ્યુ છે. એટલે એ પ્રત્યયો 'ત', 'ન', 'મ', 'ય', 'લ', 'વ', 'શ'માનો કોઇ વ્યંજન આ નિયમની રીતે લખવાનો આવે ત્યારે અસ્પષ્ટતાનો ભય રહેશે. પણ ૪૮મા નિયમ મુજબ લખાતો પ્રત્યય દર્શાવતો વ્યંજન અને આ નિયમ મુજબ પુનરુક્તિ દર્શાવતો વચ્ચેનો વ્યંજન એ બે લખવાની રીતમા એક મુખ્ય તફાવત છે નિયમ ૪૮ મુજબ લખાતો પ્રત્યય એવી રીતે લખાય છે કે પ્રત્યયની શરૂઆત શબ્દનો અંત આવ્યો હોય તેની નજદીકથી થાય. એ નિયમના ઉદાહરણો જોતા આ વાત બરાબર સમજાશે; ત્યારે આ નિયમની રીતે લખાતો વ્યંજન શબ્દ જ્યાથી શરૂ થયો હોય તેની નીચેથી શરૂ કરી લખાય છે, એટલે કે એ ઉપરનો શબ્દ અને નીચેનો વ્યંજન એ બનેના છેડા એક જ ઊભી લીટીમા આવી રહે છે. આટલું ખ્યાલમા રાખતા પ્રત્યય અને પુનરુક્તિની ઓળખાણ સ્પષ્ટ થઇ જશે.

(૮૮) નિયમ ૮૨ મુજબ અંત્યાક્ષર લોપી શકાતો હોય તોપણ આ નિયમની રીતે તે લખવાથી એ લોપવાની જરૂર નહિ રહે. ખ્યાલમા રાખવુ કે આવી રીતે જોડીને લખવાના બને શબ્દો ઠીક ઠીક લાબા હોય તો વધારે સારૂ કેમકે ટૂંકા શબ્દોને આમ જોડીને લખતા એવી રીતે લખેલુ રૂપ કોઇ બીજો શબ્દ હોવાનો ભ્રમ રહે. સકેતોમા આ નિયમનો પ્રયોગ કરવાની સલાહ ન આપી શકાય.

ઉદાહરણો

(૧) [નિ. ૮૭ પૂર્વાર્ધ પર કાપ પાડી લખાતો ઉત્તરાર્ધનો આદ્ય વ્યંજન] અહોરાત્ર, આનેવાન, ગૃહપતિ, ગોળીબાર, ચિત્રકળા, દરબાર, દરમ્યાને, દેવપ્રત, ધરપકડ, નુકસાન, બલિદાન, મુખમરો—મનોદશા, રસાયણ, રાજ્યમુ, સનાતની, હડતાળ, હસ્તીદ

(૨) [નિ. ૮૪: પૂર્વાર્ધના છેડા ઉપર કાપ] ન્યાયખાતુ, ન્યાયાધીશ, ભૂમાળા, લોકજીવન, લોકપ્રિય, લોકમત, લોકશાસન, લોકસમૂહ, વિકાસક્રમ, વિવેચવાસના, સેવકમડળ

(૩) નિ. ૮૫: સંયુક્ત શબ્દો, સમાસો] અમલદાર, આમંત્રણપત્ર, આત્મકથા, આત્મસન્માન, આવકાર-દાયક, કન્યાવિક્રય, કોલસ્કામ, ક્ષણભર, ક્ષાપક્ષરા, જીવનચરિત્ર, જિલ્લાકોર્ટ, તત્ત્વજ્ઞાન—દૈવયોગ, દંડનાપૂર્વક, ધન-વૈભવ, ધર્મપત્ની, ધર્મશાળા, ધર્મગ્રન્થ, ધારાસભા, નુકસાનકારક, પાટનગર—પુનર્જન્મ, પૂજ્યભાવ, મન્ત્રણા, પ્રયોગ-શાળા પ્રારમભવર્ષ, પ્રાણ રક્ષણીય, પ્રેક્ષકવર્ગ, ફજેટ્ટુ, બોરીવલેવાર, ભાવનાશીલ—મોક્ષવિલાસ, માતૃભાષા, માનપત્ર, માનસશાસ્ત્ર, મુખચિત્ર, મુખવાસ, મૂર્તિકલા, યોદ્ધાકાર, યજ્ઞશાસ્ત્ર, રમૂજકાર નવું, રાજપકરણ, રાષ્ટ્રધ્વજ—રાષ્ટ્રવિધાયક, રાષ્ટ્રસભા, રાષ્ટ્રીયગીત, લાભનીમખાન, લાભપ્રીયતા, વખાણવાલાયક, વર્તમાનપત્ર, વસીયતનામું, વિચારગીત, વિચારસૃષ્ટિ,

વિહંગાવલોકન—વિશ્વપુરુષ, વિસ્તારપૂર્વક, શબ્દનાળ, સાહેરસુધરાઈ, શિષ્યવૃત્તિ, સૌયેકડ્યા, સગજપૂર્વક, સમાજકલ્યાણ, સમાજવાદ—સમાજવ્યવસ્થા, સંગ્રહસ્થાન, સંભાળપૂર્વક, સુવર્ણચંદ્રક, સેવામાવી, સ્પષ્ટપણે, સ્મરણશક્તિ, હાઇકોર્ટ, હાનિકર્તા, હિંદુસમાજ, હિંદુસંસાર, હુન્નરકળા, હૃદયસ્પર્શી.

(૪) [નિ. ૮૫ ચાલુ: દ્વિરુક્તિ] અસ્તવ્યસ્ત, આગતેમ, ખળખળાટ, નાનુંગોટું, નાનુંસુનું, ભેંકરસેળ, વાતચીત, સહીસલામત, હડહડતું, હીલચાલ,

(૫) [નિ. ૮૬: પુનરુક્તિ] ઘણુંઘણું, ક્યાંક્યાં, ક્યારેક્યારે, વિવિધ, હા! હા! હા! હા! હા!

(૬) [નિ. ૮૭: પુનરુક્તિ વચ્ચેના પ્રત્યયો વગેરે] એકનું એક, વાદવિવાદ, સાથોસાથ...આમતેમ.

(૭) [નિ. ૮૮: બે શબ્દો વચ્ચે એક સામાન્ય વ્યંજન] ઇતિહાસસરણી, રેફરન્સ સાહિત્ય, સમાજજીવન.

ઉદાહરણોનું લઘુલેખન

[૧] [illegible]

[૨] [illegible]

[૩] [illegible]

[૪] [illegible]

[૫] [illegible]

[૬] [illegible]

[૭] [illegible]

નવાં પુસ્તકો

સચિત્ર કાવ્ય સરિતા: લેખક–પ્રકાશક–મહાસુખભાઇ ચુનીલાલ, વીસનગર, ૪–૦–૦; **મેઘદૂત (ભાષાન્તર):** કર્તા અને પ્રકાશક–ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ, ગુંદાવાડી રાજકોટ, ૧-૪-૦; **જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મશતાબ્દિ સ્મારક ગ્રંથ:** સંપાદક, મોહનલાલ દલીચંદ દેસાઇ; પ્રકાશક–જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક સમિતિ તરફથી મગનલાલ મૂળચંદ શાહ, માનદ મંત્રી, ગાંધીરોડ નવી બિલ્ડીંગ પાયધુની મુંબાઈ ૩, ૨–૮–૦; **પુણ્યશ્લોક ચાંદા:** લેખક–ઠાકોરલાલ દલપતરામ કવિ, પ્રકાશક–નવચેતન સાહિત્ય મંદિર બદ્રુ અમદાવાદ, ૧–૧૨–૦; **શારદચંદ્ર (દશ્ય ત્રિઅંકી નાટક)** લેખક–પ્રકાશક–હિમતલાલ ન. શુકલ, શાન્તીનાથના પાદાની પોળ, બારી બારો ૫૨ નં ૧૦૧ ઘીકાંટા અમદાવાદ, ૦–૧૬–૦; **જીવન અને સાહિત્ય:** લેખક–રમણલાલ વસન્તલાલ દેસાઇ એમ. એ, ૨–૮–૦ તથા **સુવર્ણ કણ:** સંગ્રાહિકા–શ્રીમતી બાળા મજમુદાર ૩–૦–૦; બંનેના પ્રકાશક–આર. આર. શેઠની કું કેશવબાગ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ ૨.



વન વગડાનાં વાસી

શિયાળ

'ના, હું તો ગાઈશ'.[૧]

—ભલે, ગાઓ ગર્દભરાજ, ગાવાનો તમને પૂરેપૂરો હક્ક છે આજવાળી ડોકા જેવી રાત. શાંત વાતાવરણ નિર્જન એકાન્ત સ્થાન સાથે સ ગીતનો વેત્તા પ્રિય વયસ્ય. આ બધું હોય ત્યાં કોઈનો પણ ગાવાનું મન થઈ આવે પણ મહાપુરુષ, તમે શેરડીનું ખેતર કાં શોધ્યું? સ્વભાવે વનસ્પતિભક્ષક છો, એટલે માલનું જોખમ વહોરીને પણ વાડ ભાંગી નાખી ચરવા કાજે તમે તો ખેતરમાં પેસો પણ તમારા ભેગો શિયાળને શીદ ખેંચ્યો? એના મુકાબલા દેહને તો કરણાં ખાધે પાલવે નહિ. તેમ તમારી મોજાન પણ એવી—માફ કરજો—આકર્ષક નથી કે જીવનું જોખમ હોય ત્યાં યે એ છોડવી ન ગમે લારે શેરડીના સ્વાદથી લલચાઈને તો એણે તમારો અકારો સાથ નથી શોધ્યોને? પણ શિયાળ શેરડી ખાય? કે પછી પાઠ લખનાર ભૂલ્યો?

શિયાળ છે તો સ્વભાવે જ માંસાહારી કુણું, જરદ, તાજું, કોહેલું—ગમે તેવું માંસ પણ એમને ખપે છે. લાગ મળે તો કુરકુરીઆ, લવારા કે મરઘા પીંછા પણ ઝડપી લે. વખતે ખેતરમાં ઝાડે ટાગેલા ખોયામાંથી નાના છોકરાં પણ ઉપાડી જાય અમારા ગામના મશાણમાં દાટેલા છોકરાના મુડદા ખોદી કાઢીને ખાતા તો મેં એમને અનેક વખત જોયા છે. છેવટે ઘો, કાચબા અને જીવાત ખાઈને પણ ચલાવી લે. પણ ભૂખ્યા રહેવું એમને નાપોસાવે. એટલે એમાનું કંઈ યે ન મળે તો એ ગામ ફરતા ઉકરડામાંથી છાણ પણ વીણી ખાય. એમને અભાવે વનસ્પતિભક્ષક ગણતા પણ એમને વાર નથી લાગતી ફળના એ ભારે શોખીન.[૨] એમા યે બોર તો એમને ખૂબ ભાવે પાટણના પડખે મદ્રસ-વિગ તળાવની પાળે પથરાળોવાળી વાડીઓમાં અમે બોર ખાવા ઘાટકતા ત્યારે જમીન સાથે ચમટાની બોરડીઓ પરના મીઠાશભીના પાકા બોરોલા જેવા વડબોર ચોરી ખાનારા શિયાળની વાતો અમને વાડીવાળા વાતરીઓ કરતા શેરડી દેખીને પણ એમની દાઢ સળકે છે. પણ અમારા ઉત્તર ગુજરાતમા તો શેરડી કયાંથી ભાળે? એટલે કુણી જનરના મીઠા ડાડા ચૂસીને એ ચલાવી લે છે.

આવા ઉભયભોજી સ્વભાવને લીધે, શિયાળ[૩] એના વર્ગના[૪] અન્ય પ્રાણીઓ (વરૂ[૫] અને લોકડી[૬]) થી જુદુ પડે છે. આ બધે અને કૂતરા એના સગોત્રો. કૂતરાનો તો વંશ જ શિયાળ અને વરૂમાંથી ઉત્પન થયો છે એવી જે માન્યતા પ્રચલિત છે, એ એના કૂતરા સાથેના અત્યન સામ્યને લીધે જ.

ગામના અન્ય પશુઓ પામે જે સ્થાન કૂતરાનું છે, તેનું જ આરણ્ય પશુઓમા નિકૃષ્ટ સ્થાન શિયાળનું છે. બને તિરસ્કૃત, ધૂત્કારિત, અપમાનિત. છતા બંનેની ઉપયુક્તતા, આવશ્યકતા અનિવાર્ય છે. બંનેને[૭] રહ્યા

---

૧ સરકારી વાચનમાળાની પાંચમી ચોપડીના તેરમા પાઠનું પરીક્ષા માટે રટણ કરતા વિદ્યાર્થીને આભારી લેખ

૨ 'ખાટી દ્રાક્ષ'ની વાતમા શિયાળનો ફળનો જોખ પ્રતિબિમ્બિત છે.

૩ અંગ્રેજી નામ Jackal, પારિભાષિક સંજ્ઞા Canis Aureus

૪ Canidae

૫ Wolf ૬ Fox આ બંને પ્રાણી કચ્છ અને મારવાડમાં અનેક સ્થળે નજરે પડે છે ઇ. ગુજરાતમા પાલણપુર તરફ સભળાય છે, પણ મારા જોવામાં નથી આવ્યા

૭ કૂતરા પેઠે શિયાળને પણ ઠંડકના લાગે છે.

૨૦૨

કુદરતના બંગીઃ બાતકેય બાનારાં. બંનેને મનુષ્યનો સહવાસ બૂબ ગમે છે. માત્ર કૂતરાં ગામમાં રહેનારાઃ સારે શિયાળનો વસવાટ મુખ્યત્વે ગામના ઉકરડામાં કે સીમારે; લાગ કાવે તો ગામમાં યે પેસી જાય. છતાં બંનેના સ્વભાવ જુદા. કૂતરા માયાળુ, હિંગતવાળા. શિયાળ બીકણ, નરમ, શરમાળ. સંતાતાં છૂપાતાં ફરે છે. વખતે સપડાય તો મુડદાં જેવાં નિશ્ચલ થઈને દોંગ કરી જમીન પર પડી રહે છે. આહારોપાદાનની વાત બાદ કરીએ તો બીજી રીતે નિરુપદ્રવી, નિર્દોષ; વટ અગર ચિત્તા કે નાર જેવો રંજાડ ન કરે. છતાં એમનાં દુર્ભાગ્યે સૃષ્ટિના આરંભકાળથી એમની ગણના ધૂર્ત, બલ અને પરોપજીવી તરીકે થતી આવી છે. પ્રકૃતિને ખોળે પડેલો, કહેવાતો કચરો એના ગજા પ્રમાણે સાફ કરવામાં સદૈવ તત્પર છતા, આ નિર્દોષ જીવને દંતકથામાં ચીતરાય એટલા કાળા રંગે ચીતર્યો છે. આહારની આશાએ, કદીક ટૂકડો મળશે એવી લાલચે એ વાઘ સિંહ જેવા હિંસ્રતમ પશુઓ પાછળ ભમે. વાઘ વગેરેને તો એની પડી યે ન હોય. એમાં પણ ચિત્તા તો એમના જન્મના વેરીઃ કેટલાયે શિયાળ ચિત્તાના પેટમા પડી ચૂક્યા હશે છતા કહેવાય એમ કે વાઘ સિંહનો શિકાર ખાધા જાવનારા જ એ અનુચર. આ થોડો અન્યાય છે?

શિયાળનો જેને નિકટનો પરિચય છે, તેને આમાં અતિશયોક્તિ નહિ લાગે. એનો દેખાવ કરડોપો નથી તેમ એનો બૂખરો રંગ, મોનેરી જાયવાળા વાળ, ગુચ્છાવાળી પૂછડી, લાબુ મોં, ટૂંકા કાન—બાસ આકર્ષક પણ નથી. નિકૃષ્ટ આહારને લીધે, ગીધ પેઠે એના શરીરમાથી અત્યંત ઉત્કટ, અસહ્ય દુર્ગંધ પણ નીકળે છે. છતા એટલા પરથી એના અન્ય સદ્‌ગુણો ઢંકાઈ જવા ન જોઈએ, એમ હું માનું છું.

પૂર્વગ્રહરહિત શાંત ચિત્તે વિચાર કરતાં લાગશે કે આમા નથી દોષ એનાં કુપર્યંગનો કે નથી એના આહારવિહારનો. એની અવનત દશાનું બારું કારણ તો એનો વિચિત્ર 'સ્વર'—બોલી છે. ભયાનક આર્ત સ્વરે થતો એનો ચિત્કાર ગમે તેવા સ્થિતપ્રજ્ઞ કે જડ હૃદયને પણ કકળાવી મૂકે છે. એક બોલે; એનું સાંભળી બીજું, બીજાનું ત્રીજું—એમ એક પછી એક બોલતાં જાય, દિશાઓ ગાજતી જાય; એક દિશામાંથી આવતો, આપણી પાસે થઈને અન્ય દિશામાં આઘે લય પામી જતો એમનો આ ચિત્કાર, સંધ્યાકાળે કે પ્રાતઃમુહૂર્તે, ભારતવર્ષના એક ખૂણેથી નીકળી બીજા ખૂણે, રામેશ્વરથી ગંગોત્રી અને દ્વારકાથી જગન્નાથ, દરરોજ પથરાઈ જતો, ભારતવર્ષનું હૃદય જેવી આરપાર નીકળી જતો, આપણે કલ્પનાબળે સાંભળીએ છીએ.

એમની આ પ્રકારની પરવા વાણીનો ગેરલાભ લીધો સહૃદય છતાં સૌન્દર્યપૂજક કવિઓએ અને માત્ર અગમ્યમા જ શ્રદ્ધાવાળા શાકુનિકોએ. ધૂર્ત, શઠ, કરપોક, બૂની વગેરે વિશેષણો આપીને સંતોષ ન થયો એટલે કવિઓએ એને વધારામાં ચીનર્યો જ્વાલામુખીઃ उल्कामुख! કહે છે કે મધ્યરાત્રિએ શિકારની શોધમાં ફરતી શિયાળ 'વાસે' ત્યારે એના મોંમાંથી અંગારા ખરે છે! પછી તો કલ્પનાની પરંપરા ચાલી. કોઈએ કહ્યું કે આવી સળ્વાલા શિયાળ તો દેશનો નાશ જ કરનારી છે. બીજાએ તર્ક દોડાવ્યો કે 'ના બાબ, એના મોંની જ્વાળા-ઉલ્કાના અજવાળે તો એ માંસ શોધી શકે છે:૮ એ તો એના આહારોપાદનનું આવશ્યક સાધન.' આવા બીજા આરોપથી કકળી ઊઠેલા અન્ય સહૃદયે ખુલાસો કર્યો કે: તમે બંને વાત વધારીને કહો છો. વાસ્તવિક રીતે તો આમાં નવાઈ જેવું કશું જ નથી. સૂર્ય, અગ્નિ વગેરે પેઠે એના મોંની જ્વાળાને લીધે નીકળતી 'જ્વાળા' પણ શિયાળનો સ્વાભાવિક અલંકાર જ છે; એમાં કશો ભયંકરતા નથી.

કવિઓની આ કલ્પના જેવી જ એક માન્યતા આજે પણ ઉત્તર ગુજરાતના કેટલાક ભાગમાં પ્રવર્તે છે. મને યાદ છે તે પ્રમાણે આવી સળ્વાલા શિયાળ 'ફાઉડી'૯ નામે ઓળખાય છે. પણ આવી 'જ્વાલા' જોઈ હોય એવી કોઈ વ્યક્તિ મારા જાણવામાં નથી, તેમ આવો આવિષ્કાર થવાની શક્યતા પણ નથી.

શિયાળ ડાબી બાજુ તો આ થાય અને જમણી બોલે તો પેલું થાય. 'બાદિ બાદિ બાદિ' બોલે તો અગ્નિભય, 'ટા ટા ટા ટા' સ્વરથી મરણની આગાહી, 'ધિગ્ ધિગ્' નાદે અનિષ્ટ સૂચન—વગેરે અનેક કલ્પના-

---

૮ રઘુ ૧૬. नदन्मुखोल्कात्विषितामिशामिः
स वाह्यते राजपथः शिवाभिः।

૯ કેટલેક સ્થળે ચીબરીને પણ 'ફાકડી' કહે છે

મા શાકુનિમેને ગયતા ડોડીને આ ણે શિયાળ ।। એક અવશિષ્ટ અને વિગિષ્ટ સ્વરો પરિચય કરાગે એ સ્વર તે ફીઆઉ ફીઆઉ' ૧૦ જ્યારે જ્યારે બાવ કે ચિત્તો નિકટમા હોય ત્યારે જ શિયાળ આમ બોલે છે એવી એક માન્યતા છે, પણ અન્ય અનુભવીઓ ।। મતે તો આ સ્વરને અને વાઘ ચિત્તા ।। બાબતને કશો જ અનિવાર્ય સબંધ નથી માત્ર ગેરસમજ જ માનવ કે એ ખૂબ ડરપોક પ્રાણીઓ જ આમ ફીઆઉ ફીઆઉ કરે છે પછી તે વાઘની બીક હોય કે કૂતરાની

ગમે તે હોય પણ શિયાળ ।। દીર્ઘ સ્વરે થતા ચિત્કારની પાછળ ઝરખના વિકટ હાસ્યની ભયકરતા પણ દબાઈ જાય છે એ ।। કરમા નૈસર્ગિક કટુતા નથી છતા અનેકવાર ઉચ્ચારાતા સ્વરોની પર વરા માથી નીપજતો કડવો વિષાદ । સાભળતા પ્રકૃતિને ખોળે થતા સદાચરના પડઘા સાભળતા હોઇએ, એમ આપણું હૃદય કબૂલાઈ જાય છે

જે એના રૂપરગમા નથી, જે એના આચરણમા પણ અપવતમ અગે છે, એવી દારૂણતા શિયાળના સ્વરમા મૂકવામા પ્રકૃતિએ શી દાણ બીની દગ અતો કોણ કહી શકે પણ એથી આ અત્યત ઉપકારક પણ ભયકર્મને યોગે કદધૂત જીવોના ગર્વરસ પ્રાણી ।। અવ મા ।મા ઉમેરો થયો કે એકલુ તો ચોકકસ પ્રકૃતિની ક્રૂર ઉદાસવૃત્તિની કેટલી નિષ્કુશતા રોચે અન્યાય

ઉમાશકર

૧૦ વખતે ફાફડી' નામ આ સ્વર પરથી પણ પડયુ હોય સસ્કૃતમા શિયાળના કઈ કરહ વારે નામોનુ મૂળ પણ આ સ્વરમા જ હોય

પોતે અભણ હોવાથી કોઇ વિદ્યાર્થી પાસેથી કોક માણસે માફી લખાવી પણ એ લખાઇ રહ્યા કે તરત બોલે બે વાક્યો વગર તાગડતોળ પોતે ન બોલી શકવાનુ જે વિદ્યાર્થીને કહ્યુ ને એ પ્રમાણે કાગળ તૈયાર થયો ત્યારે પાસેથી લઈ લીધો પછીથી ધનુ ડોશીએ એમ કરવાનુ કારણ પૂછતા જેણે જણાવ્યુ 'અરે, એ તો મારો બાનગી કાગળ હતો —નવ ગ

વરસાદનુ બહુ સખત તોફાન થી જતા લોજમા રાતવાસો બે મુસાફરોમા એક બોલ્યો, 'આપણી લોજનુ મકાન પડુપડુ થઇ રહ્યુ છે'

'તેમા આપણે શું ? જે જવાબમાં આપણે બાકુ બધા બધાઓએ ઊભા મદદ આપવા નહિ' બોલતા બીજા મુસાફરે ગોદડુ માથે ઓઢી લીધુ

જીવનનું પરોઢ (અનુસધાન પૃષ્ઠ ૨૧૪થી)

દોઢ વર્ષ પહેલા જે સ્ટીમ મા અમે આવ્યા હતા એ જ જર્મન વાહનની બાજુમા બાજુમા ભૂગળાની બોમા ।। સ્ટીમરમા જ અમે જોયુ એટલે મને ખૂબ મજા પડી જૂના બનાવની બાબત, ડાક્ટર એ બધાની ફરી ઓળખાણ કરવા લાગ્યો એન્જિનરૂમ, ડાઇનિંગ રૂમ, બારૂ મોડા બળવાની જગ્યા જોઈ। એટલે કે માલ ઊંચકવા એક જગ્યાએથી બીજી જગ્યાએ મૂકવાના પટા, પગ પડતા દાદરી જે બધી અને કડી મજાની લાગતી પાઇપો બધુ હું જોઇ વળ્યો બોમાની સ્ટીમર નાની હોવાથી એમા ઓરડીઓ પણ ।। ઘણી હતી અને જે પધારીયા બધુ પથારીવાળી બીજા વર્ગની એકે ઓરડી ન હોવાથી આ વખતે પહેલા વર્ગની એક મોટી ઓરડી અમારે માટે નિયત થઇ હતી એ ઓરડી પણ મેં ઝીણવટથી તપાસી

સ્ટીમરોમા પાચથી સાત માળ હોય છે નીચુ માળ તો પાણીની નીચે રહે છે વચેના માળમા માલ ભરવાના ભડકિયા હોય છે એ ।। ભડકિયામા ચોખ્ખણી હવા જાય તે માટે ઉપરના તુતક ઉપરથી હવા ભરી જનાર એક જાડુ ભૂગળુ અમારી એ ઓરડીના એક ખૂણામાથી પસાર થતુ હતુ એ મને જરાયે ગમ્યુ નહિ મેં પ્રયત્ન તો કર્યો પણ એ જાડુ પોપા જેવુ ભૂગળુ કોઈ રીતે દૂર કરી શકાય એવો રસ્તો મને જડ્યો નહિ આવતી વખતે જે બે ઓરડી અમે વાપરતા એ પણ હું તપાસી આવ્યો પણ ફર્સ્ટ ક્લાસ માનો મોટો અરીસો મરજ ચિત્રો, બાથરૂમ વગેરે એમા ન દેખ્યુ એટલે છેવટે અમારી જ ઓરડી સર્વોત્કૃષ્ટ છે એમ મમ્મી કર્યું અને બીજા અવલોકનો કરવા માડ્યા ત્યા વળગ થયો ને સ્ટીમરનુ ભૂગળુ વાગ્યુ હું ઉપરના તુતક પર ગયો અને માણસ ભાગ તથા બીજા કુતૂહલીઓ અને રોહીઓ સામેથી નિરાશ થતા હતા તેમા ભળ્યો થોડીવારે 'બીજુ ભૂગળુ વાગ્યુ અને મુસાફરીએ ન આવનારા લોકો સ્ટીમર પરથી ટપોટપ નીચે ઊતરી ગયા સ્ટીમર પર ચડવાને માટેની સીડીઓ પણ ઊપાડી લેવામા આવી અને સ્ટીમ ને બીજા રવનોગાથી મુક્ત કરવાની શરૂઆત થઇ, જેથી ત્રીજુ ભૂગળુ વાગતા ।। સાથે સ્ટીમર પાનો નીકળે

(ક્રમશ)

પ્રભુદાન ગાંધી

જેમાં લોકસમૂહમાંથી મળેલા જેવાતેવા જ્ઞાન પરથી ભણીગણીને પંડિત થવાની મહત્ત્વા અને ભાવનગર, રાજકોટ, જુનાગઢ ને ગીરનાર રખડી, વાસ્તવિક જગતના કેહોર પરિચય

સંયોગો મનુષ્યને ઘડે છે. પ્રકૃતિ સંયોગોમાં પકડેલી દે છે. વિવેકબુદ્ધિવાળો માણસ એ સંયોગોને અનુકૂળ બની, નિર્મિત જીવન સુખી બનાવી, મુક્તિ-માર્ગગામી બને છે. વિવેકશૂન્ય જીવ એ સંયોગોને પોતે પ્રાપ્ત કરેલો સુખ કે દુઃખનો પ્રસંગ ગણે છે. સુખી સંયોગનો એ દુરુપયોગ કરે છે; દુઃખી સંયોગમાંથી બચવા અનેક પ્રકારનાં નવાં કર્મો રચીને જીવનને કર્મજાળમાં બાંધી દે છે.

દસ કે અગિયાર વરસની મારી ઉમરે પિતાજીનો દેહાંત થયો. ગામડાનુ બ્રાહ્મણ કુટુંબ આફતમા આવી પડયું મારા મોટાભાઇ નિર્બોધ-બાલક બન્યા. કાંચી વર્યે ચિંતાનો બોજો લઇ અમદાવાદ રળવા ગયા. હું બેર બા પાસે એકલો રહ્યો. ગામમાં નિશાળ નહિ. બેટેક માઇલ દૂર બીજે ગામ ભણવા જતો. બીજી ચોપડી પૂરી કરીને ત્રીજીમા ગયો એ વખતે શાળા-ના શિક્ષકની બદલી થઇ. બીજા મહેતાજી બે ચાર મહિના સુધી આવ્યા જ નહિ. શાળા બંધ રહી.

મારે તો મોજ થઇ ગઇ. આખો દિવસ ભટકવા કરું ગામના પાદરે નદીમાં નહાવાની લહેર. નહાતાં થાકું એટલે ઝાડ ઉપર ચડીબેસું. આ જ કાર્યક્રમમા દિવસ પૂરો થતો. બીચારી બા બોળીબોળીને ચાકે પણ જરું નહિ. બપોરે ભૂખ લાગે ત્યારે અને સાંજે અંધારું થાય ત્યારે જ ઘેર જઉં.

ઘણી વાર ઝાડની ટોચે ચડીને કે બારના પત્થર ઉપર બેસીને વિચાર્યા કરું, કે આમ સીધા ને સીધા ચાલ્યા જઇએ તો ધરતીનો છેડો આવે કે નહિ? દુનિયાને સામે કાંઠે કેવો દેશ હશે?

ગામમાં એક લુહાર નવો આવ્યો. એણે તો આખા ગામના છોકરાઓ મોહી લીધા, રાત થાય કે છોકરા-ઓનું ટોળું બનમે. લુહાર વાર્તા માંડે. એ ત્રણ દિવસે એક વાર્તા પૂરી કરે. મને તો એવો રસ પડ્યો કે સૌ પ્રથમ જ પહોંચું.

વાર્તાઓ મુખ્યત્વે રાજકુંવરની કે રાજની, વાણિયાની, વણઝારા અને બનદુગરની કહેવાતી. રાજની વાતમા બણુમાનીની રાણીનો કુંવર તો આવે જ. જાતમહેનતથી અને બુદ્ધિબળથી મહાબમનોરથ બને. વાણિયાને બેચાર દીકરા હોય જ. તેમાં એકાદ બુદ્ધિ-માન છોકરો બાપબળે સંપત્તિ મેળવે. વણઝારો આકાશ મંત્રીથી રાજાને ય ઠગવે. બનદુગર કોઇનો મારી નાખે. એ મૃત-વ્યક્તિનો પુત્ર મોટો થઇને દેશપરદેશ ભટકે. શક્તિશાળી બનીને બનદુગરને મારે.

કુંવર હોય ત્યાં કુંવરી હોય જ. વણઝારાને રૂપ-વંતી દીકરી ન હોય તે બને જ નહિ. પણ એ બંધા મિશ્રણમાથી હું તો આપકર્મી અને બદાદૂરી બતાવ-નાર પાત્રો ઉપર ફિદા થઇ જતો. રાત્રે સૂતી વેળા ઊંઘ આવતાં સુધી એકાદ આપકર્મી પાત્ર બનીને આમ કરું-તેમ કરુંની સૃષ્ટિ રચતો.

ઘરમાં પિતાજીનાં સંસ્કૃત પુસ્તકોનો ઢગ પડ્યો હતો. એ સામે જોઇને વિચાર્યા કરું, કે હું યે દૂર દેશ ચાલ્યો બનું પૂબ ભણુંગણું અને મોટો પંડિત થઇને ઘેર આવું. પેલી વાર્તાનાં પાત્રો આંખ સામે નાચી ઊઠે.

મારા સ્વાનુભવમાંથી હોકરો નિર્ણય કરી શકયો છું કે વાર્તા એ આગગાડીના પાટા સમી છે. બાળકોની વૃત્તિઓ એ પાટાઓ ઉપર દોડી બનય છે. માબાપો અને શિક્ષણસંસ્થાઓ ધારે તો બાળકોને યથાનિશ્ચય કેળવી શકે. શિક્ષણસંસ્થાઓનો આધાર રાખી ન શકાય: પણ માબાપોએ તો બાળકોની અ-વશ્ય કાળજી લેવી જોઇએ. બાળક વાંચતું થાય કે તરતજ એના હાથમાં યોગ્ય વાર્તાસાહિત્ય મૂકી દેવું. એની પસંદગી કરવાનું કામ જરા અઘરું છે. કેવી વાર્તા કેવો પ્રભાવ પાડશે એ જોવું જોઇએ. બાળકો માટે લખાય તે બધું બાળકોને વાંચવા જેવું નથી હોતું. બાળકો માટે વાર્તા લખવી એ અધરામાં અધરું કામ છે. સારા ગણાતા લેખકો પણ તેમાં સફળ ન થઈ શકે.

મારા બાળજીવનમાં વાર્તા દ્વારા પડેલો પ્રભાવ હજી મને સાંભરે છે.

મેં નિર્ણય કરી લીધો, કે ઘેરથી ચાલ્યા જવું. કોઇ મોટા શહેરમાં જવું. ગમેતેમ કરીને, નિર્બોધ કરતાં અભ્યાસ કરવો.

બાને કહ્યું એ તો બાને જ કેમ? અજાણ્યા સ્થાન-માં, અજાણ્યા લોકોમાં આપણું કોણ? આ એનો વિરોધ હતો. છેવટે દીકરો ભણીગણીને આવશે તો

મારી સફર [૩]

ઇચ્છાને વશ થઇ હું દોરી લોટો લઇ નીકળી પડું છું
પછી પાછો મારી બાની વત્સલ હૂંફ મેળવું છું એ
સુખી થશે એ દિતદૃષ્ટિએ બાએ જવાની રજા આપી
મેં બોળી બાને સમજાવ્યું, કે શહેરોમા તો મોટા મોટા શેઠિયા ભણનાર વિદ્યાર્થીઓને ઘણી મદદ કરે

હું એક પોટલીમા બે કપડા અને લોટો બાંધી તૈયાર થયો બાએ મારા હાથમા બે રૂપિયા અઢીના આપ્યા બાની નીકળ્યો ઝાપા સુધી બા વળાવવા આવ્યા 'સાચવજે જેમા!' કહ્યું અને મેં સામે જોયું બાની આંખમાંથી આસુ ઘુંટ ટપકતા જોયા માતાના વાત્સલ્યના એ પ્રતીક હતા માતૃહૃદયના એકેક ધબકારા સાથે અથાગ વાત્સલ્ય વહેતું કોણ માપી શકે!

બા પાછા વળ્યા હું રસ્તે પડ્યો ક્યા જવું, શું કરવું એ કઈ વિચાર્યું નહોતુ કયાંક જવું એ જ એક વિચાર મારી ભૂગોળ એકદમ સજીવ હતી આકાશને એક કોરેથી ધરતી શરૂ થાય છેડો આવે બાથી પાણી આવે તે આકાશના બીજા છેડા સુધી આકાશ ઉપર ભગવાનનુ સ્વર્ગ અને નીચે પાતાળ દેશ દેશ આ બધામા ગુજરાતી સિવાય બીજી ભાષા કે બીજા લોકો હોય કે કેમ, એ બાબત જ નહોતી હતા, એક બાબત હતી, કે ગામડાની બધી બ્રાહ્મણોને ભગવાની સરકૃત ભાષા જુની બાપણા લોકસમૂહમાથી મળેલુ આ જ્ઞાન

ચૈદ માઇલ દૂર એક સ્ટેશનનું નામ મા' હતુ. બાથી બાદી જવાય એમ બધ સાભળી ગએલો મમ, બાદી જવુ અને અક્કલ હોશિયારીથી ભણવુ એમ ઠરાવ્યુ તોફા કરતા ત્યારે ગામની, પાડોશની કે બધની સ્ત્રીઓ 'બાદીની શળી એ ચડાવની એ બાદી સ્મરણ માથી હશે કે?

સ્ટેશનને રસ્તે બાનવા માડ્યો

એટલુ તો જાણતો હતો કે આ રસ્તે સ્ટેશન જવાય ગામના કોઇને પછીને તેને કઇ પણ સામો સવાલ પૂછવાનો મોકો ન આપવો એ નક્કો કર્યું હતુ

બાનવા બાદ્યતા એક ગામને પાધર પહોચ્યો એક પીપર નીચે ચાર પાચ જણ ટોળુ વળીને ઊભા હતા

'સ્ટેશનનો માર્ગ કયો?' મેં પૂછ્યુ

'સ્ટેશન જવુ છે?' આશ્ચર્યભર્યો અવાજે એક જણે મને પૂછ્યુ

'હા

'કેવા છો?'

'ભામણ'

'તૈરે માળુ' નકર બાટલો સોકરો બાર નીકળી હકે?' એકે કહ્યું

'શુ જાશ્યો માગજ?' બીજાએ પૂછ્યુ

'મારા મામા બ્યા રે સે' મેં કહ્યું

'મામાય સે?' કોઇએ પ્રશ્ન

'છે' કહીને ટૂંકુ વાળ્યુ.

કાઠિયાવાડનો પ્રજાજન મને એમ છોડી દે, એ ન બને' કહુ છે, બને તો બાપદાદા થી અને છેવટે સગા સબધી થી પણ હકીકત જાણવા પ્રયત્ન કરેજ.

'મામાને ત્યા કામ સે કાઇ?' વળી પૂછ્યુ

'હા' કહીને હું બાનવા માડ્યો

બોલો -બોલો હોત તો કોણ જાણે શુ શુ ય પૂછી નાખત કાઠિયાવાડમા અમુક પ્રકારનો નવરો વર્ગ હોય છે કામકાજ કઇ નહિ નવરા બેસી બધાત કાપવાનો કઇ ઉદ્યોગ શોધી કાઢે, તેમા મુખ્ય કુથલી હોય છે અજાણ્યો કોઇ મળી આવે તો એના દાદા પરદાદાનો ઇતિહાસ પૂછવામા વધાત ગાળે છે જેની સાથે કઇ મતલબ નહિ, એવો રસ્તે જનાર સામો મળે તો ય પૂછી નાખે 'કયા જવુ? કયા રહેવુ? શુ જશો?' ઉત્તર દિશમા રસ્તે જનારને 'કયા જવુ?' એમ પૂછવુ એ અમજબના ગણાય છે

બે ચાર ગાઉ બાદ્યા પછી માનના ગાડા સ્ટેશને જતા મળ્યા તેની માથેસાથે સ્ટેશને પહોચ્યો સ્ટેશન જોવાનો આ પ્રથમ પ્રસગ હાથલો (સીગ્નલ) પડે એટલે ગાડી આવે, લીલીપીળી બત્તી બતાવે, એવુબેવુ સાભળેલુ બારીબારીને સ્ટેશન જોયુ. મારા કલ્પના જગતમા મેં એક સ્ટેશન બની રાખ્યુ હતુ, પણ તેની સાથે આ વાસ્તવિક સ્ટેશનનો આકાર પ્રકાર મળ્યો નહિ જો મારી એ કલ્પનાનો હું દરાગ્રહી હોત તો કહ્યા હોત કે 'આવુ સ્ટેશન હોય જ નહિ' આજ મને સમજાય છે કે મનુષ્ય' એ કલ્પનાએ સ્વીકારેલુ સ્વરૂપ છે કોઇ પણ મનુષ્ય નો દરાગ્રહી બને છે, ત્યારે જે વિષે મત બધાયુ હોય એ જ વસ્તુ પ્રત્યક્ષ થતા

તેને સ્વીકારવા ઇન્કાર કરે છે. જગતના બધા વાદ-વિવાદોનું આ મૂળ. કલ્પના અને તર્ક વિના મંતવ્ય બંધાતું જ નથી.

ગાડી આવવાની તૈયારી થઇ. ટીકીટબારીએ ભીડ જામી. ટીકીટનું સ્વરૂપ જોવા હું બારી પાસે ઊભો રહ્યો; એ પણ મારે મન નવાઇની વસ્તુ હતી.

ટીકીટ લઇને બધા સ્ટેશનમાં જતા હતા. ગાડી દમણ્યાં જ આવશે એમ સાંભળ્યું. હું પણ બધાની પાછળ સ્ટેશનના આંગણામાં દાખલ થવા ગયો.

'ટિકેટ!' બારણે ઊભેલા કોઇએ મને રોકયો. હું સમજી ગયો, કે ટીકીટ તપાસનાર છે.

'ભઈશાબ હું બ્રાહ્મણ છું. ગરીબ છું. લાકીએ જવું છે.' એમ કહીને મેં મફત મુસાફરીની યાચના કરી.

'એંહ્ ... અહીં ધર્માદા ગાડી નથી ચા.....લ નીકળ.' કરીને એવો બરાડો પાડ્યો કે હું નાઠો. બ્રાહ્મણ-ને બધે દયાદાન મળતુ હશે એ માન્યતા ખોટી ઠરી.

સારૂ થયું, અહીંથી લઈશું બે કે ત્રણ આના ટીકીટના હતા. ટીકીટ લીધી. ગાડી આવી ગઇ. પાણીના રેલા પેઠે વહી જતી ગાડી જોઇને હું તો સ્તબ્ધ જ થઇ ગયો. બધાની દેખાદેખીએ ડબામા જઇ બેઠો. વાતવાતમાથી જાણ્યું કે ગાડી સીધી ભાવનગર જશે.

ગાડી ચાલી. બારી આગળ બેસીને ગાડીના વેગથી દૂર દૂરનો પ્રદેશ અને ઝાડો ફરતા જોઇ રહ્યો. ભારે મઝા પડી.

ડબામાં બેચાર બાવા બેઠા હતા. ટીકીટ તપાસનાર આવ્યો. બાવાઓએ 'હમ તો સાધુ લોગ. હમારે પાસ ટીકીટ કહાંસે?' કહીને માફી મેળવી. મને લાગ્યું, કે બ્રાહ્મણની જાત તો બાવા કરતા ઊંચી. લાકીએ કંઇ જવું નથી. ગાડીમા બેસવાની ભારે લહેર પડે છે. ચાલને સીધો ભાવનગર જ જાઉં. બાવાને માફી મળે છે તો ઊંચી જાત બ્રાહ્મણને ન મળે એવું તે કંઈ બને?

લાકી આવ્યું અને ગયું હું ગાડીમાં જ બેસી રહ્યો. ભાવનગર ગાડી પહોંચી ત્યાં સુધી મગ્ન બનીને દોડતી ગાડીમાંથી બધે જોતો રહ્યો. ખરેખરી લહેર જામી. મોડી સાંજે ગાડી ભાવનગર ગઇ.

ગાડી અહીં જ છૂટી ગઇ. પોટલું બગલે મૂકીને હું સીધો ચાલવા માંડ્યો પાટા ઉપર દૂર ચાલીને બહાર નીકળી ગયો. રસ્તા ઉપર આવ્યો તો ભારે ધમાલ જોઇ. ગાડી ને સાયકલ તો દોડે પણ સાથે માણસની પણ દોડાદોડ. આ બધી ધમાલથી હું ગ-ભરાયો. આવા શહેરમાં શું રહેવાય? વિસામો લેવાનું યે સ્થાન નહિ. એક બે કલાક ભટકયો. શહેર જોવાનો પણ આ પ્રથમ પ્રસંગ હતો.

થાકીને એક પાનવાળાની દુકાન સામે પગથી ઉપર ઊભો થઇ ગયો.

'એઇ ... શું ઊભો છે, ચાલતો થા, નકામી ભીડ કરે છે?' પાનવાળાએ કહ્યું.

હું તેના ઘરાકને રોકતો હોઇશ.' કદાચ મારા ઊભા રહેવાથી એને આડ પડતી હશે.

હું તો આવ્યો હતો એ જ રસ્તે સ્ટેશને પહોંચ્યો. અરધા કલાક પછી એક ગાડી પાછી લાકી તરફ જતી હતી. કલેજાએ બેસી ગયો. રાતનાં ઘોર અંધારાને ચીરતી ગાડી કોણ જાણે કેટલું યે દોડી ગઇ. સૂરજ ઊગ્યો ત્યારે એક સ્ટેશને ગાડી ઊભી હતી. કોઇએ કહ્યું, એ જેનલસર છે. સામેજ એક પાટિયું વાંચ્યું. 'જૂનાગઢ જવાની ગાડી અહીં બદલાય છે.'

ઠીક થયું, જૂનાગઢ તો પરિચિત નામ. જવાં દે ત્યાં. નરસિંહ મહેતાના ચોરામાં જઇને રહીશું. ત્યા કોઇ ના નહિ કહેતું હોય એમ ધારીને ઊતરી પડ્યો. પણ દરવાજે પાર થઇ શકે એમ નહોતું. ટિકિટ તપાસનાર ઊભો હતો. ફરીફરીને પાટા ઉપરથી જૂના-ગઢની ગાડી ઉપર ગયો.

ભૂખ લાગી હતી. કાલે આખો દિવસ ભૂખે ગયો હતો. ગાડીમાં બેઠો કે ભૂખ ઊડી ગઈ. ચાલી ત્યારે તો પ્રદેશ જોવામાં મન ચોંટી ગયું.

સાંજે જૂનાગઢ ગયો. જેમતેમ સ્ટેશનમાથી બહાર નીકળ્યો. નરસિંહ મહેતાનો ચોરો પૂછતો ચોરે પહોંચી ગયો. અત્યારે તો એ સ્થાન ઝાંખુંઝાંખું યાદ છે. સાંજ પડી ગઈ હતી. પૂર્વાભિમુખે મંદિર છે. બારથી હાથ જોડ્યા અને મૂર્તિ સામે, 'ભાલું કરજો'ના ઊંડા ભાવે ઊભો રહ્યો. ચારે બાજુ ધર્મશાળા જેવું હતુ. ત્યાં ઘણાં —ગોબરાં સાધુ લિબાડી પડ્યા હતાં. એવાં સાથે પડી રહેવાને મન કબૂલ્યું નહિ. તરત જ ચોરા બહાર ની-કળ્યો. સામે જ ઝાલર બાજતી અને નગારૂ ગડગડતું સાભળ્યું. મંદિર હશે જ એમ ધારી ત્યા ગયો. અલ-મસ્ત જુવાનો હાકોરાઠની બૂમો મારતા જોયા.

બહાર આગણામા ઓટલા ઉપર મહંત બેઠા હતા વિનયપૂર્વક પ્રણામ કરીને હું બેસી ગયો આરતી પૂરી થઇ

'કેમ આવ્યો છે?' મહંતે પૂછ્યું

'ગત રહેવું છે' મેં કહ્યું

'ક્યાંથી આવે છે?'

' થી આવું છું મારે ભણવું છે, ગરીબ છું'

'અરર્રા' કહીને મહંતજી ચેનાઓ માથે વાને ચડ્યા.

મને શાંતિ વળી રાત કાઢવાની ચિંતા તો હતી અગિયાર વરસનો, ગામડામા જ ઉછરેલો, કાચો છોકરો દૂર પ્રદેશના આ શહેરમા કેવી સ્થિતિ અનુભવતો હશે એ વિચારવા જેવું છે

હું ભૂલાયો, હમેશા આવેદન યાદદાસ્તમા જડાઇ ગયો, એવો પ્રસંગ હજી મને છે

'ચલો આને કો' મહંતે મને કહ્યું

હું સ્તબ્ધ બેસી રહ્યો

'ચલોજી' મહંતે ફરી પ્રચંડ અવાજે કહ્યું

હું થીજી ગયો

'ચલો, ચલો, રોટી ખા લો!' મહંતે ત્રીજી વાર કહ્યું

આજે બે દિવસથી અન્ન પેટમા પડ્યું નહોતું ભૂખ ઉગ્ર બનીને શમી ગઇ હતી. પણ બાવાના ઘરનું અન્ન કેમ ખવાય, એ ધર્મજન્ય ભાવનાએ રોકી લીધો બ્રાહ્મણનો દેહ ભ્રષ્ટ થઇ જાય જ બે વિચારે હું ચૂપ બેસી રહ્યો મહંત પણ મારા ભાવને સમજી ગયો હોય તેમ નમ્ર થઇને મનાવવા લાગ્યો મેં એક જ જવાબ દઇને ટાળી દીધું મેં હમણાં જ ખાધું છે'

આગ્રહ કરીને મહંત અંદર ગયા.

સરકારની શક્તિ અત્યારે સમજાય છે માબાપના બોલીમાંથી જે સંસ્કારો મળ્યા હતા ઘર, ગામ, સમાજ અને કથા સાહિત્યે જે સરકારને પોષ્યા હતા સંસ્કારમા દયાળુ બેવો સરકારના ચરમાંથી જ જુએ છે એના સરકારના રંગમા રંગાયેલી વસ્તુ જ એ જોઇ શકે છે કોઈ પ્રજાના ઉત્થાનની યોજના બનાવવી હોય તો બાળકોમાંથી ઉપર હજો વધુ જોવો જોઇએ સંસ્કાર ત્યાં જ રોપી શકે એવું બેસે છે

ઉપરોક્ત પ્રસંગ વળી યાદગાર પ્રસંગોમાનો એક છે માત્ર એ વખતના ભાવોનું મંથન અત્યારે મને સમજાય છે સરકારોથી જ કોઇ વસ્તુ સુધરી કે બગડી શકે છે, ઉપદેશથી નહિ પ્રજાના દોરનારાઓએ સંસ્કાર રેડવા મથવું જોઇએ બાકી સુંદર ઉપદેશોથી કોઇ કદી સુધર્યું જ નહિ.

રાતની રાત એક ઓટલા ઉપર કોથળાના આધારે પૂરી કરી ઊંઘતાની સાથે જ કોઇએ જોયો ન જોયો બહાર નીકળી ગયો

સીધો બજાર ચાલ્યો. સામો કુંડ અને ગઢ ગીરનાર જોવા જવું, ત્યાં કોઇ સિદ્ધ જોગી જડી આવે તો 'અમર ફળ' માગી લેવું, એમ વિચાર્યું અજાણ્યા વિષયનો મને સો સુધી આપમેળે જ તોડ કાઢી લેવો એ મારો સ્વભાવ છે ગીરનારનો રસ્તો શું પૂછવો? હજારો લોકો જતા હશે એવું કલ્પી ખૂબ આશ્વાસન થયું અને છેવટે 'ગીરનાર જવાનો રસ્તો' એવું પાટિયું વાંચીને ચાલતો થયો

સામો કુંડ આવ્યો પ્રેમથી ચરણામૃત આપ્યું યાત્રીઓ નહાતા હતા અને બ્રાહ્મણો તેમને ઘેરી વળીને દોકડાના દાન માગતા હતા મને ઘણો સૂગ ચડ્યો હું તો બ્રાહ્મણ જ નગર બેસાડી મૂકીનો ઘણો 'દાન' શું બોટો' તરતજ સામે એક દુકાન હતી. પૈસાનું કડ બીધું કુંડ ઉપર આવીને ઊભો રહ્યો પણ કોઇને ચાદલો કરીને દોકડો લેવાની હિંમત ન ચાલી મને શરમ આવી કડવું પડીકું ગળવામા મૂંગી દીધું.

આગળ ચાલ્યો. ગીરનાર ઉપર ચડવાના પગથિયા પાસ આવ્યો એક પત્થર ઉપર બેસીને નિરાંતે લીલુડી ડુંગરમાળ જોઇ રહ્યો.

અઘોરી કલાક બીતો હશે આઠ દસેક છોકરાઓનું ટોળું આવ્યું બધા હસતા, કૂદતા, અને ગમ્મત કરતા જતા હતા ગીરનાર ચડશે એમ ધારી હું બેસી પાછળ ચાલ્યો મનને દુઃખ થયું, કે 'અરેરે' મારે ય આવી ટોળી હોત તો?' એ બોકો પગથિયા છોડીને આડે રસ્તે જંગલમા ઘૂસતા ગયા કોઇએ મને પાછળ આવતો જોયો અને ખૂબ મારી

'એય, ક્યા આવે છે?'

'વિદ્યાર્થી છું' માંડ માંડ બોલાઇ જવાયું

બધા ટોળા રહ્યા તેમના શિક્ષક જેવા સજ્જને ક્યાંથી આવું છું, વગેરે પૂછ્યું 'હું જોવા આવ્યો છું' એમ મેં કહ્યું

'ભલે આવે, થાકીશ તો નાહશે?' શિક્ષકે મને સાથે થઇ જવાની મરજાનમી આપતા પૂંઠી નાખ્યું

'નહિ થાકું.' મેં કહ્યું.

ચાલ્યા. બે એક કલાક ગીરનારના પેટાળમાં ડુંગરાળ જંગલ ભમ્યા. ભૂખને લીધે મારું તો લોહી સુકાઇ ચાલ્યું હતું. એ લોકો પણ થાકયા અને એક ઊંડી પણ પહોળી ખીણને કિનારે ઊંચા ભાગ ઉપર બેઠા. ભાથું કાઢયું અને ખાવા માંડયા. ગાંઠિયા અને પેંડા મને પણ મળ્યા. મૂગે મોંએ બધા ખાતા હતા.

અમારા કાળજાં કાંપી ગયાં. ધીમો હુંકાર થયો અને આખો ડુંગરો ધણેણી ઊઠ્યો. અમે બેઠા હતા એ ભાગ ઊંચો થતો ભાસ્યો. એજ પળે અમારી નીચેથી સિંહ નીકળીને ખીણ તરફ મોજથી જતો દેખાયો. અમારા શ્વાસ સુકાઇ ગયા. દબાઇને, ચંપાઇને અમે થીજી ગયા. ભાગ્ય સારાં કે સિંહ દાદા સીધા ખીણમાં ઊતરી ગયા. પછી તો અમે ત્યા રોકાઇએ જ શાના? સીધા મારગે ચડી ગયા.

બધા સાથે હું પણ સ્ટેશને ગયો, ટોળા સાથે ઘૂસી ગયો અને ગાડીમા જગા મળી ગઇ. ગાડી સીધી રાજકોટ જતી હતી. ચાલો, રાજકોટ જઇશું. એ વખતે ટીકીટ તપાસનાર નીકળ્યો નહિ હોય કે પછી 'બાપુ–ખાતુ' હશે, પણ મને કોઇએ ટોકયો જ નહિ રાતના દસ વાગ્યે રાજકોટ ઊતર્યો. પેલા લોકો વચ્ચે જ કયાક ઊતરી પડયા. જેમ તેમ સ્ટેશન બહાર નીકળ્યો. જવું કયા? બીજું તો ઠીક, પણ રાત કયાં ગાળવી? ફરાશે ત્યા સુધી ફરીશું, થાકીશું ત્યારે ગમે ત્યાં પડી રહેશું. એમ ધારી હું બજારે ચાલ્યો.

અમારા ગામના જ એક માણસને અહીં કંદોઇની દુકાન હતી. કંદોઇઓળમાં ઘૂસતાં જ મેં એમને જોયા. ઓહો! જાણે મને મહાન શ્રીશ્વાસન મળી ગયું, એ ભાવે રાજી રાજી થઇ ગયો. દર્શમા ને દર્શમાં 'કેમ, કાકા?' કહેતોકને દુકાને જઇ ઊભો.

કાકાએ ખુશી–ખબર પૂછ્યા.

'સારું થયું બેટા, તું આવ્યો. મારે ત્યાં કામ કરજે.' કાકાએ કહ્યું.

'ભલે, કરીશ.' મેં રાજી થઇને કહ્યું.

બે રૂપિયા પગાર ઠેરવ્યો. બીજે જ દિવસે હું દુકાને કામ કરવા માંડયો. સવારના પાંચે ઊઠીને રાતના બાર સુધી સખ્ત મજૂરી કરું. પંદરેક દિવસ એમ કાઢયાં. પછી તો બપોરે દુકાને બેઠાં બેઠાં આંખમાં ઊંઘ ભરાય અને ઊંઘું ખાઈ જાઉં. ધંધા કરતોને કાકાનો પહાડી મુક્કો પીઠ ઉપર પડે.

દુકાન પાસેથી નિશાળે જતા વિદ્યાર્થીઓ સામે હું જોઇ જ રહેતો. એક દિવસે મારી આંખ ઊઘડી. દુકાને હું એકલો જ હતો. વિદ્યાર્થીઓનાં ટોળાં જતાં જોયાં. વિચારમા પડયો. અરે! હું કયાં આવી બેઠો. આ બળદિયા સમું જીવન જીવવું? મારે ભણવું જોઇએ. આ બીજા રવાજથી ચાલે છે તેમ ચાલવું જોઇએ. ભણ્યા વિના તો નહિ જ ચાલે.

બીજે દિવસે કાકાએ પગાર આપ્યો. ન કહ્યું કે ન પૂછ્યું. સવારમાં ગામ તરફ ચાલી નીકળ્યો. ધીમે ધીમે ચાલીને ગામ પહોંચતાં સૂરજ દૂબાવી દીધો. જરા અંધારું થતાં ઘેર જતો રહ્યો.

મને જોતાં જ બાએ 'ભલે આવ્યો મારો વહાલો' કહેતાં મને બાથમાં લઇ લીધો.

સંયોગે મને પાછો ઘેર પહોંચાડયો. પ્રકૃતિ મારો જીવન–માર્ગ સાફ કરતી હતી. એ માર્ગની બંને બાજુએ પરિસ્થિતિની વાડ હતી. વિટમ્બણાની અનેક નદીઓ ઉપર સંયોગના પૂલ બંધાયા હતા. પરિસ્થિતિની વાડ ટપી જાઉં, સંયોગના પૂલ પાર કરું તો જ હું આપણોરા મેદાનમાં જઇ શકું ને? હા, એ તો વીરલા!

જીવરામ જોષી



મેંદીનાં પાન

જેનો ખરો રંગ જો લાગશે તો સદા તમારા આત્માને સોહાવી રહેશે.

પુસ્તકો કરતાં મનુષ્યોને વાંચવા એ વધુ અગત્યનું છે. જો મનુષ્ય કરતાં યે પોતાની જાતને વાંચવી સૌથી અગત્યનું છે.

રોહીઓ વચ્ચે તારા મગજ ઉપર કાબૂ રાખજે, સમાજ વચ્ચે જીભ ઉપર.

પૈસાને તારો ચાકર રાખ, અંતઃકરણનો માલિક.

પ્રમાણિક ખોટ સહન કર, પણ શરમિંદો ભર્યો નફો જરા કર.

જીવનનું પરોઢ

પ્રકરણ ૧૨મું નવી સૃષ્ટિ, ચોરીનો પ્રસંગ, સરકાર પલટો, પાઠ ઊપડ્યા

માતૃભૂમિ, સ્વદેશ, ભરતખંડ એવા નામો એ દિવસોમાં ભાગ્યે જ સંભળાતા હતા જમનાનો પ્રદેશ, હિમાલય, લંકાની સીમા તથા ગંગાજી, પંજાબ, મદ્રાસ, રજપુતાના અને બિહાર મહારાષ્ટ્ર એ અંગપ્રત્યંગવાળા હિંદુસ્તાનનું ભાન પણ મને ન હતું, છતાં દેશ જોવાની અને દેશી રહેણીકરણી જાણવાની મનમાં ભારે હોંશ હતી દાદાજી દાદીજી, ફોઇબા, મામીબા, મામા અને કાકાઓનાં નામ સાંભળ્યાં હતાં કોઇ કોઇ વાર પિતાશ્રી મારી પાસે દાદાજીને કાગળ પણ લખાવતા એ મોં વડીલોના દર્શન કરવાની તથા ગુજરાતી પાઠમાળામાં વાંચેલા પોપટ, ચકલી, કાગડા અને હાથી જોવાની ઉત્કંઠા મને હતી એથી ધર્મમાં જ્યારે દેશ જવાની વાતો શરૂ થઇ ત્યારે હું ખુશ ખુશ થઇ ગયો એ વાત સાંભળ્યા પછી કોર્ડમિશા ગામમાં જવું મને આકરું થઇ પડ્યું દેશ જવાના દિવસો જેમ લંબાય તેમ મનમાં કચવાટ થાય બે વાર તો રીમગ અને વાર તિથિ બધું નક્કી થઇ ગયું તોયે રીનિક્રમથી નીકળવાનું મહિનાઓ સુધી મુલતવી રાખવું પડ્યું

પહેલી વાર બધી તૈયારી થઇ લાં મિ વેરટ માંદા પડ્યા ૨૦–૨૫ દિવસ સુધી ચિંતાજનક હાલત રહી એમના જ ધર્મમાં નહિ પણ ક્રીનિકસના બધા ઘરોમાં ચિંતા દેખાવા લાગી ઘેરવે થા ગોગ માણસો દિવસમાં બેત્રણ વાર એમને ઘેર જતા અત્યંત ધીમે સ્વરે કંઇક ઘુસપુસ કરતા અને ગમગીન ચહેરે પાછા ફરતા પ્રેસમાં મારા પિતાશ્રી અને મિ વેરટ સંયુક્ત વ્યવસ્થાપક હતા એક વ્યવસ્થાપક માંદા પડે એટલે બીજા વ્યવસ્થાપકને લાંબી રજા મુલતવી કરવી જ પડે આમ ત્રણ મહિના માટે અમારું જવાનું ઠેલાયું

એ ત્રણ મહિના માંડ પૂરા થવા આવ્યા હતા મારો નાનો ભાઇ કૃષ્ણદાસ દાઝી ગયો જમવાની તૈયારી ચાલતી હતી હતા કૃષ્ણદાસ 'દાઝ દાઝ' કરતો તપેલા પાસે જઇ પહોંચ્યો અને ઢાંકણું ઉઘાડવા ગયો હતા તપેલું ઢળી પડ્યું, તે પડી ગયો અને ગરમાગરમ દાળ તેના ગળાના ઉપર ઢોળાઇ ગઇ ઘણા ભાગ મેટેન એકઠા સાથે તેની મદદે ધર્મી આવ્યા ઉતાવળમાં તેનું ગળાનું ઉતારવામાં આવ્યું, પણ એમ કરતા તેનો કાન અને ગાલ સખત દાઝી ગયા બાકી બહુ પણ મારી પેઠે દાઝ્યું સારવણ ઉપચાર તત્કાળ કરવામાં આવ્યો, બીજે દિવસે મગનકાકા ડરબન ડાક્તર પાસે જઇ ચૂનાના પાણીની દવા મલમ વગેરે લઇ આવ્યા કૃષ્ણદાસ એ વખતે અઢી વરસનો હતો દઝાયાની વેદના મોટું માણસ ન ખમી શકે એની હતી સ્થિતિ ગંભીર થઇ જશે કે શું એ ચિંતા પાંચેક દિવસ સુધી સહુને રહી કૃષ્ણ તો સારા મૂડમાં મૂડમાં ખાનગામા પડી રહેતો બહાર સખત પવન ફૂંકાતો હોવો તેથી ઓરડાના બારીબારણાં બંધ રહેતા દિવસનો મોટો ભાગ મારે એની પાસે ઓરડામાં બેસી રહેવામાં જતો તેને હવા ન લાગે અને તે માગે તે તુરત તેને મળે એ મારે જોવાનું હતું એના દુઃખ આડે મને બીજું તોફાનો ન સૂઝતા, કોઇ ગંભીર ચુકવામાં દુનિયા સાથેનો સંબંધ તોડી પ્રૌઢ ચિંતક જે મનોવૃત્તિથી બેસી રહે તેવી સ્થિતિમાં હું એ બીમાર ભાઇની પડખે બેસી રહેતો મનમાં ને મનમાં કેટલાય મંત્રોનો ઉકાંતા ને ઓસરી જતા માંદાની માવજતનો એ પાઠ એવો મળ્યો કે એટલા ગાઢી અને ભાવુકતાથી હવે જો રોગીની સેવા થઈ ન શકે ત્યારે વે ઉતાર્યા જેવું અને મનને છેતર્યા જેવું જ મને લાગે છે

બબ્બે અઠવાડીએ કૃષ્ણ માંદો પડ્યો કે દેશ આવવાની અમારી તૈયારી પૂરજોશમાં ચાલુ થઇ બીજી તૈયારીઓ માંદો કૃષ્ણને અમારી માંદો મોકલવાની તૈયારી પાછળ મગનકાકાએ ખૂબ મહેનત કરી કૃષ્ણને સરસ તાલીમ આપી ઉચ્ચ બનાવવાના એમને કોડ હતા માબાપને વળગી રહી એ સંકુચિત ન રહે, માંદાઈ ભૂલી ઉત્સાહ દિનો બને એ હેતુથી મગન

કાકાએ એ ત્રણ વરસની વયના બાળકને માવતરથી વેગળો સમુદ્રપાર મોકલી દેવાનો નિર્ણય કર્યો. મોટા ભાઇ અને ભાભી વિષે એમની એ અગાધ શ્રદ્ધા હતી. એમના પ્રત્યે અભેદ બુદ્ધિ કેળવવાનો એમનો ઓટલો તીવ્ર આગ્રહ હતો કે કેશુ મારા માતપિતાને કાકાકાકી ન સમજતાં જન્મજન્મની સમજે એ હેતુથી તેમણે કેશુને મારી બાનું નામ કાકી કે કાકીબા ન શીખવતાં 'મોટીબા' શીખવ્યું, અને એ ભાવના આચારમાં ઉતારવા કેશુને અમારી સાથે દેશની યાત્રા કરાવવાનો સંકલ્પ કર્યો.

એ સંકલ્પ પાર પડવા આડે એક મોટી શંકા હતી. મોટી ઉમરે એકલો ચોરેનો પાછળ પડનારો અને રમતવાતમાં નાગને પકડનારો કેશુ નાની ઉમરે બહુ બીકણ હતો. કૂતરું જોઇને ચીસ નાખતો અને રેલગાડીના એંજનથી તો એટલો બધો ડરતો કે એને તેડી રેલગાડી પર ચડવું કઠણ થઇ પડતું. એ સ્ટીમરથી, દરિયાથી અને ડરબન શહેરના ટ્રામ વગેરેથી ભડકતો રહે તો તેને સાથે કઇ રીતે લઇ જવાય ? આ બીક ભાંગવાનો મગનકાકાએ રીતસર અભ્યાસક્રમ બનાવ્યો. એ અભ્યાસક્રમને આગે અમારે ત્યાં રમકડાનું એક એંજન આવ્યું. કેશુને એ રમકડાની બીક ન રહી ત્યારે વારંવાર સ્ટેશને ફરવા લઇ જવામા આવ્યો. ત્યારપછી બેચાર સ્ટેશનની એક ટૂંકી મુસાફરી થઇ. મિ. સેજના શિકારી કૂતરાઓનો પણ તેને પરિચય કરાવ્યો. આમ અમે બાતું પોતું બાંધી સમુદ્રયાત્રા માટે તૈયાર થયા ત્યાં સુધીમા મગનકાકાએ કેશુને નિર્ભયતાનું બાતુ બંધાવી આપ્યું. છતાં અમારી સ્ટીમર ડરબનની ગોદીમાંથી નીકળતાં સુધી એવી તૈયારી રાખેલી કે કેશુ કોઇ રીતે સમુદ્રયાત્રા માટે તૈયાર ન જ થાય તો તેને છેલ્લી મિનિટે સ્ટીમરમાંથી ઉતારી શકાય અને તેનાં કપડાંનું પોટકું પાછું આપી શકાય.

ડરબનથી અમારી સ્ટીમર પોરબંદર પહોંચતાં ૪૧ દિવસ થયા. આજકાલ મુંબાઇથી ડરબન સોળ દિવસમાં જવાય છે, ત્યારે ૪૨ દિવસમાં એ યાત્રા પૂરી થતી પણ પિતાશ્રીએ મેસ્ત સ્ટીમરને બદલે સાધારણ સ્ટીમર પસંદ કરેલી જે આફ્રિકાના બાબા પૂર્વ કિનારાનાં બધાં મહત્ત્વનાં બંદરો કરતી પોરબંદર થઇ મુંબાઇ જવાની હતી. અમારી એ સ્ટીમરનું નામ 'કેઝર' હતું. બ્રિટિશ સ્ટીમરની જેમ એ કાળાં ભૂંગળાંવાળી ન હતી; તેનાં ભૂંગળાં પર લાલપીળા રંગના સુંદર પટાઓ હતા. પિતાશ્રીએ કહ્યું કે એ 'જર્મન લાઇન'ની સ્ટીમર છે. બહુ વિશાળ સ્ટીમર હતી. અમારી ઓરડીમાંથી ઓકવો બહાર નીકળું તો ઝૂલો પડી જાઉં. વહેલી સવારે સ્ટીમર ઊપડવાની હોવાથી રાત્રે જ અમે તેમાં જઇ સૂતા.

બીજે દિવસે સવારે સૂર્યોદય થતાં મગનકાકા અને કાકી અમને વળાવવા આવ્યા. અમે ઉપલા તુતક પર ઊભી તેમની વિદાય લીધી. છૂટા પડતાં કેશુએ કંઇ કહ્યાઓ ન કર્યો અને તેનો છૂટો રાખેલો સામાન સ્ટીમર પરથી જમીન પર ફેંકવાની જરૂર ન પડી. અગે છ જણ દેશ ભણી આવ્યા અને ત્રણ જણ પાછા ફીનિક્સ ગયા. પાછા જનારમાં મગનકાકા, કાકી અને રાધા. અમારા જૂથમાં પિતાશ્રી, માતુશ્રી, કેશુ, કૃષ્ણ, મારી નાની બ્હેન નંદી અને હું. અમારો એ સંઘ જેવો નીકળ્યો તેવો તૂટ્યા વિના પાછો ફરી ન શક્યો. આઠનવ મહિનાની એ બ્હેન રાજકોટથી પાછી ફરવા ન પામી. રાજકોટમાં દાદાજીને હાથે તેનો અગ્નિસંસ્કાર થયો. એ દોઢેક વરસની ઉમરથી વધુ મોટી ન થઇ શકી છતાં એના જતાં એક પૂરા માણસની ખોટ અમને લાગી.

એકતાવીસ દિવસની એ સમુદ્રયાત્રા જેવો આનંદ તે પછી ફરી આટલી ઉમરમાં કદી માણ્યો નથી. ચિંતા નહિ, ફિકર નહિ, રોજ નવાં બંદરો, નવા માણસો, નવી વનસ્થી, નવાં પ્રાણીનાં દર્શન, વિરાટ સમુદ્ર અને એવા જ વિરાટ આકાશનું સતત દર્શન. પિતામાતાની ફૂંફ—કોઇનો દાબ કે ડર નહિ. બધે જ મજા. બધી જ મજા. ઘણા યે ઉતારુઓ સ્ટીમરની ખોળી ચાલથી અધીરા થઇ જતા હતા. ઝટ દેશ આવે ઝટ ઘર ભેગા થઇ જઇએ એમ સૌને થતું. પણ મને તો એ પ્રવાસ ટૂંકો બધો ટચૂકડો થઇ પડ્યો હતો કે એ દોઢ મહિનો પણ ખાવ ટૂંકો લાગ્યો અને પોરબંદર બહુ જલદી આવ્યું તે મને ન ગમ્યું. લોકો સ્ટીમરની બોગી બાજુને બાંકડાં. હું સમુદ્રને મનમાં બાંકવા લાગ્યો કે શા સારૂ આવડો ટૂંકો જ રહ્યો ! હજુ વધુ મોટો હોત તો સારૂ થાત. ધરતી જ ન

થાય એવી રસભરી એ સફર હતી, છતા કરુણની પોરબંદર આવવાના પ્રવાસવર્ણનને મુંબઈથી કરણ જવાના વર્ણનમા સમાવી દેવા વિચાર છે જતા-આવતાના સમણો એક બીજા સાથે ગોઠવા ભળી ગયા છે કે તેને જુદા તારવવા કહણ છે પાછા ફરતી વખતે હુ દોઢ વરસ વધુ મોટો થયો હતો એટલે ત્યારનુ નિરીક્ષણ બધુ સ્પષ્ટ હોય એ સ્વાભાવિક છે અહીં એટલુ જ જણાવી દઉં કે લગભગ દોઢ મહિના સુધી સમુદ્રનો અખંડ આનંદ લીધા પછી જીવનની અનેક આકાંક્ષાઓમા એક એ આકાંક્ષા પણ રહી ગઇ છે કે ધીમી સ્ટીમરમા જ નહિ પણ ધીમા વહાણમા વરસ બે વરસ સુધી દરિયો ખેડવાનો અનુભવ લેવો જોઇએ

અમે પોરબંદર પહોંચ્યા છતા પોરબંદર દૂર રહ્યું કિનારાથી બહુ દૂર સ્ટીમર ઊભી રહી હતી એક નાનકડી સ્ટીમર-લૉંચ-મા અમને સામાન સાથે ઊતરવામા કલાકેક નીકળી ગયા

કિનારા પાસે પહોંચતા આખ ઓળઘોળ થઇ જોઇ નાખવા મંડી કિનારા પર લોકોની ભારે ઠઠ જામી હતી. જાતજાતની પાઘડી અને ટોપીઓ દેખાતી હતી દૂરદૂર ઘેરો પણ ધોળા વિશાળ અને લોકોની જેમ જ ખભેખભો અડાડી ઊભા દેખાતા હતા જે કાગડાને જોવાની બહુ ઉત્કંઠા હતી તે સહેજે કાન અને આખ ભરી દેતા હતા, આકાશમા પક્ષીઓ ને નીચે માણસો પોતાની વાત બીજાને સમજાવવામા હરીફાઇ કરતા જણાતા હતા આ બધુ શા છે એ મારા નાના મનમા સમાતુ ન હતુ કોઇ બીજા પર ચિંતાથી નજર ફરતી ન હતી ગોઠવામા પિતાશ્રી આશ્ચર્ય સાથે બોલી ઊઠ્યા 'અરે એ તો નારાયણદાસ લાગે છે' મારી આંખે પણ ટેકો આપ્યો અને મને કહ્યું, 'જો એ રહ્યા નારાયણદાસ કાકા!'

સામા કિનારે પહોંચ્યા ત્યારે મને નારાયણદાસ કાકા દેખાયા સૌથી ઊંચા અને હાસ્યથી વાતાવરણ ભરી દેતા બધાની વચ્ચે જુદા જ તરી આવતા હતા તેઓ પિતાશ્રી અને બાને પગે લાગ્યા હું તેમને પગે લાગ્યો એકબીજાને મળવાના ઓવા ક્રમમા તણાયા કે સમુદ્ર અને સ્ટીમર બી બધ્ધ વિસારે પડી. અને રાજકોટ પહોંચવાની ઉતાવળ થઇ પડી પોરબંદરમા બહુ થોડુ રોકાયા બાપુજીના મોટાભાઇ કાળાકાકાને ત્યા પગે લાગવા અમે ગયેલા એવો ખ્યાલ છે તેઓનુ પૂરું નામ હતુ લક્ષ્મીદાસ ગાંધી, પણ નાના સૌ કાળાકાકા કહેતુ મોટાભાઇ એટલે કેટલા મોટા માણસ હશે એ કલ્પનાથી હું ત્યા ગયેલો, તેઓ દીકરાઓ જેવા હતા કપાળ બહુ વિશાળ હતુ આખા ઘરમા ભારે ગાંભીર્ય ફેલાઇ રહ્યું હતુ પિતાશ્રીએ તેમની સાથે થોડીવારી વાતો કરી ને અમે ત્યાથી પાછા ફર્યા

રાજકોટ જતા રસ્તે નારાયણદાસકાકાએ ખૂબ વિનોદ કર્યો સાંજ પડયે અમે રાજકોટ પહોંચ્યા *અમારી ગાડી બહુ જ આતુરતાથી જોવાતી હતી મોટીબા*, મને કહ્યું વગેરેએ કુટુંબમા ધામધૂમી આવી અમારુ સ્વાગત કર્યું પચીસ બીજ દિવસને બદલે અમને ચાલીસ દિવસ ઉપર થવા ગયેલા તેથી ઘરમા ભારે ચિંતા થઇ પડી હતી દિવસે દિવસે ઉદ્વેગ વધતો જતો હતો અમે પહોંચ્યા ત્યારે કીધુ જોતી જોવી મહારાજ પિતાશ્રીનો ને અમારો પત્તો મેળવવા ગોઠવ્યો હતા. જોષીજીનો નિર્ણય આપે એ પહેલા અમને આવી પહોંચેલા જોઇ સૌ હરખનો પાર ન રહ્યો

મારે માટે બધી નવી સૃષ્ટિ હતી બધા નવા સ્નેહીઓ હતા દરેક જણ માથેનુ સગપણ જણાવ્યુ અને તેમ કરી મુગ્ધગીતા અનુભવવી એ એક અધ્યયનનો વિષય હતો ઘરમા માણસો નવા અને બહાર પશુપંખી નવા અમર્યાદ પોપટો ખોરડા પર બેસતા, કલ્લોલ કરતા ચણતા ને ચિડી જતા કાગડાની ફૂદાફૂદ જોતા તો થાક જ ન લાગતો સડક પર જતી ભેંશ અને પાડા પણ મારે માટે નવા જ હતા આઠ દસ દિવસ સુધી જાણે હું સ્વપ્નસૃષ્ટિમા જ હોઉં એમ લાગ્યુ બંગલામા પૂરું સ્ટીમર પર દોઢ મહિનો વીતાવેલો, એટલે ઘરની ભીંતો પણ સ્ટીમરની ભીંતોની જેમ ડોલતી ને ઊંચી નીચી થતી ભાસતી અને ચક્કર આવવા જેવુ થતુ મનને બહુ સમજાવ્યુ કે નહિ, બધુ સ્થિર છે, છતા જમીન, ભીંત, ક્ષિતિજ બધુ ઊંચુ નીચુ થતુ દેખાયા કરે ને મગજ બેચેનમા રહ્યા કરે

દસેક દિવસે મારી આ સ્વપ્નાવસ્થા ઊતરી ડોલીથી ઘરમા અને ઘરમાથી ડોલીમા દોડાદોડ કરવાનુ ને જોતા ઊભા રહેવાનું પત્યુ પિતાશ્રી મિ પોશાક માથે દક્ષિણ

કોઇએ કહ્યું પણ નહિ કે નિશાળે જા.

જોયી આવ્યા. નીકળવાનું મુહૂર્ત જોયું. પરવાનામાં સોપારી અને ચોખાની પોટલી અમારે ઘેરથી મોટાં ફઇબાને ત્યાં—પૂ. બાપુજીનાં બહેનને—(અસલ કરમચંદભાપાને) ઘેર મોકલાયાં અને જવાની તૈયારી જોશભેર થવા લાગી. જેમજેમ વખત ભરાતો ગયો તેમ તેમ ફ્રીનિક્સ જવાની મારી લાલચ વધતી ચાલી.

રાજકોટમાં દાદાજીની છાયામાં રહી વરસો સુધી નિશાળે જતા રહેવું અને પરીક્ષાઓમા ઝળકવા પ્રયત્ન કરવો એ કરતાં ફ્રીનિક્સનું વિવિધ રસભર્યું જીવન વધુ આકર્ષક લાગ્યું. ત્યાં મોહનદાસ બાપુજી આવે ત્યારે કેવીકેવી મજા આવે છે એ યાદ આવ્યું. દેવદાસ કાકા જેવો દોસ્ત રાજકોટની એટલી મોટી નિશાળમાં યે મને જડ્યો નહિ. મન ફ્રીનિક્સ પહોંચી ગયું.

મગનકાકા, કાકી, બગીચો અને ફ્રીનિક્સનાં બધાં રમ્ય દૃશ્યો નજર સામે તરવા લાગ્યાં. પહોંચવાની ઉતાવળ થવા લાગી. ફક્ત એક વાતે ફ્રીનિક્સ જવાની હિંમત નહોતી થતી. ડરબનથી છુટા પડતાં મગનકાકાએ કાગળ લખવાનો વદાડ લીધેલો. પણ રાજકોટ આવી મેં એક પણ કાગળ લખ્યો નહોતો અને મારું વચન જોવું પડ્યું હતું. એથી કાકા મારા પર ગુસ્સે થયા વિના નહિ રહે એવી મનમાં ખાત્રી થતી અને જવાનું માંડી વાળવું વધુ ઠીક જણાતું, પણ વળી રાજકોટ રહેવા કરતાં મુસાફરી અને ફ્રીનિક્સનું આકર્ષણ વધીજતું.

જવા આડે બે દિવસ માંડ બાકી રહ્યા ત્યારે મને ઉપાય સૂઝ્યો કે જો મોટા બાપુજી મગનકાકાને ન મારવા વિષે લખી દે તો પછી મને માર નહિ પડે. આ તોડ નીકળતાં મન હળવું થયું ને હું ઉમંગમાં આવી ગયો. મોટા બાપુજી પાસે પહોંચી ગયો અને કહ્યું કે 'મારે જવું જ છે. પછી મને મુબાઇ અને રસ્તામાં આવતી તાપી અને નર્મદા નદી, એ બધું કયારે જોવાનું મળે? તમે મગનકાકાને એક કાગળ લખો કે એ મને મારે નહિ.' છોકરાંઓ માવતર પાસે જ ભલાં એમ વિચારી મારે ફ્રીનિક્સ જવું એમ જ આખરે ઠરાવ્યું. પિતાશ્રીએ જમનાદાસ કાકાને પણ સાથે લઈ ચાલવાનો ઠરાવ કર્યો. કારણ જમનાદાસ કાકા નબળા રહ્યા કરતા અને ગુમડાં વગેરેથી પીડાયા કરતા. હાઇસ્કૂલનું ભણતર છોડી વરસેક તેમને ફ્રીનિક્સ રહી આવવાની મોટા બાપુજીએ પણ સંમતિ આપી.

એક દિવસ જતાં કેટલી વાર લાગે? પણ ટ્રેનમા બેસી તલપી રહેલા મને એ વખત બહુ લાંબો લાગ્યો. નિશાળે જવાની કકળાટમાંથી માંડ છૂટ્યો હતો અને થોડા દિવસ તો વાંચવા લખવાનું કે દાણલા ગણવાનું કોઇ કહે એમ ન હતું એટલે પેટભરીને મેં હસવા રમવા માંડ્યું. એમ કરતા અમારા ઘર પાસેથી મુબાઇ જવાની ચારપાંચ આગગાડીઓ ભાગી ગયા પછી એક પરોઢિયે અમે પણ આગગાડીમાં બેઠા. સામાન ગોઠવવાની ધમાલમાં પડેલા અને છેલ્લા રામરામ કહેવામાં રોકાએલા બધા સ્નેહીઓને તથા લાલઘીલી બત્તીઓને હું કૌતુકથી જોયા કરતો હતો. એટલામાં ટ્રેન ઊપડી. વીરમગામ, અમદાવાદ, ચેરડાવાળું વડોદરા, તાપી, નર્મદા વગેરે ભૂગોળમાં ગોખેલી જગ્યાઓનું સર્વ શક્તિ બધીને નિરીક્ષણ કરવામાં તથા નાસ્તાપાણી કરવામાં સહેજ વાતમાં એ દૂંકો પ્રવાસ પૂરો થયો.

ટ્રેનમાંથી ઊતરવું પડ્યું એ ગમ્યું નહિ. તેમાં યે જ્યારે એક ઊંચા માળાની બે સાંકડી ઓરડીઓમા, મારા જેવડા પણ મારાથી વધુ ચાલાક, સુપરેલા અને મુંબાઇમાં એકલા ફરી શકનારા છોકરાઓ સાથે રહેવું પડ્યું ને હું અચતુર લેખાયો ત્યારે મનમાં એમ થઇ આવ્યું કે આના કરતાં રાજકોટ રહ્યો હોત તો સારું થાત. પણ વધુ વખત આ સંકડામણમાં ન રહેવું પડ્યું. બે દિવસમા બધી તૈયારી થઇ ગઇ અને અમે સ્ટીમર ઉપર જવા સામાન તૈયાર થયા. કોટ, પાટલૂન, મોજાં વગેરે બધા બહેનત લઇને જમનકાકાએ મને સુઘડ રીતે પહેરાવ્યાં. એક ટોપીથી જ ભરેલી ભીંતોવાળી દુકાનમાંથી મારે માટે ગોળ કાળી ટોપી પણ પિતાશ્રીએ મને અપાવી. આમ સ્ટીમર પર ચડવાને પૂરી ટાપટીપથી અમે સજ્જ થયા.

ઉતારેથી નીકળવાને થોડી વાર હતી ત્યાં પિતાશ્રીએ કાતરથી જમનાદાસ કાકાની ચોટલી કાપી નાખી. કેટલે વર્ષે મહામહેનતે મોટી કરેલી ચોટલી કપાઇ જતાં જમનાદાસ કાકાની આંખમાંથી આસુ ટપકવા લાગ્યાં, પણ આફ્રિકા જવા માટે એટલું કરવું જ પડતું અને ઘોડાની પૂછડી માથે લટકાવવા સમુ જંગલીપણું ત્યાં ન શોભે એમ સમજી એમણે પોતાનું મન વાળ્યું.

(અનુસંધાન પાછળ પાન ૨૦૩મે)



શિયાળભાઈનું પ્રાયશ્ચિત્ત

એક હતા શિયાળભાઈ એમણે બહુ મરઘા બતકા માર્યા'તા અને બહુ બકરીઓ ખા ધી'તી પછી ઘડપણમા પસ્તાવો થયો કે 'અરેરે! જિંદગીભર મેં પાપ કર્યું હવે મને એની સજા ભોગવવી પડશે!' ભાઇ ચાલ્યા કોઇ બ્રાહ્મણની શોધમા ચાલતા જાય ને બોલતા જાય 'મને કોઇ પ્રાયશ્ચિત્ત કરાવો! મને કોઇ પ્રાયશ્ચિત્ત કરાવો!' એવામા ત્યા આવી ચડ્યા એક વરુભાઇ માથે ટીલુ ને હાથમા માળા, અને મુખથી રામનામ જપતા જાય શિયાળ ભાઇ કહે, 'વરુ મહારાજ, વરુ મહારાજ, મને પ્રાયશ્ચિત્ત કરાવો!' તો વરુભાઇ કહે, 'તુ મરઘાબતકા મારવાનુ છોડી દેજે?' 'પણ તો હું ખાઉ શુ? શિયાળ ભાઇ બોલ્યા 'મને બીજો કોઇધંધો આવડતો નથી મારા પર જરા તો દયા કરો મહારાજ!'

આખરે વરુભાઇએ એને માળવી ખાવાની પર વાનગી આપી પછી શિયાળભાઇ ચાલ્યા માળવી પકડવા પણ એ ધંધો ભાઇએ જિંદગીમા કદી કરેલો નહિ, એમણે વિચાર કરતા નદી કિનારે જઈ ઊભા એવામા એક બકરીના ટોળા પર એમની નજર પડી તરત દોડીને એક બકરીબાઇને એ પકડી લાવ્યા પણ . બકરી તો ખવાય નહિ' એની તો એમને મનાહની એટલે માયુ ખજવાળતા ભાઇ ઊભા. ત્યા તો તરત એમને એક વિચાર સુઝ્યો

શિયાળભાઇએ મોથી બકરીને પકડી ને કપ લઇને એને પાણીમા બોળી બોળીને તરત એને બહાર કાઢી પાછી બોળી ને પાછી કાઢી આમ બોળતા જાય ને કાઢતા જાય અને સાથેસાથે

બકરીબાઇ, બકરીબાઈ, નીચે જાજે .
માળલીબાઇ, માળીબાઇ, ઉપર આવજે


એમ બોલતા જાય

એ જ બકરી ને એ જ માળવી! આખરે શિયાળ બકરીબાઈ મરી ગયા અને શિયાળભાઇએ એમને 'માળવી' ગણીને મન મનાવી પેટ ભરી ખાધા પછી ભાઇસાહેબ લાગ્યા થક થકે ઝાડ નીચે સૂતા અને વિચાર કરે છે, 'હું કેવો સુંદર લાગુ છુ! ફક્ત એક જ વાતની ખોટ છે મારા પેટમા એક સરસ તીર ખોસ્યુ હોય તો હું કેવો સરસ લાગુ?'

એવામા બકરીનો રખેવાળ ત્યા બકરી શોધતો શોધતો આવી ચઢ્યો, અને શિયાળભાઇને જોતા જ એમને તીરમા વીંધી નાખ્યા મરતા મરતા શિયાળભાઈ કહે, 'અરેરે' હવે સુંદર તો લાગુ છુ, પણ મન વી બાબર કે મારી ઇચ્છા આવી રીતે પૂરી થશે?'

હીરાલાલ ગોદીવાળા

(પ મી બીના સ્ટૉરીંગ બિ ટ્વેનીગન ા કથા ઉપરથી)



ગયો મહિનો (માર્ચ) . . . અને એની પ્રતિભા

તા. ૩ મુંબાઈના પ્રસિદ્ધ દૈનિક બૉમ્બે ક્રૉનિકલનો જન્મ—ઈ. ૧૯૧૩ * * નેપાળ જનરલ ચંદ્રશેખર ઉપાધ્યાયે જનરલ ઑડાયરસ્કોની સાથે સંધિ કરી જેથી કાઠમંડુમાં રેસિડન્ટ રાખવાની છૂટ અને દાર્જીલિંગ તથા સીમલા સહિતનો પ્રદેશ બ્રિટિશોને મળ્યો—ઈ. ૧૮૧૬.

તા. ૬ અંગ્રેજો સાથે કોલકરાર કરી ટીપુ સુલતાને અર્ધું મૈસુર તેમને આપી દીધું—ઈ. ૧૭૯૨.

તા. ૧૦ વડોદરાના શ્રીમંત સર સયાજીરાવ ગાયકવાડનો જન્મ—ઈ. ૧૮૬૩.

તા. ૧૧ હિંદના ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સ પર રાજા નંદકુમારે લાંચલેવાનો આરોપ મૂક્યો.

તા. ૧૨ રશિયામાં રાજક્રાંતિ —ઈ. ૧૯૧૭. * * સાબરમતીના આશ્રમેથી હિંદ સ્વાતંત્ર્ય અર્થે મહાત્મા ગાંધીજીએ દાંડીની ઐતિહાસિક કૂચ આદરી —ઈ ૧૯૩૦.

તા.૧૩ શ્રી રમણભાઇ નીલકંઠનો જન્મ—ઈ. ૧૮૬૮.

તા.૧૪ 'સાપેક્ષવાદ'ના સિદ્ધાંતથી વિજ્ઞાનજગતમાં ઉહાપોહ મચાવનાર જર્મન વિજ્ઞાની આઇન્સ્ટાઇનનો જન્મ—ઇ.૧૮૭૯ * * મહંમદ ઘોરીનું અવસાન —ઇ. ૧૨૦૬.

તા. ૧૫ હિંદમાં ઇષ્ટીઆરંભથી તથા દેશી છાપાં સંબંધેના કાયદાનો અમલ શરૂ થયો—ઇ. ૧૮૭૮.

તા. ૨૧ ગુજરાતના ગરવા કવિ બાલાશંકર ઉલ્લાસરામનું અવસાન-ઇ.૧૮૬૮.

તા. ૨૪ લાહોર કાવતરા કેસને અંગે શ્રી ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવની ત્રિપુટીને ફાંસી અપાઈ-ઇ.૧૯૩૧ * * ભારત પરના અંગ્રેજ વર્ચસ્વ ઉપર પ્રાણવાન પુસ્તકો લખનાર મેજર વામનદાસ બસુનો જન્મ—ઇ. ૧૮૬૭.

તા. ૨૫ કવીશ્વર દલપતરામ વિદેહ થયા—ઇ. ૧૮૯૮. * * કાનપુરમાં બંધર કોમી રમખાણ,જેમાં પંડિત ગણેશશંકરજી વિદ્યાર્થી શહીદ થયા—ઇ ૧૯૩૧

તા. ૨૮ પેશ્વાઈના સ્તંભ સમા નાના ફડનવીસનું અવસાન—ઇ ૧૮૦૦ * * બાળલગ્ન ઉપર પ્રતિબંધ મૂકતું શારદા બિલ અમલમાં મૂકાયું—ઇ. ૧૯૩૦.

તા. ૨૯ દુખ્ખણ યુદ્ધની શોધે ઊપડેલો કૅપ્ટન સ્કૉટ પોતાની આખી ટોળી સાથે ત્યાના બરફોમાં મારણ થયો—ઇ. ૧૯૧૨ (તેની ડાયરીમાં છેલ્લી એ તારીખ મળી હતી.) * * અંગ્રેજોએ પંજાબ સર કર્યું —ઇ. ૧૮૪૯.



આ માસની વિભૂતિ
શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ

તા. ૧૮મી માર્ચ એ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડનો જન્મ દિવસ.ઇ.૧૮૬૩ મા, મહારાજા ખંડેરાવ જ્યારે વડોદરાની ગાદીએ હતા ત્યારે ખાનદેશના એક ગામડાના એક ગોવાળને ત્યાં એમનો જન્મ થયો.

ઈ. ૧૮૭૫ ખંડેરાવ પછી ગાદીએ આવેલા એમના ભાઈ મલ્હારરાવને સરકારે ગાદીએથી રુકાવી મૂકતાં રાજમાતા ચીમનાબાઇએ ત્રણ ભાઇઓમાંથી સયાજીરાવની ગાદીવારસ તરીકે પસંદગી કરી એટલે રાજા સર ટી. માધવરાવના હાથ નીચે તેમને શિક્ષણ માટે મૂકવામાં આવ્યા. રાજના મળતા વ્યક્તિને સયાજીરાવના ઘડતરમાં મોટો મહત્વનો ભાગ ભજવ્યો છે.

ઈ. ૧૮૭૭ યુરોપની પહેલી સફર.

ઇ.૧૮૮૦ તાંજોરની રાજકન્યા સાથે લગ્ન.

ઇ. ૧૮૮૧ રાજ્યલગામ અર્પણ થઇ, ૨૮મી ડિસેમ્બર.

ઇ. ૧૯૦૨ મહારાણીમાતા હાજરી આપી ઔધ્યે ત્રિક મહર્દાન ખુલ્લું મૂકયું.

ઇ. ૧૯૦૪ ઇન્ડીઅન સોશિયલ કૉન્ફરન્સના પ્રમુખ નીમાયા. પ્રમુખપદેથી આપણુ આપતા ઓગણે જણાવેલું કે, 'પશ્ચિમને આપણી કિંમતની શીખવી તેનું વિજ્ઞાન આપણે અપનાવીએ એથી મહાન કોઈ કાર્ય નથી'

ઇ. ૧૯૧૬ હિંદના રાજાઓની કૉન્ફરન્સમાં ભાગ લઇ હિંદના રાજકારણમાં રાજાઓનો સાથ હોવાની હિમાયત કરી.

ઈ. ૧૯૩૬ રાજપદે આવ્યે તા. ૨૬મી મેના રોજ સાઠ વર્ષ પૂરા થતાં આખા રાજ્યે મણિમહોત્સવ ઉજવ્યો.

વીસમી સદી શરૂ થયા પહેલાં સ્વામી દયાનંદના હાથે હિંદના જે જે વિભૂતિઓનેજન્મ આપ્યો તેમાંના મહારાજા સયાજીરાવ એક છે. પશ્ચિમમાં ફરી, ત્યાંની પ્રજાએ સાધેલો એ દોમેક અને શિક્ષણાત્મક વિકાસ તેમણે જોયો ને પ્રગતિનાં એ મુખ્ય બળો એમણે પોતાની ભૂમિમાં પણ વાવ્યાં. વડોદરાની પ્રજાને નવા યુગને બંધતી દાદીમ આપવા તેમણે ખૂબ કર્યું છે. આર્યા રાજવી તરીકે હિંદના રાજાઓની હરોળમાં તેમને પહેલા મૂકી શકાય, પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી એમના ઉત્સાહનાં પાણી ઘટતાં થયા હોય એમ જણાય છે.

આ મહિનો (એપ્રિલ) . . . અને એની પ્રતિભા

તા. ૧ પોર્ટુગીઝ ગવર્નર અલબુકર્કે દખ્ખણના આદિલશાહ પાસેથી ગોવા જીતી, સ્ત્રી, પુરુષ અને બાળકો મુદ્દા ૮૦૦ મુસલમાન શહેરીઓની કતલ કરી —ઈ ૧૫૧૦ * * ફ્રેંકલિનીએ અંગ્રેજો સાથે કોલકરાર કર્યા—ઈ ૧૭૬૮

તા. ૩ હિંદુસ્તાનના તારણહાર છત્રપતિ શિવાજીનું અવસાન—ઈ ૧૬૮૦

તા. ૬ અમેરિકન રીઅર ઍડમીરલ રોબર્ટ પીઅરીએ ઉત્તરધ્રુવ સર કર્યો—ઈ ૧૯૦૯.

તા. ૮ વિઠ્ઠલભાઈ પટેલના ધારાસભા માના ભાષણ વચ્ચે શ્રી ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે બૉંબનો ધડાકો કર્યો—ઈ ૧૯૩૧

તા. ૧૦ શિવાજી મહારાજનો જન્મ—ઈ ૧૬૨૭ * * રશિયા ને કુદરતે સેનિનનો જન્મ—ઈ ૧૮૭૦ * * બ્રિટિશ અને હિંદી લશ્કરને જોડી દેવામાં આવ્યું—ઈ ૧૮૬૧

તા. ૧૪ હરિજન નેતા ડૉ. ભીમરાવ આંબેડકરનો જન્મ—ઈ ૧૮૯૨

તા. ૧૬ સર જમશેદજી જીજીભાઈ બૅરોનેટનું અવસાન—ઈ ૧૮૫૯

તા. ૨૧ પાણીપતનું પહેલું યુદ્ધ—ઈ ૧૫૨૬

તા. ૨૩ વૉરન હેસ્ટિંગ્સે હિંદમાં ચલાવેલી ગેરવર્તણૂકના કારણસર વડનગરના તેના પર ચાલેલા કેસમાંથી તેનો છુટકારો—ઈ ૧૭૯૫

તા. ૨૫ ઇંગ્લંડના ક્રાંતિકારી પ્યૂરીટન નેતા ઑલીવર ક્રૉમવેલનો જન્મ—ઈ ૧૫૯૯ * * શીખોનાં પહેલવહેલાં ઈંટ ને લાકડાંનાં ઘર બાંધી ગુરુ નાનકે શીખ ધર્મનું બીજ રોપ્યું—ઈ ૧૪૨૬

તા. ૨૬ રાજા કુંવરસિંહનું અવસાન—ઈ ૧૮૫૮

તા. ૨૮ ઈ ૧૬૧૭ના પ્રેત જૅમ્સને સાષ્ટંગ કરી હિંદમાં ઈસ્ટ ઇન્ડિયા કંપની રાજ્ય કરવાનો આપ્યું—ઈ ૧૬૩૭

તા. ૨૯ પહેલવહેલી પ્રતિભા 'હિંદના ગોડીસન'નું બિરુદ મેળવનાર હિંદી વિજ્ઞાની ડૉ. રાકરરાવ આબાજી ભીમેનો જન્મ—ઈ ૧૮૬૭ * * મહમૂદ ગીઝનીનું મરણ—ઈ ૧૦૩૦

તા. ૩૦ ભારતીય વિપ્લવદળની વિશ્વ વ્યાપી પ્રથમ ગોષ્ઠી—ઈ ૧૯૦૮ * * ફ્રેંચ વિજ્ઞાની પ્રો. રૉંજને 'એક્સ રેઝ' શોધી કાઢ્યા —ઈ ૧૮૯૫



આ માસની વિભૂતિ
સર જમશેદજી જીજીભાઈ બૅરોનેટ

ઈ. ૧૭૮૩ની સાલમાં નવસારીના દાતાભાઈ પાનજીભાઈ નામના એક સાધારણ પણ આબરૂદાર પિતાને ત્યાં જન્મ ઈ. ૧૭૯૮ એક જ વર્ષમાં માતાપિતા બંનેનું અવસાન થતાં મોસાળના સંસર્ગ ફરામજી નસરવાનજી બાટલીવાળાને ત્યાં મુંબઈમાં જઈ રહ્યા

ઈ. ૧૭૯૬ એક ગદેડવાનજી માસ્ટેકજન મુનીમના હાથ નીચે વેપારી અનુભવ લેતા રહ્યા પછી પોતાની બચી મૂડીને બે હજાર રૂપિયાની નૂડી પોતાના નસીબ સાથે જોડી, વેપારમાં પાછી હરાવી અને કુનેસર અને કુશાગ્ર બુદ્ધિ એ બેઉના જોરથી તેમાંથી ૬૫,૦૦૦ રૂપિયાનું જંગી જગાવ્યું


આમ તે સ્વતંત્ર વેપારી બન્યા પછી ચીન ગયા ત્યાં અંગ્રેજો અને ફ્રેંચો વચ્ચે લડાઈ જામતા તેમણે અંગ્રેજોને મદદ આપી અંગ્રેજોનો વિજય થયો અને એ ની સાથે જમશેદજીનું નામ પણ ખૂબ પ્રકાશમાં આવ્યું

ઈ ૧૮૦૬ ચીનની છેલ્લી સફર કરી કલકત્તા, સિંગાપોર, સીલોન વગેરે બધાં સ્થળોની મુલાકાત લઈ ત્યાં ધમધોકાર વેપારના ક્ષેત્રો ખોલ્યાં કર્યા એ બધામાં એમને અભૂતપૂર્વ સફળતા મળી ને અઢળક દોલત એકઠી કરી અને એ દોલતનો ઉપયોગ પણ એવી સરસ રીતે કર્યો કે સારાયે લોકોમાં યે બાટલીવાલા' નામ સુપ્રસિદ્ધ થઈ પડ્યું એમણે કરેલા દાનનો આંકડો ઓછામાં ઓછા પચાસ લાખ રૂપિયા પર જાય છે એ અનુપમ ઔદાર્યની કદર કરી, ગવર્નમેન્ટની વિક્ટોરિયાએ પણ એમને હિંદના પહેલા જ બૅરોનેટ બનાવ્યા ઈ.૧૮૫૯ના એપ્રિલની ૧૫મી તારીખે ૭૬ વર્ષની વયે એમનું અવસાન થયું.

સારાયે કુટુંબમાં જન્મી સાધારણ સંજોગોમાંથી માર્ગ કરી માત્ર સદ્યોગ દ્વારા જ લક્ષ્મી સંપાદન કરી, એનો આવો સદ્વ્યય કરનાર સર જમશેદજી જીજીભાઈ જેવી જવલ્લિનું જીવન આપણને એક અમૂલ્ય બોધપાઠ જેવું છે.

ઘોટો સુધારો

આ વિભાગના જન્મયુગારી મહિનામાં, સરસ્વતીચંદ્રના કાદંબરીકાર શ્રી ગોવર્ધનરામની અવસાન સાલ ઈ ૧૮૮૭ છપાઈ છે તેને બદલે ૧૯૦૭ જોઈએ.
૧૯૦૧માં એમની કાદંબરી 'સરસ્વતીચંદ્ર'નો બીજો ભાગ બહાર પડ્યો અને ૧૯૦૫માં તે પ્રથમ સાહિત્ય પરિષદના પ્રમુખ થયા હતા તેમજ કવિ દુલાકાજી મહિનામાં શ્રી સરોજિનીની નાયડુનો જન્મ સાલ જે ૧૮૭૯ છપાઈ છે તેને બદલે ૧૮૭૮ જોઈએ



ચાબુકકથા

કુમદબહેન

ગોંડી સ્વાતંત્ર્યાર્થે કદમ કદમના પ્રોત્સાહનમાટે અને,
કૂદે મુખ્યો, દલપો, પતિત, દલિત, સૌ મુક્તિમાર્ગે ઉમટે.
ગીતાબોલાં જનોની મુક્તમ વાણી શબ્દનો દેહ ધારે,
પ્રેમ, ત્યાંથે પ્રજાના હૃદયકમળનું મૂક સંગીત બને.
ચેતને જીવ્યા જગીને અજવાસ પાથર્યા, વિશ્વમાં પ્રકાશ આપ્યા,
બસ હો ત્યાગી મહાત્મા ભારતવર્ષના! કોટિ મુક્તિનાદ પ્રણામ —કુમારપાલ દેસાઈ

પંદરબના વાણિજ્યવિરોમણિ લાલા હરકિસનલાલ

*** ગઈ તા ૧૭મી ફેબ્રુઆરીની રાતે પંદરબના કુબેરજ-
જગતના નેપોલિયન હર્ષદ તા કેર પોતે નાનુ બચકાનુ
થયું એના ગાટે મોટી પણ દેશ ભક્તિ અને સમાજ
અભિમાન સહ શરે અની અંગાલ વિભૂતિ લગા કે
હતા અનુપમને મહાન બનાવનારી પ્રધાન શક્તિ સાહસ
છે, અને એમાંયે તો આ શાન્ત ક્રાન્તિના જન્મા દીધી હતી.

લાલા હરકિસનલાલનો જન્મ કેવા કિમાદાસના મુકામે



૧૮૬૪ના ઑગસ્ટની ૧૩મા તારીખે થયે. હતો. એમના વિદ્યાર્થી
નામ પેસાલાલ પિતા લક્ષ્મીદાસ હતા એમને હરકિસનલાલનું
શિક્ષણ પૂર્ણ થતાંજ ધંધામાં જોડી દીધા પછી તો ઈસ
સરકારમેન્ટ ઈસ્ટેબ્લીશ્મેન્ટ ઘોડું શિક્ષણ લીધા પછી તે ઈસ
ઑફિસમાં ને ત્યાં ઈન્સ્પેક્ટરની ટ્રેનિંગ ક્લાર્કમાં એકાએક થતી
ઈન્સ્પેક્ટર થયા ને ૧૮૯૩ના મેની ત્રીજીએ પાલ લાદેર આવ્યા.

એ વર્ષે મદ્રાસમાં કૉંગ્રેસનું અધિવેશન ભરાયું હતું
ને દાદાભાઈ નવરોજજી તેના અધ્યક્ષ ચૂંટાયા હતા. હરકિસન-
લાલને એ મહાસભાના મંત્રી તરીકે ચૂંટવામાં આવ્યા. ત્યારથી
કૉંગ્રેસે તે દેશમાં ઘરનું થઈ ગયું

ઑફિસરની પ્રસાદ કરી દેવા કરવાનું ત્રિલ એમના
આત્મા સોસરા વર્ષ કરી એમણે પ્રજાહિત કાજે દીધી
અને સોશ્યોલિસ્ટ દાદા તરફ વળ્યા. તે પ્રજાના નવનિર્માતા-
ની પેઠે સરકારને વિનતિઓ કરવાને બદલે ઑફિસની ફરજોમાંથી
નવરાશ મળી ત્યારથી ગામડે ગામડે ફરવા લાગ્યા. તેમનો
ઉદ્દેશ હતો, તેમને દેશબંધુઓની ઉપરછિલ્લામાં પરિસ્થિતિ કરતાં
તો જ એમનાં મન ખરી સ્વદેશભક્તિનું આ દેશમાં
કરવું એ આકર્ષણે તેમના આજીવન વધતી રહ્યા

ઓળી પદેશી તો પંદરબમાં એમનું પરિવર્તન તેમ બેસી
ગયું અગાની બધ તિ ખૂબ થઈ હરકિસને કે લાલે યુરોપીયન
સિવાય કે ધંધા થાય જ ન એવે આગ્રહ રાખ્યા
હતો એ પછી આવતા ઈન્સ્પેક્ટર ઈન્સ્ટ્રક્ટરોને
અનેક મણે, હતો વર્ષદે એમનું ગણી ગરી પંદરબના વાણિજ્ય
વ્યવસાયની ઉન્નતિ કરવામાં એમના જેવો ભેટનો ફાળો નથી

હરકિસનલાલનો જન્મ, પંદરબના વ્યવસ્થ વ્યાપારના નેપો-
લિયન અનેક હરકિસનલાલનો અસ્તમુખે ઉદય અને અસ્ત
થઈ ગયો. પણ જે પ્રતિષ્ઠાઓ તેમના કારણ નથી એમની પ્રતિષ્ઠા

તો ચમત્કાર થયો કે કરમાએલો હિંદુ ધર્મ સજીવન થયો?

ઇતિહાસના એ કોયડાનો ઉત્તર શોધવાને નવયુગના આદિની, હિંદ અને ગુજરાતની ઇતિહાસપ્રસિદ્ધ કેટલીક સાલો વિચારી જોઇએ.

૧૮૪૮માં શીખવિગ્રહ પૂરો થયો ને સિન્ધુતટ સુધીનો ભારત ગાતા રંગે રંગાયો. આરડોદના વેરા પછી એક સો વર્ષે હિંદ હારી ગયું.

એ પછી હિંદમાં તાર આવ્યા, ટપાલ આવી, આગગાડી આવી. લોક આગબોટીનાં ત્યારે ગીત ગાતુ કે, 'આડી આવી ગુજરાત આગન કેરી ગાડી રે આંલ્યા.'

એ જ સાલમાં અમદાવાદમા દલપતશિષ્ય ને ગિન્ન ફારબસે ગુજરાત વર્નાક્યુલર સોસાઓટી સ્થાપી; એ જ સાલમાં મુંબાઈમા બુદ્ધિવર્ધક સભા સ્થપાઈ; એ જ સાલમાં ગુજરાતે નવયુગ જોડો.

૧૮૫૦: ઇતિહાસનત્રેસો એને ભળવાની સાલ કહે છે; હું એને સારસ્વત દૃષ્ટિએ શારદાપીઠની સાલ કહું છું; કારણ કે Pen is mightier than sword. ભળવાની ઉથલપાથલથી શારદાપીઠોની ઉથલપાથલ અતિ મહાન છે. ૧૮૫૭માં ભળવો થયો એ જ સાલમા કલકત્તા, મદ્રાસ, મુબાઈની શારદાપીઠો સ્થપાઇ; ભળવો ક્ષણિક હતો. શારદાપીઠો ચિર છે.

૧૮૫૪માં વડનો ડિસપાચ ૧૮૫૫માં કેળવણી ખાતા સ્થપાયાં ૧૮૫૭માં શારદાપીઠો સ્થપાઇ. એ શારદાપીઠોએ શાંતિથી ક્રાંતિ કીધી અને કરે છે.

એ પછીની ઇતિહાસપ્રખ્યાત સાલ છે ૧૮૭૫. એ સાલમાં વડોદરામા રાજપલટો થયો અને મહારાજ સયાજીરાવ ગાયકવાડ ગાદીએ આવ્યા; અને એ જ સાલમા મુબાઈમા આર્યસમાજની સ્થાપના થઇ. પછી પશ્ચિમ પૂજતી પ્રજા પૂર્વ પૂજતી થઇ.

એવામા થીઓસૉફિકલ સોસાઓટીની સ્થાપના થઇ થીઓસૉફીએ પૂર્વ પશ્ચિમની સંસ્કૃતિઓની તુલના કીધી ને કહ્યું કે, પૂર્વની સંસ્કૃતિ અધ્યાત્મવાદી છે; પશ્ચિમની સંસ્કૃતિ જડવાદી છે

એવામાં બ્રહ્માનંદ કેશવચંદ્ર સેન હિંદભરમા ઘૂમ્યા; ઇંગ્લંડ જઇને ત્યા 'East and West'નું પ્રખ્યાત વ્યાખ્યાન આપ્યું; એમના શિષ્ય શ્રી પ્રતાપચન્દ્ર મજુમદારે 'The Oriental Christ'નો ગ્રન્થ લખ્યો નવાચ્યો હોય તો એ મહાગ્રન્થ વાંચશો. એણે હિંદની ખ્રિસ્તભાવનામાં પલટો કીધો

એવામાં પ મૅક્સમૂલરે ઋગ્વેદનું અંગ્રેજી ભાષાંતર કીધુ Sacred Books of the East છપાવા માંડી. યુરોપના દેશ દેશમા પૌર્વાત્ય કૉમેસો બારાવા માંડી 'What India Can Teach Us'નો ગ્રન્થ પ મૅક્સમૂલરે લખ્યો. એવામાં પરમહંસ રામકૃષ્ણ થયા, જેમના શિષ્યે શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં હિંદુ ધર્મનો ડંકો વગાડ્યો.

એવામાં ત્યારના પ્રિન્સ ઑવ વેલ્સ હિંદયાત્રાએ આવ્યા. એવામાં કર્ઝને હિંદનો દિલ્હી દરબાર ભરાયો અને એ રાજપ્રકરણી દરબાર વચ્ચે એક સંન્યાસીએ ઓલારનો ઝંડો રોપ્યો, દિલ્હીના મયદાનમાં, પાંડવોની રાજધાનીમાં. એ સંન્યાસી તે મહર્ષિ દયાનંદ સરસ્વતી, પરમ નૈષ્ઠિક બ્રહ્મચારી પછી હિંદુ ધર્મ Static ગટી Dynamic થયો. દયાનન્દ અને વિવેકાનન્દ આપણા નવયુગના હિંદુ ધર્મના મહાન Dynamic Forces હતા. પછી પશ્ચિમ પૂજતી પ્રજા પૂર્વ પૂજતી થઇ.

પણ ધર્મના Dynamics સાત્વિક હોય, રાજસ કે તામસ ન હોય ખ્રિસ્તને વધસ્તંભે ચડાવ્યો, માથે કાંટાનો મુગટ પહેરાવ્યો, પણ ઈશુ ખ્રિસ્ત તો એટલું જ બોલ્યા, 'Father forgive them; for they know not what they do.'

સ્વામીનારાયણ ગુજરાતે આવ્યા. કયાંક ઉકાળા પડ્યા, કયાંક ઠેકાળા પડ્યા, સહુ સહ્યા. અમદાવાદનાં પૈસવા ન દીધા તો પછી આવીશું કહી બાંકા ગયા, અને પાછા આવ્યા ત્યારે મહેલ અધિકું મંદિર બાંધ્યું

અને મહર્ષિ દયાનંદ! સગરોર ક્રુગામી વધેરવા આવનારને મસ્તક ધર્યું. મહારાણાજીએ ધરાવેલી ઓફિસિંજની મહત્તાઈ ન સ્વીકારી. ઝેર દેનારને જીવતદાન દીધું પૈસાની પાટનગરીમાં સ્વામીજી ગયા ત્યારે એક મઘેડા ઉપર ભગવું વસ્ત્ર નાખી સરધસ કાઢ્યું હતું એ જ પૂના આજ સ્વામીજીની જયતી ઊજવે છે.

દયાનંદની ધાર્મિક Dynamics સાત્વિક હતી; કારણ કે સ્વામીજીના નવજન્મો નદીયારે થયા હતા. સ્વામી દયાનંદ સરિતશુદ્ધ હતા.

સ્વામીજીનો જન્મ થયો કેમીને કાઠે; સંન્યસ્ત જન્મ થયો નર્મદાજીને કાઠે; મેધાજન્મ થયો જગન્નાજીને કાઠે— જ્યા શ્રી કૃષ્ણચંદ્ર જન્મ્યા હતા ત્યાં મથુરાનગરીમાં, શ્રી વિરજાનંદ સ્વામીના મઠમાં. મહર્ષિ સરિતશુદ્ધ હતા. સરિતાના સ્રોત જળસાત્વિક ને અખંડ પ્રવાહી હતા.

મહર્ષિએ શું શું કીધું? એનો ઉત્તર આર્યસમાજનો ઇતિહાસ આપશે. હું તો સૂત્ર રૂપમાં કહું છું કે મહર્ષિ દયાનંદે કરમાએલા હિંદુ ધર્મને 'સંજીવની છાંટી સજીવન કીધો. મહર્ષિએ કુત્થાપનાનાં ચોપડીઆં વગાડ્યાં. હિંદુ ધર્મનું પુનરુત્થાન કીધું. હિંદુ ધર્મનાં બારણાં ફરીથી ઉઘાડ્યાં, પણ જગતને માટે. પછી ડૉ. ક્રાઈસ્ટ, જયરામ ક્રાઈસ્ટ થઇ શકયા. તે પૂર્વે? ૧૮૬૨ પછી એ ઐતિહાસિક ચમત્કાર થયો.

પછી હિંદુ ધર્મની ઋતુ પલટાઈ. પાન ઊતરી નવપલ્લવ પ્રગટ્યા, ત્યારથી હિંદુ ધર્મની નવવસંત બેઠી. પુનરુત્થાનો સ્વામી દયાનંદે હિંદુ ધર્મનું આંબાવાડિયું રહેરાવ્યું ડૉ. જયરામ ક્રાઈસ્ટ કહે છે કે 'Hinduism is a Living Religion.' ગુજરાત અને હિંદનો ઇતિહાસ કહે છે કે, કરસનદાસ ને ક્રાઈસ્ટની વચ્ચે ૧૮૬૨ પછી મહર્ષિ દયાનંદ થયા. દયાનંદે હિંદુ ધર્મને સંજીવની છાંટીને સજીવન કીધો.

કુલુ

***બ્રિટિશ હિંદમા ા હિમાલયનો 'કુલુ વૅલી' એ સર્વ સુ ર પ્રદેશ ગણાયો ે હિંદમા જન્મેલા ઓ આયાત થયેલા બધા ધર્મો ી ારસર તે ા પહાડી રહેવાસી ો પર થઈ છે ને એને લઇને ગે ા રહેવાસીઓમા આ અમજસ છતા રંગાયું ે વૈવિધ્ય ખી યુ ે તેનુ આ ટકુ ણ ા પણ રસભર્યુ લાગશે


તા ૨૬ ૧૦–૩૯

ગઈકાલથી અહીં કુલ્લુનો મોટો મેળો ભરાયેલ છે ા ની ર તરીકે એ જોવા જેવો ખરો એ વખતે આ તરફ ા પહાડી ગામો ા અને બીજા અસંખ્ય લોકો એકઠા થાય છે મેળો સાત દિવસ ચાલે છે ઓ અહીં વખણાતી ઓ થની બધી વસ્તુઓનુ બજાર ભરાય છે અહીંના માણસોની પ્રસન્નતા ાને સંતોષો અહીં જ પૂરતો ખ્યાલ આવે અહીં ા રીત રિવાજો અને રથયાત્રા વગેરે ધાર્મિક ક્રિયાઓ અને વર્મરેવછા પણ જોવાનો ગ્રન્થ આવે

તમે જાણતા હશો તેમ અહીંનુ સૃષ્ટિસૌંદર્ય તો અનુપમ કહેવાય હિંદના આ બધા ભાગો જોવા જેવા તો ખરા જ અહીંના માણસો પણ સૌંદર્યમા ઊતરે તેવા થી ઘણા જ ભવ્ય ઓ શ્રદ્ધાળુ હોય છે પણ અફસોસ ી વાત એ છે કે અત્યારમા સંજોગો એ લોકોના જોવામાથી આવતા માણસોના સંપર્કમા ટલીક અનુચિત ી ઓ ઘૂસી ગએલ છે જોકે ગેઝેટિયર લખાણવાળા આવલ ગમે જાની જવા પામ્યા હશે હિંદુ ધર્મના ોદ્ધાર માટે ઓ ગ્રામઉદ્યોગ ી ખીલવણી અર્થે અહીં પહાડોના રાષ્ટ્રસેવકો માટે બહોળુ કાર્યક્ષેત્ર છે ખરેખર અહીંના માણસો ી આંતરિક ભાવના ઉચ્ચ છે તેમ ી પાસે હસ્તકળા છે એમના સિદ્ધહસ્ત કૌશલ્ય ા નમૂ ા પણ જરૂર જોવા મળે પણ અજ્ઞાન અને ગરી ાને કારણે તેમના ઉદ્યોગો વિનાશને પંથે જઈ રહ્યા છે હિંદના કલ્પવૃક્ષ જેવા હિમાલયમા આટલી ગરીબીનુ શું કારણ હશે હશે ? અહીં ા ગ્રામસંગાયન કુપલક નજરે જોતા યે આ બધુ જણાઈ આવે છે

મુખ્યત્વે અહીંના રોટા ોન ી વસ્તુઓ વખણાય છે ો વેગ ોનો હિમાલય ી ઉત્તરે આવેલ લાહોલ, યાર કદ વગે ા મેદાનોમા ચરે છે તેઓ ઉટા પાસને ગાર્મો આવે જાય છે અહીં ા સફરજન તો કહે છે કે દુનિયામા બધે મશહૂર છે એની ઘણી જાતો થાય છે અને બધામા એક પ્રકાર ી સર્વસાધારણ સૌરભ હોય છે, જે હિંદ ા ીન ભાગોમા થતા સફરજનોમા ઘણુંખરૂ ભાગ્યે જ નથી પડતી અમે તો સફરજન રોજ પેટભરી ખાઇએ છીએ.

કુલુ ને કાંગરા વૅલી અંગ્રેજીમા ધી વૅલી ઑફ ગૉડઝ' કહેવાય છે અને સાચે અહીં જ્યા જુઓ ત્યા ઠેરઠેર ક્ષીરગંગા જેવી નદી વહી રહી હોય અને તેને કિનારે હિંદુ ધર્મ ી સના તનતા રૂપવતુ એકાદ સુંદર પુરાણ દેવાલય શોભી રહ્યુ હોય



ડાબી બાજુ કુલુની ઉચ્ચ કોમની એક યુવતી જમણી બાજુ કશોરાના મેળાની રથયાત્રા

જુદાજુદા દેવાલયનો ઘાટ પણ જુદો જુદો હોય છે અને તે સકારણ છે અહીંનો ધર્મ નાગ વૃત્તમાથી ઉ ક્રાન્ત થતો આજની સ્થિતિએ પહોંચ્યો છે ને તે ા ઘડતરમા હિંદુ, બૌદ્ધ મુસલમા ા ને શીખ બધા ધર્મો ભાગ ભજવી ગ ા છે અત્યારે પણ ઘણા મંદિરોમા નાગ અને બૌદ્ધ ધર્મના પ્રતીકો સમી કોતરણીઓ જોવા મળી આવે છે

કુલુના કશોરા ા મેળામા ત્યાના બધા જ પહાડી ગામોના માણસો, પોતપોતાના ઈષ્ટ દેવતાઓ સહિત એકઠા થાય છે ઘણુ ારે તેમા ભગવાન શંકર ી મૂર્તિઓ હોય છે જે તેઓ પલખીમા લાવે છે મુખ્ય દેવતા રામચંદ્રજીને જોવામા આવે છે કુલુના રામમંદિરમાથી તેમનો રથમા પધરાવવામા આવે છે ને રથયાત્રા દ્વારા મેળા વચ્ચે લઈ જઈ ત્યા સાત દિવસ માટે એક મોટા મંડપમા તેમ ી સ્થાપના કરવામા આવે છે પોતપોતાના પધારેલા બધા જ પહાડી ગામો ા દેવાલયોમાથી એકેએક દેવતાઓને ત્યા રામચંદ્રજીના દર્શને જોવામા આવે છે નથી આવતા માત્ર વસિષ્ઠ જોવા રામચંદ્રજીના ગુરુ

મેળામા કેટલાક મોટા માણસો પોતાના તબૂઓ લગ ી રહે છે સાંજે ત્યા કચેરી કે બેઠક હોય છે સ્ત્રીઓ પગ તેમા હોય છે તે વખતે ત્યા માણસો પૌરાણિક ઓટવે તેમનો દેશી નાચ કરે છે વચ્ચે વાજીંત્રોવાળા બેસે કે ામા રહે અને તેને ફરતા નાચ ારાઓ કૂદતો અને ગનાલપિચ્છ ી કલગી લગાવી નાચતા ઘૂમે કોઈ કોઇ ુ ી તરવાર કે એવાજ કોઇ બીજા હથીઆરનો પણ કુપયોગ કરે છે .

હલકી કોમની ગામડીઓ મેળામા છૂટથી ભાગ લે છે અને ખરેખરો આનંદ અનુભવ છે કહે છે કે આ તરફ ા પહાડીઓ જોવા ી કમા ી આ મેળામા વેડફે છે પણ ખરી રીતે આ જ સમૂડમા આનંદ કરવાનો ઓગનો સમય કે ોક માત્ર મોકે ગ ી રાકા ાદિ તો રામને તો એમ ા દસ વીસ ઘરના ગામડાના ોકોતમા કામની ઋતુમા ઉત્સાહથી કામ કરતા રહેવાનુ કે શીઆળે ોગામે ગરીબી ી જોડીમા

જકડાઇ પોતાના દરિદ્ર ઘરમાં ગોંધાઇ રહેતાં. તેમનાં સગપણ પણ દૂરોરા વખતે થતા લાગ્યા.

હિમાલય પરના લાહોલ અને ચારકંદ જેવા પહાડી ઈલાકાઓમાંથી પેટાં અને બકરાના રોંઢાં શીઆળે કુલુ અને કાંગરામાં ચરવા આવે છે સ્ત્રીઓ અને નાના બાળકો પણ એ પરિભ્રમણમાં આખા કુટુંબ અને સ્થાવર મિલકત સાથે ફરે છે.

પેટાં કે બકરાની પીઠ પર પણ ઊન કે એવો જ કોઈ બીજો. બોજ લાદવામાં આવે છે એ કામ માટે બચ્ચરોનો પણ પુષ્કળ ઉપયોગ થાય છે. માણસો પણ બોજ ઉપાડે છે જ્યાં તેઓ પડાવ નાખે છે ત્યાં નાની ચાવડીઓના ઘર બનાવી રહે છે સાથે તેમના દેવતાઓ અને ધર્મગુરુ (લામા જેવા) પણ હોય છે. તેમની સાથેના એક બે જાતના નાના મોટા કૂતરાઓ બહુ વફાદાર અને વિશિષ્ટ બાસીઆતના હોય છે એ માણસો ખુશમિજાજ અને ગરજ દેખાયા.

અહીંનું મનાલીનું મંદિર ખાસ જોવા જેવું ગણાય. ત્રિલોકનાથનું મંદિર બાંધનાર પ્રખ્યાત શિલ્પીએ એ બાંધેલું અહીંના ઇતિહાસ વિષે કશું બહાર નથી આવ્યું એમ કહીએ તો ચાલે બે કે સાતમી સદીમાં ચીના મુસાફર હ્યુએનસંગે અહીંની મુલાકાત લીધેલી, પણ પ્રમાણબદ્ધ ઇતિહાસ તો પંદરમી સદીમાં કુલ્લુસિંહના રાજ્યારોહણથી જ શરૂ થાય છે

૧૮૬૪માં જ્યારે પહેલો શીખવિગ્રહ પૂરો થયો ત્યારે જલંધર દોઆબ સાથે આ પ્રદેશ પણ બ્રિટિશોને કબજે ગયો અને લાહોલ તથા સ્પિટી સાથે કુલુ પણ કાંગરા વૅલીની એક તહેસીલ બની ગયું.

કુલુને બ્રિટિશ હિમાલયનો સર્વસુંદર પ્રદેશ ગણવામાં આવ્યો છે. વ્યાસ ને પાર્વતી નદીનાં મીઠા પાણીનો સ્વાદ તો જીવનભર યાદ રહે. ગણિકર્ણ, વસિષ્ઠ વગેરે આપણા તાપસોનું તપસ્થાન જોતા હિંદના ગૌરવનો, અને બારૂની નદી, બરફના પહાડો, ઊના પાણીના ઝરણો, ધોધ, વિવિધ વનસ્પતિ વગેરે નિસર્ગશ્રીના અવનવા રૂપો ને રંગો જોતા સહેજે હિંદની ભવ્યતાનો સંપૂર્ણ ખ્યાલ આવે છે.

—રાજસિંહજી કા. રાઠોડ

ચરોતર ચિત્રકળા પ્રદર્શન પ્રસંગે

તમારા પ્રદર્શનમાં મેં બહુ સુંદર ચિત્રોનો સંગ્રહ જોયો છે. ચિત્ર શબ્દનો અર્થ કરીએ તો ચિત્ત+ર=ચિત્તને રમાડનાર, એટલે ચિત્તને આનંદ આપે તે ચિત્ર એમ અર્થ થઈ શકે છે. ચિત્રકળાનાં અનેક અંગો છે. કયું અંગ વધારે સુંદર છે અને કયું નથી તેનો નિર્ણય પ્રેક્ષક ઉપર આધાર રાખે છે પરંતુ તમે બધાએ દોરેલાં ચિત્રો મને અનેક રીતે સુંદર લાગ્યાં છે, અને તેથી આજે મને અરેબ્બર ખૂબ આનંદ થયો છે.

ચિત્રકળા એ નવા જમાનાની આધુનિક કળા નથી પરંતુ જૂના વખતની અતિપ્રચલિત કળા છે. રામાયણમાં પણ ચિત્રોની વાત આવે છે. આપણા પૂર્વજો પણ મકાનોની દીવાલો ઉપર ચિત્રો દોરાવતા, કારણ કે ચિત્ર એ નાના મોટા તમામનું મન રંજન કરી શકે છે. ચિત્રકળાનો વિકાસ અને મનુષ્ય જાતિનો વિકાસ એ બંને પરસ્પરાવલંબી વસ્તુઓ છે. એકના વિકાસની સાથે બીજાનો વિકાસ જરૂર થાય છે. ચિત્ર એ મનુષ્યના વિકાસને વ્યક્ત કરવાનું સાધન છે ઘણા યે શહેરોમાં હજુ પણ ચિત્રોના એવા ભવ્ય સુંદર નમૂના જોવામાં આવે છે કે તેમની પૂજા કરવાનું ને તેમની આગળ શિર્ષ નમાવવાનું સ્વાભાવિક મન થઇ જાય.

ચિત્રકળા પ્રદર્શનમાં રંગોળીનો વિભાગ રાખીને તમે તાજુ કાની બહેનો આગળ એક સુંદર વસ્તુ રજૂ કરી છે. મને તો કલ્પના પણ નહોતી કે ચરોતરમાં આટલી સુંદર રંગોળી પુરાતી હશે હું હમણાં જ મુંબાઈના પ્રદર્શનમાં રંગોળીવિભાગ જોઈ આવ્યો છું અને હું મગરૂરી સાથે કહી શકું છું કે અહીંની રંગોળી કાંગ ત્યાંના કરતા પણ સુંદર છે. આવા સુંદર નમૂનાની ફોટોગ્રાફ પાડી વર્તમાનપત્રોને મોકલી આપી આપણે બતાવી આપવું જોઇએ કે ચરોતર એ અભણની જેમ કળાવિહોણો શુષ્ક પ્રદેશ નથી રંગોળી એ સ્ત્રીકળાવર્ગીનું એક સુંદર અને આકર્ષક સાધન છે રંગોળી ચિત્રો વર્ગોરે મનુષ્યના આત્માના સૌંદર્યનાં પ્રતિબિંબ છે એટલે કે ચિત્રકાર કે રંગોળીકારનો આત્મા જેટલા પ્રમાણમાં સુંદર હોય, પવિત્ર હોય તેટલા પ્રમાણમાં તે પોતાના ચિત્રમાં કે રંગોળીમાં સૌંદર્યે–આકર્ષણ લાવી શકે છે સુંદર ચિત્રો પ્રેક્ષકોના હૃદયમાં પણ એક જાતનું પવિત્ર વાતાવરણ ઉત્પન્ન કરે છે. એટલે જ સુંદર ચિત્રોની આવશ્યકતા મોટા ગૃહસ્થની છે. તેથી હું તમને બધાને વિનંતિ કરૂં છું કે પાળીની ઘરેણે કે દાનની પરબો બંધાવો છો તેમ તમે બધા પોતપોતાના મકાનની અંદર અને બહાર સુંદર ચિત્રો દોરાવીને ચિત્રકળાની પરબ મંડાવજો, જેથી કરીને જતાઆવતા યાત્રિકો પણ તે ચિત્રોનાં દર્શનથી પોતાનું મન વધારે વિમલ બનાવી શકે અસલના વખતમાં મોટા મકાનોના દીવાલો ઉપર જે સુંદર ચિત્રકામ થતું તેમાં આ જ હેતુ હોવો જોઇએ.

વળી કોઇ એમ ન માને કે ચિત્ર એ મનને આનંદ આપવા માટેનું સાધન માત્ર છે. ચિત્રમાં તો આખી મનુષ્યજાતિનો ઇતિહાસ સમાએલો છે. ચિત્રકળાની પ્રગતિથી મનુષ્યજાતિની પ્રગતિનું માપ નીકળી શકે છે, એટલું જ નહિ પણ ચિત્રો એ દરેક જમાનાના સેરકાર અને સંસ્કૃતિનું સમાદરખાન છે. ચિત્રકારનો પોતાનો ઇતિહાસ પણ તેનાં પોતાનાં ચિત્રો જોવાથી કલ્પી શકાય. આ રથળે મારે ચિત્રકારોને–કળાના ઉપાસકોને–એક વાત જણાવવાની રહે છે કે કળા માત્ર પવિત્ર છે, દૈવી છે, પૂજ્ય છે; એટલે કોઇ પણ કારણે કળાના પવિત્ર નામને કલંક લાગે તેવું કોઇ પણ કાર્ય ગમે તેવાં પ્રલોભનોથી લલચાઇને પણ કદી ન જ કરશો. કળાના ઉપાસકે સદાય પવિત્ર રહેવાની જરૂર છે. ચિત્રકાર પોતે ભલે ચમકાર ન હોય,



પેટલાદ મહાલ ગ્રામીણ મંડળ તરફથી ચિત્રપ્રદર્શન તથા સાંસ્કૃતિક રંગપૂરણીનો હરીફાઈ દરસાલ યોજવામાં આવે છે. આથી ગ્રામ્ય ચિત્રકળા ઉપર અભિરુચિ ઉત્તેજાય. આગે કે આ વર્ષનું પ્રદર્શન નાર ગામે ભરવામાં આવ્યું હતું એ વખતે મહાલના કેટલા ચિત્રકારો ભાઈ મણિલાલ પટેલ ભાઈ સોની અને ચિત્રવિદ્યાર્થીઓ અને બહેનોના ડીઝાઇનો પ્રદર્શનના વિશેષ આકર્ષણો બન્યા હતા ખાસ કરીને મિ. ગજમુદાર અને મિ. રાઠોડની રંગોળીઓના પ્રકારમાં ઉત્કૃષ્ટ નમૂના રજૂ થયા હતા ઉપર • પ્રદર્શન તથા રંગોળીના દૃશ્યો સાથે એ પ્રસંગના મહેમાનો રા. બ. ગોવિંદભાઈ હાથીભાઇ અને પેટલાદના દાનવીર શેઠશ્રી તથા ર. મ. રા., શ્રીમાન ભોળાભાઇ તથા ચિત્રગુરુઓ શ્રી રામભાઇ અને ભીખાભાઇ નજરે પડે છે

પણ તેની કૃતિઓ અગર છે એમને ચિત્રકારની હયાતી બાદ પણ તેનાં ચિત્રો ભાવિ પ્રજાને ઊંચે ચડાવવામાં કે નીચે ઉતારવામાં અગત્યનો ભાગ બજાવવાના છે માટે ચિત્રકળા પવિત્ર છે એવા ઉચ્ચ આશયથી પીંછીને હાથ ઝડકાડનો ચિત્રનો મહિમા નાનોસૂનો નથી આપણા પુરાણોમાં વિષ્ણુ પુરાણમાં તો એક સ્થળે ઉલ્લેખ લખ્યું છે કે ચિત્ર વિનાનું ઘર સ્મશાન સમાન છે. ઘરમાં સારા પુસ્તકોની જેટલી જરૂર છે તેટલી જ સુંદર ચિત્રોની જરૂર પણ છે મને ખરેખર આજે આવવાથી આજે ખૂબ આનંદ થયો છે સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્ય સંસ્કૃતિના ઉદ્ધાર અર્થે ઓલ્ડ ગુરુકુળો સ્થાપ્યા છે, તેમ ભાઇ રામભાઇએ આવી યોજનાઓ કરીને અને તે દ્વારા ઊગતા કલાકારોને પ્રોત્સાહન આપીને જેટલા જેટલા ચિત્રકારો તૈયાર કર્યા છે તે બધા એક રીતે કળાના ધામ છે, ચિત્રકળાના ગુરુકુળો છે એકમાંથી અનેક થાઓ સમસ્ત ચરોતરમાં કળાનું વાતાવરણ જન્મે અને આખા પ્રદેશની ઉન્નતિ કરે એવી મારી અંત કરણની અભિલાષા છે.

આ હેતુ પાર પાડવા માટે ચિત્રકારોએ એકલું જ સદાય લક્ષમાં રાખવું જોઇએ કે તેમણે સમાજથી વિમુખ પડીને પોતાના પ્રિય વિષયમાં રચ્યાપચ્યા રહેવાથી તેઓ ધારે તે સ્થળે નહિ પહોંચી શકે સમાજમાં રહીને પોતાના કળા માટે આદરભાવ ઉત્પન્ન કરો, કળાની સુવાસ સમાજને આપીને ખૂણે ખૂણે પણ પહોંચાડો અને તેમ કરીને સમાજને પણ તમારી સાથે લઇને લાંબે ગાળે ધીરજ અને અવિરત શ્રમ રૂપી બે પાંખો બળે હરકોઇ ચિત્રકાર સમાજને સાથે લઇને ઊડી શકશે પરંતુ એટલું યાદ રાખજો કે કળા ઉકરડા પર ન જ શોભે ઉપરોક્તનું આરાધન પવિત્ર સ્થળે પવિત્ર વાતાવરણમાં જ થાય છે તેમ કળાનું સ્થળ સુંદર પવિત્ર અને સુગંધીમય હોવું જોઇએ રંગોળીથી સુશોભિત, સુગંધીથી ભરપૂર અને શુદ્ધ વાતાવરણ કળાનું પોષક છે માટે જેમ કળા પવિત્ર છે તેમ તેનું સ્થાન પણ પવિત્ર રાખજો આ કળાની દિવ્ય પ્રસાદી સમસ્ત ચરોતરમાં ખૂબ પ્રસરે એવી મારી આશિષ સાથે તમે બધાએ મારું કહેવું શાંતિથી અને ધીરજથી સાંભળ્યું તે બદલ આભાર માનું છું અને ચરોતરના એક ખૂણામાં પ્રવેશ કરાવી આવું સુંદર કામ જોવાની જે તક આપી તે બદલ કાર્યકર્તાઓ તરફ મારું ઋણ વ્યક્ત કરું છું

— રવિશંકર મ. રાવળ

ફ્રાન્સના શહેનશાહ સોળમા લૂઇ પારો એક સ્ત્રી ફરિયાદ લઇ જતાં તેણે જવાબ આપ્યો, 'મને તારી ફરિયાદ સાંભળવાની ફુરસદ નથી' ત્યારે તેને રાજ્ય રહેવાની યે ફુરસદ નહિ મળે' કહેતી પેલી સ્ત્રી ચાલી ગઇ. ને એમ જ બન્યું. ફ્રેન્ચ રાજક્રાન્તિમાં આ લૂઇનો આખા કુટુંબ સહિત વધ થયો.

અનેકાર્થી શબ્દ: માંકડી=માંકડની માદા; ઘંટીના ઉપલા પડમા બેસાડેલો લાકડાનો-કકડો; ટોર બાંધવાના દોરડાના ગાળામાની મોઇ; ભૂરી ભેંસ; માંકડીકૂકડી; ચામડીનો એક રોગ.

ગણિત ગમ્મત

૨૦૨૫ = ૨૦ + ૨૫ = ૪૫૨

૩૦૨૫ = ૩૦ + ૨૫ = ૫૫૨

૯૮૦૧ = ૯૮ + ૦૧ = ૯૯૨

આવી બીજી સંખ્યાઓ પણ શોધતા મળી આવે. (મ ના. ખત્રી)

કહેવતોના અર્થ 'પાઘડી ભેંસ ચાવી ગઇ' છતો ઘસારો સહન કરતા યે કામમાં ભલીવાર ન નીવડે ત્યારે આ કહેવત બોલાય છે. એની ઉત્પત્તિ કયા આવી છે. કોઇ એક જણે કેસનો ફેંસલો પોતાના લાભમાં કરવા, અધિકારીને પાઘડીની લાંચ આપી. સામેના પક્ષવાળાને એની ખબર પડતાં તે જઈ અધિકારીને ભેંસ આપી આવ્યો, એટલે ફેંસલો યે તેના લાભમાં થયો. પાઘડીવાળાએ અધિકારીને ઠપકો આપ્યો, 'સાહેબ, પાઘડીની તો રાડ રાખની હતી?' ત્યારે અધિકારીએ ઉપરનો જવાબ આપ્યો કે, 'પાઘડી ભેંસ ચાવી ગઇ'

તમાકુમાં નિકોટીન નામનું ઝેર આવે છે એ તો જાણો છોને? ફ્રાન્સમાં પહેલ-વહેલી તમાકુ લાવનાર જીન નિકોટના નામ પરથી એ નામ પડ્યું છે. ઘણુ ઝેર તમાકુમાં એનું પ્રમાણ અજોળનું હોય છે. સોમલથી પણ એ કાતિલ હોઈ એનાં બે જ ટીપાંથી કૂતરું મરી જાય છે.

ચાનાં પાંદડાં એક કલાક સુધી પાણીમાં ઉકળવા દીધા પછી એક શીશીમાં ભરી લેજો. વાર્નિશવાળું ફર્નિચર, કાચના બારીબારણાં, આયના વગેરે સાફ કરવા માટે એ એક ઉત્તમ પ્રવાહી બની રહેશે.

ઘણા સમય સુધી પાણીમાં પડ્યા રહેલા હાથને ઓમ ને ઓમ લૂછી નાખવા કરતાં ચપટી ભીઠા વડે ચોળી પછી લૂછજો. જોજો કેવા મુલાયમ રહેશે.

વિમાનમાં ઊડનારા પહેલા મુસાફરો કોણ હતા તે જાણો છો? એક ચેતું, એક કૂકડો અને એક બતક. ઇ.૧૭૮૩ ના સપ્ટેંબરની ૧૯મીએ એ વસ્તુઓ મુકામે ઊતરેલા.

જર્મનીનો એક હજામ પોતાની આખી જિંદગી સુધી ત્યાના વરરાજાઓની હજામત મફત કરી આપતો હતો.


લાપલાંડમાં સ્ત્રી પુરુષ બંનેનો પોષાક એકસરખો હોય છે.

ખાટાં થઇ ગએલો દૂધથી આરસપહાણ બહુ સરસ રીતે સાફ થાય છે.

બંગાળ નાગપુર રેલવેના કુલ ટ્રાફીકનો બીજો ભાગ એકલા તાતાના કારખાનાનો જ હોય છે.

લિંકનમાં માતૃભાષામાં લખી વાંચી શકનારાની સંખ્યામાં છેલ્લાં દસ વર્ષમાં માત્ર એક ટકાનો વધારો થયો છે, હજુ આપણા ૬૨ ટકા ભાઇઓ તો નિરક્ષર જ રહ્યા છે. એમને સાક્ષર બનાવવા હોય, તો આજની પ્રગતિના ગાળે તો તે માટે હજુ ૬૨૦ વર્ષ જોઇએ!

કાનખજૂરાના આપણે સો પગ ગણીએ છીએ, પણ વસ્તુતઃ તેમ નથી મોટામાં મોટા કાનખજૂરાના પણ હજુ વધુમાં વધુ છેતાળીસ પગ માલૂમ પડ્યાં છે.



પેલી આડખીલો રૂપે રાસ દેરતાનો વધ કરી ઇટલીએ હવે તો હબસીનિયા સાથ હજમ કર્યું છે, પણ તે માટે વસ્તીના વધારાનું તેનું બ્હાનું તો ગૌણ છે ખરી રીતે તો નકશામાં ઉપર બતાવેલી એની સમૃદ્ધિના લે બે જ ઇટલીએ એ હજમ કર્યું છે.

ફૂલ


જે૯૯૩

એકલવ્યની ગુરુદક્ષિણા

'કાંઇ નહિ, ગુરુ, કાંઇ નહિ; ભલે લીધો તમે અંગૂઠો આમ!
જોજો ને હૈશ ચલાવી હું અંગૂઠા વિના યે મારું કામ.
જોર છોને મને આવતું, આવતું'તું એના કરતાં બમણું સહેજ,
મુક્ત થયો તમ ઋણથી, બહેતર દેવું એ શિરપે વાળવું રે'ત.

આજ પ્રભાતે તમે લઇ દક્ષિણા, પળીઆ હસ્તિનાપુરની વાટ.
પાછળ પાછળ બકરા ઘેટાં શી કૌરવ પાંડવ કેરી જમાત
કૂદતી નાચતી દોડતી દેખીને આંખડીઓ મારી નીરે ભરાય,
રાજનાં બાળ આ ભીલકુમારનો હાથ કપાવીને કા ખુશી થાય?


જાણું તમારી તો ઇચ્છા ન'તી જરી આશાઓ માં મમ અગ્નિ દેવાની.
જ્યારે મેં તમને વૃક્ષને છાયડે માટીની મૂર્તિ તમારી દેખાડી,
ત્યારે કેવી તમ મુખપે ગર્વની લાલચ આવી હતી મરી સહેજ,
શિરપે મારા દૃષ્ટિ પડી તમ, કોમળ આશીરવાદની પેઠ.



ધીરે ધીરે તમે સ્નેહથી પૂછી'તી સાધનાની મારી સઘળી રીત;
કેવી રીને હું તમારી એ મૂર્તિમાં સ્થિર કરી મમ ચંચળ ચિત્ત,
શીખ્યો હતો બધી વિદ્યાઓ જે નવ શીખ્યો કો દિ' શિખાય,
રાત ને દિવસ શ્રમ કર્યા પછી અંતરમા જેની ઓળખ થાય.

દેખી તમે મારી વિદ્યાતણી પરિપૂર્ણતા વિસ્મય પામ્યા'તા સહેજ,
જ્યારે મેં શ્વાનના મુખમાથી મારાં શર ખેંચી લીધાં, ને લગીરેક
ઇચ્છા એને નવ આવવા દીધી, ને ભમવા લાગ્યો એ જોરથી પાછો,
ગુરુ તમારા નયનમા ત્યારે મેં દીઠો'તો હર્ષનો છાંયડો આછો!

કા જે, ગુરુદેવ, હું તો હતો. તમ વિદ્યાનુ વાહન માત્ર,
મૂળ તો શક્તિ તમારી જ સઘળાં ચલવતી મમ ગાત્ર;
માતપિતા જેમ બાળક જોઇને થૈ જતાં હર્ષથી ઘેલાં
તેમ ગુરુદેવ, દેખીને મુજને અશ્રુ બે હર્ષના આંખે ઝળ્યાં!



કિંતુ તમે જ્યારે પાછું ફરી જોયુ, દીઠાં જ્યારે પેલા સર્વના મુખ,
ઇર્ષ્યાના અગ્નિએ બાળી કર્યા હતા સર્વને મ્લાન કુરૂપ.
સ્વપ્નમાંથી તમે જાગી ઊઠ્યા ત્યારે, સાંભર્યું રાજગુરુ તમે મોટા,
ભીલકુમારની ભક્તિને વશ થઇ તમે રાજ્યને થ્યા'તા રે ખોટા.

રાજકુમારોને રાખવાને રાજી વાપરવાની હતી તમ વિદ્યા,
કૌરવ-પાંડવ જાણતા એ તેથી મૂંઝવણ તમ જોઇને રીઝ્યા.
દીધું હતું તમે એમાંના એકને વેણ કરી દેવા સર્વથી શ્રેષ્ઠ
શિષ્ય તમારો, હવે કરી કેમ રાખો એને ભીલકુમારની હેઠ?

મુખના બે ચાર શબ્દ, ગુરુદેવ, પંથમાં કાંટા બની પડી રે'તા,
લાગ મળે ત્યારે પોતાની કૂરતા કેરો પરિચય કારમો દેતા.
એમાં ન'તો જરી દોષ તમારો ગુરુદેવ, બધું હું પરખાલું,
દેવ સમી તમ વિદ્યા, પરંતુ જે માનવી નિર્બળ પેટ તમારું.
અર્જુને આવીને કાનમહીં તમ કીધું, ગુરુદેવ, શું, તે ન જાણું?
મુખના ભાવ તમારા ધીરેધીરે બદલાયા, જેમ વાતાં રે વા'લું
આભ ધીરેધીરે ઓળઘોળ થીઉ, સૂર્યના તેજથી થૈ જાય અંધ,
તેમ તમારી મૃદુ મધુ લાગણી આદેશ આગળ થૈ ગઈ બંધ!
ધીરેધીરે ગુરુદેવ તમે સમજ્યા તમ ગુરુપણા કેરો ભાર,
જ્ઞાનીઓને પણ કોક સમે પડતું થવું અજ્ઞાની પાસે લાચાર!

(પણ) જ્ઞાની તમે તેથી જાણતા કૂર વ્યવસ્થા આ દુનિયા કેરી,
મોટી ચીજો નાની ભંગુર વસ્તુઓ ઉપર આધાર રાખી રહેલી.
જાણતા, વૃક્ષનું મૂળ જો કાપે તો વૃક્ષ મહા થઈ જાય નકામું,
જાણતા માનવદેહમહેલમાં નેનદીવા વિના રે'વાય શાનું?
જ્ઞાની તેથી તો તમે જાણ્યું અંગૂઠા વિના ન માહરું ચાલશે કાંઈ!
જ્ઞાની તેથી તો તમે ગુરુ કાઢિયું બ્રહ્માનું આ દક્ષિણા લેવાનું હોય!

ધીરેધીરે મમ પાસ આવી, તમે ફેરવીને મમ શિર પે હાથ,
સજળ નયને ધીમે રહી કહી દક્ષિણા દેવાની વાત,
સમજ્યો'તો ગુરુ, દ્વન્દ્વ તમારા હૃદયમાં ચાલતું તે સમે ભારી!
દેખી ન'તી શું મેં મુખે તમારા એ રાજવી શિષ્યોની કૂર ખુમારી?

પુણ્ય પ્રભાતનો તડકો આપણ બન્નેને યે હતો ભેટતો ભાવે,
અનુભવ્યું'તું મેં ગુરુને કાજ આ દેહ યે કાપતાં આનંદ આવે!
કેડમાંથી મમ કાઢ્યું કૃપાણ, ને મૂકી તમારાં બે ચરણે માથું,
આંખ મીંચી પળ ધન્ય ઘડી કેરૂં દ્રોણ ગુરુજી મેં અમૃત પાધું.
એકી ઝટાકે મેં અંગૂઠાને કર્યો હાથ થકી મમ ક્ષણમાં જુદો,
લોહીની ધારે તમારાં ચરણનો વાદની ધૂળ ને કાદવ લુછ્યો.
'દીર્ઘજીવી રહો, વત્સ!' કહી તમે ચાલ્યા ગયા જોયા વિના જ પાછું,
આંખડીમાં તમ પોતાની દીનતા ઉપર ખેદનું નીર રે નામ્યું.

ઓ રે, ગુરુદેવ, મારે એ અંગૂઠાનું નવ કાંઈ યે કામ,
આંખડીનું તમ નીર મળ્યું મને, સાધનાનું મમ શ્રેષ્ઠ એ દામ!
અર્જુન છો પટ્ટશિષ્ય થતો, રે'તો છોને હું ભીલકુમાર રે! આવો,
એને ન કોઈ દિ' મળશે ગુરુ માટે નિજ અંગૂઠો દેવાનો બ્હાવો.'

'બાબુ'





જાપાનનાં નાટ્યો અને નૃત્યો

● કોઇ પણ દેશની સંસ્કારિતા પારખવી હોય તો તેનાં ચાલુ નાટકો અને નૃત્યો જોઇ લેવાં ખાસ કરી નાટકશાળા કોઈકને જ આકર્ષ્યા વિના રહે, એટલે જનસમાજ કઇ જાતની અભિરુચિ પોષી રહ્યો છે તેનો ખ્યાલ ત્યાં જ મળી રહે મેં તો નિશ્ચય કર્યો હતો કે જાપાનમાં થોડી મુદતવા યે નાટક જોવાની તક તો લેવી જ અને તેવાં યે ત્યા પહોંચતા જ ત્રીજે દિવસે મને જાપાની રંગભૂમિનું એક સાદું છતા બહુ રંગણીય દર્શન થયુ, ત્યારે તો એ જિજ્ઞાસા વધી પડી આ જાપાનમાં ઊતર્યા તે વખતે ત્યા નજીકના એક દરિયાકિનારે જાપાન એમ્પાયર એકઝીબીશન (સામ્રાજ્ય પ્રદર્શન) ભરાયુ હતુ એ પ્રદર્શન જોવા ગયુ એ પણ અકસ્માત હતો, કારણકે પ્રદર્શનનો એ છેલ્લો જ દિવસ હતો લાખો માણસોએ તેમાથી પોતાના સામ્રાજ્યનું ગૌરવ અનુભવ્યું, જ્ઞાન અનુભવ અને માહિતી મેળવ્યાં, તેમજ તેને શિક્ષણપ્રદ બનાવવાની હજારો પ્રકારની યોજનાઓ કરેલી હોવાથી બાળકોની કેળવણીમા પણ અનેકગણો વધારો થયો હશે. એ વિગતો મારે બીજા પ્રસંગે વિસ્તારવી છે, પણ તે બધી જાણતોમા, પ્રદર્શનના જ વિસ્તારમાં જાપાનની રંગભૂમિ પણ રાખવામાં આવી હતી અને હજાર માણસ બેસી શકે એવડી નાટકશાળા જ ચકચીતર બેઠકોવાળી બાંધેલી હતી પ્રદર્શન જોતા થાકી જઓ કે વખત બચતા આનંદ લેવા ચાહો તો ત્રણ વાગ્યા પછી ગમે ત્યારે પ્રદર્શનની તમારી ટિકિટથી જ એમા બેસવાનું મળે ત્રણચાર આના જેટલી ટિકિટમા જ પ્રદર્શન, તમાશા અને આ નાટકશાળા જોવાના ગણ્યા એમા હિસાબ શો કરીએ?


નાટકશાળામા શું જોવાનું મળશે તેનો કઇ પણ ખ્યાલ બાંધ્યા વિના અમે દાખલ થયા ત્યારે યુરોપીઅન પ્રકારનો એક નાચ ચાલતો હતો, એટલે થોડી વારમા તે પતાવીને અમે તો બહાર નીકળી જવાનો ઇરાદો કર્યો પણ તુરત બાજુ પરના મોટા પાટીયા પરના કાગળનું શીટ એક જણે ઉઠાવી જાહેર કર્યું કે હવે કઇક જાપાની પ્રોગ્રામ છે અને કોઇ જાગૃતી જેઇશા-મંડળી તે રજુ કરે છે. જેઇશા અને જાપાન એ બે શબ્દો બહુ જ સંકળાએલા છે. જાપાનની કલાત્મક સંસ્કૃતિનો વારસો લાંબી પરંપરાથી સાચવનારી આ જેઇશાઓ કયા તત્વ ઉપર ત્યાંના સમાજમાં માનભરી પદવી ધરાવે છે એ મને કોયડો લાગતો હતો. પણ આ પ્રસંગે જે થોડો પણ નૃત્યપ્રયોગ જોવા મળ્યો એથી ખાત્રી થઇ કે એ હક્ક તેમને મુબારક છે. પડદો ખસતા જ ઘેરા કાળા રંગના પડદા ઉપર વાદળાની રેખાઓ, ચંદ્ર અને એક ઝાડની વિસ્તરતી ડાળીઓ જ; અને બે ચકચીતર બાંકડા ઉપર કેટલીક છોકરીઓ જાપાનનું સિતાર જેવું વાજું લઈ, એક જ ઢબે ગોઠણ વાળી બેઠેથી એ બધીના વસ્ત્રો લગભગ કાળાં હતા અહીં પહેલેથી એક વાત જણાવવાની જરૂર છે કે જાપાની રંગભૂમિ ઊંચાઇમાં થોડી હોય તે ચાલે છે, પણ તેને પહોળાઇ ખૂબ જોઇએ તેના નૃત્યના પ્રકારે પણ એ જ ઘેરાવે રચાએલા જણાય છે બેઠેથી છોકરીઓએ જ્યારે વાદ્ય શરૂ કર્યું ત્યારે તો માત્ર બેચાર સુરાવટ જેવી ગત જ વાગતી લાગી, પણ પછી તેમાની એક જણીએ વાંસળી જેવા સ્વરે કંઇ ગીત શરૂ કર્યું અને બીજી વચમાં ઝીલવા લાગી ત્યારે તો જાપાનનુ હૃદય બોલતુ લાગ્યુ ત્યા તો નેપથ્યમાંથી બે સો કરતા એક સુકુમાર બાળાએ આવી એ ગાનારીઓ તરફ ભાવોની મુદ્રા કરતા ધીમુ નૃત્ય શરૂ કર્યું અને પદ બદલાતુ ગયુ તેમતેમ તેનાં પગનાની ઝડપ વધતાની આવી જાપાનની સ્ત્રીઓના પોશાકની ખરી ખૂબી એના નૃત્યમા જ સમજાય છે તેમના ઝભ્ભાનો કયારે ઊડતા રહે, ક્યારે અંગ પર લપટાય, ક્યારે હાથની બાહો ઝૂલતી રહે, કયારે ચુવાટો ખાતી ફરે,



કોબે અને ઓસાકાની વચ્ચે નીશીનોમીયા સ્ટેશને ઊતરી બહારથી તાકારાઝુકાના નાટ્યનગરે જવાય છે એ દર્શાવતો, ત્યાની રંગભૂમિના ચિત્રવાળો રેલવેનો આ નકશો જાપાનીઓની તોકડામા માહિતી પ્રચારવાની અનેકનુસખાબારી રીતોમાના એક નમૂનોછે



તાકારાઝુકાની વિદ્યાર્થિનીઓ



જાપાનના થીએટરની રચના સમજાવતો નકશો

પંખો ક્યાં ખોસાય, કઇ રીતે ખેંચાય તથા ઊપડે વગેરે તાલબદ્ધ અને કલાત્મક રીતે લેવાનું મહત્ત્વ એટલે લેવાયેલાં અનેક જાપાની ચિત્રોની લાક્ષણિકતા એકદમ સમજાઈ ગઇ એ ચિતારાઓએ જે કંઇ બારીકીઓ લાવવા પ્રયત્ન કર્યો હતો તે બધી આ નાનકડી નર્તિકાએ અનેક રીતે અગત્યમાં કરી પ્રત્યક્ષ કરી બતાવ્યો પછી જ્યારે ઋતુના ગીત શરૂ થયા ત્યારે અજબ ખૂબીથી એ નર્તિકાએ ઉપરના ફ્રેમોનો બદલવા માંડ્યા પહેલા તો અમને એ સમજ ન પડી કે કેટલા ફ્રેમોનો તેણે પહેર્યો હશે ! પણ લગભગ બારેક જાતના વસ્ત્રો એણે બદલી બતાવ્યાં, છતા અગાઉથી તે કળી જવાનું મુશ્કેલ હતુ

આગળ, અમે એક પછી એક જે પ્રયોગો જોયા તેમાં વચ્ચે ફ્રેંચ અને અમેરિકન નૃત્યોના પણ સુંદર અનુકરણ હતા વચમા બહારવટીઆનો એક પ્રસંગ, નૃત્ય અને વાર્તાની ગૂંથણી- રૂપે જોયો એ બધામા છોકરીઓએ જ સ્વાંગ સજ્યા હતા વાર્તામાં કંઇક એવું હતુ કે નિર્દોષ માણસોને કુરતાથી લૂંટી તેઓ ઉન્મત્ત બન્યા છે એવામાં તેમની નજરે માતૃભૂમિ ખળતી દેખાય છે, એટલે બધાને પોતાના કરતુક ઉપર અફસોસ થાય છે અને પકડેલા કેદીઓને છોડી દઇ, માતૃભૂમિને અર્પણ થવા ચાલ્યા જાય છે. એ બધામા કૂર ઉન્માદ, વેદના, સંહારાત્મકતા વગેરે ભાવોની ખીલવણી છાપ પાડે એવી હતી


નાટકની સાથેસાથે જે વાદ્યસમુદાય કામ કરતો હતો તેના માણસો જોતાં તેમા યુવાનોને ઊંચરે ઊભેલાં યુવકયુવતીઓ જ હતાં. તેમની વચ્ચે કોઈ જાતનો વ્યવહાર કરતાં કે વખતોવખત માત્ર સૂચના આપતો નજરે પડતો. પછી સમજાયુ કે આ બધા પ્રયોગો બીનધંધાર્થી મંડળો તરફથી કરવામા આવ્યા હતા નાટ્યગૃહની બહારના મેદાનમાં અમે કેટલીક પ્રેક્ષક બાલિકાઓને તેમની એ સખીઓ સાથે હસાહસી કરી મળતી જોઇ તે જ પ્રમાણે બહુલાનોને તેમના મિત્રો શાબાશી આપતા હતા અમે તો જાપાની ભાષા ન જાણીએ એટલે મૂંગું સીનેમા જોનાર જેવા રહ્યા, પણ જીવન સાક્ષાત્ સામે હતું તેનો મોટો તફાવત હતો.

તાકારાઝુકા

● જાપાનમાં જનાર એક પણ પરદેશી તાકારાઝુકાનું નામ નહિ ભૂલે. ટોકિયોવાસી હિંદી વેપારીઓમાંથી ઘણા તો દર માસે બદલાતો તાકારાઝુકાનો એકે પ્રયોગ જોતો નહિ કરવાના નિયમવાળા છે ટોકિયો અને યોકોહામાની વચ્ચે નીગીશીમીબાશી રેલવેનો એક ફાટો બદલાઇને તાકારાઝુકા તરફ જાય છે આખે જ અરસો કલાક લાગે છે. ટોકિયોથી સીધી તાકારાઝુકા જનારી ગાડીઓ પણ મળવાનો સંભવ.

,તાકારાઝુકા ખૂબ તો એક મોટી જાગીર છે. તેના માલિકે ત્યાં આ નાટ્યગૃહની યોજના કરી ને જાપાન ઉપર તેની મોટી અસર કરી છે અને હવે તો ટોકિયોમા પણ બીજું તાકારાઝુકા થીએટર જમાવ્યું છે જાપાનની દરેક સંસ્થાની વ્યવસ્થા અને યોજનામાં એક ખૂબી એ હોય છે કે તે બાળકે જ પ્રજાને બોધરૂપ હોય છે, ખરું કહીએ તો ,તાકારાઝુકા કન્યાઓને માટે લલિતકળાઓની એક વિદ્યાપીઠ છે. નૃત્ય, નાટ્ય, વક્તાપણ, અભિનય, સ્વાંગ, સંગીત, તાલ વગેરે રંગભૂમિગત અનેક કળાઓ શીખવવાની ત્યા મોટી શાળા છે ઉપરાંત ફેરોગ્રાફી. ફિલ્મિંગ પણ શીખવાય છે જાપાન તેમજ યુરોપના તે કળાઓના બહુ ઊંચી કક્ષાએ પહોંચેલા નિષ્ણાત વિદ્યાગુરુઓના હાથ નીચે સેંકડો છોકરીઓ પોતાની શાળાના અભ્યાસક્રમ જોડે અહીં એ કળાઓમાં નિષ્ણાત બની રહી છે. એમની સંસ્થાના નિર્વાહ માટે આ થીએટરમાં દરરોજ ૧ થી ૫ સુધી નાટ્યનું એક પ્રોગ્રામ એક મહિના સુધી ચાલુ રાખે છે, બીજે મહિને નવું પ્રોગ્રામ સઇ બીજી મંડળી કામ આપે છે આ પ્રોગ્રામો સાચવવાને લગભગ ચારસો જેટલી છોકરીઓનાં તાલીમ પામેલાં મંડળો છે ને કેટલીક તો 'સ્ટાર' પદવીએ પહોંચેલી છે. પણ તેની વાત બાજુ રાખીએ તો ઘણીખરી છોકરીઓ પાછળથી આ કળાઓના શિક્ષણની નોકરી કરે છે અથવા પોતાના ખાસ શોખ ખાતર એ કળા ચાલુ રાખે છે. ઘણી ખાનદાન ઘરની કન્યાઓ એમાં જોડાતાં સંકોચ ધરતી નથી. એનું એક કારણ તો જાપાનની સામાજિક સલ્યતા છે નારીજાત તરફ ત્યાં કોઇ કેમેરે કટાક્ષ, મશ્કરી કે ચેષ્ટા જાહેર જલ્સાઓમાં તો શું પણ નાટકના અભિનયમા પણ નથી, તેમજ પ્રેક્ષકોનું મૌન અને ભાવાત્મકતા એમની કળાને ઓર આકર્ષક આપી રહ્યાં છે.

તાકારાઝુકા થીએટરમાં પ્રેક્ષકોના જુદાજુદા વર્ગો નથી. તેમજ ટિકિટ ફી પણ સાવ જુજ છે માત્રજ છ આના થાય. એક પ્રોગ્રામ આખો મહિનો ચાલુ રહે, કાયમ ટિકિટ માટે અઠવાડિયા દિવસ અગાઉથી જોગવાઇ ન કરી હોય તો છેવટે જે જગ્યા મળે તે નિરાંતથી લેવાની. તમે ટિકિટ ખરીદો તે કાયમ જ તમારી જગ્યાનો નંબર હોય જ. તાકારાઝુકા



॥ નો તો કુ
નામના જપાની
નાટ્યગાનુ એક
દશ્ય

રેશન આગળ કેટલાક જપાનીઓને મેં આ રીતે મેળ વેલા ઉંચા નજરે ટિકીટ ઉપર વેપાર રતા પણ જોયા પરતુ થીએટર ૧ બારી ઉપર બે ભાવ નહિ જ થીએટરની આસપાસ એક સુદર બગીચો છે તે ૧ પણ જુદી ટિકીટ હોય છે અમન વગત થોડો હતો, અટયે બગીચા તરફ સીધા થીએટરમા ગયા રવિવાર હતો રોજે પાચ વાગ્યા ના બીજા ખેલમા અમારે બેસવાનુ હતુ રવિવાર સિવાય રોજનો એક જ ખેલ રહે છે થીયેટરનુ મકાન બહુ જ વિશાળ હોવા છતા માણસો એટલા બધા હતા કે ઊભા રહેવાની જગ્યા પણ ગાડ દે ૧ ૪ રહેતો ખેલ પૂરો થયો તેના માણસો બહાર નીકળી ગયા ઓ નવી બારની થઇ તેમા અમે અદર જોઇ જપાન ૧ આમ જનતા ૧૪ ૧૦૨૪ હની ણ ૧ ઇ ૧ તરફ ઠીક કે અપમાનનુ ૧૪ નામ નહિતુ બધા કરતા દરથી પ્રેક્ષકો ૧ અદર લેવામા આવતા અને તેમ ૧ ટિકિટ મગાવે રહ્યા ૧ બતાવનારી સ્વયસેવિકાઓના બૂથ આગળ ધૂરતા જ કરતા તેમના ગિસ્ત અને ઠાવકાઇ જપા ની કેળવ ણનુ સુદર પ્રતીક હતા અમે ચાર પાચ મિત્રો હતા પણ મને બહેનાન તરીકે લઇ જનારા મિ કોહારી અને તેમના મિત્ર મિ સી બાલકૃષ્ણે સૌથી આગળની હારની એક ટિકીટ મારા માટે ફાગલ પાડી હતી એવા સાના સદ્ભાવે ૧ણ મને સૂક્ષ્મ નિરીક્ષણની વધુ સરળતા આપી

રગભૂમિની રચના

● અદર જતા જ લગભગ ૩૦૦૦ માણસો ૧ બેઠકવાળુ પ્રેક્ષકગૃહ અને સામેની રેશમી ભરતકામથી ભરેલી ચિત્ર મય જવનિકા આખા વાતાવરણને પલટતા ૧ બની દેતા લાગ્યા જપાની રગભૂમિનુ આમુખ ચોખ્ખુ કે ઊંચાઇવાળુ નથી હોતુ ઊંચાઇ કરતા પહોળાઇમા તે લગભગ ૧૫ ગણુ અને એક મોટી પરસાળ હોય તેવુ હોય છે ઊંચાઇ ૧૮ કે ૨૦ ફૂટ ૧ તો હશે, પણ આ ડો ૧૮ બહુ વિસ્તારમા હોવા થી આખો ઊંચી ખેંચાતી ન રહે તે ૧ બે બાજુ, પ્રેક્ષકો જુદા તેમ બારણા હોય છે ઘણીવાર ત્રણે તમાથી આવે છે અથવા બને છે જવનિકા પર ૧ રેશમી ભરતકામે અને રગો અને ૩યોનો સુદર મેળો બનાવ્યો હતો અને તે પણ તાકારાઝકાની કલયિત્રી કન્યાઓએ જ તૈયાર કરેલો જવનિકાની આગળ જ પ્રેક્ષકોના અગ્રભાગમા વાદ્યસમૂહની ગોઠવણ હતી લગભગ ૪૦–૫૦ માણસો એ વર્ગમા હતા પણ તેમ ૧ ોઇ નીચા રહતા આડામા હોવાથી કોઇનુ માથુ નજરે પડતુ નહોતુ, તેમ જ વા કોઇ છે એવી બાજરે પડે નહિ તે ૧ રીતે તેમના ગાઇડલાઈન્સ (જરૂરી રેશા ૧) ૧ ગોઠવણ હતી

એ વાદ્યસમુદાયના બોયરાગાકી ચૅન્જી૧યરોના તાર આખા થીયેટરમા દરેક ભાગમા પથરાઇને ગુપ્ત રાખેવા લાઉડસ્પીકરો સાથે જોડેલા હતા એ થીએટરની બીજી એ ખૂબી એ હતી કે તેમા થાભનો એક પણ ન હતો નીચે કે કાર બધે નવીન રીઇનફોર્સ્ડ સીમેન્ટ કૉન્ક્રીટની લોખડી રચનાથી બાવેલુ છાપરૂ અને માળ તરફ જર કરો તો તગારી નજરને અટકાવનાર એકાદ ફાનસનુ ડોધવુ પણ ન હોય રોશ ૧ બધી ભીતની સપાટી સાથે જડેલા કાચમાથી દેખાતી હતી એ રચનાનો કઇક ખ્યાલ આવેના સ્કેચ ઉપરથી મળશે, બાકી એ રગરાગ ધ્વનિ અને પ્રેરક વાતાવરણ તો કલ્પનાથી જ માણી લેવાનુ ગરીબ કે તવગર, વિદ્વાન કે કારીગર, ચોરી કે મજૂર બધાનો ગમુમેળો ત્યા એક પબ્લિકો રનબાકે બનેલો હતો, છતા આબરૂ કે વિસવાદનુ નામ નહોતુ પ્રોગ્રામ પાચ કલાકનો હતો, તેમા ૧ણ જુદાજુદા પ્રયોગો રજૂ થવાના હતા જપાનો પરદેશના ઉત્તમ નાટ્યપ્રયોગો ભજવવાનો શોખ છે અને તેની યોગ્ય કદર તે કરી શકે તે ચાલુ માસનો મુખ્ય પ્રોગ્રામ ફ્રેન્ચ નવલકાર એલેકઝાન્ડર ઘમાની વિખ્યાત કૃતિ કાઉન્ટ મૉન્ટીક્રિસ્ટોનુ હતુ તે બાર જુદાજુદા પ્રયોગોમા ગોઠવ્યુ હતુ પણ તે ૧ પૂર્વે જે જપાન ૧ સસ્કૃતિને ઘડનારા બે પ્રબો ૧ હતા તેનુ સહેજ બ્યાન જાણવુ જરૂરી છે, કેમકે તેના જપાન ૧૮કોમા પણ કેવી રુચિ વરતે છે તેનો ખ્યાલ મળશે

પહેલો પ્રસગ હતો નૃત્યખેલ અમેજીમા તો Dancing Mushrooms લખ્યુ હતુ, પણ કથાપ્રસગને અનુરૂપ આ



મૉન્ટીક્રિસ્ટો નાટકમાનું એક દૃશ્ય · કાઉન્ટ પોતાના વહાલા કુમાર




તામાગ્નુકાની વિદ્યાર્થિનીઓ ઍલેકઝાન્ડર ડ્યુમાનું વિખ્યાત કથાનક કાઉન્ટ મૉન્ટીક્રિસ્ટો રજૂ કરે છે

નાગ ગુજરાતીમાં કહું છું જપાન પોતાના કલહો અને ઝગડાઓનું પર્યવસાન કેવી રીતે લાવે છે તેનું એમાં સરસ દૃષ્ટાંત છે.

તાકાસાગો સેઇમિન અને ઓનીસાગો નામના બે વૃદ્ધજનો પોતાના નોકરોના વાદવિવાદ પરથી પરસ્પર ઓળખતા નથી. આકાશી નામના એક ગોરે તાકાસાગોની પુત્રી હીના સાથેનું સગપણ ઓનીના પુત્ર સાથે કરી દીધું છે. અને વૃદ્ધજનોને ખબર પડે છે કે તેઓ તો પોતાના અણુગમતા સંબંધીઓ છે, એટલે બાળકોને એ લગ્નમાં જોડાવાની મના કરે છે. આખું યે પ્રહસન સંગીત અને અભિનયમાં જ ચાલ્યું આવે છે. કોણ મોંએથી બોલતું કે ગાતું નથી. માત્ર વાદ્યો પ્રસંગને અનુકૂળ સ્વરો પૂરે છે અને પાત્રો અભિનયથી કથાપ્રવાહ જેમ્યે જાય છે એમાં જપાની ઘરસંસાર અને વ્યવહારનાં બહુ મનોહર દૃશ્યો જોવાના મળે છે. પૌરસ્ત્ય મનોહરતા હિંદુસ્તાનથી જપાન સુધી કેટલી ગળતી આવે છે તેની પણ પ્રતીતિ મળે છે હીના અને હમેનો શોકે બંનેને પરસ્પરની લગની છે, પણ વડીલોએ મના કરી તેથી હવે સમાજમાં સ્થાન રહ્યું ન હોવાથી બને વનમાં નાસે છે. ત્યાં તેમને કોઈ અજાણી વેલ અને ફૂલો નજરે પડે છે. તે ઝેરી હશે અને એ ખાવાથી જીવનનો અંત આવશે એમ ધારી ખાય છે. છોકરાં નજરે નહિ પડતા શોધો નોકરોને ધમકાવે છે. નોકરો ગભરાતા શોધવા નીકળે છે. ગણાગો પણ પાછળ નીકળી જાય છે અને વનના દૃશ્યમાં બાળકો ફળ ખાતા હોય છે તે જુએ છે. નોકરો, પોતાના જ પાપે આ બન્યું માને છે તેઓ પણ એ ફૂલો ખાઈ જાય છે. ગણાગો આવીને જુએ છે તો નોકરોએ પશ્ચાત્તાપ કર્યો છે અને બાળકો જીવનનો અંત લાવી રહ્યા છે. એટલે હવે સંસાર કોના માટે, એમ વિચારી તેઓ પણ તે ખાઈ જાય છે અને પશ્ચાત્તાપ કરતાં મૃત્યુની રાહ જોતા પરસ્પરની માફી માગી લે છે. ઓચાગા એક કઠીઆરો આવીને સગજ મારે છે કે એ વેલ ઝેરી નથી, પણ નૃત્યવેલ છે. ત્યા તો તેની અસર સૌને થવા માંડે છે અને આનંદનૃત્ય કરતાં સૌ 'સુખી છવટ' અનુભવે છે

બીજો પ્રયોગ એક જ પ્રવેશમાં આરંભ અને અંત પામે છે. તેનું નામ ઓ નો તો કુ. એ એક મોટા સરદાર હતો. તે એક પ્રાચીન મંદિરમા કોળો દેવશીના હસ્તાક્ષરે લખેલા પુરાણા શ્લોકો ખૂંસાવી નાખી નવા શ્લોકો કરાવવાનો સંકલ્પ કરે છે. આ શ્લોકોનાં માત્ર દર્શન કરવાને જ એ મંદિરમાં દૂરદૂરથી યાત્રિકો આવતા. તેમને લાગે છે કે આ ગબડાઈ ફેરવવાથી મહા અનિષ્ટ થશે. પ્રવેશ ઊઘડે છે તે વખતે રાતની શાંતિ હોય છે અને દેડકાંનો ગવાજ સાંભળીએ છીએ. થોડી વારે દેડકાના સ્વાંગમાં ત્રણ નાની નર્તકીઓ જુદેજુદે ખૂણેથી દેડકાંની ઢબે કૂદી આવે છે અને મેંઢકનૃત્ય કરી જતી રહે છે, એટલે સવાર પડતાં લોકો દર્શને આવે છે. ત્યાં પૂજારી ફરિયાદ કરે છે કે આ મંદિરનું માહાત્મ્ય હવે નષ્ટ થવાનું



ઓ નો તો કુ નાટકનુ એક દૃશ્ય

કારણ ગો નો તો કુ જે પ્રાચીન અન શેષોનો નાશ કરવા-નો છે લોકો તે સા બની વિરોધ ઉઠાવે છે ગાને દૂધવાળો, ફૂલવાળો, વેપારી, બરફાડ વગેર મુ ર નૃત્ય દ્વારા પોતાની મહિર સાથે ી પુરા ણી જાહે જલા રીની વાત દર્શાવે છે ઓ નો તો કુને કાને એ વાત જાય છે, પણ તે દાદ આપતો નથી એવામા રસ્તે આ વતા તેને એક બા વિકા મળે છે ને આ જાખધણે તે કહે છે કે કોઇ ઓ નો તો કુ નામના માણસે કોઓર્ડે-ઇશીના પ્રતે કો બદલી નાખવાનુ જાહેર કર્યુ છે અને તેની ચિંતામા તેની માતા માની પડી ગઇ છે, કારણકે એ નવા પ્રોગ્રામને કોઇ આદર નહિ આપે અને તેની તકતીઓ કાઈનહિ ખરીદે ઓ નો તો કુને ખાતરી થાય છે કે પ્રાચીન ઋષિના અક્ષરોનુ હાથચિત્ર બદલવામા તે ભૂલ કરતો હતો અને તે કન્યાને ખાત્રી આપે છે કે તે પોતાનો સકટપ ફેરવશે આ બધાથી બોકો ફરીવાર ખુશાલી ા નૃત્ય કરે છે આ પ્રત્યેક પાત્ર ા પોશાકોમા અને સજાવટમા જે સૂક્ષ્મ ચોકસાઇ અને કલાત્મક રંગવિધાન હતુ તેનુ વર્ણન કરવુ તો અશ ય છે જાપાનના ઇતિહાસ ા પ્રત્યેક યુગના અભ્યાસપૂર્વક તૈય ર કરેલા આ પાત્રો પ્રજાના મગજમા પાકા બીજા બ ી રહે છે આ યુગોના ઘટના સજાવ દશ્યો રૂપે જાપાનની પ્રજાને ઘણુ જ જીવનપાઠ આપતા જાય છે જાપાનનુ રંગભૂમિનુ વિધાન પણ કંઇક નવીનતાઓથી ભર્યું હોય છે આપણે ત્યાં રંગ, રાગ, નૃત્ય, અભિનય અને સ્વરની ગાઢી લહરીઓમા વખત કેવી રીતે વીતી જાય છે તેનુ ભાન રહેતુ નથી

બીજો પ્રયોગ ક્રાઉન્ટ મૉન્ટીક્રિસ્ટોનો હતો દેશપરદેશના વિખ્યાત નાટકો ઉપર જાપાન ઓબારી જાય છે શેકસપીઅરને તો તેમણે ધરગથ્થુ કરી નાખ્યો છે આ નાટક ફ્રેંચ ડપરથી લંબુ હોવાથી ભાષા જાપાની હોવા છતા એકએક પાત્ર અને દશ્ય ફ્રેંચ રાખવામા આવ્યુ હતુ નૃત્ય, અભિનય શિષ્ટાચાર બધુ જ સભાનપૂર્વક ફ્રેંચ લાગતુ કાઉન્ટ મૉન્ટીક્રિસ્ટોની વાર્તા તો ઘણી મોટી છે, પણ નાટકને અનુરૂપ કરવાને તેને બાર પ્રવેશોમા ગોઠવી દેવામા આવી છે પડદો પડતા જ અધારૂ હોય છે બાજુ ા બારણામાથી એક જોળા જરૂમામા ધુપાએલી આકૃતિ આવી વચ્ચે સહેજ ઊભી રહે છે તેના હાથમા એક સફેદ મહોરું હોય છે તે ચહેરા આડે રાખ્યુ હોય છે, એટલે આપણે તેને જોઇ શકતા નથી પણ એ નાટક કારની પ્રતિભાની મૂર્તિ માનવાની છે, કારણકે નાટકનો પૂર્વાધનો અબધ એ ગીત દ્વારા તે ગાઇ બતાવે છે તેમા હવે રાજ થનારા નાટકમાં વાર્તા બનાવી પડે છે અને પાત્રો શુ કરી રહ્યા છે તે ી ચિંતન હોય છે

એ આકૃતિ અવારનવાર પ્રવેશ થઇ જાય છે અને રોશનીઓ પ્રવેશ ઉપર અજવાળુ ફેંકે છે તે વખતે મિત્રના દગાનો ભોગ થએલો એડમન્ડ ડાન્ટે મેઇ ટાપુમાં જન્મકેદ છે તેની બાજુ પરથી ઓદનામના ચાચાને આવે ૭ ૭ વર્ષ પહેલાનો ફારિયા નામનો બીજો કેદી ખોદતો ખોદતો ડાન્ટેની ોરડીમા આવે છે તે ી ગણતરી ી ભૂલથી તે નિરાશ થઇ જાય છે, પણ પછી બંને વચ્ચે મિત્રતા થાય છે ૭ વરસમા ડાન્ટે ઘરડા ફારિયા પાસેથી ઘણુ જ્ઞાન મેળવે છે છેવટે તેના મરતી વખતે એ પોતાની કોટડીમાથી સામી બાજુએ રહેવા પોતાના ગુપ્ત ખજાનાની તેને વાત કરી એક નકશો આપે છે અને પોતાની એક દીકરીનુ રક્ષણ કરવાનુ કહીને મરી જાય છે મરેલા કેદીને દરિયામા ફેંકી દેવા કોથળામા નાખેલો છે તેમાથી તેને પે તા ી કોટડીમા લાવી ડાન્ટે પોતે તેના કોથળામા બધાઇ પડયો રહે છે સિપાઇઓ એ કોથળો ઉપાડી દરિયામા ફેંકી દે છે અને ડાન્ટેને એ રીતે નાસવાની તક મળી જાય છે પછી પોતે પેલો ગુપ્ત ખજાનો મેળવી ક્રાઉન્ટ મૉન્ટીક્રિસ્ટો નામ

(અનુસધાન આગળ પાન ૩૧૦)



શ્રીનગ્નો જલમાર્ગ

ફો. ૧ સૈયદ પાલનપુર

નર્મદાતીરે–ચાણોદ-કરનાળી આગળનું એક દૃશ્ય

મહાયુદ્ધમાં હારેલા બિનખ્રિસ્તી તુર્કીને યુરોપમાંથી ઉખેડી નાખવા બેઠેલાં મિત્ર-રાજ્યોના મુત્સદ્દીઓને એકલે હાથે મ્હાત કરી તુર્કીને બચાવી લેનાર અને...



આતાતુર્ક મુસ્તફા કમાલ

...તેને સાબિત-કદમ કરી, ભાષા, લિપિ, પોશાક, રસમ, કલા-બધામાં તેની કાયાપલટ કરી નવયુગની ચેતનાથી તેને ચેતનવંતુ કરનાર તુર્કસ્તાનનો તારણહાર

આનાતોલિયાનાં વિશાળ ખેતરો પરના ઝરખા જેવી અંગોરાની ખેતીવાડી કૉલેજમા અત્રી કુઆદ, ઇસમત, આઝમાન, લાતીફે અદીબ વગેરે માથે કમાલ પોતાના ડેરક પાસે બેઠો હતો. બધાની જબાન બધે તાળવે ચોટી ગઇ હતી. વાતાવરણ બહારવરૂ હતુ. દરેક પગલામા ભયનો ઓળો જણાતો. દરેક પળે મર્મોઘોના હલ્લાનો ભય રહેતો. એકઠા થએલા બધા યે મોતને મુનાસિબ ગણાએલા કીમત હતી તો ફક્ત તેમના સરની જ.

આ લોકોને યે એ કીમતની પૂરી પિછાણ હતી. લાકડાના એ જર્જરિત મકાનના આગણામાં તેમના ઘોડા પલાણેલા જ રહેતા પૂરી ઊંઘ તો તેઓ યે જ શાના? દિવસે આખિર ચોકી રાખતો ને રાતે કમાલ. એક મિનિટમા અંગોરા છોડી જઇ શકાય એટલી તેમણે તૈયારી રાખેલી. લાવીદે યે રિવૉલ્વર ચલાવતા શીખી ગઇ હતી, ને તેના પતિ આઝમાને કાતિલમા કાતિલ ઝેરની શીશી લાવી રાખી હતી કે દુશ્મનોના હાથમાં પકડાવાની અણી વખતે બધાંને તે કામ આવી શકે.

ને એની તકેદારી રાખવાનુ બાબ કારણ હતુ. નવી રાષ્ટ્રીય સરકારના કમાલે સ્વીકારેલા પ્રમુખપદે એવી ફરજ એમના પર લાદી હતી પકડાય તો ધર્માંધોને હાથે જીવતા બળી જવા સિવાય બીજો કોઇ અંજામ ન હતો નવી સરકાર સ્થપાતા જ ફ્રેંચોએ એ વિખેરી નાખવાનુ મુસ્તફાને કહેવડાવેલુ, પણ એણે તેમને સામુ કહેણ મોકલ્યુ હતુ કેઃ 'અમારી રાષ્ટ્રીય હીલચાલમા દખલ કરવાનો તમને કે કોઇને કશો અધિકાર નથી. છતા યે કોઇ તેમ કરવા યત્ન કરશે તો તેણે ફરી ખૂનખાર જંગમા ઊતરવું પડશે'

આ ઉત્થાનથી સુલતાને પણ ગભરાઇને અલી રીઝાને વડો પ્રધાન નીમ્યો હતો ને તુર્કીમા પાર્લામેન્ટ દાખલ કરવાનુ વચન આપ્યુ હતુ. પણ એ પાર્લામેન્ટ અંગોરામા જ ભરાતી જોઇએ. કારણ, એવો કમાલનો મત હતો કે કૉન્સ્ટાન્ટીનોપલમા બ્રિટિશો ને સુલતાનની રૂબરૂ કશી નિખાલસ ચર્ચાઓ થઈ શકે તેમ ન હતી

કમાલના સાથીઓએ તે નહોતુ માન્યુ પોતે હવે સાચા રાજકારણમા ભળે છે, હવે પોતે જાણવાજોગ નહિ ગણાય, એ જ માત્ર ધ્રાસ્કો કૉંગ્રેસના સભ્યો એક પછી એક કમાલને છેહ આપી કૉન્સ્ટાન્ટીનોપલ ચાલ્યા ગએલા કમાલે એ બધાને જવા દીધા હતા

પરંતુ, પ્રજાની વાજબી ફરિયાદોને દાદ આપવાને બદલે સુલતાને, કૌટિલ્ય માટે પંકાએલી અંગ્રેજ જાતિના કેટલાક આકૃતસરો સાથે મળીને જબરૂ કાવતરૂ રચ્યુ હતું અને બ્રિટિશ મંત્રીએ રીફ મુદ્દા જુદાજુદા અગિયાર રાષ્ટ્રવાદીઓને મારફતા દેશનિકાલ કરી દીધા હતા' ઇસ્લામ ને ખિલાફતને નામે સુલતાને મુલ્લાઓને ઉશ્કેર્યા હતા ને મુલ્લાઓએ ઉશ્કેરેલી પ્રજાથી એણે 'ખલીફાનુ

લશ્કર' ઊભું કર્યું હતું. ધર્મજનૂની લોકોનાં ટોળાં ને ટોળાં તેમાં ભરાવા લાગ્યાં હતાં. એ માણસોએ કમાલનાં માણસો પર, ઘોડાઓની પૂછડીએ બાંધી ઘસડતા ને જીવતા નખ કાપવા જેવી રિબામણીઓ ચલાવવી શરૂ કરી હતી. કમાલ પાશૅલામનો વિરોધી જાહેર થયો હતો ને તેને તથા તેના અનુયાયીઓને કત્લ કરવા એ અમીરોના ફરમાન મુજબ ધાર્મિક ફરજ બનાઈ હતી.

આમ એક બાજુ ૧૯૧૯નું ચોમાસું આવ્યા છતાં મિત્રરાજ્યોએ તુર્કી આગેનો પોતાનો નિર્ણય જાહેર કર્યો ન હતો, ત્યાં બીજી બાજુ બ્રિટિશ સિક્કો મારેલા દેશદ્રોહી સુલતાને તુર્કોને આંતરવિગ્રહની આગમાં હોમી દીધું હતું અને એ આગે જ કમાલ અને એના સાથીઓને ઑગોગમા નિર્વાસિત બનાવ્યા હતા.

સુલતાનની રાષ્ટ્રહિતવિરોધી આ પ્રવૃત્તિ નવી સરકારના માણસોને જીવતા જલાવી દેવા સુધીની પૈશાચિકતા આદરતાં પાછી નહોતી પડતી. ઘરમાં જગેલી આ આગે તુર્કોને એના બરેબરા દુશ્મનોથી બેદરકાર બનાવી દીધા ને એ બેદરકારીનું ફળ એને ચખાડવા રુમની બાલ્કન ને દક્ષિણબાજુ ફ્રેંચો ઝડપી કૂચે આગળ વધ્યા. કમાલને એમણે આનાતોલિયા ખાલી કરવાનો હુકમ આપ્યો ને કૉન્સ્ટાન્ટીનોપલ તુર્કોના તાબે રહેવા દેવાનું વચન આપ્યું. કમાલે જરા યે શેદમાં ન આવતા પ્રત્યુત્તર મોકલ્યોઃ 'અમને એકલા કૉન્સ્ટાન્ટીનોપલની કશી પડી નથી; અમને તો અમારા તુર્કોનો તસુએ તસુ જોઇએ છે.'

અને એ સાથે જ એણે આ આફતમાંથી ઉગરવા માટે ગ્રાન્ડ નૅશનલ ઍસેમ્બ્લીની સ્થાપના કરી. તેના સઘળા સદાયકો ને અનુયાયીઓ ફરી પાછા તેમાં તેને આવી મળ્યા. પરદેશોના વાતાવરણથી ને નવાં સંસ્કારણોથી વાકેફ રહેવા, હવે તે બધાં રાજદ્વારી પત્રો ને તુર્કોના કટ્ટા દુશ્મન લૉઇડ જ્યોર્જના મુખપત્ર સમું 'ડેઇલી ક્રૉનિકલ' મંગાવવા લાગ્યો. થાક, ઉદ્વેગ, ને ગાંદગી છતાં તે રાતોની રાતો ઍસેમ્બ્લીએ લેવાનાં પગલાંની યોજના ઘડ્યા કરતો.

આ ઍસેમ્બ્લીની સ્થાપના જાહેર થયા કે તરત સુલતાને એમાંના બધાનો શિરચ્છેદ કરવાનો હુકમ બહાર પાડ્યો. એના પ્રમુખ તરીકે કમાલે જરા યે લાગણીવશતા ન દેખાડી 'આપણા જ સાધનો વડે આપણે આપણી હસ્તી ટકાવી રાખવાની છે. આપણી સરહદની અંદર રહીને જ આપણે સુખ ને સમૃદ્ધિના પ્રયાસો કરવાના છે. જીતો યા તો ધોવાઈ જઓ, પણ બહારની કોઈ અદિસ્તી દુનિયાનાં સ્વપ્નોમાં રહેવાનું છોડી દો.'

સુલતાનની જાસુસી જાળ વધુ ને વધુ ચૂંથાની જતી હતી, છતાં કમાલે નવી સેના ઊભી કરી. અંગ્રેજોના દોર ને સુલતાનની બેવફાઈએ તેને વધુ ને વધુ અનુયાયીઓ મેળવી આપ્યા. મર્દો ને ઓરતો એક-સામટાં તેની સેનામાં ભળતાં ગયાં. બાનદાન કુટુંબની જાનુઓ નમી તરીકે તેમાં જોડાતી ગઇ ને એ બધા પર મુસ્તાક થઇ કમાલે ફ્રેન્ચ પ્રભુસત્તાકના પ્રમુખને પડકાર આપ્યો, 'તુર્કીનું ભાવિ નક્કી કરવાનું કામ તમારું નહિ પણ અમારું છે એ હવે તમે જોશો.'

ને એ કેવલ તેની વાણીશૂરતા નહોતી. તેનો નિશ્ચય મક્કમ હતો. પહેલે ધડાકે જ તેણે ફ્રેન્ચો પાસેથી બુર્સાની લઇ લીધું. એ જ વખતે કાસિમકારાએ પણ આનાતોલિયાની સરહદ સાફ કરી. પારિસની સુલેહ પરિષદમાં તુર્કીનું ભવિષ્ય તોળવા બેઠેલા, પાંચસો પત્રકારોથી ઘેરાએલા વિલ્સન, ક્લેમેન્સો, લૉઇડ જ્યોર્જ વગેરે મિત્રરાજ્યોના પ્રતિનિધિઓ આથી એકદમ ભડકી ઊઠ્યા.

હવે શું? મિત્રરાજ્યોનું લશ્કર આનાતોલિયામાંથી પાછું હઠવા લાગ્યું હતું. ઇટલી ત્યારે બોલ્શેવિક બળવામાં સપડાયું હતું, ફ્રાન્સ હજુ સીરિયામાંથી પરવાર્યું નહોતું ને જર્મનીની બીક હજુ તેને ગઈ ન હતી. બ્રિટિશ મદારાજ્યના તો પાયા ડોલવા લાગ્યા હતા. આયર્લેંડના આંતરવિગ્રહો, અફઘાનિસ્તાન સાથેનાં યુદ્ધ ને ઇરાક તથા હિંદના મુક્તિપ્રયાસોમાંથી તે મુક્ત થઇ શકે તેમ ન હતું, જ્યારે અમેરિકાને તો તદ્દન અલગ રહેવું હતું. હવે શું?

ત્યાં તો ગ્રીક પ્રીમિયર વેનિઝેલોસ ઊભો થયો. એ કેતનને એક જ મહત્ત્વાકાંક્ષા હતીઃ ગ્રીસને મહારાજ્ય બનાવી, આનાતોલિયાના કિનારા પોતા એ મહારાજ્યનું કૉન્સ્ટાન્ટીનોપલને પાયતખ્ત બનાવવાની. એ માટે તો એણે સર્વિયા ને બલ્ગારિયાની સાથે મળીને બાલ્કન લીગ ઊભી કરેલી અને એટલા જ ખાતર એણે ગ્રીસને મહાયુદ્ધમાં સંડોવેલું. અંગ્રેજો ને ફ્રેન્ચો પાસેથી શસ્ત્રસરંજામ ખરીદી રમતીમાં તેણે ઉત્કૃષ્ટ

ગ્રીક લશ્કર ઊભું કર્યું હતું એની મદદથી કમાલનું ઉત્થાન દબાવવા એણે રજા માગી અને લૉઇડ જ્યોર્જ તથા ક્લેમેન્શોએ ગ્રીક લશ્કરને અંગોરા પર કૂચ કરવાની રજા આપી

એક ગ્રીક લશ્કર તો થ્રેસમા પડયુ હતું ને અંગ્રેજોએ હજુ કૉન્સ્ટાન્ટીનોપલ મૂકયુ ન હતુ,ત્યા સ્મર્નાથી આ બીજા ગ્રીક લશ્કરે મોરચા માંડયા કમાલે પોતાના લશ્કરને ચાનક આપી 'આ ગ્રીકોને તમે નમશો? આ નમાવા ગ્રીકો—જે હજી ગઇ કાલ સુધી તો તમારા ગુલામ હતા!" ફ્રેન્ચ પ્રતિનિધિને પણ એણે લખી મોકલાવ્યુ 'તમે સીરિયા ભલે લીધુ, અરબ વગેરે ય ભલે લીધા, તેમના સ્વાતંત્ર્યનો હક્ક અમે કબૂલ રાખીએ છીએ પણ અમારા તુર્કીમાથી તો એક તસુની યે આશા તમે ન રાખશો'

આજનુ રાજકારણ એ આવની કાલનો ઇતિહાસ છે કમાલને એ ઇતિહાસની પ્રેરણામૂર્તિ બનવુ હતુ એના આજન્મ નિરધારને બર લાવવાની આથા વગી કઇ ઉત્તમ તક હાથ આવવાની હતી? એણે ઍસેમ્બ્લી પાસે પોતાને સરમુખત્યાર નીમવાની માગણી કરી ઍસેમ્બ્લી તે નકારી શકે એમ ન હતુ. બણ કમાલ મહિના માટે તુર્કે પ્રજાનો સરમુખત્યાર નીમાયો

રશિયા તેની બોલીબરડી ક્રાન્તિ બાદ ત્યારે ઈંગ્લેન્ડનુ દુશ્મન બન્યુ હતું કમાલે તેની પાસેથી નાણા ને દારૂગોળો મેળવ્યો અને આગેકૂચ કરતા ગ્રીકોને પહેલ વહેલા જ ઇ યૂનુ ખાતે હરાવ્યા ગ્રીસે સર્જીડ થાપ ખાધી ને હજુ વધુ ખાય તેમ હતુ. ફ્રાન્સે એ ભાવિ કળી લીધુ અને તુર્કી સાથે સલાહ કરવા, અંગોરાથી ચાર માઇલ પરના ચાનકાયાના કમાલના નિવાસમા ફ્રેંચ જાસુસો સલાહ માટે અવરજવર કરવા લાગ્યા ઇટલી પણ તેને હથિયાર વેચવા લાગ્યુ

જેમજેમ હવે મિત્રરાજ્યો કમાલને સલાહ માટે કરગરતા ગયા તેમતેમ તુર્કીના લોકહૃદયમા એના પ્રત્યેના અનુરાગના મૂળ ઊંડા ને ઊંડા ઊતરતા ગયા, અને તેમતેમ તુર્કીનું નામોનિશાન મિટાવવા તૈયાર થએલા લૉઇડ જ્યૉર્જ અને વેનિઝેલોસ તરફ કમાલ વધુ ને વધુ રોષે ભરાતો ગયો ઘોડા પરથી પડતાતા તેની એક પાસળી ભાગી ગઇ હતી, છતા લશ્કરને રોકાની નહિ દેતા પાસળીએ લાંબ દબાવતો તે તેને આગળ ને આગળ દોરતો જ ગયો સક્કરિયાના કાંઠે પહોચ્યતા તો ઊભા થવા જેટલી યે શક્તિ તેનામા ન રહી છતા નકરો લઇ તે બેઠો ને ૧૯૨૧ના ઑગસ્ટની ૨૪મી તારીખે ગ્રીકો પર હલ્લો શરૂ કર્યો એ લૂખા તડકા વચ્ચે પાણીની તગી જેવીતેવી ન હતી ને આ વખતે તો એને પૂરી દીર્ઘદૃષ્ટિ વાપરવાની હતી, કારણ, એ કઈ ગૅનાપોની ન હતુ કે એક હુકમે લશ્કરો તેને આવી મળે એકેએક માણસની ફીમત તેને વિચારવાની હતી

ચૌદ દિવસ ખૂનખાર યુદ્ધ ચાલ્યુ બને પક્ષો પરાપૂર્વના વેરને લઇ પૂરી ખુનસથી લડવા લાગ્યા હતા પણ એક વખત શિકસ્ત ખાધેલા ગ્રીકોની હામ હવે ઓસરી ગઇ હતી ચૌદમે દિવસે પોતાનો દરજ્જો ગણકાર્યા સિવાય સામાન્ય સૈનિક જેમ કમાલ યુદ્ધમા ઊતર્યો ને એક અફવાડિયામા તો ગ્રીકોને મારી હઠાવ્યા

ગ્રીક પરાજયના આ સમાચાર મળતા અંગોરાના લોકો તો આનદથી અરધા ગાડા જેવા બની ગયા કમાલને તેમણે ગાઝી(વીર)ના અકરામથી વધાવી લીધો ફ્રાન્સ, ઇટલિ, અમેરિકા, રશિયા, અફઘાનિસ્તાન, સિંહ વગેરે સ્થળોએથી મુબારકબાદીઓનો તેના પર વરસાદ વરસવા લાગ્યો ફ્રેન્ચોએ પણ મૉ ફ્રાન્કલીન બ્વિનાને અંગોરા મોકલ્યો કમાલ જોડે સુલેહ કરી ને સિલીસિયા ખાલી કરી આપ્યુ આથી, કમાલને લાખો છૂટા થએલા ૮૦,૦૦૦ તુર્કો ની નવો ફોજ મળી.

પણ લડાઇ વખતે કમાલને આપેલી સરમુખત્યારી સત્તા ઍસેમ્બ્લી હવે પાછી માગતી હતી રાજદ્વારીઓ હવે પોતાને ભયમુક્ત જાણી સત્તાપ્રાપ્તિ માટે ગબડવા કાવાદાવા રચતા હતા અનવરની સમિતિ પણ જામી ગઇ હોઇ, તેનો મોટો ભાગ ગ્રીકો જોડે સુલેહ કરવાની તરફેણ કરવા લાગ્યો હતો.

ગ્રીકો હજુ પૂરા દબાયા નહોઇ ફરી નવુ લશ્કર જમાવતા જતા હતા, લા ગ્રંરોગદ્રની આ ફૂટ જોઈ કમાલ ઊકળી ઊઠયો તેણે સરમુખત્યારપણુ વાપર્યું અને દગાખોર પચાસ રાજદ્વારીઓને ફાસીએ ચડાવી પોતાની શેહ જેમાડી માનવતાની નજરે ભલે એ પગલું આપણે ન વખાણીએ, પણ તુર્કી માટે સારે એ જ જરૂરનું હતું ને તે વગર જુદીજુદી જામતી રાજદ્વારી ટોળીઓનો અંત કદી ન આવત, જેટલે

આપણે એને વખોડી તો ન જ શકીએ.

આ પછી કમાલે પોતાના પ્રતિનિધિને સુલેહના યોગ્ય મુદ્દા અર્થવા મિત્રરાજ્યોના પ્રતિનિધિઓ પાસે મોકલ્યો, પણ તેને મુદ્દલ દાદ ન આપતાં ઊલટું ઓસનું પીડણ વધારવાની કોશિષ એ કરવા માંડ્યા. આ જોઈ કમાલ ધીકર્યો. ગ્રીકો પર આખરી હલ્લો કરી કોઈ પણ રીતે તેમને તુર્કીમાંથી મારી હઠાવવાનો એણે નિશ્ચય કર્યો. ડમલરપુનામ ખાતે ઘોર યુદ્ધ થયું ને દમ દિવસમા તો ગ્રીકો આનાતોલિયાનો કિનારો છોડી નાઠા. પરાજયથી ધવાએલું તેમનું લશ્કર વેરતૂસિને માર્ગે વળ્યું ને રસ્તે આવતાં તુર્ક ગામડા તેઓ બાળતા ગયા, તુર્ક સ્ત્રી, પુરુષ ને બાળકોની કત્લ કરતા ગયા.

આખી દુનિયામાં આ વિજયના સમાચાર ફરી વળ્યા. આનંદથી ગાતા, હસતા ને આવેશમાં રહી ઊહતા સ્મર્નાના શહેરીઓએ કમાલને વધાવી લીધો. કમાલે ફરી એક વાર સુલેહ માટે ફતેહને મિત્રરાજ્યો પાસે મોકલ્યો, પણ કશો નિખાલસ વર્તાવ પામ્યા સિવાય તેને પાછા વળવું પડ્યું.

એ જ અરસામાં ફ્રાન્સમા વેપાર કરતા સ્મર્નાના એક વેપારીની છોકરી લતીફા હાનુમ સ્મર્નામા રહેવા આવી હતી. નૂતન યુગના પૂરા સંસ્કાર જાણવેલી ને ફ્રાન્સમાં કેળવાએથી એ કુમારિકા દૂર રહ્યે રહ્યે પણ કમાલને પૂજતી આવેલી. સ્મર્નામા એણે તેને પોતાનો મહેમાન બનવા આમંત્રેયો ને કમાલે તે કબૂલ રાખ્યું.

બંનેને એકબીજા તરફ અનુરાગ હતો. બંને તે જાણતાં હતાં. સ્મર્નાની બગાશી જેવા ઓરેાનોવેાના કિલ્લાના બગીચામાં એક રાત્રે બંને બેઠા હતા.

'તુર્કી હવે તુર્કોનું છે.' કમાલે કહ્યું.

ત્યાં ગુલાબ ને જાસ્મીનની ખુશબોએ વધુ જોર પકડ્યું. પવનની લહેરકમાં પત્તી પત્તી ગાઈ રહી હતી. કમાલે લતીફાને વધુ નિકટ આમંત્રી.

'નહિ; હું તમને ચાહું છું, પણ પહેલાં લગ્નથી બેડાઈશ!' લતીફાએ કહ્યું.

'લગ્ન? એ નાપાક દાઢીવાળાઓ બેત્યાર શબ્દો પઢે તેથી? એમાં શો વધુ ફેર પડે? ને તુર્કોની પૂર્ણ મુક્તિ પહેલાં લગ્ન ન કરવાનો મેં નિર્ણય કર્યો છે.'

'મેં પણ લગ્ન પહેલાં સ્વાર્પણ ન કરવાના કસમ ખાધા છે.'

આ ચોખવટથી ક્રોધે ભરાએલો કમાલ એકે અક્ષર બોલ્યા વિના ત્યાંથી ઊઠ્યો ને સીધો લશ્કરમાં ચાલ્યો ગયો. તેણે એ બનાવ જ પોતાની કલ્પનામાંથી ઉડાવી દીધો. લતીફા પણ તેને ફરી ન સંભારતાં ફ્રેંચ સાહિત્ય ને કાયદાના અભ્યાસમાં રત બની.

એવામા લૉઇડ જ્યૉર્જનો સિતારો આથમવા લાગ્યો. અંગ્રેજો હવે લડાઈથી કંટાળ્યા હતા. તુર્કી કોઈ પણ રીતે નમતુ આપે તેમ હતું જ નહિ. ફ્રેંચ પ્રતિનિધિ ઈન્વોનાએ વચ્ચે પડી મિત્રરાજ્યો સાથે મુદાનિયા ખાતે તુર્કની સંધિ કરાવી આપી એ નજીણી ક્ષણનો લાભ લઇ લીધો ને તુર્કીમાંથી મિત્રરાજ્યોનું લશ્કર પાછું ખેંચી લેવરાવ્યુ.

અને તુર્કી પરનાં દળવાદળ આમ દૂર થતાં જ કમાલને લતીફાનો ખ્યાલ આવ્યો. લશ્કરી જીવનની પદ્ધતિએ બે પળમાં જ તેણે નિશ્ચય કરી નાખ્યો. કોઇના કહ્યા વિના પોતાની મોટરમાં વેરોણીઆ પેઠે તે સ્મર્નાજઈ પડી ગયો. ઓરેાનોવેામાં પ્રવેશી, ઝડપભેર તે દાદરો ચઢ્યો ને સામે જ આવતી લતીફાને જોરથી પકડી. લતીફા કંઇ બોલે તે પહેલાં તો એ બોલી ઊઠ્યોઃ 'લતીફા! ચાલ આપણે પરણ્યું—હમણાં જ!'

એ જ પળે બંને નીચે ઊતર્યા. રસ્તે જ જતા એક મુલ્લાને પકડ્યો, અને પાસેની જ એક મસીદમાં નિકાહ પઢાવી લીધા.

દુનિયાનાં મુસ્લિમ રાજ્યો હવે કમાલ તરફ આશાની નજરે જોવા લાગ્યાં હતાં. તેમણે મુસ્લિમ રાષ્ટ્રસંઘની દરખાસ્ત એની પાસે રજુ કરી, પણ એ પોકળ દલીલને એણે જરાજર જેવી ધુત્કારી કાઢી! તેણે તુર્કી પ્રજાને જાહેર કર્યું કે 'એવા ખોટા આદર્શો ને લાગણીઓથી તો આપણે બરબાદ થતા આવ્યા છીએ.' મૉસ્કોથી આવેલા બોલશેવિક પ્રતિનિધિને પણ તેણે કહ્યું 'પીડકો ને પીડિતો જેવો વર્ગભેદ અમારે ત્યાં છે જ નહિ. પોતાને પીડવા દેનાર વર્ગ એવા ભેદ ઊભા કરે છે. તુર્કો કોઇને પીડવા દે એવા છે જ નહિ.' તુર્કોને કોમ નવી મૂર્ણાંક અપનાવવા દેવા તે તૈયાર ન હતો. તેને તુર્કીને સમૃદ્ધ બનાવવું હતું; ને તે એક જ શ્રદ્ધાથી કે માત્ર તે પોતે જ તેમ કરી શકશે.

ઑસેમ્બ્લીએ જોયું કે કમાલ દિવસોદિવસ કડક થતો જાય છે. લશ્કર પણ બધું પોતાના હાથમાં લઇ

બેઠો. ‘૬ પ્રાઇમ મિનિસ્ટર રૌફ સુદ્ધા બધા જોથી નારાજ થયા હતા એક વખત લાગ જોઈ દાનીદે ગાદીએ કમાલ ની નાક તપાસી જોઈ ‘પાશા, તમે ખૂબ લડ્યા છો હવે તો આરામ લેશોને?’

‘આરામ? કયો આરામ? આંકો પત્યા તેથી શુ થયુ? હવે આપણે પરસ્પર લડીશુ એકબીજાનો નાશ કરીશુ, એકબીજાને ખાઇ જઇશુ’ દાનીદેના સવાલ પાછળનુ ઍસેમ્બ્લીનુ મા ામ કળી વઇ કમાલે રોકડો જવાબ પરખા ી દીધો

પણ અમાસિયાના તેના મિત્રોએ જ્યારે પૂછાવ્યુ કે ‘પાશા, તમે ખિલાફત ને સુલતાની નાબૂદ કરવા માગો છો?’ ત્યારે તે એવો જવાબ ન આપી શક્યો તેણે જોયુ કે એ સવાલ એકલી ઍસેમ્બ્લીનો ન હતો. તે પોતે ગમે તેટલો ક્રાન્તિકારી હતો, છતા લોકમાનસના પૂર્વગ્રહો વિરુદ્ધ તો તે જઈ શકે તેમ ન હતુ એવે વખતે, લોકમાનસ એટલી હદ સુધી કેળવાય ત્યા સુધી તેમના શિક્ષક તરીકે ફરજ બજાવવાનુ જ તેણે યોગ્ય ધાર્યું ને અમાસિયા જવાબ લખી મોકલાવ્યો કે ‘એમ કરવા પહેલા હું તમારી રાય માગુ છુ’

કશુ ઉતાવળુ પગલુ ભર્યા વિના કમાલ રાહ જોતો રહ્યો ને આખરે એને જોઇતી તક મળી ગઇ એણે ત્રણ ત્રણ પ્રતિનિધિઓ મોકલ્યા છતા જે મિત્રરાજ્યોએ આખરી સુલેહ ન કરેલી તેમણે હવે દેશદ્રોહી ને દગાબાજ સુલતાનને તુર્કી વતી મંજૂર કરવા લોઝા બોલાવ્યો હતો એ અંગ્રેજોનો મિત્ર અને તુર્કીના કટ્ટર શત્રુ લૉઇડ જ્યોર્જનુ રમકડું હોઇ, તે ી સરકારે આજ દિવસ સુધી તુર્કીનુ કશુ હિત સાચવ્યુ નહોતુ, એટલે સુલેહ માટેની એની પસંદગીથી બધે લોકપોકાર ઊઠવા લાગ્યો, બધે એનો દેશદ્રોહ ચર્ચાવા લાગ્યો કમાલે એ તક હાથ લીધી હથિયારબંધ માણસો સહિત તે ઍસેમ્બ્લીમા પ્રવેશ્યો ‘ખિલાફત ભલે રહે, પણ સુલતાનીનો નાશ થવો જોઇએ’ એણે પ્રસ્તાવ મૂક્યો ઍસેમ્બ્લીમા એની બહુમતી તો હતી જ, ને વળી કટોકટીના વખત હતો, એટલે ઍસેમ્બ્લીએ એ પ્રસ્તાવ પસાર કર્યો સિવાય આરો ન હતો એ પનાર થયો સુલતાન વાહીદુદ્દીનને ચોવીસ કલાકની નોટીસ મળી ને એ જ રાત્રે પોતાના એક ખોજા માથે જરજવેરાતની પેટી લઇ, એક અંગ્રેજ લડાયક જહાજમા તે નાસી છૂટ્યો તેને દેકાણે તેના ભત્રીજા અબ્દુલ મજીદને ખલીફા બનાવાયો ને સુલતાનોનો હમેશને માટે નાશ થયો

પણ રાજકારણનો ખળભળાટ શમતા, તુર્કીમા એક પછી એક નવા પક્ષો બનાવા જતા હતા. પોતાનુ સ્થાન જોખમાવા ન દેવા માટે કમાલને પણ પોતાના એવા એક પક્ષની જરૂરિયાત જણાઈ ઇ ૧૯૧૯ની ચળવળ વખતે ઊભા કરેલા પોતાના ‘લોકપક્ષ’ (People's Party) તરફ તેની નજર ફરી ને તેણે તેની પુનર્રચના કરવા માંડી ગામડે ગામડે ને શહેરે શહેરે તે ફરવા લાગ્યા ગાઝી તરીકે બધા તેને વધાવી લેતા. બધાને એ સમોવતો- ‘આપણે જીત્યા છીએ, પણ લડાઇ હજી ગઇ નથી આપણામા હજુ યે દેશદ્રોહીઓ પડ્યા છે તમે, લોકપક્ષના મારા જૂના સાથીઓ, આપણો પક્ષ ટકાવી રાખો લોકપક્ષે જ દેશ પર રાજ કરવુ જોઇએ, અને તમારો સાથ હશે તો આપણે તેમ કરી શકીશુ.’

આ બાજુ લોકપક્ષનો પ્રચાર અતાત જોરશોરથી શરૂ કરી, બીજી બાજુ સુલેહ માટે છેલ્લે મોકલાએલા ઇસમત પાશાને તેણે ઍસેમ્બ્લીને પૂછ્યા વિના ફરી પાછો એ માટે મોકલાવ્યો ઍસેમ્બ્લીમા આથી ખૂબ ખળભળાટ પેદા થયો કમાલ પાસે ડેપ્યુટેશન મોકલવામા આવ્યુ રાજ્યના વડા તરીકે તેણે કોઇપણ પક્ષમા ભાગવુ ન જોઇએ એમ તેને સૂચવાયુ.

‘પક્ષ?’ કમાલે હવે પોત પ્રકાશ્યુ ‘તુર્કીમા મા ે એક જ પક્ષ છે ને તે લોકપક્ષ તેનો હું વડો છુ એ સિવાય તુર્કીમા બીજો પક્ષ છે જ નહિ ને રહેવો પણ ન જોઇએ’

આ જવાબ ઍસેમ્બ્લીને આઘાતજનક હતો કમાલના મિત્રોએ હવે તે ી ખુશામદ કરવા લાગ્યા. પણ હવે તેમની કોઇની તેને પરવા નહોતી રહી. પીપલ્સ પાર્ટી તે ી પોતાની હતી. ફોજ આખી તેના કબજામા હતી ને ગાઝી તરીકે લોકહૃદયમા તેની ઊંડી છાપ હતી

ફક્ત એક જ આશંકા તેને હતી. ઇસમત જો ફરી વાર પણ સુલેહ કરવામા નિષ્ફળ નીવડે તો કદાચ દુશ્મનો જોરમા આવે પણ મિત્રરાજ્યોએ કોઇ શત્રુ જોડે ન કરેલી એટલી ઉત્કૃષ્ટ સુલેહ કરાવી જ્યારે તે પાછો આવ્યો ત્યારે કમાલના પગમા વધુ જોર આવ્યુ ને તુર્તોતુર્ત તેણે ઍસેમ્બ્લીના બધા પ્રધાનોને રાજીનામા આપવાની ફરજ પાડી તુર્કી પ્રજાસત્તાક જાહેર થયુ

અને ચાળીસ ટકા જેટલા સભ્યોએ મત ન આપ્યો છતાં અસેમ્બ્લીએ તેને પ્રજાસત્તાકના પ્રમુખ તરીકે માન્ય રાખ્યો.

હવે જ કમાલે તુર્કીની પુનર્ઘટનાનું સાચું કામ હાથ ધર્યું. સૌ પહેલાં તો તુર્કીની દીનહીન પ્રજાને ફૂંકતા 'દીન'(ધર્મ)નો ઢંગ તેને દૂર ફેંકવો હતો. એ એક એવો થર હતો કે જે પોતા નીચે ઊલટતી માનવતાને ગૂંગળામણમાંથી બહાર જ આવવા દેતો ન હતો. એની તળે ને તળે રહેલી માનવતા લગભગ સડવા લાગી હતી. એ ધર્મની કાંચળી દૂર ફેંકવા સિવાય તુર્કીને આધુનિક કક્ષા પર લાવવું અસંભવિત જ હતું.

પાંચ સૈકાથી શેખો ઇસ્લામના કાયદા ને કાનૂનોની ધૂંસરી તુર્કીને ગળે ભેરવતા આવ્યા હતા. શબ્દોના અર્થો શોધવા સિવાય તેમનો બીજું કોઈ ધંધો નહોતો. તેમણે એકલા રાજબંધારણમાં જ નહિ, પણ તુર્કના બાણા-પોશાકથી માંડીને ઊંઘ આરામ સુધીના બધા વિષયો ઉપર ફરમાનબંધી લાદી દીધી હતી. ઉત્થાનકામી દેશને માટે એ અસહ્ય હતું. કમાલે એ બધું પ્રમાણ્યું ને જાહેર કર્યું કે 'ઇસ્લામની અરબ ધર્મમીમાંસા તુર્કીને બીનજરૂરી છે.'

એવામાં ખલીફા અબ્દુલ મજીદે પોતાનો દરબાર વધારી આપવાની તેને અરજ કરી એટલે તેણે ખલીફાને જવાબ લખ્યો, 'તમારો દરજ્જો એ માત્ર ઐતિહાસિક અવશેષ તરીકે સચવાય છે. બાકી એની કશી કીમત છે જ નહિ. એની હસ્તીનો યે કશો અર્થ નથી. છતાં તમે જો વધારો માગો તો એ તમારી નાદાની જ છે.'

આ જવાબ અબ્દુલ મજીદને પહોંચતાં જ તેણે કમાલ વિરુદ્ધ પ્રવૃત્તિ આદરી, ને જેને જેને કમાલનો વિરોધ હતો એ બધા બેંગોરા છોડી તેની આસપાસ કૉન્સ્ટાન્ટીનોપલમાં એકઠા થવા લાગ્યા અને કમાલની આપખુદી વિરુદ્ધ પ્રચાર કરવા લાગ્યા. 'એ ધાર્મિક રસમોને તિરસ્કારે છે; એણે શેખ-ઉલ-ઇસ્લામ પર કુરાનનો ઘા કર્યો હતો; એણે બેંગોરાની સ્ત્રીઓને બેપર્દો બનાવી, નાચતી ગાતી કરી મૂકી છે; એની પત્ની લતીફા મહીની પોશાક પહેરે છે અને એ પોતે તુર્કીની ઔરતોને પુરુષોની હરીફાઈ કરવા ઉશ્કેરે છે.' એવા અનેક આક્ષેપો તેઓ આખો મોંચી કમાલ પર મૂકતા ગયા. તેમના દિલમાં આશા હતી કે જનતાના મુસ્લીમોના આદરપાત્ર ખલીફાનો તો તે વાળ પણ વાંકો નહિ કરી શકે. પાછળથી રૌફ, રેશ્ત, આઝમીન ને કાસિમ કારા બેકિર પણ તેને છોડીને અબ્દુલ મજીદના પક્ષમાં ભળ્યા.

ઊભા થયેલા તુર્કીને પછાડવાનો આ મોકો અંગ્રેજો કેમ ભૂલે? તેમણે તરત શાહીવાદનાં ઓથ ઊભાં કર્યાં અને છેક દિલ્હીમાં ખિલાફતનો પક્ષ મજબૂત બનાવવાનો તુર્કી વિરુદ્ધ પ્રચાર આદરી દીધો.

પણ કમાલે અંગ્રેજોની એ રમત તુર્કો આગળ ખુલ્લી કરી દીધી અને કહ્યું કે 'એ તુર્કીને ફરી પછાડવા માગે છે. શું આજ દિવસ સુધી ખિલાફત, ઇસ્લામ અને મુસ્લીમોને નામે તુર્કી કિસાન લડતો ને પ્રાણ પાથરતો નથી આવેલ?' અને પછી સરમુખત્યારની રૂએ એણે જાહેર કર્યું: 'આજ હવે તુર્કીને પોતા તરફ નજર નાખવાનો અવસર આવ્યો છે. આજ તે હિંદી મુસ્લીમો ને અરબો સાથેના સંબંધનું લાકડું દૂર કરે છે ને ઇસ્લામનું નેતૃત્વ પણ રદ કરે છે.'

એના વક્તવ્યમાં રહેલું તથ્ય લોકોને ગળે તરત ઊતર્યું ને અબ્દુલ મજીદ તથા તેના સાથીદારો રાષ્ટ્રશત્રુ જાહેર થયા. અસેમ્બ્લીમાં કમિશનર ફૉર રિલીજિયન ખલીફાની તરફેણમાં કંઈક બોલવા ઊભો થયો. પણ ફાંસીની ધમકી આપી કમાલે એ જ ક્ષણે તેને બેસાડી દીધો. લાગલાગટ બોમ્બ જ્યાં તેણે લોકો પર એટલી અસર ઉપજાવી કે તે પૂરું થવા સાથે જ બધા સાંભળનારાઓ ખિલાફતને તુર્કીમાંથી મિટાવવાની તરફદારી કરવા લાગ્યા. ચોવીસ કલાકની અબ્દુલ મજીદને નોટીસ મળી ને એ મધરાતે, કશા યે માન કે સરનામા વગર ચુપચુપ એ તુર્કી છોડી ગયો.

તુર્કી એના પર લદાએલી સૌથી મોટી દીનની જડમાંથી આમ છૂટું થતાં તેના વિકાસનો રૂંધાએલો માર્ગ હવે ઘણો મોકળો થયો.

લતીફા ખાનુમ જેટલી સુસંસ્કૃત હતી એટલી જ સ્વાતંત્ર્યપ્રેમી હતી. સરકારી દિમાગના કમાલને એનો સ્વભાવ અનુકૂળ ન આવ્યો. તેને બંધ તાણે રહેનારા જોઈતા હતાં; કોઈ હુકમ કરનાર નહિ. લતીફા જ્યાં

સુધી સ્વાતંત્ર્યના પ્રયોગો રમ થતી, તે અર્થે રચી પચી રહેતી ત્યા સુધી તો કમાલે કઇ વાધો ન લીધો, પણ જ્યારે હવે એ તેનો પણ વિરોધ કરવા લાગી ને બાયુખા તેને ઉતારી પાડવા લાગી ત્યારે એ તેનાથી સહન થયુ નહિ તેણે પોતાના હાથે છૂટાછેડાનો ખરીતો લખી, ઍસેમ્બ્લી પાસેથી એ મજૂર કરાવી લીધો અને।। સ્વભાવ સત્તાકાંક્ષી ને ધાર્યું કરનારા હોઇ આગળ ઉપર તેમને કદી બની શકત કે કેમ એ એક પ્રશ્ન હતો

યુવાનીમા કોઇ ફિક્રિયા માથે પણ કમાલને પ્રેમ પ્રસગ પડેલો, પણ પછીથી તેને ભણવા માટે નાણાની મદદ આપી તેણે તેને વીએના મોકલી આપેલી લતીફા સાથેના છૂટાછેડા સાભળી તે અંગોરા પાછી આવી, પણ કમાલે લગ્ન કરવાનો ઇન્કાર કર્યો આવી નિરાશ થઇ ફિક્રિયાએ ગોળીથી આપઘાત કર્યો

પરંતુ આ ગૌણ બાજુ જવા દઇ, કમાલની પ્રવૃત્તિની પ્રધાન બાજુ તરફ આપણે વળીએ

અબ્દુલ મજીદ તુર્કી છોડી ગયો છતા કમાલના વિરોધીઓ હજુ તુર્કીમાથી વસ્યા ન હતા. અંગ્રેજો એ મોસુલ લેવાની નવી ધમકી આપી ને કુર્દિસ્તાનમા શેખસૈયદે બળવો ઉઠાવ્યો એટલે તેના એ વિરોધીઓ યે જોશમા આવ્યા કૉન્સ્ટાન્ટીનોપલમા તેમણે રૌફને પ્રમુખ પદે પ્રોગ્રેસિવ રીપબ્લિકન પાર્ટી' સ્થાપી અને શેખ સૈયદ પાસેથી સહાય મેળવવાની આશા રાખવા લાગ્યા

અત્યાર સુધી બાયોગ્રાફીથી આ બધી પ્રવૃત્તિ નિહાળતો કમાલ ધરમા પડેલી ફરીયાદની આ કૂચથી તુર્ત જાગૃત થયો ભયમા જ તેની ક્રિયાશક્તિ કામ આપતી ને ચારે બાજુ વ્યાપેલા આ ભયે તો એની તાતાર નસોમા નવી ખુનમ આણી કુર્દિસ્તાનમા બળવા પાછળ રહેલી અંગ્રેજોની કૂટનીતિ તેણે પારખી ને હુકમે વતન।। આગોશ ભરેલા અસખ્ય તુર્કી જવાનો ફરી તેની સોડમા આવી ઊભા રહ્યા જ્યારે અંગ્રેજોના નામમાત્ર તરફ તુર્કોને હાડોહાડ જવના કરી મૂકયા હતા તુર્કીના દરેક ભાગમાથી, દરેક કંગીરીમાથી કમાલને મદદ ને વફાદારીના સંદેશ મળતા ગયા એ જ માત્ર તુર્કી।। આશા હતો ગાઝી સિવાય તુર્કીને કોઇ બચાવી શકે એ તુર્કોને મન માની જ ન શકાય એવી વાત હતી

ને તુર્ક યુવાનીની ઓથે રહી, બે જ મહિનામા કુર્દિસ્તાનના બળવાને કમાલે દફનાવી દીધો. આગ ને તનમારથી તેણે દેશદ્રોહનું પાતક તેમને સમજાવ્યુ ૩૭ નેતાઓને તેણે ફાસીએ ચડાવ્યા તેના વિરોધીઓ તેનો ગુસ્સો ને તે।। જબાનની સગાઇ પૂરા પિછાણના હતા ઓન્લે નવી સ્થપાએલી પાર્ટીના નેતાઓ—રૌફ, આઝમાન, હાનીદ અદીબ ને રીફ સુધ્ધા તેના ખોફમાથી બચવા તુર્કીનો કિનારો છોડી ગયા ને ફરીવાર તુર્કીનો મામલો થાળે પડ્યો

તુર્ક પ્રજાનુ ખમીર પરખાયેલુ હોઇ, એને કોઇ પણ રીતે અવળે માર્ગે દોરાતી અટકાવવી જોઇએ એવો કમાલનો નિશ્ચય હતો ને પોતાના એ નિશ્ચય પ્રમાણે જ તે વર્તતો તુર્કીના ઘડતર વચ્ચે આવતી એકેએક આડખીલીને જડમૂળથી ઉચ્છેદવી એ એની ફરજ થઇ પડી હતી

એવી બધી યે આડખીલીઓને એણે ચૂંટીચૂંટીને બહાર આણી એની એ પ્રવૃત્તિ દરમિયાન અનેક વખત એનો જાન લેવાના પ્રયાસો થએલા, પણ એથી એની મક્કમતા મુદ્દલ નહોતી ડગી એવે વખતે થની ભૂત માથુ જ માગી લે તેણે 'ટ્રિબ્યૂનલ ઑફ ઇન્ડીપેન્ડેન્સ' ઊભી કરી ને એ ટ્રિબ્યૂનલે, પકડાએલા બધા દેશદ્રોહીઓને ફાસીએ ચડાવવાનો ઇન્સાફ આપ્યો

વીએનાને ઇગ્લડના સૉમ્યચાઇલ્ડો જાનિદને આ ખતરામાથી બચાવવા લાગવગ વડાવવા લાગ્યા કમાલનો તે।। બબર પડી એ જાનિદ તો પેલો દેશદ્રોહી યહૂદી નાણાશાસ્ત્રી જે જર્મનીને તુર્કી વેચવા તૈયાર થએલો! 'નહિ' એણે હુકમ છોડ્યો 'આજ રાતે જ એ કાવતરાબાજોનો અત આણી દો' અને અંગોરાની રોશની વચ્ચે એ રાતે જ અગિયાર દેશદ્રોહીઓના મુડદા ફાસીને માચડે ટીંગાઇ રહ્યા

ત્યારથી તુર્કી એક અને અવિભાજ્ય બન્યુ છે, અને ત્યારથી (ઇ ૧૯૨૭થી) તે આજ દિવસ સુધી, 'Only the hand that can wield the sword should hold the sceptre' એ તાતાર કથનનો સપૂર્ણ અનુભવી કમાલ,નવા તુર્કી પ્રજાસત્તાકનો પ્રમુખ, ઍસેમ્બ્લી, લોકપક્ષ અને પ્રધાનસમિતિનો અધ્યક્ષ અને લશ્કરનો કમાન્ડર ઇન ચીફ રહ્યો છે

'હવે આપણે તુર્કીને સુધારવાનુ છે' આવતા વર્ષો

પછી કંઈક શ્વાસ ખાતો તે બોલ્યો: 'તેણે બધાં સંસ્કારી દેશોની હરોળમાં આવવું જોઈએ સ્વત્વવિહોણા આપણા લોકોના પોશાક, રીતરિવાજ, ભાષા, વિચાર ને વર્તન સુદ્ધાંમાં પલટો આણવો જોઈએ. જીવનની સારી યે ઘરેડ બદલાવી નાખવી જોઈએ.'

પહેલી જ તેની નજર ઇસ્લામના પ્રતીક જેવી ફેઝ ટોપી પર ગઈ એ માટે તેણે આકરતરો માર્ગ લીધો. સૌ પહેલાં તો તેણે લશ્કરમાં જર્મન ટોપીઓ દાખલ કરી. લશ્કરે વાંધો ન લીધો, એટલે હઠને લીધે તકકા ને વરસાદથી મળતા રક્ષણના ફાયદા સમજાવતાં તે બધે આમવર્ગમાં તેનો પ્રચાર કરવા લાગ્યો, ને થોડાઘણા તેમ વર્ત્યા એટલે પરણારો કાયદો પસાર કર્યો કે તુર્કીમા ફેઝ પહેરવી ગુનાહિત છે ને તેમ કરનાર શિક્ષાપાત્ર થશે. આથી ફેઝે તુર્કીમાથી સદાને માટે રુખસદ લીધી.

પછી એ વળ્યો મુલ્લાઓ, શેખો ને દરવેશો તરફ. નર મધમાખ પેઠે પારકા શ્રમે જીવન જીવતી એમની જમાતની બધી મિલકત જપ્ત કરાવી એણે એમને રખડતા બનાવ્યા, જેથી તેઓ શ્રમને માર્ગે વળી શકે.

સારે કાયદો વળી શા માટે કુરાનની પુરાણી શરીઅતોને વળગી રહેવો જોઈએ! તેણે એ જૂના કાયદા પણ ગેરકાયદેસર જાહેર કર્યા અને યુરોપિયન સલાહકારો બોલાવી, જર્મન વેપારી, ઇટાલિયન ફોજદારી ને સ્વિસ સિવિલ કોડ પરથી તુર્કી માટે નવું જ રાજબંધારણ તેણે નીપજાવ્યું. એ સાથે જ પુરુષની મિલકત જેવી પ્રવર્તતી સ્ત્રીની સ્થિતિનો યે તેણે કાયદાઓ કરી અંત આણ્યોઃ જનાના પદ્ધતિનો નાશ કર્યો ને બહુપત્નીત્વ ગેરકાયદેસર ઠરાવ્યું.

તુર્કી ભાષાએ પણ સ્વત્વ ગુમાવી દીધું હતું. અરબીના અનુકરણ પર જીવતી તુર્કીની લિપિ સારે એવી તો હતી કે પ્રજાના ભાગ્યે જ દસ ટકા તે વાંચી શકતા. કમાલને તો ધરોધર શિક્ષણ જોઈતું હતું. શા માટે એ અરબીની જડને જીવવા દેવી? સોવીએટ રીપબ્લિકે ૧૯૨૪થી મધ્ય એશિયાના તાતારો સારૂ લાટિન અખત્યાર કરી હતી. કમાલને પણ એ જ યોગ્ય લાગી. ઘેર બેઠા જ એ નવી ભાષાનું બંધારણ ઘડવા લાગ્યો. ને ૪૭ વર્ષની વયે, ચાકની પેટીઓ ને પાટિયાં સહિત શહેરેશહેર ને ગામડેગામડે નવી લિપિનું શિક્ષણ આપવા તે નીકળી પડ્યો.

એ કામ પણ પતયું. તુર્ક ભાષા સ્વત્વવાળી ને લાટિન મરોડની બની. હવે આવ્યો કલાનો વારો. ચારસો વર્ષોની મુસ્લિમોએ તેને ગળે ડૂચો દઈ રાખ્યો હતો. કમાલે એનો પણ મુક્ત કરી. નૃત્ય, સંગીત, ચિત્રકલા બધાંમાં તેણે નવાં પૂર આણ્યાં. વાગ્નેરીઝ વૉલ્ટ્ઝ, નિગ્રો જાઝ ને ફૉકસ ટ્રૉટ તેણે તુર્કીમાં દાખલ કર્યાં. ઝાઝેક જેવાં તુર્ક નૃત્યોનો તેણે પુનરુદ્ધાર કર્યો ને બધી લલિતકળાઓની તેણે તુર્કીમા કૉલેજો કાઢી

પછી ધીમેધીમે તે લોકોને રાજકારણમા રસ લેતા કરતો ગયો. અગ્રણીઓ, કારીગરો ને દુકાનદારો માટે ઍસેમ્બ્લીમાં તેણે નવું બેઠકો સ્થાપી ને સરકારની સમાલોચના કરવાનો પણ તેમને હક્ક આપ્યો.

આવા અથાગ પ્રયત્નો પછી આજ હવે કમાલ, તુર્કી માટે પોતે કંઈક કર્યું હોવાનો આત્મસંતોષ અનુભવે છે. મિત્રો વિનાના, કુટુંબ વિનાના સરમુખત્યારનું હવે તો તુર્કી જ માત્ર કુટુંબ રહ્યું છે. પોતાને મળતા દરમાયાથી જે મોટરમાં બધે ફરતો રહે છે ને બેફિકર તુર્કની ફરિયાદો સાભળે છે એક એક તુર્કનો એ વિકાસ એ વાંછના છે. તે કહે છેઃ

'હું બધા રાષ્ટ્રોના ખમીરથી વાકેફ છું મેં તો એમનું ચારિત્ર્ય તદ્દન નગ્ન સ્વરૂપમા જોઈ શકાય એવી પરિસ્થિતિઓમાં એમને પિછાન્યા છે. હું ખાતરીપૂર્વક કહું છું કે મારા દેશના લોકો બીજા કોઈ દેશવાસીઓથી ઊતરતા નથી. પણ અસારે મારા હાથની તેમને જરૂર છે. હું એમને એ રસ્તે પહોંચાડવા માગું છું કે જ્યાંથી એમની આંખો સાચા માર્ગનો જાતે નિર્ણય કરી શકે, ને જ્યાંગા એમના પગોમાં આગળ વધવાની પૂરી તાકત રહે. પછી એ પોતાની મેળે જ બધું સમાલી લેશે. ને મારૂં કામ પણ પૂરું થશે.'

સિકંદરની મહત્ત્વાકાંક્ષા, સીઝરની ધૂર્તિ ને મુસોલિનીના ચાણક્યત્વનો સમન્વય સાધેલો આ યુગનો આતાતુર્ક મુરતફા કમાલ હવે તો પોતાની જાતને વધુ ને વધુ નિવૃત્તિ તરફ ખેંચતો જાય છે, જાણે હજુ યે એ કહે છે, 'હું ત્યારે નિવૃત્ત થઈશ, જ્યારે આખાય તુર્કીને કુરાનની યે જરૂર નહિ રહે ને કાર્લ માર્કસની યે નહિ.'

અશોક હર્ષ

પરદેશી વસ્તુઓનું પ્રદર્શન

દેશનાં દારિદ્ર્ય અને બેકારી સામે ઝીંડી દેશદાઝથી રજૂ કરેલા ચાનકદાર વિચારો અને રચનાત્મક યોજના દર્શાવતો લેખ

(૧) આર્ટસ કૉલેજો સ્થાપીને આપણે શું ઉકાળ્યું તે તો સૌકોઈ જાણે છે, અને છતાં નવી આર્ટસ કૉલેજો માટેના ફંડફાળાને આપણો ગતાનુગતિક સમાજ ચોથા રહ્યો છે.

(૨) આનું એક કારણ આપણામાં મૌલિક વિચાર-બળનો, આપણી પાસે બીજું કાંઇ નવીન કરવા માટેની પદ્ધતિસરની યોજનાનો અભાવ છે.

(૩) આ લેખમાં એ ત્રુટી પૂરાય છે, અને હિંદના સમાજસેવકો માટે એક સંપૂર્ણ યોજના રજૂ થાય છે.

(૪) લૂંટાતા હિંદને નામે, ગરમ લોહીવાળા છતાં હતાશ બનતા જતા યુવાન કૉલેજીઅનોને નામે, હિંદના બેકાર કારીગરોને નામે, આ યોજના ઉપાડી લેવાનું અમે જાહેરને આમંત્રણ આપીએ છીએ.

આપણું પ્રથમ અને અત્યંત મહત્ત્વનું કામ તો કારીગરને અમુક અમુક વસ્તુઓ બનાવવાનું સંભારી આપવાનું છે આપણા કારીગરવર્ગની દૈનિક જરૂરિયાતો એવા ટૂંકા ક્ષેત્રમા સમાઇ ગઇ હોય છે કે ઘણીખરી વસ્તુઓ એણે જિંદગી-મા જોઇ કે સાંભળી જ નથી હોતી અને આવી રીતે કારીગરની નજર ચુકાવી હિંદમા પેસી ગએલી અનેક વસ્તુઓ આપણને જડે છે. એમા ઘણી વસ્તુઓ તો માત્ર સામાન્ય મજૂરી અને નજીવી મૂડી જ માગતી હોય છે

આવી વસ્તુઓના એકબે ઉદાહરણ લઇએ ચિત્ર કારો જેનાથી ડ્રૉઇંગ કરે છે તે 'ચારકોલ'નો સળીઓ એ આવી એક વસ્તુ છે આપણે લાખ્ખો મણ લાકડાના કોલસા બનાવી દર વર્ષે બાળી નાખીએ છીએ, અને એ લાકડામા નરમ અને કઠણ, હલકા અને ભારે અનેક જાતના લાકડા આવી જાય છે. એનો કોયલો પણ કાગળ પર લીટા કરે એવો કાળો થાય છે. માત્ર પ્રથમ યોગ્ય લાકડાની ચીપો પાડીને અથવા સાદી જેવુ કોઇ માફકસરનું કાષ્ટ પસંદ કરીને રેતી જેવી નરમ છતા ભારે વસ્તુના દબાણ નીચે એનો કોયલો પાડ્યો હોય તો તે સળીઓના રૂપમા ઊતરે અને પછી વળી પ્રમાણે ગોઠવ્યા હોય તો ચિત્રકારોને કામ લાગે. અને એ આખુ બિઝનેસ એક જ કુટુંબ પોતાનો થોડી એવી મૂડીથી ઊપજાવી તથા બીજાની શક્તિ પણ આપણા—કે કોઈ પણ પ્રજાના—ચિત્રકારો ઘણાખરા કલ્પિત સૃષ્ટિમા રમનારા હોવાથી પોતાના વપરાશમા આવતી વસ્તુઓની ઔદ્યોગિક બાજુ ઓછી જુએ અને કારીગરને એવા કોયલાનો સળીઓ હાથમા પકડવાનો સમય ઓછો આવે એટલે એકાદ નજીવો અકસ્માત કારીગર અને કોયલાને સામસામે લાવી ન મૂકે ત્યા સુધી પ્રજાની અજ્ઞાનતાથી સુરક્ષિત એ સળીઓના ડઝનબંધ બાકસો આપણા ચિત્રકારો ધરખે જવાના

બીજો દાખલો મીઠાનો લઇએ. આપણા સામાન્ય વપરાશમા આવતુ મીઠું ખૂબ મેલુ હોય છે, કેમકે એમા ધૂળ અને કાકરી ભળેલી (કે અજાડ હાથે ભેળા વાએલી?) હોય છે એકાદ શેર મીઠુ પાણીમા ઓગાળી આછરેલુ પાણી ગાળી લેવાથી તળે જામેલો મેલ આ વાતની સાક્ષી પૂરશે પણ આપણા પેટમા બીજે અનેક રસ્તે ધૂળ જતી હોય છે તેથી મીઠા સાથે ભળેલી આ થોડી એવી ધૂળને ન ગણકારવાની આપણી આમ જનતાને ટેવ પડી ગઇ છે પરતુ શ્રીમંતવર્ગ તથા રાજદરબારો એ ધૂળ પેટમા નાખવાનુ જોખમ સમજતા હોવાથી તેઓ વિલાયતમાથી વધુ શુદ્ધ થઇ કાચની બાટલીમા પૅક થઇ આવેલુ મીઠુ વાપરે છે પૅકિંગ ખર્ચ બાદ કરીએ તોપણ આ શુદ્ધ થએલા મીઠાની કીમત ચાલુ મીઠાની કીમત કરતા ત્રીસથી ત્રીસ ગણી લેવાય છે. અને એ શુદ્ધ કરવુ એટલે? મીઠાને પાણીમા ઓગાળી, તે પાણીને યંત્રની મદદથી નહિ પણ ભમવના મદદથી આછરવા દઇ, એ આછરેલા પાણીને જુદુ પાડી, એમાના પાણીને અગ્નિ કે સૂર્યના બળે સૂકાવા દઇ, એકઠો કરેલો ક્ષીણ જેવો ખાર! આ આખી ક્રિયા એવી સાદી છે કે એક નાનો સગ્ગો ગાડીનો ગોળો, એકાદ નળવાળી ટાંકી અને થોડી સ્વચ્છ બારીક

રેતીયા દરકોઇ માણસ એનો નાના પાયા પર પ્રયોગ કરી શકે અને દરકોઇ ચાલાક મજૂર એનું આખું કારખાનું ખોલી શકે માત્ર આપણી વિવિધરંગી સૃષ્ટિમા આવી કોઇ ચીજની પણ અછત છે એવો ખ્યાલ જ કારીગરને આપવાની જરૂર છે. મીઠા સાથે ધૂળ ખાવા ટેવાએલા અને એ જ ધૂળથી ડરતા નાજુક બચ્ચાંની મુંઝવણનું સ્વપ્ન પણ આવતું નથી હોતુ. અને જે લોકો એ વસ્તુ વાપરતા હોય છે તેને એ મુફલિસ ચીજ પર પણ જેનું આખું જીવન નભવાનો સંભવ છે એ ગરીબ વર્ગની ગરીબાઇનો સંપૂર્ણ ખ્યાલ નથી હોતો. કદાચ તેઓનું સ્વદેશાભિમાન એકાએક ઉપસી આવે તો તેઓ એટલું કહે કે "આવી સાદી વસ્તુ પણ હિંદુસ્તાનમાં નથી બનતી! આપણે તે શું સ્વરાજ્ય લેવાના હતા?" પણ એ વસ્તુ હિંદમાં ન બનવાનું કારણ અશક્તિ નથી, પણ એક જરૂરી અકસ્માત ન બનવાનો અકસ્માત છે, એ અટપટું સત્ય સમજવા જેટલો ભેજાંને પરિશ્રમ આપવા તેઓ તૈયાર નથી હોતા. બલ્કિતર આ ધંધામા માલમાં મૂડી બહુ ઓછી રોકવી પડે, અને ભેજાંનું તો એથી યે ઓછું. માત્ર પૅકિંગ કરવાની બરણીઓ અને લેબલો પર વિશેષ ધ્યાન રાખવું પડે; કેમકે બધી ફૅશનેબલ પરદેશી વસ્તુઓમાં આપણું ગામડી સૂત્ર કહે છે તેમ 'પૅકિંગના જ નાણાં છે!'

અને આવી તો બીજી અનેક વસ્તુઓ હિંદને ફેવેફેવે વળગી હિંદનુ શોણિત ચૂસી રહી હોય છે. અને ઘેનમા પડેલા એ વિરાટ દેહને એની ખબર પણ પડતી નથી હોતી. માત્ર એ શોષણનું દુઃખ એક સામટા ખ્યાલરૂપે આપણી બેકારીમાં આપણને દેખા દે છે. પણ તેમ છતાં આપણા એક મહત્ત્વના અંગ બીજા-ઉદ્યોગના પક્ષાઘાતના દુઃખ આગળ આપણને આવા નાનાસૂના ચટકાનાં સ્થાન શોધવાનું યાદ જ નથી આવતું.

આ પરિસ્થિતિ માટે આપણી બધી લોકોપયોગી સંસ્થાઓ જવાબદાર છે. આપણી અનુકરણવૃત્તિ આપણને બૌદ્ધિક વિચાર કરતા રોકે છે. અને તેથી આપણાં દેશભરનાં વિચારવિનિમયના કેન્દ્રો પોતાના વિચારના ખોરાક માટે છાપાંઓએ વાસી કરી મૂકેલા પ્રચલિત સામાજિક ચર્ચાઓના ટુકડા પસંદ કરી લે છે. આથી બને છે એમ,કે વાઇસરૉયની સભામાં લોખંડના ઉદ્યોગને રાહત આપવા માટેની ચર્ચા ચાલતી હોય ત્યારે છાપાં વાંચની એકેએક વ્યક્તિ બનશે એ પોતાનો અંગત પ્રશ્ન હોય તેમ તેમાં ઝીણવટથી રસ લે છે, અથવા સૂતરના નંબર સંબંધે કાંઇ ખેંચતાણ થતું હોય ત્યારે એ પ્રશ્નના અભ્યાસને પોતાના જીવનનું ધ્યેય માની બેસે છે! અને આનું કારણ દેખીતું છે. જેઓને પોતાના જીવનનું સ્વતંત્ર અને સ્પષ્ટ ધ્યેય નથી હોતું તેઓએ દેશમા વાતા પવનો સાથે આમથી તેમ ઝોલાં ખાવાનું જ રહ્યું. અને એ જ મુજબ જે દેશનેતાઓનું પોતાના દેશનેતાગીરીના ધંધાને અંગેનું કામ લોકોના જીવનને અનેક ખૂણે સ્પર્શતી બાબતોની ચર્ચા કરવાનું છે તેઓએ પણ, આપણી અભ્યવસ્થિત રાષ્ટ્રીય સભામાં પોતપોતાના ક્ષેત્રની સુરેખ મર્યાદા ન હોવાને કારણે, બધા ચાલુ પ્રશ્નોમા માથું મારવાનું રહ્યું.

બલ્કિતર જેણે સ્વદેશી કાપડનો પ્રચાર કરવાનું કામ હાથ ધર્યું હોય એને પછી જમશેદપુરનાં લોખંડનાં કારખાનામાં બનતા માલ ઉપર કેટલો કર છે, અથવા તો રબ્બા રેલવેનાં ઑઇલરો શા માટે બનતાં નથી, એ બધી ભાંજગડમાં પડવાની શી જરૂર? આમ કહેવાનો એ અર્થ નથી કે પોતાની આસપાસના જગત સાથે નિકટનો પરિચય સાધવા પોતાની દૃષ્ટિનું ક્ષેત્ર ન વિસ્તારવું. પણ જ્ઞાન મેળવવા પૂરતો એક વાતમાં રસ લેવો એ જુદી વાત છે, અને લડનની દૃષ્ટિએ એમાં ઊંડો ખુરકો મારવો એ પણ જુદી વાત છે. આપણા દરેક મોટા ઉદ્યોગના હિત માટે તે તે ઉદ્યોગ સાથે સંબંધ ધરાવતાં માણસો પોતાથી બનતો પ્રયત્ન કરી રહ્યાં હોય જ છે. અને ન્યૂહરચનાની દૃષ્ટિએ તે તે ઉદ્યોગોનો અભ્યાસ કરવો એ તેમનું જ કાર્ય છે. બીજી તેમાં માથું મારે એ તો, શિખાઉ બેલાડીઓ ક્રિકેટ રમતા હોય અને એક જ દડા પાછળ જુદાં જુદાં પૉઇન્ટ ઉપરથી ત્રણચાર જણા દોડે એના જેવું બને; કેમકે સમગ્ર હિંદની પ્રજા બધા ઉદ્યોગોમાં રસ લેતી થાય તોજ એ ઉદ્યોગોની સ્થિતિ સુધરે એવું કાંઇ હોતું નથી. અને જો એમ હોત તો આપણે બધાએ ચલણવાની બાબતો એટલી બધી વધી પડત કે એ જ્ઞાન મેળવવાની ક્રિયા બીજી કોઇ રચનાત્મક કાર્યક્રમ માટે અવકાશ જ ન રહેવા દેત.

આથી એ ઉદ્યોગો સાથે સંબંધ ન ધરાવનારાઓ, કદાચ સામાન્ય ઇતિહાસ કે ભૂગોળમાં રાખે એવો ઉપલક

રસ આવી ચર્ચાઓમા રાખે તો ચાલી શકે પણ એને બદલે, છાપાઓમા પાનાના હિસાબે આવી ચર્ચાઓને વધુ મહત્ત્વ મળતુ હોવાથી, રચાતા ઇતિહાસની વિચાર-સરણીથી પાછળ રહી જવાય વખત આપવાના ભયે બધાને એ ચર્ચાઓમા અગત રસ લેવો પડે છે. આમ હોવાથી દેશની અંદરના બેચાર મોટા હિતો આખા આમવર્ગ ના વિચારબળને કેદ કરે છે, અને બીજી નાની નિગતો માટે વિચાર કરવા જેટલી છૂટ કે વિચારની બચત રહેવા દેતાં નથી.

આથી જ, ઉપર કહ્યા તેવા નાના, ક્યારેક એક જ કુટુંબ કરી શકે એવા, નવીન ઉદ્યોગોની શોધમા આપણુ સમૂહમાનસ છૂટુ મૂકી નથી શકાતુ આપણા દેશનેતાના કે સમાજસેવકના ભાષણના વિષયો ચા કે ખાદી, વિધવા કે પ્રેમભોજન, કે એવા થોડા ગણ્યાગાંઠ્યા જ રહે છે અને એ નાના વર્તુળની બહાર જતા આપણી કલ્પના શીખતી જ નથી

પણ એક વખત આપણે એ કલ્પનાવિહારની મઝા ચાખી જોઇએ, એક જ વખત આપણા બેકારો સમક્ષ હળુ આપણા, જેવાતેવા તો યે ભાગ્યા ભરૂચ જેવા દેશમા પથરાએલી પડેવી તકોનુ વિરાટદર્શન કરાવીએ, એક જ વખત કાંઇ કામ કરવાનુ ન સૂઝવાથી મૂઝાતા આપણા બંધુઓને આપણી પાસેથી પરદેશો કયે કયે સ્થળે ફરસી, કરવત કે કુહાડી આચકી લે છે તે બતાવીએ, તો અજ્ઞાન કે અજ્ઞાનપણાના કચરાથી બંધ પડેવી આપણી રક્તવાહિનીઓમા અનેક સ્થળે ફરીથી જીવનનો સંચાર થાય, અનેક કુટુંબોને એમાથી દિશાનિર્દેશ મળે પછી જેમ બળતા રણમા પાણીનુ દર્શન અજાણ હિંમત આપે એમ આપણો એ બિનદર જોઇ શકે કે પોતાની આસ-પાસ કાચા માલરૂપે વેરાએલી અનેક વસ્તુઓમા મજૂરી નાખવાથી તેને સમાજને ઉપયોગી પદાર્થોમા ફેરવી શકાય તેમ છે. પછી તે પોતાની શક્તિ તથા સાધનને અનુકૂળ એકાદ વસ્તુની પસંદગી કરી શકે અને તેમાથી આજીવિકા મેળવી શકે

જોકે આ પાછળ જણાવ્યુ તે અમુક જાતના પાકા માલ માટે જોઇતા કાચા માલ તથા તેની કાર્ય પદ્ધતિ સમજાવવાનુ કામ આપણી કૉલેજો કરતી તો હોય છે. પણ આપણી એ કૉલેજોનુ શિક્ષણ તો સર્પના ઝેર માટેનુ ઇંજેકશન એ ઇંજેકશનની શીશીઓ જ્યા ભારી હોય એ આરસ પાથરેલી ઑપરેટિવ્સમા સર્પ આવે નહિ, અને બેદૂતને બેતરની વાડમા હાથ નાખવાનો હોય ત્યા એના બોસામા ઇન્જેકશનનો સામાન તૈયાર ન હોય. એમ, એ કૉલેજોમા શીખવા આવનાર બિદ્યાર્થીઓમા એટલા બધા ગૂંચવાઇ પડે, કે પત્થર રત્નનો શબ્દકોશ એક કલાક તો ગોખે, પણ પત્થર રૂપિયાભારનો ચોપડો દીવાની જ્યોત પર એકધારો ગણી ન શકે. અને જેઓ જડબાતની માફક પોતાના શરીર લાકડાના બનાવ્યા હોય એ બિમારો કામ કરી શકે તેમ હોય એ ઓ આગળ આવો કોઇ નવો નુસ્ખો ન હોય !

વળી આ સિવાય કૉલેજના શિક્ષણનો બીજો પણ એક દોષ છે બિસ્તૃત દૃષ્ટિબિંદુ એ જ બધા ઉચ્ચ શિક્ષણનો આદર્શ હોવાથી અમુક એક જ ઉદ્યોગ માટે જોઇતુ કેન્દ્રિત જ્ઞાન કૉલેજ નથી આપતી પરિણામે કૉલેજમાથી છૂટેલો આપણો બિદ્યાર્થી સેંકડો વસ્તુઓના ઘડતરમા ચંચુપાત પામી ચૂકેલો હોવાથી એ દરેકના સર્જનની નાની કથા કહી શકશે, પરંતુ એકપણ વસ્તુ સંપૂર્ણપણે બનાવી નહિ શકે. આપણો તાજો રસાયણ શાસ્ત્રી હાઇડ્રોકલોરિક ઍસિડ બનાવવાના યંત્રનું ચિત્ર દોરી દેશે, પણ ગુમડા પર ચોપડવા એક રૂપિયાભાર તાજાનો કાચ આ પળે જ જોઇતો હોય તો તે કયાથી લાવવો તેના વિચારમા પડી જશે.

અને કદાચ અત્યારની કેળવણી આ જાતનો દોષ સુધારવા યત્ન કરે તોપણ એકદરે એ આખી ક્રિયા ખર્ચાળ છે એ તો દેખીતુ છે. કેમકે જીવનની ઘણી વ્યાવહારિક વસ્તુઓમા બહુ તાત્ત્વિક દૃષ્ટિ બિનજરૂરી થઈ પડે છે અત્યારે હિંદની જરૂરિયાત રોટલાની છે, અને તેથી સોડા અને તેલ મેળવી ગામડામા પોતાના ગામની સાબુનો પ્રચાર કરી શકનાર ફેરીઓ એ માણસ સર્જન વખતે કઇ ક્ષણે તેલમાનું ગ્લીસરીન સ્ટીરીઆરીક ઍસિડથી છૂટુ પડયું તે ન જાણતો હોય તોપણ ચાલી શકે છે

વળી અનેક વસ્તુઓમા રસાયણ પ્રવેશ કરાવવાની આ કેળવણીનો મુખ્ય હેતુ એક જ કે તેથી અભ્યાસ કરનાર પોતાની વ્યાપક દૃષ્ટિથી જીવનનું અવલોકન કરી પોતાનુ ધ્યેય નક્કી કરી શકે, અને પછી એ દિશામા પોતાની મેળે આગળ વધી શકે દાખલો કે એક માણસ મૅટ્રિક પછી ચાર વર્ષ ખેતીવાડી કૉલેજમા ગાળી અનેક સત્યો શીખ્યો અને પછી

તેમાથી એકાદ પસંદ કરવાના નિશ્ચય વખતે 'થોરની રાખમાથી પોટાશ મેળવી શકાય' એ સાદા મત્યે, કાચા માલની વિપુલતાને અંગે તેને આકર્ષ્યો. તેણે બીજા બધા સાથી ભૂલી આ એક જ સંભવ ઉપર પોતાના જીવનની ઇમારત ચણવા નિર્ણય કર્યો અને એ પ્રશ્નનો જરા વિધિપુરઃસર અભ્યાસ કરવા એ પ્રશ્ન લગતુ રસાયણશાસ્ત્ર વાચી ગયો. અને પછી થોરની રાખ એકઠી કરવા ગામની સીમમાં ગયો. પણ ત્યા તેણે મહાન આશ્ચર્ય વચ્ચે જોયું કે એ રાખનો તો પાસેના ગામના સાકરના કારખાના-વાળાએ ઇજારો રાખી લીધો છે. તપાસ કરતાં તેને માલૂમ પડ્યુ કે પોતે જે સત્ય ક્લેજમા શીખ્યો તે એ માણસે 'આર્યવિદ્યા'ના વખારામાં ઉપરછલ્લી દૃષ્ટિએ વાચેલું અને તરત સાકર હાર-વાની ઢબે તેના પર કામ લેતા તે પોટાશ જમાવી શકેલો. અને એવી જ ત્વરાથી, એ નવું બિઝનેસ સ્થાપવા નિશ્ચય કરી તેણે પોતાનું કામ શરૂ પણ કરી દીધેલું. એ વખતે એ ક્લેજીઅનની કરુણ સ્થિતિનો આપણને કાંઇક ખ્યાલ આવી શકે. જીવનનું ધ્યેય સુનાડવા માટે ક્લેજો જે રસ્તો લે છે તે આમ અતિ શય લાંબો પડે છે અને એને બદલે જીવનની અનુભવ-શાળામાથી મળતા સૂચનો એકદર સોંઘા પડે છે.

તો પછી આવા છૂટાછવાયા સૂચનોને પ્રદર્શનના રૂપમા એક જ જગ્યામા એકત્ર કર્યા હોય તો એની ચોટ કેવી આબાદ થાય? પોતે કઇ બાબતમા રસ લેવો એ પ્રશ્નનો જે જવાબ શોધવા બીચારા ક્લેજીઅનને તકલિફભરેલાં ચાર વર્ષ ગાળવાં પડે તે જવાબ આવાં પ્રદર્શનનો એકાદ અઠવાડીઆનો અભ્યાસ પૂરો પાડે. જે અનેક વસ્તુઓને ભણ્યા પછી પાછી ભૂલી જવી પડે એવી વસ્તુઓ પર પહેલેથી જ લાલ લાઈ મારતાં આવું પ્રદર્શન આપણને શીખવી શકે.

અને એવી રીતે નિરર્થક બાબતોનો અભ્યાસ ન કરવામા બચેલી શક્તિનો ઉપયોગ પોતે પસંદ કરેલા વિષયનો સંપૂર્ણ અભ્યાસ કરવામા કરી શકાય. આપણા પ્રદર્શને આમ જનતાની એક નાની એવી ઔદ્યોગિક શાળાનું કામ કરવાનુ હોઇ તેમા આને માટે પણ અવકાશ રાખ્યો હોય. જે પાકા માલને પ્રદર્શનમા ગોઠવ્યો હોય એમાં કામ લાગતા કાચા માલના નમૂના પણ તેની સાથે જ રાખ્યા હોય, અને પછી, બની શકે ત્યાં ચિત્રો, ફોટોગ્રાફ્સ કે છેવટ ટૂંક વર્ણન કરી તે તે માલની કાર્યપદ્ધતિ સમજાવી હોય, તેમજ એથી વિશેષ દર્શકને મેળવવા કયું સાહિત્ય ક્યાં મળી શકશે તે પણ તેની સાથોસાથ બતાવ્યું હોય. આથી પ્રદર્શન જોવા આવેલો માણસ પોતાને માટે એક ધંધો પસંદ કરી, તે અંગે શીખીને જ પાછો ઘેર જાય.

૩

આપણે આ પળે એ કારીગરની સામે એક નવો પ્રશ્ન આવીને ઊભો રહે. આપણા વપરાશમાં આવતી કેટલીક વસ્તુઓમા બનાવનારને સારો નફો રહી શકે એમ હોવા છતા એના વપરાશનુ ક્ષેત્ર કારીગરને સ્પષ્ટ ન હોવાથી તે બનાવવા જતા એ અચકાય છે. દાખલા તરીકે ઉપર આપેલાં કાચના અને મીણનાં ઉદાહરણો જ લઇએ. આ વસ્તુઓ વાપરનારા દેશભરમા એવા છૂટા વહેંચાએલા હોય છે કે કારીગર તેઓના સીધા સંબંધમાં આવી શકતો નથી અને તેથી પોતે બનાવેલો માલ ખપાવવામા તેને અડચણ પડે છે.

વસ્તુતઃ આપણી ઔદ્યોગિક શિથિલતામાં આવાં સરખા દિનવાળા માણસોનો સંબંધ બાંધનારી કોઇ મધ્યસ્થ સંસ્થાનો અભાવ ખાસ જવાબદાર છે. જોકે આપણે ત્યાં પણ જાહેરખબરો આપવાના સાધનો છે. પણ આપણા અવ્યવસ્થિત ઉદ્યોગોને એ સાધનો ખરચાળ થઇ પડે છે અને પરદેશની જોરજમાનાવાળ જાહેરખબરોના એકધારા મારે આગળ આપણા ઉદ્યોગો પગભર થવા જેટલું બળ કેળવી શકતા નથી.

ઉદાહરણાર્થે, ભૂમિતિ શીખવવામાં કામ લાગતાં લાકડાના ઓજારો, જેનો ઉપયોગ બોર્ડ ઉપર કરવાનો હોય છે, તેનો દાખલો લઇએ. આ ઓજારોની રચના એવી સાદી હોય છે કે તે બનાવવાના સાદા ધંધો આપણા કારીગરો બહુ ઓછી તકલિફે ઊભા કરી શકે. એ સાધનો આપણે ત્યાં કેટલોક સંસ્થાઓ બનાવે પણ છે. તેમ છતાં એ જાતનો માલ પરદેશથી પણ બહુ ઘણો આવાત થાય છે, એટલે દેખીતું છે કે બહુ એ દિશામા વધુ કામ માટે અહીં અવકાશ છે. હવે આ સાધનો ઉપર આખું કારખાનું નભી ન શકે. કારખાનુ કાઢવા માટે તો સાથોસાથ બીજી પણ અનેક વસ્તુઓ બનાવવી જોઇએ, અને એવી બધી વસ્તુઓમાં

જેને રસ હોય એવો કોઇ શ્રીમંત એ કામમાં ન ઝંપલાવે ત્યાં સુધી એવું કારખાનું ઊભું થવાનો સંભવ નહિ જ્યારે બીજી બાજુ, એ જાતની વસ્તુઓ બનાવી શકે એવા ઘણા સુતારો નવરા પડ્યા હોય છે

અહીં કોઈ પ્રશ્ન કરશે કે જો એક તરફથી એ માલની ખપત વધવાનો સંભવ હોય, અને બીજી તરફથી એ માલ બનાવી શકનારા કારીગરો બેકાર બેઠા હોય, તો એનો સાદામાં સાદો નિકાલ એ કારીગરોએ ચાલુ કારખાનામાં જોડાઈ જવું એ જ હોઈ શકે, અથવા તો એ કારખાનામાં જ વધુ વેપાર થતા વધુ કારીગરોની માગણી આપોઆપ થવી જોઈએ અને એમ બને દૃષ્ટિએ નવા કારખાનાની આવશ્યકતા ઓછી થાય છે ઉપરની ત્રિરાશિ ગણિતના ક્ષેત્રમાં સાચ આવી હશે, પણ માનસશાસ્ત્રના ક્ષેત્રમાં નહિ પ્રથમ તો કારખાનું એકનું એક હોય તે ગમે તેટલું વિસ્તાર પામે તેમ છતાં એ કારખાનાનું નિર્માણ કરનારાઓની છાપ એમાં બનેની એકેએક વસ્તુ પર હોવાથી, તેમાં બનેલા માલમાં વિવિધતા આણવાના તેઓના પ્રયાસ છતાં અમુક એક સામાન્ય ઘરેડ આવી આવશે ત્યારે બીજી બાજુ ખરીદ કરનારનું માનસ આવી ઘરેડની પણ વિવિધતા માગે છે, પછી ભલે તે નવી છેલ્લી પસંદગી જનસમૂહને કદાચ મૂર્ખાઈભરેલી પણ લાગે કારખાનાની ખરીદી કરવા નીકળેલાઓમાં આપણે આ જાતના માનસનો આબેહૂબ નમૂનો જોઈ શકીએ છીએ શરૂ ગાડીમાં એક ડિઝાઇન જુએ, 'ઠીક' કહી તેને એક બાજુ મૂકી દે વળી પાંચપંદર બીજી ડિઝાઇનો જુએ, અને છેવટે, કોઇક સેન્ટિમેન્ટની ખાતર કોઇથી, કોઇક માનસમાં રસ નીકળે વિચિત્રતાથી, પહેલા નિરસકારેલ ડિઝાઇન તરફ આકર્ષાય, અને તે ડિઝાઇન લઈને પોતે ઉપાડે ઠોકે નાખવાદ કરી 'કન્ટેમ' જાહેર કરી, માટે તે લેતા શરમાય, અને પછી છેવટે, એના કરતા પણ કલાદૃષ્ટિએ હલકું કાપડ લાઈ ઘેર જાય આવા ઊસ્તાદ(?) ખરીદ કરનારાઓ ઘણાએ જોયા હશે

આવું જ કોઇક દેશી કારખાનાઓમાં બનેલા માલ પત્યે બને છે અમુક જાતનો માલ બનાવનાર જે બીજા કારખાના જાણીતા હોય તેના કરતા હલકપદર હોય તો પછી માનવી જાતમાં ફેર ન હોવા છતાં પોતે ખરીદેલા માલથી માણસ ખુશ રહે છે, કેમકે એથી પોતાની પસંદગીને જોખવાની છૂટ મળ્યા હોવાનો તેને આત્મસંતોષ રહે છે આથી, ઘણી વખત એમ બને છે કે અમુક જાતનો માલ બનાવનારાઈ અમુક વરસે પચીસ હજારથી વધારે કીમતનો માલ કાઢી ન શકતું હોય, અને એવું જ બીજું કારખાનું હરીફમાં આવે તો બને-એ બીજે વરસે બીમ બીમ હજારનો માલ વેચ્યો હોય

આથી, અમુક જાતનો માલ બનાવવાના, દેશમાં છે એટલા કારખાના માંડ માંડ ચાલે છે માટે બીજાં માટે અવકાશ નથી એ દલીલમાં બહુ વજૂદ નથી. જો એ જાતનો માલ પરદેશથી આવતો હોય અને એ આંકડાઓ તેમજ દેશમાં બનતા માલની કીમતના આંકડાઓમાં સારો એવો તફાવત હોય, તો પછી નવા કારખાને માટે ક્ષેત્ર છે જ કદાચ એ નવું કારખાનું પણ પોતાની સાથેના સીન્ડિકેટની પેઠે 'માંડમાંડ' ચાલે પણ જ્યારે દુનિયાનું અર્થશાસ્ત્ર મૂળથી બદલાઈ ને માણસ એકદમ અદકી જવા તૈયાર થયું છે ત્યારે જેવુંતેવું પણ 'ચાલવું' એ તો મહાન સંતોષની વાત થઈ પડે એમ છે

હવે કારખાના ઉપરથી કારીગર ઉપર આવીએ આ છેલ્લા ગજવાર કારખાના સ્થાપવા જેટલી એકદરથી મરી કે વ્યવસ્થાશક્તિ હજુ નથી, અને બજારની સ્થિતિમાં કારખાના વગર કારીગરનો ઉદ્ધાર નથી અને કદાચ કારીગર પોતાની જાત માથે મારસ ખેડે તો પોતે બનાવવા ધારેલા માલના આખા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ સ્વીકારવા જેટલી તેમાં શક્તિ નથી આવી સ્થિતિમાં આ પ્રશ્નનો બીજો કોઇ રીતે નિકાલ લાવવાની શક્યતા આપણે વિચારવી રહી એ શક્યતા આપણને નવી સમાજરચનાના સિદ્ધાંતોમાં દૃષ્ટિગોચર થાય છે એ નવા સિદ્ધાંતો ઉદ્યોગોના સમાજમાં ઉત્પાદન અને વહેંચણીની આધુનિક પદ્ધતિમાંના સર્વોત્તમ તત્ત્વોનો બનેલ દૃઢભાજક આવી બનેલ છે, અને બાકીના સમાજદ્રોહી તત્ત્વો આપોઆપ લોપ પામે છે યંત્રોના વપરાશથી જ ઉત્પાદન ઓછું અને વિપુલ પ્રમાણમાં થઈ શકે એ સત્યનો એ નવી ઘડાતી રચનામાં સ્વીકાર કરવામાં આવે છે ખરો, પણ માથોમાથ દરેક કારીગર પોતાના એકાદ ગામડુંઘોગને માફક આવે એવા એક નાના યંત્ર સહિત એકાદ કારખાનું થાપી રહે, એ નવી સંભાવના માટે પણ એમાં અવકાશ ગણનામાં આવે છે આવી પરસ્પર

વિરોધી દેખાતી સાધનાઓ કયારે અને કેવી રીતે શકય બને એ ચર્ચા કોઇ જુદા લેખમાં વિચારવા બાકી રાખીએ. હાલ તો આપણે એમાં માત્ર એટલું જ જોવાનું છે કે ગરીબ કારીગરોએ નાના પાયા પર બનાવેલી છુટક વસ્તુઓ એકત્ર કરી, એને વિભાગવાર ગોઠવી, તેમાંથી મોટાં કારખાનાંની હરોળમાં ઊભી શકે એવો જથ્થો તથા વિવિધતા ઉત્પન્ન કરી, તેને જથ્થાબંધ વેચવાની સગવડ કરનારી કોઇ મધ્યસ્થ સંસ્થા, અથવા એવી કોઇ સંસ્થાનું કામ સારી શકે એવા શ્રીમંત વેપારીઓ તૈયાર થઇ શકે તો પરસ્પરના સહકારથી ઉભય સારો એવો લાભ ઉઠાવી શકે. અને આ પ્રદર્શન પણ આ હેતુને પ્રધાનપદે રાખીને જ યોજ્યું હોઇ, કારીગરને કેળવવા સાથે તેનો મૂડીદાર સાથે સુયોગ કરાવી દઇ હિંદી ઉદ્યોગોના વિકાસને સંપૂર્ણ વેગ આપી શકશે.

૪

અત્યાર સુધી આપણે આપણા એ ભાવિ પ્રદર્શનની જરૂરીઆતો અને શકયતાઓની ચર્ચા કરી. હવે એ પ્રદર્શન કેવી રીતે વ્યવહાર સ્વરૂપ પકડી શકે એ વિચારવાનું રહ્યું. આને માટે વધુ ચર્ચા કરવાને બદલે એવા એકાદ પ્રદર્શનનું કલ્પનાચિત્ર ખડું કરવા આપણે હવે પ્રયાસ કરી જોઇએ.

એ પ્રદર્શન, જેનું સ્થૂળ આપણી કલ્પનામાં બંધાવું હજુ હમણાં જ શરૂ થયું છે, તેની ખાસ વિશિષ્ટતા એ છે કે બીજાં પ્રદર્શનોની માફક, કીમતી અને પ્રથમ દર્શને પ્રેક્ષકને આશ્ચર્યમુગ્ધ કરી દે એવી સુંદર કે કલામય વસ્તુઓનો, માત્ર એ સુંદરતા કે કલામયતા ખાતર જ, એમાં કાંઇ સ્થાન જ નથી. કલાના રસિયા જોનારને તો એ પ્રદર્શનને બદલે આખા હિંદનો ઉકરડો લાવી એક જ સ્થળે ભેગો કર્યો હોય એવું જ લાગે; કુમકે નજીવી લાગતી વસ્તુઓ જ મહાન લાગતા ઉદ્યોગોનાં બીજ રૂપ છે એ એક પ્રાથમિક સૂત્રનું દિગ્દર્શન એ તો આ પ્રદર્શનના વિધાનનો મૂળ હેતુ છે.

આમ, એક સ્થળે આપણે એક કાચ-કાગળને એક તપ્પામાં મઢેલો જોઇએ છીએ; અને એ તપ્પા પાસે, તેની આગળ જ એક બાઉન પેપરનો રોલ, થોડા સરેસના ટુકડા, અને ગામની શેરીમાંથી વીણી આણેલા ચીમની કે શીશીઓના ટુકડાઓ પડ્યા છે. વળી એ તપ્પા સાથે બાંધેલી એક પુસ્તિકામાં થોડાં ચિત્રો અને સાદી ભાષામાં આપેલી સમજૂતીથી, એ કાચા માલમાંથી એ કાચ-કાગળ નાના પાયા ઉપર કેવી રીતે બની શકે તે પૂરેપૂરું બતાવ્યું છે, અને હિંદની આ માલની વાર્ષિક કેટલી જરૂરિયાત છે તેના આકડા પણ આપ્યા છે. વળી એ તપ્પાવાળા ડેરકના નીચેના ભાગમાં કેટલાક ઇન્ડેક્સ કાર્ડ મૂકેલા છે, અને દરેકે એ કાર્ડોમાં પોતાના તરફનું એક, યોગ્ય કીંમત આપી ઉભેરી શકે તે માટે, થોડા કોરા કાર્ડ પણ રાખેલાં છે. એ બધાં કાર્ડ બાનાંવાર સૂચિવાળા ભરાવી એક પેટીમા મૂકેલાં છે. એક બાનામાં એવા બાઉન પેપર વેચનારા વેપારીઓની જાહેરાતો છે. બીજામાં સરેસ વેચનારા, ત્રીજામાં કાચના ટુકડા પૂરા પાડનારા વગેરે બધા અનુક્રમે દેખા દે છે. એક બાનામા આવી રીતે બનેલો માલ વેચાતો રાખવા ખુશી બતાવતા વેપારીઓનાં કાર્ડ છે, અને વળી બીજામા યોગ્ય મૂડી મળે તો આવા કાચ કાગળ બનાવવા ખુશી હોય એવા બેકાર કારીગરોનાં કાર્ડ છે. આમ એ તપ્પામા મઢેલો કાચ-કાગળ તો કદાચ બેચાર પૈસાની કીંમતનો હશે, પણ એ નજીવી દેખાતી ચીજને કેન્દ્રસ્થાને રાખીને ગોઠવેલો આ આખો સરંજામ પચીસપચાસ રૂપિયાના ખર્ચે તૈયાર થયો હશે. પણ કાંઇ ફિકર નહિ. પ્રદર્શનને થએલું એ ખર્ચ એ કાચ-કાગળ લાખોગણું કરી પ્રાન્તના કોઇ વર્ગને જરૂર આપી રહેશેઃ કદાચ એ ઇન્ડેક્સકાર્ડો મૂકનારાઓ પાસેથી મળેલી જાહેરાતની રકમમાં જ પ્રદર્શનને થએલું ખર્ચ હાલ તુરત તો વળી રહેશે, અને બાકીની જાહેરાત થશે અને ઉદ્યોગ વધશે તે નફામા.

આમ, જુદેજુદે સ્થળે જુદીજુદી વસ્તુઓ પોતપોતાના કુટુંબપરિવાર સહિત એકેક જુદો સ્ટૉલ રોકીને પડી છે. કયાંક, કચકડાની બનાવેલી લાગતી હોય એવી સુંદર ચીજો અને એની પાસે કાચા માલ તરીકે સોડાં બરેટાં અને થોડા ઑસિડો કે એવું કાંઇ; કયાંક દાંતાદાંતના જેવી સુંદર લાગતી કારીગરીવાળી વસ્તુઓ અને તેની પાસે ગામનાં કુતરાંએ ચાટી મારેલી દાંતેલાં હાડકાંનો ઢગલો; બીજે કોઇ સ્થળે બેચાર કાગળના નમૂના અને તેની પાસે ગામના રદ્દીમાં રદ્દી ગામા વગેરે. બીનઅનુભવી જોનારને કુરૂપ લાગતી, પણ અર્થશાસ્ત્રમાં કેળવાએલી દૃષ્ટિને કનુ દેસાઇનાં 'ઉંદર

અને નિશા' માના,મીને પોતપોતાની રીતે સુદર દેખાતા અનવયોના સુભગ સમાગમ જોવી લાગતી, એ બધી વસ્તુઓ ભૂખ્યા કારીગરને ધીરજ આપી રહી છે

વળી, પ્રદર્શનના એક ઓરડામા એક નાનુ પણ કાળજીપૂર્વક ચૂટેલા પુસ્તકોનું પુસ્તકાલય છે અને તેમા, પ્રદર્શનમા મૂકવામા આવેલી બધી વસ્તુઓ સબધી સપૂર્ણ માહિતી આપતા પુસ્તકો છે જેથી કોઇ કારીગરને કોઇ વિષયમા ઉત્પન્ન થએલો રસ નિરર્થક ન જાય

ઉપરાત, પ્રદર્શનની આ કિસમા જ એની વ્યવસ્થા પાછળ ડોકિયુ કરતા આપણને માલૂમ પડે છે કે દેશ ભરના વિચારક ભેજાઓના સગઠિત પ્રયાસથી જ પ્રદર્શન ઊભુ થયુ છે એટલુ જ નહિ, પણ એ જાતનુ સગઠન શકય બનાવવા માટે એક ચોક્કસ પદ્ધતિ પણ યોજવામા આવેલી છે પ્રદર્શનનું ચાલુ કામ કાજ તો જોકે કાયમી પગારદાર નોકરો જ કરે છે, પણ એના તત્ર સબધી સૂચનાઓ આપવા માટે જાહેર નિમત્રણ હોવાથી, અને એ સૂચના આપનારાઓને પોતાની જ જાત દેખરેખ નીચે એ સૂચનાઓને અમલમા લાવવાની સપૂર્ણ સ્વતત્રતા તથા સગવડ હોવાથી, પ્રદર્શનમા મુકાએલો એકેએક સ્ટૉલ તે તે વિષયના નિષ્ણાત કોઇ ને કોઇ સમાજસેવકનુ મૌલિક સર્જન બની ગએલ છે; અને જેમ દરેક કલાકૃતિ ઉપર તેનો સર્જક પોતાનું નામ મૂકવા દક્કદાર હોય છે, તેમ અહીં પણ દરેક સ્ટૉલ ઉપર તેના તત્રવાહકનું નામ વિદની કારીગરી બુદ્ધિને આભારી આપવુ મગરૂરપણે ઊભુ છે. આ સાદી દેખાતી તરકીબે પ્રદર્શનની યોજનાને અજબ વેગ આપ્યો છે કાર્તિની ભૂખને પ્રશસ્ય ગણવી કે નહિ તે જુદો પ્રશ્ન છે—પોતે કરેલી સેવાની માનવતા કદર કરે અથવા તો તેના તરફ મદાનુભૂતિભર્યો દૃષ્ટિપાત કરે એ માનવીની સ્વભાવજન્ય એષણાને માનસશાસ્ત્રીય વ્યાખ્યાઓના કોષ્ટકમા ક્યા સ્થાન આપવુ એની ચર્ચા પાછળ કર્મયોગના તપસ્વીઓ ભલે મગજ પકવ્યા કરે—પણ અહીં એ કીર્તિભૂખ, એ જનાદરની એષણા, વિદના આર્થિક હિતને પોષવા પહલિસર ઉત્તેજવામા આવી છે, અને તેથી, કૉલેજોમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, કારખાનાઓમા કામ કરતા કારીગરો, ઔદ્યોગિક વિષયોની ચર્ચા કરી જાણતા લેખકો, નાની મોટી વેપાર ખેડી રહેલા કોઇ ચણગક વેપારીઓ, અને એવા બીજા અનેક નાના માણસોના જીવન વલોવાના ઊતરેલુ નવનીત અહીં જમા થઇ શકયુ છે.

આવી રીતે તૈયાર થએલુ આ પ્રદર્શન કદાચ શરૂઆતમા માગી મૂડીથી ઊભુ કરેલુ હોવા છતા, વખત જતા મૂડી અને મજૂરીનો સયોગ કરાવી આપવાની દલાલીમાથી પોતાના પગ પર ઊભા રહેવા જેટલુ પોષણ પોતાની જાતે જ મેળવી લે, અને એમ બને તો કદાચ વિદના અર્થશાસ્ત્રને સુધારવા માટેની એક સ્થાયી સસ્થા પણ તે બની જાય અને આ બધુ લક્ષમા લેતા, નવી આર્ટ્સ કૉલેજને સ્થાપવા પાછળ ખર્ચાના આપણા દ્રવ્ય અને વિચારબળ, આપણા રોટીના પ્રશ્નનો આમ બીજી રીતે નિકાલ લાવી શકે એવી આ પ્રવૃત્તિમા રોકાય એટલું જ આપણે હવે જોવાનુ રહે

હરિકૃષ્ણ વ્યાસ

મનોરથ

મિશ્ર

કવિ બનુ જો કદી ભાયડો તો,
દિગન્તવ્યાપી ફલકે ય વ્યોમના
કાન્યો લખુ દેવલિપિ વડે મદા
વસુધરાથી વધુ જીવનારા


શિલ્પી બનુ જો કદી ભાયડો તો,
કર્યાચિના વજ્ર દીધેન ટાકણે
ગિરિ ન રો કોતરી કોતરી ને
વિરાટની મૂર્તિ ઉતારવા મથુ

બનુ કદી નાવિક ભાયડો તો
ખૂદી વળુ સાગર સાત ઓકથો
લાવી લૂટી સાગરલક્ષ્મી સર્વે
સસારમા વેડ દનર દાથે.

વિમાનની વ્યોમ ઊડત પાવડી
લઈ, ગ્રહો તારક આભ ખૂદી,
તેજોવલ્યા વાવી રહસ્યમગ્રો
બ્રહ્માડના ભેદ ઉકેલવા મથુ

વિજયશંકર ત્રિ. ત્રિવેદી

આપણી ઊંઘના ઓટલા જ આરોગ્યના દુશ્મન . . . માંકણ



ઉનાળાની રાત હોય, ઊકળાટથી જીવ જવા બેઠો હોય ને માંડ માંડ આંખ બેગી થવા માંડી હોય ત્યા એના એક જ ચટકે ઊંઘ ઊડી જતય ત્યારે બબર પડે કે માકણ એ કેવી જલ્લાદ જીવાત છે. કોઇથી એની કનડગત અજાણી નહિ હોય એક વખત કોઇ ઘરમાં એનો પગપેસારો થયો તો તેમાંથી મુક્તિ મેળવવાનો કોઇ ઇલાજ જ નથી. વિજ્ઞાન પણ હજુ સુધી તેમનો નાશ નીપજાવવામા સંપૂર્ણ સફળતા નથી મેળવી શકયું એમ માંચેસ્ટરના તબીબી ખાતાના વડાનું કહેવંછે.

સાધારણતઃ તો આપણે એમને ઊંઘના જ દુશ્મન લેખીએ છીએ પણ એમનો દરેક દરેક ચટકો લોહીમાં ઝેર ને ઝેર ચેપ મૂકી દેતો હોઇ, આરોગ્યના પણ એ એવા જ દુશ્મન છે. એમને જાતિવિષયક કોઇ દેશ કે સ્થાન નથી. દરેક દેશમા દરેક સ્થળે તે મળી આવે છે. ખાસ કરીને જન્મ ઝેરાલિયતનું જોર વધુ તમાં એમનું જે પરિબળ સવિશેષ હોય છે. વળી જૂ પેઠે એમને કોઇ પ્રત્યે ખાસ પક્ષપાત જેવુ પણ નથી. ગરમ લોહી વાળા કોઇ પણ પ્રાણીનું લોહી એને ચાલી શકે. પછી તે બતકાકૂકડા હોય કે ઊંદરબિલાડાં હોય રાત એ એમના વ્યવસાયનો પ્રિય સમય છે, પણ બહુ ભૂખ્યા થયા હોય તો દિવસે પણ શિકાર શોધવા નીકળતા એ પાછા પડતા નથી.

પશ્ચિમના માકણ આપણે ત્યાના કરતાં લંબાઇમાં વધુ અને અજમાના રંગના હોય છે, પણ એ બંનેનો આચારધર્મ તો સરખો જ! પ્લેગના રોગના ફેલાવા માટે પણ એ જવાબદાર ગણાય છે, પણ તે બાબત નક્કર સાબિતીઓ મેળવવાના પ્રયાસો હજુ થઇ રહ્યા છે. અન્ય કેટલાક રોગો તો એ ફેલાવે છે જ.

વળી, ઉપવાસમા તો એ કાકીને પણ આંટી જાય તેમ છે. એક વરસના ઉપવાસ તો એનો મન રમતવાત છે! એની બાત્રી તો કોઇ પુરવઠે મહિનાઓ પહેલા મૂકી દીધેલા ઘરમાં રહેવા જાઓ ને એમના ધસી આવતાં ભૂખ્યાં ટોળાં જુઓ ત્યારે જ થાય.

એનાં ઇંડા જન્મતી વખતે સફેદ હોય છે, પણ પછી થોડી વારમાં પીળા પડી જતય છે. માદા સરેરાશ રોજનાં બેત્રણ ઇંડાં મૂકે છે. ઘણી માદાઓ ૫૦૦ સુધી ઇંડાં મૂકે છે, પણ એની સરેરાશ ૨૫૦ની લેખાય છે. નવાં જન્મેલાં બચ્ચાંઓમાં માત્ર કદની અપૂર્ણતા સિવાય પુખ્ત માકણ કરતાં બીજો કશો ફેર નથી હોતો અનુકૂળ સંજોગો હોય તો એક અઠવાડિયામાં તો એ બચ્ચાં પુખ્ત બની જતય છે.

માકણ કરડે છે, તે મચ્છરની પેઠે ચામડીમાં સૂંઢ બોકીને નહિ. એ ચામડી વહેરે છે ને છિદ્રમા એની લાળ પૂરી દે છે, જેથી લોહીનો સહેજ પણ અંશ બહાર ફૂટી નીકળતો નથી; પછી મજેથી લોહી ચૂસે છે. એણે ચામડીમાં દાખલ કરેલો એ પદાર્થ જુદાજુદા માણસો પર જુદીજુદી અસર કરે છે. કેટલાકને એ બૂજ અસહ્ય થઇ પડે છે, જ્યારે કેટલાક એની પરવા પણ નથી કરતા હોતા.

એમને પોતાને એક જાતની બાસ ગંધ હોય છે. કદાચ એમને દુશ્મનોથી બચાવવામા એ કારણભૂત હોય. શરીરે તો એ એવા ચપટા હોયછે કે ગમેતેવી બારીક ફાટમા પણ એ ભરાઇ શકે છે. માટીના કાચા ઘરોમાં એ વધુ પોષાય છે. એવાં ઘરોમા રહેનારાઓએ પડાં, ગાદલાં, ગોદડાં વગેરે દરરોજ તડકે રાખવાનું ન ભૂલવું જોઇએ.

માકણને ટર્પેન્ટાઇનની વાસ નથી ગમતી એટલે એમને દૂર કરવાના ઇલાજ તરીકે આઠ ભાગ કેરોસીનમાં એક ભાગ ટર્પેન્ટાઇન અને સહેજ યુકેલિપ્ટસનું મિશ્રણ અકસીર છે. અમેરિકામાં યુકેલિપ્ટસને બદલે પેનીરોયલ વપરાય છે, પણ હિંદમાં તો યુકેલિપ્ટસ જ સરતુ પડે એમ છતાં છૂટકારો ન મેળવી શકાય તો બારીબારણા બંધ કરી ગંધકની ધુમાડીનો પ્રયોગ અજમાવી જોવો. પણ તે છાપરાવાટે ન નીકળી જતય એ ખ્યાલમા લેવાનું. એથી એમના ઇંડાં સુદ્ધાં મરી જતય છે. (સંકલિત)

જુગારી



આ પૂરી કરીને નરસીએ ઈંધુ લેયુ તો પ્રાગજીને પોતા સામે એકીટશે તાકી રહેલો જોયો

"ઓ હોહોહોહો, ઓ ભગવાન!"

અમાસનો દિવસ હતો કારીગરોને મહિને દિવસે એક માત્ર મળતો એ રજનો દિવસ નરસીને પણ આજે રજા હતી, એટલે વહેલ્યો એ ખાટલામા પડી રહ્યો હતો. ગરમી અસહ્ય હતી એટલે બહાર તો નીકળાય જ શાનું? એટલે રઈ રઈને એના મોમાથી ઉપરા સબ્દો નીકળી પડતા હતા

દરરોજ તો એને આમ પડચેપડચે અચ્છો કારીગર બનવાના જ સ્વપ્ના આવતા પણ આજની ગરમીએ તો એના દીવા પડેવા સાંધા બધુ દીવા કરી દીધા હતા પ્રાગજીની ફોડમા કાલે રાત સુધી જે પાવડા ગબેચા તે બધની ધારોંદીથી હજુ તેના આગળા ચમકમતા હતા. એના નાકમાંથી હજુ કોડની રાત નહોતી ગઇ.

નાનપણથી જ નરસી પ્રાગજી બુદાર પાસે કામ શીખવા રહેતો એની મા ઝગા વિધવા હતી, માથે ગરીબ હતી ને ગરીબના ઉપરને મજૂરી સિવાય બીજો રોજગાર મળી શકે?

દિવસ નમ્યો એટલે બે દિવસો પરમેદો વૃષ્ટી પાણી ભારી આવ્યો ને નાદી વીધુ. એની ના ડીગાની માટીની અમાવાર આવતા, એની મા કાલે જ એને મોગાણા ગઇ હતી માને વળાવવા બે પાદર સુધી ગએલો ને નદી ઓળગી બે છેવટ દેખાતી બંધ થઇ ત્યા સુધી કિનારે ઊભો ઉભો એને નિરખી રહેલો જતા જતા મા એને બે રૂપિયા આપતી ગઇ હતી અને ઓચિંતા બળદ આવતા પોતાને જવુ પડેલું એટલે ઘરમાં પોટ લાવવાનો હતો તે ડી નથા બીજી

એક નાનીશી ગફલત પોવા પાછળ રહેલી મા દીકરા ને શેઠની માનવતાની વાર્તા

ભલામણો કરતી ગઈ હતી. માતા એ વત્સલ બોલનો રણકો ફરી સજીવ થઈને એના કાનમાં ગાજ્યા કર્યો.

એ પાછો ખાટલા પર પડ્યો. બાજુના ઘરમાંથી સણસણ સણસણ તાપડીમાં પડતી દૂધની રેડોનો અવાજ આવ્યો ત્યારે ઘામ પણ કંઈક નરમ પડ્યો હતો એટલે એણે થોડુંક ફરી આવવાનું મન કર્યું. બે રૂપિયા ખોટીમાં ખોસી લીધા ને ઘરને સાંકળ ચડાવીને એ ચાલતો નીકળ્યો.

નદીને કિનારે આવી એ બેઠો. અહીં કંઈક ઠંડક હતી આસપાસ નજર ફેરવી તો જોયું કે પોતા કરતાં બીજું કોઈ સારું માણસ ત્યાં ન હતું. અપંગ ને ભિખારીઓ સિવાય બાકીનાં એના જેવાં જ હતાં.

કાંઠાની એક છાપર ઉપર બેસી નદીના પાણીમાં પગથી છબછબીઆ કરતાં વિચારમાં ને વિચારમાં કેટલો વખત વીતી ગયો એનું એને ભાન ન રહ્યું. એનું મન ઝોલે ચડ્યું હતું. બરોબર, માણભટ્ટ વર્ણવેલા રામાયણના હનુમાન અને મહાભારતના કર્ણ તેની નજર સામે રમી રહ્યા. માના મોંમાથી રોજ રેલાતા પરોઢિયાં ને થાળ, આરતી ને પોઢણિયાં એના કાનમાં ગુંજવા લાગ્યા. થોડી વાર વળી ભરથરી ને ગોપીચંદ, પ્રતાપ ને દુર્ગાદાસ પણ એની કલ્પનાની નજર સામે નાચી ગયા પછી પોતાના વિચારો આવ્યા. ધમણ પર રહ્યા પછી આજ આટલા વર્ષોમાં એ કેટલો આગળ વધ્યો હતો? ઘણનો પોતાનો ઘા ચોટદાર પડતો હતો અને તપેલા લોઢાના રંગ પરથી તેનો તા પારખતા પોતે શીખી ગયો હતો. ભલે પૈડાની સગ ચડાવવાનું હજુ એને નહોતું ફાવતું, પણ પ્રાગજીના હાથ નીચે પોતે અચ્છો કારીગર તો નીવડવાનો.

એમ ને એમ તરંગો દોડાવ્યે જતાં, આંદો ઠેઠ માથે આવ્યો ત્યારે તેને ભાન આવ્યું કે કેટલું અમૂઝ થયું હતું. ઊભા થઈ એણે ઘરનો રસ્તો લીધો. મહત્ત્વાકાંક્ષાના માદક વિચારોની ઘટમાળ તો એની ચાલુ જ હતી. બારી વટાવી હજુ પહેલી જ ગલીમાં વળે છે, ત્યાં તો ઊંચા ઓટલા પરની એક દુકાનમાંથી કોઈએ પડકાર્યો, 'અલ્યા, કોણ છે અત્યારે?'

અવાજ પરિચિત હતો. એ દુકાન પર ચડ્યો. મકનના કારીગર દલસુખ સાથે બીજા બે જણ અંદર બેઠા હતા. બધાના હાથમાં પાનાં હતાં. 'આવ, આવ; આ તો નરસી! લ્યો હવે મજા આવશે.' દલસુખે એને આવકાર આપતાં કહ્યું.

'પહેલો જ દાવ એને આપ્યો.' એક જણ બોલ્યો.

'બરાબર છે; બોલ નરસી.' કહેતાં દલસુખે પાનાં હાથમાં લીધાં.

'નવ્વો; બે રૂપિયા!' નરસીએ કહ્યું—તેનાથી કહેવાઈ ગયું, ને અંદરખાનાં પાનાં વહેંચાવા માંડ્યા.

ઉત્તેજિત વિચારોના ચોરસમાં ચગેલું નરસીનું જુવાન મગજ હવે ભાનમાં આવ્યું. ગભરૂ ગફલતમા, કશા નિર્ણય વગર બોલતાં તો એ બોલી ગયો પણ પછી એને ગભરામણ છૂટી. જુગાર, પોતે અને મા, એના ન કળી શકાય એવા વિચારગર્તમાં જાણે ઊંડો ઊંડો એ ઊતરતો ગયો. ત્યા તો દલસુખનો અવાજ આવ્યો, 'ચાલ, મૂકી દે બે રૂપિયા.'

'કેમ?' વિચારમાથી ઝબકી નરસીએ પૂછ્યું.

'કેમ શું વળી? તનેય કાલ જન્મેલો કીકો ખરોને!'

'પણ આ આપણે ખરેખરૂં રમતા હતા!'

'સારે, આટલો રાતે બોલું તે કોઈ રમતું હશે!'

'પણ મારી પાસે પૈસા નથી.'

'શું કરશું, હરિ!' દલસુખે બાકીના બેમાંના એકને પૂછ્યું

'શું કરે વળી? બે જણ્યો હોત તો આપણી બોચ્ચી જ શરમ રાખી હોત!' હરિએ જવાબ આપ્યો.

'નરસી, એમ અમને બનાવી જઈશ, બચ્ચા!' છેલ્લો રહેલો એક પણ બોલી ઊઠ્યો ને એનો હાથ નરસીની ગરદન પર પડ્યો. તેણે છોડાવવા ઘણું કર્યું, પણ એક સામટા છ હાથે એને જકડી રાખ્યો ને દલસુખે એની જડતી લેવી શરૂ કરી. ફરતો ફરતો એનો હાથ કમ્મરની ખોટી પર પહોંચ્યો. 'જોયો, સા . . . જુઠ્ઠો! બન, નીકળ હવે!' દલસુખ ખોટીમાંથી રૂપિયા ખેંચી કાઢી બોલ્યો.

પણ પકડ ઢીલી થતા, એ શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા ને નરસી દુકાન ઊતરી ગયો ને એકશ્વાસે ઝપાટાબંધ ઘેર પહોંચ્યો. અંદર પેસી બારણાંને સાંકળ લગાવી દીધી ને ખાટલામાં પડી ડૂસકે ડૂસકે રોઈ પડ્યો. માએ આપેલા પૈસામાંથી પોતે જુગાર રમ્યો હતો. એ પૈસા આપતી વખતે માએ કેવીકેવી હેતાળ ભલામણો કરી હતી! માની એ ભાષાની તરતી આંખો,

એ વત્સલ ભોવનો રણકો, એને પજવી રહ્યા. મા આવીને પૂછશે ત્યારે પોતે શો જવાબ આપશે?

રડતા રડતા જ એની આંખો ભારે થતી ગઇ.

સવાર થઇ. બાજુના ઘરમાની ગોવાળની ભૂમ ને તાળીના અણખણાટે નરસીની ઊંઘ ઊડી નાહી પરવારી, ગઇ કાલની વધેલી રોટલી ને ગરમરનુ અથાણું ખાઇ એ કામે ઊપડ્યો.

પણ આજે એનુ દિલ કામમા નહોતું ચોટતુ પ્રાગજીએ પણ એને બે વખત ટોકયો એને ઘેર નાસી જવાનુ મન થયુ. પહેલા બે ઘણીવાર એ એમ નાસી ગએલો. મા થોડંક વઢી લેતી, પણ પછી કઇ નહિ. પાછો બીજે દિવસે જાતે જઇ એને દુકાને મૂકી આવતી ને પ્રાગજી પણ 'હજુ બાળક છે' કહી, કશી ગણગુજરી સંભાર્યા સિવાય પાછો એને કામ પર લગાડી દેતો. પણ આજે તો ઘેર જઇને પણ શુ?

જેમતેમ એ દિવસ પૂરો કર્યો આખો વખત એ જ વિચારો એના મનમા રમી રહ્યા હતા 'મા જાણશે તો, કે મારો નરમી જુગાર રમ્યો છે?' ઘેર જઇને જમીપરવારી રહ્યા પછી પણ પાછા એ જ વિચારો એને મૂઝવવા લાગ્યા. પોતાને મોઘુ ધન ગણીને 'મારો નરસી–મારો નરસી' કરતા જેની જીભ નહોતી સુકાતી, જેના જીવનની આશા અને આધાર પોતે જ હતો, એને આ જાણીને શુ થશે? એ ઉદ્વેગ એને કોરી ખાવા લાગ્યો. ચિંતા કરવા જેવુ તો બીજુ યે ઘણુ હતું. કાલનું ખાવાનું શું? ઘરમા ચપટી લોટ પણ ન હતો. પણ ભૂખ કરતા યે જે રીતે એ બે રૂપિયા ગયા હતા તેની એને વધુ થઇ પડી હતી.

બીજા દિવસે પાછો એ કામ પર ગયો ત્યા એક મજૂરે એની માનો સદેશો દીધો કે, 'તારી નાની હજુ પથારીવશ છે. લણણીના મૂલ પણ અત્યારે માગ ચાલે છે, એટલે તારી મા હજુ પખવાડિયુ ત્યા રોકાઇ રહેશે.'

એક રીતે નરસીને કાંઇક હાશ વળી કે હવે મા આવશે તો બે રૂપિયાનુ કંઇ નહિ પૂછે; કારણ, એટલા દિવસમા તોએ રૂપિયા ક્યાય ખપી જાય. પણ હવે ખાવાનુ શું? ત્રણ ત્રણ દિવસના કકડકા તો માણેકરાએ પહેલાં ઘણી વખત વેઠેલા. પણ આ તો આખા પંદર દિવસ હતા.

પ્રાગજી પાસેથી થોડા પૈસા માગવાનો વિચાર એને આવ્યો. પણ તે તો તરત જતો કર્યો એમ કરવા જતા તો માનો વધુ વિશ્વાસઘાત કરવાનુ થાય રોજનો એક પૈસો વાપરવાના પોતે મા પાસે સમ નહોતા ખાધા? વળી માગવા જતાં, માની ગેરહાજરીમા પ્રાગજી પૈસા આપે કે ન આપે એ પણ સવાલ હતો એણે જેમ ચાલે તેમ ચલાવવાનુ જ યોગ્ય માર્યું

એમ ને એમ બીજો દિવસ ને ત્રીજો દિવસ પણ વીત્યો. દિવસમા બે વખત પ્રાગજીની જોડે પીવા મળતા ચાના કપ સિવાય કશુ એના પેટમા નહોતુ ગયુ છતા એણે યંત્ર જેમ કામ કર્યે ગયુ. સાંજે ઘેર આવી, ન્હાઇધોઇ, ધૂન હોય તો એકાદ બે ભજનિયા ગાઇ સૂઇ જવુ ને સવારે ઊઠી દાતણપાણી કરી, ઘર વાળી, નાહી પરવારીને નોકરીએ જવું: એ જ એનો નિત્યવ્યવસાય થઇ પડ્યો

ચોથો દિવસ ગયો ને પાચમો દિવસ ઊગ્યો. નરસી જાણે માણસ મરી જવા મંડ્યો હતો મારા ઘરમાથી ભિખારીઓને મળતા વનાગમધારામા ભાગ પડાવવાનુ એને મન થઇ જતું વામી અન્ન કે ફૂ કેવો ઓટવાઇ ખાતા કાગડાકૂતરાની જેમ એને અદેખાઇ આવવા માંડી હતી. પાચ દિવસના ઉપવાસ પછી પહેલા જેવુ કામ તો એ ક્યાથી જ આપી શકે?

પાચમા દિવસના બપોર થયા નિયત મગમે પ્રાગજીએ ચા મગાવી ને નરસીનો કપ એની પાસે મૂકયો નીચે બેઠો નરમીએ એ પૂરો કરી, જરા ઊંચું જોયુ કે પ્રાગજીનો પોતા તરફ તાકી રહેલો જોયો ચાર આઠ મિનીટ જ પ્રાગજી બોલ્યોઃ 'કેમ નરમી, કાંઇ તબિયત નથી બરાબર? જોને, હમણા કામ પણ જરા ઢીલું પડ્યું છે પહેલા તો કદી તને કહેવું નહોતુ પડતુ હમણા હમણામા આ શુ થવા માંડ્યું છે?'

'તબિયત તો સારી છે—' માંદવા જવાબે નરમીએ જવાબ આપ્યો, 'પણ તાપ . . .'

'શુ? તાપ?!' વચ્ચે જ પ્રાગજી બોલી ઊઠ્યો. 'અરે, બાદરે! હજી તો ઊગીને મર થાય છે ને દાકતરથી તાપ નથી ખમાતો!'

એટલી તો કરડાકીથી તે એ શબ્દ બોલ્યો કે નરમીનું મન ભાગી આવ્યું. પ્રાગજીએ એ જોયુ તરત એની ગરીબી ને નમ્રતાપણું તેની નજર

સામે તરી આવ્યું. તેને થયું કે પોતે ઘણું કહી નાખ્યું. એટલે એને પટાવતા બોલ્યોઃ 'નરસી! તું આટલો બધો દીલો છે એ તો મને આજે જ ખબર પડી! શરીર માઠું ન હોય તો થોડો આરામ લે ને બાપ!'

'નરસીને શું જવાબ આપવો તે ન સૂઝયું. ત્યાં તો પ્રાગજીએ પાછું પૂછયુંઃ 'ભલા, નરસી! ગંગા તને પૈસા તો આપતી ગઇ છે ને? ખાતાપીવાનું શું કરે છે? ન હોય તો થોડાક આપું.'

હવે નરસીને માથે ધર્મસંકટ આવી પડયું. એક જરાક જૂઠું બોલે એટલે પૈસા તો મળે જ. પણ પછી? એણે તાપનું જ બહાનું ચાલુ રાખ્યું. પરંતુ પ્રાગજી એમ માને તેમ ન હતો. 'નરસી! તું તો મારા દીકરા જેવો છે. મારી પાસે એવું અતડાપણું નકામું છે. ગગાના બીચારીના જીવને યે વૈતરું કરવા આડે આખા દિવસમા કયા નિરાત હોય છે? વખતે ભૂકી યે ગઇ હોય.' એણે વાત કઢાવવા પાસો ફેંકી જોયો.

હવે નરસીનો છુટકો ન રહ્યો. એની કાચી બુદ્ધિએ એ વત્સલ વચનોને માર્ગ આપી દીધો. રડતા રડતાં એણે બધી વાત પ્રાગજીને કહી દીધી ને આ લાંઘણ ખેંચેલી હોઇ સાધેસાધો કળાતો હોવાનું જણાવ્યું.

મનમા આવતા વિચારોનો ભાવ ચહેરા પર જણાવા દીધા વિના પ્રાગજી આ બધું શાંતિથી સાંભળી રહ્યો પછી, દાત વચ્ચે હોઠ દબાવી,એ પર કશું બોલ્યા સિવાય બંડીમાથી બે આના કાઢી નરસીને આપતાં એણે કહ્યું, 'લે, પહેલા કંઇક ખાઇ આવ, પછી વાત. પણ જો! સીધો અહીં જ આવજે પાછો.'

પેટનુ પતાવી લાવી અગ્યા કલાકમાં તો નરસી પાછો આવી ગયો. પ્રાગજી એની તૈયારી કરીને જ બેઠો હતો. નરસી આવતા વેંત એણે બે રૂપિયા તેના હાથમાં મૂકયાઃ 'લે. આ ગયા જ નથી એમ માનજે. પણ મને કહે, નરસી' તારે ફરીવાર કરી એવું કરવુ છે?'

નરસી નરકથી આંસુ સિવાય કશો જવાબ ન મળ્યો 'મૂર્ખા!' એને વાસે હાથ ફેરવતો પ્રાગજી બોલ્યો, 'આ તો ઠીક છે, પણ બીજે કયાય હોય હોય તો તને પાછો કામે પણ કોણ રાખે? જુગારીનો ભરોસો કોણ કરે? ને આ પૈસા તારા રોજમાંથી નહિ વાળું અને ગંગાને પણ બબર પડવા નહિ દઉ. રોજ બારો કલાક વધુ રોકાઇ તું એ બાકી પૂરા કરી દેજે.'

નરસીને યે એ ગમ્યું. રોજનો બારો કલાક કંઇ મોટી વાત ન હતી. બીજા દિવસથી પાછું એનું કામ બરાબર ઊતરવા લાગ્યું.

બારીના દસ દિવસ તો જોતજોતામાં પૂરા થઇ ગયા. છેલ્લે દિવસે માનો આવવાનો સંદેશો એને મળ્યો ને ઘણી પાછું એના દિલમાં ઘણા ભોકાવાનું શરૂ થયું: 'માને વાત કરવી કે નહિ?' એ આખો દિવસ એ મનમા બળતોબચતો રહ્યો. માથા છુપાવવું? એની આવી મમતાનો વિશ્વાસઘાત કરવો! જો તે દહાડે બબર પડે ત્યારે શું થાય? પણ એ વાત જણાવીને યે માની ચિંતાઓના પોટલામાં એકનો ઉમેરો જ કરવાનો ને? કોઇ પણ સંજોગોમાં શાંત રહેવાનું જ એણે નક્કી કર્યું.

બીજા દિવસની સાંજે ઘેર આવતાં નરસીએ જોયું કે બારણાં ખુલ્લાં હતાં ને મા આવી ગઇ હતી. પહેલી પહેલી રસોઇ પતાવી લઇને નરસીના આવવાની જ રાહ એ જોઈ રહી હતી નરસીએ કપડાં ઉતાર્યા, નાહી લીધું ને માએ પીરસવા માંડતાં જમવા સારૂ બેસી ગયો. પીરસતાં પીરસતા મા એના શરીર સામુ જોઇ રહી 'જોને બેટા! આટલા દિવસમાં કાયામાં કેટલો બધો ફરક પડી ગયો છે? શરીર તો સારૂ હતુ ને?' એણે પૂછયું, ને 'ના,ના, મા! ઘણા દિવસનો આંતરો પડવાથી એવું લાગતું હશે 'કહી નરસીએ માનુંસમાધાન કર્યું.

માદીકરો જમવા બેઠાં. જમતાં જમતાં માએ ઓણસાલે આવેલા બેનરોના બોલની અને નાનીની માંદગીની વાતો એને કહી સંભળાવી. જાગી રહીને પણ, માદીકરો પાછા વાતોએ જ વળગ્યાં. 'નરસી! તારી નાનીને મેં તારા બધા સમાચાર દીધા. તું કમાતો થયો છે એ જાણીને તો એ રાજી રાજી થઇ ગઇ. મને કહ્યું કે એ બરાબર એના બાપ જેવો જ નીવડશે; બીજી તો ઘણી ઘણી વાતો કરી. ને હવે તો તું ઉમરલાયક પણ થયો છે. મને તો થાય છે કે હવે ઘરની બધી જંજાળ તારે માથે નાખી દઉં.'

બીજે કોઇ વખતે માએ આ વાત કરી હોત તો તો નરસી રાજીના રેડ થઇ ખૂબ લાડમાં આવી ગયો હોત, પણ આજે તો આ ફરમાવત સાંભળતા એને કંઇનું કંઇ થઇ ગયું: 'મને કબજો? આખા ઘરનો!

ગને લુગાડીને?' વિચારોની એ પર પગ અદમ્ય થઈ પડી ને એની કાચી બુદ્ધિ આ વખતે પણ ઝીક ન ઝાલ્યા રાખી એનું મોં પડી ગયું એણે કહ્યું 'ના મા? એને તો દુઃખ પહુ વાર છે'

'કેમ વળી?' પોતાની ઉંમરકાબરી વાતનો આવો દીધા જવાબ સાંભળી માએ મારાવ કર્યો ને નરમીની સામે તાકી રહી નરમી ની આંખો મા ની એ નજરમાંની મમતાનો ભાર ઝીલી ન શકી ને નીચી ઢળી ગઈ માના આગ્રહ આગળ એ ગળી ગયો અને નીચી નજરે લુગાડની આખી વાત એને કહી સંભળાવી પત્થર જેવા કઠોર ચહેરે મા બધું સાંભળી રહી ભાવવિહીન ઝનૂની એવો તો હૃદયદ્રાવક એ ચહેરો હતો કે નરમીને પણ લાગ્યું કે લાગણીના પૂરમાં પોતે ન કહેવા જેવી વાત કહેવાની નિર્દય મૂર્ખાઈ વાપરી હતી એને લાગ્યું કે હવે મા કદી પોતાનો વિશ્વાસ નહિ કરે

'ત્યારે આગલા દિવસ તેં કેમ નિભાવ્યું?' આખરે માએ શુષ્ક ચહેરે પૂછ્યું, પણ એ અવાજમાં ગભરાટ હતો, ચિંતા હતી, બીક હતી ને વેદના યે હતી

'પ્રાગજી કાકાએ બે રૂપિયા આપ્યા' નીચી મુંડીએ નરમીએ જવાબ આપ્યો 'અને એ પૂરા કરી દેવા હું રોજ અરધો કલાક વધારે ભઠ્ઠ પું' એટલું કહી એ જમીન ખોતરવા લાગ્યો ઊંચું જોવાની એની હિંમત ન ચાલી પણ ઘણો વખત થયા છતાં ત્યારે માનો એકે શબ્દ ન પડ્યો ત્યારે એણે ઊંચું જોયું માની આંખો આંસુથી તરબોળ હતી

નરમીથી હવે ન રહેવાયું એની આંખોએ પણ માઝા મૂકી દીધી ને માના ખોળામાં એણે માથું નાખી દીધું 'મા, મા, હવે હું એવું કદી-કદી નહિ કરું' રડતા રડતા એણે કાલાવાલા કરવા માંડ્યા

બે જ મિનિટ આંસુઓની આ સેવડેવડ ચાલી હશે પછી માએ આંસુ લૂછી નાખ્યાં. નરમીના પણ આંસુ લૂછી એને બેઠો કર્યો એકે શબ્દ બોલ્યા વિના એ ઊઠીને મોં ધોવા લાગી ધોતા ધોતા પગાના પર નજર ગઈ ને એ બોલી ઊઠી 'અલ્યા,આ પગાલું તો હવે માર દીકરા જેવું થવા આવ્યું હવેથી તો તું ઘરનો ભોળી થવાનો છે, તો એક પગાલું યે નહિ આણી ગળે?' એટલું કહી એ હસી એ હાસ્યમાં લાડભરી મરકરી હતી, વાત્સલ્યનો ટહુકો હતો

'અરે, એક શું? દસ" નરમીએ પણ એવા જ ભાવ ભરેલા હાસ્યમાં જવાબ આપ્યો

એ હાસ્ય સિવાય બીજા કશા એકરારની એ માજીકને જરૂર ન હતી અશોક હર્ષ

મધ વિષે લેખ . . . ઈનામ રૂા. ૫

થોડા માસ પર 'કુમાર'માં શ્રી રમણલાલ સોનીજીનો 'આપણા બાગકામાંથી આપણે બોજ નાખેલું કમત—મધ' એ નામનો એક લેખ પ્રસિદ્ધ થયો હતો તે વાંચીને એક મૂરબ્બી 'મધના ફાયદા અને ઉપયોગ—વૈદની તથા ડાક્તરની દૃષ્ટિએ' એ નામનો માહિતીપૂર્ણ લેખ કોઈ લખી મોકલે તેને રૂપિયા પાંચનું ઇનામ આપવાની ઇચ્છા દર્શાવી છે ઉપરના વિષય ઉપરાંત બોગાકે તરીકે પણ મધની ઉપયોગિતા તથા ફાયદા અને મદદગારો યે લેખમાં સમાવેશ કરી શકાશે શ્રી રમણલાલ સોનીજીએ બધા લેખો તપાસીને તરીને નિર્ણયમાં મદદ કરવાની મહેરબાનીપૂર્વક હા કહી છે તરીનો નિર્ણય છેવટનો ગણાશે લેખો કુમાર કાર્યાલયને મળવાથી 'મધમાખીનાં દરીકામ'એ શબ્દો કવરને ઉપલે ડાબે ખૂણે લખીને મોકલવા છેલ્લી મુદત મળેલ્યાર ૧૫મી નવેમ્બરની છે

આપણા જેવા જ દુઃખી દેશનો તારણહાર

રશિયા, પ્રશિયા ને ઑસ્ટ્રિયાએ એ દેશના યુરોપના નકશામાંથી નામોનિશાન મિટાવી દીધા પછી નેકાએ વાદ, દાનમાં જ પોતે સ્વતંત્ર થયું હિંદ જેવા જ એ દુઃખી દેશને આઝાદ બનાવવાની આકાંક્ષાએ, પંજાબમાં જેમ તો અનેક જિંદગીઓ ન્યોછાવર થઈ ગઈ, પણ એવી બલિદાની માંયે નિશ્ચયાત્મક બુદ્ધિ, ચોક્કસ દૃષ્ટિ, ચાણક્યપણું ને પ્રસંગો સાચવવાની આવડત તો એક જ જણમાં હતી, અને તે જેમેદ પિલસુડ્સ્કીમાં. એણે એને સ્વતંત્ર બનાવ્યું, એક કર્યું ગરીબોની દાઝવાળી, યુદ્ધની તિબોલિકા ને સંગ્રામખત્યારીની સત્તાપ્રાપ્તિમાં યે એનું એ જ એકમાત્ર ધ્યેય હતું આવા મહાપુરુષના જીવનચરિત્રનું પુસ્તક શ્રી દક્ષિણ ભટ્ટે લખેલું (પૃ ૧૩૮) હાલમાં જ કુમાર કાર્યાલય તરફથી પ્રકાશમાં આવ્યું છે કામસાહેબની પ્રસ્તાવના, પોતેના પ્રતિભાવની વિસ્તૃત ભૂમિકા અને નવ ચિત્રો સહિતના એ પુસ્તકની કીમત માત્ર રૂા ૧) મંગેલી છે

આ મહિનો (જૂન) . . . અને એની પ્રતિભા

તા. ૧ લાલા લજપતરાયની સહાયથી લાહોર મુકામે દયાનન્દ ઍંગ્લો વૈદિક કૉલેજની સ્થાપના—ઈ. ૧૮૮૬

તા. ૨ ઇટલીના ઉદ્ધારક જૉસેફ ગૅરીબાલ્ડીનું અવસાન—ઈ. ૧૮૮૨

તા. ૩ છેલ્લો પેશ્વા બાજીરાવ અંગ્રેજોને શરણે થયો—ઈ. ૧૮૧૮ * * કર્વે મહિલા મહાવિદ્યાલયની સ્થાપના—ઈ. ૧૯૧૬

તા. ૪ ચક્રવર્તી મહારાજા હર્ષવર્ધનનો જન્મ—ઈ. ૫૯૦ * * બનારસમાં બળવો ફેલાયો અને કાનપુરમાં નાનાસાહેબે બળવાખોરોની સરદારી લીધી—ઈ. ૧૮૫૭

તા. ૮ ઔરંગઝેબે પોતાના બાપ શાહજહાને આગ્રાના કિલ્લામાં કેદ કરી, ગાદી પચાવી—ઈ. ૧૬૫૮

તા. ૧૧ અલ્લાહાબાદ સુધી બળવાની આગ ફેલાઇ, ત્યાની ટુકડીઓ એમાં ભળી—ઈ ૧૮૫૭

તા. ૧૬ દેશબંધુ ચિત્તરંજન દાસનું અવસાન—ઇ. ૧૯૨૫

તા. ૧૮ હિંદને સ્વતંત્ર કરવા કરાએલા ઉત્થાનના યુદ્ધમાં ભારતના કુલદેવી સમાં વીરાંગના લક્ષ્મીબાઇનું અવસાન—ઇ ૧૮૫૮

તા. ૨૨ જગતવિજયી સિકંદર સાથેની પન્નવના રાજા પોરસની લડાઇનો પહેલો દિવસ—ઇ. પૂ. ૩૨૬ * * ઑફ એસ. રમાબાઇ કર્મઠાચળનું સફળ આરોહણ કર્યું—ઇ. ૧૯૩૨

તા. ૨૨ પ્લાસીની લડાઇ, જેણે અંગ્રેજોનો પગ હિંદમાં સુદૃઢ બનાવ્યો—ઇ. ૧૭૫૭ * * પૂનામાં મિ. રૅન્ડના થએલા ખૂન પાછળ 'કેસરી' પત્રમાંના લોકમાન્ય તિલકના લખાણોની પ્રેરણા હોવાના આરોપસર એમની ધરપકડ ને જન્મકેદની સજા—ઇ. ૧૮૯૭ આ કેદ દરમિયાન જ લોકમાન્યે એમનું જગપ્રસિદ્ધ 'ગીતારહસ્ય' લખ્યું.

તા. ૨૩ પ્લાસીનું યુદ્ધ અંત થયું ને ફ્રેંચટે દલાઇને મીરજાફરને ગાદીએ બેસાડી તેની પાસેથી અઢી કરોડ ને ઔરંગી હજાર રૂપિયા લીધા—ઇ. ૧૭૫૭

તા. ૨૮ શ્રી આશુતોષ મુકરજીનો જન્મ—ઇ. ૧૮૬૪ * * હિંદુસ્તાનમાં * એક પૈસાવાળા પોસ્ટકાર્ડ નીકળ્યા—ઇ. ૧૮૭૯ * * 'મુંબઇ સમાચાર' પત્ર શરૂ થયું—ઇ. ૧૮૮૨

તા. ૩૦ મોટરોના રાજા હેન્રી ફૉર્ડનો જન્મ—ઈ ૧૮૬૩



આ માસની વિભૂતિ
મહારાણી લક્ષ્મીબાઇ

ઈ. ૧૮૩૫ કાશી મુકામે જન્યુઆરી માસની ૧૯મી તારીખે બાજીરાવ પેશ્વા-આશ્રિત મોરોપંત તાંબેને ત્યાં જન્મ. જન્મનું એમનું મૂળ નામ મનૂબાઇ. ઇ. ૧૮૪૨ વિંધ્યાદ્રિ પારેના ઝાંસીના મહારાજ ગંગાધરરાવ સાથે લગ્ન.

ઇ. ૧૮૫૩ ગંગાધરરાવનું અવસાન.

એમને લક્ષ્મીબાઇથી એક પુત્ર થએલો, પણ તે નાની વયે જ મરણ પામતાં એમણે પોતાના અવસાન પહેલા બે દિવસ પર એક પુત્ર દત્તક લીધેલો; પણ ત્યારના ગવર્નર જનરલ લૉર્ડ ડેલહાઉસીએ તેને રાજ્યનો વારસદાર ન ગણ્યો. લક્ષ્મીબાઇએ સાઠ હજાર રૂપિયા ખર્ચી પોતાનો વકીલ વિલાયત મોકલ્યો, પણ કશી દાદ ન દેવાઇ ને ઝાંસી જપ્ત થઇ. આમ રાજ્ય ગયું, ઉપરાંત ખર્ચ પણ પુષ્કળ થયું લક્ષ્મીબાઇની આર્થિક સ્થિતિ કફોડી બની. પરંતુ જ્યાં ધીરજ ન ખોતાં તેમણે અંગ્રેજ સરકાર વિરુદ્ધ એક શબ્દ પણ ન કાઢ્યો.


ઇ. ૧૮૫૭ હિંદની ઊકળી ઊઠેલી માનવતાએ બ્રિટિશો વિરુદ્ધ સ્વાતંત્ર્યનો જંગ માંડ્યો. લક્ષ્મીબાઇએ કેટલાયે અંગ્રેજ કુટુંબોને આશ્રય આપ્યો આવી થોડો વખત અંગ્રેજોએ ઝાંસીની સત્તા એમના હાથમાં આપી, પણ પાછળથી, બળવાખોરોને એ મદદ કરતાં હોવાનો આરોપ તેમના પર મૂકી સર હ્યુ રોઝે ઝાંસી પર ચઢાઇ કરી

ઇ. ૧૮૫૮ના માર્ચ માંડવામાં અંગ્રેજ લશ્કર ઝાંસીમાં દાખલ થયું લક્ષ્મીબાઇએ આરોપ નાબાયાદાર હોવાનું સગબગવા બોપટકર વગેરેને રોજ પારો મોકલ્યા, પણ તેણે તેમને કબૂલ ન રાખ્યા પરિણામે યુદ્ધ થયું અંગ્રેજો વિજયી થયા ને ફક્ત બે જ માણસો સાથે લક્ષ્મીબાઇ એક ગુપ્ત માર્ગે નાસી છૂટ્યાં અંગ્રેજોએ ઝારીના બાર હજાર માણસોની કાલ કરી કહેવાય છે.

નાસીને લક્ષ્મીબાઇ કાલ્પી મુકામે નાનાસાહેબના ભાઇ રાવસાહેબ તથા તાત્યાટોપેને મળ્યા. ત્યાં રોજ ત્યા આવી પહોંચતાં સધળા ગ્વાલિયર ગયાં. ત્યા પણ અંગ્રેજ લશ્કરે પૂઠ પકડી એટલે રાવસાહેબ, તાત્યાટોપે ને લક્ષ્મીબાઇએ છત્ર પર આવી સામી લડત આપી. મહારાણીનું વય ત્યારે બાવીસ જ વરસનું હશે. પુરુષવેશે વિદ્યુલ્લેખા જેમ ચમકી રહી આખા સૈન્યને જે પ્રેરણાસ્વરૂપ બની રહ્યાં, પણ એ લડાઇમાં જ થએલા જખમોએ એમનાં પ્રાણ હરી લીધા.

લક્ષ્મીબાઇ એ અંગ્રેજોના આગમન પછી હિંદમાં પ્રગટેલો છેલ્લો જ હુતાશ હતો. 'રાજ્યૈશ્વરિ ન પડાયાયોગ્ય રણક્ષિતિવરીચ હા કાય એ એમનો આજીવન આદર્શ હતો ને એ પાર પાડીને, આજ આપણા ભારતનાં કુલદેવીનું પુણ્યપ્રતાપી સ્થાન એમણે પ્રાપ્ત કર્યું છે

વનવગડાનાં વાસી



કાજિયુ–Cormorant

કાજિયાં અને જળકુકડી

ઉપરાંત, ગુજરાતની પક્ષિસૃષ્ટિ અને ઉત્તરગુજરાતના સર પ્રદેશનું રસપ્રદ વર્ણન

આ વરસે મેં એવો વિચાર કર્યો હતો કે મારે આખો શિયાળો પક્ષિનિરીક્ષણમાં ગાળવો. ખાસ કરીને આર્કટી યાત્રા કરનાર પંખીઓના આગમન–નિર્ગમનનો કાળનિર્ણય[1] કરવામાં.

મારો આ નિશ્ચય વિશિષ્ટ સંજોગોને આભારી હતો. એક તો અમદાવાદની આસપાસ ઝાઝા પડતર ખેતર કે ખીડ નથી એટલે ખેતીના આક્રમણથી અને માનવીની પ્રવૃત્તિઓના ચોદિશ વધતા જતા વિસ્તારથી મોટે ભાગે જમીન પર રહેનારા પંખીઓનો અને વન્ય પશુઓનો વસવાટ ગામોથી દૂર ને દૂર થતો ગયો છે. હજુ પંદરવીસ વરસ પર તો ગુજરાત કૉલેજથી સો જ વાર છેટે ખરે બપોરે રખડતા ભૂડના ટોળેટોળા રોજ દેખાતા એવું આજે કહું તો કોણ માનશે? એ જ વગડામાં જે સ્થળે મેં દસબાર વર્ષ ઉપર ત્રણ હાથની પાટવાળો જોએલી ત્યાં આજે આલીશાન મકાન ઊભરાયા છે. સત્તાવીસની સાલ પહેલાં

---

૧ ગુજરાતમાં જે જે જાતના પંખીઓ–યાયાવર અને સ્થાયી રહેનારા—જોવામાં આવે છે,તે બધાના પરિચય અર્થ શાસ્ત્રીય પદ્ધતિની 'સર્વે' થવાની ખૂબ આવશ્યકતા છે આપણે ત્યાં નહિ નહિ તો આશરે ૩૦૦ જાતના પક્ષીઓ હશે એમાંના અરધોઅરધ બહારથી આવનારા અને થોડો વખત રહીને પાછા અસલ નિવાસસ્થાને જતા રહેનારા–'યાયાવર'–યાત્રીઓ છે એ ક્યારે આવે છે, કેટલો વખત રહે છે, ક્યારે પાછા જાય છે, આપણે ત્યાંની પરિસ્થિતિમાં પ્રત્યેક વરસે થતા ફેરફારથી એમના આગમન વગેરેમાં વિક્ષેપ પડે છે કે કેમ, એમના નિવાસ દરમિયાન પ્રાકૃતિક સજોગો બદલાતા એમના આહારની ઊણપ હોય તેથી એમના જીવનવ્યવહારમાં શો ફેર પડે છે, આવનારા આવીને પ્રત્યેક વર્ષ એકના એક જ સ્થળે નિવાસ કરે છે કે ગમે ત્યાં,—આ અને આવા અનેક પ્રશ્નોનો ઉકેલ કરવાનો રહે છે સ્થાયી રહેનારા પણ ઓછા મૂલ્યવાન નથી એ પણ આહાર, ઋતુભેદ અને મનુષ્યના આક્રમણના આરંભિક સંયોગોને વશ વર્તી જીવનવ્યવહારમાં વિવિધ ગૂંચો ઊભી કરે છે એમાંના કેટલાંક કવચિત્ અને કેટલાક નિયમિત વિશેષ સમયે સ્થાનિક સ્થલાંતર પણ કરનારા હોય છે એમની સંસારવ્યવસ્થા, એમની પ્રજોત્પત્તિ,આહારની ન્યૂનાધિકતાની એમના જીવન પરની અસર વગેરે અનેક રસપ્રદ પ્રશ્નો પક્ષિવિજ્ઞાનમાં ચિત્ત પરોવનારને ઉકેલવાના હોય છે

૨ Paradise Flycatcher કાળર જેવડો આ પંખીની પુચ્છ વયની સુન્દરતા અવર્ણ્ય છે સમગ્ર શરીર શુદ્ધ શ્વેત રંગી માત્ર માથું અને ગરદન ચળકતા કાળા કાચી વયની માદાનો અને નરનો રંગ શ્વેતને બદલે રેરા ચળકતો લાલ chestnut પણ આ પંખીની ખરી શોભા તો એની પૂંછડીના વચલા બે પીંછા છે આ પીંછા લાંબા પંખીને બાર દસ આંગળના થઈ લટકે છે અને જ્યારે ઊડે છે ત્યારે પાછળ ધજાની

મનોહર દેહછટાવાળું પંખી થાય છે. બીચ ઝાડી–ખાસ કરીને આંબાની ઘટામાં એ રહે છે. અમદાવાદની આસપાસ અમરાઇઓનો પાર નથી, છતાં એ મારી નજરે નથી ચડ્યું. એના દર્શનાર્થે હું ખૂબ ભટક્યો છું. અણુન્દનો દિવસ આવે અને હું બબ્બે બડિયો લઇ એની શોધમાં નીકળી પડું. આડખેતર રખડતો આંબાના ઝાડે ઝાડે રેકાર્ડઃ એની ઘટામા આંખો તાણીતાણીને જોતો જનઉઃ કદીં પણ નજરે પડે છે? અનાહત નાદે એ ઊડનારના' શ્વેત ગરુતનો રૂપસોંગાર ચમકી ઊઠતો કદીં પણ દેખાય છે? પણ આજ સુધી મારી દૃષ્ટિ એના દર્શનથી સુભગ નથી થતી. ઘણા યે વાધરી, ઘંઘાદારી શાકુનિકોને પૂછતા કે એમની સાથે રખડતા છતાં મને આ સૌન્દર્યસાર પંખીની ભાળ લાગી નથી. આવું બીજું અનેક પંખીઓ વિષે પણ છે. આનુભવી પુરોગામીઓના વર્ણનો દ્વારા એવાના અસ્તિત્વની વાતો વાંચી હું ઠેરઠેર રખડ્યો છું, પણ મનુષ્યના અત્યંત નિકટના સહવાસને લીધે ગીચ ઘટાનાં રહેનારાં કેટલાં યે પક્ષીઓ ધીમેધીમે આ પ્રદેશમાંથી ઓછાં થવાથી એમનો પરિચય કરવામાં મને નિષ્ફળતા જ મળી છે.

એટલે જ મેં આ વખતે માત્ર જલચર[૩] પંખીઓ પર જ ધ્યાનસ્થ થવાનું નક્કી કર્યું. એના 'ગણેશાય' તો મારે 'આષાઢસ્ય પ્રથમ દિવસે' આગન્તુક મેઘના સંગેસંગે, ભારતવર્ષના નદ–નદી–મરોવરતટના આતિથ્યનો ઉપભોગ કરવા આવનાર વર્ષાના નવયાત્રીઓથી કરવાના હતા. પણ મારા નસીબે આ વરસે વરસાદ ઓછો આવ્યો; એટલે આવનારાં તો ન આવ્યાં, પણ રથાવી વાસીઓનાં અવલોકનનો પણ પૂરતો અવકાશ ન રહ્યો.

ઉત્તર ગૂજરાતનો આ ભાગ નાનામોટાં અનેક તળાવોથી ભરપૂર છે. અરે પૂછો તો ગૂજરાતનો કોઇ સરઃપ્રદેશ હોય તો તે આ–અમદાવાદની આસપાસનો પ્રદેશ–જ છે. અહીંનું વિશાળકાય ત્રિધાભિન્ન ચંડોળા; એના પેલી પાર અતલવારિ ભાતતળાવ, આઘે દક્ષિણમાં, સામી પાળે નજર જ ન પહોંચે એટલું વિસ્તૃત ગોભળજ; પશ્ચિમે લાંબો જળચરોનાં બાગ જેવી જોગણીવાડની સરાણનો વિશાળ પટ;સોનાસણ પાસેના ડાંગરપરનું સેંકડો શુદ્ધ શ્વેત કમળથી શોભાયમાન તળાવ; ચોકાઠે ભરપૂર હોય ત્યારે નાના સમુદ્રનો ભ્રમ કરાવનાર પ્રાંતીજનો ગોંખ;–આ અને આવાં અનેક. પાણીના ખારાપણાને લીધે નળકાંઠાને આમાં ગણાવતો નથીઃ છતાં શિયાળાનાં યાત્રી—સવિશેષ આવ્યા Ducks—જેટલાં અને જે જે જાતનાં ત્યાં જોવા મળે છે તેટલાં અને તેવાં આખા ગૂજરાતમાં બાકીનાં જ અન્ય જલાશયમાં જોવા મળશે.

આ ભૂમિના આવા વૈશિષ્ટ્યને પૂર્ણ આભારી છે અહીંની ડાંગરની, સંખ્યાતીત કયારીઓ. આ કયારીઓ ભરાય ત્યારે તેમાં ચોમાસાના અંતમાં પાણી વચ્ચે પાંચ-છ ફૂટ પહોળા માળા ગોઠવી સારસ ઈંડાં મૂકે. ભારે ઉત્સાહથી ગ્રેરાઈને આવા માળાના ફોટો પાડવાના મેં છેલ્લાં ત્રણ વરસથી નિષ્ફળ પ્રયત્નો કર્યા છે. એક ચોમાસામા હું મોડો પડ્યો. બીજે વરસે મારા પગે ઇજા થવાથી, પાટાવાળા પગે પાણી ખૂંદવું અનુકૂળ ન પાડ્યું. આ વરસે તો વરસાદ જ ન આવ્યો, એટલે કયારીઓ પૂરી ભરાઇ જ નહિ અને મોટા ભાગનાં સારસ સાજરમતીના શરણે ગયાં. છતાં મદામહેનતે રખડતાં રખડતાં ત્રણ માળાની ભાળ લાગી. ત્યાંયે મારી કમનસીબી આગળ ને આગળ જ. કૅમેરાનો ઢસ શેર ભાર બબ્બે વેંદારી હું ત્યાં ગયો તો ત્રણે માળા ખાલી ખંભ! એકમાં ઈંડાનો બેચાર ફોટલા જ પડેલા. આગલે દિવસે મને ભમતો કોઇએ જોયો હશે એટલે બીજા માળામાંનાં ઇંડાં જ કોઈ ઉપાડી ગએલું. ત્રીજામાં ઇંડાં તો હતાં, પણ મારા પગની ઇજા પૂરી રૂઝાએલી ન હતી એટલે એ કયારીના કાંપમાં ઊતરવાની મારી હિમત જ ન ચાલી. આવા

પેઠે ફરકી રહે છે. શ્વેતરંગી પંખીને 'શાહ' બુલબુલ અને લાલરંગીને 'સુલતાના' બુલબુલ પણ કહે છે.

અનેક પ્રયત્ને જોવા નથી મળ્યું. એટલે કદીકદી તો ભય જ થાય છે કે એ ગૂજરાતમા અન્ય સ્થળે રહેતું હશે, પણ વર્ષતે અમદાવાદની આસપાસ તો નહિ જ હોય.

૩ બટલર અને ઘાન્સૅના અનુભવ પ્રમાણે ગૂજરાતમાં ૨૮૬ જાતનાં પંખીઓ જોવામાં આવે છે. આમાંની ૧૪૮ જાતો સ્થાયી રહેનારી અને બાકીની ૧૩૮ યાયાવર–migratory છે. આ ૨૮૬માંની ૧૮૧ જાતનાં પંખી કેવળ જમીન, વાડ, વેલા, ઝાડ તથા પહાડના આધારે રહેનારા–સ્થલચર (આ સ્થલચરોમાંની ૧૯ જાતો પણ જલાશયની પાસે જ રહે છે અને માળા બાંધે છે); બાકીની ૧૦૫ જાતો જલાશ્રયે, અર્થાત્ પાણીની નિકટમાં અને પાણીની અંદર રહેનારી—જલચર.

જ નિષ્ફળ અનુભવ મને નીલ ચ્યાષી જનચર પણ ગોના સમૂહમા અનેક વાર થયા છે

આ બધા અનુભવોને વશ થઇ મેં આ વખતે મા ર યાપાર જ્યાશ્રિત પક્ષીઓનો જ શિયાળામા આશ્ર કાર કરવાનો નિર્ણય કરતો અને એ ઉદ્દેશથી જ આજે હું ચકોળા આવ્યો છુ તે પણ શિયાળા ના અતમા બળતા ગોરો

અને અહીં પણ નિરાશા મારી આગળ ને આગળ ઊભી છે વિશાળકાય સરોવરની જગ્યાએ મોટા તળાવડી જ નજરે પડે છે આ વખતે નીલ બધા યે તળાવ સૂકાઇ ગયા માનવજાતના ભર પૂરપોચારા આજ ધૂળથી ઊભરાય છે. ગોળાકાર તો જે વખતથી ખાલી પડયુ છે એટલે મારી બધી આશા ચકોળા પર હતી અને તે પણ અધૂરી ઘડી જવાબાવે વેરણછેરણ થયેલો અહીંનો પક્ષીસમાજ ગયો હશે શ્રીજરેવા માગરમતીના તીરે કે સૂકોજ ફાર્મ ॥ ગટરના પાણીના તળાવડા અને બાગોચિયામા અહીંઆ તો છે 'મરવા ચટ । માધવા

જે ગન્નાળા પર બેસીને હું વિવિધ કાન કરતા કલકલીઓની ત્રણે[4] જતોનો શિકારવિધિ અનેક કનો તે નાનુ આજે સૂકુ ખંખ પડયુ છે

જે રણ અનેક જલચરો ॥ કલર । અને ચિત્રકાર થી શબ્દાયમાન હતું તે આજે નીરવ સૂનકાર બની રહ્યુ છે આ દશા કોઇને પણ મુગ્ધ કરે માનુ ગમતું હોય તો તે માત્ર પેલા નિર્દય કોયલના દજુ વનત તો આજકાલમા જ બોલી છે, છતા એણે તો દિશાઓ કયાની ગે ગજવવા માડી છે જોકે એના એ લલિત ગાનમા યે વિષાદની છાયા તો છે જ કેમ ન હોય ? પરમૃત છતા એ માદ નરોગ તો નથી જ પાગ પગના આઘાની ઘેરી ઘમામા તપાના કૃપાના અનુભવેલા ચકોળાની શીત લહરીઓ એનાથી થોડી જ ભૂલાવાની ?

જેના મનથી ચકોળા એટલે તળાવડુ, એવા

૪ કાળા સફેદ પગવાળો તે Pied Kingfisher લાબી ભાલા જેવી ચરી લાલ ચાચ અને વાદળી વગેરે રગના મિશ્રણથી સુશોભિત કાયા અને ઝાડી પર સફેદ ડાઘવાળો તે White breasted Kingfisher અને લીલા, વાદળી વગેરે રગમા સફેદ છાલ્લાવાળો નાનો ચકલી જેવડો તે Common Indian Kingfisher

તળાવડાને ઓળખો સેના પણ જે અભડાય. એવા ચકરા ચકલીપ પણ વખાના માર્યા આ શિયાળે ચકોળા મા આવીને રહ્યા હતા એકાદ બે જોડ નદિ પણ પક્ષીનત્રીસ પખી એમણે પણ અહીંના કિનારા છોડયા છે એમના પ્રથમ દર્શનાર્થે તો હું પચીસ માર્ચલિ ચાલેલો

નકટો[6] તો આ વખતે અહીં નજરે જ નથી પડયો. આકે દદારે તો એ ી શ્વેત-શ્યામ કાયાથી આના પાણી કલકિત બનતા હતા ગર્વ માને જ પચામેક પખી અહીં આખુ વસ્ત ધામા નાખી પ ચા હતા આ વખતે એક પણ નદિ'

ઉપરના જે વખતથી ચકોળાના પૂર્વ નટને, એમના ચળકતા ધ । ગુલાબી જતથી ખરે બપોરે પણ સૂર્યના ઉદયકાળની વિભિન્ન ગી અવર્ણ નિમાયી રગી નાખતા સુરખાબ[7] પણ આ વખત તો વહેલા જતા રહ્યા છે રહ્યા હોય તો એમના નાના ગભરૂ માત બચ્ચા જ ગુલાબી પ્રભાના ઘાટો થ એમના દેહમા ન મળે મલિન ધૂમરવર્ણ શરીર અને કાળા પગ વાળી એમની નિર્ભગ પાખોથી કઇ વાતાવરણ ઓછુ જ શોભવાનું હતું '

અહીં જ પેલા ત્રણ રગમા માત પેલિકન[8] આવીને રહેતા ગોળ 'સ્વૉન' જેવડા શરીર ી શ્વેત આભાથી ચકોળાના મધ્યદ્રહ ના કિનારા ચમકી ઊઠતા પ્રથમ દર્શને તો મને એમ જ લાગેલુ કે સ્વૉ । જ આવ્યા છે આજે તો એ પણ ગયા છે પણ બધા ય નહિ માત્ર છ જ સાતમાના મૃતદેહમાની અવ શિષ્ટ એક પાખથી આ મગ કલ્પિત બની રહ્યુ છે

જે સ્થળ વિશાળ પોકડા, ચમચા, કાકણામર, ફાચિયા, બગલા વગેરેના ટોળેટોળાથી ખદબદ તુ

૫ Ruddy Sheldrake કે Brahminy Ducks કુમાર વર્ષ ૧૭ અક ૨.

૬ Nukta કે Black Backed Goose આનો નર મોટો કુકડા જેવડો શરીર કાળુ અદર સફેદ ટપકા અને પગ ચાચના મૂળમા કપરના ભાગે મોટો ગડો આખાને ગોરક્ષા જેવડો માસનો થોચો હોવાથી એનુ નામ 'નકટો'

૭ Flamingos

૮ Pelicans ના વર પખી એની બે જતોમાની આ૬ જત હતી તે દૂરથી થી જોવા છતા પણ હુ ઓળખી ન શો નથી દૂરથી લેતા મદ કાય શ્વેતરગી swan જેવા જ લાગે

હતું, જેના આશ્રયે લોદ્રારજંઘ ને સુરમલની, લગલગ તથા અંજનની આછવિકા નિર્ભરતાથી ચાલતી, જ્યાં પ્રતિક્ષણે સારસના કર્કોર નિનાદથી દિશાઓ ગાજી ઊઠતી, તે સ્થળ આજે ભાગ્યે જ પચીસ પચાસ પંખીઓથી વસાએલું છે સૈવા સ્થલી–જ્યાં પત્રે પત્રે નાચતા દેડકા કુદના પીહોલ[૯] અને ડાલાપીપા[૧૦]નાં જૂથ કમળાવનને ગજવતાં કલ્લોલ કરતા, તે સ્થાન આજે બંધથી ઓદી ઓદીને કમલમૂળને ખાતાં ભૂંડ અને ખરિયાંના ખાડામાં વિસ્તૃત જળ બાકી વચ્ચેના નાળાના મોભા શિકારની વાટ જોતા કરોળીઆની[૧૧] વિલાસભૂ બની ગયું છે.

આમ પક્ષિનિરીક્ષણના ભાગ મનોરથ આ વરસે પણ અધૂરા જ રહ્યા. ન આવ્યો અહીં યાત્રી-ગણ, સ્થાયી ચમનાગં પણ અહીંથી જેમ ફાવ્યું તેમ નાઠા. માત્ર જો કોઇએ એનો સાથ ન છોડ્યો હોય તો તે વ્યસનૈકબંધુ જેવા કાજિયાં અને જળ-કુકડીઓ. અહીં એકાદ અંજલિ પણ પાણી હશે, એમા એકાદ પણ અલ્પકાય માછલી તરફડતી હશે ત્યા સુધી એ એને છોડી જવાના નથી એવી એમની આરક્તિ છે. કદાચ ઉદરપરાયણના પણ એ ભક્તિ-ભાવનો હેતુ હોય ! પાણી સૂકાઇને ઓસરતાં જાય એમ આખા તળાવના માછલાં એક સ્થળે એકઠાં થતા જાય, એટલે અત્યંત અલ્પપ્રયત્ને વિપુલ આહાર મળી શકે એમ તો એમ. પણ એ બહાને ય એ અંત સુધીના સાથી તો રહેવાના જ એનું નામ બન્ધુતા.

ગૂજરાતનું કોઈ પણ જળાશય જુઓ. અનેક પંખીઓનો ઝંખમેળો નજરે પડશે. કોઇ ધોળાં, કોઇ કાળા, કોઇ ધૂળિયા રંગનાં, કેટલાક ચિત્રવર્ણ. આ બધામા કેવળ સંખ્યાની અતિશયતાથી આંખ ખેંચે એવા તો બે જ: ધોળા અને કાળા. ધોળા તે બગલાં અને ચમચા: કાળા તે કાજિયા અને જળકુકડીઓ.

૧

કાજિયા એટલે Cormorants.[૧૨] પ્રથમ દર્શને જ એમના ચળકતા કાળા દેહથી અને કાગડા જેવા ને જેવડા[૧૩] કદથી ઝટ ઓળખાય. વળી એમની ટોળે મળીને રહેવાની ટેવ પણ આંખમાં ખૂંચે એવી છે. કારણ, કાજિયાંને એકલદોકલ રહેવું ન પાલવે. એમનાં તો પચીસ પચાસથી માંડી સો બસો જેવડાં જૂથ[૧૪] બંધાય. તળાવ કે નદીકિનારે એમની લેગર જ લાગી હોય: જાણે વાઘરીનું પંચ! પણ એ પંચ જેટલો ઘોંઘાટ નહિ. બાઇ ઘરાઘને આરામમા, વરસા-ણના શટ પેઠે, બાબો સૂકરવા પહોળી કરી હોય તેમ ધ્યાનમુદ્રાવાળાં, મૌનીવ્રતી આ રમાગદેહધારીઓને પાણીની બારે કે તળાવની વચ્ચે, જમીન પર કે ઝાડ-ની(વિશેષતઃ એમના પ્રિય બાવળની) ડાળીઓ ભરી નાખી આખો દિવસ બેસી રહેલા એક વખત જોયા પછી પરભવમાં પણ ન ભૂલાય. એમની આવી ચિત્રન્યસ્ત નિશ્ચલ દશા જોઇ આપણને એમ જ વિચાર આવે કે આ જપા ચરતાં કયારે હશે !

આ કાજિયાંની આપણા ત્યાં ત્રણ જાતો થાય છે. એમાનો ગૂજરાતમાં સર્વવ્યાપક અને મોટી મોટી જમાતો જમાવીને લગભગ પ્રત્યેક જલાશય પર ધામા નાખી બારે માસ રહેનારી જાત Little Cormo-rant[૧૫] નામે ઓળખાય છે બીજી બે જાતો તે Large અને Lesser Cormorants. Large Cormorant, Littleથી બમણા મોટાં હોય છે; Lesserબંનના વચલા કદના. Large અને Lesser આપણે ત્યાં આછા જોવામાં આવતાં હોવાથી અને તેમનાં રૂપરંગ તથા દેખાવ મોટે ભાગે Littleના જેવાં જ હોવાથી આપણે આ સર્વવ્યાપીનો જ પરિ-ચય કરીએ.

આ કાજિયાંનો અશેષ દેહ ચળકતો કાળો. માત્ર પ્રજનનકાળે એના માથા પર કલગી ઊગે તથા ત્રિકોણાકૃતિનું શ્વેત લાંછન દેખાય. બાકીના સમયમાં આ ચિહ્નોને બદલે માત્ર બળાનો થોડો ભાગ જ સફેદ રહે. ચાંચ કાળાશ પડતા બદામી રંગની.

---

૯ Pheasant-Tailed Jacana

૧૦ Bronze-Winged Jacana

૧૧ Hippasa જાતના

૧૨ વર્ગની સંજ્ઞા Phalacrocoracidae

૧૩ એથી જ એનું નામ નીરકાકમ્

૧૪ આ કહેવાનો અર્થ એટલો જ કે, જો જ્યાં હોય છે ત્યાં ઘણા 'એકડા' હોય છે બાકી ટોળે મળીને જ રહેવું, એવો એમનો સ્વભાવ નથી ઇટાલવામાં રહેતા પણ એમને અડચણ નથી આવતી.

૧૫ વૈજ્ઞાનિક અભિધાન Ph. Javanicus

સાધારણ લાણી. ગોળ. છેડેથી અણીદાર આંકડા જેવી વળેલી. પૂછડી છેડેથી કાટખૂણે પણ ગોળાશપડતી. પગ કાળા: આંગળાં વચ્ચેથી સંધાએલા. એને લીધે પાણીમાં તરી શકે. પાણીમાં પડચા પછી ઊડવું હોય તો એમને ખૂબ આકરું લાગે. પણ એક વખત પાણી છોડચા પછી પાંખો ફફડાવતા વગર અડચણે ઝડપથી ઊડી શકે છે. ઉનાળાના દિવસોમા સાંજે બગલા ભેગાં એમનાં ટોળેટોળાં આકાશયાન કરતાં દેખાય છે.

વર્ષાનો અંત એમનો ગર્ભાધાનકાળ. પાણીની વચ્ચોવચ્ચ ઊગેલાં બાવળ વગેરેના કાટાળા ઝાડ પર સેંકડો ભેગા મળીને માળા બાંધે છે. એમની આથે-સાથે કાકરોળી, બગલા વગેરેના પણ માળા બનેવામા આવે છે. અમદાવાદની આસપાસ કાજિયા અસંખ્ય હોવા છતાં ચંડોળા વગેરે સ્થળે એમના માળા મેં ઝાઝા જોયા નથી. કોઇ એક જ સ્થળે વધારેમા વધારે જો એમના માળા માગ જોવામા આવ્યા હોય તો તે આબુ-રોડ સ્ટેશનથી પગરસ્તે ચન્દ્રાવતી જતા, સડકની જમણી બાજુએ આવેલા વગડાઉ તળાવમા. એમા પાણી તો છીછરું હતું, પણ કમમા કમ બાવળના સોએક ઝાડ ગણેલા મને યાદ છે. એક ઝાડ પર ઓછા-મા ઓછા પાચ માળાના હિસાબે આ તળાવમા પાચસો જેટલા કાજિયા માળા બાધીને રહેતા હોવા જોઇએ!

કરચવા, દેડકા વગેરે એ બાય છે, છતાં માછલા એમનો મુખ્ય આહાર. પાણીમા ડૂબકી મારી માછલા પકડી ગળી જાય છે એમની આ ટેવને લીધે શરીરે બેડોળ, રૂપેરંગે અતિ સામાન્ય આ નિકૃષ્ટ જણાતું પ્રાણી પણ મનુષ્યને અત્યંત ઉપયોગી થઇ પડયુ છે. મનુષ્યની સેવા કરવામા એ ઇતર ગ્રામ્યપશુઓ વગેરેથી રજ પણ ઊતરતુ નથી, એમ કહું તો રજ પણ અતિ-શયોક્તિ નથી

પ્રાચીનતમ કાળથી મનુષ્ય પોતાનો સ્વાર્થ સાધવા વનવગડાની વસતિને વશ કરવાના વિવિધ સફળ નિષ્ફળ પ્રયત્નો કરતો આવ્યો છે. હાથી, ઘોડો, ગાય, ભેંસ, બકરા, ભૂંડ વગેરે પશુઓનુ સ્વામિત્વ, બાજ, કબૂતર જેવા આકાશગામીઓ પાસેથી કામ લેવાની એની શક્તિ, એના દૃષ્ટાતો છે. એ જ રીતે કાજિયાં જેવા કેવળ જલાશ્રિત પખીઓ પાસે સેવા કરાવવાનું પણ એ ભૂલ્યો નથી. માત્ર એ છેલ્લો પ્રયત્ન કરવાનું પૃથ્વીભરમાં કોઇને સૂઝયું હોય તો તે કેવળ જાપાનના માછીમારોને જ. અને તે આ રીતે:

સામાન્ય રીતે માછીમારોને દિવસ કરતાં રાતે માછલા મારવાનુ વધારે અનુકૂળ પડે છે. માછલા છે તો પ્રકાશપ્રિય: પણ એમનું લોહી સહેજે નપી જતું હોવાથી એ કોઇપણ પ્રકારની ગરમી સહન કરી શકતા નથી. એટલે દિવસે સૂર્યના અસહ્ય તાપથી તપ્ત થએલા પાણીમાથી નીચે ઊતરી જઇ તળિયા પરના ઠંડા પાણીમા ભરાઇ બેસે છે અને માછી-મારોના અનેક પ્રયત્ન છતા એ ઉપર આવતાં નથી. એથી ઉલટું, રાત્રે ગરમી હોય જ કયાથી? એટલે પાણી પર સળગતુ ઉંચાડિયુ પણ ધરો તો એના પ્રકાશથી ખેંચાઇને માછલા ઊભરાઇ આવી બદબદી રહે છે. એ.મના આ સ્વભાવને દુનિયાભરના માછી-મારો બરાબર સમજે છે, એટલે દિવસ કરતા રાત્રે જ માછલા મારવાનુ એ બૂબ પસંદ કરે છે. આપણા ગુજરાતમા પણ પ્રાતીજના ખાખમાથી અને ગોભણજ-ના તળાવમાંથી જે સંખ્યાબધ માછલાં ભેગા કરવામાં આવે છે તે બધાં રાત્રે દીવાના પ્રકાશથી જ. ચંડોળામાં પણ રાત્રે પચીસત્રીસ માછીમારોના ધાડાં ફિટસન લાઇટો લઇ માછલા પકડતા ઘણી વખત નજરે પડે છે.

જાપાનીઓને કોઇ આળસુ કહે તો મૂર્ખો જ ગણાય. છતા જાપાની માછીમારોની શિકારની રીત જોતા તો આપણને એ આળસુના સરદાર જ લાગે. કારણ, એ માછીમારો રાત્રે માછલા મારવા જાય છે તો ખરા, પણ જાતે મજૂરી કરવાની ને જાળ નાખવાની એમને બાધા જ છે! માછલા પકડવાનો શ્રમ તો એ કરાવે છે કાજિયા પાસે! દરેક માછીમાર ગજા પ્રમાણે આવા આઠદસ કે બારપદર પખી પાળે છે અને માછલાં મારવા દરિયામા જતી વખતે એમને પોતાની સાથે હોડીમા લઇ લે છે.

આવા દરેક પંખીના પગે દોરી બાધી એનો બીજો છેડો હોડીની બારે મજબૂત બાધેલો હોય છે. આ હોડીને આગલે છેડે વાસ બાધી તેના છેડે ફાનસ લટકાવેલું હોય છે. માછલા મારવાના સ્થળે હોડી હંકારી જઇ, માછીમાર જરૂર જેટલા પખી પાણીમાં તરતા મૂકી દે છે. ફાનસના અજવાળાથી ખેંચાઇને જેવાં માછલા સપાટી પર આવે કે તરત પેલા કાજિયા

એમને ચાંચમાં ઉપાડવા (પરોવવા નહિ) માટે છે. માછીમારનો આ પ્રયત્ન કાજિયાં પ્રત્યેના પ્રેમને લીધે કે પરોપકારવૃત્તિથી નથી થતો; એટલે ચાંચમાં માછલું પકડવા છતાં કાજિયા એને ગળી શકતાં નથી. કારણ એમની ડોકમાં આગાઉથી જ એક સાંકડી ગોળ કડી કે વીંટી, શ્વાસ લેવામાં અડચણ ન આવે તે રીતે, માછીમારે પહેરાવી દીધેલી હોય છે. એથી એનું ગળું સંકડાશ બનય છે અને એનાથી કંઈ પણ ગળી શકાતું નથી. એટલે જેવું કાજિયાએ માછલું પકડયું કે તરત હાથમાંની દોરી વડે એને માછીમાર હોડીમા ખેંચી લઇ, એની ચાંચ-માનું માછલું લઇ લે છે અને પાછું કાજિયાને તરતુ મૂકી દે છે. આમ આરામથી હોડીમા બેઠેબેઠે, બળ નાખવા હાથ પણ હલાવ્યા સિવાય જપાની માછી-માર કાજિયા દ્વારા યથેચ્છ પ્રમાણમા માછલાં પકડી શકે છે. આવી મફતની મહેનત કરવાથી ઉદ્વિગ્ન થઈ કાજિયા માછલા પકડવા મૂકી ન દે તે માટે માછીમાર વચ્ચેવચ્ચે એકાદ નાની માછલી તેને ગળી જવા દઈ કાજિયાની તૃષ્ણા સચેત રાખે છે. આવો બગરમહેનતનો સોઓ સો ટકા નફાવાળો ઉદ્યોગ માત્ર જપાનમા જ ચાલે છે. આજે પણ રાત વખતે જપાનના દરિયાકિનારે પાણીમાં હજારો ફાનસો ચમકાવતા અને કાજિયાં પાસે માછલાં પકડાવવાનો ધંધો ધમધોકાર ચલાવતા જપાની માછીમારો તમારી નજરે પડશે.

૨

રૂપરંગ અને સ્વભાવ કાજિયાંનાં જેવાં જ છતા કદમાં અને આકૃતિમા જુદી પડી જતી જળકુકડી[૧૮] કોને અપરિચિત છે? સાપના જેવી[૧૭] ગીદાગણી લાંબી પાતળી ડોક જ માત્ર જલતી સપાટી પર ઊભી રાખી, બાકીનું શરીર પાણીમાં છૂપાવી રાખી તરતુ, કાળા રંગનું આ પંખી ગુજરાતના તળાવે-તળાવમાં ઊભું વરસ વસતું જોવામા આવે છે. માત્ર કાજિયાં જેટલી વિપુલ વસતિ એમની નથી.



જળકુકડી

જળકુકડી[૧૮] કાજિયાંની પીતરાઇ. સ્વરૂપભેદ હોય તો તે ચાંચ, ડોક અને આહારોપાદાનના વિધિમાં. કાજિયાંની ચાંચ ટૂંકી, આગળથી વાંકી અણીદાર; જળકુકડીની ચાંચ સાધારણ લાંબી, ગોળ નળી જેવી, પાતળી, છેડેથી ભાલા જેવી તીક્ષ્ણ. કાજિયાં ચાંચતી 'વચ્ચે'—ચાપિયાથી પકડીએ તેવી રીતે—માછલી પકડે છે: જળકુકડીથી તેમ પકડાતી નથી. અર્થાત, એની ચાંચનાં ઉપર નીચેનાં બંને પાંખીઆ હોવા છતાં, એ પાંખીઆનો ઉપયોગ માછલીને 'પકડવામાં' નથી થઇ શકતો; પણ બંને પાંખીઆં ચપ દઇને બેસાં કરી, બંધ થાય વડે બનેલા તીક્ષ્ણ પાતળા ભાલાને તે માછલીના શરીરમાં આરપાર ઘોંચી દે છે. આ રીતે, સોયામાં લોઢું પરોવીએ તેમ ચાંચમાં પરોવાએલા માછલાને ગળવા માટે એને પ્રથમ માછલીને ચાવ માંથી છૂટી કરવી પડે છે. અને અહીં એની વિશિષ્ટ ડોક કામ લાગે છે. કાજિયાંની ડોક બીજાં પંખીઓની પેઠે શરીરના પ્રમાણમા ટૂંકી: જ્યારે જળકુકડીની ડોક શરીરના પ્રમાણમાં ખૂબ લાંબી ગણાય. આ લાંબી ડોકનો ઉપયોગ એ ચાંચમા પરોવેલી માછલી છૂટી

---

૧૬ આપણે એનું આ નામ આપ્યું છે, પણ અંગ્રેજીમાં જેને Waterhen કહે છે, એ પંખી તો અન્ય જ છે.

૧૭ એથી જ એનું અંગ્રેજી નામ Snake Bird. એને Indian 'Darter' એવું સાર્થક નામ પણ અપાયું છે.

૧૮ શાસ્ત્રીય અભિધાનઃ Anhinga Melanogaster

કરવા કમાન તરીકે કરે છે જેમ આપણી આગળીએ ચોટેલો વડચુદાનો હળીએો આપણે હાથનો ઝાટકો મારીને છૂટો કરી ફગાવી દઇએ છીએ, એમ જળકુકડી પાણીદાર કમાન જેવી એની ગરદનનો ઝાટકો મારી, ચાચમા પરોવાએેથી માછલીને છૂટી કરી નાખી, અદ્ધર ઊછાળી, ચાચ પહોળી કરી, જીવતી લપને ગળી જાય છે ગળવામા પણ માછલીનું માથુ નીચે —ગળામા પહેલુ—આવે એ રીતે, એ ઝાટકા વખતે માછલીને ફેરવી દે છે કાજિયા અને જળકુકડી બને પાણીમા ડૂબકી મારી પાણીની અદર જ માછલા પકડે છે, પણ જળકુકડીને ચાચમા પરોવેલી માછલી છૂટી કરી ગળની વેળા દરેક વખતે ડોકુ પાણીની બહાર કાઢવુ પડે છે ગમે તેટલુ સરમ વર્ણ। કરીએે, તો પણ જળકુકડીના ભક્ષ્યવિમિની આ અપૂર્વતા અને નૈપુણ્ય તો નજરે જોયા વિના નહિ જ સમજાય ઑટોમૅટિક ટ્રાન્સપૉર્ટેશનના આ યુગમા પણ, આહારોપાદાન અર્થે કરતો જળકુકડીના ચાચડોકનો સમન્વિત ઑટોમૅટિક વ્યવહાર રજ પણ ઊતરતો નથી.

જળકુકડી રગે કાળી,પણ અગોમા સદામી ઠાયા માદા ફિક્કા રંગની ગાન, દાઢી, ગળુ શ્વેત રગના

પગ કાળા આગળા વચ્ચેથી સધાએેલા પણ એમા એ અને કાજિયા, બીજા બત્ર પાદોથી જુદા પડે છે બીજા—હમ, આડચો વગેરે—પક્ષીઓના માત્ર ત્રણ જ આગળા વચ્ચેથી જળથી સધાએેલા હોય છે અને પાછળનું ચોથુ આગળુ છૂટુ રહે છે જ્યારે કાજિયા તથા જળકુકડી(અને એમના આત્મીય બજન પેલિકન)ના આગળપાછળના ચારેચાર આગળા સધાએેલા હોય છે એમની આ વિશેષતાને લીધે જ એમનુ સ્વતત્ર ગોત્ર(Family Steganopodidae) કલ્પવામા આવ્યુ છે બાકી આ ત્રણે છે તો પક્ષવર્ગના પણી

કાજિયા પેઠે જળકુકડીના માળા પણ પાણી વચ્ચે ઝાડમા હોય છે આખુ ચોમાસુ એમની સતાનોત્પત્તિને અનુકૂળ સમય છે

ચંદ્રવદન

ફોટોગ્રાફી વિભાગ

ક્રિલિંગ અગર રેટિકયુલેશન અને તેનો ઉપાય

'કુમાર'ના વાચકોગા ।। ફેમલાક,ફોટોગ્રાફીની સઘળી ક્રિયા ઓ પોતાની જાતે કરતા હશે ન કરતા હોય તેમણે ડેવેલપમેન્ટ, પ્રિન્ટિગ, એન્લાર્જિંગ વગેરેનુ જ્ઞાન મેળવવુ જરૂરનુ છે ફોટોગ્રાફીની મજા અને સાચી સમજ એ બધી ક્રિયાઓના અભ્યાસથી જ મેળવી શકાય છે

ઉનાળાના તા।મા ડેવેલપમેન્ટ, પ્રિન્ટિગ કે એન્લાર્જિંગ કરનારા ઘણુ જોખમ છે ફિલ્મનુ જીલેટિન સોલ્યુશનની ગરમીથી ફૂલે છે, જલદી ઓગળે છે અને ઘણીવાર તો ઇમલ્શનનુ પડ ફિલ્મ ઉપરથી સરકી જાય તેટલુ નરમ બની જાય છે માટે આ ઋતુમા દરેક ક્રિયા વખતે અગમચેતી અને સાવચેતી આવશ્યક છે

ગરમીના દિવસોમા ડેવેલપમેન્ટ કરતા ફિલ્મનુ ઇમલ્શન નરમ બની જતુ, અને કેટલીકવાર તો આકૃતિ બાધનારનાખનાર દ્રવ્યનુ ઇમલ્શન। પર, ફિલ્મ ઉપરનો આધાર તજી તે વખતી જીતરી જતુ ઘણાએ અનુભવ્યુ હશે જીલેટિન અને ઇમલ્શનની આ દશામા નેગેટિવની પોપડીમા ઘણી ખામીઓ આવે છે સહેજસાજ દબાણ અગર ઘસારાથી ફિલ્મની આકૃતિ તૂટી જાય છે, તેમા ઝીણા કાણા કે આડાઅવળા લીસોટા પડી નેગેટિવ બગડે છે કોઇ વાર ફિલ્મના થરમાં અમુક પ્રકારની ડીઝાઇન જેવા દે છે તો કોઇ વાર તેના બંધારણમા કેટલીક જાતના જાણીજોઇ જેવા આકારો બની જાય છે

દ્રવ્યોનુ ગરમીપ્રમાણ વધુ હોય અગર જુદાજુદાં સોલ્યુશનના ટેમ્પરેચરમા તફાવત હોય ત્યારે ફિલ્મ ઉપરથી ઇમલ્શનનુ થર કૂવે છે અને નરમ બની ઊતરી જાય તેવુ થાય છે પરતુ કોઇકવાર અવી રીતે નરમ બનેલુ ઇમલશન। સુકાયાથી સકોચાય છે અને તેના બંધારણમા અમુક જાતની ભાત પડે છે આ સ્થિતિ યાને પરિણામને ક્રિલિગ (Frilling) અગર રેટિક્યુલેશન Reticulation) કહે છે

ક્રિલિગ થવાના બે કારણો હોય છે (૧) ફિલ્મનુ બંધારણ સહન ન કરી શકે તેટલી ગરમી હોય, એટલે કે ૭૫° F થી ૮૦° F ઉપરાતનુ સોલ્યુશનનુ ટેમ્પરેચર હોય ત્યારે ક્રિલિગ થાય છે (૨) ડેવેલપમેન્ટમા વપરાતા પા ી, ડેવેલપર તથા હાઇપો સોલ્યુશન એ ત્રણે બાબતના ગરમીપ્રમાણમા વધઘટ હોય, તેમના ટેમ્પરેચરમા તફાવત હોય ત્યારે પણ રેટિક્યુલેશન બને છે

ડેવેલપિગ સોલ્યુશનનુ ટેમ્પરેચર બરફથી ઠડુ કરેલુ હોય અને તેમા ફિલ્મને ધોયા બાદ પાણી અને હાઇપોમા જરૂરી

ક્રિયાઓ કરી ડેવેલપમેન્ટ પૂરું કરતાં ઉપર વર્ણવેલી અસર જણાય તો માનવું કે ડેવેલપિંગ સોલ્યુશન, પાણી અને હાઇપો બાય ઓ બધાંનાં ટેમ્પરેચર જુદાજુદા પ્રમાણમાં ઘટ્યાં. ખાસ કરીને ગરમીના દિવસોમાં દરેક બાથનું ટેમ્પરેચર સરખું જળવવું જોઇએ. ડેવેલપિંગ પ્રિન્ટિંગ તથા એન્લાર્જિંગ વખતે સોલ્યુશનનું ટેમ્પરેચર ૭૨° F થી વધુ ન થવા દેવું. તેથી વિપરીત સ્થિતિમાં ફોટોગ્રાફી કરવાની જરૂર જણાય ત્યારે ફિક્સિંગ થતું અટકાવવાના ઉપાયો લેવા પડે.

ફિક્સિંગ અને રેટિક્યુલેશન અટકાવવા સારામાં સારો એક જ ઉપાય છે: ડેવેલપિંગ સોલ્યુશનનું ટેમ્પરેચર બરફના ઉપયોગથી અગર બીજી રીતે ૬૫° થી ૭૦°F બનાવવું અને હાઇપોમાં જીલેટિનને કઠણ કરનારી દવાઓ ઉમેરી ફિક્સિંગ-હાર્ડનિંગ બાથ (Fixing Hardening Bath) બનાવવો.

ફટકડીમાં જીલેટિન તથા ફિલ્મ ઈમલ્શનને નરમ થતું અટકાવવાનો ગુણ રહેલો છે. બજારમાં ગાંધીની દુકાને વેચાતી ફટકડીનું અમેજ્ઞ નામ પોટાશિયમ અગર પોટાશ ઍલમ (Potassium or Potash Alum) છે. હવે આપણે ફટકડીને બદલે ઍલમ શબ્દ વાપરીશું પરંતુ બીજા પ્રકારની ઍલમ—લાલ ફટકડી તે ક્રોમિયમ અગર ક્રોમ ઍલમ (Chromium or Chrome Alum) છે. દવાવાળાઓની કે ફોટોગ્રાફીના સામાન વેચનારની દુકાને તે વેચાય છે. ક્રોમ ઍલમની અસર સાદી ફટકડી કરતાં ધીમી હોય છે. એના ગાગડા જૂના-નીલા રંગના હોય છે અને તેનું સોલ્યુશન ઘેરા લીલા રંગનું બને છે. પોટાશ ઍલમવાળા બાથમાં પસાર કરેલી ફિલ્મને સારી પેઠે પુષ્કળ પાણીથી ધોવી પડે છે આ ઍલમમાં ફિક્સ કરેલી ફિલ્મને ધોવામાં કચાશ રહેતાં, ફિલ્મ સુકાયેથી નેગેટિવ પર ડાઘાડાઘા પડેલા જણાય છે, જેને દૂર કરવામાં પાછળથી ઘણી મુશ્કેલીઓ નડે છે. ફટકડીના કારણે અગર બીજા કોઇ કારણસર પડેલા આ જાતના ડાઘાને સ્કમ (scum) કહે છે. એવા નેગેટિવોના પ્રિન્ટ અને એન્લાર્જમેન્ટ સારા થતા નથી અને ચિત્રો બગડે છે

ફિક્સિંગ-હાર્ડનિંગ બાથ બનાવવાની રીત

૩૦ ઔંસ ગરમ પાણીમાં ૧૨ ઔંસ હાઇપો ઓગાળી તેમાં ૧ ઔંસ પોટાશિયમ મેટાબાઇસલ્ફાઇડ ઓગાળી, સોલ્યુશનને ઠંડું પડવા દો. બીજી તરફ ૧૦ ઔંસ ગરમ પાણીમાં ½ ઔંસ ક્રોમ ઍલમ પીગાળો. બેઉ સોલ્યુશન ઠંડા પડ્યેથી ક્રોમ ઍલમવાળું સોલ્યુશન ધીરેધીરે હલાવતાં હાઇપોમાં ઉમેરો.

ડેવેલપરમાંથી ફિલ્મને કાઢી ઉપલા બાથમાં નાખતાં પહેલા થોડીક પળ સુધી ફિલ્મને પાણીમાં રાખી કેમ કે ડેવેલપરની દવાઓ ક્રોમ ઍલમની અસરને અટકાવે છે

ફિક્સિંગ બાથની અસર ધીમી થાય અગર તે બાથ ઠલ્લો બને ત્યારે દવાઓ વપરાઇ ગએલી જાણી તે બાથ ફેંકી દઇને તાજો બાથ તૈયાર કરવો.

પ્રિન્ટિંગ અને એન્લાર્જિંગમાં બ્રોમાઇડ કે ગૅસલાઇટ પેપરો માટે નીચેના પ્રમાણથી ઉપર મુજબ ફિક્સિંગ-હાર્ડનિંગ બાથ તૈયાર કરવો.

હાઇપો	૮ ઔંસ
પોટાશિયમ મેટાબાઇસલ્ફાઇડ	૧ ઔંસ
ક્રોમ ઍલમ	૫૫ ગ્રેઈન
પાણી	૪૦ ઔંસ

ક્રોમ ઍલમને બદલે પોટાશ ઍલમ-ફટકડી વાપરવાને નીચે પ્રમાણે સોલ્યુશન બનાવવું.

હાઇપો	૧૬ ઔંસ
પાણી	૬૪ ઔંસ

બીજી બાજુ નીચે મુજબનું સોલ્યુશન તૈયાર કરો

પાણી	૧૦ ઔંસ
સોડિયમ સલ્ફાઇડ	૧ ઔંસ
સાઇટ્રિક ઍસિડ	૧ ઔંસ
પોટાશ ઍલમ-ફટકડી	૧ ઔંસ

ફટકડીનું સોલ્યુશન હાઇપોમાં ઉમેરો. ફિલ્મ અગર પ્લેટો માટે આ ફિક્સિંગ-હાર્ડનિંગ બાથ બહુ જ સારો અને અસરકારક છે.

બ્રોમાઇડ અગર ગૅસલાઇટ પેપરોથી પ્રિન્ટિંગ એન્લાર્જિંગ કરવામાં હાઇપો સોલ્યુશન નરમ કરવું ઠીક છે માટે ઉપલા બાથમાં ½ ભાગનું પાણી ઉમેરીને તે વાપરવું.

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ: 'સફરે'—ભાઇ સૈયદ અહમદ (ડભોઇ); બીજું ઇનામ: 'રંકની રોજ'—ભાઇ કનુ રાવત (અમદાવાદ); ત્રીજું ઇનામ: 'તાડઉછેર'—ભાઇ કનૈયાલાલ જોષી (અંકલેશ્વર)

ઉત્તેજના ઇનામ: 'સંતોષનાં ત્રિમતલાસ્ય'—ભાઇ દેવેન્દ્ર દેસાઇ (જામનગર)

નોંધપાત્ર (૧) 'અધરસ્તે'—ભાઇ પ્રાણલાલ પટેલ (અમદાવાદ); (૨) 'દેવદ્વારે'—ભાઇ ડી બી ઓપકર (અમદાવાદ); (૩) 'ચેટની ફિકર'—ભાઇ સૈયદ અહમદ (ડભોઇ). અલબત્ત ભટ્ટ

સુધારો

ચાલુ વર્ષના અંક ૧૫૮મા આવેલી 'કાયદાનું રાજ' નામની વાર્તામાં અજાણતાં એક ભૂલ રહી ગઈ છે. હજી સુધી કોઇ જંગમાં નહિ પણ મસ્જિદમાં તેમના દુશ્મન અબ્દુલ રહેમાનને હાથે, નમાજ પઢતાં પઢતાં [illegible] એક. હકીકતોનો ઝાણી કરું. —ટે. વા.

જીવનનું પરોઢ

પ્રકરણ ૧૪મું : તરતા ગામમાં

આ લેખમાળાના ૧૩મા પ્રકરણ તરીકે 'હિંદી મહાસાગરને ચેપે ચાર' શિર્ષકનો જે હપતો ગયા અંકમા આપાઈ ગયો, તે વસ્તુત: આ ૧૪મા પ્રકરણ પછીનું પ્રકરણ હતુ તે ભૂલથી પહેલું આપાઇ ગયું તે માટે ક્ષમાપના સાથે, તેને આ પ્રકરણને અનુક્રમાને વાચવા વિનતિ છે.



'સોમાલી' સ્ટીમર, જેના ઉપર અમે સવાર થયા એ વિલાયત જનારી મોટી મોટી સ્ટીમરોના લેખામા ન આવે એટલી નાની હતી. છતા એ ખોટી મોટી ન હતી. ખૂબ લાબી પહોળી અને અનેક માળવાળી હતી. તેમા રસ્તાઓ અને ગલીઓ એટલી હતી કે નવો આવનાર ભૂલા પડી જાય. જ્યા જુઓ ત્યાં ટોળેટોળા લોકો નજરે પડતા હતા. ઘેટા બકરાના તો પણ હતા. મરઘા અને બતકા હતા. આખું ને આખું ગામ જ ઉપાડીને જાણે દરિયા પર તરતુ મૂકી દીધુ હતુ.

અમને વળાવવા આવેલા મુરબ્બીઓ અને મિત્રો બીજું ભૂંગળું વાગતા સ્ટીમર પરથી નીચે ઊતરી ગયા અને હું ઠેઠ ઉપલા તૂતક પર જ્યા સ્ટીમરનુ મોટું ભૂંગળું હતું ત્યા જઇ પહોચ્યો. સામા-પરીતે સ્ટીમરના ભૂંગળા એક જ રંગના–કાળા કે પીળા હોય છે. પણ 'સોમાલી'નું ભૂંગળું લાલ, પીળા અને ધોળા, પાચ છ રંગના પટ્ટાવાળું હતું. ઇંદ્રધનુષ્યના રંગો એકબીજા પાસે આવી જેમ બીલ્લી ઊઠે છે તેમ એ ભૂંગળા પરના રંગો એકએકથી ચડિયાતા લાગતા હતા. જમીન પર દૂર સુધી એ નજરે પડતું ને જોનારને આકર્ષતું. પચાસ સાઠ બૅંસ એક સાથે ભાભરતી હોય એવો અવાજ એ ભૂંગળામાથી બે વાર નીકળ્યો એ સાંભળી બીજી વાર એને વાગતું જોવાનું મને મન થયુ અનેક બૅંસો જેટલું એ બનું છે તેથી જ એ આવી રીતે ભાભરે છે કે શું ! ઉપર ચડી એ કેમ વાગે છે એ તપાસીતપાસીને હું જોવા લાગ્યો. પણ કંઇ માલૂમ પડયું નહિ. ઘણી વાર રાહ જોતો રહ્યો, પણ ભૂંગળું તો વાગે જ નહિ એટલે હું થાક્યો અને ત્યા આધા રાખેથી ચાર હોડીઓને પ્રદક્ષિણા કરી જોવા માડ્યો સ્ટીમર ડૂબવા લાગે કે તરત એ હોડીઓ દરિયામા ઉતારી દેવા દસ બધા માણસોને એવા બેસાડી હોડીઓને દૂર લઇ જવામા આવે છે એમ મને પિતાશ્રીએ કહેલુ. અમ પણ કહ્યુ કે આટલે ઊંચેથી હોડીને દરિયામા એક બે મિનિટમા બલાસીઓ ઉતારી દે છે આધેથી હોડીને એટલી જલદી શી રીતે ઉતારી શકાતી હશે ? ધારીધારીને જોતા જણાયુ કે હોડી ગરેડી પર લટકાવેલી છે

હોડી જોવામા મારૂ ધ્યાન હતુ એટલામા તો ભોંઓઓઓઓઓ કરતો અવાજ થયો અને મારા ઉપર વરસાદની માફક પાણી પડવા માડયુ. હું ભીંજાઇ ગયો. જરાક પાછો હટીને જોઉં છુ તો બનું ભૂંગળું નહોતુ વાગતુ. પણ એ ભૂંગળાની અડોઅડ બેત્રણ આગળ પહોળી નળી વાગતી દેખાઇ. એમાથી જોશભેર વરાળ નીકળતી હતી અને તેનુ પાણી થઈ જઇ તૂતકના કેટલાય ભાગ પર વરસતુ હતું.

ભૂંગળું વાગી રહ્યું કે હું દોડતો પહેલા વર્ગના તૂતક ઉપરથી બીજા વર્ગના તૂતક પર નીચે બિછેલા સ્નેહીઓને છેલ્લા રામરામ કરવા નીચે પિતાશ્રી પાસે પહોચ્યો. બધાને હાથ જોડ્યા ન જોડ્યા ત્યા તો અમે ઊભા હતા તેની નીચેના ભાગમાથી સ્સીઇઇઇયુ સ્સીઇઇઇયુ સ્સીઇઇઇયુ કરતી વરાળ નીકળવા લાગી. ટણણન્ ટણણન્ કરતી ઘટડીઓ અમારી પછવાડે આવેલા પાચેક માળના એન્જિનરૂમમાથી સંભળાવા લાગી. અને લાગલું જ ધડાગ ધંગ ધંગ ધડાગ ધંગ કરતુ એન્જિન ચાલતું સંભળાયું ઘણી સ્ટીમરને એક છેડેથી ધડધડ ધડધડ ધડધડ એવો બહુ જ કઠોર અવાજ

આવવા લાગ્યો. કોઈએ કહ્યું કે 'એ, લંગર પણ ઊપડ્યું' હું ઊભો હતો એ કઠેડા ઉપરથી લંગારને જોયું તો મજબૂત જાડી કડીઓવાળી એક સાંકળ દરિયામાંથી ઉપર ખેંચાતી દેખાઈ. મને થયું કે હમણાં લંગર દેખાશે. પણ સાંકળ પૂરી થાય જ નહિ. હું આખરે થાક્યો અને એ લાંબુંલાંબું લંગર જોવાનું પડતું મૂકી નીચે નજર કરી તો ધક્કાની ભીંતને અડોઅડ ઊભેલી સ્ટીમર દિશા બદલતી દેખાઈ. અમારી ને સ્નેહીઓની વચ્ચે માંડ જ હાથનું અંતર પડી ગયેલું જોયું.

કાઠેથી સ્ટીમર ચાર આઠ વાંકા દૂર નીકળી ગઈ એટલે મારી બાજુએ દરિયામાં એક નાળિયેર અને એક પૈસો નાખવામાં આવ્યા. આસપાસ કેટલાક બારવાના છોકરાઓ દોડી હલ્લને ફરતા હતા. તેમાંના એકે વાંદરાની ઝડપે પૈસાને ઝીલી લીધો અને પાણીમાં ડૂબવા ન દીધો. બીજી તરફ નાળિયેર માટે પણ એક બે જણ લડતા દેખાયા. આ લડાઈ રસપૂર્વક જોતો હતો ત્યાં મારો પગ એકાએક હલવા લાગ્યો. ચમકીને જોઉં છું તો એક જાડા સળિયા ઉપર મારો પગ હતો અને તે સળીઓ એક તરફ ખેંચાતો હતો. વળી થોડી વારમાં ઊલટી દિશામાં ખેંચાવા લાગ્યો. પિતાશ્રીને મેં પૂછ્યું, 'આ શું છે?' તેમણે કહ્યું કે એ સુકાન સીધું રાખવાના સળિયા છે. કૅપ્ટન ઉપર બેઠોબેઠો જેમ ચક્કર ફેરવે એમ આ સળિયા આધાપાછા થાય અને સુકાન સીધું રહે. સ્ટીમર કે વહાણનો મુખ્ય આધાર આ સુકાન પર જ હોય છે. એ સળિયા કેટલા લાંબા છે, ક્યાંથી નીકળે છે વગેરેની શોધમાં હું નીકળ્યો.

અમે જે તૂતક ઉપર ઊભા હતા તે બેઊંચે બાટલા ઊભા સમાય એટલું પહોળું હતું વચ્ચેના ભાગમાં એન્જિનરૂમ હતો. અને બીજી બાજુ પાછું એવું જ તૂતક હતું. બીજી બાજુના તૂતકને છેડે પણ પેલો સુકાનનો સળિયો આધોપાછો થતો મેં જોયો. પાછળ, તૂતક પરથી એક મજાનું દૃશ્ય નજરે પડ્યું. અમારી સ્ટીમરથી થોડે છેટે એક પૂલ ગોળ ફરતો દેખાયો. મોટા ઘેરાવામાં કિલ્લા જેવી પાળ બાંધી સ્ટીમરોને પડી રહેવા માટે દરિયાના થોડાક ભાગને સરોવર જેવો બનાવી દીધો હતો. તે પાળનો એક કટકો આ ફરતો પૂલ બનાવ્યો. એ પાળ ઉપર ઘોરી રસ્તો પણ હતો. કેટલીક ઘોડાગાડી, સાઇકલો આ પૂલ ફરી જવાથી ઊભી રહી ગઈ હતી. પૂલે આપેલા માર્ગમાં થઈ અમારી સ્ટીમર ગોદીમાંથી બહાર નીકળી ખુલ્લા દરિયામાં પહોંચી કે પૂલ પાછો બસાઇ ગયો ને તેની છાતી પર થઈ ગાડીઘોડા પાછા પોતપોતાને માર્ગે ચાલતા થયા. અમારી સ્ટીમરે પણ તેની ગતિ નજરે પડે એટલી ઝડપથી ચાલતા માંડ્યું. અમારા સ્નેહી સંબંધીઓ હવે એકએક આંગળા જેવડાં જ દેખાતાં હતાં. ધીમેધીમે કિનારા પરનાં મકાનો પણ નાનાં થવા લાગ્યાં ને મુંબાઇ દૂર ને દૂર જવા લાગ્યું. સાંજ સુધી તૂતક પર ઊભા રહી અમે બધું દૃશ્ય જોયા કર્યું. થોડી વારમાં દરિયાના બૂખરા પાણી પર સુરખી પાથરતો સૂર્ય લાલચોળ બની દરિયામાં ડૂબી ગયો. અસ્ત પામતા સૂર્યનારાયણનાં દર્શન કરી અમે તૂતક પરથી ઊતર્યા ને અમારી ઓરડીમાં આવી નારતોપાણી કર્યા.

અમારી પાસે પીનિકમથી આવ્યા ત્યારની બીજા દરજ્જાની વાપસી ટિકિટ હતી. અમારા સાથમાં જમનાદાસ કાકા નવા હતા. તેમણે બીજા વર્ગનું ભાડું ન બચતાં ત્રીજા વર્ગની ટિકિટ લીધેલી. બીજા વર્ગની ઝાઝી ટિકિટને જોરે અમે પહેલા વર્ગમાં અડ્ડો જમાવ્યો અને જમનાદાસ કાકા પોતાની આરામ-ખુરસી અને થોડી ચોપડી લઈ ત્રીજા વર્ગમાં ગયા. અમે બાકીનાં પાંચ જણ ઓરડીમાંની ચાર બર્થ પર પાથરેલી પથારી પર ગોઠવાયાં.

સવારે ઊઠી ઓરડીમાં મોટા અરીસા નીચે આવેલી નળકુંડી પર દાતણ કરી એન્જિનરૂમની બીજી તરફ શૌચ અને સ્નાન માટે ગયા. નહાવાની ઓરડીમાં સગવડ કરતો જે સફાઈ ચડી જતી હતી. શૌચકૂપમાં પણ બધું ચળકતું સુઘડ અને ત્યાં બેસી રહેવા મન લલચાય એવું હતું નહાવા માટે 'સ્ટુઅર્ડ' (ખલાસી મજૂરીઓ) પૂછી ગયો કે હું પાણી લાવું કે જાતે? પહેલા બીજા વર્ગની દરેક ઓરડીમાં કામ કરવા જુવાન સ્ટુઅર્ડો મુકરર હતા. તેઓ બહુ ચપળતા અને સુઘડતાથી કામ કરતા. અમારી ઓરડીમાં સવારે મૂર્યોદયની સાથે સ્ટુઅર્ડ ચાની પહોંચ્યો. પીવાના પાણીનો કાચનો કૂજો ને પ્યાલા, તેમાંનું ફર્નિચર, પથારીઓ વગેરેના ચાદર ગલેફ હુવાલ બધું સાફ ને ડાઘ વિનાનું બનાવી જતો. અગે જ્યારે જે કંઈ

ગાગીએ તે પાચ મિનિટમા તે દાજ્જ કરી દેતો ટૂંકમા અમારી સગવડ અને આરામનો પાર ન હતો અમે વૈષ્ણવ એટલે ન લસણ, વાસણનુ અને બીજુ કામ બધુ જ કરી લેતા, તેથી બ્રાહ્મણ કામ તેમને ત્યાંથી પહોચતુ નહિ અમારો રસોઈ તેથી અમારા પર બધારે ખુશ રહેતો

નહાવાધોવાનું પતાવી કે વગર વિ ો હુ તુરત જ હોડ ચલાવો ને મુબાઇનો કિનારો દેખાતો હોય તો કોઇવાર ચા તત્કાલીનાપુરીનેનજર નાખી લઉ કે બાકુ ન હતુ આગલે દિવસે દેખાતા પહાડ, રેતીના દરિયાકાઠો બધુ જ અદૃશ્ય થઇ ગયુ હતુ ચોતરફ પાણી પાણી ન લાગી જ દેખાતુ હતુ. મોજાની વણઝારો ઊંચા ઊંચા થતી હોવાથી કોઇએ આકાશ જ નીચે ખિસકી દીધુ છે કે શુ એવો ભ્રમ થતો ન હતો દૂર દૂર મોજા ફરી જાણે ધોળા ફીણ દેખાતા હોવાથી સમુદ્રમા છાશ એવુ લાગતુ હતુ મુબાઇનુ ડોકુ પાણી દેખાતુ બધ થયુ હતુ અને સીધાસટ પડતુ પાણી દેખાતુ હતુ અમારી રસોઇ પણ પાણી કાપતી આગળ ને આગળ ધપ્યે જતી હતી આગળ જતા છ કોટલુ જ જણાતુ હતુ, —કઇ દિશામા, કયા જઇ રહ્યા છ એ કઇ કળાતુ ન હતુ. કળાતી હતી ફક્ત ક્ષિતિજ રસોઇ ઠોકયા કરતી હતી તેથી દરિયો ઠેકઠેકાણે માથા ઉપર ચડી જતો દેખાતો અને ઘડીકમા પગની નીચે ઊતરી જતો જણાતો દરિયો એટલે દુનિયાનુ પાણી નહિ પણ દૂર આકાશ સાથે જોગવેલી દુનિયાની બાર. ાનાથી ઉપર આવ્યા અને તેમણે પણ આખું દૃશ્ય જોયુ ન જોયા કે, 'હવે માત્ર ત્રિસ સુધી પાણી સિવાય બીજુ કશ દેખાવાનુ નથી માત્રને દિવસે મિરયે હમના ટાપુ આવશે.'

ઠીકઠીક દિવસ ચડયો ત્યા સુધી મેં સમુદ્રદર્શન જ કર્યા કર્યુ. બપોર થતા સમુદ્ર જોવાનો મોહ ઊતરી ગયો અને હું જમનાબાઇકાકા પાસે જઇ બેસી ગયો અમારી પહેલા બીજા બંને બોટડીઓની દાળ પૂરી થતી હતી, તેથી બધી બાજુએ મોટા ચોરસ તુરક હતા એ તુરકમા નમતાના લોટા ને ચૂના, માલ ને કેન્ડેલ કનાગા ઊંટડા (ફૂન) અને વચ્ચોવચ્ચ એક ખૂબ ઊંચો માલેલો આવેલા હતા જાને તુરક સન્યા જ હતા આ તુરકની નીચે જે બધુ જોવાનુ હતા નીચે ા બોયગમા તો માલ ભરેલો હતો, પણ મોટા ઉપરતા એવ્યે કે જોવા બોયગમા બીજા કઇના હતા ઉપરના ભાર્યા હતા લોકો એને ફાવકો પણ કહેતા

ફાનકામા ઊતરીને મેં જોયુ તો મેકડો ઉપર ઓ અટોચડ પથારી કરીને તથા પોતા ા પેરીગોયા નાના નાના બાળકો પડયા હતા રસોઇ કરવાવાળા કુ આવી કેટલાયને ઊતરી થતી હતી િકાના બારણે બેઠેલા બાળકોના હતા કોઇ માણસના કુટુબમા તો કોઇ તદ્દન જમીન પર જ ઊતરી કરતા હોવાથી બધુ જ મૂંઝાભણું થઇ પડયુ હતુ બધુમા ફરી બીડીના ધુમાડાથી આખો કાનકો ગંધાઇ ગયો હતો બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ અને ઊતરીયા માલવા થઇ ન શકેલા સિવાયના બીજા માણસો ચચ્ચાર આઠ આઠ ા કુટુ બાગા બેસી, ગજુરો જમતા હતા તે તરફ મારૂ ધ્યા ગયા વિના ન રહ્યું રજુરો નહોતા જમતા એ કોઇ નાયકના ગાયનો ગાવાગા, ના ગાવાના બાવામ, અને કોઇ કોઇ ધક્કામુકી અડધા ને ઝઘડા જેવા તેવા શબ્દો સભળાવવામા ગુથાયા હતા હું ફરતો ફરતો નવુ જોતો હતો ત્યારે એક ન માણીએ મને પોતા ા પાસે બેસાડયો, પરતુ એમા મોમાથી બીકગની તમાકુ ા ગધથી અને બીડી પીવા જ તેમણે માટેથી દમાદમ અને એકબીજા ા ગરકરીઓથી કટાણી જઇ હું ત્યાથી ભાગતો થયો પછી બોયગમા હતા અજરાતુ જે ન હતુ તેવા પણ હું અકળાતો ને જોવાનું પૂરુ કરી ઉપર ચાલ્યા જવા ની ઉતાવળ કરી.

બોયગમા હતા આરબાન ઉંચેના ભાગમા મોટા બારીઓની હાર બેઠની ગોઠવી હતી કે જહાજ ઉપાડતા મોજાઓ ા ઝપટ નહિ આવી શકે કોઇ વાર જ્યારે પવન ફૂલાય અને મોજાઓ તુમામા આવી જાય ત્યારે એ બારીમાથી આવી તેવા દિવ્ય-અદિવ્ય કશ તપારવા વિા થયા મર્મજ્ઞીયનુ જ્ઞાન કનારી દે ખરા, પણ શાત મનોદશ મોજામા તો એ બારીમાથી ભડકતા પ્રકાશ ને હતા મારી પેઠે બધા લઇ શકાય પરતુ આપણા દેશવાસીઓ નકામા પડતા અને શરીરો કરી એ બારીઓ બધ રાખતા હતા અને જાદવનુ વાતાવરણ ધુ અકળાવનારૂ થઇ જતુ હતુ. ખરી અને બીડી ા ધુમાડા, પાનની પિચકારીઓ, કેરાના ગાળા વગેરે ને બધ મને હવે વાસ ફરવો, એટલ

બંડકમાં રહેલવાનું છોડી દૂ ઉપર આવી ગયો.

બંડકની ઉપર, વચ્ચે ચંદરવો બાંધેલું એક ગોદું ચોગાન હતું. સ્વચ્છતાપ્રિય અને ખુલ્લી હવાથી ન ડરનારા ત્રીજા વર્ગના ઉતારૂઓએ બંડકમાં ન જતાં અહીં પોતપોતાનાં આસન જમાવ્યા હતાં. આ મુસાફરોની સાથે એક સ્વચ્છ ખૂણામાં જમનાદાસકાકા, સાથે આણેલી એક આરામખુરશી પર બાંધના બેઠા હતા. તેઓ રાત્રે સુવાનું પણ એ ખુરશી પર જ કરતા. સ્ટીમરની જગીન રોજ ધોવાવાને કારણે આખો વખત ભીની રહેતી હોવાથી જગીન પર પથારી કરી શકાય એવું હતું નહિ. જમનાદાસકાકાવાળો ખૂણો પ્રમાણમાં સાફ હોવા છતાં, ત્યાંયે બલાસીઓ પોતાનું આમિષભોજન પાસે જ તૈયાર કરતા હોવાથી ચીતરી ચડ્યા વિના ન રહે એવું હતું. મુસાફરોને રાંધવાના લોઢાના ચૂલા પર ધાપલ ચાલ્યા કરતી તેથી શાંતિ ન રહેતી. અને માછલી વગેરેના શાક વધારાતાં તેની દુર્ગંધ પણ સહેવી કરવી હતી. જ્યાં ત્યાં ઊલટીઓ, બંડકની જેમ અહીં પણ મુસાફરો વધારે થતો હતો.

જે બંડક અને તેને મથાળે આવેલા ચોકની મેં વાત કરી તે અમારી ઓરડીની દારની એક તરફ એટલે કે સ્ટીમરના પાછલા ભાગમાં હતાં સ્ટીમરના આગલા ભાગમાં પણ એવો જ બીજો બંડક અને ચોક હતો. તેમાં ફક્ત માલ હતો અને ઉતારૂઓ ન હતા, તેથી ત્યાં શાંતિ ને સફાઈ ખૂબ હતાં એ ચોકને એક પડખે લોઢાની ભઠ્ઠી હતી તે હિંદુઓને રાંધવા માટે જુદી રાખેલી હતી વખત થતાં ઓરડીમાં મારી આગળ ચોખા, દાળ, બટેટાં બધું એક તપેલામાં તૈયાર કરી આપ્યું તે લઈ, પિતાશ્રી એ હિંદુ ચૂલા ઉપર બીચડી ચડાવવા આવ્યા. પણ તેઓ ચૂલા પર બીચડી મૂકે તે પહેલાં જ એક છોકરો દોડતો આવ્યો અને હાથમાંની માછલી તે પર શેકવા મંડી પડ્યો. એ હિંદુ હતો છતાં માછલી જેવી ચીજ શેકવા આવ્યો એ જોઈ મને નવાઈ લાગી. પાછળથી તો જનોઈ પહેરેલા બ્રાહ્મણને પણ માછલીનું શાક બનાવતાં મેં જોયા, ને જાણ્યું કે એ ઉત્તર હિંદુસ્તાનના વાસી છે ત્યારે તેમના પર મને ઘૃણા આવી. પિતાશ્રી કમાનને મળી ગોઠવણ કરી આવ્યા પછી એ ચૂલા પર એવી બીજે રાંધવાનું બંધ થયું ને આમને વૈષ્ણવોને રાંધવા બીજાની મુશ્કેલીઓ ન રહી. જોકે અમારી સાથે રસોઈ પાણીમાં સુરત તરફના બે પટેલો બ્રાહ્મણ. તેમની સોબતે મારું વૈષ્ણવપણું થોડું બગડ્યું ખરું. પણ તેમની ફુગણી વાળી બીચડી મને અમારી બીચડી કરતાં વધુ ભાવતી!

સામાન્ય ઉતારૂઓમાં અમારી મંડળી જુદી પડી. બપોરનો વખત રોજ અમે આ એકાંત ચોકમાં વીતાડતા. જમનાદાસકાકા 'ભાગવત' વાંચી સંભળાવી બધાંને ખૂબ હસાવતા. સાંજ પડ્યે બધાં જોગાં ગાતાં ભજન-કીર્તન કરતાં. સુરતના પટેલ ભાઈઓ (જેમનાં નામ હવે યાદ નથી) પણ ભજનનો ભજન વાર્તા અને દુહા સંભળાવી આનંદ રેલાવતા. બપોરના વાચન અને સાંજના ભજનને લીધે અમને અમારો દિવસ લાંબો ન જણાતો. એ સિવાયના સમયમાં પિતાશ્રી તથા જમનાદાસકાકા પોતપોતાની ચોપડીઓ વાંચતા. હું ચોપડીનો સ્પર્શ સુદ્ધાં ન કરતો. ઊંઘ સિવાયનો મારો બધો વખત સ્ટીમરનાં યંત્રો અને ભઠ્ઠીમાં કોલસા નાખનાર મજૂરથી માંડી કપ્તાન સુધીના કામ કરનારાઓની પ્રવૃત્તિ નીરખવામાં જતો.

સ્ટીમરની મુખ્ય જવાબદારી કપ્તાન પર. એ ચોવીસે કલાકનો પહેરેદાર. ઋતુમાં જરા સરખું પરિવર્તન કે જોખમ આવે અથવા આરામાં સ્ટીમર લઈ જવાની કે લાવવાની થાય કે તરત સુકાન પર કપ્તાન હાજર થઈ જતા. વળી ઉતારૂઓને અસંતુષ્ટ ન થવા દેવાની, ઉતારૂઓ આપસમાં લડે ઝગડે તો તેમને શાંત રાખવાની તથા તેમને ખોરાક પહોંચાડવાની પૂરેપૂરી ચિંતા તેને જ શિરે. સ્ટીમરની દુનિયાનો રાજા, સ્ટીમર-જગતનો કાજી અને સ્ટીમરનો સંચાલક એ એક જ વ્યક્તિ. માથા પર આટલો ભાર છતાં તે લહેરી લાલો જણાતો. સદા એ મલકાતો રહે. સાંજ પડે ઊંચે આવેથી પોતાની ઓરડીમાં નિરાંતે પડેલો દેખાય ઘડીએઘડીએ એ ચાપાણી કરતો હોય અને બીડી ફૂંકતા સિવાય એને કંઈ યે ધંધો ન હોય એમ લાગે. સામાન્ય રીતે કૅપ્ટનના તૂતક પર કોઈથી જવાતું નહિ. પણ અમે ફર્સ્ટ ક્લાસના મુસાફર અને બધા બલાસીઓ મારા ઓળખીતા, એટલે હું છૂટથી ગમે ત્યાં ચહોંગી જતો. કોઈ કોઈ વાર કૅપ્ટન મને રમાડતો પણ ખરો; પરંતુ તેની ઓરડીમાં ઘૂસી જવાની મારી હિંમત ન ચાલતી. બનતાં સુધી તે અળગો રહેતો.

આમ જેને માથે બધો જ બોજો હતો, તેને પૂરી નિરાંત અને આરામ રહેતા તે।। સિવાયના સ્ટીમરના બીજા બધા માણસો બહુ કામગરા ને મહેનતુ જણાતા કપ્તાન।। હાથ નીચે ચાર ઑફિસરો હતા તેમાં પહેલો ને ચોથા માથે મારે બ્રિટિશ મૅરિન બધાઓની પ્રથમ ઑફિસર લાગ્યો ને પાતળો હતો તેનામાં સ્ફૂર્તિ એવી કે ઉપરના તૂતક પરથી નીચેના તૂતક પર એક જ ફલાંગે ઊતરી પડે સીડીના કેટલાક પગથિયા હોય, તેમાં।। વચ્ચલા પગથિયા પર પગ ટેકવ્યો ન ટેકવ્યો ને નીચે બીજા બલાસી ને માણસો તે રોજ ફરવા નીકળે ત્યારે આડુંઅવળું જુએ સુદ્ધાં નહિ એની પાછળ પાછળ દોડે કેટલીક વાર ફરતો ફરતો જે અવાસીઓ જ્યારે જુએ ત્યારે બોલાવ્યા વિના ન રહે,તે પ્રથમ સાહેબની હાજરીમાં હું તેમને બોલાવું તોયે જવાબ ન આપતા ફર્સ્ટ ઑફિસરનું એક ખાસ કામ રહેતું રોજ બપોરે બાર વાગ્યા પહેલાં એ ચારપાંચ કાચનું બનેલું યંત્ર લઈ સૂર્ય માથે આવવાની રાહ જોતો ઊભો રહેતો સૂર્ય બરાબર માથે આવતા તે જાહેર કરતો અને સૌ પોતપોતાની ઘડીઓ મેળવી લેતું સ્ટીમરનો તો રોજ સાડી ચોવીસ કે બહુ બહુ તો બે।। સ કલાકનો દિવસ થઈ જતો કારણ,જોગ પશ્ચિમે આગળ વધીએ તેમ ઘડીઓળ પાછળ ફરાવવી પડે એ યંત્રમાં શું દેખાય છે તે।। મને ખબર ન પડતી, તેથી મને એ વધુ ગૂઢ ને ભવ્ય લાગતું

ચોથા ઑફિસર સાહેબ જાડા ને વામણા હતા ઊંઘણશી પણ વધારે હતા ચારે ઑફિસરો વારાફરતી દિવસરાત સ્ટીમરનું રખોપું કરતા એક જણ કામે ચઢે ત્યારે બીજા જણ આરામ કરે પણ વારા પ્રમાણે રખોપું કરવા ઉપરાંત દરેકને બીજું કામ પણ રહેતું આ ચોથા સાહેબ ઑન્ડિજનના માલિક હતા તેઓ કામે ચઢે કે ઑન્ડિજનરૂમમાં પહોંચે ઑન્ડિજન ઑપરેટર સ્ટીમરનું હૃદય. આખી સ્ટીમર।। બરાબર મધ્યમાં ઉપરથી નીચે પાંચ માળ સુધી એ ફેલાએલું હતું સાહેબ ડેક તપિયે જમ ઉપર આવે, કોઇક નાખી હપકારે, કયાકથી વરાળ કાઢે, કોઇ ભાગ ખોલે ને પાછા ઉપર આવી હવા ખાય એમને હું નવું ને કવું કે મને પોતાની સાથે અંદર નીચેને ભાગે લઇ જાય, પણ કોઇ દિવસ માને નહિ જાણે, આદરીયા નીચે સુધી બધું કેવાય છે એમ કહી બારીમાંથી બધું બતાવે પોતાની ઓરડીમાં લઇ જાય ચોકલેટ આપે, ગાયન સંભળાવે, પણ પગને અડવા કે પાસે જઇને જોવા ન દે

એક દિવસ ચોથા સાહેબ વધારે પડતું ઊંઘી રહ્યા એમનો કામે ચઢવાનો વખત થવા આવ્યો ત્યારે હું રોજની જેમ ઑન્ડિજનરૂમ પર હાજર થઇ ગયો તેઓ ન આવ્યા પંદરેક મિનિટ મોડા થયા હશે ત્યાં તો ઑફિસરો ને કામ કરનારાઓએ ધાંધલ મચાવી।। મૂકી કૅપ્ટન પણ ગંભીર ચહેરે આવી પહોંચ્યા અને કંઈક અમંગળ થયું હોય તેમ બધા ઉદાસ અને ચિંતાતુર જણાવા બધું ધાંધલ થાય તે પહેલાં તે જાડીઆ સાહેબ ડોલતા ડોલતા આવી પહોંચ્યા જોગા થએલા લોકો પોતપોતાના કામે ચઢયા. અને વાતાવરણ।। તેજ નરમ પડી ગયું સાંજે ચોથા સાહેબ પોતાની ઓરડીમાં ગયા ત્યારે હું યે પહોંચ્યો ને પૂછ્યું "આજે શું હતું ?" તો કહે, "મને ભોકું થઇ ગયું" ને હસતા હસતા કોટ ઉતારી આરામ-ખુરશી પર બેસી બીજી વાતે ચઢયા

બધા બલાસીનો ઉપરી માલમ-ડોબાવાસી આખી સ્ટીમરમાં એક એવો માણસ હતો કે જેને ગમે એટલા સવાલ પૂછું તો બધાના જવાબ બહુ સમજી।ને કાળજીથી આપે મોટે ભાગે તે સ્ટીમરના છેવાડાના તૂતક પર સુકાન પાસે રહેતો એવડી મોટી જગી સ્ટીમર એક નાનકડા સુકાનને આધારે સીધી દોર કેમ રહેતી હશે એ મને સમજાતું નહિ દરિયાના મોજાં ગમે એટલા ઉછળે, પ્રવાહો ગમે તેવા પાકાચૂકા હોય, પણ તે।। લેશ ગા। પરવા કર્યા વિના અણીદાર ચાકુથી તરબુચ ચીરાય તેમ સ્ટીમર પાણીને ચીરે જતી એ કાપ તસુભર પણ આડોઅવળો ન પડતો દિવસો।। દિવસ સુધી સીધી લીટીમાં પાણી કપાયે જતું,એનો આશ્ચર્યજનક કાબૂ સુકાનનો સ્ટીમર પર રહેતો સ્ટીમરને છેડે લાંબી દોરી પહી સમુદ્રમાં તણાયે આવતી તે પરથી કેટલા માઇલ પ્રવાસ થયો તે નોંધાયે જતું

સ્ટીમરના આગળના ભાગમાં એક પાતળો છેડો પાણીમાં ઘૂસે ત્યાં સુધી દરિયો સાવ એકરંગ ને શાંત દેખાતો પાછળ છેડે માલમ ઊભતો તેના પગ નીચે ધુંધવતા અવાજ સાથે પાણીમાં પળો ચાલતો તેના જોરથી પાણી આમથી।। જેમ ઉછળતું સ્ટીમર પાસ દસ વાર આગળ વધતી કે નીચ સાગરમાં ધોળા ફીણ પથરાઇ રહેતા એ ફીણ અને બાજુથી સીધી લીટીમાં

પથરાતાં. મોટી પહોળી પાકી સડક પરની બંને કિનાર જેવી સીધી હોય તેવી જ સીધી, જાણે સમુદ્રમાર્ગ ટીમરને માટે કોઈ સડક તૈયાર કરી ન હોય! એ જલપંથ બહુ જ મોહક દેખાતો. મને થતું કે સ્ટીમરના કઠેડા પરથી કૂદી પડી એ સુંદર સડક પર થોડી લટાર મારી હોય તો કેવી મજા! પણ એ મજા તો કોઈ પરીનો બાળક લઈ શકે; હું લેવા જઉં તો મજા સોસરવી નીકળી જાય એની મને બબર હતી. ઊગતા કે આથમતા ચંદ્રનો રૂપેરી પટો ક્ષિતિજથી સ્ટીમર સુધી પથરાએલો દેખાતો, તેનાથી જરા યે ઓછો ઊતરે એવો સ્ટીમરે નીપજાવેલો એ જલપથ રાતના અંધારામાં ન દેખાતો. જો કે રાત્રે એ જોવા મને કોઈ ઊભવા ન દેતું. સાજે દીવાબત્તી થયે પૂરો કલાક ન વીતે ત્યાં મારે પથારી પર પહોંચી જવું પડતું.

જ્યારે બહુ ગરમી જણાતી ત્યારે રાત્રે ઓરડીમાં સૂવાને બદલે તૂતક પર પથારી પાથરી અમે સૂતા. અંધારામાં યે પથારીમાં જોઈ જોઈ સમુદ્રમાં અનેક જાતના ચળકાટ દેખાતા. મોજાં ભાગી ફીણ ફેલાવાથી ફૂલના હાર વેરાએલા હોય એવું લાગે. એ ઉપરાંત આગિયા જેવા ઝબકારા અને લાંબા ફંદા પાણીમાં અહીંથી તહીં જતા હોય એવું દેખાતું. હું એને દરિયાના આગિયા માનતો, પણ એક વાર પિતાશ્રીએ કહ્યું કે 'એ ફૉસફરસ છે, જીવડા નથી.'

જેમ પાણીમાં તેમ આકાશમાં વાદળાં જોવાનો યે મજા તૂતકની પથારીમાં પડ્યાપડ્યા આવતી. કોઈ મગર જેવું વાદળું હોય તે ઘડીકમાં હાથીના આકાર જેવું થઈ જાય. કેશવ, કૃષ્ણ ને હું એ હાથી છે કે મગર છે તેની ચર્ચા ચલાવતા હોઈએ, ત્યાં તો એ મોટા મિનારા જેવું થઈ જાય ને પળી ઝાડ બની જાય. સમુદ્ર અને આકાશના આવા આપમાં ન સમાય અને ઝીલે ન કથાય એવાં દૃશ્ય સાથે મારી બાની વાર્તાઓ ભળતી ત્યારે જે રસ બાલતો તે કોઈ નાટક કે કાવ્યમાં હજુ સુધી અનુભવ્યો નથી. મોટે ભાગે મારી બા ભાગવતની વાર્તા કરતી. કૃષ્ણ ભગવાને બકાસુરને માર્યો, દાવાનળ પીધો, પૂતનાની છાતી ચૂસી લીધી, નાગદમન કર્યું એ કથાઓને જાણે પ્રત્યક્ષ જોઈ રહ્યા હોઉં એવું લાગતું. બકાસુરની આકાશ સુધી ફેલાતી ચાંચ જાણે સમુદ્રનું પાણી ને આકાશનાં વાદળાં છે એવું લાગતું અને તેમાં કૃષ્ણ ભગવાનના પણને સ્થાને અમારી સ્ટીમર ઘુસવે જતી ભાસતી. આવી કલ્પનાઓના આનંદમાં ઊંઘ ક્યારે આવી જતી તેની બબર ન પડતી.

ગીતાનો અગિયારમો અધ્યાય શીખ્યો ત્યારે તેમાંના વિરાટ સ્વરૂપના વર્ણનથી અનેક પ્રકારના ભાવ પેદા થયા હતા. ખગોળશાસ્ત્રની કલ્પિકાઓ જાણવા મળી ને આકાશગંગા તથા સૂર્યોના હજારોગણા તેજસ્વી સૂર્યો, તેમનાં અંતર ને શક્તિની કલ્પનાઓથી દિમૂઢ થયો હતો. પણ વિરાટ દર્શનનો જે ભવ્ય રસ તે તન્મય કરી દેનારી છાપ એ નાની વયે હિંદી મહાસાગરને ખોળે નાજુક સ્ટીમરમાં વિહરતા પડી તે અનોખી જ હતી. એનું વર્ણન ને વિશ્લેષણ કરવા જતાં દિલમાં સચવાએલું ચિંતારત્ન ચૂંથાઈ જતું લાગે છે.

એક બપોરે એક છુટ્ટો બલાસી પોતાથી બધું જુદું વાવટો પાથરી, તેને જ્યાંત્યાં થીગડાં દેતો બેઠો હતો. મેં પૂછ્યું: 'કોઈ દિવસ નહિ ને આજે વાવટો લઈને કેમ બેઠા છો?' તેણે જવાબ આપ્યો: 'કાલે આપણે સિશેલ્સ પહોંચશું ત્યારે વાવટો આ ઊંચા થાંભલા પર ચડાવવો પડશે. વાવટો ન હોય તો સ્ટીમરને કોઈ બંદરમાં જવા ન દે.' એની વાત સાચી હતી, કલાક બે કલાક પછી લંગરના ચેનમાં બંધ પડેલાં ટાઢાં યંત્રો સચેતન થયાં. જે નળો પર રોજ પગ મૂકી ચાલતા તે પર પગ મૂકતાં ડરાવા લાગ્યું. બંદરમાં માલ ચડાવવાઉતારવા માટે ઊંટપગાઓ—'ક્રેન' ચાલુ કરવા બલાસીઓ તેના બધા ભાગો તપાસી તપાસીને જોવા ને સુધારવા લાગ્યા.

પૂરો એક દિવસ આ તૈયારીઓમાં ન વીતે ત્યાં દૂરદૂર વાદળાં જેવું કંઈક દેખાવા લાગ્યું. ઉતારૂઓએ દૂરબીન માંડી જોવા માંડ્યું. એ જમીન છે, એ કાંઠો છે એમ થોડી વારે ખાત્રી થઈ અને બધા ઉતારૂઓમાં ઉત્સાહ ફેલાઈ ગયો.

સિશેલ્સ દ્વીપ પહોંચવાના આનંદ કરતાં યે મહાસાગર નિર્વિઘ્ને ઓળંગી ગયાનો આનંદ વધુ હતો. હજુ અઠ્ઠિકા આવું હતું, છતાં 'આરો નહિ, ઓવારો નહિ, પાળ કે પડથારો નહિ,' એવા સાગરનો એક છોડો નજરે પડ્યો તેનો એ આનંદ હતો.

પ્રભુદાસ ગાંધી

ઘર બાળીને ગામ બચાવ્યું

જાપાનના એક ગામડામાં એક કુણાના બાગણા આગળ હાગમુચિ નામે એક ડોસો તથા તેનો નાનકડો પૌત્ર બેઠા હતા. કુણો એક નીચી ટેકરીને માથે હતો, ને ત્યાંથી સમુદ્ર દેખાતો હતો. અડખે પડખે બેતર હતા, તેમા મોલ પાકી ગયા હતા તે તડકામા સુવર્ણરંગે ચમકતા હતા ને પવનમા દોંચકતા હતા.

હાગમુચિ તથા તેનો પૌત્ર બે જણ જ ત્યાં હતા. ઘરના બીજાં માણસ ટેકરીની તળેટીએ ગામ હતુ ત્યાં ગયાં હતા. આજ કોઇ તહેવાર હતો, એટલે વૃદ્ધ પુરુષ તથા છોકરા વિના બીજાંબધા મિત્રો સાથે મોજ કરવા નીકળી પડ્યાં હતાં. દીવડા લઇને બે ફરતા સરઘસને કુણાના બાગણા આગળ આ બેય જોતા બેઠા હતા, અને છેટેથી ગીત તથા નાચનો ધ્વનિ સંભળાતો હતો. બેતરમા દાખડો બહુ કર્યો હતો એટલે ડોસો થાક ખાતો હતો, અને છોકરો એના પગ આગળ રમતો હતો.

નીચે આવી રહેલા ગામના બોરડાની બોલી કોર સમુદ્ર ઉપર દૃષ્ટિ કરતો હાગમુચિ બેઠો હતો, ત્યા નાનો છોકરો સમુદ્રગામી વહાણની, અને બેક દિવસ બેમા બેસીને નવા દેશ જોવાની પોતાની અભિલાષાની વાત કરવા મંડ્યો. બેકાબેક હાગમુચિને લાગ્યુ કે આજ સમુદ્રનો રંગ ફરી ગયો છે. આખો દિવસ તોફાન જેવું તો હતુ જ; પણ હવે પાણી નિત્ય કરતા નીચુ જણાતુ હતુ અને આઘે પાણીમાથી બહાર ડોકાઇ આવેલી રેતીની બેખડ હતી, જે પહેલા બેણે કદી નહોતી જોઇ. આમ બેઠો બેઠો તે જોતો હતો. ત્યા, પોતે નાનો હતો ત્યારે પોતાના દાદાએ કહેલી બેક વાત બેને બાંભરી આવી. બેવું બન્યું હતું કે સમુદ્રનું પાણી કાઢેયા બેટલે બધે આઘે બોસરી ગયું હતું કે આ રેતીની બેખડ દેખાવા મંડી હતી. પછી જુવાળ આવ્યો હતો તે બેટલો આકરો આવેલો કે સમુદ્રકાંઠે બંધ હતો તે તૂટી જઇ, બધે પાણી ફરી વળેલું. કેટલાંય ગામડા ધોવાઇ ગએલાં અને અનેક માણસો ઘરબાર વિનાના થઇ ગયાં હતા.

હાગમુચિ તો ભયની ચોકી કરતો બેઠો. થોડીક વાર પછી બેણે જોયું તો બેક પ્રચંડ લોઢ દૂરથી જમીન તરફ ધસ્યો આવતો હતો. તે ઊઠ્યો અને ગામલોકને હાકલ કરી. પણ પવન ઊલટો વાતો હતો અને બેટલે ઊંચેથી બેની હાક કોઇ સાભળી શકે બેમ ન હતુ. ડોસો વિચારમા પડ્યો કે લોકોને સવેળા કેમ કરીને ચેતવવા.

તરત જ બેને બેક યુક્તિ સૂઝી, જેથી કરીને લોકો ટેકરી ઉપર ભાગી આવે. ઘરની પાછળ રસોડામા ચોખાના તપેલા નીચે દેવતા ભડભડ બળતો હતો. ડોસાએ બેક લાકડી લીધી અને બેને છેડે કપડું બાંધ્યુ. પાસે પડેલી તેલની બરણીમાં લાકડી બોળીને ચૂલામા સળગાવી આ મશાલ ઝાલીને જ્યા મોલ પાકીને લણણી સારુ તૈયાર ઊભા હતા, ત્યા બેતરમા બે ગયો અને મોલમા દેવતા મૂક્યો. મોલ બેકદમ સળગી ઊઠ્યા અને જ્વાળા ઝપાટાબંધ આખા બેતર ઉપર પથરાઇ ગઇ.

કોઇએ આ ભાળ્યુ છે કે નહિ તે જોવા હાગમુચિએ નીચે નજર કરી પણ ત્યા તો ગાનતાન ચાલુ જ હતા. એટલે ડોસાએ ઝટઝટ બીજી મસાલ કરી અને પોતાના કુણાના છાપરાને આગ લગાડી બે જોઇને છોકરો ભયભીત થઇ ગયો અને વિચારવા મંડ્યો કે અદા ગાડા તો નથી થઇ ગયા ? પછી તરત જ તેણે નીચે ગામમા મંદિરનો ઘંટ વાગતો સાભળ્યો, જે આગ લાગે ત્યારે હમેશા વગાડવામા આવતો. ટેકરી ઉપર લાગેલી આગ કોઇએ જોઇ હતી અને લોકોને હાગમુચિની વારે ચોવાવતુ હતુ. વૃદ્ધ પુરુષ તથા તેના પૌત્રને આગથી બચાવવા સારુ લોકો પોતાના રંગરાગ છોડીને ટેકરીની ટોચે ધાયા. હાફતા હાંફતા ઉપર આવ્યા ત્યા તો નીચે પાણીના લોઢની પ્રચંડ ગર્જના સંભળાણી. પાણીનો ડુંગર કાંઠા ઉપર કૂદી પડ્યો અને

ગામનાં એક પછી એક બધાં ઘર તોડી નાખ્યાં. કેટલા યે ગાઉના વિસ્તારમા પાણી ફરી વળ્યું, અને ઘર, ખેતર તથા ગામડાંના થોડી પળોમાં તો ઘાણ નીકળી ગયો. પણ જે ડોસાની વારે ઘાયા હતા તે લોકો બચી ગયાં.

આમ ઘરખેતરનો ભોગ આપીને હાગમુચિએ સેંકડો ગામબંધુઓના જીવ બચાવ્યા. એના પુણ્ય-સ્મરણાર્થે તેમણે દેરડી બંધાવી. આજે પણ નવાનના બાળકોને આ હાગમુચિની વાતો કહેવામા આવે છે.

દેસાઇ વાલજી ગોવિંદજી

(મિસ લૅમ્બર્ટના અંગ્રેજી ઉપરથી)

મૂંઝવણ

કોઈ કહો પૂછું તે મુજને,
સાચું શું સમજાવો રે!

ભાળું આકાશે જ્યાં ચાંદો,
પૂછું બાને કેવો ચાંદો?
કહેશે, 'તારા જેવો માંદો',
થાતું, શું હું માંદો રે!
કોણ કહે, પૂછું તે મુજને
સાચું શું સમજાવે રે!
—કોઈ કહો૰

પંખી પેલાં અદ્ધર ઊડે,
તારલીઆની સાથે કૂદે;
કેવી મજા! એ કેવા રાચે!
તાકી રહ્યો આકાશે રે!
કેવી મજા એ પંખીડાને
તારલીઆ શું નાચે રે!
—કોઈ કહો૰



ત્યાં બાપા કહે ટપલી મારી,
'ધૂડ! શું બેઠો બોહું વકાસી?'
કોણ મજા એ સમજે મારી?
ભાંગી ટપલો મારી રે!
કહેશો, ક્યાં જવું મારે ને
કહું ક્યાં? સાંભળશે કો રે?
—કોઈ કહો૰

શી રીતે ચાલે આ ગાડી?
કેવું એન્જિન! કેવી ચાવી?
કહ્યું, 'બતાવો,' બાપા બોલ્યા,
'જોજે મોટો થઇને' રે!
ધીરજને કૂહો કસવી કેવી?
ને અકળામણ આવી રે!
—કોઇ કહો૰

ગુલાબ, ચંપો, ડોલર સુંદર,
ફૂટી કળા શી રીતે અંદર?
નવલા નવલા રંગો સુંદર!
શી રીતે એ થાતું રે?
જેનીને પૂછ્યું ત્યાં બોલી,
'બાલી બાયું કોડે રે!'
—કોઇ કહો૰



પૂછું જ્યાં કંઇ ના સમજાયે,
દિલમાં દુઃખ ગુંચવાડો થાયે;
કોઇ સદાય ન થાતું ત્યારે
ઊલટાં સૌ ધમકાવે રે!
મૂંઝવણ મારી વધતી ત્યારે
નવ થાતું કો ભાઈ રે!
—કોઈ કહો૰

'સમજે નહિ ને કરે લવારો!'
'મોટો થા તું ત્યારે બારો!'
'બાલી પકવે બાયું શાનો?'
'કર મા તું કુટારો રે!'
ચારે કોરથી એ ઉચ્ચારો
ડગલે ડગલે ડારો રે!
—કોઇ કહો૰

દિનુભાઇ જોષી



ચંપુકલા

ભયની રે ભભૂતિ અંગે ચોળજે હો જી
ભવફેરાને રગતો ભમતો બાપ—
જળે રે જીવનના ખેવો ખેવતો હો જી;
સતને રે એંધાણે જોજે આપ
હૈયે હૈયે રામ રખોપા આદુના હો જી

(કૌમુદી)

—સુંદરજી બેટાઈ

ડૉ. શ્રીધર વ્યંકટેશ કેતકર


જેના નામ સાથે જ વિદ્વત્તા અને વિચારસ્વાતંત્ર્યની મૂર્તિ નજર સામે ખડી થાય એવા ડૉ. શ્રીધર વ્યંકટેશ કેતકરના અવસાનથી મહારાષ્ટ્રીય સાહિત્યને એક ન પુરાય તેવી ખોટ પડી છે. એ પ્રચંડ આશાવાદી અને નિરહંમ કાર્યકર્તાના અવસાનના સમાચારો ઔચિત્ય તા ૧૧મી એપ્રિલ ને રવિવારનાં છાપાની કટારોમાં દેખાયા પ્રેમચન્દજીનું બનેલું તેમ જ એમના વિષે બનવા પામ્યું એમની માંદગીના કશા સમાચારો બહારને નહોતા સાહિત્યકારને જે કોટિ પર આપણે મૂકયો છે તેનો એ પુરાવો છે

ડૉ. કેતકર બહિશ્ચરના દેશોમાં ખૂબ ફર્યા હતા અને એ છતાં ઢંગધડા વગરના અંગ્રેજી પેરાકરા, કલ્પનાના ભાર હેઠળ દબાએલા એમના સ્થૂલ દેહને રસ્તે ચાલતાં ચલાણ ફાકતા કે કોઈ પુરાણી હૉટેલમાં બેસી નાસ્તો ઉડાવતા પકડી પાડવો એ સહજ વાત હતી એમા, કૃત્રિમ શિષ્ટાચાર પ્રત્યેની એમની તિરસ્કારવૃત્તિ જ હતી

મધ્યભારતના આવેલા રાયપુર નામના ગામમાં ઇ ૧૮૮૪ મા એક દક્ષિણી બ્રાહ્મણ કુટુંબમાં એમનો જન્મ થયો એમના પિતા ત્યાંના પેરસ્કૂલમાસ્તર હતા. બાળપણથી જ જ્ઞાન સંપાદન કરવાની એમની ભૂખ જબરી હતી. હાઇસ્કૂલનો અભ્યાસ અમરાવતીમાં પૂરો કરી એ મુંબાઈની વિલ્સન કૉલેજમાં દાખલ થયા અને ત્યાં રોમન લૉ અને જ્યુરિસપ્રુડન્સ એચ્છિક વિષયો તરીકે લીધા. મરાઠી ભાષાની સેવા કરવાની પ્રવૃત્તિની ત્યાંથી જ શરૂઆત થઈ. 'મહારાષ્ટ્ર વાગ્વિલાસ' નામનું માસિક એમણે શરૂ કર્યું. પરંતુ આજની આપણી શિક્ષણ-પદ્ધતિમા 'ભણતર' અને જ્ઞાનનો રોગ્ય જેવો જે સબંધ થઈ પડ્યો છે તે એમને પણ આડો આવ્યો પરીક્ષાની દૃષ્ટિએ એમણે અભ્યાસ કર્યો જ ન હતો ને વળી પાછા ઇતર અનેક પ્રવૃત્તિઓમા ભાગ લેવા માંડ્યા હતા, ઓછું થી એ મા એમનું નામ કૂળકા ખાવા માંડ્યું

કેતકર બી એ ન થયા, પરંતુ એમનું યુવાન હૃદય જ્ઞાનાર્જનની મહત્ત્વાકાંક્ષાથી ઊભરાતું હતુ, એટલે પરદેશ જઈ શિક્ષણ પૂરૂ કરવાની એમને આકાંક્ષા થઈ ૧૯૦૬મા એ અમેરિકા ઊપડ્યા અને ત્યા કર્નેલ વિશ્વવિદ્યાલયમા જોડાઈ ૧૯૦૯મા બી એ અને એમ એની પદવીઓ મેળવી આ સાલમા જ એમણે 'હિંદુસ્તાનમાની જાતિઓનો ઇતિહાસ' નામના નિબંધ પુરસ્કારને બદલે પાઓ, જેના પર લેખકના નામ તરીકે માત્રં 'સંપાદક મહારાષ્ટ્ર વાગ્વિલાસ માસિક' છાપેલું છે એ પછી ૧૯૧૧માં હિંદુ ધર્મ સંબંધી પ્રબંધ લખીને એ પી એચ ડી થયા

અમેરિકાના વસવાટ દરમિયાન સરોધનકાર્ય તરફ એમની વૃત્તિ વળી એ વિષયનો ગમણે ત્યાંથી જ અભ્યાસ આદર્યો, ને આજીવન તેને વળગી રહ્યા. આ દિશામાં વધુ જ્ઞાન મેળવવાની ઇચ્છાથી તે ઇંગ્લેંડ પણ ગયા, પરંતુ ત્યા કાળા-ગોરાના ભેદને અંગે તેમને જોઇએ તેવું ક્ષેત્ર ન મળ્યું ને ઇ. ૧૯૧૨મા એ પાછા હિંદ ફર્યા એક વર્ષ કલકત્તા વિશ્વ-વિદ્યાલયમા અર્થશાસ્ત્ર અને શાસનશાસ્ત્રના અધ્યાપક તરીકે કામ કર્યું પછી મુંબાઇ ગયા અને ત્યા અનેક દિશામાં પ્રવૃત્તિઓ આદરી 'રિફોર્મ્ડ જૅંક' એમણે ખોલી, પણ તેમાં નિષ્ફળતા મળતા એ બાબતની પ્રવૃત્તિ પડતી મૂકી અને 'રાષ્ટ્રધર્મ પ્રચારણ સંઘ' નામની સંસ્થા ઊભી કરી આ સંસ્થાનું કાર્ય વિવિધ હતુ એક તો હિંદની ભાષાવાર પ્રાન્ત-



રીતે ઉષ્ણતામાનનો કંઈક ક્યાસ નીકળી શકતો, પણ ચોકસાઇ-ભર્યો નહિ એ કંઈક અંશે બૅરોમીટર પણ હતું, પરંતુ હવાના દબાણથી સાચા માપ માટે તે પર આધાર રાખી શકાતો નહિ

પછી તો ન્યૂટને મંગાવીને ઠંડુ કરેલું તેલ મૂક્યું બીજાઓએ આલ્કોહૉલ મૂક્યું, પણ ફારનહાઇટના જન્મ સુધી એમાં કશી વધુ ચોકસાઈ નહોતી આવી શકી

ડૅનિયેલ ગેબ્રાએલ ફારનહાઇટનો જન્મ ડાન્ઝીગ(જર્મની) મા ૪ ૧૬૮૬ના મેની ૧૪મીએ થએલો ને ૧૭૩૬માં આમ્સ્ટર્ડામ (હૉલૅંડ) ખાતે તેનું અવસાન થએલું એ ધંધે તો વેપારી હતો, પણ વિજ્ઞાનમા એને ઊંડો રસ પડ્યો કે એણે વેપાર છોડી મૂકી દીધો. એના સમયના બધા સિદ્ધ વિજ્ઞાનીઓનાં થર્મોમીટર એણે બનાવી આપેલા.

૧૬૭૦માં થર્મોમીટરમા પારાનો પહેલો ઉપયોગ થયો, પણ એમા વપરાએલો પારો અશુદ્ધ હોતાં એ નિષ્ફળ નીવડ્યો. ફારનહાઇટે એ શુદ્ધ બનાવવાની જત શોધી કાઢી જેથી તે નળીમા ચોંટી ન રહે કે વરાળમા રૂપાંતર ન પામે

થર્મોમીટર માટે છેડે ગોળાવાળી કાચની નળી બનાવી તેમાં પારો રેડવામા આવે છે ને પછી તે તપાવવામાં આવે છે, એથી તેમાંથી બધી હવા નીકળી જતા તરત તેનું મે હ બંધ કરી દેવામાં આવે છે નળી ઠરતા પારો પાછો નીચો ઊતરે છે ને તેને ફરી વિસ્તરવાનો પૂરો અવકાશ રહે છે. થર્મોમીટર ગરમ થાય છે ત્યારે પારા સાથે નળીનો કાચ પણ વિસ્તાર પામે છે, પણ કાચ કરતાં પારો સાતગણો વિસ્તાર પામતો હોવાથી તે નળીમા ઊંચો ચડે છે.

થર્મોમીટરોને ચોકસાઈભર્યાં બનાવવાની ખૂબ કાળજી રાખવામા આવે છે, કારણકે જરાસરખી અચોકસાઇ પણ તેને નકામાં બનાવી દે છે. ફારનહાઇટે ઠંડીની અતિશયતાનું બિંદુ પહેલાં તો ડાન્ઝીગના શૂન્ય ઉષ્ણતામાન પર મૂકેલું, પણ પછી તેને માલૂમ પડ્યું કે બરફ ને મીઠાના મિશ્રણના ઉષ્ણતામાનની શૂન્યતા વધુ ચોકસ હતી. એ શોધ્યા પછી ઠંડકતા પાણીનુ ઉષ્ણતામાન એણે શોધ્યુ ને એ બંને બિંદુ નક્કી કરી, વચ્ચેના જગ્યા ૨૧૨ ભાગમાં વહેંચી નાખી પાણી કરી બને એ બિંદુ તેણે ૩૨ ડિગ્રી પર આંક્યું. શરીરનું ઉષ્ણતામાન એણે ૯૬ ડિગ્રી નક્કી કર્યું હતું. આજે શરીરનું ઉષ્ણતામાન ફરીને ૯૮.૬ ડિગ્રી ગણાય છે, પણ ફારનહાઇટનાં તેના ઠરાવેલાં બે અંતિમ બિંદુઓ તો અચળ રહ્યાં છે.

પછીથી સેલ્સિયસે, પાણી ઠરે એ બિન્દુને શૂન્ય અને ઊકળતા પાણીના બિંદુને ૧૦૦ ગણ્યો, નવું સેન્ટીગ્રેડ થર્મોમીટર બનાવ્યું. આજે જોકે લગભગ બધા વિજ્ઞાનીઓ તો એ વાપરે છે, પણ સામાન્ય જનતામા તો હજુ ફારનહાઇટનો જ ઉપયોગ ચાલુ છે.

સરવૈયું

સાબુના એક તરત સિવાયનો સાબુ તમે જોયો છે? છતાં અમેરિકાના બે ઉદ્યોગપતિઓએ એ બનાવવા પાછળ વીસ કરોડ ડૉલરની મૂડી રોકી છે કારણ? દુનિયાને હવે રોજ ને રોજ કંઈ ને કંઈ નવીન અને તે યે સારું ને સસ્તું જોઇએ છે. એ માગણીએ રસાયણોની દુનિયામાં આજ પૂર્વે કદી નહિ એવી હલચલ મચાવી દીધી છે. અને એને પરિણામે બરફ કરતા વધુ ઠંડો હલકો ને જલદી ઓગળે નહિ એવો ધનીકૃત કાર્બન ડાયોક્સાઇડનો 'સૂકો બરફ', કપડા ધોતાં રંગને બીલકુલ અસર ન થાય ને ફીણ ન વળે એવા સારવાળો 'આલ્કોહોલ' ને એવી તો અનેક અજાયબીભરી શોધો રોજ ને રોજ જગત સમક્ષ રજૂ થતી જાય છે. દેખીતી રીતે જ અમેરિકા જેવા મોખરે છે ને એને વર્ષે દિવસે તેર અબજ ડૉલરની આવક તો રસાયણીઓની ચૂંગડીઓને જ આભારી છે.

એકલું રસાયણશાસ્ત્ર જ શા માટે? બીજા કોઈ પણ શાસ્ત્ર તરફ નજર ફેંકો. રોજ બ રોજ અભિનવ સિદ્ધિઓની નવી સીમામા પ્રવેશની એની પ્રગતિ જોઇ, આ વીસમી સદી તમને માનવજીવનના કોઈ દિવ્ય પ્રભાત સમી જ જણાશે. માણસને સદીઓથી મૂંઝવી રહેલા કોયડાઓનો આ સદીએ ઉકેલ બતાવ્યો છે ને અનુલ્લંઘ્ય એવી મુસીબતોની પાર એણે માણસને મૂક્યો છે. એનું સાચું મહત્ત્વ પામવા, આપણે તેનું આજ સુધીનું સરવૈયું કાઢીએ

એના હૃદયકાળે વાયુ અજેય જ મનાઇ ચૂક્યો હતો. વિમાનમા ઊડવાના બધા અખતરા નિષ્ફળ ગયા હતા. એક માણસ ઊડી શકનારને હજારો પૌંડોનાં ઇનામોની લહેરાતો થતી. એવામાં અમેરિકાના રાઇટ બંધુઓ પાચ મિનિટ અદ્ધર ઊડવાની વાતો છાપાંમાં આવી કોઇ એ માનવા તૈયાર ન હોતું. પરંતુ ૧૯૦૮માં વિલ્બર રાઇટે પારીસ નજીક દોઢ કલાક હવામાં ઊડી બતાવ્યું ને ૧૯૦૯ના જુલાઈમાં ફ્રાન્સના કિનારેથી માંનેાપ્લેનમાં ડોવર પહોંચી હેન્રી બ્લારિયૉએ ડેઇલી-મેઇલનું એક હજાર પૌંડનું શકવર્તી ઇનામ જીત્યું. વીસમી સદીએ હવાને પરાજિત કરી.

શરૂઆતનાં એ વિમાનોના યંત્રો બહુ હલકાં હતાં. એંજીન-પાવર પણ ખૂબ નીચો, ને ઊડનારને ધારતી પણ ખૂબ રહેતી

પરંતુ ફ્રેંચ વિમાની પીગેાએ ૨૦૦૦ ફૂટ ઊંચા ઊડી એ દૂર કરી તેણે સાબિત કર્યું કે મશીન જો મજબૂત હોય અને જમીનની ખૂબ નજીક ન હોય તો કોઈ પણ સ્થિતિમા તેને કાબૂમા લઇ શકાય છે

અને એ પછી આજ અઢી દાયકા બાદ આપણે શું જોઇએ છે? લાકડા ને કૅનવાસના એ વિમાનો અદૃશ્ય જ થઈ ગયા છે એને બદલે કદ અને શક્તિમા અનેકગણા ચડિયાતા મેટલ ધાતુ।। વિમાનો માણસે બનાવ્યા છે ને કેમ જાણે એ પોતાના ગુલામ હોય તેમ પચાસ હજાર ફૂટ ઉપર પણ એની તાસે મનફાવતુ કામ લે છે હવે તો વિમાનો માટે આટલાટિક મહાસાગરમા થે સ્ટેશના ઊભા કરવાની યોજનાઓ વિચારાય છે અમેરિકાએ પાસિફિક આરપાર પાન-અમેરિકન એરવાઇન શરૂ કરી દીધી છે

વળી આ સદીની શરૂઆતમા પરમાણુનો સભવ પણ અર્ધસત્ય લેખાતો આજે તે કદ અને આકાર સહિત નિશ્ચિત બન્યો છે તે માપી શકાય છે, તેની આતરરચના જાણી શકાય છે, ને તેના ફોટોગ્રાફ પણ લઇ શકાય છે

એવી જ રીતે બીજતારી સદેશાની જે વાતને હસી કાઢવામા આવેલી એ પણ આ સદીના ઉગમકાળે જ સફળતાને વરી ને ૧૮૦૧મા આટલાટિક આરપાર એવા સદેશા મોકલાયા હવે તો રડીઓ-ટેલીગ્રાફી ને રડીઓ-ટેલીફોની થે જન્મી છે ૧૯૨૦ સુધી જાહેર બ્રૉડકાસ્ટમા કોઇ રસ નહેાતુ લેતુ એ હવે સર્વસાધારણ બન્યુ છે આજે તો દુનિયાના એક છેડે બનેલા બનાવની જાણ તુરતાતુરત બીજે છેડે થઇ જાય છે દુનિયા જાણે ઓળા જેવડી બની ગઇ છે!

ક્ષારોનાયમ અને ક્ષારોવાળી ધાતુઓ, દૂરદર્શનને વધુ ને વધુ નજીક આણતા જાય છે પ્રકાશને દળાણ હોવાની મૅકસ પ્લાકની શોધ ફોટોગ્રાફીમા કમાલ કરી રહી છે કાચી ધાતુ ઓમાથી સોનુ બનાવવા 'ફૉર્વાર્ડ કેમિસ્ટ્રી' મદદે લેવાઇ છે છેલ્લા કેટલાક વર્ષો થયા તો આપણા જ્ઞાનના પરીઘમા સિદ્ધાતો ને સાબિતીઓનો જાણે ગજ બેસી ગયો છે

ભૌતિકશાસ્ત્રમા પણ વિજ્ઞાનીઓની ગયા વર્ષની આ ઘો ઘણાએ અગ બાજ્યો કણી શમય પ્રકૃતિમા બનતો રેડીઓ ઍક્ટિવ પદાર્થ પ્રયોગશાળામા બનાવી શકાય છે! બીજુ ત્રણ વિજ્ઞાનીઓએ પરસ્પર સહકારથી કરત।। એક મૂળભૂત શક્તિ શોધી કાઢી એ પણ એવુ જ પરાક્રમ છે આ શક્તિ તે અણુ ઓના બે પડને એક સાથે સાકળી રાખતી શક્તિ ભૌતિક-શાસ્ત્રીઓએ શોધી કાઢ્યુ છે કે આણ્વ બહાર શક્તિ જેટલા પ્રમાણમા કામ કરે છે તે કરતા આણ્વના કેન્દ્ર (nuclei)મા તે સાડા સાત ગણી વધારે કામ કરે છે

અને જીવશાસ્ત્રે (biology એ) શું શીખ યુ? એણે જીવનની પ્રાથમિકતમ ભૂમિકાઓના જ્ઞાનનો વિસ્તાર કર્યો છે રસાયણો।। શીશાઓમા છોકરા જન્માવવાનો વખત તો હજુ નથી આવ્યો, પણ ગર્ભમા તો પુરસ્તત્ત્વની કંઈ મદદ વગર રસાયણોથી જ બાળક જન્માવી શકાયું છે જો કે હજી એ સફળ નથી થયુ, કારણ એવી રીતે જન્મેલુ બાળક બહુ નાજુક હોઈ જલદી મરી જાય છે

માનસશાસ્ત્રે વળી માનસતરગેા બાબતનો ઉહાપોહ જગાવ્યો છે એ તરગેા માનવમગજમાથી પ્રસરણ પામતા વિદ્યુત્તરગેા છે તે વૈયક્તિક છે એટલુ તો સિદ્ધ થઇ ચૂક્યુ છે પણ વ્યક્તિત્વ પીછાનવામા તે કેટલે અશે સહાયક છે એ હજુ જોવાનુ રહે છે

હજુ તો આરબાથી બે ઓળા વીતેલા વીસમી સદીના જીવનના ગાળાનુ આ સરવૈયુ છે પણ હવે તો જેટલી વિધાયક જોટલી જ જે વિધાતક પ્રવૃત્તિ પણ જોર પકડતી જાય છે એટલે તેનુ ભાવિ અત્યારથી ભાખી શકાય તેમ નથી.

'કુમાર'

સીંગાપોરનો ભૂતકાળ

*** વેપારના સફળ કેન્દ્ર તરીકે સીંગાપોરનુ નામ મખ્યાત છે જ બ્રિટને પૅસિફિકમા કરવા માડેલી કિલ્લેબંદીમા એક આગત્યનુ મથક બનાવી તેને વધુ ખ્યાત બનાવ્યુ છે પણ સૈકાઓ પહેલા સીંગાપોરનો એવો જ ઉપયોગ કરવામાં આવેલેા એ જાણેા છેા? અહીં એને લગતી આપવામા આવેલી ઐતિહાસિક માહિતી ઉતારી છે હિંદ અને પૅસિફિક મહાસાગરોના નાકા જેવુ સીંગાપોર એ નામની નદી પર જ વસેલુ છે એ ઉત્તમ બદર હોઇ, પૂર્વપશ્ચિમ જતા જહાજોને નાગરવાનુ મુખ્ય બારું પણ છે

આ સીંગાપોર સૈકાઓ પૂર્વે તુમાસિક નામે ઓળખાતુ અને તે મહારાજાધિરાજ રાજેન્દ્ર નામના ચોલ રાજાને તાજે હતુ ચીનના મહાસામ્રાજ્ય પર ચડાઇ કરવાના ઉદ્દેશથી જ અહીં એ વસાવેલુ, પણ એ ઉદ્દેશ નિષ્ફળ ગયેા પરિણામે એના પછીના કાળમાં તેના પ્રત્યે દુર્લક્ષ થતુ જઇ છેવટે એ હિંસ્ર પ્રાણીઓથી ભરપૂર એક જંગલ બની ગયુ

જો પછી સૈકાઓ બાદ ઉત્તમ નામના કોઈ રાજાને એની પૂર્વેની ખ્યાતિ સાભળી પાછુ તુમાસિક વસાવવાનુ મન થયુ ને તે પોતાના માણસો લઇ ઊપડયો કિનારે ઊતરતા જ એક સિહને સામે બેઠેલેા જોયેા ને એ પરથી જે પ્રદેશનુ નામ તુમાસિક બદલાવી જેણે સિંહપૂર પાડયુ, જેનો અપભ્રંશ આજે સીંગાપોર થયેા છે

કાળાતરે ત્યા વસતી વધતી ગઇ ને તેનો ઇતિહાસ પણ જુદા જુદા હાથ નીચે બદલાતો ગયેા કેટલેાક કાળ તે ચીનના તાબામા પણ રહ્યુ હતુ, પરતુ જેનેા સુસબદ્ધ ઇતિહાસ કહી મળતેા નથી જોકે એના પ્રાચીન અવશેષો ખોદવાનુ કામ ચાલુ છે. એ ખોદકામેાના અવશેષોમાથી કાનનેા એક અલકાર પ્રાપ્ત થયેા છે, જેના પર નારાયણ।। મૂર્તિ કોતરેલી છે બીજી પણ એ પ્રકારના અવશેષો મળ્યા છે જે પરથી ચોક્કસ થાય


ગિસરના સંત મૅકેરિયસે, પોતાને મુક્તિનો માર્ગ પૂછવા આવેલા જિજ્ઞાસુને કબ્રસ્તાનમાં જઈ દફનાવેલા મુડદાંને ગાળો ભાંડી આવવાનો આદેશ આપ્યો. તેમ કરીને એ પાછો સંત પાસે ગયો. 'કેમ, કશો જવાબ મળ્યો?' સંતે સવાલ પૂછતા એણે નકાર ભણ્યો એટલે, સંતે કહ્યું, 'આજે ત્યારે જઈને બધાની પ્રશંસા કરી આવ' પેલા માણસે તેમ કર્યું, પણ સંતે પૂછતા એનો યે કશો પ્રત્યુત્તર મળવાની ના પાડી અને પોતાની એવી મશ્કરી કરવાનું કારણ પૂછ્યું. એટલે હસવાહસતા સંત મૅકેરિયસ બોલ્યા 'એ જ મુક્તિ મેળવવાનો સાચો રાહ છે. તું પણ એ મુડદા મિસ્તાલ દુનિયાના માનાપમાનથી અસ્પૃશ્ય બની રહે'

અનેકાર્થી શબ્દ: શેરડો=પગવાટ; લોહી તરી આવવાથી મોં પર પડતો લાલ પટ્ટો; સૂકાઇ ગયેલાં આસૂના ડાઘ; ફ્રાસકો; કહ્યું પાણી પીવાથી એકદમ અંદર પેટ સુધી થતી અસર.

કહેવતોના અર્થ—'હીરો વેરે જઇ આવ્યો' કોઈ કામ પાછળ નકરસમજણે કે મૂર્ખાઈથી લાંબાલચક મહેનત લાંબા પછી કંઈ શુક્રવાર ન વળે ત્યારે આ કહેવતનો ઉપયોગ થાય છે. એવી જ બીજી કહેવતો: 'આખી રાત રોઇ ને એક રોસી મૂઈ'; 'કાંતવું પીંજવું રૂનું કૂંચ'; 'દૂળીદણીને ફુલડીમાં ઉધરાવ્યું'; 'કાંઠા માઠ્યા ત્યાં કૈંક રાંડ્યા', 'ચાલીનો બજાર આખો દહાડો કર્યો તો યે કેરનો કેર'; 'મહેનત બરબાદ ગુના લાંજમ'; 'હરીજાઇ વડોદરું' વગેરે ઘણી છે.

સીંગના રસમાં ઓગાળેલા મીઠાના મિશ્રણથી લોહી પરનો કાટ દૂર થઇ શકે.

તિબેટન કુટુંબોમાં જન્મેલા છોકરાને ગર્ભમાં મોટા ભાગે કેલો વિચાર હોય તો પ્રસૂતિ સુધી ચાલુ રહેતો જોવામાં આવ્યું છે.



પરપોટાને આવરણે ક્ષણિક માની એ છીએ પણ આ માછલી તે પર પોતાની લાળનું પડ ચડાવી તેને ચિરસ્થાયી બનાવી દે છે ને અંદા ઈંડા મૂકે છે.

. સારા ફેશન પાકીટની કસોટી એ કે તે પાણીમાં ઓગળી જવો જોઇએ. હલકા પાકીટોમાં ચોખાના લોટની કે ચોકની કણીઓ હોવાથી એવા બારીક કાપકૂપોએ પછી ચામડીનો છિદ્રોમાં ભરાઇ જઇ તે પૂરી દે છે, માટે તે કદી વાપરવો નહિ.

ઇટલીના રાજકુમારનું નામ, તેને લગતાકાતા વિશેષણો સાથે આવડું મોટું છે: વિક્ટોરિયો ઈમેન્યુએલ આલ્બર્ટો કાર્લો ફીલિબેરો ઉગબર્ટો નેપિકુસિયો ઍમ્બ્રૂડિયો રેમિથીનો બર્નાર્ડીનો જેનારો મેરીઆ.



દુનિયામાં સૌથી વૃદ્ધ પુરુષ? રશિયન વિજ્ઞાનીઓના કહેવા પ્રમાણે આ બુઢ્ઢો ૧૭૫ વર્ષનો છે, છતાં તેની બૂઢી શક્તિઓ હજુ જોવું ને તેવું કામ આપે છે. એ સાદો ને મુખ્યત્વે દૂધનો ખોરાક લે છે ને રોજ એક માઇલ ચાલે છે

એક વરસમાં કેટલી આસારે જોવી બાબતોને જન્મ આપે છે.

ગણિતચમત્કાર

૯૧ × ૧૧ + ૯ = ૧૦૧૯

૯૧૮૨ × ૧૧ + ૮ = ૧૦૧૯૧૦

૯૧૮૨૭૩ × ૧૧ + ૭ = ૧૦૧૯૧૯૧૯

૯૧૮૨૭૩૬૪ × ૧૧ + ૬ = ૧૦૧૯૧૯૧૯૧૦

૯૧૮૨૭૩૬૪૫ × ૧૧ + ૫ = ૧૦૧૯૧૯૧૯૧૯૧૦

૯૧૮૨૭૩૬૪૫૫૪૬ × ૧૧ + ૪ = ૧૦૧૯૧૯૧૯૧૯૧૯૧૯

૯૧૮૨૭૩૬૪૫૫૪૬૩૭ × ૧૧ + ૩ = ૧૦૧૯૧૯૧૯૧૯૧૯૧૯૧૦

૯૧૮૨૭૩૬૪૫૫૪૬૩૭૨૮ × ૧૧ + ૨ = ૧૦૧૯૧૯૧૯૧૯૧૯૧૯૧૯૧૦

૯૧૮૨૭૩૬૪૫૫૪૬૩૭૨૮૧ × ૧૧ + ૧ = ૧૦૧૯૧૯૧૯૧૯૧૯૧૯૧૯૧૯૧

ખૂબી: (અ) ગુણ્ય વિભાગની સંખ્યાઓમાં પારીપારોની ક્રાંતિપલ્ટ બે રીતે થાય છે તો એકમાં ક્રમિક આકડા ચઢતા ક્રમ પ્રમાણે ઉદરે અને બીજામાં બીજા આકડા ઊતરતા ક્રમ પ્રમાણે ઉદરે અને બે બે હારોનો સંબંધ બજાવતાં નવનો પાઠ આવશે. એટલે કે ૯×૧=૯; ૯×૨=૧૮, ૯×૩=૨૭ એ ચઢતો ક્રમ; અને ૯×૯=૮૧; ૯×૮=૭૨ અને ૯×૬=૫૪ એ ઊતરતો ક્રમ; (બ) ગુણ્ય વિભાગમાં આવેલી સૌથી ઉંદલી હારમાં કાળી કે જમણી બાજુઓથી વાંચતાં એકસરખી રીતે વંચાશે; (ક) ક્રમેશ્વરાની સંખ્યામાં ક્રમવાર ચઢતા અંકો છે.

(ભૂજના જેકુ જોષી)

આવતી કાલનાં નાગરિકોનું માસિક **કુમાર** વર્ષ ૧૪મું · અંક ૭મો · અષાડ · ૧૯૯૩

બુદ્ધને પ્રશ્ન

ગિખરિણી

સૂતેલી નિદ્રામાં મદીલી હરિણી શાં નયનની
પ્રિયાને છોડી ત્યાં નવ કઇ ઊઠ્યો નાદ મનથી?
ન સૌંદર્યે તેના, ન શું સુત તણા નિર્મળ મુખે
તને પ્રેર્યો, વાર્યો, જડી નિજ બાંહ્યો મહીં લીધો?


ડૂબેલી પૃથ્વીના મલિનતમ અંકે જન જીવે
ડૂબેલા જેવાં, એ જનસમૂહને હાથ દઈને
ઘણે ઊંચે ઊંચે, હજી પણ ઊંચે તું લઈ જવા
મથ્યો ત્યારે પેલા સુતનુ, સુતની યાદ વિસર્યો?

અમારે તો મોઘાં પ્રિય નયન, ને બાલ ઉરના
કદા આછા ઘેરા સ્વર મધુર નાદે નીકળતા.
અમારી મુક્તિ તે, અમ જીવનનાં કાવ્ય સઘળાં
ભર્યાં તેમાં, કિન્તુ તવ ઉર થકી એ સરી ગયાં?

જનોએ, કે, માન્યુ જીવનભર સૌંદર્ય, સઘળુ
ત્યજ્યે માર્યું પેલુ પરમ મત સૌંદર્ય મળતું?
અને કાવ્યો કેરો નક ઉલટતો પૃથ્વી મહીં જે
વટાવી તે જતાં જીવન જ મહા કાવ્ય બનનું?

ગુલાબદાસ બ્રોકર





કાબુકી ઝા


● જપાનના બધા દરાકપત્રો (ગાઈડબુકો) જોશો તો તેમાં આમ લખેલું હશે કે ટોકિયો જઓ તો કાબુકી-ઝાની મુલાકાત લેજો. કાબુકીનો અર્થ તો ચમત્કાર કે એવો કંઇ થાય છે. પણ તેનું હવે જપાનના વિશિષ્ટ નાટ્યપ્રયોગ તરીકે સ્વીકારવામાં આવ્યો છે ઝા એટલે ઘણે ભાગે નાટ્યશાળા આ કાબુકી નાટ્ય જપાનનો નૂનામાં નૂનો પ્રકાર છે અને જપાન તો અભિમાન લે છે કે જગતના બધા દેશોમાં જ્યારે નૂતન પ્રકારોનો અક્ષેપ થયો છે ત્યારે જપાનમાં સૈકાઓથી આ પ્રકાર જેવો ને તેવો સચવાતો આગપટે રહ્યો છે. એમાં જપાનના નાટ્યશાસ્ત્રવિશારદો એકએક બાબતનું સંપૂર્ણ પાલન થાય છે અને તેના પ્રયોગો મોટે ભાગે જપાનની સંસ્કૃતિ અને ઇતિહાસનું નિરૂપણ કરનારા જ હોય છે. કાબુકી નાટ્યની બીજી ખાસિયત એ છે કે બીજા પૌરસ્ત્ય દેશોની જેમ નાટકના સર્વ નમે પુરુષો જ હોય છે સ્ત્રીપાત્ર પણ પુરુષો જ ભજવે છે. જપાનના બીજા નૂતન નાટ્યાલયોમાં યુરોપની ઢબે મિશ્ર-વર્ગ અભિનય કરે છે, પણ કાબુકી તો તેની પરંપરાગતથી લેશ પણ ચળ્યું નથી આપણા દેશની ભવાઇ, રાસલીલા, કથકલી વગેરેમાં કાબુકી જેવા તત્ત્વો ઘણા છે; પણ કાબુકી તો નૂતનમાં નૂતનું, ને છતાં ઉઠાવ, ભવ્યતા ને કળામાં હજારે આગળ જાય, એટલું જ નહિ પણ જપાનના નાટ્યકોવિદોએ પણ તેની વિશિષ્ટતાઓને વખાણી છે અને જપાનીઓ પણ કાબુકી ઉપર એટલા બધા આફરીન છે કે ટોકિયોનું થીએટર આખું કાબુકી-ઝા કહેવાયું અને જપાનનો અમીર અને સરકારી વર્ગ તેને અધુંબધું સાચવતો રહ્યો છે

અમે જે દહાડે એ જોવા જવાનો વિચાર કર્યો તે દિવસે શનિવાર હતો. ટેલીફોન ઉપર ટિકિટબૉક્સિને પૂછ્યું તો કહે, શનિ અને રવિના હાઉસમાં બીજા વાદ્ય વર્ગોમાં તો એક પણ જગ્યા નથી. માત્ર ઑરકેસ્ટ્રામાં બે ખાલી છે અહીં ધ્યાનમાં રાખવાનું છે કે જપાનના નવાં થીએટરોમાં આ વર્ગવિભાગ કાઢી નાખ્યા છે માત્ર આ જૂનાં થીએટરોમાં જ તે પરંપરાગત રહ્યા છે એટલે વર્ગ પ્રમાણે ટિકિટોના દર હતા ઑરકેસ્ટ્રાના દર અમને બારે પડે તેવા હતા, એટલે ફર્સ્ટ ક્લાસની ટિકિટ મેળવવાની ઇચ્છા કરી. અંતે માંડમાંડ સોમવારના હાઉસમાં ફર્સ્ટ ક્લાસની જગ્યા રીઝર્વ કરાવી શકયા ખૂબીની વાત એ હતી કે રીઝર્વ માત્ર ટેલીફોન ઉપર થયું અને પૈસા તો અમે ઑફિસ જોવા ગયા તે વખતે આપ્યા હતા. આડા બે દિવસ હતા છતાં આવી સાધારણ બાબતમાં યે અવિશ્વાસની છાયા ત્યાં નહોતી દેખાતી. અમે સોમવાર ચૂકીએ તો પછી આગામી માટે તો કે સમય જ નહોતાં. સોમવારે અમે બીજા પ્રોગ્રામ આઘાપાછા કરી વખતસર કાબુકી-ઝા પર જઇ પહોંચ્યા.

અમે જે થીએટરમાં બેઠા તે વખતે ચારે તરફ ટોકિયોનો શિષ્ટ વર્ગ ત્યાં ખડકાઇ ગયેલો દેખાયો ઉપરની ગૅલેરીઓ પણ ભરી હતી અવાજ તો ત્યાં ગાનો જ હોય? અનેક પ્રકારની જપાની ફૅશનોમાં આવેલી મહિલાઓ અને ગૃહસ્થો-નો ઓખારોસરખો પણ થતો નહોતો. થીએટર તો તાકારાઝુકા જેવું જ હતું, પણ અહીં એક નવીનતા જોઇ કે બરોબર થીએટરની રંગભૂમિ ઉપરથી પાટિયાનો એક કડો પ્રેક્ષકો વચ્ચે થઇને ચાટયો આવતો અમારી પાછળની ભીંતમાં એક બારણું સુધી બાંધેલો હતો. આ 'હાનામીચી'-ફૂલવિથિકા-નો ઉપયોગ પહેલા તો ન સમજ્યો પણ તાકારાઝુકામાં રંગભૂમિની બહાર એ પડખે જે ભીંતસરસા ગાર્યો હતા તેનું આ પૂર્વસ્વરૂપ હતું એ પછી જણાયું; એટલેકે કેટલાંક પાત્રો દૂરથી આવનારાં કે દૂર જનારાં એ માર્ગે આવજા કરે એની અસર અનોખી જ થતી જ્યારે પાત્ર રંગભૂમિના દરવાજાની કચેરી કે વતનની વિદાય લેતો આત્મભાષણ કરતોકરતો એ માર્ગ ઉપર થઇને અમારી વચ્ચેથી પસાર થતો પેલા પાછળના દ્વારમાં પેસતો ત્યારે પ્રેક્ષકોને એમ લાગતું કે તેઓ સ્થળ અને કાળ બહી ચાલુ પ્રસંગની વચ્ચે જ આવી રહ્યા છે!

જપાનના થીએટરની બીજી મજા ફરતા રંગમંચ (ગોળ ફરતું પ્લેટફૉર્મ) છે. એક દૃશ્યનું કામ પતે કે તરત તળિયું ગોળ ફરે અને પછીનું ગોઠવાએલું દૃશ્ય સામે ફરી જાય. બાજુના ભાગો ઉલટાઇને તેને બદલી જાય કંઈ બધુંયે ખેંચી લેવાનું હોય કે નવું મૂકવાનું હોય તે કાળા પોષાકવાળા મજૂરો કરી જાય. આ માણસો દેખાય તોપણ જપાનના નાટ્યનિયમ પ્રમાણે પ્રેક્ષકો તેઓને અદૃશ્ય જ માની લે છે.


નાટક સાંજના બરોબર ચાર વાગ્યે શરૂ થાય છે. તે દિવસના પ્રોગ્રામમાં ચાર નાટકો હતાં. પહેલું 'તેન્ન-



જપાનની રંગભૂમિનો ખ્યાલ આપતો રેખાચિત્ર



જપાનનો વિખ્યાત નટ
ઇચીમુરા



'તેન્રૂ નદી ી નાવડી' ન ટકમા શુગેાર ની ટ ળી સાથે યુદ્ધ કરતા તેઈચીનુ પાત્ર ભજવતો નટ ઇચીમુરા

હીનોહા બૂને' એટલે તેન્રૂ નદી પરની નાવડી કાબુકી ન ટકો જપાનના અતર ગ જીવનને લગતા હોવાથી યોગ્ય પર ટિકિટ સાથે ગણતો અપેજી સાર વાચ્યે ન હોય તો પહેલુ દશ્ય પકડતા વાર જ લાગે પણ ટોકિયો રહ્યુ વિશાળ નગર અ રે ઇન્ટરનેશનલ વિવેકમા પાયુ ન હોઇ પરદશીઓ ને ત્યા અમુક અનુ ાહ મળે એ તેમનો વિનય આપણને ઘણુ ગમ છે ન હ તો કાબુકી એક કોયડો જ રહે ગમારા આજના નાટક ા આ પ્રયોગ શરૂ થાય તે પહેલાનો એક લાબો વૃત્તાત ધ્યાનમા રાખવો પડે એવો છે

ઇ ૧૮૭૧મા મેઇજી બાદશાહ ગાદી પર આવ્યા એ નવપ્રતિષ્ઠાન ા ચૌદમા વર્ષના શિશિરના પ્રારભમા તેન્રૂ ની પરના એક ગામમા બનેલી આ વાત છે તેઇચી નામનો નવિક તેનો મુખ્ય નાયક છે તે ોટા વર્ષો પહેલા જુગારી હતો પછી તે નાવિક બન્યો અો હમણા રજન નદીના ઉતારૂઓ માટે સરાઈ માડી બેઠો છે તેના બચપણમા તેના બાપને કોઈ અજડ સરકારીએ મેળાની રાત્રે હોડીમા નહિ બેસાડવા ા કારણે મારી ન બેયો એની બિધવા ગા તેને નદી ી રેતમા ોડી કોઇ પડિત જેડે નાસી ગઈથી આન્દુના ગામના એક જુગારી સેંઝે ને એ બાજક હાથ આવ્યો અને ફોરી મોટા કર્યો તે મોટો થયો, જુગાર શી ખ્યો અને ોરો લડાયક થયો કે બધા જુગ રીઓ તેના યુદ્ધ કૌશલ્યથી બીતા થયા પણ સેંઝે ને લાગ્યુ કે તેના બાપના ધધો તે પકડી લે અો તે ફા ી રીતભાત તજ દે તો સારૂ એટલે તેને સમજાવીને નાવિક બનાવ્યો અને હાલ તે વાંશી ાળો ભણી રહ્યો છે

પણ ુકેગે રો નામનો અ ળીએ અડગ જુગ રી ી રાજધાનીમા પોલીસ અધિક ર પાન્યો છે તે સેંઝોને ઘા ી દેવા ચાહે છે આ પણ સેંઝે ા પાલિન પુત્ર તેઇચી ી તેને બ ીક લાગે છે જોર હાલ તો તે માત્ર નાવડી ર ળો હતો, છતા તેન દૂર રાખવાનો ઇલાજ પ્રથમ કરી લેવાને તે અ ણ ણિજાને જ ત માટે તાબેદાર થએલા હડીઓ રબ્યો ા કારણનો તે આશ્ર ર લેવા ધારે છે તે કારણ ફરમાવતા હતો કે રાજા ી આ જ્ઞા વિના કોઇથી બધિયાર ધારણ કરી કે વાપરી શકાય નહ આ પરિસ્થિતમા પહેરે પડદો ઊચકાય છે

નાટકના સીનસીનેરી રચના ી જપા ી કળા પણ તદ્દન અનોખી જ છે મકા જત્રે અડધુ કોયડુ હોય તેમ આપણે તેનો ગાહરનો આમ જોઇ શકીએ. બહારના પાત્રો અદરના પાત્રોને જોતા ન હોય તેમ જ ગોઠવાનુ પ્રેક્ષકો તો જાણે ચિત્રમા નકશો તૈયાર કર્યો હોય તેમ બનેને જોઇ શકે છે આવી કૃત્રિમ લાગતી યોજના રસીકાર્યો રજા ઘરો ી બહાર જુઓ તો એકેએક વસ્તુ સાચા ઘર ી ઢબે ગોઠવાયેલી બધી તે રકનુ ઘર હોય કે સરદારનુ પણ તગાર ખત્રો રાખી કે તમે સાધુ જપાન જોઈ રહ્યા છો. એ જ ઘરમાથી બહાર નીકળવાનું બારણું બધ હોય તોપણ તમે તો ઘરના બા ાગ જોઇ શકવના બહારની બાજુ બન્ધા ને તેમાથી ીજતો રસ્તો ધોરીધોર એક પૂલ ઉપર થઇ ટેકરી પાછળ જતો હોય એ બધુ પાત્ર ી સ્થાનિક ઘટનાની ચિત્રો પ્રમ ણે જ એવુ કહેવાય છે કે એ બધી વિગતો અને પ્રસ ો ી બેઠકો તેમજ ગોઠવણો નાટકના લેખકો જ પોતે ચીતરી આપે છે સ્ટેજ

ઓ ઋણ જે રીતે બ્યાજ સહિત માલવીયજીએ દેશને ભારપાઇ કર્યું છે એ પણ ઓછી કૃતજ્ઞતા નથી બતાડતું.

લેજિસ્લેટિવ કાઉન્સિલના પંડિત અજોધ્યાપ્રસાદ પહેલા દેશી મેમ્બર હતા. કલકત્તા ને અલ્લાહાબાદ યુનિવર્સિટીઓની સેનેટના પણ એ આગળપડતા સભ્ય હતા. કાયદાની પ્રેક્ટિસરશિપ પણ એમણે મેળવી હતી ને થોડું વધુ જીવ્યા હોત તો બેન્ચમા પણ એ પહોંચત. જોકે આજની રાષ્ટ્રવાદી નજરે એમના એ ગુણો મોટી વિસાતના ન ગણાય. દિલના હૃદયમાં એમને સ્થાન અપાવનાર તો કૉંગ્રેસ માટે મરી ફીટવાની એમની તમન્ના અને એના પ્રચાર પાછળ નિષ્કામ અને નિશ્ચલ સેવાધર્મ બજાવવાની એમની ઉદાત્ત ભાવના.

વળી પોતાના પત્રમા જ દેશનું કારણ રજૂ કરી તેઓ બેસી નહોતા રહ્યા. કૉંગ્રેસનો જન્મ થયો ત્યારથી જ આખું હિંદુસ્તાન ખૂંદી વળી શહેરે શહેર ને ગામડે ગામડે એમણે તેનો પ્રચાર કરવા માંડ્યો હતો. લોક દેખાવે તો ભાડાના પહેલેથી આપેલા પૈસા યે ડૂબ્યા—છતાં કૉંગ્રેસનું નાવ એમણે કિનારે આણ્યું. કોલ્વિન, ડફરિન અને સૈયદ અહમદની ત્રિપુટીએ માંડેલા એ વિકટ મોરચાસોંસરો પંડિતજીએ માર્ગ કાઢ્યો અને દેશ વિજયપુલકિત થઈ ઊઠ્યો.

આમ ૧૮૮૮ની સાલની અલ્લાહાબાદની કૉંગ્રેસ એ દિનની રાષ્ટ્રીય અસ્મિતાનું એક અગત્યનું પ્રકરણ છે. એની સાથે જ પંડિત અજોધ્યાપ્રસાદનું નામ પણ ચિરંજીવ છે. સ્વાગતાધ્યક્ષ તરીકે એમણે આપેલા ભાષણમાં પહેલે પ્રથમ એમણે જ દારૂ ને મીઠાનો સવાલ હાથ ધર્યો હતો એટલું જ નહિ પણ કૉંગ્રેસને દફનાવી દેવાના એ સાલગા જે જે પ્રયત્નો થયા હતા એ બધાની વિગત પણ એ ભાષણમા એમણે આપી છે.

કૉંગ્રેસના જન્મદાતાઓમાંના એક મિ. હ્યુમ જેવા તેના ઉત્સાહી મંત્રી જ્યારે ઇંગ્લંડ જવા ઊપડ્યા, ત્યારે ફરી આવી ચળવળ બેસી જવાનો ફ્રારકો ઘણાને પડ્યો હતો. પણ એકીમતે પંડિત અજોધ્યાનાથને એ પદ સોંપાતા જ એ ફ્રાસકો હવામા ભળી ગયો. આ એમની ઓછી કાર્યશક્તિ અને કાર્યનિષ્ઠા સિદ્ધ કરે છે ? કૉંગ્રેસમાંનાં એમનાં ભાષણોએ જ યુરોપીઅન અને હિંદી માનસમાં કૉંગ્રેસની પ્રમાણિક નિષ્ઠા સ્થાપિત કરી એમ કહીએ તો એમાં મુદ્દલ અતિશયોક્તિ નથી. આમરણ તેઓ તેનું સંયુક્ત મંત્રીપદ સંભાળી રહ્યા હતા.

ને એમની એ બધી સેવાઓ ધ્યાન બહાર રહેવા દે એવી પ્રજ્ઞા બેકદર પણ ન હતી. નાગપુરમાં ભરાનારી બેઠકના પ્રમુખ તેમને જ નીમવામાં આવ્યા. પરંતુ ત્યાર પહેલાં મુંબાઇને ચાર અને બંગાળને બે પ્રમુખોનો લહ્યુ મળેલો હોઇ એ પછીની તક દક્ષિણને આપવાની તેમણે ઇચ્છા દર્શાવી અને શ્રી આનંદ ચાર્લૂ જેવી સુયોગ્ય વ્યક્તિ મળી જતાં તેમણે રાજપ્રમુખપણાથી પોતાના પદનું રાજીનામું આપી દીધું. બહુમાનની એ તકના ત્યાગ પાછળ કેવું સમર્પણ રહ્યું છે ? માત્ર જવાહરલાલજીએ જ એવા સમર્પણનો પુનરાવૃત્તિ કરી છે.

નાગપુરમાં કૉંગ્રેસ ભરાઇ એ અગાઉ પંડિતજીને 'unselfish, whole hearted and outspoken apostle of this great movement' શબ્દોથી સંબોધનાર આનંદ ચાર્લૂ ત્યારે બોલી ઊઠેલા: 'તમારા

(અનુસંધાન આગળ પાન ૩૭૭મે)

આંધળા ઓનો દેશ

વિખ્યાત અંગ્રેજ સાહિત્યકાર
એચ જી વેલ્સની ટૂંકી વાર્તા પરથી
ઉતારનાર
શ્રી હરિકૃષ્ણ વ્યાસ



મિ.એચ.જી. (હર્બર્ટ જ્યોર્જ) વેલ્સ નવલિકાઓની પ્રચલિત પાટીથી તદ્દન નવા જ પ્રકારે લખાએલી, વિખ્યાત અંગ્રેજ સાહિત્યકાર મિ એચ જી. વેલ્સની દસ વાર્તાઓથી 'કુમાર'ના વાંચનારાઓ ભેજ અજાણ્યા નથી (જુઓ અંક ૧૪૩ અને ૧૪૪). અંગ્રેજ મનમાં મિ વેલ્સ એક ઋષિ સમા છે પ્રકૃતિના ભૌતિક રહસ્યોના એ દ્રષ્ટા છે. પોતાના દર્શનને એ સાહિત્ય માર્ગે વહેણ આપે છે, ને નવલિકા એ સાહિત્યનું પ્રમુખ વાહન ગણાતું હોઇ, એમા એ એમનો મુખ્ય આધાર છે જે હદુ ગાળીયે અને આકર્ષક એમના વ્યક્તિત્વમા છે એ એમની કૃતિઓમાં પણ ઊતરે છે. એમની પ્રફુલ્લ નવીન કલ્પના અને ભાષા પરનો કાબૂ એ કૃતિઓમા વધુ આહ્લાદ આપે છે, અને પોતાને થએલા દર્શનનો સાક્ષાત્કાર સચોટરીતે બીજાઓને કરાવે છે લડન યુનિવર્સિટીમા સાયન્સની ફર્સ્ટ કલાસની ડિગ્રી મેળવી, પ્રથમ શિક્ષક તરીકે અને પછી પત્રકારત્વમા ઝુકાવ્યા પછી આજે વિજ્ઞાનને જ એમણે પોતાની જાત સમર્પી છે, કારણ એ લખે છે કે આજના સામાજિક અને રાજકીય ક્ષોભ ના અટપટા પ્રવાહોમાં વિજ્ઞાન જ માણસનો શહનર બની શકે એમ છે બીજા તેના ઘાતક બાબુ પ્રત્યે પણ એ આખ નથી મીંચી દેતા, એટલે વિજ્ઞાનની સમવિષમતા અને માનસશાસ્ત્રના અનુકૂલ કોયડા એમની વાર્તાઓનો પ્રાણ બની રહે છે.

દક્ષિણ અમેરિકાના એક અંધારા ખૂણામા, એક તરફ ચિમ્બોરાઝો શિખરની ત્રણસોએક માઇલ દૂર, અને બીજી તરફ હિમાચ્છાદિત શિખરોવાળા કોટોપાક્સીથી સોએક માઇલ જેટલે ઇક્વેડોરમા લગાતા આન્દીઝ પર્વતના બીચ વિસ્તારમા, મરકાની સમાજનો કોઇ માનવી ન પહોંચી શકે એવા દૂરના ભાગમા આંધળાઓનો એ દેશ આવેલો છે.

એ દેશને ફરતા આવેલા અભેદ્ય પર્વતોની ત્રિરાશોમાનો એકનો એક ભાગ પ્રચંડ ભૂકંપોએ પૂરી દીધો તે પહેલા, આજથી સેંકડો વર્ષ અગાઉ, બરફ અને ઝાડીઓ ચોસઠવો કષ્ટમય રસ્તો કાપીને પણ માણસો એ દેશમા જઇ શકતા, અને વસ્તુત: સ્પેનના જુલ્મી રાજ્યથી ત્રાસી પેરૂ દેશમાથી કેટલાક દેશી ક્રિશ્ચિયન કુટુંબો ત્યા વસવાટ કરવા ગએલા પણ બરા પણ એ પછી તરત જ પેલા ચિરસ્મરણીય ધરતીકંપ થયો, જેમા મંડિરાળા પર્વત પોતાની જ્વાળાઓ માથે એક સપાટે પૃથ્વીની સપાટી પરથી અદ્રશ્ય થયો એ વખતે કોટોપાક્સ મત્તર દિવસ સુધી રાત્રિ રહેલી અને યાઝ્વાચીના અણાતના પાણી એવા તો ઊકળી ગએલા કે મરેલા માછલીઓના તરતા શબોથી છેક ગ્વાયાકવીલ સુધીનો સમુદ્ર ચીતરાઇ રહેલો એ અરસામા પાસિફિકના આંબા કિનારા પર અશાન્તિનુ સામ્રાજ્ય પ્રવર્તી રહેલુ તથા જમીન અને સમુદ્રે પોતાના સ્થાનના અનેક અદલાબદલા કરેલા એ જ વખતે આરાઉકા પર્વતનું જર્જરિત શિખર ખળભળી ઊઠ્યું અને અંધોના એ દેશને આપણી દુનિયા સાથે સાંધતી એકની એક પગથારને દાબી દેતુ લાબું થપ્પ સૂતું.

પણ કુદરતના આ પ્રલયકારી ઉન્માદ પહેલા એ બીજામા વસતી પ્રજામાનો એક માનવી સંજોગવશાત્ એ રસ્તે ઓળંગી આ તરફ આવેલો અને પછી કુદરતે તેનો પાછા ફરવાનો રસ્તો રોકયો હોવાથી તેને એ બીજામા વસતા પોતાના બાળબચ્ચા વગેરે બધુ ભૂલી જઇને આપણી દુનિયામાં નવેસરથી જીવન શરૂ કરવુ પડેલું એ રીતે માથે આવી પડેલુ જીવન તેને બરાબર ના ફાવ્યુ કમનસીબે તે અંધ થયો, અને પાછળથી કોઇ ગુના માટે સજા પામતા, બાણુમા કામ કરી તેણે જીવન પૂરૂ કર્યું. એણે પોતાના આ નવા જીવન દરમિયાન કરેલી વાતોથી આન્દીઝના આ તરફના પ્રદેશમા કેટલીયે દંતકથાઓ પ્રચાર પામી.

એમ કહેવાય છે કે એ માણસને આ તરફ ખાસ પ્રયોજન માટે આવવું પડેલુ જે કુટુંબોએ એ બીજામા પ્રથમ આશ્રય લીધો હતો તે જ કુટુંબોમાનો તે એક હતો. તેના કહેવા મુજબ પ્રથમ તો એ નવા વસાહતીઓને એ બીજી બધી રીતે અનુકૂળ લાગેલી. માણસને જે જે

વસ્તુઓની જરૂર પડે તે બધું ત્યાં હતું: મીઠું પાણી, લીલાં મેદાનો, અનુકૂળ હવા, સ્વાદિષ્ટ ફળો, અને એવું બીજું ઘણું યે. દૂર ક્ષિતિજ પર એ દેશને ફરતા આવેલા પર્વતોના ત્રિકોણની ત્રણે બાજુએ, પર્વતોનાં શિખરો પર બરફનું સંરક્ષક આવરણ છાઇ રહેલું હતું. એ બરફના પવાડો જો કદાચ સરતા તો મોટે ભાગે બહારની બાજુએ જ પડતા; ક્યારેક જ કોઇક બરફના ટુકડા અંદરની બાજુ લપસી પડતા. પણ એવે વખતે પર્વતોના નીચલા ઢાળો ઉપર ઊગેલાં દેવદારનું જંગલ એ ધા ઝીલી લેતું. આ બીણમા ન તો વરસાદ વરસતો કે ન બરફ. પણ પાસેના જ શિખરોમાંથી વહી રહેલા અનેક ઝરણો પુષ્કળ પાણી આપતાં. આમ આ નંદનવન જેવી લાગતી બીણમા એ નવા વસવા આવનારાઓને બધી રીતે આનંદ આવ્યો. તેઓની પોતાની, તથા તેઓએ દૂધ, ઊન, માંસ તથા ભારવહન એ બધા માટે સાથે આણેલા માત્ર એક જ પશુ લામાની ઓલાદ ધીમેધીમે વધતી ચાલી. માત્ર તેઓને એક જ દુઃખ હતું અને તે તેઓના આખા જીવનને ખાઈ કરી દેતુ હતું.

અને આ દુઃખ તે કોઇ અગમ્ય કારણોને લીધે તેઓના વસવાટ પછી ફેલાએલું એક નવીન ચેપી દરદ! ત્યાં જન્મેલાં લગભગ બધા બાળકો આંધળા જન્મતાં; અને કેટલાક મોટા છોકરાં તથા પુખ્ત ઉમરના માણસોની આખનું તેજ પણ ઘટવા લાગ્યું હતુ. પણ અત્યારની બાકીક એ જમાનાના માણસો દર્દોના ચેપ કે જંતુઓમાં માનતા ન હતાં, અને તેથી તેઓની ધર્મમુખી બુદ્ધિએ આ નવીન ઉપાધિનું કાંઇક નવીન કારણ કલ્પ્યું. તેઓએ માન્યું કે લા વસ્યા કે તરત સુંદર દેવળ ન બાંધવા માટે જ કુદરતે તેઓને આ સજા કરી હોવી જોઇએ. આ નવી જાગેલી ધર્મની ભાવનાએ, પોતાના એ નવા વસવાના દેવળમા સંગ્રહવા માટે સંતોની પ્રસાદી મેળવવાની ભૂખ તેઓમાં જાગૃત કરી; અને આવી પ્રાસાદિક વસ્તુઓ જૂની દુનિયામાંથી જ મળી શકે તેમ હોવાથી, તેઓએ તે લેવા માટે આ માણસને મોકલેલો.

આ માણસ પાસે રૂપાની મોટી લગડી હતી. અને તે સંબંધમાં પ્રશ્ન કરતા કોઇ શિખાઉ જૂઠાઓલાની ખુલ્લી પડતી સિફતથી તે જણાવતો કે એ દેશના લોકોને રૂપાની જરૂર ન હોવાથી તેઓએ જૂની દુનિયામાંથી આણેલું પોતાનું બધું રૂપું એકઠું કરી પવિત્ર વસ્તુઓની ખરીદી માટે તેને સોંપ્યું હતું. પણ એ બિચારો કદી સ્વદેશ પાછો ન જ ફરી શકેલો, અને એણે કેલાવેલી એ દંતકથા હજુ પણ આન્ડીઝની આસપાસના પ્રદેશના લોકમાનસમા અંધોના દેશની અસ્પષ્ટ માન્યતારૂપે ઊંડી ઊતરી ગએલી છે.

અને આવી રીતે જગતથી જુદી પડી ગએલી એ બીણમા એ દરદ વધતું ચાલ્યું. વૃદ્ધો લાકડી રાખવા માંડ્યા, યુવાનો આંખું દેખવા લાગ્યા અને બાળકો તદ્દન અંધ અવતરવાં લાગ્યાં.

પણ બીજી રીતે તેઓનું જીવન આરામવાળું હતું. ત્યાં બહારના આક્રમણની બીક ન હતી. કાંટાળાં ઝાડ, જંગલી પશુઓ કે ઝેરી જીવજંતુ જેવું કાંઇપણ ત્યાં ન હતું. માત્ર તેઓએ પોતાની સાથે આણેલાં નિર્દોષ લામા જ આમતેમ નિર્ભયપણે ચરતાં. આમ, એ આખી ટોળી પર, ઉનાળાની સંધ્યાની બાકીક, અંધાપો ઝીણો ધીમેધીમે પ્રસરતો ગયો કે તેઓના ઉપર આક્રમણ કરી રહેલા આ નવા દુઃખની તીવ્રતાનો ખરેખરો ખ્યાલ તેઓને કદી ન આવ્યો. આંખવાળાં વડેરાંઓએ દૃષ્ટિવિહીન ઊછરતી પ્રજાને બીજાના બધા રાજમાર્ગોથી ધીમેધીમે પરિચિત કરી દીધી. અને જીવનની બધી જરૂરિયાતોને આ માથે આવી પડતી નવી પરિસ્થિતિને અનુકૂળ કરવાની તાલીમ પણ તેઓએ ધીમેધીમે મેળવી લીધી. અને એ જરૂરિયાતો પણ કાંઇ બહુ લાબી ન હતી; કેમકે આખી પ્રજા સાદા અભણ ગામડિયાઓની બનેલી હતી અને સંસ્કૃતિરૂપે તેઓમાં પેરૂની પુરાતન સંસ્કૃતિની આછી છાંટ જ માત્ર રહેવા પામી હતી.

. આમ પેઢી પછી પેઢી જેમ જવા માંડી તેમ એ લોકોએ ઘણી જૂની વસ્તુઓને જતી કરી અને કેટલુંક નવું જ્ઞાન સંપાદન કર્યું. તેઓના વડવાઓના દેશ-દાદાની કથા ઉત્તરોત્તર સ્વરૂપ બદલતાં પુરાણકથા થઇ રહી. વખત જતાં નિસર્ગની પ્રયોગશાળામાં કામ કરી રહેલાં બળાબળોએ તેઓમાં પણ એક પછી એક એમ તેઓની જરૂર પૂરતા બે મહાપુરુષો સરજ્યા. અને તેઓની અસર પ્રજાજીવન પર વધુ સ્થાયી થઇ. આથી તેઓનું સમૂહજીવન સંસ્કાર પામ્યું. અને એમ પેઢી પછી

પેઢી પસાર થતા થોડા સૈકામા આદિપુરુષોથી પદ્મની પેઢી આવી ઊભી રહેવામા એક નાના અક્ષરમાત્રે બહારની દુનિયામાથી એક દેખતા માણસને એ જગતમા લડસેવી દીધો અનેએ નવા આગતુકની આ કથા છે

એનુ નામ નૂનેઝ હતુ સ્વભાવે સાહસિક અને ઘણુ પર્યટન તથા વાચન કરેલુ હોઇ પર્વતો પર જોખમી સહેલો કરવાનો તે ખૂબ શોખીન હતો તેથી પ્રવર્તમાન પર્વતો પર શોધખોળ કરવા આવેલી એક અંગ્રેજ ટુકડીમા તેઓનો ભિસ્તર ભોમીયો મરણ પામતા તેણે તેની જગ્યા સ્વીકારી લીધી તેઓ પવત પર આમતેમ ઘણુ ભટક્યા અને છેવટે આન્ડીઝના ઉચ્ચતમ શિખર પારાસ્કોટોપોપ્લ પર પહોચ્યા ત્યા રાત્રે તે અચાનક અદૃશ્ય થયો

તેઓએ ઘણી ખૂમો મારી, ખૂબ સીટીઓ પણ મારી જોઇ, પરતુ કાઇ જવાબ ન મળ્યો અને થોડી વારમા ગત તે ટુકડીમાથી કોઇને ઊંઘ ન આવી

સવારે તપાસ કરતા નૂનેઝ ના આમ એકાએક અદૃશ્ય થવાનો ભેદ તેઓને સમજ્યો શિખરના સપાટ ભાગની પૂર્વ તરફની કિનારી પાસેથી એકાએક સીધો ઊતરતો એ ઢાળ હતો,અને એ ઢોળાવ પરલ ટસી પડવા પછી, પડનારને અવાજ કરવાનો પણ અવકાશ મળે એમ ન હતુ નીચે સાકડી ખીણમા અત્યત અતરને લીધે ઝાખા પડી ગયા જેવા લાગતા વૃક્ષો આવી રહ્યા હતા ઓ એ પછીનું બધુ એકસરખા ભૂરા રગમા એકમેક થઇ ગયુ હતું

આ અણધારી આફતથી ત્રાસી જઇ તેઓએ બીજા આકરા ચઢાણ સર કરવાનો વિચાર માંડી વાળ્યો અને અંધારે ટુકડી તળેટી તરફ પાછી ફરી

પણ એ પડી ગએલો માનવી જીવતો રહ્યો

શરૂમા તો, ઢાળ પર એકાદ હજાર ફૂટ ગબડતો તે રગદોળાયો એ દરમિયાન, તાજા વર્ષાના માર્ગના નરમ બરફનુ અસ્તર તેને ફરતુ લપેટાઇ ગયુ અને દર પગે તે જાડુ થતું ગયુ અને આમ, આ બરફના આવરણથી રક્ષાએલુ તેનુ તમ્મર પામેલુ શરીર કેટલાય ફૂટ નીચે, તદ્દન કાચા બરફના નરમ થર પર ફેંકાયુ

ત્યાથી આગળનો ઢાળ સહેજ ત્રાસો હતો. એના પર દડતો બરફ અને માનવદેહનો આ મોટો ગોળો બને ગબડતા ગબડતા નીચે એક જરાએક સપાટ ભાગમા સ્થિર થયા.

ચક્કર ખાતું મગજ જરા શાત થતા તેને ઝાંખો ખ્યાલ આવ્યો કે પોતે કોઇ કહેણ વિજ્ઞાનામા પડ્યા છે પણ તરત,હિમસકટોના અનુભવી એના ચિત્તમા પરિસ્થિતિનો આછો પ્રકાશ પથરાયો શરીરની ચામડી ચૂર્ણ થઇ તેને સદ્ધાને માટે ચોટે તે પહેલા તો તરફડિયા મારી શરીર પરનો બરફનો થર તેણે ખંખેરી નાખ્યો

તેણે પોતાના શરીર પર હાથ ફેરવ્યો તો માલૂમ પડ્યુ કે કોટના કેટલાક બટન તૂટી ગયા હતા અને તે પાછળથી માથા પર ઓઢાઇ આવ્યો હતો ચપ્પુ તૂટીને ગુમ થયુ હતુ ને દોરીથી બાધેલી હોવા છતા ટોપી ઊડી ગઇ હતી પછી તેને યાદ આવ્યુ કે પોતે તો રાતવાસા માટેનું ચૂલો ચણવા પથરો શોધવા નીકળ્યો છે ! પણ તેની બરફ કાપવાની કુહાડી ક્યા ?

છેવટે તેને સમજ્યુ કે પોતે પડી ગયો હોવો જોઇએ ઊગતા ચન્દ્રના પ્રકાશમા તેણે પોતાની પાછળ ઊંચે નજર કરી અને પોતે પસાર કરેલો એ સીધો, ભયકર અને નાખી નજર ન પહોચે એવો આખો ઢોળાવ જોઇ તે દિમૂઢ થઇ ગયો અધકારમાથી પળેપળ વધુ અને વધુ પ્રકાશિત થતા જતા, એ કારમા વિસ્તાર સામે તે કેટલીક પળો સુધી એકીટશે જોઇ રહ્યો થોડી વાર એ ઉન્નત શિખરની ભયપ્રદ સુદરતા તે પી રહ્યો, અને પછી, કાઇ ન સમજાય એવુ ભયાનક હાસ્ય તે હસ્યો !

સખ્ત આઘાત સાથે તેની સમજમા આવ્યુ કે પોતે એ ભીષણ પર્વતના બરફવાળા ભાગને તળિયે પર્વતના નીચલા કટોરા પર આવી રહેલો છે દુ ખથી, કળી પડતા પગે તેણે પોતાની આસપાસનો રહોસહો બરફ ખંખેરી નાખ્યો મહાકષ્ટે તે બેઠો થયો, જરા ખુલ્લી જમી । આવી ત્યાસુધી નીચે ઊતર્યો અને એક કરાડનો ઓથે આવો પડતું મૂક્યુ પછી પોતા ।। ખમીસના અદરના ખીસામાની બાટલીમાથી થોડો બ્રાન્ડી પીધો અને તરત ભરઊંઘમા પડી ગયો

સવારે તેની ઊંઘ, નીચે ઘણે દૂર આવેલા મેદાન માથી આવતા પક્ષીઓ ।। કલરવથી ઊઘડી

તે બેઠો થયો અને આમપાસ જોયુ પોતે પર્વતના નીચના કટોરા પર એક નાનીસરખી ટેકરી પર બેઠો

હતો, અને પોતાના પગ આગળથી, નીચે ઊતરતા પહાડના ઓથારમાં એક મેદાન પથરાએલું હતું. પાછળ નજર કરતાં ઘણો જ ઊંચો બરફથી ઢંકાએલો પર્વત તથા તે પર્વતમાંની જે ચીરાડમાં પોતે બરફ પર લસરતો આવ્યો હતો તે આવી રહેલા હતાં. મેદાનને પેલે પાર નજર કરતા ત્યાં પણ ઘણે દૂર એવો જ બીજો ઊંચો પર્વત આકાશમાં છાપાચિત્ર જેવો ફોતરાઈ ગયો હતો; અને એ બે પર્વતો વચ્ચેની તળેટીમાં પૂર્વ અને પશ્ચિમ પથરાઈ રહેલી નીચેની સપાટ બીજી ઊગતા સૂર્યના મોનરી પ્રકાશમાં ભિંજાઈ રહી હતી. એ તળેટીનો પશ્ચિમનો છેડો સાંકડો થતો જતો હતો અને એ છેડાને ફરતી રહેલું શિખર ત્યાં આડું પડ્યું હતું

તેણે ફરી પોતાના પગ આગળ નીચે નજર કરી. ત્યાં પણ ઉપરના જેવો જ ભયંકર દેખાવ આવી રહેલો હતો. આમ, પાછળ છાતી પર તોળાઈ રહેલું સીધું બરફનું ચઢાણ અને નીચે એવો જ ભયંકર પર્વતનો ઢાળ, એ બેની વચ્ચે પર્વતની કટિમેખલા પર તે ફસાઈ પડ્યો હતો.

વિચાર કરતા હવે તો ઉપર જવા કરતા નીચે જવું જ તેને વધુ સલાહભરેલું લાગ્યું. એમાં પણ જોખમનો ખતરો તો હતો જ. પણ અશક્યતા નહોતી. થોડે દૂર બરફના પાણીથી નીતરતી એક સાંકડી ઊભી ચીર દેખાતી હતી, અને મરણિયા બનેલાને ઠીક ઉપયોગી થઈ શકે એવી તે લાગતી હતી. તે ઊભો થઈ તે તરફ ચાલ્યો.

આ ચીરને તળીએ ઊતરવામાં તેને ધાર્યા કરતાં ઓછી તકલિફ પડી. પછી એક નાનો ફુંગર ઊતરી તે બરફો ઢાળા પ્રદેશમાં આવ્યો અને નાનીમોટી ટેકરીઓનો ફેર લેતો ત્યાંથી તે આગળ ને આગળ ચાલ્યો. અને આખરે જમીનનો વાંક નીચેના સપાટ મેદાન પર ઊઘડતો જણાયો. ત્યાં તેણે કેટલેક દૂર વિચિત્ર બાંધણીનાં પાકાં ઝૂંપડા જોયા. એ દિશામાં જ એણે આગળ વધવા માંડ્યું.

વધુ નીચે ઊતરતાં બીજું વધારે અંધારી થવા માંડી; ઊગતા સૂર્યનો પ્રકાશ ત્યાં સુધા પહોંચી શકતો ન હતો તેમજ પક્ષીઓનાં ગાન પણ ત્યા સંભળાતાં ન હતાં. પર્વતની અંધારી તરાડમાં તે આવી લાગ્યો હતો.

છેવટે મધ્યાહ્ને તે બીજુની બજાર નીકળ્યો અને એ પ્રકાશિત મેદાનમાં દાખલ થયો. રસ્તે એક ઝરા પાસે તે થાક ખાવા બેઠો.

જોગજોગ તે બીજુમાંની વિવિધ વિગતો પર નજર ફેરવતો ગયો તેમતેમ તેનું આશ્ચર્ય વધતું ગયું. એ મેદાનનો ઘણોખરો ભાગ તો લીલાં ઘાસથી છવાએલો હતો. અને એમાં છૂટાછવાયાં સુંદર કૂવો બીજાં હતાં. તેને પાણી પાવાની વ્યવસ્થા બરાબર કાળજીપૂર્વક કરાએલી લાગતી હતી. અને એવી જ વ્યવસ્થાપૂર્વક થતી ખેતીના ચિહ્ન પણ ત્યાં નજરે પડતાં હતાં. જરા ઊંચા ભાગમા બીજુને ફરતી પાણીની નીક જેવી દીવાલ ચણી લેવામાં આવી હતી. એ દીવાલમાંથી ઝરણ ફૂટી પાકને પાણી પૂરું પાડતાં હતાં. દીવાલમા સામસામા બે રથળે દરવાજા પણ રાખવામાં આવ્યા હતા. એ દીવાલની બહારના ઢાળો પર લામા ચરી રહ્યા હતાં, અને તેથી દીવાલની અંદરના ભાગમાં દીવાલને અડીને ફરતાં બાંધેલાં નાનાં ઝૂંપડાં એ લામા માટે જ હોવા જોઈએ એમ અનુમાન થઈ શકતું હતું. દીવાલમાંથી ચોતરફથી ફૂટતાં ઝરણાંનું પાણી ખેતરોને પોષણ આપતું છેવટે મેદાનની વચ્ચોવચ્ચ આવેલી નહેરમા જતું હતું, અને એ નહેર એવી રીતે ઝરણાં ઝીલતી મેદાન સોંસરવી વચ્ચે ચાલતી, છેડા આગળ દીવાલને ભેદતી જતી હતી. તથા ખેતરોને પાતાં વધેલું તેમાનું પાણી એવી રીતે દીવાલ બહાર ઘોધ રૂપે પડી, ત્યાંથી નીચેની બીજુ તરફ માર્ગ કરી લેતું હતું. મેદાન વચ્ચે આવેલી આ નહેરને પણ બંને બાજુએ છાતી જેટલી ઊંચી દીવાલથી બંધ કરવામાં આવી હતી.

વળી એ મેદાનમાં કાળા અને સફેદ પથરોની પૂરણીથી બાંધેલા રસ્તાઓમા એક બાંસ્ત વિચિત્રતા એ હતી કે તેની પણ બંને બાજુએ પથરોની નાની પાળ હતી, અને રસ્તાઓ એક બીજા સાથે અમુક ચોક્કસ ખૂણે જ મળતા.

એ મેદાનના એક ભાગમાં એક ગામ હતું. પણ એ 'ગામ' એટલે એક રમ્ય અને સીધીદોર શેરીની બંને બાજુએ સમાંતર આવી રહેલી ઘરોની હાર. એ ઘરોમાં એકએક બારણા સિવાય બીજાં બારીબારણાં જેવું કાંઈ ન હતું, અને બધાં ઘરનાં પ્રવેશદ્વારો એકસરખી



નહેરમાંથી પણી ભરી જતા એ ત્રણે જણા પાસે પહોંચતા નૂનેઝે જોયું કે તે ખરખર આધળા હતા

સીધી લીંટીમા જ રાખેલા હતા પણ એ બારણા ની આ યોજના સપ્રમાણતાના શોખને ખાતર રખાએલી હોય એમ માની શકાય તેમ ન હતુ, કેમકે એ ઘરો પર લગાડેલા રંગીન માટીના અસ્તરના રંગોની ગો ઠવણીમા કળાનો ઉપજાવે એવી અનાજકતા હતી એ રંગ કયાંક ભૂરો, કયાંક રાખોડી અને કયાંક રતાશ પડતો હતો અને તેથી એ રંગોની અનિયમિતતા જોઇ તેનાથી રહેજ બોલાઈ જવાયુ, 'આ રંગ લગાડનાર આંધળો હોવો જોઇએ'

તે એક સીધો ઢોળાવ ઊતર્યો અને આદમી નહેરનું પાણી જ્યા દિવાલ બહાર ફીણાતુ પડતુ હતુ ત્યા આવ્યો. અહી ઊંચાણમા ઊભા રહી તેણે મેદાનને ફરતી આવેલી દિવાલ ઉપર થઇને નજર ફેરવી તો સૂકા ઘાસ પર આળોટતા કેટલાક સ્ત્રીપુરષો જોયા ગામની નજીકના એક કયારામા એ જ રીતે કેટલાક છોકરા ઊંઘતા પડયા હતા ત્રણ માણસો તેનો અવાજ સભળાય એટલે નજીક નહેરમાથી પાણી ભરીને ગામ તરફ જઇ રહ્યા હતા આ ત્રણે જણના કપડા લાંબાના વાળના હતા, તથા તેઓના જોડા લાંબાના જ ચામડાના હતા તેઓના માથા પર કાન ઢાંકી ગળાને ઢાકી રહેતી ટોપીઓ હતી જાણે આખી રાતનો ઉજાગરો હોય એમ ઘસાતા ખાતા એકબીજાની પાછળ તેઓ દારૂખાનું ચાલ્યા જતા હતા એમને જોઇને પોતાના ટેકરા પર જરા આગળ પડતા ઊભા રહી નૂનેઝે ઊંચેથી બૂમ મારી અને આસપાસના બેત્રણ ગામ ઊઠવા

એ ત્રણ જણા અટકયા અને જાણે એ અવાજને ફરીફરીને સાભળવા પોતાના માથા આમથી તેમ, ઊંચા નીચા કર્યા વગર ફેરવી રહ્યા નૂનેઝે તેઓનુ ધ્યાન પોતા તરફ ખેંચવા હાથ ઊંચા કર્યા પણ તે તરફ ધ્યાન ન આપતા તેઓએ તેની સામે આવેલા પડયો પાડતા પર્વત તરફ ફરી તેના પોલાણો જવાબ આપ્યો. નૂનેઝે બીજી બે ત્રણ બૂમ મારી અને હાથથી ઘણી નિશાની કરી જોઇ, પણ તેમ છતા જ્યારે તેઓનું ધ્યાન તેના તરફ ન જ ગયુ ત્યારે તેને થયુ કે તે આધળા હોવા જોઇએ

તે ટેકરા પરથી નીચે ઊતર્યો, રસ્તામા આવતો નાનો પૂલ ઓળંગ્યો અને દરવાજામા દાખલ થઇ તેણે જોયુ તો ખરેખર તેઓ આધળા જ હતા

હવે તેને સમજાયું કે દંતકથામાંનો આંધળાઓનો દેશ તે આ જ. બાની રોમાંચની ગર્વભરી કલ્પનાઓનો રોમહર્ષ તેને પલવાર થઈ આવ્યો. પોતાનું બરફમાં લપસી પડવું જાણે સાર્થક થઈ ગયું હોય તેમ તેને લાગ્યું.

પેલા ત્રણ જણા આ નવા આવનારનાં પગલાં પરથી તેને ઓળખવા તેના તરફ કાન માંડીને ઊભા હતા. તેઓનાં મોઢાં પર અજ્ઞાનનો ભય સ્પષ્ટ તરી આવ્યો હતો. તેમાના એકે જૂની સ્પૅનિશ ભાષામાં કહ્યું, 'માણસ લાગે છે! પછી માણસ હોય કે ભૂત; પણ ડુંગરામાંથી આવતો લાગે છે!'

પણ નૂનેઝને તેઓના આશ્ચર્ય કે ભયની થોડી જ પડી હતી. તેણે તેઓની આંખ સામે જોયું તો તેઓનાં પોપચાં આંખમાં ઊંડાં દબાઈ તથા ચોંટી ગયા હતા કે જોનારને એમ જ લાગે કે અંદર ડોળો જ નહિ હોય. આ એક જ ચિહ્ને તેને અજબ આશા આપી, અને જીવનના કોઈ ચિરસ્મરણીય પ્રદેશમાં પગ માંડતા નસીબદારની માફક હિંમતભેર પગલાં ભરતો તે આગળ આવ્યો. આંધળાના આ અગમ્ય, ખોવાએલા દેશ સંબંધીની બધી દંતકથાઓ હવે તેના મનમા પળવારમાં તાજી થઈ નાચી રહી, અને પેલી જૂની કહેવત 'આંધળામાં કાણીઓ રાજા' એ કોઈ પ્રિય ગાયનની છેવટની પંક્તિ હોય એમ એની કલ્પનામા કોઈ બેદી સૂર પૂરી રહી.

તેણે પોતાની માતૃભાષા—નવી સ્પૅનિશ ભાષામા તેઓની સાથે વાત કરવા માંડી.

આંધળાઓ એકબીજા તરફ કાન માંડી રહ્યા.

'એ ક્યાંથી આવે છે, ભાઈ પેડ્રો?' એકે પૂછ્યું.

'પર્વતમાંથી!' બીજાએ આશ્ચર્યપૂર્વક કહ્યું.

'હું પર્વતને "પેલે પાર"થી આવું છું' નૂનેઝે સુધારો કર્યોઃ 'હું એ દેશમાંથી આવું છું જ્યાં માણસો "જોઈ" શકે છે. લાખોની વસતિવાળું એ ગોગોટા શહેર, જેનો વિસ્તાર નજરની બહાર ચાલ્યો જાય છે ત્યાંથી હું આવું છું'

'નજર!' પેડ્રોએ પ્રતિધ્વનિ કર્યોઃ 'નજર?'

'તે નક્કી પર્વતમાંથી જ આવે છે,' ત્રીજા આંધે કહ્યું.

નૂનેઝ તેઓનાં કપડાની વિચિત્રતા પર હસતો તે તરફ જોઈ રહ્યો. કાપડની બનાવટ તથા સીલાઈ બંને વિચિત્ર હતાં. પણ એ દરમિયાન આંધો બીજું વિચારી રહ્યા હતા. તેઓએ પોતાના હાથ આગળ લંબાવી તેના તરફ એક સામટો ધસારો કર્યો, નૂનેઝ તેમના પંજામાંથી છટકવા પાછો હટ્યો; પણ ત્રીજા આંધે તેની ગતિ પારખી લઈને તેની દિશામાં પોતાનો હાથ લંબાવી તેને પકડ્યો ને કહ્યું, 'અહીં આવ.'

અને પછી એ ત્રણ જણાએ તેને ચુપચાપ પકડી રાખી તેના આખા શરીર પર હાથ ફેરવી તેની પૂરેપૂરી તપાસ કરી લીધી. તેઓના હાથ તેના ચહેરા પર ફરતા આંખ આગળ આવ્યા એવી જ નૂનેઝે ઝૂમ પાડી 'જોજો સંભાળજો!' આંધોને પણ આ નવા પ્રાણીમા ફરકતી પાંપણો વાળી તથા ઉંધાડવાસ થાય એવી આ ઇન્દ્રિયનું હોવું ચમત્કાર જેવું લાગ્યું અને તેના પર ફરી ફરીને તેઓએ હાથ ફેરવ્યા!

'કોઈક વિચિત્ર પ્રાણી, ખરું કોરીઆ?' પેડ્રોએ કહ્યું. 'એના વાળ તો તપાસ! કેવા લાંબા કુણા બરફ છે?'

'બરફ તો હોય જ ને, એ પત્થરોમાંથી નીકળ્યો છે તે!' કોરીઆએ એની લબ્બમત ચડેલી દાઢી પર હાથ ફેરવતાં કહ્યું: 'પણ કદાચ અહીં આપણી સાથે રહેશે એટલે ઠીક થઈ જશે.'

નૂનેઝને આ પરીક્ષા આકરી લાગી. તેણે તેઓના હાથમાંથી છૂટવા પ્રયત્ન કરી જોયો, પણ તેઓએ તેને ખૂબ મજબૂત પકડી રાખ્યો

'જરા સંભાળજો!' તેણે ફરીથી ફરિયાદ કરી.

'તે બોલે છે!' ત્રીજા આંધે એની આ વખતની ભાષા સમજતાં કાંઈક આશ્ચર્યથી કહ્યું: 'જરૂર તે માણસ છે.'

પેડ્રોએ તેનો કોટ તપાસી જોયો. એના કાપડની વિચિત્ર કુણાશે તેણે આશ્ચર્યનો ઉદ્ગાર કાઢ્યો અને કહ્યું: 'અને હવે તું "દુનિયામા" આવ્યો!'

'દુનિયામાં "થી" આવ્યો છું.' નૂનેઝે ફરી સુધારો કર્યો. 'આમ આકાશ જેટલા ઊંચા પર્વતો અને હિમનદીઓ ઓળંગીને પેલે પારથી આવું છું. અને ખરી દુનિયા તો' એ પર્વતોની પાછળ ઢંકાએલી છે. એ દુનિયા સોસરવું સમુદ્ર સુધી જતાં અધો મહિનો લાગી જાય એવડો એ વિશાળ છે.'

આંધોનું ધ્યાન આ વાત તરફ ન હતું. કોરીઆએ

પોતાના મિત્રોને પ્રકૃતિનો આ નવો ચમત્કાર સમજાવતા કહ્યું, 'આપણા બાપદાદા કહેતા આવ્યા છે કે મનુષ્યની ઉત્પત્તિ કુદરતની શક્તિઓની ક્રિયા—પ્રતિક્રિયામાંથી થાય છે કોઇક ભિનાશ, કોઇક ગરમી અને કોઇક સડો,—હવે એ સડો!'

'ચાલો આપણે એને મોટેરા પાસે લઈ જઇએ' પેડ્રોએ મત આપ્યો

'પહેલા ખૂબ મારી બબર આપો' કેરીઆએ કહ્યું 'નહિ તો નવી છોકરા આ નવું ભૂત સાંભળી બી મરશે'

અને તેઓએ પહેલા એ પ્રમાણે બબર આપ્યા પછી નૂનેઝનો હાથ પકડી પેડ્રો આગળ ચાલ્યો.

'મને દોરવાની જરૂર નથી' નૂનેઝે પોતાનો હાથ છોડાવતા કહ્યું 'હું જોઇ શકું છું'

'જોઇ? એ શું?' કેરીઆએ આશ્ચર્યથી પૂછ્યું

'હા, જોઇ શકું છું' કહેતા નૂનેઝ પાછળ ચાલ્યા આવતા કેરીઆ તરફ જોવા જતા પેડ્રોના હાથમાના પાણીના વાસણ સાથે અફળાયો

આથી ત્રીજા બધે કહ્યું, 'એની ઇન્દ્રિયો હજુ કાચી લાગે છે તે ન સમજાય એવું બોલે છે અને ચાલતા આખડે છે, માટે એને બરાબર દોરજો'

'તમારી મરજી' કહેતા નૂનેઝે હસી પોતાનો હાથ પેડ્રોના હાથમાં રહેવા દીધો અને આગળ ચાલવા માંડ્યું

ત્યાંગ! આ બધાને નજરની કલ્પના સુદ્ધા ન હતી પણ આશાવત નૂનેઝને લાગ્યું કે એ શબ્દ કુદરતે તેને અહીં મોકલ્યો હતો.

તેમને જોવા માણસોનું એક મોટું ટોળું જમા થયું બધાનું આવડું મોટું ટોળું એકસામટું જોવામાં નૂનેઝને ધાર્યા કરતા વધુ હિંમતની જરૂર પડી એ લોકોમાંના કેટલાક તો આંખ ન હોવા છતા પણ સુદૃઢ શરીરવાળા હતા જો તેની આમપાસ ફરી વળી પોતાના તીવ્ર સ્પર્શશક્તિવાળા આંગળાથી તેને પકડી તેને સુંઘવા લાગ્યા તથા તે બોલે તે ખૂબ ધ્યાનપૂર્વક માણવા લાગ્યા અને એમના અવાજ સાથે સરખાવતા નૂનેઝનો અવાજ ઓછો જલદ અને કર્કશ હતો કે કેટલાક નાના છોકરા તેનાથી ભય પામીને દૂર જઈ ઊભા રહ્યા એ બધો વખત તેના ત્રણ જોમીઆ માણિકીના ભાવે તેની નજીક જ ઊભા હતા અને નવાનવા માણસોને ઉત્સાહભેર તેની ઓળખાણ આપતા જતા હતા 'પર્વતમાંથી નીકળેલો એક જંગલી માણસ"

નૂનેઝને આથી ક્રોધ ચડ્યો પોતાના ઉત્પત્તિ સ્થાન તરીકે પર્વત સૂચવાય એ તેને અસહ્ય લાગ્યું આથી સુધારા અર્થે પોતાના શહેરનું નામ જણાવ્યું 'ઓગોટા' તેણે ગુસ્સામાં કહ્યું 'ઓગોટા—પર્વતને પેલે પાર.'

પેડ્રોએ હસતાહસતા તેની દયા ખાતા કહ્યું, 'બિચારો હજુ બચ્ચો છે અને પૂરું બોલતા શીખ્યો નથી પેલું તે બોલ્યો તે તમે સાંભળ્યું? "ઓગોટા"! હજુ તે હમણાં જ બોલતા શીખ્યો લાગે છે!"

પાછળથી એક નાના છોકરાએ તેના હાથમાં ચીંટીઓ ભરી મશ્કરી કરી 'ઓગોટા!"

'હા, ઓગોટા!' તેણે ગુસ્સાથી હાથની ખાલી ગઈની ઝાપટ મારતા કહ્યું 'તમારી આ અંધારી બાદ સાથે સરખાવતા એક મહાન શહેર, ઓગોટા જ્યાં માણસોને આંખ છે, અને જોઇ શકે છે'

'એનું નામ ઓગોટા લાગે છે.' કેટલાક માણસો બબડ્યા

'ચાલો એ ઓગોટાને વડીલો પાસે લઈ જઇએ' બીજા કેટલાકે કહ્યું

અને તુરત તેઓ તેને ઉન્નસ વિનાના એક ઓરડામાં લઈ ગયા આ ઓરડામાં બારીઓ સામાન્ય નિયમ મુજબ માત્ર એક જ બાજુએ હતું અને તેમાં માણસોનું ટોળું ભરાયાથી તે અંદર કાંઈ પણ જોઇ શકતો ન હતો. આથી વચમાં બેઠેલા એક માણસના પગની ઠેસ લાગતા તે લાંબો થઇ પડ્યો પડતાપડતા તેના હાથ હવામાં ફેલાયા અને કોઇ ને ભોંયને નમાવો માંગતા ગયા. પેલાએ ગુસ્સામાં ચીસ નાખી અને તુરત તેને પકડી રહેવા અનેક હાથ સામે તે નરકડીઓ મારી રહ્યો તેને એકાએક વસ્તુસ્થિતિ સમજાય અને તેણે બૂમ મારી 'હું પડી ગયો હતો, કેમકે અંધારામાં કાંઇ જોઇ શક્યો નહિ'

થોડી વાર બધા સ્થિર થઇ ગયા અને તેણે બોલેલા શબ્દો સમજવા યત્ન કરવા લાગ્યા છેવટે કેરીઆએ ખુલાસો કર્યો કે 'તે હમણાં તાજો જ ઉત્પન્ન થયો લાગે છે, ચાલતા પડે છે અને ન સમજાય એવા શબ્દ વાપરે છે' બીજા પણ કેટલાકોએ તેના નિર્ણ

નૂતેજ નિરહંકાર પૂર્વક હસ્યો અને બોલ્યોઃ 'મારો સમય ચાલ્યો આવે છે.' અને એ અંધની પાછળ ચાલ્યો.

'હા, તને હજુ ઘણું શીખવાનું મળશે.' પેલા અંધે જવાબ આપ્યોઃ 'દુનિયામાં ઘણું શીખવાનું છે.'

રસ્તે ચાલતાં નૂતેજે એ અંધને પૂછ્યુંઃ 'તમને કોઇએ પેતી કહેવત શીખવી નથી કે "આંધળામાં કાણીઓ રાજા"?'

"'આંધળો" શું?' એ અંધે બેહરકારીથી પૂછ્યું.

નૂતેજ આગી વાટ ચૂપ રહ્યો.

(આવતા અંકમાં પૂરી) હરિકૃષ્ણ વ્યાસ



રમણઃ આપણા હાથ ક્રિયાપદ જેવા છે.

વિનુઃ તે કેમ?

રમણઃ કારણ તે સકર્મક પણ હોય છે ને અકર્મક પણ!

ન્યાયાધીશઃ કેવી સાક્ષી આપો છો? તમારા ચહેરામાં જે નથું ગધેડાપણું જ નજરે પડે છે!

સાક્ષીઃ મને ખબર નહિ, સાહેબ! કે આપનું પ્રતિબિંબ મારા ચહેરામાં પડતું હશે!



રખેવાળઃ (દોડતા આવીને) કોની પરવાનગીથી તું પાણીમાં ઊતર્યો? ઊભો રહેજે! હમણાં જ તને ગદ્ધાર પકડી લાવું છું.

ડૂબતો માણસઃ મને પણ એટલું જ જોઇએ છે; જલદી કર ભાઇ!



ચોરઃ એમાં મોટું શાનો બગાડે છે? તને આ બધો સામાન લાવતાં એક મિનિટ લાગી છે તેનો એક આનો તો આપો! મિનિટનો આનો એટલે કલાકના પોણાચાર રૂપિયા થયા, સમજ્યો?!

મુંબાઇમાં રાતના બે વાગ્યે એક ડાક્ટરને ઉઠાડીને એક ગૃહસ્થે કહ્યું, 'પાર્લા ખાતે એક દરદી બહુ બેચેન થાય છે તેને જોવા આવવાની આપની ફી શું થશે?'

'દસ રૂપિયા' ડાક્ટરે કહ્યું.

'કબૂલ છે, ચાલો.'

ડાક્ટરે પોતાની મોટર કાઢીને તે ગૃહસ્થને લઇ ચાલતા પાર્લા પહોંચ્યા એટલે તે ગૃહસ્થે દસ રૂપિયા ડાક્ટરના હાથમાં મૂકી વિદાય લીધી.

'પણ દરદી ક્યાં?' ડાક્ટરે પૂછ્યું.

'દરદી તો કોઈ નહોતો, સાહેબ! ટેક્સીવાળાએ અહીં પહોંચાડવાના પંદર રૂપિયા બતાવ્યા, એટલે આપની સાથે રોદો કર્યો.' કહી તે ગૃહસ્થ હસતા હસતા ચાલ્યા ગયા! ડાક્ટર બની ગયા.

એક નવજવાને એક પાદરીને પૂછ્યું 'સેતાનની ઉમર તમે જણાવી શકશો?'

'તમે તમારી જન્મતિથિ સાથે લાવ્યા છો?' પાદરીએ જવાબ આપ્યો. નવજવાને વધુ હિમત કરવી ચાલી ગયો.




પોલીસઃ (કુંભારને મનકામાં)—ઓઈ! એ તારા સસાને ક્યાં લઈ ચાલ્યો?

કુંભારઃ કોઇ પોલીસવાળો પોતાનો કરી ન બેસાડે એ માટે ફર લઇ ભડ ધું.



BAI KASHIBAI HINDU HIGH
BOMBAY
को लिया था विमु



મૂલગંધકુટિ વિહારના સૌજન્યથી

મહાભિનિષ્ક્રમણ


કલાકાર - કાસેત્સુ નોસુ

હિંદમાં બૌદ્ધ ધર્મનો પુનરુદ્ધાર કરવા તથા જગતના બીજા બૌદ્ધ દેશો સાથે સંપર્ક વધારવા માટે હિંદમાં સારનાથ મુકામે જે મૂલ-ગંધકુટિ નામનો મહાન વિહાર બાંધવામાં આવ્યો છે તેમાં આજથી થોડાંક વર્ષ પર હિંદને કિનારે ઊતરેલા જપાની ચિત્રકાર મિ. કાસેત્સુ નોસુએ પોતાની સિદ્ધહસ્ત પીંછી વડે બુદ્ધજીવનના કેટલાક મહાન પ્રસંગો આલેખ્યા છે. તેમાંના, આ અંકના પહેલા પાને આપેલા કાવ્યને અનુરૂપ થતા,આ એક ચિત્ર 'મહાભિનિષ્ક્રમણ'નો પરિચય આપતાં કાકાસાહેબ કાલેલકર 'બુદ્ધચરિત'ના સુંદર અને સમૃદ્ધ પુસ્તકમાં લખેછે કે:

જીવનમાંથી પ્રસન્નતાથી માર્ગ ઊંચું કરનાર પોયણાં અને એમની વચ્ચે વિહાર કરનાર કલહંસ એ એક જીવનદર્શન છે, જ્યારે એની પડખે જરા, રોગ અને મૃત્યુ એ હમેશ દર્શન દેનાર અને ટાળ્યા ન ટળનાર જીવનના સાથીઓ પણ છે જ. એમાંથી જ વિરક્તિ દ્વારા રસ્તો કાઢનાર સંન્યાસી એ જીવનનુ ત્રીજુ પાસું છે. આ ત્રણે પાસાં અનુભવ્યા પછી કયો વિચારી વીર અસ્વસ્થ નહિ થાય, અને આમાંથી રસ્તો કાઢવાનો દૃઢ સંકલ્પ નહિ કરે? પ્રેમસખી સાધ્વી યશોધરા, એની સાથેની પ્રેમગ્રંથી રૂપ અવતાર લેનાર રાહુલ અને એમના સહવાસમાં માણાતા સંગીતાદિ ઉપભોગ એ બધું કેમ છોડાય? અને છોડવું ન હોય, તો ભવરોગમાંથી મુક્ત થવાનું ઔસડ કેમ જડે? એ દુવિધા લાંબા વખત સુધી અનુભવ્યા પછી સિદ્ધાર્થ નિશ્ચય કરે છે કે, 'ના, વીરને માટે એ જ જીવન સફળ છે, મારે મરે જ છૂટકો.' છતાં ચિત્ત કહે છે, 'હજી વિચાર કર; એક વખત પાસો નાખી દીધા પછી પસ્તાયે કામ નહિ ચાલે.' પણ બુદ્ધ નિર્ણય કરી ચૂકે છે. એ વખતનો પ્રેમ, એ સાથેનુ કારુણ્ય, દોમળતા ને કઠોરતા, ને એની સાથેની દૃઢતા એ બધું આ ચિત્રમાં સિદ્ધાર્થના મોં પર આપણે જોઈ શકીએ છીએ

આ સદીની ધાતુ

ઍલ્યુમીનિયમ



વીજળીક પદ્ધતિથી ઍલ્યુમીનિયમ સસ્તુ બનાવવાની રીતનો પહેલો શોધક ચાર્લ્સ માર્ટિન હોલ અને (ઉપર) તેણે પ્રયોગશાળામા પહેલવહેલા બનાવેલા ઍલ્યુમીનિયમના ટુકડા

પચાસ વરસ પર જે સોનાથી પણ મોંઘી હતી તે આજે દીવાસળીના ટોપકાથી માંડી રાક્ષસી ઝેપલિનો સુધીની બનાવટો સર કરીને એટલી તો સર્વવ્યાપી થઇ ગઇ છે કે માનવસંસ્કૃતિમાં આ યુગ કદાચ તેના નામથી ઓળખાશે

આજનો ધાતુયુગ જે આઠ ધાતુઓને આધારે રહ્યો છે, તેમા વિજ્ઞાનને બળે મનુષ્યે ઉપજાવેલી ફક્ત એક જ ધાતુ છે અને તે ઍલ્યુમીનિયમ. સિવાયની સાતે ધાતુઓ—લોઢું, ત્રાંબું, જસ્તા, કલાઇ, જસત, સોનું અને રૂપું—તો પ્રાચીન કાળથી માણસને જાણીતી હતી જ, અને તેમનો ઉપયોગ પણ દર પ્રકારે થતો આવતો. જોકે પ્રયોગશાળાઓ તો હજી યે તેમનો ઉપયોગ સરળ અને વિશાળ બનાવવા તેમના પર પણ અખતરાઓ કર્યે જ રાખે છે. પણ ઍલ્યુમીનિયમ તો પ્રયોગશાળાની હજી એટલી તાજી બનાવટ છે કે જેના પ્રથમ ઉપયોગથી માંદિનગાર લોકો યે હજુ છેવે છે.

ઍલ્યુમીનિયમની નવીનતા જેવી અજાણ નથી તેનું કારણ એટલું જ કે દુનિયા પરની એ સર્વસાધારણ ધાતુ છે. ભૂસ્તરવેત્તાઓની કલ્પના પ્રમાણે પૃથ્વીનું અંતરાળ ભલે લોખંડના રાક્ષસી જથ્થાથી ભર્યું હોય, પણ માણસની શક્તિ તેના પ્રવેશ માટે મર્યાદિત હોઇ જેટલી દૂર તે પ્રવેશી શકે છે ત્યાં સુધીમા તો કોઇ પણ ધાતુ કરતાં ઍલ્યુમીનિયમનો જથ્થો જ વધી જાય છે. પૃથ્વીના ઉપરોપરનું પૃથક્કરણ કરનારાઓ કહે છે કે તેનું પૃષ્ઠ બેંકડે આઠ ટકા ઍલ્યુમીનિયમથી ભરેલું છે. એ બધા જથ્થાને જો ઠીપી શકાતો હોય તો તેના પાંચ માઇલ જાડાઇના પડવડે આખી પૃથ્વીના ગોળાને વીંટી શકાય! આ સત્ય પૃથ્વીના પૃષ્ઠમાં તેની વિપુલતાની પ્રતીતિ કરાવશે.

જોકે એ ગોળાનો ઘેરાવ નવો છે જ્યારે ગમાયગ્નિકોને શંકા તો બહુ વહેલી જ પડેલી કે પૃથ્વીના પૃષ્ઠની મોટાઈમા કોઇક અજાણ્યું તત્ત્વ છે. પહેલવહેલાં ૧૮૭૭ની સાલમા મર દંરી ડેવીએ વિદ્યુત્થી એક ક્ષારનું પૃથક્કરણ કરતા જોયું કે તેમા ધાતની મૂળતત્ત્વો રહેલા છે. તે પોતે તો તેને ધાતુના રૂપમા મેળવી ન શક્યો, પણ આ નવી ધાતુને તેણે 'ઍલ્યુમીનિયમ'નું નામ આપ્યું, જે હજી કાયમ છે.

ત્યાર બાદ વિદ્યુત્પ્રવાહ અને ચુંબકનો પરસ્પરનો સંબંધ શોધી આધુનિક 'ઇલેક્ટ્રિકલ એન્જીનીઅરિંગ' સ્થાપનાર ડેનિશ વિજ્ઞાની હૅન્સ ક્રિશ્ચન ઓર્સ્ટાડે એ અખતરા હાથમાં લીધા અને ઈ. ૧૮૨૫મા બહુ જૂની રૂપે ઍલ્યુમીનિયમનું તદ્દન નજીવું પ્રમાણ તે મેળવ્યાની ગણે.

તેનો જ સમકાલીન જર્મન વિજ્ઞાની પ્રો. ફ્રેડરિક

માણસે વિજ્ઞાનની સહાયે શોધી કાઢેલી પહેલવહેલી ધાતુનો રંગદર્શી ઇતિહાસ



પૃથ્વીના પેટાળમાં સૌથી વધુમાં વધુ ધાતુ ઍલ્યુમિનિયમની છે એમ કહેવાય છે ઉપરના ચિત્રમાં પૃથ્વીના ગોળા ઉપર મોટા મહાસાગરો અને ખંડોને મુકાબલે ઊભુ રહે એવડું મોટું ટેબ્લેટ ગોળ ધાબું ચીતર્યું છે તે પૃથ્વીમાં રહેલા ઍલ્યુમીનિયમના એ જથ્થાનું (પૃથ્વીના કલ્પના સેંકડે ૮ ટકા) પ્રમાણ બતાવે છે!

વૂલર હતો, જેણે 'યૂરિયા'ની શોધ કરી પદાર્થોના સજીવ અને નિર્જીવ એવા ભાગલાઓ ૨૬ કર્યા હતા. એ યે એ શોધ પાછળ જ મંડેલા. ૧૮૨૭માં ખરેખર તેણે ઍલ્યુમીનિયમનો ઑરટાડ કરતાં વધુ જથ્થો મેળવ્યો—ટાકણીના માથા જેટલો!

પણ એટલો યે જથ્થો ઔદ્યોગિક ક્રાન્તિ માટે બસ હતો. ૧૮૪૫માં તો વૂલરે જાહેર કર્યું કે આ નવી ધાતુ ધડતરમાં બધી ધાતુઓ કરતા ચઢેલી છે, એટલું જ નહિ પણ જાણીની બધા ધાતુઓ કરતા વજનમાં હલકી છે. લોહાના ૭.૮ ને તાંબાના ૮.૬ વિશિષ્ટ ગુરુત્વને ઠેકાણે તેનું માત્ર ૨.૭ જ તેણે જણાવ્યું.

આ બાબત જાહેર આવતા મારા યે જગતના વિજ્ઞાનીઓ એ ધાતુ વધારે પ્રમાણમાં ને વધુ સસ્તી કેમ મેળવાય તેના અખતરા પાછળ મંડી પડ્યા. અલબત્ત, વૂલરની શોધ પછી બહુ લાંબે ગાળે ઍલ્યુમીનિયમનો ઔદ્યોગિક ઉપયોગ શરૂ થયો, પણ એ લાંબા ગાળાનું કારણ એ નથી કે વિજ્ઞાનીઓનો ઉત્સાહ મંદ હતો; ખરું કારણ તો તેની પાછળ થતા ખર્ચનું હતું. વૂલરે શોધી કાઢેલા ટાકણીના માથા જેટલા કણો યે એક રતલના પ્રમાણમાં મેળવવા માટે હજારો રૂપિયા ખર્ચ થવા જાય, જે તેનો ઔદ્યોગિક ઉપયોગ મહદ્ન ન જ કરી શકે.

પાછળથી ફ્રેન્ચ વિજ્ઞાની હેન્રી સેંત ક્લેર ૬ વાગ્યે વૂલરની પદ્ધતિમાં ઘટતા ફેરફારો કર્યા મોડિયમની મદદથી તે ઍલ્યુમીનિયમનો એક સળિયો બનાવી શક્યો ને ૧૮૫૫ના પારીસના વિશ્વમેળામાં તે ગોઠવ્યો. આ સળિયા વિષે એક વાત ચાલે છે કે સિયામના બાદશાહ આખા મેળામાંથી સૌથી મોંઘી ચીજ ખરીદવા નીકળેલા અને એ ટુકડાથી મોંઘી કોઈ પણ ચીજ ન મળતા એ ખરીદ કરી લીધેલા. જેમાંથી ઘડિયાળની સાંકળી બનવડાવી તેમણે પહેરવામાંડી હતી!

પણ પૂરતા જથ્થામાં ઍલ્યુમીનિયમ મેળવવું હજુ અપ્રાપ્ય જ રહેલું ૬ વાગ્યે બતાવેલી પદ્ધતિ પ્રમાણે તે મેળવતાં યે વખતે બાર પૌંડનો ખર્ચ તે પાછળ થવા જતો હતો. પણ એ અપ્રાપ્યતાએ લોકોનું આકર્ષણ જબરું જમાવ્યું હતું. જાણીને નવાઈ લાગશે કે એ વેળા તેના ઘરેણા પ્લૅટિનમના ઘરેણાં જેટલી કીમતે વેચાતાં! નેપોલિયન ત્રીજો તો પોતાના ખાસ મહેમાનોનો સત્કાર ઍલ્યુમીનિયમના છરીકાંટાથી જ કરતો, જ્યારે ફાલતુ મહેમાનોને ફરજિયાત સોના કે ચાંદીના છરીકાંટા વાપરવા પડતા! ઈ.૧૮૫૨ની સાલ સુધીમાં તો તેનો ભાવ રતલના દોઢસો પૌંડ હતો, અને એટલે જ શહેનશાહ નેપોલિયન ઓ મોંઘામાં મોંઘી ધાતુનાં બટનો પહેરતો! પણ અપ્રાપ્તિનો એ આખો યે યુગ મટાડી દેનાર ક્રાન્તિ હવે આવી પહોંચી.

પહેલી સફળતા

૧૮૮૩ની સાલ હતી. અમેરિકાના ઓહાયો પરગણાની ઓબર્લિન કૉલેજના રસાયણવિદ્યાના વર્ગમાં પ્રો. ફ્રાન્ક જ્યૂએટ ઍલ્યુમીનિયમના ગુણો, તેની મોંઘારત અને તેની સસ્તાઈની આવશ્યકતા ઉપર ભાષણ આપી રહ્યા હતા 'તમારામાનો કોઈ એ ધાતુના ઔદ્યોગિક વપરાશની શક્યતા વધારે તો તેનું ભવિષ્ય ચોક્કસ ઉજળું છે' એ સ્મિતભર્યા અંતઃવચન સાથે તેમણે ભાષણ પૂરું કર્યું.

વર્ગના આગળના બાંકડાઓ પર એક યુવાન શાંતિથી તેમનું ભાષણ સાંભળી રહ્યો હતો. તેનું નામ ચાર્લ્સ માર્ટિન હૉલ. 'હું એ જ કરવા માગુ છું.' તેણે બાજુના એક છોકરાને હળવેક રહીને કહ્યું. એક ધર્માધ્યક્ષના આ પુત્રની આટલી હિંમતથી બાજુનો છોકરો ચોંકી ઊઠ્યો જણાયો.


પણ હૉલે તો પોતે બોલેલા ગણત્રીબંધ શબ્દો પાછળ સારી યે શક્તિ કામે લગાડી દીધી હતી. સૌથી પહેલું કામ તો ઍલ્યુમિના નામે ઓળખાતાં, પ્રાણવાયુ અને ઍલ્યુમીનિયમનાં એકમોને છૂટાં પાડવાનું તેને કરવાનું હતું. ઍલ્યુમિનાને ૨૦૫૦ અંશ ગરમી

જોકે એ તો એટલી ગરમી ઉત્પન્ન કરવાની તેની પ્રયોગશાળાની ભઠ્ઠી કે ધમણમાં તાકાત ન હતી. બહુ વિચારને અંતે ડેવીના વીજળીના પ્રવાહથી ઍલ્યુમિનાનું વિશ્લેષણ કરી નાખવાનો અખતરો અજમાવવાનો તેણે નિશ્ચય કર્યો. પીગળેલા ઍલ્યુમિનામાં કોઈ ક્ષાર મેળવતા એ વિશ્લેષણ શક્ય બની શકે તેણે મૅગ્નેશિયમ ફ્લ્યુઓરાઇડ વાપરી જોયો, પણ નિષ્ફળ ગયો. પછી ગ્રીનલૅંડમાંથી મળતો કાચ જેવો એક ક્ષાર ક્રોએોલાઇટ(જેને એસ્કિમો લોકો 'કદી ન ઓગળતા બરફ' ને નામે ઓળખે છે તે) અજમાવ્યો. 'કદી ન ઓગળતા બરફ'ને તેણે કાર્બનઢ્રોક્લિસિસથી પીગળાવ્યો ને ઍલ્યુમિનાના કેટલાક ટુકડા તે ઓટ્યો એ કલાક સુધી વીજળીનો પ્રવાહ તેમાં વહેતો રાખ્યો ને એ કરતા જ તેણે પોતાની કલ્પનામાનું અપ્રતિમ ઓજું ફળ મેળવ્યું. નાના બટન જેવડા ઍલ્યુમીનિયમના શુદ્ધ કટકા એ મેળવી શક્યો હતો.

પ્રો. ફ્રાન્કના ભાષણ પછી ત્રીજે જ વર્ષે, ૧૮૮૬ના ફેબ્રુઆરીની ૨૩મી તારીખે પોતાનું અમૂલ્ય સર્જન દેખાડવા તે એ પ્રોફેસરને ત્યાં દોડી ગયો પ્રો. ફ્રાન્કે તેને વધાવી લીધો ને ગોઘી મૂકી જેમ એ બટન જેવા કટકા સાચવી રાખ્યા જે હજુ અમેરિકાના મ્યૂઝિયમમાં સાચવેલા પડ્યા છે.

પછી તો હૉલના ગાદર્શન હેઠળ પ્રયોગો વધતા જ ગયા ને ઉત્તરોત્તર મળતી જતી સફળતાએ જગતને ઘણી મુદતથી આતુર રાખી રહેલા ધાતુ ઍલ્યુમીનિયમ તેના કરિશ્મા સ્વરૂપમાં આપી. હૉલની આ શોધની સાથોસાથ જ ફ્રાન્સના એક વિદ્વાની પોલ હૅરોલ્ટે પણ એ જ પદ્ધતિથી પણ તદ્દન સ્વતંત્ર રીતે એ ધાતુ શોધી કાઢેલી; એટલે વીજળીક પ્રવાહથી ધાતુ મેળવવાની એ આખી પદ્ધતિ હવે 'હૉલ–હૅરોલ્ટ પદ્ધતિ'ના નામે ઓળખાય છે.


આ નવી ધાતુનો જુદી જુદી દિશાઓમાં ઉપયોગ વધારવા હૉલે પિટ્સબર્ગ પાસે એક પ્રયોગશાળા ઊભી કરી ને ત્યાના ઉદ્યોગપતિઓની મદદથી 'પિટ્સબર્ગ રિડક્શન કંપની' ઊભી કરી. પાછળથી 'ઍલ્યુમીનિયમ કંપની ઑવ અમેરિકા' નામે પોતાની જ કંપની સ્થાપી ને પોતાની શોધોને આગળ વધારતો ગયો. હવે તો ન્યૂ કેન્સિંગ્ટનમાં આવેલી નદી પર આખું 'ઍલ્યુ-



ઍલ્યુમિનિયમનું ઉત્પાદન અને બનાવટો

કર્સાવિના ક્ષાર આકૃતિ (ઘર્ન) રસાયણ તેટલો જ ક્રોપક છે ક્રોકસાઇટમાં બીજા રસાયણો અને વીજળી મદદને ઍલ્યુમીનિયમ કેમ બને છે તે દર્શાવ્યા પછી તેમાંથી દરવાજાને, બારીને, બત્તરદાને તથા રાચરચીલાને આજની દુનિયાના રોજના ઉપયોગની જે અનેક વિવિધ વસ્તુઓ તેમાંથી બનાવી શકાય છે તેની થોડી વાનગીઓ એમાં દર્શાવી છે

મીનિયમ રાઇટ' જ ચિંતું કરવામાં આવ્યું છે અને ચોવીસે કલાક ઍલ્યુમીનિયમના ઔદ્યોગિક વિકાસ માટે એક સો વિજ્ઞાનીઓ અખતરા કરી રહ્યા છે. કમનસીબ હૉલનું તો ૧૯૧૪માં અવસાન થઈ ગયું છે, પણ પોતાના પ્રયત્નોનો પરિપાક તેને આ જીવનમાં જ મળી ગએલો. પોતાની પાછળ તે બસ્સો કરોડ ડૉલરની અસ્કયામત મૂકતો ગયો છે.



એલ્યુમિનિયમના બનાવેલા સાત-આઠ ઇંચ ઊંચા ઘાટના ત્રણ ફ્લાવર વેઝ (ફૂલદાની) ઑક્સફર્ડની ઍશમોલિયન મ્યુઝિયમમાં જનતાને જોવા માટે મૂકેલાં છે.

વૈજ્ઞાનિક વિકાસ


પૂરતા જથ્થામાં મેળવવું શક્ય બન્યા પછી ઍલ્યુમીનિયમનો વપરાશ કેટલો બધો પ્રમાણમાં વધી ગયો છે તે આપણે આજે જોઈએ છીએ. હૉલ–હેરોલ્ટ પદ્ધતિ ઉપરાંત પેટરસન અને બાયરે શોધી કાઢેલી પદ્ધતિઓ પણ હવે ઉપયોગમાં આવી છે ને પરિણામે તેની પેદાશ એટલી તો વધી ગઈ છે કે આજે તો એ ધાતુ લગભગ ઉપેક્ષિત જેવી બની ગઈ છે.

ઍલ્યુમીનિયમ માટે ઑક્સાઇડ નામની કાચી ધાતુ ખાસ જરૂરી છે. દરિયા આરાકાન અને કચ્ચ ગાયનામાંથી તે પુષ્કળ મળી આવે છે. તેના સફેદ ભૂકામાંથી ઍલ્યુમિના કાઢી લેવામાં આવે છે ને તેને શુદ્ધ કરવા રિડક્શનરીમાં મોકલી દેવામાં આવે છે. બે રતલ ઍલ્યુમિનામાંથી એક જ રતલ શુદ્ધ ઍલ્યુમીનિયમ મળે છે અને એ મેળવવા પે એટલી વીજળી જોઈએ છે, કે જેટલી વીજળીથી ૪૦ વૉટનો એક દીવો સાડા બાર દિવસ સતત બાળી શકાય!

પણ ગમે એ ખર્ચાળતાને જુદીજુદી પદ્ધતિઓથી વિજ્ઞાન પહોંચતુ બનાવે છે ને પરિણામે તેની વપરાશનું ક્ષેત્ર પણ વિશાળ થતું જાય છે. સવારના ઊઠીને વાપરવાના ટૂથ–પેસ્ટની ટ્યૂબથી માંડી, રાતે સૂવાના ખાટલા સુધીનો પ્રદેશ તેણે સર કર્યો છે. દીવાસળીનાં માથાં જેવડી બનાવટોથી માંડી ડીઝલ મોટરો ને રાક્ષસી ઝેપલિન સુધીની બનાવટોમાં ઘૂસી, તેણે લોખંડને પદભ્રષ્ટ કરવા માંડ્યું છે. ઘણાઓ માને છે કે તે યુગવૈશિષ્ટ્ય પ્રાપ્ત કરશે.

ઍલ્યુમીનિયમના ઉત્પન્નકર્તા દેશોમાં યુનાઇટેડ સ્ટેટ્સ, જર્મની, કૅનેડા, નોર્વે, ફ્રાન્સ, ગ્રેટ બ્રિટેન, રશિયા અને ઇટલી આજે મુખ્ય છે. જાપાન, ઑસ્ટ્રિયા, સ્પેન, સ્વીડન ને હંગેરી તેથી બીજે નંબરે આવે છે. પણ એ બધામાં જર્મની સૌને મોખરે આવતું બનતું જાય છે. દુનિયાની વાર્ષિક ૨,૫૦,૦૦૦ ટનની જરૂરિયાતમાંથી ૭૦,૭૦૦ ટન તો જર્મનીએ જ ૧૯૩૫માં પૂરી પાડેલી.

ને જર્મનીએ એ ધાતુનો વૈજ્ઞાનિક વિકાસ પણ એવો જ આદર્યો છે. જર્મન વિજ્ઞાની વિલ્મે ૧૯૧૦માં તેની સાથે તાંબું, મૅંગેનીઝ અને મૅગ્નેશિયમ મેળવી



કળામા પણ અક્ટિનિયમે સારું સ્થાન પ્રાપ્ત કર્યું છે. રાણી બાન્નુ છે તે વૅગિગ્નમાં નીકાખાતા.। સ્ત્રિઓ।। સ્ટાલ્ય વૅ ગોબુ કરેલુ ઍ યુમીનિયમનું શિલ્પ છે જગાની બાનુ એ ધાતુ કેટલી દલકી છે તે ફૂલ બાધવાનો આખો મોગ ગર્દ એક જ માણસ સહેલાઈથી ઉઠાવી શકે છે એ દર્શાવે છે

ગોક નવી જ ધાતુ ઉત્પન્ન કરી જે ડ્યૂરેલ્યુમીન (ટકાઉ ઍ યુમીનિયમ) કહેવાય છે. એના કરતાં જ મજબૂત બનાવવા પ્રયત્ન કરે ધાતુ ઍ યુમીનિયમ કરતાં જ દલકી રહે છે દબાણ સામે ટકાવ શક્તિમાં તો એક આશ્ચર્યજનક વધારો થયો છે. જર્મનીએ મહાયુદ્ધ માટે કરેલી પૂરેપૂરી તૈયારી હોવાથી તો એણે કરેલી ઓછી પાયમાલી ધાતુઓ જોખી કાઢી છે

એમ તો ઇંગ્લંડે R R, અમેરિકાએ DO-X, તથા 3 S જેવી બીજા દેશોએ પણ ૧૪ કે ૧૨ સોનાલ સોલ્ટેલ્સ વગેરે નવીક મિશ્ર ધાતુઓ શોધી કાઢી છે જેમની ઉત્પત્તિ ૩૫ થી ૪૫ ટકા તો વાદળોની બનાવટમાં જ વપરાય છે, જે પોતાનું ભવિષ્ય બતાવે છે

આજે તો ઍલ્યુમીનિયમ અને તેની બનાવટો ઉદ્યોગ ધારી પણ નથી શકાય એટલા વિભિન્ન ક્ષેત્રોમાં વપરાય છે તેના નાનેલા દાગીનાઓથી ઘણા લોકો ટેવાઈ ગયા છે, તેના માર્ગદર્શક ગ્રંથો કરતાં પણ વધારે મહત્ત્વ છે તેના વજનને લીધે તે વાહનો કે તેના જેવા બીજા વજનો ખસેડવામાં ઘણી બચત કરાવે એવા ટકાઉ છે વળી બચકવામાં સિફતોથી ભરપૂર હોવા સાથે તેનામાં રહેલી કામ કરવાની શક્તિ ઘણી મોટી છે

અમેરિકાના સરકારી વિભાગોએ જે પત્રક તૈયાર કરેલું કે પાંચ હાથકા થયા હતા વૉશિંગ્ટન ના જિલ્લા કરેલા નોમાન્ભરંગ થયા। ઍલ્યુમીનિયમ પર વરસાદ કે તડકાની કંઈ અસર જણાઈ નથી હાનમા ઊંચા ઉષ્ણતામાનમા પણ ઍ યુમીનિયમની મજબૂતી કેમ ટકાવી શકાય તેના અખતરા થઈ ગયા છે જેમને પ્રયોગશાળામાંથી પ્રચાર થઈ ગયા।। ।। ની તે વધારે મુશ્કેલી।। મોટે પાયે ચાલતા સત્તાવીસ ઉદ્યોગોમા જગાવટ કરી ચૂકેલી આ ધાતુનું ભવિષ્ય ઘણું જ ઉજ્જવળ બનો એવો પૂરો સંભવ છે

'કુમાર'



ઍલ્યુમીનિયમના વપરાશની તેની વરસ જેવી પચ્ચીસ વર્ષની બનાવટનો અંશો

સજીવ ખોરાકો

કાચો ખોરાક એ જ સાચો ખોરાક છે

એવું પ્રતિપાદિત કરતો આ લેખ નિસર્ગવાદીઓની માન્યતા બહુ મક્કમપણે મૂકતાં કહે છે કે

> અધાં પ્રાણીઓમાં માણસ એ જ એક એવું પ્રાણી છે કે જે પોતાના ખોરાકને ખાતાં પહેલાં અનેક રીતે બગાડી મૂકે છે. અન્ય પ્રાણીઓ કુદરતે જે સ્વરૂપમાં ખોરાક આપ્યો છે એ સ્વરૂપમાં સ્વીકારી લે છે; જ્યારે માણસ તો પોતાના ખોરાકને શેકી, સૂકવી, બાફી, તળી, પીસી, આખરી, આથી, ચાસી, ખાંડી, છીણી ને ઝેરી મસાલાના ઢગ વડે ઢાંકી દીધા પછી જ તે ખાવાયોગ્ય થયો છે એમ માને છે!

લેખક
રમણલાલ એન્જિનીઅર

વીસમી સદી એ પરિવર્તન, ઊથલપાથલ, ક્રાન્તિ અને સંક્રાન્તિની સદી છે. યુગો થયા નિશ્ચલ મનાતી સંસ્થાઓ, રિવાજો અને રૂઢિઓ તૂટવા માંડ્યાં છે. દરેક ક્ષેત્રમાં નવા વિચારપ્રવાહો વહેવા લાગ્યા છે અને દરેક વસ્તુનું નવું મૂલ્યાંકન થવા માંડ્યું છે.

આરોગ્યના ક્ષેત્રમાં આજ સુધીમાં જંતુવાદ, નિદોષવાદ, વનસ્પતિવાદ ઇત્યાદિ અનેક વાદો હતા. એમાં એક નવો વાદ ઉમેરાયો છે. એ વાદ છે નિસર્ગવાદ.

નિસર્ગવાદનો ઉદ્ભવ યુરોપની બ્રાહ્મણ પ્રજા ગણાતી જર્મન પ્રજામાંથી છે જર્મનીમાંથી નીકળીને એ વિચારપ્રવાહ આખા યુરોપ ઉપર ફરી વળ્યો છે, એટલું જ નહિ પણ સાત સાગર ઓળંગીને એણે અમેરિકામાં પણ થાણા નાખ્યા છે.

આ ફિલસૂફીના આદ્ય પ્રણેતાઓ માને છે કે સૃષ્ટિ ઉપર વસતા કરોડો જાતના જીવજંતુ, પશુપક્ષી અને પ્રાણીઓમાં એકલો માણસ જ માંદો હોવાનું કારણ એ છે કે એ પ્રકૃતિનો નાશ કરીને સંસ્કૃતિ રચવા મથ્યો રહ્યો છે. સ્વાભાવિકતાને ચૂંથણામાંને એ સંસ્કારિતાનું સર્જન કરે છે.

તેઓ કહે છે કે પ્રકૃતિ તરફ પાછા ફરો, અંતઃપ્રેરણાને અનુસરો, કૃત્રિમતાનો ત્યાગ કરો, અને તમને તન્દુરસ્તી—જે તમારો જન્મસિદ્ધ હક્ક છે, એ—પાછી મળશે.'

અને આ લોકોએ મોટાગેટાં આશ્રમો (Colonies) થાણાં સ્થાપ્યા છે. ત્યાં સ્ત્રીઓ, પુરુષો અને બાળકો મોટી સંખ્યામાં રહે છે. એમણે વસ્ત્રોનો સદંતર ત્યાગ કર્યો છે. ખોરાકને એ રાંધતા નથી. તેઓ જમીન ઉપર સૂએ છે. પુરુષો દાઢીમૂછ મુંડાવતા નથી. હવા, પ્રકાશ ને માટીના મહિમા એમણે વધાર્યો છે; દવા, દારૂ અને દેવતાના તેઓ કટ્ટર દુશ્મનો બન્યા છે.

આ લોકોની આવી અપૂર્વ રહેણીકરણીથી એમને વિષે ઘણી ગેરસમજ પણ ફેલાવા પામી છે; પણ તેઓ કમઅક્કલ નથી. એમનામાં બૅન્કોના મૅનેજરો, ધનાઢ્ય વેપારીઓ, જાહેરાત અમલદારો અને સફળ ધમાધારીઓનાં બાળકો છે. એ લોકો કપડાં પહેરીને શહેરમાં જાય છે, ત્યાં છ કલાક સંસ્કૃતિની ફરજો બજાવે છે, અને બાકીના અઢાર કલાક પ્રકૃતિને ખોળે રમે છે. સંસ્કૃતિની અનેક સુખસગવડો અને વિલાસવૈભવો ત્યાગીને તેઓ પ્રકૃતિ તરફ પાછા ફર્યા છે.

વળી એમની નીતિમત્તા પ્રત્યે આશંકા ઉઠાવવી એ યે મોટો ભ્રમ છે. સમાજશાસ્ત્રના અભ્યાસીઓ આપણને કહે છે કે નવસ્ત્રા પ્રજાઓનું નીતિનું ધોરણ વસ્ત્રોથી વીંટળાએલી પ્રજાઓ કરતા ઘણું ઊંચું હોય છે.

આવા વિચિત્ર વિચારના લોકો મુઠ્ઠીભર હશે એ એક હવાઇ ખ્યાલ છે. થોડા વખત ઉપર હિટલરે જર્મનીમાં વસ્ત્રો પહેરવાની ફરજ પાડી, ત્યારે દુનિયાને ખબર પડી કે એકલા જર્મનીની અંદર જ દસ લાખથી વધારે નવસ્ત્રા નિસર્ગવાદીઓ હતા!

આ લોકોની આવી અગમ્ય રહેણીકરણીનું રહસ્ય શું છે? આ નવા ધર્મના પાયામાં કેવા પ્રકારનું તત્ત્વજ્ઞાન છે? શા માટે એ દુનિયાથી ઊંધા ચાલી રહ્યા છે?—કે પછી દુનિયા એમનાથી ઊંધા ચાલે છે!

જો સહાનુભૂતિપૂર્વક એમનો પરિચય મેળવીશું તો આપણને ઘણું નવું જાણવાનું મળશે. આરોગ્યનાં અન્ય ક્ષેત્રોમાંના એમના વિચારો જતા કરીને, અત્યારે

તો ફક્ત આદાનને જ લગતા એમના વ્યાપારો તપાસીએ

દરેક પ્રાણીના શરીરની રચના અમુક પ્રકારના ખોરાકને જ અનુકૂળ હોય છે એ ખોરાક ઉપર જ એ શરીર ટકાવે છે, જીવન નભાવે છે અને નીરોગી રહી શકે છે. કેટલાક પ્રાણીઓ ઘાસાદારી હોય છે, કેટલાક માંસાદારી હોય છે અને કેટલાક ફળાદારી હોય છે માણસ એ ફળાદારી પ્રાણી છે દરેક પ્રાણીના દેહ માટે કયો ખોરાક અનુકૂળ છે એ સમજવા માટે કુદરતે એનામાં અંત પ્રેરણા (instinct) મૂકી છે

માનવીનો ઉદ્‌ભવ વિષુવવૃત્ત આગળથી થયો છે વિષુવવૃત્તના ઉષ્ણ પ્રદેશમાં રહેતો આદિ માનવ નીવા અને મુકા ફળ ખાઈને જીવતો સમશીતોષ્ણ પ્રદેશમાં જતા એણે માંસ અને શાકભાજી સ્વીકાર્યાં, અને ઠંડા મુલકમાં માંસ અને ચરબીનો એણે ખોરાક તરીકે ઉપયોગ કરવા માંડ્યો.

અગ્નિની શોધથી જ અનાજ, શાકભાજી, માંસ અને ચરબી ખાદ્ય પદાર્થો બન્યા ત્યાર પછી માણસે ભક્ષ્યાભક્ષ્યનો કશો વિવેક રાખ્યા વિના દુનિયાના જુદાજુદા પદાર્થો ખાધા અને પીધા આજે દુનિયાની જુદીજુદી પ્રજાઓનો ખોરાક તપાસતા, એમાં એટલું વૈવિધ્ય અને સાથેસાથ એટલું વૈચિત્ર્ય માલૂમ પડે છે કે જોતા જ આપણે ઘડીભર છક્ક થઈ જઈએ!

કાચો ખોરાક એ જ સાચો ખોરાક છે એને પકડો મૂકીને માણસે રાંધેલા ડૂચો ખાવા માંડ્યો ત્યાંથી એનું અધઃપતન શરૂ થયું; કારણકે અગ્નિ એ સંહારક શક્તિ નથી, પણ સંહારક શક્તિ છે અનાજનો જે દાણો વાવતા એકમાંથી દસ કણ થાય છે, એને જ કોકડું નાખતા એની સઘળી સર્જક શક્તિ નાશ પામે છે બેકેલું અનાજ લાંબી શકતું નથી આગ, કોકવાથી નિર્જીવ થએલો, બાસી થવાથી નિ:સત્ત્વ બનેલો અને તળીને કુપાચ્ય કરેલો ખોરાક અનેક રોગ ઉત્પન્ન કરે છે.

પાકશાસ્ત્ર અને રોગશાસ્ત્ર એ બંનેની શરૂઆત સાથેસાથે થઈ જીવો ચીરન્જીવ જીવનમ્‌ એ સૂત્રનો આજ સુધી ઊંધો અર્થ કરવામાં આવ્યો છે એ સૂત્ર ઉપરથી માંસાદારનું સમર્થન નથી થતું, પણ ઉપરની ફલાદારની હિમાયત થાય છે અપકવ આદાર સજીવ આદાર છે, પકવ આદાર નિર્જીવ આદાર છે અને માંસાદાર એ તો મરેલો ખોરાક છે અતિ માંસ ખાતા કમાણીઓના આયુષ્ય ઘણા ટૂંકા હોય છે એ તો જાણીતી હકીકત છે

રશિયાના રસિયાઓની આખો ઉઘાડે એવો એક કડવો અનુભવ અમેરિકાના બેડુતોને એક પેઢી પહેલા થએલો એ દેશના એક ચાલાક વેપારીએ પૈસા કમાવા માટે એક યુક્તિ શોધી કાઢી એણે ઢોરનો ખોરાક રાંધવા માટેના વાસણો બનાવ્યા અને પાળેલા પ્રાણીઓને રાંધેલા ખોરાક ખવરાવવાથી થતા ફાયદા વિષે સાહિત્ય તૈયાર કર્યું અને એ સાધન બેડૂતોમાં ફેલાવ્યું. ભોળા બેડૂતો એના ચોપાનિયામાં રજૂ કરવામાં આવેલા ગપ્પાંથી અંજાઈ ગયા. એણે બેશુમાર ટુકડા વેચ્યા. થોડા જ વર્ષમાં બેડૂતો એક કડવો પાઠ શીખ્યા એમના જનાવરોને રાંધેલો ખોરાક ખવડાવવાથી, માણસજાતને થતા સૌ કરતાં વધુ રોગ આવ્યા! એ પશુઓ કબજિયાત, સળેખમ અને પાયોરીઆથી પીડાવા લાગ્યા બેડૂતોએ ચોધાર આંસુ તપાસ્યા, કુકરોને ઉકરડામાં ફેંકી દીધા અને ફરી પુરાણી ઢબે જનાવરોને કાચો ખોરાક ખવડાવવાની શરૂઆત કરી

આ પ્રાણીઓના ખોરાક રાંધવાથી આટલી ખૂંડી અસર થઈ, એમાં ખાસ તો એ જોવાનું છે કે એ પ્રાણીઓનો તો પોતાનો કુદરતી ખોરાક જ રંધાયો હતો, જ્યારે માણસ તો જે ખોરાક પોતાને માટે નિર્માંએલો નથી તે—એટલે કે અનાજ, કઠોળ, શાકભાજી, માંસ ને માછલી—બધાને ખાય છે! એટલે એથી પણ ખરાબ પરિણામો ભોગવે છે

કાચા બટાટા ખાવાનું કોઈનું મન નથી થતું, અને કાચી દાળ જેમને કોઈના ભોગા પાણી નથી છતાં જે વસ્તુઓ તરફ આપણને નૈસર્ગિક રીતે જ આકર્ષણ નથી, એ વસ્તુઓ તરફ મોહ ઉત્પન્ન કરવા માટે આપણે આપણી ઇન્દ્રિયોને અનેક રીતે છેતરીએ છીએ કુદરતે આપેલા પણ ચોકીદારો નાક, આંખ અને જીભને ઠગવા માટે રસોઈ, મેળવણી અને મસાલાઓની વિપુલતાનો ઉપયોગ થઈ રહ્યો છે

જો આ ખોરાકોને આ રીતે તૈયાર કરવામાં ના આવે તો આપણે આપોઆપ અનેક ખોરાકોનો ત્યાગ કરીએ ને આહારશાસ્ત્રોનો વિષય ઘણો સરળ થઈ જાય

બધા પ્રાણીઓમાં માણસ એ જ એક એવું

માંડ્યુ. હિંદુસ્તાનથી દર મહિને પધિયારનાં અને સસ્તા સાહિત્યના થોકડાબંધ પુસ્તકો આવતા અને નાતાલ-ટ્રાન્સવાલના ગુજરાતીઓને ફીનિક્સથી પાર્સલો થતાં. 'સાચું સ્વર્ગ', 'સ્વર્ગનો ખજાનો', 'સ્વર્ગની સીડી' વગેરેની રસલહરી ચર્ચાં કોઈકોઈ વાર મોટેરાંઓ પાસેથી કાને પડતી. પણ સ્વર્ગની જેમ મને એ પણ ગૂઢ અને ચોતાથી જ્યાં ન પહોંચાય એવું લાગતું.

પિતાશ્રીએ શ્રી પધિયારનું 'બાળકોનો આનંદ' અને 'સદ્‌ગુણી બાળકો'નું પુસ્તક મારા હાથમાં મૂક્યું. પહેલું મને લૂખું અને મદ્દામહેનતે વંચાય એવું લાગ્યું. બીજામાં મોટે ભાગે અંગ્રેજ બાળકોનાં પરાક્રમો વાંચી મન પર ભારે અસર ન થઈ. સ્વર્ગનું સાહિત્ય તો ન ગમ્યું પણ 'શિશુસદ્‌બોધમાળા'ના ચાર ભાગ મારા સંગાથી બન્યા. એ પુસ્તકનું નામ કેમે ય કરી સમજાતું નહોતું, પણ ઝીણા ટાઇપમાં છપાયા છતા તેમાની ચૌરાણિક આખ્યાયિકાઓ વાંચતાં મને થાક જ ન લાગતો. અમારી ગુલાબવાડી પાસે બકાનના ઝાડ નીચે બેસી બપોરના ત્રણેક કલાક હું 'શિશુ-સદ્‌બોધમાળા'નું પારાયણ કરતો. પાછળથી 'વનરાજ ચાવડો' અને 'સમરા જેસમ'ની વાર્તાઓ બહુ એકાગ્રપણે વાંચતો. તેઓના જંગલમાં ભૂલા પડવાના વર્ણનોથી હું તીવ્ર સમવેદના અનુભવતો અને ફીનિક્સના એકાકીપણામાં પોતાને તેમના જેટલો જ અસહાય એકલો અને સંકટગ્રસ્ત માનતો.

ગુજરાતી વાચન ઉપરાંત પિતાશ્રીએ હિંદી માસિક 'સરસ્વતી'ની ફાઇલો ઉથલાવવાની ગોઠવણ પણ કરી આપેલી. તેમાનું હિંદી મને ભાગ્યે જ સમજાતું. છતાં કથાક વાર્તા જેવું મળે તો વાંચતો અને ચિત્રો જોતો. રાત્રે સૂતા પહેલા પિતાશ્રી થોડા દાખલા અને શ્રુતલેખન કરાવતા. શ્રુતલેખનમાં પાર વિનાની ભૂલો પડતી અને સાંજે દાખલામાં પણ ભૂલો કરતો. એકેક વાર તો આ ભૂલોને કારણે ઉપરાઉપર દસબાર તમાચા પિતાશ્રીના હાથે ખાવા પડ્યા. પણ આથી મારું શ્રુતલેખન કે ગણિત સુધર્યું નહિ, ઊલટું સાહિત્ય વાંચવાનો શોખ વધી ગયો.


આટલું છતાં મારું એ વરસ-સવા વરસ બહુ કંટાળાભરેલું વીત્યું. પંદરેક મહિનાનો એ ગાળો અત્યારે પણ મારા મગજમાં દોઢસો દોઢસો ભાલો ભાંસી રહ્યો છે. કોઈ કાવ્ય કે નવલકથાના નાયકની વાર્તા જોડવા હું આ નથી લખતો, પણ દસેક વર્ષના બાળકને સોબતી-સંગાથ વિનાનો કરી મૂકવામાં તેની અવદશા કેટલી બધી થાય છે એનો ખ્યાલ આપવા લખું છું. મને ભણવાનાં અને શીખવાનાં સાધનોની છોળા હતી એમ કહેવાય, પણ ટૉલ્સ્ટૉયફાર્મ જવાની બંધીએ મારું આખું જીવન બાકુંબારું કરી નાખ્યું હતું. મારું દુઃખ હું કોઈને કહી ન શકતો; મનમાં જ શમાવવું પડતું એથી વધુ ત્રાસ થતો. બપોરના વખતમાં વાંચતા વાચતાં ચોપડી પડતી મેલી મૂંગું રુદન કરી લેતો. એવામાં કોઈ પંખી માથા પરની ઝાડની છાયામાં કલ્લોલ કરતું ને મને રાહત આપતું પંખીનાં ગીત સાભળી મનડુંબેશ ઓસરી જતો અને મનમા ને મનમા બબડતો, 'હે ભગવાન! બીજે જનમ મને છોકરાનો નહિ પણ પક્ષીનો આપજે.' થોડા દિવસ પછી કોઈ બીજું પક્ષી ગમી જતું તો વળી ભગવાનને મંગોધો. 'પેલા જેવું નહિ, આના જેવું પંખી મને બનાવજે' એમ વિનવતો અને ફરી પાછો વિમાસણમાં પડી જતો કે અત્યારે ને અત્યારે મને પાંખ મળે તો કેવું સારું? ઊડીને સીધો ટૉલ્સ્ટૉયફાર્મ ચાલ્યો જઉં અને અનેક છોકરાઓ વચ્ચે બાપુજી પાસે રહું. પરંતુ છેવટે આવી કલ્પનાઓથી વધુ દુઃખ જ મારા ભાગ્યમા રહેતુ.

આવી રીતે મારો વખત પસાર થતો હતો ત્યાં ટૉલ્સ્ટૉયફાર્મથી મણિલાલ કાકા આવ્યા. ચારેક દિવસ રહ્યા ને પાછા ગયા તેઓ ફીનિક્સ રહ્યા તેટલો વખત એક ક્ષણ પણ મેં એમનો પીછો ન છોડ્યો. એમની સાથે ને સાથે ફર્યા કર્યું. બહુ આશા રાખી કે એમની સાથે મારે જવાનું થશે જ, પણ ન જઈ શકાયું. હું સમજ્યો કે મને ફાર્મે ગોકલવાના વાયદા નિરર્થક છે. મારે ફીનિક્સમા જ ગોધાઈ રહેવાનું છે.

આ પછી મારું મન સાવ કરમાઈ ગયું. મારી અકળામણ મુરબ્બીઓને પણ અસહ્ય લાગી. તેમણે મને ઘરના વર્તુળમાં બહાર કાઢવાની ગોઠવણ કરી. મિ. વેસ્ટને ત્યાં મને મોકલવા માંડ્યો, અને એમાંથી ફીનિક્સમાં ફરી એક નિશાળ શરૂ થઈ. અગાઉની કૉંગ્રેસશાળામાં અને આ વેસ્ટની નિશાળમાં ઘણો ફેર હતો. એની અંગ્રેજી ઢબની તાલીમથી વાત હવે પછી.

પ્રભુદાસ છગનલાલ ગાંધી

BOMBAY.



ચોરસ ખાના પ્રમાણે તૈયાર થયેલા ચિત્રને મારા કાગળ પર ઉતારવાની પદ્ધતિ ન ૧ પ્રથમ પ્રત ન ૨ ડાયકાગળ ન ૩ કોરો કાગળ.


ચિત્રકળામાં સ્વશિક્ષણ

ગયા દૃષ્ટાંતમાં દર્શાવેલી પદ્ધતિ પ્રમાણે ખાના કરીને ચિત્ર કરવા ટેવ તમને સમજ પડી ગઈ હોય એ મુજબ તમારા ખર્ચાખાનામાં તમે ચિત્ર દોર્યું હોય અને તે ઉપર ચોખ્ખી લીટીઓ બરાબર કાગળ પર ચિત્ર જેવી તૈયાર થઈ હોય તો હવે નીચે બતાવેલી વિધિ પ્રમાણે જ આગળ ચાલો.













જે કાગળ ઉપર તમે ચોરસ ખાના આંકીને ચિત્ર દોર્યું હોય તેને આપણે પ્રથમ પ્રત તરીકે ઓળખીશું. આ પ્રત માટે બહુ ઊંચા પ્રકારની જરૂર નથી જરા પાતળો કાગળ હોય તો ચાલે. તે ઉપરનું બધું કામ માત્ર પેન્સિલથી જ કરવું.

તમને લાગે કે એ પ્રતની પ્રત પરનું ચિત્રકામ બરોબર થયું છે ત્યારે તેને ચોખ્ખા કાગળ પર ઉતારવાની તૈયારી કરો. આ માટે બજારે એક 'ટ્રાન્સફર શીટ' (છાપ ઉતારનાર કાગળ) તૈયાર કરેલો મળશે. એક પાતળા કાગળની એક બાજુ મીણ કે વાદળી જેવી પેન્સિલ ઘસીને આખી સપાટી ભરી દેવી. વાદળી પેન્સિલ વધુ પસંદ કરવા જેવી છે. આગળની ચારે બાજુ ઘસીને બરાબર ૨ કે ૩ ઇંચ જેવી જગા ખાલી રાખવી. કપડાં ધોવામાં વપરાતી જાળી પણ ઘોડી બરાબર કરીને હાથથી કે કપડાંથી ફેલાવી ઘોવી શકાય. કાળી પેન્સિલનો ભૂકો જે ચારે બાજુ બેસે પર બારથી પેન્સિલ ફેરવતાં નીચે રેખા પડી શકે તેવું કામ તે સાધન ચારે બાજુ ટાઇપરાઇટરના કાર્બન પેપર અથવા દુકાનોમાં બીજું કોઈ નરમ માટે પરાતા કાર્બન પેપર ન જ લેતા કેમકે તેની ચિકાશ કોઈ સજ્જડ તે કોઈ પણ રીતે નીકળતી મુશ્કેલ થાય.

હવે બધા ખાના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે તમારી પાસે ૩ જાતના કાગળ થયા ન ૧ તમારી પ્રથમ ચિત્રપ્રતિ ન ૨ તે તમારો ડાયકાગળ (ટ્રાન્સફર પેપર) ન ૩ તે તમારો ચોખ્ખો પ્રતનો કાગળ, કે જેના ઉપર તમે ન ૧નું ચિત્ર ઉતારવું છે હવે એ ત્રણે કાગળોને સાથે રાખવા આ પ્રમાણે ક્રમ કરો. ડાઇંગના પાટિયા ઉપર પ્રથમ ન ૩ નો ચોખ્ખો કાગળ રાખો. તે ઉપર ન ૨ વાળા ડાયકાગળની ૨ગ ઘસેલી બાજુ આવે તેમ તેને ગોઠવો નાખો, અને છેલ્લે મોખરે ઉપર, તમારી પ્રથમ પ્રતિ, ચિત્ર ઉપર રાખીને ખૂણે ત્રણે કાગળોને હવે મથાળેથી એક સાથે સરખા રાખી બે ડાઇંગ પિન કે ખીલીઓથી પકડિયા ઉપર જ જડી દો. બરોબર સીધા રહે અને ઉપરથી ખસેડવાની નહિ તેની ખાત્રી કરીને જુઓ નીચેનું ચિત્ર



હવે તમે ૧ નંબરી કાગળ ઊંચકીને પેન્સિલ વડે ચિત્ર

ખાનાં આંકવાનો ક્રમ કહી બતાવવો ન હોય તેમને માટે થોડીક ગતો ઉપર આપી છે. દરેકમાં લીટીઓ અને અંતરની ચોકસાઇ ચીવટથી પાળવી

ઉતારવાનુ કામ શરૂ કરો એ વખતે બીજુ કશાનો જીવ ,વ વિચાર કરવાનો નથી માત્ર ચિત્રનો જ રેખાઓ ઉપર ધીરજ થી એકધારી પેન્સિલ ચલાવો ચાલતા કામે તમે ન ૧ આ ૨ વાળા કાગળ ગચકીને નીચે કેવુ છપાય છે તે તમે તપાસી શકશો.


આ કામ તમે ચીવટપૂર્વક અને બેહદ ધીરજથી કર્યું હશે તો નીચેના કોરા કાગળ ઉપર એક સ્વચ્છ સાફ આખી રેખાકૃતિમા ચિત્ર પરોવુ જોશો. વાદળી કે કાળે જેવો છાપકાગળ, તે પ્રમાણે એ ચિત્રની રેખા હશે હવે જરૂર વગરનો ભાગ તેમાથી રબર વડે તમે ધસી ધ્યુ શકશો. કોઇપણ ભૂલચૂક પેન્સિલથી કે પીંછીથી સુધારવાની તમને તક રહેવા દી જ

આ રીતે નકલ ઉતારવાથી તમારા ચિત્રના બાસ કાગળને નકામા નીટા કે ડાઘથી તમે બચાવી શકશો બીજો લાભ એ છે કે કદાચ તમારૂ એ ચિત્ર બગડે તો તેની મૂળ આકૃતિ તમારી પાસે પ્રથમ પ્રત ઉપર તૈયાર જ હશે, એટલે નવી પ્રત કરતા આળસ કે વાર થવા દી નહિ વળી તૈયાર ચિત્ર કોઇને મોકલો કે આપી દો તો પણ તે અસલ પ્રત તમને બીજીવાર કાગળ પર થઇ પડવાની આમ, પ્રથમ પ્રતની રીત રાખવાના લાભ ઘણા છે અને તે વિના કોઇ ઉંચા ભાગે જ કરવા ધરે એમા વધુ નજર જાય છે એમ ધ્યાને લાગે, પણ ખરી રીતે સરવાળે તેમા બચાવ છે અને કામ સારૂ થાય છે કામ સારૂ હોવાનો આગ્રહ કોણ નહિ રાખે?

જેમને કદી બે ના આકવાનો મહાવરો ન હોય તેમના મટે આ પહેલા આખા પાના ૧૨ કેટલીક ગતો આપી છે તે કરવાથી ઠીક તાલીમ મળશે એવડા જ અથવા એથી થોડા મોટા બાના કરી જોવા દરેકમા લીટીઓ અને અંતરની બોકસાઇ ખૂબ ચીવટથી પાળજો

પેન્સિલકામ ઉપર શાહીની પાકી લીટીઓ અને ઘાટ કરવા 'ઓ હ' નજર ી ટામે સસ્તી અને સરળ થઇ પડશે. તમારી ટાક હમેશા સાફ રાખજો તે પર ચરો પડવા કે તેને હરડાવા દેશો નહિ કામ કરતી વેળા જરા બિનાગવાળુ કપડુ પાસે રાખજો અને જરૂર પડયે લૂછતા રહેજો ઘણીવાર ચિત્ર પર લેતા પહેલા એકાદ નકામા કાગળ પર તેને ચલાવી જોજો. ૨ મ રા.

તમારી યાદશક્તિની કસોટી



ભલે તમે ડિટેક્ટિવ ન બનો પણ કોઇ વખત પરિચયમા આવેલી વ્યક્તિને ગમે ત્યારે ને ગમે ત્યા તમે તુરત પિછાની શો એટલી અપેક્ષા તો જરૂરની છે જ એનો પ્રાથમિક પાઠ અહીં આપ્યો છે આ ચિત્રમા બેઠેલા મગનભાઇ અને તેમના સગાં તથા બે કીમ રોશીઓના ચહેરા તમે યાદ રાખી શો અને પછી પૃ ૩૬૧ પરના તેમના થોડાક બધુ સબંધીઓના ચેહરામાથી એ બધાને ઓળખી શો જોને જોને એ બધા બનો તેનુ નામ એ ચિત્ર નીચેના ક્રમમા લખતા બનો અને પછી આ ચિત્ર જોડે એ મેળવી ખાત્રી કરો કે તમે કેટલા સાચા છો. તમારી યાદશક્તિ પણ એ કસે દી થશે.



ગયા માસમાં હોળીમાં શ્રી સુન્દરમ્‌ના પ્રમુખપણા નીચે મુસ્લીમ ગુજરાતી કવિઓનો મુશાયરો ભરાયો હતો. મુસ્લીમ કવિસંમેલનોમાં કવિતાવાચનનો રસાસ્વાદ શ્રોતાવર્ગ બહુ રસપૂર્વક કરે છે અને એ સંમેલનો અત્યંત જીવન્ત બને છે. એનું કારણ એ છે કે એ કવિતાઓ જનરંજની શૈલીની, સરળ અને ચોટદાર હોય છે. ગુજરાતી મુસ્લીમ કવિઓમાં શ્રી 'શયદા'નું વિશિષ્ટ સ્થાન છે. એમણે ભાવપૂર્વક 'કુમાર' માટે મોકલેલું કાવ્ય આ નીચે અમે પ્રકટ કરીએ છીએ તે એ શૈલીનો પરિચય આપી રહેશે.

આંસુનો વેપાર

• ગઝલ •

નવો કોઇ કરવાને વેપાર, લેશો?
હું વેચું છું લ્યો આંસુની ધાર, લેશો?
જવેરી જુઓ એને ઝીણી નજરથી
અમૂલા છે આ મોતી બે ચાર, લેશો?

નદિ થાય એની કદી જ્યોત ઝાંખી,
અચળ એનો જુદો છે ચમકાર, લેશો?
અનેરી ચમક, એનું પાણી અનેરું,
અનેરો થશે એથી શૃંગાર, લેશો?

જુઓ પાણી જેમ થયું પાણી પાણી,
અરે તેજનો આ છે અંગાર, લેશો?
ભરી એ મહીં છે દુઃખી દિલની આશા
નિરાધારના કોઇ આધાર, લેશો?

હજારો રીજાતની છે હાય એમા,
તૂટેલા હૃદયના છે આ તાર, લેશો?
નિરાશા ને આશાની એમા છે ખાણો,
નવી ભાવનાનો છે ભંડાર, લેશો?

નથી લાવ્યો હું કાંઇ આસુ નકામાં,
છે એમાં જીવનનો જીવનસાર, લેશો?
કદી આપશે આપને કુંદરત જોની,
છુપાયો છે જળમાંહી અંગાર, લેશો?

જુઓ આખું બ્રહ્માંડ એમાં તરે છે,
કહો કોઇ એને કળાકાર, લેશો?
તમે જો કહો છો તો ભ્યો ભેદ ખોલું,
નિરાકારનો એ છે આકાર, લેશો?

નથી માગતો એનું હું મૂલ્ય આજું
દિલાસા બદલ એને દાતાર, લેશો?
હું 'શયદા' લઇ આંસુ જ્યાંત્યાં ફરું છું,
નથી કોઇ એનો ખરીદાર, લેશો?

'શયદા'

તાંડવ

ઋતુના નૃત્ય સાથે તાલ દેતું આ જીવનકાવ્ય છે. અને એને ઉચિત એનો છન્દ બની ગયો છે.

• મૂલણા •

મૃત્યુની શુષ્કતા આજ ઘેરે ધરા
નીર આજે થતાં ક્ષીણપ્રાણ!
અંગપ્રત્યંગને પૃથ્વીના બાળતાં
આવતાં આભથી અગ્નિબાણ!

ધૂર્જટી ઊઠતા; મુક્ત કરતા જટા,
વાદળાંથી બધું આભ છાય;
ક્ષીણના શિર પરે એક પદ ચાંપીયો
શુષ્કતા અવર પદથી દબાય.

મેઘ-મર્દાદેવ તાંડવ કરે આભમાં
ગર્જને ગર્જને ડમરૂ બાજે;
ઘૂમતા વીજના સૌ મણિ ચમકતા
અંગના સર્પને શિર્ષ રાજે.

દીનતા-બંધનો તાંડવે તૂટતાં,
થાય પૃથ્વી તણો મુક્ત પ્રાણ;
સપ્તરંગી તહીં આભમા ઓપતી
જીવનની એ મહા જયપતાકમાન.

પ્રહ્લાદ પારેખ

યાન્ત્રિકને

• ઉપજાતિ-સ્રગ્ધરા •

ભરી ઉરે ભૂત અનુભવોને
ઘૂમી નવા ક્ષેમથી વર્તમાને
ને માંડી દૃષ્ટિ ગૂઢ ઓ ભવિષ્યે
વાંધી દિક્કાલ બધે દૂર દૂર દૂર ત્યા પંથો આગે ધપ્યે જા.

'અનામી'

રડતાં ખંડિયેરો...

આજે તો એનું નામોનિશાન ભૂંસાઈ ગયું છે. માત્ર નાના ગામડા જેવા દેખાતા અને કહેવાતા તેની જેવી તેની યાદગીરી ટકાવી રહ્યા છે. પણ વીજળીના ચમકારા સ્થાપિત એ વિજયનગર, દક્ષિણમાં એક વખત જબરદસ્તીમાં સર્વોત્કૃષ્ટ સ્થાન ભોગવતું હતું. વિંધ્યથી તે નીલગિરિ સુધી અને અરબી સમુદ્રથી તે બંગાળના ઉપસાગર સુધી વિસ્તરેલું, ઑસ્ટ્રિયા કરતાં યે મોટું એ હિંદુ સામ્રાજ્ય પદ્ધતિની મોગલી મહીમા દુનિયાભરમાં મોખરે ગણાતું હતું. ઇસ્લામ બાબરનામા, ફિરિસ્તા, અને તૈમુરના પુત્ર સુલતાન શાહરૂખે જેવું હેવાલો એવાં તરીકે મોકલેલા અબ્દુર્રઝાક જેવા મુસ્લીમ તવારીખનવેશોએ જ નહિ, પણ ડોમિંગો પાએઝ, ન્યુનિઝ તથા નિકોલા કોન્ટી જેવા ક્રિશ્ચન ઇતિહાસકારોએ પણ એની સમૃદ્ધિ ને પ્રતાપના ભારોભાર વખાણ કર્યા છે. કદાચ એ જ એક હિંદુ સામ્રાજ્યે જે મધ્ય યુગની શરૂઆતથી હિંદુ જાતિમાં વ્યાપેલા પરસ્પરના દ્વેષ અને વિયોગથી મુક્ત રહી પોતાની દરમ્યાન ટકાવી રાખી હોત તો આજે ચતુર્ગમેલા ને અતુલ સમૃદ્ધિ જોતા, હિંદુ કલા મુગલાઈ જડાઈ હોત કે કેમ એ એક સવાલ રહેત.


હિંદુપત્ત ત્યારે હિંદનું ભાવિભાગ્ય હારી બેઠી હોઈ ઇસ્લામની રેલ સારા યે દેશ પર ફરી વળી હતી. દક્ષિણમાં એને ફરી વળતી અટકાવવા થોડો કાળ તો વિજયે તે સામે ટક્કર ઝીલી, પણ પછી તે યે કમતાકાત નીવડ્યો ને એવા જ જોમથી એ રત દક્ષિણ પર પણ ફરી વળવા માંડી. બહુ ઉદ્દામ જબરા વસ્કર આંધ્ર તેલિંગિના ગામ ચંદ્રદેવને હરાવી પ૦ મણ સોનું ૭ મણ જવાહિર અને બીજી બેશુમાર લૂંટ લઈ તે પાછો તો ફર્યો પણ પોતાની લાલચુ નજરમાં એ રટ મમાવતો ગયો અને પછી કાકાનું ખૂન કરી એ ગાદીએ બેઠો કે તરત ગુજરાતને તાબદાર કરનાર એના નામચીન મે ાપતિ મલિક કાફુરને ફરી એણે દક્ષિણમાં મોકલ્યો. લૂંટફાટ ને આગ ફેલાવતો દેવગિરિ ને વરંગળના હિંદુ રાજ્યો નાબૂદ કરી, હોયસળને પગરત કરી એ મલિક કાફુર ઠેઠ રામેશ્વર પહોંચ્યો ને ત્યાંના મંદિરોનો ધ્વંસ કરી મરિજદો ચણાવી, મલિકના નામે સવાલ હાસલ કર્યો.

ખિલ્જીવંશ ખૂનની પરંપરામાં જ આથમ્યો ને તઘ લખવંશે દિલ્હીની ગાદી હાથ કરી ત્યારે દક્ષિણના મનપ્રાંત રાજ્યોએ ફરી પગભર થવા પ્રયાસ કરી જોયો, પણ મદમદ તઘલખે તે બેગતો જ દાબી દીધો વરંગળ તાબે કર્યું, ફરી તેણે હોયસળને પગરત કર્યું ને પાંડ્ય મુલ્કો પહોંચ્યો, મદુરામાં મુસલમાન બની રહ્યા.

આમ કરવામાં આખી દક્ષિણના એકેએક પ્રાંત ને તેની રીયાસતો પર ફરી વળવા માંડી ત્યારે દક્ષિણ ના એક ધીર વીર નાયકે તેને નિકરત આપવાનો પૌરુષ રચવા માંડ્યો. એ નાયક ને હરિહરના વીર ભાઈ મલિક કાફુરે હરોળમાં આવતા હોયસળ પર



હોયસળેશ્વરી વિષ્ણુચિત્ત ચક્ર કૃષ્ણ કાળી નરસિંહની મૂર્તિ મુખ્યત્વે કરીને કૃષ્ણ પરમાત્મા કંસનો વધ કરી છે ને તેની બે બાજુ રાણીઓની મૂર્તિને તદ્દન કૃષ્ણમય કરી દીધી છે.



પૂના
શોલાપુર
રાયચૂર
ગુલબર્ગા
બીજાપુર
ગોવા
ગદગ
હોસપેટ
કોપ્પલ
અંજુ
ગુટી
ગુટ્ટી
ગુટ્ટી
ગુટ્

પર ચડાઇ કરી ને ગર્ભિણી તથા ગાનીઓ વગેરેના બચ્ચા મહિતની સ્ત્રીઓ, પુરુષો ને બાળકોની કત્લ ચલાવી. ફિરિસ્તાના લખવા પ્રમાણે આ કત્લ ૧૫ મ્યા પાંચ લાખ ની હતી ને આ કત્લ જ્યારે ચાલતી હતી ત્યારે જીવ બચાવવા ઉદ્દીના કિલ્લામા ભરાએલો બુક્ક, મન્ત્રિ ને નર્તિકાઓની મોજ માણી રહ્યો હતો. અસીમ દોલત ખડણીમા આપી એણે તો મુહમ્મદશાહથી સધિ કરી, પણ વરગળનું હિંદુ રાજ્ય બ્રાહ્મણી સત્તામા ઉમેરાઇ ગયુ મુહમ્મદશાહ પછી મુજાહિદે ચડાઇ કરી હિંદુ મન્દિરો બાળી, હનુમાનની વિશાળ મૂર્તિનો નાશ કર્યો ને સાહથી સિત્તેર હજાર કેદીઓ (મોટા ભાગે સ્ત્રીઓ) લઇ જ્યારે તે પાછો ફર્યો ત્યારે પણ આ બુક્ક ગમેશ્વર નાગી ગએલા.


મુસલમાનોની હજારોની સખ્યા સામે લાખો ની સખ્યાન સૈન્ય બહુ કરી બહાદુરીથી પીઠેહટ કરતા વિજયનગરના આતા સમ્રાટો માટે ફિરિસ્તાએ આ શબ્દો ઉચ્ચાર્યા છે (અને તે મુસલમાનોની ખુશામદ નહિ પરતુ નક્કર સત્ય જ જણાશે) કે, બ્રાહ્મણી રાજાઓ માન પરાક્રમથી જ પોતાનું રાજ્ય ચલાવતા, ન કી સત્તા, સમૃદ્ધિ અને વિસ્તારમા તો વિજય નગરના રાજા તેમનાથી અનેકગણુ ચડીઆતા હતા.'

૧૩૭૮મા બુક્કનો પુત્ર કપ 'હરિહર' બીજો નામ ધારણ કરી, 'ચાર વર્ણ અને આશ્રમના આધાર' ની પદવી સાથે વિજયનગરના સિંહાસને આરૂઢ થયો. આ બીજો હરિહર વિજયનગરના હિંદુ સામ્રાજ્યનો પહેલો સમ્રાટ ગણાય છે.

એકાદ સૈકા સુધી એના વશે પોતાની ઉદરતી ઢબની રાજધાની નદિ કે ઓ પ્રજાનુ હતો તેથી, પણ બ્રાહ્મણી સામ્રાજ્યોમા શરૂ થયેલી ફાટફૂટના ગમેતેવા લાભને લક્ષિ પછીથી કૃષ્ણિસ્વામિ જેવી કવિત્વ (આમાગ) ની ગાદી પચાવી પાડી કે તરત જ તેણે વિજયનગર તરફ મોરચા માંડ્યા ને પોતાના પુત્ર પુરુષોત્તમ સાથે નિરાશ્રિત ગજપતિ તે આર્કોટ સુધીના મદુરાના બધા રાજા સર કરી લીધા હેર વિજયનગર સુધી તેણે આગે પહોચવાની અગાઉના હાકી થઇ ત્યા સુધી યે સમ્રાટ વિરૂપાક્ષની ગાદી જ્યારે નહોડી, ત્યારે તેના મોટા પુત્રે તેનું ખૂન કર્યું ને ગાદી હાથ કરી પણ જે કેદ કરી રાખે તે પહેલા તો તેના નાનાભાઇ પાડચરાયે તેનું ખૂન કરી



નિઝામ રાજ્યના અનેગુંડીથી તે દોરસેા સુધી ના નવચોરસ ગ્રહલમા ચેરવિગેર ડેલા ખડિયેરાનાના એક થી વિઠ્ઠલ મન્દિરનો કોતરેલો બાહ્યાકાર



એ જ ખડિયેરામા અચ્યુતરાયનુ મન્દિર

નાખ્યુ જેમણે રાજગાદી માટે પાંચ રસાકસીમા છેલ્લે નરસિંહ નામનો એક બીજા રાજવશ ની શરૂઆત થઈ (ઈ ૧૪૯૦)

નરસિંહના બીજા રાજ્યની સાલ માટે સૈયને બાર ઉદા જે. પણ જેણે કપરે દાયે જે દબાવી દીધો તમ ઓટના પૂરની જ એની નરસીના સાથી સમ્રાજ્યના વિઠ્ઠલપાને વશ થઈ સ ત લાખના લશ્કર સાથે રાજ મહેંદ્રાને જીતવે ઘેરો ઘાલ્યો ત્યારે આદિલશાહ એ ઘેરો છોડાવવા આવતાના સમાચાર સાભળતા જ એ 'મહા-મડલેશ્વર' ભેદિ શિવ રાજકારણી સાતુ ધન્યીવગાદ નરસિંહરાય ઉદ્દેશીને મદુર નાસી જઈ છેક બાગા વચામા જ ચદ્રગિરિની પગકાટો જઈપાર્ક હતી!

ઈ ૧૫૦૯મા જેનું અવમાનયના એનો ભાગેડુ ભાઈ ગય સમ્રાટ થઈ આનો વિજયનગરના આખાદનિદામમ ગણુના જોઈએ કોઇ નામ જોવતો એનું જ જોના શાસનમા દરમિયાન જ કાટફૂટને લીધે બ્રાહ્મણી સલ્તનના પાચ

હિંદુપતની ઢાલ બનવાના ગૌરવાન્વિત આદર્શે એ ઊભું થએલું, પણ રાજલિપ્સાની સતત કાવાદાવાખોરી કદી એની કરોડ ટટ્ટાર ન રાખી શકી, ને પરિણામે મુસ્લીમ આક્રમણના એક જ જબરા ઝુંગાળથી એ મહાન હિંદુસામ્રાજ્ય નેસ્તનાબૂદ થઈ ગયું

ટુકડા પડી ગયા ને એ પરિસ્થિતિનો લાભ લઈ, કિરકોળ બંડ શમાવી, એણે સીધા કલિંગ સામે મોરચા માંડ્યા. પર્વતો બધો મુલક પાછો મેળવી, કૃષ્ણા નદી સુધી રાજ્યની હદ વધારી તેણે કલિંગ પાસેથી પોતાનું વર્ચસ્વ માન્ય કરાવ્યું મુસલમાનોથી લડી રાયપુર દોઆબ પણ ખાલસા કર્યું વિજયનગરનો એ પહેલો જ સમ્રાટ હતો જેણે મુસલમાનોને શિકસ્ત આપી હોય ને જેણે લશ્કરની જાતે સરદારી લીધી હોય. પાએઝ પોતાની ફેરિસ્તમાં તેને માટે 'gallant and perfect in all things' શબ્દો વાપરે છે.

મૈસુરના ગંગરાજાને હરાવી, તેણે શિવસમુદ્ર ને શ્રીરંગપટ્ટમ જેવા કિલ્લા હાથ કર્યા હતા ઓરિસા પર ચડાઇ કરી ત્યાના રાજાની કાકાને તે કેદ પકડી લાવ્યો હતો અને ઉદયગિરિના મંદિરમાંથી કૃષ્ણની મૂર્તિ ઉપાડી લાવી વિજયનગરમાં તેની પ્રતિષ્ઠા કરી હતી કોડાવલી ને રાજમહેંદ્રી પણ જ્યારે જીત્યા ત્યારે ઓરિસાના રાજાએ પોતાની કુંવરી પરણાવી તેની જોડે સાથ કરી. આદિલશાહની તો એણે એવી ખુવારી કરી હતી કે તેના જીવતા સુધી તેણે વિજયનગર સામું ફરી કદી માથું ઊંચકયું નહોતું. મુસલમાનોએ તોડી પાડેલાં અનેક મંદિરો એણે ફરી ઊભા કર્યા પોર્ટુગીઝ ઇજનેર જોઆઓ ડ લા પૅન્ટીની મદદથી વિજયનગરના નિર્માણમાં તેણે ઘણી નવીનતાઓ દાખલ કરી. દક્ષિણ હિંદુસ્તાનમાં ઠેરઠેર નજરે પડતા મોટા ગોપુરો પણ એના જ બંધાવેલાં છે. દક્ષિણમાં હિંદુ ધર્મનો પુનરુદ્ધાર તેને હાથે જ થયો. વેદોના ભાષ્યોના મુખપાઠોને એણે પુસ્તકોમાં ઉતરાવ્યા. પોર્ટુગીઝ ગવર્નર અલબુકર્ક સાથે સંધિ કરી, બ્રાહ્મણી રાજ્યોનો પોર્ટુગીઝો સાથેનો વેપાર તોડી પાડી, એણે વિજયનગરનો વેપાર ખૂબ વધાર્યો. એ વેપારે વિજયનગરની સમૃદ્ધિ પર કળશ ચડાવ્યો અને તે 'પૂર્વની મહારાણી' તરીકે જગતખ્યાત બન્યું. વિદ્વાનો એ ખૂબ રમિયો હતો ને ઘણા કવિઓને એણે પોષ્યા હતા એની પોતાની સ્ત્રી પણ કવિ હતી. એમ તો વિજયનગરના ઇતિહાસમાં ઘણીયે રાણીઓ વિદ્વાન અને કવિ થઈ ગઈ છે અને એમનાં લખેલાં સંસ્કૃત કાવ્યો હજુ દક્ષિણમાં પ્રચારમાં છે. ગંગાદેવી અમ્મા, તિરુમલ્લાદેવી અમ્મા, ગંગાદેવી અને રામભદ્રમ્બાનાં નામો તેમાં મુખ્ય ગણી શકાય.

દેવરાયના વખતમાં વિજયનગરમાં વહાણોનાં નાંગરવાનાં જે ૯૦ બારાં હતાં તેની સંખ્યા કૃષ્ણદેવરાયના વખતમાં ૩૦૦ એ પહોંચી. વિજયનગરના વેપારીઓ ત્યારે એકલા હિંદનાં જ બંદરોથી નહિ, પણ ઇરાન, સોકોત્રા, અરબસ્તાન ને મિસર સુધી વેપાર ખેડતા હતા ને વેપારમાં લક્ષ્મી વસે છે એ તથ્યાનુસાર લક્ષ્મીની એ મહારાજ્ય પર પૂરી મહેર જામી હતી. એ વેપારને પ્રતાપે જ કૃષ્ણદેવરાય પોતાની માની સંવત્સરી પ્રસંગે એકેએક બ્રાહ્મણને સોનાનો આખો બેટ આપી શકયો હતો. એના વખતમાં બંદરો માટેનો ખાસ દારોગો નીમવામાં આવ્યો હતો. કેટલાકનો મત એવો છે કે તેના અમલથી દસ વર્ષ પહેલાં આવીને પોર્ટુગીઝોએ હિંદનો કિનારો સર કર્યો નહોતો તો એ નૌકાસૈન્ય પણ ઊભું કરત.

પરંતુ મુસલમાનોને હરાવી બહુ ઉદ્ધત થવા ઉપરાંત એક બીજું પણ પાપ એણે પોર્ટુગીઝોનો વિશ્વાસ કરવામાં કર્યું હતું. એણે જ તેમને ભાટકલમાં કિલ્લો બાંધવાની મંજૂરી આપી હતી અને પાંચ સો પોર્ટુગીઝોને પોતાના અંગરક્ષકો નીમ્યા હતા. આમ સત્તા પર આવેલા એ પોર્ટુગીઝોએ એ રાજ્યના જ હિંદુઓને ઉખેડી નાખવાની પ્રવૃત્તિ આદરી અને ભાટકલની રાણીએ પોર્ટુગીઝ શહેનશાહનું રક્ષણ સ્વીકારવાની ના પાડતાં ઍડ્રેન્ઝો ડી સોઝાએ આખા શહેરને બાળી નાખી હિંદુઓની કતલ ચલાવી. મુસલમાનોથી હિંદુઓને બચાવવા નીકળેલો કૃષ્ણદેવરાય પોર્ટુગીઝોની આ કિન્નાખોરી સામે તદ્દન લાચાર નીવડ્યો હતો.

૧૫૨૫ લગભગ એ માટો પડ્યો કે એવોજ એ કમનસીબ સામ્રાજ્યની ઓહાગત પ્રપંચખોરોએ પાછો દેખાવ દીધો. એના પુત્રને ઝેરથી મારી નાખવામાં આવ્યો. પ્રધાન સાલુવ તિમ્મ ઉપર આ બાબતનો એને શક ગયો એટલે પોર્ટુગીઝોની મદદથી તેને, તેના ભાઇને

એ જીવ્યુ, પાડોશી રાજ્યોની ને પોતાની પ્રજાની નબળાઇ પર; એ નષ્ટ થયું પોતાનાં જ પાપોના ગંજ પર. નવ નવ ચોરસ માઈલનો પટ રોકી ઊભેલાં એનાં ખંડિયેરો આ જ ઘડી યે રડી રહ્યાં છે,—પોતાના સર્વતોમુખી વિધ્વંસ પર નહિઃ હિંદુપતની ભીષણ કારુણિકા પર

અને પુત્રને પકડી મગાવી, તેમની આંખો ફોડાવી નાખી

પણ આથી તો અવ્યવસ્થા ઊભટી વધી. સરદારોએ એક પછી એક બંડ ઉઠાવવા શરૂ કર્યા ને એ શમાવવા અશક્ત એના કૃષ્ણદેવરાયે પોતે જમાવેલા સામ્રાજ્યની પીંખાપટ જોતાજોતા જ દેહત્યાગ કર્યો એના પછી એનો ભાઇ અચ્યુતરાય ગાદીએ આવ્યો, પણ થોડા જ સમયમા એનુ અવસાન થયુ, એટલે કુમળી વયના એના પુત્રને ગાદીએથી ઉઠાડી મૂકી રામરાજ્ય નામના સરદારે સદાશિવરાય નામના એક રાજકુટુંબીને બીજા સરદારોની મદદથી ગાદીએ બેસાડયો ને પોતે પ્રધાન બન્યો

આ રામરાજ્યએ બ્રાહ્મણીરાજ્યોની ફાટફૂટનો ખૂબ લાભ ઉઠાવવા માડયો પ્રસંગ જોઇ એ એક યા બીજા રાજ્યની મદદે પહોંચી જતો ને સારો જેવો બદલો મેળવતો આને લઇને બ્રાહ્મણી રાજ્યોની સત્તા દિન પર દિન ઘટવા લાગી. પણ એ સ્થિતિ ઝાઝો સમય ન રહી રામરાજાની ઉદ્ધતાઇએ બ્રાહ્મણી રાજ્યોને એ પરિસ્થિતિનુ પહેલુ ભાન કરાવી આપ્યુ ને બ્રાહ્મણી સત્તાના બે પાયે કૃષ્ણગાબોએ એકત્ર થઇ વિજયનગર સામે મોરચા માડયા. ઈ ૧૫૬૫ના જાન્યુઆરીની ૨૩મી તારીખે તિલ્લપુર મરદદમા આવેલા તાલિકોટ મુકામે ભયકર યુદ્ધ થયુ ને તેમા વિજયનગરનો પરાજય થયો. લાખો હિંદુઓની કતલથી આખી તુંગભદ્રા ખોદીથી રગાઇ ગઇ નાસતો રામરાજા અહમદનગરના નિજામશાહના હાથમા પકડાતા તેણે તેનો શિરચ્છેદ કરાવી નાખ્યો. વિજયી મુસલમાન લશ્કર યુદ્ધભૂમિથી વિજયનગર તરફ ઊપડયુ ૭ મહિના સુધી એકધારુ એ શહેરને તેણે લૂંટવે રાખ્યુ એ લૂંટ એટલી તો વિપુલ હતી કે એકેએક સૈનિક માલેતુજાર બની ગયો. કશ તેમના હાથે ન ભગના પામ્યુ ખૂબ ગજબૂત પથરથી બધાયા સિવાયનાં બધાં મકાનો, મંદિરો, મૂર્તિઓ વગેરેનો નાશ થયો ને શહેરીઓની ભયકર ખૂનરેજી થઇ

૭ મહિના પછી કંઇક સ્વસ્થ થતા મુસલમાનોએ વિજયનગર છોડયું કે પેનુકોંડા નાગી જઇને જીવ બચાવનાર,રામરાજાનો બચેલો ભાઇ તિરુમલ આગળ આવ્યો. લાગ લાગ જમાવી, સદાશિવરાયને પદભ્રષ્ટ કરી એણે ગાદી હાથ કરી. એના અવસાન પછી એના પુત્ર શ્રીરગ, ગમ અને બંકટે રાજ્યના ત્રણ ટુકડા પાડી નાખ્યા. એમાનો શ્રીરગ અવસાન પામ્યો કે વડેયર નામના સરદારે બડ જગાવ્યુ, બીજા ભાઇ રામરાજાને મારી નાખ્યો ને શ્રીરગપટમની આજુબાજુનો મુલક છતી લઇ પોતાનુ સ્વતત્ર રાજ્ય ઊભું કર્યું. આ વડેયર તે મૈસુર રાજ્યનો આદ્ય સ્થાપક

સરદારોના બળવા અને ઉત્તરેથી મુસલમાનોની ચડાઇઓનો ત્રાસ સહેતા સહેતા જ ત્રીજા ભાઇ વેંકટે પણ ઇ ૧૬૧૪મા જીવન સમાપ્ત કર્યું ને એનું અવસાન થતાજ જગરાય નામના એક સરદારે આખા રાજકુટુંબની કતલ ચલાવી રાજગાદી હાથ કરી ને રાજવશમાના એક શ્રીરગને 'શ્રીરગ ત્રીજા ના નામે ગાદીએ બેસાડી પોતે પ્રધાનપદ લીધુ એ જ અરસામા મદુરા અને બીજાના સરદારોએ પણ પોતાને સ્વતત્ર જાહેર કર્યા.

આ શ્રીરગના વખતમા વિજયનગરની બરબાદ ગએલી કરોડ સાવ તૂટી ગઇ વિજાપુર ને ગોવળકોંડાએ એ આયમતુ સામ્રાજ્ય પોતપોતામા વહેંચી લેવાનું તહનામુ કર્યું ને હલ્લા શરૂ થયા શિવાજીનો બાપ શાહજી વિજાપુરનો સેનાપતિ હતો પહેલી વખત ચડાઇ કરી, શ્રીરગને પરાજય આપી, મૈસુરની પૂર્વનો બધો મુલક તેણે બાલસા કરી લીધો ને બીજી વખત આવી બીજા મુલકો બાલસા કર્યો. પરાજિત શ્રીરંગ પહેલા તો મૈસુરના આશ્રયે રહેલા, પણ પછી તેનું શુ થયુ એ અજ્ઞાત જ છે. શિવાજીએ તેની ગાદીને નિર્વાહ માટે રૂપાલખ કરી આપેલો એ મળી આવ્યો છે. આ શ્રીરંગ વિજયનગરનો છેલ્લો સમ્રાટ.

હિંદુત્વના રક્ષણ માટે ઊભા થએલા વિજયનગરના સામ્રાજ્યનો આ ટૂંક ઇતિહાસ હિંદુ ધર્મ માટે એણે કંઇ ઉચ્ચતર કાર્ય કર્યું હોય તો મંદિરો ને ગોપુરો બંધાવવા ને વેદ ઉપરના ભાષ્યો પ્રસિદ્ધ કરવા. એ સિવાય હિંદુ ધર્મ એની મારફત કશા સદારો પામ્યો નથી. ફિરંગીઓના જુલમ સામે હિંદુઓને એણે કશી

રાહત આપી નહોતી હિંદુઓને વટાળનાર ફિરંગીઓ અને પચીસ હજાર ઉપરાંત મુસલમાનોને તેણે લડવા માટે લાંચ આપીને પણ પોતાના લશ્કરમાં રાખ્યા હતા એ તેનું કયું હિંદુત્વ સૂચવે છે? અરે, એનો છેલ્લો રાજા તો રાજ્ય ટકાવવા માટે શાહજહાં સદાય આપે તો મુસલમાન બનવા પણ તૈયાર થયો હતો! અને એક રાજા તો આદિલશાહથી હાથો સારે પોતાની કુંવરી તેને પરણાવી સંધિ કરી હતી!!

અને હિંદુપણાને જવા દઈએ તો માત્ર પૈસાને ખાતર જ અંગ્રેજો ને પોર્ટુગીઝોને જમીન ને વેપારના કાયમી પટા લખી આપીને એ સામ્રાજ્યે હિંદુસ્તાનનો ઓછો દ્રોહ કર્યો છે? હા, એણે એક વાતનો દ્રોહ નહોતો કર્યો ને તે બ્રાહ્મણોના વર્ચસ્વનો. એ વર્ચસ્વ વધારવા બ્રાહ્મણોએ ત્રણસો વાચાઓને જનોઇ આપીને બ્રાહ્મણ બનાવી દીધા તેનો પણ એણે વિરોધ નહોતો કર્યો. બ્રાહ્મણોએ પણ દક્ષિણના સ્વાર્થે સામ્રાજ્યનો વિરોધ હેઠ સુધી કરેલો જણાયો નથી.

એની એક વાત સૌથી આગળ તરી આવે છે અને તે, જેની પરદેશી મુસાફરોએ પણ વારંવાર પોકારી છે એ સમૃદ્ધિની. પણ એ સમૃદ્ધિ કયા માર્ગે સંચિત થયેલી હતી? રૈયત પાસેથી રૂપિયે સાડા તેર આના મહેસુલ વસુલ કરીને! ભરવાડ, ગોવાળ, સાધુ સંન્યાસી, વેરાગી અને ગોસાંઇઓ સુદ્ધા પાસેથી પણ કર ઉઘરાવીને. કરથી પ્રત્યક્ષ રીતે મુક્ત હોય એવો એક માણસ એ સામ્રાજ્યમાં નહોતો. અને એટલે જ એનો આખરી ફેંસલો થતા સુધીમાં પ્રજાએ એ સામ્રાજ્ય તરફ કદી આદર દેખાડેલો નથી. તાલિકોટના એક જ આઘાતથી નહિતર સામ્રાજ્ય આખું ભાંગી ભુક્કા થઈ જાય એ શક્ય છે? મરાઠાઓના સામ્રાજ્યને તો ઠેઠ ઔરંગઝેબના વખતથી સ્મૃતિશેષ બનાવવાના પ્રયત્નો થતા આવ્યા હતા; પાણીપતના મેદાનનો એ આઘાત એમને માટે ઘોર હતો; છતાં એ જંતર્યું. એનું કારણ, એની જમાવટ પાછળ પ્રજાની જે ઊંડી ઊર્મિશીલતા હતી એનો આ હિંદુ સામ્રાજ્યમાં બીલકુલ અભાવ હતો.

અને એનું લશ્કર જોઇએ તો સંખ્યામાં તો આજ પણ આપણને છક્કા કરી દે તેવું હતું. હાથી, ઘોડા, બળદ અને પાયદળ એની ચતુરંગી તો એની સેના હતી. પણ જોવા જેવા લશ્કરને નામે, કૃષ્ણદેવરાયે આદિલશાહને હાર આપી એ સિવાય કયો મહત્ત્વનો બનાવ ચડ્યો છે?

સંવત્સરી પ્રસંગે શ્રીરામની અયોધ્યા સાથે આ સામ્રાજ્યની સરખામણી કરવામાં આવી છે! બાર બાર હજાર સ્ત્રીઓને રણવાસમાં પૂરનારા એના શાસકો કયા અર્થમાં રામ જેવા હતા એ તો એના તુલનાકારો જાણે! ને અંતઃપુરમાંની એ દરેક રાણી માટે પાછી હીરા, મોતી ને સોનાનાં આભૂષણોથી મઢેલ ૬૮ છોકરીઓ તહેનાતમાં રહેતી હતી!! આવા સમ્રાટોને, એમણે હિંદુઓનાં મંદિરો ને ગોપુરો બંધાવ્યા અને વેદોના ભાષ્યોનો ઉદ્ધાર કર્યો એટલા જ ખાતર હિંદુત્વના તારણહાર બનાવવા આપણે નીકળ્યા છીએ!

એ પ્રવૃત્તિ માટે એમણે યોજેલા આવકના પ્રવાહો તો ઉપર બતાવી દીધા છે એટલું જ બસ નહોતું. પ્રજાની સહીસલામતી માટે પોતીસનું ખર્ચ એ દરેક વેશ્યા પાસેથી મહિને બે દિવસની કમાણી જપ્ત કરીને કાઢતું હતું! અને જે વેશ્યા એ આપવાની ના પાડે તેને એક હજાર ફટકાની સજા ફરમાવવામાં આવતી. આ પદ્ધતિ મૌર્યસામ્રાજ્યમાં હતી ને કૌટિલ્યે તે સ્થાપેલી. વિજયનગરે બધી બાબતોમાં જેમ રાજનીતિની આ પદ્ધતિનું યે અનુકરણ કર્યું! પાછળથી મુગલ સમ્રાટોમાં શાહજહાંએ પણ પદ્ધતિ સ્વીકારી હતી. વળી એ જ કૌટિલ્યની નીતિને અનુસરી, હજારોની સંખ્યાની રાણીઓ ઓછી પડતી હોય તેમ વિજયનગરનો સમ્રાટ તેતાળીસ વેશ્યાઓ પોતાની તહેનાતમાં હાજર રાખતો. એના મોટા ભાગના શાસકોની સક્રિયતા રણવાસ પૂરતી જ હતી. દુશ્મન આવશે તો ખંડણી આપી પાછો વાળી દઈશું એ એમનું માનસ!

વીરબ્રાહ્મણોનો આદર્શ એ સામ્રાજ્ય પૂરો ન કરી શક્યું. એ સિવાય એના જીવવાનો કશો અર્થ ન હતો, અને થયો જોઇતો હતો એમ જ એનો અંત થયો પણ આજ છસો વર્ષ પછી એ સામ્રાજ્યનાં, મોરનાં આંસુજેવાં શોદણાં રડી આપણે કયો અર્થ સાધવા માગીએ છીએ?

આપણા લાગણીપ્રધાન હિંદુ માનસને એ લુપ્તનામા સામ્રાજ્યના અવશેષ રૂપે આજ ઊભેલાં હંપી ને કંપિલાનાં ખંડિયેરો કદાચ 'રડતાં ખંડિયેરો' નું સૂચક લાગે; પણ એમનું એ રડવું ગતવિભવસ્ફુરિત શોકગીત છે કે નિર્માલ્ય ને પોકળ જીવનાંત પરના મરસીઆ રૂપે છે એ જાણવા એમનું અંતર કોણ ઊકેલી શકે? 'અનિકેત'

ફોટોગ્રાફી

કૅમેરા વાપરનારાઓ ફિલ્મરોલ એક્સ્પોઝ કરતા અજાણતા કેટલીક સામાન્ય ભૂલો કરી બેસે છે એવી ભૂલોને લીધે આવતા પરિણામો દ્વારથી ચેતને કયાં ભૂલ કરી છે તે સૌને સહેલાઇથી સમજાતુ નથી એટલે એ પ્રકારના દોષો તરફ ધ્યાન ખેંચી તેવી ભૂલો થતી અટકાવવાની જરૂર છે. માટે

આટલું તો ધ્યાનમાં રાખો

(૧) તગારો કૅમેરા સરખો—સપાટ—Level રાખો

લગભગ બધાજ બૉક્સ કૅમેરા તેમજ ફોલ્ડિંગ રોલફિલ્મ કૅમેરાઓમા વ્યૂ ફાઇન્ડર નાના હોય છે બૉક્સ કૅમેરામા આડા ચિત્રો માટે આડુ અને ઊભા માટે ઊભુ એમ બે વ્યૂ ફાઇન્ડરની ગોઠવણ હોય છે, જ્યારે ફોલ્ડિંગ કૅમેરામા આડુ ચિત્ર લેવુ હોય ત્યારે વ્યૂ ફાઇન્ડરને તેની મૂળ સ્થિતિમાથી કાટખૂણે ફેરવવાની રચના હોય છે

માટે નાના વ્યૂ ફાઇન્ડરની મદદથી ચિત્રો પાડતી વેળાએ યાદ રાખવાનો વિષય તેમજ કૅમેરા બને એક જ પ્લેનમા છે કે કેમ તે જોવું જોઇએ કૅમેરા ઢળતો હશે તો ચિત્ર ઢળતુ આવશે, અથવા તો સપાટ જમીન દેખાડવાવાળી હોય એવો ભાસ થશે નહુતો આ સાથેનુ ચિત્ર ન (૨) તે ઉપરના કૅમેરા બરાબર સરખો નહિ હોય અને જમાની કે ટાવી તરફ નમતો હશે તે વિષયનો અમુક ભાગ પણ કપાઈ જવાના

ફોલ્ડિંગ રોલફિલ્મ કૅમેરાના એક્સ્પોઝર કરતા પહેલા વ્યૂ ફાઇન્ડરની સ્થિતિ બરાબર તપાસી લેવી વ્યૂ ફાઇન્ડર તેના ચોકકસ સ્થાનમાથી સહેજસાજ ફરતુ હોય તેવી સ્થિતિમા તેમા દેખાતા દૃશ્ય ઉપર આધાર રાખીને ઝબી પાડશો તો પણ આવુ જ ખાગીવાળુ પરિણામ આવશે નહુતો આ સાથેનુ ચિત્ર નં (૩)

(૨) નજીકની ઝાડી ઝાંખરી વખતે પડેલુ ફોકસ મેળવવાનુ યાદ રાખો

બૉક્સ કૅમેરા અને ફીક્સ્ડ ફોકસ કૅમેરામા આઠ ફૂટથી બાદ્યના બધા વિષયો ફોકસમા જ હોય છે અને તેથી દૂરના વિષયોની છબી પાડતા બધી જ ઝીણવટ આવે છે પરતુ નજીકના વિષયની છબી પાડતી વેળા ફોકસ બરાબર ગોઠવાયું રહે છે એવા ફોકસિંગ કરવાની ગોઠવણ ના હોય તેવા કૅમેરામા લેન્સની આગળ પોર્ટ્રેટ અટૅચમેન્ટ (Portrait Attachment) ના નામથી ઓળખાતો એક વધારાનો લેન્સ (કાચ) લગાડવો પડે છે આ સાથેનુ ચિત્ર ન ૪ નહુતો એમા બાજીનુ ઘોંચ ફોકસની બહાર (out of focus) હોવ થી ઉપાડી લેવાયેલુ લાગે છે, જ્યારે તેની આંગળી અને સ્વેટરના લગોલગ એ બી સી અક્ષરો બરાબર ફોકસમા હોવાથી દેખાઇ આવ્યા છે.

હરીફાઈનું પરિણામ

પહેલુ ઇનામ "અમદાવાદી સોની"—ભાઈ મફતલાલ કુંથીઆ (અમદાવાદ), બીજુ ઇનામ "મયૂર"—ભાઇ સી પી બરવર (કોબે—જપાન) ત્રીજું ઇનામઃ "મેં ડાલ ડાલ ઉડ બતૂં"—ભાઈ જગવત ઠક્કર (ભાવનગર), ફક્ત બનાવ "પ્રક્ષિપાત"—કુ તારા જેરામની (ગોરીવલી), નોધપાત્ર (ગ્રુપ પ્રમાણે)—૧ "ગોષ્ટી" ભાઇ ઇબ્રાહીમ એન્જીનીયર (મુબાઇ), ૨ "બમાકિયાનુ નાકું"—ભાઇ બાબુ જેરામ આચર (કોચીન—મલબાર), ૩ "બારીમાથી"—ભાઇ એમ. એસ પથરાવાળા (અમદાવાદ)

"અમદાવાદી સોની"ના ફોટોગ્રાફરમા ભાઇ કુંથીઆએ અમદાવાદી સોનીને હુનરૂ આણ સામે ખડો કર્યો છે સોનીના કામમા જરૂરી તલ્લીનતા પણ ઠીક ઊતરી છે ગાતુ ઘડતરનો હિસ્સો વર્ષોજૂના ઉદ્યોગ બીજા હાથકારીગરોનો સાથે ધમધતો બાબ્યો છે કદાચ ચિત્રમા નજરે પડતો સોનીનો સરબનમ થોડા જ વર્ષો બાદ જોવા નહિ જડે નહિ જેવા ઓજારો વડે સોની તેની કૃતિમા અજબ કારીગરી અને કલાકૌશલ્ય



ઉપર 'ઝેલો'—ભાઇ એમ એન. કાદરી (અમદાવાદ) નીચે 'પ્રભાત'—બાઇ પ્રવીન એમ પરેલ (અમદાવાદ - પ્રક્ષિપ્ત"—બહેન તારા જેરામની (ગોરીવલી), ફનેજના ઇનામ.

દાખવે છે, એ વિચારતાં ભાઈ કુમી-આનું ફોટોચિત્ર સંઘરી રાખવા જેવું ગણાય. દેશી કારીગરના ફોટો-ચિત્રમાં કાલસાથી કરેલુ ઈનામલનું વાસણ આબુગતું ગણાય. વળી, તેનો વર્ણ સફેદ હોવાથી પણ તે આંખને ખૂંચે છે ને ચિત્ર નબળું પડે છે.

પક્ષી સંગ્રહાલયમાં લીધેલા 'મયૂર' ના ફોટોચિત્રમાં ટેકનીક ઠીક છે; પણ ચિત્રને આજુબાજુથી ખૂબ કાપવાની જરૂર હતી ઉપરની ધારથી એક ઇંચ અને ડાબી બાજુથી તેમજ નીચેથી અરધો ઇંચ કાપીને અમે આપેલુ ચિત્ર ધ્યાનમાં છે. બીજું ઇનામ મુલતાર ભાઈ જરાવત ઠક્કરના ફોટોચિત્રમા પણ કાતરનો છૂટથી ઉપયોગ કરી, છતાં અગાઉ ચિત્રને ડાબી બાજુની ધારથી પોણો ઇંચ અને ઉપરથી બે ઇંચ કાપ્યું છે. એથી ચિત્રનું લક્ષ્ય કેન્દ્રિત થાય છે અને ઝાડનાં થડોની અટવામણ દૂર થતાં ચિત્ર-રચના સાદી અને આકર્ષક બને છે વિષયનાં હાસ્ય અને ભાવ સુંદર રીતે ઝડપાયા છે. ફોકસિંગ સહેજ વધારે સારૂ હોત અને ચિત્રમા કૉન્ટ્રાસ્ટ (Contrast) હોત તો તે ઉત્તમ કોટિનું ચિત્ર બનત. 'પ્રક્ષિપાત'ની ફોટોગ્રાફી સારી છે, પરંતુ છાયાચિત્ર-ને અનુકૂળ માત્રની ગોઠવણી નથી.

'ગોપી'ના પોઝનારે બહુ જ સા-નુકૂળ સન્જોગોમા ઝડપાવા યોગ્ય બળે ચાપ કાપીને ભાવયુક્ત છબી ઉતારી છે, પરંતુ એકસ્પોઝર વધુ-પડતું હોવાથી વસ્તુભેદ ઊડી ગયો છે. ભાઈ આસરે વિષયને પ્રતિકૂળ પ્રકાશમા એકસ્પોઝર કરેલુ છે. દરવાજા ઉપર જ ઝાડનો પડછાયો પડે છે અને વિષયનાં નૈસર્ગિક અંગો ચિત્રમાં ઉતારી શકાયા નથી. 'બા-રીમાંથી' ફોટોચિત્રની ટેકનીક બરા-બર છે; ચિત્રસંયોજનમાં ડીઝાઈનનો અભાવ છે. બલવન્ત ભટ્ટ




ફિલોસ્કરનાં કટાક્ષચિત્રો (ક્રમાંક ૪) અમોઘ અંકુશ

(ચિત્રકાર - શંકરરાવ ફિલોસ્કર . . . લેખક - પ્રોફેસર ના. સિ. ફડકે)

સ્વાતંત્ર્ય મેળવવાનું સાચું હથિયાર તે સ્વતંત્ર વિચારો' આ લક્ષમાં લઈને દરેક જણે પોતાની જિંદગીના પ્રશ્નોનો સ્વતંત્ર બુદ્ધિએ વિચાર કરવો જોઈએ. અમુક વ્યક્તિ આમ કહે છે અથવા અમુક ગ્રંથ તેમ કહે છે એટલે અમુક બાબત કરવી જ જોઈએ એવું માની લેવાની ટેવ છોડી દો. રાજ્ય એટલી પોતાની જ વિવેકબુદ્ધિ વાપરો. એની તીક્ષ્ણતા કદી કટાવા ન દેતા. 'હું જે કહું છું તેને રૂઢિનો અસર પરંપરાનો ટેકો નથી' એવા ભયથી ગભરાવાનું છોડી દો. કારણ કે પરંપરાને પૂછડે વળગેલા કોઇની આજ-સુધી કદી પ્રગતિ થવા પામી નથી દુનિયા એ કોઇ અજાણ્યા ગજરાજ જેવી છે તેને પાછી વાળવા રૂઢિ અને પરંપરા હમેશાં પડાપડી કરી રહી છે. જેને દુનિયાની પ્રગતિ ઘડવાની છે તેણે તો એ પૂછડું છોડીને સ્વતંત્ર વિચારનો અંકુશ જ દુનિયાને લોકેલા થવું જોઈએ

અંકુશનો મર્મભેદ થતાં હાથી જેમ આગળ ચાલે છે, તેવી જ રીતે તમારા સ્વતંત્ર વિચારોથી સમાજનું મર્મસ્થાન તમે સાધ્યું એટલે તે જગત પણ આગળ વધવાનો જ.

મારી નજરે (અનુસંધાન પાછળના પાન ૩૪૭થી)



જાપાનના જાણીતા નૃત્યાચાર્ય મિ. જુસુકે હીનાયાગી અને તેમના પત્ની

જાપાનનાં નૃત્યો

● ટોકિયોમા અમુક માલિકીની નૃત્યશાળા જોવાની અમારી બહુ ઇચ્છા હતી એટલે અમારા ગાઇડ મિ. આપાનોને તેનુ સરનામુ મેળવવા કહેલુ તેણે તરત કહ્યુ કે પોતે એક જાણીતા નૃત્યકને ઓળખે છે એ માણસે જાપાની દંભે લગભગ ૧૦૦ નવા નૃત્યો સર્જ્યા છે અને તેની ગ્રામોફોન રેકર્ડો ઘરો તેમજ શાળ ઓમા વપરાય છે એ નૃત્યો પર તેણે એક ગ્રંથ પણ બહાર પાડ્યો છે. ટેલીફોનથી તેને પૂછતા તરત આવવા કહ્યું અમે ત્યા પહોંચ્યા ત્યારે જાપાનમા ભાગ્યે જ નજરે પડે એવો એક કૃપાળો ગૃહસ્થ અમને મળવા ગયો થયો તે જાપાનન જાણીતા નૃત્યાચાર્ય જુસુકે હીનાયાગી હતા. તેમના પ ની ઠાવકા, બેઠા ઘાટના, પણ બહુ સલજ્જ-જાણે કોઈની સાથે આખ મેળવતા પણ કપતા હોય એવા સન્નારી પણ મેં જાપાનના નૃત્યનેઓમા એ બનેના નામ અમપાને મૂકાએવા વ ચ્યા હતા એ બનેએ આવથી અમ ૂ સ્વા ાત કર્યું અને પછી કપરના નૃત્ય ગૃહમા લઈ ગયા

જાપાની નૃત્યગૃહની કલ્પના આપણા માટે જરા મુશ્કેલ છે એક જ ઓરડામા જરા દૂર એક ફૂટ ઊચુ પાટિયાનુ પ્લૅટફોર્મ કરેલુ અને ભીતો પણ પાટિયાની વારનીશ કરેલી લીસી સાફસૂફ હતી ત્યા કેટલાક વિદ્યાર્થીઓ રોજના સમય પ્રમાણે શીખવા આવેલા તે રાહ જોતા હતા તેમા સારા ઘરના કૂટડા બાળકો, બાળકીઓ અને તરુણો પણ હતા બધાએ જાપાની કિમોનો પહેર્યો હતા અમારી ખાતર એક તરુણ કન્યાએ નૃત્ય આરભ્યુ સાજમા માત્ર બેત્રણ તારનો એક જાપાની સતાર તે સાથે વગાડનાર નૃત્યનો પ્રસગ આવા લાગ્યો ત્યાર તદ્દન જૂનો જમાનો જાગતો થતો લાગ્યો પણ નૃત્યકારોની ચીવટભરી હીલચાલો, ગહીરાઇ અને તાલબદ્ધ હતા છટાદાર અગભગીઓ જોતા કલા અને રસિકતાનુ નવુ જ દર્શન થયું જે પાત્ર નેપથ્યમા રહેવાનુ હોય તે ભીત પાસે અવણુ મો રાખી બેસી રહે છે તેનો પ્રસગ આવે એટલે તે આગળ આવીને નૃ ત્યમા પ્રવૃત્તિ આપે છે જાપાનમા આ નૃત્યો ઘરમા, સમાજમા, મેળે ત્યા આનદ અને ઉલ્લાસ પ્રેરી રહ્યા છે ખરી ખૂબી તો એ છે કે જાપાનના શિક્ષણમા તે ઓતપ્રોત થઇ ગયા છે

૨ મ.૨૧

પંડિત અજોધ્યાપ્રસાદ

(અનુસંધાન પાછળના પાન ૩૪૨થી)

ને માગ કમનસીબે પડિત અજોધ્યા પ્રસાદ મદ્રાસી નથી. એમણે મદ્રાસ માટે ઉદાર દિલે આ માન જતુ કર્યું ન હોત તો આવુ જોખમદારીભર્યું પદ એમના સુયોગ્ય રીતે જ અર્પણ કરવા મા હુ કૃતકૃત્યતા માનત'

પણ એ પ્રશસ્તિના પડઘા શમે એ પહેલા તો ૪ ૧૮૯૨ના જાન્યુ આરીની ૧૧મીએ પડિતજીનુ અવસાન થયુ ધૂંધળામા દિવસ માટેની ચાયાક લડત ચલાવનાર વિદ્વાનમત્ર ચાર્લ્સ બ્રાડલૉની ગમગીનીના હજુ દિવસ ભૂલ્યુ ન હતુ ત્યા લાગેલા આ આઘાત જગતરો ગણાય 'ધ-ડીઅન મિરર' નામના બગાળી પત્રે એમને 'the very pillar of strength who overwhelmed the whole country from Mount Everest to Cape Comorin' આ શબ્દોથી અજલિ આપી અલ્લાહાબાદ અને કલકત્તા યુનિ-વર્સિટીઓ શિક્ષણના આદાન મદાન્યા ી ખોટ કરુણાતુ સાધ્યા અને અલ્લાહા બાદના ચીફ જસ્ટીસ આન મિ નૉકસે પણ એવા યુનિ કાયદાજ્ઞાનના અવ-સાન પર િગીરી પ્રકાશિત કરી

પણ પડિતજીના અવસાનથી આખા દેશને લાગેલા મર્મભેદ આઘાતનો સાચો કયાસ કોણ કાઢી શકે? નાગપુર પત્રીની બોહકનુ પ્રમુખપ એમને જ આપવાનુ સર્વાનુમતે નક્કી થયુ હતુ. પણ એ સુધન્ય અવસર માણવાનુ સદ્‌ભાગ્ય એમને ન મળ્યુ

એ વધુ જીવ્યા હોત તો કૉંગ્રેસમા પાછળથી જન્મેલી ત્રિરાદિની એમણે વહેલી જન્માવી હોત એ નિ શક છે.

અશોક હર્ષ

મારી સફર

ભટકતો ભિખારી બનવા નહિ પણ મારી ધગશ દૃઢ કરવા સાબરમતીના પુણ્યતીરે કફની ધારી-ને સંતસમાજનો એ પુણ્યપોષાક દીપાવવાનો સંકલ્પ કરી, હું જીવનયાત્રાના જે પથે પડું છું તેનો

પહેલો દિવસ

જીવન-યાત્રાનો પથ ન કળી શકાય એટલો લાંબો છે. એનો માત્રી કેવળ આગળ જ ધપી શકે છે; યાત્રા પૂરી કર્યા વિના પાછો તો નથી જ ફરી શકતો, પણ પાછું વાળીને ય નથી જોઈ શકતો. જે રસ્તેથી આવ્યો તે રસ્તે હવે કદી પાછો જઈ શકશે જ નહિ. એણે તો આગળ ને આગળ જવું જ રહ્યું. માટે જ જન્મો પીનવા છતાં એનો જીવન-પથ તો નવો જ રહે છે; ભલે તે કરી પાછું આવવાનું નથી, જોયું તે ફરીને જોવાનું નથી

જીવન-યાત્રાનો પથ ભલા વિકટ તો છે જ. એની દિશાઓ અનંત છે. પળેપળે એ દિશા બદલાયા કરે છે. પથની ચારે કોર વનો, પહાડો, કોતરો, ઝરણો, નદીઓ ભલા વિકટ દૃશ્ય ખડું કરે છે કયારેક તો એ બધા જીવન-પથને એવો સાંકડો બનાવે છે કે યાત્રી જરાકે ય અસાવધાન રહ્યો, કે ધોધમાર વહી જતી નદીના કાળા ગાભ્મર અથાગ જળમા, ઊંડી ખીણમા, બળ્યા ભૂંજી અંધાર ઝાડીમા કે ભીષણ ઝરણના વમળમા ઊથળી જ પડ્યો સમજો. પછી ફરી કયારે પથ પર આવે એ કહી ન શકાય. એવા અસંખ્ય પથભ્રષ્ટ યાત્રીઓની આકળાગણના કરુણ, ભીષણ, રોમાંચક અને દુઃખભર્યા અવાજો જીવનપથની આજુબાજુ અસ્પષ્ટ રીતે સંભળાયા કરે છે, પણ યાત્રી પોતાનો રસ્તો કાપવામા એવો તો લીન બન્યો હોય છે, કે એને એ અવાજો નથી સંભળાતા. જરા થોભે, જરા વિચારે, જરા અંતર્મુખ બને તો જરૂર સાભળી શકે–પણ એટલો વખત કયા,? ધૈર્ય કયાં, શાંતિ કયાં, જિજ્ઞાસા કયા?

મારી યાત્રાની પગદંડીની ચારે બાજુ ઘણુંઘણું હશે પણ મને એ કશું સંભળાતું કે દેખાતું નહોતું.

સૂર્યના કુમળાં કિરણો, સાબરમતીના પ્રાતઃકાળનાં દૃશ્યો જળથી તરબોળ થયેલા મારા શરીર પર પ્રતિબિંબિત થયાં. પૂર્વાભિમુખ ઊભા રહીને મેં હાથમાં પાણી લીધું. ઠંડીથી શરીર કાંપતું હતું. દાંત કટકટતા હતા. 'હે પ્રભો!' બોલ્યો કે હંડા પવનનો એક ઝપાટો મને ઠંપાવીને ચાલ્યો ગયો. કદાચ મને ચેતવણી આપવા જ આવ્યો હશે કે, ચેતજે! પ્રતિજ્ઞા એ વ્યાવહારિક શોભા નથી. ભાષાની સુંદરતા વધારનારું એ આભૂષણ નથી. એને જીવંત રાખવા માટે જીવનનું સત્ત્વ નીચોવી પાવું પડે છે. પણ મેં એની કશી યે પરવા ન કરી; પ્રતિજ્ઞા બોલ્યો; અક્ષરશઃ આ જ નહિ, પણ આ જ ભાવનાઃ

'પ્રભો' આજથી હું સંતસમાજનો પુણ્ય પોષાક કફની ધારણ કરીશ. વનમાં જતા રામે અને લક્ષ્મણે એ કફની પહેરી હતી. આજ હું એ પહેરું છું. મારામાં શક્તિ ભરજે, ધૈર્ય અને શાંતિ પૂરજે. હું એ કફનીને શોભાવું એની બુદ્ધિ આપજે. હું ભટકતો ભિખારી નથી બનવા ઇચ્છતો. હું તો મારી ધગશ દૃઢ કરવા તલપુ છું.'

સૂર્યને પ્રતિજ્ઞા-અર્ઘ્ય આપીને કાંઠે આવ્યો. કફની પહેરી. પોટલું બગલમાં દબાવ્યું અને ચાલતો થયો.

સાબરમતીને કાંઠે કાંઠે ઉત્તર દિશામાં ચાલવા માંડ્યો. યાત્રાનો કાર્યક્રમ વિચાર્યો નહોતો. ચાલતાં ચાલતા એ પ્રશ્ન ખડો થયો. જવાનો માર્ગ તો નક્કી કરવો જ જોઈએ પણ પોબારા જેટલી હિમ્મત નહોતી. હજ અમદાવાદની હદ હતી. કોઈ ઓળખીતો મળી જાય તો રેવડી થવાનો ડર હતો. જે સામે મળતું તે નજર ચોરાવીને મને જોતું હોય એવું લાગ્યું. મને થયું, કદાચ મારો વેશ બંધબેસતો નહિ હોય. એટલે તો ઉતાવળે પગલે ચાલવા માંડ્યો. વારેવારે કફની પહેરેલ લક્ષ્મણની મૂર્તિ યાદ આવતી. મને કફની એવી શોભતી હશે કે નહિ તે વિચારતો જતો.

શહેરનું વાતાવરણ પલટાતું ગયું એટલે એક ઝાડ તળે બેઠો. અભ્યાસનાં પુસ્તકો સાથે લીધાં હતાં. નકશાપોથી કાઢીને કાશીનો માર્ગ જોવા બેઠો. અમદાવાદથી કાશીનો રસ્તો પૂછવો એ તો મૂર્ખાઈ જ લાગી. દિશા નક્કી કરીને જ આગળનું ગામ પૂછતા જવું.

અમદાવાદમા દૂધ વેચીને આવતી ત્રણ ચાર સ્ત્રીઓ સાથે થઇ આગળ કયુ ગામ આવશે એ મેં પૂછ્યુ ત્યારેણોએ મને તો ગભરાવવા જ માંડ્યો ખડખડાટ હસતી જાય ને પૂછતી જાય હું કશ જવાબ ન આપુ તો બદલામા બીજી ગમારણ જવાબ આપીને ચાલ કરે

'મા'રાજ, ભગવોન મલ્યા કે?' એકે પૂછ્યુ 'તપ કરી કરીને મા'રાજ થાયો જ્યા મૂ તે ભગવોન ન મલે 'લી? કહીને બીજી હસી હેં મા'રાજ! ચમ, નાહી આયા મેં?' 'મા'રાજને આયો વેરાગ મા'રાજ જાય મૂ હેમાળે તપ કરવા'

હું તો ડધાઈ જ ગયો કાટો વાગ્યાનો ડોળ કરીને પાછળ રહી ગયો મારા વેશ ઠીક નથી એ તો નક્કી થઇ ગયુ ગમે તેમ પણ હવે તો નિભાવી જ લવાનો નિશ્ચય વધારે દઢ થયો પરિસ્થિતિને નિભાવી લેવામા સફળતાનો યશ સમાએલો છે મૂળ ઉદ્દેશ તરફ એક ડગલુ આગળ વધાય છે પરિસ્થિતિથી કાયર બની જનારે સફળતાની બાબ આશા ન રાખવી જોઇએ મારામા આ વખતે આ બધી વિચારસરણી નહોતી માત્ર ધ્યાનમા એ આવી શકે એવી સ્થિતિ પણ નહોતી છતા અજાણતા એ બ્રહ્મ થઇ ગયુ

લગભગ અગિયાર વાગતા એક ગામને પાદર નીકળ્યો સામે જ કૂવો હતો સ્ત્રીઓ પાણી ખેંચતી હતી પાચ સાત છોકરાઓ રમતા હતા કૂવા પાસે થઇને હું નીકળ્યો કે કેટલીક સ્ત્રીઓ ખડખડાટ હસી પડી છોકરાઓનું ધ્યાન મારા તરફ ખેંચાયુ પોતાના જ જેવડો એક કફની ધારીને 'મહાત્મા'ના વેશ લઇ જતો જોઇ ખુશીમા આવી ગયા હોય 'હ્યા' આ કોણ!' કહેતા બધા છોકરા દોડી આવીને મને ઘેરી વળ્યા હસે ને તાળીઓ પાડે હું તો શૂન્ય થઇને ઊભો રહ્યો અજાણ્યુ કૂતરૂ ગામના કૂતરા વચ્ચે ઘેરાઈ જતા જે સ્થિતિમા મકાય છે, એવુ જ મારૂ થયુ હજી યે જ્યારે કોઇ અજાણ્યા કૂતરાને ઘેરાએલુ જોઉં છુ ત્યારે એ પ્રસંગ મને યાદ આવે છે પાચેક મિનિટ આ ખેલ ચાલુ રહ્યો ગામમાથી લેંશ લાકડાને આવતા એક પ્રૌઢ માણસે છોકરાઓને શુ છે 'બ્યા' કહીને દૂર હાકી કાઢ્યા છોકરાની સાથે જ હું તો ઝપાટાબંધ ચાલતો થઇ ગયો

હવે તો મને વિશેષ ખાની થઇ કે મારો વેશ મને શોભતો નથી મારા વિચારો ભલે ઘરડા રહ્યા પણ હું હજી નાનો જ છુ. છતા હાથો નહિ મને વધારે દઢતા ધારણ કરી

સૂરજ ઢળી ગયો હું બેચાર ગામ વટાવી ગયો થાક લાગ્યો અને ભૂખ પણ લાગી સાવા–સાધુ–કફનીવારીને બધે માગ્યુ મળે એવો મને પહેલેથી જ ખ્યાન હતો એ પણ એક કળા છે અને ઘરબારી કુશળતા એમા ણ જોઇએ એનુ જરા યે ભાન નહોતું ઘણાઘણા ચોકડા બાધ્યા ને તોડી નાખ્યા ગામમા જઇને માગી લાવવાનો વિચાર કરૂ, પણ ગામ આવે એટલે માગવા જવાની હિંમત બસી જાય એમ સાજ પાડી દીધી પગ ઢીલા થઇ ગયા બધુ ધ્યાન પેટ ઉપર એકઠુ થયુ પાણી પી પીને થાકી ગયો હવે આવતા ગામમા જવુ અને માગી લાવી, પકાવી, ખાઇને પેટ ભરી લેવ એવો ફરીફરીને દઢ વિચાર બાધ્યો ગામ આવ્યુ હિંમતે નાસવાનો પ્રયત્ન કર્યો, પણ તેને પકડી પાલી ગામ નાનું હતુ દરવાજામા તો પેઠો બેચાર કૂતરા ભરયા થોડે દૂર ગયો ત્યા એક દુકાન જોઇ બધી નવુ આક્રમણ થયુ શરમે મને દબાવી દીધો એ ા દબાણ નીચે ી હિંમત ઊભી થઇ શકી નહિ ગજવામાથી એક આ ી કાઢી અને દુકાનદાર તરફ ફેકી 'નવટાક ચણા આપો' દુકાન દારે ચણા તોળ્યા અને બે પૈસા કાપી લીધા

'નવટાકના બે પૈસા?'

'હા, હા'

'એક પૈસો જ હોય'

બે ચાર ઘરાક ઊભા હતા સૌ મારી સામે જોઇ રહ્યા

'બેવુ હોય તો લે નહિ તો ચાલતો થા. સાધુડા ચણ્યા ખાશે?' વાણિયાએ કહ્યુ.

મને માનહાનિ જેવુ લાગ્યુ 'લો, લ્યારે' કહીને પડીકુ નાખુ આપ્યુ વાણિયાએ એક આની ફેકી દીધી લઇને હું ગામ બહાર નીકળી ગયો સાધુ ઉપર વાણિયાનો ભક્તિભાવ કેમ ન થયો એ મોટો નવાઇ જેવુ લાગ્યુ પેટ તરફ મન વળ્યુ, ચોરલે ચણા ન લીધા એ મૂર્ખતા જેવુ લાગ્યુ પણ હવે તો ગામ બહાર નીકળી ગયો હતો ગાડમાડ અંદર ઘૂસેનો હવે પાછો વળુ જ શાનો?

ભૂખ્યોતરસ્યો બીજે ગામ જવા ચાલ્યો. મૂંઝવણ હવે વધવા લાગી. તેમાં ય શરમાળ સ્વભાવને લઈને મારેલું કામ કરવામાં ફાવી શકતો નહિ. એ મોટી આફત. સાધુના સ્વાંગમાં ફરનારે કોઈ પણ રીતે સાધનો મેળવી લેવાની કળાનો હવે મને જરા જરા ખ્યાલ તો આવવા જ લાગ્યો. પણ તે પહેલા દિવસ બેઠલો બાલિશ હતો. વિચારમાં ને ધૂનમાં એક નાદી પાસે પહોંચ્યો. સૂરજદેવ વાદીની રીંગણી ઉપર છેલ્લો પ્રકાશ ફેંકતા હતા. નાની વાડ ફરીને રીંગણીએ પહોંચી શકાય અને કુમળા રીંગણા તોડી ખાઈને ભૂખ શાંત કરી શકાય એવો ઊંડતો ખ્યાલ આવી ગયો. વાડ પાસે ઊભો રહ્યો. મનને કે રીંગણી મને બોલાવવા લાગી અને કુમળા રીંગણાં તોડાઈ જવાના ભયથી પાંદડા નીચે સંતાવા લાગ્યા.

મન બોલ્યું: 'કોઈ નથી. બેડૂત દેખાતો નથી. લપકાને બત.રીંગણીની આડમાં રહીને રીંગણા તોડી ખા.'

ભૂખે કહ્યું: 'બત, બત, ઠીક છે'

ચિત્ત બોલ્યું: 'નહિ; ચોરી ? પકડાઈશ તો ? તારી આ કરતૂતની કંઈ કિમ્મત ? ના,ના; ન જઈશ'

સ્તબ્ધ થઈને ઘડીક ઊભો રહ્યો મનને મારવું અને ચાલતો થયો. સૂર્ય ભગવાને વિદાય લીધી. ગયા તો જગત પર શાંતિ પાથરવા માંડી હતી, પણ મારી ભૂખની વ્યથા ભૂલી ન શકાય તેવી હતી. આગળ જતા મેં પહર અને તેથી પણ વધારે દિવસોના કકડા કર્યા છે, પણ આવું કષ્ટ એ વખતે અનુભવ્યું નહોતું. સ્વેચ્છાએ સ્વીકારેલા કષ્ટમાં અને ન છૂટકે સહવા પડતા કષ્ટમાં વેદનાનું સ્થાન કેવું છે તે સમજી શકાયું

સંધ્યાના રંગો ઉપર રાત્રિના આગમનનો સૂચક ઝાંખો કાળો પડદો ઊતર્યો અને હું એક ગામના દરવાજા પાસે જઈ ઊભો. ગામ નાનું હતું. નામ યાદ નથી. સાયો પેથાપુર થોડે જ છેટે છે. મારી એ વખતની નોધપોથી એક મિત્ર પાસે રહી ગઈ અને મિત્રનો પછી પત્તો જ ન મળ્યો. એવાં કેટલા યે સ્મરણ તેમા રહી ગયા છે. વિચાર્યું, કે ગામમાં હાકોરબંદિર હશે ત્યાં જઉં. કોઈ સાધુ તો ત્યાં હશે જ. પૂજારી હશે. મને જાવાનું તો પૂછશે જ. એક જણ ઢોર હાંકીને ગામમાં જતો હતો તેને પૂછ્યું.

તેણે કહ્યું: 'ગામમાં મોટું મંદિર તો સ્વામીનારાયણનું છે; પણ તમે કેવા સાધુ છો ?'

'રામાનંદી' મેં કહ્યું. મને આ જ નામ યાદ હતું.

'તો તમે રામજીમંદિરમા જજો, સ્વામીનારાયણના મંદિરમાં રામાનંદીને ઊતરવા નહિ દે.' તેણે કહ્યું.

મેં મનોમત કહ્યું, ભૂલ થઈ. સ્વામીનારાયણિયો બન્યો હોત તો 'પરસાદ' તો જરૂર મળત!

રામજીમંદિરને પૂછતો ગયો. ઊંચા ઓટલા ઉપર એક કાળોભમ્મર જટ જેવો પુરુષ બેઠો હતો. બેઠે બેઠે ભીંત બેઠા હતા. એ હતું રામજીમંદિર. વારંવાર જોઈ રાખેલું 'જે રામજી કી'નું વાક્ય બોલીને પગથિયું ચડ્યો.

'કોના સો ?' સાધુ-પૂજારીએ પૂછ્યું.

'રામાનંદી સાધુ.' મેં કહ્યું.

'બેસો'

'રાત રહેવું છે.'

સાધુ કંઈ બોલ્યો નહિ. આરતી વખત થયો. સાધુ અંદર ગયો. આરતી પૂરી થતાં જ ખૂબ જવાનો કોલ કરીને સળગેલી બત્તી લઈને તે આરતી માટે તૈયાર થયો. હું પણ રામજીની મૂર્તિ સામે હાથ જોડીને ઊભો રહ્યો. બેઠેલા ત્રણમાંથી બે જણ જતા રહ્યા અને એકને જતો રોકીને ઝાલર વગાડવા પૂજારીએ રોકયો હતો તે ઝાલર પર ડંકા દેવા માંડ્યો. 'આધા મેં આધી ઘડી' બોલીને પૂજારીએ આરતી પૂરી કરી. હું પણ ડોળા કરવા મંડી પડ્યો અને જરા ઊંચે અવાજે 'ત્વમેવ માતા ચ' નો શ્લોક બોલી ગયો. ચરણામૃત આપીને પૂજારી બહાર ઓટલે જઈને બેઠા. હું રામજી સામે ધ્યાન ધરીને બેઠો. એમાં બહાર નહિ બેસવાની મારી શરમ છુપાઈ હતી. થોડી વારે પૂજારી આવ્યો.

'અહીં જ સૂવું છે કે ?' પૂજારીએ કહ્યું.

'હા.' મેં જવાબ દીધો.

પૂજારીએ એક ખૂણામાંથી રૂણનું ફાટેલું ગુદડિયું લઈને મને આપ્યું.

'લો, સૂઈ રહો પેલા ખૂણામાં.' કહીને પૂજારી ઓટલે જઈ બેઠા.

હું તો પૂજારી 'કંઈ આવું છે કે ?' એમ પૂછે એનું સ્મરણ કરતો રામજીની મૂર્તિ સામે ધ્યાનસ્થ થઈ

(અનુસંધાન આગળ પાન ૩૮૪મે)



વરસની વહેંચણી

મહારાજ! મારે તો ઘણું ઘણું કરવું છે ને તમે તો મને ટૂંકા શા જિંદગી આપી એમા તો કાંઇ યે ન થાય; માટે લાંબો આવરદા આપો' માણસે સરજનહાર બ્રહ્મા પાસે માગણી કરી.

બ્રહ્માએ આ સૃષ્ટિ રચની વેળા વિધાતાની સલાહ લીધી અને જણે મળીને નક્કી કર્યું કે સૌને સરખો આવરદા આપવો માણસ, પશુ, પંખી, જળચર, વનચર, સૌ સરખા કોઇ વહાલું નહિ કે કોઈ અળખામણું નહિ. એવું જણે મળીને સૌનો આવરદા ચાળીસ વરસનો નક્કી કર્યો.

સરજનહાર બ્રહ્માએ સૃષ્ટિ રચી જાતજાતના ને ભાતભાતનાં પશુપંખી, ઝાડપાન, ફળફૂલ, જળચર, વનચર ને ખેચર પ્રાણીઓ બનાવ્યા, માણસજાત પણ સરજી.

થોડી વાર થઇ ત્યા તો ઉપર પ્રમાણે પોતાના દુઃખ જીવતર માટે ફરિયાદ કરતો માણસ બ્રહ્મા પાસે આવ્યો. બ્રહ્માએ એની ફરિયાદ સાંભળીને જવાબ આપ્યો 'અમે તો સૌને સરખી વહેંચણી કરી છે, પણ તુ જરા થોભ. વખતે કોઈ લાંબા આવરદાની ફરિયાદ કરતો આવશે તો એના વરસ તને આપીશ.'

એ સાંભળી માણસને સંતોષ થયો.

ગધેલામા બળદ આવ્યો. એણે પોતાનુ માથું નમાવીને અરજ ગુજારીઃ 'મહારાજ! ચાળીસ વરસ મને વધારે પડે છે. એટલી લાંબી જિંદગી ગદ્ધાવૈતરૂ કરીને કાઢતા મને નવનેજાં થશે, માટે મારા વરસ ઘટાડો.'

'ભલે!' બ્રહ્માએ કહ્યું 'તારા વીસ વરસ ઓછા કરીને માણસને આપુ છુ.'

એ સાંભળીને બળદ રાજી થયો ને બ્રહ્માનો આભાર માની એ ગયો.

માણસને વીસ વરસ વધારે મળ્યા. પણ એટલાથી એને સંતોષ ન થયો એને હજુ વધારે વરસ જોઇતા હતા, એટલે એ ઊભો રહ્યો

થોડી વારે કુતરો આવ્યો અને બ્રહ્માને વિનંતિ કરી 'મહારાજ' ચાકરી કરીને મારે જિંદગી ગુજારવાની છે, માટે મારા વરસ ઓછા કરો; નહિતર ભસીભસીને મારૂ ડાચુ દુખી જશે. મારે આટલી બધી લાંબી જિંદગી નથી જોઇતી.'

બ્રહ્માએ એના વીસ વરસ ઘટાડ્યા. તે ઉપરથી ગેલમા આવીને એ ભમતોભમતો દોડી ગયો.

એવામા આવ્યો બગલો. એણે પણ અરજ ગુજારીઃ 'આપજી! નદીમા ઘડે પગે ઊભા રહેતાં મારો આવરદા નહિ ખૂટે. મારા ત્રીસ વરસ ઓછાં કરો.'

'બ્રહ્માએ એના યે વીસ વરસ ઘટાડ્યા.' બગલો એ સાંભળી રાજી થઇને ઊડી ગયો.

માણસનો આવરદા સો વરસનો થયો.

પહેલા ચાલીસ વરસમા માણસે ખાધુંપીધું, ધંધોધાપો કર્યો ને મોજમજાહ કરી.

પછીના વીસ વરસ બળદના આવ્યા, એમાં એને આખા કુટુંબનો ભાર ઉપાડવો પડ્યો. સંસારની ધૂંસરી ઉપાડતા એની પિચાગની ડોક વળી ગઇ જેમતેમ કરતા સાઠ વરસ થયા.

તે પછીના વીસ વરસ કુતરાના આવ્યાં. ઘરડી અવસ્થા થઇ. છોકરાંઓની વહુવારૂના હાથમા કારભાર

ગયો. તેમનાં છેયાંછોકરાં એનો ખોળો ખૂંદવા લાગ્યાં એને ખભે ચઢીને ચોટલી ખેંચવા લાગ્યાં. એ ખૂમ-બરાડા પાડતો રહ્યો, પણ કોઇએ એને દાદ આપી નહિ. આમ દુઃખેપાયે એંશી વરસ વીતી ગયાં.


છેલ્લાં વીસ વરસ આવ્યા. બગલાનાં ચૂંચી આંખો, બોખું મોઢું, સફેદ માથું અને લથડતું શરીર. સૌકોઇ મશ્કરી કરે. મોઢામાં દાંત નહિ, તેથી જે આવે તે બગલાનાં પેઢે ગણી જાય. આ રીતે એ સો વરસનો થયો.

વરસની વધેંચણીમાં પારકાનાં વરસ લઇને પોતે નાહકનો દુઃખી થયો એમ વિચાર કરતોકરતો એ મરણ પામ્યો.

કોઇ માણસને બ્રહ્માએ વધારાનાં વરસ આપીને સુખી કર્યો કે દુઃખી તે કોણ કહી શકે ?

'હાથીનું નાક' એ નામની, શ્રી નાગરદાસ ઇ. પટેલે સંપાદિત કરેલી, બાળકો માટેની સુંદર, રંગબેરંગી છાપવાળી ચોપડીમાંથી

(મળવાનું ઠેકાણું જનરલ બુકડીપો મુંબાઇ ૦ ૧૨-૦)



આઠ સિંહ !

સરકસ જોઈ એક દિ' સરવે, બાળક હરખે ઘેર જતાં;
હાથી, ઘોડા, વાઘ, સિંહ ને વાનરના લ્યા વાદ થતા.

કોઈ કહે મેં વાનર જેવું દીઠું લ્યાં ના એકે કામ;
હાથીના ખેલોની પાસે, કોઈ ફલેતું ધૂળ તમામ.

ઘોડાની તોલે ના કોઇ, જેને માથે સાત સવાર;
'વાઘ-બકરી' તો એથી સારું, કુદરતને પણ પેલે પાર.

તેના કરતાં વનનો રાજા માથે રાખી કરવી ગેલ;
તેના જેવું કામ નહિ કો', જેમાં થાતા મૃત્યુ-ખેલ.

'એક સિંહને બીતાં બીતાં માથે લેવો તેમા શું ?'
બાબુ કહે 'હું આઠ સિંહની રખેવાળી ઓઢી ઊંઘું છું.'

જયંતીલાલ શાહ

મારી સફર (અનુસંધાન પાછળ પાન ૬૮૪થી)

બેસી રહ્યા. એક કલાક ઉપર વખત વીતી ગયો. બેચાર વખત બહાર કોઇએ બાવાજીને પૂછ્યું કે કેમ બાવાજી, જમી બેઠા કે ?' ત્યારે 'ના રે ભાઇ !' કહીને બાવો ચૂપ રહેતો, તેથી મારી શ્રદ્ધા વધી કે બાવાજી જમવા જતી વેળા મને જરૂર પૂછશે. એથી હું વધારે ધ્યાનગ્રસ્ત બનતો ગયો. છેલ્લે મારો બધો શ્રમ ભાંગી ગયો.

કોઇએ પૂછ્યું, 'કેમ બાવાજી ! બાઇજીને બેઠા કે ?'

'શું કપાળ બાય ?' બાવાએ કહ્યું.

'કેમ, હજી સુધી ?'

'કેમ તે એમ; જુઓને . . .' કહીને બાવાએ મારા તરફ આંગળી ચીંધી. મારી પીઠ તેના તરફ હતી પણ ત્રાંસી આંખે તેનો ઓળો હું જોઇ શકતો હતો.

'કોણ છે ?' પૂજનારે કહ્યું.

'હશે કોઇ રખડતા રામ ! એ સૂએ તો જમું ને ! રોજ ને રોજ જોવા ચાલ્યા જ આવે છે.'

'ભલેને બેઠો. તમે તમારે જમી લો ને !'

બાવાજીને સલાહ આપીને તે ભાઇ ચાલ્યા ગયા. બાવાજી કંઇ નિર્ણય ન કરી શકયા હોય તેમ બેસી રહ્યા.

ઓહો ! બાવા પણ બાવા ? એ નિરાશાભર્યો પ્રશ્ન સાથે હું ઊઠ્યો અને બાવાજીને ધર્મસંકટમાંથી છૂટા કરવા ખૂણામાં નાખેલા ગુદડિયા ઉપર જઇ, પોટલું ઓશીકે મૂકીને સૂતો કે તરત જ બાવો ઊઠ્યો અને હાકોરજીની બાજુમા જ આવેલી તેની ઓરડીમા ઘૂસી ગયો. મારા તરફ નજર ફેંકીને કમાડ અધૂકડા વાસી દીધાં. મને તો ઊંઘ આવે જ શાની ? બાવાએ ઓડકાર ખાધા સારે તો મારે મન એ ઓડકારની મિઠાશ ખૂબ અંકાઇ.

થાક અને ભૂખ, નિરાશા અને વિચારના બોજ તળે મોડી રાતે દબાયો અને ઊંઘ આવી ગઇ. જાગ્યો સારે બાવાજી તૈયાર થઇને ઊભા હતા.

'લો, સારે નીકળો બહાર; મારે ગામમાં જવું છે.' કહીને બાવાજીએ તાળું હાથમાં લીધું.

હું તો નાસવા જ માગતો હતો. આંખો ચોળીને પોટલું બગલમા દબાવ્યું. નીચે માથે ગામ બહાર નીકળી ગયો. નજીકમાં કયું ગામ તે પૂછ્યું તો પેથાપુર સંભળાયું. મારગ પૂછીને ચાલતો થયો. જીવરામ જોષી



ચાર ચૂંટેલી

અજાણ પથમાં વહી જીવન આ જતું, સરાયો
કહે મનમાંહીં ઘણા 'જીવનપથ શું સાચ આ
હશે?' અત્તર ચીરતી દિશા વહેણ આ મુજના?'

કરી સ્મરિત કોઈ ના હૃન્વિષયને ભૂલતી,
કર ફિકર શીદ હું? જાન ગે વહેતુ જતુ
વહે સરલ ભાવથી દવન છે સરિતા સમુ
હું યે સરિતના સમો સરળ થૈ તજુ સરાયો (પ્રસ્થાન) નેહાલાલ ત્રિવેદી

કોરાકાર રાનડે

મને કોણ જેમને ત્યા લઇ ગએલુ તે અત્યારે યાદ નથી આવતુ કોઇ સિધી ગિત્ર સાથે ત્યા ગએલો એટુ કઇક સાભરે છે, પણ વધુ વિચાર કરતા એ ભ્રમ જ લાગે છે વિદ્યાર્થી અવસ્થામા વિદ્વાનો પ્રત્યે આદરભાવ કઈક વિશેષ હોય છે એમની પાસે જવામા નિષ્કારણ ભય લાગે છે એ કેવી ઉચ્ચ કોટિના પ્રાણી, તેમની પાસે આપણે તદ્દન પામર એવો વિચાર કેમે કર્યો મનમાથી જતો નથી કેટલાક વિદ્યાર્થીઓની ધૃષ્ટતા જોઇ મને અત્યત આશ્ચર્ય થતુ પોતુ જ નહિ, હું ભયભીત પણ બની જતો કોઇ માણસ ગમડી પડે ત્યારે કોધાવેશમા વિવેકભ્રષ્ટ બની ગાળો ચોપડાવે ત્યારે જેમ આપણે અસ્વસ્થ થઇ જઇએ છીએ તે જ પ્રમાણે કોઇ વિદ્યાર્થી ગુરુજનો કને જ્યારે ધૃષ્ટતાથી બોલવા લાગે ત્યારે હું સ્વત જ ભયભીત થઈ જતો આજ પણ તે ભીતિ —અથવા ક્ષોભ ગમો—મારામાથી સપૂર્ણત ગઇ નથી સ્વભાવનો એવો ક્ષોભ મને સારે છે, પરતુ એ નીકળી જવો સારો છે એટુ મનને નથી લાગતુ

પ્રો નીલકઠ બાળાજી રાનડે ઠાકુરદ્વારમા એક નાનાશા ઘરમા રહેતા બહુધા ત પૈસાફંડ જગાવવા માટે સ્વયસેવકો મેળવવાની ખટપટમા જ રહેતા ફર્ગ્યુસન મેનેજમાથી પૈસા ફંડ એકત્ર કરવામા મારો ઉત્સાહ અને કસબ સારી રીતે વખણાઇ ગયા હતા એટલે મારૂ નામ એમને કોઇએ સૂચવી દીધું હતુ

દાદર ચઢી હું તેમની બેઠકમા પેઠો ભીતી એકસરખી ઘણકી રહી હતી બેઠકમા પુસ્તકોનો ઢગ પડ્યો હતો વ્યવસ્થિતપણાનુ નામસરખુ પ્યાઈ ન હતુ એકબે મહદનીશ બોજામા મોટામોટા કોપ લઇ, ઝીણી આખે પાના ફેરવી રહ્યા હતા એક ખીટી પર લાલ પતરાનુ બસ્તિપાત્ર (એનામા) ટાગેલુ હતુ તેની રબરની નળી કાળજીપૂર્વક મૂકાએલી ન હતી રાનડે પોતે એક ટેબલ નજીક ખુરશી પાડી બેઠેલા હતા એમનુ શરીર મજબૂત, બાવો ઠીંગણો ને ગરદન ગોળ હતી

કૉલેજ ના પ્રોફેસરોની માફક આ મહાશય પણ કેમ જાણે જીવન પર ઉપકાર કરી રહ્યા હોય એવા ભાવે જ મારા સાથે બોલશે એવુ મને લાગતુ હતુ પણ તેમ ન કરતા તેમણે બહુ આદરભાવથી બોલવા માડ્યુ બનેલે મારી પ્રશસા કરી અનુગ્રહ મેળવવાના હોય એ રીતે તેમણે બોલવુ શરૂ કર્યું મને આશ્ચર્ય થયુ ને હું ચૂચવાયો બોલવુ શરૂ થયુ ત્યારથી તો ક્ષોભ લાગ્યો, પણ થોડા પ્રશ્નોત્તર બાદ, આપણે અલ્પજ્ઞ છીએ ને સામે બેઠેલા વિદ્વાન બહુશ્રુત છે એ ભાન જ મનમા ન રહી.

એવે વખતે અતિવિવેકમા રહેતા અવિવેક થઈ જાય છે, જે બને વિચિત્ર અને કૃત્રિમ લાગે છે પણ મારા પૂરતા તો બને સ્વાભાવિક હોઈ, મારો ઈલાજ ન હતો એ સ્થિતિ આજે પણ બદલાઇ નથી. મદિરમાની મૂર્તિ જ્યાસુધી બોલતી નથી ત્યાસુધી જ આપણે તેને દેવ માનીને સ્તવી શકીએ છીએ મૂર્તિ જ્યારે બોલવા લાગે ત્યારે થોડો વખત તો ચમત્કાર માનીને આપણે ચકિત થઇએ, પણ પછી તે ત્યાગી ઈશ્વરભાન રહેવાનો નહિ આ પ્રકાર પણ એવો જ હતો બોલવાનો વિષય કર્યો હતો એ આજે નથી સાભરતુ, પણ મારી ધૃષ્ટતા પણ એમણે સહી લીધી હતી એટલુ માત્ર યાદ આવે છે

પ્રોફેસર રાનડે એક અગ્રેજી-મરાઠી કોષ તૈયાર કરતા હતા કોષકાર મનુષ્ય સર્વજ્ઞ હોય છે એ સમજૂત મૅલેજનુ શિક્ષણ પૂરૂ કર્યું હોવા છતા મારામાથી ગઇ નહોતી જે માણસને એકેએક શબ્દની જાત માલૂમ છે, તેના પૂર્વજ કોણકોણ તે જે શોધી કાઢે છે, દરેક શબ્દના નિકટસબંધી-

ઓનો હિસાબ એની પાસે તૈયાર હોય છે અને અમુક શબ્દ ક્યાંથી નીકળ્યો છે ને તેથી તેનો સ્વભાવ કેવો છે એ જેને માહિત છે એવા માણસની ચોમુખી વિદ્વત્તા અસાધારણ જ ન લાગે? અંગ્રેજી શબ્દો માટે મરાઠી પર્યાય શોધી કાઢવા ને એ નં મળે તો પોતાની ટકશાળમાંથી તે તૈયાર કરવા એ કેવું વિકટ કામ છે! પોતે તૈયાર કરેલા શબ્દ સમાજ સ્વીકારશે કે નહિ એ વિષયમાં એમને 'આત્મનિ અપ્રત્યય' નહિ થતો હોય શું?

આ મુલાકાતની ફળનિષ્પત્તિ શું થઇ તે હાલ યાદ નથી. પરંતુ નીલકંઠ બાબાજી વિદ્યાર્થીઓના મિત્ર હતા એ વાત તો એ જ પળે મારા અંતઃકરણમાં જડાઇ ગઈ

❀ ❀ ❀

એક દિવસ સાંજે હું ચોપાટી પર ફરવા ગયો હતો. સૂર્યાસ્ત અને ડોલતા જહાજોની શોભા તથા ભરતીના મોજાનું ખડક સાથે અવિરત અસમાન યુદ્ધ જોવામાં હું એટલો લીન થઇ ગયો હતો કે હું ક્યાં છું એ પણ વીસરી ગયો હતો. ભરતી જોરજોરથી આવી ખડક પર હલ્લો કરી તેને ચારે બાજુથી ઘેરી લેતી. પરંતુ ખડકની સ્થિર રાગ પર તેનું કશું પરિણામ નહોતું આવતું. ભરતી કંટાળીને માર્ગ આપે ત્યારે તે ખડક હસતો નહિ કે વિજયોન્માદથી છલકાઇ ન જતો. ભલે નખશિખાંત ઘોંઘેલો છતા અંતર તો કોરૂ પાષાણ જ!

એવામાં રસ્તા પર કશોક અવાજ સંભળાયો. ભાનમાં આવ્યા સિવાય જ હું એ માર્ગે વળ્યો. લાલ રેશમી કૂંચો ધારેલા કોઇ સદ્‌ગૃહસ્થ મારૂ લક્ષ્ય દોરવા મારા તરફ લાકડી ધરી રહ્યા હતા એવું મને દેખાયું. મને ઓળખાણ ન પડતાં હું શૂન્ય દૃષ્ટિએ તેમની નજીક પહોંચ્યો. 'કેમ છો? કયાં ગયા છો? ફરવા આવ્યા છો?' વગેરે પરિચયસૂચક શબ્દો સાંભળી મને ઓળખાઇ ગયા જેવું લાગ્યું કંઇ અસ્પષ્ટ, અર્થશૂન્ય જવાબ મોંમાંથી નીકળી ગયા. સામેના માણસે કળી લીધું કે અહીં કંઇ પ્રેમનું પાત્ર દેખાતું નથી. એટલે થોડાક વિસ્મય થઇ ચાલી નીકળ્યા. એ ગયા પછી મને યાદ આવ્યું કે એ તો કોયકાર રાનડે હતા! એમના ઘેર એમણે પહેરણ જ પહેરેલું હતું આજના સુપર્ણ પોષાકમાં મેં એમને કદી જોયા ન હતા. મને પસ્તાવો થવા લાગ્યો. હું કેવો બોલિશ કે આવા મહાન માણસને ઓળખી ન શક્યો. એમને મારા વિષે શું લાગ્યું હશે? એમને ત્યાં જઇને માફી માગી આવું? પણ તે જો ફરિયાદ દેખાય; અને માફી માગવા જતાં કોણ જાણે શા જો શબ્દો મોંમાથી બહાર પડે! ગોલટી ફજેતી થાય તો? તે વખતે ને તે રાતે પણ મેં મારી ખૂબ નિંદા કરી. જગતમાં આપણા માટે સ્થાન નહિ, સામાન્ય સમયસૂચકતાનું જો ઠેકાણું નહિ, આપણા હાથે શું થવાનું છે? એવા અનેક વિચારો મનને કોરી ખાવા લાગ્યા ને ચિત્ત અગાસન્ન થઈ ગયું. ઉપરાંત ઇંધની ભરતીએ આ આત્મનિંદાનો ઝાંખરો હડાડી દીધો ને વિદ્યાર્થીનો નિત્યક્રમ શરૂ થઇ ગયો.

લોકમાન્ય તિલકને સરકારે પકડ્યા છે! હાઇકોર્ટમાં ઓફ સરખા છ દિવસથી તેઓ પોતાનો બચાવ કરી રહ્યા છે! સારા મુંબઇમાં એથી બહુજ અદ્‌ભુત વિદ્યુત્‌સંચાર થયો છે. મિલમજૂરો અક્ષુબ્ધ થઇ ઠેકાણે રાડ કરવા લાગ્યા છે. રક્ત-પિપાસુ બની અમે તેમને ચાનક આપી રહ્યા-છીએ. પોલીસ અમને ત્યાં જવા દેતી નથી 'આગેા અહીંથી, નહિ તો નાહકના પકડાઇ જશો' એવી તાકીદ ગોરા અમલદારો સંભળાવી રહ્યા છે. ગોળીબાર શરૂ થઇ ગયો છે. આખા રસ્તા પર મુડદાં પડેલાં છે. હસ્પિતાલમા જખમાએલાંની સંખ્યા વધતી જાય છે. તેમની સેવાચાકરી કરવા અમે નીકળી પડ્યા છીએ. પોતાના હથરણાં ને ધોતીયાં ફાડી તેમના પાટાપિંડી કરીએ છીએ. આનું છેવટ કેવું આવશે તે કોઇનું યે મન કળી શકતું નથી, પણ જે થઇ રહ્યું છે તે ખૂબ સરસ ચાલે છે એટલું માત્ર સમાધાન પ્રત્યેકના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ આવે છે. અમે વિદ્યાર્થીઓએ ઘેર જવું છોડી દીધું છે.

એવામાં મેં સાંભળ્યું કે મિલમજૂરોની મદદ માટે ફંડ કાઢવામાં આવ્યું છે ને અમારા પ્રોફેસર રાનડે તેના મંત્રી થયા છે. આપણાથી થાય તેટલું કરવું જોઇએ. સરકાર આપણા દેશબંધુઓને ગોળીએ દઇને એ આપણાથી કેમ સહન થાય? પોતે અસહાય નથી એની મજૂરોને ખાત્રી થવી જોઇએ. તેમને લાગવું જોઇએ કે આપણી નેતૃભક્તિની કદર કરનાર દુનિયામા કોઈ છે મારા બીસા ખાલી હતા શું કરવું તે સૂઝે નહિ પણ બોલીમાં નવો વેચાતો લીધેલો સિતાર પડ્યો હતો તે આખમા સાલવા લાગ્યો. એ સિતાર સાગલીના એક હસ્તાદે ખાસ મારા માટે તૈયાર કરી આપ્યો હતો. તે ખૂબ જ સુંદર અને મધુર હતો, પણ મને તે વગાડતાં આવડે ત્યારે તે બોલે ને? મેં એ સિતારનો એક ધરાક રોળી કાઢ્યો. ધરની વસ્તુઓ વેચવી એ ઘરરખુપણાને શોભા રૂપ નથી એવા નાનપણમાં મન પર પડેલા સંસ્કાર ડોકાવા લાગ્યા, પણ મેં તેમની ગળચી દબાવી દીધી ને સિતાર વેચી નાખ્યો. બીજા કેટલાક મિત્રો પાસેથી ઉઘેરાળ જમાવેલું તે અને આ સિતારના પૈસા ભરી લઇને ગયો નીલકંઠ બાબાજીને ત્યા.

આ વખતે એમણે મને ઓળખ્યો નહિ, અથવા બહુના કટુ અનુભવથી વિશેષ પરિચય વ્યક્ત કરવો તેમને રૂચ્યો નહિ. પણ મેં તેમને પૂર્વપરિચયની યાદ કરાવી આપી, એટલે 'હો, હો' કરતા તેમણે મને લૂખા જવાબ આપ્યા. તે કામમાં હતા જ. એટલે 'માફ કરો મારા મિત્રોનું ભડોળ આપવા આવ્યો છું' એમ કહી મેં નોટો ને રૂપિયા તેમના ટેબલ પર મૂકયા.

આથી નીલકંઠ બાબાજી દ્રવ્યા. જૂનો પરિચય એકદમ તાજો થયો. સરકારે મિલમજૂરો પર ચલાવેલા જુલમોનું ઓગણે

ગદ્‌ગદ્ કંઠે વર્ણન કર્યું મેં પણ અમારા અનુભવ જણાવ્યા

એ કુદરતી માનસ પારખે ફરી જવાન થયું જ નહિ. જબરા પરિશ્રમે એમણે પોતાનો કોયડો પૂરો કર્યો ધાર્યા પ્રમાણે જ એ કોયડો પાછળ જોગને પુષ્કળ નુકસાન ભોગવવું પડ્યું બંગલની રાષ્ટ્રીય કૉલેજમાં ગરીબીના અધ્યાપક તરીકે તેઓ ગયા હતા એવું કંઈક સાંભરે છે

હજુ પણ આજે જ્યારે જ્યારે પુસ્તકોના સ્ટૅન્ડ પર 'ટ્વેન્ટીએથ સેન્ચરી ઇન્ડીઅન-મરાઠી ડિક્શનેરી'ના બે જાડા ભાગ નજરે પડે છે ત્યારે ત્યારે નીલકંઠ આબા જી રાનડેની યાદ આવે છે. કોયડો એ જ એમનું સ્મારક રહ્યું જે તે જાહેર મનન થએલ નથી દેખાતા, પણ એ શબ્દશાસ્ત્રી પ્રતિભાના હૃદયમાં જે દેશભક્તિ હતી તે જ મારા પૂરતું તેમનું સ્મારક બની રહ્યું છે

(વિહગમ્) —બાબાસાહેબ કાલેલકર

ચાંગદપતી અને ચીનની નવજીવન પ્રવૃત્તિ

આજથી પચાસ વર્ષ પૂર્વે ચીનના નિંગપા પાસેના એક ગામડામાં એક બાળકનો જન્મ થયો એનું નામ ચાંગ-કૈ-શાક એની નવ જ વર્ષની વયે પિતાનું અવસાન થયું ને કુટુંબ નિરાધાર સ્થિતિમાં આવી પડ્યું એકલી માની મહેનત મજૂરીને વશને જ એ કુટુંબ ટકાવી રાખ્યું

ચાંગનું શરીર બહુવેળથી જ નબળું હતું નિશાળમાંથી ઘણી વખત એ બીજાઓનો માર ખાઈને જ પાછો ફરતો એની મા એને હમેશાં શરીર કસવાનો બોધ આપ્યા કરતી, એકવીસ અઢાર વર્ષનો થતાં જ એ પીપાટિંગની લશ્કરી શાળામાં જોડાઈ ગયો એના આખા કુટુંબે એનો વિરોધ કર્યો, પણ ચાંગની માતા તેના પક્ષમાં હતી એટલે થોડો વખત ત્યાં રહેવા દઈ, તેણે ચાંગને જર્મનોના હાથ નીચે શીખેલા જાપાનીઓ પાસેથી લશ્કરી તાલીમ પામવા ટોકીઓ મોકલાવી આપ્યો માતાનો ચાંગ ઉપર જે ઓછો ઉપકાર નહોતો જે ઋણને લઈને જ તે આજના ચીનનો કર્તાહર્તા બની શક્યો છે આજ ચીનની માતાઓને વિષે તે વારંવાર પોતાની માતાનું દૃષ્ટાંત આપે છે દુશ્મનો જ પોતાના એક ભાષણમાં એણે પોતાની માતાના શબ્દોનો ઉલ્લેખ કર્યો હતો કે, 'કમનસીબ, કષ્ટ અને ભય તો દુનિયાને દરેક ખૂણે રહેવાં છે આપણે સ્વમત બની તેમાંથી માર્ગ કાઢી લઈએ ત્યાર જ આપણે સાચા મનુષ્ય'

૨૫ વર્ષની વયે ચાંગ, ચીનની શહેનશાહતને ઉથલાવી નાખનાર ડૉ સુન-યત-સેન સાથે જોડાયો ત્યારથી ચીનને એણે એકધારી સેવા આપ્યે રાખી છે ને પરિણામે, એક સામાન્ય સૈનિકમાંથી દુનિયાના સૌથી વિપુલ વસ્તીવાળા એ દેશના સરમુખત્યારપદે એ પહોંચ્યો છે

હિંદ જેમ ચીન પણ પક્ષાપક્ષીથી ભરપૂર કમભાગી દેશ છે અને બધા પક્ષોને એક કરી એક રાષ્ટ્ર તરીકે ચીનને ઊભો કરવાની ચાંગની મહેચ્છા સાક્ષાત્ છે, એમાં એની પત્ની



ચીનનો જનરાલીસીમો ચાંગ અને તેની પત્ની

મે-લિંગ સૌથી વિશેષ ફાળો આપી રહી છે ચીનમાં આજે ફરી વળેલી 'નવજીવન પ્રવૃત્તિ'ની આદ્યપ્રેરણા પણ એ જ છે

એ પ્રવૃત્તિને પ્રેમ હૃદયમાં ટૂંકા સમયમાં ચીને જે મૂરત આધુનિક બનાવી નાખવાનું છે પોતાને જે સારું હોય તેને વળગી રહી, પશ્ચિમના દેશોમાં જે સારું હોય તે ગ્રહણ કરવાની રહે છે એનો મંત્રલેખ છે 'ચીન ચીનાઓ માટે' રાજ્યની ગોમાં સડાય છે. બધા વ્યસનો અને ચીનમાંથી નાબૂદ કરવા છે એ માટે શેરીએ શેરીએ સ્વયંસેવકો રહે છે પશ્ચિમની ઢબના કપડાં પહેરવા પણ ગેરકાયદેસર બહેર થયા છે ને એ જાતના કપડાં બનાવતી ત્રણ સો દુકાનો બંધ કરવામાં આવી છે

આ આખી પ્રવૃત્તિ સન્માન, સદાચાર, સેવા અને પ્રમાણિકતા પર ઊભી થએલી છે એની વિશાળતાનો ખ્યાલ એપરથી આવશે કે આખે, વિસમાં ત્રણ વખત હાથ ધોવા અને બાજીપાલો બનો ચોકને વાપરવાથી કરી શહેરોના રસ્તાની પહોળાઈ વધારવા સુધીના હુકમો મધ્યસ્થ સરકાર તરફથી બહાર પડાયા છે

આવી પ્રવૃત્તિ અપનાવનારનું જીવન પણ આદર્શ હોવું જ જોઈએ અને ચાંગદંપતીએ એવું જ આદર્શ પોતાનું જીવન બનાવ્યું છે

કચ્છ–રેહાની સૂરીઓ

આજ તો કિ ભરના હુનર ઉદ્યોનો યંત્ર યુગના ઝેરી જડબાંઓ વચ્ચે ભીંસાઈ રહ્યા છે વળી પરદેશી શાસન

પદ્ધતિના વીંઝાતા કોરડાનો માર પણ તેમના પર પડી રહ્યો છે. સરકારથી રક્ષિત પરદેશી કંપનીઓની તીવ્ર હરીફાઈ સામે હિંદના ઉદ્યોગોને ટકવું ભારે થઇ પડયું છે. છેલ્લાં દોઢસો વર્ષથી હિંદી કારીગરીની અવદશા બેઠી છે. નાનામાં નાની સોય અને ટાંકણીથી માંડીને મોટામા મોટા યંત્રો સુધીનો સઘળો માલ યુરોપ, અમેરિકા કે જાપાનનાં કારખાનાઓ તરફથી હિંદને પૂરો પાડવામા આવે છે. આવી સ્થિતિમાં હિંદના ગૃહઉદ્યોગોને નભવું કઠણ થઇ પડયું છે. હિંદી કારીગરોનો ધીકતો ધંધો ભાગી પડયો છે અને આવા ધંધાઓ પર કુટુંબ નિર્વાહ ચલાવતા ઘણા લોકો પાયમાલ થઇ ગયા છે

પણ કચ્છના ગામડાઓમા યાંત્રિક વસ્તુઓનો પગપેસારો હિંદના બીજા ભાગોને મુકાબલે ઓછો કહેવાય. ત્યાં રોજીંદા વપરાશની ઘણી વસ્તુઓ હજુ પણ દેશી કારીગરો અને કસબીઓને હાથે તૈયાર થઈ લોક બજારમા ઊભરાતી દેખાય છે.

કચ્છ-રેહાના લુહારોનું લોઢા-કામ સૈકાઓથી પંકાએલું છે. રેહાના જોધી રજપૂતોએ શસ્ત્રસરંજામ વગેરે બનાવવા માટે લુહારોને પોતાના ગામમાં રહેવા આમંત્રણ આપ્યું અને લગભગ ૪૦૦ વર્ષથી આ લુહાર લોકો એ ગામમા રહે છે અગાઉ લડાઇના વખતનો બધો સરંજામ જેવો કે તલવાર, બરછી, જમૈયા અને ભાલા તેમની કોઢમા તૈયાર થતા અને આ હથિયારો આજુબાજુના ગામોમા અને ખાસ કરીને કચ્છના પાટનગર ભુજ શહેરને પૂરા પાડવામા આવતા બદલામાં તેમને તે વખતે શરાસિયાઓ તરફથી પસાયતા ખેતરો,રહેણાક માટે જમીન અને બીજી ઘણી સગવડ મળી હતી

અસ્ત્રશસ્ત્ર અને લડાઇઓનો જમાનો તો હવે આથમી ગયો છે છતા પણ કચ્છમા હથિયારબંધીનો કાયદો નથી. તલવાર, જમૈયા અને દેશી બંદૂકોના ઠઠારાના દરીન આ શૌર્યપ્રેમી મુલકમાં નિત્ય થાય છે દેશમાં રેલવે લાઇન તો ભુજથી કંડલા બંદર સુધીમાં જૂજ છે બાકી તો એક ઠેકાણેથી બીજે ઠેકાણે ચીલા પાડેલા ધૂળીઆ રસ્તાઓ પર ગાડાઓ, ઘોડાઓ અને ઊંટો અવરજવરના વાહનો તરીકે ચાલતા દેખાય છે. રસ્તામા નદી-નાળાં ઓળંગવા હોય, રાતમાં એકલ દોકલ ચાલવું હોય એટલે મુસાફરોને સાથે હથિયારો રાખવાની જરૂર પડે છે. આવા હથિયારોની માંગણી આગળ કરતાં હવે ગઇ છે તે છતા પણ ઓર્ડર મળેથી રેહાના લુહારો પાણીદાર ચમકની તલવારો, રૂપીંગવાળા છરાઓ અને જમૈયાઓ મનગમતા બનાવી આપે છે માલધારીઓ જંગલી પ્રાણીઓના ત્રાસ સામે રક્ષણ મેળવવા રેહાની સુંદર ધારવાળી સિધણ કુહાડીઓ પણ હોંસેહોંસે ખરીદે છે

રેહાની સૂડીઓનો વપરાશ બહોળો છે અને તેનો વેપાર ધમધોકાર ચાલે છે. રેહા ગામમાં લુહારનાં કુલ ૩૫ ઘર છે; તેમાંથી સોએક માણસ લુહારકામ પર પોતાનો નિભાવ ચલાવે છે. કેટલાકના ઘરના કારખાના છે અને કેટલાક બીજા કારખાનાંઓમાં મજૂરી કરી પેટ ભરે છે. મજૂરને આઠીથી ત્રણ કોરી એટલે આઠ આના લગભગ રોજ મળે છે. સૂડીઓ બનાવવાના મોટા કારખાના ચાર છે અને નાની દુકાનો અગિયાર છે. મુખ્ય કારખાનું સુમાર ત્રણસનું છે. એ એક જ કારખાનામાં પચીસેક ગોણસ કરે છે. અંદર જઈ જોઇએ તો કયાંક ધમણ ધમાતી હોય, કયાંક લાલ તપાવેલા ધગધગતા લોઢા પર પડતા ઘણના ઘાથી તણખા ઊડતા હોય તો કયાક તૈયાર થતી સૂડીઓ પર સુંદર નકશી કરી ઓપ ચડાવાતો હોય. આપણે ઇચ્છીએ તો આ લુહારો રંગબેરંગી ચમકદાર વળાક લેતી સૂડીની ઉપરની કિનાર પર આપણું નામ કોરી આપે છે અને અંદર સોનેરી ભરી આંખને ગમે તેવો સરસ ઉઠાવ કરી આપે છે.

કચ્છમાં સૂડીઓના પ્રચલિત ઘાટ ત્રણ પ્રકારના છે.— રેહાઘાટ, કોડારાઘાટ અને ભોનયઘાટ. રેહાઘાટની સૂડીઓનો આકાર ઉપરથી ગોળ વળાંક લેતો હોય છે. કોડારા ઘાટની સૂડીઓનો ઉપરનો પાંખીઓ ઢળતા બેડા ઘાટનો હોઇ, નીચેથી વળાંક લઇ આગળ આવતો દેખાય છે; અને ભોનયઘાટની સૂડીની ઉપરની બાજુ જરાપણ વળાક લીધા સિવાય બીલકુલ સીધી બનાવાય છે. ઘરાકોની પસંદગી પ્રમાણે આ ત્રણે ઘાટની સૂડીઓ રેહામાં બનાવી અપાય છે. આ સૂડીઓની લંબાઇ ૪½, ૫, ૬ અને ૭ ઇંચ સુધીની હોય છે આ ઉપરાંત મોટા સૂડાઓ થાય છે જેની લંબાઇ ૮ થી ૧૨ ઇંચ સુધી હોય છે.

સૂડીઓમા વપરાતા લોઢાની જાત અને તેના પર લેવાએલ મહેનતને અનુલક્ષીને ઊંચી જાતની, વચગરી અને હલકી જાતની સૂડીઓ એવા ત્રણ વર્ગ પાડવામાં આવ્યા છે. ઊંચી જાતના માલનો ડઝન સૂડીઓ દીઠ ભાવ લગભગ કોરી ૨૫, વચગરી સૂડીઓનો કોરી ૧૮ અને હલકા માલનો ભાવ કોરી ૧૨ હોય છે. અત્યારના બજારભાવે રૂા. ૧ ની કોરી ૪॥ આસરે મળે છે

બધાં કારખાનાંઓ અને દુકાનોમાં મળીને દરરોજ ઓછેવત્તે ઊંચી જાતની સૂડીઓ ૨૪ ડઝન, વચગરી ૩૬ ડઝન અને હલકી જાતની ૪૮ ડઝન તૈયાર થાય છે. આમાંથી કચ્છમાં તો માત્ર ઊંચી જાતની ૧૦ ડઝન જેટલી સૂડીઓનો દરરોજનો ઉપાડ છે બાકીની બધી પરદેશ મોકલવામાં આવે છે.

સૂડીઓના કારખાનાઓમાંથી નીકળી આગળ ચાલીએ તો ચપ્પુઓ બનાવવાની પાંચ દુકાનો આવે છે રોજની તિક્ષ્ણ ધારવાળા ચપ્પુઓને ટક્કર મારે તેવા ચળકતી ધારવાળા અને સુંદર હાથાવાળા ચપ્પુઓ બહેલી નજરે જંચ્યા વગર નથી રહેતા તેવા છે. આ ચપ્પુઓની દરરોજની નિકાસ લગભગ ૭ ડઝન જેટલી છે.

રેહાની સૂડીઓની ખપત કચ્છનાં મુખ્ય શહેરો અને ગામડાંઓમાં તો છે જ; પણ ઘણોખરો માલ મુંબાઇ, કરાંચી, મદ્રાસ, જરીબા, કલકત્તા, રંગૂન અને ઠેઠ જંગબાર સુધી

મોકલાવાય છે રેહાથી ફક્ત રેલવે સ્ટેશન પર ટપાલ પહોંચાડનાર હલકારો તો સૂકીઓના ઢગલાબધ પાર્સલોના રોજના બોજથી તોબા તોબા કરે છે અને આ મુસ્કેલીથી રેહા પોસ્ટ બ્રાચના હલકારા વારંવાર બદલાય છે

રેહા ગામ ભુજથી અગ્નિકોણે સાત ગાઉ પર ડુંગરાઓ વચ્ચે આવેલુ છે આજથી સો વર્ષ પહેલા તો લુહારો જે લોઢુ વાપરતા તે આજુબાજુના રતનાળ વગેરે ગામ પાસેના ડુંગરોની ખાણોમાથી મળી રહેતુ, પણ હવે એ ખાણો બધ પડી ગઇ છે અને સૂકીઓ, ચપ્પુઓ અને બીજા હથિયારો બનાવવા માટેનુ ઊંચી જાતનું લોઢુ સીધુ જર્મનીથી મોડકી બદરના વેપારીઓ મગાવી આપી રેહાના લુહારોને પૂરૂ પાડે છે

યુરોપ કે અમેરિકા હોય તો હાથકારીગરીથી તૈયાર થતી આવી સુદર વસ્તુઓના મોટામોટા પ્રદર્શનો ભરાય અને લોકોના ટોળેટોળા તે જોવા ઉમટે, પણ આપણા દેશને એક અખારે ખૂણે તૈયાર થતી આ સરસ ચીજો તરફ આપણુ લક્ષ ક્યા ખેંચાય છે ? —રાયસિહજી કાનજી રાઠોડ

હિંદમાં જીવનચરિત્રોનો દુકાળ

પશ્ચિમની સરખામણીમા ઊતરીએ તો જીવનચરિત્રનુ જોને 'ઠીક' કહી શકાય એવુ પણ એકે પુસ્તક જ્યા હિંદમા ભાગ્યે જ નથી પડ્યુ, ત્યા ઉચ્ચ સાહિત્યમા સ્થાન લઇ શકે તેવાની તો શી આશા રખાય ? બોસ્વેલનુ 'જોનસન'ને, લુડવિગનુ 'નેપોલીયન','બિસ્માર્ક' કે 'કૈઝર', મોર્લીનુ ગ્લૅડસ્ટન' કે રોમાટ્ટરોનુ 'કર્જન'—વ્યક્તિત્વને જીવત બનાવતા જેવા આપણા નાયકોના ચરિત્રો ક્યા ? રામાયણના રામ અને મહાભારતના અર્જુનથી માડી શિવાજી અહલ્યાબાઇ, લક્ષ્મીબાઇથી કરીને ઠેઠ ગોખલે ને ગાધીજી સુધીના આપણા મહાન પુરુષોમા શું બોસ્વેલના 'જોનસન'થી યે વ્યક્તિત્વ ઓછુ છે ?

એ જાણતમા હિનીઓની બે જ ત્રુટિઓ ગણાવી શકાય એક તો એના ચરિતનાયકોના વ્યક્તિત્વને તે જીવત નથી બનાવી શકતો, અને બીજુ, હકીકતોથી પરાઙ્મુખ બનીને તે નાહકનુ વિષ્ટપેષણ વધારી દે છે આ બાબત પર આવતા, બાણના 'હર્ષચરિત' કે રાજા દેશિગુ (જિજીના તેજસિહ)ને આપણે નહિ ભૂલી શકીએ અને એથી યે વધુ દુકાળ તો હિંદના સર્વશ્રેષ્ઠ પુત્રે કરેલા સત્યના ક્ષીણ પ્રયોગો જેવા આત્મચરિતોનો છે જવાહરલાલજીની આત્મકથા તદ્દન સીધી સાદી શૈલીની છે, પણ એ એમના જીવનકેન્દ્રની આસપાસ જ ગૂથાયેલી છે સદોદિત રવાતત્ર્યજ્ઞાન એજ આત્મચરિતનો સાચો અર્ક ગણાય

મનુષ્યે મનુષ્યમા લેવા માડેલો રસ દિનોદિન વધતો જાય છે હિંદે આજ સુધીમા અસખ્ય સાધુઓ, ફિલસૂફો, સમ્રાટો, રાજપુરુષો અને વિજ્ઞાનીઓ પેદા કર્યા છે, એકાદ બૉસ્વેલ પણ તે કદી પેદા કરી શકશે ?—'ધી લીડર'

ગણિતશાસ્ત્રમાં વપરાતાં કેટલાંક ચિહ્નો

ગણિતશાસ્ત્રમા વપરાતા એકથી નવ સુધીના અકોની શોધ પ્રાચીન હિંદીઓએ કરી હતી એવુ તો કેટલાયે ગણિતજ્ઞોએ પૂરતા સશોધન દ્વારા પુરવાર કરી બતાવ્યુ છે, છતા પણ પાશ્ચાત્ય દેશોમા હજુ પણ એવુ માનવામા આવે છે કે એ અકોની પહેલેપ્રથમ શોધ કરનાર મૂર અથવા આરબ લોકો હતા અને સ્પેન દેશમા એ અકોનો પ્રચાર પણ એમણે જ કર્યો હતો એ રીતે દસમા સૈકામા એ આકડાઓ પ્રચલિત થયા પછી બસો ત્રણસો વરસના ગાળા દરમિયાન તે અકોનો પ્રચાર યૂરોપભરમા થવા પામ્યો હતો અવળત્ત એ પ્રચાર સામે રીતસરનો વિરોધ તો લાબા સમય સુધી થવા પામ્યો હતો દાખલા તરીકે સને ૧૨૯૮મા ફ્લોરેન્સના શરાફો તેમજ નાણાવટીઓને એ આકડાઓનો ઉપયોગ કરવાનો કાયદેસરનો મનાઇહુકમ કરવામા આવ્યો હતો તે ઉપરાત, પાડુઆની પ્રાચીન વિદ્યાપીઠની કાયદાપોથી પરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે વેચવા માટેના પુસ્તકોની કીમત આકડાઓમા નહિ, પરન્તુ સ્પષ્ટ અક્ષરોમા લખીને વિવિધ ગ્રંથોની સૂચિઓ તૈયાર કરવાનુ પુસ્તકવિક્રેતાઓને ફરમાવવામા આવ્યુ હતુ

એ નવ આકડાઓનો ઉપયોગ શરૂઆતમા તો માત્ર ગણિતશાસ્ત્રને લગતા ગ્રથો પૂરતો જ થતો હતો, પરન્તુ પાછળથી પુસ્તકના પૃષ્ઠોને દર્શાવવા માટે એ અકોનો પ્રચાર શરૂ થયો અને ૧૬ પન્દરમા સૈકામા મુદ્રણકળાની શોધ થઇ ત્યાર પછી જ એનો રીતસરનો વપરાશ તેમજ પ્રચાર વધવા પામ્યો હતો

એ નવ અકો ઉપરાત શૂન્ય દર્શાવવા માટે વપરાતા 'મીંડા'ની શોધ પણ પ્રાચીન ભારતવાસીઓએ જ કરી હતી એ મીંડા માટે તો ગણિતજ્ઞોએ સાથી અગત્યની શોધ તરીકેનો ઉલ્લેખ અનેક વખતે કરેલો માલમ પડે છે ગણિતશાસ્ત્ર અને ક્રતિહાસના ગ્રથોમા એ બાબતની નોધ કરેલી માલૂમ પડે છે

ગણિતશાસ્ત્રમા એક પરિમાણ બીજા પરિમાણની બરાબર હોય ત્યારે એ બને પરિમાણોની વચ્ચે બરાબરનુ ચિહ્ન (' = ') વપરાય છે એ ચિહ્નનો સૌથી પહેલો ઉપયોગ ઇ સ ૧૫૫૭મા રૉબર્ટ રિકૉર્ડ નામના ગણિતજ્ઞે કર્યો હતો એ પ્રયોગ કરતી વખતે તેણે નોધ્યુ હતુ કે અબારનવાર અમુક પરિમાણ બીજા પરિમાણની બરાબર છે એવુ દર્શાવવા માટે બે સમાતર તેમજ સરખી લબાઇની લીટીઓ (' = ') રૂપી ચિહ્ન એટલા બાતર વાપરવુ જોઇએ કે સરખાપણુ દર્શાવવા માટે બીજા કરતા વધુ સરળ તેમજ સૂચક ચિહ્ન મળવુ મુશ્કેલ છે

વત્તા (+) અને બાદ (-) એ બને ચિહ્નોનો પહેલો પ્રથમ પ્રયોગ માઇકલ સ્ટિફેલ નામના ગણિતવેત્તાએ સને ૧૫૪૪મા પ્રગટ કરેલા 'એરિથમેટિકા ઇન્ટિગ્રા' (Arithmetica Integra) નામના પુસ્તકમા કર્યો હતો.

કોઇ પદ બીજા પદ કરતા વધારે છે અથવા તો ઓછુ છે એવુ

દર્શાવવા સારૂ '>' અને '<' એવાં બે ચિહ્નોનો ઉપયોગ થાય છે. ટોમસ હેરિયટ નામના ગણિતશાસ્ત્રીએ તેના 'આર્ટિસ એનાલિટિક પ્રૉક્સિસસ' નામના ગ્રન્થમા બે ચિહ્નોનો સૌથી પહેલો ઉપયોગ કર્યો હતો એમ સંશોધકો સુણાવે છે. એ ગ્રન્થ સને ૧૬૨૧માં પ્રસિદ્ધ થયો હતો.

ગુણાકાર અને ભાગાકારના ચિહ્નો (× અને ÷) ના યોગ્યજ ખરેખરી બુદ્ધિ અજમાવી હોય એમ જણાય છે, કારણ કે સરવાળા અને ગુણાકાર વચ્ચે સંબંધ છે તેવો જ સંબંધ બાદબાકી તથા ભાગાકાર વચ્ચે પણ છે; એ બીનાને ધ્યાનમાં લઇને એ શોધકે વત્તા (+)ના ચિહ્નમાં થોડો ફેરફાર યોજીને × આમ લખવાની પ્રથા શરૂ કરી હશે તથા તે જ રીતે ઓછાના ચિહ્નને ફેરવીને ÷ આમ લખવાની રૂઢિ પણ તેણે પ્રચલિત કરી હશે એમ કહેવાય છે કે ભાજકની સંખ્યાની આગળ પ્રાચીન હિંદી ગણિતજ્ઞો ઓછાની નિશાની વગરનું આવું : પ્રમાણદર્શક ચિહ્ન લખતા હતા, પરંતુ પાછળથી આરબોએ એ પ્રમાણમા ચિહ્નોમા વપરાતા બે ટપકાંઓ વચ્ચે ઓછાનું ચિહ્ન ઉમેરીને ભાગવાનું ચિહ્ન કાલ્પનામી કાઢ્યું હતું આજે પણ એ ભાગાકારનું ચિહ્ન જોતા જણાય છે કે ઓછા તેમજ પ્રમાણના બે ચિહ્નોના સંયોગથી જ એ ભાગ્યાની નિશાની બનવા પામી હશે.

યુરોપખંડમા એ ગુણાકારનાં ચિહ્નનો પહેલ પ્રથમ પ્રયોગ તો ઔટ્રેડ (Oughtred) નામના ગણિતશાસ્ત્રીએ તેના 'ક્લેવિસ મેથેમેટિકા' (Clavis Mathematica) નામના સને ૧૬૩૧માં પ્રગટ થએલા પુસ્તકમા કર્યો હતો; અને ભાગાકારનું ચિહ્ન સ્વિટ્ઝરલૅંડમા આવેલા ઝુરિચ શહેરના રૂહેન નામના ગણિતજ્ઞે ઇ સ ૧૬૫૯મા અને લંડન શહેરમા જોન પેલ નામના ગણિતશાસ્ત્રીએ ઇ સ. ૧૬૬૮મા વાપર્યું હતુ.

પ્રમાણદર્શક ચિહ્નો (: ::) પણ સૌથી પહેલા કોઇ ઔસ્ટ્રેડ નામના ગણિતજ્ઞે યોજ્યા હતા એમ કહેવાય છે.

અપૂર્ણાંક દર્શાવવા માટેની હાલની પદ્ધતિ તેમજ પણ થોડુ ઘણું જાણી લેવુ જરૂરનુ છે પ્રાચીન ભારતવર્ષીય ભિન્ન-ગણિતમા હાલની પ્રચલિત પદ્ધતિ પ્રમાણે જ અપૂર્ણાંક લખાએલા છે એમ કહેવાય છે. એ પ્રાચીન સમયમા ઉપર અંશ અને નીચે છેદ એ પ્રમાણે લખાતુ. માત્ર વચ્ચેની લીટી લખાતી નહોતી. એ લીટી કમોરવાની શરૂઆત તો આરબોએ કરી હતી, જેમની પાસેથી રોમન લોકો એ શીખ્યા અને ત્યાંથી સમસ્ત યૂરોપમાં તેનો પ્રચાર થયો.

સુપ્રસિદ્ધ 'લીલાવતી' ગ્રંથના કર્તા સમર્થ ગણિતજ્ઞ ભાસ્કરાચાર્યના સમયમા કયા પ્રકારનાં ચિહ્નો વપરાતાં તે જાણવામાં ખૉલ ફૂન 'ગણિતશાસ્ત્રનો ઇતિહાસ' શીર્ષક ગ્રંથમા નીચે મુજબ ઉલ્લેખ મળી આવે છે: 'ચિહ્નોને બદલે દ્રુંકાક્ષરો અથવા આદ્યક્ષરો લખાતા હતા જે રકમ બાદ કરવાની હોય તેના પહેલા અંકની ઉપર એક ટપકુ લખીને બાદબાકી છે એમ સૂચવાતું; અને સરવાળો છે એવું દર્શાવવા માટે આંકડાઓને પાસે પાસે લખવામાં આવતા. ગુણાકાર સારૂ અગર તો કોઇ બે રકમો સરખી છે કે નાનીમોટી છે એવું બતાવવા માટે કોઇ પણ ચિહ્ન વાપરવામાં આવતું નહોતુ' (સંપાદિત) —ત્રિભુવન વીરજભાઇ કેમાણી

રહસ્યભૂમિ આસામ

આસામ હજી પણ એક રહસ્યભૂમિ છે. એના ભૂ ઇતિહાસનાં ઘણાં રહસ્યો હજી અણઉકેલ રહ્યા છે, પરંતુ સદિયાથી ૪૦ માઇલ પર આવેલી ગિરિમાળ ટેકરીઓ વચ્ચેથી તાજેતરમા જ શોધાએલી તોતીંગ કમાડોની જોડ પણ ઘણા રથપતિઓને મૂંઝવી રહી છે. ભગવાન શ્રી કૃષ્ણની પત્ની રુકમિણીના પિતા ભીષ્મકના મહારાજ્યની રાજધાની કુંડિલ-નગરનાં તે અવશેષો હોવાનું મનાય છે ઐતિહાસિક નજરે તો એ શોધ અતિ અગત્યની છે.

એની જ બીજી શોધ તે બ્રહ્મપુત્રાને ઉત્તર કિનારે આવેલા મુઇઝિરિ નજીકથી, નવમી સદીથી યે પુરાણા કાળમા હિજરત થએલા ટેરા કોટાનાં કોમની અવશેષો મળ્યા છે એ છે. એવું માનવામા આવે છે કે ચાના ઉત્પાદન માટે વપરાતી આ ભૂમિ પર પહેલાં એક જ પત્થરમાંથી કોતરી કાઢેલું મોટું મંદિર કે રાજમહેલ હશેની ધારણા હતી. ઘણાખરા અવશેષો નારણની બારશાખનાં છે ને તે પર કમળનાં ફૂલ તથા પાંદડાં કોતરેલાં છે.

અને ત્રીજી મહત્વની શોધ શ્રી મુખરજી અને રાય નામના બે બંગાળીઓએ કરેલી અહોમની પૂર્વની રાજધાની તોરા લિની છે. ઉદયગિરિ, ખંડગિરિ ને ધૌલિ ટેકરીઓ વચ્ચે ભુનેશ્વર પાસે એ સ્થળ આવેલું છે. ઉદયગિરિમાં મળેલા સમ્રાટ ખારવેલના ઉત્કીર્ણનો પરથી એ તોશાલિ જ હોવાનું પુરવાર થાય છે.

હજુ અવિષ્યમા, આ રહસ્યભૂમિના પટ નીચેથી દ્રવિડ સભ્યતાની ઔધાણીઓ પણ બહાર આવવાની આશા રખાય છે

—'ધી ઇન્ડીઅન રીવ્યૂ ડાઇજેસ્ટ'

જગતશાંતિ—એક કલ્પિત આદર્શ

ઇ પૂ ૧૫મી સદીથી માંડીને આજ સુધીમાં એટલે કે ગત ૩૫૦૦ વર્ષમા ૩૧૦૦ વર્ષ તો દુનિયાએ યુદ્ધોમા જ વીતાવ્યા છે માત્ર ૨૨૭ વર્ષ જ એનું વાતાવરણ યુદ્ધથી વિમુક્ત રહ્યું છે

આ ૩૫૦૦ વર્ષની મુદતમાં યુદ્ધની અટકાયત માટે એકંદર ૮૦૦૦ શાંતિવાદી તહનામા થયા છે અને છતાં જગતની યુદ્ધની બુભુક્ષા તો આજપણ એવી જ રહી છે. એ રીતે ૮૦૦૦ વખત સામુદાયિક વચનભંગ કરી ચૂકેલાં જગતનાં રાષ્ટ્રો, ઉપરથી ભલે શાંતિનો દમ ભર્યા કરે, પણ આવી આવતી એ પુરાણી બુભુક્ષા હજુ યે શમે એવાં ચિહ્નો મળી ત્યારે જગતશાંતિ શું માનવજાતનો એક કલ્પિત આદર્શ જ રહેશે?

(મરાઠી 'પ્રભા' ઉપરથી)

નવી કેડીઓ

આ મૂલ્યવાન સૂચનો, વિચારો, વાક્યો અચાનક કોઈ ભૂલે પ્રકાશ અને સામર્થ્ય અવશ્ય પૂરશે.

રાઈ અને કુંવારપાઠા એ બે વનસ્પતિઓમાં અનુક્રમે ક્લોરીન અને ઍમોનિયા પુષ્કળ પ્રમાણમાં છે અને તે વાયુઓ તેમાંથી છૂટા પણ તુરત પડી શકે છે આથી તેને યોગ્ય રસાયણિક ક્રિયાઓમાંથી પસાર કરતા ઍમોનિયમ ક્લોરાઇડ અથવા તો નવસાર બની શકશે કિંમત બેની પ્રમાણ દેશ હોવાથી કદાચ આવી રીતે બનાવેલો નવસાર સોંઘો પણ પડી શકશે. વળી માત્ર રાઇમાંથી પણ પ્રથમ ક્લોરીન વૉટર અને પાછળ હાઇડ્રોક્લોરિક ઍસિડ બની શકવા સંભવ છે. આ દિશામાં કોઇ જરૂર પૂરતા અખતરા અને પ્રયત્ન કરે તો ઇચ્છનીય છે.

ઝાડપાનના માણસો આકડાનું આમલિયાનું રૂ બનતે પીળી અગર મજૂરો પાસે વીણાવી એકઠું કરતા રહે તો તેના સારાં નાણાં જરૂર થઇ જાય. (ધૈર્યચન્દ્ર ર. ભુદ્ર)

નવા નુસખા

આપણા દૈનિક જીવનમાં એવી કેટલી યે વસ્તુઓ આવે છે જેના વિષેના આપણા વિચારો જુદા જ પાયા પર હોય છે.

દાખલા તરીકે બૂચને આપણે તદ્દન હલકો પદાર્થ માનીએ છીએ. હવે એ જ બૂચના એક મીટર (૩ ૨૮ ફૂટ)ની ત્રિજ્યાના દડાનું તમે કેટલું વજન કલ્પો છો? તમારી કલ્પનામાં એ નહિ જ આવે કે એક ટનથી યે તેનું વજન વધી જાય છે.

હંસના દાણાનો પણ ચોક્કસ ખ્યાલ તમને નહિ હોય. એ જાણવા માટે આ એક અખતરો બસ થશે

ઈંચના આઠમા ભાગ જેટલી બાજી રાખી એક આખી શીશી પાણીથી ભરો ડાબા હાથે એકાદ કપડું વીંટાળી એને મોંઢાગાથી પકડી રાખો ને પછી જમણી હથેલીથી એના મોં પર ધડપથી ફટકો મારો હવાનું ઓચિંતુ દબાણ તમારી આખી શીશી ફોડી નાખશે!

યાદશક્તિની કસોટી



આ અકમાં આગળના એક પાના પરના ચિત્રમાં તમે મગનભાઇ અને એમના આડોશીપાડોશીને બરાબર ઓળખી લીધા હશે. એ બધા અહીં થોડા નવા સંબંધીઓ વચ્ચે દેખાય છે હવે તમારી યાદશક્તિની મદદથી એ દસ જણને આ ચેરામાંથી ઓળખી કાઢી નીચેના ક્રમનાં ખાનાંમાં એમનાં સાચાં નામો ભરી દો અને પછી પેલું પાનું ઉથલાવી ખાત્રી કરી લો કે તમે કેટલા સાચા છો.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫

ઊડામાં કપાસ ખરીદવા આવેલા એક જપાની વ્યાપારીએ હિસાબ કરવા બીસાબાંધી એક નાની પેન્સિલ કાઢી. અકસ્માત તે હાથમાંથી પડી ગઈ ને ઘણી શોધ કરતાં ન મળી. પારેના ગુજરાતી ગૃહસ્થે એને પોતાની પેન્સિલ આપી, પણ જપાનીએ તરત તે પરનું નામ વાંચી તેને પાછી આપી, કારણ કે તે જપાનમાં બનેલી ન હતી. એ જ વખતે એણે જનરલ મોટર્સની જપાની પેન્સિલ મગાવી ને એ વડે હિસાબ પૂરા કર્યા.

અનેકાર્થી શબ્દ: આડી = આડ-સરથી પાતળું લાકડું; આડે મૂકવાની વસ્તુ; બાધા, આખડી; હદ; સીમા; કુસ્તીનો એક દાવ; મુદ્દો રાખવા માટે ચિતામાં વપરાતું જાડું લાકડું; આડ-આડું તિલક.


ગણિતગમ્મત

૨ + ૫ + ૭૯ ૨ + ૮૪

સરવાળાની ઉપરની બે રકમોમાંની પહેલીમાં બધા જ બેકી અંક (૨, ૪, ૬, ૮) એકેક જ વાર અને બીજી રકમમાં બધા બેકી અંક (૨, ૪, ૬, ૮) એકેક જ વાર અને બેની ખૂબીથી વાપર્યા છે કે તે બંને રકમોનો જવાબ (સરવાળો) એક જ સરખો આવે છે: ૮૪૨!

કહેવતોના અર્થ: 'દોરડી બળે, પણ વળ ન મૂકે'–માણસનો સ્વભાવ અનેક ઉપાયો અજમાવવા છતાં તેવો ને તેવો જ રહે છે તે દર્શાવવા વપરાતી કહેવત એને મળતી બીજી ઘણી કહેવતો છે, જેમ કે: 'પ્રાણ ને પ્રકૃતિ સાથે જાય'; 'દાદર જાય ચુને ને ટેવ જાય મૂએ'; 'ઢાઢ જાય ઢગે, ઝોડ જાય ભુવે, ને ટેવ જાય મૂએ'; 'સાપ કાંચળી બદલે પણ ઝેર ન મૂકે'; 'પડી ટેવ તે તો ટળે કેમ ટાળી'; 'વાંદરો સો વર્ષનો થાય પણ ઠેક ન ભૂલે'; 'અક્ષણ ગયા, દક્ષણ ગયા, પણ લક્ષણ ન ગયાં'; 'આદત આઇ હૈ જન સાથ, જાએગી જનાજે સાથ' વગેરે વગેરે.

પેચવાળા ઢાંકણા કે ખરણીનાં ઢિનનાં ઢાંકણાં બીસાસામાં કટાઈને જામ ન થઈ જાય તે માટે પેચના ગાળામાં આખું આખું ગરમ તેલ લગાડી રાખવું.



આવરણ કુદરત

પોલાદ જેવું સખત છતાં મેંદાનું શીંગડું ઢાકડાનું નહિ પણ માત્ર વાળોનું જ બનેલું હોય છે પણ એ વાળ એવા તો મજબૂત ગૂંથાએલા હોય છે કે ઢાકડા કરતાં યે મજબૂત રહે છે.

આપણા પ્રત્યેક ભોજનની વચ્ચે ઓછામાં ઓછા ત્રણ કલાક ને વધુમાં વધુ છ કલાકનો ગાળો રહેવો જ જોઇએ.

ઘોડાને જેમ એક જ ખરી અથવા આગળુ છે, તેમ ઢોરને બે, ગેંડાને ત્રણ, હિપોપોટેમસને ચાર અને હાથી, માણસ વગેરેને પાંચ આંગળાં છે.

જમણો હાથ ડાબા હાથ કરતાં વધુ સક્રિય છે ખરો, પણ ઠંડી–ગરમી વગેરે ડામો હાથ વધુ કળી શકે છે!

ચોમાસામાં ઊનના બેડકામાં નકામા, છાપાના ટૂચા ટારીને ભરી રાખવાથી વટેલા સૂકાશે ને કુમાશ પણ નહિ જાય.

ટાઇલ જડેલા બાથરૂમ અગર પોર્સેલેનની બરીન પર પડેલા મીણા ગંદા હાથ સાફ કરવા માટે હાઇડ્રોજન પેરોક્સાઇડનું પોતું વાપરજો. પણ પછી પાણી વડે ઘસીને સાફ કરી નાખવું ન ભૂલતા.


સાઇકલના ટાયરમાં અંદરની બાજુએ ચંબાઇરાનો ભૂકો છાંટવાથી પંક્ચરોઓછાં પડશે. (પો. કુ. ૫)

માખીઓને કપૂરની વાસ ગમતી નથી. ચોમાસામાં માખીઓની વસતિ વધે છે તે વેળા તેઓ કાચના ગ્લાસ, કાંડુ વગેરે પર બેસીને હંગારને ડાઘ પાડે છે. તે માટે કપૂર નાખેલા તેલનો ગાળો હાથ ઘોળી ચીજો ઉપર માર્યો હશે તો એ ઉપદ્રવ દૂર થશે.

રેડિયમથી પણ બમણી શક્તિ ધરાવતું રેડિયો-એક્ટિયમ નામનું તત્ત્વ હાલમાં જ શોધાયું છે.

હિંદી લશ્કરમાં ત્રાંસાં ને શરણાઇઓને બદલે ઇંગ્લિશ પડઘમ ને બગલકાર્ન ઈ ૧૭૬૭માં દાખલ થયાં.

આફ્રિકાના વિકરાળ હાથીઓ માત્ર એક જ દાંતથી જીએ છે ને તે સિયાડુ નામની કીડીથી ઓ કીડી એમની સૂંઢમાં પેસી જઈ એ ફેલવા માંડે છે ને એમ થતાં હાથી પોતાની સૂંઢ ખડક કે ઝાડના થડ પર પછાડી પછાડીને મરી જાય છે.



મિસર (ઇજિપ્ત)ની ટ્રામની ટિકિટ જેના ઉપર મહિનો, તારીખ, કલાક અને ઊતરવાનું સ્થાન સુધ્ધાં દર્શાવનારી રચના છે

આવતી કાલનાં નાગરિકોનું માસિક કુમાર વર્ષ ૧૪મું · અંક ૮મો · શ્રાવણ · ૧૯૯૩

ત્રણ કાવ્યો

૧

·મિશ્ર·

અંધારના · ગર્ભમહીથી ઉદ્ભવી
શમી જતી વીજ અનંત વ્યોમમાં,
આનંદની તેવી ક્ષણો કદીકદી
પ્રકાશતી જીવનમાંહીં; સંગ્રહી
તે ચાલવું કંટક માર્ગમાં, અને
અંધારને ચેતનથી ઉજાળવો;—
એ મમ છે માનવને ઉરે ભર્યો.

૨

મિશ્ર

રચી રચી બંધ અનંત કાળમાં
જૂના નવા કૈંક વિભાગ યોજવા,
એ મર્ત્યના જીવનની કલા ને
એમાં જ રાચે જન મર્ત્યલોકના.
નિર્મુક્ત એ બંધનથી બનીને
અનંતના અંતરમાં વિરામવું
એવી કદા માનવને ઉરે ઉરે
અપૂર્વ વાછા અણછૂટ જાગશે!

૩

·સ્ત્રગ્ધરા·

વ્હેતા કાલપ્રવાહે મધુર કટુ ક્ષણોનાં પ્રતિબિંબ જોતો
ઊંડે ઊંડે વિમાસે જન જલવહને કાં ન એ ઌો વિરામે?
જાણે ના મૂઢ એ તો જલ નવું, સહુ એ સ્થાન ને બિંબ જૂનાં
જૂનું ક્યાંથી વિરામે? નહિ નવલ કશું, માનવીભ્રાન્તિ એ તો.
તો યે હૈયું હઠીલું નવ કંઈ સમજી ભ્રાન્તિ કેમ રાચે?

ભાનુ





આપણો પહેલો પાઠ

● મહાસભાએ પ્રજાની નાડીઓ એકત્ર કરી, નવી સત્તાઓમાં તેનું બળ પ્રેર્યું છે. નવા રાજબંધારણમાં પ્રજાના શોધેલા અધિકારીઓ પ્રજાની નજરથી જ વહીવટ ચલાવવાની પ્રતિજ્ઞા લઈ આગળ આવ્યા છે. કાંઈયે તેમને પ્રમાણવા ચોટવે પ્રજાની મંજુરીએ જ પ્રમાણવા. આ રીતે હિંદના આંતરવહીવટમાં પ્રજાનો વ્યવહાર પ્રજાના હાથમાં આવ્યો ગણાય. પણ આપણને ભારત રાષ્ટ્રનેતાઓ ચેતવણી આપી રહ્યા છે કે 'જોજો, સ્વહસ્તોથી બનતા. ઉપરની લગામો હજુ તમારા કાબૂમાં નથી. પણ હાથમાં આવેલી બાજી સંભાળી શકો તો આખની કાલ પણ એ હાથમાં આવવાની જ.'

ગ્રામ જીવનનું સંરક્ષણ, કેળવણીમાં રાષ્ટ્રોન્નતિનું ધ્યેય, ઉદ્યોગોમાં જનતાનો નિર્વાહ અને ધનબળનો સાર્વજનિક હિતાર્થ ઉપયોગ વગેરે બાબતનો પાર પાડવામાં પ્રજાતંત્રને સંપૂર્ણ છૂટ છે. એટલે હવે તો આપણા શિક્ષિતો અને શ્રીમંતો ધારે તો દેશની સૂરત ત્વરિત બદલી શકે એમ છે. યુનિવર્સિટીની જડ અને સુરત કેળવણીને બદલે શ્રમ, ઉદ્યોગ ને કલાપૂર્ણ તાલીમ આપનારી સંસ્થાઓ દેશમાં વધે તો શહેર, ગામડાં અને નાનાનાના સમાજે પોતાનો ઉદ્ધાર કરવાની શક્તિ સહજમાં મેળવશે. આજે તો આર્ટ્સ કૉલેજને મેડિકલ કૉલેજને પાછળ લાખલૂટ ખર્ચ થઈ વિદ્યાર્થીઓમાં ઉડાઉ જીવન પેદા થયું છે અને કામ કે કષ્ટ સહેવાને નાલાયક પ્રજાનો પરિવાર વૃદ્ધિમાં છે. આ બધું દેખની આંખે વિદ્વાન પ્રિન્સિપાલો, પ્રોફેસરો અને હેડમાસ્તરોએ કાં તો પોતાના પગારો ખાતર નિભાવ્યું છે; અથવા પરિસ્થિતિનો સામનો કરવાની બુદ્ધિ કે હિંમત તેમનામાં નથી. એ બધા નવા રાષ્ટ્રીય કાર્યક્રમમાં શો ભાગ ભજવશે એ જોવાનું છે. પણ વિદ્યાર્થીઓ અને તરુણો તો કેડ બાંધી નવા જીવનને પ્રયોગમાં મૂકી સ્વાનુભવ, સ્વાશ્રય, સ્વશિક્ષણ અને સ્વાર્પણનો દ્રાવ લઈ શકે છે. એ કેળવણીને કોઈ નહિ પહોંચે. અમેરિકાના આરંભકાળના સંસ્થાપકોનો ઇતિહાસ જુઓ. ખેડ કરતાં, વહાણવટું કરતાં, જંગલો વહેરતા, અસલીઓ સાથે યુદ્ધ કરતાં શોધકો અને સંચાલકો બનેલા એ માનવીઓએ જગત ઉપર સાવ નવો યુગ ઊતાર્યો છે. સ્વાતંત્ર્ય, સ્વમાન અને સ્વાર્પણ પ્રજાની કેળવણીના એકેએક અંગમાં ન હોય તો એ કેળવણી નિરર્થક છે. આજે હિંદુસ્તાન પાસે મોટો પ્રશ્ન એ છે કે નવાં ક્ષેત્રોમાં કામ કરવાની લાયકાતવાળા માણસો યુનિવર્સિટીઓ આપી શકી છે? બધાને જ નવી નિશાળે બેસવાનું છે, પણ જ્યાં પોતાને જ પોતાની રસોઇ જમવાની હોય ત્યાં આખતરા કરનારને ડર શાનો હોય? પોતાની બુદ્ધિ નિભાવી પોતે જ નવા માર્ગો શોધી કાઢવાના છે. આવી વિચારસરણીથી એકેએક સંસ્થા અને વ્યક્તિ ધારણ કરે તો જ વિવિધ દિશામાં દેશની પ્રગતિ સાધી શકાય.

આપણો પહેલો પાઠ તો શિસ્ત અને સંયમનો જ હોવો જોઇએ રાષ્ટ્રીય નેતાઓની યોજના પ્રમાણે દરેક જણ પોતાના સ્થાન અને પરિસ્થિતિમાં શા શાં શિસ્ત અને વ્યવસ્થા આણી શકે તેનો વિચાર કરી લેવો જોઇએ. આ બાબતમાં આપણે પરદેશીઓ પાસેથી ઘણું શીખી લેવાનું છે. મેં હમણાં જ અધિકાર પર આવેલા પ્રધાનોને માન આપવા ચોપટની મેજનીમાં કેવી ગોંદાઈ અને શિસ્તભંગ ઊભરી પડ્યાં છે એ નજરે જોયું છે. આપણે જ આપણું શાસનનો ભંગ કરીશું તો પછી શી રીતે બીજો કાર્યક્રમ સાધી શકાશે? જે બ્રિટિશ ઑફિસરો એક વખતે સરકારી હુકમથી એક સપાટે દેશના મહાન ખાનદાનોથી માંડી અદના સ્વયંસેવકો સુધી કારકો ચલાવી રહ્યા હતા તેના તે જ ગોરા ઑફિસરો આજે એ જ સરકારી હુકમને આધીન થઈ તેમના ઉપર નીમાએલા પ્રધાનોનાં જે માનમર્યાદા સાચવે છે તે ઘડો લેનારાઓ દેખાવ છે. જેમને જેલ મોકલેલા તે જ જ્યારે અધિકાર પર આવ્યા ત્યારે તેમની ધરતી અદબ અને હુકમદારી માનવામાં તેઓ લેશ પણ પાછા પડતા દેખાતા નથી, એ જોઈ, કદાચ કોઈ હિંદી ખોટા ઉંદકે ચડી જાય તો ભૂલ કરશે. શક્તિ અને અધિકારની સાથે જ સંયમ અને સમતુલા રાખવાં જ ઘટે. સમુદાય આખો આ વાત સમજે તો એ અધિકારીઓની સમક્ષ અન્યથારિત દેખાવો અને વર્તન થવા ન દે તેમજ બ્રિટિશ દીક્ષાકારોને આપણી નાલાયકી સિદ્ધ કરવાનાં દૃષ્ટાંતો ન બને.

એક સંસ્કાર સમાગમ

● થોડા દિવસ પહેલા મેં મુંબાઈમાં પોલૅંડના એલચી (કૉન્સલ) શ્રીમાન ડૉ. બ્યાનાસિન્સ્કી અને તેમનાં કલારસિક પત્ની મૅડમ બ્યાનાસિન્સ્કાના આમંત્રણથી તેમના પરોણાઓ સમક્ષ ભારતીય કળાનો અલ્પતન પરિચય આપવા નમ્ર પ્રયાસ કર્યો એ વાત દેશનાં કેટલાંક પત્રોમાં પ્રસિદ્ધ થઇ છે તેમજ ટાઇમ્સ પ્રેસના ઈવનિંગ ન્યુસે પણ કદરદાનીથી એ પ્રસંગ વર્ણવ્યો છે. પરંતુ એ પ્રસંગની પાછળ જે ભાવનાઓ માનવમેળાપ અને અજબ ઘટના હતી તે વાત કહેવાની બાકી રહે છે.

મુંબાઇના તળના તો ઘણા સાહિત્યપ્રેમી તરુણો બાબુ હરિશ્ચન્દ્ર બદને ઓળખતા હશે; પણ બીજું કોઇને જો તે નજરે પડે તો તેમને કોઇ દેશી ગુમારતા ધારી લે અથવા હાથમાં ચોપડીઓ સાથે નીકળતા મુદ્દાના વિદ્યાર્થીમાં ગણી લે. પણ એ માનવસળેકડામાં જે ગર્મિ અને અડગ ઉપા-



મૅડમ બા ાસિન્સ્કા, રવિશંકર રાવળ, ડૉ ઇ. ાનાસિન્સ્કી (પોલિશ કૉન્સલ), હરિશ્ચન્દ્ર ભટ્ટ

રનાો સભાર બર્યો ઇ એ તો ગાઢ પરિચયમા આ ાનારા જ જણી શકે એ ભાઇબધને પો લૅંડનુ સાહિત્ય વાચ ાની લગ ના લાગી તેણે માનેલુ કે પતિત પોલૅંડ એકવાર ભારતના જેવી જ અધોગતિ ભોગવતુ હતુ તે માથી એ ઉત્થાન પામ્યુ, એટલે તે ા વૃત્તાતમાથી હિન્દે કઈ ને કંઇ પાઠ મળશે જ આથી પો- લૅંડ ઉપર કેટલા યે પુસ્તકો તેણે વાચી નાખ્યા ને કઇ વધુ મહત્વનુ સાહિત્ય મેળવવા પો લૅંડના એલચી ાતાના ભારણે ભટમાયા પોતાનો દરજ્જો ખ્યા લમા રાખી તેમણે પોલૅંડના કૉન્સલ સાહેબ ઉ ાર પ ા લ ખ્યો અને તેમા પોતે વાચેલા પુસ્તકો ા નોધ આપી અને બારણે ઊભેલા પટા વાળા જોડે તે અદર મોકલી આપ્યો જવાબ માટે રાહ જોવાનુ કહી પટા વાળાએ પત્ર અદર પહોચાડ્યો કૉન્સલ ડૉ બાનાસિન્સ્કી ખરેખર કોઈ અજબ ાણસ તેમણે એકદમ એમને અંદર બોલાવ્યા ને પોતાના ઑસિસ્ટન્ટને કહ્યુ કે આ જુવાને મારા દેશનુ સાહિત્ય મારા કરતા પણ વધારે વાંચી નાખ્યુ છે અને હુ તેને મારા મિત્ર ગણું છુ પછી તો ઘણી વાતો નીકળી ડૉ બાનાસિન્સ્કીએ એક વખત જીવનના ઉલ્કે પગથિયેથી આરક્ષ કર્યો હતો એટલે તેમની નજરમા આ સુદામા મિત્ર જરા યે ાારતા ન દેખાયા મિત્રતા પાકી બાધી દીધી અને આજે એક દેશી પેઢીના મુનીમ એ ભાઇ હરિશ્ચન્દ્ર એ વિદ્વાન ા સુહૃદ થવાનો સ ભવું કહાવ પામે છે પે લૅંડના ઉદ્ધારક પિલસુદ્સ્કીનુ સપૂર્ણ ચરિત્ર તેમણે ડૉ બા ાસિન્સ્કી ા પ્રેરણાથી બહાર પાડ્યુ છે એ પુસ્તકનું પ્રાકટય ડૉકટરે પે તાના ભવનમા ઊજવ્યુ ત્યારે બેચાર સરકારી સગભા ી મહેમાનો સમક્ષ ભા૰ હરિશ્ચન્દ્રને તેમજ અભિનદન બેટ આપી કદરદાની બતા ી આ બધુ આપણા પયત્નનરી વિદ્વાનો અને આડતરી ઑદ્રિસરોના મુખાળે વિચારી લેતે ડૉ બા ાસિન્સ્કી તો પ છા સસ્કૃતિ અને કળાના જબરા ઉપાસક છે તેમના પત્ની ચિત્રકળામા ાને ગૃહળાઓમા પાવરધા છે ભાઇ હરિશ્ચન્દ્રે એ દંપતી ા સસર્ગમા મને મૂકવાનો સકેત કરી રાખ્યો હતો દરમિયાન સીમલામા બેસીને એક પોલિશ તરુણીએ હિંદના નારીજીવન વિષે કઇક દુ લખી નાખ્યાનુ એ દંપતીના જાણવામા આવ્યુ ત્યારથી તેમનો જીવ ાતે હતો કે શી રીતે તે ા પ્રાતકાર કરવો ઊલામા ભાઇ હરિશ્ચ દ્રે તેમને ઠનુ દેસાઇની 'ચત્ર ચલિ' બતાવી અને એમાના ચિત્રો સમજાવ્યા જીવનની કવિતા અને ભાવ ગ્રહણ કરવામા કુશળ એ દંપતી તરત તેનુ હાર્દ સમજ્યા અને ઠરાવ્યુ કે પોતા પ્રચારકાર્યના પ્રતિકાર રૂપે —કોઈ આર્થિક હેતુથી નહિ—એ ચિત્રમાલા પોલૅંડની ભાષામા પ્રકા થવી જોઇએ શ્રી ઠનુ દેસાઇને પોતાની રાયલ્ટી જતી કરવા કબૂલત આ ી એટલે મારે મુ ાઇ ા મવાસ દરમિ- યાન તેમને મળવાનું પાકું થયુ એ મુલાકાત વખતે હિંદની કળાની છુ ક વાતો કરતા તેમને બહુ રસ પડ્યો અને કહ્યુ કે ચાર વર્ષથી અમે મુબાઇમા છીએ પણ અમને દેશની સસ્કૃતિ કે કળાનો પરિચય કરાવનાર કોઈ હિંદીનો સમાગમ થયો નથી તમે એક દિવસ આવી, રસ પેનારા બીજા મિત્રો સમક્ષ થોડી વાતો કરો તો સારૂ. મને તો એ ભાવતુ કર્તવ્ય લાગ્યું પણ મારા માટે એ એક કસોટી જ હતી અમેરિકામા કદી ભાષણ અપેક્ષિત નહિ પણ પરીક્ષા માટે કોઇ તૈ ાર શી કરે એમ મેં ાર વક્તવ્ય તૈયાર કર્યું અને ભાઇ હરિશ્ચદ્રે એમા યે પો તાના વખત ને રૂચિનો ભોગ આપી, સદ્ભાય કરીને ટાઇપ કરી આપ્યુ એ મેળાવડા મા દેઢસો અમેરિકન ભાઓ તેમજ

ઇટાલિયન, જર્મન અને ચેકોસ્લોવાકિયન ડૉ. સહોની હાજરી હતી અને દરેકે બહુ લક્ષથી શાંતિથી બધું સાંભળીને ભાવપૂર્વક વાતો કરી. આપણા જ દેશનાં સંસ્કારી મંડળોમાં ક્વચિત્ જ એના રંગ અને રસથી સૌ ભળે છે. મૅડમ ગાનાસિન્સ્કાએ બહુ જ કાળજીપૂર્વક સ્વાગતની તૈયારી કરેલી. ઓક વરંડામાં આમંત્રણ પ્રમાણે ખુરશીઓ ગોઠવેલી જેથી મૂંગવણ ન થાય વ્યાખ્યાતા માટે છાયાવાળી વીજળીક રોશની બરોબર ઊંચાઈવાળા ટેબલ પર ગોઠવેલી. શ્રોતાઓ ઉપર છાયા રાખવાથી બોલનારનો ક્ષોભ સહજ ઓછા થઈ જતો હતો. મારા વાચન પછી સુપ્રસિદ્ધ ફોટો-કલાકાર અનેકલા વિવેચક તથા મધ્યાલ બૅરિસ્ટર મિ. કાર્લ ખંડાલાવાળાએ પ્રતિક્રિયે જે વિવેચન કર્યું તેણે પ્રસંગને વધારે દીપાવી રાખ્યું. ઉનટે બાજુના ખંડમાં સાદા ઉપાહારની યોજનાએ બધા વચ્ચેનો સંકોચ ઊડાવી હળતામળતા કર્યા. એ બધી ગોઠવણ એમને તો સહજ ક્રિયાવત્ હતી, પણ આપણા સમાજમાં ક્વચિત્ પ્રાપ્ય લાગી.

આ અંક ના પૃષ્ઠ ૫૨નું ચિત્ર (મૂળ કદ ૮×૧૦ ફૂટ)

હજુ હમણાં જ વિદ્યાર્થીજીવન આટોપતા ભાઈ વિનાયક પંડ્યાને હાથે આવેલ્સ મોટા માપના ચિત્રો તૈયાર થઈ ગયાં એ એમની કારકિર્દીનો જવલંત પ્રારંભ ગણાય. ગુજરાત-કાઠિયાવાડમાં એ માપનાં ચિત્રો કરવાની તક હજુસુધી કોઈને આપી નથી. ભાઈ વિનાયકને એ ભાગ્ય સાંપડ્યું તેનું અભિનંદન ! લાઠીના કલારસિક રાજવી શ્રીમાન પ્રજેશસિંહજી સાહેબને ઘરે છે. જ્યારે બીજા રાજવર્તાઓ પરદેશી કલાની મોહિનીમાં નાણી ચણગારોથી રાજમહેલો સજે છે ત્યારે લાઠીના હયાતમહાલયમાં કાલિદાસનાં 'મેઘદૂત' અને 'શાકુન્તલ'નાં વિમાજ કલ્પનાં ચિત્રો આંખ ઠારે છે રાગ-રાગિણીઓનાં મોહક ચિત્રો નથી જ સ્વરલહરીના ચમત્કાર આપે છે. હજુ તો ગૌમાંથી કલાનાં પગલાં માત્ર કેરાતતાં આટલો સત્કાર કર્યો છે ગુજરાતના નાનામોટા ચિત્રકારોની બૌદ્ધિક કૃતિઓનો પણ તેમણે સંગ્રહ રાર કરી દીધો છે, અને થોડા વખતમાં લાઠીનું ચિત્રાલય સારાં ચિત્રોનું કેન્દ્ર બની જાય તો નવાઈ નહિ; કારણકે લાઠીના ઠાકોર સાહેબ જેવા કલાપ્રેમી અને કળાના અડગ ઉપાસક તેમના લઘુ ભ્રાતા કુમાર મંગલસિંહજી જો પ્રજાથી ધીરી પડવા દે એવા નથી. ભાઈ વિનાયકના કામની સવિસ્તર નોંધ લેવાની તક બહુ નજીકમાં છે એટલે ગુજરાતને વધાઈ રૂપે હાલ આટલું બસ છે. ર.મ.ત્રિ.

'કુમાર' હજુ પણ પોતાનું ખર્ચ જાતે ઉપાડી શકતું નથી-એ વાત ઘણા જાણતા નહિ હોય. ગયા વરસથી કરેલા બે ફ્રૅમના વાચનના અને અવારનવાર ઊંચી છપાઈના વધારાએ તેને ૧૯૩૬ની આખરે બહુ ખોટમાં મૂકયું હતું. તોપણ આ વર્ષે અમે એ નિભાવી રાખવાનો સંકલ્પ કર્યો હતો. પરંતુ આ વર્ષની શરૂઆતથી કાગળના ભાવ ઉત્તરોત્તર વધતા જઈને આજે તેગા ૨૫ થી ૩૦ ટકા સુધાનો વધારો થયો છે. તેને પહોંચી વળવા અમે બીજા રંગની છપાઈ બંધ કરી છતાં પણ બોજો હળવો નહિ જ થાય એમ લાગવાથી નિરૂપાયે આ અંકથી અમારે એક ફ્રૅમનું વાચન કમી કરવું પડયું છે. તેને માટે લગા પ્રાર્થી અમે આશા રાખીએ છીએ કે વાચકો એ નિભાવી લેશે. —વ્યવસ્થાપક

"હું તો કૉલેજની કેળવણીમાં ધારબૂળથી પલટો કરું ને એનો દેશની જરૂરિયાતોના સાથે મેળ સાધું. યંત્રશાસ્ત્રના ને બીજા ઇજનેરોને માટે પાનીઓ રખાય. એમને જુનાજુના હલ્લોગોની જોડે જોડી દીધેલા હોય, ને એ હલ્લોગોને જે ગેરબુઝેરો જોઇએ તેગને તાલીમ આપવાનું બારુ એ ચલાવનારા જ આપે. દાખલા તરીકે ટાટા કંપનીની બારે એવી અપેક્ષા રખાય કે તેમને જે ઇજનેરો જોઇએ તેમને કેળવવાને માટે તે રાજ્યની દેખરેખ નીચે એક કૉલેજ ચલાવે. તે જ પ્રમાણે મિલમાલિકોનાં મંડળ મળીને પોતાને જોઇતા મેનેજુએરો કેળવવાની કૉલેજ ચલાવે. એવું જ બીજા અનેક ઉદ્યોગોને વિષે. વેપારને માટે પણ કૉલેજ હોય. પછી 'આર્ટસ', ડાકટરી ને ખેતીવાડી રહ્યાં. આજે કેટલીયે ખાનગી 'આર્ટસ' કૉલેજો સ્વાવલંબનપૂર્વક ચાલી રહેલી છે. એટલે રાજ્ય પોતાની આર્ટસ કૉલેજો ચલાવવી બંધ કરે. ડાકટરી કૉલેજો દવાખાનાં હૉસ્પિટાલોની સાથે જોડેલી હોય. એ કૉલેજો ધનિકોમાં લોકપ્રિય છે એટલે તેઓ એ કૉલેજોને નભાવવા માટે સ્વેચ્છાએ પૈસા આપે એની અપેક્ષા રખાય અને એની લાઈની કૉલેજોને સ્વાવલંબી હોય તો જ એનું નામ સાર્થક થાય મને કેટલાક ખેતીવાડીના મેનેજુએરોનો કડવો અનુભવ થયેલો છે. એમનું જ્ઞાન છીછરું હોય છે, એમને વહેવાર અનુભવ હોતો નથી પણ જો તેમને સ્વાવલંબી ને દેશની જરૂરિયાતો પૂરી પાડનારી વાડીઓમાં કમેદારી કરવી પડી હોય તો તેમને પદવી મેળવ્યા પછી તે જેની નોકરી કરતા હોય તેને ખરચે અનુભવ મેળવવાની જરૂર ન રહે." —ગાંધીજી

ગુજરાત સાહિત્ય સભા તરફની ૧૯૩૬ના સાહિત્યની સમાલોચના

"૧૯૩૬ના ગુજરાતી વાઙ્મયની સમીક્ષાનું કામ ગુજરાત સાહિત્ય સભા તરફથી આ વખતે પ્રો. રાવળને સોંપાયું છે. તો સભાલોચના માટેનાં પોતાનાં પુસ્તકો એમને નીચેને સરનામે મોકલવાની સૌ પ્રકાશકો તેમજ લેખકોને સભા તરફથી વિનંતિ છે: પ્રો. અનંતરાય રાવળ, ૧૦, હીરાબાગ ઑલિસબ્રિજ અમદાવાદ



ગૂર્જર રંગભૂમિના પિતા

સ્વ. દી. બા. રણછોડભાઈ ઉદયરામ

એક સૈકા પહેલાની આ વાત છે. આસો મહિનાની સુરણી ભરી એ મનોરમ સન્ધ્યા હતી આસમાનને લાલ કસુમ્બલ રંગના રંગછાંટણે રંગ્યા, સૂરજ મા'રાજ પૃથ્વીને પેલે પાર ઊતરી ગયા હતા ઘડીક વીની. અંધારું ઊતર્યું ને મધુપાના વૈદ્યનાથ મહાદેવના મંદિરમા ઝાલર-થાણાઓનો રણકાર થયો લોકોના ટોળા દર્શને ઉમટ્યા આરતી થઈ રહી અને દસેક વર્ષનો એક બ્રાહ્મણ કુમાર સ્તુતિ ગાતા માડ્યો ભોળા શંભુ અને પાર્વતીના ભક્તિસ્તોત્રો સ્વરકારતા આ બાળકે માનવ મેદનીને મુગ્ધ કરી લોકો માંહોમાંહે કહેવા લાગ્યા 'કેવ બહુ મધુર છે, મળેલા જાણે અમી ઝરે છે આ તે ભલા છે કોણ?' કોઇક જવાબ આપે છે, 'એ તો પેલા ઉદયરામ કવેનો નાનો દીકરો રણછોડ' 'વાહ વાહ' છોકરો તો ભારે વહાલુ છે ઉદયરામ

બિચારા ચારેક વર્ષ પર જ મરણ પામ્યા એ આ લુએ તો એમના જીવને કેવી ટાઢક વળે!' ત્યા બીજાને એક જણ બોલ્યો, 'પેલા જટાશંકર ત્રવાડીવાળો જગનો તો કે'તો 'તો કે રણછોડ સ્તુતિ પોતે જોડી કાઢે છે ને કવિતાઓ પણ બનાવે છે' 'હશે બાપુ' એમ હોય તો ગદ્ય દેવજી ની કૃતિ' લોકો વિખરાઈ પોતપોતાને ઘેર ગયા રણછોડ મહાદેવને ઓટલે બેસી કંઈ ગણ ગણાટ કર્યા કરતો ઘણી વાર જણાતો કોઇ લુએ તો નવાનવા પદો ને છંદો બનાવવામા તે તલ્લીન હોય!

ગુજરાતની રંગભૂમિના આદ્ય પ્રેરણાદાતાને ઉત્પાદક, સમર્થ નાટ્યકાર ને સાક્ષર સ્વ દી બા રણછોડભાઇ ઉદયરામની જીવનસીટીનુ આ પહેલું પગથિયું બાલપણમા વૈદ્યનાથ મહાદેવના મંદિરે કાવ્યકવાના જે બીજ વવાયા, તેમાંથી જ જતે દહાડે ફલાદ્રુપી વિશાળ વૃક્ષ થયુ

એમ તો જન્મને આજ બરાબર સો વર્ષ પૂરા થયા કેવુ એ મેકા લેવાનું ગુજરાત 'દેશ ઉદ્ધાર ત્યારે કાળા ની બદબુ લાકડી ફરની વતી ભિન્નભિન્ન થએલા કાઠિયાવાડ-ગુજરાત ને બ્રિટિશ સરકાર પોતાની સત્તા જમાવતી આવતી વતી ગાયકવાડ પાસેથી પોણા વર્ષ પહેલા જ ગુજરાતનો મોટો ભાગ અમેરેલીને કરનાર

આવ્યો હતો. તે વખતે સમાજના અંગેઅંગમાં કંગાલિયત વ્યાપી ગઈ હતી. અજ્ઞાન, જડતા અને ભીરુતાને લીધે લોકો અંદરઅંદરના કલહમાં રચ્યાપચ્યા રહેતા હતા. વડવાઓને ચાલે ચાલી જીવન વીતાડનારાં ગુજરાતીઓ વિનાશને માર્ગે ધસડાતા જતા હતા. સદીઓ-જૂના રિવાજો સામે માથું ઊંચકવાની કોઇની છાતી ચાલતી નહિ. સાતી એ સાંતીની જમીન હોય, ઘરને આંગણે એકાદ ગાય કે બૈસ બાંધ્યો હોય અને છોકરાંના છોકરા કે તેનાં છોકરાં દાદાજીના ખોળામાં રમતાં હોય તે માણસ ભાગ્યશાળી લેખાતો. કોઇ પોતાને ત્યાં ધર્મગુરુની પધરામણી કરે, ભાગવતકથા બેચાવે કે મહારુદ્ર યજ્ઞ કરે તેની લોકોમા વાહવાહ બોલાતી. સાચા ધર્મને પ્રેમ વીસરી ગઇ હતી. પાખંડીઓ અને લંપટ ધર્મગુરુઓ પૂજાતા હતા. ધર્મને નામે અનેક પાપલીલા રચાતી અને શ્રદ્ધાળુ ભોળા લોકો તેના ભોગ બનતા લગ્નપ્રસંગનાં ગજા ઉપરાંતનાં ખર્ચમા કે કારજ-કરિમાવરમા લોકોની રહીસહી મૂડીનો નાશ થતો હતો. બાળલગ્ન તો તે વખતના નિત્યના બનાવ હતા. નવું જોવાની કે જાણવાની કોઇને ઇચ્છા જ થતી ન હતી આવી સ્થિતિમાં અંગ્રેજોના આગમ સાથે જે નવા યુગનો આરંભ થયો તેથી ધર્મમા, સમાજમા, સાહિત્યમા અને જીવનના દરેક દરેક ક્ષેત્રમા જબરો ખળભળાટ જાગ્યો જાગતા ગુજરાતની એ ચેતનાસંદરીઓ વચ્ચે જે મહાપુરુષો અવતર્યા હતા તેમાંના રણછોડભાઈ ઉદયરામ દવે એક હતા.

અને આ રહી મહુધાની તે વખતની નિશાળ. જોવા ઘાટનું હવા-અજવાળા વગરનું એક મકાન. તેમા સામેની ભીંત પર દેવી સરસ્વતીની એક છબી આવેલી છે. 'સરસ્વતી તું મોરી માર્યા શરૂ થતી રતુનિ સવારના પહોરમા સલકારના વિદ્યાર્થીઓ ભેગા છે. રતુતિ પૂરી થતાં શિક્ષક મોટા ગોટા ભરાય પાડી કક્કો બોલાવે છે: 'અક્ષ્યાજીની ચોપડી; અડ્ડો વચ્ચા પોદળો; જજ્જાને જોર વાળિયો, ઝઝૂંરાની શેરી બ ઉ, તન્નો ભાટ ડૂબેલો; મમ્માજીનું માટલું ને રડોડનો રોટલો.' કક્કો ને આંક બોલાય બસ છે. કોઈ પોતાના નિત્યપાઠ વાંચે છે કે કોઇ બારાખડી ઘૂંટે છે; ત્યાં કંઇક ધોંધાટ થાય છે કે તરત જ ઓચિંતો બળે ઑમ્બ પડે તેમ શિક્ષકના હાથમાનો દંડો ઉછળીને વાનો કરતા વિદ્યાર્થી પર પડે છે. સર્વત્ર શાંતિ પ્રસરે છે. ભૂગોળ, ખનિજાસ, ગણિત વગેરે લેવાય છે. મોટા નિશાળીઆઓમાંથી કોઇ નામુ લખતા શીખે છે તો કોઇ 'સ્વસ્તિ શ્રી મુજાહંદર મદારુજારયાને સર્વોપમો-પમાલાયક પૂજારાધે શેઠશ્રી ૫' થા શરૂ થતા પત્રોના નમૂના ગોખે છે. દરમિયાન મહેતાજી રૂપેરી દાગીનાવાળાં ચશ્માં ચડાવી કંઈક વાંચવામાં ગૂંથાયા છે. જાણે વીજળીનો આંચકો વાગ્યો હોય તેમ ઊંચું જોઇ બોલે છે, 'અલ્યા રણછોડ ! જો; નડિયાદના મહેતાજીએ કાગળ મોકલ્યો છે. સાથે તેમના વડા નિશાળીઆ મનસુખરામ સૂર્યરામે પાદપૂર્તિ માટે ત્રણ લીટીની કવિતા મોકલી છે. જો વાંચ, તારે એની ચોથી લીટી જોડી કાઢવાની છે.' રણછોડભાઇ ચાર પંક્તિઓ પૂરી કરે છે અને વધારામાં ત્રણ નવી પંક્તિઓ જોડી કાઢી તેની પાદપૂર્તિ માટે નડિયાદ મોકલાવે છે. શિક્ષકનું મોં સહેજ મલકે છે અને ત્યારથી રણછોડને પોતાનો પટ્ટશિષ્ય બનાવે છે. પછી તો કવિદયાળુજીના નિશાળીઆ હરિલાલ દામોદર, નડિયાદના મનસુખરામ સૂર્યરામ અને મહુધાના રણછોડભાઇ, એ ત્રણ પાદપૂર્તિ માટેની કવિતાઓ પરસ્પરને મોકલાવે છે અને એકબીજાની સરસાઇ કરી આગળ વધવા કોણ કેટલું નવુંનવું સર્જે છે તેની હોડ વધારતા બને છે.

રણછોડભાઇનો જન્મ સને ૧૮૩૭ના ઑગસ્ટની ૬ઠ્ઠી તારીખે મહુધામા આજ એડવાણા ફાલિબ્ન જ્ઞાતિમા થયો હતો. મહુધા મૂળ ગાયકવાડી હકૂમતનું, પણ સને ૧૮૨૭ પછી તે અંગ્રેજ સરકારના કબજા-મા આવ્યું હતું એ વખતની મહુધાની બંદોબસ્તની પણ સારી કહી શકાય. આજ તો તેની વસતિ ૮,૦૦૦ની આસ હશે; પણ એ વર્ષ પહેલ. તેની વસતિ ૨૦,૦૦૦ લગભગની હતી લોકોનો મુખ્ય ધંધો ખેતી અને તેને અંગે થતી વેપાર તથા સાહુકારીનો. રણછોડભાઇના પિતા ઉદયરામને પેશવાઇ તરફથી મળેલ વંશપરંપરાનો ગિરાસ હતો, તેનો વહીવટ તે કરતા ઉપરાંત તે મહુધાના દેસાઇ માણેકલાલ અંબારામના મુખ્ય મુનીમ હતા. ગામમા તેમની પ્રતિષ્ઠા સારી હતી અને પૈસેટકે પણ સામાન્ય રીતે સુખી કહી શકાય. રણછોડભાઇ તેમની નાના પુત્ર હતા


એટલે માતપિતાના ખૂબ લાડીલા હતા. પણ તેમનું આ સુખ લાંબો વખત ટકયું નહિ. તે ૭ વરસના થયા તે અરસામાં તેમના પિતા મરણ પામ્યા કુટુંબ-નિર્વાહનો ભાર તેમના મોટા ભાઇ પર આવી પડ્યો બે વરસ રહીને એમની માતાનું પણ અવસાન થયું. આમ, કુટુંબ પર એક બીજી આફત ઊતરી અને ત્રણે ભાંડુઓ એકલવાયા બન્યા.



દીવાનબહાદુર રણછોડભાઇ ઉદયરામ

મહુધાની ગુજરાતી શાળામાં રણછોડભાઈનો વિદ્યાભ્યાસ પૂરો થઇ રહ્યા પછી તેમને તેમનાં માશી પાસે નડિયાદ રહેવાનું થયું. પોતાના વિનોદી અને હસમુખા સ્વભાવથી આ કિશોર આડોશીપાડોશીનો બહુ માનીતો થઇ પડ્યો. તેની જિજ્ઞાસાવૃત્તિ પહેલેથી જ બહુ પ્રબળ હતી અને કંઇ પણ કરવાનું માથે લે તે પૂરું કરે ત્યારે જ છોડે તેવી મક્કમતા તેનામાં હતી. આ અરસામાં તેને અંગ્રેજી ભણવાની હોંશ જાગી. નડિયાદના સરદાર ભાઉસાહેબ દેસાઇના પુત્રો સાથે તેણે દોસ્તી બાંધી. ભાઉસાહેબે પોતાના પુત્રોને અંગ્રેજી શીખવવા એક ટયૂટર રાખેલો હતો. રણછોડભાઇની અંગ્રેજી શીખવાની ધગશ અને સાહિત્યપ્રેમ જોઇ ભાઉસાહેબે તેમને પણ પોતાના પુત્રો સાથે જ ભણાવવાની સગવડ કરી આપી હતી. રણછોડભાઇએ નડિયાદના આ વસવાટમાં અંગ્રેજી ભાષા પર ઠીક ઠીક પ્રભુત્વ મેળવી લીધું. ઉપરાંત, શેક્સપીઅર, મિલ્ટન અને બાયરન જેવા કવિઓનાં કાવ્યોનો રસાસ્વાદ પણ કર્યો. સંસ્કૃતનો અભ્યાસ એક શાસ્ત્રી પાસે કરેલો, તેમાં પણ ઉત્તરોત્તર સારી પ્રગતિ સાધી લીધી. મનની આકાંક્ષાઓ અને અભિલાષાઓને ફળિભૂત કરવા માટે જ જાણે આ બધી મથામણ હતી.

જુવાનીમાં પગ માંડતા રણછોડભાઇને વીસમું વર્ષ બેસે છે ને દિલ્હીમાં ૧૮૫૭નો વિખ્યાત બળવો જાગે છે. ચગદાએલા દિલના એ છેલ્લા પ્રયત્ને અંગ્રેજોને ધ્રૂજાવી મૂકયા હતા. સારા યે દિલમાં એની ભભૂકતી જ્વાલાઓ પ્રસરી ગઇ હતી. કંપનીનું રાજ્ય ઘડીકમાં જશે એમ સૌને લાગતું હતું. લોકોનાં જાનમાલની પણ સલામતી ન હતી. આવા કપરા કાળમાં મુસાફરી કરવી એ તો મોતને ભેટવા જવા જેવું હતું. પણ જુવાન



સ્વ. દી. બ. રણછોડભાઇના હસ્તાક્ષર

રણછોડભાઇની સાહસવૃત્તિ આવે વખતે પણ તેમને આગળ વધવા પ્રેરતી હતી. એમના મગજમા અનેક ગડમથલ ચાલતી હતી. નડિયાદ જેવા નાના શહેરમાં આગળ વધવાનો માર્ગ ન હતો. મનમા ને મનમાં તેમણે અમદાવાદ જવાનું નક્કી કરી નાખ્યું ને વડીલો પાસે પોતાનો નિશ્ચય જણાવ્યો. વડીલોએ આનાકાની કરી. તે દિવસોમા નહોતી ટ્રેન કે નહોતી પાકી બાંધેલી સડક. બળે બડીઓ નાખી, ધૂળાએ રસ્તે ચાલી તે અમદાવાદ પહોંચ્યા. ત્યાં 'લૉ ક્લાસ'માં જોડાયા અને કાયદાનો અભ્યાસ ચાલુ કર્યો; સાથે સાથે શિષ્ટ સમાજમા હળવાભળવાનું પણ ચાલુ રાખ્યું; ગુજરાતી સાહિત્યના ઉત્કર્ષને અંખતા પોતા જેવા જ જોડીદારોનો સાથ મેળવી અવનવી પ્રવૃત્તિઓ આદરી; અને જૂના સાહિત્ય અને ઇતિહાસનું સંશોધન ચાલુ કર્યું.

આ વખતે, ગુજરાતી સાહિત્યને વ્યાપક બનાવી લોકોને તેમાં વધુ રસ લેતા કરવાની પ્રવૃત્તિઓ ઉપાડનારા ત્રણ અંગ્રેજ વિદ્વાનો અમદાવાદમાં હતાઃ મિ. ફ્રૉર્બ્સ, મિ. હોપ અને મિ. કર્ટિસ. તેમને હાથે જે યોજનાઓ ઘડાઇ તેને આગળ ધપાવનારા મંડળમાં કવિ દલપતરામ, રણછોડભાઇ અને તેમના સાહિત્યપ્રેમી મિત્રો હતા. આ મંડળે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સ્થાપી અને તેના મુખપત્ર તરીકે 'બુદ્ધિપ્રકાશ' નામનું માસિક ચાલુ કર્યું. રણછોડભાઇએ આ માસિકના તંત્રી તરીકે અમુક વખત સુધી કામ કર્યું. તેમાં સને ૧૮૬૨માં 'જયકુમરનો જય' એ નામનું નાટક લખવું એમણે શરૂ કર્યું હતું અને તે તરફ લોકોનું ખૂબ ધ્યાન ખેંચાયું હતું. એ નાટક પછીથી 'જયકુમારી વિજય નાટક' નામે પ્રસિદ્ધ થયું. કવિ દલપતરામને જૂના કવિઓની કાવ્યપ્રસાદીઓ એકઠી કરી 'કાવ્ય-દોહન ભાગ ૧લો' પ્રસિદ્ધ કરવામાં રણછોડભાઇની મદદ મુખ્ય હતી. ગુજરાતી શાળાઓમાં પાઠ્ય પુસ્તકો હતાં જ નહિ; તે માટે હોપ-વોચ્યનામાળા તૈયાર થતી હતી, તે માટેની સમિતિમાં રણછોડભાઇ પણ ચૂંટાયા હતા. અમદાવાદ આવા ક્ષેત્રમા ફરીને હામ બેસાય તેટલા માટે એજ્યુકેશનલ ઇન્સપેક્ટરની ઑફિસમાં એમણે ઍકાઉન્ટન્ટ તરીકેની નોકરી સ્વીકારી.

રણછોડભાઇની કાર્યકુશળતાથી આકર્ષાઇ, અમદાવાદના શેઠ.એચરદાસ અંબાઇદાસ લશ્કરીએ મુંબાઇમાં લૉરેન્સ કંપનીમાં પોતાના પ્રતિનિધિ તરીકે તેમનેતીમ્યા. સને૧૮૬૩માં તેમનુ મુંબાઇમાં આવવાનું થયું.એ વખતે મુંબાઇના વેપારોજગાર બહુ ધોકતા ચાલતા હતા–અને સાથે શેરબજારની સટ્ટાખોરીએ ઘણાને ચકડોળે ચડાવ્યા હતા. મૂડી વણ આંધી ખાલી હાથે મુંબાઇમા આવેલા ઘણા માણસો શેરબજારની તેજીમાં લક્ષ્મીનંદનો થઇ પડ્યા હતા; અને ઘણી ધોકતી પેઢીઓ એ દિવસમાં તૂટતી પણ સંભળાતી. રણછોડભાઇએ પોતાની પેઢીનું કામ બહુ જ કુશળતાથી અને ગણનરીથી કર્યું હતું અને તેની આંટ છેવટ લગી જળવી રાખી હતી.

આ અરસામાં મુંબાઇમાં યુનિવર્સિટી સ્થપાઇ અને તે કેળવણીનું મુખ્ય ધામ બન્યું. ગુજરાતના યુવાનો ફૉલેજમાં અભ્યાસ કરવા અને પરીક્ષાઓ આપવા ત્યાં આવવા લાગ્યા. પાશ્ચાત્ય સંસ્કૃતિના સંપર્કથી જગતના જુદાજુદા દેશો વિષે તેઓ ઘણું જાણતા થયા. ભારતવર્ષને પણ યુરોપ અને અમેરિકાના મુલકો જેવી સ્વતંત્રતા અપાવવાના કોડ તેમનો હૃદયમાં જાગ્યા. તેમણે વિવિધ મંડળો સ્થાપ્યાં. આ મંડળોમાં કયાંક સ્ત્રીકેળવણીના પ્રશ્નો ચર્ચાતા, તો કયાંક બાળલગ્નો

(અનુસંધાન આગળ પાના ૪૨૭મે)



એચ.જી વેલ્સ

આંધળાઓનો દેશ

વિખ્યાત અંગ્રેજ સાહિત્યકાર એચ જી વેલ્સની વાર્તા પરથી ઉતારનાર

શ્રી.હરિકૃષ્ણ વ્યાસ

સારઃ એ સાહસિક જુવાનનું નામ નૂનેઝ, એક અકસ્માતે તેને એવા દેશમાં ધકેલી દીધો કે જ્યાંનાં માણસોને આંખ એટલે શું એની કલ્પના જ ન હતી આંખની જગ્યાએ તેઓનાં પોપચા એવા દબાઇ ચોટી ગયેલાં કે અંદર ડોળો જ ન હોય એમ લાગે ! આવા દેશમા કુદરતે પોતાને સહેતુક ધકેલ્યો છે એમ માનતા આશાવત નૂનેઝને જ્યારે લાગે છે કે ઓ લોકો તો પોતાને પર્વતમાંથી જન્મેલુ તાજુ બાળક જ ગણે છે ત્યારે તે હતાશ બને છે: અને એની 'નેઇ શકાની' શોધી માટે જ્યારે પેલા અંધો એને જવાબ આપે છે કે 'છટ્!''નેવું'' એવો કોઇ શબ્દ જ દુનિયામા નથી''ત્યારે ઓ હતાશા અનેકગણી વધી જાય છે. પરંતુ નૂનેઝને અંધોની ઓ દુનિયાના ઘણા અનુભવો થવા હજી બાકી છે: ને ઓ આ અંકમાં તમે વાંચશો ત્યારે જ મિ. વેલ્સની વાર્તાકલાનું સાચુ રહસ્ય પામી શકશો. જુઓ, વાંચો આગળ'

આમ ચાર દિવસ પસાર થયા. અને છતા આ અંધોનો રાજા હક્ક માન્ય કરાવ્યા વિનાનો અણઘડ અડીઓલ તરીકે જ ઓળખાતો રહ્યો. એને પોતાનું રાજપદ જાહેર કરવુ ધાર્યા કરતા અઘરૂં લાગ્યુ. અને એને માટેની સવિસ્તર યોજના પોતે વિચારી રહ્યો હતો તે દરમિયાન ઓ અંધોના દેશના રીતરિવાજો શીખી લેવા તેણે મનનું કર્યું પણ ઓ બધામા એક વસ્તુ તેને બહુ આકરી લાગી· દિવસે ઊંઘવુ તથા આખી રાત કામ કરવું ' આથી તેણે પોતાના મન સાથે ગાઢ વાળી કે પોતે રાજા થાય કે તરત પહેલો સુધારો સૂવા તથા કામ કરવાનો આ કૃત્રિમ (તેની પોતાની દૃષ્ટિએ) ક્રમ બદલવામા જ દાખલ કરવો.

પણ રાજા થવું શી રીતે ઓ જ મુખ્ય પ્રશ્ન હતો. આ અંધો જે નીતિનું જીવન જીવી રહ્યા હતા તેમા દેખતા માણસની દરમિયાનગીરીની જાણે જરૂર જ રહી લાગતી ન હતી. તેઓનું જીવન સાદુ, મહેનતુ તથા નીતિની ભાવનાને માણસ જે સ્વરૂપમા સમજી શકે એટલા પૂરતું નીતિમય હતું. તેઓને મહેનત કરવી પડતી; પણ તનતોડ નહિઃ તેઓ પોતાની સાદી જરૂરિયાતો ઊપજાવી શકતા. તેઓએ જમાનાઓથી અમુક દિવસો અને ઋતુઓ આરામ માટે નક્કી કરી દીધા હતા. ઝલકાવા માગતી જીવનશક્તિને તેઓ સંગીત વાટે વેગ આપતા. તેઓ પણ પ્રેમ શી ચીજ છે તે સમજતા. અને તેઓને પણ સ્ત્રીઓ અને બાળબચ્ચાંનું સુખ હતું. આમાં દેખતો માણસ શો ઉપયોગી ઉમેરો કરી શકે તેમ હતુ?

અને જે જડ જગતની સાથે તેઓને કામ પાડવાનું હતું તેને ત્વચા, ધ્વનિ અને ઘ્રાણની પરિભાષામાં એવી સંપૂર્ણતાથી સમજતાં તેઓ શીખી ગયા હતા કે દરેક જગત પર કાબૂ જમાવવામાં તેઓને આખની ઓટ જણાતી નહિ. વ્યવહારની બધી વસ્તુઓ, વર્ષોના ઉત્ક્રાન્તિક્રમ પછી, તેઓની ખાસ જરૂરિયાતને અનુકૂળ પરિવર્તન પામી ગઈ હતી. તેઓને મન ગામ કે દુનિયા બધું સરખું હતું. એ દુનિયાના બધા રાજમાર્ગો એકબીજાથી માપેલ ખૂણે આવી

રહ્યા હતા. રસ્તાઓના ખૂણાની બહારની બાજુએ ચોક્કસ જાતનાં ચણતર કર્યાં હતાં. અને એ જ મુજબ રસ્તાઓ કે ખેતરોની બધી અનિયમિતતાને સાદી ભૂમિતિથી સીધી કરી દેવામાં આવી હતી. તેઓના રીતરિવાજ અને ટેવો પણ આ બાહ્ય જગતને અનુકૂળ બની ગયાં હતાં. તેઓની બારીની ખિન્દ્રયો અજબ જેવી તીવ્ર બની ગઇ હતી. હજાર ફૂટ દૂર ઊભેલા માણસના અસ્પષ્ટ ઉદ્‌ગાર કે હલનચલન દ્વારા વ્યક્ત કરાતા ભાવો તેઓ સહેજે સમજી શકતા; કદાચ પાસેના માણસના હૃદયના ધબકારા પણ તે સાંભળી શકતા. અને ભાવોની ધણીબારી ભાષા પણ ચહેરા પરથી ઊતરી જઈને આવી હતી. બોલતી વખતે તેઓના ચહેરાની રેખાઓ ઓછીવત્તી નિશ્ચલ રહેતી, પણ તેને બદલે તેઓના અવાજમાં ઉગ્રતા, મંદતા, કે ગાઢત્વનાં અનેક નાનાં મોટાં મોજાં આવતા; ને જોથી વધુ જરૂર પડે ત્યારે ભાવોની સ્પષ્ટતામાં તેઓ સ્પર્શનો આશ્રય શોધતા. અને તેઓનું આ સ્પર્શનું જ્ઞાન એવું જબરજસ્ત હતું કે તેઓ બોલીનું કામ સંપૂર્ણ શ્રદ્ધાથી કરી શકતા; તેઓની ધ્રાણશક્તિ પણ એવી જ જલદ હતી, અને શિકારી કૂતરાના જેવી ચાલાકીથી તેઓ માણસોની ગંધના વ્યક્તિગત ફેરફારો પણ જાણી જઈ શકતા. અને આમ તેઓ પોતાના લાભને ચરાવતા તથા ઓળખી શકતા.

આ બધું જ્યારે નૂનેઝે બળવો કરવાનો વિચાર કર્યો ત્યારે તેની આંખ સામે સ્પષ્ટ તરી આવ્યું. આથી પ્રથમ તો તેણે બની શકે તો સમાધાનીથી કામ લેવા ધાર્યું એકવાર તેમાના કેટલાકને તેણે કહ્યું, 'આગ સાવજો. મારામાં કેટલીક એવી શક્તિઓ છે જે કદી તમારી સમજમાં જ નહિ આવી શકે.'

તેઓમાંના બે જણને તેની વાતમાં રસ પડ્યો; તેઓ તેની સામે ચહેરા નીચા નમાવીને એના તરફ કાન ધરીને એની વાત સાંભળતા બેઠા. એ શ્રોતાજનોમા એક છોકરી હતી, તેણે એક ખાસ કારણસર એનું ધ્યાન ખેંચ્યું. તેની આંખોનાં પોપચાં બીજાં કરતાં ઓછાં ઢબાઓલાં હતાં, તેમ જ જરાય લાલ ન હતાં. અને તેથી જાણે એમ જ લાગતું હતું કે એ ઉપલેલાં પોપચાં નીચે તંદુરસ્ત આંખો સંતાઓલી હોવી જોઇએ. આથી તેને લાગ્યું કે પોતે તેને તો જરૂર સમજાવી શકશે.

તેણે તેઓની આગળ દૃશ્ય જગતના સૌંદર્યનું આબેહૂબ વર્ણન કર્યું: પર્વતોનું રોમાંચક સૌંદર્ય, આકાશ અને સૂર્યોદય તથા સૂર્યાસ્તનું ગહન સૌંદર્ય વગેરે. અને તેઓ બધાં કોઇ ગાંડા માણસની વાત સાંભળતાં હોય એમ એ બધું સાંભળી રહ્યાં. પછી તેઓએ તેને કહ્યું કે પર્વત જેવું કોઇ હતું જ નહિ. પણ એ ટેકરાને છેડે જ્યાં લામા ચરતાં હતાં ત્યાં પૃથ્વીનો છેડો આવી જતો હતો. અને એ છેડા પર ચોતરફ ફરતું મુલાયમ બખોલાનું બનેલું છત્ર એ આખા દેશ પર ઢંકાઈ ગયું હતું. આ છાપરામાંથી કયારેક બરફ અને ઝાકળ પડતાં. અને જ્યારે તેણે તેઓને એમ સમજાવવા યત્ન કર્યો કે તેઓની એવા છાપરાની એ કલ્પના માત્ર ભ્રમ હતો ત્યારે તેઓએ તેને ઇંદ્રિઓથી વિરુદ્ધ જનાર ક્રાન્તિકારી ધારી લીધો. અને એ છાપરાને બદલે તેણે તેઓની આગળ રજૂ કરેલ આકાશ, વાદળાં તથા તારાઓના વર્ણનમાંથી તેઓ તો માત્ર એટલું સમજ્યા કે કોઇ અંત ન આવે એવી ભયંકર ખીણ ઉપર હોવી જોઇએ. અને આ કલ્પના તેઓને એટલી ત્રાસજનક થઇ પડી કે ફરી પછી એવી વાતો ન કરવાનું તેને કહેવામાં આવ્યું.

આથી હવે કલ્પનાતીત વાતો કરવાને બદલે વ્યવહારમાં દૃષ્ટિ કેટલી ઉપયોગી થઈ પડે તે તેઓને સમજાવવા તેણે વિચાર્યું. એ મુજબ એક દિવસ તે ગામને છેડે આવેલા ઘરમાં બધા બેઠા હતા, એવામાં તેણે 'સત્તરમા' નામથી ઓળખાતા રસ્તા પર દૂરથી ચુપકીદીથી ચાલ્યા આવતા પેડ્રોને જોયો. હજુ તે એટલો બધો દૂર હતો કે અવાજ કે ગંધ પરથી કોઇને તેના આવવાની જાણ ન થઈ શકે. એટલે નૂનેઝે ભવિષ્ય ભાંખ્યું, 'થોડા વખતમાં પેડ્રો અહીં આવશે.' એક જણે કહ્યું કે પેડ્રોને એ સમયે સત્તરમા રસ્તા પર કોઇ જ કામ હોવાનો સંભવ ન હતો, તેથી તે આવી ન શકે. અને પછી તુરત જાણે એ વૃદ્ધના શબ્દોને સમર્થન કરવા પેલો ઓબ્રિતેા પાછો ફર્યો, દમમા રસ્તા પર ગયો, અને ત્યાંથી બહારની દીવાલ તરફ ધીમેધીમે આવ્યો ગયો. આમ અહીં પેડ્રો ન આવ્યો એટલે, નૂનેઝ બીજાઓના હાસ્યને પાત્ર બન્યો. અને પાછળથી તેણે પેડ્રોને પોતાની વાતના સાક્ષી થવા કહ્યું

ત્યારે તેણે કોઇ ગુપ્ત કારણસર એ વાતનો દિગંતથી ઇન્કાર કર્યો અને નૂનેઝનો દુશ્મન થયો.

આમ એક વખત નિરાશ થયા પછી તેણે તેઓની આગળ બીજી એક માગણી કરી તેણે કહ્યું કે જો તેઓમાંથી એકાદ મોભાદાર માણસને તેની સાથે ગામને છેડેના ઢળતા બીડ તરફ મોકલવામાં આવે તો ત્યાં ઊભા રહી તે ગામમાં થતી બધી ચર્ચાનું તેની આગળ વર્ણન કરી બતાવે અને એ મુજબ તેણે પાછળથી નગરવાસીઓની શકેરમાં થતી ઘોડી હીલચાલો વર્ણવી. પણ તેઓની દૃષ્ટિએ મહત્ત્વની વસ્તુઓ તો ઘરમાં કે બારી વિનાના ઘરોની પાછળ થતી ક્રિયાઓ હતી અને આ સબંધે તે કાંઇ જ કહી શકે તેમ ન હતો આમ તેઓનું તેના તરફનું રહ્યુંસહ્યું માન પણ નાશ પામ્યું અને તેથી તે ઉપહાસને પાત્ર બન્યો.

હવે તેને બળવો કરવાની જરૂર લાગી તેણે ઘડીક તો ઓમ થયું કે પાસે પડેલી કોદાળી લઈ, તેઓમાંના એકાદ બેને જની દોસ્ત કરી, તેઓને આંખના ઉપયોગનો પદાર્થપાઠ આપવો અને આ નિશ્ચય મુજબ તેણે કોદાળી ઊંચકી પણ બરી પણ આંધળા માણસને ઓમ મારવા સામે એનું હૃદય પોકારી ઊઠ્યું અને બીજા કોઈ નિશ્ચય પર આવે તે પહેલાં તો તેણે જોયું કે પોતે ઊંચકેલી કોદાળીની વાત ઓ બધાના જાણ્યામાં આવી ગઇ છે. ઓ બધા ઓકદમ હોંશિયાર થઇ ઊભા અને તેની હવે પછીની હીલચાલ માટેના તેના તરફ કાન માંડી ઊભા.

'ઓ કોદાળી નીચે મૂકી દે,' એક જણે આદેશ કર્યો

તે ભયભીત થયો એથી વધુ આશ્ચર્ય પામતો તેની સામે જોઇ રહ્યો કોદાળી તેના હાથમાંથી નીચે નમી પણ પછી તુરત નિશ્ચય પર આવતાં તેણે એક ઝપાટે તેમાંના એકને પોતાના માર્ગમાંથી દૂર હટાવ્યો અને પોતે ત્યાંથી નાઠો

ધામ ઊગેલા એક મેદાન સોંસરવો વામ ખૂંદતો તે દોડ્યો અને એક રાજમાર્ગ પર આવી બેઠો પરાક્રમે ચડેલા એ યુવાનનું હૃદય અત્યારે કાંઇ નવીન સ્વપ્નો અને ગંભીરાગણ અનુભવી રહ્યું તેને હવે સમજાયું કે પોતાથી જુદી માનસિક ભૂમિકાએ ઊભેલા પ્રાણીઓ માંથે લડવું એ સહેલી વાત ન હતી. થોડીજ વારમાં ગામમાંથી કોદાળા અને લાકડીઓ લઇને સજ્જ્યાગત માણસો નીકળ્યા અને હવા સૂંઘતા તથા વચ્ચે કાંઇ નિશ્ચય માટે અટકતાં અને એકબીજા સાથે ગત મેળવતા તેના તરફ આવવા લાગ્યા વચ્ચે રસ્તાના ફાંટા પડતા ગયા તેમ તેમ તેઓ તે રસ્તાઓમાં વહેંચાતા ગયા પહેલાં તો તેઓને જોઇ નૂનેઝ હસ્યો પણ તુરત તેને તેઓના ધસારાનું ગંભીર સ્વરૂપ સમજાયું. જુદા જુદા રસ્તા ઉપર ધસ્યા આવતા બધા વ્યવસ્થિત રીતે આગળ વધતા હતા અને તેઓમાંનો એક નૂનેઝે ઘાસમાં પાડેલી કેડીએ દિગંતથી આગળ વધ્યે આવતો હતો

પાંચેક મીનીટ તો તે પોતા તરફ આમ વ્યવસ્થિત ધારણા આવતો મમૂદ જોઇ રહ્યો અને તુરત તેને તાત્કાલિક ઉપાય યોજવાની જરૂર જણાઇ. તે ઊભો થયો. પાછળ ગોળાકારે આવેલી દીવાલ તરફ બે ચાર પગલાં ભર્યાં વળી પાછો ફર્યો અને સ્થિર થઇ ઉભો તેની સામે કરી વળેલા બધા તેની એકેએક હીલચાલને ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા

કોદાળી પર તેની પકડ વધુ સજ્જડ થઇ ઘડીવાર તેને તે લોકો તરફ દયા આવી પણ પેની ભૂલાએલા ગાયનની આરોહ પંક્તિઓ તેના ખ્યાલમાં આવાપ આપ્યો,'આંધળામાં કાણીઓ ગજા" અને ગજા થવામાં દયા શું કામની?

વળી તેણે પાછળ જોયું દીવાલ ઊંચી હતી અને તેના પર સુંવાળું અભ્યંતર હોવાથી ત્યાં ચડી શકાય તેમ ન હતું બીજી પળે તેણે તે દીવાલમાં દૂર આવેલા દરવાજા તરફ જોયું અને તેની નજરને અવરોધતી એ બધાની દાઢ તરફ તેનું ધ્યાન ગયું તેની પાછળ જોતા ગામમાંના બીજા બધા પણ તે તરફ ધસી રહ્યા હતા હવે દયા બતાવવી?

'ઓગોટા!" એક બધે કહ્યું. 'ઓગોટા, આ રહી આદરી છે"

તેણે કોદાળી વધુ મજબૂત પકડી અને વળી ધામમાં એ ઝૂંપડાઓની દિશામાં ચાલ્યો અને જોયું તે આગળ વધ્યો કે તુરત બધા તેના પ્રયાણની દિશાને કેન્દ્રમાં રાખી તેને ફરતું સાંકડું વર્તુળ કરવા લાગ્યા તેણે નિશ્ચય કર્યો કે જો તેઓ પોતાને હાથ લગાડે તો જરા પણ દયા બાકી વિના તેઓને મારવા

અને તેણે સંત્રાસૂચક અવાજે કહ્યું, 'સાંભળો, આ આખી ખીણમાં મારે ફાવે ત્યાં હું જઈશ, અને મને ઠીક લાગશે તે કરીશ. તમારે તેમાં આડે આવવાનું નથી.'

દરમિયાન અંધો હાથ પહોળા રાખી તેના તરફ મક્કમપણે ધસ્યે આવતા હતા. અને એ આખું દૃશ્ય આંધળા પાડાની રમત જાણે ઊલટી રમાતી હોય એવું લાગતું હતું. 'એને પકડો!' એકે કહ્યું અને જોતજોતામાં એની આસપાસ એ અંધોનો અર્ધ ચંદ્રાકાર રચાયો. તેને લાગ્યું કે હવે સત્વર નિશ્ચય પર આવવું જોઈએ.

'તમે હજુ સમજતા નથી.' તેણે મક્કમ અવાજે કહ્યું. તેણે પોતાના અવાજમાં સત્તા અને ડહાપણ ભરવા ધાર્યું હતું, પણ તેમા માત્ર બાલિશ ઠંડાશ જ તે પૂરી શકયો. 'તમે બધા અંધ છો, અને હું "જોઈ" શકું છું. માટે મને છૂટો રહેવા દો.'

'ભોગોટા,' સામેથી જવાબ આવ્યો. 'તારી કોદાળી મૂકી દે અને ઘાસમાથી બહાર ચાલ્યો આવ.'

આથી તે વધુ ક્રોધે ભરાયો. 'મારે તમને મારવા પડશે.' તેણે દર્દભર્યો સૂરે કહ્યું, 'મારી મુદ્દલ ઈચ્છા નથી, છતાં મારે તમને મારવા પડશે.'

અને તેણે મરણીઆ થઇને દોડવા માંડયું. તેઓને મારવાની અણગમતી, ઘૃણા ઊપજાવતી ફરજથી મુક્ત રહેવા તે પ્રથમ પોતાની નજીકના અંધથી વિરુદ્ધની દિશામાં દોડયો. તુરત એ દિશામાં અંધોની શ્રેણી સંધાવા માંડી. તે પળવાર અટકયો અને જ્યાં એ અંધો વધુ છૂટા વેરાએલા હતા તે તરફ તે નીરની માફક દોડયો. બે અંધોએ અણુએ અણુમાં જીવંત પ્રાણીઓની ત્વરાથી એની દિશામાનો પોતાની શ્રેણીનો ગાળો પૂરી દીધો. હવે નુનેઝને વધુ વિચાર કરવાનો અવકાશ જ રહ્યો ન હતો. 'ફડાક' કરતેક તેણે કોદાળીનો ઘા કર્યો, એ ફટકે કરી આપેલા માર્ગે સોંસરવો તે બહાર નીકળી ગયો, અને એના ઘાનો ભોગ બનેલો અંધ ચીસ નાખતો નીચે પડયો. તે ગામ તરફ ધસ્યો, અને અંધો કોદાળી અને લાકડીઓ ફેરવતા આમ તેમ દોડી રહ્યા.

એ અવ્યવસ્થામાથી તે જાગે એવામાં તેણે પોતાની પાછળ ચુપકીદીથી દોડયા આવતા એક કદાવર અંધને જોયો. તે આ ત્વરાથી ગભરાઇ ગયો, અને પોતાના હાથમાંની કોદાળી તેના તરફ જોસબંધ ફેંકી. કોદાળી અંધના માથાથી બે ત્રણ હાથ દૂર હવામાં ગાજતી ચાલી ગઇ. અને ઉશ્કેરાટથી ગાંડા જેવો થએલો નુનેઝ ત્યાંથી નાઠો.

હવે તે ભયભીત બની ગયો હતો. તે ભયમાં આમ તેમ વિચાર વગર દોડયે જતો હતો. ચોતરફ ધ્યાન રાખતા જતાં તેને ઠેશ લાગી અને તે પડી ગયો. તે એકદમ ઊભો થયો અને દૂર, બજારની દીવાલમાંનું બારણું જે એક જ તેના મોક્ષનો માર્ગ હતો તે તરફ પૂરપાટ દોડયો; ત્યાં પહોંચ્યો ત્યાં સુધી તેણે પાછળ કે બાજુએ કયાંય ન જોયું. તે દરવાજામાંથી પસાર થયો, અને પૂલ ઓળંગી ટેકરી પર જઈ ઊભો. આ આજ્ઞાણી જગ્યામાં માણસને આવેલું જોઇ એક લામાનું જપ્યું ભડકીને ભાગ્યું, ને ત્યાં તેનું પરાક્રમ પૂરું થયું.

આ ટેકરી પર કશા ખોરાક કે આશ્રય વિના નુનેઝે બે રાત ને બે દિવસ કાઢયાં. દર પળે તેને કોઇ અણધારી આફતનો ભય હોવાથી તેને નિરાંતે ઊંઘ પણ આવી નહિ. આમ ચોતરફની ઉપાધિઓથી લાંબા લાગતા આ તપ દરમિયાન તેણે ફરીફરીને "આંધળાઓમાં કાણીઓ રાજા" એ મંત્રના જપથી પોતાનો ઉત્સાહ ટકાવી રાખ્યો. પણ તેને વધુ વિચાર કરતાં ધીમે ધીમે સ્પષ્ટ લાગવા માંડયું કે પોતે તેઓને વશ કરી શકે એવો એક પણ માર્ગ ન હતો. તેની પાસે કાંઇ શસ્ત્ર ન હતું અને હવે તે મેળવવું મુશ્કેલ હતું. અને શસ્ત્ર મળે તો પણ અસહાય અંધનું ખૂન કરવાનો વિચાર જ ત્રાસદાયક હતો. જોકે કદાચ પોતે એટલી કસોટીમાંથી પસાર થઇ જાય તો પછી જેવી રીતે એ બધાનું ખૂન કરવાની ધમકી આપી તેઓ પર પોતાની સત્તા સ્થાપી શકે. પણ પછી પોતે ઘરડો થઇ ગયો હોય ત્યારે?

તેણે પોતાના આ ટૂંકા દેશવટામાં ખોરાક મેળવવા યત્ન કરી જોયો. એ ટેકરા પર ઊભેલાં અનનાસથી તેને કામચલાઉ શક્તિ મળી; પણ પછી એકાદ લામાને પકડી તેનાથી પોતાની ભૂખ સંતોષવા જતાં તે નિરાશ થયો. કેમકે બધાં લામા તેના તરફ કુતૂહલ ભરી અવિશ્વાસની નજરે જોઇ રહ્યા હતાં. અને તેથી તે દોડીને કે ફસલાવીને તેઓને પકડી શકે તેમ ન હતો. અને એ ઉપરાંત બરફમાં થઇને આવતી

રાતની ઠંડી હવા તેના આખા શરીરને કપાવી દેતી હતી આથી તેણે બની શકે તો અંધોની સાથે સમાધાન કરવા વિચાર કર્યો

તેણે દીવાલની વધુ નજીક જઈ બહારથી જ ઘણી બૂમો મારી એક સ્થળે જવાબ ન મળતા તે દીવાલની સમાંતર આગળ વધ્યો. છેવટે બે અંધોએ બે દીવાલના બાકણા બહાર આવી જવાબ આપ્યો.

તેણે ઘવાએલા ગર્વથી કહ્યું 'હું ગાંડો થઇ ગયો હતો પણ તમે જાણો છો કે હું તાજો જ ઉત્પન્ન થયો છું'

પેનાઓને આ પશ્ચાત્તાપથી સંતોષ થતો લાગ્યો, કેમકે તે પણ ઓછા ત્રાસેલા ન હતા નૂનેઝે તેઓને વિશેષમા જણાવ્યુ કે હવે પોતાની બુદ્ધિ ઠેકાણે આવી ગઇ છે અને તેઓને આપેલા અન્યાય માટે પોતાને દુ ખ થાય છે વગેરે અને એમ કહેતા તેનાથી રડી પડાયુ–તેને રડવુ ન હતું, પણ તેની પરવશતા, અશક્તિ, ભૂખ, થાક એ બધા વિઘાતક બળોએ તેનુ આ ત્રમજ્ઞ નબળુ પાડી નાખ્યુ હતું, માટે તેનાથી રડી પડાયુ અને તેનું આ રૂદન તેઓની સહાનુભૂતિ મેળવવામા સહાયભૂત થયુ



તેણે ઘવાએલા ગર્વથી કહ્યું, હું ગાંડો થઇ ગયો હતો પણ તમે જાણો છો કે હું તાજો જ ઉત્પન્ન થયેલો છું'

તેઓએ તેને મુખ્ય પ્રશ્ન કર્યો, 'હવે તને લાગે છે કે તું "જોઇ" શકે છે ?'

'ના' તેણે કબૂલ કર્યું, 'એ માત્ર મૂર્ખાઇ હતી એ 'જોવુ" શબ્દનો કાંઇ અર્થ નથી એમ હવે મને લાગે છે'

'ત્યારે હવે કહે, ઉપર શું છે ?' એ જ આંધે પૂછ્યુ

'માણસથી દસ ઘણી ઊંચાઇએ આ દુનિયાનુ ઢાંકણુ આવી રહેલુ છે–લા, એ ઢાંકણુ પણ બંડકોનું બનેલું છે અને અતિશય સુવાળુ છે'

અને આટલું કહેતા તેની આંખમા ફરી આસુ ઉભરાયા. તેણે વધુ દયા ઊપજાવે એવા સૂરે કહ્યું 'પણ હવે વધુ પૂછયા પહેલા મને ખાવાનું આપો, નહિતર મારૂ મોત થશે'

તેને એવી ઇચ્છા હતી કે પોતાના આ અવિચારી અને ઉદ્ધત દેખાતા વર્તન માટે તેઓ તેને સખ્તમા સખ્ત સજા કરશે પણ એ આંધોમા ઘણી સહિષ્ણુતા હતી તેઓએ તેના આ બળવાનું કારણ તેની અપરિપક્વ બુદ્ધિ લેખી, અને તેથી માત્ર થોડા કટકાની સજા પછી તેઓએ તેને તનતોડ મજૂરી સોંપીને જ સંતોષ માન્યો, અને તેને પણ એ શિક્ષા સહન કરવા સિવાય ઉપાય ન હોવાથી તેણે માથે પડી વધાવી લીધી

ગો પછી થોડા દિવસ તે માંદો રહ્યો. એ વખતે એ અંધોએ તેની ઘણી જ મમતાભરી સારવાર કરી. આથી તેનું હૃદય પીગળ્યું; પણ ત્યાં પણ તેને એક દુઃખ હતું. તેને એ બધો વખત અંધારા ઓરડામાં રહેવાની ફરજ પાડવામા આવી અને તે બસ ન હોય તેમ એની માંદગી દરમિયાન અંધ તબીબો તેને આશ્વાસન આપવા આવતા, અને તેઓએ કલ્પેલ તેના મનની અસ્થિરતા કે ગાંડપણ માટે તેને ઠપકો આપતા. એક તરફથી માંદગી, બીજી તરફથી અંધારા ઓરડામા સતત વાસ અને ત્રીજી તરફથી આઠે પહોર ચાલતા આ ત્રાપણોથી તેનુ મન પણ વખતે વખતે ડગી જતું, અને પોતે ઉપર તારાઓ કે સૂર્યને જોઈ શકતો ન હોવાથી કોઇ અગમ્ય ભયનો ભોગ તો નહિ બન્યો હોયને, એવી તેને શંકા થતી.

ચામ ધડાતો ટીપાતો નૂનેઝ એ અંધદેશનો પ્રજાજન બન્યો. અંધોના વધુ નિકટના સસર્ગમાં તે આવતો ગયો તેમ તેમ એ આખો અવિભાજ્ય અંધસમૂહ હવે વ્યક્તિઓમા ઓગળવા લાગ્યો. અને તેઓના જીવનમાં તેનો રસ વધવા સાથે બહારનુ જગત તેની કલ્પનાથી દૂરને દૂર જવા માડ્યુ તેના નિકટના પરિચયનાઓમાં પેડ્રો, જેની સાથે તેને આ દેશમાં પ્રવેશનાં જ ઓળખાણ થએલી, તેના ઉપરાત પેડ્રોનો કાકા માકોણ અને માકોણની સૌથી નાની પુત્રી મેડીના હતી. માકોણ અત્યારે નૂનેઝનો શેઠ હતો અને ખુશમીજાજમા હોય ત્યારે તેના તરફ ભાવ બતાવતો. પણ મેડીના અને નૂનેઝનો પરિચય વિશેષ નોંધને પાત્ર હતો.

એ અંધ જગતમાં મેડીનાના સૌંદર્યની ગણના બહુ હલકી હતી, કેમકે અંધોની ત્વકૃદૃષ્ટિએ તેના શરીરમાં કુરૂપ ગણી શકાય એવું ઘણું હતુ તેનો ચહેરો તદ્દન નિયમિત તથા સપ્રમાણ હોવાથી તેમાં તેઓને કાંઇ વિશેષના જેવું લાગતું ન હતું. અને તેની ચામડીના તાણાવાણામાં અંધોની દૃષ્ટિએ સ્ત્રૈણ સૌંદર્યનું અનિવાર્ય ઉપાંગ લીસપ ન હતી. બાકી તેની આંખોની જગ્યાએ મુલાયમ લીસો બાડો હોવાને બદલે તેને ત્યાં ઉપસેલું હતું તથા તેની સંધિમા વાળ હતા. અને અંધોને એ ચિહ્ન કુરૂપતાની પરિસીમા સમું હતું.

પણ નૂનેઝને મેડીના પ્રથમ દર્શને સુંદર લાગી અને જોતજોતામાં તે તેને જગતભરની સુંદરતાઓમાં સુંદરતમ માનવા લાગ્યો. તેનો સુરેખ ચહેરો, તેની ગોરી ચામડી તથા તે પરની તંદુરસ્તીની સુરખીની છાંટ, તેની લાંબી પાંપણો, અને ઊંઘી ગઇ હોય એવી દેખાતી તથા જાણે હમણાં જ ઊઘડી હસશે એવી લાગતી દળેવી આંખો—એ બધા નૂનેઝને અદમ્ય પ્રલોભન આપી રહેતાં. વળી તીવ્ર શ્રવણશક્તિ ધરાવતી એ પ્રજામાં મેડીનાનો અવાજ કર્કશ મનાતો અને તેઓને ખૂંચતો. પણ તંદુરસ્ત સ્વરયંત્રમાંથી આવતો એ રણકાર નૂનેઝના હૃદયતંત્રમાં ધીમા રોમાંચના પ્રકંપો જગવી જતો. આથી એવી ઘણીયે વિચારમય પળો આવી જતી જ્યારે નૂનેઝને એમ લાગતું, કે પોતાને મેડીના ગમે અને બાકીનું જીવન આ દેશમાં જ પૂરું કરવું પડે તો પોતે આનંદથી એ કિસ્મત વધારી લે.

નૂનેઝ હમેશા તેના તરફ દૃષ્ટિ રાખતો અને બની શકે તો તેને કામકાજમાં મદદગાર થવા યત્ન કરતો. અંધ જગતમા તિરસ્કાર પામેલી મેડીનાને બીજો કોઇ ચાહક ન હતો. અને પોતાના તરફ બતાવાતા આ સદ્‌ભાવથી ઓશીંગણ બનતી તે પણ તેનો તેવો જ ભાવભર્યો પ્રતિધ્વનિ આપતી. પ્રેમને શબ્દોની ભાષામાં રજૂ કરવામાં નૂનેઝ હજુ અચકાતો હતો અને મેડીના તે શીખી જ ન હતી. પણ તેઓ પાસોપાસ બેઠાં હોય ત્યારે ઘણી વખત મેડીનાનાં આતુર આંગળાં પોતાનો સ્પર્શ કરવા તલસી રહેતાં તે જોતો, અને નરમ પ્રહાર કે મૃદુ સ્પર્શથી તે તેનો જવાબ આપતો.

છેવટે એક દિવસ નૂનેઝે પોતાનો સંદેશો શબ્દોમાં ગોઠવ્યો. ઉનાળાની ચાંદનીમા મેડીના બહાર કાંતતી બેઠી હતી ત્યારે તે તેની પાસે ગયો. ચંદ્રની દાહક શીતળતાએ જોના હૃદયનો વેગ વધાર્યો, અને પોતાની પ્રિયતમાના પગ પાસે બેસી તેણે પડદામાં ભટકનારાને યોગ્ય જુસ્સાથી પોતાનું હૃદય ઠાલવ્યું. એની ભાવનાની ભક્તિ, પોતાની દેવી સાથે તેણે કરેલી ગણતરી, તેના અવાજમા પ્રેમની ધ્રૂજતરી—એ બધાનો મેડીનાના ગરીબ માનસ પર એવો એક સામટો હલ્લો થયો કે તે ઉપકારમાં દબાએલી તુરત કાંઇ જવાબ ન દઇ શકી. અને છતાં તેના ચહેરા પરની રેખાઓમાં તે તેની અનુમતિ વાંચી શકયો.

એ પછી એ સાંકડી ખીણ એને મન આખું

જગત થઇ પડી અને પેલા પર્વતોને પેલે પાર સૂર્યના પ્રકાશમા વસતી માનવજાત તો હવે પોતાની પ્રિયતમાને ખુશ કરવા તેણે સ્મૃતિમા સાચવી રાખેલી એક પરીકથા તરીકે જ માની રહી અને એ કથા તેણે બીતા બીતા અને સાવચેતીથી કહેવા માડી.

અને એ બધી વાત તે સાભળતી ત્યારે રૂઢિભંજક વિચારો કરવામા લાગતી પાપની શકાઓ સાથે કાવ્યમય કલ્પનાનો મિશ્ર આનંદ તે અનુભવતી આકાશ, તારાઓ તથા પર્વતોના તેણે કરેલા વર્ણનો, તથા તેણે પોતાને લાગુ પાડેલુ ચાદનીમા નાહી રહેલી મૌભાગ્યદેવીનુ રૂપક એ બધુ તેને ઉન્માદકારી લાગતુ જો કે તેને એમા એકપણ વાત સાચી તો ન જ લાગતી, અને તે કાઇ તૂટક તૂટક વાતો જ સમજી શકતી, છતા તેને એ બધુ સાભળવામા કાઇ અગમ્ય આનંદ આવતો અને નૂનેઝ પોતાના ઉત્સાહના પ્રવાહમા એમ માનતો કે તે બધુ સમજી રહી છે.

આમ પરિચય અને તેને આગે વિશ્વાસ વધતા તેણે થાકોબ પાસે મેડીનાના હાથની માગણી કરવાનો નિશ્ચય કર્યો પણ મેડીનાએ તેને એ જોખમભરી ઉતાવળ કરતા વાર્યો અને તેની મોટી બહેન મારફતે જ એ સમાચાર તેના પિતાને મોકલ્યા

શરૂઆતમા તેઓના આ પ્રેમ સામે ખૂબ ઉશ્કેરાટ ફેલાયો તેઓને મેડીનાની કાઇ કીમત હતી માટે નહિ, પણ તેઓ નૂનેઝને બુદ્ધિની એવી નીચી પશુતુલ્ય ભૂમિકાએ માનતા હતા કે તેને લગ્નમા જોડાવાની પરવાનગી આપી શકતા ન હતા, માટે મેડીનાની મોટી બહેને દલીલ કરી કે આવુ લગ્ન તેઓના કુટુંબ પર મહાન નામોશી લાવી આપશે બુઢો થાકોબ જે નૂનેઝ તરફ અમરતો દયા કે મમતા બતાવતો હતો તે પણ આવી ગભીર વાતમા શિથિલતા બતાવી શકે તેમ ન હતું અને એ દેશના યુવાનોએ તો આવા એક પશુ સાથે પોતાની માનવજાતિની કન્યા પરણાવી પોતાની ગોલાદને બગાડવા દેવાના આ અમનુષી પગલા સામે જોરદાર પોકારી એક યુવાને તો ગુસ્સામા આવી નૂનેઝનો તિરસ્કાર કરી તેને ઠોસો પણ માર્યો, અને નૂનેએ પણ એનો એવા જ કડક વિવેકથી જવાબ વાળ્યો તે પછી આછી ચાદનીમા રમાએલા એ દ્વદ્વમા આખરવાળા નૂનેઝનો વિજય થયો અને ત્યાર પછી કોઇએ તેના પર વ્યક્તિગત હાથ ઉગામવાની હિંમત ન કરી, પણ એ પછી એ ભાવી લગ્ન ચર્ચાનો વિષય બની ગયુ

બુઢા થાકોબને પોતાની આ નાનકડી પુત્રી માટે બહુ પક્ષપાત હતો અને તેથી તે તેના બબા પર ઢળી આસુ પાડવા લાગી ત્યારે તેનું હૃદય પીગળ્યું

'બેટા!' તેણે કહ્યું, 'તું જાણતી નથી કે તે નગ્ન મર્ખ છે, તે વખતે વખતે લવ્યા કરે છે અને કાઇ પણ કામ કરી જાણતો નથી'

'હું બધુ જાણુ છુ' મેડીનાએ હસકા ભરતા કહ્યુ. 'પણ પહેલાના કરતા તે સુધર્યો છે, અને દહાડે દહાડે વધુ ને વધુ સુધરતો જાય છે વળી તે હેતાળ છે, અને આપણા યુવાનોમા એના જેવો મજબૂત બીજો કોઇ નથી. અને એ બધા ઉપરાત.. ' અહીં તેણે બીજુ હસકુ ભર્યું 'તે મને ચાહે છે અને હું પણ...'

મેડીનાએ પોતાના પિતાના બબા પર માથુ નમાવી દીધુ. થાકોબે તેના માથા પર વહાલથી હાથ ફેરવ્યો અને ઊંડા વિચારમા પડી ગયો.

થાકોબના મન પર તેની ગરીબડી પુત્રીની વિનવણીની ઊંડી અસર થઇ હતી, તેમ જ નૂનેઝે પણ તેની સારી કૃપા સપાદન કરી હતી. પણ ઇર્ષ્યાથી અને લોકમતથી તે પરવશ બની ગયો હતો આથી લોકમત કેળવવા એક વખત પ્રસગ જોઇ તેણે એ અધારા ચોગમા ભરાએલી સભામા કહ્યું 'પણ હવે પહેલાના કરતા તે સુધર્યો છે અને કદાચ થોડા વખતમા આપણા જેવો થઇ જશે'

'સબૂર, મને કાઇ સાભરે છે' એક બુઢા વૈદ્યે કહ્યું અને બધા એ વૈદ્યનું વચન સાભળવા એકચિત્ત થઇ કાન માડી રહ્યા

આ વૈદ્ય એ લોકોનો મુખ્ય વૈદ્ય હતો અને તેની બુદ્ધિ શારીરિક વ્યાધિઓ ઉપરાત તત્ત્વજ્ઞાનમા પણ પ્રમાણરૂપ મનાતી નૂનેઝના પ્રશ્ન પર તે પણ બીજાઓની માફક ઊડાણપણે વિચારી રહ્યો હતો અને હવે તેના ભેજામાં કાઇક પ્રકાશ પડ્યો

તેણે કહ્યું 'મેં ભોગોટાને તપાસી જોયો છે. અને મને ખાત્રી છે કે તે સુધરી શકશે'

'એ તો હું કહેતો જ આવ્યો છુ.' થાકોબે ઉત્સાહમા આવી જઇ કહ્યું.



અને બધા એ વૃદ્ધ વૈદ્યનું વચન સાંભળવા એકચિત્ત થઈ કાન માંડી રહ્યા. 'એના મગજમાં કૈંક દરદ થયું છે' વૈદ્યે કહ્યું: 'પેલી વિચિત્ર વસ્તુ જે આંખ કહેવાય છે અને જે ચહેરા ઉપર નરમ ખાડા રૂપે જોઈએ તે એને બગડેલી છે અને તેની અસર મગજ સુધી પહોંચે છે!'

'એના મગજમાં કાંઈ દરદ થયું છે.' વૈદ્યે કહ્યું.

બધા હાજર રહેલાઓએ હકારનો સૂર પૂર્યો.

'હવે સમજવાનું એ છે કે એ દરદ ઉત્પન્ન કયાંથી થયું?' વૈદ્યે બધાના કાનને પોતા તરફ આકર્ષ્યા.

'એમ?' યાકોબે ઉદ્‌ગાર કાઢ્યો.

'સાંભળો.' વૈદ્યે ખુલાસો કરવા માંડ્યો 'પેલી વિચિત્ર વસ્તુ જે આંખ કહેવાય છે અને જે સામાન્ય રીતે ચહેરા પર નરમ અને સ્પર્શમધુર ખાડારૂપે જોવાએ તે બોગોટાને બગડેલી છે. અને તેની અસર મગજ સુધી પહોંચે છે. એની આંખો ફાટેલી છે અને એ ફાટને બંને બાજુએ વાળ છે. વળી એ આંખો આપણી માફક સ્થિર નથી પણ અસ્થિરપણે ફરકયા કરે છે. એ અસ્થિરતાનો પડઘો એના મગજમાં પડે છે. એ આંખોની ગતિ સાથે એનાથી ઊપજેલા દર્દનું મોજું તેના મગજમાં સતત વહ્યા કરે છે અને તેથી તેનો સ્વભાવ આવો સંચળ બની ગયો છે.'

'બરાબર!' યાકોબે થંભી ગયેલો શ્વાસ મૂકતાં કહ્યું, 'બરાબર!'

'અને હવે,?' વૈદ્યે આગળ ચલાવ્યું,'જો બોગોટાને તદ્દન સાજો કરવો હોય તો એક સાદું ઓપરેશન બસ થઈ પડે. એના ચહેરા પરનો એટલો સડેલો કે વધી ગએલો ભાગ નાબૂદ કરી નાખીએ એટલે આપોઆપ તે આપણી માફક શાંત અને હરેક બુદ્ધિનો થઈ જાય.'

'એટલે પછી એનું મગજ પણ સુધરી જાય?' એક જણે કુતૂહલથી પૂછ્યું.

'જરૂર!' વૈદ્યે વિજયના સ્વરે કહ્યું. 'અને આપણી સાથે તે ભળી જાય.'

'વાહ! વિજ્ઞાનનો ચમત્કાર!' યાકોબ બોલ્યો અને તુરત નૂનેઝ અને મેડીનાને આ ચમત્કારિક શોધના ખુશખબર આપવા પોતાના ઘર તરફ દોડ્યો.

પણ નૂનેઝે એ સમાચારને એવા જ ઉત્સાહપૂર્વક વધાવ્યા નહિ ત્યારે તેને તેની બેકદરદાની માટે લાગી આવ્યું. તેણે નૂનેઝની આ કૃતઘ્નતા બાબત ઠપકો આપતાં કહ્યું, 'આ બતાવે છે કે તારો મેડીના પરનો પ્રેમ દંભી છે.'

અને પછી મેડીનાએ એકાંતમાં નૂનેઝને એ અંધ વૈદ્યે સૂચવેલ ઓપરેશન કરવા દેવા વિનવ્યો.



'નૂનેઝ! મારે માટે એટલું ન કરી શકે?' મેડીના ગળગળી થઈ ગઈ

'તું પણ એમ ઇચ્છે છે કે હું આ અમૂલ્ય દૃષ્ટિ ખોઉં?' તેણે લાગણીવશ અવાજે પૂછ્યું

મેડીનાએ દરકારમાં ડોકું ધુણાવ્યું

'દૃષ્ટિ એ મારું જીવન છે' તેણે દલીલ કરી

મેડીનાનો માયુનીચું નગી રહ્યું

'જગતમાં અનેક સુંદર વસ્તુઓ છે' તેનો થરથરતો વાણીનો પ્રવાહ છૂટ્યો 'કૂણો તડકો, પીળાશી નરમાશ, આકાશની ગહનતા, તેમાં ફરતી વાદળીઓની મસ્તી, અને સૂર્યોદય તથા સૂર્યાસ્તની દિવ્યરમ્ય સુરખી, અને એ બધા ઉપરાંત, મેડીના તારા પોતાના દેહનું લાલિત્ય' કહ્યાય તારે ખાતર પણ તારી સૌંદર્ય આંખોથી ભરી ભરી પીવા માટે પણ મારે આંખ હોવી એ અનિવાર્ય છે તારું શાંત, ભાવભર્યું નાજુક વદન તારા લાલ હોઠ, તારા કોમળ હાથ–મારી આંખોએ જ આ બધામાં સૌંદર્ય શોધ્યું છે એ આંખો માટે જ હું તને ચાહી રહ્યો છું અને હવે આ બધા મૂર્ખો મારી પાસેથી મારી એ રહીસહી સમૃદ્ધિ પણ લૂંટી લેવા માગે છે? પછી મારે મારા હાથથી તારો મજુન સ્પર્શ કરવો કે તારા મીઠા બોલ સાંભળવા પણ એ બધા કરતાં અનેકગણું મધુર આ આંખદ્વારા પીવાનું સૌંદર્યનું અમૃત મારે માટે સદાયને હલવાઈ જાય' પછી મારે મારા ગહન આકાશમાંથી નાસી છુટવાના બડકાના બનેલા તમારા એ આધારના છાપરામાં કેદ થવું'—હા' એ છાપરું, જેની બહાર તમારી કલ્પના કદી જઈ શકતી નથી' આહ' મેડીના' બોલ, બોલ કે તું મને એંધ કરવાની કદી ફરજ નહિ પાડે"

તેણે મેડીનાનો હાથ પોતાના હાથમાં લીધો અને વિચારશૂન્ય બની તેની આગળીઓને ગણી રહ્યો મેડીના થોડીવાર ચૂપ રહી તેની ચુપકીદીએ તો મનમાં અમંગળ શંકાને જન્મ આપ્યો તેણે આતુરતાથી તેની સામે જોયું

'મારી એટલી વિનતિ. મેડીના નૂજના બોલી

'આહ' તું પણ' તેણે નિશ્વાસ મૂક્યો

'નૂનેઝ, મારે માટે એટલું ન કરી શકે?' મેડીના ગળગળી થઈ ગઈ 'તારું મગજ . '

'મગજ?' નૂનેઝે જરા કઠોરતાથી પડકાર કર્યો.

'હા, નૂનેઝ' પોતાની બધી ગાઢી કલ્પનાઓ–'મેડીના રોતી બોલી, 'મને એ કલ્પનાઓ ગમતી, પણ હવે ' તે આગળ ન બોલી શકી

નૂનેઝને મધ્યમ ક્રોધ ચડ્યો પણ સાથોસાથ પોતાની ભૂમિકાને ન સમજી શકતી મેડીનાની બુદ્ધિ તરફ અનુકંપા પણ ઉભરાઈ તેણે તેના ચહેરા પર પથરાયેલી

આત્મવ્યથા વાંચી. તેણે તેને પોતાની નજીક ખેંચી. તેનો અવાજ એકદમ નીચો પડી ગયો અને રોતે સૂરે તેણે પૂછ્યું, 'તું એમ માને છે કે તેથી હું સુખરી જઈશ?'

અણોલ મેડીના પોતાનું આત્મમંથન વ્યક્ત કરી શકી નહિ.

છેવટે તેણે એક નિશ્વાસ મૂકી, મેડીનાના ચહેરા નજીક પોતાનું મોઢું લાવી કંપતા અવાજે કહ્યું. 'અને હું તેમ કરવા દઉં તો?'

મેડીનાનાં દબાએલાં ડુસકાં બહાર સરી પડ્યાં. 'પ્યારા નૂનેઝ! હું તારો કેટલો ઉપકાર માનું!'

અને એમ તેને હેવાનિયતમાંથી માણસાઈમાં લાવવા માટેના એ ઓપરેશનનો દિવસ નક્કી થયો. એ દિવસ પાસે આવતો ગયો તેમ તેમ તેના ચિત્તની વ્યગ્રતા વધવા માંડી. બીજાઓ દિવસના નક્ર તડકામાં ઊંઘ લેતા હોય ત્યારે તે વિચાર કરતો બેઠો હોય કે આમતેમ ભટકતો આ વિકટ પ્રશ્ન પર પોતાના મનની બધી શક્તિ એકાગ્ર કરવા મથી રહ્યો હોય. તે અનુમતિ તો આપી ચૂકયો હતો, પણ હજુ તેનો નિશ્ચય દૃઢ ન હતો.

અને એમ દિવસ પછી દિવસ જતાં છેલ્લો કામ કરવાનો વખત પૂરો થયો અને પોતે અંધ જગતમા ડૂબકી મારતા પહેલાનો છેલ્લો સૂર્યોદય તેણે સોનેરી શિખરો પર થતો જોયો. અંધોની એ રાત હોવાથી સૂવા જવા પહેલાં મેડીના ચોકીદાર તેની પાસે બેઠી.

તેણબડબ્યો:'કાલથી મારું જગત પણ અંધારૂંથવાનું.'

મેડીનાએ તેનો હાથ પોતાના હાથમાં લઈ પોતાના મોઢા સાથે ચાંપ્યો. તેણે કહ્યું, 'એ લોકો તને જરા પણ મજા નહિ આવવા દે. જરાક દુઃખ થશે, પણ એ બધું દુઃખ મારે ખાતર...! જો સ્ત્રીના પ્રેમમાં એનો બદલો આપવાનું સામર્થ્ય હશે તો હું તે આપીશ મારા નૂનેઝ! હું અનેકગણો બદલો આપીશ.'

એ અંધ મેડીના અને હવે પછી અંધ થવાનો પોતે—એ બન્નેની દયાથી તેની આંખો દ્રવી પડી. તેણે તેને છાતી સરસી ચાંપી. અને તેના હોઠ પર પોતાના હોઠ લગાવી તેના મધુર ચહેરા પર ફરી ફરીને છેલ્લી વાર જોઈ લીધું. અને તે તેનાથી જુદો પડ્યો.

એનાં પગલાં સાંભળતી મેડીના ત્યાં ઘાસમાં જ બેઠી રહી. એ પગલાંની ગતિમા સંભળાતા વ્યથિત હૃદયના કંપનથી તે ત્યાં જ રડતી ઢળી પડી.

નૂનેઝનો વિચાર પ્રથમ તો સફેદ કૂલોથી છવાએલા એક એકાંત મેદાનમાં બેસી પોતાને બલિદાન આપવાના સમયની રાહ જોવાનો હતો; પણ રસ્તે ચાલતાં તેણે ઊંચે જોયું, અને હિમશિખરો પરનું સોનેરી ઉષાનું દ્રાવક સૌંદર્ય જોઈ તે મુગ્ધ થયો. તેને લાગ્યું કે એ સનાતન સૌંદર્ય આગળ એ પોતે તથા એ આખું અંધ જગત, ખુદ પોતાનો પ્રેમ અને એને અંગેનું બધું એક માત્ર અંધારી ખાઈ જેવું છે. અને એ જ વિચારમાં તે પર્વતના શિખર પર જ તાકી રહ્યો.

એ શિખરને ઓળંગતાં તેની કલ્પના, તેની પાછળ પથરાએલ જે વિશાળ જગતનો પોતે સદાને માટે ત્યાગ કરવા તૈયાર થયો હતો તેના પર વિહંગમ નજર કરી આવી. એ શિખર પરથી પાછળ ઊતરતા ઢાળોના પાથરેલ થરો જાણે તેની કલ્પનામાં એક પછી એક ઉખડવા લાગ્યા. અને પછી દૂર તેનું ગામ બોગોટા અનેક વિવિધતાઓથી ચમકતું તેની નજર સામે તરવરી રહ્યું. જે વિશાળ જગતમાં દિવસનો પ્રકાશ ખૂણે ખૂણામા જીવન સંચાર કરે છે, જ્યાં રાત્રીનો અભેદ અંધકાર બધી વસ્તુઓને ફરતો ગહનતાનો શુરબો છાવરી દે છે, જ્યાં મહાલયો, કુટારા, મનુષ્યોની જીવંત જેવી દેખાતી પ્રતિકૃતિઓ અને શિલ્પ વગેરે માનવ જીવનને વૈવિધ્યની ચોટ આપી રહ્યાં છે એ વિશાળ જગત પોતાની અનેક અસંખ્ય પાંખોને ફરકાવતું તેને નોતરી રહ્યું એ જગતની જેમ પારના મહાસાગરોમાં ફરતાં અનેક સફરી વહાણો તેની શૂન્ય નજર સામે પોતાના સઢ ફરકાવી રહ્યાં. અને એ બધાં પછી ઉપર ગૂઢ આકાશ—આ બીબુમાંથી નીચું જોવું દેખાતું માત્ર ગોળ છત્રી જેવું આકાશ નહિ, પણ ક્ષિતિજને મળતું અને અસંખ્ય યોજનો ઊંડું તારાઓથી ખચોખચ ભરેલું આકાશ!

એની આંખો એ પર્વતોના ઢોળાવો પર કાંઈ ઊંડી આતુરતાથી ખેંચ રહી અને તેને એમાંથી માર્ગ સ્પષ્ટ થતો દેખાયો. જેમ કે, જો પેલા કોતર સોંસરવું થોડે ઊંચે જવાય તો પેલાં અનનાસની ગીચ પાળ સુધી સહેજે જઈ શકાય, અને પછી એ જંગલની ગોદે કેટલુંક અંતર કાપ્યા પછી બરફના ચડાણની શરૂઆત થાય. કદાચ પેલો રીંછો ઢોળાવ થોડી મુસીબતે સર કરી શકાય. અને ત્યાંથી પેલા શિખર સુધીનો

રસ્તો ત્યા ગયા પછી મળી રહે અને ત્યાથી જે પેલી ઊંચી ઊભી ચિરાડ—જેમાથી પોતે ઊતર્યો હતો તે ઠીક કામ ન આપે તો તેનાથી જરા દૂર આવેલી બીજી ઉપયોગમા લઇ શકાય અને પછી ? પછી તો અર્ધું જ ચડાણ બાકી રહે અને એટલે દૂર ગયા પછી બાકીનો માર્ગ એની મેળે જ સૂઝી જાય

અહીં તેણે પાછળ નજર કરી, અધોના ગામ તરફ જોયું વળી પર્વત તરફ પીઠ ફેરવી ગામને વધુ ચોક્કસ સાથથી જોતો ઊભો મેદીનાની આકૃતિ દૂર સરતી જતી નાની અને ઝાખી બની ગઇ હતી

તેણે ત્યાથી બળાત્કારે નજર ખેંચી લીધી. સૂર્યના પ્રકાશમા ઉજ્જવળ બનેલા એ પર્વત તરફ ફર્યો અને વધુ વિચાર કર્યા વગર તે તરફ આગળ વધ્યો

સૂર્યાસ્ત થયો ત્યારે તે ઘણે ઊંચે પહોચી ગયો હતો. તેના કપડા ફાટી ગયા હતા અને તેના અગે અનેક ઉઝરડામાથી લોહી ટપકી રહ્યું હતું પણ ખુશ મિજાજમા હોય એ દેખે તે ત્યા આડો પડ્યો હતો અને તેના મોઢા પર સ્મિત હતુ

અને ત્યાથી જોતા એકાદ માઇલ નીચે આવેલુ ગામ ઊંડો ખાડો હોય એવુ દેખાતુ હતુ પર્વતોના છાયામા તે ઝાખુ અને અસ્પષ્ટ દેખાતું હતુ, ત્યારે બીજી બાજુ પર્વતો પ્રકાશમા ઝગમગી રહ્યા હતા. અને એ પ્રકાશમા ટેકરાઓની અનેક નાની નાની વિગતો પણ તેને સ્પષ્ટ લાગતી હતી. કયાક ભૂરા ટેકરાઓમા વચ્ચે દબાએલા કોઇ લીલા પદાર્થનો થર, ક્યાક ખડકોમા ચમકતા રહેલા લીસા પહેલદાર પત્થરો. તેની પાસે જ ઊગેલુ અજાણ રેખાઓવાળુ સુદર વાસ— એ બધુ જોવામા હતો તેને અપૂર્વ આનદ આવવા લાગ્યો

નીચે એ બેની પડછાયા વધ્યે જતા હતા અને ઉપર અનત આકાશ તેના નાના કદ પર હસી રહ્યું હતુ પણ તેનો મોટામા મોટો સતોષ એ હતો કે પોતે જ્યા ગયા થવા ધારેલુ એ બધોના દેશમાથી પોતે છૂટી શક્યો હતો

સૂર્યાસ્તની લાલિમા ઓગળવા માડી રાત આવી અને પોતાના કિસ્મતથી પૂર્ણ સતોષ પામતો નૂતેઝ ત્યા જ સૂઇ ગયો

નવાં પુસ્તકો

૫૦૦૦ વર્ષ પૂર્વેનું ગુજરાત લેખક અને પ્રકાશક શ્રી મણિભાઇ દ્વિવેદી નવસારી, ૦ ૧૨ ૦ **લગ્નસુખ** ટૉલ્સ્ટૉય ગ્રથાવલિમા શ્રી વિશ્વનાથ ભગનલાલ નદના અનુવાદનો એક વધુ ઉમેરો પ્રકાશક પ્રસ્થાન કાર્યાલય ૧-૪-૦, **કરીમ મહમદનાં કાવ્યો અને લેખો** લેખક-પ્રકાશ -કરીમ મહમદ માસ્તર, અદર અદાલત જજગઢ, જૂનાગઢ, ૨-૦-૦ **અપણી આખો** લેખક હરરાય અમુલખરાય દેસાઈ, પ્રકાશક ખડાયત બુક ડીપો અમદાવાદ, ૦-૨-૦, **ચરિત્ર કાવ્યસરિતા** લેખક-પ્રકાશક —મહ સુખભાઇ ચુનીલાલ વીસનગર, ૪-૦-૦ **અલૌકિક અમૃત** ૦-૨-૦, **કર્મયોગ** ૦-૧-૬ તથા **આર્યસસ્કૃતિનું પ્રાચીન એક્ષરે ઑપરેટમ** ૦-૫-૦, લેખક-પ્રકાશક—મૂળજી રણછોડ વેદ, શ્રી રબારીવાડો અવેરી, **स्वचित्र योगासन और अक्षय युवावस्था** લેખક સ્વામી શિવાનદ સરસ્વતી પ્રકાશક ભારતવાસી પ્રેસ દ્વારાજ અલ્હાબાદ, ૧—૦—૦, **એ પત્ર કોનો ?** અનુ —યશોરાજ શુકલ, ૧-૧૨-૦, **ધરબાર્યું** લેખક હરેન્દ્ર દવાવાલા, ૧-૦-૦, પ્રકાશક કાન્તિલાલ મણિલાલ શાહ રમકડા માર્કેટ અમદાવાદ, **સ્ત્રીરોગ ચિકિત્સા** લેખક વૈદ્યરાજ અમૃતલાલ પ્રાણશકર પડ્યા, પ્રકાશક-વૈદ્ય રવિશકર જટાશકર ત્રિવેદી રીચીરોડ અમદાવાદ, ૧-૮-૦, **ટૉલ્સ્ટૉય** લેખક-રતિલાલ મહેતા, પ્રકાશક કાન્તિ કામ, નવી દુનિયા કાર્યાલય ગાધીરોડ અમદાવાદ, ૦-૬-૦ **જવાબ આપો** લેખક-ચદ્રભાઇ કા ભટ્ટ પ્રકાશક-સોનુમ્હેન શાહ અમયનિવાસ ઓલસબ્રિજ અમદાવાદ, ૦-૦ ૯, **નવલિકાપુષ્પો** (પ્રથમ ગાળા) લેખક—શકરપ્રસાદ છગનલાલ રાવળ, પ્રકાશક-ધી જનરલ બુકડીપો મુબાઇ-૨, ૦ ૧૨-૦ **રામરાજ્ય એક પૃચ્છની વિચાર ચૌથીમાથી** પ્રકાશક જયતિલાલ મો મહેતા નડિયાદ, **ગિરિરાજ આબુ** લેખક-શકરલાલ દ્વારકા દાસ પરીખ, પ્રકાશક-પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ, ૦ ૮-૦, **શ્રાવણી મેળો** લેખક કમાગકર જેવી પ્રકાશક-વોરા બ્રધર્સ ૬ ૮, રાઉન્ડ બિલ્ડીંગ કાલબાદેવી મુબાઇ ૧-૮-૦, **વ્યાપક ધર્મ ભાવના** લેખક-ગાધીજી, ૦-૧૪-૦, **પંડ્યાજીને સ્મરણાંજલિ** સપાદક શકરલાલ દ્વા પરીખ, ૦-૮-૦, *The Epic of Travancore* by *Mahadev Desai*, ૧-૪-૦, **બુદ્ધ ચરિત** લેખક-ધર્માનદ કોસબ્બી ૧-૪-૦, બધાનુ પ્રકાશનસ્થાન નવજીવન કાર્યાલય અમદાવાદ, **પરીની વીંટી** લેખક ચદ્રશકર ભટ્ટ, **વિજ્ઞાનની વાતો** તથા **બગાળાની લોકકથાઓ** લેખક-મોહીત્રેન, **દાગ્જન** (ભાગ બીજો) લેખક-શકર શાહ, **ફરેકની** ૦-૫-૦, **નવો આચાર-નવો વિચાર** લેખક-હરભાઇ, ૦-૧૨-૦, પ્રકાશક —શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશનમદિર, ભાવનગર

યુવકોની પ્રવૃત્તિને ઘડનાર તત્ત્વ બની. અપમાનિત અને હડધૂત ગણાતી વીર પ્રજાનું માન કુણાયું. તેનો અંતરાત્મા તો કયારનો યે ધુંધવાતો હતો. પરંતુ તેને માર્ગનું દર્શન થયું નહોતું. રસ્તો કોણ બતાવે?

એવામાં, જર્મનવિગ્રહમાં એક સાધારણ સિપાહી તરીકે પશ્ચિમ સરહદ પર લડેલા એક જર્મન જુવાનની આંખોમાં અગ્નિ ઊઠ્યો. તેની વાચા ખુલી, અને જાણે અપમાનિત જર્મનીનો અંતરાત્મા જ બોલતો ન હોય તેમ તેની વાણીના પડઘા ચારે તરફ પડવા લાગ્યા. આ દિગ્ભ્રમવાન અને કૃતનિશ્ચયી યુવકે પોતાને બરાં લાગતું પ્રજા સમક્ષ મૂકી અને સ્પષ્ટ ભાષામાં મૂકવું શરૂ કર્યું. ૧૯૧૭ની એ સાલ માત્ર ચાર જ જુવાનો—બાળગોઠીઆ એક બીઅરહાઉસમાં એકઠા મળી, કરેલી મંત્રણા અનુસાર એકમત થયા, અને તેમના નિશ્ચયે આખું યે જર્મની ભડકો ઊઠ્યું. સત્તર વર્ષોની અખંડ અને અડગ પ્રવૃત્તિઓ પછી તેમને યશ મળ્યો. જર્મનીના માનસનો આ પડઘો પાડનાર, તેને જીવંત અને સ્પષ્ટપણે પ્રજા સમક્ષ મૂકનાર, સત્તર વર્ષો થયાં આદર્શ માટે બલિદાનપંથ ખેલનાર આ ગોઠીઆઓનો અગ્રણી નીડર વીર તે હિટલર.

આજે જર્મન પ્રજા જેવી યુદ્ધ પછીના બે દાયકામાં હતી તેવી નથી રહી. તેની આંખોમાં ખુમારી ભરી છે; અને પ્રજાકીય સ્વાભિમાન ઝળકે છે. જર્મન પ્રજાએ હિટલરના હાથ નીચે નવો અવતાર ધારણ કર્યો છે, એમ કહીએ તો ખોટું નહિ. હિટલર આજે જુવાનો માટે મનુષ્ય નથી રહ્યો પણ દેવ બન્યો છે. તેનો શબ્દ એટલે દેવશબ્દ. તેથી જ હિટલર આજે એક હાથે બધા ફેરફારો કરી શકે છે. તેણે જુવાનોની કલ્પના મુગ્ધ કરી છે અને તેને પૂરતું પોષણ, જીવન અને ચેતન આપે છે. જુવાનોને મન તો હિટલર એ જર્મનીની આદર્શમૂર્તિ, આધુનિક જર્મનીનું પ્રતીક છે!

હિટલરની ઇચ્છા જ એવી હતી કે જર્મનીમાં એક પક્ષ હોય, એક સરદાર હોય, એક ધર્મ હોય, તો પછી યુવકપ્રવૃત્તિ પણ એક જ હોય અને તે જર્મન યુવકોની. એટલે કોણે ન ચાલ્યું ત્યાં બળ વાપરીને પણ બીજી બધી યે પ્રવૃત્તિઓ આજે નાઝી પ્રવૃત્તિમાં એકત્ર કરી દેવામાં આવી છે. આજે 'ભમતાં ભૂંડાંઓ' નથી રહ્યાં.તેમનાં આશ્રમગૃહો સરકારી ફરમાન વડે નાઝી યુવકસંઘોને સોંપી દેવાયાં છે.

આધુનિક જર્મન યુવકો એટલે નાઝીધર્મી યુવકો જ. એમની નાઝી પ્રવૃત્તિઓ એસ.એ, એસ. એન., 'હિટલર-જુવાન', અને 'જર્મન બાળા' એ ચાર સંઘોમાં વ્યવસ્થિત કરવામાં આવી છે.

એસ. એ. નું આખું નામ તો 'સ્ટુર્મ અબ્તાઈલુંગ' એટલે કે 'તોફાની વિભાગ.' લશ્કરમાં આવો એક ખાસ વિભાગ રાખવામાં આવેલો હોય છે જે હમેશાં હુમલો કરતી વખતે જ આગળ કરવામાં આવે છે. તેમની ફરજ એ કે વંટોળિયાના તોફાનની જેમ દુશ્મનની છાતીમાં સીધા ધસી જવું. નાઝીની સહુથી વધારે વ્યાપક પ્રવૃત્તિનું નામ આ રાખવામાં આવ્યું છે. નાઝી પક્ષના સહુ સભ્યોને એકવાર આ ટુકડીમાંથી પસાર થવું જ પડે છે. ત્યાર પછી આવે છે દીક્ષાનો સમય કે જ્યારે તે પાકો નાઝી બને છે. આવા પાકા નાઝીઓનો સંઘ તે એસ. એસ. એટલે 'સ્ટુર્મ સ્ટોસ' —વંટોળિયો હુમલો, ધસારો. સાધારણ રીતે લશ્કરની વ્યવસ્થામાં આ ટુકડી પાયારૂપ હોય છે અને તેને માત્ર અણીને વખતે જ મેદાન પર મોકલવામાં આવે છે.

'હિટલર-જુવાન'નો સંઘ એ તો બૉયસ્કાઉટના જેવી કુમાર-સેના, કે જેઓ હજુ નાઝી સિદ્ધાંતોમાં પ્રવેશ જ માત્ર કરે છે અને યૌવનમાં પણ હમણાં હમણાં જ પ્રવેશ કરેલો છે. આ જ પ્રમાણે કુમારોની જેમ કુમારિકાઓને પણ સંઘમાં વ્યવસ્થિત કરવામાં આવી છે. આ કુમારિકાસંઘનું નામ 'જર્મન બાળા'. આ બંને સંઘોમાં પણ જાતીય અને શિસ્તના પાયા તો નખાવા જ માંડ્યા હોય છે. અને તેમનું ધ્યેય એસ. એ. અને એસ. એસ. યુવાનો હોય છે. આ રીતે આખી યે નાઝી યુવક પ્રવૃત્તિ એ લશ્કરી સૈન્યનું અનુકરણ જ માત્ર છે. અને તેઓ માત્ર જીવન સાધનની તૈયારી કરાવે છે, જેથી લાંબામાં લાંબી હાક પડે તેમાંનો કોઇ દેશરક્ષણમાં પાછો ન પડે.

આ દરેક મંડળનો પોતાનો ખાસ પોષાક હોય છે અને તાલીમ તથા શિસ્ત એક સરખાં જ હોય છે. માત્ર એસ. એસ. પ્રવૃત્તિ એ વધુ લશ્કરી પ્રવૃત્તિ બને છે. એસ. એ. મંડળનો પોષાક બદામી રંગનો હોય છે. તેઓને અઠવાડીઆમાં એકવાર કવાયત ફરજિયાત હોય છે. ગમે તે ભોગે, ગમે તેમ કરીને

પણ આ કવાયતમા તેમણે હાજરી આપવી જ પડે છે હાજર ન રહેનારની સામે શિસ્તભગના પગલા લેવામા આવે છે અને આ શિક્ષાઓ લશ્કરી શિસ્તના ભગમા અપાતી સજાઓ કરતા ઓછી નથી હોતી કવાયતમા નાના મોટા કે જૂના નવા સભ્યો વચ્ચેનો ભેદ રાખવામા નથી આવતો બહુ એક સરખા બાંધવો જ લેખાય છે એક સરખુ માન પણ અપાય છે

આ સઘના તેમજ નાઝીની આખી યે પ્રવૃત્તિ ા સભ્યોને પોતાના દેશને જગત ા બધા યે દેશો કરતા વધુ મહાન, સરકારી અને ઉન્નત ગણવાનુ ફરમાન કરવામા આવે છે અને પોતાનો દેશબધુ, પછી તે ભલેને હલકામા હલકો હોય અને ચારિત્ર્યહીન હોય, છતા યે તે જગતના કોઇ પણ દેશ ા નાગરિક કરતા ઊતરતો નથી બલકે શ્રેષ્ઠ છે એમ માનવા ા ફરજ પાડવામા આવે છે આખીયે પ્રજાએ તેના રક્ષણાર્થે એક પગે તૈયાર રહેવુ જોઇએ

એશ આરામ આવા યુવકોને ન જ પાલવે, કારણ કયે સમયે અને કયા તેના મથકો જવાનુ ફરમાન થશે તે કશુ ચોક્કસ હોતુ નથી વળી પ્રજાનો પુનર્ઘટના કરવાની હોય ત્યારે તો તાલીમ અને શિસ્ત તેમજ સયમ એ તો યુવાનોમા પૂર્ણ રૂપે હોવા જ જોઇએ નાચના રથોએ કે બીઅરહાઉસમા તેઓ હમેશા ઘણા જ ઓછા પ્રમાણમા દેખાય છે, જ્યારે મયદાની રમતો કે મરદાની રમતો, ઉદ્યનશિક્ષણ કે વ્યાયામસઘોમા તેઓ એટલી બધી સખ્યામા હાજરી આપે છે અને તેમા રસ લે છે કે આ પ્રવૃત્તિઓ બની તેમનામય જ થઈ ગઇ હોય એમ જણાઇ આવે છે


લશ્કરી સૈન્ય જેટલી તાલીમ પણ તેમને આપવામા આવે છે અને ભાવીમા જરૂર પડ્યે લશ્કરમા સિપાહી તરીકે કામ કરી શકે એ તેમનો ઉદ્દેશ હોય છે તેથી ઘણી યે વાર શહેરની આસપાસના ડુંગરાળ પ્રદેશોમા આખી યે રાત ટૉર્ચલાઇટ લઇને સખત શ્રમભર્યો, વિવિધ લશ્કરી દાવપેચોની તાલીમ આપતો વ્યાયામ ખેલવામા આવે છે સહુને ટુકડીવાર તેમા હાજરી આપવા ફરજ પાડવામા આવે છે દર રવિવારે શહેરના વિવિધ ભાગોમા કદમ મિલાવતા આ યુવાનો ફરજ કરે છે અને રાષ્ટ્રીય તેમજ કુદરતના ગીતો તે વેળાએ ગવાય છે

એસ એમ પ્રવૃત્તિ આથી વધુ શિસ્તબદ્ધ છે અને તેને તો લશ્કરનુ એક અગ જ ગણીએ તો વાધો નહિ આ પ્રવૃત્તિ લશ્કરી ઢબે જ રચાએલી છે તે ા નિયમો, શિસ્તભગની સજા મૃત્યુ જ ગણાય છે આ પ્રવૃત્તિ ા હાનચાલ અને પ્રગતિ બધુ જ ખૂબ ગુપ્ત રાખવામા આવે છે તેમનો પોષાક કાળા રગનો હોય છે આ મડળી એ હિટલરનો જમણો હાથ ગણાય છે આના બળ ઉપર જ હિટલર ૧૭ વર્ષો સુધી અખડ પ્રયત્નો કરી શક્યો અને પોતા ા સ્વપ્નો પણ ફળીભૂત કરી શક્યો

આજે આ મડળને સૈન્યમા અપનાવી લેવામા આવ્યુ છે અને વચ્ચે ભેદ હવે રાખવામા આવ્યો નથી હિટલરના બોડીગાર્ડો સરકારી મથકોના દ્વાર પાળો અને સુનદા સૈનિકોમા આજે તેમની ગણત્રી થાય છે આ મડળમા દાખલ થવા માટે ખૂબ સખત અગ્નિપરીક્ષામાથી પસાર થવુ પડે છે તેઓ વળી શુદ્ધ આર્ય લોહી ના જોઇએ અને તે તેમણે પુરવાર કરવુ પડે છે અને તેઓ પણ શુદ્ધ જર્મન લોહીવાળા હોવા જોઇએ તેમની પાસેથી લેવાનુ કાર્ય તો તવાએના લશ્કરી સૈનિકો સિવાય બીજું જ કોઇ આપી શકે.

આ મડળના સભ્યોને ઉદરનિર્વાહ માટે રાષ્ટ્ર તરફથી કશ આપવામા આવતુ નથી અમુક સરકારી નોકરીમા જોડાએલા સભ્યો બાદ કરતા બાકીના બધા યે પોતાના નિર્વાહ માટે જાતે જ મહેનત કરે છે અને આમ જીવનનિર્વાહ માટે ગદ્ધાવૈતરુ કર્યા પછી પણ હુકમ થાય ત્યારે તે પ્રફુલ્લ વદને તે ા ઉપરી પાસે સલામ ભરવા હાજર થઇ જાય છે આ મડળ ા સભ્યો માટે કુટુબ અને સમાજ એ ગૌણ વસ્તુ છે તેઓ આપેલા હુકમનું જીવસટોસટે પાલન કરવા બધાએલા હોય છે તેમને તો રોજના સાહસો ખેડવાના હોય છે અને જીવમાગ્યા જોખમો વહોરવાના હોય છે તેમને માટે જીવવુ એ ખરેખર સગ્રામ જ છે આપણા આદર્શ પ્રમાણે તેમને મૃત્યુજયી વીરો જ કહી શકાય

કનૈયાલાલ છોટાલાલ પુરાણી




દેડકાની જીવનલીલા

૧ ચોમાસામાં તળાવકે ખાબોચિયાને કિનારે ડેડકું પુખ્ત દેડકું. ૨ મોસમ આવતાં એ તળાવ કે ખાબોચિયાને તળિયે ગોળ કે બાંધી મૂકે છે, તે ઉપર ચીકણો રસ ચોંટાડી દે છે ૩ એ ઈંડાં પાણી શોષીને ફૂલતા, સપાટી પર તરી આવે છે ૪ ઈંડું, જેમાં બારબિંદુ ઈંડું એ કાળો ડાઘ છે ને સફેદ ભાગ તો એને માટેના પોષણનો છે. ૫, ૬, ૭, ૮ એ ઈંડાની વિવૃદ્ધિના જુદાજુદા તબક્કા, જેમાં ઊલ્લે તેનાં અંગો ફૂટવાની શરૂઆત થાય છે. ૯ ઈંડું ફુટાયા પછી પંદર દિવસે જન્મેલું બચ્ચું. ૧૦ લીંબોતરીમાંથી પોષણ મેળવતાં એનાં સપ્પાઅંગ બચ્ચાં. ૧૧ ગળા નજીક એ બચ્ચાને ગાઠો ઉપસે છે, હજુ મોં નથી. ૧૨ મોં અને પછી ગાંઠોમાંથી પંખા ફૂટે છે ૧૩ અકરાંતિયા જેમ ખાવા માંડે છે ને પંખા અદૃશ્ય થઇ તેનાં ખાનાં જ રહે છે ૧૪ બાજુની દરેક બાજુએ પાતળી ચામડી ઊગે છે જે એ ખાનાં પૂરાઈ છે ત્યારે તેની વય એક મહિનાની થઈ હોઈ, તેને પાછલા પગ ફૂટવા માંડે છે. ૧૫ આગલા પગ પણ ચામડી નીચેથી ફૂટવા માંડે છે. અને ૧૬ પોતાની જૂની ખોળ એ ઉતારી નાખે છે ને આખો દેખાવા માંડે છે. ૧૭, ૧૮, ૧૯ દેડકો મારવ ની શક્તિ આવતાં પૂછડી ટૂંકી થતી જાય છે ને એ સાથે જ—૨૦, ૨૧, ૨૨ એ વનસ્પત્યાહારી મટી માંસાહારી બને છે માખી એનો પ્રિય શિકાર છે ને એની લાંબી ને ચીકણી જીભ એમાં તેનું હથિયાર છે. ૨૩ આમ પોતાની મેળે ખોરાક શોધીને પુખ્ત થઇ, ડેડકું દેડકું ૨૪ એ અવાજને હવાનાં ખાનાં (air sockets) આમ ફૂલાવીને કાઢે છે. કેદમાં આફ્રક ચામડીથીયે તે શ્વાસ લઈ શકે છે ને તે ભીની રાખવા વારંવાર પાણીમાં જાય આવે છે ૨૫ સંપૂર્ણ પુખ્ત થતાં પાકું એ સંવત્સર આકરે છે ને ફરી નવાદેડકાની જીવનકથા શરૂ થાય છે. (World of Wonder)



ચિત્રરેખા કુ સૌદામિની ચીનુભાઈ

રક્ષાબંધન



બ્રહ્મદેશમાં જવાહરલાલ

બ્રહ્મદેશની પ્રાતીય મહાસભા સમિતિના આમંત્રણને માન આપી રાષ્ટ્રપતિ જવાહરલાલજી બ્રહ્મદેશ ગએલા ત્યાં તેઓ જેટલો વખત રહ્યા તે બધા સમય દરમિયાન તેમના સ્થાનિક મંત્રીઓમાના એક તરીકે લાગટ તેમની સાથે રહેલા શ્રી રમેશ રંગનાથ ગૌતમે એમના બ્રહ્મદેશના પ્રવાસની હકીકત પુસ્તકાકારે બહાર પાડી છે. એમાં બ્રહ્મ દેશના રથળો ને સંસ્થાઓની મુલાકાતો તથા સભાઓનો શુષ્ક અહેવાલ નથી, પણ પંડિતજીનુ તેજસ્વી વ્યક્તિત્વ તરી આવે એવા બનાવો, ચર્ચાઓનો અને જાહેર પ્રસંગોનું સજીવ આલેખન તથા વહેતા તેજાબ જેવી એમની વાણીના ચૂંટેલા ઉતારા છે. દેખાવે અનાકર્ષક એવા એ પુસ્તકમા ઠેકાણે જતા એ પ્રસંગોમા ભારતના રાષ્ટ્ર-પતિનો અત્યંત જીવંત, અને માનવતાભર્યો પરિચય આપણને મળે છે, એ આ નીચે ચૂંટી ઉતારેલા ફકરાઓ કહેશે.

બંદર પરથી ઉતારે આવતા વેંત જવાહરલાલ બોલ્યા, 'કહા હૈ ભાઇ, પ્રોગ્રામ તો થોડા બતાઇએ—મુજે કહા બનના હૈ, કયા કરના હૈ...' એમને જવાબમાં કહેવામા આવ્યુ કે બે કલાક આરામના રાખેલા છે, ત્યારે તો જહાજમા પરાણે કરવા પડેલા આરામે એ બીમાર માણસને અધારો કરી મૂક્યો. આવ્યે પંદર મિનિટ પણ નહિ થઇ હોય ત્યા બહાર નીકળી પડ્યા. તેમના એક ભત્રીજી રંગૂનમા રહે છે તેમને મળવા તથા ફરવા ઊપડ્યા.

તીખો આગ જેવો એમનો સ્વભાવ જરાતરામા બીજાઇને બોલે; ને બોલે ત્યારે બણે ઝાટકો પરંતુ તે પછી તરત મુક્ત હાસ્ય રેલાય, ને કપકાનો ડંખ રહેવા પામે નહિ. આકું બોલવા બેસે તો તોબાહ પોકરાવે. બણે 'તેરા ચલે તો માર ડાલીઓ' વાળી વાત.

પ્રોગ્રામ જોતાં તો. ૧૨મી આવી. એક જણથી બોલાઇ ગયુ, 'બારહ તારીખ—બહ તો કૅરોનેશન ડે.'

'કયા કહા આપને?'

'કુછ નહીં જી, મૈં કહ રહા થા કિ બારહ તારીખ કો કૅરોનેશન ડે...'

'કહેનેકી કયા જરૂરત?'

'જરૂરત કુછ નહીં.'

'તો કયો કહા?'

'વૈસે હી, તારીખ દેખનેસે ખયાલ આયા.'

'ઉસમે મેરા કયા વાસ્તા?'

'કુછ નહીં જી.'

'તો કહા કયો?'

ભાઇ મુઝાયા: 'આપસે કૅરોનેશન ડે કા કુછ વાસ્તા નહીં હૈ, બસ લિખો.'

'વાહ ભઇ!'

એવી એમની વાત. બનવા જોગ છે કે જેવી રીતે એ સામાનો કસ કાઢતા હોય. સામો માણસ તે હસે કે રડે? હાર્મોનિયમની. એમને ઘણી સખ્ત અને વાજબી ચીડ છે. 'મને સમજાતુ નથી કે એ બેઢબ, કલાહીન, સંગીતખૂની, કમબખ્ત ચીજની કોઇ પણ અકલમંદ આદમી કેવી રીતે બરદાસ્ત કરી શકતો હશે?' એ તેમની કહેવાની રીત! તા ૮મીએ ધ્વજવંદન વખતે ઝંડાગીત માટે પડેલુ હાર્મોનિયમ જોતા જ એ ત્રાડી ઊઠેલા, 'ઉઠ, હટાઓ બસ કમબખ્ત ચીજકો યહાસે!'

એક સભામા એક વોલંટિયર લોકને ધક્કા મારતો દેખાયો. જવાહરે તેને બે વાર રોક્યો, છતા યે એ ન રોકાયો, એટલે પંડિતજીએ ગર્જના કરીને તેના બે હાથ પકડીને અદ્ધર વળાવી 'બેબરદાર, છેક બહાર નીકળતા સુધી અદ્ધર છોડી છે તે!' તેમણે તેને સમજાવ્યું કે ધક્કો મારવાથી જ વધારે ઠડબેસો લાગે છે. મગજ સમતોલ રાખીને ચાલી જવાથી આપો-આપ માર્ગ થઇ જાય. પેલાએ ધડકતે હૈયે છેક સુધી અદ્ધર રાખી.

રવિવારને દિવસે માડલે મ્યુનિસિપાલિટીના માન-પત્રનો પ્રોગ્રામ હતો. જમતી વખતે માડલેમા જોવા જેવા સ્થળોની વાત નીકળી, તેમા એક ભાઇએ મૌંગુનના આશ્રમનો ઉલ્લેખ કર્યો. જવાહરલાલ તરત બોલ્યા, 'અરે ભાઇ, મારે લૂલાપાગળા ને ડોસાં-ડગરાં જોવા માટે ખાસ મૌંગુન સુધી જવું એ કયાનો

ઇન્સાફ? હિંદુસ્તાનમાં શું ઘરને આંગણે કંગાલિયત ને રોગ ઓછા ભોગવાના છે?'

'પણ સગાઈ તો જાહશું' એક જણે કહ્યું. 'ત્યાંના પહાડોમાં વીસેક હજાર ભિખ્ખુ ને ભિખ્ખુનીઓના વિહાર છે. અને ત્યાં આગળ આવાનો પૂલ એ ઘણો મોટો ને ઇજનેરી પરાક્રમનો નમૂનો છે.'

'મેં ઇજનેરી કારીગરીના પ્રચંડ નમૂના ઘણા જોયા છે. આમા કંઈ સિવાય બીજું તાજુબીભર્યું શું છે?'

એક ભાઇથી ન રહેવાયું તે કહે, 'આવાના પૂલ નીચે થઇને જહાજો પસાર થાય છે.'

જવાહર હસ્યા: 'મારી જાણમા છે ત્યાંસુધી હમેશાં એમ જ બનતું આવે છે, ને જહાજ પૂલની નીચે થઇને જ ઘણુંખરું જાય છે. પૂલની ઉપર થઇને જહાજ જતા મેં હજી સાભળ્યા નથી!' મંડળી પેટ પકડીને હસી પડી. પેલા મિત્ર ભોંઠા પડી ગયા.

યમેથીનમાં એક કરુણ પ્રસંગ બન્યો. એક ડોશી આવી, 'બાબા, મેરે બેટેકો પોલીસ પકડ ગઇ.'

એક ભાઇએ ખુલાસો કર્યો કે એના દીકરાને બર્માના ક્રિમિનલ લૉ અમેન્ડમેન્ટ ઍક્ટની રૂએ પકડીને નજરકેદ કરેલો છે.

'બાબા, મેરે બેટેકો છુડવા દીજિએ.'

જવાહર શું જવાબ આપે? ઘડીભર એની આંખોમાં અતિશય દર્દ દેખાયું પછી હાથ પસાર્યો, 'મા, મૈં કયા કરૂં? અગર મેરે હાથમેં સત્તા હોતી, તો મૈં ફૌરન તુમ્હારે બેટેકો છોડ દેતા જૈસા તુમ્હારા બેટા હૈ વૈસે હજારોં માતાઓંકે બેટે ભારતમેં ગિરફતાર હુએ પડે હૈં. કયા કિયા જાય?' ક્ષણભર ટોળામા ચુપકીદી ફેલાઇ.

સોમવારની સાંજે મ્યુનિસિપાલિટી પછી બીજું માનપત્ર બ્રહ્મી શહેરીઓ તરફથી અને ત્રીજું હિંદુસ્તાન સંઘ તરફથી અર્પણ થયા બાદ ભાષણ કરતાં કરતાં જવાહરલાલજીની નજર સામે ઊભેલા કોટના કાંગરા પર ગઇ ને એ તરત જુસ્સામા આવી ગયા:

'ભારત ને બ્રહ્મદેશના સંબંધનો કદી વિચાર કર્યો છે? સર્જનજૂની એ રનેહગ્રંથિ છે. ભારતે પોતાની અણમોલી બિલકત અઢી હજાર વરસ પહેલા બ્રહ્મ દેશને અર્પણ કરી, જેને તમે હજી સુધી પ્રેમથી–પૂજ્યભાવથી મસ્તકે ધરી રહેલા છો ને ત્યારથી એકધારા વ્યાપારી, સાંસ્કૃતિક અને અન્ય પ્રવાહ અસ્ખલિત ચાલ્યા છે. કદાચ એ પહેલાંથી પણ એ ચાલુ હોય. એ થઇ પુરાતન કાળની કથા. તે પછી એક જ માલિકની ગુલામીની ધૂંસરીમાં બે જગદ જેવા ભારત ને બ્રહ્મદેશ જોતરાયા. એ બે ગુલામ દળી-મળીને એકસંપથી જોર કરશે તો જ એ ધૂંસરીને તોડી શકાશે . . . જોયો આ કોટ? અમારા ટિળક મહારાજ, અમારા લાજપતરાય ને મારા પ્રિયવકરૂ સુભાષ બાબુને પોતાના લોખંડી બાહુપાશમાં જકડનાર એ કોટ! આ તમારૂં સુંદર માંડલે શહેર ભારતીઓ માટે તો તીર્થ થઇ પડ્યું છે. એ સંબંધ કદી પણ વીસરાય ખરો કે?' આખો જનસમૂહ મસ્ત બની ગયો.

સોમવારનું કામ પત્યા પછી રાજગદ્દી (જે હવે લશ્કરી છાવણી અને જેલ છે) અને માંડલે હીલ જોયા. રાજગદ્દીના સાગના થાંભલા બતાવતાં ઉ ચ્યો મ્યોંએ કહ્યું, 'આ સાગના થાંભલા રાજા થીબોના રાજ્યની જડ ઉખેડવામાં કારણભૂત હતા.'

'એ કેવી રીતે?' જવાહરલાલજીએ પૂછ્યું, તેનો ઉ ચ્યો મ્યોંએ જવાબ આપ્યો:

'બ્રીટીશ બર્મા કૉર્પોરેશનને રાજાએ જંગલનાં લાકડાંનો ઇજારો આપેલો હતો. પરંતુ તેમાં એક શરત હતી. અમુક માપથી વધારે જાડાઇનાં થડ, જે 'શાહી લાકડાં'માં ગણાતાં તેમને હાથ લગાડવો નહિ. એવાં થડોમાંથી રાજાની ઇમારતો બનતી. જ્યારે કંપનીને ટંટો કરવાનું મન થયું ત્યારે તેણે એ શાહી થડો કાપ્યાં. રાજાએ વાંધો લીધો ને તેનો દંડ કર્યો. આવી ના-ફરમાની પર તેનું બીજવવું સ્વાભાવિક હતું બસ. એટલું જ બહાનું. અંગ્રેજ સરકારે પોતાની જાત-વાળાની મદદમાં હથિયાર ઉપાડ્યાં ને એ બહાને બ્રહ્મદેશ પણ હિંદની સાથે ગુલામગીરીમાં જકડાઇ ગયો.'

મંગળવારે રંગૂનના તઈ ક્યુંના મેદાનમાં જાહેર સભા હતી. એને પહોંચી વળવા માટે ચાર વાગ્યે માંડલેપડાનથી નીકળી શકાયું, ત્યાં માર્ગમા વરસાદ નડ્યો. સાત વાગે રંગૂન પહોંચાયું. આઠ વાગે તો સભા હતી. વ્યવસ્થાપકોએ માની લીધું કે આવા ધોધમાર વરસાદમાં સભા થઇ શકે નહિ. તેમણે જવાહરલાલને તેવા ખબર આપીને તંઈ ક્યું તરફ પણ એક માણસ મોકલ્યો. જરા ખિન્ન થઇને અમે પાટલે બેઠા ત્યાં

જવાહર ઊતરી પડ્યા. 'અરે વાહ! આપ તો જમને બૈઠ ગયે! મીટિંગ કા કયા?'

'મીટિંગ તો બધ રખ દી ગઇ હૈ ન?'

'હાં, જરૂર. લેકિન મેરી ઇચ્છા હૈ કિ સભા બંધ રખની હો તબ ભી મૈં ખુદ જા કે લોગોસે યહ ફૈસલા સુના દૂં.'

એ તો ઊપડ્યા. તઈ બ્યુંમા જઈને જુએ છે તો લોકોના ટોળ ધીમે ધીમે વીખરાય છે. વરસાદ પડે છે. બત્તી ફરી ગઇ છે. ત્યા એકાએક જવાહર મંચ ઉપર દેખાયા કે વીખરાતા લોક જયકાર ગજવતા ફરી પાછા ભેગા થઇ ગયા. વરસાદી ડગલો ચડાવીને હાથબત્તી ચમકાવતા જવાહર હસતા ઊભા હતા. વરસાદ ચાલુ હતો. માનપત્રો આપનારા દોડ્યા, જવાહરે તે બધા લીધા. તેમના એક પડકારે કાદવ-ભરી બોયમા દસદસ્સ સ્ત્રીપુરુષ બેસી ગયા ને શાંતિથી, હર્ષથી આ નરપુગવના વચનામૃત ઝીલ્યા.

પાછા ઘેર આવીને કહે, 'કયો, ભાઇ! યહ તુમ્હારી તમીજ?' ને નિરાશાવાદીઓએ કાન પકડ્યા!

તારીખ ૧૨મીએ જવાહરલાલ ગુજરાત ઓસોસી-એશનમા પધાર્યા. મેં મડાનો ટૂંક પરિચય આપીને બે મિનિટમા પતાવતા ટકોર કરી, 'મૈં મેરી સંસ્થા કી જ્યાદા તારીફ નહીં કરૂંગા, કોંકિ પંડિતજીકો ઇસી તકરીરે પસદ નહીં હૈ'

વીજળીના ચમકારા જેવો જવાબ તુરત આવ્યો, 'સિવા કિ ખુદ મેરી!' આ રમૂજે બધાને હસાવ્યા.

ન ટુકોટ ઇ ચટ્ટિયાર ઓસોસીએશનનો ભવ્ય મેળાવડો જ્યુબિલી હૉલમા પાચ વાગ્યે હતો. મિ. વેલ્લયન ચટ્ટિયારે માનપત્ર વાચ્યું.

એનો પંડિતજીનો જવાબ ચિરસ્મરણીય રહેશે. બર્મા આતેનાં તેમનાં ભાષણોમા તેનું અગ્રસ્થાન છે. તર્ક, પ્રમાણ, બુદ્ધિમત્તા અને સાદી સમજની દલીલોનો એ ભંડાર હતો. ઉ ચ્યો મ્યીએ પાછળથી કહ્યું: 'ચટ્ટીઓ ખાટી ગયા. તમે એમને મહાન વક્તવ્ય આપ્યું. બધા અવાક્ બની ગયા.'

'હમેશાં વિરોધી વાતાવરણ મારા માટે ઉત્તેજક બને છે. કૅલિફિટૅરટો ને અંગ્રેજોની સભામાં કુદરતીરીતે જ મારી બુદ્ધિ તેજ થઇ જાય છે. અનુકૂળ મિત્રોને બાસ શું સમજાવવાનું હોય?' જવાહરે ધીમેથી ખુલાસો કર્યો.

આ જવાહરલાલના ચારિત્ર્યની ચાવી. તે વિરોધ-ના ભૂખ્યા છે, લડતના શોખીન છે, પ્રતિકૂળ ટોળાને ભેટવા આતુર રહે છે. અને તેથી જ આજે તે આવા લોકના લાડકા છે. ડર જેવી ચીજને એ જાણતા નથી. લડવું એ એમનો ધર્મ છે ને જીતવુ એ તે લડતનું અનિવાર્ય પરિણામ છે.

રંગૂનમાં અનેલો બીજો એક બનાવ અહીં નોધવા જેવો છે એક બપોરે સેંકડોની દશનાતુર ભીડ વચ્ચે પગથિયા પાસે એક આધેડ વયની બ્રહ્મી બહેન ઊભી હતી. તેના હાથમા બીમટોનો ગ્લાસ હતો ને તે જવાહરલાલજીને તેને પાવો હતો તે હિંદુસ્તાની ન જાણે ને લોક બર્મીઝ ન જાણે, તેથા તેની મશ્કરી કરતા હતા હું ત્યા પહોચતા તેના કહેવાની મતલબ સમજ્યો ને લોકોને ઠેકડી કરતા વાર્યા.

પણ એક મુસીબત હતી. બીમટોમા બરફ હતો. જવાહરલાલનુ ગળુ હદયહાર બરાબ થઇ ગયુ હતું ને તે હડું પાણી પીતા નહોતા. બીજો તો ભારે જોખમ જેવુ હતું. બાઇને ઘણું સમજાવી; પણ તે કહે, 'તમે ગમે તેમ કહો, પણ માર પાણી તે જરૂર પીશે મને કયા (પ્રભુ) જેવો વિશ્વાસ છે હું બહીંથી હટવાની નથી.'

એને શુ કહી શકાય? કલાક સુધી અમે ને એ બાઇ તડકામા શેકાયા. છેવટે જવાહરલાલ ઊતર્યા. પગથિયે રોકાને મેં તેમને બધી વાત કરી કે એમની આજ્ઞામા જાણે અમૃત ઊભરાયા. એક પળના વિલંબ વગર પ્યાલો લઇને મોટે માર્ચો પેલી બાઈ જોઇલા હાથે, હદયદ્રાવી પૂજ્યભાવ નીતરતી આંખે ને પુલકિત વદને જોઇ રહી. લોક ઘેલું બનીને જયકાર ગર્જવી ઊઠ્યું.

જવાહરલાલ સડસડાટ જરા જેવું બરફનું પાણી ગટગટાવવા લાગ્યા. અરધે પહોચ્યા ને મારાથી ન રહેવાયું ને મેં ગળું સમાલવાની સૂચના કરી, પણ એ તો જાણે ત્રણ લોકના પરમાનંદનો નિચોડ મહાકષ્ટે લાવ્યો હોય તેમ આખ મીંચીને ગટગટાવ્યે જ જાય. પોણો ટંમલર ખાલી કરીને પાછું આપીને હસીને પૂછ્યું, 'બસ? ઔર પીઉં?' બાઇ તો ગદ્ગદિત થઇ ગઇ. અને લોક પણ પછી પાગલ બનીને ન પુકારે, 'જવા-હરલાલ ઝિન્દાબાદ'? રમેશનાથ રંગનાથ ગૌતમ

રણછોડભાઈ ઉદયરામ (અનુસંધાન પૃ ૪૦૦થી)

અટકાવવા અને વિધવાવિવાહની છૂટ કરવાના ઠરાવો ઘડાતા. ઘણી કેટલાકને એમ થતું કે સમાજને નાટ્ય-પ્રયોગો દ્વારા નીતિ અને સદાચરણના સારામાં સારા પાઠ આપણે શીખવીએ અને તેમ કરી, ગુજરાતભરમાં પલટો આણીએ. પલટાના ગુજરાતના આ સ્વપ્નદ્રષ્ટાઓમાં રણછોડભાઇ પણ એક હતા.

એ જમાનામાં આજે જેને આપણે નાટક કહી શકાએ તેનું તો નામનિશાન પણ હતું નહિ; મહાન કવિ કાલિદાસ કે ભવભૂતિને પગલે ચાલી ઉત્તમ નાટ્યકૃતિઓનું સર્જન કરનારા સમર્થ નાટ્યકારો થયાનુ તો તે પછીના સૈકાઓમા કયાંય સંભળાતું નથી. ગુજરાતમાં નાટકનું માત્ર અણઘડ સ્વરૂપ જીવતું રહ્યું હતું,અને તે 'ભવાઇ'—'રાસલીલા'ના રૂપમાં. ભવાઇઆઓની મંડળીઓ ગામેગામ ફરતી. રાત્રે ગામના કોઇ ચોકમાં ખુલ્લા આકાશ નીચે જળતી મશાલોના અજવાળામા તબુડાના અવાજે વચ્ચે પોતાના ખેલો તેઓ કરતા; અને તેમા બીભત્સ હાસ્યરસ, અશ્લીલ સંવાદો અને મનને ઉશ્કેરે તેવા ગંદા ગાયનો સિવાય કશું યે હતું નહિ. ઇગ્લંડની રંગભૂમિ અને ત્યાંના નાટકોની વાતો સાભળીને કેટલાક સાહસિક પારસીઓએ મુંબાઇમા નવીન ઢબનું એક નાટ્યગૃહ ખોલ્યું હતું. એ નાટક કંપનીના માલિક હતા શેઠ કાજરાજી અને નાટ્યગૃહનું નામ હતું 'આલ્બીયાલ્રા થીએટર'.

એક વખતે કેટલાક શિક્ષિત ગુજરાતી યુવાનો આ થીએટરની આગલી હારમા રંગમંચ પર ભજવાતો ખેલ જોતા બેઠા હતા. પડદાની ખુરશી પર કંપનીના પારસી મૅનેજર પણ હતા. નાટકમા સંવાદો બધા ઉર્દુમા બોલતા અને અંકટરો સંવાદો બોલતાં થાકી જાય એટલે વચ્ચે વચ્ચે ગાયનો ગાવા માંડતા. તેમાં પણ કોઇ ગાયન ગુજરાતીમાં હોય તો કોઇ મરાઠીમાં હોય! ક્યાંયે કલા કે સૌદર્યના તેમા દર્શન થતા ન હતાં. ગુજરાતી યુવાનો આ બધું જોઇ કચવાયા અને ધીમેથી અંદર અંદર વાતો કરવા મંડ્યા, 'આ પારસીઓ આવાં નાટકો સમાજને બતાવે તેમાં આટલા બધા ફૂલાય છે શા માટે ? ભવાઇ અને આ ભજવાતા ખેલ વચ્ચે બહુ ફેર તો નથી.' આવા અપમાનયુક્ત શબ્દો સાભળી પારસી મૅનેજર ત્રાડુકી ઊઠ્યા, 'તમારામાં તાકાત હોય તો તમારું જ થીએટર બનાવી નાખો ને !' યુવાનોમાંથી એક જણે ધીમેથી જવાબ આપ્યો, 'શેઠ ગભરાઓ નહિ. વખત આવ્યે તે પણ તમને કરી બતાવશું.' યુવાનોએ આ વાત રણછોડભાઇ પાસે કરી.

રણછોડભાઇને આ પ્રસંગે પાનો ચડાવ્યો. કેટલાક મારતરો, મુનીમો વગેરેને ભેગા કરી એક નાટ્ય ઉત્તેજક મંડળી સ્થાપી ને પહેલવહેલું શ્રી મણિલાલ નભુભાઇનું 'કાન્તા' નાટક ભજવ્યું. પણ આવાં નાટકો પુરસદે થતાં હોઇ, રણછોડભાઇનું દિલ એથી ન સંતોષાયું. પરિણામે તેમણે ધંધાદારી નાટક મંડળી કરવાનો પ્રયત્ન શરૂ કર્યો. એ પ્રયત્નનો પરિપાક તે 'મુંબાઇ ગુજરાતી નાટક મંડળી'.

ભારતના નાટ્યશાસ્ત્રે કરુણ અંતનો નિષેધ કર્યો છે અને તેથી સંસ્કૃત નાટકોએ કરુણાંત નાટકોનો એક મોટો પ્રકાર ખોયો છે. આ ખોટ પૂરી પાડતા હોય તેમ, ત્યાર પછી રણછોડભાઇ તરફથી 'લલિતા દુઃખ દર્શક' નામનું નાટક લખાઈ બહાર પડ્યું. તેઓ તેનો અંત કરુણ લાવ્યા છે. સામાજિક કુરૂઢિઓના સપાટામાં સપડાએલી સુશીલ લલિતા નંદનકુમાર નામના એક મૂર્ખને પનારે પડે છે. કજીઆખોર સાસુ અને નબુદ તેને રીબાવી રીબાવી અધમૂઇ કરી મૂકે છે. તેના દુઃખનો કંઇ પાર નથી. આ નાટક એટલી બધી લોકપ્રિયતા મેળવી કે તેના અસોઅસો ખેલો ભજવાયા અને એક ભાટીઆણી ડોશીએ તો પોતાની પુત્રીની પુત્રીના વિવાહ આ નાટક જોયા પછી તોડી નાખેલા. નાનપણમાં આ નાટક જોઇ પોતે રોયા હતા એમ કવિ નાનાલાલે ઘણી વખત કહ્યું છે.

રણછોડભાઇનો સંસ્કૃતનો અભ્યાસ બહુ ઊંડો હતો. તેમણે 'માલવિકાગ્નિમિત્ર', 'રત્નાવલી નાટિકા' અને 'વિક્રમોર્વશીય' જેવા સંસ્કૃત નાટકોનું ભાષાંતર બહુ ભાવવાહી શૈલીમાં ગુજરાતીમાં કર્યું. શેકસપીઅરના નાટકોએ તેમના હૃદય પર બહુ ઊંડી છાપ પાડી હતી અને એ નાટકોની ખૂબી ગુજરાતી વાચકો થોડે અંશે પણ માણી શકે એ આશયથી તેમણે ઘણાં અંગ્રેજી નાટકોનાં ભાષાંતર પણ 'શેકસપીઅર કથાસમાજ' નામના પુસ્તક રૂપે બહાર પાડેલાં. આ ઉપરાંત ગુજરાતની ઐતિહાસિક વાતોનો સંગ્રહ કરી ફાર્બસ સાહેબે અંગ્રેજીમાં રાસમાળા લખેલી તેનું ગુજરાતીમાં ભા-

બાતર કરવાનું કામ તેમને સોપાયુ હતુ અને તેમણે તે પૂરતી ચોકસાઈ અને કાળજીથી પાર પાડયું

કચ્છ, કાઠિયાવાડના રજવાડાઓનો સંબંધ હજુ બ્રિટિશ સત્તા સાથે નવોસવો બંધાતો હતો રાજ્યોરાજ્યો વચ્ચે સરહદની તકરાર ઉપસ્થિત થતી કે નાનામોટા ટંટાફિસાદ થતા તેનો નિકાલ મેળવવામા મુખ્યત્વે ગવર્નર પાસે રાજાઓને અને તેમના દીવાનોને અવાર-નવાર આવવાનુ થતુ. તેમની હકીકત સચોટ રીતે સરકારને સમજાવી શકે તેવા અંગ્રેજી ભણેલાઓની બહુ જરૂર પડતી. મન સુખરામ ત્રિપાઠી, હરિદાસ દેસાઇ, રણછોડભાઇ વગેરેનો સંભવ આવા રાજદ્વારી કાર્યો માટે કાઠિયાવાડના રાજ્યો માથે બંધાયો રણછોડભાઇને ગોડલ, પાલણપુર અને ઇડર વગેરે રાજ્યોના મુખ્યત્વે ખાતેના પ્રતિનિધિ તરીકેનુ કામ સોપાયુ હતુ સને ૧૮૮૪મા તે કચ્છમા ગયા મુખ્યત્વની બધી અનુકૂળતાઓ મૂકી કચ્છમા જવાનું કારણ એ હતુ કે તેમના પત્નીની તબીયત મુખ્યત્વમા લથડી ગઇ હતી અને ડૉકટરોએ સૂકી હવાવાળા પ્રદેશમા જવા સલાહ આપેલી. કચ્છના મહારાઓશ્રીએ ઇ ૧૮૮૪મા તેમને હજુર ઍસિસ્ટન્ટ તરીકે નીમી લાવ્યા

સતત વીસ વર્ષ સુધી એમણે એ પદ સંભાળ્યુ એ પદે રહ્યારહ્યા એમણે 'રત્નાવલી નાટિકા', 'રાસ-માળા ભાગ ૨', 'નાટચશાસ્ત્ર' અને એ ઉપરાત 'રણ-પિંગળ'ના જે ત્રણ દળદાર ગ્રન્થો બહાર પાડયા તે આજ પણ તેમની પ્રતિભા પ્રત્યે આદર ઉત્પન્ન કરે તેવા છે એમા છેક વેદકાળથી માંડીને આજસુધીના દરેક વૃત્ત અને છન્દના સાગોપાગ આલેખન ઉપરાત ફારસી શાયરી અને ડિંગળ ઉપરનું તેમણે કરેલુ વિવરણ, ગુજરાનનો એને મોઘામૂલો વારસો છે.

તીર્ક્ષ્ણદૃષ્ટિ, કુનેહ અને ચોકસાઇપૂર્વક કામ કરવાની રીતથી રણછોડભાઇની રાજકીય કારકિર્દી વધુ ને વધુ યશસ્વી બનતી ગઇ અને સને ૧૯૦૧ના એપ્રિલ માસમાં તેમના પર દિવાનપદની નવાજેશ થઇ. પણ એ અધિકારથી તેઓ કદી પ્રમત્ત નહોતા બન્યા.

સડસઠ વર્ષ જેટલી તેમની ઉમર હતી; ગજકાજનો થાક પણ ભગજને લાગ્યો હતો; એટલે સને ૧૯૦૪ના મે માસમા તેમણે કચ્છમાથી વિદાય લીધી અને મુખ્યત્વ પાછા ફર્યા આ વાનપ્રસ્થ જીવનમાં સાહિત્યસર્જન એ જ એમનો મુખ્ય વ્યવસાય હતો. સામાજિક કુરૂઢિઓ સામે પણ પોતાનો પોકાર ચાલુ રાખ્યો. બાળલગ્ન, પ્રેતભોજન અને હિંદુ સમાજમા વિધવાઓ સામે તેમણે પોતાનો વિરોધ માસિકોમા લેખો લખી અને સભાઓ ભરી જાહેર કરેલો ઇ.સ. ૧૯૦૭મા ભરાએલી ત્રીજી સાહિત્ય પરિષદના તે પ્રમુખ ચૂંટાયા, પણ પોતાની પુત્રીની માદગીને કારણે તેઓ એ પદ ન સ્વીકારી શકયા. આમ છતા પણ સાહિત્ય પરિષદના સૂત્રધારોને પરિષદના આદોલનો ગુજરાતભરમાં વ્યાપક બનાવવા માટે તેમની સલાહ અને માર્ગસૂચન ઘણા ઉપયોગી થઇ પડેલા સને ૧૯૦૯મા રાજકોટ ખાતે મળેલી ત્રીજી સાહિત્ય પરિષદમા તેમણે હાજરી આપી હતી સાહિત્ય પરિષદનું ચોથુ સમેલન વડોદરામા સને ૧૯૧૨મા ભરાયુ. સમારભ બહુ ભવ્ય હતો. ગુજરાત ઉપરાત મહારાષ્ટ્રના વિદ્વાનો અને શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે પણ હાજરી આપી હતી અને પ્રમુખપદે પરિષદે રણછોડભાઇને સન્માન્યા હતા. દુશ્મનના પણ દિલ જીતી શકે તેવી વાણીની મિઠાશથી બધાએ પક્ષોને રીઝવી સમાધાનીભરેલા હરાવો લાવી અને કુનેહપૂર્વક કામ કરી તેમણે બધાને સંતોષ્યા હતા. જીવનભર સાહિત્યક્ષેત્રમા જ ઘૂમનાર આ મહારથીની સાહિત્યસેવાની નોધ સરકારમા લેવાઇ અને ઇ.સ. ૧૯૧૫મા હિંદી સરકારે તેમની કીમતી સેવાઓ બદલ દીવાન બહાદુરના ઇલકાબથી નવાજ્યા.

ઉપર જે પુસ્તકોનો નિર્દેશ કર્યો તે સિવાય પણ ઘણા પુસ્તકો–ખાસ કરીને નાટકો–રણછોડભાઇએ લખેલા છે. વેપારી જીવનને અત્યંત ઉપયોગી એવા 'યુરોપિયનોના પૂર્વપ્રદેશ આદિ સાથે વ્યાપાર' નામનો એમના પુસ્તકના પાંચ ગ્રન્થો પણ વેપારી નજરે મહત્વના છે. એમની એ તો પ્રબળ માન્યતા હતી કે ભાષાના ઐક્ય દ્વારા જ રાષ્ટ્રનું ઐક્ય શકય બને છે, એટલે પોતાના પુસ્તકો દેવનાગરી લિપિમાં જ છપાવવાનો એમણે ખાસ આગ્રહ રાખેલો.

રણછોડભાઇની નાટચકાર તરીકેની લોકપ્રિયતા એટલા પરથી જણાઇ આવશે કે એમનું 'હરિશ્ચન્દ્ર'નું નાટક મોળા વરસમા ૧૧૦૦ વખત ભજવાએલુ' એમના નાટકો, આજનાં ઘણાખરાં નાટકોની માફક માત્ર સુવાચ્ય કૃતિઓ જ નહોતી; દરેક નાટકો

તરીકે રંગભૂમિ પર પણ એ સફળ નીવડી હતી.

રણછોડભાઈની દિનચર્યા જુઓ તો નિયત કરેલ વખત પ્રમાણે બધાં યે કાર્યો આટોપવાનાં જ હોય! તેમાં કયાં યે વિઘ્ન થાય તે તેમને પાલવે જ નહિ. સવારના ત્રણ વાગ્યે પહેલા ઊઠી, અભ્યાસગૃહમાં આવી લેખનકાર્ય શરૂ કરે તે પાંચ વાગ્યા સુધી ચાલે. ફરી ૫ થી ૬ સુધી પથારીમાં ધસધસાટ ઊંઘી જાય! ૬ થી ૭ પ્રાતઃવિધિ, પૂજાપાઠ ઇત્યાદિમાં ગાળે. ૭ થી ૧૦ વાચન. ૧૧ વાગ્યે જમવાનું. પછી ૨ વાગ્યા સુધી આરામ. ૨ થી ૪ સુધી ફરી લેખનકાર્ય. સાંજે મિત્રો મળવા આવે તેમની સાથે વખત ગાળે. કંઈ અગત્યની ચર્ચા થાય તેમાં ભાગ લે કે કોઈ વાર શેતરંજની રમત રમે. શેતરંજનો તેમજ સીનેમા જોવાનો તેમને ઘણો જ શોખ હતો. એક વખતે લાહોર તરફનો હૈદરબેગ નામનો ખેલાડી તેમની સાથે શેતરંજ રમવા આવ્યો. બંને વચ્ચે દોઢ માસ સુધી એક રમત ચાલી અને તેમાં રણછોડભાઈ છેવટે જીતેલા! રાત્રે વાળુ કરી આખું કુટુંબ એકઠું થાય તેમાં વાર્તા-વિનોદ ચાલે ત્યારે રમૂજી ટુચકાઓ સંભળાવતા અને બીજી વાર્તાઓ કહી રણછોડભાઈ બાળકોને ખૂબ હસાવતા. રાત્રે નવ વાગ્યે તેઓ હમેશા અચૂક સૂઈ જતા. આજે કરવાનું કામ તેઓ કોઈ દિવસ કાલ પર છોડતા નહિ. પ્રાચીન આદેશ પ્રમાણેનું જીવન ગાળતા છતાં બધા કુટુંબીઓ પોતાના જેવું ઉગ્ર જીવન ગાળે એવો આગ્રહ એમણે કદી યે રાખેલો નહિ.

સાહિત્યના એકેએક ક્ષેત્રમાં તે ઘૂમી વળ્યા હતા. મૌલિક નાટકો, અનુવાદ કરેલાં સંસ્કૃત નાટકો, નિબંધ, કાવ્યશાસ્ત્ર અને મોટામોટા ગ્રન્થો રચતા તેમને થાક લાગ્યો ન હતો. એમણે લખેલ ગ્રન્થોની સંખ્યા પાંચ-દસની નથી થતી પણ તેમાં આંકડો સિત્તેર સુધી જાય છે. અવિરત ઉદ્યોગ અને સાહિત્ય તરફના અનન્ય પ્રેમનું જ એ ફળ હોઈ શકે.

માથે બગલાની પાંખ જેવી સફેદ ગુજરાતી પાઘડી, ચૂડીવાળું લાંબું બાંયનું કેડિયું, ઝભ્ભો ખેસ અને પગમાં દેશી જોડા એ તેમનો નિત્યનો પોશાક હતો. પોતાના જીવનમાં એમણે વિક્ટોરિયન યુગના શાહીવાદનો ભપકો પણ જોએલો અને ગાંધીયુગનાં આઝાદીનાં ગીતો પણ સાંભળેલાં. ગઇ સદીમાં જન્મ્યા છતાં પણ તે આ યુગના પ્રગતિકારક બળોથી બીલકુલ બાઝકતા નહિ. મુંબાઇમાં ન્યૂ ગામદેવી પરનું તેમનું 'સુંદરમહાલ' મકાન એટલે જાણે સાહિત્યકારોનું મિલનસ્થાન. કયારેક એ બંગલામાં સ્વ. વિભાકર તેમના માસિક 'રંગભૂમિ' માટે લેખમાળા માગવા આવે તો કયારેક સ્વ. દાઉદમહમ્મદ 'વીસમી સદી' માસિકને વિકસાવવાની યોજનાઓ ઘડવા તેમની પાસે રજૂ કરી તેમની પાસેથી સલાહ લેતા નજરે પડે. ઊગતા લેખકો અને કવિઓને પ્રોત્સાહન આપી જાહેરમાં લાવવાનું તે કદી ચૂકતા નહિ.

'કામ કર દામના, નામ અવિચળ રહે' એ જીવન-મંત્ર યુવાનોના કાનમાં ફૂંકનાર રણછોડભાઈએ જીવનની છેલ્લી ઘડી સુધી પોતાની સાહિત્યની ઉપાસના ચાલુ રાખી. જીવનની ૮૬ વર્ષાઓ તે વટાવી ચૂકયા હતા. વૃદ્ધાવસ્થાથી અંગેઅંગ શિથિલ થઈ ગયાં હતાં. સને ૧૯૨૩નો એપ્રિલ માસ ચાલતો હતો. સહેજ શરદી-માંથી ન્યૂમોનિયાએ તેમને ઘેરી લીધા હતા. છેલ્લા બે દિવસથી તે પથારીવશ હતા. ઉઠાય ચલાય તેમ પણ હતું નહિ. તેવામાં બપોરના બે વાગ્યે 'સ્લેડી નૉર્થકોટ અનાથાશ્રમ પ્રેસ'માંથી તેમના પુસ્તક 'યુરોપિયનોનો પૂર્વપ્રદેશ આદિ સાથેનો વ્યાપાર'નાં પૂફ આવ્યા. કુટુંબીઓએ તેમને આરામ લેવા વીનવ્યા, પણ તેમણે એ છાપકામની ભૂલો પૂરેપૂરી જોઈ સુધારી આપી ત્યારે જ તેમને આત્મસંતોષ થયો અને ધીમેથી લથડતા સાદે બોલ્યા, 'જીવનમાં કરવા ધારેલું કાર્ય અધૂરું રહેતું હોય અને મૃત્યુનું તેડું આવતું હોય તો તેને પણ થોડો વખત થંભી જવા કહેવું.'

ત્યારપછી ચારેક કલાક વીતી ગયા. શ્વાસથી છાતી હાંફવા કરતી હતી. તાવ વધવા માંડયો. જીવવાની આશા રહી નહિ. કુટુંબીઓને બોલાવ્યા અને સંપથી રહેવા કહ્યું. રેવરન્ડ ગાલીતા બોકર, વાલજીની સભાળ રાખવાની કુટુંબીઓને સૂચના આપી અને એકાદ ઘડીમાં તેમનો જીવનદીપ બૂઝાઈ ગયો.

બંગાળના રંગમંચના નિર્માતા શ્રી ગિરીશચન્દ્ર ઘોષનું જે સ્થાન બંગાળી સાહિત્યમાં છે, મહારાષ્ટ્રમાં શ્રી અણ્ણા સાહેબનું સ્થાન આદિ નાટ્યાચાર્ય તરીકેનું જે રીતે છે, તેવું જ સ્થાન ગુજરાતી સાહિત્યમાં ગુજરાતી નાટકોના પિતા અને ઉત્પાદક સ્વ. રણછોડભાઈ ઉદયરામનું છે.

રાયસિંહજી કાનજી રાઠોડ

આ મહિનો (ઑગસ્ટ) . . . અને એની પ્રતિભા

તા. ૧ લોકમાન્ય તિલકનું અવસાન * * અને એમની રાખમાંથી જ અસહકારનો જન્મ—ઈ ૧૯૨૦ * * નિકલનો એક આનાનો સિક્કો હિંદુસ્તાનમાં ચાલુ થયો—ઇ. ૧૯૦૭.

તા. ૨ ઇંગ્લંડની સરકારે કંપની સરકાર પાસેથી હિંદની હકૂમત સ્વહસ્તક લીધી—ઇ. ૧૮૫૮.

તા. ૪ મુબાઇના સિંહ સર ફિરોઝ શાહ મેરવાનજી મહેતાનો જન્મ—ઇ ૧૮૪૫ * * મહાન વિશ્વયુદ્ધનો પ્રારંભ—ઈ ૧૯૧૪.

તા. ૫ હિંદના પહેલા ગવર્નર જનરલ વૉરન હૅસ્ટિંગ્સ પર નંદકુમારે લાંચ લેવાનો આરોપ મૂકવા માટે તેને ગુનેગાર ઠરાવી ફાંસી આપવામાં આવી —ઇ. ૧૭૭૫

તા. ૭ બંગાળીઓએ અંગ્રેજી માલનો પ્રથમ બૅયકૉટ જાહેર કર્યો—ઇ ૧૯૦૫.

તા. ૯ મહાન નેપોલીયનને કેદી તરીકે સેંટ હેલીના રવાના કરવામાં આવ્યો —ઇ ૧૮૧૫

તા. ૧૧ હિંદી મુદ્રણકલાની પ્રગતિના પિતા સમા શ્રી ચિંતામણિ ઘોષનું અવસાન—ઈ. ૧૯૨૮

તા. ૧૩ મિસ ફ્લૉરેન્સ નાઇટિંગેલનું અવસાન—ઈ ૧૯૧૦

તા. ૧૪ નરવીર નેપોલીયનનો જન્મ —ઇ. ૧૭૬૯ * * બાબુ અરવિંદ ઘોષનો જન્મ—ઇ. ૧૮૭૨

તા. ૧૬ હિંદીઓને મૅજિસ્ટ્રેટ અને જ્યૂરર તરીકે નીમવાનો ધારો પાર્લામેન્ટ પસાર કર્યો—ઈ ૧૮૩૨.

તા. ૧૮ હિંદની સેવામાં જીવનપર્યંત રત રહેલા અમેરિકન ડૉ જ્હૉન ટી. સંડરલૅંડનું અવસાન—ઇ ૧૯૩૬.

તા. ૨૦ હિંદને મૉન્ટેગ્યુ-ચેમ્સફૉર્ડ સુધારા મળ્યા—ઈ. ૧૯૧૭

તા. ૨૨ હિંદના પહેલા ગવર્નર જનરલ વૉરન હૅસ્ટિંગ્સનું ૮૬ વર્ષની વયે મરણ —ઇ. ૧૮૧૮

તા. ૨૪ કવિ નર્મદાશંકરનો જન્મ—ઇ ૧૮૩૩ * * હિંદના ચાર્લ્સ પત્રકારોમાંના એક શ્રી નૃસિંહ ચિંતામણ કેલકરનો જન્મ—ઈ ૧૮૭૨

તા. ૨૬ હિંદ શોધવા નીકળેલો વાસ્કો ડ ગામા કાલીકટને કિનારે ઊતર્યો—ઇ ૧૪૯૮.

તા. ૨૮ ગુજરાતી સુધારક વીર કરસનદાસ મૂળજીનું અવસાન–ઇ. ૧૮૭૧

તા. ૩૦ નારાયણરાવ પેશ્વાનો રાજકુટુંબની કાવાદાવાખોરીમાં અંત–ઈ ૧૭૭૩. * * બંગ કવયિત્રી તરુલતા દત્તનું અવસાન—ઇ. ૧૮૭૭



આ માસની વિભૂતિ
રાજા રાજેન્દ્રલાલ મિત્ર

ઇ. ૧૮૨૪ના ફેબ્રુઆરીની ૧૫મી એ રાજા રાજેન્દ્રલાલ મિત્રની જન્મતિથિ. એમના જીવન અને કાર્યથી ઘણા અજ્ઞાત હશે, કારણ એમનું જીવન એ કશા ઉહાપોહ વગરનું, રાત આરાધનાનું જીવન છે એમ બોઝની શાળામાં અંગ્રેજી શિક્ષણ મેળવી ડાક્તરીનો અભ્યાસ કર્યો ધર્મચુસ્ત પિતાએ વધુ અભ્યાસ માટે વિલાયત જવાની ના પાડતા પૌરસ્ત્ય સાહિત્યમાં મૌલિક શોધખોળનું અણખેડાએલું ક્ષેત્ર ખેડવાનો નિશ્ચય કર્યો. સંસ્કૃત, હિંદી ઉર્દુ ને પર્શિયન તો માતૃભાષા જેટલી તેમને સાધ્ય થઇ ગઈ હતી હવે એમણે, ગ્રીક, લૅટિન, ફ્રેંચ અને જર્મન ભાષાઓનો અભ્યાસ શરૂ કર્યો. એ જ અરસામાં એશિયાટિક સોસાએટીના આસિસ્ટંટ સેક્રેટરી અને લાયબ્રેરીઅનની જગ્યા તેમને મળી ગઇ. ઇ. ૧૮૫૫માં બંગાળ સરકારે જમીનદારોને શિક્ષણ આપવા ખોલેલી નવી સંસ્થાના એમને ડિરેક્ટર નીમ્યા યુનિસિપલ કૉર્પોરેશનમાં પણ તેઓ નીમાયા હતા એમણે એ બધી પ્રવૃત્તિઓ સાથે સંશોધનનું ક્ષેત્ર એટલું તો ખેડ્યું છે કે દાતમાં આંગળાં ઘાલી જવાય હિંદના પુરાતત્ત્વની એકેએક દિશામાં એમણે કરેલી શોધોના ૩૩,૦૮૯ પાનાનાં ૧૨૮ આકરગ્રંથો થવા જાય છે! એ દિશામાં હજુ આજ પણ કોઇ એમની હારમાં ઊભો રહી શકે એવો પુરાતત્ત્વવિદ હિંદમાં પાકયો નથી.

ઇ. ૧૮૭૫માં કલકત્તા યુનિવર્સિટીને 'ડૉક્ટર ઑવ લૉ'ની પદવી એનાયત કરવાની રજા આપવામાં આવી ત્યારે પહેલું માન એણે (ત્યારના પ્રિન્સ ઑવ વેલ્સ) એડવર્ડ સાતમાને આપ્યું ને બીજું જ માન રાજેન્દ્રલાલ મિત્રને આપ્યું.

ઇ. ૧૮૮૫માં બંગાળની એશિયાટિક સોસાએટીએ એમને પોતાના પ્રમુખ બનાવ્યા, જે માન મેળવનાર એઓ પહેલા જ હિંદી હતા

ઇ. ૧૮૮૬ની બીજી કૉંગ્રેસમાં સ્વાગતસમિતિના પ્રમુખ તરીકે ચૂંટાયા.

મૂંગી સેવાને જ જીવનમંત્ર સ્વીકારનાર આ પુરાતત્ત્વવિદે દરકાર ન રાખ્યા છતા એમને માનચાંદ ઓછા ન મળેલા રૉયલ એશિયાટિક સોસાએટીએ સમાન્ય સભ્ય બનાવેલા, જર્મની, ઑસ્ટ્રિયા, અમેરિકા વગેરે પરદેશોની અનેક સોસાએટીઓએ એમને ફેલો બનાવેલા ને સરકારે પણ એમને રાયબહાદુર, રાજા, આદિ ઇલકાબો આપેલા.

ઇ. ૧૮૯૧ના ઑગસ્ટની ૬ઠ્ઠીએ એમનું અવસાન થયું એ અવસાનની નોંધ લેતા ત્યારના પત્ર 'ઇંડિયન મિરરે' લખ્યું છે કે 'He represented the wisdom and experience of age, and he represented the learning both of West and East.'

જીવનનું પરોઢ

પ્રકરણ ૧૬ મું : રસીલું ભણતર

'જુઓ આ પાંદડાની કોર પીળી પડી ગઈ છે અને વચ્ચે એ લીલું છે; અને આ બીજા પાંદડાએ બધે પીળાશ પકડી છે પણ હજુ એમાં લીલી ઝાંય છે; વળી આ ત્રીજું પાદડું સાંગોપાંગ પીળું છે. આવું આ બેત્રણ પાંદડાં વિષે જ છે એવું માનવાનું નથી. ઝીણવટથી જોશો તો દરેક જાતની વનસ્પતિનાં બધાં લીલા પાદડા ધીમેધીમે પીળાં પડતા જતાં દેખાશે. ને છેવટે એ સાવ પીળા પડી જવાના. આ ઉપરથી સમજવાનું કે લીલો રંગ એ મૂળે કોઈ રંગ જ નથી. બે રંગની ઓછીવત્તી મિલાવટથી સેંકડો ઝાંયવાળી લીલાશ ઉપજે છે. એ બે રંગ તે પીળો ને વાદળી.'

આવી રીતે સમજાવી મિ. વેસ્ટે રંગની પેટી ઉઘાડી અને પીળી વડે પીળો ને વાદળી રંગ ભેગાવી પેન્સિલથી ચીતરી રાખેલા પાંદડાને ત્રણ કે ચાર લસરકામાં લીલું બનાવી દીધું, ફરી વધુ વાદળી રંગ ભેળવી પાંદડાની નસો ઘેરી લીલી બનાવી. આવી રીતના ત્રણ કે ચાર પાઠમાં તો તેમણે મને નાનો ચિતારો બનાવી દીધો.

મારી નજર તેમણે પલટાવી નાખી. મેજ આગળથી પહોળું ને પાછળથી સાંકડું દેખાવા લાગ્યું. ગોળ ઉપસેલાં ડોલ પણ કાગળ ઉપર ચીતરાય તેવી ચપટી દેખાવા લાગી અને ફૂલની પાંદડીઓ પાંદડી તેમજ ડાળીઓ ડાળી જુદીજુદી સ્વરૂપવાન દેખાવા લાગી. વંળા ઓટલા બધા પરિચિત ઝાડ અને છોડમાં કયાંયે કોઈ પાંદડું પીળું પડ્યા વિના જ કરમાઈ જાય છે કે નહિ તેની મેં સતત તપાસ ચલાવી. પરિણામે મારાં દોરેલાં અને રંગેલાં ચિત્રોમાં સજીવતા આવી. બેએક ચિત્રોને ચૂંટી મગનકાકાએ મુખ્ય ઓરડાની ભીંતે ટાંગ્યાં તેથી મેં બહુ જ પ્રસન્નતા અનુભવી. મિ. વેસ્ટ પાસેથી જેટલું શીખાય તેટલું શીખવા હું વધુ એકાગ્ર અને ઉત્સાહી બન્યો.

સ્વભાવે વેસ્ટ સાહેબ અતડા ને લૂખા દેખાતા મિ. પોલાકનું કે મિ. બાઇકનું વિનોદીપણું તેમનામાં ભાગ્યે જ નજરે પડતું. મગનકાકાની જેમ તેઓ બોલાડી પણ ન હતા જેથી તેમનું બોકરાપણું જાણી ય ઓગળે. બધાં હોય ત્યાં એકલા હોય. ટેબલ પર એકાદી બેસી લખ્યા વાંચ્યા કરે અથવા બગીચામાં એકાદો પાવડો કે કાતર લઈ કંઈક કરતા ફરે. ફક્ત રવિવારે તેઓ પોતાના કુટુંબ સાથે કોચક કુંજમાં બેસી ઉજાણી કરે ત્યારે જણાય કે તેમને માણસનો સહવાસ ગમે છે ખરો. એ સિવાય એમને પાસે ચડવાની હિંમત પણ ઓછી થાય.

આવા કોરા છતાં તેમનું ભણાવવું મેં ઉપર જણાવ્યું તેવું રસીલું અને સચોટ હતું. આગળ જતાં આશ્રમના ભણતરમાં ચિત્રકળાને સ્થાન ન રહ્યું તેથી તેમનું એ શિક્ષણ હું ભૂલી ગયો. પણ તેથી તેમની તાલીમ આપવાની શક્તિ ઊણી ન ગણાય. મને જણાય છે ત્યાંસુધી એ સમયે કિંડરગાર્ટન કે મૉન્ટેસારી જેવી કોઈ શિક્ષણપદ્ધતિનું તેમણે અધ્યયન કર્યું નહિ હોય. છતાં એમની પદ્ધતિ સચોટ હતી. એ સચોટપણાનું કારણ વિચારું છું તો મને એમનું અસલી અંગ્રેજપણું જણાય છે. જોકે તેઓ ઇંગ્લંડના પ્રતિષ્ઠિત નાગરિક ન હતા. કોઈ ગામડાના સાધારણ ખેડૂત હતા પણ તેમને એક સ્વતંત્ર રાષ્ટ્રમાં દરેકને જન્મથી જેટલે તેવી તાલીમ બાળપણથી મળી હતી. સર્વાંગ કુશળ બનવાના સંસ્કાર વારસામાં મળ્યા હતા. તેથી કંઈ પણ કામ કરવું કે જાણવું એ તેમને મન હાથ પર અંજાડી ચડાવવા જેવી શોભાની કે બનાવટની વાત ન હતી. દૈનિક જીવનનાં અનેક અંગોની પેઠે વિદ્યા અને ચિત્રકળા પણ તેમને માટે સાધારણ ઉપકરણ હતો. વળી ભણાવતી વખતે તેઓ મને એક નિશાળીઓ અને પોતાને મારતર લેખવી મારા ઉપર ઉપકાર

કરવા કે મારો ઉદ્ધાર કરવાનો ભાવ મનમા રાખતા હોય એવું મને બીલકુલ ન લાગતું. પણ પોતાના બાળકને કોઇ પ્રેમાળ પિતા ધોતિયું પહેરવાનુ કે પહેરણનાં બટન બીડવાનું શીખવે તેમ અત્યંત સ્વાભાવિકતાથી તેઓ પોતાની જણ તથા રીત મારી આગળ પાથરી દેતા. અને હું એક વાત અપનાવી લઉં એવી ખાતરી થયા પછી બીજી વાત શીખવતા. કોઇ ખાસ પરીક્ષામાંથી મને પસાર કરી દેવાની તેમને ઉતાવળ ન હતી. અને કોઇ વસ્તુ પરાણે શીખવાનો મારા પર ભાર ન હતો.

ખૂબીની વાત તો એ છે કે હું અંગ્રેજી નહોતો જાણતો અને વેસ્ટ સાહેબ ગુજરાતી કે હિંદી મુદ્દલ નહોતા જાણતા. કોઈ વાર વેસ્ટ સાહેબને મારે કંઇ પૂછવું ને કહેવું હોય તો અર્ધો પોણા કલાક સુધી તો વાકય ગોઠવવું પડે અને છતા યે પૂછું તો મિ. વેસ્ટ સમજે નહિ. ત્રણચાર વાર ઉથલાવી ઉથલાવીને પૂછે ત્યારે માંડ મારી મતલબ તેમને સમજાય. પરંતુ થોડા મહિનામા તેમણે મને અંગ્રેજીમાં નિબંધ લખતો કરી મૂકયો. મારો પહેલો નિબંધ કોલસા ઉપરનો હતો. લાગલાગટ છ સાત દિવસ સુધી મિ. વેસ્ટે કોલસાનો ઇતિહાસ સંભળાવ્યો. મજૂરો ત્રિકમ ને દીવો લઇ ખાણમાં સૂઇસૂઇને કેવી રીતે કોલસા ખોદે છે, ઝાડ દબાઇ કોલસા બન્યા શી રીતે, એ કોલસાથી શો લાભ થયો ઇત્યાદિ સમજાવ્યું, ને સમજાયુ હોય તે લખી લાવવા કહ્યું. લખવાની રીત પણ વર્ણવી. એ લખી આપ્યા પછી મિ. વેસ્ટે તેમા બેચાર શબ્દોનો ને સ્પેલિંગની ભૂલોનો સુધારો કર્યો અને મુદ્દાસર બધી વાત લખી લાવવા માટે સંતોષ પ્રગટ કર્યો. ઘરમા પણ સૌને એ નિબંધ ગમ્યો ને મને નિબંધો ઉતારવાને નવી નોટબુક મળી. મારો નિબંધ લખવાનો આ સૌપહેલો પ્રયાસ હતો. હજી ગુજરાતીમા પણ મને લખતા નહોતું આવડયું ત્યા અંગ્રેજીમા સપ્રમાણ અને સારી વાકયરચનાવાળો નિબંધ લખવામા સફળ થયો એ મિ. વેસ્ટના શિક્ષણનો ઓછો પ્રતાપ ન ગણાય.

વેસ્ટ સાહેબનો હું એકલો વિદ્યાર્થી બહુ દિવસ ન રહ્યો. ધીમેધીમે પુસ્તકાલયના નવા મકાનમા રીતસરની શાળા શરૂ થઈ. ફીનિકસ આશ્રમની બહાર માઈલ બે માથલ સુધી, લખ્યત પૂરૂં કરેલા કેટલાક ગિરમીટિયા જમીન ખરીદી વસી ગયા હતા તેમના છોકરાઓ અમારે ત્યાં ભણવા આવવા લાગ્યા. મિ. સેનની બે દીકરીઓ પણ અમારી સાથે ભણવા લાગી. એક તો અંગ્રેજીમાં મારી સહપાઠી હતી. ટોગાટથી મારા દૂરના બનેવી પુરુષોત્તમદાસભાઇ સહકુટુંબ ફીનિકસ આવીને વસ્યા તેમના દીકરા બાબુ અને નગીન ઉમરે મારાથી ડીકડીક નાના હોવા છતા મને ગમવાના સારો સાથ મળ્યો અને અમારી નિશાળ ભરીભરી થઇ ગઇ ભણાવનારા શિક્ષકો પણ વધ્યા. પુરષોત્તમદાસભાઇ ગુજરાતીના અધ્યાપક બન્યા. પુરષોત્તમદાસભાઇના અક્ષર બહુ સરસ હતા અને તેમનું વાચન રસીલું ને હાવભાવભર્યું હતું. રાજકોટ છોડતાની સાથે મારૂં રીતસરનું ગુજરાતી ભણતર બોળામે પડેલુ તે પુરુષોત્તમદાસભાઇ પાસે વરસેકના ગાળા પછી શરૂ થયુ. સરકારી વાચન પાઠમાળાની ચોથા ચોપડી તેઓ મને વંચાવતા અને પોતે કાવ્યદોહનમાથી પ્રહ્લાદ ધ્રુવનાં આખ્યાનો અને અંગદવિષ્ટિ નિશાળના બધા વિદ્યાર્થીઓને સાથે બેસાડી સભળાવતા. અંગદવિષ્ટિનો વીરરસ તેમની લાગણીભીંની ભરાવદાર નાચતી મૂછોમાથી એકધારો નીતર્યે જતો ત્યારે નિશાળના ત્રણ ત્રણ કલાક કયા પીતી જતા તેની અમને ખબર ન પડતી'

પુરષોત્તમદાસભાઇની વાણીમા મારૂં પ્રભુત્વ હતું. ચોથી ચોપડીમા જ્યારે ચા-કૉફીનો પાઠ મને તેમણે ચલાવ્યો ત્યારે એવુ પ્રવચન કર્યું કે તે જ સાંજથી મેં ચા પીવી છોડી દીધી. મને ચાના રસ ઓછો ન હતો. ચા છોડયા પછી ત્રણ ચાર વરસ સુધી તો એની મ્હેક આવતા વિહ્વળ થઇ જતો અને જ્યારે ઘરમા તથા ઉજાણીમાં પાચ પચીસ જણ ચા પીતા હોય ત્યારે મન વારવું દુષ્કર થઇ પડતું. છતા વાચનપાઠમાળાનો એ પાઠ, પુ. ભાઇનુ વ્યાખ્યાન તથા એમના ચહેરા પર તે વખતે ઝળકી રહેલું ગુરુપણાનું તેજ મારા સ્મૃતિપટ સામે ખડું થઇ જતુ ને ચાના પ્યાલાને પાછો ઠેલવાનુ મને બળ મળતું. મારે અનેક નીમ લેવાના પ્રસંગો આવ્યા છે અને એ નીમ જુદે જુદે કારણે છૂટી પણ ગયા છે. પરંતુ જિંદગીમા સૌપહેલું વાધેલું આ ચાનું નીમ આજ ૨૭ વરસ સુધી અખંડ રહ્યું છે. એને સારૂ

પુ.ભાઈની પ્રવચનશક્તિનું મેં સદા ઋણ માન્યું છે. જો કે એમનાં પ્રવચનો પોથામાંનાં રીંગણાં હોવાની ભાળ મને તુરત જ થઈ ગએલી. મારી ચા છોડાવ્યા પછી ચાર છ અઠવાડિયે મેં તેમને ઘરાઈને ચા પીતાં જોએલા. પરંતુ પોતે મોટી ઉમરના હોઈ પડેલી કુટેવ છોડી શકતા નથી એવી જાતના એમના નિ-ખાલસ ખુલાસાથી મને લીધેલું નીમ પાળવાનું વધુ બળ મળ્યું. ઉપદેશક પોતાનામાં ઊંચી ભૂમિકા ઉપર શ્રોતાને ચડાવી જ ન શકે એ સિદ્ધાંત સંપૂર્ણ સાચો હોવા વિષે પુ.નો આ દાખલો શંકા પેદા કરે છે.

ગુજરાતીમા મારી પ્રગતિ સહેજ થવા લાગી ત્યાં પુ.ભાઈ બાપુજી પાસે ટૉલ્સ્ટૉય ફાર્મ ચાલ્યા ગયા. બાબુ-નગીન પણ ગયા અમારી શાળા પણ ખંડિત થઈ ગઈ. હું પાછો એકલો થઈ પડ્યો. ફારમના સો'ણાએ ફરી મને વલોણી નાખ્યો. 'ભણવાનું, બગીચો કરવાનું, ચીતરવાનું યાંત્રિક થઈ પડ્યું, કોઈ વાતમા મને ઉત્સાહ ન રહ્યો. હજી શું હું મોટો નથી થયો? દસ પૂરા થઈ અગીઆરમુ વરસ તો બેસી ગયું' શા સારૂ મને નહિ મોઢલતા હોય? જો ત્યાં નાના છોકરાઓ રહી ન શકતા હોય તો મારાથી બબ્બે વર્ષ વરસ નાના બાબુ-નગીનને ફાર્મમાં જવાની રજા શા સારૂ મળી?' આમ મનમા ધુંધવાવા લાગ્યો, પરંતુ એવું કોણ હતું જે મારો ઉકળાટ શાંત પાડે!

આ અરસામા મારી બા માંદા પડ્યા. વાત એમ બની કે કરણનમા રહેતા ગુજરાતી મિત્રોમાના એક બીજાની પત્ની દવાદારૂ માટે અમારે ત્યા આવી રહ્યા. તેમને ક્ષય રોગ હતો. એ બાઈનું શરીર સાવ સાંઠી જેવું થઈ ગએલું અને ઉધરસ રાતદિવસ તેમને આરામ ન લેવા દેતી. મારી બાએ તેમની તીમારદારી (નર્સિંગ) સારથી સાજ સુધી કરી. તેમની બધી હાજતો પૂરી પાડી અને લગભગ ત્રણેક અઠવાડીઆંની સેવાને અંતે તેમને લાભ થતા તેઓ પાછાં ગયાં. એ બાઈના ગયા પછી થોડા દિવસમાં મારી બાને તેમની સેવામાં થએલા અતિ પરિશ્રમને કારણે ઝીણો તાવ લાગુ પડ્યો અને તેમને પથારી સેવી પડી.

ઘરમા સૌને ચિંતા થઈ પડી. મને તો માતાની ભાંદગીની ભયંકરતાની કલ્પના આવી. મા વિનાનો થઈ જઈશ કે શું એવો ઊંડો ઊંડો ભય મનમાં પેઠો. અને બાનો ખાટલો છોડી રમવા રખડવાનું બબુવા કરવાનું ન સૂઝ્યું. આખો વખત તેમની પાસે રહું, તેઓ માગે તે આપું અને પગને તળીએ ઘી ઘસવા કરું. ઘરમાં બધાએ લીધેલી પૂરેપૂરી કાળજી અને પરિચર્યાને પરિણામે તથા ભગવાનની દયા હતી તેથી મારી બાને બેત્રણ અઠવાડીએ સુવાણ થયું અને મારૂં હસવું રમવું સુકાઈ ગયું હતું તે પાછું આવ્યું. રોગીની પરિચર્યાનો આ બીજો પાઠ મારે માટે મોંઘામાં મોંઘા બાણતરથી યે અમૂલો નીવડ્યો વડીલોની સેવાનો મહિમા મને સમજાયો, કે એક જણાએ કેટલી સેવા કરવાથી વડીલો તેને કેટલાગણી વધુ માને છે અને પોતાનો આશીર્વાદ ઉતારે છે. તથા ઉમરાના વાત્સ-લ્યથી આપણામાં યોગ્યતા અને મનુષ્યત્વ ભરે છે, મારી બા સાજ્જ થયાં એ સુખ સાથે મારે સંતોષ મને એ મળ્યો કે 'હું નાલાયક દીકરો નથી.'

મારી બાને પેલાં બાઈની સેવાસુશ્રૂષા નિમિત્તે જે માઠગી મળી તે ક્ષણિક હતી. તેઓ સાજ્જ થતાં એ સેવા મધુર સ્મરણ બની રહ્યું. પણ એ બાઈનો છોકરો ઘરમા રહ્યો એટલા દિવસમાં મને જે કુસંગ થઈ ગયો એ મને સદાય માટે બળ્યો. ગરેરી છોકરા-ઓના કુત્સિત તોફાનોની વાતો તેની પાસે સાભળવા મળતી એ વાતોનું વર્ણન ન કરવામા જ શ્રેય છે. એટલું જ કહું કે હું ઘરમાં એકલો હતો તે આવી કુસંગત કરતા સારૂ હતું. એ છોકરો ગયો સારે મને મનુષ્યના અનેકવિધ પાપોની અને દુષ્ટતાની જ્ઞાન થઈ નાના મોટાં માણસો પવિત્ર ને સર્વાંગસુંદર નથી હોતા એ સમજ્યો. તથા 'પાપ તો બધા યે કરે છે એટલે આપણે હાથે પાપ થઈ જાય તો કંઈ બગડી રાચાનું કારણ નથી' એ તેના સૂત્રનો મને પાઠ લાગ્યો. એ મારૂં સદ્‌ભાગ્ય કે બાપુજીની છત્રછાયા સદૈવ મારે માથે પ્રત્યક્ષ ને પરોક્ષ રીતે રહી એટલે આ અનિષ્ટ અંકુર લહલહાર વધી ન શક્યું.

પુરુષોત્તમદાસ બાઈના ગયા પછી રાબાનું કામ બંધ જેવું પડેલું તે જેકાગેન આવતાં ફરી શરૂ થયું. રંગુનવાળા ઝવેરી પ્રાણજીવનદાસ મહેતાનાં તેઓ દીકરી. બાપુજી અને ડા. મહેતાની બાબમૈત્રી એટલે જેકાગેન તો આવતાંની સાથે ઘરનાં બગા સમાં થઈ ગયા. તેઓનું બાણતર પણ સારૂ હતું. લંડન મૅટ્રિક

ચચ્ચેના અને ગુજરાતી પણ આડ જાણતા. વચ્ચે વચ્ચે સસ્કૃત શ્લોકો પણ સભળાવતા નિશાળમા બહુ ધીરજથી તેઓ દરેક વાત સમજાવતા શબ્દે શબ્દ તોડીને તેનો બધી રીતે અર્થ કરે ઉદાહરણો ને વાર્તાઓથી પણ સમજાવે અને કલાકો સુધી એકને એક પાઠમા અમને એકાગ્ર રાખે એમની ચતુરાઈ તથા વિદ્વતાથી હું એમનો ભક્ત બની ગયો, એમ ।। ત્રીજામા ત્રીજી આજ્ઞા ઉચ્ચારવામા હું ગૌરવ માનવા લાગ્યો વચ્ચે વચ્ચે ભણાવવાનુ છોડી તેઓ અમને કોઇ બગીચામા લઇ જાય, ઝાડ પર ચડા।। ફળ તોડાવે, ખૂબ ખાય ને ખવરાવે અને વળી એ વાત બીજાઓથી છાની રાખવા કહે તો પણ મને જેકીબેન મહાન જ દેખાતા અને તેઓ જે કરે એ સારૂ જ કરે ખોટુ કઇ જ ન કરે એમ મને રહેતુ.

તેમણે મને સસ્કૃત પણ શીખવવા માડયુ પહેલો શ્લોક શીખ્યો,


પુણ્યશ્લોકો નલો રાજા પુણ્યશ્લોકો યુધિષ્ઠિર ।
પુણ્યશ્લોકો વિદેહશ્ચ પુણ્યશ્લોકો જનાર્દન ।।

સસ્કૃતના મગળાચરણ માટે એ બહુ સરસ શ્લોક ગણાય પણ મને ખબર નહોતી કે જેકીબેન પણ ફાર્મમા જવાના છે એક દિવસ બપોરે ભણી લીધા પછી જ્યારે એમણે કહ્યું કે 'કાગળ આવ્યો છે ને હવે છ સાત દિવસમા હું ટૉલ્સ્ટૉય ફાર્મ પર જવાની છું', ત્યારે મારી ભૂખાઇ ગએલી–દબાઇ ગએલી–આકાક્ષા ફરી ઊછળી ઉઠી અને હરકોઇ ઉપાયે જેકીબેન સાથે જવા મેં હઠ પકડયો. કહેવાની જરૂર નથી કે એ હઠ નિષ્ફળ ગયો માત્ર એટલું થયુ કે ફીનિક્સ।। બહાર કોઇ જવાનું ન માગતુ તે ગયુ અને ફીનિક્સની પાસેનું વેરૂલમ ગામ જોવા મળ્યુ

જેકીબેનના ગયા પછી થોડે દિવસે સુરત જિલ્લાના પ્રસિદ્ધ કાર્યકર્તા શ્રી પ્રાગજી ખંડુભાઇ દેસાઇ આવ્યા તેઓએ સૂની પડેલી અમારી શાળામા ફરી ચેતન આણ્યુ. એમને લખવાનો બહુ શોખ હતો, અને અમને ભણાવતા ભણાવતા યે ચોપડી વખતોવખ કરતા. એમને ચોપડીઓ લખતા જોઇ મને પણ એટલે સુધી ભણવાનુ મન થયુ કે ચોપડી લખતા આવડે

દિદુરતાનની રંગીન મળતા પ્રાગજીભાઇએ પણ ફીનિક્સ છોડયું અને અમારી શાળાનું કમનસીબ પાછુ વિખાયુ.

પ્રભુદાસ છગનલાલ ગાંધી



ચિત્રની બૅકગ્રાઉન્ડ સંભાળો.

કૅમેરાના શટરને ગતિમાન કરતા પહેલા બધી વસ્તુઓ પર ધ્યાન આપવાની જરૂર છે ચિત્રવસ્તુ અને કૅમેરા વચ્ચેનુ અંતર, વિષય પર પડતા છાયાપ્રકાશ, ચિત્રને અનુકૂળ તેની રચના અને તીવ્રતા, કૅમેરાનુ ઍપર્ચર અને શટર।। સ્પીડ, આ બધી વસ્તુઓ પર ટેવથી આખ ને હાથ આપોઆપ ફરી જવા જોઇએ આ ઉપરાત ચિત્ર।। બૅકગ્રાઉન્ડ (પછીનુ દૃશ્ય) તરફ ધ્યાન આપવાની ખાસ જરૂર છે ઘણા શિખાઉઓ તેના તરફ પણ દુર્લક્ષ કરે છે, અને કેટલીકવાર બધી રીતે ઉત્તમ ગણાતુ ચિત્ર બૅકગ્રાઉન્ડની કોઇ એકાદ ખામીથી જ માર્યું જાય છે કોઇકોઇકવાર તો આની બેદરકારીથી હાસ્યાસ્પદ ચિત્રો પણ જોવામા છે દાખલા તરીકે કોઇના પોર્ટ્રેટમા માથામાથી ઝાડનુ થડ જ ઊગી નીકળતુ હોય ! માટે શટરની ચાપ દાબતા પહેલા તમારા ચિત્રની બૅકગ્રાઉન્ડ તરફ ચોકસ નજર નાખજો

આકૃતિની ગોઠવણ પર ધ્યાન આપો

મિત્રો અને સગાસંબધીઓની છબીઓ પાડવાના પ્રસગો સૌને મળે છે એવે વખતે કૅમેરાના નાના વ્યૂફાઇન્ડરમા બધી વસ્તુઓ તેની પરસ્પર ગોઠવણ અને તેનુ પરિણામ સહેલાઇથી જોઇ શકાતુ નથી લેન્સની એક ખાસિયત સમજી લેવાની જરૂર છે દૂરની વસ્તુ કરતા નજીકની વસ્તુ નાની હોય તોપણ ફોટોગ્રાફમા તે વસ્તુ મોટી આવે છે ઓ દૂરની મોટી વસ્તુ ઘણી નાની દેખાય છે ચિત્રકારો આને પરસ્પેક્ટિવ કહે છે આ કારણને લીધે કેટલીક વાર બહુ વિચિત્ર પરિણામો આવે છે. કોઇ માણસના હાથપગ તના મોં કરતા બેત્રણ ગણા મોટા પડે છે, અને શરીરના બીજા અવયવો બીલકુલ દેખાતા નથી અગર તો પ્રમાણમા નાના દેખાય છે આને પ્રસગે પાત્રની ગોઠવણ બરોબર સાચવી લીધી હશે તો અવયવોના પ્રમાણ આકૃતિની નહિ દેખાય હાથપગ વગેરે અવયવોને મોની આગળ, પડી આવતા કે લેન્સ નજીક આવતા કહી રાખતા નહિ

ફૉગ (Fog)-તેનાં કારણો અને ઉપાય

પ્લેટ કે ફિલ્મ ડેવેલપ કર્યા પડી તે।। આજુબાજુની કિનારીઓ સાધારણ રીતે બીલકુલ પારદર્શક–સ્ફટિક કાચ જેવી રહેવી જોઇએ કેમકે ફિલ્મની એ કિનારીઓ પર લેન્સમાથી આવતા પ્રકાશના કિરણો કદી પડયા વગર રહી શકતા નથી આમ છતા કેટલીક નેગેટિવોમા એ કિનારીઓ પર અથવા કોઇ વાર ફિલ્મના પણ અમુક ભાગ પર એક પ્રકારનું આવરણ આવી ગએલુ દેખાય છે, અને તેથી નેગેટિવનો તેટલો ભાગ બાકીના

ભાગ કરતાં વધુ કાળાશપડતો અને ઓછો પારદર્શક હોય છે. ઘણીવાર તો આખી યે નેગેટિવ પર ઝીણું જાળું પથરાએલું હોય છે કે જેથી નેગેટિવ આડે ખાલ્યે એક આછો ભૂખરો કાચ સળંગ લગાડી દીધો હોય તેવો ભાસ થાય છે. નેગેટિવમાં આ પ્રકારના દેખાતા આવરણને ફૉગ કહે છે.

લેન્સ સિવાય કૅમેરાના કોઈ પણ ભાગમાંથી, ધમાણમાંથી, પાછળના ઢાકણામાંથી કે સ્લાઇડમાંથી પૂરી જતાં પ્રકાશનાં બીનજરૂરી કિરણોની અસરથી આ પ્રકારની ફૉગ થાય છે.

જ્યારે આખી યે ફિલ્મ ઉપર આવું એકસરખું ઝાંખું અને પાતળું ફૉગિંગ સળંગ દેખાતું હોય છે ત્યારે તો એ નેગેટિવ ઉપરથી પ્રિન્ટ કે એ-લાર્જમેન્ટ કઢાવતાં ખાસ હરકત આવતી નથી. ઓ વેળા ફક્ત એક્સપોઝર વધારવું પડે છે. પણ ઉનાળ ઉપાય તો આવું બનતું અટકાવવું એ જ છે. જેની કિનારો નિર્મળ કાચ જેવો સદ્દન પારદર્શક હોય એ જ નેગેટિવ સર્વોત્તમ.

ડાર્ક-રૂમમાં ડેવેલપમેન્ટ વેળા ચાલુ રાખેલો પ્રકાશ વધુપડતો તીવ્ર અગર unsafe-બેસલામત હોય તો તેવા દીવા કે પ્રકાશની અસરથી પણ ફૉગ ઊપજે છે. (તેથી જ ડેવેલપિંગ ટૅન્કમાં ધોવાઓલી નેગેટિવમાં ફૉગ નથી હોતી). પણ આ ફૉગ નેગેટિવના દરેક ભાગમાં એકસરખી હોતી નથી; કેમકે એવી ફૉગ દીવાના સીધા પ્રકારોમાં આવી જતા ભાગોમાં જ થાય અને બાકીનો ભાગ તેની અસરથી પર રહે આ પ્રકારની ફૉગ એ નેગેટિવનો મૃત્યુઘંટ છે. આવી ફૉગવાળી નેગેટિવમાંથી સારા પ્રિન્ટ કે એ-લાર્જમેન્ટની આશા રખાય જ નહિ.

ત્રીજા એક પ્રકારની ફૉગ પણ આખી યે નેગેટિવમાં એકસરખી પડતી પાયરનારી હોય છે; પણ તે કેમિકલને કારણે થાય છે પ્લેટ કે ફિલ્મની બનાવટ પછી વધારેપડતો સમય બીતી ગયા બાદ જ્યારે તે વપરાય છે ત્યારે આ જાતની પથરાએલી (જનરલ) ફૉગ થાય છે માટે જૂની પ્લેટ કે ફિલ્મ કદી વાપરતા નહિ. કેટલીકવાર અયોગ્ય અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં પ્લેટ કે ફિલ્મને મૂકી રાખવાથી પણ ફૉગ દેખાય છે. ગરમી, ભેજ, ડાર્કરૂમના બીજા દવાઓમાંથી નીકળતા બાફ અથવા જેવી દવાની અસરથી પણ ફૉગ ઊપજે છે અને ઘણા 'કેમિકલ ફૉગ'ના નામથી ઓળખે છે ઉપરાત,સેન્સિટિવ વસ્તુઓ તેના સેન્સેટિવપણાના પ્રમાણમાં પણ જુદેજુદે પ્રમાણે (વહેલી મોડી) ખરાબ થઈ જાય છે. સેન્સિટિવ ધમકારાનો—ઑર્થોક્રોમેટિક અને પૅન-ક્રોમેટિક—જલદીથી બગડી જવાનો ભય રહે છે. આ ફૉગ પ્લેટની કિનારીઓ જોવાથી સ્પષ્ટ સમજાય છે. આવી ફૉગ થવાનો સંભવ હોય ત્યારે એટલે કે જૂની કે બગડી ગએલી ફિલ્મ અથવા પ્લેટ વાપરવાનો પ્રસંગ આવે ત્યારે ડેવેલપરમાં પોટેશિયમ બ્રોમાઇડનું પ્રમાણ વધારવાથી ફાયદો થાય છે. પણ તે વાપરવાથી ફૉગનો સદ્દન નાશતો થતો નથી જ.

જનરલ ફૉગ માટે ઘણીવાર ડેવેલપર અને સોલ્યુશન પણ જવાબદાર હોય છે. ખાસ કરીને ડેવેલપરની બનાવટમાં વપરાતી દવાઓનાં પ્રમાણો એકબીજાને માફક નહિ આવવાથી અગર તો અશુદ્ધ કે બગડી ગએલી દવાઓથી એવું પરિણામ આવે છે લાંબા વખતથી બનાવી રાખેલા ડેવેલપરમાં સોડિયમ સલ્ફાઇટનું રાસાયણિક સ્વરૂપ ઘટાવી ફેરવાઈ જાય છે અને તેમાંથી સલ્ફેટ ઉત્પન્ન થવાથી નેગેટિવમાં ફૉગિંગ થાય છે સોડિયમ સલ્ફાઇટનું પ્રમાણ ડેવેલપરમાં વધારે હોય ત્યારે પણ એ જ અસર ઊપજે છે.

જલદીથી ડેવેલપિંગ કરવાની ઉતાવળમાં, સ્ટ્રૉંગ-કૉન્સેન્ટ્રેટેડ સોલ્યુશન વાપરવાથી અગર બહુ જ ગરમીમાં ૬૫° ના ડેવેલપરમાં લાંબા સમય સુધી ફિલ્મ વા પ્લેટનું ડેવેલપિંગ કરવાથી પણ ફૉગ દેખા દે છે. અન્ડર એક્સપોઝરવાળા નેગેટિવમાં છાયાવાળા ભાગોમાં ડીટેલ (સૉફ્ટ ડીટેલ) આખવાની આશામાં ને આશામાં વધારે વખત ડેવેલપમેન્ટ કરવાનું મન થાય છે; પણ તેવી રીતના 'ફૉર્સ્ડ ડેવેલપમેન્ટ'થી ફૉગવાળો નેગેટિવ આવે છે અને નેગેટિવ સુધારવાને બદલે બગાડી બેસાય છે.

જનરલ ફૉગ દાઢવાના કેટલાક ઉપાયો સૂચવાય છે, પણ તે બધા બેખબરોને હોય છે. પોટેશિયમ ફેરીસાઇનાઇડ અને હાઇપોના નરમ સોલ્યુશનમાં નેગેટિવ બોળવાથી ઝાંખી ફૉગ જતી રહેવાનો પૂરો સંભવ છે; પણ એ પ્રયોગ કાળજીપૂર્વક કરવો જોઇએ, નહિ તો બારીક ડીટેલ જતી રહેવાનો ભય રહે છે.

હરીફાઇનું પરિણામ

પહેલું ઈનામ: 'અકલ્પિતની શરૂઆત'—ભાઇ એસ. એન. કાદરી (અમદાવાદ); બીજું ઈનામ: 'નાવ બેવેયા, કંઇનથી'—ભાઇ મફતલાલ કુબીઆ (અમદાવાદ); ત્રીજું ઈનામ: 'તમારું સંભાળો'—ભાઇ નરેન્દ્ર અમરચું (મોતા); ઉત્તેજના ઈનામ: 'વર્ષાઋતુમાં પ્રતિબિંબ'—ભાઇ અજીત કાપડીઆ, (મુંબઇ) નોંધપાત્ર (ગ્રુપ પ્રમાણે) ૧ 'વેણી'—ભીરામ ભટ્ટ (અમદાવાદ). ૨ 'મીરાંબાઇનું મંદિર, ચિત્તોડ'—ભાઇ એચ. લાલ (મુંબઇ) ૩ 'રવેશવિદાર'—ભાઇ નવનીતલાલ શાહ (વડોદરા).

આ માસે આવેલો સમૂહ વિષયની વિવિધતાથી ભરપૂર છે ચિત્ર પર કાપવાની છરી ફેરવતાં કરો નહિ ભાઇ કુબીઆના ચિત્રને જમણી બાજુએ એક ઉંચ કાપવું પડયું છે. 'તમારું સંભાળો' ચિત્રને નીચેથી બે ઉંચ, જમણી તરફની બાજુ એક ઉંચ અને ઉપરથી આશરે ઉંચ કાપવાં આટલું જોવાદાર બને છે

Rolleiflex Magazine

'રોલાઇફ્લેક્સ મૅગેઝીન' નામનું ફોટોગ્રાફીનું એક વૈમાસિક આગલા ફોટા કલબની તરફથી સહ થયું છે. તેનું વાર્ષિક લવાજમ ૧-૧૪-૦ છે અને છુટક અંકની કિમત ૦-૮-૦ છે આશરા કે ટંકનીનો માલ વેચનારી બધી દુકાનો પર તે મળી શકશે. જો કે હિંદુસ્તાનમાં આ કીમત ઘણાને ભારે લાગશે. આ પત્ર 'રોલાઇફ્લેક્સ' કેમેરાવાળાઓને ઉપયોગી થઇ પડશે. અરવિન્દ ભટ્ટ

મારી સફર

જેમાં જીવનમાં જ્ઞાનદૃષ્ટિ ખોલવામાં મહત્ત્વનો ભાગ ભજવતા અનાયાસ અનુભવોની પરંપરા આગળ ચાલે છે. [૬]

અનુભવની ચાળણીમા ચળાયા વિનાનું જ્ઞાન આંધળાના હાથમા આરસી સમાન છે. અનુભવ વિનાનુ જ્ઞાન નકામુ છે, તેમ જેમા કષ્ટ સહન ન કરવુ પડે તે અનુભવ પણ નકામો છે. જાણ્યે-અજાણ્યે પણ મારી સફરમા મારે સહન કરવાનું હતુ જ. અનાયાસે એમાથી અનુભવનો સંગ્રહ થતો ગયો અને જ્ઞાનપ્રકાશનાં કિરણોએ મારી દૃષ્ટિ ખોલી.

ગામ છોડીને પેથાપુરને રસ્તે ચાલવા માડ્યો ભૂખથી વ્યાકુળ થવા માડ્યો આતરડા વળ ખાવા લાગ્યા. મગજ જાણે ખાલી ખાલી હોય એમ ભાસવા માડ્યું. થોડે દૂર જતા રસ્તાની બને બાજુ થોરની ઊંચી અને ગીચ વાડ આવી. તેના પર એક જગ્યાએ ખરખોડીના(જેને દોડી પણ કહે છે) વેલા જોયા. એના પાન, ફૂલ અને સૂડિયા (દોડા) પહેલા ભૂખ ખાધેલા, સ્વાદમા પણ સારા હું તો જોતા જ પોટલું નીચે મૂકીને પાદડા તોડી ખાવા માડ્યો ચાર-છ પાદડા અરધા ચાવ્યા ન ચાવ્યા ને ગળે ઉતારી ગયો. પાશેરેક પાંદડા પેટમા જાય તો ભૂખ જરા પાછી હઠે એવો સંભવ હતો. પણ તેમા વિઘ્ન આવી નડ્યું. ગામ તરફથી આવતો કોઇ માણસ મારી પાસે આવી પહોચ્યો.

'કેમ, શું ખાઓ છો?' તેણે જરા વિસ્મયથી પૂછ્યું.

'કઈ નહિ.' શરમાઇને મેં જવાબ દીધો.

પાદડું હાથમાંથી સરી પડ્યું અને શરમથી લાજતો હું પોટલું ઉપાડવા લાગ્યો.

'કેવા છો?' તેણે ફરી પૂછ્યું.

'સાધુ'; મેં કહ્યું.

'ભૂખ્યા છો?'

'ના, ના.'

'ભૂખ લાગી હોય તો ચાલો ગામમા, રોટલો ખવડાવું. સાધુને શરમ શી?'

પણ મારે તો શરમનો બોજો ઉઠાવવો ભારે થઇ પડ્યો. પોટલું લઇને ઝટ ઝટ ચાલતો થયો. નિક્ષેપ પાડવા બદલ મેં તે માણસને શાપ તો ન દીધા, પણ દિલગીર ઘણો થયો.

સૂર્યદેવે શૈશવનો ત્યાગ કર્યો અને કિશોર બન્યા. શીળા ઉષ્માભર્યા કિરણો સાબરમતીના પ્રવાહ પર ચળકયા. વાંક વળીને ઢોળાણ ઊતરતા મેં કિનારા પર ગાયો ચરતી જોઇ. હું, ખરેખર, થંભી ગયો. કેવું સુખી જીવન આ ઢોરનું? અરે રે! મનુષ્ય માટે જ ઉદર-પૂર્તિની આટલી વિટંબણા? માણસોને એવી વ્યવસ્થા કુદરતે કેમ ન આપી? ત્યાં તો જાણે વાતાવરણ બોલી ઊઠ્યું: 'ચૂપ રહે' જોતો નથી, ફળફૂલ કોને માટે હતા! તારા માટે જ અનાજ એ તો પંખીઓને ચણવાનો દાણો છે પણ તેં તો તારૂં છોડ્યું અને બીજાનું લૂંટી લીધુ તેં અનાજ ખાવાનું શરૂ કર્યું, અને ઉપાધિ વહોરી કેમકે તુ તો પાકેલો ખોરાક જ ખાવાને નિર્માયો હતો એટલે અનાજ પકાવવાની તેં કળા શોધી. બુદ્ધિની બક્ષિસનો તેં એમા ઉપયોગ કર્યો. પછી તો તેં કૃત્રિમ ખોરાકનો શબ્દકોષ જ તૈયાર કર્યો છે ને? તારૂં આરધુ જીવન તો એની પાછળ જ જાય છે બાકીનુ તેનાથી થતી બીમારીનું નિદાન કરવામા જાય છે.

આ લખું છું સ્પષ્ટ શબ્દોમાં, પણ તે વખતે અસ્પષ્ટ સમજાયુ હતુ એ પ્રસંગે–વિચારે જ મને પ્રાકૃતિક જીવન-વ્યવહાર વિષે જાગતો રાખ્યો અને હજીયે જાગતો જ છું.

તરસ તો લાગી જ હતી સાબરના સ્વચ્છ પાણી ખોબે ખોબે પીધાં અને ભર્યો પેટથી ભૂખ ભાગશે સમજીને બે ખોબા વધારે પાણી પી ગયો. ખરેખર, કંઇક શાંતિ તો વળી જ. સામે કિનારે પહોચતા જ થાક જાણે થાકી ગયો હોય તેમ બોલી ઊઠ્યોઃ 'બાપ, હવે તો મારાથી રાહ નહિ જોવાય. અહીં જ બેસી જા અને મને જરા આળસ મરડવા દે.' બોરડીના ઝાડ નીચે શ્વાસ છોડી બેઠો. શિયાળાના ઘરડા દહાડા હતા. બેહા બેહા બોરડી પર નજર કરી બોર તો ખરી પડ્યા હતા એક અધેસૂકું બોર હાથ લંબાવીને છેટે પડ્યું હતું. મેં લીધું અને લાળ ટપક તે પહેલા જ મોમા મૂકી દીધું. પણ સ્વાદમા વિચિત્ર નીકળ્યુ રસ ગળે ઉતારતા ખરખરાટ લાગ્યો અને જોરથી ઉધરસનું ઠસકું આવ્યું. ભૂખ્યે નિર્બળ બનેલા માથાનાં તંતુઓ ઠસકું સહન ન કરી શક્યા

અને મને અંધારાં આવી ગયાં. લાંબો થઈને હું પડ્યો. પણ એ બેચેની થોડો વખત રહી. ભૂખનું દુઃખ અનુભવ્યું ખરું. જરા શાંતિ વળતાં બે ઓજા પાણી પીને ઊઠ્યો. સામે ગામ દેખાયું. હું મારગ ભૂલ્યો હતો. આ પેથાપુર નહિ, પણ સાદરા હતું.

કિનારે જ અમબોળાની ધજા મંદિરના શિખર પર ફરકતી જોઈ. ચાલ્યો. એ જ નિરાધારનું સ્થાન; નિરુદ્યમીનું કર્મસ્થાન; ઠોંગીઓનું વિદ્યારસ્થાન; લોભીઓનું દાનસ્થાન; અજ્ઞાનીઓનું જ્ઞાનસ્થાન. ચાલો, ત્યાં જ વિસામો મળશે. ગયો. ઊંચા પડથાર ઉપર મહાદેવનું મંદિર હતું. ચારે ફરતો વંડો હતો. પશ્ચિમ અને ઉત્તર દિશા તરફ બે મકાનો હતાં. એકમા માણસોની ખૂબ ચહલ હતી. મહાદેવનાં પગથિયાં ચડીને બહાર બેઠો. ઘણા સ્ત્રીપુરુષો દોડતાં આવતાં અને સીધા પેલા ઘમાલવાળા મકાનમા ઘૂસી જતાં બિચારા મહાદેવ તરફ કોઈ નજર પણ ફેંકતું નહિ. પછી ખબર પડી, કે ત્યાં વલ્લભી સંપ્રદાયના લાલજીવા ઊતર્યા હતા. લોકોની ઘેલછા, દોડવામા બાધાપણું અને એ પર અંધશ્રદ્ધાના ભાવ જોઈને હું મનોમન હસતો જ હતો. સંકુચિત ધર્મભાવનાએ મારામાથી વિદાય લઇ લીધી હતી. સત્યાર્થપ્રકાશ ઘણી વખત વાંચી ગયો હતો અને કટ્ટર આર્યસમાજી તરીકે જીવવાના મને કોડ પણ હતા.

'દેવકો છોડકે આદમીકો પૂજતે હૈ!' પાછળથી અવાજ સંભળાયો.

મેં મોં ફેરવ્યું. માથે ભગવો સાફો, ગળામા રુદ્રાક્ષ અને ભગવી કફની પહેરેલો સાધુ મંદિરમાથી નીકળીને મંડપમાં આવતો જોયો. તેણે મહારાજના દર્શન કરવા દોડી જતાં સ્ત્રી-પુરુષોને ઉદ્દેશીને જ કહ્યું છે, એ હું સમજી ગયો. તેની સામે જોઈને 'સાચું છે' એમ કહેવાના અર્થમાં હું હસ્યો. સાધુએ પણ મારા હસવામાથી કંઈક અર્થ કાઢ્યો અને મારી પાસે આવીને પૂછ્યું:

'કોણ ભેખ?'

'હું તો બ્રાહ્મણ છું.'

'કેમ નીકળ્યા છો?'

'કાશીએ ભણવા જવું છે.'

'કાગાએ?'

'હા.'

'ક્યાંથી આવો છો?'

'કાઠિયાવાડમાંથી.'

'આમ કાશી ક્યાંથી જશો?'

'ચાલીને જવું છે.'

સાધુ મારા આ શબ્દો સાંભળીને ઘડીક તો મારી સામે જોઈ રહ્યો. હસીને બેસી ગયો. મને અનાડીનો હોય કે મારી બાલિશતાની મશ્કરી કરવા ધ્રસ્કતો હોય તેમ તેણે કેટલીક પૂછપરછ કરી; પણ મારા જવાબો સાંભળીને તે ઠીલો થઈ ગયો. તેને લાગ્યું કે હું રમત કરીને ચાલ્યો નહોતો, પણ તેની પાછળ પૂરી દઢતા હતી. પછી તો વલ્લભી મહારાજની વાત ચાલી.

હું જેમ જેમ એની અંધશ્રદ્ધાભરી વાતોને પુષ્ટિ આપતો ગયો, તેમ તેમ સાધુ વધારે ખીલતો ગયો. પોતે નિરાકાર શિવ સિવાય કોઈને નથી માનતો એ છેવટનો સાર હતો. મારી મંમતિથી તે ઘણો જ ખુશ થયો અને બોલ્યો: ચાલો, સામાન મારે ત્યાં મૂકો અને બીચડી બીચડી રાંધો.'

મને તો જાણે અમૃતદાન મળ્યું. બીચડીમાં જ જાણે બધો સ્વાદ કેંદ્રિત થયો હોય તેમ નામ સાંભળતાં જ મોં ભીનું થયું. પોટલું ઉઠાવ્યું અને સાધુ પાછળ ચાલતો થયો. ધર્મશાળાના એક ખૂણામાં તેની ઓરડી હતી. બીજે છેડે મથુરિયા ચોબા ઊતર્યા હતા. મેં માઈ પોટલું બાંટીએ લટકાવી દીધું અને જોઉં. સાધુએ બળતણ આપ્યું; દાળ ચોખા આપ્યા. બીચડી પકાવી. ઠરી થાય અને પછી જમું એટલું પેટ ધીરજને ન રહ્યું બળતી આંગળીએ પણ બીચડી ખાવા માંડ્યો. વાહ! શી મીઠી બીચડી! એ સ્વાદ અને ગરમ બીચડીમાથી નીકળતી વરાળની ગંધ હજુ મને યાદ આવે છે. હજુ પણ જ્યારે જ્યારે બીચડી જમવાનો પ્રસંગ આવે છે ત્યારે ત્યારે તેની સાથે સાદરાની બીચડી યાદ આવે છે.

સાધુ બેચાર કલાક નીરાંતે ઊંઘ્યો. બીચડીના ઘેનમા મેં આમતેમ આંટાફેરા કર્યા.

સાંજે ધમાલ થઈ. બીજે ખૂણે પડેલા ચોબામાથી એક જણ બેસવા આવ્યો. ચોબાની મંડળી રામભક્ત હતી. ત્રિવેણીસંગમ થયો હતો. સાધુ શૈવ, ચોબા રામભક્ત અને સામે વૈષ્ણવના મહારાજ! આવતાંની સાથે જ ચોબાએ મને ક્યાં રહેવું, ક્યાં જવું, વગેરે પૂછ્યું.

મેં કાશી જવાનું જણાવ્યું

'બ્રાહ્મણ થઈને આમ સાધુ જેવી કફની પહેરી છે! શું કાશી જવાના ને ભગવાના? ભટકના ફરવાના!' ચોપાએ કહ્યું.

હું તો ચૂપ બેસી રહ્યો મારી મૌનવૃત્તિનો સાધુને પરિચય થઈ ગએલો તેણે તરત જ કહ્યું 'વેશ પહેર્યે કોઈ સાધુ નથી બનતો શિયાળ સિંહનું ચામડું ઓઢે તો સિંહ ન બને.'

ચોપાએ બરાબર જ ઉપાડ્યું 'ન શું બને? રામનામના મદિમાથી તો પત્થરમાથી અહલ્યા થઈ ગઈ'

'તમે દશરથના કુવરને રામ કહોછો? સાધુએ કહ્યું 'દશરથ તો રાજા હતો. એનો છોકરો તે કેમ ઘટ ઘટ રમનો નારાયણ રામ હોતો રામ તો એક જ, એ જન્મે ય નહિ અને મરે ય નહિ'

બસ, પછી તો લાગી પડી ચોપાઈ રામાયણમાથી રામમહિમા સભળાવવા મડ્યો સાધુ પહોચેલો હતો, એટલે તે કહે કે ચોપાઈ આ તો તુલસીદાસે લખી છે ખૂબ ચર્ચા ચાલ્યા પછી આખરે, 'સાધુ થઈને આવું બોલો છો?' કહેતો ચોપાઈ થાકીને ગયો.

સાધુએ એક ગોદડી આપી અને હું શાતિથી ઊઘી ગયો.

જીવરામ જોષી



કિર્લોસ્કરના કટાક્ષચિત્રો (ક્રમાંક ૫) લક્ષ્મીનો સ્વયવર

(ચિત્રકાર - શંકરરાવ કિર્લોસ્કર લેખક - પ્રોફેસર ના સિ ફડકે)

લક્ષ્મીનો જન્મ કમળમાથી થયો હોવાનુ મનાય છે પરતુ એમ છતાં યે, કમળ જેવી નાજુક પ્રકૃતિના ને નિરુદ્યોગની મફત ની સેજ પર સૂનારા માણસના ગળામા તે માળ પહેરાવશે એની અપેક્ષા રાખવી એ ભૂલ જ છે

લક્ષ્મીને સગોત્ર વિવાહ ગમતો જ નથી તે જાતે નાજુક ગોત્રની છે, છતા તેને સહેજ ઉદ્યોગમા નિમગ્ન રહેનાર અને ખડતલ ગોત્રનો જ પુરુષ હમેશા ગમે છે એના પિયેર કમળપત્ર પર ઝાકળબિંદુઓના મોતી પુરુષળ છે, પણ એ એને બીલકુલ ગમતા નથી એને તો શ્રમના ઘર્મબિંદુઓથી સુશોભિત થએલા માણસનો ચહેરો જ ભાવી જાય છે

ઉદ્યોગ વિના લક્ષ્મી પ્રાપ્ત થતી નથી, અને કદાચ થાય તો પણ બહુ ટકતી નથી બિલકુલ, જે અવિશ્રાત ઉદ્યોગ કરે છે તેની ઘોડો વખત નકામીને અવહેલના કર્યા જેવુ લાગે, છતા કોઇક દિવસ હળવેઃ રહીને તેની પાછળ આવી, તેના જ ગળામા એ માળ પહેરાવી દે છે, એ યે બસ



ચાંદુડલો

વર્ષા

ભીડેલા આભને ભેદી કો' રાજણાળ
તાળીઓ પાડતી છૂટી;
બાપુના લાખ લાખ હૈમર હાથીડલા
હાકતી હાંકતી છૂટી.

ધાટા અંબોડલાને મેલ્યા છે મોકળા,
રંગ ભરી રાસડે ઘૂમે:
ઝુંબઝુબ તારલાના ટેટા ઝબેડતી
ચાંદા સૂરજને ચૂમે

કૂંધ્યાં જોબન એના નગી ઊઠ્યાં રે આજ
કાજળ ધૂંટે છ કાળીઆણી;
નવરંગી ચુંદડીના ચોરા ઉરાડતી
કોને ગોને છ મસ્તાની!

કોને પાવાને કાજ સંચી રાખેલ હતી
આષડલાં દૂધની કટોરી?
ચાંદા સૂરજ તણી ચોકી વચ્ચે ય તુંને
કોણ ગયું શીખની ચોરી?

સંધ્યાને તીર એક બખ્તરિયો સ્વાર ને
ઘોડલાંની જોડ મેં દીઠી;
એની ભેલાડ ચડી ક્યાં ચાલી એકલી
ગોળી તું તેજની પીઠી?

વિજન ગગનના સીમાડા લોપતી
આવ રે આવ ગહીં ચાલી;
સૂની વસુંધરાને એક વાર સાદ કરી
પાઈ દે ચેતનાની પ્યાલી.

ઝવેરચંદ મેઘાણી

આકાશને વાચા આપનાર માર્કોનીની

વીસમી સદીના જેના વહેવાર ઉપયોગે જગત આખાને આભારવશ બનાવી મૂક્યું છે એ વાયરલેસ અને રેડીઓ ટેલીગ્રાફીના શોધક ગગ્લીલ્મો માર્કોનીનું હૃદય બંધ પડી જતાં રોમ ખાતે અવસાન થયું છે. પાંચદસ દાયકા પહેલાંની પૃથ્વીની વિશાળતાને ખોબા જેવડી બનાવી મૂકનાર એની શોધોનું મહત્ત્વ હવાઈ યાનોથી યે વધુ છે અને એટલે જ 'વીસમી સદી'ની સંસ્કૃતિ સાથે એનું નામ ચિરસ્મરણીય બને છે.

એનો જન્મ ઇ. ૧૮૭૪ના એપ્રિલની રપમી તારીખે બોલોના ગામ નજીક એક આયરિશ-ઇટાલિયન કુટુંબમાં થએલો. એના જન્મ પહેલાંના કાળથી જ વિજ્ઞાનીઓને તારનાં દોરડાં વગર સંદેશા મોકલી શકવાની શકયતા જણાઈ આવી હતી ને હેવીક હર્ટ્ઝ, કલાર્ક મેકસવેલ ને ઓલિવર લાજ જેવા નામીચા વિજ્ઞાનીઓ એની સિદ્ધિ પાછળ મચી રહેલા.

કેલેરેન્સ અને લેગહોર્નમાંના પોતાના અભ્યાસ દરમિયાન માર્કોનીને કાને આ મંતવ્યની વાતો અથડાઈ. આમ પણ ગણિત અને વિજ્ઞાનનો તો રસિયો હતો અને પદાર્થવિજ્ઞાન ને વીજળીમાં તો એને એટલો બધો રસ હતો કે પોતાનો અભ્યાસ પૂરો કર્યા પહેલાં જ એણે એમાં નિપુણતા મેળવી લીધી હતી. એટલે એ શોખે આ પ્રવૃત્તિમાં ગોપલાવવા તેને હરકોરી ભૂંયો ને ૨૧ વર્ષનો તરુણ માર્કોની વીજળીનો ઉપયોગ કરીને હવામાં ઇલેકટ્રોમેગ્નેટિક મોજાં ફેલાવી, આકારાને વાચા આપવાના અખતરા પાછળ મંડી પડ્યો.

એક સરખી ધંત, વૈજ્ઞાનિક ઝીણવટ અને બુદ્ધિની કુશાગ્રતાથી સિદ્ધિ બહુ દૂર નથી રહેતી. માર્કોનીમાં એ બધુ હતું, ને એને લઇને એ તરુણ ઇટાલિયને જગતનું વર્ષોનું સ્વપ્નું એક વર્ષમાં મૂર્ત કરી બતાવ્યું. ૧૮૯૫ના ઉનાળામાં પોતાના ગ્રામનિવાસ પૉન્ટેકિયોમાં તેણે બીનતારી સંદેશાનો પહેલવહેલો સફળ પ્રયોગ પાર પાડ્યો. એ સફળતા સાથોસાથ જ એ સિદ્ધિ પાછળ રહેવું વિશાળ ક્ષેત્ર પણ તેની નજરે ચડ્યું ને માર્કોનીએ એ સિદ્ધિના ક્ષેત્રફળમાં જ જીવન સમાવી લીધું.

૧૮૯૬માં ઇગ્લેંડ જઈ પોતાના પ્રયોગથી બ્રિટિશ સરકારને વાકેફ કરીને તેણે પોતાના યંત્રનો પેટન્ટ હક્ક પ્રાપ્ત કર્યો થોડીક વધુ સંપૂર્ણતા અને યંત્રની સુધારણા પાછળ એ મચ્યો ને એ સાલને આખરે તો એના યંત્રે ચાર માઇલ અને ઉપરટપ નવ માઈલ દૂર સુધી બીનતારી સંદેશા તે મોકલી શકયો.

અખતરા વધતા ગયા તેમ ઉત્તરોત્તર પ્રગતિ વધતી ચાલી ને નવને બદલે ૧૯૦૨ સુધીમાં નવસો માઇલ સુધીના સંદેશા શકય બન્યા. ત્યારપછીનાં વર્ષોમાં એણે 'ટાઇરડ રપાર્ક સીરટમ' દાખલ કરી અને ૬૦૦૦ માઇલના અંતર સુધી સંદેશા મોકલવાનું શકય બન્યું અને આ જે તો એ બીનતારી સંદેશા લગભગ સંપૂર્ણતાએ પહોંચ્યા છે એમ કહી શકાય રેડીઓ-ટેલીફોની ને ટેલીવીઝન પણ એનાથી જ શકય બન્યાં છે ને જગતભરની સંસ્કૃત માનવતા તેનો લાભ લઇ રહી છે.

વીસમી સદીની સંસ્કૃતિ સ્થાપવામા ઓગણ

રતંભો, શીખ પદ્ધતિની દીવાલો અને બાકીનું બધું રજપૂત પદ્ધતિનું છે.

અજમેરથી પુષ્કરની યાત્રા પણ રસમય અને મનોહર છે. આનાસાગરને કિનારેકિનારે થોડો વખત સુધી તો રસ્તો સપાટ આવે છે, પણ પછી ડુંગરોની કરાડો ને રેતીના થરો વચ્ચેથી સુંદર વળાંક લેતો બધો રસ્તો બચ્ચે છે.

દુનિયાનું ઠંડામાં ઠંડું સ્થળ

આખી દુનિયામાં વધુમાં વધુ ઠંડું સ્થળ કયું હશે? સ્વાભાવિક જ તમે ઉત્તર કે દક્ષિણ ધ્રુવનું નામ દઇ દેશો પણ ના; એ બંને પણ એના ઠંડા નથી.

મધ્ય સાઇબીરિયાનો ઉત્તરે (શીત ધ્રુવ કહેવાતું) એક એવું સ્થાન છે, જ્યા દુનિયાના પટ પર આજ સુધીમાં નોંધાએલી બોછામા બોછી ડિગ્રીથી યે થર્મોમીટરનો પારો નીચો રહે છે. બરફથી આચ્છાદિત એ સ્થળ વર્ખોઇઆન્સ્ક નામે ઓળખાય છે અને નીચામાં નીચી નોંધાએલી સંખ્યા શૂન્યથી યે ૯૬ ડિગ્રી નીચેની છે! (ઝાકળની ૧૨૮ ડિગ્રી.)

ત્યાની ઝાકળ એટલી તો ભયંકર હોય છે કે જીવતું દુશ્વાર બનાવી દે છે. જમીન પર જમેલા બરફની સપાટી પર પાણી ઢોળવામાં આવે કે એ જ વખતે બરફ બની જાય છે ને પાણીનું શીતળવન સાંભળી પણ શકાય છે!

આવા સ્થળમાં સ્વાભાવિક એવાં બરફનાં તોફાનો ઘણી વાર તો બરફની સોયો કૂંકતા ઝંઝાવાતમાં પરિણમી જાય છે. (બરફની સોયો જ, કારણ એટલા બધા નીચા હવામાનમાં બરફના ગઠ્ઠા બની જ ન શકે!)

એટલે, દુનિયાના ઠંડામાં ઠંડા સ્થળ ઉત્તર કે દક્ષિણ ધ્રુવો નહિ પણ આ વર્ખોઇઆન્સ્ક જ છે.

—ઇન્ડીઅન સ્ટેટ્સ રેલવે મૅગેઝીન

ટંકણખાર

***મોટે ભાગે સાબુ, ટોઇલેટ પાવડર, દવાઓ અને આખોનાં લોશનોમાં વપરાતો ટંકણખાર આજ તો એક સામાન્ય ઘરગથુ વસ્તુ થઇ પડયો છે, પણ આજથી ચાર હજાર વર્ષો પહેલાં એ એવો તો દુષ્પ્રાપ્ય હતો કે એની કીમત સોના જેટલી અંકાતી!

બાબીલોનની જહોજલાલીના વખતમાં હિમાલયની ઉત્તરે ગોબીના રણપ્રદેશના થોડા જોજવાળા પ્રદેશો ટંકણખારનો મુખ્ય સ્રોત હતા. દેશાઓ ગે ઓકડા કરતા ને પછી પેટાં પર તેનાં છાલકાં નાખી હિંદુસ્તાનમાં ઉતારતા, જ્યાંથી પૂર્વની એ મહારાણી દેશપરદેશ તેની નિકાસ કરતી. ગાળેલું સોનું શુદ્ધ કરવા સોની લોકો એ વાપરતા, કારણ કે એ સિવાય એ ધાતુની જુદા જુદા ઘાટોમાં ઘડામણી જ ન થઇ શકે.

પણ એ જમાનો હવે વહી ગયો છે. અત્યારે તો એકલું અમેરિકા જ વાર્ષિક ૪૦,૦૦૦ ટન જેટલી તેની ઉત્પત્તિ કરે છે. કેલીફોર્નિયામાં એની સૌથી વિશેષ ઉત્પત્તિ થાય છે એની બીજે નંબરે ચીલી, તિબેટ, પેરૂ અને ટર્કેડા આવે.

ટંકણખાર ક્ષારમય હોય, સ્વાદે ખારો છે. પાણીમાં એ ખૂબ સહેલાઈથી ગળી જાય છે. એને ખૂબ ગરમ કર્યો હોય તો એમાંનું પાણી બધું બળી જઇ, છેવટે કાચ જેવો સ્વચ્છ પદાર્થ બની રહે છે. પહેલાં તો બોરિક ઍસિડમાંથી એ મેળવવામાં આવતો, પરંતુ કેલિફોર્નિયમ બોરેટવાળા કેલ્સાઇટની શોધ થયા પછી એમાંથી જ એ મોટે ભાગે બનાવવામા આવે છે.

ધાતુઓમાં રહેલા ઘણાં તત્ત્વોને પીગાળવામાં એ ખૂબ ઉપયોગી છે અને તેથી ઢોળકામ અને રસાયણમાં તેનો ખાસ ઉપયોગ કરવામા આવે છે. સાબુ અને કાચની બનાવટમાં તો તે વપરાય જ છે; ઉપરાંત ચીનાઇ માટી પર ઢોળ ચડાવવામાં અને ઍન્ટીસેપ્ટિક તરીકે પણ એનો ઉપયોગ થાય છે.

રંગોની અસર

રંગોની શરીર પર થતી અસર હાલમાં જ શોધાઇ છે. શયનગૃહમાં વધુ પડતો લાલ રંગ અનિદ્રા (insomnia) આપે છે. લાલ રંગથી સહવાસ સાધતા લોકો પણ વાતવાતમાં ઉશ્કેરાઈ જાય છે, જ્યારે આસમાની રંગનો સહવાસ માણસમાં વિષાદ જન્માવે છે જે ઘણી વખત કાયમનો બની જાય છે

મહાભારત અને ૧૮ ની સંખ્યા

મહાભારત સાથે ૧૮ની સંખ્યાનો સંબંધ બહુ ચમત્કારી માલૂમ પડે છે.

૧ એ ગ્રંથના મુખ્ય પ્રકરણો અથવા પર્વો ૧૮ છે.

૨ એમાં વર્ણવેલું કૌરવપાંડવોનું યુદ્ધ ૧૮ દિવસ ચાલે છે.

૩ ઉભય પક્ષ તરફથી લડનારાઓની ઔક્ષૌહિણી સંખ્યા ૧૮ અક્ષૌહિણીની હતી.

૪ એમાંના સૌથી મહત્ત્વના પ્રકરણ ભગવદ્ગીતાના અધ્યાય ૧૮ છે.

૫ દુર્યોધન પછી તેનો પિતા ૧૮ વર્ષ જીવે છે.

બારીકાઇથી જોતાં ૧૮ની સંખ્યાના બીજા અનેક ચમત્કારો એ ગ્રંથમાંથી મળી આવે. વળી મહાભારતને માટે 'જય' એવો એક પર્યાય શબ્દ છે. લઘુ આર્યસિદ્ધાંતમાં 'જ' એટલે ૮ અને 'ય' એટલે ૧ એ સંખ્યા અંકાનુક્રમણીમાં છે અને એમાં જ લખ્યું છે કે, 'અંકાનાં વામતો ગતિઃ' એટલે એ પ્રમાણે જોતાં 'જય' શબ્દનો અર્થ પણ ૧૮ થાય!

(મરાઠી 'બાલબોધ')

'બાઇબલ' નામ કેમ પડયું?

બાઇબલમા સંધરાએલી સુવાર્તાઓ પ્રથમ બિબ્લુ ગેબ્લોસ દ્વારા મિસરમાં થતા એક ઝાડની આંતરછાલ પર લખવામાં આવેલી, જે 'બિબ્લોસ' કહેવાતી. પાછળથી જ્યારે એ સાહિત્યનું આખું નવેસરથી એકીકરણ થયું ત્યારે એ પરથી જ એનું નામ 'બાઇબલ' રાખવામાં આવ્યું, જે હજુ સુધી રહ્યું છે.

ચિત્રકલા: ગુજરાતી સંપ્રદાય



ગોરક્ષા બેકાના એક પ્રાચીન ઓળિયામાંની ગુજરાતી કન્યા

હિંદુસ્તાનના નવા વિજેતાઓએ તેને અંગ્રેજકારી અને ફ્રેમ પણ જનની પોતીકી કલા સંસ્કૃતિ વિનાના દેશ તરીકે લગભગ અરબી સની સુધી કૂદી મારી, પછી, છેક વીસમી સદીના પ્રભાતકાળે પશ્ચિમના જ એક કલાકોવિદ શ્રી હ.ગી. હાવેલના હાથે તેની ખરી પરખ થઇ. તેમની સત્યપારખુ દૃષ્ટિએ ભારતીય કલાનું સાચું મૂલ્યાંકન કરાવ્યું અને તેના મૂળમાં તેની પ્રતિષ્ઠાસપુરાતન સંસ્કૃતિના પોષણ પારખ્યા.

અજંતા, ઉત્તરપૂર્વભારત, રાજપૂત, મુઘલ એમ બધી કલાઓના સ્રોત તથા તેમનાં વિશિષ્ટ વ્યક્તિત્વની આગવી ઓળખાણ કરવામાં આવી ને સાથે ભારતના પ્રાંતેપ્રાંતનાં શિલ્પ-સ્થાપત્યની પણ વ્યક્તિત્વ અને વિશિષ્ટતાઓ પારખે પરખ થઇ ને એમાં ગોદેરા ડભોઇ ને પાટણ, જૌનપુરાડા ચાંપાનેર ને અમદાવાદના વિશિષ્ટ ગુજરાતી સ્થાપત્યની ગણના થઇ.

પરંતુ ગુજરાતને પોતીકી ચિત્રકલા પણ છે, અને એ તળપદી શૈલીએ ગુજરાતની સંસ્કૃતિના ઘણકાર ઝીલ્યા છે એ શોધ એક પચ્ચીશી સુધી થઇ ન હતી. ગુજરાતમા ગણી આવના ચિત્રકલાના અવશેષોને રાજપૂત કળા પશ્ચિમ ભારતની કળાના ફાંટા તરીકે ઓળખાવવામા આવતા હતા

ઇ. ૧૯૨૨મા હાજી મહમ્મદ સંગ્રહ ગ્રંથના પ્રકાશન વખતે દી બા. કેશવલાલ ધ્રુવે પોતાની પાસેના 'વસંતવિલાસ'ના ઓળિયામાની કવિતા તેમા પ્રકટ કરવા આપી તે વેળા તેમાના ચિત્રો શ્રી રવિશંકર રાવળના જોવામા આવ્યા અને તેમણે તેને તળપદા ગુજરાતી ચિત્રો તરીકે પરખ્યા અને જાહેર કર્યા. આમ, પ્રાચીન ગુજરાતી ચિત્રકળાની પ્રથમ જાહેરાત એક ગુજરાતી કલાકારને હાથે થઇ.



તે પછી તો શ્રી નાનાલાલ મહેતાએ એની જાત જાહેરાત આપી, અને હવે તો ડૉ. કુમારસ્વામી જેવા કલાકોવિદે એન્સાઇકલોપીડિયા બ્રિટાનિકામા તેનો ગુજરાતી કલાના સ્વતંત્ર સંપ્રદાય તરીકે સ્વીકાર કર્યો છે. —સંપાદક

એશિયાની ચિત્રકલાના પ્રાચીનતમ અવશેષો અજન્તાની ગુફાઓમાના ભિત્તિચિત્રો છે. જોકે એના અસ્તિત્વની ખબર જગતને સને ૧૮૧૯મા પહેલવહેલી થઇ હતી!

અજન્તા-યુગ

એક તરફ ઇસ્વી સનના પહેલાથી સાતમા સૈકા સુધીના અજન્તા, બાઘ અને સિત્તાનવાસલના દિવ્યાંના, અને સિગિરિયા તથા અનુરાધાપુરના બૃહદ્ દિવ્યાના ભિત્તિચિત્રો-Fresco Painting-નો સંપ્રદાય જાણવામા આવે છે.


અને બીજી તરફ પંદરમા સૈકાથી હિંદી ફારસી (Indo Persian) સંપ્રદાયના પુસ્તકોમાના નાનાં ચિત્રચિત્રો (Miniature Painting)નો પ્રચાર જોવામાં આવ્યો છે.


આઠસો વર્ષનો ગાળો

પરંતુ આ બંને વચ્ચેના લગભગ આઠસો વર્ષના ગાળાનો હિંદી ચિત્રકલાનો ઇતિહાસ બહુધા અંધારામા હતો. અજન્તામા વ્યક્ત થએલી કલા, સોળમા અને સત્તરમા સૈકામા 'હિંદી રાજપૂતકલા'ને નામે આદરના લાભ ગાળા પછી એકાએક ક્યાંથી ફૂટી નીકળી ને હઠાકત એક કોયડારૂપે લાગતી હતી.

જૈન તાડપત્ર પર ચિત્રકલા

દરમ્યાન, બરની સનના અગિયારમા અને બારમા શતકથી માંડી છેક પંદરમા શતક સુધીના કેટલાક જૈનેતર જૈન ગ્રંથોના તાડપત્રઉપરનાં તેમજ કાગળ ઉપરના નાના ચિત્રોની બાબત બીજી બાજુની શરૂઆતમાં લગભગ ૧૯૧૭ના અરસામા લાગી. છતા એ ચિત્રકલાની પદ્ધતિ અને તેનો સંપ્રદાય યથાર્થ રીતે સમ-







ઉપર : વડોદરા પાસે છાણી ગામના જ્ઞાનભંડારમાંની સં. ૧૨૮૮મા લખાયેલી તાડપત્રની પ્રતો ઉપરનાં, રોળ વિલાદેવીઓનાં વિવિધ ચિત્રો ધરાવતા પાનાંઓમાંના બે. (શ્રી સારાભાઈ નવાબના સૌજન્યથી)
ડાબી તરફ : સ. ૧૮૮૬મા વડોદરામાં ચીતરાએલી 'મધુ માલતી'ની પદ્યવાર્તામાંથી; રજપૂત કલમ પર મરાઠી અસર બતાવે છે.
જમણી તરફ : સં. ૧૭૬૨મા સુરતમા ચીતરાએલી 'દુર્ગાસપ્તશતી'ની પોથીમાંથી; માર્કંડેય મુનિ રાજાને દેવીમાહાત્મ્ય કહે છે


બાવના ઘણી મુશ્કેલી નડી.

લગભગ આ જ વખતની નેપાલી તથા અલ્પદેશીય ચિત્રકલા સાથે તેનો સીધો સંબંધ જોડી શકાય તેમ નથી; કારણકે એ પરંપરા બૌદ્ધ ચિત્રોમાંથી શરૂ થઈ હતી. તેથી એ શ્વેતામ્બરીય જૈન ગ્રંથોમાની ચિત્રકલા કોઈ અમલી સંપ્રદાયના અનુસંધાનમાં અથવા તેનો ફાંટારૂપ ગુજરાતની ભૂમિમા જ ઉત્પન્ન થએલી હોવી જોઈએ એમ ડૉ. આનંદ કુમારસ્વામીએ તેમજ બીજા નિષ્ણાતોએ ઠરાવ્યું.


જૈન કે ગુજરાતી કલા?

છતાં કેવલ ધાર્મિક જૈનગ્રંથોમાં દેખાતી ચિત્રકલા ગુજરાતી જીવનના બીજા વિષયોમાં વ્યાપ્ત થયાનું જણવામાં આવ્યું નહોવાનું અને તેથી ઉપરનો અભિપ્રાય તેવા કોઈ નમૂનાની પુષ્ટિ વગર આધારહીન મનાતો હતો.

એટલામાં જૈન શ્વેતાંબર ધાર્મિક ગ્રંથોની ચિત્ર-પદ્ધતિ-Styleને આબેહૂબ મળતા આવતા 'વસંત-વિલાસ' નામના વસંતવિહારવર્ણનના અધાર્મિક અથવા ઐહિક ચિત્રપટની પ્રસિદ્ધિ ૧૯૨૨માં થઈ. 'પ્રસિદ્ધિ થઈ' એમ કહેવાનું કારણ એટલું જ કે ૧૮૮૯માં જણવામાં આવેલા એ ચિત્રપટમાંના દૃશ્યો 'ગુજરાત શાણાપત્ર'માં પ્રકટ કરવામાં આવ્યા હતા; પરંતુ તેમાંનાં







સત્તરમા અને અઢારમા સૈકાનાં ગુજરાતી ચિત્રકળા

ઉપર: શિવપાર્વતી તથા વિષ્ણુ લક્ષ્મી; સત્તરમા સૈકાની ગુજરાતમા દોરાએલો નમૂનો નીચે: ગુજરાત વર્નાક્યુલર સોસાએટીની દુર્ગાસપ્તશતીની પ્રત (અઢારમા સૈકાની) માંથી એક ચિત્ર : મેધા ઋષિના આશ્રમમાં સુરથ રાજા તથા સમાધિવૈશ્ય ચિત્તની શાંતિ માટે પ્રાર્થના કરે છે. જમની બાજુ: સંવત ૧૮૨૩માં શીરોહીના નગરજનોએ મોકલેલા વિજ્ઞપ્તિપત્રમાંથી ચૌદ સ્વપ્ન

ચિત્રો આગળી લાગવાથી તે તરફ કોઇનું ધ્યાન ગયું નહોતું. કપડાં પરનાં આ ચિત્રો જૈન આચાર્યે દોર્યા જણાય છે; છતાં તેનો વિષય, જૈનધર્મનો નથી એટલું તો સ્પષ્ટ છે.

શ્રી રાવળ ગુજરાતી શૈલીને મદદ્યા પિછવાઇ છે

શ્રી. રવિશંકર રાવળે 'દાજી મદ્યમદ સ્મારકગ્રંથ' ૧૯૨૨માં પ્રકટ કર્યો. તે વખતે દી.બા. કેશવલાલ ધ્રુવે વસંતવિલાસના દ્રવ્યનું સંસ્કરણ તેમાં પ્રકટ કરાવ્યું: તે વખતે શ્રી. રાવળનું ધ્યાન એમાંનાં ચિત્રો તરફ ગયું અને તેમણે એ ચિત્રોને રજપૂતાનિક ગુજરાત પદ્ધતિનાં હોવા માટે સ્પષ્ટ સૂચન કર્યું.

પછી તો શ્રી ન્હાનાલાલ ચીમનલાલ મહેતાએ આ ચિત્રપટને દુનિયાભરમાં પ્રસિદ્ધ કર્યો. ૧૯૨૬માં તેમના Studies in Indian Paintingમાં 'Secular Paintings of Vasant Vilas' એ નામનું સ્વતંત્ર પ્રકરણ તેમણે લખ્યું; અને ૧૯૨૭માં તો તેનો વિગતવાર અભ્યાસ કરી 'Gujarati Painting in the 15th Century–A further Essay on Vasant Vilas' એ નામનું પુસ્તક લંડનની ઇન્ડિયા સોસાઇટી ઑફ આર્ટ દ્વારા પ્રકટ કર્યું.

હિંદી ચિત્રકલાનું બૂલાએવું પ્રકરણ

એમાં એમણે પ્રતિપાદન કર્યું કે મોગલ સંપ્રદાયની ચિત્રકલા અસ્તિત્વમાં આવતા પહેલાંના હિંદી ચિત્ર-સંપ્રદાયનો એ મહત્ત્વનો અંકોડો છે; અને તેમનો એ






ઉપરઃ ૧૮મા સૈકાના કાઠિયાવાડી યોદ્ધાઓ, ફિરંગીઓ વગેરે દર્શાવતાં શીડોરના કિલ્લાની ભીંતનાં ચિત્રો. નીચે ડાબી તરફઃ 'બાલગોપાલ સ્તુતિ' નામે વૈષ્ણવ ભક્તિના સંસ્કૃત શ્લોકોની પેદરમા સૈકાની પોથીમાંથી; કાગળ પરના ગુજરાતી ચિત્રો માટે આ પોથી લાક્ષણિક છે. જમણી બાજુઃ 'બાલગોપાલ સ્તુતિ'ની બીજી પ્રતમાંથી

મત પંડિતોએ પણ સ્વીકાર્યો. 'ઍન-સાઇક્લોપીડિયા બ્રિટેનિકા'ની ચૌદમી આવૃત્તિ (૧૯૨૯)મા ડૉ. કુમારસ્વામીએ હિંદી ચિત્રકલાનો ઇતિહાસ આપતા, ગુજરાતી ચિત્રકલાનો એક સ્વતંત્ર સંપ્રદાય તરીકે તેમણે પરિચય કરાવ્યો છે.


ધ્રાંગના ગુજરાતી રોશનીના ભિત્તિચિત્રોઃ ૯ મું સૈકું

આ અરસામાં ઑટલે સની ૧૯૨૬મા ડી.પી. રોમસન નામના એક વિદેશી કલારસિકે 'રૂપમ્'નાઍપ્રિલ ૧૯૨૬ના અંકમાં ધ્રાંગની ગુફાઓમાનાં, આસારસુધી સુધી અવગણ્ય રહેલાં,એવા ભિત્તિચિત્રોના અસ્તિત્વની હકીકત જાહેર કરી. 'Preliminary Notes on Some Early Hindu Paintings,' Rupam (No. 26).

આ ધ્રાંગનાં ભીંતચિત્રો હિંદી ચિત્રકલાના ઇતિહાસમાં ખૂબ મહત્ત્વનું સ્થાન ભોગવે છેઃ અજંતાનાં ભીંતપરનાં ચિત્રો અને શ્વેતામ્બરીય ગ્રંથોમાંનાં પોથીચિત્રો—એ બંને વચ્ચેની એ કીમતી સંધિરૂપ કડી છે. ધ્રાંગના ચિત્રો ૯મી અને ૧૦મી સદીનાં હોવાનું અનુમાનાય છે. આ ચિત્રોમાં ગુજરાતી ચિત્રોની મુખાકૃતિઓની વિશિષ્ટતા—કાન સુધી પહોંચતી આંખો, અણિયાળાં નાક અને આગળપડતોકાનીનો ભાગ—એ અંશો અભિલાષે જોઇ શકાય છે. તે ઉપરથી ગુજરાતી જૈન પુસ્તકચિત્રોનાં પુરોગામી એ ભિત્તિચિત્રો છે એમ માનવામાં બાધ નથી.

અજૈન વિષયની સચિત્ર પોથીની ભાળ

ધ્રાંગનાં ચિત્રોની પ્રસિદ્ધિ થયાના બેત્રણ વર્ષમાં જ ગુજરાતી કલાનું એક જ નિશ્ચિત પ્રમાણ પ્રાપ્ત થયું. શ્વેતામ્બર જૈન ચિત્રો માથે નિકટ સંબંધવાળાં 'બાલગોપાલસ્તુતિ' નામે વૈષ્ણવીય ગ્રંથનાં ચૌદ ચિત્રો અમૅન્દુકુમાર ગાંગુલીના હાથમાં આવ્યા. જેને ગણનાં એ જ ગ્રંથનાં બીજાં ચિત્રો અમેરિકન કલારસિક શ્રી. નૉર્મન બ્રાઉનને મળી આવ્યાં, તેમણે તેને



અગરેની તાંબે પાડરશીંગા ગામ ના નીલકંઠેશ્વર મહાદેવમાનુ ભિત્તિચિત્ર : સમુદ્રમથન (૧૮મો સૈકો)

ગુજરાતી સંપ્રદાયના પૂરતા સાધન તરીકે ઓળખાવ્યા અને ૧૯૩૦મા એ સબંધી બનેલા લેખો પ્રકટ થયા.

'બાળગોપાળ સ્તુતિ'ના સુંદર ગુજરાતી ચિત્રો

તે પછી ત્રણ વર્ષે એટલે સને ૧૯૩૩મા વડોદરામા મળેલી ઑલ ઇંડિયા ઓરીએન્ટલ કૉન્ફરન્સ પ્રસંગે પ્રસ્તુત 'બાલગોપાલસ્તુતિ'ના ૬૦ ચિત્રો પાછળ એક ચોમાસા સુધી ગાળી તે પોથી મારા જોવામા આવી. એમાના ગુજરાતી શૈલીના ચિત્રો થી ગાયત્રીએ પ્રસંગ કરેલા ચિત્રો કરતા લગભગ એક સૈકા જેટલા પ્રાચીન છે એમ જણાવી કરવાનો સુયોગ મને મળ્યો હતો એ વૈષ્ણવીય ચિત્રો ની પોથી અમદાવાદની ગુજરાતીમાથી બાબુ બોગીલાલ સારાભાઈએ પ્રાપ્ત કરી હતી હાલમા તે વડોદરાના આર્ટ ગૅલેરીમા છે

દુર્ગા સપ્તશતીના ગુજરાતી શૈલીના ચિત્રો

૧૯૩૮મા વૈષ્ણવીય ગ્રંથની એક બીજી ચિત્રમાલા મારા જોવામા આવી, અને સાથે સાથે એક બીજા જ વિષયના ગુજરાતી ચિત્રો ની પોથી શાક્ત સંપ્રદાય ના 'સપ્તશતી' (થડી ગાઇ) ગ્રંથના ગુજરાતી દૃષ્ટાંત ગાઇ ચિત્રો મળી આવ્યા. આથી ગુજરાત સંપ્રદાયના અદ્ભુત ચિત્રોમા મહત્ત્વનો ઉમેરો થયો એ ચિત્રો ધમાસ ગએલા છે, છતા એનું ઐતિહાસિક મૂલ્ય ઓછું નથી એ ચિત્રો પણ વડોદરાની આર્ટ ગૅલરીમા છે

આમ જૈન ધાર્મિક ગ્રંથોના ચિત્રો ઉપરાંત બ્રાહ્મણીય વિષયોના ચિત્રો પ્રાપ્ત થવાથી ગુજરાત સંપ્રદાયની ચિત્રકલાનું વ્યાપક સ્વરૂપ ધ્યાનમા આવી શકે છે અને એક ઐતિહાસિક દૃષ્ટિને લગતા 'વસંતવિલાસ' જેવા જૈનેતર સચિત્ર ગ્રંથની શોધ થવાથી ગુજરાતી ચિત્રો ના વિષયોની વિવિધતા સ્થાપી શકાય છે

'રતિરહસ્ય'ની પોથીમા ગ્રામદૃશ્યનું ચિત્ર

બારમા શતકમા રચાએલા રતિરહસ્ય ની પંચમા મોળગા સૈકા ની બે સચિત્ર આવૃત્તિ ઓ બે જુદાં પા ઓ મળી આવ્યા છે એમાનુ એક ધ્વજનું ચિત્ર પ્રાચીન ગુજરાતી સંપ્રદાયનું છે અને તે બહુ સુંદર છે અને બે અમલ રંગમા તથા કદમા બરાબર કર્યું છે ણીજામા 'કરીકરકાંડ' જોડને નારીકુંજરથી ચિતરી બનાવ્યો છે.

આ રીતે લગભગ પંદરમા શતક સુધીનાં વિશિષ્ટ ગુજરાતી શૈલીનાં શુદ્ધ હિંદી સ્વરૂપનાં ચિત્રોની શોધની ઊઠતી નોંધ પૂરી થાય છે.

મોગલ દરબારમાં ગુજરાતી ચિત્રકારો

મોગલ શહેનશાહોના દરબારી ચિત્રકારોમાં સાતેક ગુજરાતી ચિત્રકારો હતા: માધવ, કેશવ, ભીમ, પુંજીયા, શંકર વગેરેએ મહાભારતના ફારસી અનુવાદ–'રજમ-નામા'–ને સંચિત્ર કરવામાં ફાળો આપ્યો છે; અને તેમનાં પોતાનાં નામ પાછળ 'ગુજરાતી' એવી સહીવાળાં ચિત્રો આજે પણ મોજૂદ છે.

ગુજરાતમાં ઉછરેલી રાજપૂત કલા

પરંતુ તે ઉપરાંત દરબારની અસરથી અલગ રહીને પણ ગુજરાતી ચિત્રકારોએ પ્રાચીન ચિત્રપરંપરાની મશાલિકા સાચવી રાખી છે. હિંદુ રાજાઓના દરબારમાં પ્રાચીન હિંદી કલાનું નવું સંસ્કરણ (કંઈક અંશે મોગલ કલમની અસરથી રંગાએલી પદ્ધતિવાળું) થવા પામ્યું અને તે 'રાજપૂત કલા'ને નામે ઓળખાવાય છે સત્તર અઢારે અને ઓગણીસમી સદીમાં ગુજરાતી ચિત્રકારોએ દોરેલાં તેમનાં ચિત્રોના નમૂના પણ ઓછા નથી.

રાજપૂત-મરાઠી ચિત્રો

મરાઠી અમલની અસર રજપૂત કલમ પર થતાં એક નવો ફેરો ગુજરાતી ચિત્રકલાનો પડી ગયો... તે 'મધુમાલતી'ની વાર્તામાંથી તે કલમના ચિત્રો અદ્દી ઊતાર્યા છે. આમ આપણે જોઈ શકીએ છીએ કે દરબારના તેમજ આમ વર્ગ ના આશ્રિત નીચે મુજબ ગુજરાતી ચિત્રકલાની પરંપરા લુપ્ત થઈ ગઈ નથી. તેના સમર્થકોમાં છેક વિક્રમની વીસમી સદી સુધીનાં ચિત્રો અખંડિત અને અબાધિત પરંપરા રક્ષાયેલા મળી આવ્યા કરે છે.

ગુજરાતી કલા આમ વર્ગની કલા છે

ગુજરાતી કલા મુખ્યત્વે આમવર્ગની કલા છે. તેનાં પ્રેરણા, વિકાસ અને નિભાવ ગુજરાતના સાંસ્કારિક જીવન સાથે ઓતપ્રોત છે; અને તેથી, પૈસેટકે સુખી એવા મધ્યમવર્ગના આશ્રયથી એ કલા ફાલીફૂલી છે.

આમ આપણે જોયું કે લગભગ બેએક હજાર વર્ષ જેટલો ગુજરાતી ચિત્રકલાનો ઇતિહાસ જૂનો છે. તે કલાનો વિશેષ અભ્યાસ થતાં, નવાં નવાં સાધનો પ્રકાશમાં આવવા સંભવ છે.

ગુજરાતી કલાની મીમાંસા

ગુજરાતી ચિત્રકલાનાં લક્ષણો, તેનું કલાતત્ત્વ, રંગપૂરણી, રેખાકન, Perspective (દૃક્‌પ્રપંચ), ભાવનાશૈલી, પ્રાણીજગત વનસ્પતિજગત વગેરેનો અભ્યાસ, પહેરવેશ, આભૂષણ, કુદરતનું ચિત્રણ, ભિત્તિ-ચિત્રો ઉપરથી ગ્રંથચિત્રોનો જન્મ કેવી રીતે થયો વગેરેસંબંધી ઘણુંઘણું કહેવાની જરૂર છે; પરંતુ અત્યારે તો માત્ર કેવલ ચિત્રપરંપરાની ઐતિહાસિક નોંધ જ પૂરતી ભાની છે. મંજુલાલ રણછોડલાલ મજમુદાર

(અમદાવાદ સાહિત્ય સંમેલનમાં વંચાએલો નિબંધ લેખક તથા સંમેલન-મંત્રીઓના સૌજન્યથી)

લવીંગિયાની લૂમ




ગૃહસ્થ: ઊઠરા, બહાર જવાનો બીજો કોઈ રસ્તો છે બરો?
ઊઠરો: હા જી, હું હમણાં જ પૈસે ઠેકાણેથી આવ્યો છું (પ્રભા)

નવો-નોકર: શેઠ, કાલથી મને રજા કરો!
શેઠ: કેમ?
નોકર: હું જોઉં છું કે તમને બાલમાં વિશ્વ સત્તની
શેઠ: એમ કેમ? મેં તો બધા પેરીબ્યાસની ચાકરીઓ તને સોંપી છે.
નોકર: એ ખરું સાહેબ, પણ એમાની એકે કૂંચી
ક્યાંયે લાગુ પડતી નથી!


ભગત: પૈસો ગોરસના વિશ્વાસ મૂકવા જેવો ખરો?
ગગન: હા, હા, કેમ? હું તો મારી જિંદગી
પણ એના હાથમાં મૂકતાં ન અચકાઉં.
ભગત: એ તો ઠીક. હું તો તને કાંઈ કીમતી
ચીજ એના હાથમાં સોંપવી કે નહિ એ પૂછું છું

શિક્ષક: હિંદમાં થતાં છ જનાવરોનાં નામ દે
વિનુ: પાંચ સિંહ ને એક વાઘ, સાહેબ!

ਸਾਹਿਬ ਸ੍ਰੀ ਗੁਰੂ ਗ੍ਰੰਥ ਸਾਹਿਬ ਜੀ ਦੀ ਹਜ਼ੂਰੀ ਵਿਚ ਬੈਠੇ ਹੋਏ ਹਨ।



ખોળ વિદ્યાદેવી ઓનાં વિરલ ચિત્રોવાળી છાણીના જ્ઞાનભંડારમાંની પ્રતોનાં બે પાનાં(સારાભાઈ નવાબના સૌજન્યથી)




વડોદરાના શ્રી આત્મારામ જ્ઞાનભંડારમાંની કલ્પસૂત્રની સુવર્ણાક્ષરી પ્રતનું એક પાનું (સારાભાઈ નવાબના સૌજન્યથી)



રાજસ્થાની હિંદીમાં રચેલું ધ્રુવાખ્યાન (૧) નારદજી રાજા પાસ આવ્યા (૨) શ્રી ધ્રુવજી રથમાં ગયા (૩) રાજા અને મંત્રી

પ્રાચીન ગુજરાતી ચિત્રકળાના ત્રણ તબક્કા

(૧) ઉપર : સં. ૧૨૧૮ની સાલની તાડપત્રનાં પાનાં પરની (૨) વચ્ચે : શોભન અને સમૃદ્ધિની ઊભી



ગણેશ વાસુદેવ માવલંકર

દાદાસાહેબ માવલંકર

મહાસભા પ્રણાલિકાની રચનામાં મુંબઈ પ્રાંતની ધારાસભાના પ્રમુખ (સ્પીકર)ના આસન માટે સર્વાનુમતે વરણી પામનાર શ્રી ગણેશ વાસુદેવ માવલંકર-મિત્રો અને સ્નેહીઓ માં 'દાદાસાહેબ' –અમદાવાદની બહારે સમસ્ત ગુજરાત માં એક ચારિત્ર્યશીલ વિભૂતિ છે મહાગજરાત પણ તેમને માટે ગુજરાત જેટલું જ ગૌરવ લઈ શકે છે, જોકે દાદાસાહેબે તો આત્યાર પહેલાના જીવનમાં એક ગુજરાતી તરીકે ગુજરાત માં જ સેવા બજાવી પોતાને અગ્રગણ્ય ગુજરાતી ઠરાવ્યા છે પરંતુ આજે તો તેઓ સમસ્ત ભારતના આદરના અધિકારી બન્યા છે

એમનો જન્મ ગુજરાતમાં જ તેમાં ગોમાળ વડોદરામાં ઈ ૧૮૮૮ની ૨૬મી નવેમ્બરે થયો હતો પેશવાઈ કાળે તેમના પ્રવજો અમદાવાદ નામનું એક ગામ લઈ પેઢીના ભોગવટામાં પરંતુ મળ્યું હતું. તેમના પિતાશ્રીના વખતમાં તે મુક્ત પુરી થતા તેમણે સરકારના ન્યાયખાતામાં નોકરી લીધી હતી

દાદાસાહેબે દાદરસ્કૂલના છ ધોરણો કે લ્હાપુર માં ગણરામ કૉલેજમાં પૂરા કર્યા ગોમરા મહાદેવ, ગણેશ્વર દાનપુર વગેરે ગામોએ પિતા ની જોડે એ ફરેના તે દિવસો એમની સ્મૃતિમાં મજીવ છે એમના પિતા નિષ્ઠાવાન અને ચારિત્ર્યશીલ પુરુષ હતા તેમના સ્મરણો અને આદેશો માં અસર દાદાસાહેબ માં જીવનમાં ખૂબ જાગતી છે એમ માં બાપા તેમણે ૧૯૦૮મા ધુ નાની વયે ગુમાવતા તેમણે માતુશ્રીનું શાસન એક ચુસ્ત આજ્ઞા માં પુત્ર પેઠે સ્વીકાર્યું છે માતા નાનજ તને જેવું એ કહી આચરવાનાદિ અને માતૃભક્તિ માં એ ઉજાળ તાએ જ તેમનામાં સાચી દેશભક્તિ પેદા કરી એમ કહી શકાય માતાને પ્રસન્ન કરવા માટે-અગત સિદ્ધાંતોસુદ્ધાંનો પણ એમણે કેટલીકવાર ભોગ આપ્યો છે, આ એજ બાબે પ્રેરાઈને આજે તેઓ દેશના અગ્રમુખ બની શક્યા છે

એમનું વિદ્યાર્થીજીવન પણ તેજસ્વી હતું અમદાવાદ આવીને આરબી હાઈસ્કૂલમાંથી ઈ ૧૯૦૪મા મૅટ્રિક પાસ કરીને તેઓ ગુજરાત કૉલેજમાં દાખલ થયા ત્યારે ૧૯૦૮મા બી એ થયા કૉલેજની બી એ ત્રણે પરીક્ષામાં સર્વદેશીય પ્રતિષ્ઠાના માટે તેમને સ્કૉલરશિપ મળી હતી. ૧૯૦૯મા એક વર્ષ માટે ફેલોશિપ પણ મેળવી

દેશભક્તિ તો તેમને રગેરગે ભરી હતી બાળપણની ચાલચલગત અને ગિલક્રાઈસ્ટ વગેરે જાણતોએ તેમને દેશસેવામાં ઝંપલાવવા પ્રેર્યા અને દેશની ઔદ્યોગિક બાબતોમાં ઉપયોગી થવાય તેવા વિષયો તરીકે ભૌતિક અને રસાયણશાસ્ત્રનો વિષય બાજુ લીધો કેમ તરીકે ઇજનેર આર્ટ્સ વિદ્યાર્થીઓને તે યાંત્રિક (ઇજનેરશાસ્ત્ર) લીધવાનો એમ ઈજનેર રસાયણ વિષયમાં જ એમ બી એ થયા હતા પણ ૧૯૧૦મા વડીલોએ આગ્રહ કરી તેમને વકીલાતના અભ્યાસ માટે મુંબઈ મોકલ્યા તે વર્ષ તેમને દાદાસાહેબની જીવનમાં બીમારી નડી ઈ ૧૯૧૧-૧૨મા એલ એલ બી ની અને પરીક્ષાઓ ફર્સ્ટ ક્લાસમાં પાસ કરી

અભ્યાસકાળમાં તેમણે નોંધ તેઓ ન હતા, પણ જાતમહેનતથી કરેલા વાચનોથી પોતાનો વિષય

પાકો કરી લેતા. દેશસેવાની તકો હાથ કરવા તેમણે પૂનાની સાર્વજનિક સંસ્થાઓ જોઈ,'દિંદ સેવકસમાજ' આવકારી. પણ અનુભવીઓની સલાહ મળી કે પરોપજીવી સંસ્થાઓમાં રહી ધંધાદારી રાજદ્વારી બનવા કરતાં સ્વાવલંબી લોકસેવક બનવું. આથી ડૉક્ટર, વકીલ કે શિક્ષક બનવાની અભિલાષાવાળા યુવાને વકીલાત આદરી.

પરંતુ દાદાસાહેબે વકીલાતમાં કદી પર્યાપ્તિ માની નથી. વકીલાત સેવા અર્થે છે એ વિચાર તેઓ હમેશાં આગળ રાખતા. અનેક પ્રસંગોએ તેમનો આ આદર્શ તેઓ પ્રત્યક્ષ કરી ચૂકયા છે. ઓછા ખર્ચથી નિભાવવું એ તેમનું એક વ્રત છે. તેથી જ મુંબાઈમાં ધંધો ન કરતા અમદાવાદમાં ઘર આગળ જ તેમણે કારકિર્દી શરૂ કરી અને થોડા જ વખતમાં તેમની પ્રતિષ્ઠા જામી પડી. જૂના અને જાણીતા મોટા વકીલો ને બૅરિસ્ટરોની હરોળમાં પણ તેમણે નવી ભાત પાડી બતાવી. એ પ્રતિષ્ઠા તેમનાં ચારિત્ર્ય અને ઊંડીન અભ્યાસ તથા સેવાભાવને આભારી છે. તેમના પહેલાંના સાથીદારોએ પણ તેમની એ લાયકી સ્વીકારી છે.

તેમણે ખરેખરી વકીલાત તો ઇ.૧૯૧૩માં સનદ મળી ત્યારથી જ શરૂ કરી. એકવાર કેળવણી નિરીક્ષકના આગ્રહથી અનિચ્છાએ સરકારી ડેપ્યુટી કલેક્ટરની નોકરી માટે અરજી કરેલી. કમિશ્નરે તેમના માટે ભલામણ પણ કરેલી, પરંતુ બીજી હરીફ માટે સર પટ્ટણીની વગ લાગતા એ વાત રહી ગઈ. આથી તેમને તો આનંદ જ થયો કે સ્વતંત્રતા અને આદર્શ સચવાયાં.

વકીલાત જેવા ધંધામાં રહીને પણ જીવનના આદર્શો અનુસાર સેવા કરવાનું ક્ષેત્ર તેમને સ્વ. ઈ. ખા. અંબાલાલ સાકરલાલ દેસાઈ પાસેથી મળી ગયું. એમના કેળવણીમંડળના તે સેક્રેટરી બન્યા. ગુજરાતના એ મહાભાગ પુરુષના નિકટ સહવાસની મીઠી સ્મરણો અને જીવનતત્ત્વો એમણે હજુ સાચવી રાખ્યાં છે.

સાર પછી તો દાદાસાહેબની સેવાઓ એક પછી એક જે મહત્ત્વની સંસ્થાઓ સ્થપાતી ગઈ તેમાં જોડાતી જ આવી છે. ૧૯૧૫માં ગુજરાત રાજકીય પ્રાંતિક પરિષદના પત્રવ્યવહારના તે મંત્રી હતા, અને પાછળથી વોલંટિયરોએ તેમને લેફ્ટેનંટ બનાવ્યા હતા. એ સિવાય દરેક કામનો ભાર એમના ઉપર પડતો, અને એ બધું નામનાની ઇચ્છા કર્યા વગર તે માત્ર રાજીખુશીથી ઉપાડતા.

એમના કાર્યથી મુગ્ધ બનેલા કાર્યકરોએ તેમને ૧૯૧૬માં ગુજરાત સભાના સહમંત્રી નીમ્યા. ૧૯૧૭માં પૂ. ગાંધીજીની સરદારી હેઠળ મૉંટેગ્યુ સાહેબને અરજ કરવાનું તથા ખેડા જિલ્લામાં પાક ઓછો ઊતર્યો તે બાબતની સ્થિતનું કામ તેમાં તેમ જ ગુજરાતસભા માર્ફત એ વર્ષે બીજાં જે ઘણાં કામો થયાં તે બધાંમાં તેમનો ફાળો રંગીન હતો. ૧૯૧૯ના રૉલેટ સત્યાગ્રહમાં તે ભાગ લેવા તૈયાર ન હતા, પણ ૧૯૧૮નું ઇન્ફલુએન્ઝાનું કામ અને ૧૯૧૯ની દુષ્કાળનિવારણ સમિતિનું કામ એમના એકલાના જ હસ્તક ૧૯૨૦ સુધી ચાલ્યું હતું.

૧૯૨૦માં એમનાં પ્રથમ પત્ની ગુજરી જતાં એ વિરસમનસ્ક બની ગયા હતા ને હવે સેવામાં જ જીવન ગાળવું એવો નિશ્ચય કરેલો, પરંતુ પુત્રસંતતિ ન હોવાથી તેમનાં માતુશ્રીનું દબાણ થયું. એ એક જ વ્યક્તિ આગળ તે પોતાનું શાણપણ છોડી દેતા, એટલે ૧૯૨૧માં ફરી વાર પરણ્યા. પણ વકીલાત પર બહુ ભાર ન રહ્યો.

૧૯૨૧–૨૨માં વકીલાત બંધ રાખી પ્રાંતિક સમિતિનું કાર્ય તેમણે કર્યું અને પોતાની વ્યવસ્થાશક્તિનો પરિચય આપ્યો. મ્યુનિસિપાલિટીમાં પહેલવહેલા ૧૯૧૯માં દાખલ થયા, કેળવણીવિષયક અસહકારમાં ભાગ લીધેલો. ૧૯૨૧ની ૨૬મી રાષ્ટ્રીય સભાના સામાન્ય મંત્રી તરીકે તેમણે અતુલ ભાર ઉઠાવ્યો હતો. એ વખતે જનતજનના વિરોધો અને ઉશ્કેરાએલા વાતાવરણ વચ્ચે પણ તેમણે હિંસાની ચોખ્ખાઈ અને ક્રમ નિયમન સાચવીને પોતાની સિપાહીગીરી અને શિસ્તનો અજોડ દાખલો પૂરો પાડ્યો હતો. તેમના સહમંત્રી શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક મતભેદને કારણે ખસી જતાં તેમના પર બોજો આવ્યો, છતાં બે એ સભાની કાર્યવાહી જરા પણ વિચ્છિન્ન બની નહોતી. પહેલાંના કોઈ પણ પ્રસંગે આટલા લાંબો ઓછી હિંસાની વ્યવસ્થા બતાવી ને કૉંગ્રેસ મુંબઈમાં બીજે જ દિવસે પૂરો હિસાબ બહાર પાડી બતાવ્યો.

૧૯૨૩માં પાછી વકીલાત ઉપાડી. ૧૯૨૪માં મ્યુનિસિપાલિટીમાં ચૂંટાયા અને આરોગ્યસમિતિમાં નેતા તરીકે કાર્ય કર્યું. ચોકખાઈ માટેની તેમની ચીવટ તો જેઓ સાથે રહ્યા હોય તેઓ જ સમજી શકે. પણ મ્યુનિસિપલ વહીવટમાં એમણે તે સાર્વત્રિક કરવાનો આજ સુધી રાખેલો આગ્રહ વ્યક્તિગત નિશ્ચયોનું જ ફળ છે.

ઇ.૧૯૨૭માં રેલસંકટનિવારણનું કામ તેમના પર

પડ્યુ અને તે ઘણો વખત ચાલ્યુ. ૧૯૨૯મા મ્યુનિસિપાલિટીમાથી રાજીનામુ આપી તે યુરોપના પ્રવાસે ગયા ઘણાને લાગતુ હતુ કે દાદાસાહેબ બૅરિસ્ટર થઈને આવશે, પણ ખરી રીતે તો તેઓ આત્મવિકાસ અર્થે અને જગતની અદ્યતનાઓની સ્થિતિના પૂર્ણ રૂપો અને જનજીવનના પ્રજાજીવન નિરખવા ગયા હતા, એ તેમની સાથે પાઠળથી વાતો કરનારને સ્પષ્ટ થયુ છે તેમના કહેવા મુજબ એવા પ્રવાસથી આપણી કૂપમંડૂક વૃત્તિ ખરેખર દૂર થાય છે કેળવણી, આરોગ્ય અને વ્યવહારમા સમગ્ર પૃથ્વી ઉપર અસર પાડનારી પ્રજાઓના દૃષ્ટાંત કાર્ય કરનારે દિની જનતા આગળ રજૂ કરવા જોઈએ એ વિચાર યુરોપ જઈ આવ્યા પછી મક્કમ થયો

૪ ૧૯૨૯મા સાયમન કમિશનના બહિષ્કાર માટે ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓએ હડતાલ પાડી ત્યારે દાદાસાહેબે તેની સરદારી લઈ, મક્કમતાપૂર્વક સંદેશાઓ ચલાવ્યા, માનભર્યું પરિણામ ઉતાર્યું હતુ ને વિદ્યાર્થીઓને યશ અપાવ્યો હતો.

અને ૧૯૩૦નું આંદોલન તો કોણ ભૂલી શકે ? વકી લાત ધૂમ ચાલતી હતી, છતા રાણપુર તપાસસમિતિના ચેરમૅન તરીકે હમતે મોએ દાદાને જેલમા ઊભેલા જોનારાઓ તેમની સમયતત્પરતાની કદર કરી શકયા તે પોતે તો આત્મિક ઉન્નતિ માટે અનાયાસે મળેલી તક તરીકે એ પ્રસંગને મહાર છે જેલમાથી તે પોતાના જીવન માટે વધુ કડક શિસ્ત અને સમયગણતરી લઈ આવ્યા હોય એમ લાગે છે, પણ તેમણે મિત્રો કે સ્નેહીઓ અથવા આપદ્મા મપડાએલાઓ માટે યોગ્ય સહાય કે સલાહ આપવામા જરાયે ઢીલ બતાવી નથી માત્ર ટાઢટપ્પા કે ખુશામતી વાતો તેમને પસદ નથી.

મહાસભા સાથે ની સમાધા ની પડી ભાગ્યા પછીથી તેની સાથે સંબંધ ધરાવતી દરેક સસ્થા ગેરકાયદેસર હરી હતી, અને અનેક બાબતોમા મુખ્યતા રાખવાની ફરજો હતી. એ વખતે દાદાસાહેબને અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખપદેથી ઘણા વિકટ અને ચતુરાઈ તેમજ બુદ્ધિની વિચક્ષણતાની કસોટી આપવાના પ્રસંગો આવેલા તેમા ખાસ કરીને કેટલાક કૂટોની બાબતમા જિલ્લા કમિશનર તરફથી જે મતલબો થએલા તેના જવાબ આપતા દાદાસાહેબે જે મક્કમતા બતાવેલી તેના પ્રતાપ તરીકે વિના કાનૂને તેમને ગિરફતો એકાતવાસ લગભગ ૯ા ૧૦ માસ સુધી ભોગવવો પડેલો આર્થિક ભોગ અને રજાનો તેમજ રકાર્યનો વિયોગ પણ એ દરમિયાન એમને સારા જ હશે, તથાપિ પોતાના કર્તવ્યને યથાર્થ । અદા કર્યાનું ગૌરવ તેમના સસ્મિત વદનમા એ વાત કરતા ઝળકયા વિના નથી રહેતુ

મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા ત્યારે તેમને ઘણા મહત્ત્વના સ્થળો અને પ્રસંગોમા સરકારી અમલદારો સાથે હાજરી આપવી પડતી અને એ વેળા થએલી વાતચિતો અને હેવાલ તે રાજ જ રોજ મ્યુનિસિપલ ઍક્ટિમના કાનૂન પાસે ઉતરાવી લેતા એની મોટી ફાઈલોની ફાઈલો આજે ઉપયોગી થાતી જોવી થઈ પડી છે.

તેઓ કદી પણ સરકારી માનપાનની લાલચમા અગર કનાબણીના પ્રસંગોમા અસ્થિર કે સ્વાનિવશ નથી જણ્યા તેમના અભ્યાસ અને દેશભક્તિ એ પ્રસંગોનુ મહત્ત્વ અને જોખ જોઈ શકે છે, તેમજ આત્મભોગ । પરાયણ ગણતા કાઢી આપે છે કાર્યો પાર ઉતારવાની નીતિમા તે સરદાર શ્રી વલ્લભભાઈના પ્રશંસક છે શૌર્યમા તે મનાતી મહત્તનતના વીરોને દૃષ્ટિ સમીપ રાખે છે દાદાસાહેબને મનની બખરોની વાત કહેતા માલજો કે જુઓ તો ઊંચામા ઊંચા અભિપ્રાયકારને ભૂલી જતાં કે જતાવે કહેવાનો પણ તેમને સ્વાદ મળતો હશે યોગ્ય સમય અને શ્રોતા મળી જાય તો તેમની પાસે વાતો અને સ્મરણોના પાર નથી તેમની સ્મૃતિ અજબ છે તારીખ-સાલ સાથે પ્રસંગના પાત્રો અને તેમના શબ્દો પૂરી સગતિ જતાવી રસપૂર્ણ ભાષામા તેઓ કહી શકે છે આ શક્તિ વિકસાવવામા તેમની પોતાની જાગૃતિ અને ઉદ્યોગ પણ ફાળો આપી રહ્યા છે

દાદાસાહેબ નિત્યનોધ લખ્યા સિવાય રહેતા નથી ઉપગત કોટો બંધ હોય ત્યારે વરખર્ચ ા દિસાળો પણ જાતે તપાસી લે છે આ ચોકમાશ અને ચીવટ બહુ જ થોડી વ્યક્તિઓમા હશે વિનોદ તેમને બહુ પ્રિય છે, અને તે તો હવે તેમના જાહેર જલસાઓથી દુનિયા પણ જાણતી થઈ છે.

અમદાવાદમા હોય ત્યારે સવારમા નિયમસર ફરવા નીકળતી વખતે જેતપોશાકમા જ હોય! આથી પોશાકના ધમડીઓનું માન ઘવાતુ હશે, પણ દાદા સાહેબ સાથે ચર્ચા કરવાની હિંમત કરનારને કોઈ નીં-

કર્યું નથી. એ પ્રભાતફેરી વખતે ઘણા મિત્રોને નજર મેલાપ આપવાની એમણે સુંદર પ્રથા રાખી છે. ભલે એકાદ મિનિટ, પણ મિત્રના ઘર આગળ ઊભા રહી, ખબરો પૂછી, આગળ ચાલી નીકળે. આથી દાદા-આઠેકના પરિચયવાળા અદના માણસને પણ એમ ન લાગે કે તેઓ તેને વીસરી ગયા હશે.

મ્યુનિસિપાલિટી કે વકીલાતે તેમનામાંથી કળા અને સાહિત્યનો પ્રેમ જરાયે ઓછો થવા દીધો નથી, એટલું જ નહિ પણ તે સાહિત્યકળાના દરેક પ્રસંગોમાં જાતે હાજરી આપવાનું યે ચૂકતા નથી; અને પ્રસંગોપાત ગદ્ય ભાગ પણ લેવાના જ. કેળાવણી બાબત તો તેમને રાતદિવસ વિચારો કરતા અંગત મિત્રોએ જોયા છે. સરકારી અંકુશ વગરની એક કૉલેજ અમદાવાદમાં હોવી જોઇએ એ તેમનો ખ્યાલ હડતાલના દિવસોથી હતો અને પોતે રત્નાગિરિમા પુરાયા હતા ત્યારે પત્રો દ્વારા મિત્રોને તે બાબત યાદ દેવડાવી, પૂનાની દક્ષે એજ્યુકેશનલ સંસ્થા શરૂ કરી, જનતાનો આગળ પડતો હિસ્સો લઇને પછીથી શ્રીમંતોને ખેંચવાની યોજના તેમણે જણાવી હતી. તે ઉપરથી ૧૦૦ રૂપિયાના શેરો કરી અમદાવાદ એજ્યુકેશન સોસાએટી રચવામાં આ છેવટે શેઠ કસ્તુરભાઇ તથા તેમના કુટુંબ પાસેથી સારી સખાવત મેળવવામાં અગ્ર ભાગ લઇ દાદાસાહેબે એ બ્યાલ મૂર્ત કર્યો છે.

તેમના જીવનની આ તો માર્ગદર્શક પંક્તિઓ માત્ર લખાઇ છે. મેળા અને ઉદ્યોગથી ભરચક જીવનમાં તેમણે જે અનેક અનુભવો અને કીમતી જીવન મંત્રો પ્રાપ્ત કર્યા છે, તે તો તેઓ પોતે જ કોઇ શાંતિની પળે કહી શકે. તે જન્મે મહારાષ્ટ્રીય કહેવાતા છતાં સાચા ગુજરાતી તરીકે અમદાવાદમાં રહ્યા છે, અને ગુજરાતનાં ગૌરવ તથા અસ્મિતાની મૂર્તિ રૂપે ઇલાકાના મોવડી બન્યા છે. તેમની રાષ્ટ્રના મોવડી થવાની લાયકાતની એ આગાહી હોય એવું ધ્વનિત થાય છે.

રવિશંકર રાવળ

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: 'દીનનો દિલાસો', ચતુરભાઈ પટેલ (મુંબાઇ); બીજું ઇનામ: 'પેટ ઊંડ આકાશે ના!', બાબુ જેરામ આસર (કરાચી); ત્રીજું ઇનામ: 'છાણાંવાળી', એમ. એસ. યશરાવળા (અમદાવાદ) નોંધપાત્ર (ગુણ પ્રમાણે): (૧) 'ખિસ્તી', પ્રાણલાલ પટેલ (અમદાવાદ); (૨) 'પથિકો', એસ. એન કાદરી (અમદાવાદ); (૩) 'હાલ સરોવર', મહેન્દ્ર પટેલ (ખરોહડા); (૪) 'સાયકાળનાં વાદળ', મણિલાલ એકલેસરિયા (એકલેશ્વર); (૫) 'ઘુમ્મટ', ઉત્તમલાલ અજેરી (માંડલે).

'દીનનો દિલાસો' ફોટો ચિત્રમાં ગામડાનો કોઈ માનવી રોજિંદા કામમાંથી પરવારી, આરામ વેળાએ થાક ઉતારવાના આશયથી હુક્કો પીતો નજરે પડે છે. બેસવાની ઢબ અને ચહેરા પરના ભાવ બહુ જ કુદરતી છે, બીજી ચિત્રના ગુણ વધે છે. ટેકનિક સારી છે. ફ્રેમિંગ વધારે તીક્ષ્ણ હોવું જોઇએ.

બાઇ આસરે સાંયકાળે આકાશમાં તરતા વાદળાં અને તેથી બનતા વાતાવરણનો ઉપયોગ કરી, સાધારણ વિષયમાંથી સુંદર ચિત્ર ઉપજાવ્યું છે. મુખ્ય વિષયને લંબચોરસમાં ત્રાંસું ગોઠવવાથી કેટલીક વાર ચિત્રમાં નવીનતા સાથે આકર્ષણ વધે છે. આ માટે ચોપાસથી કાપકૂપ કરવી જોઇએ છે. બાઇ આસરનું ચિત્ર આગે કાપીને છાપ્યું છે.

'છાણાંવાળી'માં બાઇ પથરાવાળાએ હરહંમેશનાં દરિકને નજરે પડતી ક્રિયાને મૂર્ત સ્વરૂપ આપ્યું છે. પાત્રમાં ઠોઠી વિષયને અનુરૂપ ગણાય. સંયોજન સારું છે.

બ્રિટનમાં એક વર્ષમાં ૨૫,૦૦,૦૦,૦૦૦ ફોટોગ્રાફો પડાય છે અને આ વર્ષે ઑગસ્ટના એકઅઠવાડીઆમાંજ ૫,૦૦,૦૦,૦૦૦ ફોટો નેગેટિવો એકસપોઝ થઇ છે એમ કહેવાય છે એ નેગેટિવના છેડે બીજી અને બીજાના છેડે ત્રીજી એમ એક પછી એક નેગેટિવ જોડીએ, તો તેથી ગોળા પૃથ્વીના વિષુવવૃત્ત (Equator)ની આજુબાજુ વીંટળાઇ રહે તેટલી નેગેટિવો એક વર્ષમાં બ્રિટનમાં વપરાયાની ગણતરી નીકળી છે

મુંબાઇમાં વસતા ફોટોગ્રાફીના કેટલાક રસિકોએ સારા હિંદુસ્તાનમાં આ કલા માટે જનતાનો પ્રેમ વધારવાના અને તેમાં એકબીજાને મદદ કરી, વ્યક્તિગત પ્રગતિ કરાવવાના શુભ આશયથી 'ધી ફોટોગ્રાફિક સોસાએટી ઑફ ઇન્ડીઆ' નામના મંડળની તા. ૨૬–૮–૧૯૩૭ના રોજ સ્થાપના કરી છે. મુંબાઇની રૂલ ઑફ લૉના ડાયરેકટર શ્રી સી આર. જગાઇને પ્રમુખ તરીકે ચૂંટેલા છે. શ્રી એમ. દેસાઇ અને શ્રી કો. રહિમતુલ્લા તેના માનદ મંત્રીઓ છે. સામાન્ય સભ્યનું વાર્ષિક લવાજમ રૂા. ૧૨ અને દાખલ ફી રૂા. ૫ છે. વધુ માહિતી માટે શ્રી એમ. દેસાઈ પોસ્ટ બૉકસનં. ૫૫૨૨ મુંબાઇ, એ સરનામે પત્રવ્યવહાર કરવો. મણિબહેન ભટ્ટ



હવે જયાથી ન રહેવાયુ 'મા' કહી તે માને ગળે વળગી પડી.

સાવકી મા

જેમ જેમ આગગાડી શહેરની વધારે નજીક આવતી જતી હતી તેમ તેમ જયાની આખમાથી વધારે ને વધારે આસુ વહી જતાં હતા. થર્ડ કલાસનો એ ડબ્બો બૈરાઓથી ભરેલો હતો. બધી જ સ્ત્રીઓ જયા અને ઇન્દુની દયા ખાતી હતી પણ ઇન્દુ તો કયારનો યે પુરીબાઇના ખોળામા માથું મૂકી ઉંઘી ગયો હતો. પુરીબાઇએ પોતાનીવાત ડબ્બામાં બેઠેલી બધી સ્ત્રીઓને બેત્રણ વાર કહી હતી, અને જેટલે સ્ટેશને નવા ઉતારૂઓ આવે તેમને ચાર બેની એ વાત ફરી મડાતી.

પુરીબાઇની શેઠાણી ભરજુવાન અવસ્થામાં મરી ગઈ હતી,—જયા અને ઇન્દુને નાનકડા મૂકીને. એ વાતને તો અઢી વરસ થયા; કેમકે ઇન્દુના જન્મ પછી તરત શેઠાણી મરી ગએલા, ને ઇન્દુ આજે અઢીનો થયો. શેઠાણીના જીવતા પણ છોકરા પુરી પાસ જ વધારે રહેતા પછી તો જાણે એણે પોતના છોકરા માફક જ ગણ્યા. હવે પુરી બાઇના શેઠ ના લાવ્યા હતા. 'બિચ્ચારા છોકરાઓ' સગી માનો સામો બોલ મરખો નથી સાભળ્યો તે હવે સાવકી માના આસરા કેમ બાશે?' આખમા એકે આસુ હતુ નહિ, છતા પુરીબાઇએ પાલવથી આખો લૂછી જયાની આખો રાતા આસુથી ઊભરાઈ ગઈ.

શેઠ પરણીને આવે એટલા દિવસ પુરીબાઇ છોકરાઓને પોતાને ઘેર ગામડે લઈ ગઈ હતી. ઊતરવાનુ પાસે આવ્યુ એટલે જયાએ રૂમાલ કાઢી મોઢુ લૂછી બીધુ. ઇન્દુ તો હજી ઊંઘતો હતો સ્ટેશન આવ્યુ. જયાએ બારીમાથી પોતાના બાપુને જોયા. હાશ! બાપુ એકલા જ હતા પુરીબાઇ કહેતી'તી કે નવી મા કદાચ સાથે સ્ટેશન ઉપર પણ આવે પણ બાપુ એકલા જ હતાને પહેલા જેવા જ દેખાતા હતા બાપુએ ઊંઘતા ઇન્દુને ઊચકી લીધો અને જયાનો હાથ ઝાલી પૂછયું, 'કેમ' ગામડાની ધૂળ ખાઇ આવ્યા કે?' આ શુ? પુરીબાઇ તો કહેતી હતી કે નવી મા બાપુને પણ એવા વશ કરી લેશે કે બાપુ પણ જલ્દે જુદા જ થઇ જશે!

જેમ જેમ ગાડી ઘરની પાસે આવતી ગઇ તેમ તેમ જયાનુ હૃદય ધડકવા લાગ્યુ કદા .ચ નવી મા સારી પણ હોય . પણ ના, એવું તે બને? પુરીબાઇએ ઓરમાન માની કેટલી બધી વાતો કહી હતી! અને બાની જગ્યા કોણ પૂરી શકે' જયાને બા સાભરી. તેણે બાપુનો હાથ છોડી દઇ જોરથી રડવા માડયુ ઇન્દુ પણ રડતો હતો, પણ એ તો ઊંઘમાથી જાગ્યો, અને ભૂખ્યો હતો એટલે.

સામી બેઠક ઉપર બેઠેલી પુરીબાઇએ ફરીથી આંસુ વગરની આંખો લૂછી, અને જાણે ઘણીએક શ્રદ્ધા હોય તેમ આકાશ તરફ જોઇ તે બોલી, 'હે ભગવાન!'

ઘર આવ્યું. ઇન્દુ હજી રડતો હતો. પણ ઓટલા ઉપર ઊભેલી સ્ત્રીને જોઇ જયાની આંખોનાં આંસુ તો સુકાઇ ગયાં. આ નવી મા? પણ આ તો કેવી રૂપાળી! ઓરમાન મા તો કદરૂપી ન હોય? કદાચ આ બીજું કોઇ હશે! બાપુએ રડતો ઇન્દુ એ સ્ત્રીના હાથમાં મૂક્યો. સ્ત્રી હસતી હતી; ફક્ત એનું મોઢું જ નહિ પણ આખું શરીર જાણે હસતું હતું, અને એની આંખોમાં નાના છોકરાં જેવું તોફાન ચમકતું હતું. બાપુ કાંઇ પણ બોલે તે પહેલાં જ તે બોલી, 'ઓહો! હું તો એકદમ બે છોકરાંની મા થઇ ગઇ!'

'એ કેટલી સુંદર છે!' ન છૂટકે જયા મનમાં બોલી. ને ઇન્દુ પણ હવે રડતો ન હતો; પણ અંદર જઇને ઇન્દુએ નવી મા પાસે ખૂટ કદાગ્યા એ તો જયાને પણ ન ગમ્યું.

પુરીબાઇ જયાને ઝટઝટ અંદર લઇ ગઇ. નોકરોની ઓરડીમાં જઈ તેણે જયાને છાતી સરખી ચાંપી કહ્યું, 'દીકરી જયા, હવે તો આપણે સૌ ચાકર! એ જ શેઠાણી! બાપ! મારા ઇન્દુને ભુરકી નાખ્યો!' જયાને કાંઇ સમજણ ન પડી. પુરીબાઇ તો ચાકર જ હતી ને? અને ભુરકી એટલે શું?

જયા પાછી પેલા ઓરડામાં આવી. નવી મા ઇન્દુને પૂછતી હતી, 'દૂધ પીવું છે ને?' એકદમ પુરીબાઇ બોલી ઊઠી, 'મારા સિવાય કોઇની પાસે ઇન્દુડો દૂધ પીતો જ નથી—એની મા ગઇ ત્યારથી.' હસીને નવી શેઠાણી બોલી, 'પણ હું એની મા જ છું ને?' જયાને લાગ્યું કે સાવકી મા પુરીબાઇ સાથે લડશે, તેથી તે બોલી ઊઠી, 'તમે તો ઓરમાન મા છો. અમારી મા તો મરી ગઇ છે.'

વિજયભરી આંખે પુરીએ શેઠાણી તરફ જોયું. શેઠાણી જયા પાસે આવી મીઠે અવાજે બોલ્યાં, 'જયા, હું ઓરમાન છું કે નહિ તેની પરીક્ષા તો તું લઇશ ને? અત્યારથી શું?'

નવી માએ દૂધનો પ્યાલો ઇન્દુને આપ્યો, ઇન્દુ નિરાંતે દૂધ પીવા લાગ્યો. જયાને લાગ્યું કે ઇન્દુ કેટલો બેવકૂફ!

રાત્રે જમી પરવારી બધાં બેઠાં હતાં. બાપુ રોજ માફક કાંઇ લખતા હતા. પણ નવી મા બાપુ પાસે જઇ, તેમની ખુરશી પકડી બોલી, 'આજે તો તમે અમારી સાથે રમવા આવો. કાલે રવિવાર છે, પછી શું?' જયા તો હબકી જ ગઇ! બાપુ કામ કરતા હોય ત્યારે ટેબલ પાસે જવાય? પણ બાપુ જરા યે ન ચીડાયા. હસતા હસતા છોકરાંઓ સાથે રમવા આવ્યા. નવી માએ ખૂબ રમકડાં મગાવી રાખ્યાં હતાં. ઇન્દુ તો ત્યાં જ સૂઇ ગયો. મા તેને ઊંચકીને સુવાડી આવી. નવ વાગ્યા ને જયા પણ બગાસાં ખાવા લાગી.

'જયા, ઊંઘ આવતી હોય તો પુરીબાઇને બોલાવ'; બાપુ બોલ્યા. પણ મા કહે, 'પુરીબાઇનું શું કામ છે! ચાલ જયા, હું જ સુવાડી દઉં.' પલંગમાં સુવાડ્યા પછી મા બોલી, 'જયા, પ્રાર્થના કરવાની ટેવ છે? ઠીક, આજે તો મોડું થયું છે; પણ કાલે એક વાર્તા કહીશું.'

જયાને આ મીઠી મા ઉપર બહુ હેતનો ઉભરો આવ્યો, છતાં તેણે સખ્ત થઇ કહ્યું, 'મારે વાત નથી સાંભળવી. પુરીબાઇ કહે છે કે તમે તો અમને ભુરકી નાખવા માગો છો. તમે તો ઓરમાન મા છો ને!' જયાએ સમજણ પાડતાં કહ્યું. અંધારામાં જયાથી બરાબર દેખાયું નહિ, પણ તેને લાગ્યું કે માની આંખમાં આંસુ હતાં. ઘણા દિવસથી 'મા' માટે ભરી રાખેલો પ્રેમ જયાના હૃદયમાં ઊભરાઇ આવ્યો, ને આંસુ દ્વારા બહાર આવવા લાગ્યો. રડતીરડતી જયા ઊંઘી ગઇ.

સવારે મા હસતી હસતી જયાને ઉઠાડવા આવી. કેવું મીઠું એનું હાસ્ય! હવે જયાથી ન રહેવાયું. 'મા!' કહી તે માને ગળે વળગી પડી.

પણ કેવું વિચિત્ર! ખુશી થઇ હસવાને બદલે મા-એ રડવા માંડ્યું! વિનોદિની નીલકંઠ

C. ઘણા તરુણોને ઝંપલાવ્યા પહેલાં તેમનામાં રહેલા પાણીની ખબર નથી હોતી; પણ તેથી યે ઘણાને તો પોતાનામાં રહેલી નાલાયકીની ખબર નથી હોતી.

C. અનુકૂળ સંજોગોમાં જીવનો માણસ સુખી છે; પણ સંજોગોને અનુકૂળ બનાવી જીવતો માણસ એથી વધુ સુખી છે.

C. શિખામણોને તમારું સુકાન બનાવો; પણ સુકાની તો તમે જ રહો.

સામયિક ચિંતન : અર્ધ માનવો

(અનુસધાન પાછળ પૃ ૪૯૦ થી) જે જોયુએ તે એ મેળવી શકે છે, એમને બધુ જાતે ઉત્પન્ન કરનારા સાચા જીવન-સ્વરૂપને જોઇને તે ડઘાઈ જાય છે

આવા નગરજનની સાથે એકાદ ભીલનું જીવન સરખાવો ખરેખરી રીતે જગતમા જન્મતો દરેક બાળક ભીલ જેટલો જ જગલી છે તેને ભાષા, હુનર કે વિદ્યા જ્ઞાન કશુ જ હોતું નથી, એટલે જગતમા જન્મેલો પ્રત્યેક બાળક પ્રથમથી તો સરખી જ બુદ્ધિ લાવેલ હોય છે, પછી મળે છે માત્ર કેળવણી

પેલો ભીલબાળ (બીલકુલ અસભ્ય) નાનપણથી જ જીવનસરક્ષણની ક્રિયા નિરખવા માડે છે તેનામા જરાક તાકાત આવે છે એટલે તે ઉપયોગી કામ કરવા લાગે છે એને તો છૂટકો જ થાય નહિ માબાપની સાથોસાથ તેને બધુ કરવુ પડે છે એને ચીજો દુકાનમાથી લાવવાની હોતી નથી જે કંઇ જોઇએ તેને માટે કદક બુદ્ધિ અને બળ વાપરવા જ પડે છે એને અન્ન વેચાતુ લાવવાનુ હોતુ નથી, પણ ઉગાડવુ ને પકાવવુ પડે છે માસ કે મત્સ્ય શિકાર કરી મેળવવાના હોય છે ઘરવખરી બધી જાતે બનાવી લેવાની તો ખરી જ, પણ તેના ઓજારો અને હથિયારો પણ કરી લેવાના રહ્યા આથી એ જગલી છોકરાને જીવનક્રમ તરીકે,તેમ જ ભીડયા, કેળવીયે કરામતો અને કારીગરી જાણવા પડે છે તેના હાથમા ચાલાકી હોય છે, ખોદવુ, બાધવુ, વણવુ, ઘડવુ કે ચડવુ બધા કામોમા તે પાવરધો બને છે.

હવે જુઓ શહેરી બધુને તે જરાકે સમજણો થયો કે પહેલી વાત એ શીખે છે કે પૈસો મેળવવો અને તે વડે દુકાનોમા જઇ, જોઇએ તે વેચાતુ લઇ આવવુ આથી મૂળ બીનાઓ તેના ખ્યાલમા જ નથી આવતી અનાજ દુકાનમા કયાથી આવ્યુ, કયા અને કેમ ઊગ્યુ તેનું જ્ઞાન તેને હોતુ નથી જગલવાસીને તે જાતે ઉપજાવવાનું હોય છે શહેરી બાળકને તેના મનને ન સમજાતી અનેક આર્થિક યોજનાઓ વડે તે મણી રહે છે

શહેરી કુમાર જાતભાતના વાસણો, પદાર્થો અને ઘરવખરી 'વાપરવા !!' વિચારો કરે છે, પણ એ ચીજો કેમ બને છે તેના વિચારો તેને આવતા નથી નિશાળમા જઇને તે ભણતા વાચતા શીખી,ઇતિહાસ અને ભૂગોળ ના જેવા તેવા બોબા મગજમા હાસે છે અને ગણિતના અઘરા દાખ ભણે છે. બસ બહુ ભણ્યા લગભગ મોટો ભાગ આટલુ જ ભણે છે. કોઇકોઇ વાર તેમના હાથ-પગની તાલીમના નબળા પ્રયોગો થયા હોય છે, પણ જે પ્રકારે સાચેમાચી શક્તિ અને તાકાત વનબાળક મેળવે છે તેની તોલે એનું મૂલ્ય કઇ જ નહિ

ઉપર માથે આપણે કબૂલ કરવુ પડશે કે દેશની સ્થાપિત કેળવણીના પરિણામે જીવનને મહત્ત્વ આપવાને બદલે આપણે તેને ઊલટી ગતિ આપી છે. શહેરની શાળામાથી છૂટેલા વિદ્યાર્થીને તેનું શિક્ષણ કોઇ યોગ્ય કામે યોજવામા કે તે શોધી આપવામા મદદગાર બનતું નથી, ગમે તેમ કરી થોડો પગાર મેળવવા સિવાય કામનો હેતુ તેને હોતો નથી, તેમજ કોઇ કામ કરવાની તાલીમ કે શક્તિ તેના હાથ કે મગજમા હોતી નથી એકંદરે દરેક શહેરી આ જ જાતનો હોય છે ધધો જાણે નહિ, મગજમા વિદ્યાનો કચરો માત્ર ભરેલો,વાચે,પણ વાચનનો પ્રેમ નહિ, કામધધો ન મળે તો જાતે કઇ ઊપજાવી શકે નહિ, અને ધધો ધર્યો કે પોતાને મૂર્ખો સમજે.

અસભ્ય જગલી હાલતના ઘોરણે કોઇપણ વન્યમાનવને કદી બેકારી કે દુકાળ ભોગવવો પડતો નથી બેકાર માનવી તો સુધરેલા જમાનાનુ ફળ છે જગલી તો કુદરતની કરામતોના આધારે ટકી શકે છે અનુભવે નક્કી કરેલા કાનૂનો ઉપર તેઓ ટકાવ કરી રહ્યા છે એની જાતિઓમા છોકરો મોટો થાય કે તુરત યોગ્ય વિધિ સાથે જીવનનો તેને અધિકાર આપવામા આવે છે અને તેથી તેને ભાન થાય છે કે હવેથી તે પોતાના સમાજમા એક જવાબદાર આસામી ગણાયો છે

સુધારો પામેલા માણસોમાથી કેળવણી અને મિલકત વગરના કઇક જણ જીવન વેડફે છે. તબિયતની અને જાતિની ખુવારી બે ગણી છે અને કોઇ કામના રહેતા નથી, ચોરીના અને બનાતિના માર્ગે ચડી જાય છે જગલી સમાજમા આ જાતનો વર્ગ ભાગ્યે જ હોય છે, જ્યારે સુધરેલા સમાજમા તો એવા માનવીઓની ટકશાળ ચાલુ જ છે એ જોઇ હૃદયને કપ છૂટે એવું છે

એવા છલ્લી પાયરીએ પહોચેલા જીવોની ચર્ચા અત્યારે અસ્થાને છે. આપણે તો સર્વસાધારણ બનેલા પેલા અર્ધમાનવોની ચિંતા કરવાની છે. જે માનતા કે એવા થોડાક જ હશે શુદ્ધ વખતે ખબર પડે છે કે

કોઇપણ જાતના સદિષ્ણુ કાર્ય માટે ઓછા લાયક નાલાયક પડ્યા છે. શરીરક્ષીણતા તો માત્ર આ ચર્ચાનું એક અંગ છે. શરીર ઉપરાંત મનની તાલીમ અને શક્તિઓનો ખામીવાળાનો વર્ગ પણ ઓછો નહિ હોય. સંપૂર્ણ શરીર અને સંપૂર્ણ મનોવિધાનના કાટલે આજનો તરણ ઘણું જ ઓછું વજન ધરાવે છે.

આ કરુણ સ્થિતિ બરેબરી વ્યાપક છે, પણ તેનો ઉપાય સ્પષ્ટ છે. માનવમાત્રને ચમત્કારિક મગજ અને વિકાસશુદ્ધિ કુદરતે આપેલાં છે. તેનો લાભ આપનાર સુરચિત અભ્યાસ અને તાલીમની જ માત્ર જરૂર છે; એટલે, સન્મુખ પડેલ મહાભારત કામો ઉકેલવાને સમજદાર, સશક્ત અને લાયક જનની સંખ્યા પ્રમાણમાં વધારવાને કેળવણીને સાચા સ્વરૂપમાં પ્રચારવી જોઇએ અને મનની ચમત્કારિક શક્તિઓ ધરાવતા સુયોગ્ય માનવને ઘટે એટલું ધોરણ માનવીમાત્રને સુલભ થવું જોઇએ એ આ સ્થિતિનો વહેવાર તોડ છે. (અપૂર્ણ)



કિર્લોસ્કરનાં કટાક્ષચિત્રો (ક્રમાંક ૭) નવા વિચારની કદ

(ચિત્રકાર • શંકરરાવ કિર્લોસ્કર ... લેખક • પ્રોફેસર ના. સિ. ફડકે)


વિચાર અને વિચારનું દરેક ફળ એ વાત જેટલી જ કંઈક છે કે આ હાથે લેવું ને પેલા હાથે પાછું આપવું.

નવી કલ્પનાની મહત્તા તેનાં તાત્કાલિક પરિણામો પરથી કદી ન આંકી શકાય જેની વિચારવાનને તો ખાત્રી હોય છે પાછી નવી કલ્પનાનાં તાત્કાલિક પરિણામો કંઈક ભયપ્રદ જ હોય છે; કારણ, આપણે કોઇ નવીની કલ્પના કાપીને જ એના પર કલ્પનાની કલમ કરતા હોઇએ છીએ. આથી રોકાર તાણકતોળ નજરે ચડે છે ને ભીરુ મનુષ્ય એથી મુંઝાય છે; એમનું જ પણ બીજાને યે ભ્રમમાં નાખે છે.

પણ તમારે આ પાકું લક્ષમાં રાખવાનું કે નવીનની કાપકૂપ વગર નવાનો ઉછેર કોઇ દિવસ થવાનો નથી ધર્મ, શિક્ષણ, પાર, વ્યવહાર એ સર્વ ક્ષેત્રોમાં અનેક વિચારકોએ અનેક વખત એવી કાપકૂપ કરેલી જ છે. અને એવી કાપકૂપને અંતે જે પરિણામો આવ્યાં છે એના જ પોષક ફળભાર પર આજનો સમાજ થોડાઘણી સુખશાંતિમાં રહેતો આવ્યો છે.

સામ્રાજ્યની ભૂખ સંતોષવા સારૂ, વિશ્વશાંતિને મોઢે ડૂચો દઈને જગતનું રાજકારણ આજે માનવતાને રહેંસવાનાં જે ભયંકર કારસ્તાન કરી રહ્યું છે તે પરથી તો તે એને ભીષણમાં ભીષણ મહાયુદ્ધ તરફ ધસડી રહ્યું લાગે છે. એને ફફડતે અંતરે જોઈ રહેલી દુનિયા આખી આજે એક જ પ્રશ્ન વિચારી રહી છે

જગત કયે રસ્તે



ચારે કોરથી આજે દુનિયામા બૂમ ઊઠે છે કે સર્વનાશની ઘડી ગણાઇ રહી છે. જગતનું રાજકારણ હવામણી ઊંચું છે. સાધનસંપન્ન એકેએક સ્વતંત્ર રાષ્ટ્રમા સંરક્ષણોની કળજગીરીની ભૂખ ભયાનક રીતે જાગી ઊઠી છે. બધે દારૂગોળો તૈયાર છે, માત્ર જાગવાની જ વાર છે! અને એ ભડાકો થે ઝાઝો નથી. જગતની આજની હવામચ્ચ નીચે કદી ન ફાટેલો એવો સંહારનો જ્વાળામુખી ફાટવાની તક જોઇ રહ્યો છે


૪,૦૦,૦૦,૦૦૦ (ચારકરોડ) મનુષ્યોનો જેમા પ્રાણ ધણી ગયો એ ગત મહાયુદ્ધ લડાઈ ગયુ સારે તો મિત્રરાજ્યોએ જાહેર કરેલું કે એ યુદ્ધ જગતનું આખરી યુદ્ધ જ રહેવાનું. આગે હવે બીજું યુદ્ધ પૃથ્વીના પટ પર લડાવા નહિ દઇએ તે માટે તેમણે રાષ્ટ્રસંઘ નામનું એક નવુ તૂત ઊભુ કર્યું ને જાહેર કર્યું કે એ મારફતે સંસારનું સત્યાનાશ વાળતી યુદ્ધની પ્રવૃત્તિને મહાને માટે વિદાય આપવામા આવશે. પણ જણાય છે કે બધાં રાજ્યો એ દાયીના દાત જોઈ સંરક્ષણની નિર્માલ્યતા પારખી જ ગયા હતા ને પરિણામે ગયા મહાયુદ્ધનો ભાર ઓછો થતા જ દરેક શક્તિશાળી રાષ્ટ્રે પાછુ પોતપોતાનું ભાષક ડાચું ખુલ્લુ કર્યું છે.

આજે હિટલર, મુસોલિની અને જાપાનની ઉતકટ સામ્રાજ્યલિપ્સા વિશ્વશાંતિને રહેંસી રહી છે. બીજી બાજુ બાકીના સજ્જનો, બાપીકી મિલકત જેમ બેબાકળો કરતા મુવકો પરનો કાબૂ ચાલુ રાખવા, એ પોતાના સંસ્થાનોને આધુનિક ઢબના માલનોનો ઉપયોગ કરવા મંડી પડયાં છે. એક બાજુ દેશનો મોટો ભાગ કણ કણ માટે મોહતાજ રહ્યો છે ત્યારે બીજી બાજુએ બધા રાજ્યોની આવપત મેનાસગઢન, યુદ્ધયાનો, મશીનગનો, રાઇફલ્સ ને બૉમ્બોમા વ્યય થવા લાગી છે. અસ્ત્રશસ્ત્ર બનાવવાવાળી કંપનીઓને તો આ દીલચાલ વરદાન જેવી થઈ પડી છે. તેવા કારખાનામા કામ કરનારાઓની સંખ્યા હમહીનમણી વધી ગઇ છે. નવાઇની વાત એ છે કે જગતશાંતિની વાતો કરનારા રાષ્ટ્રો જ અત્યારે જગતમહારની વધુમા વધુ સામગ્રીઓ યોજે છે. ઇગ્લડે જ આ સાલ ૨૪૮ કરોડ રૂપિયા, ફ્રાંસે ૯૦ કરોડ રૂપિયા, જાપાને ૭૮ કરોડ, જર્મનીએ ૬૨ કરોડ, ઇટલીએ ૬૨ કરોડ અને સામ્યવાદી રશિયાએ તો ૭૯૩ કરોડ રૂપિયા સંહારક અસ્ત્રશસ્ત્રો ની બનાવટ પાછળ ખર્ચ્યા છે. ભાવિ મહાયુદ્ધની વિકટતા અને ભયકરતાનો અંદાજ આ પરથી જ માપી શકાશે ગમા મહાયુદ્ધમા દર ૧૦૦૦ સૈનિક દીઠ ૪ તોપો આવતી, હવે ૮ આવને એટલું એમનું પ્રમાણ વધ્યુ છે; ને વિમાનો પણ ૧૭ ટન સુધીનો સહારનો મસાલો ભરી શકાય એ કક્ષાએ પહોચાડવામા આવ્યા છે.

ગયુ મહાયુદ્ધ તો એક જર્મન કેમેરા આગે જલપ્રપુ હતું પણ આજની દુનિયામા તો એકને બદલે પચ્ચ કેમેરા પાડયા છે. એમે યુદ્ધ બાદ જર્મનીની કમર ભાગી નાખવામા આવી, એની સેનાની સંખ્યા ઘટાડી દેવામા આવી, એની નૌકાશક્તિને કચરી દેવામા આવી અને એ ઉપરાત એનાથી ઊંચકી ન શકાય એટલો કરનો બોજો મિત્રરાજ્યોએ તેના પર લાદ્યો

આ બધાથી વર્સાઈલીની સંધિના સમયથી જર્મનીના

પૃથ્વીને ભરખી રહેલા બે રાક્ષસો : સામ્રાજ્યવાદ અને સામ્યવાદ



દિલમાં પ્રતિહિંસાની આગ સળગી રહી હતી. હિટલરે એનું સુકાન સંભાળતાં એ આગને માર્ગ આપવાનું તેનામાં બળ આવ્યું. તેણે એના દમનમાં રાચતા સર્વ રાષ્ટ્રોને સંભળાવી દીધું, કે 'જર્મની પાસે એક લાખ નહિ પરંતુ છ લાખનું પાયદળ રહેશે. હવાઈ સેના ફ્રાન્સ બરાબરની રહેશે ને જળસેના કોઈપણ અગ્રગણ્ય રાષ્ટ્રથી ઓછી નહિ રહે.' જોતજોતામાં તો તેણે લદાએલા દંડની એક પાઈ પણ ભરવાની નકાર ભણી દીધી, સાર કબજે લઈ લીધું, ડાનઝીગ લેવાની પ્રવૃત્તિ કરી છે ને તેની શેહ હેઠ આસ્ટ્રિયા ને ચેકોસ્લોવાકિયા સુધી પહોંચી છે. પોતાના ગુમાવેલાં સંસ્થાનો પ્રાપ્ત કરવાની તેની ઉમેદ છે ને જગતના કોઈ પણ પટમાં રહેનો કોઇ પણ જર્મન હવે એ વાત છડેચોક કરે છે.

મુસોલિની પણ હવે આફ્રિકાનાં પોતાનાં બે જ સંસ્થાનોથી સંતુષ્ટ નથી. તે રોમનોની યુરોપ પરની પુરાણી કબજાગીરી પર મુસ્તાક છે હોલૅંડ, બેલ્જિયમ, સ્પેન ને પોર્ટુગલ જેવા નાના નાના દેશોને પણ આટલાં સંસ્થાનો હોય ત્યારે ઈટલી જેવા દેશને શા માટે નહિ? પરંતુ ભૂમધ્યસાગરમાનાં બધાં મુખ્ય સ્થાનો પર બ્રિટનનો કબજો છે ને મુસોલિની વધુ ઉદાપોહ કરે તો સુએઝની નહેરના માર્ગ પર પણ તેના માટે પ્રતિબંધ મૂકવાની તૈયારી ચાલી રહી છે. આમ છતાં પણ મુસોલિની એ કોઈને દાદ આપે એમ નથી. સામ્રાજ્ય હાથ કરવા તે કોઇ પણ જોખમ ખેડવામાં પાછો પડે તેમ નથી.

ઘડીભર દુનિયાના નકશા પર નજર નાખી જોઇએ કે કયો મુલક સામ્રાજ્યલિપ્સાની એ ગોરી કબજાગીરીથી બાકી રહ્યો છે? દુનિયા કેટલી વિશાળ છે તેનું ભાન થયું ત્યારથી જ ગોરી ઔલાદે જગતના દેશો ને દેશો તો શું પણ ખંડોને યે ઓદિયાં કરવા માંડ્યા છે. અરે, એમના હક્કદાર વતનીઓને નેસ્તનાબૂદ કરવાની પ્રવૃત્તિમાંથી યે એ પાછા પડ્યા નથી. ઉત્તર અને દક્ષિણ અમેરિકા તથા આફ્રિકાનો આખો ખંડ લગભગ ગોરી સત્તાઓને કબજે છે. આસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅંડ ને બીજા છૂટાછવાયા ટાપુઓ પણ તેથી મુક્ત નથી.

ને એશિયા? હિંદુસ્તાન, સીલોન, મલાયા અને હૉંગકૉંગમાં અંગ્રેજો, હિંદી-ચીન, આનામ અને બીજા છુટક પ્રદેશોમાં ફ્રેન્ચો અને ફિલીપાઇન્સ પર અમેરિકનો સત્તા જમાવી જ બેઠા છે. બાકી રહ્યાં અરબસ્તાન, તુર્કી, ઈરાન, અફઘાનિસ્તાન, ચીન ને જાપાન. એમાંથી તુર્કીની તો કમર જ મહાયુદ્ધમાં તોડી નાખવામાં આવી છે. અરબસ્તાન તો રેતાળ રણોનો બીનઉપજાઉ મુલક હોઈ તેના પ્રત્યે કોઇ લાલચુ સત્તા નજર નાખતી નથી. જોકે જ્યાં સ્વાર્થ દેખાયો છે ત્યાં હસ્તક્ષેપ થયા સિવાય નથી રહ્યો. ઈરાન પણ મહાયુદ્ધ પછી જ અંગ્રેજો ને રશિયનોથી છુટકારો મેળવી કંઈક પગભર થઇ શક્યું છે. અફઘાનિસ્તાન પર હજુ અંગ્રેજો ને રશિયનોની હરીફાઇ ચાલુ છે ને સૌથી મોટો દેશ હોવા છતા ચીન તો ગૃહકલહમાંથી જોયું આવતું જ નથી.

ત્યારે દુનિયામાં જાપાન જ એક એવો દેશ રહ્યો કે જે સંપૂર્ણ સ્વતંત્ર હોવા સાથે ગોરી સત્તાઓનો સામનો કરી શકે છે. ગયા પચાસ વર્ષમાં જ જાપાનીઓએ તેને એવું બનાવી મૂક્યું છે કે તે કોઇ પણ ગોરા રાષ્ટ્ર સામે હથિયાર ઉપાડી શકે. પણ આજે તો એ પણ એ રાષ્ટ્રોને જ ગુરુ માની સામ્રાજ્યલિપ્સાથી તે આગળ વધી રહ્યું છે. ૧૮૯૪-૯૫માં તેણે ફૉર્મોસા કબજે કર્યું, ૧૯૦૫માં કોરિયા ને અરધું સાખાલીન, ૧૯૧૩માં કેરોલાઇન ટાપુ, અને ૧૯૩૩માં મંચૂરિયા જીતી તેણે પોતાનું સાચું જેવું સામ્રાજ્ય જમાવ્યું છે. પ્રશાંત મહાસાગરમાં તેની આમ વધતી જતી શેહથી અમેરિકા, ઈંગ્લૅંડ ને રશિયા ત્રણે ભડકી ઊઠ્યાં છે. અમેરિકાએ એ માટે પાસિફિક બાજુનું પોતાનું દળ ખૂબ વધાર્યું છે. રશિયાએ સાઇબીરિયાના મોરચા

મજબૂત કર્યાં છે ને ઈગ્લૅંડે પણ સીંગાપુર ને પેનાગની કિલ્લેબંદી પૂરી કરી, હૉંગ-કૉંગ બાજુ લશ્કરી થાણા જમાવ્યા છે. જપાને એની અગમચેતી રૂપે સિયામની નહેર બાંધવાનું શરૂ કર્યું છે, જેથી એ બધી કિલ્લેબંદી નિષ્ફળ નીવડે.

અને એ જપાન તો પોતાની સામ્રાજ્યની દરકાર છડેચોક જાહેર કરે છે કે 'તમે ગોરાઓએ અગાઉ અસાવધાનીનો જ લાભ ઉઠાવ્યો છે રત્નગર્ભા ભારત ભૂમિ, તેલભંડાર બ્રહ્મદેશ, શરણરમામય હિંદીચીન, વિશાળ ને વિપુલ સંપત્તિભર્યો ડચ ઈંડીઝ દ્વીપસમૂહ, ઑસ્ટ્રેલિયા ને ન્યૂઝીલૅંડ પર તમે એ રીતે કબજો કરી લીધો છે ચીનને તમે મા ને નામ ખાતર સ્વતંત્રતા દીધી છે. એનું મુખ્ય દ્વાર હૉંગકૉંગ તમે છીનવી લીધું છે. અમને ડરાવવા ખાતર જ તમે પાસિફિકમાં સૌથી મોટા કાફલા રાખવા માંડ્યા છે સીંગાપુરમાં જબરદસ્ત કિલ્લેબંદી કરી છે મંચૂરિયાની સરહદ પર લશ્કર ઉપરાંત યુદ્ધયાનો ગોઠવ્યા છે ને કોઈ ને કોઈ રીતે રીતે અમને દબાવી રાખવાનો શોરબકોર મચાવી રહ્યા છો. પણ અમે કશાથી ડરવાના નથી અમારો મુકાબલો કર્યો તો ઓશિયાગાથી તમારો પગદંડો સમૂળગો ઉખેડી ફેંકી દઈશું.'

આ બધી પ્રવૃત્તિઓ બતાવે છે કે મહાયુદ્ધ ફાટી નીકળવાના બધા કેન્દ્રો રહ્યા છે જર્મની, ઇટલી અને જપાન બધે રાષ્ટ્રોએ પરસ્પર અને લાગવગવાળા દેશો સાથે અનેક છૂપી મંત્રિઓ કરી રાખી છે ને હજુ કરતા જાય છે. ભૂમધ્ય અગર પાસિફિકમાંથી કોઈ પણ વખતે વિજીગિષાની પહેલી ચિનગારી ઊઠશે ને જગત આખાને મળગાર્યું મૂકશે એ હવે નિર્વિવાદ છે.

•

આમ ડોકિયાં કરી રહેલા આ જગતવિનાશની રફાવટનો પણ એક ઇલાજ સૂચવવામાં આવે છે. અને તે એ કે, આફ્રિકાની જેવી રીતે વહેંચણી

ગયા મહાયુદ્ધનું સરવૈયું

હણાએલા	૮૬,૬૮,૭૩૧
ભયંકર રીતે જખમી થએલા	૬૨,૬૫ ૫૧૭
સહેજસાજ જખમી થએલા	૧,૪૦,૦૨,૦૩૬
ગુમ થએલા	૫૮,૮૩,૬૦૦
યુદ્ધ પછી ફાટી નીકળેલા રોગ ઇન્ફ્લુએન્ઝાનો ભોગ બનેલા	૧,૦૦,૦૦,૦૦૦

આ સરવૈયામાં યુદ્ધથી બનેલી કરોડો વિધવાઓ અને અનાથોનો તમજ થએલા સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક હ્રાસનો સમાવેશ કરવામાં નથી આવ્યો

કરી નાખી, જેમાં બધા શાંતિશાળી રાષ્ટ્રોને કાચો માલ મંગાવાની મરણતોલ થઇ પડે ને તેની વધતી જતી વસ્તિને પણ વસવાટનું ક્ષેત્ર મળે પરંતુ એ ઇલાજ બીલકુલ વહેવારૂ નથી એથી તો ઉલટું વધુ લડાઇઓ જાગી નીકળે. જપાને મંચૂરિયા તથા ઇટલીએ હબશીનિયા હજમ કરી જેટલા છતાં પ્રજાસત્તે તેમના પ્રત્યે જે નપુંસકનીતિ બતાવી એણે તો બધા શક્તિસંપન્ન રાષ્ટ્રોને હસાવી દીધું છે કે દુનિયા પર પારકી જાગનું જ સામાન્ય છે એટલે આજે નાનામાં નાનાથી માંડીને મોટામાં મોટું રાજ્ય નવા સંસ્થાનો મેળવવા ને મેળવાએલા સંસ્થાનોનો વિસ્તાર કરવા પાછળ જ પડી રહ્યું છે, જે આખી યે પ્રવૃત્તિ નવું યુદ્ધ વહેલામાં વહેલી તકે જગવવા પ્રેરતી છે

આને એ ચિનગારી વખતે એ ત્રણે રાષ્ટ્રો—જર્મની ઇટલી અને જપાન એકબીજાને પડખે રહેવાના. ૧૯૩૬ના નવેંબરની ૨૫મીએ જર્મનીએ જપાન સાથે સંધિ કરી એ સંધિ મજબૂત બનાવ્યો છે, અને જપાને મંચુકુઓને પોતાનું કાયદેસરના મરથાન ગણ્યા છે, ઇટલીને હબશીનિયાની સંમતિ આપીને એ ત્રણે દેશોની મૂખ્યતા વિશેષ મજબૂત બનાવી આપી છે.

આ રીતે જોતા આંતરરાષ્ટ્રીય કારણાવાબોરી અત્યારે બે સમૂહો વચ્ચે વહેંચાઇ ગએલી જણાય છે. એક બાજુ સામ્યવાદ વિરોધી જર્મની, ઇટલી અને જપાન એ ત્રણ ફાસીસ્ટ દેશો અને બીજી બાજુ ફાસીઝમ વિરોધી દેશો

એ બીજા સમૂહમાં બ્રિટન સાથે ફ્રાન્સ, રશિયા, પોલૅંડ અને બ્રીસ વગેરે જે રાજ્યો છે તેમાંથી રશિયાની મૈત્રિ હજી શકાસ્પદ છે, કારણ એ મિત્રરાજ્યોમાં જ અંદરોઅંદર કયારે મૈદાનિક બળવો જગાડે એ અનિશ્ચિત છે. પોલૅંડની મૈત્રિ પણ અચોકસ છે, જ્યારે બાકીના બેલ્જી સદાયને પહેલાંની વટે તેમ નથી.

બધા મહાયુદ્ધ જેમ આ મહાયુદ્ધ વખતે પણ





જગતશાંતિ માટે સ્થપાયેલી લીગ ઑફ નેશન્સ કે કેલૉગના કરારોનાં ફારસો આજ સુધીમાં અનેક વાર નિષ્ફળ નીવડ્યાં છે, અને ફરી એકવાર આજે ચમનમાંથી તલવાર ખેંચતો જણાતો યુદ્ધદેવનો મળલ હાથ પણ તેઓ અટકાવી શકવાનાં નથી એ કાળી તરફનું કટાક્ષચિત્ર બતાવે છે. ઉપરઃ મુસૉલિનીની મમલિ. તેના મોઢા ઉપર સવાર થઈને ઈટલિની આગે કૂચ પોકારતા રહી, તેના બધાં સરયાનોને લશ્કરી થાણા બનાવી મૂકનાર ફાસીસ્ટ નેતા મુસૉલિની ઉપર આ ચિત્ર તીવ્ર કટાક્ષ કરે છે.

અમેરિકા એમાં મોટો ભાગ ભજવશે, કારણ બંને સમૂહો અત્યારે એને પોતાને પડખે લેવાના પ્રયાસો આદરી રહ્યા છે. પરંતુ એ બાબતમાં અમેરિકાની નીતિ હજુ સુધી કશી નિશ્ચિત નથી થઈ. જર્મનીને લીસિયમ ગૅસ પૂરો પાડવા માટે હાલમાં જ એણે પ્રખ્યાત વિમાની લુંગો એકનરને સંમતિ આપી છે અને બ્રિટન તેમજ રશિયા જેટલી જ યુદ્ધસામગ્રી એ જાપાનને પણ પૂરી પાડી રહ્યું છે, ઓટલે મહાયુદ્ધ વખતે એ કોને પડખે ઊભે એ અનિશ્ચિત છે.

પણ એ યુદ્ધમાં મોટે ભાગે ધાણ તો રિંદીઓનો જ વળવાનો એ ચોક્કસ છે. ગયા યુદ્ધ વેળે આ વખતે પણ લાલ કિનારા પર અને આફ્રિકામાં તેમને બડા કરવામાં આવશે ને પૂર્વમાં જાપાન સામે પણ એ જ બડકાશે, કારણ કે જાપાનીઝ ઍડમિરલોએ નાસ્તા પહેલાં ફિલિપાઇન્સ અને ભોજન પહેલાં ઑસ્ટ્રેલિયા લઈ લેવાની ધમકી આપેલી જ છે. રિંદીઓએ આ બાબતમાં શાં પગલાં લેવાં એ પર મહાસભા જે વિચાર ચલાવી રહી છે, એ જ આની અગત્ય સૂચવે છે.

યુદ્ધનાં કારણો અને કેન્દ્રો પછી હવે આપણે ખુદ મહાયુદ્ધની ભીષણતા પર આવીએ. એ યુદ્ધ પૂર્વે કદી ન લડાયેલું એવું વિનાશક ને ભયંકર હશે એ બાબતમાં તો હવે કશી શંકા જ નથી રહી. જે વિજ્ઞાને માનવજાતિને સુખરૂપ જીવનમાં આટલી પ્રગતિ કરી છે તેનો જ ઉપયોગ એ યુદ્ધમાં માનવસંહાર રૂપે થવાનો છે.

મોટરના આવિષ્કારે તોપો ને ફૌજોની લાવ-લઇજન સુગમ કરી આપી છે. હવાઈ જહાજોએ આકાશમાંથી બૉંબો નાખવાની પૂરતી સગવડ કરી આપી છે. ડાક્તરોએ ભયંકર રોગોના જંતુઓ ઉપજાવ્યા છે. કારખાનાના વિશારદોએ શહેરોનાં શહેરોને ચપટીમાં ઊડાડી દે એવી શોધો કરી છે ને રસાયણશાસ્ત્રીઓએ શ્વાસમાં જતાં જ સ્વર્ગે પહોંચી જવાય એવાં રસાયણોની શોધો કરી છે. અને આ બધું છતાં તેના યોજકો યુદ્ધની ભયંકરતા ને વિનાશકતાની આસપાસ એક કૃત્રિમ રંગદૃષ્ટિ ઘડી કરવા લાગ્યા છે. રાષ્ટ્રપ્રેમ, ધાર્મિક ફરજ વગેરેને નામે આજે યુવાન માનવની નજરબંદી કરવામાં આવે છે ને એ પાપ દરેક દરેક





જગતશાંતિનુ સર્વમાન્ય ચિત્ર તો હાથમા શાંતિ-સૂચક ઑલિવવૃક્ષની ડાળખી ધારણ કરેલી પાંખો-ધારી દેવીનુ છે ઉપરના ચિત્રમા એ શાંતિદેવીનો આજનો–૧૯૩૭નો અવતાર દાખવતો કટાક્ષ છે. પાંખોમા પીંછાને બદલે તલવારો લટકે છે, હાથમા ઑલિવપર્ણને બદલે બૉમ્બ લટકતી ડાળખી છે બીજા હાથમા રાઇફલ છે વાહન ટૅંકનુ છે અને મોઢા પર ગૅસનો મુખવો છે * * આકાશને ઢાંકી રહેલા શસ્ત્રાસ્ત્રના દળ અને જગતશાંતિના સૂર્યને ગ્રસી રહેલા જપાની યુદ્ધધ્વજવાળા જાગતી તરફના કટાક્ષ ચિત્રમાંનુ સૂચન તો સ્પષ્ટ છે.

રાષ્ટ્ર સરખું જ કરે છે

અત્યારે તો બધા દેશો કહી રહ્યા છે કે ગૅસોનો વપરાશ અમાનુષી છે, અસરકૃત છે, પણ ભાવિ યુદ્ધમા કોઇ પણ રાષ્ટ્ર એનો વપરાશ કરવામા પાછુ પડે એમ દેખાતું નથી. બધા દેશોમા ગૅસથી બચવાનુ શિક્ષણ ચાલી આમ જનતાને અપાઇ રહ્યું છે, ચાલા બધા સ્ટોરોમા ગૅસના મુખવા વેચાવા માંડ્યા છે નેવુ ડૉલરની કીમતે ધાતુના ગૅસપ્રૂફ તબુ (આઠ માણસોને રક્ષણ આપી શકે એવા) મળવા લાગ્યા છે

સારી કે નરસી બીજી અનેક શોધોની પેઠે ગૅસ-ની મૂળ શોધ કરવાનું માન પણ ગ્રીકને જ જાય છે પણ એમના એ ગધકના ધૂંવાડા ઓકવા સિવાયના વિનાશક ન હતા વિનાશની નજરે ગૅસોનો ઉપયોગ જર્મનીએ ૧૯૧૫ના એપ્રિલની ૨૨મીએ ઇપ્રિસ ખાતે પહેલ-વહેલો કર્યો ફ્રેંચ અને ફ્રેંચ કુકડીઓ બીજા કાંઇ ની ધુમાડીયા ધેરાયેલા ને ગજબની ખુવારી વેઠી લાગ્યા ત્યારથી ત્યારપછી એ લશ્કરી ચાલબાજીનુ એક અગત્યનુ અંગ બની ગયા છે ને ગયા મહાયુદ્ધ પછી તો એ એક સ્થાપિત વિજ્ઞાન બન્યુ છે.

ગૅસો બધા વાયુરૂપ જ હોય છે એવું કંઈ નથી પ્રવાહી પણ હોય છે, જેમને પાઇપો મારફત છાંટી શકાય છે. ઘન પણ હોય છે જેમને ફેંકવામા રાખ-વામા આવે છે ને તે ફૂટતા ઝીણી રજ રૂપે હવામા ફેલાઇ જાય છે. તેમના પર જ મુખ્યત્વે માનવ-સંહારની આખી ભાવિ પ્રકૃતિના મદાર છે

ગૅસના બધા ગણીને ચાર પ્રકાર છે (૧) ઘૂંટક (choking gas અથવા suffocates), જેને જર્મનો ગ્રીન ક્રૉસ કહે છે (૨) છીંકાવા (sternutators), જર્મન: બ્લુ ક્રૉસ (૩) ટીયર ગૅસ, જર્મન: વ્હાઇટ ક્રૉસ અને (૪) દાહક (blister gases) જર્મન યેલો ક્રૉસ.

આમા પહેલા વર્ગના મુખ્ય ગૅસો ક્લોરાઇન, ફૉસ્જિન, ડીફૉસ્જિન અને ક્લોરોપ્રિક્રિન છે એ તો રાસાયણી તો દાક્તરકૂતનો દરેકેદરેક વિદ્યાર્થી પરિચિત હશે લગભગ બધા નવા ગૅસોમા તેનો જ ઉપયોગ

જોર પર આવતી જાય છે. આફ્રિકાના જાણીતા જનરલ સ્મટ્સે ગોરિયાની જાગૃતિથી ભડકી ઊઠી જાહેર કર્યું છે કે, 'ગોરાં રાષ્ટ્રોએ હવે પોતપોતામાં ઝગડવું છોડી દઈ એકત્ર થઈ જવું જોઈએ, નહિતર ગોરાઓના પ્રભુત્વ ને ગોરી સંસ્કૃતિનો નાશ થઈ જશે.' આ જ કારણે પાસિફિક ટાપુઓ ઉપર ગોરાં રાષ્ટ્રોએ ઊમટતા જાપાન સામે જબરી કિલ્લેબંદી ચણી લીધી છે. જગતભરના ગોરા દેશોમાં અત્યારે એ જ મુરાદ પ્રબળ બની રહી છે કે કાળા, પીળા કે શ્યામ કોઈ પણ જાતિને ગોરા પ્રભુત્વ હેઠળથી છટકવા ન દેવી.

અને હવે સૌથી છેલ્લી વાત, કે એ ભાવિ મહાસમરમાં આપણું શું થશે ? આપણા માનસની એ નિકૃષ્ટમાં નિકૃષ્ટ બાસિયત છે કે ભાવિની સુંવાળપ આપણને જેટલી ગમે છે એટલી વર્તમાનની કઠોરતા નથી ગમતી. હિંદુસ્તાન સ્વતંત્ર બનશે ત્યારે સામૂહિક ક્ષેત્રોમાં ટ્રૅક્ટરો દ્વારા ખેતી કરાવવાના ને ભેંસોનાં દૂધની ડેરીઓ ઊભી કરવાના સુંવાળા આદર્શો પર જીવનારાઓને આવતી કાલે હિંદુસ્તાન પર ગૅસોનો વરસાદ થાય ત્યારે કયાં પગલાં લેવાં તેનું વિચારવાની જાણે ફુરસદ જ નથી.

હિંદ પાસે તો આજે પોતાનું રક્ષણ કરવા જેટલાં પણ સાધનસામગ્રી કે લશ્કર નથી. થોડા વખત પર હિંદના સેનાપતિ મિ. ચેટવૉડે જણાવ્યું હતું કે હિંદ પર હલ્લો થાય તો બ્રિટિશ કાફલાને તેની કુમકે આવવું પડશે. અને તાજેતરમાં, તા. ૨૪મી ઑગસ્ટે, વિક્ કાટી નીકળે તો હિંદ પર આવી પડનારી આફત સર ગઝનફર બાકુએ જે પ્રશ્ન વડી ધારાસભામાં પૂ તેનો જવાબ આપતાં લશ્કરી બાતાના મંત્રી ઓગીલ્વીએ જણાવેલું કે 'હિંદનું અત્યારનું લશ્ કળ કોઈ પણ મોટા દેશ તરફથી હલ્લો આવે હઠાવવા પૂરતું નથી; અને બ્રિટિશ સામ્રાજ્ય પડ્યે છે તે હિંદનું સદ્‌ભાગ્ય છે.'

આપણા શિક્ષિત વર્ગે પહેલી તકે આજની વિષમતાઓ પર વિચાર ચલાવવાની જરૂર છે. સૌ મોટું કમનસીબ આપણું છે. બીજા દેશોને જવા પુરુ ઇંગ્લંડને જ લઈએ તો ત્યાં ગૅસના વપરાશ બચાવવું આજે મહોલ્લેમહોલ્લે શિક્ષણ અપાય બ્રિટનના દરેક એક નાગરિકને ગૅસનો બુરખો મ રહે એટલા માટે પાંચ કરોડ પૌંડ લાંબી સરક બચ્યો છે. પણ આપણે માટે ? આપણા રાષ્ટ્રના રક્ષણની યે પૂરી હવાકતોથી આપણે વાકેફ નથી બીજું કયું સંરક્ષણ સંભવે ? ને લડાઈ ચાલશે ત સુધી હિંદુસ્તાનની કોઈને પડી નહિ હોય, કાર બધાં જાણે છે કે એ મુદ્દું કદી ઊઠવાનું નથી. લડા બંધ થયા પછી જે પક્ષ વિજયી હશે તેને ના હિંદુસ્તાન ચડી જશે, ને યુદ્ધમાંથી પાંત્રીસ કરો મોંથી બાકી બચેલી મુડદાલ પ્રજા એ જ 'જી હજૂ નું સૂત્ર ચાલુ રાખશે.

અરીઠક હ

પ્રભાતનો પાઠ

આજે સવારે આઠ જાજ્યે કુમાર કાર્યાલયના એક સંબંધી મિત્ર આણંદથી અમદાવાદ જતા હતા. એમની સાથે હું પણ સ્ટેશન સુધી સાથે હતો. સ્ટેશન રોડની સડક ઉપર અમે અમારા ધ્યાનમાં ઝડપી ગતિએ ચાલ્યા જતા હતા, એવામાં પાછળથી તાજગીવાળો અવાજ આવ્યો.

'કેમ, મિ. . . . ?'

સડક ઉપરનો એ નિવાસ નિત્યયૌવનવંતા પૂજ્ય શ્રી નરસિંહભાઈ પટેલનો હતો; આગળ જ નાનકડો પણ સુંદર વ્યવસ્થિત બગીચો એમનો હતો; અને એ સાદ પણ શ્રી નરસિંહભાઈનો હતો. એમના જમણા હાથમાં લોઢાના લાંબા દાંતાવાળું ખંપાળી જેવું હથિયાર હતું; અને તે ક્યારાની ભીની પોચી જમીનમાં ખૂંપેલું હતું.


તેજસ્વી અને મહેનતથી લાલી ચઢેલા મુખે એમણે અમને કહ્યું:

'આ મારી સવારની બે કલાકની કસરત છે. જે દહાડે ફરવા ન જઈ હોઉં ત્યારે આ બાગકામ કરું છું. આખો બગીચો હું અને મારો પૌત્ર સંભાળીએ છીએ. "કુમાર"ને કહેજો કે તારાઓમાં વાતો કરવામાં જ હોંશિયાર નથી; પણ પૃથ્વીનાં સંતાનોએ પૃથ્વી ઉપરનું કામ કરવાનું છે. આ હથિયાર કોદાળીપાવડા કરતાં ઘણું સારું કામ આપે.' એમ કહી તેમણે એ હથિયારને જમીનમાં ઊંડે ખૂંપાવી માટીનું મોટું ઢેફું બહાર ઊખેડ્યું.

અમને ઊતાવળમાં જોઈ એમણે વાત બંધ કરી, પણ અમારા સારુ પ્રભાતમાં આ સાચો પદાર્થપાઠ હતો.

દ. ૫.

સૂરજના કપૂતો



ખરતા તારાને ઓટે નામે આપણે જેમને ઓળખીએ છીએ તે આકાશી પિંડ। અવકાશના ધાડપાડુઓ જેવા છે. ગમે ત્યારે ગમે ત્યાં ધસી જઇ, પોતાની સાથે બીજાનો પણ નાશ નિપજાવનારા એ સ્વેચ્છાચારી ઉલ્કાઓ અને પોતાની સ્વચ્છંદી કક્ષામાં બેતમા ફરતા ધૂમકેતુઓ સૂરજના પરિવારમાં કપૂતો જેવા જ છે

ધૂમકેતુઓ અને ઉલ્કાઓ

ડાબી બાજુએ પ્રખ્યાત ખગોળશાસ્ત્રી હેલી અને તેણે શોધેલો ધૂમકેતુ

જુદાજુદા ગ્રહો અને તેમના ચંદ્રો સિવાય આ પણા સૂર્યપરિવારના પિતા સમા સૂર્યને બીજા બાળકો પણ છે અને તે ઉપગ્રહો, ધૂમકેતુઓ અને ઉલ્કાઓ।

આ બાળકોમાંથી ઉપગ્રહો (asteroids)ને આપણે સૂર્યના સપૂતો કહી શકીએ, કારણ કે ગ્રહો ને ચંદ્રોની જેમ એ પણ પોતાની કક્ષામા જ ફરતા રહે છે પરંતુ ધૂમકેતુઓ અને ઉલ્કાઓ (જેમને આપણે ખરતા તારાનું ખોટું નામ આપેલું છે), એમણે કોઇ જનો કદી માન્ય નથી રાખ્યા સૂર્ય।। એ જનો કપૂતો છે ધૂમકેતુઓ પોતાની અનોખી જ સ્વચ્છંદી કક્ષામા ફરે છે, અને ઉલ્કાઓ તો ગમે ત્યારે ગમે ત્યા અવકાશમા તૂટી પડી, પોતાના નાશ સાથે બીજાઓનો નાશ પણ નિપજાવતા રહે છે.


આવો એક ધૂમકેતુ રોજના પાંચ લાખ માઇલની ઝડપે ભમણા આપણી પૃથ્વી ત૬ ધસી રહ્યો છે એનું નામ વિલ્પક્ષ ૧૯૩૭/c આ મહિનામા તો પૃથ્વી લગભગ આઠ કરોડ માઇલ દૂરકમા એ આવી પહોંચ્યો।

ભૂતકાળમા તો ધૂમકેતુઓના દર્શન અને ઉલ્કાઓના પ્રપાતને અનિષ્ટની પૂર્વસૂચના તરીકે ગણવામા આવતા, પણ ૪ ૧૫૭૭માં ટાકો બ્રાહે નામના જ્ય વિજ્ઞાનીએ એ સાલમા દેખાએલા એક ધૂમકેતુનુ નિરીક્ષણ કરી જાહેર કર્યું કે આકાશમાના બીજા તેજપિંડો પેઠે એ પણ સ્વયંપ્રકાશી છે, તેમ। ગતિ નિયમબદ્ધ છે અને તે સૌરજગતના જ એક ઘટક છે, ત્યારથી એ માન્યતા પર કોદાડો પડવા લાગ્યો પછી ૪ ૧૬૮૦મા ન્યૂટને જાહેર કર્યું કે આકર્ષણના સઘળા નિયમો તેમને લાગુ પડે છે અને ૫૭૬૫ના ગજબજ્યોતિષી હેલીએ અમુક નિયત સમયે તેમનું પુનર્દર્શન થવાનું ભાખેલું વિધાન સાચું પડ્યું ત્યારે તો એ માન્યતા તદ્દન ઊડી ગઇ


હેલીએ જે ધૂમકેતુ પરથી વિધાન ભાખ્યું તે તે।। જણાવ્યા મુજબ બરાબર ૭૬ વર્ષે આકાશમા દેખા દે છે એની ઈ ૧૭૦૪મા કરાએલી એ આગાહી મુજબ તેના મરણને બીજે જ વર્ષે ઇ ૧૭૫૯મા એ દેખાયો ત્યારે એણે ગોટલુ નો કુતૂહલ જગાડ્યુ કે તે।। નામથી જ એ ધૂમકેતુ ઓળખાવા લાગ્યો ત્યાર પછી નિયત સમયે ઇ ૧૮૩૫ અને ૧૯૧૦મા પણ એ દેખાયેલો પહેલા બત્તરો વર્ષનો એનું આવાગમન થતું રહેલુ હશે, કારણ કે પ્રાચીન ઇજીપ્ત।। ઉપરાંત ચીનાઓના પુરાણા ચોપડાઓમા એનો ઉલ્લેખ મળી આવે છે

સૂરજના આ કપૂતોનું નામ જેના પરથી ધૂમકેતુ પડ્યુ છે એ એમની પૂછડી એમની ખાસ વિશિષ્ટતા છે છતા કેટલાકને એ નથી પણ હોતી, જ્યારે કેટલાકને એક કરતા વધારે પણ હોય છે ૧૯૦૬મા જોએલા નામ।। વિજ્ઞાનીઓ જોએલા ધૂમકેતુને નવ પૂછડી હતી ને ૧૮૨૫મા દેખાએલાને પાંચ। બે પૂછડી તો ઘણા ધૂમકેતુઓને સામાન્ય હોય છે

આ પૂછડીને લઇને ધૂમકેતુઓના, માયુ અને પૂછડી



ચેસૉના ધૂમકેતુ તરીકે ઓળખાતા, ઈ.૧૭૪૭માં દેખાયેલા આ ધૂમકેતુને છ પૂછડી હતી !



ઈ. ૧૮૪૩માં પારીસમાં દેખાએલા આ મધ્યકાળ ધૂમકેતુની પૂછડી સાડા પંદર કરોડ માઈલ લાંબી હતી !

એવા બે ભાગ પડી જાય છે. માથાના પાછા બે ભાગ હોય છે, જે કેન્દ્ર (nucleus) અને કેશ (coma)ના નામથી ઓળખાય છે. કેન્દ્ર ખૂબ પ્રકાશિત હોય છે, જ્યારે કેશનો પ્રકાશ વાદળાં જેવો હોય છે. જેટલા અંશે વધુ પ્રકાશિત એટલા અંશે એ વધુ ઘટ્ટ હોય છે. ધૂમકેતુ નરી આંખે આ કેશને લીધે જ ઓળખાય છે. એ દશામાં સૂર્યની બાજુએ દેખાતો હોય છે, જ્યારે દૂર દૂર લંબાતી તેની પૂછડીની પ્રવૃત્તિ જાણે સૂરજથી દૂર ને દૂર રહેવાની જ હોય છે.

ઈ.૧૮૧૧મા દેખાએલા ધૂમકેતુના માથાની લંબાઈ સવા અગિયાર લાખ માઈલ ને પૂછડીની લંબાઈ ૨ કરોડ માઈલની હતી. આમ છતાં તેમાંનાં સર્વ દ્રવ્ય જો એકત્ર કરવા જઈએ તો એકાદ પ્રવાસપેટીમા સમાઈ જાય! એટલે કે એના દ્રવ્યના કણ બહુ પાંખા અને હલકા હોય છે—આપણા વાતાવરણની પૃથ્વીની સપાટી પરની હવાથી યે એમનું ઘટત્વ ૬૦૦૦મા ભાગનું હોય છે. આજ સુધીમાં દેખાએલા ધૂમકેતુઓમાંથી સૌથી જબરા એવા દસ હજારનો લોટો વળે તો યે આપણી પૃથ્વીના વજનને ન પહોંચે! છતાં કદમાં તો એવા ઉપસેલા હોય છે કે અવકાશમાં માત્ર નિહારિકાઓ જ એથી ચડે.

આ જ કારણે ધૂમકેતુઓની આકર્ષણશક્તિ બીજા કોઈ ગ્રહ પર કામ નથી કરી શકતી. કોઇક વખત પૂછડી હલાવવાનું પણ તેમને મન થઈ આવે છે! ૧૬૧૮ અને ૧૭૬૯માં દેખાએલા ધૂમકેતુઓએ એટલા તો જોરથી તે હલાવી હતી કે એનો પ્રકંપ થોડી સેકન્ડમાં તો આખા ધૂમકેતુમાં ફરી વળ્યો હતો.

આકાશમાં દેખાઈને અદૃશ્ય થઈ જતા કેટલાક ધૂમકેતુઓ તો એવા હોય છે કે ફરી પાછા એ કદી દેખાતા જ નથી. એનું કારણ એમની કક્ષા અતિશય જબરી હોવાનું મનાય છે, પરંતુ મુદ્દત પાકી ગયા છતાં કોઇ ધૂમકેતુ ન દેખાય તો માની લેવું કે એનો નાશ થયો છે. ઈ. ૧૮૨૬માં બીલૅન્યૂએ જોએલો ધૂમકેતુ એનું સારું ઉદાહરણ પૂરું પાડે છે. ઈ. ૧૮૪૫માં એ જ્યારે દેખાયો ત્યારે એના માથાની લંબાઈ વધી ગઈ હતી ને એ સાલ આખરે તો એ બે ટુકડામાં ભાગી પડ્યો. ઘણા મહિના સુધી એ ટુકડા પણ સાથે ફરતા રહ્યા, પણ પછી બંને વચ્ચેનું અંતર વધતું ગયું ૧૮૫૨માં એ ફરીવાર નજરે પડ્યો ત્યારે તો એ અંતર ૧૨,૭૦,૦૦૦ માઈલ થઈ ગયું હતું. એ પછીના ૧૮૫૯ના નિયત સમયે એ આકાશમાં ન દેખાયો, તે માટે સૂર્યની નજીક ગયો હોવાનું કારણ કલ્પી લેવામાં આવ્યું પણ એ પછીના ગાળામાં પણ એમાંનો એકે ટુકડો ન દેખાયો. પરંતુ એ વર્ષે ઉલ્કાપાતો ખૂબ થયા હતા ત્યારે ધૂમકેતુ અને ઉલ્કાઓને કંઇ સંબંધ હશે ખરો!

ઓક્સ થયો ધૂમકેતુનો આખો પિંડ જ ઉલ્કાઓનો બનેલો છે આકાશમાં ભમતાં ભમતાં કોઇ વખત એ સૂર્ય અને તેના ગ્રહોની અસર નીચે આવી જાય છે ને તેના બળવાન આકર્ષણને લઇને તેના ટુકડે ટુકડા થઈ જાય છે. આ ટુકડાઓ પછી ઉલ્કાઓના સમૂહ રૂપે જ આકાશમાં રહે છે. વળી તેનું માથું બન પદાર્થનું બનેલું હોઇ, એમાંથી પણ ઘણી વખત ટુકડા ઊડી પડે છે ને એની કક્ષામા પથરાઇ રહે છે.

ગ્રહોથી ધૂમકેતુઓ ઘણી બાબતમાં જુદા પડે છે તેમાંથી મુખ્ય એ છે કે, ગ્રહોની માફક એમની કક્ષા કદી ગોળ નથી હોતી પણ ચપટાકાર હોય છે અને તે ઓળખાય પણ આ કક્ષા ઉપરથી બાકી દેખાવ પરથી નહિ એમને પોતાનો પ્રકાશ હોય છે તેમ સૂર્યની મારફત પણ મેળવે છે રંગે એ મોટે ભાગે સફેદ અગર તો ભૂરા રૂપેરી હોય છે, પણ ચીનાઓના શાસ્ત્રોમાં લોહીજેવા લાલ રંગના ધૂમકેતુઓ પણ નોંધાયા છે

નાશ પામેલા ધૂમકેતુના અવશેષ રૂપે ઉલ્કાઓ આકાશમાં જે ઠેકાણે જમા થઈ રહે છે તેને પ્રસારક કેન્દ્ર (Radiant Point)ના નામે ઓળખવામાં આવે છે આવા દરેક કેન્દ્રમાંથી દરરોજ જેથી ત્રણ ઉલ્કા છૂટા પડતા જઈ પૃથ્વી પર પડ્યા કરે છે આપણી પૃથ્વીનું એ સદ્‌ભાગ્ય છે કે એ રીતે દરરોજ લગભગ ચાર લાખ જેટલા ખરતા ઉલ્કાઓ તેના આકર્ષણને લઈને વાતાવરણમાં પ્રવેશતા પહેલા જ બાળી ભુક્કો થઈ જઈને રજ રૂપે જ તેના પર પડે છે

છતા કવચિત્ કદની વિપુલતાને લઈને તેનું એ ઉલ્કાઓનું કલેવર કંઈક સાબૂત રહે છે એવા સાબૂત કલેવરવાળો એક ઉલ્કા એરીઝોનામાં કોઈ કાળે પડેલો, જેને પરિણામે હજુ ત્યાં પણ ૭૦ ફૂટ ઊંડો ખાડો પડી રહ્યો છે પૃથ્વીના તળમાં એ કેટલે ઊંડે સુધી ઊતરી ગયો હશે એનો પત્તો એ ખાડાને મોટી સાવડીથી સારવામાં આવ્યા છતા નથી લાગ્યો!

છેલ્લે છેલ્લે એવો ઉલ્કાપાત ૧૯૦૮ના જૂન માસમાં સાઇબીરિયામાં થયો હતો. ઘેરો લાલ પ્રકાશ ત્યારે આખા આકાશને ઘેરી વળેલો, ને તે પછી ૬૦૦ માઇલ સુધી પહોંચતી ગર્જનાથી એ તૂટી પડતા, ૩૦૦૦ માઇલ સુધી તો જમીન હલી ઊઠેલી. ચિરાડો પડ્યા ત્યાં પહોળ્યા ત્યારે જમીનમાં ઊંડી ચિરાડ સાથે ૧૪૦ માઇલના વ્યાસ સુધીનું દેવદારનું આખું જંગલ જડમૂળથી ઊખડી પડેલું જણાયું એવો જ પ્રપાત કોઈ વસતિવાળા સ્થળે થયો હોત તો ! પણ બધા ભૂશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે એવા ભયંકર પ્રપાતો ૫૦ લાખ વર્ષે માંડ એકાદ થવા પામે છે, એટલે આપણે તેની ચિંતા કરવા ની નથી

એ ઉલ્કાઓ નરી આંખે તો પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે જ આપણને દેખાય છે વાતાવરણના ઘર્ષણથી તપેલા એ લાલચોળ અને પછી શ્વેતતપ્ત બની, પૃથ્વીની સપાટી પર પહોંચતા સુધીમાં તો વેરવિખેર રજકણો જ બની જાય છે એનું શ્વેતતપ્ત રૂપ આપણે જોઈએ છીએ ત્યારે બોલી ઊઠીએ છીએ, 'જુઓ તારો ખર્યો!' અને ઘરડેરાઓ હોય તો એ જોતા તરત 'રામ, રામ' કરવા મંડી જાય છે.

પણ એ ઉલ્કાઓમાં કેટલાક એવા યે હોય છે કે જે પૃથ્વીના વાતાવરણને પણ દાદ નથી દેતા એવાઓના નાના કાકરાથી ગાદીને જગા જગા કદ સુધી પથ્થરના નમૂનાઓ સંગ્રહસ્થાનોમાં સચવાયેલા છે

ઉપર આપણે ઉલ્કાસમૂહના જે કેન્દ્રો ગણ્યા ગયા તેમાંથી કોઈવાર તો એકદમ મોટો પ્રમાણનો પ્રપાત જ પૃથ્વી પર પડે છે આવો ઉલ્કાપાત પ્રથમ ૮ ૧૭૯૯ના નોંધાયેલો જાણ્યો એનું વૈજ્ઞાનિક અન્વેષણ થતું રહેતા નક્કી થયું છે કે દર ચોત્રીસ વર્ષે એક વખત એવો ઉલ્કાપાત પૃથ્વી પર થાય છે, જેને લીઓ (leo)નું નામ આપવામાં આવ્યું છે એ સૂર્યની આસપાસ એક નિશ્ચિત કક્ષામાં ફરે છે ને દર ચોત્રીસ વર્ષે પૃથ્વીની કક્ષાને ઓળંગે છે, અને એ વખતે એનાથી ખેંચાઈ જઈ, ઘર્ષણને પરિણામે બળી ઊઠી, એ રાખ રૂપે પૃથ્વી પર પડે છે

વળી, દર વર્ષે ઑગસ્ટની ૧૧મીએ બીજો એક ઉલ્કાપાત થાય છે, જેને 'પર્સેઉસિસ' કહે છે સાધારણ ગણનાયોગ્ય ઉલ્કાપાત તો દર મહિનામાં બેકાર વખતે થાય છે જ, પણ એમાં ખરી પડનારા ઉલ્કા બહુ ઝાઝા હોય છે

સૂર્યમાળામાં પ્રત્યેક ગ્રહ ઉપર આવા હજારો ઉલ્કાપાત થતા હશે, પણ એનું તાદૃશ પરિણામ એ આવે છે કે તેમની ધૂળને લીધે ગ્રહના કદમાં વધારો થતો જાય છે કોઈ વખત ધૂળને બદલે પથ્થર-રૂપે જ્યારે એ પડે છે ત્યારે 'અગ્નિગોલ' નામે ઓળખાય છે ૧૯૧૭ની સાલમાં આવો એક અગ્નિગોલ રત્નાગિરિ જિલ્લામાં પડ્યો હતો ૧૮૭૨ની સાલમાં ફ્રાન્સમાં પડેલા અગ્નિગોલનો અવાજ ૫૦ માઇલ સુધી સંભળાયો હતો ગ્રેગ સૅપ્ટે અને નૉર્મન લોકયરના મત મુજબ એ ધૂમકેતુના જ જરા મોટા ટુકડા છે એ ધ્યાનમાં રાખવાનું કે, સામાન્ય ઉલ્કાપાત વખતે આવા અગ્નિગોલ કદી નથી પડતા



'ગ્રાંડકલ લાઇટ'ને નામે ઓળખાતો આ પ્રકાશપટો યુરોપમાં જે ઠેકાણે સૂરજ આથમ્યો હોય તે જ સ્થળે દેખા દે છે. એનો વચલો ભાગ ખૂબ તેજસ્વી ને છેડા ઝાંખા હોય છે. એના પ્રાદુર્ભાવ પાછળ પણ ધૂમકેતુઓ ને ઉલકાઓની કરામત રહેલી છે.

યુરોપમાં કેટલેક ઠેકાણે સૂર્યોદય પહેલાં કે સૂર્યાસ્ત પછી મોતીઆ રંગનો પ્રકાશ પથરાઈ ઉદય કે અસ્તના સ્થળે જ દેખાય છે. એનો વચલો ભાગ ખૂબ જ તેજસ્વી હોય છે ને પછી છેડા તરફ ઝાંખો થતો જાય છે. યુરોપના દક્ષિણ ભાગમાંથી એ સીધો સોટા જેવો દેખાય છે, જ્યારે ઉપરના ભાગમાંથી કાટખૂણા પડતો.

આ પ્રકાશનું કારણ પણ ધૂમકેતુઓ જ છે. સૂર્યની કક્ષામાં ફરનારી તેમની ધૂળ તેના તેજથી પરાવર્તિત થઈને ચમકે છે, પણ સૂર્યના તેજમાં એ પ્રકાશ ઢંકાઈ જાય છે એટલે સૂર્યોદય કે સૂર્યાસ્ત સમયે જ દેખાય છે.

ત્યારે આકાશના આ ઉચ્છૃંખલ રખડુઓ જેવા ધૂમકેતુઓનો જન્મ કેમ અને કયાંથી થાય છે એ સવાલ પણ ઊઠે જ. એવું જણાયું છે કે સૂરજના ગર્ભમાંથી ઘણી વખત ટુકડા અવકાશમાં ઊડી પડે છે. પરંતુ એના જ ધૂમકેતુઓ બનતા હશે એમ માની ન શકાય; કારણ કે એ ટુકડાની ગતિ સેંકડના ૩૮૩ માઇલથી ઓછી હોય તો તો એ પાછા સૂરજમાં જ જઈ પડે. બીજા ગ્રહોનો તેમાં અંતરાય આવતો હોવાનું આપણે માનીએ તો પણ આપણી અને નજીકમાં નજીકના તારાના અંતરનો મોટો ભાગ રોકતા, સૂરજથી ૨૫૦,૦૦,૦૦,૦૦,૦૦૦ માઇલ દૂરના ધૂમકેતુઓનું શું માનવું? આપણો આ નવો ધૂમકેતુ બિલ્કુલ જ સૌર જગતની બહારથી ધસી આવે છે એ!

રશિયન વિદ્વાન ઓબ્રોનિકૉફ કહે છે કે ધૂમકેતુઓ મૂળે તો સૌર જગત બહારના, પણ તેની કક્ષામાં આવી ગયા પછી તેના ઘટક બની રહ્યા છે. અનંત અવકાશમાં સૂર્ય પોતાના પરિવાર સહિત સેંકડના આશરે ૩૨૦૦ ફૂટની ગતિ કરી રહ્યો છે. એટલે ૧૫૦૦૦ વર્ષે એક પ્રકાશવર્ષ જેટલો પ્રવાસ ગણાય, દસ લાખ વર્ષો પૂર્વે એ 'મૃગશીર્ષ' નામના નક્ષત્રમંડળમાં હશે ત્યારે તેમાંથી જે અનર્ગલ દ્રવ્ય તેણે ખેંચી લીધું હશે તેને ગતિ મળતાં તેના ધૂમકેતુઓ જન્મ્યા.

પણ એ તો સૂર્યમાળામાંના ધૂમકેતુઓનો સંભવિત તોડ છે. બાકી એમનો ઉદ્ભવ ચોક્કસપણે જાણનાર તો હજુ કોઈ વિજ્ઞાની નથી મળ્યો. સંભવ છે કે કોઈ નવા ગ્રહ માટેનો અવશિષ્ટ રખાએલો એ મસાલો પણ હોય. એનું કલેવર સોડું, હાઇડ્રોજન જેવા ગૅસ અને સોડિયમ જેવાં બીજાં મૂળતત્ત્વોનું બનેલું છે. એનો મોટો જથ્થો સૌર જગતમાં જ છે એ ચોક્કસ છે, પણ આગળ ઉપર વર્ણવી એવી સૂર્યની તેના પર થતી પ્રતિક્રિયાને પરિણામે તેમનો નાશ થતો જ જાય છે. સૂર્યથી અસંખ્ય માઇલો દૂર રહેલા ધૂમકેતુઓ વળી કોઈ વખત બીજા તારાની હદમાં પણ પ્રવેશી જાય છે, પણ ત્યાં યે તેની પ્રતિક્રિયાને લઈને તેમનો નાશ જ થવાનો. આપણને દેખાતા બધા જ ધૂમકેતુઓ એ રીતે નામશેષ થઈ જવાના. કયારે? એનો ઉત્તર તો નિરવધિ કાલ જ આપી શકે. 'અનિકેત'

મીણબત્તીનો ભાવ વધારે, લાજવાથી ઘરાકે આથમે જતાવ્યું. ત્યારે દુકાનદારે ચાલાકીથી કહ્યું, 'સાહેબ, એમાં વિચાર શું કરો છો? તે લડાઈ લંબાશે તો હજુ પણ મીણબત્તીના ભાવ વધી જશે.'

ગ્રાહક વધુ આશ્ચર્ય બતાવતોઃ 'તે શું, આ લોકો મીણબત્તીને અજવાળે લડાઈ લડે છે?'

તેંતાળીસ વરસનાં વેર



ચીન પર ઉગામાએલો જપાની મુક્કો

દોસપની વરૂ અને ઘેટાના અત્યાચારી વાત ઘણાને યાદ હશે એવી જ વાત ચીનના પાયતખ્ત પેકિનથી ૩૦ માઈલ દૂર આવેલા માર્કો પોલો પૂલ નજીક, ચાંદ્ર સાલના ત્યુવાઈની છઠીની મધરાતે બની ગઈ એ પૂલ પર વાગપિંગ થાણા ઉપરની જપાની ટુકડીએ ઓટો દાવો (એના કહેવા મુજબ) કરી જોયો આમી પારના ચીની નક્કરે તે દાવો ખરેખરો માન્યો પરિણામે જગતના સંવૉ દાવ તુમુલ યુદ્ધનું રૂપ લીધુ છે અને આજે તો ઘડીએ ઘણાઇ રહી છે કે ચીન ક્યારે જગતનું બીજુ જેનજિયમ બની જાય!

ચીન દેશ વસ્તી અને ક્ષેત્રફળમા આખા યુરોપ બરાબરો થતા જાય છે, એટલુ જ નહિ પણ એની સસ્કૃતિ પુરાતનતામા હિંદની સસ્કૃતિની જોડાજોડ ગિણે છે પરંતુ અઢારમા ને ઓગણીસમા સૈકામા હિંદ જેમ ઇગ્લંડનુ શિકાર બન્યુ તેમ ગયા સૈકાના ઉત્તરાર્ધમા અને ચાલુ સૈકામા ચીન જપાનનુ શિકાર બની ગયુ છે તેને સરકારી બનાવવાને બદલે આજ સુધી એ દેશોએ એનુ રાષ્ટ્રશરીર ચૂથવામા કાઈ કમી રાખી નથી ચીન કદાચ નવા મહાયુદ્ધનુ કેન્દ્ર બને તો યે તેનું મુખ્ય કારણ તો સામ્રાજ્યવાદી સત્તાઓના તેમા સડોવાએલા હિતો જ હશે.

આ લડાઈ પાછળ જપાનનો ઇરાદો તો ઉત્તર ચીનના હોપે, શાન્ટુગ, શાન્સી, ચહાર અને સુઇયુઆન એ પાચ પ્રાતોનુ એક નવું સ્વતત્ર રાજ્ય મધ્ય ચીન અને સોવિયેટ યૂનિયન વચ્ચે ઊભુ કરવાનો છે પરંતુ ચીન સામે મજબૂત મોરચા બનાવી રહ્યુ છે અદર અદરના બધા મતભેદો ભૂલી જઈને તેના બધા પક્ષોએ આજે સયુક્ત મોરચો રચ્યો છે સોવિયેટ તેની મદદમા છે ને રાષ્ટ્રસઘને પણ એણે યાદી મોકલી આપી છે, એટલે જપાનના મોરચા સફળ નીવડવામા શકા રહે છે લડી લેવાનો જ તેનો નિર્ણય હોય તો યે તેને લાબા યુદ્ધમા ઊતરવુ પડશે એ ચોક્કસ છે એવુ યુદ્ધ જપાન ખેડી શકશે? દાવ તો એક માત્ર જર્મની જ તેનું મિત્ર છે ને તેની પાસે તો મદદ કરવા પૂરતાં નથી નાણા કે નથી કાચો માલ વળી જપાન પાસે સોનાનો સંગ્રહ નજીવો છે એટલુ જ નહિ, એ દેવાદાર પણ છે

પરંતુ દાવ તુરત તો જપાન પોતાનો ઇરાદો જતો કરવા બીનકુણ તૈયાર નથી એમ જ જણાય છે આજકાલથી નહિ પણ તેંતાળીશ વર્ષથી તે ચીનને ગળવાનો પ્રયત્ન કરી રહ્યુ છે ઇ.૧૮૯૪મા કોરીઆ ઉપરનું ચીનનુ વર્ચસ્વ નકારી તેની સામે એ લડયુ લાગ્યું તે આજ સુધી ! એ તેંતાળીસે વરસની તવારીખ આ નીચે આપી છે, જે એ બાબત પર વધુ પ્રકાશ પાડશે.

૧૮૯૪-૯૫—પહેલો ચીન જપાન વિગ્રહ, જેમા જપાને ચીન પાસેથી ફૉર્મોસા, પેસ્કાડૉર્સ ટાપુઓ અને મન્ચુગિાના વિશાળ ભુગર્ભકદ્રવ્ય ખૂચવી લે છે યુરોપિયન સત્તાઓ 'પીળા ભય'નો પોકાર ઉઠાવે છે ને એ સાથે દનભાગી ચીનનો, દાવ લાગે એટલો મુલક પચાવી પાડવા પડાપડી કરે છે.

૧૯૦૦—ચીનમાથી પરદેશીઓને દાફી કાઢવાની ઝુંબેશ ઉઠાવતો 'બૉકસર' બળવો. પરદેશીઓની કત્લ. આનગ્રા ટ્રીય સરકારે પેકિંગ (હવે પાદ્રિંગ) લઈ લેના


ઑગસ્ટ—૯ જપાન નાગાકાઉ શહેરનો ભોગથી નાશ કરે છે. એના પ્રત્યુત્તર રૂપે ચીન ત્રણ રેકાગેથી સુધયાન રેલવે ઉડાવી દે છે. ઑગસ્ટ ૧૫ અધવચ્ચે જપાની લશ્કર શાંધાંઈ પહોંચી જાય છે. ત્યારથી ઉત્તર ચીનને બદલે એ જ યુદ્ધપ્રવૃત્તિનું કેન્દ્ર બને છે.

આ આજ સુધીનો પ્રતિદાસ છે, ચીને આ પેશકદમી સામે જબ્બર જેહાદ ઉઠાવી છે. અને જગત આતુર નજરે એ જોઈ રહ્યું છે.

દીવાસળીના ખેલ


ન વરા પડ્યા હો ને ગમ્મતનું બીજું કોઇ સાધન ન હોય તો માત્ર એક દીવાસળીની પેટી વડે પણ તમે કેટલાયે નુસખા કરી શકો.

ચિત્ર નં ૧ માં બતાવ્યા મુજબ એક દીવાસળી આમ ભાગીને પેટીના બધે બાનામા ગોઠવો અને પછી બીજી દીવાસળી, તેનો બોગરો પડેલી દીવાસળીના છેડાને અડે એવી રીતે ઊભી ગોઠવો. પછી એ બંને દીવાસળીઓના બોગરા ત્રીજી એક દીવાસળીમા ચેનાવો. જુઓ! ઊભી દીવાસળી કેવી ઊંચે ચડે છે તે!




ચિત્ર ન. ૧

ચિત્ર ૨: પહોળા બોંના શીશાના ગોળામા આવી જાય એવો એક નાનો સિક્કો લો. પછી શીશાના બો પર, ચિત્રમા બતાવ્યા પ્રમાણે ભાગેલી દીવાસળી મૂકો તેના પર સિક્કો મૂકો. ત્યાર બાદ જ્યા એ દીવાસળી ભાગી હોય ત્યા પાણીનું એક ટીપુ મૂકો ધોડી જ વારે બને પાંખિયા લબાશે ને સિક્કો શીશામા પડી જશે.




ચિત્ર નં. ૨

એ જ સિદ્ધાત પર બીજી ગમ્મત થઇ શકે. પાચ દીવાસળી અરધી ભાંગીને ચિત્ર નં. ૩ મા બતાવ્યા પ્રમાણે ગોઠવો. પછી એની વચ્ચોવચ પાણીનું એક ટીપુ મૂકો. એટલે બધી દીવાસળી ચિત્ર ન ૪ થામા બતાવ્યા પ્રમાણે ગોઠવાઇ જશે.




ચિત્ર ન ૩

જાદુગરો ઘણી દીવાસળી વડે એક અજબ તમાશો કરે છે. પાણીના ગ્લાસની અંદર, માત્ર તળિયુ જ ભીંજાય એટલા પાણીમા ચિત્ર નં ૫ માં બતાવ્યા મુજબ આઠ દીવાસળીઓનો એક ચૂડ ગોઠવે છે. પછી પોતાની જાદુઇ લકડી એની લાકડીઓ કાઢી, તમાશબીનોને સમજાવે છે કે આ દીવાસળીઓ એના કહ્યા મુજબ જ વર્તશે એ લાકડીઓ બીલકુલ કાબી હોય છે, પણ તેને છેડે જાણે દાયીદાંત જડેલા હોય એવા દેખાય છે. એમાની એકને, તેના દાયીદાંતવાળા છેડાથી જાદુગર ગ્લાસમાં બોળે છે કે તરત બધી દીવાસળીઓ વીખરાઈ જાય છે ને એની જ રીતે બીજા બોળતા બધી પાછી ગોઠવાઇ જાય છે! આમા જાદુ એ હોય છે કે એ લાકડીઓ સામની નહિ, પણ બાઇ અને સાબુની બનાવેલી હોય છે એના પર કલાઇનું પતરું ચડાવી ને એવી રીતે રંગેલો હોય છે કે ગીસમની જ દેખાય ને બે બુલ્લા છેડા દાયીદાતનો ભ્રમ કરાવે. સાબુ પાણીને બોળી શકતો નથી, એટલે પાણીમા તે બોળતાં તેણે રોકેલી જગ્યા દીવાસળીઓને પીબેરી નાખે છે, જ્યારે બાઇ પાણીને શોષતો હોઇ એ બધીને પાછી એકત્ર કરે છે: આ એની પાછળનો જાદુ!



ચિત્ર નં ૪



ચિત્ર નં. ૫



મંગલદીપિકા

લેખકના, આ દીવાળીએ બહાર પડનારા કાવ્યસંગ્રહ 'દીપ-શિખા'ના નામને અનુલક્ષતી વાતની આ દીપિકાપર્વે ઉતારીએ:

• દ્રુતવિલંબિત •

જીવનમંદિર મંગલ માલિકા
સુભગ દીપશિખાની દીપાવવા,
નભવિતાનથી શુભ્ર નિહારિકા
જગત ચૌકમહીં અવતારવા,
હૃદયમાં અભિલાષ ધરી કરું,
જ્વલિત જીવન વિશ્વતણું કરું.

નિરખી સુપ્રભ મેં સઘળી દિશા,
સદન સોહી રહ્યાં દ્યુતિમંડળે;
હૃદયમંદિર સર્વ શિખા જલે;
નહિ અચેતન કો નહિ ત્યાં નિશા.
દ્યુતિ અનસ્ત લસે પથદર્શિકા,
તદપિ કેમ ધરે ઉર ધૃષ્ટતા?
સદન શું નિજ એક દીપાવતા
નહિ બને કૃતિ મંગલદીપિકા?

અમીદાસ

દીવાટાણું

ગૃહજીવનનું એક મનોહર ચિત્ર

• પૃથ્વી •

પ્રદીપ લઈ સોડચમાં નવવધૂ અગાશી ભણી
ચઢી પગથિયાં રહી તૃતીય માળનાં, સાચવી
રખે દીપક હોલવાય! તુલસી તણા છોડની
જરા નજીક, વંદના કરી, પ્રદીપ ત્યાં ઠેરવી,
પછી ગગનમાં જુએ ઉતરતી કળા સૂર્યની.

જયંતીલાલ આચાર્ય

શૈશવ

તદ્દન કિશોરવયના એક નવા (ને આશાસ્પદ) કવિનો પરિચય

• મંદાક્રાન્તા •

ભૂલ્યો ના હું મુજ શિશુપણું, ભૂલવા યે ચહું ના,
આલેખાયાં સ્મૃતિફલક પે ચિત્ર કૈં બાલ્ય કેરાં.
આનંદે હું બટુક શિશુઓ સાથમાં ખેલતો'તો
ગિલ્લીદંડા, લખુતુ અથવા ગોળકુંડી વગેરે.
ભાગોળે જે વખત બહુ યે આમલીકાતરોની,
વા ટેટાની, વિધવિધ ઘણી ટેરવંનો ઉતરણી.
કોઈ સાંજે સરિતતટ પે રેતમાં સાંતવાણ
ખેલી, થાકી, ક્ષુધિત થઈને ઘેર પાછા ફરંતા.
ઘ્હેલી રાતે વદન હસતે વાળુ માતા જમાડે,
ધીરે ધીરે સકલ ગૃહનાં કામનો પાર આવે;
અંતે દાદા લઈ નિજ હુક્કો વાત માંડી કહેતા,
ટોળે ગોસી સરવ ભુલકાં ખૂબ ભાવે સુણંતાં.
હાવાં કોઈ નવ લહી શકું બાલ્ય કેરી મજાઓ,
બાલ્યાવસ્થા અગર ન રહ્યાં સાથમાં બેરુઓ કો.
ત્યાગી મેં તો જનમભૂમિ, ને ત્યાગિયો છે મને યે
જોઈ ભાઈ મુખ છલકતી હેતથી ભાવદીએ.

રજનીકાન્ત દેસાઈ

સાધના

શ્રી ઉમાશંકર જોષીના 'હું ગુલાબને પગલેપગલે—એક ગેય સાહિત્યકાવ્ય

• ગુલબંકી •

હું હતાશ?
ક્ષુદ્ર આ પરાભવે બનું કદી ય હું હતાશ!
સુધ્યેય સ્પષ્ટ પેખતો,
વિધેય સ્પષ્ટ દેખતો,
ન તો પછી પરાજયો, પરાજયો લહું મને.

પ્રયાન ધ્યેય પામવું,
ન અલ્પથી વિરામવું,
હજાર હાર છો મળે, ન હાર એ ક્ષમે મને.


ચડું, પડું, ફરી ચડું,
અદમ્ય ધૈરને લડું,
પરાક્રમે પડે મળ, ન સિદ્ધિની તમા મને.

વિશુદ્ધ સાધના કરું,
મથી મથી મથી મરું,
ભલે હું ધ્યેય ના વરું, ન જંપવું ત્રણે મને.

છો થતું બધું ય નાશ,
ના કદી બનું હતાશ.

લાભશંકર પાઠક

ચિત્રકળામાં સ્વશિક્ષણ




ચિત્રકળામાં આકૃતિઓ દોરતા અંદરના પ્રમાણો સાચવવાનું પણ મુશ્કેલ લાગે છે. આથી, શરૂઆત કરનાર માટે છાયાચિત્રો કરવાનું કામ આકર્ષક અને સરળ જણાશે. તેમાં ચિત્રની બહારની રેખાઓને બરાબર સાચવી લઈને પછી અંદરનો ગાળો બધો કાળી શાહીથી ભરી દીધો હોય તો ઘણું ઉઠાવદાર ને સંપૂર્ણ ચિત્ર બની શકે છે. માત્ર વેલ, પાન, ફૂલ કે સુશોભનો પણ એક છાયાના રંગમાં સરસ લાગે છે.

છાયાચિત્ર સરળ લાગવાનું મુખ્ય કારણ તો એ છે કે મનુષ્યને આકૃતિની કોઈપણ જાતની છાપ પહેલ વહેલી પડછાયામાં દેખાઈ અને તેથી આકર્ષાઈને તેણે તે પત્થરમાં કે ભીંત ઉપર ઉતારવા પ્રયત્ન આદર્યો. પ્રાચીન કાળનાં ચિત્રો ઘણે ભાગે છાયાચિત્રના જ વારસો લાગે છે. એ ચિત્રોમાં ઘણીવાર આખકાનનું ઠેકાણું જણાતું નથી, પણ નાક, કપાળ, દાઢી વગેરે પડછાયો પાડીને જ ચીતરેલા હોવાથી પ્રાચીન કાળનો ચિતારો એ અંગો ચીતરવામાં તો કુશળ બની ગયો. આમ, આખી માનવજાતિને જે પદ્ધતિથી ચિત્રકળા સાધ્ય થઈ તે જ પદ્ધતિ વ્યક્તિને પણ માર્ગદર્શક બને.

છાયાચિત્ર ભરનારે બધું જ કાળું ભરવું જોઈએ એવું નથી. આકૃતિનો ફરતો બાહ્ય રેખાંકન થયો હોય તો અમલ બાહ્ય રંગમાં ગણી આસપાસની જો કોઈપણ જાતના ઘેરા રંગે ભરી દેવાય, અથવા જો આખી પ્રથમ કોઈ રંગે રંગીને તે ઉપર મુખ્ય આકારને ઘેરા રંગ કે શાહીથી ભરીને ચીતરાય.

ચોરસ પાડીને ચીતરવાની રીતે જેને ફાવી ગયું હોય તે આવા ચિત્રોમાં અનેક પ્રકારો બતાવી શકે છે. ભાઈ કનુ દેસાઈના જે ચિત્રો 'મંદિરે' અને 'પૂજન ગિરિ' છાપકામમાં કરવાને ચોરસ નાખીને આ સાથે આપ્યા છે. એના પરથી જોઈએ તેવડા માપના ચિત્રપટો થઈ શકે. કોઈ ભીંત પર બતાવી જેવડા પાટો પાડી શકે. કાપડ પર રેખા નાખીને ભરતથી ભરીને અથવા કપડાના કટકા કાપીને એક પર બીજા ગોઠવી છાપા બનાવી શકે. સોનેરી રૂપેરી રંગોથી પણ નવી ભાત કરી શકાય.


છાયાચિત્રની પ્રેરણા લઈને કોઈ વર્ગ જુદાજુદા ચિત્રોમાંથી પક્ષીઓ પાન વગેરે જોઈતા માપમાં મોટા કરી લઈ ચંદ્ર, પક્ષીઓ, વૃક્ષો વગેરે પાડ કે છુટા-



છૂટાં પણ યોગ્ય રીતે શકે અને ઉચ્ચ પ્રકારના કામ પર હાથ જાગે તે પહેલાં પણ રંગો અને આકારની નવીનવી સૃષ્ટિ સરજી શકે. દરેક ક્રિયામાં હાથ વધુ છૂટો થશે અને આંખમાં નવાં માપતાલ સમજાતાં જશે.

ચિત્રકામ કરનાર વિદ્યાર્થી પાસે ચિત્રસંગ્રહ તો હોવો જ જોઇએ. વર્તમાનપત્ર માસિકોમાંથી કે ચોપાનિયાંમાંથી પોતાને ઉપયોગી થાય અથવા આકર્ષક લાગે એવા આકારો, પાત્રો, દૃશ્યો વગેરેના કાપલા કોરા પાનાંની એક ચોપડી ઉપર ચોડી જ રાખવા જોઇએ. લાંબી કાતર અને ચુંદર કે લાહીનું પાત્ર હમેશાં તૈયાર જ રાખવું. આ રીતે ચિત્રો વીણવાની અને જોગાં કરવાની ક્રિયામાં એવું ઘણું શિક્ષણ મળશે કે જે કોઇ પણ ગુરુ આપી શકશે નહિ. એથી મનને વસ્તુઓ શોધીને તરાપ મારવાની એક પ્રકારની કવાયત મળશે. યાદશક્તિમાં ત્વરા અને ચોકસાઇ આવશે તથા અનેકવિધ રીતો અને ગોઠવણોમાં ઊંડી સમજ વધશે. સાધારણ ચિત્રકારને સુશોભન કે આલેખન માટે એ સંગ્રહ બહુ જ ઉપયોગી બને છે. ચિત્રકારે પોતાના મૌલિક સર્જન માટે તો ખરેખરા પદાર્થોનું કે પાત્રોનું નિરીક્ષણ કરવું જોઇએ; પણ જેઓ હજુ ચિત્રકળાને ઉંબરે છે તેમને પ્રત્યક્ષ દેખાતી વસ્તુઓની કદર હોતી નથી. તેઓ બીજા કલાકારોએ મૂકેલી સીડીઓને આધારે દૃષ્ટિ વધારે સુધારે છે. આ લેખમાળા સાથે અપાતા નમૂના પરથી જોઇએ તો થોડોઘણો યે પ્રયાસ કર્યો હશે તેમને આ બધી વાતોની પ્રતીતિ માટે મુશ્કેલી નહિ જણાય.

'કુતૂહલ' નામનું આ સાથેનું એક સહેલું રેખાચિત્ર પણ ઘણાને ગમશે. પણ તેની ખરી મજા તો તે ગોઠવું દોર્યા પછી અને એમાંનાં ઝાડ, આકાશ, વૃક્ષો



પાણી વગેરેમાં રંગો ભરાયા પછી જણાશે. રંગો ભરવાને કાગળ પર રજર જરાપણ વાપર્યું હોવું ન જોઇએ. ચોરસની મદદથી ચિત્રરેખા તૈયાર થાય એટલે બીજા સ્વચ્છ કાગળ ઉપર તે કેમ ઉતારી લેવી તે માટે અગાઉ સૂચના અપાઈ ગઇ છે તે ભૂલાઇ નહિ હોય.

(ચાલુ) રવિશંકર રાવળ

(હવે પછીનાં પ્રકરણોમાં ચોરસની સહાય વગર ચિત્રો કરવામાં કેમ વર્તવું તેની સૂચનાઓ અને પાઠ અપાશે. અત્યારસુધી લખાએલી બાબતોમાં કોઇને સમજણ ન પડી હોય અથવા વધારે ખુલાસો જોઇતો હોય તો જવાબ માટે એક આનાની ટિકિટ સાથે લેખકને પૂછવું.)

મેંદીનાં પાન

જગતનો ઇતિહાસ એ એક મહાકાવ્ય છે. તેમાં પ્રત્યેક રાષ્ટ્રનો ઇતિહાસ એ એક એક અધ્યાય છે, અને પ્રત્યેક માણસનું ચરિત્ર તેનો એક એક શબ્દ છે.

કરે તેનું કામ, રાખે તેનું હામ, ને ભજે તેનો રામ.

અન્યાયથી મળેલા જય કરતાં ન્યાયથી મળેલો પરાભવ વધુ ગરવો છે.



જીવનનું પરોઢ

આ લેખમાળાની શરૂઆતમાં જણાવેલું 'तच्च संस्मृत्य' ખરેખર હવે શરૂ થાય છે, એટલે અહીંથી બીજો વિભાગ પાડી નાખ્યો છે લેખક એ વિશે લખે છે કે '૧૯૧૨થી ૧૯૧૪ના ઑગસ્ટ સુધી—જર્મન યુદ્ધના પ્રારંભ સુધી બે વરસના ગાળામાં જ મારા આ પુસ્તકનો મુખ્ય ભાગ છે એ જ ગાળામાં સત્યાગ્રહની છેલ્લી લડાઈ, ફીનિક્સની સ્થાપણી અને બાપુજીના મોટા ઉપવાસો વગેરે બન્યું છે બાપુજીની સીધી તાલીમ પણ એમના વચગાળામાં મને સાંપડી છે અને ટૉલ્સ્ટૉય ફાર્મ પરંતુ બાપુજીનું ખડતલ તપસ્વી જીવન પણ આ જ વિભાગમાં આલેખાયું છે બીજા ભાગ સત્યાગ્રહની છેલ્લી લડાઈની કથાનો આવશે અને ચોથો ભાગ સમાધાની પછીનો આવશે, જેમાં સત્યાગ્રહાશ્રમની સ્થાપના સુધીની વાત આપવા ધાર છું'

ભાગ બીજો • પ્રકરણ પહેલું

બાપુજીનું પ્રથમ દર્શન

સાત વરસની નાની વયે બાપુજીએ મને રમાડેલો એ કંઈ બાપુજીના દર્શન ન કહેવાય. દુનિયાની નજરે તેઓ જેમ એ દિવસોમાં અલૌકિક નહોતા બન્યા તેમ મને યે તેઓ ઘરના સાધારણ મુરબ્બીથી વિશેષ ન હતા અનેક બાળકોને જેવું પોતાના દાદા પ્રત્યે વિશેષ આકર્ષણ અને પૂજ્ય ભાવ હોય છે તેવું મને તેમના પ્રત્યે હોય એ સ્વાભાવિક હતું પરંતુ દસ વરસની ઉમરે થયેલું તેમનું દર્શન જ ખરું જોતાં મારે માટે તેમનું પહેલું દર્શન હતું. એમના આવવાની રાહ જોવાની હતી ત્યારે મગનકાકાએ આવી એક બપોરે ખબર આપ્યા કે બાપુજી કરસન આવી પહોંચ્યા છે, રાતે ફીનિક્સ આવશે ને આવતી કાલે આપણે ત્યાં જ જમશે સાથેસાથે ભોજનમાં શું અને કેટલું જોઈએ તેની ચર્ચા પણ મારી બા સાથે કરી લીધી.

જૂના લોકો રાંધણછઠને દિવસે ચૂલાને કારખાનું બનાવી મૂકે છે તેવી રીતે અમારે ત્યાં રાંધવાની ધમાલ થઈ રહી કોઈ પણ ચીજમાં સંચરસ નાખ્યા સિવાય અનેક વાનગીઓ તૈયાર કરવામાં મારી બા અને કાકી ગુંથાઈ ગયાં એમની મદદમાં રહી મેં પણ નાના નાના કામ કરી આપ્યાં એટલા બધા કલાકો રસોડામાં ગોંધાઈ રહેવું મને સાધારણરીતે ન રુચતું, પણ બધું કામ બાપુજી માટે હતું, એટલે મારી બા પાસેથી ઉપરું માગીને, મગફળી ફોલી, માકર દળી આપવી, બદામ છોલી આપવી વગેરેમાં આખો દિવસ મેં વીતાડ્યો તૈયાર થએલી વાની બરાબર છે કે નહિ એ જોવાનું બળતું તેમાં પણ મને કંઈ ઓછો લાભ નહોતો.

બીજે દિવસે સવારે ઊઠતાંની સાથે જ હું બાપુજીને ઘેર પહોંચ્યો. તેઓ રાતે આવી ગયા હતા પહેલાંની જેમ એમને ખભે ચડી જવા જેટલો નાનો તો હું હવે નહોતો રહ્યો વળી તેઓ એક જ દિવસ રોકાવાના હતા એટલે એમનો કામ પણ ખૂબ હતું, તેથી તેઓ મને કયાંથી બોલાવે કે રમાડે ? છતાં હું એમની આગળીએ ને આગળીએ વળગી રહ્યો એમની વાતો તો કંઈ સમજ્યો નહિ પણ એમની પાસે ઊભો ઊભો એમનું મોઢું જોયા કરું ઘરમાં આગલે આખો દિવસ કામ કરેલું, પણ બાપુજી આવ્યા તે દિવસે મને મારી બાને પાણીનો લોટો ભરીને આપવો પણ કડવો ઝેર જેવો થઈ પડતો પ્રેમના મુખ્ય મુખ્ય કામ કરનારાઓ સાથે વાતોમાં બાપુજીએ સવારનો નખત ગાળ્યો, અને એ બધો વખત હું એમના ચહેરાના ભાવો જોતો થાકો નહિ. ફીનિક્સના મોટામોટા માણસો પણ તેમની પાસે સાવ ટીચુકડા જણાતા હતા બાપુજીનો એકએક બોલ બહુ ગંભીરતાથી નીકળતો હતો અને સાંભળનારા શબ્દેશબ્દે વધુ ચિંતામાં ને ઊંડા વિચારમાં પડી જતા દેખાતા હતા

લગભગ એક વાગે બાપુજી અમારે ત્યાં જમવા આવ્યા ઘરમાં બે મોટા ટેબલ હતા તે અડોઅડ મૂકી, બને ટેબલ ધોળી સફેદ ચાદરોથી આચ્છાદી દીધા. થોડે થોડે અંતરે ખુરશીઓ મૂકી ટેબલના બે છેડા પર બે અને વચ્ચે ચચ્ચાર પાંચ પાંચ, એમ બધી મળીને બારેક ખુરશીઓ મૂકી પછી ટેબલ ઉપર બીજનું તપેલું, તેની બે બાજુએ રકાબીમાં રોટલીઓનો ખડકલો, ત્રણ ચાર કરન કેળાં, સુધારેલાં ટમેટાં, તેનું શાક, સંતરા, નારંગી, સીંગદાણા, મગફળીના દાણા; મગફળીપાક, મગફળી ખાંડીને ઘી જેવો કરી નાખેલો તેનો ભૂકો (નટ બટર) તથા બીજી કેટલી યે ચીજો ટેબલ ઉપર ગોઠવાઈ ગઈ. બધી જ ચીજો અત્યારે યાદ નથી

રહી, પણ એ લાંબું ટ્રેજલ એક છેડેથી બીજા છેડા સુધી આખું ભરાઇ ગયું હતું. બાપુજી કંઇક આઠ દસ જણાની ટોળી લઈ જમવા આવ્યા. બરોબર ટ્રેજલની વચ્ચોવચ્ચ એક ખુરશી ઉપર પોતે બેઠા, અને ટ્રેજલ ઉપર જે જે મૂકયું હતું તે તપાસી લઈ પોતાની આસપાસ બેઠેલાંઓનાં ભાણા પીરસવા મંડી ગયા. બીર, રોટલી, શાક વગેરે જમાઇ ગયું એટલે ફળ ઉપર કામ ચાલ્યું કેળાં નારંગી વગેરે રકાબીઓમાંથી ઉપાડી પાસે બેઠેલાને તેમજ દૂર બેઠા હોય તેને પણ આગ્રહ કરીકરી આપતા જાય અને પછી પોતે ખાતા જાય. જમી લીધા પછી પણ તેમણે મોટાં વસાણ જાતનાં કેળાં, મગફળીપાકના ઠીક ઠીક મોટાં એક પછી એક ચોસલા, કેળાની સાથે પેલું નટબટર, વળી એકેકી મગફળીના દાણા, પછી બદામ અખરોટ જેવા ચાવે ખાધી. તેમની સામે બેઠાબેઠા મેં આ બધું જોયા જ કર્યું. મને પચે નહિ, ચૂમડાં થાય, તાવ આવે વગેરે ડરને લીધે મને એની ચીજે માઠ દાદમાં ચોટી રહે એટલી જ મળતી. બાપુજીની પાસે આ બધાં ફળો પણ પાસરા ચાલે છે, કંઇ નુકસાન નથી કરતાં, એ જોઇ મને ખૂબ આશ્ચર્ય થયું. લગભગ દોઢ કલાક જમી રહ્યા. જમતાજમતા પણ બાપુજીએ કામ સબંધી કેટલી યે વાતો કરી. એ દોઢ કલાક નકામો ન જવા દીધો.

જમીને બાપુજી સીધા પ્રેસમાં ગયા. ત્યાં સાવ ખૂણામા દફ્તરનો એકાંત ઓરડો હતો તેમા મેજ પર કામે વળગી ગયા. તેમના કામમાં ખલેલ ન પડે તે સારૂ બીજું કોઇ ત્યાં ગયું નહિ. હું પણ ન જઇ શક્યો.

સાજે રવિવાર ન હોવા છતા બાપુજીને ઘેર 'મીટિંગ' થઇ. એ દિવસોમા 'મીટિંગ' માત્ર રવિવારે બપોરે ત્રણથી પાંચની વચ્ચે થતી અને અંગ્રેજી–ગુજરાતી ભણ્યો ગણ્યો સૌ છુટાં પડતાં. બાપુજી હોય ત્યારે રોજ રાત્રે પણ થતી. પણ આજની મીટિંગ તો રાતના બારે સુધા ચાલી અને ઊંઘે મને વહેંચી લીધો.

બીજે દિવસે સવારે બાપુજી કરણ જવા ઉપડવા. મારા પિતાશ્રી પણ તેમની પાસે ગયા એટલે મને પણ કરણ સુધી તેમની સાથે જવાનું મળ્યું. કરણ પહોંચ્યા અમે સીધા પૉઇંટ (બંદર) ઉપર ગયા. હું ભૂલતો ન હોઉં તો મિ પોલાક હિંદુસ્તાનથી પાછા આવવાના હતા અને તેમના સ્વાગત માટે પૉઇંટ ઉપર અનેક હિંદુ, મુસલમાન પારસી સજ્જનો એકઠા થયા હતા. આગબોટ બારામાં આવી ગઈ હતી, પણ તેને બોદીમાં આવવાને હજુ વાર હતી તેથી બાપુજી, રૂસ્તમજી શેઠ, દાઉદ શેઠ, ઉમર શેઠ વગેરે કરણના આગેવાનો સાથે વાતચીત કરતા બોદીના બોટલાની બારથી અંદરના ભાગમાં બોડાઉન પાસે ઊભા હતા. એ ટોળામાંથી બહાર નીકળી હું પિતાશ્રી સાથે સ્ટીમર ઊભવાની જગ્યાએ પહોંચ્યો. સ્ટીમર આવી. તે પરથી સીડી મંડાઇ. એ સીડીથી પાંચ સાત કદમ બંદર એક તરફ અમે ઊભા હતા. પિતાશ્રી અને તુરક પર ઊભેલા મિ. પોલાક વચ્ચે કુશળ સમાચારની આપલે શરૂ થઇ. મારૂં ધ્યાન જહાં જહાં દોરડાં વડે સ્ટીમર જગીન સાથે જકડાઇ રહી હતી તે તરફ હતું. એટલામાં વીસેક વરસનો એક અંગ્રેજ જવાન–જે બંદર ખાતામાં કંઇક હોદ્દો ધરાવતો હશે તે–ત્યાં આવ્યો અને સ્ટીમર તથા અમારી વચ્ચેની સાંકડી જગ્યામાથી પસાર થયો. જતાં જતાં ઉદ્ધતાઇપૂર્વક તેણે પિતાશ્રીને કહ્યું, 'ચાલ, બસ અહીંથી.' તેને રસ્તો જોઇતો હશે એવા ખ્યાલથી પિતાશ્રી એક બંગલું પાછળ હઠ્યા ને ફરી વાતે વળગ્યા. એક મિનિટ થઇ ન થઇ ત્યાં પેલો પાછો આવ્યો અને કહ્યું 'ચાલ બ . . . સ' પિતાશ્રી ન બોલ્યા અને એમ ને એમ વાતો કરતા ઊભા રહ્યા. પેલાનો મિજાજ ગયો અને ધુરકીને બોલ્યો કે 'કેમ અહીંયા! તને આ સીડી પાસેથી બસવાનું કહું છું તે બસતો કેમ નથી? ચાલ, બસી જા અહીંથી.' એમ કહીં તે પિતાશ્રીને પકડેલા આવ્યો. પિતાશ્રી પેલાને કંઇ જવાબ દે અથવા બસે એ પહેલાં તો વાત કરતાં કરતાં બાપુજીનું અને આખા ટોળાંનું ધ્યાન આ ગોરા જુવાન તરફ ખેંચાયું. અને પેલાએ જે રાડ નાખી હતી એથી અમલે ઊંચે અવાજે બાપુજી બોલ્યા ઊઠ્યા: 'એ એક તસુભાર પણ બસશે નહિ.' ('He shan't move an inch!') આવા ઓચિંતા હુમલાથી એ જુવાન અમલદાર સ્તબ્ધ થઇ ગયો કે આ વળી કોણ! પિતાશ્રી સામેથી બસી તે ધુરકતો બાપુજી સામે આવ્યો અને કહેવા લાગ્યો, 'શા માટે નહિ બસે! એને બસવું જ પડશે. કંઇ સ્ટીમર ઉપર ચોરીબોરીથી ચઢી જવું છે શું!' બાપુજીનો પુણ્યપ્રકોપ પ્રજ્વળી ઊઠ્યોઃ તેમણે એવા ને

ગોરા તાડૂકયો કહ્યું, 'નહિ, નહિ, એ એક તસુભાર પણ નહિ ખસે તારે શું કરવું છે?' ધાંધલ વધે તે પહેલા બીજા મોટા અધિકારો પણ ત્યાં ભેગા થઈ ગયા. તેમણે એ યુવકને વારી લીધો અને સમજાવ્યો કે 'એ "ગાંધી" છે સામાન્ય કૂલી નથી એની આગે વળી તુકયા ઝગડે છે? એ અને એના માણસો એમ કંઈ ચોરી કરી રીમર પર જાય એવા નથી' એમ કહી તેઓ એ યુવકને ત્યાંથી લઇ ગયા એને જતો જોઇ નીચે ઊભેલા હિંદીઓના ટોળાએ અને ઉપરથી આખી સ્ટીમરના હિંદીઓએ 'શરમ' 'શરમ'ના પોકાર કરી પેલા બિચારાને લજ્જીત કર્યો

આવેલા મહેમાનોને મળી કારમી બાપુજી પાછા જોહાનિસબર્ગ જવા ઉપડયા એકાદશી હોવાથી તે દિવસે તેમણે કંઇ પણ બાધુ નહોતું સાંજથી સાજ સુધી ઊભે પગે એકધારૂ કામ કરતા જ રહ્યા અને ઉપવાસ છતા પણ સારીપેઠે ચાલ્યા એ નિહાળી, મારો તેમના વિષેનો અચંભો બેવડાયો

મને તેઓ પોતાની સાથે ટૉલ્સ્ટૉય માંડી ન લઇ ગયા એ દુ:ખ મને આકરૂ હતુ, પણ તેમણે જતા જતા મને આશ્વાસન આપ્યું કે 'બહિના પછી હું પાછો આવીશ ત્યારે દેવદાસને તેડતો આવીશ એ ફીનિક્સ થોડા બહિના રહેશે અને એ ફરીને પાછો ફાર્મ પર આવે ત્યારે તું તેની સાથે આવજે' આ જતી વખતે રમકડું આપી બાળકને ભોળવી જાય તેમ હું રાજી થઈ ગયો અને બાપુજી ફીનિક્સને બદલે મળવાની દેવદાસકાકાની ગોલતની કલ્પનામા રાચવા લાગ્યો

(ચાલુ) પ્રભુદાસ ગાંધી

આ લેખમાળામાં એક સુધારો

ગયા ૧૬૧મા (વૈશાખ ૧૯૯૩) અંકમા પૃ ૨૫૮ ઉપર બીજા કૉલમના બીજા પૅરેગ્રાફમા નીચેથી છઠ્ઠી લીટીમા 'જંગલારમા પોડ શિનિંગ પેન્સનું ચલણ હતું' છાપ્યુ છે તે ઠીક. પહેલા "મને જોવો ખ્યાલ રહી ગયો છે કે" એટલા શબ્દો ઉમેરવા. (જૂઓ જોતા એ દિવસો મા સાબરમતીનું ચલણ હતું પણ બદલની ઑફિસોમા બધી જાત ના સિક્કા હોવાનો સભવ —સપાદક)

મારી સફર [૭]

કાશીએ જતાં રસ્તે એક ગામમાં મારા સાધુપણામાં લોકોનો ભક્તિભાવ વધ્યો અને મને પણ કોણ જાણે શી ધૂન ચડી, કે બેબાકર મુનિ બનીને જ બેસી ગયો. પણ પછી તરત વિચાર આવ્યો કે સ્વામી દયાનંદને પૂજનારો હું ઢોંગ ન કરી શકું.

એક જ ઊંધે સવાર થયુ મોસઝણુ થયુ હતું ઊઠીને સાબરમતીને કિનારે ગયો પરવારીને પાછો આવ્યો ત્યારે બાવો જાગી ગયો હતો મને આવી મહામા હજુ પાખીએ નાહી આવેલો જોઇને જરા દુ:ખ થયો મેં તો પોટલુ બગલમા દબાવી ચાલવા માંડયુ.

'જરા અજવાળુ તો થવા દે દૂધ ખૂબ આપશે. ઉકાળો પીને જજે'

મેં ના કહી એ તો મારી પાસે આવ્યો ને થોડી વાર બેસવા કહ્યું પગ્માળને ખૂણે જ હું બેસી ગયો

'કાશીએ જતા જતા દમ નીકળી જશે એ કાંઈ બેચાર ગાઉનો મામલો નથી'

'ગમે તે થાઓ, મારે તો જવું જ છે'

'એક વાત કહું મને તારી બહુ જ દયા આવે છે. જો અહીં પારશાળા છે અહીં રહેજે ને ભણજે. જો જોઇશે તો હું આપીશ મારે તો બીજુ શુ છે? આ મહાદેવની પૂજા કરૂં ને ભજનમા મસ્ત રહું.'

'ના, મારે તો કાશી જ જવુ છે'

બાવાએ ઘણીઘણી લાલચો આપી મનમા ઉપજ ઘણી આવે છે ખૂબ આનદ થશે એનો છેવટનો મુદ્દો હું કળી ગયો તે મને ચેલા તરીકે મૂડવા ઇચ્છતો હતો દૂધ વિ રાબ જોયા વિના ચાલતો થયો સૂર્યોદય થતા સુધી નદીકિનારે ચાલતો રહ્યો ધીરી ગતે સાબરમતી પાર જતો હતો કોઇને પૂછ્યા વિના કઈ તરફ જવુ એ સૂઝયું નહિ થડીક તો બેસી જ રહ્યો કોઇ આવે અને બતાવે ત્યા સુધી બેસી રહેવુ તે ઠીક નહિ નકશા-પોથી કાઢીને જોવા બેઠો અમદાવાદથી આબૂ જતી રેલવે પકડીને આબૂ પહોચવાનો વિચાર કર્યો પૂર્વને બદલે ઉત્તરમા ચાલવાનું હતું રેલવે પકડવી હોય તો સિદ્ધપુર પહોચવુ જોઇએ નિર્ણય કર્યો ને ચાલતો થયો

રસ્તામા એકબે ગામ આવી ગયા પૂછતા બબર પડી કે આગળ માણસો આગે કેડા પવનના ઝપાટા

સહતો ધપવા માંડ્યો, બરાબર બપોર થયા અને એક ગામ પાસે પહોંચ્યો. થોડે દૂર એક આમલીના ઝાડ નીચે થાક ખાવા બેઠો.-માથા ઉપર સફેદ ખાદીનો કકડો બાંધી લીધો હતો. મોં નીચું રાખીને વિચારતો હતો. બેત્રણ છોકરા આવ્યા. ઘડીક તો સામે ઊભા રહીને મને જોઇ રહ્યા. મેં તેમની સામે નજર ન કરી. ચૂપ બેસી જ રહ્યો. છોકરાઓ જતા રહ્યા. તેમણે કોઇને વાત કરી હશે, એટલે બેચાર જણ આવીને ઊભા.

'કોણ છો, સાધુ?' એક જણ બોલ્યો.

હું ચૂપ જ રહ્યો.

'જૈનના સાધુ છો?' બીજો બોલ્યો. હું ચૂપ જ રહ્યો.

'તેમાં જ ન બોલે. જૈનના સાધુ જ સફેદ કપડાં પહેરે ને?' એકે સંમતિ આપી.

આમ પાંચસાત પ્રશ્નો પૂછાયા. હું તો કંઇ પણ બોલ્યા વિના નીચી નજરે બેસી રહ્યો. થોડી વાર ઊભા રહીને તે લોકો ચાલ્યા ગયા. બેત્રણ કલાક હું એમ જ બેસી રહ્યો. ફરી બીજા પાંચ છ જણ આવ્યા. તેમાં પહેલાના સજ્જનો પણ હતા.

'મુનિ સાધુ હશે.' કોઇએ કહ્યું.

'લાવે જ તો. નહિ તો બીજા સાધુની પેઠે ગામમાં આવીને ન બેસે? બીજો બોલ્યો.

આપસમાં આ લોકો તર્કો કરી કરીને મારા સાધુપણામા ભક્તિભાવ વધારતા ગયા. મને પણ કોણ જાણે શી ધૂન ચડી, કે ખરેખર મુનિ બનીને જ બેસી ગયો.

'મહારાજ, ગામમા પધારો.'

'હા, હા; કંઇક આત્માને પણ શાંતિ આપો.'

'ટાઢના દહાડા છે. રાતે આવામાં તો ઠરી જ જવાય.'

'અને મહારાજના દેહ પર તો એક કફની જ છે!'

આમ સૌ મને ગામમાં જવા કહેવા લાગ્યા. થોડી વાર બધા શાંત ઊભા રહ્યા. મેં માથું ઊંચકયું અને બધા સામે જોયું. મારા મોં પર ઊંડી નિર્લેપતા ચોપડાઇ ગઇ હતી. મારી નજર પડતાં જ એકે 'જે જે મહારાજ!' કહ્યું અને તેની નકલ બધાએ કરી. મેં હાથના ઇશારાથી બધાને નીચે બેસવા કહ્યું. સૌ બેઠા. ત્યાં તો આમતેમ જતા પાંચ સાત બીજા પણ ભળ્યા. ટોળું વળ્યું અને છોકરાં પણ દોડી આવ્યાં. કેટલાંક ઊભાં રહ્યાં અને કેટલાંક બેઠાં. બધાંનું કુતૂહલ વધતું જતું દેખાયું. હું પણ પોતાને ખરેખર 'મહારાજ' માનીને બેસી ગયો.

'મહારાજ! ગામમાં પધારો.' એક જણ બોલ્યો.

'હમ ગામમાં નહિ જાતા.' હિંદી-ગુજરાતી મિશ્રણમાં હું બોલી ગયો.

'એમ લાવે..... સાધુ એનું નામ. ગામમાં ન જામ. હા, પણ એમને ગામની શી જરૂર?'

'બોલો: રામ રામ રામ, સીતા રામ રામ રામ!' મેં તાળી પાડીને ગાવા માંડ્યું.

બધા 'રામ રામ રામ, સીતા રામ રામ રામ' બોલી ઊઠ્યા. આ ધૂન મને ગવડાવતાં સારી આવડતી હતી. બધી શરમ છોડીને હું તો ધૂન બોલવા માંડ્યો અને લોકો ઝીલવા માંડ્યા. ખરેખર રામધૂન જામી પડી. અરધોક કલાક ચલાવ્યું અને લોકોની ભીડ જામી. મનોમન હું હસવા માંડ્યો. વિચાર્યું, કે આ પણ એક વગર માગ્યે મળેલો મોકો છે. જોઇ તો લઉં શું થાય છે? ધૂન પૂરી થઇ અને હું નીચું મોં કરી ગયો. ન બોલું કે ન ચાલું.

'મહારાજ ગામમાં પધારે તો ઘણું સારું.' કોઇ બોલ્યું.

'હા, પણ ન આવે તો કંઈ આપણાથી જબરાઈએ લઈ જવાય? પણ મંદિરમાં કંઇ બાંધો નહિ.'

'ત્યાં કોઇ બૈરું ન જાય!'

'ત્યાં તો કોઇ યે નહિ આવે.'

આમ કેટલીક ચર્ચા થઇ ગઈ. હું તો ચૂપ જ રહ્યો. જેમજેમ હું મૌન ધારણ કરતો ગયો તેમતેમ લોકોની કુતૂહલવૃત્તિ વધતી ગઈ.

આમ ને આમ બે વાગી ગયા હશે. હવે મને તરસ લાગી. પાણી કેમ મગાય? ખરું તો મારી શરમે મને મૌન બનાવી દીધો હતો. ઓ મૌન સાધુતા અર્પી બેઠું. હું પણ પોતાને ખરેખરો સાધુ સમજીને જ બેસી ગયો. તરસનું દબાણ વધતું જ ગયું. છેવટે હાથની અંજલિ વાળીને પાણીની ઇચ્છા દર્શાવી. તરત જ કોઇ દોડ્યું. પાણી આવ્યું અને પીધું. ઘણાં આવ્યાં અને ઘણાં ગયાં. મેં તો એક જ આસને સાંજ પાડી. સૂરજ આથમવા આવ્યો. ટાઢના ભણકારા વાગ્યા.

'મહારાજ! આ ટાઢમાં બહાર ન પડી રહેવાય. ગામમાં ચાલો.' એક ડોસો બોલ્યો.

'કોઇને ઘેર ન જાઓ તો મંદિરમાં રહેજો.'

'મારે ઘેર પધારે તો કંઇ હરકત નથી.'

'હા'લ્યા માસ્તરને ત્યા ફાવશે'

માસ્તર સાહેબ એકાકી હતા તેમણે મને પોતાને ઘેર પધરામણી કરવા ખૂબ કહ્યું મારે તો આશ્રયની જરૂર જ હતી

હું ઊઠ્યો. આગળ માસ્તર ચાલ્યા પાછળ હું અને પછી તો ટોળુ ગયા માસ્તરને ઘેર ખેલ્લા સાજ તો થઇ ગઇ હતી.

'મહારાજને ભોજનનુ શુ?' કોઇએ કહ્યુ

મેં માથુ ધૂણાવ્યુ 'દૂધ?' માસ્તરે પૂછ્યુ

મેં ડોકુ ડોલાવીને હા કહી આથી મારામા વધારે શ્રદ્ધા પેઠી ગામમા ખબર ફરી વળ્યા, કે કોઇ નાના એવા મુનિ આવ્યા છે અન્ન ખાતા નથી અને બોલતા પણ નથી પછી તો પૂછવુ જ શુ? નાના ને મોટા ગામડિયા સ્ત્રી પુરુષો આવવા જ માડ્યા તેમા ય સ્ત્રીઓ તો તોળા! ભોળા પાથરીને પગે લાગે મારા માથી બાળપણુ તો ઊડી જ ગયુ જાણે પ્રૌઢ હોઉં અને બધા કરતા વધારે વૃદ્ધ હોઉં એમ જ હું ધારી બેઠો

કોઇ પગે લાગે કે કઇ કહે, હુ તો ચૂપ બેસી જ રહેતો આમ ગતના દસેક વાગ્યા બિચારો ગુજરાતી શાળાનો મહેતાજી તો જાણે પોતાને આગણે રામજી પધાર્યા હોય એવો ઉલ્લાસિત દેખાતો હતો મને ઊંઘ આવવા લાગી એટલે 'રામ રામ રામ, સીતા રામ રામ રામ ની ધૂન બોલ્યો ઘણા માણસો બેઠા હતા બધાએ ધૂન ગાઈ સૂવા જવા મેં ઇશારો કર્યો સૌ ધીરેધીરે વિખરાયા એક ડોસો સૌની પાછળ રહ્યો ને બોલ્યો 'આ માસ્તર સાહેબ મારૂં દુ ખ જાણે છે.'

'હા ભઇ' કહીને માસ્તરે દયા દર્શાવી

ડોસે આગળ ચલાવ્યુ 'મહારાજ' તમને દિવ્ય જોતીને કહું છુ રહેમ કરો અને દુ ખ ટાળો તો જાણે ભગવાન જ મળ્યા'

હું ડોકુ ધૂણાવતો ગયો

ડોસે વાત કહી 'મારે એકની એક દીકરી છે આજ પાચ વરસથી ઘેર છે એનો ધણી મહા હરામખોર છે મારે છે અને દુ ખ દે છે દયા કરો અને કઇ એવુ બતાવો કે જમાઇ વશ થઇ જાય'

હું તો થભી જ ગયો બિચારા ભોળા ગામડિયા આવી જ રીતે લુચ્ચા અને ઢોગી સાધુ, બ્રાહ્મણો અને સન્યાસીઓના પજામા ફસાઇ પડે છે. ઘડીક શાત રહ્યા પછી ઊંચા હાથ કરીને પ્રભુનું ભજન કરવાનો આદેશ આપ્યો

'કાક કહેને!' ડોસો બોલ્યો

'મહારાજ તો રામનામ સિવાય કઇ બોલતા જ નથી' માસ્તર સાહેબે મારી વકીલાત કરી

ફરી મેં હાથ ને માથુ હલાવી સાફ થઇ જવાનો ભાવ વ્યક્ત કર્યો થોડી વાર કરગરીને ડોસો જતો રહ્યો

માસ્તર સૂતા અને હું પણ સૂતો ખાટલો ઢાળેલો તે કઢાવીને, પથારી પર એક જ ચાદર પથરાવીને હું સૂતો માસ્તર થોડી વારમા સૂઇ ગયા હું આ બનાવ પર વિચારતો અને મનોમન હસતો ઘણી વાર સુધી પડી રહ્યો ગામડાના લોકો અજ્ઞાન પરદયા ઉપજી મેં વિચાર્યું કે આવી રીતે ગામમા રહેવુ એ મારો ધર્મ નથી હું સ્વામી દયાનદને પૂજનારો આવા ઢોગ ન કરી શકુ ઓશરીમા જ પથારી હતી સવારમા વહેલો ઊઠ્યો ને ધીમેથી ચાલી નીકળ્યો. બેચાર કૂતરા તો ભસ્યા, પણ કોઇ માણસે જોયો નહિ

ટાઢ સખત હતી ગામ બહાર નીકળીને બધુ ચાર વળત તાપ્યો અને સવાર થતા સુધી ટાઢ ઉડાડી

જીવરામ જોષી

મધ વિષે લેખ . . . ઇનામ રૂા. ૫

થોડા માસ પર 'કુમાર'મા શ્રી રમણભાઇ એન્જિનીઅરનો 'આપણા બોગકમાથી આપણે બોઇ નાખેલુ અમૃત—મધ' એ નામનો એક લેખ પ્રસિદ્ધ થયો હતો. તે વાચીને એક ગૃહસ્થે 'મધના ફાયદા અને ઉપયોગ—વૈદ્યો તથા ડાક્તરની દૃષ્ટિએ' એ નામનો માહિતીપૂર્ણ લેખ કોઈ પણ મોકલે તેને રૂપિયા પાચનું ઇનામ આપવાની ઇચ્છા દર્શાવી છે ઉપરના વિષય ઉપરાત બોગક તરીકે પણ મધની ઉપયોગિતા તથા ફાયદા અને મહત્તાનો યે લેખમા સમાવેશ કરી શકાશે શ્રી રમણભાઇ એન્જિનીઅરે બધા લેખો તપાસીને તમીને નિર્ણયમા સહાય કરવાની સહૃભાવપૂર્વક હા કહી છે તમીનો નિર્ણય છેવટનો ગણાશે લેખો કુમાર કાર્યાલયને મરનાગે 'મધમાખીના હરીફાઇ' એ શબ્દો કવરને ઉપલે ડાબે ખૂણે લખીને મોકલવા છેલ્લી મુદત નવેમ્બર ૧૫મી સુધી છે

આ મહિનો (ઑક્ટોબર) . . . અને એની પ્રતિભા

તા. ૧ થીઓસોફિસ્ટ ચળવળનું હિંદમાં થાણું નાખનાર વિદુષી ઍની બેસંટનો જન્મ—ઈ. ૧૮૪૭ * * બનારસ હિંદુ વિદ્યાપીઠની સ્થાપના—ઈ. ૧૯૧૭.

તા. ૨ પૂજ્ય મહાત્મા ગાંધીજીનો જન્મ—ઈ. ૧૮૬૯.

તા. ૩ અભેદમાર્ગપ્રવાસી શ્રી મણિલાલ નભુભાઈનું અવસાન—ઈ ૧૮૯૮.

તા. ૮ જસવંતરાવ હોલકરે દિલ્હી પર હલ્લો કર્યો—ઈ. ૧૮૦૪ * * ઈ ૧૮૮૭ની મદ્રાસની કૉંગ્રેસના પ્રમુખ શ્રી બદરૂદ્દીન તૈયબજીનો જન્મ—ઈ ૧૮૪૪.

તા. ૧૪ મુગલ શહેનશાહ અકબરનો જન્મ—ઈ. ૧૫૪૨.

તા. ૧૫ ઔરંગઝેબે વિજાપુર છત્યું—ઈ. ૧૬૮૬.

તા. ૧૭ અકબરનું મરણ—ઈ. ૧૬૦૫ * * અંગ્રેજોએ ચામા લીધુ—ઈ ૧૮૯૩ * * હિંદના બડતર જમીનના ચેચાણને લગતો ધારો પસાર થયો—ઈ. ૧૮૯૧

તા. ૨૧ અંગ્રેજો અને ફ્રેંચો વચ્ચે ટૂકા ગજરનું મહાન યુદ્ધ, જેમા અંગ્રેજ સેનાપતિ નેલ્સનનો અંત આવ્યો—ઈ. ૧૮૦૫

તા. ૨૨ શહેનશાહ ઔરંગઝેબનો જન્મ—ઈ. ૧૬૧૮.

તા. ૨૩ હિંદની યાત્રા કરનાર ચીનના મહાન બૌદ્ધ યાત્રિક હ્યુએનત્સંગનું અવસાન—ઈ.૬૬૪ * * બકસરની લડાઈમાં મીરકાસમની હાર—ઈ. ૧૭૬૪.

તા. ૨૭ જસવંતરાવ હોલકરનું મરણ—ઈ. ૧૮૧૧.

તા. ૨૮ શહેનશાહ જહાંગીરનું મરણ—ઈ. ૧૬૨૭.

તા. ૨૯ બીજી વાર હિંદ આવેલા પોર્ટુગીઝ નાવિક વાસ્કો ડ ગામાએ કાલીકટ શહેર જીતી, બાકસો સ્ત્રીપુરુષો ને બાળકોની કત્લ કરી—ઈ. ૧૫૦૪ * * અજમેરમુકામે જયપુર રાજ્યની કોટીમા મહર્ષિ દયાનંદ સરસ્વતી અવસાન પામ્યા—ઈ. ૧૮૮૩.

તા. ૩૧ હૈદરઅલીએ આર્કટ લીધું—ઈ ૧૭૮૦ * * મુબઇના સિંહ સરફિરોજશાહ મહેતાનું અવસાન—ઈ. ૧૯૧૬.

ખુદ પછી અઢી હજાર વર્ષે હિંદમાં પ્રગટી, બુદ્ધ જેટલી જ જગતવંદ્ય બની ચૂકેલી આ માસની પુણ્યવિભૂતિ મહાત્મા ગાંધીના હિંદને ઓળખાણ આપવાની જરૂર ન હોય. એમના જીવનની તારીખ આ નીચે રજૂ કરી છે.



આ માસની વિભૂતિ
મહાત્મા ગાંધી

ઈ. ૧૮૬૯ની ૨જી ઑક્ટોબરે જન્મ.
ઈ. ૧૮૮૮મા ૧૯ વર્ષની વયે અભ્યાસ માટે વિલાયત ગયા ઇનર ટેમ્પલ તરફથી બૅરિસ્ટરીમાં પ્રવેશ મળતાં હિંદ આવી, મુંબાઈમા વકીલાત શરૂ કરી.
ઈ. ૧૮૯૩મા ધંધાદારી કામને અંગે દક્ષિણ આફ્રિકા જવું પડ્યું ત્યા જઈ, ત્યાંના હિંદી વસાહતીઓના નકારાતા હકોની સામે સત્યાગ્રહનો પહેલો અખતરો ઉપાડ્યો અને કુટુંબ સહિત જેલમાં ગયા.
ઈ. ૧૯૧૩ સ્મટ્સ–ગાંધી કરાર.
ઈ. ૧૯૧૪મા હિંદીઓના ઘણા અન્યાયો દૂર થતાં ત્યાંની પ્રવૃત્તિ સંકેલી લઈ, ગાંધીજી હિંદ આવ્યા અહીં એ વખતે ચાલતી 'સ્વરાજ'ની લડતમાં જોડાયા ને રાજકીય ક્ષેત્રમાં આત્મિક બળ ને અસહકારનો પ્રવેશ કરાવ્યો
ઈ. ૧૯૧૬—અમદાવાદમાં સત્યાગ્રહ આશ્રમની સ્થાપના.
ઈ. ૧૯૧૯ના જાન્યુઆરીમાં હિંદમાં રૉલેટ કાયદા પસાર કરવામાં આવ્યા, જે 'કાળા કાયદા'ના નામથી ઓળખાય છે. ગાંધીજીએ એ કાયદાને હિંદના અપમાન રૂપ ગણાવી સત્યાગ્રહની લડત ઉપાડી. ને આખા દેશમાં એ ફરી વળી
ઈ. ૧૯૨૦—પંજાબના ગાયકવાહત્યાકાંડોને લીધે સરકારમાંથી એમની શ્રદ્ધા બીલકુલ ઊઠી ગઇ ને ઊડો વખત મોકૂફ રાખેલી લડત ફરી શરૂ કરી
ઈ. ૧૯૨૧—હિંદી મહાસભાએ લડતની બધી સત્તા એમને હાથ સોંપી.
ઈ. ૧૯૨૨ના માર્ચમાં એમને પકડવામાં આવ્યા ને ૬ વર્ષની સાદી કેદની સજા થઈ.
ઈ. ૧૯૨૪ના જાન્યુઆરીમાં એમને બીનશરતી મુક્તિ મળી ને બેલગામની કૉંગ્રેસના પ્રમુખ ચૂંટાયા એજ સાલમાં રોમાં રોલાંએ એક પેગંબર તરીકે પશ્ચિમના દેશોને તેમની ઓળખાણ કરાવી.
ઈ ૧૯૨૬ લાહોરની કૉંગ્રેસે આજ દીની લડાઇ શરૂ કરવાનો નિર્ણય કરી, તેનું આધિપત્ય એમને સોંપ્યું
ઈ.૧૯૩૦ની ૧૨મી માર્ચે જગતમાંગપૂર્ણ એવા નિઃશસ્ત્ર ધર્મયુદ્ધનાં મંડાણ કર્યા
ઈ. ૧૯૩૧ની ૪થી મેએ પકડાયા, છતાં યુદ્ધ તો ન્દરી રહ્યું. પછી, બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા માટે લડતની તહકૂબી કરીને ઇંગ્લંડ ગયા.
ઈ. ૧૯૩૨–ગોળમેજી નિષ્ફળ નીવડી ને સરકારે દમનનીતિ બાળી ચાલુ કરી. આથી એમણે ફરી યુદ્ધ ચાલુ કર્યું, ને ૧૮૩૭ના ૨૫મા રેગ્યુલેશન હેઠળ એમની ધરપકડ કરવામાં આવી.
ઈ. ૧૯૩૩માં જેલમાંથી છૂટી પટણા કૉંગ્રેસના વ્યાસપીઠ પરથી સત્યાગ્રહ બાબો જેવી લીધો, અસ્પૃશ્યતા સામે અપવાસ આદર્યો, અને એ જ વર્ષના જુલાઇની ૨૬મીએ આશ્રમ વિખેરી નાખ્યો.
ઈ. ૧૯૩૪ના જૂનની ૨૫મીએ તેમના પર બૉંબ ફેંકાયો, પણ બચી ગયા. ૪થી સપ્ટેમ્બરે રાજકારણમાંથી નિવૃત્તિ લીધી.
ઈ. ૧૯૩૬ના એપ્રિલની ૩૦મીથી વર્ધાથી પાંચ માઇલ પર આવેલા સેગાંવ ગયકેથી આશ્રમોદ્યોગ તથા ગ્રામપુનર્ઘટનાની પ્રવૃત્તિને તેઓ પ્રેરી રહ્યા છે.
હિંદની માનવતાની એ સાચા હકીમ દીર્ઘાયુ હો!



પાપ કેમ આવ્યું

ઘણા જૂના કાળમાં દુનિયા આજ જેવી ન હતી. ઘણીજ સુંદર સુખરૂપ અને ખુશનુમા હતી. દેવતાઓ પણ ત્યારે અહીં વાસો કરતા, ને સોનું ને જવેરાત તો ઠેરઠેર ઉભરાતું. પાપનુ નામનિશાન ન હતુ.

પણ ચીનના એક રાજાને એક વખત અવળી મતિ સૂઝી. પાપ કેવું હશે એ જોવાની તેને લાલસા થઇ આવી ને તે કોઈ પણ રીતે પોતાના મુલકમાં લઇ આવવાની પોતાના પ્રધાનોને આજ્ઞા કરી.

એક લોભી દેવતાએ આ સાંભળ્યું ને પાપને પકડી, સૂવરના વેશમા એક ઝાડ માથે બાંધી, પોતે માણસના વેશમાં તેને વેચવા પ્રધાનોના રસ્તા વચ્ચે બેઠો.

થોડી જ વારે પ્રધાનો આવી પહોચ્યા. 'મારી પાસે પાપ છે.' એણે પ્રધાનોને કહ્યું.

'શી કીમત લેવાની છે?'

'એક કરોડ ટિંગ (સિક્કા)!'

પ્રધાનોને તો ગમે તે ભાવે પણ 'પાપ' જોઇતું હતું. નાણાં તો રાજના ભંડારમાંથી ચૂકવવાના હતા. તેમણે સૂવરરૂપે રહેલા પાપને ખરીદી લીધો ને નાણાની ચિઠ્ઠી ભંડારી પર લખી આપી. 'જુઓ, એ માત્ર સોય જ ખાય છે' દેવતા જતા જતા કહેતો ગયો.

રાજાએ તો પાપને ખાવા માટે સોયો પૂરી પાડવાનું રાજ્ય તરફથી ફરમાન કાઢ્યું દુકાનદારો ને ફેરીઆ, ગરીબો ને તવંગરો બધાને સરખું જ એ ફરમાન લાગુ પડતું હતું.

દેશમાં તો હાહાકાર વર્તી ગયો. રોજ ને રોજ ગોટલી સોયો કયાંથી લાવવી? ને પાપ તો આખો દિવસ ખા ખા કર્યા છતાં ધરાતું જ ન હતું! રાજાએ હવે જબરદસ્તી વાપરવા માંડી. લોકો ભૂખે ભાંસે મરે, પણ સોયો તો તેમણે બનાવવી જ જોઇએ. દળવે દળાવે હીરા ને માણેકથી યે સોયની કીમત વધી ગઇ! ધનિકોનાં ધન ઝૂંટી સોયો પાછળ ખૂટતા આવ્યાં ને ગરીબોને તો મરવા સિવાય બીજો જ ન રહ્યો.

આખરે લોકોની ધીરજ ખૂટી ને તેમણે બળવો કર્યો. રૈયત રહે ત્યાં રાજા શું કરે? એણે લોકોની ઇચ્છાને માન આપવાની કબૂલાત આપી. લોકોએ સીધી પાપનો નાશ કરવાની માગણી કરી.

આખું ગામ એકઠું થયું. કસાઇઓ આવ્યા ને પાપને ગરદન મારવા બજારમા લાવવામા આવ્યો. પણ કોની મગદૂર કે તેને મારી શકે. લોભીનું જ પૂતળું હોય એમ એ તો બાણોનો વરસાદ ને ભાલા-



વકીલની બુદ્ધિ

ચોમાસામા પાક થકી ખેતર તો લચી રહ્યું,
રોજ આવી શિયાળવા બધે ફરી વળ્યું;
ખેડૂત કો વકીલની સલાહ પૂછીને પછી
ખેતરમા નોટીસ લગાડી ઘેર ગયા!
'રજા વિના ખેતરમા પેસનાર જણી લેજે,
કાયદાની કલમનો ભંગ જેમા થાય;
હાથ ભાગ્યો સહો જશે, છવ ગયો રોયો જશે,
કલમનો ભંગ પણ સહ્યો નહિ જાય.'


સવારે ખેતરે આવી ખેડૂત જ્યાં પાક જુએ,
રોજ જેમ આજ યે શિયાળવાંનો ત્રાસ;
ચોકેલી'તી ભાષે હજી નોટીસ જેમની તેમ,
દેખીને એ તતકાળ થાય જ નિરાશ!
છેવટ થાકીને રોઝ બુધાકાકા પાસ ગયો,
કાકાએ હસીને પછી દાણ્યો ધડાજ:
'મૂક છટેા ડાઘીઓ ને ઊંધ પછી ગાળે ચડી
વકીલની બુદ્ધિને તો નથી કોઇ લાજ!'

રમણલાલ સોની

ફરશીના ઘા વચ્ચે પણ જેમનો તેમ રહ્યો.

બધા આનો કંઈ ઉપાય કરવાનો હજુ વિચાર જ કરતા હતા ત્યાં તો ઓચિંતો બધે વંટોળિયો ઊપડ્યો. ધડાધડ મકાનો તૂટવા લાગ્યાં, તડાતડ ઝાડો તૂટવા લાગ્યાં ને દટાએલાંઓની ચીચીબારીઓ વચ્ચે. સારા શહેરમાં આગ ફાટી નીકળી. થોડા કલાકમાં આખા શહેરનો નાશ થઇ ગયો.


પાપ ત્યાંથી જુદા જુદા મુલકોમાં પોતાનો પંજો પસારતો ગયો ને એક રાજાની મૂર્ખાઇથી હજુ દુનિયા તેના ત્રાસમાં રીબાતી રહી છે. (એક ચીનાઈ વાર્તા)



ફરતું રમકડું

નાયાગરાનો ધોધ

આ સાથેના ચિત્રમાં જ્યાં ધોધના સફેદ ભાગ છે ત્યાંથી જ્યારે પાણી પડતું હોય એ રીતનું રમકડું આ ચિત્રો વડે તમે બનાવી શકશો. પહેલાં તો આ બંને ચિત્રોને અડીથી કાતરી લઇને કડી પોસ્ટકાર્ડ ઉપર ચોડી દો. પછી કાતર વડે એ ચકરડાને ગોળ તથા બા ચિત્રને પણ લીટીથી બતાવ્યા પ્રમાણે લંબચોરસ કાપી કાઢો. ઉપરાંત ચકરડામાં પાણીનો જે ખાલી ભાગ કાપી કાઢવાનું લખ્યું છે તેટલો સફેદ ભાગો ઝીણી કાતર, ધારદાર ચપ્પુ કે અસ્ત્રાના ઘાના વડે કોતરી કાઢો, અને પછી ચિત્રમાં ખડક, વાદળાં, વનસ્પતિ વગેરેમા યોગ્ય રંગો પૂરી દો તથા પેલા ચકરડામાં અત્યંત આછો આસમાની રંગ પૂરો.



આટલું થઇ રહ્યા પછી ચિત્રમાં ડાબી બાજુના ખડકની વચ્ચોવચ્ચ જ્યાં એક કાળુ બિન્દુ બતાવ્યું છે ત્યાં, તથા આ ચકરડાના મધ્યબિન્દુમાં બે કાણાં પાડો અને પછી ચિત્રની પાછળ ચકરડું મૂકી જે કાણેકાણાં ગિલાફીને તેમાં પિત્તળના માથાવાળી બે પાખિયાવાળી ફાગળ પકડવાની પિન આવે છે તે ખોસીને પાછલી બાજુએ એનાં પાખિયાં ખોલી નાખી સલ્જડ કરી દો એટલે રમકડું તૈયાર થયું. હવે ડાબે હાથે ચિત્રનો ઉપલો ખૂણો પકડી જમણા હાથની આંગળી વડે પેલા પાછળના ચકરડાને જમણી તરફ ફેરવો એટલે ધોધમાંથી જાણે પાણી પડતું હોય એવું લાગશે. (C.N.)

કહેવત કથન અને કવિતા

મોતીનું પાણી ઊતર્યું તે ઊતર્યું.
કાળ જાય પણ કલંક જાય નહિ.
ગઇ આબરૂ પાછી ન આવે.
નાક ગયા પછી જીવતર ધૂળ.

લજ્જા રહે તો જીવ રહ્યા, લજ્જા વિના જીવ ન રહ્યા;
એતો માગું સાંધ્યાં, (કે) રહ્યા તો દોનાં રહ્યા.



ચાલો ફરીએ

આસ્વાદ

• પૃથ્વી •

'અરાકય નવ હૈં' લહુ પ્રણળ મંત્ર, નૈરાશ્યનાં
ણથી પ્રગતિ રોધતા સકળ તત્ત્વ, આલસ્યને
તિલાજલિ દઉં જ; કર્મ અધિકાર પ્રાણભયથી
તિરોહિત, અપકત્ન સર્વ મુજ શક્તિના બીજને
મથીશ વિસ્મારવા સફળશાળ કો' પ્રયત્ન ! —જ્યાનન્દ દવે

સ્વ. શ્રી મણિશંકર ત્રિવેદી

* * * 'બહુ જ ઠાવકાઈ સાથે કાઠિયાવાડની રાજપ્રકરણી વાતો કરતા, વાકયે વાકયે માર્મિક વિનોદ વરસાવતા, ભય અને હાનિમાત્રનો ઉપહાસ કરતા, ગમે તેવે વખતે ખેત્રણ કપડાનું બંડલ બગલમા દબાવી ગી-ટીંગમાં હાજરી આપવા બહારગામ ઊપડી જતા' શ્રી મણિશકર ત્રિવેદીનું સુકલકડી શરીર તા ૪થી સપ્ટેંબરે હીરાબાગની જાહેર સભામા ભારતવર્ષના નરેન્દ્રોના આપખુદ શાસન સામે વ્યાખ્યાન આપતા જ હૃદય બધ પડતા વ્યાસપીઠ પરથી ઢળી પડયુ ને તેમનુ અવસાન નીપજ્યુ રાજસ્થાની પ્રજાને એ ખોટ અસહ્ય છે. આજીવન સેવાના જ વ્રતધારી રહી, પ્રજાના પીડકોને પણ દ્વેષ દ્વારા નહિ પણ નિખાલસતા દ્વારા પરસ્પર સમજૂત પર આણવાના એમના જાહેર તેમ જ જાહેરની જાગ બહાર રહેલા પ્રયાસો એમના જીવનની આજ પણ સુવાસ ફેલાવે છે. 'જન્મ ભૂમિ'ના તત્રી, અખિલ હિંદ રાજસ્થાન પ્રજાપરિષદ-ના મંત્રી અને રાજસ્થાનોની દલિત-પીડિત પ્રજાના રાહબર એ નિરલસ પ્રજાસેવકની આ છી ઓળખાણ આ નીચે આપી છે.

શ્રી મણિશકર ત્રિવેદીનો જન્મ આજથી લગભગ એકતાળીસ વર્ષ પૂર્વે કુંડલામા એક સામાન્ય સ્થિતિના બ્રાહ્મણ કુટુંબમા થએલો. પ્રાથમિક શિક્ષણ કુંડલામા લીધા બાદ માધ્યમિક અને કૉ-લેજનો અભ્યાસ તેમણે જુનાગઢમાં જ શરૂ કરેલો. છેલ્લે સેંટ ઝેવીઅર્સ કૉલેજમા તે પૂરો કરી, સને ૧૯૧૯ની સાલ-માં અમેજી અને સસ્કૃતના વિષયો લઇ બી મેજ્યુએટ થયા.

રાષ્ટ્રીય પ્રવૃત્તિમા તેમની ખાસ પસદગીનું ક્ષેત્ર રાજસ્થાની પ્રજાની સેવાનુ હતુ ૧૯૨૧માં ભારબેથી પ્રથમ કાઠિયાવાડ રાજકીય પરિષદના સમયથી તેઓ કાઠિયાવાડના રાજકીય જીવનમા સક્રિય ભાગ લેતા આવતા હતા, અને છેવટ લગી એ સસ્થાના એક ઉપયોગી સભ્ય રહ્યા હતા

૧૯૨૭ની સાલમા સર્વ રાજસ્થાન પ્રજા પરિષદ અસ્તિત્વ-માં આવી. એની સ્થાપનામા શ્રી અમૃતલાલ શેઠ, સ્વ શ્રી અભયકર વગેરેને શ્રી મણિભાઇનો પૂરતો સાથ અને ટેકો હતો

સને ૧૯૩૦મા દેશમા ક્રાતિની અજબ લહેર આવી દેશી રાજ્યોની પ્રજા પણ એની અસરથી મુક્ત કેમ રહે? જેવડી ગુલામીમા સપડા-એલી રાજસ્થાની પ્રજાએ પણ પોતાની મુક્તિ એ લડતમા નિહાળી ને કાઠિયા-વાડને સીમાડે કા-ઠિયાવાડીઓએ પણ રણજંગ ખેલ્યો. શ્રી મણિભાઇ તેમાં પ્ર-થમથી જ ભરતી થઇ ગયા હતા



સ્વ. શ્રી મણિશંકર ત્રિવેદી

સત્યાગ્રહની લ-ડતમાં એક મહિનો ભાગ લીધા પછી ત્રી-જા સરદાર તરીકે તા. ૬ઠી મેએ સત્યાગ્રહ સમાગનો પ્રથમ

માસિક દીના ઉજવીને, હજારો માણસો સાથે મીઠાના કાયદા-ભંગ કરીને તેઓ પકડાયા. પરંતુ તેમની સૌમ્યતા અને સજ્જનતાથી આકર્ષાએલા મેજિસ્ટ્રેટ મિ. હીસાનીએ તેમને કાચી જેલની મોટરોમાં બેસાડીને બદલે કોર્ટમાં કેસના સમયે હાજર થવા જણાવી મુક્ત કર્યા.

તા ૬ઠી મેથી ૨૮મી જુન કે જે દિવસે નવ મહિનાની સજા લઇ તેઓ સાબરમતી ગયા ત્યાં સુધી તેમણે કાઠિયાવાડમાં ગામેગામ ઘૂમી લડતની ચિનગારીઓ ફેલાવી.

તેઓ જેલ ગયા તે પહેલાં કાઠિયાવાડ કીક કીક સજાગી ચૂકયુ હતું. આ દિવસોમા સેંકડો યુવાનોના સંસર્ગમાં તેઓ આવ્યા. તેમનાં નિખાલસતા, નિઃસ્પૃહીપણું, વાત્સલ્ય, ફોગળ હૃદય છતાં લડાઇમા અગ્રણી અને ઉત્સાહી સ્વભાવે યુવાનોનાં હૃદય તેમણે જીતી લીધા. નાના મોટા બધાના તે સાચા સરદાર બન્યા અને મરણની ઘડી સુધી તેમની ઓળખ 'સરદાર મણિભાઇ' તરીકે જ પણને હતી.

લડતની સંધિ થઈ અને તેઓ છૂટયા. પરંતુ કાઠિયાવાડનાં રજવાડાઓએસંધિકાળમાંપણલડાઇઓ ચાલ્યેજરાખી.

સૌથી છેલ્લે ધ્રાંગધ્રાની લડત ઉગ્ર બની. રાજકીય પરિષદ સામેની ધ્રાંગધ્રાની લડાઇઓસારૂયે કાઠિયાવાડનું ધ્યાન આકર્ષ્યું. ધ્રાંગધ્રાની પ્રજાએ, ત્યાંની બહેનો સુધ્ધાંએ પોલીસનો મજબૂત સામનો કર્યો.

એ યશસ્વી દિનની માસિક ઉજવણીમાં ભાગ લેવા ગએલા મણિભાઇને ધ્રાંગધ્રાએ હદપાર કર્યા, અને થોડા જ સમયમાં ધ્રાંગધ્રા સત્યાગ્રહની ચોથી 'હુકડીના સરદાર તરીકે તેઓ ત્યાંની જેલના જઇને બેઠા.

ધ્રાંગધ્રાએ સત્યાગ્રહી કેદીઓ સાથે બારે ધાતકી વર્તન ચલાવ્યુ. ધરાદાપૂર્વક અપાએલા તદ્દન હલકા અને નિઃસત્ત્વ ખોરાકે બધાના શરીર ઉપર બારે અસર કરી શ્રી મણિભાઇ પણ ગંભીર બીમારી લઇ બહાર આવ્યા. ત્યારબાદ છ આઠ મહિના સુધી કાઇ કરવા અશક્ત બન્યા.

માંદગી કીક કીક લાંબી. આખરે સાજા તો થયા, પણ જીવન–શક્તિ ઘટી, શરીર નબળું પડયું, જે ફરી પાછું કેળવ્યે ન જ આવ્યું

શ્રી. મણિભાઇ સ્વભાવે જેટલા સૌમ્ય અને વિનમ્ર હતાં તેટલાજ વિચારણામાં અગ્રગામી અને કુશ હતા. કાઠિયાવાડમાં ૧૯૨૯ની સાલમા મોરબીમા રાજકીય પરિષદ મળતી હતી. સાથે સાથે યુવક પરિષદ પણ મળવાની હતી મહારાજાએ એ માટે કેટલીક કબુલાતો માગી. યુવક કાર્યકરોએ તે આપવા ઈન્કાર કર્યો અને સ્વમાન રક્ષા અર્થે મોરબી છોડયું. એ છોડવામાં મણિભાઈ પણ સામેલ હતા.

પાછળથી નરમ વિચારના કાર્યકરોએ ફરીવાર બીજી રાજકીય યુવક પરિષદ ભરવા પ્રયત્નો શરૂ કર્યા, પરંતુ સફળતા ન્હોતી. તેઓએ મમુખ તરીકે આજના રાષ્ટ્રપતિ પંડિત જવાહરલાલજીની પસંદગી કરી. શ્રી. મણિભાઇએ અનેક રાજકરણીઓની સલાહ સાથે પંડિતજીને હકીકતથી વાકેફ કર્યા અને પરિષદ ભારોભાર રાજકીય જ નહિ પણ ઉગ્રમતવાદી રાજકીય જ બની ગઈ.

છેલ્લાં વર્ષોમાં કાઠિયાવાડનું નહેર જીવન છિનભિન્ન થયું હતું. બધી શક્તિઓ વેરવિખેર પડી હતી. એને સાંધવાના પ્રયત્નો શરૂ થયા. મરણતોલ ગંભીર માંદગીમાંથી ઊઠા પથ આરામ કરવા ગએલા મણિભાઇએ એ પ્રયત્નોને સફળતા આપવામાં પૂરતો સાથ આપ્યો સફળતાની તેમણે એ પાર પાડયું.

મોટાઇનો મણિભાઈમાં અંશ પણ નહોતો. ઍવરિમ બૉય સુધ્ધાં સર્વ સાથે તેઓ એકરૂપ બની શકતા. નમ્રતા, સાદાઇ, નિખાલસપણું, મળતાપણું એ બધું છતાં મણિભાઇ તેમના ગાયેનું માન જાળવી શકતા,તેમનાં પદનું ગૌરવ સાચવી શકતા.

માણસના ગુણ, માણસનું વ્યક્તિત્વ, માણસની ઓટ, એ ન હોય ત્યારે પુરેપુરા સમજાય છે. તેવી જ રીતે શ્રી. મણિભાઇ નથી ત્યારે તેમની મૂર્તિ ક્ષણે ક્ષણે યાદ આવે છે ને તેમાંથી ઝરતી તેમની ગુણકિરણાવલી પણ નજરે ચડે છે.

એવી એમની સ્મૃતિ સદા કાયમ રહો. ('જન્મભૂમિ')

કાગળનો ઔદ્યોગ

હિંદના હાલે કાગળની ખપત વર્ષે લગભગ બે લાખ ટન જેટલી છે. દરેક જાત અને કદના કાગળનો તેમાં સમાવેશ થઇ જાય છે, અને એની કુલ કીમત આશરે સાડા ત્રણ કરોડ રૂપિયા જેટલી થાય છે. એ જોતાં, આપણો હિંદી માથાદીઠ વાર્ષિક ઓછામાં ઓછો દોઢ રતલ કાગળ વાપરે છે, જ્યારે યુરોપ કે અમેરિકામાં એનો વાપર માથાદીઠ ૫૦ થી તે ૧૦૦–૧૨૫ રતલ થતા જાય છે.

હવે કાગળને એક દેશના સંસ્કૃતિમાન તરીકે લઇએ તો આપણે શિક્ષણાત્મક અને સાંસ્કૃતિક બંને બાબતોમાં પ્રમાણમાં ઘણા જ પછાત છીએ એમ લાગેશે. કેળવણી, સાહિત્ય, વ્યાપાર, અને છાપખાનાની વૃદ્ધિ સાથે કાગળની માગ વર્ષે જ. માથાદીઠ વાર્ષિક એક પૌંડનો પણ કાગળના વાપરનો વધારો થાય એટલે વર્ષે એની ખપતમાં દસ લાખ ટનનો વધારો થાય.

કાગળના ઉત્પાદનમાં હાથમજૂરીની પુષ્કળ જરૂર પડે છે. મુખ્ય મથકો પરત્વેના અમારા અનુભવથી જણાય છે કે હાથમજૂરીની કીમત લગભગ ૩૫ ટકા જેટલી આવે છે, જ્યારે માલની ૨૫ ટકા. અથવા, એક રૂપિયાના કાગળમાં ૧૨ આના મજૂરીની કીમત છે અને ૪ આના માલની આ પરથી સાબિત થાય છે કે બેકારો માટે કાગળનો ઔદ્યોગ રાહત સમાન થઇ પડે. વળી અમુક વપ્રત સુધી જ જેમને કામ કરવાનું હોય છે એવા ખેડૂતો વગેરેને પણ સહાયકર નીવડે. ઉપરાંત, બાદીની માફક આ ઉદ્યોગ પણ પુરુષ, સ્ત્રી અને બાળકને પણ મજૂરીના પ્રકાર અનુસાર સારૂં સેવન પૂરૂં

પાડે. દાખલા તરીકે, કૂટવાનું, ઉપાડમૂકનું, ગાયો ધોવાનું વગેરે ભારે કામ પુરુષો કરે, જ્યારે કાચો માલ કાપવાનુ, તારવવાનું, સાઇઝીંગ પેસ્ટનુ, ગ્રેઝ કરવાનુ વગેરે કામ સ્ત્રીઓ અને ઉગર લાયક છોકરાંઓ કરે.

કાગળની બનાવટમા વપરાતા કાચા પદાર્થો મુખ્યત્વે રેસાદાર હોય છે હિંદમા એવા રેસાદાર ઝાડ ને ઝાડ પુષ્કળ પ્રમાણમા ઉગે છે એમાના કેટલાક મોસમી હોય છે, જ્યારે કેટલાક કાયમના બધી ગણીને એની સૌથી દોઢસો જાતો હિંદમાં થાય છે ગામડામા રહેનારાઓને સહેલાઈથી હસ્તગત થઇ શકે એવા એ બધા લાકડા હાલ તો નકામા જા ય છે, અગર બળતણમાં વપરાઈ જાય છે આપણામાથી કેટલાને ખબર હોય છે કે કપાસ, અળસી, તાડ કે કેળના રેસા યે સારો જેવો લાભ આપી શકે છે! આ તો ગણ્યાગાંઠ્યા દાખલા છે.

કાગળની બનાવટમા તાજો માલ ન જોઇએ અને એ તો મોટે ભાગે ટોપલીઓ, દોરડાં, સાદડીઓ, કપડા, છાપરી વગેરેમા વપરાઇ જાય છે પણ એમા વપરાઇને ઘસાઇ ગયા પછી જ એ માલનો કાચો મસાલો બને છે, જેને બદલે આપણે તો એને નકામો ગણી ફેંકી દઇએ છીએ, અગર બાળી નાખીએ છીએ

વર્ષોના અખતરાઓથી અમને લાગ્યુ છે કે કશા ઝાઝીધુરી ભર્યા યત્નો સિવાય કોઇ પણ ગ્રામવાસી એને સુલભ એવા પદાર્થોમાથી આ ઉદ્યોગ ચલાવી શકે હવે આપણી સામે કરવાનુ એટલુ જ રહે છે કે એ ઉદ્યોગના અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવો ને તેના ઉત્પાદનની રીતોમા સુધારણા આણવી

(અમેજી 'ગ્રામોદ્યોગ પત્રિકા') —કે બી જોશી

હિંદી પોસ્ટ ઑફિસની શતાબ્દી

ગયા ઑગસ્ટમા હિંદમા પોસ્ટ ઑફિસની સ્થાપનાને સો વર્ષ પૂરા થયાં. ઇ ૧૮૩૭ના ઑગસ્ટમા કંપની સરકારે પહેલવહેલો પોસ્ટ ઑફિસ ઑર્ડર પસાર કરી, પોતાના શાસન નીચેના પ્રાંતોમાં પત્રોની લાવલઇન્ત કરવાનુ આખુ તંત્ર સ્થાપવાનુ લીધું હતુ.

પણ એથી ૧૮૩૭ પહેલા હિંદમાં ટપાલની સગવડ નહોતી એમ માની લેવાનું નથી પ્રખ્યાત ઇતિહાસકાર ફિરિશ્તાના લખવા મુજબ શેરશાહે પોતાના શાસનકાળ (૧૫૪૦–૪૫) મા એ પદ્ધતિ ખીલવી હતી એટલુ જ નહિ, પણ બંગાળથી તે સિંધ સુધી પાકો રસ્તો યે તૈયાર કરાવ્યો હતો એના પછીના મુગલ બાદશાહો એ પદ્ધતિ વધુ પોષતા ગયા અકબરના અમલમાં તો એ સંપૂર્ણતાએ પહોંચી હતી

કંપની સરકાર વતી હિંદમા ટપાલનો પાયો નાખ્યો ઈ ૧૭૬૬મા લૉર્ડ ક્લાઇવે. પણ તે માત્ર કંપનીના અફસરો માટે જ ખુલ્લી હતી ૧૭૭૪મા વૉરન હેસ્ટિંગ્સે જાહેરપ્રજા માટે પણ એ ખુલ્લી મૂકી એ જ સાલમા પોસ્ટ માસ્તર જનરલની નીમણૂક થઇ, અને ટપાલ ના દરો પણ નક્કી થયા પછી ૧૮૩૭માં ઉપરો કાયદો પસાર કરી, બધી ગડબડ પદ્ધતિઓને દબાવી દઈ ટપાલની એકહથ્થુ સત્તા સરકારને હાથમા આપવામાં આવી

ત્યાર બાદ હળવે હળવે માત્ર કાગળપત્રોને બદલે હિંદી પોસ્ટ ઑફિસે ૧૮૭૭મા પાર્સલ પોસ્ટ અને વી પી. ની પદ્ધતિઓ પણ અખત્યાર કરી એ પછી થોડા જ વર્ષોમા વીમો ઉતરાવેલી વસ્તુઓનો પણ સ્વીકાર કરાવાયો. ૧૮૮૦મા મનીઑર્ડર લેવાનુ ને ચૂકવવાનુ હાથ ધરવામા આવ્યુ ને ૧૮૯૫મા સેવિંગ્સ બૅંકો પણ ખોલવામાં આવી.

એક સૈકામા આટલો વિકાસ સાધી, પોતાની શતાબ્દી ઊજવવાના પ્રસંગે હિંદી પોસ્ટ ઑફિસ ટિકિટોના બાસ સેટ કદાચ બહાર પાડશે.

શાંતિ. શાંતિ !

મહાયુદ્ધનો અંત આણવા ૧૯૧૮ના નવેંબરની ૧૧મી તારીખે 'આર્મિસ્ટીસ ડે'–યુદ્ધશાંતિનો દિવસ નક્કી થયા પછી નીચે મુજબના યુદ્ધો દુનિયાના પટ પર ખેલાયા છે વિશ્વના માનવતાનો હજુ ચાલુ રહેલો 'શાંતિ, શાંતિ'નો જાપ કેવો સફળ થયો છે એ એ પરથી બતાવી આપે છે

૧૯૧૮–૧૯ પૂર્વ સૅનીશિયાના કબજા માટે પોલૅંડ ને યુક્રેનિયા વચ્ચે જંગ

૧૯૧૯ લાલ રશિયાએ શ્વેત રશિયનોને ધુંદી નાખ્યા

૧૯૧૯–૨૧ આયર્લૅંડના ગેરીલા યુદ્ધ

૧૯૧૯–૨૨ મોરોક્કોના સ્પેનીશ યુદ્ધ–સ્પેનના ૧૦૦૦૦ માણસો નો સંહાર

૧૯૧૯–૨૯: દખ્ખન સૌદની અરબસ્તાનની ચઢાઈ

૧૯૨૦ રશિયાનો પોલૅંડ પર હુમલો.

૧૯૨૦ તુર્કીનો આર્મેનિયા પર હલ્લો

૧૯૨૦ ૨૬ ચીનના આંતરવિગ્રહ.

૧૯૨૧–૩૨ ગ્રીસનો એશીયા માઇનોર પર હુમલો

૧૯૨૫ સીરિયામા ફ્રેંચોનો બળવો

૧૯૨૫–૩૫ બોલીવિયા ને પેરુગ્વે વચ્ચે શાકોના હક સબબે વિગ્રહ

૧૯૨૭–૨૮ ચીનમા રાષ્ટ્રવાદી ને કૉમ્યુનીસ્ટ પક્ષો વચ્ચે વિગ્રહ

૧૯૩૧–૩૨ જપાનનો મંચુકુઓ પર હુમલો

૧૯૩૨: શાંગાહીમાં ચીન જાપાન વચ્ચે ખૂનખાર જંગ

૧૯૩૫–૩૬ ઍબિસીનિયાની શિકસ્ત

૧૯૩૬: જપાનનો ઉત્તર ચીન પર હુમલો ('પ્રતાપ')

સ્વાસ્થ્ય

પાણી, દૂધ, ઘી વગેરેમા આંગળી કે અંગુઠો ઘાલવો નહિ તેમજ દૂધમાં બાઝ ભેગવવામા પણ આંગળીનો ઉપયોગ ન કરો પણ ચમચાથી કામ લો. અથવા તો બે વાસણોમાથી બન્નેપર રેડો, તેમાં પણ અક ટીપુ યે નીચે ન પડે તે ધ્યાન રાખવુ

માટે જે વાસણમાં પીવાનું પાણી કે દૂધ વગેરે રાખ્યું હોય તેને ઢાંકવાનું ભૂલવું નહિ તથા તેને જમીનથી ઢાંકણ ઢાકું રાખવું. વાસણ પણ એવું જોઈએ કે જે અંદરથી સ્વચ્છ કરી શકાય. જે શીશીમાં તેલ વગેરે રાખ્યું હોય તેને બૂચથી બંધ કરવાનું ભૂલવું નહિ. તેમાં પણ જેમાં દવા હોય તેને ચોક્કસ ચોંટવો. જે વાસણોમાં અનાજ રાખ્યું હોય તે પણ એજ પ્રમાણે ઢાકી દેવાં જોઈએ, જેથી તેમાં ઝાડો પેસે નહિ. ઘરમાં જે ઝાડો દર પાડે તો તેને પૂરી લેવાં જોઈએ.

નવી દવા અથવા બીજી કોઈ ચીજ કોઈ નવી શીશીમાં નાખવા પહેલા ગરમ પાણી તથા સોડાથી તે ધોઈ નાખવી.

પાણી, દૂધ, ઘી આદિ ઢાકવા માટે જે લોટો કટોરો અથવા ગલાસને વાસણમાં નાખો તેનો નીચેનો ભાગ બરાબર ધોઇને સાફ કરી નાંખો.

ડોલ, બાલદી કે ઘડાની પાસે હાથ ધોવા ભરેલો લોટો હમેશાં રાખવો જોઇએ. ખાલી થાય તો તે ફરીથી ભરવો. પાણીથી ભરેલી ડોલ, બાલદી કે ઘડામાં હાથ નાખવો ન જોઇએ. હથેલીથી લોટાને નમાવીને પાણી લેવું જોઇએ; તેમાં પણ હાથ નાખવો નહિ.

હાથ ધોવામાં કે વાસણ માંજવામાં ગમે ત્યાંથી માટી લેવી નહિ. જ્યાંથી માટી લો તે જગા, લોકોએ ગંદી કરેલી હોવી ન જોઇએ. ચોકખી માટી શોધીને કામમાં લો. જમીન ખોદીને ખેતરની માટી મળી શકે તો ઠીક. વળી માટી એકઠી કરો તો તેને વાસણમાં રાખો.

(આ તથા ગયા અંકમા આવેલો 'ભારતીય શિષ્ટાચાર' એ બંને લેખ, પંડિત રામનારાયણજી મિશ્રના હિંદી પરથી લીધેલા છે.)

અમૂલ્ય કેળું

લીલા ફળ તરીકે કેળું કેટલું ઉપયોગી છે, તેનો ભાગ્યે જ કોઇને વિચાર આવતો હશે. સહેલાઇથી પચી જનારાં ફળોમાં એ સર્વોત્તમ છે એટલી જ એની મહત્તા નથી; શરીરને ગરમી અને તાકાત આપનાર તરીકે પણ તે સર્વોત્તમ છે. કુદરતી સાકરનું જે પ્રમાણ તેનામાં રહેલું છે તે શક્તિના એક સસ્તા અને સહેલા સ્રોતની ગરજ સારે છે.

પોષકશક્તિમા તો માત્ર દ્રાક્ષ જ તેની બરોબરી કરી શકે. લીંબુ કે નારંગી જેવાં ફળોમાં એથી અડધી જ શક્તિ હોય છે. વળી તેની છાલ તેના ગર્ભનું જંતુઓથી ખાસ રક્ષણ કરે છે. ગમે તેટલા પ્રમાણમાં એ લેવામાં આવે, છતાં એમાંનું સાકરનું તત્ત્વ એવું છે કે એથી બજારમાં બીલકુલ વધારો થતો નથી.

એમાં રહેલા પોષક તત્ત્વોની શોધ કરનાર ડૉ. વૉકર ગોડીના જણાવ્યા પ્રમાણે કેળામાં ચૂના ઉપરાંત મૅગ્નેસિયમ, ફોસફરસ, લોહું ને તાંબાના બે તત્ત્વો છે. ઉ સિવાયનાં બધાં વિટામિન પણ તે ધરાવે છે. ચૂનો શરીરના બંધારણમાં ખાસ ઉપયોગી છે, એટલે ક્ષયના રોગીઓ માટે તે ઉત્તમ છે. તેનાં બીજ પણ તત્ત્વો મજ્જાતંતુઓને પોષણ આપવામાં ઉપયોગી છે.

ટૂંકામાં, સ્વયંસંપૂર્ણ ખોરાક તરીકે કેળાંની સરખામણી બીજું કોઇ ફળ કરી શકે તેમ નથી. દૂધના એક પ્યાલા સાથે એક કેળું એક ટંકનો પૂરતો ખોરાક થઇ પડે.

સિયામ

સિયામ દેશ બ્રહ્મદેશ અને મલાયાની વચ્ચે આવેલો છે, જે બંને બ્રિટિશના તાબામાં છે. જે જબરા દ્વીપકલ્પનો સીંગાપોર જેવો છે તેનો કેટલોક ભાગ સિયામીઝ છે, કેટલોક બ્રહ્મી છે ને કેટલોક મલાયન છે. એક ઠેકાણે બ્રહ્મદેશની દક્ષિણ સરહદ પાસે એ દ્વીપકલ્પની પહોળાઇ માત્ર ૨૫ માઇલ જ છે. અહીં બધી જમીન સપાટ જ છે, એટલે ત્યાં સહેલાઇથી એકાદ નહેર ખોદી કાઢી, રંગૂન અને હોંગકોંગ વચ્ચેનું લાંબું અંતર ઘટાડી સીધો વહેવાર સાધી શકાય. એવી નહેર થાય તો જપાનને પણ હિંદ કે બ્રહ્મદેશ પર હલ્લો લાવવો સહેલો થઇ પડે, કારણ કે તે સિયામનું મિત્ર છે.

સિયામનો સરમુખત્યાર આજકાલ કર્નલ ફાયો બાકોલ છે. એણે જર્મનીમાં શિક્ષણ લીધું છે. સિયામ પરની બ્રિટિશ, અસર સાવ નાબૂદ કરી, જપાનથી અતલગની મૈત્રી સાધવાની એની ખાસ ઇચ્છા છે. છેલ્લાં વર્ષોમાં જપાન સાથેનો સિયામનો વેપાર પણ અનેકગણો વધ્યો છે.

હાલમાં એ અફવા ખૂબ જોરથી ફેલાઇ છે કે સિયામની કા સંયોગીભૂમિ આસપાસ જપાને એક લાંબી નહેર ખોદવાની યોજના કરી છે, જેમાંથી લડાયક જહાજોને પણ પસાર થઇ શકે. બ્રિટિશોએ. સીંગાપોર ખાતે જબરી કિલ્લેબંદી કરી છે, પણ જો આ નહેર ચાલુ થાય તો જપાન સામે તો એ કિલ્લેબંદી નિષ્ફળ નીવડે એમ છે અને એટલે જ બ્રિટન અત્યારે ગભરાટ અનુભવે છે.

નવા વગડા

આજથી પંચોતેર વર્ષ પહેલાં એક ભલા અંગ્રેજે આસ્ટ્રેલિયામાંના પોતાના એક મિત્રને બે ડઝન સસલાં જોડ મોકલ્યાં. મિત્ર ખોવી ખૂબ રાજી થયો, પણ એ બેટે આજકાલ આખા આસ્ટ્રેલિયાની ખાનાખરાબી કરી નાખી છે.

બેટનાં એ બે ડઝન સસલાંમાંથી વધીને છ જ વરસમાં તો એમની સંખ્યા ૨૦,૦૦૦ પર પહોંચી. અને આજકાલ તો એ એટલી વધી છે કે ફળદ્રુપ પ્રદેશોને ચાળીસ લાખ પૌડને ખર્ચે તારની વાડ બાંધ્યા છતાં તેમને નથી અટકાવી શકાયા ને વરસે એક અબજની સંખ્યામાં તેને મારવા છતાં આસ્ટ્રેલિયનો ખોગનાથી ઠગાર નથી મેળવી શકયા.

માઇલ માઇલ કરીને એ સસલા આસ્ટ્રેલિયાને ઉજ્જડ બનાવી રહ્યાં છે ને વિજ્ઞાનીઓના મત પ્રમાણે ખરેખર આસ્ટ્રેલિયા તો થોડા જ વરસોમાં બાવાધાતું સૂકું રણ બની જશે.

એવી જ રીતે સહેરાનો વિસ્તાર પણ વધતો આવે છે.



'ત' ની ૧ ડી ટી ગોપકર (અમદાવાદ) ત્રીજુ ઇનામ 'અડાવજનો ગાણ રસિકલાલ ગામી (કડી) ત્રીજુ ઇ ામ 'પરદેશી મુસાફર ગેન સી ગજ્જર (કલોલ) હસ્તેજના ઈનામ



રંગપરિમાન ચિત્રકાર • છગનલાલ જાદવ

(ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)

ઘનાગમ



• રેળ •

'ભમ્મર પર તોફાન નયનમાં આગ ભભૂકે!
ઉડતો જાય જુવાન કહીં તું? અવગું શું છે?'

'શું જોયું તોફાન? આંખ તો એક જ તણુએો,
જોવું તો જો દિલ, બન્યું છે આખું ભડકો.
રવાને સંગ્રામ દુરિતનાં તત્ત્વો સાથે,
મેં ભીડી હામ ધરીને માથું હાથે.
એવી હોળી કરું અસત્યો શોધી શોધી
ફૂંકી મારું બધું રહ્યું જે યુગ અવરોધી.
ભલે એક કે લાખ બડાં થાયે મુજ સામે,
બનું આગ કે રાખ, નહિ મમ જોમ વિરામે.
સિદ્ધ કરીશ એ સ્વપ્ન, જગતને સ્વચ્છ બનાવું,
નગણાંને વસવા હસવાને સ્વર્ગ બનાવું.
માનવના સકલ્પ નહિ તવ જોશે આરો,
એ તો બનશે દેવ, વિશ્વનો મધ્ય સિતારો.'

પ્રીતમલાલ મજમુદાર



ઘનાગમ=ઘનનુ આગમન–૨૦ થી ૨૫ વર્ષની ઉમર અને તે સમયનુ તોફાન

મારો પ્રવાસ

જાપાન ટૂરિસ્ટ બ્યુરો : એક ઉપયોગી સંસ્થા




હવે કાકા


● અગાઉ મેં જણાવ્યું છે કે જાપાન સુધી જવાનો આપણે રંગીગર કંપનીનો જે ખર્ચ ગણ્યો તે ઠેઠ યોકોહામા સુધી પહોંચાડવાનો હોય છે, અને તેમાં કોઈ ગેરસમજ હોય છે કે જાપાનના કે કોઈપણ બંદરે મુકામ કરી છ માસ સુધીમાં યોકોહામા સુધી રેલવે ટ્રેનમાં જવાનો આપણને હક રહે છે. એટલે જ્યારે અમે ટોકિયો જવાનો કાર્યક્રમ ઘડવા બેઠા ત્યારે યોકોહામા સુધી તો રેલવે આગને બે હકની રૂઇએ સેકન્ડ ક્લાસની ટિકિટો આપવાની જ હતી; પણ અમારે તો રાત થોડી ને વેશ બહુ કરવાના હતા, એટલે બને એટલા પ્રવાસમાં વધુમાં વધુ જોઈ લેવામાં અને યોકોહામા થોડો વખત ક્યમ કાઢવો તેનો વિચાર કરવાનો હતો. એ બધો હિસાબ ગોઠવવાની ગડમાંથ નાનાભાઈએ સ્વીકારી અને એકાદ મિત્ર સાથે જાપાન ટૂરીસ્ટ બ્યુરોમાં પહોંચ્યા જાપાન ટૂરિસ્ટ બ્યુરોના પાટિયાં તો દરેક શહેરમાં અમે વાચતા આવ્યું જ નહિ પણ મોટા સાત મજલાના ડિપાર્ટમેન્ટલ સ્ટોર પર પણ તેની દાદરી હોય જ. મોટા રેલવે સ્ટેશનો પર પણ તેની ઑફિસ ખરી. 'જાપાન ટુરિસ્ટ' નામનું અંગ્રેજી તેમજ જાપાની ભાષાનું સોપાનિયું પણ જોયેલું. આ સંસ્થા માત્ર નામનો દાઢ રાખે છે કે તેની સેવાશક્તિ પણ છે એનો અગાઉ તાગ લેવો હતો. નાનાભાઈએ તેની ઑફિસમાં જઈ અમારા પ્રવાસના હેતુનો અને અમારા સાધનો, સમય તથા શક્તિનો ખ્યાલ આપ્યો એટલે તેમણે અમારી લીધેલી ટિકિટોના વળગા ઉપરે જોવો ટાઈપ કરેલો પ્રવાસક્રમ બીજે દિવસે તૈયાર કરી મોકલ્યો! તેમાં તારીખવાર, દરેક સ્થળે પહોંચ્યા પછી કેમ વર્તવું, ક્યાં ઊતરવું, ક્યા કેટલો વખત ગાળવો, કયે માર્ગે ટોકિયો પહોંચવું તેનો સવિસ્તર અંદાજ તૈયાર કરેલો હતો. ખાસમાં ત્રણ ફૂલસ્કેપ જેટલું ટાઇપિંગ, અગાઉ જ તારીખો પ્રમાણે પ્રોગ્રામ, ખર્ચનો અંદાજ, અને તે બધુ કરી આપવાની ફી કંઈ જ નહિ! આ બ્યુરો જાપાન સરકાર તરફથી ચાલે છે અને તેની પાછળ દેખરેખ એવો જણાય છે કે પરદેશી મુસાફર એમના દેશમાં સંતોષ, સમરટ અને આનંદ લઈને જાય તો તેના પરોક્ષપણે બીજા વધારે પ્રવાસીઓ આવે અને તેમના દેશને પ્રીતિ તેમજ દ્રવ્યલાભ પણ થાય. આ ટૂરિસ્ટ બ્યુરોમાં દરેક સ્થળની માહિતી આપતી સુંદર ચિત્રોવાળી પત્રિકાઓ, નકશાઓ અને આવાસની સોપડીઓ પણ મળે છે અને જરૂર હોય તો વિશ્વાસપાત્ર ભોમિયો અને દુભાષિયો પણ ખર્ચ આપતાં મળી રહે છે. જો જાપાનનાં માણસોને ગમે એટલી પૃચ્છપરછ કરો, પણ કંટાળો આપ જ નહિ તમને બારીકમાં બારીક માણસની રીતે પ્રવાસ કરવાના રસ્તા પણ બતાવ્યા વિના રહે નહિ. કોઈ એકલો માણસ જરા જાપાની જાણતો હોય તો માત્ર રૂા. પચ્ચીસ ખર્ચમાં જ અગાઉનાં સ્થળો ઘૂમી આવી શકે એવી જાપાનમાં પ્રવાસની સગવડો છે. દરેક પ્રસિદ્ધ પ્રવાસયાત્રા માટે મોટરબસો ચાલુ હોય છે. કેટલા વખતમાં કેટલાં સ્થળોએ ઘટકાને તે પ્રવાસ પૂરો કરી આવશે તે ટૂરિસ્ટ બ્યુરો જણાવે છે. આ ટૂરિંગ કારમાં જે વ્યવસ્થાપક ઊભરી હોય છે તે ટિકિટો આપવા ઉપરાંત દરેક સ્થળ આવતાં પહેલાં તેનું બ્યાન આપી જાય છે. વચમાં દરેક સ્થળનાં પ્રાચીન ગીતો લલકારે છે જાપાની સમજનારને તો તેનાં તાલ, લય ને અભિનયની કીમત પણ સમજાય, પણ જાપાની ન જાણનાર પ્રવાસીને યે તેનો અવાજ, તેનાં મરકાં અને ઉત્સાહ તો ઠીક કરી દે છે. આ બધી સેવાની તાલીમ તેમના ખાતા તરફથી ચાલતી શાળામાં આપવામાં આવે છે. અમે એની બસનો લાભ લઈ શકયા નહિ, પણ દરેક સ્થળે ઘટકતા ત્યારે એની પ્રવાસી મોટરોની આવન જાવન ખૂબ જોતા.

હવે કાકા

● ટોકિયો તરફ જવાની તારીખો નક્કી થઈ એટલે અમારા પ્રવાસના સાથીદાર તરીકે મિ. બાબુ હવે તૈયાર થયા. આ તરુણ ભાઈના પિતાશ્રી રાજકૃષ્ણ હવે આપણા 'હવેકાકા' જાપાનવાસી હિંદીઓમાં સૌથી વૃદ્ધ અને જૂના વસાહતી છે હવે કાકાનાં પ્રતિષ્ઠા ને સન્માન જાપાનની સરકારમાં પણ અમલપદ્ય હિંદી તરીકે થાય છે અને ત્યાની ગુજરાતી, સિંધી, મુલતાની, પારસી, મુસલીમ કોમના બધા ગૃહસ્થો તેમનું વકીલપદ સ્વીકારી વખતોવખત સમુદાયના ઉત્સવ પ્રસંગે તેમને પ્રમુખપદે સ્વીકારે છે. એમને ત્રીસ વર્ષથી જાપાનનો પરિચય અને અનુભવ છે મુંબાઇવાળા મેસર્સ પીરમહંમદ ઍન્ડ કંપનીના તે સર્વસત્તાધીશ પ્રતિનિધિ છે. તેમની સલાહ અને સહાયની દરેક હિંદીને જરૂર પડે, અને તેઓ પણ નિખાલસપણે બાંધછોડ આવે તે આગે એમનું પ્રેમભર્યું આતિથ્ય અને સ્વસ્થ રીતભાત કોઈપણ આગંતુકને સહજમાં સ્નેહીજન બનાવી દે એવા છે



જપાન ।। ગોરમ હેકાને પ્રદેશમા થઈને, કોબેથી યોકોહામા જતી ટોકિયો એકસપ્રેસના ગત્રનો ચિત્રમય ।કશો



૧૦૦ ફૂટ ઉંચાઈ ।। ૫૦ ફૂટ ઘેરી ૪૬૦ ટન વજ । ।। કાસા ।। કામાકુરા ।। જ ।। બુદ્ધમૂર્તિ

એમણે જોતા ।। પુત્ર ભાઇ બાબુભાઇને તે બાર વર્ષ ।। વય ।। હતા ત્યારથી જપાનમા રાખી ત્યા ।। શાળા અને કૉલેજમા ભણાવ્યા છે તે યોકોહામા ।। સૌ ન કૉલેજના અ ધુએ છે અને જપા ।। નેગજ અગ્રેજી પર ધરગથ્થુ ભાષા કરતા રે એમને વધુ મહાવરો અને તાલીમ છે, એને તેમના પિતાશ્રી જ તેમને ખાસ કરીને અમારા પ્રવાસનુ સુકાન સોપ્યુ


ટોકિયો એકસપ્રેસ

● અમે અ યાર સુધીમા જપા ।। રેલવેમા કલાક બે કલાક ।। મુસાફરીઓ તો ઘણી કરી હતી, પણ લગભગ આખા દિવસ ।। લાબી મુસાફરી આ પહેલી જ હતી ટોકિયો એકસપ્રેસ જા ।। ।। સૌથી ઝડપી ટ્રે ।। છે કલાક દોઢ કલાકે સ્ટેશ ।। કરે ને ત્યારે પણ ત્રણ મિનિટથી વધુ થોભે નહિ ત્રે કે ત્રણ જરાન આગળ માત્ર પાચ મિનિ મુધી રોકાય તેનુ અજિન ધુમાડા વગરનુ ઈજતનુ સ્ટ્રીમલાઇ ।। બાધનુ ઓ સુસવાટા કરતી સ ।। ।। એમ રેલાતી ધસી આવે તેનો વખત અને પ્રવાસીઓ ।। સમવડ ઓછીસાથે ગણવા ।। મટે, દરેક પ્લેટફૉર્મ ઉપર તે ઊભી રહેવા ।। દોઢ ત્યા જેટલી ।। પર રેલવેનો ગાબુસ ચાકથી બલદો લખી ભય આપણી ગિકિટ ઉપર જે નજર દોઢ ।। ।। જ સાવાન સય આપણે ગેમા રહેવાનુ જપાનમા સાધ ।।

પ્રવ સમા તો કોઇ ઝાઝો બોજો કે દાગીના લમ નીચ્યે નહિ, પગ લાબા પ્રવાસ મટે જોઇ । તો તે ।। ।। કે બહાર સાવનાર લ લટો ।। વાળા મન્દૂરો દરેક મુખ્ય સ્ટેશને મળે છે ટ્રેન આ ।। પહોચતા તમે ઉતરવુ તો તમારી ।। ।। આગળ લેમ ન ઊભા ત્યા તો ટ્રેન વહેતી થાય છે દિવસના ટ્રે ।। મા બેકાબેડા જ વખત પીતાવવાનો હોય છે, પણ એમા બેસવા ની ગબગલજ ત આરામભરી ગાદીઓ અને બે બાજુ દેખતા સુન્દર જપા ।। દરબો બનો વખત કયા જા । છે તેની ખ ।। ર પડવા દેતા ।થી.

ટોકિયો તરફ

● ૨૬ ।। જૂનની બપોરે ૧૨ ૨૫ ।। ટ્રેનમા અમે કોબેથી નીકળ ।। રાત્રે આઠે યોકોહામાના સ્ટેશને પહોચીને બ્લફ (Bluff) ।। ।। ।। ઢોલ ।। બાબુસો પક ।। યોકોહામા તો બાબુ બાબુ ઇન ।। વિદ્યાર્થીજીવનનુ પ્રિ । ભાગ દોવા ।। સદ ર મા તેમણે ઉજવેલ ।। ઉજ ।। કરી સીધી અને ટૅ સી કરી અમે ઊપડ ।। એક રાત ।। નિસામા ર ર ગ ચારે સવારના ।। ।। ગી ટૅકસીઓ તય ।। ।। ૧૯૨૩ ।। અપ બર ।। પદેલી તારીખે જા ।। ।। ।। ને ઇગ્લ પરતીકય ગબગ્રો નનુ કેંદ્ર રે મોદ માબ એને ત્યા એ પ્રસગનુ ન્જિનમ જ બરપુર આનાદીવાળુ માદુ સદેર પાર જ ગિગ્રિમ ઉનુ ન ઉદ્ગ પબ ગ્રુ તનો આગેદન





ડાબી બાજુ: ફુકુજિયા હોટેલના માલિક મિ. કાવાગૂચી (રકેચ - ૨. ગ. રા.) ઉપર: મિ. કાવાગૂચી સાથે લેખક અને નાનાભાઈ



કામાકુરાના બુદ્ધને સાથે


દેખાય એક રૂમમાં રચ્યો છે તે જોઈ ધરતીકંપનો ત્રાસ કોઈની પણ કલ્પનામાં આવી શકે. આગને બધું જોતાં એક કલાક લાગ્યો. ધરતીક પના આચકા સાથે અઠકેલું એક ઘડીયાળ આજે પણ એ કારમા પ્રસંગની યાદ આપતું એમાં રાખી મૂકયું છે. એ વખતનાં પોસ્ટરોમાં જોવાં ચિત્રો છે કે પ્રજા વિલાસી થઈ જાય ત્યારે આવો કોપ ઉતરે છે. મોજ કરતા લોકો આગળ ધરતીકંપ કરનારી માછલીનો દેવ વિલાસી લોકોને ડારતો દેખાય છે. ગરીબ અને લાચાર લોકોને સાથ આપવા દેશજનત ભૂલી જવાનો બોધ છે. એ ધરતીકંપે ૬૪ લાખ જીવનો ભોગ લીધો અને ૫૫ કરોડ પૌડનું નુકસાન કર્યું છે છતાં આજે જપાને થોડાં જ વર્ષોમા એની ભસ્મમાથી નવાં ઘોડાહાગા અને ટોકિયો સરજ્યવી અજાયબ ધીરજ અને શક્તિ બતાવ્યાં છે. જપાનની ભૂમિ દરિયાની અદર વાંકી ઝુકતી હોવાથી ધરતીકંપના ધ્રુજારા ત્યા વધુ લાગે છે રોજના સરેરાશ ૧૭ આંચકા જપાનમાં નોંધાય છે; અને જોર તોફાન અને વાવાઝોડાનો તો પાર નહિ. છતા એ પ્રજા આનદી, ઉત્સાહી અને ઉદ્યોગપરાયણ છે. યોકોહામા એકવાર નાનું ગામડું હતું, પણ છેલ્લી સદીમાં તે મહાન નગર બની ગયું. ત્યાં સિધી બાઇસ્કોની ઘણી પેઢીઓ છે અને કેટલાકે તો સરસ મકાનો પણ બાંધ્યાં છે. મહાન ધરતીકંપમા લગભગ ૨૬ હિંદીઓના જીવ ગયા હતા. તેમની છાત્રીઓ પણ મ્યુઝિયમમા જોઈ હતી.

કામાકુરા

● ત્યાંથી ઊપડી અમે કામાકુરા ગયા. ત્યાં હોરિન્જીનાં મંદિરો જોયાં. ત્યાંનાં કબૂતરોને સૌ ચણ આપે છે તે વખતે ડર વગર હાથ કે ખભા ઉપર ચડીને તે ખાય છે એ બહુ આનંદ અને મજા આપે એવું છે. નિશાળોના કાફલા ને કાફલા તો અમે અને આવાં સ્થળોએ ઉભરાતા જ હતા. ગમે ત્યાં તમારી છબી પાડી આપનાર કેમેરાવાળા પણ દરેક વખતે ફૂટી નીકળે છે. ઓકાદ ઘોડી પર નમૂનાની છબીઓની ફ્રેમ રાખીને અને બાવડામાં કાળા કપડા નીચે કેમેરા ઢબો રાખીને ઊભેલો આ રાહદારી ફોટોગ્રાફર જપાનમાં આવનારનું ધ્યાન ખેચ્યા વિના રહેતો જ નથી એ ઉપરાત દરેક સ્થળની છબીઓ અને વસ્તુઓ વેચવાની દુકાનો પણ જમેલી જ હોય.

જપાનવાસીઓના પ્રવાસની એક પદ્ધતિ નોંધપાત્ર છે. દરેક જણ પોતાની પાસે એક નાની કેરી શોપડી રાખે છે અને જે જે જાહેર સ્થળે પોતે જાય ત્યાં એક ખૂણે ઊભી તે સ્થળની ખાસ રેખાચિત્રવાળી રબર સ્ટાંપથી પોતાની પોથડીમા છાપ ઉતારી લે છે. જપાનના પ્રત્યેક જાહેર સ્થળ, મંદિરો, મ્યૂઝિયમો, કૉલેજો—અરે કેટલીક દુકાનો સુદ્ધાં પોતાના સંકેતચિત્રવાળા આવા રબરસ્ટૅમ્પ રાખે જ છે. દરેક વિદ્યાર્થી પાસે તો આવી પોથડી હોય જ છે અને પોતે કેટલાં સ્થળો કર્યો તેની તેમાં નોધ રાખ્યા કરે છે કોઇપણ વિદ્યાર્થી મોટી ઉમરે પહોંચતાં આખું જપાન જોઈ વળ્યો હશે જ. વિદ્યાર્થીઓ દૂર ગમે ત્યાં જાય પણ તેમને માટે રેલભાડું અને મોટરના દરો સરકારી હુકમથી સાવ સસ્તા રાખ્યા છે મોટા દરોવાળી હોટેલો પણ, ખોટ ખમી પડે તોયે, તે હુકમ મુજબ વિદ્યાર્થીને પડી સમવડ કરી આપે છે. વિદ્યાર્થીઓ પર જ દેશનું ભાવિ નિર્ભર છે એ વાત જપાને પોતાની ગજાને ગળે બરાબર ઉતારી દીધી છે અને તેનાં સુફળો પણ તે અનુભવે છે

કામાકુરા આશરે બારમા સૈકામાં સ્થાપિત થયેલી એક મોટી બુદ્ધમૂર્તિ છે અમે ત્યાં ગયા ત્યારે મનમાં અભિમાન અને રોષ સાથે ગયાં. અભિમાન એ માટે કે ગૌતમ બુદ્ધના ઉપદેશોને સત્કારનાર આ મુલકનાં અમે વસાયા જેવા કુતૂહલ ખાતર આવેલા લાગીએ છીએ. ભારતના આ દેવસ્વરૂપ આગળ જપાનીઓ ભાવથી નમે છે અને પૂજા અર્ચે છે ૧૦૦ ફૂટ ઊચાઈ ને ૫૦ ફૂટ ઊંચાઈની આ લોઢેલી કાંસાની મૂર્તિનું વજન ૪૬૦ ટન છે. તેનું મુખ ૮ ફૂટનું છે આખાના ચાળા ગુંચળાં ૮૩૦ છે. કેટલા ધાતુની બંદૂકથી એ ઘડેલી છે. બારીકાઈ




ફ્યુજિયા હોટેલના માલિક મિ કાવાગૂચીએ સ્થાપેલા દુનિયાના સાચ્ચી દોસ્તી મૂ ક ઓના આંતરરાષ્ટ્રીય મૂકમંડળના સભ્યોની કેન્સીક ઠ ીગેા બીજી હારમા ડાબી બાજુ આ ખૂણા સ્વ સર્વ લુમ ઇ ગાગત ઇનારે


ગેર દ્વાર છે તે વાટે અન્દર જઈ શક ર છે ત્યારે અન્દર પણ એક ગૌખમા મૂર્તિ છે ત્યા પ્રવેશ કરનારને ચેતવણી આપતુ પ ટિયુ છે તેમા ગેવા ભાવનુ લખ્યુ છે કે 'અનતતાના દ્વાર સમ, પરમ ને વરૂપી શ્રી તથાગત ા આ ગર્ભમદિરમા પ્રવેશ કર તા યુગેાથી પૂજનતા આવેલા ત્યા રહ્યા તે ગેાર્ય બાબતમા ચિત્ત રાખે ત્યારવુ (Stranger whosoever thou art and whatsoever be thy creed when thou entrest this sanctuary remember thou treadest upon ground hallowed by the worships of ages It is the temple of Buddha and the gate of the eternal and should therefore be entered with reverence) મૂર્તિ ઉપર ૧૨ ફૂટ ઊચી સાલ જે ત્યા મૂર્તિ પૂર્વ સસ્કૃતિના આત્માની સર્વ સુમેાગળ શાત પૌર્વાત્ય મૂર્તિ ઓનુ સાક્ષાત રૂપ છે જગતા તેાફાનેા અને વેશેાથી ક્ષોભિત કેા ગયા અગેાચર ધ્યાનમા વિલીન ભાવભરી કાતિમાન આ મૂર્તિ જીવનનાં પરિતાપ શમાવે એવી રિયરના અને વૈરાગ્ય ઉપજાવી રહી છે

કામાકુરા સુધીના રસ્તા લીલા છમ પહાડેા મેદાનેા ને સમુદ્રકાંઠાથી ભરપૂર છે પણ હવે તેા ફ્યુજી યામાગુચી સુધી જ કેા પણ જે ફુજીગેાંલ્ફ જતી હતી બસમા અડધા કલાક થઈ નહેાતા થયા ત્યા આવી પેાચી ત્યારેા તેા અમે ગિરિરાજ શ્રી ફ્યુજીના સ્વર્ગીય સૌન્દર્યથી ભરપૂર ઉપવનમા આવી ગયા હતા

ફ્યુજિયા હોટેલ

ફ્યુજિયા હોટેલ પણ નેશનલ પાર્કમા જ આવેલી છે ત્યા થી દાખલ થવાય છે ત્યા જ ઉપર ઉપર ગિરિરાજના નેશનલ પાર્કમા કરે છે મકાન ત્યા ત્રણ ઠેકાણે જોવે ઘણા ઊંચા ઊંચા પહાડેા પણ દેખાય ત્યાંથી જે કુદરત અને માનવીની રચનાનેા મેળ સરસ રીતે કરવા જોવે તેા અહીં જ આવેા લાગેા આખા મકાનનુ સ્થાન ખૂબી બાબતની ગમે તેવી જ લાગે પણ અન્દરની સગવડેા ત્યારે જોવા તેવી ઠેકાણે ફ્યુજિયા હોટેલ ત્યારે ઊકળતાગાથી કેટલાક ખનિજમય પાણી ના ઝરા (mineral springs) કુદરતી રીતે ત્યાં નરમ ગરમ વહ્યા આવે છે તેમાંથી કેટલાકના પેાટાશી પદાર્થ ના બનેલા ખડકેામાંથી કુદરતી રીતે સર્જાયેલુ છે અને કેટલાક ઝરણાંઓ મશહૂર છે કૃત્રિમ ખાડા જેવા પૂરેા નહા કે નાચવાને ા ઠેકાણે ત્યા ઊંચી આરસ પહાણની કલાકારીને પણ ટપે કેાઈ કારીગર કરવા ચિત્ર ન લાગે ફ્યુજિયા હોટેલ ના બગીચામા ખૂબીથી હોટેલ ાવેલ આદર ા કેટલાક ઝરણા ઓના પાણીને ગુ ર બાથટબીથી ચ રવામા આવ્યા છે એનુ નામ Roman Bath તેા બીજાનુ નામ Mermaid Bath ને ત્રીજાનુ નામ Dressing Bath આ દેશમા કા ને કા







બાપે કારણ પૂછ્યું. 'પણ તારા હાથ ભાંગી ગયા હતા?' કારણ જાણતાં જ એલેઝાન્દ્રો ક્રોધથી ભોભળી ઊઠ્યો: 'તેં તેનો સાલો કેમ ન માર્યો? ને હવે અહીં છોકરીની ભાઈક રડતો આવે છે! જા, જ્યાં સુધી તેનું વેર ન લે ત્યાં સુધી મને તારું મોઢું ન બતાવતો!'

તરત બેનિટો તો ચાલી નીકળ્યો. એક પથરો લઈ તેણે ખૂબ ઘસ્યો અને પછી પોતાને મારનાર છોકરાને પકડ્યો. 'મને મારવામાં તને મજા આવી હતી ને? લે લેતો જા!' કરતાંકને ધમાધમ થપ્પડો ને પથરાથી એ મોટા છોકરાને એણે લોહીલુહાણ કરી નાખ્યો.

આ અને આવા બીજા બનાવો બાળક કિશોર વયે જ મુસોલિનીના મનમાં દૃઢ ગાંઠ વાળી ગયા કે જગતમાં બળિયાના જ બે ભાગ છે. એ નીતિ તેણે આચારમાં આણી ને નિશાળનો એકેએક છોકરો ને છોકરી તેનાથી ડરવા લાગ્યાં.

તેની માએ પછી તેને ફૉર્લેજમાં ભોકલવાની ઇચ્છા કરી, પણ બાપે સખ્ત વિરોધ કર્યો. ત્યાં ઘણું ખરું શિક્ષણ પાદરીઓ જ આપતા હોઇ, પોતાનો પુત્ર ઓવાઓને પાલે પડે એ એલેઝાન્દ્રો જેવા ચુસ્ત અરાજકતાવાદીને જરા યે પોસાય તેમ ન હતું. પણ રોઝાના આગ્રહથી આખરે મુસોલિની ફ્રિગેન્ઝાની ફૉર્લેજમાં ભણવા ગયો.

ફૉર્લેજ જીવનનું બેનિટોનું પ્રિય પુસ્તક તે વિક્ટર હ્યુગોની અમરકૃતિ 'લા મિઝરાબ્લ'. કોઇવાર બેસી તે કલાકો લગી એ પુસ્તક વાંચ્યા કરતો. પછી રોમનો પ્રાચીન ઇતિહાસ હાથમાં લીધો. રોમ! યુરોપનો પિતા! એ રોમને ફરી એ જ અગ્રપદે લાવવાની તેને ત્યારથી મહત્ત્વાકાંક્ષા જાગી, જે જીવનભરની તેની એકની એક ઝંખના રહી છે—એનું એકનું એક 'પાપ' રહ્યું છે.

ધીમેધીમે ફૉર્લેજ તરફ તેને કંટાળો આવવા લાગ્યો. ઘેર બેઠાં જ તેણે ચાલુ અભ્યાસ ઉપરાંત સંગીત, ચિત્રકળા ને અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો. આજ પણ તે કહે છે, 'ફૉર્લેજો અને કેદખા ન એ એકજ પ્રકારની સંસ્થાઓ છે.'

પરંતુ મુસોલિની-કુટુંબની આર્થિક સ્થિતિ બેહાલ થતાં તેવી સારી ન રહેવા પામી. બેનિટો આગળ વકીલાત વગેરે અભ્યાસ કરવા ઘર છોડી ચાલી નીકળ્યો. પીસામાં ત્યારે

ઉપર: જ્યાં મુસોલિની જન્મ્યો હતો; વચ્ચે: એ જ ગામની આ શાળામાં મુસોલિનીની ... [illegible] હતી. નીચે: જન્મના બે વર્ષમાં એનું ૧૨ ચરણે પ્રણામ વીંધ્યું



ફુજી યામા પર્વત

જાપાનના જે પૂજ્ય ને પવિત્ર ગણાતા પર્વતના અસંખ્ય ચિત્રો આ તેણ માં છે આવી મકબ કરેલા ચિત્ર ની ત્રિપ્તના તેન ભરોસાર
સાથેના ગારફ વિનાના સમગ્ર દરમા તથા તેની રજુઆત ની લાક્ષણિક રીતીમા છે અના આ તેખક ગોગાના કા ટેમ્બાલ ગોઠવ
ટાઇકીનો સમયમા એક પ્રતિભાવાન કલાકાર થઇ ગયે આ ની હકપારીઆવ ઑકેડેમી (શાળી ચિત્રસભા)નો તે સભ્ય હતો
અને નાન્સો ચિત્રશૈલીનો પ્રમાણભૂત જ્ઞાતા ગણાતો છુટા હાથે સપાટા લેતી રે ની નીડર રીતી અને એ ની
ચિત્રોના ભવ્ય ઉઠાવને કારણે આ યુગના કલાકારોમા એનું સ્થાન આ ન્ય ઉચ્ચ મનાય છે



ાનના અમદાવાદમા ભરાએલા બારમા અધિવેશનના પ્રમુખો ઉપરથી–ડાબી બાજુથી: ગત અધિવેશનના વિદાય લેતા પ્રમુખ શ્રી કુલ્લવાલ ઝવેરીલાલ
ન ગાંધીજી ઉપપ્રમુખ આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ સત્કાર પ્રમુખ સર ચીનુભાઇ (બીજા બૅરોનેટ), સાહિત્ય વિભાગના પ્રમુખ શ્રી કનૈયાલાલ મુનશી,
ો ધર્મતત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ શ્રી અનિલકુમારકર ત્રિવેદી, ઇતિહાસ-પુરાતત્ત્વ વિભાગના પ્રમુખ મુનિશ્રી જિનવિજયજી,
વિજ્ઞાન વિભાગના પ્રમુખ શ્રી રોમટલાલ શાહ પત્રકારત્વ વિભાગના પ્રમુખ શ્રી મહાદેવ દેસાઈ (ફોટો: નરેન રાવળ)



યવિચારણી સમિતિ: ઉપર ડાબી તરફથી: મહાત્માજી, સર પદ્મનીજી, શ્રી હીરાલાલ પારેખ, ડૉ. હરિપ્રસાદ મ. દેસાઈ, આચાર્ય શ્રીઆનંદ શં ધ્રુ
ાલાલ મુનશી, શ્રી ભોગીલાલ પટવા, શ્રી મનહરરામ મહેતા. નીચે: કાકાસાહેબ કાલેલકર, શ્રી મહાદેવ દેસાઇ (ફોટો: નરેન રાવળ)



જ્યંતી આદિત્ય સમેલન ના ગમદા ાાદ ાાદિવગન ર ા ા નગ ા ા ા



ાયણ વિશ્વનાથ પાઠક

ફોટો-ઠાકોરલાલ પટેલ

પ્રસંગે ભરાએલ કવિસભા-મુશાયરાના સભાપતિ

સાપનિવેદને

યા શ્રી પાઠકે પોતી મુદ્રાની પણ ઉપલબ્ધિ
વલોર કહી હતી. શ્રી વસંતભાઈ એવું જ
ભિપ્રાય છે કે આવાં સમેલનોમાં ભણા
રંજની રીતીનાં લખાયાં કાવ્યો યોગ્ય જ
ઠેરાય અને વિનોદનાં કાવ્યો વધુ ઉપયો
થઈ પડે. 'સ્વૈરવિહારી' તરીકેના એમના
નમેથી તો સૌ જાણીતા છે પણ એમને તેઓ
મલકમાં 'કુ કાન્યો' કહે છે ને એમનાં વિ
નોદનાં કાવ્યોથી બધા ખૂબ જ ખુશ થાય
અહીં આપેલી વાનગી આવે પ્રસંગે એમ
બનેલો કે ગુજરાત કલાસભની ચિત્રકાર
માં એક રવાડો સવારે એ આવ્યાને કેવા
શ્રી રવિશંકર રાવળ, કનુદેસાઈ અને નિરં
લાલ પરીખ એ 'ચિત્રકાર ત્રિપુટી'ને મ
મન રહેમ કર્યા એ ઉપરથી પરબારું જ
અનુષ્ટુપ થઈ ગયા ને એમને શ્રી રાવળે
એક બાનગી ઘરમાં બધી સોકસેજ ને
મની અનુમતિ વિના, પ્રભા આવીના મારે
ને અને આપીશું પહેલે બધા ગાનો ચોક
શ્રી રસિકલાલ પરીખે એ વેળા કરેલો તેમને

ચિત્રકાર ત્રિપુટીને!

ઠંચરે આજની તરણી ન આવું કે લીધી કર્મો
આજોએ, સર્વ આનાએ પડે નિજો હાથ ઓ
આવા બધા મુખને મારે- પરંતુ બાહ્યકાજમાં
જેનું ભાન નથોતું ને આવારે વ્યુત્તિ છે નોંધ

જે નો કરી નથી લીધી, આપ્રાપ્તેવા બધ રીબા
એવા કે તબમોર જે બિવડા રામ આવ,
બનતાં રચાવર્પની થા રવપાની પ્રભાવ જે

ને હું સ્વૈરવિહારીના મુખને આદ બધાંથી
નરવી આજે તમે લીધી ચિત્રકાર ત્રિપુટીને

એક ટંક પૂરતા યે પૈસા નહિ મળી વળત તો છ છ દિવસ કકડાકા પડતા પણ મુસોલિનીને તેનો દરકાર ન હતી, કારણ તેની પાસે એક સંપત્તિ અતુલ હતી ને તે દૃઢ મન અને આત્મવિશ્વાસની કાર્ટન કાર્ડ ને વાચક જેવા વાળે કદિક એકાદ પૂલ નીચે તો કદિ એકાદ ખડિયેરમા તે નર્ચિત સૂઇ રહેતો

ને પોતાના ગામથી નીકળતી વખતે જ મોમ્બો કે મૅક્સિકો ભાગી કોઇ તરુણ જેમ મુસોલિનીં 'No God lad' (નાસ્તિક ચેવકો) બી ી નીકળેલા સ્વિટ્ઝર્લેન્ડની સરહદે પહોંચતા જ ખીસામાનુ ચડિયા ગ કાઢી ને મેળેથી બોલેલાઃ 'જો ઇશ્વર હોય તો તેની સત્તાથી આ ધરિયા ગ બધ પાડી દે' નાનપણમા એ ી માતા પણી ાર એને દેવળમા લઇ જતી, પણ ત્યારે યે એના વખવા પ્રમાણે ગીણજત્તીઓનો પ્રકાશ, ધૂપની સુવાસ, ઠગીઓના ર ગ ને પાદરીઓનો અવાજ તેને મુદ્દલ પસદ નહેતા પડતા


જે જે રાષ્ટ્રોએ આજે પોતાનો પુનરુદ્ધાર કર્યા છે તેમણે પહેલા જ પગથા તરીકે માનવજીવનને ત્યાગી રહેલા ધર્મ ા રૂઢ ચીલા ચોપવાનો પ્રયાસ કર્યો છે. લેનિને રશિયામાથી તેને સમૂળગો દેશવટો આપી દીધો, મુસ્તફા કમાલે ખિલાફતને ઉડાવી દીધી ને આ મુસોલિનીએ સત્તા પર આવતા પણ પહેલે જ વડાકે પોપની સત્તા મર્યાદિત કરી નાખી

પણ કમાલ કે લેનિન કરતા મુસોલિનીનુ માનસ કંઇક જુદુ જ છે ઈશ્વરને ન માનવા તા ગાડુનિ કે સામુદ્રિકશાસ્ત્રમા એ અજબ શ્રદ્ધા ધરાવે છે બદ્રને પણ એ માને છે ને જ્યોતાના નામની કોઇ જાદુગરણી પાસેથી એ ઘોડંધણ શીખ્યો પણ કહે વાય છે. સ્વિટ્ઝર્લેન્ડની જે ત્રમાથી ફૂરી કાન્સ ગએલો ત્યારે પોતાના ભકાનનુ ભાડુ તેણે પાનાથી ઓગોના ભવિષ્ય જોઇ મેળવેલા પૈસા વડે ચૂકવ્યુ હતુ'

રખડતો રખડતો એ સ્વિટ્ઝર્લેન્ડ ગયો ત્યારે પહેલુ કામ તેને ગોઠવ્યા કરિયાના મજૂર તરીકેનુ મળ્યુ— નીચેથી મજલેથી પથ્થર ી ટોપલીઓ ભરી ઉપલે મજલે લઇ જવાનું એકલો ને એક વીસ વખત ચડઉતર કરવાને બદલે દિવસ આથમ્યો ત્યારે એ ા આગેવાન કામદાર હતા બીજે દિવસે બીજા કામ ન થતા કૉન્ટ્રાક્ટરે પરબારુ સુણાવ્યુ 'તમે તો કોઇ મારેજબરના બાગો છો'

મુસોલિનીનો ચિત્તા તો વળી યે બગ્યો પણ મૂળે મોઝે મદન કરી લીધ બેવધુ દિવસ થયા ત્યા તો ચરિતાર્થ કરી તેના જોડા યે ફાટી ગયા ને ઘાયે પગે ફોલ્લા પડ્યા આથી 'ઝટ દે તે કટાળ્યો અને મજૂરીના પૈસા લઇ ાજા ઉઠ્યા.

ત્યા એક અડવાડિયામા જ પૈસા બધામ થઇ ગયા નિષ્કિચન બની તે વિવિધમ ટેવના પૂલ ા નીચે જઇ બેઠો. તે વખે છે કે, 'ત્યારે ભૂખથી મારુ મોઢુ બેસુ તો ગિદામણ થઇ ગએલુ કે કેવાય નહિ મને જોનારો



મન ના જોરે જ વ તને ડારના ર ગુને આબી સીનિયાને ઓદિયા કરનાર મુસોલિનીના યુદ્ધ પ્રતીક કટાચિત્રો

જ ત્યાંથી નાસી જતા. એ વખતે જો ઇ કેાપીનમ મને નીતિના સબક શીખવવા આવ્યો હોત તો હું તેનો ટોટો જ પીસી નાખત !'

જેમતેમ કરી તે કાગે નો વળગ્યો. ને એ જ અરસામાં તેને રશિયન દેશનિકાલ એન્જેલિકા બાલાબાનોફનો પરિચય થયો. બાલાબાનોફે તેના આત્મામા નવું જ બળ પૂર્યું. યુરોપમાં પસરતા જતા સમાજવાદના પવનમા તે એથ્યાયો ને તે કટ્ટર સમાજવાદી બન્યો. લેનિનની યે તેણે મુલાકાત લીધી. લેનિન એ જુવાન સમાજવાદીથી ખૂબ આકર્ષાએલેા ને તેના જેવાને પેાતાની ટોળીમાંથી ગુમાવવા માટે વર્ષો બાદ તેણે ઇટાલિયન સમાજવાદીઓને ખૂબ ઠપકેા આપેલેા.

હવે આજીવિકા માટેની મજૂરી ઉપરાંત મળતા સમયમાં મુસેાલિની સમાજવાદનેા પ્રચાર કરવા લાગ્યેા. સ્વિટ્ઝર્લેંડની સરકારે આથી તેને ઉશ્કેરણી કરનાર તરીકે ગણાવી એક કે બે વખત નહિ પણ અગિયાર વખત પકડ્યો ને છેવટ ત્યાંથી દેશનિકાલ કર્યો. જંદીજીવન માટે ત્યારથી તેને એટલી ધૃણા આવી ગઇ કે યુદ્ધમા પણ આઇઓમા ભરાઇ રહેવુ તેને અકારું લાગતુ ને વરસતા વાંણોમા યે તે બહાર નીકળી પડતેા સ્વિટ્ઝર્લેંડમા પેાલીસે તેના આગળાની છાપ લીધી એ અપમાને તેા એને ખૂબ જ અસર કરી; ને જીનીવાના એ અપમાનથી જ તેને પ્રજાસંઘ તરફ કેાઇ ચાહ નથી જન્મ્યેા એમ એ જાતે આજે કબૂલ કરે છે.

ચેાવીસ વર્ષની વયે ૧૯૦૪મા તે ઇટલી પાછેા ફર્યો. તેના બાપે ત્યારે ફેાર્લીના રાજમાર્ગ પર એક સરાઇ ખેાલેલી. કાકેાકાક સમાજવાદી બની ગએલા મુસેાલિનીએ તરત એ સરાઇને રાજદ્વારી રૂપ આપી દીધું તેની મા ત્યારે મરી ગઇ હતી ને અલેજાન્દ્રાએ કામકાજ માટે પેાતાના ભાગીદારની પુત્રી રાશેલને સરાઇમા રેાકેલી. મુસેાલિની અને તેના મિત્રેાની ગંભીર રાજદ્વારી ચર્ચાઓમાં તે પણ ભાગ લેવા લાગી. એલેજાન્દ્રાની સખ્ત ના છતા તે તેા મુસેાલિનીયા વધુ ને વધુ ભળતી ગઇ ને છેવટ બને લગ્નગાંઠથી જોડાઇ ગયા.

અત્યાર સુધીમાં મુસેાલિનીના મિત્રેા યે ઠીકઠીક જગી ગયા હતા એટલે પેાતાના વિચારેા દર્શાવવા તેણે હવે કલમનેા આશરેા લીધેા. તલવાર જેટલી જ સહેલાઇથી કલમ પર પણ તેણે કાબૂ મેળવ્યેા ને એ કાબૂને લઇને જ તે પત્રકાર બન્યેા. કેાઇ કે ટ્રૉટ્સ્કી જેવા પ્રચારક તરીકે નહિ પણ આજ લગી યે પેાતાની પ્રતિષ્ઠા કાયમ ટકાવી રાખનાર જીવંત પત્રકારેામાંના સર્વશ્રેષ્ઠ પત્રકારની રીતે. ઇટલીના સર્વશ્રેષ્ઠ સમાજવાદી પત્ર 'અવાન્તી'ના કાર્યવાહકેાએ તેને એનેા તંત્રી નીમી લીધેા. એકવીસ જ વર્ષની વયે આ સ્થાન મેળવવું એ કંઈ જેવુંતેવું ન કહેવાય.

૧૯૧૪ સુધી તેા એ કટ્ટર સમાજવાદી રહ્યેા; પણ મહાયુદ્ધ શરૂ થતાં બધા જ સમાજવાદીઓ ઇટલીના તટસ્થ રહેવાની તરફેણમાં જવા લાગ્યા, જ્યારે મુસેાલિનીનેા અભિપ્રાય એથી ઉલટેા જ હતેાઃ ઇટલીએ યુદ્ધમા જોડાવું જ જોઇએ, ઑસ્ટ્રિયાએ તેનાં પચાવેલા પ્રાંતેા પાછા મેળવવા જ જોઇએ. પેાતાનાં આ મંતવ્યેાને વફાદાર રહેવા તેણે 'અવાન્તી'નું તંત્રીપદ પણ છેાડી દીધું. તેનું કહેવું હતું કે 'અત્યારે આંતરરાષ્ટ્રીયતાનેા પ્રશ્ન નથી. તે તેા મૃત્યુ પાછી છે. ફરી જીવતી થાય ત્યારે. અત્યારે તેા રાષ્ટ્રીયતા જ વિકસાવવાની જરૂર છે.'

પણ તેનું કેાઇએ ન સાંભળ્યું ને સમાજવાદી મુસેાલિની ગઇ કાલની વાત બની ગયેા. છતાં તે ડગ્યેા નહિ. 'ઇલ પેાપેાલેા દ ઇટાલિયા' નામનું પેાતાનું જ નવું છાપુ તેણે ઊભું કર્યું. પત્રના નામની બંને બાજુએ તેણે બે મુદ્રાલેખેા રાખ્યા: (૧) જેની પાસે તલવાર છે તેને રેાટીની ચિંતા રહેતી નથી; (૨) ક્રાન્તિને સક્રિય તેા માત્ર બેયૉનેટેા જ બનાવી શકે છે.

૧૯૧૪ થી ૧૯૨૦ સુધીનાં તેનાં વર્ષો તેા બહુ જ કપરાં ગયાં. 'અવાન્તી' તેનેા પુષ્કળ વિરેાધ કરતુ. તેનેા જાન લેવાની ધમકી આપતું. પણ તે મક્કમ જ રહ્યેા. પેાતાના થેાડાક મિત્રેા સાથે ચાર ઓરડીઓના એક ગંદા ફ્લૅટમાંથી તે 'ઇલ પેાપેાલેા દ ઇટાલિયા' ચલાવતેા. તેની તીખી વાણી અને શૌર્યથી યુદ્ધમાં જોડાઇને ઑસ્ટ્રિયામાં તેણે ભોગવેલી જેલેાએ, ઇટલીનેા યુવકવર્ગ હવે ધીમેધીમે તેની તરફ આકર્ષાતેા ગયેા ને ૧૯૨૦મા તેા લેાકેાએ કહેવા લાગ્યા કે, 'તેનેા માર્ગ ભલે ભૂલભરેલેા હશે, પણ તે બહાદુર છે, તેનામાં શક્તિ છે.'

પત્ર જેવું હથિયાર મળી જતાં મુસેાલિનીનેા અનુયાયી વર્ગ વધતેા ગયેા. લેાકેાને એટલી શ્રદ્ધા તેા આવી જ હતી કે તે જે કરે છે તે ઇટલી અર્થે કરે છે. પેાતા

સારૂ કશી મિલ્કતની કદી જમાવટ ન કરનાર અને ઘણી વખત દસ મિનિટ કે અરધા કલાકની ઊંઘથી પતાવી લેનાર મુસૉલિનીમા જન્માનથ્રા સમાજવાદી ઓમા નજરે દેખાતી સ્વાર્થપિપાસા શૈશવના યે જલની ન હતી અદ્‌ભુત શૌર્ય, અદ્‌ભુત ધૈર્ય ને શાંત મગજે કામ કરવાની પદ્ધતિથી લસ્કરમા યે તે સાર્જન્ટના પદ સુધી પહોંચેલા.

૧૯૨૦માં યુદ્ધના મેદાનમાથી તે નિવૃત્ત થયો ત્યાર સુધીમાં તેને જોઇએ તેટલા અનુગામીઓ મળી ગયા હતા. 'અવાન્તી'એ પણ તેનો આંચોળેટો વિરોધ કરી તેની મહત્તા ખૂબ વધારી દીધી હતી આ મહત્તાનો લાભ મુસૉલિનીએ લીધો અને તરત સમાજવાદીઓથી વિરુદ્ધ પોતાનો 'ફાશી દ કૉમ્બેટિમેન્ટો'નો પક્ષ ઊભો કર્યો ઇટલીમાના બધા પક્ષો ને ઉપપક્ષોનો નાશ કરી પૂર્ણ રાજનિષ્ઠ રહીને ઇટલીની સેવા કરવાની તેની નેમ રળી

૧૯૨૦–૨૧ની સાલમા મજૂરીના પ્રશ્નોએ ઇટલીને ખૂબ હલબલાવી નાખ્યુ લોકોએ સમાજવાદીઓનો આશરો લીધો, પણ તેઓ તેનો નિકાલ લાવવામા નિષ્ફળ નીવડ્યા તરત મુસૉલિનીની ચોટ તેમના પર વળી તેમની નિષ્ફળતાને લીધે હવે મુસૉલિનીના અનુયાયીઓમા ન ધારેલો વધારો થતો ચાલ્યો

ને આ તકને, રોમના સુવર્ણયુગના સ્વપ્ના સેવતા મશિયાવેલ્લીના એ પટ્ટશિષ્યે સુવર્ણ તક જેવી પ્રમાણી ઇટલીની સત્તા હાથમા લેવાનો ને પોતાની મનીષા મુજબનો તેને ઘાટ આપવાનો એ ચાન્સ ઝોકો હતો અરધા ડઝન પ્રાંતોમા તેના ફાશીસ્ટ અનુયાયીઓએ સત્તા હાથમા લેવા ધસારો કર્યો ઇટલીમા આંતર વિગ્રહની લાલ ઝાંખી

બે લાખથી વધુ જનોથી પોતાની સેનાની મદદથી મુસૉલિનીએ ઇટલીમાના ગજદારી બધા પક્ષ-ઉપપક્ષો દબાવી દીધા ને ૧૯૨૨ના ઑકટોબરમા સીધી રોમ પર ચડાઈ લઇ ગયો રાજા વિક્ટર ઇમાન્યૂએલ તેની સામે થવામા ક્ષેમ જોયુ મુસૉલિનીની માગણી તેણે સંતોષી ને તેને Il Duce (અમાત્ય) બનાવ્યો.

પ્રધાનપદ હાથ આવતા જ મુસૉલિનીએ એક કારમો નિર્ણય કર્યો પોતાના ઓછે એક પ્રતિસ્પર્ધીનો અંત આણવાનો એ માટે ઍમેરિગો દુ મિની નામના અમેરિકનને તેણે કાયદા તરીકે રોકયો તેના પ્રાઇવેટ સેક્રેટરી સીઝર રોગી તરફથી ઍમેન્જિોને નામાવલિ મળતી ને એમા નોધાયેલા કમનસીબોને નામોનિશાન મિટાવવાનુ ફાસીસ્ટો માટેનુ સત્કાર્ય એ કરી આપતો.

મુસૉલિનીએ આજપર્યંત ભલે ઇટલી માટે કર્યું હોય, પણ તેના નાણાશાસ્ત્રી મેટ્ટેઓટીનો ખ્યાલ તો એના જીવનની સદા યે એક કાળી ટીલી રહેવાની એ અંત એવો તો દાનવી છે કે આજ પણ તે સાભળતા દયાળી છૂટે મેટ્ટેઓટીને જીવતો જ પાણી દેવામા આવેલો ને અરધુ પરધુ બાળેલુ તેનુ શબ જે દફનાવાયેલુ તે પણ પાછળથી કાઢીવઇ, તેના ટુકડા કરી શિયાળવાઓને ખવડાવી દેવામા આવેલા કાર્ડિનલ મૅટ્ટાઇ આ વિષે મુસૉલિનીને લખેલુ, 'એક પાદરી તરીકે હું રડી ઊઠું છું. એક ઇટાલિયન તરીકે શરમના ભારે માથુ નીચુ ઢાળી દઉં છું'

અને પછી સત્તાપ્રાપ્તી અર્થે મુસૉલિનીએ કાવતરાની આમ પરંપરા ચલાવતા ગજબે માર્શલ લૉ જાહેર કરવાનુ કર્યું, પણ મુસૉલિનીની સેનાએ તેને નિરુપાય કરી દીધો. તેની રહીસહી સત્તા યે મુસૉલિનીએ પોતાને હસ્તક લઈ લીધી બધા પ્રતિસ્પર્ધીઓનું નામનિશાન મિટાવી ઇટલીનો સર્વસ્વ ગળ્યા પછી જ તેણે જંપ વાળ્યો

અને આમ, જેલમાથી છૂટેલા અલેક્ઝાન્ડ્રો પાસે બેસી મશિયાવેલ્લી ને ગૅરીબાલ્ડી વચ્ચતા તરુણ રમકડુ બેનિટો મુસૉલિનીએ પોતાને જગેલી મહત્ત્વાકાંક્ષા શમાવી તરુણ વયે જ તેણે નિશ્ચય કરેલો કે 'હું મારી જિંદગી એક શિષ્ટ સર્જન મળી બનાવીશ' ને હસતી નિયા જીની આદિકામા તેણે કરેલી ઇટાલિયન જમાવટ થી પોતાનો એ નિશ્ચય પાર ઊતર્યો હોવાનુ તે માને છે

આજ એના જીવન વિષે અનેક વાતો જાહેર આવે છે દુનિયા તેને યુદ્ધપિપાસુ ક્રૂરેડર ગણાવે છે કારણ કે તેણે હત્યાનિયા જીત્યુ છે

પણ મૅરેક્કો ને ફૉંગો, દિદ ને ફિલિપાઇન્સની કબજાગીરી ભોગવનાર યુરોપીય રાષ્ટ્રો એનો વિરોધ કરતી વખતે પોતાની કારકીર્દિ તપાસી જુએ તો? એમના કરતા તો મુસૉલિનીની જીત ઘણુ શાણપણ ભરી છે એ નાજાયજી છે કે ગેરવાજબી એ જુદી વાત છે.

(અનુસધાન આગળ પાન ૫૮૦મે)

સંસારના આપણી જાજરૂ સમાચાર

ત્રાવણકોર રાજ્યે બહાર પાડેલા અંતયજો માટેના મંદિર-પ્રવેશના ઢંઢેરાનો બહુ સરસ રીતે અમલ શરૂ થઇ ગયો છે. પણ અજાણ એ છે કે બીજી બાજુ જો સાથે જ કોચીન રાજ્યે રાજ્યના બધા મંદિરો હરિજનો પ્રવેશ ન પામે માટે બધી આમજનતા માટે બંધ કર્યાં છે!

શહેનશાહ જ્યારે એડવર્ડ એક અમેરિકન અને કેથોલિક ધર્મ પાળતી મિસિસ સિમ્પસન સાથે લગ્ન કરવાની કરેલી જાહેરાતથી બ્રિટિશ સામ્રાજ્યમાં બહુ ખળભળાટ થયો. કારણકે એક તો રાજાએ બીનરાજવંશી તેમજ કેથોલિક સ્ત્રી પરણવી એ ત્યાંના કાયદા વિરુદ્ધ છે અને બીજું, એ સ્ત્રીના આગલા એ પતિ હયાત છે આખી બ્રિટિશ પ્રજા એકમતે તેની સામે થઇ પણ એ ખળભળાટ શહેનશાહ એડવર્ડ વિરલ ભોગ આપી શાંત કરી દીધો. પોતાની પ્રજાપ્રેમને તાજવા કરતાં દુનિયાના ત્રીજા ભાગ જેટલુ જગતભરનું સૌથી મોટું સામ્રાજ્ય તેમણે ત્યજી દીધુ છે અને પાર્લામેન્ટે એમના ગાદીત્યાગનો ખરડો પસાર પણ કરી દીધો છે બ્રિટિશ સામ્રાજ્યના તખ્ત પર તેમના નાના ભાઈ ડ્યૂક ઑફ યૉર્ક, છઠ્ઠા જ્યૉર્જ તરીકે આવ્યા છે માજી શહેનશાહ એડવર્ડને તેમણે ડ્યૂક ઑફ વિંડસરનો ખિતાબ આપ્યો છે જે નામથી હવે તેઓ ઓળખાશે અત્યારે તેમણે આસ્ટ્રિયામાં આવેલા ઇન્જફીલ્ડ મુકામે પોતાનો નિવાસ રાખ્યો છે.

આ સાલનાં નોબેલ પારિતોષિકોમાં સાહિત્ય માટેનું પારિતોષિક અમેરિકાના જાણીતા નાટ્યકાર યુજન ઓ' નીલને મળ્યું છે, જ્યારે રસાયણ માટેનું અણુના બંધારણના જ્ઞાનમાં ફાળો આપનાર બ્રિટિનના પ્રો પીટર ડેબીસને આપાયું છે. જોતિકશાસ્ત્ર માટેનુ પારિતોષિક પ્રો. વી એફ. હેસ અને પ્રો. ડેવીડ બને વચ્ચે વહેંચી દેવાયુ છે

ગઈ સાલનું સાહિત્યનું નોબેલ પારિતોષિક મેળવનાર મહાન ઈટાલિયન નાટ્યકાર સિનોર લુઈજી પીરાદેલો ૬૯ વર્ષની વયે સ્વર્ગસ્થ થયા

બૅરિસ્ટર સાવરકર ઉપરના સરકારી પ્રતિબંધની મુદત ડિસેંબરમાં પૂરી થતાં તેમાં બે વર્ષનો વધારો કરવામાં આવ્યો છે.

આઠમું અખિલ હિંદ સ્કાઉટ સમેલન કાન્યકુબ્જ મુકામે પંડિત હૃદયનાથ કુંજરૂના પ્રમુખપદ નીચે તા ૨૬મી ડિસેમ્બરના રોજ ભરાયું.

તા. ૨૫મીના રોજ કૈરપુર મુકામે તિલકનગરમાં અ હિં. મહાસભા સમિતિની બેઠક પંડિત જવાહરલાલજીના પ્રમુખપણા નીચે મળી. જગતના જુદાજુદા દેશોમા વસતા આપણા દેશબાંધવો તે તે દેશોમાં આવે મુસ્કેલીઓ વચ્ચે પોતાનો મોભો સાચવવા જે લડત ચલાવી રહ્યા છે તેમને અભિનંદન આપતાં એ લડતમાં વિજય મેળવવાની ઇચ્છા પ્રદર્શિત કરતો ઠરાવ પસાર થયા પછી અનુક્રમે વિષયવિચારિણી સમિતિનો કેનેડા, મુંબઇમાં મળેલી અ. હિં. મહાસભા સમિતિની બેઠકની નોંધ અને મહાસભાના પ્રધાનમંત્રીએ તૈયાર કરેલો અહેવાલ રજુ કરવામાં આવ્યાં હતાં પ્રમુખશ્રીએ ડૉ. અનસારી, આબ્બાસ તૈયબજી, ડૉ.સુબ્રહ્મણ્યમ્, સદાશિવરામ, ચિદંબરમ્, પીલે અને કિસ્ના કુમારીના અવસાન અંગે દિલસોજીનો ઠરાવ રજુ કર્યા પછી સમિતિને વિષયવિચારિણીમાં ફેરવી નાખી હતી.

પહેલો ઠરાવ ધારાસભા પ્રવેશ અંગેનો હતો. લોકપ્રતિનિધિ સભા પર ઠરાવ રજુ કરતાં રાજેન્દ્રબાબુએ જણાવ્યું કે, મહાસભાએ ધારાસભાપ્રવેશની મંજુરી આપી છે, પણ તે રચાએલી આશા પ્રમાણે મહાસભાવાદીઓ કામ ન આવી શકે તો તેમને પાછા આવવાનું છે. હિંદને નવા મળેલા બંધારણનો વિરોધ કરતાં તેમણે જણાવ્યું કે એ હિંદના લોકોએ જ ઘડેલું હોવું જોઇએ. એ જ દિવસે ગાંધીજીએ ગ્રામોદ્યોગ પ્રદર્શન ખુલ્લું મૂક્યુ પ્રદર્શનમાં તેઓ જતે સેલ્સમેન તરીકે ઊભા રહ્યા હતા.

તા. ૧૭મીએ મુંબાઇથી શરૂ થએલી જ્યોતિ-કુંભ તા ૨૭મીએ મહાસભા નગરમાં પહોંચતા રાષ્ટ્રપતિ અને બીજાઓએ તેને આવકાર આપ્યા બાદ જ્વલનની ક્રિયા થઇ હતી. ગાંધીજીએ ગ્રામોદ્યોગ પ્રદર્શનના મેદાનમાં ભાષણ કરતાં જણાવ્યું કે, આજે ત્રાગડામાં મહાસભાનું અધિવેશન ભરવાનું બળ આપણે ગ્રામ કર્યું છે તો આવતા વર્ષોમાં આપણું બળ અનેકે વધેલું હોવું જોઇએ

મહાસભાની બેઠકનો એ દિવસે પ્રારંભ થતો હોઇ દોઢ લાખ માણસોની મેદની એકઠી થયી હતી મહાત્માજી પણ આવી પહોંચ્યા હતા ને સાંજે સાડા ચાર વાગે રાષ્ટ્રપતિએ પોતાનું વ્યાખ્યાન વાંચવું શરૂ કર્યું હતું આંતરરાષ્ટ્રીય રાજકારણની સવાલોચના કર્યા બાદ મહાસભાના ધ્યેય વિષે બોલતાં તેમણે જણાવ્યું કે 'મહાસભાનું આજનું ધ્યેય હિંદમાં સંપૂર્ણ પ્રજાશાસન સ્થાપવાનું છે અને એવા લોકશાહી તંત્ર માટે અને નહિ કે સમાજવાદ માટે તે લડત ચલાવે છે.' ત્યારબાદ વિષયવિચારિણી સમિતિની બેઠકમાં નવા બંધારણ સામે લડતનો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો. શ્રી ભુલાભાઇ દેસાઇએ મહાયુદ્ધ પહેલા ૩૧ કરોડ રૂપૈયાનું સરકારી અર્થ આત્મારે ચિત્તારણ ૫૫ કરોડ થયું છે તે વિરુદ્ધ ઠરાવ મૂક્યો જે પણ પસાર થયો. બીજા ઠરાવોમાં બ્રહ્મદેશને છૂટું પાડવાનો વિરોધ, કુદરતી આફતો, યુદ્ધની ભીતિ અને નજરકેદીઓ પ્રત્યે સહાનુભૂતિ ને ચૈત્ય ઈસાઓ વગેરેના ઠરાવો પસાર થયા હતા.

આંખની મૂગી ભાષા અને મહેાબતભર્યો દિલે એણે પ્રાણીઓને અસીમ હદે કેળવ્યા હતા, છતાં તેમની એક બાબતનો ઇનકાર તે ન કરી શકયોઃ અને તે તેમનો

વેરનો ડુક્કર

મહાબલિ જન્મ્યો તે દેહ બેનિયોમા હતો તેના બાપ ખિજમૂખણને ત્યાના રાજ્યરના જગલો મા કામ કરતા બે દાયકા ઉપરાત વીતી ગયા હતા. ફર ગિયાનમા દિલ પાછા વળવાની અશક્તિને લઇ તેણે ત્યાની જ જબાક જાતિની એક સ્ત્રીજોડે લગ્ન કરી લીધુ હતું અને મહાબલિ એ લગ્નથી જ થએલો ફરજદ હતો.

મહાબલિએ જબાક માતા પાસેથી બેનિયોના જગલ તા ને તેના પ્રાણીઓની અનેક લઢાકતો ને દત કથાઓ માબળેલી ત્યાનો સાહસપ્રિય સ્વભાવ એની રગોમા ઓટલો તો વહી રહ્યો હતો કે ખિજમૂખણ એને ફરજિયાત રોકી ન લત તો આખી જિંદગી કદાચ એ જગલમા જ ગુજારત!

પચીસ વર્ષે જ્યારે ગીરમીટ પૂરી થઇ તે પહેલા બે વરસે મહાબલિ ની મા મૃત્યુ પાગી હતી એટલે ગીરમીટની મુદત પૂરી થતા જ ખિજમૂખણ એકલા મહાબલિ સાથે દિલ પાછો આવ્યો હવે તે જેટીને આરે પહોચ્યો હતો, એટલે ગુજરાનનો બોજો મહાબલિએ જ ઉપાડવાનો હતો એવામા નસીબ સજોગે એક ભટકતી સરકસ ઓ ગામમા આવી લાગ્યુ એથી વિશેષ વળી મહાબલિને શ જોઇએ? જેમ તેમ સાથે માડ બાપ ગ વીતાવેલુ એ ા જગલ ા વાસીઓની મૈત્રી બાધવાની ફરી ગણતી તક એ જવા દે એમ ન હતુ તરત જ એ સરકસમા તે જોડાઇ ગયો

અને અભિમાનના પૂતળા જેમ બધાથી અલગ રહેતા સિહથી માડીને બધા પાડોશીઓ સામે કોઇ ને કોઇ બહાને ઘુરકતા રહેતા અદના ચિત્તા સુધીના બધા જનાવરો સાથે એ બે ત્રણ અલપ વખતમા ભળી ગયો કે સૌ એ જોઇ દિઃમૂઢ થની ગયા અપમાન વખતે તેની માતાએ તેને કહેલુ 'મહાબલિ, મારૂ ખૂન તાગમા વહે છે એ જિંદગીમા પણ તુ ન ભૂલતો' અને કોણ કહે છે કે મહાબલિ તે ભૂલ્યો હતો?

પણ સરકસમાના મદારી અત્યારો, ચારીઓ ને ચાર્લુઓથી મહાબલિ ઘેાડા જ વખતમા કટાળી ગયો તે કયારે સરકસમાથી છૂટો થયો અને ત્યારે ને કયાથી નવા સાધનો ઊભા કર્યા એ ચાર છ વર્ષોનો ઇતિહાસ અધારામા રહ્યો, પણ એક દિવસ વાત બહાર આવી કે કોઇક બેનીરામ માથે ગણીને મહાબલિએ પોતાનુ એક સરકસ ઊભુ કર્યું છે

બેનીરામની નસોમા પણ પજાબી લોહી વહેતુ હતુ મહાબલિએ તેને કહેલુ કે 'હું તને બધી રતો સમજની દઈશ એટલે તુ પણ મારી માફક બધા જાનવરો સાથે છૂટ ને સફાઇથી હળીમળી શકીશ' અને એક સિહણ લાલીને તો બેનીરામ હેમખેમ પણ શકેલો

સરકસનો સર્વોત્તમ બેવાડી સિહ પ્રતાપ હતો જિંદગીભરના ટેકીલા પ્રતાપ જેવો જ તેનો સ્વભાવ હોવાથી મહાબલિએ તેનું એ નામ રાખેલુ ભારોભાર ભૂખરી કેશવાળી, મદા ઊંધમરી છતા પીળી ગામાઢુ આખો ને ચેરાને પણ કપાવી મૂકે એવી તેની ગર્જનાએ મહાબલિનો ખાસ પ્રેમ મેળવ્યો હતો લિયોટિઝમ જેવી આખની મૂગી ભાષા ને સર્જક શાતિથી પ્રાણીઓ હળવાની મહાબલિની ગત હજુ બેનીરામને નહોતી આવડી, પણ તેની બે બીનઆવડત કોઇ કળી શકતું નહિ હિંમત અને આત્મશ્રદ્ધા ઉપર જ આધાર રાખી તે કામ પતાવતો ને પ્રેક્ષકો પણ તેને વધાવી રહેતા

પ્રતાપ અને તેની માદા રોઝા માથે જ ઓરગઝેબનું પીંજરૂ હતું વચ્ચે માત્ર એક પડદી ઉપર તારની જાળી મારેલી વાઘ ા જાતિગત સ્વભાવ પ્રમાણે ઓરગઝેબ હમેશા પોતાના પાડોશીઓ પ્રત્યે અદેખાઇથી મણગરો રહેતો ને તેમા યે છેલ્લા મહિનામા તેના પીંજરામાથી માદાને લઇ લેવામા આવી હોવાથી તે ી અદેખાઇ વધુ મણગની રહેતી એક દિવસ અચાનક તે કૂદ્યો ને કોઇએ કદી ન ધારેલુ એમ પડદી પર ગરીગરવી જાળી છિન્નભિન્ન કરીને પ્રતાપના પીંજરા મા નીચો નમ્યો રોઝાએ એ જોયુ ને માગનો કરવા ઊભી થઇ, પણ ઊભી થતા જ ઓરગઝેબે મહેજ વધુ નીચા નમી તેનો કાન ઝડપી લીધો રોઝાએ ચામ

પાડી ત્યાં સુધીમાં તો તેનાં જડબાંએ કાગ બનાવી લીધું: રોઝાનો અરધો કાન તેણે કાતરી લીધો.

પ્રતાપ તો ઊંધમાં પડ્યો હતો, પણ રોઝાની ચીસે તે જબકી ઊઠ્યો; ને ઊઠતાં વેંત કૂદ્યો. આગલા બે પગે તેણે રોઝાને દૂર ફગાવી ને લાંબા નહોરોથી પડદી ચીરવા માંડી વાઘ પણ પૂરી ખુનસથી ઘુરકી રહેલો. સામસામેના આ ઘુરાંટ અને ગર્જનાઓએ મહાબલિને ચેતાવ્યો. બેનીરામ સાથે તે તુરત ત્યાં આવી પહોંચ્યો ને જુએ છે તો રોઝાનો અરધો કાન ઔરંગઝેબના પીંજરામા પડેલો! લોહી નીંગળતો કાન દબાવતી રોઝા તેના પીંજરામા એક બાજુ પડી હતી ને તોફાનમા સપડાએલા વહાણના સઢના જેમ ચારે ચીરા ઊડતા બનય તેમ પ્રતાપ લાકડાની પડદીના ચીરેચીરા ઉડાડી રહ્યો હતો.

સરકસમાના એકના એક વાઘને ગુમાવવો મહાબલિને પોસાય તેમ ન હતુ, એટલે ધામે રહીને તે ઔરંગઝેબના પીંજરામા ઘુસ્યો ને તેને પડદી પરથી નીચે પટકયો ઔરંગઝેબ તેના પર કૂદ્યો, પણ મહાબલિએ તરત શણનો કોથળો માથે નાખી દીધો બેનીરામ ને નોકરચાકરોએ બાજીનો બાગલો કાબૂમા લીધો. એ જ વખતે ઔરંગઝેબનું પીંજરું બદલાવી નાખવામા આવ્યુ.

આ બનાવે પ્રતાપનુ અંગેઅંગ જલાવી મૂકયું. મહાબલિએ પણ આજે તેના દુશ્મનની તરફેણ કરી' મહાબલિએ તેને સમજાવ્યો પણ ખરો કે, 'પ્રતાપ, આપણે ઔરંગઝેબનુ ચામડું ચીરી નાખ્યુ.' પણ પ્રતાપની આંખોમા વિશ્વાસ ના જ પ્રગટયો.

બે અઠવાડિયાં સુધી તો પ્રતાપને રિંગમા લાવવાનું મહાબલિએ મોકુફ રાખ્યુ, પણ આજે પ્રેક્ષકોની ગીરદી ખૂબ બનમી હોઇ તેણે વિચાર બદલ્યો હતો. બેનીરામે તો તેને બહાર લાવવા ના જ પાડી. મહાબલિએ કહ્યું, 'બેની, ફરી મારા પ્રતાપ માટે આવો હલકો અભિપ્રાય કદી ના આપતો. તુ સિંહનો સ્વભાવ સમજતો નથી. માણસ જેટલું જ લાગણીવશ એ પ્રાણી છે.' ને મહાબલિના મતાગ્રહ આગળ બેનીરામને નમવુ પડયું.

બેલ શરૂ થયો. સૌથી પ્રથમ સિંહણોને રિંગમાં લાવવામાં આવી. આ બતા વેંત જ નાચકૂદ કરવા માંડેલી બે સિંહણોને બેનીરામ એક પછી એક પીપ પર બેસાડતો ગયો. એ બધા ગોઠવાઇ ગઇ એટલે મહાબલિએ ઘુમ મારી. 'હવે મારી પલટન લાવો.' અને પ્રતાપથી દોઢાતી જબરા સિંહોની બેલથી તેની પલટને રિંગમાં પ્રવેશ કર્યો. મહાબલિની સદા સાવધ આખો પ્રતાપની આંખો સાથે ભળી. મળતાં જ પ્રતાપે પોતાનુ માથું બીજી બાજુ ફેરવી લીધું. છતાં મહાબલિની સૂચના તો તેણે માની ને કશી હરકત વગર પોતાના પીપ પર બેસી ગયો. બીજા સિંહોને પણ તેમના શરીરને અડકાડ્યા વિના ચાબુકના ફટકારા બોલાવતાં મહાબલિએ તેમના સ્થાને બેસાડ્યા.

અરધો બેલ બતમ થતાં પ્રતાપનો વારો આવ્યો. પહેલા પ્રયોગમાં તેને જમીન પર ચત્તા સૂઇ જવાનું હતુ મહાબલિના ચાબુકનો સટાકો થયો પણ પ્રતાપ પોતાના પીપ પરથી ના ચસ્યો.

મહાબલિ જરાક વધુ આગળ આવ્યો પ્રતાપે પંજો ઉગામ્યો. તેની પૂછડી પૂરજોશથી વળાંક મારતી વીંઝાઇ ને તે ગર્જ ઊઠ્યો. મહાબલિએ ચાબુક ઉગામ્યો, પણ પ્રતાપે તે પન્જામાં જડપી લઇ દાંતથી ના ચીરેચીરા કરી નાખ્યાં. છતા મહાબલિની અદા તેમાથી ઓછી થઇ ન જણાઇ.

એવામાં પેલી બાજુએ ગોઠવેલી સિંહણ લાંબીએ કૂદકો અડપલું કર્યું. બાજુમાં ગોઠવેલી સિંહણના પાંસળીમાં તેણે જોરથી પંજો હુલાવ્યો ને તે પીપ સાથે જમીન પર અફળાઇ પડી. મહાબલિ રિંગમાં દોડાદોડ કરતી એ સિંહણ તરફ દર્યો. પીપ ગોઠવી તેણે ચાબુક ફટકાર્યો ને તે પર બેસવા સિંહણ કૂદી, પણ તે લપસી ગઇ ને ફરી પાછી પીપ સાથે ઉથલી પડી.

પેલી બાજુ પ્રતાપને મનાવવાનું હતું, આ બાજુ આ સિંહણને ચાળે પાડવાની હતી. બેનીરામને વિચાર તો આવ્યો કે ઉથલી પડેલા પીપને સરખું કરવા કંઇ કરવું જોઇએ, પણ પ્રતાપ સામે થતા ચાબુકના સપાકારથી ધુરકી રહેલી રોઝા સાથે બીજી નવ સિંહણ સભાળવાની હતી એવામાં પીપ સરખું કરવા બે પીઠ ફેરવે ને કંઇ કમનસીબી ઊતરે તો? બે જ શૌચમાં તે જડ જેમ ઊભો રહ્યો. નોકરનફરો તો જીવની ઇકરમા પહેલેથી જ જડ જેવા બની ગએલા.

પણ આટલો વખત સાચવી રાખેલી મહાબલિ ની ધીરજ હવે ખૂટવા આવી. કારણ સિંહણની કૂદાકૂદ વધતી જ જતી હતી 'કોઈ મારી મદદમાં નહિ આવો? બધા

માગશો મારા એકલા પર જ છોડી દેશો? તેણે ખૂમ મારી, પણ કોઇ મદદમા આવવાની તૈયારી કરતું ન જણાયુ છેટે એકલે હાથે પણ તેણે સિદ્ધણને તો થાળે પાડો ને પાડો પ્રતાપ તરફ વળ્યો હજુ તે અક્કડ જ ઊભો રહેલો તેના હોઠમાથી ધીમો ઘુરકાટ ગાજતો હતો મદાવલિએ છેલ્લો ઉપાય અજમા યો બાકી હાથે જ તેણે પ્રતાપ પાસે જઈ તેના ગળાગા પોતાના હાથ ભેર યા ને પ્રતાપે ખૂબ ક્રોધથી ગર્જી। કરી શ મદા વલિને તે બાઝી પડ્યો! ના, એ તો તરત જ જાગી। પર ચત્તો સુઇ ગયો

મદાવલિ। પ્રાણીઓ પર। આ અજબ કાબૂ। પ્રેક્ષકો હજીપૂરા અભિનવી પણ ન લે તે પહેલા એક નવી આફ। ઊતરી જમીન પર ચત્તા પડતા વેંત પ્રતાપ। નજર એ જ હારો ખૂણે ચૂપચાપ ગોઠવી દીધેલા ઔરગઝેબ પર ગઇ અને તેને જોતાવેંત જ તે ખડો થઇ ગયો ને સીધો કૂદ્યા પણ ઔરગઝેબની જગ્યા એક બીજો જ સિદ્ધ તો। ઘડાઈમા આવી ગયો નગર કારણે છંછેડાયેલો સિદ્ધ પણ સહેજે કયાથી માને? તે પણ અનુભવી પ્રતાપને વળગ્યો

અને આ દ્વંદ્વ જામ્યુ। તો બધા સિંહો પોતપોતાના પીઠ છોડી નાચે આવી લાગ્યા બધા। આ બોના વાનચોગ ડોળા આગળ તરી આવ્યા હતા દમણા જ બન્યું જીવલેણ રગખાણ ઊભુ થશે

મદાવલિ બને સિંહોનો છોડાવવા ખૂબો મારતો રહ્યા ત્યા કમબખ્ત વાયે એ જ વખતે સામો ન સીધો તેની બાજુએ આવી ચોઢાયો તે કૂદ્યો મદા વલિ। ક ાજામા તે। પવન ની મબાન ચોર નાગો ને તે ઉથલી ા ચો' એક જ પળ હતી એ દાઝીલુ પ્રાણી દમણા મદાવલિનો। ાગોટો ઝાલત પણ એ જ વખતે રોજા કૂદી બરી રીતે તો એ મદાવલિ સામે આવી કૂદ્યો ત્યારે જ રાજા ની નજર ખેંચાઇ હતી તે પોતાનો અધો કાન હજી ખૂવી ગઈ હતી ગોબલે ત્રિન ખુમ। પહેલા તો અનુભવી તેણે ઔરગઝેબ ની બાજીમા બડબા પરોની દીધા!

બબ્બે દ્વંદ્વો ને પ્રાણીઓ। ઉશ્કેરાટભેરા વચ્ચે મદાવલિ જાગી। પર પડ્યો હતો ે ત્રિગમ। તો પીઠ પાછળ જ ા ણ હતુ ચોટલે તે ા બાજીમાથી ઝાટકા બ। બદા-દોડ નીકળ્યો કશા મૂચક ઠકાણે લેવાય તેમાટે બેબાકળા બનેલા પ્રેક્ષકોએ પણ તેને જલદી માગ કરી આપ્યો

ત્યા તો ઝગડા। તો સિંહો વચ્ચે બધિ થઇ ગઇ હોય તેમ ચડફેટે આવેલા સિદ્ધને દબાવી ઊભેલો પ્રતાપ તે। પરથી બરી ગયો ને બેબો સિદ્ધ પણ કશા ગડબડાટ વગર એક ખૂણે જઇ ઊભો

બીજી જ ક્ષણે પ્રતાપ રોજા સાથે જામી પડેલા પોતા। જુ। શત્રુ પર કૂદ્યો મદાવલિએ તે બનેયુ પણ એણે કોઇ પ્રયત્ન ન કર્યો કેમકે સામેના જનને શાબવા જતા તે કઇ વનણ પકડે છે તે તે બરાબર જાણતો હતો ને એટલે જ આ બધા ઉશ્કેરાટ છતા તે શાત રીતે જાગી। પર પડ્યો રહ્યો ઔર ગઝેબ। પવનએ કરેલો અમરથો તે। કપાળમાથી વાદી ઝરી રહ્યું હતું

પ્રતાપ આવી લાગતા જ રોજા મદાવલિ પાસે પડ્યોથી રોજા તાર આવ્યું બધુ તોફા। મયા વધુ હતુ? મદા વલિએ કહ્યું ને બનેએ શરમાતી હોય તેમ શરીર સકોરતી રોજા તેનો ધા ચાબવા લાગી

કેવી રીતે તો કયારે દ્વંદ્વનો બાત આ યો એ બાબા કથા ઇતમા ઊતરવા કરતા જોવલુ જ બરાબર બમ છે કે પ્રતાપે ઔરગઝેબનુ મુ દુ પણ બાજુ રહે। ા દેતા તેને મામો લોચો જ પતાવી દીધો પછી તે પણ મદાવલિ। પડખે જઇ ઊભો બ્યો ક્રોધથી મદાવલિએ કહ્યું 'હવે તો વેર વળ્યુ ને?' પણ એ ક્રોધ ગળી જતો હોય તેમ આનમા પૂછી પર ાગતો પ્રતાપ પણ રોજા ની બાજુમા નેનો ા ચાબવા મડી ગયો હતો

ત્યા તો હાકોટા કાકોટા બૂકોને ચાર બાજુએાથી ગે ીલમ ના ીલાગ્યો ગમ કબજેતા અગત। બાપ! મદા વલિએ જ ખૂમ મારી ાગ પો।। જીવનું રખોપુ કર્યું એ જ પૂરતુ છે' હવે બીજા અર્થી બોકવા ી દે

પ્રતાપ, રોજા રંગુ કિરા। બનેઓ, બાને આવી મૂર્ખાઇ ન કરવા' બીજ। આવ્યા મદા વલિ બોલ્યો ને ઓક પછી બેક ।। સિદ્ધ સિદ્ધણો નાદ। શાતિથી પીંજરામા પ્રવેશી ગયા

બધુ કામ આટોપી પ્રેક્ષકો। મારી મારતો મદાવલિ દમતા દમતા બોલ્યો બેવી વેર લેવાનો પ્રતાપનો દમ જ હતો' ઓ એ દમ પર અભિ પ્રાય ઉચ્ચા ના પ્રેક્ષકો। ટોળામાંથી પણ વિખરાવા બી।

(સુજિત) 'રોનિન'

જો કોઈ દારૂ ન છોડે તો 'park of culture and rest' માં એને દારૂડીઆ તરીકે દર્શાવતું એનું મોટું પૂતળું ઉભું કરવામા આવે છે, જે જોતાં જ એને પોતાના સૌન્દર્યનું ભાન થાય છે!

શહેર બહાર કામદારોનાં સુંદર મકાનો જોઈ અમે air port જોવા ગયા. એ વિશાળ મેદાનમાં પ્રવાસ માટે પડેલા મોટાં વિમાનો જોઈ બર્લિન કે બીજા કોઇ યુરોપીય શહેરના air portનું સ્મરણ થાય. ત્યાંથી પાછા ફરતાં શહેર બહાર વેપકો માટે બાંધેલાં ઘરો અને એમને બધી વાતની સગવડ આપતી કલબ જોઇ અમે શહેર તરફ પાછા ફર્યા. પાછા ફરતાં અમે જે દૃશ્ય જોયું તે જિંદગીના અમૂલા દશ્યોમાનું એક હતુ, અને એ કદિ ભુલાશે નહિ એની ખાત્રી છે.

પહેલી સપ્ટેમ્બરે રશિયામા 'આંતરરાષ્ટ્રીય યુવકદિન ઉજવાય છે, આજે એ નિમિત્તે જ હજારો શહેર લાખો માણસો ઉત્સાહભેર બહારનીકળી પડ્યાહતા. આવેશ ભેર ગીતોની ધૂન મચાવતા, હાસ્યની છોળો ઉછાળતા સૂરવીર યુવાનો, યુવતીઓ,બાલકો અને વૃદ્ધ પુરુષો રસ્તામાં કૂચ કરી રહ્યા હતાં. એમની ચાલમા અમે નીડરતા જોઈ; એમના વદન પર સ્વતંત્રતાનું હાસ્ય રમી રહેલું દેખાયું. માણસોના માથાઓ સુધી જાણે મનુષ્યદયાની નદીઓ વહી રહીહતી ઘડીકમા કાગળની મોટી મોટરો લઇ ચાલતા મોટરના કારખાનાવાળા માણસોનું ટોળું દેખાય; ઘડીકમાં બીજણીની ઝીણી બત્તીઓને લાકડીની ટોચ પર લગાડી ચાલતા બીજણીના કારખાનાના માણસો મળે. અમારા દેશના પુનર્જીવનમા અમારા કારખાનાઓએ આટલો ફાળો આપ્યો છે એમ દર્શાવતા પાટિયા બધે નજરે પડે. બજાવાના ગીતો ગાતી એક ટુકડીઓ આગને ગીતોનીનકલ વહેંચી અને ફૂલોના ઢગલા લઇ જતી કેટલીક યુવતીઓ-ઓ અમને ફૂલ આપ્યા. જાણે કેમે કર્યો આનંદ માતો ન હોય એમ રસ્તા વચ્ચે જ નૃત્ય કરવા મંડી જતા યુવાનો અને યુવતીઓને જોઇ મુખાકૃતિ ઉજવાતા ઉત્સવોના દશ્યો નજર આગળ ખડા થયા. આનંદથી છલકાતા આ લોકસમૂહમા અમે આ દેશનું હૈયું ધબકતું જોયું

સાંજે થીએટર તરફ જતાં અમે બધી દિશાઓથી મનુષ્યદરિયાને red square (લાલ ચોક) તરફ વહેતા દીઠા. કહે છે કે એ સાંજે red squareની મધ્યમાં ઊભેલા લોકનેતાઓ —સ્ટાલિન અને તેના સાથીઓ પાસે થઇને પાંચ લાખ ઉપરાંત માણસો પસાર થયા.

હીરાલાલ ગોદીવાળા

(ચાલુ)

બેનિટો મુસૉલિની (અનુસંધાન પૃ. પ૭૧)

ને એ વાજબી-ગેરવાજબીપણું અલગ રાખી વિચારીએ કે એણે ઇટલી માટે શું નથી કર્યું? આજના ઇટલિનો તો મુસૉલિની તારણહાર છે,—આજના કોઈપણ દેશના સરમુખત્યાર કરતાં વિશેષ અર્થમાં. ઇટલીનો એકેએક તરુણ આજ તેને માટે મરી ફીટે છે; ઇટલીની એકેએક તરુણી પોતાની મોંઘી સોગાદ સમી લગ્નની વીંટીઓની તેના બોલ પર કુરબાની કરે છે; એ કયા મુસૉલિની માટે?

દૂધ ને ફળો સિવાય લાલ તે કશું ભોજન લેતો નથી. બાવન વર્ષની વયે પણ તેની તંદુરસ્તી સંપૂર્ણ છે. આજ પણ તે નિયમિત કસરત કરે છે. તે નથી દારૂ પીતો કે નથી ધૂમપાન કરતો. વીસ વર્ષની વય સુધીમા તો તેણે કૉફી યે કદી ચાખેલી નહિ. તુર્કીના કમાલ પેઠે પોતાના જીવનના અંતર્પટ તરીકે સ્ત્રીઓને તેણે નથી એસાડી. મિલકતથી તે તદ્દન બેપરવા છે. તેના જન લેવાના પ્રયાસો થયા છતાં તેણે કદી પોતાને સુરક્ષિત રાખવાના પ્રયાસ નથી કર્યા.

વાચનનો તેને ખૂબ શોખ છે. જોના જેટલું વાચન ભાગ્યે જ કોઇનું હશે. દુનિયાભરમાંથી તે છાપાંઓ મંગાવે છે. તે પોતાનું મંતવ્ય કદી છૂપું રાખતો નથી. તેના દરેકેદરેક કાર્યમા, બોલમાં ઉછળતી શક્તિનો થનગનાટ દેખાઇ આવે છે. એની સલામ જોઇને પણ કોઇકનો થઇ આવે, જાણે લગાર્યા જ હાથ ખરી પડશે. લશ્કરમા એ પહોંચે છે ત્યારે જાણે બધા સૈનિકો બીજણીનો આચકો અનુભવે છે ને તેની 'બલીલા'ની કુમારસેના તો ઇટલીની જગતભરને અનુકરણીય ભેટ છે.

કુટુંબથી તો હવે એ તદ્દન વીતરાગ જેવો રહે છે. ઇટલીનો ઉદ્ધાર એ જ માત્ર એની લગની છે, સત્તા એ જ માત્ર એની કામના છે ને પ્રાચીન રોમના સામ્રાજ્યને પુનર્જીવિત કરવું એ જ માત્ર એનો આદર્શ છે. ઑડોવાની જીતે એ આદર્શ નજીક આણ્યો છે. હવે બીજું ઑડોવા તે નજરાવે છે. ભૂમધ્યના કિનારા-વર્તી દેશો તરફ તેણે નજર દોડાવી છે, પણ તે સ્થિર નથી થઇ. એ સ્થિર થશે—ને એની સંભાવના પણ છે—ત્યારે કદાચ નાટકના તખ્તા જેવા તેના જીવનનો ઊલ્લો અંક શરૂ થશે. એનો અંત કેવો આવશે ને ઇટલીની નવી પેઢી તેને કઇ નજરે જોશે એ તો ભવિષ્યનો સવાલ છે.

અશોક હર્ષ

આપણા ખોરાકમાંથી આપણે ખોઈ નાખેલું અમૃત મધ

મધને તો આપણે ખોરાકમાંથી તદ્દન વિસારે જ પાડ્યું છે આજે આપણે એનું મહત્ત્વ ભૂલી ગયા છીએ સામાન્ય માણસનો ખ્યાલ તો એમજ હોય છે કે મધ તો દવામાં જ વપરાય મધનો ખોરાકમાં ઉપયોગ કરવાની વાત તો એને મન વ્યર્થ ખર્ચ લાગવાનો મૂર્ખાઈભરેલો અખતરો જ લાગે

પણ પ્રાચીનકાળમાં આમ નહોતું ગમાયણ અને મહાભારતના જમાનામાં આર્યો મધનો છૂટથી ઉપયોગ કરતા, એ વિષે પુરતા પુરાવા મળે છે આર્યોને મન મધની ભારે કીમત હતી એમણે એને પંચામૃતમાં સ્થાન આપ્યું છે મનાય છે કે આર્યોએ ગામ, માછલી, લસણ અને ડુંગળી છોડ્યા, ત્યારે સાથે સાથે એને મેળવવામાં થતી હિંસાને અંગે મધ પણ છોડ્યું હોય આમ ખોરાકમાંથી મધ બાતલ થયું, પણ દવા તરીકે એનો ઉપયોગ ચાલુ રહ્યો

સદીઓ થયા આપણે મધનો ખોરાક તરીકે ઉપયોગ કરતા અટકી ગયા છીએ ગમે તેમ હોય પણ હવે ફરીથી આપણે એનો ઉપયોગ ચાલુ કરવો જોઈએ

સૈકાઓ વર્ષો થયા આ રાતે જુનાઓના આ અમૂલ્ય ખોરાકનો ઉપયોગ ફરી પાછો ચાલુ થવો જ જોઈએ જોઈ કે એ ફાયદો વધારે રજુ કરવામાં આવે છે કેટલાકને એ ભાવતું નથી કોઈને એ મદદતું નથી મધ અને દૂધ જેવા સુંદર ખોરાકોને ભાવવાનું કારણ કેરી શરીર અને વકેલી જીભ છે પથ્ય આહાર અને યોગ્ય વ્યાયામથી શુદ્ધ થએલા શરીર અને રસના, આવા ખોરાકો સામે ભાગે જ વિરોધ ઉઠાવશે

જેમને સદતું ન હોય, એમણે બહુ જ નાની માત્રાથી શરૂઆત કરવી શરીર ટેવાય એમ માત્રા વધારવી

દેશની ગરીબીને લીધે, દરેક પ્રશ્નને સૌથી પહેલા આર્થિક દૃષ્ટિએ પણ વિચાર કર્યા વિના છુટકો નથી મધ મોંઘુ છે, એનું કારણ એ જ છે કે એનો ચાલુ વપરાશ નથી પચ્ચીસ વર્ષ પહેલા કેળા, પોપૈયા, દાડમ, સફરજ અને મોસંબી જેવા ફળો શ્રીમંતોના જોઈએ જેવા, હતા. આજે એ એટલા બધા સોંઘા થઈ ગયા છે કે ખેડૂતોને એ પરવડવા મોંસાતા નથી

પાવાગઢ અને પંચમહાલ ના બીજો વડોદરા અમદાવાદ જેવા શહેરોમાં આ ગી એક રૂપિયાનું મધ ચાર શેર મધ આપી જાય છે વૈદો અને ફાર્મસીઓનું મધ વચના માણસોનો નહિ ચડાયો મોંઘુ પડે છે જો આ ઘણો શાસ્ત્રોક્ત પાયા ઉપર ચાલે તો રૂપિયાનું ચાર શેર મધ પૈસેપૈસે મુંબઈ પહોંચાડી શકાય અંગે-ગિકામાં દરેક વસ્તુ આપણા કરતા અનેકગણી મોંઘી હોવા છતા, ત્યાં મધ તો એક રૂપિયાનું અઢેર મળે છે

પણ મધની જરૂર બાદ જેટલી નથી તમે જેટલી બાદ વાપરતા હો એનાથી વગભગ અડધા મણની જોતરા સ્વાદ પોષણ અને તૃપ્તિ મળી રહેશે, ઓછું જ નહિ પણ અનેક નાનીના ની સિગારીઓ નિકંદ નાબૂદ થને અટકે મરવાળે મધ મોંઘુ નથી, મોંઘુ છે

મધ મેળવવા માટે હવે હિંસા કરવાની પણ જરૂર રહી નથી ગાયો અને ભેંસો ની જેમ મધમાખો પણ પાળી અને ઉછેરી શકાય છે, અને એક પણ માખ માર્યા વિના મણબંધી મધ એકઠું થઈ શકે છે (એ વિષે 'કુમાર' માટે એક લખ તૈયાર થાય છે—સં)

યુરોપ અને અમેરિકામાં તો આ ઉદ્યોગ મોટા પાયા ઉપર ચાલી રહ્યો છે આ દેશમાં યે એની શરૂઆત તો થઈ ચૂકી છે જ્યારે એ અહીં મોટા પાયા ઉપર ચાલશે, ત્યારે ખેડૂતોને નવરાશના વખતમાં કામ, વધારાની કમાણી અને મારી તંદુરસ્તી મળી રહેશે મધ સોંઘું ને સોંઘું થતું જશે ને નિર્દય હિંસા પણ અટકશે

મધનું પૃથક્કરણ કરતા એમાં નીચેના પ્રમાણમાં જુદાજુદા તત્ત્વો માલૂમ પડ્યા છે ૭૮ ટકા કાર્બો હાઈડ્રેટસ, ૧૮ ટકા પાણી, ૦.૨ ટકા ક્ષારો અને ૪ ટકા પરચુરણ પદાર્થો

મધમાં જુદીજુદી જાતની ખાંડો આવેલી છે ડેક્સ્ટ્રોઝ—દ્રાક્ષની ખાંડ, લેવ્યુલોઝ—ફળની ખાંડ, સુક્રોઝ—શેરડીની ખાંડ અને ડેક્સ્ટ્રીન—ડોસાઓની ખાંડ આ બધી ખાંડો એવા સ્વરૂપમાં હોય છે કે એમને પચાવવા માટે શરીરને મહેનત પણ શ્રમ કરવો પડતો નથી બનાવાની સાથે જ તે લોહીમાં ભળી જાય છે, અને બહુ ટૂંક સમયમાં શક્તિ આપે છે

ક્ષારોમાં ચૂનો, મેગ્નેશિયા, લોહ અને ફોસ્ફોરિક ઍસિડ એ મુખ્યત્વે છે કાચા મધમાં તો

લોહ પણ સારા પ્રમાણમાં હોય, એ લોહીમાં હેમોગ્લોબીન (રક્તકણો)નું પ્રમાણ વધારે છે.

પરચુરણ પદાર્થોમાં પૌલન દાણા, ગુંદર, ગીણુ ફૉર્મિક ઍસિડ અને બાષ્પશીલ તેલો (Volatile oils) હોય છે. આમાંથી પૌલન નત્રીલોમાં ઘણો સમૃદ્ધ છે. આપણે ત્યાં વ્યાયામ કરનારાઓ પલાળેલી ચણાની દાળ, કે બાજરી વગેરે ખાય છે, પણ એ ટેવ અનેક રીતે જોતા ધરાવવા જેવી નથી. એને બદલે મધમાં પલાળેલાં સુકાં ફળોનો વપરાશ ચાલુ કરવો જોઇએ. હરીફાઇઓમાં થાકેલા રમનારાઓ લીંબુ ચૂસે છે, એને બદલે જો મધ અને પાણી લે તો એની ઉત્તેજક અસર લીંબુ કરતા અનેકગણી ચડિયાતી નીપજે.

આ વિષયના કેટલાક નિષ્ણાતોનો તો એવો અભિપ્રાય છે કે મધ એ દૂધની જેમ સંપૂર્ણ ખોરાક છે. ઑસ્ટ્રેલિયાનો આરમર ફક્ત મધ અને પાણી બેર ૭ મહિના રહ્યો હતો. પણ આ બાબતમાં હજી છેવટનો અભિપ્રાય આપવા જેટલો પુરાવો એકઠો થયો નથી.

છતાં યે મધ મેળવેલું દૂધ તો દરેક રીતે આદર્શ ખોરાક છે, એમાં કહેવાનું જરાય બાકી નથી. યુરોપમાં ઘણા સેનીટેરિયમોમાં માંદલાં બાળકોને મધ અને દૂધ ઉપર જ રાખવામાં આવે છે, અને અનેક પેટન્ટ ખોરાકો કરતા એનાથી બાળકોને ઘણો લાભ થયો છે.

બાળકના ખોરાકમાં મધના મહત્ત્વ વિષે તો આપણું ધ્યાન હજી ખેંચાયું જ નથી. ઘડીએ ને પળે બાળકને સાકર અને પતાસા રૂપી ધીમુ ઝેર આપ્યા કરવાને બદલે જો નિયમિત મધ આપ્યા કરીએ તો બાળકોનું આરોગ્ય ત્રાણા જેવું થઇ જાય. સડેલા દાંત, અમળાએલા ટાંટીઆ, દદડતા નસકોરા, ફૂલેલા પેટ અને દેડકાં જેવી ચામડી જેતજેતામાં અદૃશ્ય થઇ જશે!

રોટલા કે રોટલી સાથે બાળકોને મધ આપી શકાય. કબજીઆતથી પીડાતા બાળકો માટે મધ મેળવેલું પાણી તો સુંદર ઉપાય છે. એ પાણી પીવાથી આંતરડાંને રહેજે નુકસાન થયા વિના, રજેરજ કચરો સાફ થઇ શરીર નિર્મળ અને નીરોગી થશે.

ખોરાકમાં મધનો ઉપયોગ અનેક રીતે થઇ શકે: જ્યાં જ્યાં ખાંડ અને ઘી વપરાય છે ત્યાં ત્યાં મધ વાપરી શકાય. દૂધ અને મધ, ભાત અને મધ, રોટલી કે રોટલા સાથે મધ—આ કેટલાક દાખલા છે. મિઠાઇઓ અને મિષ્ટાન્નોમાં પણ મધનો ઉપયોગ કરવાના નુસખા શોધવાનું ક્ષેત્ર ઘણું રસિક છે.

જેમાં શરીર ઘસાતું જતું હોય અને વજન ઘટતું હોય એવા રોગોમાં તો મધ બહુ ઉપયોગી છે. એમાં રહેલી સેન્યુલોસ આંતરડાંની રચનામાં, ભારે મદદ કરે છે. એ જ રીતે ફેફસાંનાં દર્દો મટાડવામાં પણ મધની જરૂર છે, કારણકે એમાંની ડેકસ્ટ્રોસ શ્વાસોચ્છ્વાસના ક્રિયાઓના નિયમનમાં મોટો ભાગ ભજવે છે.

મધ અને કૉડલીવર ઑઇલનું સરખે ભાગે બનાવેલું મિશ્રણ ચોપડવાથી ગમે તેવા ન રૂઝાતા ઘા કે ગડગુમડ ટૂંક વખતમાં રૂઝાઇ જવાના!

સખત ઠંડીમાં મધ ઠરી જાય છે. એને પીગાળવા માટે વાસણમાં ભરી ને ગરમ પાણીમાં મૂકવું. પણ આ પાણી કદી ૧૪૦ ડિગ્રીથી વધુ ગરમ ન થવું જોઇએ, એટલું જ નહિ પણ મધ પીગળ્યા પછી, એ તરત જ કાઢી લેવાવું જોઇએ. મધ સીધેસીધું ગરમ કર્યાથી એનાં પ્રજીવકો અને ડાયસ્ટેસ નાશ પામે છે.


મધ ખરીદતી વેળા હમેશાં વગડાઉ મધની જ પસંદગી અપાવી જોઇએ. એમાં અનેક પ્રકારના સ્વાદ આવે છે. આ સ્વાદોનો આધાર મધપૂડાની આજુબાજુની બાગાયત અને કુદરતી વનરાશ ઉપર રહેલો છે. લીમડાનું મધ રહેજ કડવું તો હોય છે, પણ આરોગ્યની દૃષ્ટિએ એ સર્વોત્તમ છે.

રમણલાલ એન્જીનિયર

જેમને સદ્‌ભાગ્ય મળ્યું નથી—

અજંતાના કલાસંકુલો મને ખૂબ જ ગમ્યું છે. અજંતાનો ગુજરાતી પ્રજાને આ રીતે સીધો-સચોટ અને સુંદર પરિચય આપવા માટે તમને જેટલો ધન્યવાદ આપું એટલો ઓછો છે. અજંતા જવાનું સૌકોઇને સદ્‌ભાગ્ય હોતું નથી; તેને આ પુસ્તક પ્રાપ્ત કર્યા બાદ ત્યાં નહિ જવા માટે જરા પણ અસંતોષ મેળવવાનું કારણ રહેતું નથી . . . . . .

(એક અજ્ઞાત પત્રમાંથી) —પરમાનંદ કુંવરજી કાપડીઆ



હરણાનું ઝુંડ ત્યાં આરામ લેતું હતું

બધાંથી બેપરવા રહી પોતાની પળને પણ અવ-ગણનાર વીર, છતાં આસક્તિનો શિકાર બનનાર

પ્રણયી બાંડો

શ્રાવણ મહિનો હતો. ઘણા દિવસો પછી વાદળાં ફાટ્યાં હતાં અને સૂર્ય ા કિરણો આખને હૂંફ આપતા હતા. આકાશમાં વાદળાંના ગાભલા વ્યથિત બનીને આમતેમ દોડી રહ્યા હતા; જાણે પરાજિત સેના શત્રુના આક્રમણથી ભયભીત થઈને જીવનરક્ષણ માટે ગમે તેમ નાસભાગ કરી રહી હતી. પરંતુ, એ અવ્યવસ્થિત રૂના ઢગલા પોતાની આવી પતિત અવસ્થામાં પણ એટલી શક્તિ ધરાવતા હતા કે સૂર્યના પ્રખર કિરણોને તેજહીન કરીને એમના ઉપર એક પ્રકારનો પડદો નાખી, ખેતરોમાં કામ કરનારા, વટેમાર્ગુઓ, અને ખેતરોમાં ભાત દઈને પાછી ફરતી ભતવારીઓ અને એમની ગોદમાં લપાઈલા બાળકોનો શ્રમ અને કષ્ટ હલકા કરી દેતા હતા. ખૂબ ઉકળાટ હતો અને બેચેનીને કારણે પક્ષીઓ સુદ્ધા દુઃખી હતા. વૃક્ષો ઉપર કાગડા ને મોર પણ ચાંચ કાઢી હાંફતા હતા. એવે સમયે હું રેતીના મોટા મોટા ઢગલા વાળા મેદાનમાં એક હરણની પાછળ પડ્યો હતો. હરણા વર્ષોના દિવસોમાં ઝાડીમાંથી બહાર આવીને આવા મેદાનોમાં આવેલા રેતીના ઢગલા પસંદ કરે છે, એટલે હું સારું હરણું ત્યાં મળશે એ આશાએ ગયો હતો. એક મોટું ચક્કર મારીને એક કિનારેથી નીચે જોયું તો સારું સીનિયર હરણાનું ઝુંડ આનંદથી બેઠું હતું. કેવળ ત્રણ સિપાહીઓ પહેરો ભરતા હતા એમની ચોકી કોઈ બાતમીની ચોકી નહોતી અને ત્યાં 'Who comes there'ના ધ્વનિથી આવનારને ચેતવણી પણ અપાતી નહોતી. એ તો એટલા માટે સાવધાન હતા કે રખેને કોઈ ધોબા-બાજીથી એમના પર ગોળી ન ચલાવી દે માણસ, વરુ, કૂતરા અને જરખ મોં એના પ્રાણના હરનાર હોય છે

ચોકીદારોની નજર બચાવીને હું એક ગીચ ઝાડી-માં ભરાઈ ગયો અને દૂરબીન માંડીને એ બેઠેલા ઝુંડને ધ્યાનથી નીરખ્યું કેટલું સુંદર દૃશ્ય હતું! ઘણા તો શત્રુઓના ભયથી મુક્ત બનીને આંખો ઢાળી આરામ લેતા હતા કાન પર માખી બેસતી તો કાન પોતે જ હાલી ઊઠતા કેટલાક તો અપ્સરાઓની જેમ ઝોકા ખાતા હતા બે ચાર હરણીઓ પોતાના પ્રિયતમોને ચાટતી હતી, અને ચોકીદારો હોવા છતાં પોતે સાવ-ધાન બનીને ચારે તરફ દૃષ્ટિપાત કરી લેતી. કેટલીક પોતાના બાળકોને પ્યાર કરતી હતી અને ચારે તરફ જોતી હતી સૂર્ય કયારેક વાદળામાંથી બહાર નીકળતો, કયારેક છુપાઈ જતો ધૂપ અને છાંયની લહરો હરણો-ના એ સુખી કુટુંબ પર થઈને વહેતી હતી. એ કેટલા સુખી હતા! કેવા સ્વસ્થ હતા! શત્રુઓનો એમને એ વખતે જરાય ભય નહોતો. એમ માનીએ કે એ નિર્દોષ હરણાંઓને પોતાનો પ્રાણ કયારેક આપવો પડતો હશે, આ એમનો પશુ હોવાનો દંડ હશે, પરંતુ નરપશુને જ દંડ ભોગવવો પડે છે અને કદાચિત્ અત્યંત ભયંકર દંડના ભાગી બનવું પડે છે. સંસ્કૃતિનો દંડ કયા ઓછો છે?

મારી નજર ત્યારે ઝુંડના એક ખૂણા પર બેઠેલા એક ઠા ગા અવધૂત હરણ પર હતી, જે એ આખા ય ઝુંડ પર શાસન કરતો હતો અને જેણે અનેક શિકારીઓને કેટલીય વાર ભૂલાવ્યા હતા ધોબાથી એકવાર એક

શિકારીઓ એના ઉપર ગોળી ચલાવી હતી પણ એનાથી માત્ર એની પૂછડી જ ઊડી ગઇ હતી. ત્યારથી એ પૂછડી વિનાનો કાળો હરણ બંદૂકધારીઓથી ખૂબ ગભરાતો હતો. બંદૂકને અથવા બંદૂકવાળાને જોતાં જ એ સિફતથી સરકી જતો. ગામના કૂતરાઓને તો એ ઉલ્લુ માનતો હતો. એ જાણતો હતો કે એ હરામખોરો ઝડપથી વધારે દોડી શકતા નથી; એટલે જ્યારે એ એનો પીછો પકડતા ત્યારે તો કૂદકાચાલથી જ એ એમને પરાસ્ત કરી દેતો. વરસાદના દિવસોમા એ હરિયાળા ખેતરો કે ઝાડીઓમા આવતો જ નહોતો. પોતાના ઝુંડમાં એ બહારના હરણને આવવા દેતો નહિ અને કદાચિત્ કોઇ હરણ જવાનીના મદમાં છકી જઇને એ ભાંડાના પ્રણયવિહારમા ખલલ કરવાનો પ્રયત્ન કરતો તો એને ભાંડાનાં લાંબાં અણીદાર શીંગડાનો આઘાત સહન કરવો પડતો. એટલે યુદ્ધમાં તો એ એકલો અને અજેય હતો.

એ ઝુંડમા બીજાં બે હરણ હતા પરંતુ એ સૌ આ ભાંડાનુ નેતૃત્વ સ્વીકારી ચૂકયા હતા. મારે એ ભાંડાને જ મારવો હતો. પરંતુ એની પાસે જોળીના માર્ગમા એક હરિણી બેઠી હતી એટલે હું જોળી ચલાવતાં અચકાતો હતો. થોડી વાર રાહ જોઇને બેસી રહ્યો એટલામા એક ઘાસ વાદનારો એ ઝુંડ તરફ જતો દેખાયો. એક પછી એક બોમ આખું ટોળું ઊભું થઇ ગયું. આખો ફાળીને સૌ એની તરફ જોવા લાગ્યા નાના બચ્ચાઓએ કુદકા મારી મારીને માતાનું દૂધ પીવા માડયુ. એ આદમીની ગતિથી જ એ સમજી ગયાં કે એ તો કોઇ વટેમાર્ગુ છે એટલે ધીરી ચાલે પેલા માણસની ડાબી બાજુએ થઇને મારી સામે થઇને ચાલવા લાગ્યાં અને બાડો? ભારે ખુમારીવતો હતો! એક સુંદર હરિણીના પ્રેમપાશમા એ ફસાઇ ચૂકયો હતો. કામાંધ બુદ્ધિભ્રષ્ટ થઇ જાય છે. પેલી હરિણી પોતે પણ દ્રુતિ નાયિકા જેવી હતી. ઝુંડથી દૂર જુવારના ખેતરો ભણી એ એને લોભાવીને લઇ જતી હતી.

મેં મારી રાયફલ સીધી કરી અને રાહ જોતો ઊભો કે હરણ જરા ઊભો રહે તો નિશાન લઉં. ચારે બાજુ ખેતરમાં માણસો હતા એટલે નાસતા હરણ પર ગોળી છોડવી સલામત નહોતુ. પરંતુ ઊભા રહેવા કરતાં એણે માથું ઊંચું કર્યું અને સામેથી એક બીજા હરણને આવતો જોઇ એ એની સાથે લડવા ચાલ્યો. બીજો હરણ પણ અભિમાનથી અકડાઇને એની સામે આવ્યો અને બન્નેએ જોરથી ટક્કર લીધી. પછી તો પાછળ હડીકાઢીને જોરથી ટક્કરો થવા માંડી. જે આટલા વેગ અને આટલી શક્તિથી હરણ કોઇ આદમીને ટક્કર મારે તો આદમી એ જ વખતે પૂરો થઇ જાય, પણ એને પોતાની શક્તિનું ભાન નથી. માણસોમાં તો એ બધી ઘટનાઓ રોજ બન્યા કરે છે. બસ થોડા સ્વરૂપનું અંતર છે. શેકસપિયરના મશહૂર નાટક 'ઓથેલો'માં ડેસડીમોનાની પ્રાપ્તિને માટે રોડ્રીગોએ કેટલો વ્યય કર્યો અને અંતે કેવી રીતે સૌનો અંત થયો!

હરિણી વિજેતાની પ્રતીક્ષા કરતી હતી, અને મેં નિશ્ચય કર્યો હતો કે જે જીતશે તેના ઉપર ગોળી ચલાવીશ. રહી પાપની વાત. તે તો કવિવર અકબરના શબ્દોમાં

'ગો રૂપ ભી કામ કરતા હૈ
શેર ભી મૌત હી સે મરતા હૈ.'


પણ એનું તાત્પર્ય એવું નથી કે હું મારા પાપને—જો એ પાપ હોય તો—ન્યાયયુક્ત માનું છું. જગતમાં સૌથી સહેલું કામ પોતાના કરતૂત માટે બુદ્ધિજન્ય દલીલ આપવાનું છે. ભગવાન રામચન્દ્રે સુગ્રીવ વાલીને છળથી માર્યો હતો, અને જ્યારે વાલીએ એમને મ્હેણું માર્યું તો એમણે વાલીને કહ્યું:

માન્તિ રાજર્ષયશ્ચાત્ર મૃગયાં ધર્મકોવિદાઃ।
તસ્માત્ત્વં નિહતો યુદ્ધે મયા બાણેન વાનર॥

અર્થાત્ ધર્મતત્ત્વને જાણનારા મોટા મોટા રાજર્ષિઓ શિકાર ખેલે છે. હે વાનર! એટલે મેં તને યુદ્ધમાં બાણથી માર્યો છે.

હું તો રાજર્ષિને કેકાણે પામર માણસ છું, પરંતુ શિકારખેલનને આવશ્યક માનું છું. મારૂં એ વ્યસન છે અને પ્રત્યેક શક્તિશાળી જુવાનને વાઘનો અને કુક્કરનો શિકાર ખેલવાનું આવ્હાન કરૂં છું.

સુગ્રીવ અને વાલી જેમ એ બંને હરણ યુદ્ધમાં મશગૂલ હતા. શીંગડાં સાથે શીંગડાં ભરાવીને ઘૂંટણોના બળ ઉપર ટક્કર થતી હતી. અંતે ભાંડાની જીત થઇ અને બીજો હરણ પૂછડી દબાવીને નાઠો. ભાંડો અભિમાનથી આગળ વધ્યો અને છાતી કાઢીને પોતાની પ્રેમિકાના અભિનંદનને માટે કામોન્મત્ત બની ઊભો રહ્યો; ત્યાં તો મારી રાયફલનો ધોડો બેંગાયો—



ણાંડો અભિમાનથી આગળ વધ્યો અને છાતી કાઢીને પોતાની પ્રેમિકાના અભિનંદન માટે ઊભો

ધરરમમ! ઓનો પડ્યો પડ્યો—ધરરમમ! સાગે ણાડો ઊછળીને પડ્યો, ખૂનની નદી વહેવા માંડી. ગોળી પેટમાં આંતરડાંની પાસે જ લાગી હતી. પેટની બીજી બાજુ મોટું કાણું પડી ગયું હતું. પાસે પહોંચતા સુધી તો ઓ બીલકુલ ઠંડો થઈ ગયો હજી હમણાં થોડા સમય પહેલાં જ ણાંડો પ્રેમાસક્ત હતો. પોતાની આગળ ઓને કોઇનો હિસાબ નહોતો. કામાસક્તિ ઓ ચીજ જ ઓવી છે. આસક્તિનો ઓ પણ શિકાર થયો.

મારી આગળ હવે પ્રશ્ન હતો કે ઓ હરણને શી રીતે ઉપાડીને લઇ જવો. સાથે કોઇ નહોતું. પાસેના ગામમાંથી ચમાર આવી શકે ઓમ હતું, પણ હરણને છોડીને જઉં શી રીતે? ગીધ તો ઓને ચપટી વગાડતામાં સાફ કરી નાખે. ટેકરી પર ચઢીને આમતેમ જોયું તો ઓક માણસ ટોર ચારતો નજરે પડ્યો. મારી બૂટથી મેં ઓને મારી તરફ આવવાનો સંકેત કર્યો. સાહેબ ટોળા જોઇને ઓ દોડી આવ્યો. ઓણે માન્યું હશે કે કોઈ જમલદાર આવ્યો હશે ઓટલે હુકમની અવગણનાથી કોણ જાણે શું યે સંકટ આવી પડે. કદાચિત્ ઓ જ વિચારથી ઓ દોડતો આવ્યો. પાસે આવીને ઓણે મને ઝૂકીને સલામ કરી. હું બારે લજ્જિત થયો ઓણે મને સલામ નહોતી કરી, મારી બૂટને કરી હતી ઓની આંખોમાં બીક હતી. સકોચાઇને ઓ ઊભો રહ્યો. મેં કહ્યું, 'કી જાતના છો?'

'હજૂર, આદીર છું'

'ભાઇ, આ હરણ ઉપાડી જવું છે આ ગામમાં ચમાર મળશે?'

'દા સાહેબ, ચમાર છે.'

'જઇને બોલાવી લાવશો?' મેં પૂછ્યું.

'જઉં તો ખરો પણ મારાં ટોર વિખેરાઇ જશે.'

'અરે તારાં ટોર આ બાજુ કરીને જા' મેં કહ્યું.

'માઇ હજૂર જઉં છું.'

થોડી વારમા ઓ આદીર ઓક ચમારને સાથે લઇને આવ્યો. ચમારે આવીને સલામ કરી અને પોતાનું કામ કરી મારી સાથે ચાલવા માંડ્યું.

પરસેવાથી રેબઝેબ થઇને હું આશરે આગળ ઘર બાણી ચાલતો હતો અને પાછળ ચમાર આવતો હતો.

બેચાર વાતોથી એણે મને પોલિસવાળાઓ કરતાં જુદા સ્વભાવનો આદમી ધારીને ખૂબ નમ્રતાથી કહ્યું, 'હજૂર, હું તો એમને એમ પણ આવત, મને નકામી લાતો શા માટે ખવરાવી?

ચોંકાને મેં કહ્યું, 'કોણે લાતો ખવરાવી ને કોણે મારી?'

ચમારઃ હજુર, પેલા માણસે મારી, જે મને બોલાવવા આવ્યો હતો.

મેં કહ્યુંઃ કેમ?

ચમારઃ મેં કહ્યું કે ભેંસ પીવડાવીને આવું છું, ઓટલે કહ્યું એ નહિ ચાલે. ચાલ, કોઇ મોટો હાકેમ આવ્યો છે. વાર લાગશે તો હજામત થવાઈ જશે.

મેં કહ્યુંઃ મને હજૂર ન કહીશ. ભાઇ, હું તો તને મજૂરીએ લઇ જાઉં છું.

ચમારઃ ના હજૂર, હું તો વેઠે આવું છું.

મેં કહ્યુંઃ નહિ વેઠમા નહિ; મજૂરીએ. મને શોક થાય છે કે તારે નાહકનું વેઠવુ પડ્યું.

ચમારઃ અરે હજૂર, અમારા ઉપર એવી તો વીત્યા જ કરે છે.

મેં કહ્યુંઃ મને બહુ દુ ખ થાય છે. પરમાત્મા પર વિશ્વાસ રાખો અને હિમત થાઓ ત્યારે જવાશે. શેર અને બકરીની દોસ્તી ન હોય. તમે લોકો બકરી થઈને ન રહેશો.

ગામડિયાઓની સ્થિતિ પર કટાક્ષ કરવો, એમના અજ્ઞાનને ગાળો ભાંડવી, સમજ્યા વિના કોઇ મન્તવ્ય સ્થિર કરવુ અથવા સાભળેલી વાતો ઉપર સિદ્ધાંત રચવો એ મોટી ભૂલ છે. ઘાયલની ગતિ ઘાયલ જાણે. ગામડિયાઓની સ્થિતિ જાણવા માટે એમની મનોદશા અને મનોવૃત્તિ સમજવાં અનિવાર્ય છે. પાણી પીવા માટે વાદળને આકાશમાથી પૃથ્વી પર ઊતરવું પડે છે અને પોતાની પાણો સંકેલીને બેસવું પડે છે. સુધારકો અને હિતેચ્છુઓનું પણ એ જ કર્તવ્ય હોવું જોઇએ કે એમની અને ગામડિયાઓની વચ્ચે જે એક ખાઇ છે તે પૂરી દે અને ગામડિયા બનીને એમના હિતની ચિંતા કરે. ચમારની મનોવૃત્તિથી તો ભણેલા લોકોને શરમ આવવી જોઇએ.

શીંગડાં અને ચામડું પોતાને અર્પે મૂકીને ચમાર મારી પાછળ આવતો હતો અને પોતાનાં દુઃખ રોતો હતો. હું 'હા' 'હૂં' કરતો કરતો પ્રકૃતિનિરીક્ષણ કરતો ચાલતો હતો. જુવાર અને બાજરીના બેતરો એકએક ગજ વધીને ઊભાં હતાં. લરિયાળીનો પાર નહોતો. પૂર્વના પવનના હિલોળાથી બેતરો ઝૂલતા હતાં, જાણે ધીરું નાચતા હતાં. બેચાર સુકાએલા છોડ નિર્જીવ બનીને સૂકાઇ ગએલા પડ્યા હતા. મરેલા માણસ કરતાં એમની અવસ્થા સારી હતી. આગળ જતા માર્ગમાં એક આંબાનું ઝાડ આવ્યું અને અમે બંને થોડો આરામ કરવા રોકાયા. રાયફલને નીચે મૂકી અને છાયામાં આમતેમ જરા ટહેલવા લાગ્યો. ચમારને ચલમની તલબ લાગી હતી એટલે એ પાસેના બેતરમાં દેવતા લેવા ગયો. દેવતા લાવી, ચલમ ભરી એણે બેત્રણ ફૂંકો મારી ન મારી ત્યાં એક પરિચિત લાલા નોકરને માથે ઘીની એક કુપ્પી મૂકાવીને એ જ ઝાડ નીચે આવીને રોકાયા. તડકા ને પરસેવાથી પરેશાન હતા. રોકાવું પડ્યું પણ હરણનું દશ્ય તેમને માટે અસહ્ય હતુ. મોઢું ફેરવીને નમસ્કાર કર્યા ને એક લાંબો નિસાસો નાખીને દયાસૂચક મુખાકૃતિથી કહેવા લાગ્યા, 'પંડિતજી, તમારામા બધા ગુણ છે; બસ આ એક શિકારની લત બુરી છે બ્રાહ્મણ થઇને આ જીવહત્યા કરવી વાજબી નથી.'

મેં કહ્યુંઃ સારૂં થયું આપ મળ્યા. આપના જેવા પ્રશંસક મને ઘણા નથી મળતા આ એમ હોય તો કઇ બુરી વાત નથી. લેણદેણ વગરે વ્યાજ લેવામાં આવે તો આપ જરા યે ભીંજાતા નથી; આવા દયાળુ આપ ક્યારથી બની ગયા?

લાલાઃ ગમે તે હો પંડિતજી, આ નિર્દોષ હરણને મારવો નહોતો.

મેં કહ્યુંઃ ઠીક છે લાલા. હું મારી જાતને હિંસાથી મુક્ત નથી માનતો; પણ આ પાપને મારે માથે નાખનારા તમે તો નહિ જ, કે જે રાતદિવસ વ્યાજની ચિંતામાં ડૂબ્યા રહો છો. વારૂ, એ કહો કે ગાયના ભક્ષકને મારનાર પાપી કે ધર્માત્મા?

લાલાઃ ધર્માત્મા. હું જાણું છું કે તમે ઘણા વાઘ માર્યા છે. પંડિતજી, આપની નામના ખૂબ છે પણ હરણ ન મારશો.

મેં કહ્યુંઃ લાલા, હું વાઘ મારીને લોકોની દૃષ્ટિમાં

ધર્માત્મા બનવા નથી માગતો અને શિકારખેલન પાપ હોય તો હું પાપી છું ગાયની રક્ષા કરવી એ-ધર્મ છે. ભાગવાનની સૃષ્ટિમા બલેલ કરનાર હું કોણ? પણ લાલાજી, એ તો કહો કે હરણને મારનાર વધારે પાપી કે માણસને મારનાર? પાપી બંને છે, પણ હિંસા-હિંસામાં ભેદ છે.

લાલાઃ માણસને મારનાર ઘોર પાપી છે

મેં કહ્યુંઃ તો લાલા, તમે તો આદમીનો શિકાર ખેલો છો અને હું તો વાઘ, સુવર, હરણનો શિકાર કરું છું; સાથે સાથે કિસાનોના આશીર્વાદ પણ લઉં છું.

લાલાઃ તમને છતવા મુશ્કેલ છે.

મેં કહ્યુંઃ તો એનો પ્રબાજ નથી.

આ વાર્તાલાપ પછી લાલાએ ચાલવા માડ્યુ, મેં મારો રસ્તો પકડ્યો વાતોથી ચમાર ખૂબ પ્રસન્ન થયો અને બોલ્યો, 'પડિતજી એ વાણિયો તો કસાઇ છે'

મેં એ ચમારની વ ત પર ધ્યાન ન દીધ મને દુ:ખ થયુ કે મેં આગરતા જ આવેશમા આવી જઇને વિચાર વાણિયાને ખરી ખોટી સંભળાવી એ વાણિયો બિચારો હિંસા અને અહિંસાના ગહન તત્વને શુ સમજે? એ શુ જાણે કે કયારેક હિંસા પણ અહિંસા હોય છે? એ શુ જાણે કે ગામમા જ્યારે ધાડા પડે છે ત્યારે ગામને બચાવવા એ ધાડાઓ મારવા પડે છે? અને સામાન્ય માણસ પાસેથી એ આશા કરવી મુશ્કેલ છે કે હિંસાનો અર્થ માનસિક કષ્ટ પણ થાય છે.

આ જ વિચારોમા મેં ઘર સુધીનો રસ્તો પૂરો કર્યો બેનરે આવીને ચમારે પૈસા આપી દીધા અને આગમ ખુરશી પર પડ્યો જ્યાથી બાજુથી છોકરીના ગીતનો અવાજ કાને અથડાયો વાદળા ઘેરાયા હતા. વાદવિવાદના દુ:ખને ભૂલી ગયો અને ઘણી વાર સુધી એ પહીમા બેઠા બેઠા મહદાનો આનંદ લૂટ્યો

'ઝુકિ બરે બદરા, બરસિ બરે મેઘ'
કૌનકા બીજે આવી ચુદારી,
ઔર કૌનકા મિરગુલ પાગ?—ઝુકી બરે૦

શ્રીરામ શર્માના હિંદી પરથી અનુવાદક કિસનસિંહ ચાવડા

લીલો મેવો

ઇ.સ ના જે વર્ષના આકડાને ચારે બાગતા કાંઇ શેષ વધતી નથી તે વર્ષમાં ફેબ્રુઆરી માસના ઓગણત્રીસ દિવસ હોય છે એમ સૌ માને છે; પરંતુ જે સાલમા તે સૈકા બાદવાતો હોય (જેમકે ૧૫૦૦, ૧૭૦૦ કે ૧૯૦૦) તે સાલના વર્ષના આંકડાને ચાર વડે બાગતાં શૂન્ય શેષ રહે તોપણ તે વર્ષે તો ફેબ્રુઆરીના ૨૮ દિવસ જ રહે છે માત્ર ૪૦૦ વડે બાગતા જેમાં શૂન્ય શેષ વધે તેમા જ ફેબ્રુઆરીના ૨૯ દિવસ આવે છે

વરસની પહેલી તારીખે જે વાર હોય છે તે જ વારે વરસનો છેલ્લો દિવસ આવે છે. અધિવર્ષ (Leap year) હોય તો એક દિવસનો ફેર પડે છે

'અધિવર્ષ' (Leap year) સિવાયનાં વર્ષો દરમિયાન, જાન્યુઆરીની પહેલી તારીખે જે વાર હોય છે તે જ વારે ઑક્ટોબરની પહેલી તારીખ આવે છે તથા ફેબ્રુઆરી, માર્ચ અને નવેમ્બરની પહેલી તારીખો પણ એક જ વારે આવે છે

—વિશ્વવન ની દેખાદી

ચેકોસ્લોવાકિયામા દ્રવ્યગતની પત્થરીઓ થે કાચની બની છે ને વચે છના આંખે નદિ જેવા મોટરના ૧ ચ ઢને ત્યા સાધારણ થઇ પડયા છે અમેરિકાએ તો ન્યૂ યૉર્કની ત્રીજાદરો ઇમારત આખી કાચની જ બાધી છે

આપણા કાન ઝડપી શકે તેથી યે મદ અવાજનાં મોદા મનો આગળાંના છેડાથી પામી શકાય છે એમ એક અમેરિકન વિજ્ઞાનીનુ કરેલું છે એ સાચેના તેના અખતરા ચાલુ છે ને તે સંપૂર્ણ થયે બહેરાઓ પર એક નવો આશીર્વાદ ઉતરશે

સફરજનમાં આર્સેનિક અને ફોસ્ફરસના તત્વો દેખને તે ખાવાથી શરીરમા નવુ લોહી ઉત્પન્ન થાય છે અને ચામડી રમણીય વગેરે રોગો દૂર તે ઘણું જ ગુણકારી છે તાજાં અને મીઠાં (પકાવેલા નહિ)ફળ ખાવાથી વધારે ઉત્સાહ અનેતાજગી મળેછે.

અમેરિકામા મુત્સદીગીરીનુ શિક્ષણ આપવાની શાળા ઉઘડી છે, તેમા આખી દુનિયામાંથી આવેલી દરલ બંધ બારણાંઓ-માથી પસંદ કરાયેલા માત્ર ૧૪ વિદ્યાર્થીઓને રાજકીય મુત્સદીગીરીનું શિક્ષણ અપાઇ રહ્યું છે રાજનીતિના ચૂંથવણમર્યા અનેક પ્રશ્નોના નિરાકરણ કેવરાવા જુદાજુદા દેશોના કાયદાનો, બારીકાતો, રાજદ્વારી વગેરેનો તેમા અભ્યાસક્રમ રખાયે. છે.

જંગલવાસી જીવસૃષ્ટિ વિષે લખાતી લેખમાળા 'વનવગડાનાં વાસી'નો આગળ ઉપરનો

કીડીનો કાળ-ભૂવો



ઍન્ટ લાયન કુલાય ઢહીલા વાલિયાને ઉપરૂ મળતું 'ભૂવા'નું પુખ્ત સ્વરૂપ

'ભૂવા, ભૂવા, તારા ઘરમા કીડી ખાતર પાડે છે. કોશ કોદાળી લઇને વહેલો આવજે...'

ઘણી જગાએ—ભીંતના પાયામા, વાડના મૂળામા, ઝાડની છાયા હેઠળ, ટેકરાની ઓથે, અવાવરૂ મકાન કે ખંડિયેર વચ્ચે ઉઘાડમા, જમીન પર અસંખ્ય નાની નાની 'ગણીઓ' જોવામા આવે છે: સપાટ ઢળતી બાજુઓ: ઉપરથી પહોળા મોઃ અંદરથી સાકડી થતી જતઃ ભમરાનો આરવાળો છેડો ધૂળમા દબાતા જેવો બાકડો પડે તેવા આકારની આ ગણીઓ તે ભૂવાના 'ઘર'.

શહેરમા કોઇ આવી રમત રમતું હશે કે કેમ તેની મને ખબર નથી, પણ ગામડામા તો આવા 'ઘર'થી રળવાનો છોકરાનો નિત્યનો વ્યવસાય થઇ પડયો છે. જ્યા ભૂવાના ઘર દેખાય ત્યા બેચાર છોકરા જોગાં થઇ જોડા હશે. રમતમા, કોકાદ રખડતી કીડી પકડીને છોકરા ઘરમા મૂકે. પછી સાદ કરે કે, 'ભૂવા, ભૂવા, તારા ઘરમા . . . . . ' એમનો સાદ સંભળાયો હોય તેમ ઘરના તળીએ ભરાઇ બેઠેલો ભૂવો, કીડી અંદર પડી કે તરત રેતગાયો જોર બહાર કઢાઇ એને પકડી લે પણ ક્રૂર રમત ગણાય, પરંતુ કેવળ વિલક્ષણતાનો અનુભવ લેવામાં જ મશગૂલ બાળકોને, આવો કાર્યાકાર્યનો વિચાર કરવાની પડી નથી હોતી. એમના જોસાબવાથી ભૂવો દોડી આવે, એ જ એમના મનની મોટી વાત. એમાં જ એમનો અજબ આનંદ.

આવા આનંદનો ઉત્પાદક, પશુપણી સૌની નજરે પડે તેમ અરક્ષિત ઉઘાડાં બારણાવાળાં ઘર બાંધવાની વિદ્યા ધરાવનાર નટકળો 'ભૂવો' બને પણ અજબ જંતુ છે. ભૂવો. એ બને 'જંતુ' નથી પણ જંતુનું બચ્ચું[1] છે: જંતુનો પૂર્વાવતાર છે. એનું ઓળખાણ કરવાનું અસ્થાને નહિ ગણાય. ભૂવાને રમેરમાં જોસાથી શકનાર બાળકોના જેવો અનિર્બંધ આનંદ કદાચ આપણને નહિ આવે: બધા આ વિચિત્ર પ્રાણીના જીવનનું રહસ્ય જાણવાનો ઓગ નિષ્ફળ તો નહિ જ નીવડે.

ભૂવો (બીજું નામ ધુધુ) ઓટલે Ant-Lion 'કીડીનો સિંહ'.[2] એ પરથી પૃષ્ઠવંશના બાળા એના સ્વરૂપને Ant-Lion Fly નામ આપવામા આવ્યું છે. આપણા પરિચિત ઢહીલા વાલિયા અને આ ઍન્ટ લાયના કુલાય બધાં ઓક જ વર્ગ[3]—જેની પાંખો, આડાં ઊભી અનેક નસોની ગુંથણી વાળી જાળીની બનેલી છે, તે—ના 'જંતુ' છે. ઍન્ટ લાયના કુલાય સ્વભાવે નિશાચર હોવાથી ભાગે જ આપણી નજરે ચડે છે: એનું નામ જ એના બચ્ચાના નામ પરથી પડયું છે, એ એની અજ્ઞાત દશાનો પુરાવો છે. એથી ઉલટું આ બચ્ચાની વિચિત્ર જીવનચર્યા ડગલે ડગલે આપણું ધ્યાન ખેંચે છે. એથી પ્રથમ એનો પરિચય કરીએ એમાં કશું ય અજુગતું નથી.

૧ ઍન્ટલાયકુલાયની માદા સુધી મારી કે ધૂળમા

---

1 Larva


૨ આપણે ત્યાં 'માખીનો બાપ' હોય છે તેમ. માખીનો ખરો ખાનાર આપણો આ 'બાપ' બનતો આપરેટર-કોલિયો છે: જ્યારે કીડીનો 'સિંહ' ભૂવો, પટ્ટાધ-ટપકું છે.

3 Neuroptera. આ વર્ગમાં ભૂવાનું કોર Myrmeleonidae નામે ઓળખાય છે.

છટા છવાયા ઈંડાં[૪] મૂકે છે આ સ્થળ એવું હોય જોઈએ કે જ્યાં વરસાદની હરકત ન હોય કારણ ઈંડામાંથી નીકળેલા કીડા (ભૂવા)ને બીજી માટીમાં 'ઘર' બનાવવું ફાવતું નથી એટલે જ આવા ઘર મોટે ભાગે કશાકના ઓથે હોય છે, જોકે અનેક વખત, જ્યાં ઘાસના તણખાનોય આશરો નથી હોતો, જ્યાં દોડધામ કરતા ધેટાંનો સતત અવરજવર હોય છે એવા ખુલ્લા મેદાનમાં પણ ભૂવાના સેંકડો ઘર મારા જોવામાં આવ્યા છે

૨ ઈંડામાંથી નીકળેલો કીડો (લાર્વા) એ જ 'ભૂવો' એનો દેખાવ ભારે ભિડાગણો માકણ જેવો ચપટો, નાનો, ઘઉં જેવડો, દૃઢ કઠોર દેહ, પહોળું ચપટું માથું લાંબા દાતરડા જેવી વાંકડીયા મોંવાળા જોવા જે ભયંકર જડબાં. મોં ભૂંગળી જેવું એના વડે શિકારનું માંસ મહેનતાણાથી ચૂસી પી શકે છે ભૂવો શિકારને ચાવી ખાતો નથી કારણ એનાથી માત્ર પ્રવાહી ખોરાક જ પચાવી શકાય છે એટલે જ એને મળોત્સર્ગનો કાર્ય ધરાવતો માર્ગ કે છિદ્ર (દ્વાર) નથી! ભૂવાને પગ હોય છે પણ એનાથી બરાબર ચલાતું નથી એટલે જ એ ઘર બનાવી અંદર ભરાઈ, શિકારની રાહ જોતો ગમખારોસે જેમી રહે છે; ચાલવાનું કરે તોય પાછળ પાછળ અવળો ચાલે એની આ શક્તિનો સરળ ઉપયોગ એ ઘર બનાવવામાં કરે છે

ઈંડામાંથી નીકળ્યો કે તરત જ ભૂવો ઘર કરવાની તજવીજમાં પડે છે. ઝીણી બારીક રજકણોવાળી રેતમય જેવી સુવાળી ધૂળવાળું સ્થળ પસંદ કરી, તેમાં ભૂવો પાછળપાછળ ગોળ ને ગોળ ભમવા માંડે છે ભમનો જથ્થ તેમ એના ચપટા શરીરથી રેતમાં ચામ પગના જથ્થ આ ચામ વચ્ચેની ધૂળ એના પાવડા જેવા પહોળા માથાથી બહાર ફેંકાતાનો જથ્થ આમ ઉપરથી ફૂંવો ગણાતો એ રેતમાં ઊંડો ઊતરે છે. મથાળે જમીનની સપાટીમાં એકાદ ઇંચ પહોળું અંદર જતા દળની પાળવાળું, અંધો પોણો ઇંચ ઊંડું ઘર (ફૂંવો) તૈયાર થયું એટલે ભૂવો, મોટા જડબાંનો ચોટિયો બહાર રાખી બાકીનું શરીર એને તળિયે ધૂળમાં છુપાવી બેસે છે ભૂલેચૂકે કોઈ જીવડું ભમતું ભાગતું ઘરની ધાર પર આવ્યું



ભમો ભૂવાનું ઘર

તો એના આવી જન્યુ સમજવું ફૂવાની પાળ પર આવતા જ એ અંદર ગબડી પડે છે એની લીસી બાજુ પરથી ઉપર ચડી બહાર નીકળી શકતું નથી દાળ પરથી લપસતું તળિયે પહોંચે ન પહોંચે ત્યાં તો કાળમુખ ભૂવો એના શરીરની જડબામાં જકડી લે છે અને પછી એના મોની મોમ જેવી તીક્ષ્ણ નાળ એના શરીરમાં થાયી અંદરનો બધો માંસ રસ ચૂસી પીને બાની ખોખ ખંખાવી દે છે આવો ભોગ ઘણે ભાગે તો કીડી, કરોળિયા જેવા માયુ મારવાના ઓ ારવભાવને વીંધે થઈ પડે છે જોયા જ એનું 'કીડીનો કાળ' એવું સાર્થક નામ પડ્યું છે. કોઈ કોઈ મોટા જીવડા બચાવ છે તો તે નાસી છૂટે છે.

પણ દરેક જ કીડીઓ આવે અને ભૂવો ભોજ કરે એવું બનતું નથી. કદીકદી એને 'કડાકા' બે કરવા પડે છે બધા ભૂવા છે પણ એવા તકદીરી કે આઠે દિવસે એકાદ કીડીમકોડી મળે તો પણ એમના પાચનો આકરો તૂમ કરનાર નીવડે છે

૩ બાળો જન્મ અને વધતો જન્મ બાવાબાળા ઘરાય અને વધી રહે એટલે ભૂવો રેશમનો કોશેટો બનાવી અંદર 'યોગનિદ્રા' લે છે શત્રુઓથી જતન કરવા કોશેટાને રેતના કણ ધાબ, તણખલા, કચરો વગેરેમાં ગદોલે છે કાળજી આ કોશેટા પનગિયા પેઠે ઝાડ પર સુરક્ષિત ચે રેલા કે લટકતા નથી હોતા પણ જમીન પર ધૂળમાં અગમાચરના દબાએલા ઉંધા પડ્યા રહે છે

૪ દેખાણી પણ અંત્યવસ્થાનું જીવડું થતા વચ્ચે ત્રણ ચાર બચ્ચાં રોગ પડે છે આ ત્રણે એક નર્યું જોવડો દેખાય છે

૪ કોશેટામાં પંદર વીસ દિવસ રહે એટલે ભૂવા-ગાંધા સંપૂર્ણ અવયવવાળુ બનેલું જીવડું બહાર નીકળે છે.[૫]

આ પુખ્ત શરીરવાળુ ઍન્ટ લાયન ફલાય હડીલા વાણિયાને હૂબહૂ મળતું આવે છે. અજાણ્યાને તો બંને વચ્ચે ભેદ જણાય જ નહિ.

એને હડીલા વાણિયાના જેવી ચાર મોટી પણ સરખી, જાળીવાળી પાંખો. રંગે મેલી–અનાકર્ષક. કોઇ કોઇની કાળા કે બદામી રંગના પાસવાળી. આશરે દોઢેક ઇંચ લાંબી.

૬ પગ. ટૂંકા. રુંવાંટીવાળા. માત્ર કોઇ વસ્તુને પકડી તેના આધારે વળગી બેસવા પૂરતા ઉપયોગી. ચાલવામા નકામા.

દેહ પોચો, લાંબોઃ હડીલા વાણિયા જેવો.[૬] રંગ ઘેરો કાળો. વિવિધરંગી નહિ. મોંઃ ચાવવાની સગવડ-વાળું[૭]. આકારઃ જીવાત. મૂછો નાની, છેડેથી જાડી.

સરળતાથી સમજાય તે પૂરતો મેં antennae માટે 'મૂછો' શબ્દ યોજ્યો છે. વાસ્તવિક તો જીવડાનું આ વિશિષ્ટ અંગ શ્રવણ એમના સ્વાદ–ગન્ધ–સ્પર્શાદિ જ્ઞાનેન્દ્રિયોની ગરજ સારે છે. પશુઓને antennae નથી હોતી પણ મૂછો જ હોય છે. જેમા આવી વિવિધ જ્ઞાનગ્રાહકતા નથી હોતી છતા બિલાડી, વાઘ વગેરે હિંસ્ર પશુઓની મૂછો સ્પર્શજ્ઞાન કરાવવા ઓછાવત્તા અંશે સમર્થ હોય છે.[૮]

સ્વભાવે નકતંચર એટલે આખી રાત ભમ્યા કરે. ઘણી વેળા વીજળીના તેજથી ખેંચાઇને ઘરમાં પણ ઊડતા પેસી જાય. બાકી આખો દિવસ બેતરમાં ઘાસમાં બરાબર બેસે. આપણે બે ારમાં ભમતા હોઇએ તો ઝાડોથી ઊડી ત્યા બેસતા નજરે પડે ખરા. ઉનાળો અને ચોમાસું એ બે એમના સ્વચ્છંદ ભ્રમણની ખાસ ઋતુઓ છે.

એમની ઊડવાની ગતિ અત્યંત ધીમી છે એટલે ધારીએ તો હાથે પકડવાનું પણ સરળ છે. માત્ર આમ પકડતાં એમના શરીરમાથી આપણા સ્પર્શયોગે નીકળતા એક પ્રકારના ગધનો ભોગ થવું પડે. કોઇનો ગધ સામાન્યરીતે અનુકૂળ કે અનુકૂળકર તો કેટલાકનો અત્યંત તીવ્ર ઉત્કટ અને અસહ્ય હોય છે.

ભૂવા ગરમ દેશના વતની છે. ભારતવર્ષમાં એમની અનેક જાતો થાય છે; થતી હશેઃ કારણ એમની નેશ-વૃત્તિને લીધે એમની જીવનચર્યા વિષે મનુષ્યનું જ્ઞાન હજુ અધૂરું અત્યંત ઓછું છે. એને લીધે આ જંતુની વિવિધ જાતોના વર્ગીકરણનું કશું ઠેકાણું નથી. આપણે ત્યાં ઠેરઠેર નજરે પડતી વ્યાપક જાતને Myrmeleon Singulare કહે છે.

હવે જ્યારે ફરવા જાઓ ત્યારે જમીન પર હડીલા વાણિયાનાં ઘર તપાસજો. દરની ધૂળ હથેળીમાં લઇ આસ્તેઆસ્તે ચાળતાં અંદર ઘઉંના દાણા જેવડો 'ભૂવો' દેખાશે. જોવા જેવું પ્રાણી છે.

---

૫ આ રીતે, પતંગિયા પેઠે ભૂવાને પણ ચાર અવતાર લેવા પડે છેઃ ઇંડું, ભૂવો, કોશેટો અને જીવડું

૬ ગોકળગાય, ભાગાની ગાય વગેરે (Beetles)જેવો બરડ નહિ

૭ *Mandibulate*: ભૂવાનું, કાણું પાડવાની અને ચૂસવાની સગવડવાળુ, નળી જેવું

૮ ઘણી વખત મદારીઓ પાસે 'મૂછોવાળો' નાગ જોવામા આવે છે. આસ્તિક હિન્દુઓ માને છે કે, સો વર્ષની ઉમરનો થાય ત્યારે નાગને મૂછો ઉગે છે. આવો નાગ નજરે પડે તો બારે પુણ્ય થાય આ લહેમનો લાભ લઈ, 'મૂછોવાળા' નાગનાં દર્શન કરાવી, શ્રદ્ધાળુ હિન્દુઓ પાસેથી મદારીઓ યથેચ્છ નાણાં ઓકાવે છે. આ ચોકખી ઠગાઇ છે. નાગ (તેમજ કોઇ પણ સર્પ અને સરીસૃપ) ને 'મૂછો' હોતી જ નથી મદારી લોકો નાગના નસકોરામાં કાણું પાડી, તેમાં (ઊંટના નાકમાં નાથને બદલે લાકડાની ખાંડણી ઘાલે છે તેમ) ઘોડાના પૂછડાનો કે ભૂંડનો જાડો વાળ ઘાલી રાખે છે આનો વાળ છેટથી જોતાં સાચી મૂછ જ લાગે. વળી ડરને લીધે નાગને હાથમાં લઇ કોઇ બાતરી કરી શકતું નથી કોઇ હિમતવાળો નીકળ્યો તો "આ તો દેવતાઇ નાગ છે. અમારા સિવાય કોઇ એને હાથ લગાડે તો મહાન પાપ લાગે," વગેરે કહી, મદારીઓ હાથ પણ અડકાડવા દેતા નથી. બાકી 'નાગની મૂછો' એ કેવળ ગલત છે.

અખાડો .... (અનુસંધાન આગળ પાન પહેર થી) સંપૂર્ણ હોવા છતાં પાછળથી કોઇ જાતના રોગ વિકારને પરિણામે અંગોમાં અપૂર્ણતા આવી હોય અર્થાત્ ઇન્દ્રિયો અધૂરી રહી ગઈ હોય, તે અપંગ દશાને વ્યાયામદ્વારા સુધારી, જડ અંગોમાં રક્તાભિસરણથી ચેતન આણવું એ બીજી.

૪

આ કાગળ મુંબાઇથી ભાઇ રતિલાલ શાહે લખ્યો છે. સ્થળસંકોચને લીધે એ આવતા અંકમા લઇશ.

અખાડો

સુસહત શરીરનો આદર્શ ચર્ચતો જેમાં યુવાનો માર્ગદર્શન મેળવે છે

નિરીક્ષક હરિનારાયણ આચાર્ય

'અદ્‌ભુત સ્વાસ્થ્ય, પ્રચંડ શક્તિ અને લોકોત્તર સૌન્દર્ય કેવળ બુદ્ધિમાન અને વિવેકી પુરુષોને જ શોભે છે અધમ મનોવૃત્તિ અને વિષયોપભોગમાં સબડતા પામર જીવો એ બધાના અધિકારી નથી આવી જડ વ્યક્તિઓને તો મુડદાલ નગાલા શરીર જ છાજે એમની કાયા ઓચ્યે બને નહીં ઉઘાડા હોય એવો ગ્યાલનો કોથળો ઉપરથી ઓસમ અંદર નાખ્યો, નીચેથી મળ રૂપે નીકળી ગયો કચરામટ્ટીની પેટી કે પટરનો નળ જ સગનેને? નહીં અને વાણી ગાત્રથી એ મનુષ્ય રૂપે ગોઠખાય છે બાકી તો અધમમાં અધમ, તિરસ્કૃત પશુથી પણ એ નીચ છે' —લીઓનાર્દો ડ વિન્ચી

વ્યાયામના વિવિધ અંગોની ચર્ચા માગતા ચાર પત્ર મારી પાસે પડ્યા છે એમાંના કેટલાક વિષયો આજ સુધીમાં કુમારમાં ચર્ચાયા છે બાકી રહેલો ભાગ નીચે આપ્યો છે

મંડળથી ભાઈ રતિલાલ મફાભાઈએ સ્ત્રીઓના સ્વાસ્થ્ય અને વ્યાયામને લગતી કેટલીક માહિતી માગી છે જે પ્રજનન કર્મ પૂરતી બનેની વિશેષતા લક્ષમાં રાખીએ તો બીજી રીતે સ્ત્રી અને પુરુષના શરીરના સ્વાસ્થ્ય અને શક્તિના ઉત્પાદક સાધનોમાં ભેદ ન હોવો જોઈએ, એ વાત મેં પાછલા લેખોમાં સારી પેઠે ચર્ચી છે રોગોનો પ્રતિકાર કરવામાં પણ શારીરશાસ્ત્રની દૃષ્ટિએ આવો લિંગભેદ કશા જ ઉપયોગનો નથી સ્ત્રીઓમાં આજે સ્વાભાવિક મનાતો રોગ પ્રદર પણ અસ્વસ્થ પ્રકૃતિનું જ પરિણામ છે સ્ત્રીઓના આહારવિહાર કુદરતી થાય, એમનું શરીર સબળ ઘડાય અર્થાત્ સ્ત્રીઓ પૂર્ણ મનુષ્યત્વ પ્રાપ્ત કરે તો જનનેન્દ્રિયની કોઈ પણ જાતની શિથિલતા કે રુગ્ણાવસ્થા સંભવે નહિ

૨

બીજા કાગળમાં ભાઈ રમેશકર ભટ્ટે ગામ જ વારજ (ભાવ)થી 'લંગોટ' વિષે છ પ્રશ્ન પૂછ્યા છે લંગોટની આવશ્યકતા—અનાવશ્યકતા વિષે હું લખી ચૂક્યો છું અમુક રોગોમાં એની આવશ્યકતા સ્વીકારી શકાય બાકી તદ્દુરસ્ત માણસે લંગોટ પહેરવો નિરર્થક છે લંગોટ બાંધવાથી જ 'બ્રહ્મચર્ય' પળાય, એ વાત સાચી નથી કારણ, વિષયવાસના પર નિષેધ તો મનોવૃત્તિ જ મૂકી શકે છે લંગોટ જેવા એકલા બાહ્ય સાધનો નહિ લંગોટ બાંધવો જ હોય તો જનનેન્દ્રિય પર બારે દબાણ આવે તેમ તો ન જ બાંધવો

ચાલતા, દોડતા, સાઇકલ ઉપર બેસતા, તરતી વખતે, કૂદતા—આ બધે પ્રસંગે લંગોટની આવશ્યકતા અનિવાર્ય નથી. માત્ર કુસ્તી અને બૉક્સિંગ, મલ્લખમ અને જીમનૅસ્ટીક્સ જેવે પ્રસંગે એની જરૂરીયાત ખરી

૩

કરાચીથી એક ભાઈએ, એમની પ્રતીનો દુખાવો વ્યાયામથી મટાડવા બારી સલાહ માગી છે એનો જવાબ મેં પત્રથી પરભારો આપી દીધો છે પરંતુ આવે પ્રસંગે સલાહ આપનારની જવાબદારી ભારે છે એમાં ય જ્યાં પૂરતી વિગતનો અભાવ હોય ત્યાં આ જવાબદારી શતગુણ વધી જાય છે આવી જવાબદારી ન સમજનાર વ્યક્તિ જો ઊંટવૈદું કરી બેસે તો વખતે સામાની જિંદગી જોખમમાં પણ આવી પડે સદ્‌ભાગ્યે આવા ઊંટવૈદાનો આશ્રય લઈ, પારકાના ભોગે પ્રયોગ કરી આત્મગૌરવ વધારવાનો મને મોહ નથી તે ઉપરાંત ઉપરના પ્રશ્નમાંથી નિષ્પન્ન થતા વ્યાયામ અને રોગ શાન્તિ' વિષય પરત્વે હું ચોક્કસ વિચાર ધરાવું છું એને લીધે ઘણી વાર આવા પ્રશ્નો પૂછનારનું સમાધાન કરવામાં હું સફળ નથી નીવડતો.

વ્યાયામથી વ્યાધિ મટે છે પણ બધાય વ્યાધિઓનો ઉપાય વ્યાયામથી કરી જ શકાય, એ માન્યતા સાચી નથી વ્યાયામ પ્રક્રિયા, રોગ મટાડવા કરતા, રોગ થાય જ નહિ એવું, રોગનો સહેજે પ્રતિકાર કરી શકે એવું શરીરબળ, જીવનબળ (વાઇટૅલીટી) સરજવામાં વધારે સફળ થાય છે. વ્યાયામથી થતી રોગશાન્તિના સિદ્ધાન્તનો ઉત્પાદક ગમે તે હોય, પણ અંગ્રેજી વાઙ્મયમાં તો એનો પરમોપદેષ્ટા ભરનાર મૅકફેડન પણ આ જ મતનો છે એના લેખો ઉપરછોટી નજરે વાચનારને તો વાત સાચી નહિ લાગે, પણ એના લેખોનું વિચારપૂર્વક અધ્યયન કરનારને ઉપરનું સત્ય સ્પષ્ટ સમજાશે મૅકફેડનનો પારિભાષિક પ્રયોગ


'ફીઝીકલ કલ્ચર' પ્રાકૃતિક ઉપચારોનો બોધક છે: કેવળ 'વ્યાયામ'નો વાચક નથી. સ્વાસ્થ્યવિધાન અર્થે, દવાદારૂ અને વાઢકાપ (તેમ જ ધંતરમંતર માતા-ભલાદેવ અને ભૂવા જતી)નો આશ્રય ન લેતાં, કેવળ નૈસર્ગિક ઉપચારો—ઉપવાસ, આહારવિશુદ્ધિ, સ્નાન, મર્દનલેપન, આરામ અને વ્યાયામ વગેરે—નું જ અવલંબન કરવું, એનું નામ જ ફીઝીકલ કલ્ચર. કુદરતને બોળે મનુષ્યેતર પશુઓ જે સાદા સિદ્ધાન્તોનું પાલન કરીને નિરામય પ્રકૃતિ ભોગવે છે તે સિદ્ધાન્તોના સૂક્ષ્માવલોકન પૂર્વક, મનુષ્યના શરીરની રચના અને ટેવોના અભ્યાસ પરથી જે સરળ નિયમો શોધી કઢાયા છે, તેનું જ નામ ફીઝીકલ કલ્ચર. એમાં ચમત્કારિક તત્ત્વ કશું જ નથી. મનુષ્યશરીરના યંત્રને ચૂંગળાતી નાખનાર (શ્વાસોચ્છ્વાસ, પાચનકર્મ, વગેરેના પ્રતિબન્ધક) તત્ત્વોને દૂર કરી, સર્વ શારીરિક ક્રિયાઓનું વિશોધનઃ એ જ ફીઝીકલ કલ્ચરનો ઉદ્દેશ છે આની વિશુદ્ધિમા જેટલી મહત્તા આહાર, આરામ, ઉપવાસ, વગેરેની છે તેટલી જ વ્યાયામની છે. એકના બોગે બીજું સાધન પ્રત્યેક પ્રસંગે સર્વાંશે ફળદાયી નથી નીવડતુ. તેમ આ બધા સાધનોની પરસ્પર તુલના કરીને તારતમ્ય શોધી કાઢવાનું પણ શક્ય નથી; કારણકે શરીરની ક્રિયાઓની દૃષ્ટિએ આ પ્રત્યેક સાધનનું ફલ વિશિષ્ટ છે આહારથી થતી ધાતુ ઉત્પત્તિ આરામ, સ્નાન કે મર્દનવિક્ષેપનથી નથી કરી શકાતી. તેવી જ રીતે આરામને બોગે થતો શક્તિસંચય વ્યાયામથી નથી સધાતો. પ્રાણવ્યાયામથી કેળવાતી શ્વાસક્રિયાની નિયમિતતા અગર મર્દનાદિથી થતી સ્નાયુવિશુદ્ધિ અને રક્તાભિસરણ એકલા સ્નાનથી કે આહાર અને વ્યાયામથી નથી પ્રાપ્ત થતાં. એ રીતે જ વ્યાયામથી થતા શારીરિક ઘડતરની આહાર, આરામ, સ્નાન, વગેરે પાસેથી આશા રાખવી વ્યર્થ છે. આ બધાનાં ફળ સ્વતંત્ર હોવા છતા, શરીરના સંપૂર્ણ સ્વાસ્થ્ય અને શક્તિમત્ત્વની દૃષ્ટિએ બધાય સાધનોનો પરસ્પર સહકાર અત્યંત આવશ્યક છે, એ તો સ્પષ્ટ વાત છે. કદી કદી કોઈકોઈ અનિવાર્ય કારણને બોગે મનુષ્યના શરીરનું સમતોલપણું જળવું રહે, શરીરમાં થતી ક્રિયાઓમાં વિક્ષેપ આવે, ત્યારે જે સ્થાને ઊણપ હોય તે સ્થાનને અનુકૂળ ઉપાય અગર ઉપાયો—આહાર, સ્નાન, આરામ, મર્દન, વ્યાયામ, વગેરે—નું અવલંબન કરીને સઘળી ક્રિયાઓનો પૂર્વવત્ સહકાર અને અવિચ્છિન્ન સમન્વય સાધવો, આવો વિસંવાદ ફરીથી ન આવે એના પ્રતિકાર રૂપ શારીરિક શક્તિ કેળવવી, એ જ 'ફીઝીકલ કલ્ચર'નાશાસ્ત્રનો હેતુ છે.

રોગનો પ્રતિકાર કરવામાં વ્યાયામનું કેવું અને કેટલું સ્થાન છે, તે આ ઉપરથી સ્પષ્ટ સમજાશે જે નિર્બળો છે તેને વ્યાયામ ભારે સહાય કરશે, પરંતુ જેનો દેહ પોષણને જ અભાવે દુર્બળ છે, તેને એકલો વ્યાયામ તો અપથ્ય જ નીવડશે. ઉદર રોગથી પીડાતા રોગીને ઉપવાસ જેવું પરમોપકારક સાધન અન્ય નથી; તે જ રીતે ક્રિયાતિરેકથી પીડાતા સ્નાયુઓ માટે આરામ—નિષ્ક્રિયતા જ એક ઉપાય છે. અન્ય અવસ્થાઓમા પણ આ જ નિયમ સમજવો. જેવો વ્યાધિ તેવો ઉપચાર. આ વાત વૈદકમાં જેટલી સત્ય છે, તેટલી જ પ્રાકૃતિક ઉપચારોમા યથાર્થ છે. પ્રત્યેક રોગના સ્વરૂપનો વિચાર કરી, નૈસર્ગિક સાધનોમાંથી એક અગર અનેકનો સમન્વિત પ્રયોગ નિશ્ચિત કરવો જોઇએ. એક જ સાધનનેઃ બધાય રોગોમાં સકળ ઉપયોગ કરવાની આશા વધારે પડતી છે. કેવળ એક અપવાદ સિવાયઃ ઉપવાસ સોએ સો નહિ પણ નેવું ટકા જેટલા રોગોમાં તો ઉપવાસ અદ્‌ભુત ફાયદો કરે છે. પ્રાકૃતિક ઉપચારનાં બીજાં સાધનો કરતાં ઉપવાસની એટલી વિશેષતા. બધાં સાધનોનું એક પણ સાધન સહાયક ન નીવડી શકતુ હોય, રોગની સ્થિતિ ગંભીર હોય ત્યાં શસ્ત્રક્રિયા કે ઔષધોને પણ સ્થાન છે.

રોગશક્તિ અને વ્યાયામની વાત થઇ. પરંતુ વિશાળ દૃષ્ટિએ જોતાં નિર્બળતા, અશક્તિ, અપંગપણું એ પણ એક રીતે 'રોગો' જ છે. એ રીતે તો શરીરના ઘડતરમાં ઉપયોગી વ્યાયામ પ્રક્રિયાની મહત્તા પણ કેવળ 'રોગ શાન્તિ' પૂરતી–corrective–જ ગણાય. આવી 'રોગશાન્તિ' બે રીતે થઇ શકે. સીધા ઊભા રહેતાં કે ચાલતાં ન આવડે, અંગમાં રોગ ન હોય છતા નિર્બળ દશા ભોગવતા હોય, જન્મથી અક્ષત અવયવવાળા હોવા છતાં અનૈસર્ગિક અંગમરોડથી શરીરમાં અંગવિકૃતિ આવી હોય, તેને વ્યાયામથી સુધારી શરીરને નૈસર્ગિક ક્રિયા કરતુ બનાવવું, સ્વસ્થ અને સબળ બનાવવું, એ એક; મૂળથી–જન્મથી જ અગર જન્મે

(અનુસંધાન પાછળ પાન ૫૯૦ને છેડે)

શ્રી હરિકૃષ્ણ વ્યાસ સંયોજિત



[અનુસંધાન બારમા અંકના પૃ ૪૮થી]

નોંધ કોઇ કોઇ વાચકો માસિકોમાં આવતુ અપાતી લેખનમાળાઓ પૂરી થયા પછી એકીસાથે જ વાંચવાનુ પસંદ કરે છે એવા કોઈ વાચકોએ લઘુલિપિ કુમારમા પૂરી આવતા સુધી તેનો અભ્યાસ શરૂ કરવાનુ મુલતવી રાખ્યુ હોય તો હવે તે અભ્યાસ શરૂ કરવાનો સમય પકી ગયો છે કેમકે આ અંકમા લઘુલિપિની પ્રાથમિક શ્રેણી, જેનાથી સામાન્ય લઘુલેખક થવા ઈચ્છનારની બધી જરૂરીયાતો સંતોષાઇ જાય તેમ છે તે પૂરી થાય છે શીખવા ઇચ્છનારને પત્રવ્યવહાર દ્વારા માર્ગદર્શક થવાનુ વચન હજુ પણ આપવામા છે —તંત્રી

દસમો દિવસ : ક્રિયાપદ-કૃદંતનાં રૂપાખ્યાન

નિયમો

[૬૧] ક્રિયાપદના સામાન્ય કૃદંતના અંત્ય 'વું' કે 'વા'નો હમેશાં લોપ કરાય છે

[૬૨] ક્રિયાપદનાં સંકેતાર્થ રૂપને છેડે 'એ' અથવા 'ય' પ્રત્યયો આવતા હોય, તે પ્રત્યયોનો વિકલ્પે લોપ કરી, એ પ્રત્યય સિવાયનું ક્રિયાપદનું 'વું' લોપેલુ સામાન્ય કૃદંતનું રૂપ જ એને બદલે લખાય છે.

[૬૩] ક્રિયાપદનાં સામાન્ય કૃદંત સિવાય બીજા કૃદંતોને લાગતા પ્રત્યયો નકશામાં આપ્યા છે, તે ધાતુના અંગને જોડીને લખાય છે

[૬૪] કૃદંત વિશેષણોનાં બધાં રૂપો વ્યક્તિ વચન પરત્વે અવિકારી રહે છે

[૬૫] ક્રિયાપદનાં કાળ બતાવનારાં બધાં રૂપો વ્યક્તિ વચનના અન્વય સહિત લખાય છે

[૬૬] ધાતુને કૃદંતના કે કાળના પ્રત્યયો લગાડવાના હોય, કે સામાન્ય કૃદંતને વિભક્તિના પ્રત્યયો લગાડવાના હોય, ત્યારે ધાતુના અંત્ય 'વું' પહેલાં આવતા વ્યંજનો 'ર', 'ડ', 'ત', 'ળ', 'વ' માંના નજીકના એકનો લોપ થાય છે.

[૬૭] ક્રિયાપદનું કોઇ રૂપ ઉપરના નિયમો લાગુ પાડી લખવા જતાં અત્યંત કૂંકુ બની દ્વિઅર્થી બની જતું હોય, અથવા તો કોઇ રૂપ ઉપરના નિયમોથી સંતોષકારક લખી શકાતું ન હોય, ત્યારે તે જરૂર પૂરતા વિસ્તારથી લખાય છે.

સૂચનાઓ

(૬૧) સામાન્ય કૃદંત જોકલું આવે ત્યારે તેને અને 'વ' લાગેલો હોય છે જેમકે 'લખવું', 'તરવુ વગેરે. અને જ્યારે સામાન્ય કૃદંતને વિભક્તિના પ્રત્યયો લાગે ત્યારે એ 'વ'નો 'વા' થઇ જાય છે જેમકે 'લખવા માં', 'તરવાથી' વગેરે આવ્યા. સામાન્ય કૃદંતનો વિભક્તિનો પ્રત્યય લાગે ત્યારે તો ધાતુને લાગેલો વિભક્તિનો પ્રત્યય વચ્ચેના હોવાઓવા 'વા'નુ આપોઆપ સૂચન કરે છે માત્ર સામાન્ય કૃદંત જોકલુ લખવાનુ હોય ત્યારે આ નિયમની રૂએ તેનું રૂપ આપણે બીજા પુરુષ એક વચનના રૂપને મળતુ આવે છે જેમકે 'વાચ(વુ)', 'ગાય(વ)' વગેરે પરંતુ આપણે બીજા પુરુષ એક વચનના રૂપનો પ્રયોગ ભાષણો વગેરેમા બહુ ઓછો થતો હોવાથી, વાચતી વખતે સામાન્ય કૃદંતના રૂપને પહેલી પસંદગી આપવાથી એ પ્રશ્નનો નિકાલ આવી જશે.

(૬૨) પણ આ નિયમનું અસ્તિત્વ સામાન્ય કૃદંતના વાચનમા બહુ કામાજ રાખવાની કરજ પાડે છે કેમકે

આ બંને નિયમો મળીને એક જ રીતે લખાતા રૂપના વાચનમાં—જો વાક્યના અન્વય તરફ નજર ન કરવામાં આવે તો—ત્રણ વિકલ્પ રહે છે. એટલે કે, બધો હિસાબ ગણતા, આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચન તરીકે લખેલું રૂપ સામાન્ય કૃદંત તેમજ સંકેતાર્થ એ તરીકે પણ વાચવાનું રહે છે. જેમકે લઘુલિપિમાં 'રાખ' એમ લખ્યું હોય ત્યારે તે 'રાખ', 'રાખવું', 'રાખે' એમ ત્રણ રીતે વાચી શકાય. એમાંના પહેલા બે વિકલ્પમાંથી સામાન્ય કૃદંતના રૂપને પહેલી પસંદગી આપવા વિષે તો ઉપર જણાવ્યું છે.

પણ એ ઉપરાંત સામાન્ય કૃદંતની બીજી પણ વિશિષ્ટતા છેઃ સામાન્ય કૃદંતની સાથે ઘણુંખરું પૂરક શબ્દો આવે છે. જેમકે 'ગાવું હોય', 'ચાલવા માટે', 'નહાવું જોઇએ', 'વાંચવું નથી' વગેરે. બાકી સામાન્ય કૃદંત તદ્દન એકલું તો કયારેક જ આવે છે જેમકે, 'તમારે આદિ આવવું', 'તેનુ ત્યા જવું નક્કી નથી.'

ત્યારે બીજી બાજુ સંકેતાર્થ રૂપો સાથે સાંકેતિક અવ્યયો 'જો', 'તો' વગેરે મુખ્યત્વે વપરાયા હોય છે. અને આ રૂપોનો વપરાશ સામાન્ય કૃદંતના કરતાં પણ વધી જાય છે. વળી સંકેતાર્થ રૂપો અને કૃદંતો જેમાં સમાઇ શકે એ વાકયરચનાઓ એવા સ્પષ્ટ લક્ષણોવાળી છે કે અન્વય તરફ નજર કરતાં લેખિત સંજ્ઞાના સ્વરુપનો નિર્ણય કરવાનુ જોયી શકય બને છે. જેમકે, 'તમારે આવવું જોઇએ','તમે આવો તો' વગેરે.

હવે આ નિયમના બાહ તરફ જોતા જણાશે કે લોપવાના બે પ્રત્યયો 'એ' અને 'ય' જણાવ્યા છે. તેમાંનો પહેલો ખાસ કરીને કર્તરિ અને બીજો કર્મણિ કે ભાવે પ્રયોગમાં વપરાય છે, જો કે એ બેની સ્પષ્ટ મર્યાદા નથી. જેમકે, 'તે આવે', 'તેનાથી અવાય'; 'તે જાય', 'તેનાથી જવાય' વગેરે. આમાંનો 'ય' આ નિયમ મુજબ લોપતી વખતે તેની પહેલાનો 'આ' તો લખવાનો રહે છે જ. અને તે ઉપરાંત એ ક્રિયાપદ સાથે સંબંધ ધરાવતા બીજા શબ્દોમા વિભકિત વગેરે યોગ્ય રીતે આવે છે, એટલે એના ઉપરથી સંકેતાર્થ હોય તો તે કયા પ્રયોગમાં છે તે તરત જાણી શકાય છે.

(૧૩) પ્રકરણની શરૂઆતના નકશામાં કૃદંતના તેમજ 'શે', 'જો' જેવા કાળસૂચક પ્રત્યયો આપેલા છે. એમાં ક્રિયાપદનાં વિવિધ રૂપોને અંતે આવતા મુખ્યમુખ્ય પ્રત્યયો આવી જાય છે. તેમ છતાં ધાતુઓનાં કોઇ વિચિત્ર રૂપો આ પ્રત્યયોની બહાર જતાં લાગે અને તેને ઉપરના બેમાંથી એક પણ નિયમ લાગુ ન પડે, ત્યારે એવું રૂપ લખવા માટે નિયમ ૬૭ લાગુ પડે છે. એટલે વસ્તુતઃ એવું રૂપ આખું જ લખવાનું રહે છે. કેટલાક ધાતુઓને આ પ્રત્યયો લગાડતાં પહેલાં નિયમ ૬૬ લાગુ પાડવાનો રહેશે. આથી આ નિયમનાં ઉદાહરણોની પૂર્તિ રૂપે નિયમ ૬૬નાં ઉદાહરણો પણ જોઇ જવાનાં છે.

આ પ્રત્યયોગાથી 'યો-યું' માટે નકશામાં જણાવ્યા મુજબ તે અક્ષરો પદને અંતે છૂટા આવ્યા હોય ત્યા જ એને માટેની પ્રત્યયની સંજ્ઞા લખી શકાય. જેમકે 'ગયો', 'થયું', 'જવાયું' વગેરે. પણ જ્યા એ પ્રત્યય ધાતુના અંત્ય વ્યંજન સાથે જોડાઇ જતો હોય ત્યાં એ જોડાક્ષર જ નિયમ પ્રમાણે લખવો. અને પછી તેના અંત્ય જનિત્રાચક સ્વરને હવે પછીનો નિયમ ૬૫ લાગુ પડશે. જેમકે 'કહ્યું', 'ખોડ્યો' વગેરે.

'વા-વાને' માટેનો પ્રત્યય પણ ધ્યાન ખેંચે એવો છે. આ પ્રત્યયનો ઉપયોગ જ્યારે 'વા' એકલો આવે ત્યારે 'ની' સાથે આવે ત્યારે જ કરવાનો છે. પણ જ્યારે એ 'વા' પછી બીજી કોઇ વિભક્તિનો પ્રત્યય આવતો હોય ત્યારે તો એ રૂપ નિયમ ૬૬ મુજબ લખાય છે. જેમકે 'લડવાથી', 'ગણવામાં' વગેરે રૂપો લખતી વખતે નિયમ ૬૬ મુજબ એ 'વા'નો લોપ થાય છે.

(૬૪) અગાઉ આપી ગયેલા નિયમ ૫૧નુ આ પુનરાવર્તન હોઇ એ નિયમ સંબંધે કરેલી ચર્ચા અહીં પણ લાગુ પડે છે. નકશામાં જોતા જણાશે કે 'તો-તી તુ-તા' એ બધા માટે એક જ સંજ્ઞા છે અને એ જ મુજબ દરેક પ્રત્યયમાં તે તે પ્રત્યયના જનિત્રચનના ફેરફારો સમાઇ જાય છે. આ સંબંધે અગાઉની માફક અંગ્રેજી ભાષા તરફ નજર કરતાં જણાશે કે અંગ્રેજીમાં બધાં વિશેષણો અવિકારી છે, અને છતાં ભાષા અત્યંત સ્પષ્ટ રહી શકે છે. એટલે વસ્તુતઃ વિશેષણ પરથી સૂચવાતા વિશેષ્યનાં જનિત્રચન, જે સંસ્કૃત કુટુંબની ભાષાઓની એક વિશિષ્ટતા છે, તે વિચારવિનિમયનું અનિવાર્ય અંગ નહિ હોતાં, વપરાશના આધાર જેવાં છે. અને તેથી જ્યારે લખાણમાં પૂરી ફરકસર કરવાની જરૂર હોય ત્યારે આ વધારાનો આધાર જતો કરી શકાય.

આથી જ આ લિપિમા વિશેષણો તેમજ વિશેષણ તરીકે વપરાતા બધા શબ્દોને અવિકારી રાખવાનુ ધોરણ સ્વીકારેલુ છે. વાચતી વખતે બધા વિશેષણો જેવા લાગતા શબ્દોને અંત 'ઉ' ઉમેરીને જ વાચવાનો અભ્યાસ રાખવાથી તેમા 'આ' અને 'ઇ' આપોઆપ સ્વનિત બનતા જશે, અને એથી લઘુલિપિથી અપરિચિત કાનને લાગતી ક્લિષ્ટતા આપોઆપ નષ્ટ થશે

(૬૫) ઉપરના નિયમ ૬૪નુ જ આ રૂપાતર છે એ નિયમ માત્ર કૃદતો પૂરતો જ છે સારે આ નિયમમા કૃદતો સિવાયના ક્રિયાપદોના બાકીના રૂપોનો સમાવેશ થઇ જાય છે વસ્તુતઃ આ બને નિયમોમા એક જ વાત જુદીજુદી રીતે કરી છે, અને એ બીનજરૂરી લાગતુ પુનરાવર્તન માત્ર ઉદાહરણો આપવાની સગવડતા માટે જ થયુ છે બાકી તો આ નિયમમા જ ઉપરનો પણ સમાઇ જઇ શકે

(૬૬) આ નિયમ માત્ર ધાતુને કોઇ પણ જાતના પ્રત્યયો લાગતા હોય સારે જ અમલમા આવે છે એટલે કે પ્રત્યયો વિનાનુ સામાન્ય કૃદન્ત જ લખવાનુ હોય ત્યા આ નિયમ લાગુ પડતો નથી

હવે ધાતુઓને મુખ્યત્વે કૃદન્ત કે કાળના પ્રત્યયો નકશામા આપ્યા છે તે લાગતા હોય છે અને એ બધા પ્રત્યયોના નિશ્ચિત સ્વરૂપો હોવાથી એ પ્રત્યય જોતા જ અમુક આગેવો શબ્દ કોઇ ધાતુનુ રૂપ હોવાનો ખ્યાલ આવી શકે છે અને પછી એ પ્રત્યય પહેલા ખૂટતો આ પાચમાનો એક અક્ષર 'ર', 'ડ', 'લ', 'ળ' કે 'વ' અનુક્રમે ઉમેરી શકાય છે આ સબધે એ જાણવા જેવુ છે કે આ નિયમ મુજબ 'વુ' પહેલાનો એક વ્યજન જોડાતો હોય એવા ધાતુઓ ભાષામા ઘણા જ મોટા પ્રમાણમા છે અને તેથી કોઇ પણ ધાતુનું રૂપ વાચવાનુ આવે એટલે આ નિયમ લાગુ પાડીને જે લખાયુ હોઇ શકે એ દૃષ્ટિએ જ તે વાચવુ પછી નિયમમા જોડવાના અક્ષરો પાચ જણાવ્યા હોવાથી ઉપલક દૃષ્ટિએ પાચ વિકલ્પ સૂચવાતો જાણે કરતા હોય એમ લાગશે. પણ વ્યવહારમા એ પાચમાથી સચય વિકલ્પો જોડલા બધા ઓછા આવે છે કે ઘણખરૂ તો વાચનના પ્રવાહમા જોડય અક્ષરો જાણે આપોઆપ જ બબડાતા વાતા બનય છે ફક્ત કોઇ કોઇ ટૂંકા શબ્દોમા ખ્યાલ રાખીને વાચવાનુ રહે છે જેમકે 'મરવુ'-'મળવુ', 'સડવુ'-'સરવુ' વગેરે આવા પ્રસગે શબ્દના અર્થ ઉપર ખાસ ધ્યાન રાખવાનુ રહેશે

ખ્યાલમા રાખવુ કે આ નિયમ 'વુ' પહેલાના એક જ અક્ષરને લાગુ પડે છે. એટલે જો આમાના કોઇ બે અક્ષરો પાસેપાસે આવતા હોય તો તેમાનો પા ભાગનો એક જ લોપાય છે જેમકે 'મરડવુ'='મર(ડ)વુ'.

આ નિયમના એક ભાગ 'સામાન્ય કૃદન્તને વિભક્તિના પ્રત્યયો લગાડવાના હોય', એ તરફ વધુ ધ્યાન આપવાની જરૂર છે ઉપર જણાવ્યા મુજબ ધાતુને કૃદન્તના પ્રત્યયો લાગતા હોય ત્યારે એ પ્રત્યય ઉપરથી જ એ શબ્દ ધાતુ હોવાનું સૂચન મળતુ હોવાથી વાચનમા સગવડ પડે છે. પણ વિભક્તિના પ્રત્યયો નામ સર્વનામને, સકેતોને તેમજ સામાન્ય કૃદન્તોને એમ જુદીજુદી રીતે લાગે છે અને તેથી મા વિભક્તિનો પ્રત્યય જોવાથી જ તે પ્રત્યય જેને લાગ્યો હોય તે શબ્દના સ્વરૂપનો ખ્યાલ આવી શકતો નથી અને તેમા પણ કેટલાક ટૂંકા ધાતુઓના સામાન્ય કૃદન્તના રૂપ એટલા બધા સાદા બની જાય છે કે તે ઘણી વખત સકેત તરીકે જૂથથી વંચાવાનો સભવ રહે છે આથી આવા રૂપ વાચતા પહેલા એ મૂળ શબ્દ સકેત હતે કે કોઇ ધાતુનુ સામાન્ય કૃદન્ત એ નિર્ણય કરવાની પહેલી જરૂર છે

હવે જો કે ગુજરાતી ભાષાના ધાતુઓની ચોક્કસ ખાનગીઅતોને અનુલક્ષીને ધાતુઓના વારવાર આવતા રૂપ ટુકાવવાનો આ નિયમ યોજ્યો છે, અને એવા જ ચોક્કસ દૃષ્ટિબિંદુથી સંકેતોનું આયોજન થયુ છે, તેમ છતા જે થોડા સંકેતો અને ટૂંકા લખેલા ધાતુઓ એકબીજાને મળતા આવે છે તેથી સંપૂર્ણ ખાતરી આ નીચે આપી છે આ યાદી સપૂર્ણ છે એમ કહેવાનો અર્થ એ કે ધાતુને બદલે સકેત વાચવાની ભૂલ થાય એવો અર્થ આપેલા છે તે સિવાયનો કોઇ ધાતુ ગુજરાતી ભાષામાં પ્રચારમા નથી વસ્તુતઃ તો આ યાદીમાથી કેટલાક ધાતુઓ બાતલ કર્યા હોય તોપણ ચાલી શકે તેમ છે: કેમકે તેને મળતા આવતા સકેતોમાના કેટલાક એવા અક્ષરો છે કે તેને વિભક્તિના પ્રત્યયો લાગી જ શકતા ન હોય, ત્યારે યાદીમાના કેટલાક ધાતુ પોતે જ બહુ ચોખ્ખા વપરાશના છે.

આ યાદીમા ધાતુઓ પ્રકરણવાર બીજામાના સકેતોના

નકશામાં જે ક્રમમા સંકેતો છે એ જ ક્રમમાં ગોઠવેલા છે. એ ધાતુઓમાંથી નિયમ ૬૧ પ્રમાણે છેવટનો 'વું' લોપાય, અને કોઇ સ્થળે આ નિયમ પ્રમાણે એ 'વું' પહેલાંનો એક અક્ષર લોપાય, અને પછી વિભક્તિના પ્રત્યય લગાડતાં પહેલાં જે રૂપ રહે તે ભારે છાપેલું છે જોઇ શકાશે કે એ ભારે છાપેલો ભાગ એકાદ સંકેતને મળતો આવે છે. કયાંકકયાંક બે ધાતુઓ એક જ સરખી સંજ્ઞાથી લખાય છે. અને માત્ર એક જ પ્રસંગે એક સંજ્ઞા એકી સાથે ચાર ધાતુઓને લાગુ પડે છે. પણ આવા પ્રસંગો વિરલ હોય છે એ પણ એ યાદી ઉપરથી જોઇ શકાશે.

આવવું, આપવું, આવડવું, ઉપડવું, કરવું, કકળવું, અતવવું, કરડવું, ગળવું, ઘડવું, છળવું, છેડવું, જવું, જડવું-જળવું, જોવું-જોડવું, જડવું, ઠળવું, ડરવું, તરવું-તળવું, તેડવું, તોડવું-તોળવું, દળવું, પડવું, પાડવુ-પાળવું, પૂરવું, પલળવું, ફરવું,-ફેલવું, બળવું, બાળવું, બૂડવું, બબડવું, રડવું-રળવું, લડવું-લવવું, નડવું, મરવું-મળવું, મારવું-મારવું, મરડવું, સરવું સોડવું, સીધવું, સૂવું, સ્મરવું, હરવું, વરવું-બળવું, વાવું-વારવું વાવવું-વાળવું, વધવું

ઉપરના ધાતુઓના ટૂંકા રૂપને મળતા આવતા સંકેતો એક જ સરખા ક્રમમા આ નીચે આપ્યા છે. એ બને અનુક્રમવાર જોઇ, તથા જરૂર જણાય તો સંકેતોના નકશામા ઉપરના ધાતુઓ લખી લેવાથી એ બંને વચ્ચે યોગ્ય સાહચર્ય સાધી શકાશે.

અહિ-આજે, આપણે, આવું, ઉપરાત, કે-કોણ, કેમકે, વખત, ખરેખર, અગર, ઘણું-ઘટે, છે, નીચે, જે-તે, જેઓ, કોકે, માટે, વડે, તે-તો, તેમ, તેઓ, અંદર-દરેક, પરંતુ, પાસે, પૂછે, પેલો, ફક્ત, બદલે-બલકે, બાકીઓ, બધુ, બાબત, રીત, (રૂપ), લાયક, (લીધે), ના-નહિ, આમ, માત્ર, મારફત, સમય, સિવાય, સુધી, સ્થિતિ, હશે-હોય, વગર, વાત, વધારે.

(૬૭) આ નિયમમાં બે જાતની શકયતાઓ રહેલી છે: જેને કોઇ નિયમ લાગુ જ ન પડી શકતા હોય એવું કોઇ રૂપ લખવા માટે, તેમજ નિયમો લાગુ પડી શકતા હોવા છતા વધુ સ્પષ્ટતા ખાતર વિસ્તારથી કોઇ શબ્દ લખવાની જરૂર જણાય ત્યાં આ નિયમનો ઉપયોગ છે. ક્રિયાપદનાં કોઇ રૂપોને છોડે એવા પ્રત્યયો આવે જેને માટે ખાસ સંજ્ઞા લઘુલિપિમાં ન યોજ્યા હોય એવાં રૂપો પહેલા પ્રકારમાં આવે છે. આવાં રૂપો કવચિત જ નજરે પડે છે. અને એ વખતે પણ એને પ્રત્યય સિવાયના બીજા નિયમો તો લાગુ પડતા હોય છે જ એટલે માત્ર પ્રત્યય સંપૂર્ણ લખી બાકીનો શબ્દ યોગ્ય નિયમો મુજબ ટુંકાવી શકાય. એથી ઉલટું કોઇ કોઇ અત્યંત ટૂંકા ધાતુઓને વધુ સ્પષ્ટપણે લખવા જરૂર લાગે ત્યારે પ્રત્યય તો નિયમ પ્રમાણે જ લખાય, પણ ૬૬મા નિયમને અંગે લોપ કરવાનો અક્ષર ન લોપાય કયા સંજોગોમાં આ નિયમનો પ્રયોગ કરવો એ લઘુલેખકની અંગત જરૂરીઆતો પર આધાર રાખે છે.

છેવટે આ પ્રકરણમાં આપેલા બધા નિયમો માટે એક સામાન્ય વાત યાદ રાખવાની કે નામ કે ક્રિયાપદના લખેલાં રૂપના વાચન વખતે ખાસ ખ્યાલ વાકયના અન્વય તરફ રાખવાનો છે. અત્યારના બે પ્રકરણોમા આવી ગએલા શબ્દો છૂટા ગમે ત્યાં લખ્યા હોય તોપણ તેનો એક જ અર્થ થાય પણ આ પ્રકરણની શરૂઆતથી લઘુલિપિ જેવા યાંત્રિક વાચનની મર્યાદામાંથી નીકળી સચેત બુદ્ધિના ક્ષેત્રમાં પ્રવેશે છે. અને તેથી સતત જાગૃત દૃષ્ટિ રાખ્યા વિના આ વસ્તુ ઉપર કાબૂ જમાવો મુશ્કેલ છે.

વળી આગળ કહેલી એક વાત ફરીથી કરવાની કે આ પ્રકરણ પૂરું થવા સાથે સામાન્ય લઘુલેખકની જરૂરીઆત પૂરતું વસ્તુ અપાઇ રહે છે. જો આ ૬૭ નિયમો ઉપર યોગ્ય કાબૂ આવે તો એની મદદથી લઘુલેખક ધીમાં ભાષણો અક્ષરશઃ અને ઝડપે અપાતાં ભાષણો નોંધરૂપે ઉતારી શકશે અને તેથી હવે પછીનાં પ્રકરણો વાંચ્યા વિના પણ તે કોઇ પણ પત્રના રીપોર્ટર તરીકે ચાલી શકશે. માટે શીખનારે આ દિવસ પૂરો કર્યા પછી પોતાના અત્યાર સુધીના જ્ઞાનનું પુનરાવર્તન કરી વહેલી તકે રીપોર્ટર તરીકે કામ શરૂ કરી દેવું હિતાવહ છે.

ઉદાહરણો

(૧) [નિ. ૬૧: 'વું' લોપેલા સામાન્ય કૃદંત] આપેલું, આવવું, ઇચ્છવું, ઉઠવું, કરવું, કહેવું, કાઢવું, ખેંચવું, ગમવું, ઘટવું, ચઢવું, ચાલવું, ચૂકવું, છોડવું, જવું, જાણવું, જોવું, થવું, દેખાવું, દેવું, ધારવું, નાખવું, નીકળવું —નીવડવું, પડવું, પહોંચવું, પાડવું, માગવું, પૂછવું, ફરવું, બન્યવવું, બતાવવું, બનવું, બાંધવું, બેસવું, બોલવું, ભરવું, મરવું, મળવું —માગવું, માનવું, મારવું, માંડવું, મૂકવું, મેળવવું, રહેવું, રાખવું, લખવું, લખાવવું, લાગવું, લેવું, વધવું, વળવું, શકવું, સમજવું, સોંપવું, હોવું

(૧ ક) **[નિ. ૬૨: સંકેતાર્થનાં રૂપ]** આપે, આવે ઇચ્છે, ઊઠે, કરે, કહે, કાઢે, જેવે, ગમે, ઘટે, ચઢે, ચાલે, ચૂકે, જોડે, જાય, જાણે, જુઓ (જોય), થાય, દેખાય, દે, ધારે, નાખે, નીકળે, નીવડે, પડે, પડાવે, પાડે, પામે, પૂજે, ફરે, બનાવે, બતાવે, બાને, બાંધે, બેસે, બોલે, ભરે, મરે, મળે, માગે, માને, મારે, માંડે, મૂકે, મેળવે, રહે, રાખે, લખે, લખાવે, લાગે, લે વરે, વળે, શકે, સમજે, સાંભળે, હોય

[આ બધા રૂપોનું લઘુલેખન ઉદા ૧લામાં આપેલું છે તેનું જ થતું હોવાથી જુદું આપેલ નથી 'હોય'ને માટે ખાસ સંકેત પણ છે]

(૨) **[નિ. ૬૩-૬૪: અન્ય કૃદંતો તથા કાળ]** આપતો, ઇચ્છેલું, ઊઠશે, ગયો, ધરતું, ચઢીને, જોતે, થએલું, દેખાતું, પહોંચીને, પામવા, પૂજતો, માગશે, લખશું લાગતું, વધેલું, સમજાયું, હતું

(૩) **[નિ. ૬૪-૬૫: જાતિવાચક પ્રત્યયનો લોપ]** આવ્યો, ઇચ્છયું, જોયું, દેખાયું, દીધું નીવડ્યું, પડ્યો, પૂજ્યું, બેઠી, બર્યો, ગજ્યા, ભાગ્યું, માગ્યા, લીધી, હતા

(૪) **[નિ. ૬૬. 'વું' પહેલાંના 'ર', 'ડ', 'લ', 'ળ', 'વ'નો લોપ]** આવાથી, કરતો, આવીને, ઊઠશે, ધારતો, નીકળશે, નીવડવાને, પડવાના, કરતું બનાવીને, બતાવતો, બોલશે, ભરતું — મરશે, મારવાથી, માંડીને, મેળવશું, લખાવીને, વળવાથી, સાંભળતો, હોવાનું

(૫) **[નિ. ૬૭: પ્રકીર્ણ રૂપો]** જાવ, જુઓ, થાય, રહે

ઉદાહરણોનું લઘુલેખન

[૧]

[૨]

[૩]

[૪]

[૫]

મનોયત્ન ૩

ભાઇઓ ! જે સુભગ દિવસની મેં ક્ષણે વાત કરી તે દિવસ—જ્યારે આખી માનવજાત એક જ સિદ્ધિને અર્થે સાથે રહી તપ સેવે તે દિવસ—આવવાને તો હજુ કોણ જાણે કેટલા ય સૈકા લાગશે પણ તે દિવસે આપણી સામે કેટકેટલી અસામાન્ય સંભાવનાઓ આવીને ઊભી રહેશે તેની આછી કલ્પના આપણને ગયા થોડા સૈકાઓનો મૂર્તિદામ આપી શકે છે

અનેક અંતરાયોથી પીડાતા હોવા છતાં આપણા વિચારકો અને શોધકોએ માનવજાતનું હિત લક્ષમાં રાખીને ઘણુંઘણું કર્યું છે તેઓના રોટીના પ્રશ્નનો ભાર ઉપાડી લે એવું સમાજતંત્ર હજુ તૈયાર થયું નથી તેઓના અતિશય કીમતી સમયનો ઓછામાં ઓછો ભોગ આપી જ્ઞાનનું વધુમાં વધુ વળતર કરી શકે એવું Reference સાહિત્ય પણ હજુ આપણી પાળ મુનિ વર્સિટીઓ ઉપજાવી શકી નથી કોઇ ગડ્યાપડ્યા શોધકો કદાચ પોતાની અનેક લાખો રાત્રીઓના ઉજાગરાનું ફળ સમાજને વગર ફીએ અર્પણ કરવા માગતા હોય તો પણ તેઓના એ દાનને સાર્થક કરી બતાવવા જેવું આદર્શ સમૂહ માનસ પણ અત્યારની પ્રજાઓ કેળવી શકી નથી

અને છતાં માનવજાતના સૈકાઓના ઉત્ક્રાન્તિક્રમે સરકારેલ એ માનવપક્ષી હૃદય યુગેયુગમાં, પોતાના જીવનની અતિ અલ્પ ચિનગારીથી પણ, પોતાની જાતિને કાંઇ ને કાંઇ ફૂંક આપવા તલસી રહ્યું છે. અને જે અગમ્ય પ્રેરણાથી અજ્ઞાન પક્ષી પોતે ટાઢ સહી ઈંડા

જીવનનું પરોઢ

૧૦ દેશી વિદેશી શિક્ષકો

સૌ ફરજન. નારપતિ, આડુ (પીચ), જરદાલુ વગેરે ફળઝાડોને બીઆળાને અંતે ફૂલની ચાદર ઓઢેલાં કોઈ વાર જોયાં છે? એ ફાલે છે ત્યારે તેમાં પાંદડા લગભગ હોતાં જ નથી. ફૂલ ખરી ફળ બેસી જાય પછી તેને પાદડા ફૂટે છે. ઝીણી ઝીણી પાંદડીઓથી જેમ આંબલીનું ઝાડ એવું ઢંકાઈ રહે છે કે તેની ડાળડાળી નજરે નથી પડતી, તેમ સફેદ ગુલાબી ફૂલ પાંદડીઓથી આ ફૂલવૃક્ષો એવાં ઢંકાઈ જાય છે કે તેની નાની મોટી શાખાઓ પણ મુરઝેલીથી વરતાય. આખું ઝાડ જાણે ફૂલનો જ ઢગલો!

શીનિકમમા પૂજ્ય બાપુજી પણ એવી રીતે મહોર્યા હતા. જીવનની ચોમેર તેઓએ સાત્ત્વિકતા પ્રકટાવી હતી. માનવ દુર્બળતા તેમના પર અસર જ નહોતી કરતી. વ્યક્તિગત, સામાજિક, રાજનૈતિક, કૌટુંબિક બધાં ક્ષેત્રોમા તેમણે એકએકથી ચડિયાતા પ્રયોગ આરંભી દીધા હતા એક તરફથી આજન્મ બ્રહ્મચર્યવ્રત મારણ કર્યું હતું, બીજી તરફથી સત્યાગ્રહનુ બીડું ઝડપ્યુ હતુ, ત્રીજી તરફથી ધનસંગ્રહ કરવા આડે જુવાનીઓનું જીવન આખું તેડફાઈ જતું બચાવવા બેહદ મહેનત આરંભી હતી. આ બધું સુંદર હતું; પણ સૌથી ભવ્ય તો એમનો શિક્ષણનો નવો પ્રયોગ હતો. પરંતુ કમનસીબે એ શરૂઆતથી જ ડંભાઈ ગયો. મારૂં પોતાનું જ નહિ, મારા સદ્‌ભાગી બાળકોનું જ નહિ, પણ આપણા આખા સમાજનું હું એ દુર્ભાગ્ય સમજું છું કે બાપુજીએ આરંભેલો શિક્ષણનો એ પ્રયોગ પૂરો કરવાનો તેમને અવકાશ ન મળ્યો. આદર્શ કેળવણીના તેમનાકોડ અધૂરા જ રહ્યા.

આજે એ વાતને ત્રીસ વરસ વીતી ગયાં છે છેલ્લાં ત્રીસ વરસમાં કેળવણીશાસ્ત્રની ખીલવણી બહુ ભારે થઈ છે. માનસિક અને વૈજ્ઞાનિક વિશ્લેષણને આધારે કેળવણી આપવાની ઉત્તમ રીતો શોધાઈ છે. કેળવણી આપવાની પોતાની રીત બાપુજી આગળ ધરે છે ત્યારે આજના અદ્યતન કેળવણીકારોને એમની ભણાવવાની રીત કેમલી અને પુરાણી લાગે છે અને એમની આધ્યાત્મિક વાતો અવ્યવહારૂ આદર્શની લાગે છે. અને વાત પણ સાચી છે કે બાપુજી કેળવણી આપવામાં 'અપ-ટુ-ડેટ' નથી. પણ બીજા કેળવણીકારોની પેઠે તેમણે કેવળ કેળવણીના જ કામમાં સમાધિ લીધી હોત તો જગતને તેમણે આજ સુધી જેટલી ચીજો આપી છે તેથી ઘણી વધુ સરસ ચીજ આપી હોત અને એમનો પ્રસાદ ઝીલવામાં જગતને જે વિલંબ થયો કરે છે તે ન થાત એમણે તૂટક અને છૂટક પ્રયત્નો ઘણા કર્યા, પણ સળંગ એકધારો પ્રયોગ ન ચાલી શકયો એથી જ એમની બીચડી અર્ધી બળેલી અને અર્ધી કાચી નીવડી.

શીનિકમમાં અમારે માટે નિશાળ અને છાત્રાલયનો જે પ્રારંભ થયો એ વિશ્વબંધુત્વ અને માનવતાના વિકાસની તાલીમ આપવાની સમર્થ યોજના હતી; આર્યત્વની ઉત્ક્રાંતિનું પગલું હતું. દેશેદેશના શિક્ષકો અને બધા ધર્મના વિદ્યાર્થીઓનો સમૂહ દૈવયોગે એકઠો થયો હતો. અને તે સ્થિતિનો સદુપયોગ કરવાની બાપુજીની હિંમત હતી. નાતાલ-ટ્રાંસવાલના જે કેદીઓ સત્યાગ્રહને લીધે જેલ ગયા હતા તેમના છોકરાંઓની કેળવણીનો ભાર બાપુજીએ પોતાને માથે લીધો હતો અને તેમને શીનિકમ-શાળામાં દાખલ કર્યા હતા. આમાંના કેટલાક મદ્રાસી ખ્રિસ્તી અને કેટલાક ગુજરાતના મુસલમાનો પણ હતા. ભણવાની વ્યવસ્થા તો શાળામા થાય, પણ રહેવાનું શું? છાત્રાલય કાઢવું જોઈએ, તેને માટે મકાન જોઈએ, તેથી જે બારે સારી વ્યવસ્થા અને એક સ્વતંત્ર ગૃહપતિ જોઈએ; અને છતાં બાપુજીને મતે છાત્રાલયમાં સંસ્કારની કેળવણી અધૂરી જ રહે.

બાપુજીએ આ કોયડાનો સરસ તોડ કાઢ્યો. શીનિકમવાસીઓના દરેક કુટુંબમાં બબ્બે ત્રણત્રણ વિદ્યાર્થીઓ સમાવી દેવાની યોજના તેમણે પડી અને ઘેરઘેર

જઈ બહેનોને સમજાવી તેનો અમલ શરૂ કરી દીધો. 'તમારા દીકરાને રાખો તેથી વધુ આમને રાખજો' એ રીતે ભલામણ કરી અને આ રીતે કુટુંબનો વિકાસ કરી કુટુંબોને જનસેવામાં લેવાની ઉજ્જ્વલ આશા તેમણે રાખી સત્યાગ્રહાશ્રમ કે રાષ્ટ્રીય શાળા અને ગૂજરાત વિદ્યાપીઠનો આ પહેલો અંકુર

અમારા ઘરમાં ત્રણ વિદ્યાર્થીઓની ભરતી થઈ હતી બધા મારાથી દોઢી–બમણી ઉંમરના હતા એ ત્રણમાં બ્રહ્મચારીમ જે સૌથી શાણો ને હોશિયાર હતો તેનું મને સ્મરણ રહી ગયું છે બીજા બેના નામ કે આકૃતિ પણ યાદ નથી આવતી આણંદવાવકાકાને લાવા પ્રેમજી કરીને વિદ્યાર્થી હતો અને તેને નિમિત્તે રોજ ને રોજ કંઈ ઝગડો ને વિવાદ બબાલ ચાલ્યા કરતા તેથી તે યાદ છે, અને બાપુજીને લાવા રહેલા વિદ્યાર્થીઓમાં માણેકમ્ તેના તડ તડ ડાના તમાચાને લીધે સાંભરે છે અમારી નિશાળમાં તે વડા વિદ્યાર્થી હતો અને કલાકે કે કલાકે ફેંકાતા મારતરોમાં તે બધાની સળગ વ્યવસ્થા સાચવનાર હતો અમારી શાળાના આચાર્ય હતા મિ કેલેન્ડર

અમારી શાળા સરસ હતી કે અમારા છાત્રાલયો સારા હતા એ કહેવું કઠણ છે હું તો મારા જ ઘરમાં પોતાના બાપાપ પાસે હતો એટલે છાત્રાલય વિષે મારો અભિપ્રાય વજૂદ વિનાનો ગણાય, છતાં મને ખ્યાલ છે કે વિદ્યાર્થીઓના ભણતર કરતા તેમના રહેવાખાવાની સગવડ સારી હતી મહેમાન વિદ્યાર્થીઓની સરભરા ચીવટથી થતી અને હિંદુના ઘરમાં મુસલમાન બાળકને પરાયાપણું ન લાગે—પોતાનું ઘર સાંભરી ન આવે તેને માટે પુષ્કળ મહેનત લેવાતી અમારા ઘરમાંનો ઉત્તમમાં ઉત્તમ ખંડ જુદો કાઢી આપવામાં આવ્યો હતો લાંબા પણ પલંગો, જમીન પર સુંદર જાજમ, નાના ટેબલ–ચેરીઓ વગેરે એવું સરસ ગોઠવાએલું રહેતું કે જ્યારે હું એ ખંડમાં જતો ત્યારે કોઈ ધનીના બંગલામાં જઈ ચડ્યો હોઉં એવું લાગતું એ ઓરડામાં શાંતિ પણ બૂબ રહેતી. એ વિદ્યાર્થીઓ એકબીજા સાથે વાત કરતા તે પણ ધીમે ધીમે ઘરના લોકોને જણ ન થવા દેતા કે અહીં વિદ્યાર્થીઓ વસે છે મારા સ્મરણ પ્રમાણે એ વિદ્યાર્થીઓ ચાર છ માસથી વધુ અમારે ત્યાં નહોતા રહ્યા, પણ એટલો વખત અમારા ઘરનું વાતાવરણ બહુ ગંભીર રહ્યું પ્રસન્ન રહ્યું એમ ન કહી શકાય, કારણ ઘરમાં હાસ્યવિનોદ ભાગ્યે જ દેખા દેતો અને તેથી મને એ ગાંભીર્ય પ્રિય હતું મગનકાકા કે બા મારા પર ચીડાય ત્યારે મને જે અકળામણ ન થતી તે આ ગાંભીર્યથી થતી

પરિસ્થિતિ પારખવાની મારી એ ઉંમર ન હતી, પણ મન પર પડેલા એ છાપને આજે વિશદ કરતા સમજાય છે કે ગમે એટલી મહેનત અને સરભરા છતાં મારા ઘરમાં મોટેરાઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે માનસિક તાણ હતું, કારણકે હૃદયનો વિકાસ બાપુજીના આદર્શો જેટલો નહોતો થયો. વિદ્યાર્થીઓને આવી રીતે રહેવું માથે આવી પડ્યું હતું શહેરી જીવન, માબાપની હૂંફ, ખર્ચમાં છૂટ એ બધું એમને પરાણે છોડવું પડ્યું હતું. તેઓ માબાપના મોકલેલા હતા, હોંશે આવેલા નહિ અને વિદ્યાર્થીઓને રાખનારાઓને આ કર્તવ્યભાર વસમો થઈ પડ્યો હતો આખો દિવસ તેમના જ રસોઈપાણી કરવામાં રીતનો પોતાના ઘરકામને માંડ પહોંચી વળાય ત્યાં આ વધારો, અને છતાં વિદ્યાર્થીઓને ગજા રાખવા ભારે કોઈ રસોઈમાં એક વાધો કાઢે તો કોઈ બીજો ઘરના છોકરાને ટાઢું કોરું આપીને યે ટંક ખેંચી કઢાય, પણ આમને માટે ત્રણે ટાણાં તાજી રસોઈ કરવી પડે. રસોઈ ઉપરાંત વાસણ, કપડાં, સફાઈ વગેરેની ઝીણી ઝીણી વાતો પણ મન ઊંચા કરવાને પૂરું કારણ આપે આ દશામાં દેખાવે પરસ્પર પૂરું સજ્જનતાભર્યું વર્તન હોવા છતાં બારના વિદ્યાર્થીઓનું કુટુંબમાં એકરૂપ થઈ સમાઈ શકવું કઠણ હતું અને આવા દ્રવ્યો એકરૂપ કરનારા રસાયણશાસ્ત્રી બાપુજી એ રસાયણશાળામાં હાજર ન હતા કે જેની પગલે પગલે પેદા થતા સંકુચિત ભાવોને આદર્શામૃતથી ઓગાળી નાખી ચોમેર હૃદય ઔદાર્ય રેલાવે તેઓ આ શાળા અને આવા કૌટુંબિક છાત્રાલયો શરૂ કરી નોઆખલિસમાં જેટલે દૂર સત્યાગ્રહની લડાઈમાં સડોવાયા હતા પરિણામે આ છાત્રાલયોનું આયુષ્ય બહુ ટૂંકું નીવડ્યું અને ત્યાર પછી બાપુજીએ બીજી વાર આવો અખતરો કદી કર્યાનું મને યાદ નથી આવતું

એ છાત્રાલયો અલ્પજીવી નીવડ્યાં, પણ નિશાળ ધીમે ધીમે વધતી ગઈ નિશાળનું સ્વરૂપ ત્રણ મહિના સુધી એકસરખું ભાગ્યે જ રહ્યું, પણ નિશાળ સતત ચાલતી રહી મિ કેલેન્ડરે રીનિક્સ છોડ્યું ત્યાં સુધી

ઓમને ઘેર જ અમારી નિશાળ ચાલતી. ઓમનું ઘર ફ્રીનિકસને ઉત્તર છેડે એકાંતમા હતું. એ પતરાંનું ન હતું, પણ માટી અને વાસનો બાસો બંગલો હતો. આસપાસ મોટો બગીચો હતો. બંગલાની ચારે તરફ પથ્થરોથી પહોળી બાંધેલી ઓસરી (વરંડા) હતી અને બાગમાં પહોળી કાંકરા પાથરેલી સડક હતી. તેમના ઘરમાં તેઓ અને વિલી બે જ જણ હતા; ક્વચિત એકાદ નોકર. પણ ઘર પૂરેપૂરું સ્વચ્છ, સુઘડ અને વ્યવસ્થિત રહેતું. ઓમણે દસબાર ઘોળાં સસલાં પાળેલાં. ઓની આળપંપાળમાં ક્રોર્ડિસ સાહેબ ઘણો મોટો વખત ગાળતા. અમે જઈએ કે સસલાને છૂટાં મૂકી દે અને બગને તેમની પાછળ દોડાવે. બાગની ચેલીમેર માથોડાથી યે ઊંચા ઘાસમાં ઓ સસલાં છુપાઇ જાય ને ભાગતાં ફરે તેમા ઘૂસી જઇ ચપળતાથી અમારે એ પકડી લાવવા પડતાં. સસલાંની ઝડપે દોડવું સહેલું ન હતું. પણ મારા જેવો કોઇ ઢીલો પડી સસલાં પકડવાનું માંડી વાળે તો પિ ક્રોર્ડિસ ઠીકઠીક ફટકારતા. તેઓ અમલી જર્મન ખમીરના ખરને, એટલે આવી રીતે અમારામા શરીરની ચપળતા ને તિતિક્ષા વધારવાની તેમને ભારે ચીવટ હતી.

ભણાવવાની તેમની ઢબ પણ અનેરી હતી. બોલીને સમજાવવાનુ તેઓ ભાગ્યેજ કરતા. ધોંટા પાડીને કાનમાંથી સોસરો મગજમાં પહોંચાડવાનો પ્રયોગ તેમણે કે બીજા યુરોપીઅને કર્યાનું મને સાંભરતું નથી. આગ્રહ અને પ્રત્યક્ષ અનુભવ કરાવીને સમજાવવાની તેમની ટેવ હતી. ઉદાહરણાર્થ, સુસેક્સન શીખવવા માટે તેમણે ત્રણથા ચાર ફૂટ લાંબી અને અર્ધો ઇંચના વ્યાસની મોટી પેન્સિલો અમારી પાસે બેવડાવી હતી. લખતી વખતે તેનો ઉપરનો છેડો અમારા જમણા ખભા ઉપર થઇ ટેરવવો પડતો અને તેને પકડવામાં અંગૂઠો તર્જની સાથ રીબા રાખી લખવું પડતું. જરા આંગળાં પાકાં તળે કે પેન્સિલ ખભાની રીબાણથી આડી ખરળી થાય કે ચોર પગે પીઠ પાછળ આવી એક ઝટકે પેન્સિલ આંચકી લઇ તેઓ નેત્રણવાર જોરથી આંગળાંના ટેચા ઉપર ચોડી દેતા. અક્ષર સુધરે કે ન સુધરે, આ શિસ્તનું પાલન તેમની શાળામાં દરેકે કરવું જ પાડતું. કમાયત વખતનો તેમનો ત્રાસ ઉપલા ઉદાહરણ પછી વર્ણવવાની જરૂર નથી રહેતી. કોઇના ભાર ન હતા કે પગની પાનીના ખૂણામાં જરા પણ ફેર પાડે અથવા ગેરહાજર રહેજ પણ ઝુકાવે. તેમનો હુકમ થતાં વાંદરા જેવી ઝડપે ઝાડ પર ન ચઢી જાય અથવા ઝાડ પરથી ઊતરતા તેઓ કહે એટલી ઉંચાઇથી કૂદી ન પડે તેને કમાયતની શિસ્તભંગ જેટલો જ ફટકારવામાં આવતો. તેમની બે સજાઓ વિચિત્ર હતી. એક વાતવાતમાં ખૂણામાં દિવાલ સામે ઊભા રાખવાની અને બીજી 'અપસાઇડ ડાઉન આપવાની'—એટલે કે પોતાના એક હાથ પર વિદ્યાર્થીને ઊંધો ઊંચકી પોતાના ચંપલ વડે વિદ્યાર્થીની બેઠક ઉપર દસ પંદર જોડા ચોડી દેવાની' જેલમાં પડતા કેદીઓની આ હળવી આવૃત્તિ ગણાય. ક્રોર્ડિસ સાહેબનો આ મહાપ્રસાદ રોજ એકબે જણને તો મળેજ જ. રોજ નિશાળ ઉઘાડવાની અને બંધ કરવાની ક્રિયા આ અનુષ્ઠાન વડે થતી એમ કહેવું વધારાપડતું નહિ ગણાય. અને ખરેખર એ અનુષ્ઠાન જ હતું, કારણ ગુનો થતાંની સાથે 'અપસાઇડ ડાઉન' ન મળતો. પહેલા હુકમ ફરમાવવામાં આવતો કે તને દસ, તને પંદર તને આઠ અપસાઇડ ડાઉન મળશે. હુકમ મળ્યા પછી અરધો કલાક ખૂણામાં વર્ગસાથે પીઠ કરી ઊભું અવળું જોયા વિના ઊભા રહેવું પડતું. પછી વર્ગમાં ભણવાનું ચાલતું અને નિશાળ પૂરી થયા પહેલાં અરધા કલાકે એક ઓરડામાં પુરાવું પડતું, જ્યાં સાહેબની પ્રસાદી મળતાં સુધી રાહ જોતા બેસી રહેવું પડતું સદ્‌ભાગ્યે હું નાનો હોવાથી મારે નસીબે આ પ્રસાદ બે જ વાર આવ્યો હતો. એકવાર આંગળાના નખ વધેલા હોવાને કારણે એક કલાક ખૂણામાં ઊભા રહેવું પડ્યું તે પછી અરધો કલાક ઓરડીમાં પુરાવું પડ્યું. જ્યા ચંપલની પ્રસાદી તો ન મળી પણ બહુ જ કઠોરતાથી મારા નખ કાતરી તેમણે બીજી કાનસે ઘસી નાખ્યા અને બરડ થશે વડે સાબુથી ધોઇ નાખ્યા. બીજી વારે હું નિશાળે મોડો પહોંચ્યો તેથી ગુનેગાર હોવો અને ખૂણામાં ઊભા પછી ચંપલના બદલે જ ફટકાથી છૂટવો બધા વિદ્યાર્થીઓમાં હું નાનો અને નબળો, તેથી મારા પર તેમનો હાથ ઓછો ચાલતો અને મગનકાકાના આંતરા પણ મને કોપભાજન બનવામાંથી ઊગરવાની કલા શીખવી દીધી હતી.

શાસન, વ્યવસ્થા, સફાઇ વગેરે પર ક્રોર્ડિસ સાહેબ જેટલું જોર દેતા તેટલું ભણવા પર ન દેતા રામાયણ

કાકાને અંગ્રેજી ભણાવવા પાછળ ખૂબ મહેનત તેતા ખરા, પણ સાધારણ રીતે એમનું ભણાવવું એ જાત જાતનો વિનોદ અને પદાર્થપાઠો જ હતા સસલા, બિલાડા, કૂતરા, ઉંદર વગેરેના અવયવો, આખ નહોરના તફાવત તથા તેમની ખાસીઅતો વર્ણવવી, તેમ ચિત્ર બતાવવા, તે પ્રત્યક્ષ બતાવવા અને તે બાબતની સહેલી સહેલી ચોપડીઓમાંના વર્ણનો વંચાવવા, નકશાઓ બતાવવા, ભાતભાતના ભૌગોલિક દૃશ્યોના કાર્ડ તેને સ્પષ્ટ બતાવનાર કાવ્યમાંથી બતાવવા ઇત્યાદિમાં એમનું ભણાવવું સમાપ્ત થઈ જતું મારા પિતાશ્રીને તો આ ભણતર જ ન લાગતું અને નકામો વખત બગડતો લાગતો, તેથી એકવાર તો તેમણે મને એ નિશાળે જતો બંધ પણ કર્યો હતો તેમના વૈષ્ણવ માનસને આવું પશુપક્ષીઓનું ભણતર રુચતું નહિ પણ વળી ફ્રીનિકસમાં નિશાળ એક જ રહી એટલે મને કોર્ડિસ શાળામાં જવાની છૂટ મળી મને તો ત્યાં ગમતું આ શાળામાં ગુજરાતી, ગણિત વગેરે શીખવવા પ્રેમમાંથી અરધો પોણો કલાક મગનકાકા કે કોઈ વારાફરતી આવી જતા ત્યારે આગે હીક એકાગ્રતાથી ભણતા. ભણતર એ જ હતું, બાકીના સસ્કારો હતા અને જો લાગલાગટ ચારેક વરસ અમારા આચાર્ય કોર્ડિસ સાહેબ રહ્યા હોત તો જર્મન સ્ફૂર્તિ અને કડકાઈ અમારા જીવનમાં સ્થાયી થયા હોત પણ તેઓ સાહેબ બાજુ ફ્રીનિકસમાં રહ્યા જ નહિ

શરૂઆતમાં કહ્યા તે ત્રણ ગાલયો અને કોર્ડિસ શાળાના સમય દરમિયાન બીજા પણ કેટલા યે અનુભવો મને થયા એનો ચોક્કસ કાળક્રમ નહિ સાચવી શકું, પણ આ બધા અનુભવો એ સમયની આસપાસના છે મારા જીવનને દોરવામાં દેવદાસ કાકાનું વ્યક્તિત્વ એ એક પ્રબળ બળ હતું, તેમ બીજા વિદ્યાર્થીઓની પણ મારા પર અસર પડી તેમાં સૌથી વધારે અસર અમારા ઘરમાં રહેતા ઇબ્રાહીમની થઈ. તે ભણવામાં, સફાઈમાં, બોલવામાં બહુ ચતુર હતો એ જે વાત કરતો તેની મારા પર ખૂબ અસર પડતી મુસલમાનોના ગુણોની તેની વાતો મને મુગ્ધ કરતી અને આમારું હિંદુપણું ઊતરતું લાગતું જનતની કલ્પના કોઈ પરીઓની સૃષ્ટિ સમી મનમાં ખડી થતી અને એમ જ ભાસતું કે ઇબ્રાહીમ એવા જ કોઈ દેશમાંથી આવેલો છે મુસલમાનોને કુરાન અને ક્રિશ્ચિયનોને બાઇબલ તેમ હિંદુઓને કોઈ ધર્મગ્રંથ જ નહિ એ મને પોતાને વિષે ભારે ખોડ લાગતી હિંદુપણામાં કાંઈ નથી જણ્યું અને મુસલમાન તથા ક્રિશ્ચનો ભાગ્ય શાણા છે એવી શંકા મને એ વખતે મનમાં પેદા તે બહુ મોડે મોડે સસ્કૃત શીખ્યો અને આર્ય સસ્કૃતિનું તથા સામાજિક ધાર્મિક આદર્શોનું દર્શન થયું ત્યાસુધી થોડીઘણી મનમાં રહ્યા જ કરી મને વટલાવવાના કે હિંદુઓને ભાડવાના ઇરાદાથી ઇબ્રાહીમે પ્રચાર કાર્ય ચલાવ્યું હતું એમ મને નથી લાગતું, પણ તેની પોતાના ધર્મ અને પોતાની સસ્કૃતિ ઉપરની શ્રદ્ધા એટલી જીવતી જાગતી હતી કે ડગલે ને પગલે તેના વિષેની મોટી મોટી વાતો કરવામાં તેને આનંદ આવતો. જેમ કોઈ સીનેમાનો શોખીન વાતવાતમાં પટના દૃશ્યોનો ઉલ્લેખ કર્યા કરે તેમ ધર્મનિષ્ઠ ઇબ્રાહીમ વાતવાતમાં પોતાના પવિત્ર કુરાન અને પોતાના બાપ વગેરેની ધર્મનિષ્ઠાની વાતો કરતો શહેરી જીવનની પોતાના ઘરની પણ વાતો કરતો અને મને એ બધું સાભળવામાં વાર્તા સાભળવા જેટલો રસ આવતો ફ્રીનિકસમાં નામામોટા સૌ ઇબ્રાહીમ વખાણ બહુ કરતા મારી મૂઢતા ની નિંદા બચપણથી જ થયા કરતી, તેથી જેનો હોશિયારીના વખાણ હું સાભળું તે મને કોઈ અદ્‌ભુત અને સ્પર્ધિ જીવ લાગતો તે વ્યક્તિની શક્તિ તથા હોશિયારીનું મૂળ કયા છે એ હું તપાસ્યા કરતો અને મારી કલ્પના પ્રમાણે ચતુરાઈ પ્રાપ્ત કરવાના તેવા પ્રયોગો અજમાવતો

ઘણા દિવસના અવલોકન અને મનન પછી ઇબ્રાહીમની ચતુરાઈ અને શાણપણાનું મૂળ મેં શોધી કાઢ્યું. એ જે કઈ કામ કરતો કે જ્યારે કશું બોલતો ત્યારે તેનું ઊંચું લાંબું નાક સળવળતું નાકની ચામડી ઊપરનીચે એમ તણાયા કરતી અને નાકના મૂળમાં— જ્યાં ચશ્માની કમાન રહે છે તે જગ્યાએ—કરચલીઓ પડ્યા કરતી મને થયું કે ઇબ્રાહીમની શ્રેષ્ઠતાનું મૂળ કારણ ધાનું આ ચિહ્ન જ છે' એવું જ ચિહ્ન જો મારા નાક ઉપર પણ થઈ જાય તો હું પણ તે જેવો જ ઉસ્તાદ અને મારો ગણવા લાગું' આથી નાક પર ડાઘો પાડવા મેં છાને ખૂણે સતાઈ વાટકાની ઘારથી મારા નાકની ચામડી ચારપાંચ દિવસ સુધી

રોજ થોડી થોડી છોલી નાખી અને સવારે ઊઠી અરીસામાં જોયા કર્યું કે ડાઘો બરાબર ઇચ્છાદીમના નાક પરના ડાઘા જેવો થયો કે નહિ! પણ મારું કમનસીબ કે ડાઘો લાખો ને સાંકડો થવાને બદલે પહોળો ને બેડોળ થઈ ગયો. નાક પર વેદના તો ખૂબ રહી, પણ હોશિયારી વધારવાના લોભે એ સહન કરી. ઘા કંઈક રૂઝાયા પછી ફરી વાર એ સુધારવાને નાક છોલ્યું, પણ એ સુધારો થયો જ નહિ અને મારે નસીબે ઠોઠ જ રહેવાનું છે એમ મન વાળી મેં એ પ્રયાસ છોડી દીધો. આજકાલના કેટલાક વૈજ્ઞાનિક સંશોધનોના અખતરા વિષે હું વાંચું કે સાંભળું છું અથવા હાથરેખાના જ્યોતિષ વિષે વિચાર કરું છું ત્યારે મને બાળપણમાં મારું નાક છોલવાનો પ્રયોગ સાંભરી આવે છે અને થાય છે કે હું તે વખતે અણસુઝને કારણે જેવા ભ્રમમાં હતો તેવા જ ભ્રમ આ માણસોની અલ્પજ્ઞતાને કારણે શા સારૂ ન હોય!'

'હું'—'આપણે હિંદુઓ' કમનસીબ અને નમાલા છીએ એ ભાવના ઇચ્છાદીમના સહવાસથી મનમાં જેમ ઘર કરી ગએલી તે જ પ્રમાણે ગોરાઓના સહવાસથી મનમાં ઊંડી છાપ પડી ગએલી કે 'આપણે હિંદીઓ' નાલાયક, ગદ્ધા અને દોષપાત્ર છીએ અને ગોરાઓ બધા ડાહ્યા, ભૂલ ન કરનારા તથા જેવા ઉપરથી સાફ છે તેવા જ મનના પણ પૂરેપૂરા નિર્મળ હોય છે. ગોરાઓ ત્યાં પોતાનો હમામ ચલાવી પોતાની શ્રેષ્ઠતાની છાપ પાડતા હતા એમ નહિ, પણ હિંદી કોમનું નાક સાચવવાની ચીવટ તથા વિરોધીઓનો પ્રેમ મેળવવાની નીતિને લીધે બાપુજીએ તેમનું બહુમાન કરવાની પ્રથા ચાલુ કરેલી તેથી અમારે ત્યાં બાપુજી આવે ત્યારે જે ભારે સત્કાર થતો તેના ચોથા ભાગનો ગોરા મહેમાનોનો પણ થતો. તેમની સાથે પિતાશ્રી-કાકા બધો સમય હાજર રહેતા અને તેમની બધી આવશ્યકતાઓ પૂરી કરતા તેથી એમની શ્રેષ્ઠતા મારા મગજમાં ઠસી ગઇ. બીજું એમની ભાષા—અંગ્રેજી બોલી—ની પ્રતિષ્ઠાને લીધે પણ એ લોકો વિશેષ સામર્થ્યવાળા ભાસવા લાગ્યા. બધી ચર્ચા અંગ્રેજીમાં થાય, બધી ચોપડીઓ અંગ્રેજીમાં મળે અને બધા હાસ્યવિનોદ અંગ્રેજીમાં ચાલે. અંગ્રેજી ન સમજે—ન બોલે તે જાણે પૂરા માણસ ન હોય તેમ તેમને આ ચર્ચા—વિનોદો આવે જેવી સાંભળવાના જ રહે. વળી જે ગોરાઓ આવતા તે ખૂબ સંસ્કારી, વિદ્વાન, ભલા અને સદા પ્રસન્ન રહેવાવાળા આવતા. તેઓ વિનોદમાં ને વ્યવહારમાં ઘણી રીતભાતો ને નવું નવું શીખવી જતા તેથી પણ તેમને વિષે મારા મનમાં દેવત્વ વસી ગયું હતું.

આવા ગોરા મહેમાનોમાં મિસ્ટર પોલાકનું નામ પહેલું ગણાવવા જેવું છે. તેઓ અમારે ત્યાં વારંવાર આવતા અને બહુ હળી ગયા હતા. તેમણે પોતાનું નામ પણ કેશવલાલ રાખ્યું હતું. રવિવાર જેવે દિવસે નવરાશ કાઢી કેશવલાલ સાહેબ, મગનકાકા અને બીજાઓ ઘરના બાગમાં કોઈ છાયા નીચે બેસી આનંદથી ભોજન કરતા અને તે પહેલા નાળામાં કલાકો સુધી નહાવા-ધોવા હજામત વગેરેનું ચાલતું. તરવા જેટલું પાણી તો હતું નહિ, પણ કમર ઉપરાંતના પાણીમાં ઊભી એકબીજાને પાણી ઉડાડવા, નાળા પર ઝૂલતી ડાળી પર ચઢી પાણીમાં પાડી દેવા વગેરે તોફાન મસ્તી અને હસાહસ હું કાંઠે બેઠો જોયા કરતો. મોટાઓની રમતમાં ભળવા જેવડો તો હું ન હતો, પણ આવી ધીંગામસ્તીમાં યે સભ્યતા, ઋજુતરાડાનો અભાવ અને હસવા રમવાની રીતનું જાણે મારું અધ્યયન ચાલતું. એ જોકે સંકલ્પપૂર્વકનું તો ન હતું. વિશેષ મજા દરેકના શરીરના જુદાજુદા ભાગો, સ્નાયુઓ વગેરે જોવામાં આવતી. મિ. કોલાડસની તાલીમને લીધે હાથ, પગ ને છાતીના સ્નાયુઓ વિકસાવવાની ઇચ્છા જાગેલી. વળી પાશ્ચાત્ય રિવાજ પ્રમાણે આ બધી જલક્રીડા અને બેએક કલાકની રમતગમતો દિગંબર વેશે થતી તેથી શરીરો જોવાની વૃત્તિ સહજ થતી, કારણ કે બાજુમાં સાવ બાળક તો રહ્યો ન હતો. છતાં એટલું કહી શકું કે એવી રીતે આખાં ટોળાંનાં ટોળાંના નગ્ન સ્નાનની મારા ઉપર કશી માઠી અસર નહોતી થઇ. નખશિખાંત ગોરા કાળા રૂપની અસર થતી અને કેશવલાલ સાહેબ જેવું શુભ્ર શરીર ન મળવા માટે બીજા બધા મને કમનસીબ દેખાતા.

મિ. પોલાકની આંગળી પકડી ફરતા ફરવાનો લહાવો મને ઠીક મળતો. તેઓ અંગ્રેજીમાં ઘણું ઘણું પૂછે, પણ હું બહુ થોડું સમજું. છતાં એમ કહી શકાય કે નાના સવાલ જવાબો કરી તેમણે મને ઠીક અંગ્રેજી સમજતો કરી દીધો. તેઓનું બોલવું એટલું ધીમું હતું

કે તેમણે મારા કાન પણ સારી પેઠે તીક્ષ્ણ કર્યા એમનામા ભાળ સ્વભાવ અને માધુર્ય એટલા ભર્યા હતા કે ફ્રીનિકમમા એ એક જ એવા મોટા માણસ હતા જેમની પાસે હું બેધડક જઈ શકતો અને ભાગ્યા તૂટ્યા અંગ્રેજી વાકયો બોલ્યે રાખતો

ગણાવવા જેવા બીજા ગોરા મહેમાન હતા મિ આઇઝેક. તેઓ ભારે વિદુષક હતા સરકસના વિદુષક જેવા કૃત્રિમ નહિ, પણ સ્વભાવે જ આવે લાની ટીખળ શરૂ કરે તે જાય ત્યાં સુધી ટીખળ રાતે ઊંઘવા-ની ઘડી સુધી ટીખળ સીવું બોલવું જાણે એમને આવડતુ જ ન હોય ને?

મિ આઇઝેક ખુરશી પર બેઠા સાધારણ ખુશ બબર પૂછતા હોય ત્યા એકાએક પોતાના પગનો અંગૂઠો ઊંચો કરી નચાવવા માડે અને પોતે જ વોય વોય' કરતા ભાગે સાથે રોવા જેવા થઇ જાય 'અરે, આ ટેરકાએ મારા પર ચડાઇ કરી' ભાગો ભાગો' એમ કહી છોકરાઓનુ આખુ ટોળુ પોતાની પાછળ ખેંચી જાય સેંકડો જાતની વાકડી ચાવે ચાવે. કેટ લી યે જાતના વાકા મોઢા કરે રાગડા તાણી તાણી જોડકણા ગાય રીંછો ને વાદરાની વાતો પૂરા અભિ નયથી કરે મિસ્ટર આઇઝેક એટલે પળેપળે ખડખડાટ હસાવી મૂકનાર એક પત્ર જ સાભળનાર કટાળે તો યે ફેનોગ્રાફના રાગડા જેમ બધ થાય જ નહિ, તેમ બોલવ હસાહસથી માણસ કટાળે, તેને બધુ નીરસ લાગે બતા આઇઝેક સાહેબના ટીખળ મટે નહિ એટલુ ખરૂ કે એમના ટીખળમા કયા યે અસરકારિતા, આજકાઈ ક બીજાને દુભવવાપણુ ન હતુ. આપણે ત્યા વિનોદ ટીખળ લગભગ અશ્લીલતાના ક્ષેત્રમા પહોચી જાય છે, પણ એ ગોરા સજ્જનના ટીખળોના વરસાદ વચ્ચે પણ અમને જે કંઇ મળ્યુ તે સારા સરકાર અને હોશિયારીરહિતા

મિસ્ટર સેમ અમને ભણાવતા ન હતા છતા એક રીતે તેઓ શિક્ષક જ ગણાય તેઓ છાપખાનાના એન્જીનિયર હતા. બધા મશીન સભાળવા, ચલાવવા ને સુધારવાનું અને છાપવાનું કામ તેઓ કરતા તેમના હાથ ગમે એટલા કાળા હોય, પણ એમના હાથે થએલા કામમા કયા યે ડાઘાડૂઘી ન પડતા એ અમને નવાઈ હતી ચોપડીઓ બાધે તો કયા યે સરેસનો ડાઘ ન પડે, પત્રિકાઓ છાપે તો કયા યે શાહીના આગળાના ડાઘ ન પડે હું સહેજ રમવા જાઉં ત્યા મારે મોઢે ને કપડા પર ડાઘ પડી જાય, પણ કાળા આગળાવાળા મિ સેમ સદૈવ સાફ હોય આથી એમની કામ કરવાની ઢબનુ અવલોકન કરતા હું ન થાકતો બધુ કામ કળા અને ચપળતાથી થતુ જોયા કરતો વળી તેઓ ભારે શિકારી પણ હતા ઊંચા ઝાડ પરના પાતળા લીલા સાપને પોતાની બદૂકને પહેલ જ ધડાકે પૂરો કરતા બીડમા છુપાઇછુપાઇને ચાલવાની તેમની કળા પણ આકર્ષક હતી અધૂરામા પૂરુ તેમનામા બાળપ્રેમ હતો અમારી ચોરીઓ–અમારા ચુના બીજાને ભાગ્યે જ જડતા, પણ તેઓની ચપળ નજરમાથી અમે છટકી ન શકતા તેઓ અમો પકડી પાડી ધમકાવ્યા વિના સમજાવતા અને અમારી ચાડી ન ખાતા, તેથી તેમની શીખામણ ઝટ ગળે ઊતરી જતી મિ સેમ જે કરવાની ના પાડતા તે ન કરવાનુ મન તરત કબૂલ કરતુ. નામ ઉપરથી કોઇ ન સમજે કે તેઓ પણ ગોરા હશે તેઓ હિંદુસ્તાની હતા અને તેમનુ પૂરૂ નામ ગોવિંદસ્વામી હતુ ઘણેભાગે તેઓ તામિલ ઇસાઈ હતા ઇસાઇ હતા કે હિંદુ તે વીસ મને પાકી ખબર નથી

થોડો સમય અમારે ત્યા એક ચીના ગૃહસ્થ નામે મિ કીન રહી ગયા તેમનો મને બહુ જ આછો ખ્યાલ છે, પણ તેમની પાછળ પાછળ પણ અમારૂ ટોળુ ટીકટીક ભટકયા કરતુ તેમના વિચિત્ર ઉચ્ચારો સા ભળવામા મજા આવતી તેઓ બે નખ વચ્ચે સામા માણસની નસ દબાવી તેને વશ કરવાની ચીનાઇ રીતના પ્રયોગ કોઇકોઇ વાર બતાવતા અને શીખ-વતા તેઓ ઝાઝું બોલતા નહિ. તેમની પાસે જતા કઇક ડર પણ લાગતો એમનો વેષ, હાવભાવ બધુ વિચિત્ર લાગતુ ચીના જિંદે સાભળેલુ ખરૂ પણ એમને મંકોડા, દેડકા કે ઊંદરડા પકડતા ને ખાતા મેં જોયા ન હતા.

એક મિ કિચન હતા. તેઓ બીજાણીના કોવાનો ને ટૉર્ચની ગોઠવણીમા રચ્યાપચ્યા રહેતા અને રોજ માજે નિયમિત રીતે બ્રાસતેજના જૂના બાવી કળા ગોઠવી પિત્તોલ ચડે તે વીંધ્યા કરતા' ગોળીઓનો એ તડતડ અવાજ સાભળવાની અને કયામા ગોળ-ગોળ પડતા કાણા જોવાની તથા તેમના બાવી થએલા કારતૂસો બેગા કરવાની મને મજા આવતી એ મિસ્ટોલશૂટર ગોગ સાહેબે પોતાને હાથે જ પોતાની છાતી

એ બાકી કબ્જાની જેમ વાંપી નાખ્યા એવું તેમના પ્રીનિકસમાંથી ચાલ્યા ગયા બાદ કેટલેક વરસે સાંભળ્યું.

દાઉદ શેઠ, ઉમર શેઠ, રૂસ્તમજી શેઠ વગેરે કરબનના પારસી અને મુસલમાન વેપારી મહેમાનો મહિને બે મહિને એકાદ દિવસ આવી જતા. તેઓની સેવા-પરોણાગતમાં સવારથી સાંજ સુધી ગારે રહેવું પડતું. જે કંઇ પણ ચીજ તેમને જોઇએ તે દોડીને જ લાવવી પડે; ધીમે કામ થાય એ એમનાથી સહન થાય જ નહિ. નવાં શાક શા થયાં, નવાં ફળ શાં થયાં, નવાં ફૂલ કયાં છે એ બધાનો ભોમિયો હું અને તેમને એ પહોંચાડવાથી તેઓ પોતાનો આનંદ ઉભરાવતા. સેવા, પરોણાચાકરી અને રીતરિવાજ શીખવનારા આ મહેમાનો પણ શિક્ષકો જ ગણાય. તેઓ આવે ત્યારે અમે એકાંત બંગલામાં રહેનારા નથી, દુનિયા સાથે અગારો સંબંધ છે એનો ખ્યાલ આવતો

તાત્પર્ય એ કે પ્રીનિકસમા લાગલાગટ બબ્બે વરસ સુધી બાપુજી આવી ન શકતા તોપણ તેમની છાયા દિવસ ને રાત અમારા પર રહ્યા કરતી. એ સાથ નાનકડી ગામડી શાળામા પણ એકાદ આતર્રાષ્ટ્રીય વિદ્યાપીઠ જેવું વાતાવરણ અમને મળ્યુ હતુ અને વિવિધ જીવન-ના સંસ્કારો જીવનેજીવને અમે ઝીલ્યા રહ્યા હતા.

(ચાલુ) મણુદાસ છગનલાલ ગાંધી

નવાં પુસ્તકો

દયાલમાં: લેખક–ગિજુભાઇ, **પ્રવાસેધાર્તા:** લેખક–શંકર શાહ ને નરેન્દ્ર બધેકા, **જાણવું જોઈએ:** લેખક–શંકર શાહ, **કૂદાં અને પતંગિયાં:** લેખક–હેમુભાઇ, **મહમદ-શેલ અને:** લેખક–ગિજુભાઇ, **શબ્દચિત્રો:** લેખક–કમળા-બેન, **વનપુષ્પો:** લેખક–ગિજુભાઈ–દરેકની કિં. પાંચ આના; બધાંનું પ્રકાશનસ્થાન શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર ભાવનગર; **રશ્મિ:** લેખક–રસિકલાલ જોષી, પ્રકાશક–સ્ત્રીબોધ કાર્યાલય વીરમગામ રોડ અમદાવાદ, ૨–૮–૦; **સમર્પણની કથાઓ:** લેખક–રવીન્દ્રનાથ ટાગોર, અનુવાદક–નરસિંહભાઈ ઇ પટેલ, ૦–૬–૦; **નાનકડી વાતો:** લેખક–રમણલાલ નાનાલાલ શાહ, ૦–૬–૦, **વેણીનાં ફૂલ:** લેખક–ઝવેરચંદ મેઘાણી, **સડી-વચ્ચે સોપારી:** અનુવાદક–રમણલાલ સોની, પ્રકાશક–ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધીરોડ અમદાવાદ; **કૉન્ગ્રેસ ગાઇડ:** લેખક–પ્રકાશક–જયંતકુમાર યાજ્ઞિક, બાજવાડા રોડ સોરી વડોદરા, ૦–૮–૦; **ફ્રેટોગ્રાફી:** લેખક–ડી એસ પટેલ, પ્રકાશક–મહાદેવ રામચંદ્ર બગુપટે, ૧–૦–૦; Theosophy: Theosophy Publishing Co. 51 Esplanade Road Fort Bombay, ૦–૪–૦.

બાળ વિભાગ

કલ્પમુદ્રા

ઘણા વર્ષોથી કઠિયારાનો ધંધો કરતો હતો. એમાં બહુ પૈસા તો ન મળતા, પણ એટલી રાજીથી યે એ અને એની બુઢી મા સંતોષ માનતા.

એક દિવસ એ લાકડાં કાપવા ગયો ત્યાં કેટલાંક છોકરાને એક કૂતરાને રંજાડતાં જોયાં. એને દયા આવી ને કૂતરાને છોડાવી પોતાની સાથે લીધો. બીજી એક વખત એક બિલાડીને પણ એ જ રીતે છોડાવી એ ઘેર લાવ્યો. બંને એનાં સોબતી થઇ રહ્યાં.

એવામાં વળી એક દિવસ લાકડાં કાપવા ગયો ત્યાં એક ઝાડ સળગતું જોયું. નજીક જતાં એને ફૂંફાડા જેવો અવાજ કાને પડ્યો ને ઉપર જોયું તો એક સાપ એ બળતામાંથી ફૂંફાડા મારી રહ્યો હતો.

'તું મને કરડે એવી મારતી રહે છે, નહિતર તો જરૂર હું તને બચાવત!' આમતેમ પછાડા મારતા સાપને જોઈ દયા આવતાં તે જરા મોટેથી બોલ્યો.

'તું જરા યે બીશ મા, જીવણ; હું તારું જરા યે નામ નહિ લઉં.' સાપ કરગરતો બોલ્યો. જીવણને તો સાપને વાચા આવેલી જોઈ બહુ નવાઇ લાગી. તેને દયા આવી ને લાંબો સોટો લઇ સાપને તેણે નીચે ઉતારી લીધો.

નીચે આવતાં નમસ્કાર કરતો સાપ બોલ્યો, 'જીવણ, હું બીજા સાપ જેવો સામાન્ય સાપ નથી. તું મને અમારા નાગરાજ પાસે લઇ ચાલ તો એ તને ન્યાલ કરી દેશે. ફરી કદી લાકડાં કાપવાં નહિ પડે એ તને કોથળાબંધ સોનામહોરો આપવા માંડશે, પણ ના, રખે લોભાતો! તારે તો ફક્ત એના ખોળામાં જે વીંટી એ રાખે છે તેની જ માગણી કરવી. જો વીંટી હાથમાં આવે કે તું યે તરત તારી જીભ નીચે એને મૂકી દેજે. એ કલ્પમુદ્રા છે તો એથી તું જે ધારીશ એ વસ્તુ તને આવી મળશે.

જીવણ જરાજાર ઓ સાપના કહેવા પ્રમાણે જ વર્તીને નાગરાજ પાસેથી કલ્પમુદ્રા પણ મેળવી. જીભ નીચે એને દબાવતો એ તો ખુશી ઘેર જ દોડ્યો.

ઓની મા હજુ કચરો વાળતી હતી ત્યાંથી ફાફળો ફાફળો જઈને એ તો ગોસરીમા જ બેસી પડ્યો ને માને કહેવા લાગ્યો 'મા, જા આપણા રાજાને લા, ને એ કુંવરી સાથે મારૂ માગુ નાખ !'

'કઈ બસી તો નથી ગયુ ને ? વાકડા કાપના નથી પાનવતા કેમ ? પાનીદુ વાળતા વાળતા જ ચીડાઈને એની મા બોલી

'ના મા, જે સાભળ !' કહીને જીવણે તો મલકાતે મોઢે હળવે હળવે બધી વાત માને કહી મા પણ હરખમા આવી ગઈ ને ઊપડી સીધી રાજા પાસે તે વિ કુંવરીનું માગુ કરવા.

રાજાને ગુસ્સો તો ખૂબ ચડ્યો, પણ દૈવત પ્રત્યેની ફરજ સભાળી તે ખામોશી ગળી ગયા ને બોલ્યો 'મારા મહેલ જેવો મહેલ મારી કુંવરીને રહેવા માટે તારા દીકરા પાસે છે તેની તો ખાતરી કર !'

જીવણની મા પાછી ગઇ પણ માંએ આવીને વાત કરી કે તરત જ એણે પેલી વીંટીને હુકમ કર્યો, 'અહીં મારા માટે એક સરસ રાજમહેલ થઈ જાય !' ને પલકારામા તો એ થઇ ગયો !

વળી પાછી માને એણે રાજા પાસે મોકલી ચકિત થએલા રાજાએ આ વખતે બીજુ બહાનુ કાઢ્યુ મારી કુંવરીને ચાલવા સોનાનો રસ્તો જોઈએ મારા મહેલથી તારા મહેલ સુધી એ રસ્તો થઇ જાય તો હું ખુશીથી એનો હાથ તારા દીકરાને સોપુ'

માંએ તો જીવણ પાસે આવી વાત કરવાની જ વાર હતી બીજી પળે તો કલ્પમુદ્રાએ આખો રસ્તો સોનાથી મઢી દીધો હતો

રાજાને આ જાણ થતા તો તેના આચકાનો પાર ન રહ્યો કુંવરી માટે જે જે વસ્તુની તેણે માગણી કરી તે તે બધી જીવણે આણી બતાવી અંતે ન છૂટકે રાજાને પોતાની કુંવરી જીવણ કઠિયારા માથે વરણાવવી પડી

હવે તો જીવણ રાજકુંવરી સાથે મોજશોખથી પોતાના મહેલમા રહેવા લાગ્યો હતો એની મા પણ પોતાનુ ઘડપણ સુધર્યું હોવાનો સંતોષ લેતી હતી

પણ નગરમા તો બધાને નવાઇ જ લાગેથી કે જીવણે આ બધુ કર્યાથી ને કેવી રીતે ઊભુ કર્યું ? રાજાથી તો રહેવાય જ શાનુ ? ઓટલે આખરે એ બેઠ બનણી લાવવાનું કામ તેણે પોતાની ખાસ વડારણને સોપ્યુ

વડારણ જેવી કાબેલ બનતથી એ રહસ્ય ન ઊકલે



ઊંચા આકાશમાં

ઊંચા ઊંચા આભમા ઝીણી તારલીઓ
કેવી ઝુલવાડીઓ !
વરસે મધ્ય-હેલીઓ !
મારા જીવનમા સદ્‌ગુણ તારલીઓ

ઊંચા ઊંચા વ્યોમમા ઘેરી વાદળીઓ
જાનની દેવીઓ !
વરસે જળ હેલીઓ !
મારા જીવનમા આપદ્ વાદળીઓ

ઊંચા આકાશમા ધોળા વાદલીઓ
અમૃત—દડુલીઓ !
વરસે રસ-હેલીઓ !
મારા જીવનમા આતમ વાદલીઓ

મોહિનીચન્દ્ર



તો તો થઇ જ રહ્યુ ને ? એણે કુંવરીને ખૂબ સમજાવવા પટાવવા માંડી ને જીવણ પણ આખરે કઠિયારો તો બોણી બનત તો ખરીને ? તેણે બધી વાત કુંવરીને કહેવા માંડી । થઇ કહી દીધી ને ભોળી કુંવરીએ જાણે સીધી જો પેલી લુચ્ચી વડારણ પાસે કૂકી

વડારણે હવે પોતાની કરામત અજમાવી: 'કુંવરીબા, તમારે માટે તો ઓ વીંટી કાળ જેવી છે. તમારાથી કંટાળી જાય તો એ વીંટીથી એ તમારો યે નાશ કરેને!'

ગતાગમ વગરની કુંવરીને એ વાત જલદી ગળે ઊતરી ગઇ. 'ત્યારે?' તેણે વડારણને એનો ઉપાય પૂછ્યો.

'તું કોઇ પણ રીતે એ વીંટી મેળવી લે. ને પછી તો શું? તું માગીશ એ બધું તને મળી રહેવાનું.'

'પણ એ વીંટી કદી બહાર નથી મૂકતા'

'તો એમ કરજે. રાતે એ ઘર ઊંઘમાં પડે ત્યારે બીની આંગળી પર ઘોડી છીંકણી લગાડી તેના નાક આગળ ધરજે. તરત એ છીંક ખાશે ને વીંટી બહાર ઊડી પડશે તું તારે એ વીંટી સેરની લઇ મને આપી દેજે. હું સાચની રાખીશ ને તને જરૂર પડશે ત્યારે આપતી રહીશ.'

મૂરખ કુંવરીએ વડારણની શીખ પ્રમાણે જ કર્યું: ને વીંટી લાવી તેને આપી. પણ વડારણની દાનત સાફ ન હતી. તેને એ કુંવરી પોતાના દીકરાને પરણાવવી હતી. વીંટી હાથમાં આવી એટલે એ બદમાશ વડારણે જે જોઇએ તે બધું એ વીંટી પાસે માગી લીધું ને રાજકુંવરીને પણ પોતાના મહેલમાં ધકેડી ગઇ

આ બાજુ જીવણ ને તેની મા તો મહેલમાંથી ઊઠીને કોણ જાણે કયા યે રણવગડામાં જઇ પડેલા. પોતાની જેવી તેવી ઝૂંપડી ને રહીસહી ઘરવખરી યે ગઇ એ વિચારે એની મા તો ડુસકે ડુસકે રડવા લાગી પણ જીવણ એમ હિંમત હારે એવો ન હતો. એના જૂના સાથી કુતરા ને બિલાડી એની સાથે જ હતાં. માને એણે કહ્યું: 'મા, બેસી તો મારાથી નહિ જ રહેવાય. આ કોના કારસ્તાન છે તે હું જાણું છું. હું આપણો પુરાણો મહેલ રઢીરઝળીને પણ શોધી કાઢીશ'

એટલું કહેતો એ તો કૂતરા ને બિલાડીને સાથે લેતોક ને ઊપડ્યો. રખડતા રખડતા એક નદીને કિનારે તેણે આલીશાન રાજમહેલ જોયો. લોકોને પૂછી જોતાં માલૂમ પડ્યું કે રાજની વડી વડારણ ને એના પુત્રનો જ એ મહેલ હતો.

પોતાને પાયમાલ કરી આવી સાહ્યબી ભોગવનાર એ વડારણ માદીકરા તરફ જીવણનું રોમેરોમ સળગી ઊઠ્યું. રાજકુંવરી પણ એ કુબજાના જ કબજામાં હશે. પેલી વીંટી જો હાથ આવે તો એ બધાને પહોંચી વળાય, પણ એ મેળવવી કઇ રીતે?

તેણે ખૂબ યુક્તિપ્રયુક્તિઓ મનમાં ઘોળી. પણ કોઇ ઉપાય ન સૂઝ્યો. આશા મૂકી લમણે હાથ દઇ નાસિપાસ થઇ એ બેઠો હતો ત્યાં એક નવો ચુટ્કો તેને સૂઝ્યો પોતાનાં મિત્રોને આ ટાણે કાં ન અજમાવી જોવાં?

જીવણે સૂચના આપી કે તરત કૂતરો ને બિલાડી બંને ચાલી નીકળ્યાં. થોડીવારમાં તો પેલા મહેલ પાસે એ જઇ પહોંચ્યાં. કૂતરો દરવાજે ચોકી કરતો ઊભો ને બિલાડી અંદર પેઠી

સીધાં કોઠાર ભણી તેણે તો પગલાં કર્યાં. કોઠારમાં એ વખતે નાયક ઊંદરના પુત્રના વિવાહની ધામધૂમ થઇ રહી હતી લાગ જોઇ બિલાડીએ તો સીધો વરરાજા ઉપર જ છાપો માર્યો. બધા જનૈયામાં હોહા કેર મચ ને સૌ બિલાડીની આસપાસ ફરી વળી કાકલૂદીઓ કરવા મંડ્યા.

બિલાડીએ એક શરતે વરરાજાને છૂટો કરવાનું વચન આપ્યું. 'કોઇ પણ રીતે વડારણના મોંમાં રહેતી વીંટી મેળવી આપો. એ માટેનો ઉપાય તમને હું બતાવું તમારામાંથી કોઇ પોતાની પૂછડીનો છેડો તેના નાકમાં ઓસરશે કે તરત તે છીંક ખાશે ને વીંટી ઊડી પડશે બાજાનાંઓને તો પછી એ વીંટી લઇને ભાગવાનું જ રહેશે. એટલું કરી લાવો એટલે તમારો વરરાજા છુટ્યો!'

એક જુવાન ઊંદરે હામ ભીડી ને વડારણને ઓશીકે ચઢી પૂછડી તેના નાકમાં ચડાવી દીધી. 'હા.... ક છીં!' એટલા તો જોરથી વડારણે છીંક ખાધી કે વીંટી સામી ભીંતે જઇ અથડાઇ.

પછી તો ઊંદરો ભૂલે જ શાના? તુરતાતુરત એ ઉઠાવી જઇ તેમણે બિલાડીને સોંપી: બિલાડી' કૂતરા પાસે પહોંચી અને બંનેએ જીવણના હાથમાં જઇ મૂકી.

જીવણે સૌ પહેલા તો તે પોતાને પોતાનાં અસલ સ્થિતિમાં રાજનગરના મહેલમાં મૂકી દેવાની માગણી કરી. રાજકુંવરી પણ આવી ગઇ. પોતાની મૂર્ખાઇ માટે તે હવે પસ્તાઇ રહી હતી.

પછી એ વિશ્વાસઘાતી વડારણને માટે તેણે વીંટીને ફરમાવ્યું 'એ માદીકરાનું એમના જ કિલ્લામાં દટાઇ મોત થઈ જાય.'

ને ત્યાર પછી તો કોઇની કશી ફિકર ન રહેતાં જીવણ રાજકુંવરી અને પોતાની મા સાથે મહેલાગી યે વધુ આનંદમાં દિવસ વીતાવવા લાગ્યો. (સૂચિત)



ચાલુ વહેવારની

પિતા વિકૃતિ શાન્ત થાય, નવસસ્કૃતિ હલ્લસે
નવોર્ગિ નવ ભાવ સચલન આત્મગા હૃદ્ભવે,
છલોછલ વહે રસે સલિલ સત્યના, પ્રેમના,
ખરો પ્રકટી બધુભાવ જગમડપે પાગરે
પુન ય તુજ પુનને કઠિન એક આદેશ દે
નહિ જ ધૃતિ અ તને જગ નવા બવિરતમ યે

(જન્મભૂમિ) —સુદરજી ગો બેગડ

હવાની સમૃદ્ધિ

***ભૂમિની સમૃદ્ધિ તો ઉપયોગમા આણતા માણસને યુગો વીત્યા, પણ હવાની સમૃદ્ધિની સિદ્ધિ આજકાલ ની જ છે ૧૮૯૪ સુધી એ સમૃદ્ધિનો ખ્યાલ કોઇને આવ્યો પણ ન હતો અહીં મનુષ્યના એ વિષેના પ્રયાસોનો આખો ઇતિહાસ આપેલો છે શરૂઆતમા હવાના મુખ્ય રસાયણી તત્ત્વોની શોધનો પૂરો લેખ વાચ્યા પછી રા પદ્મકાન્ત ર શાહનો 'હવા ની સૂક્ષ્મ સમૃદ્ધિ વાળો લેખ એ બધા પ્રયાસોની સરળ રૂપરેખા તમને આપી રહેશે

(૧) હવાના રસાયણી તત્ત્વો

આપણે ચારે બાજુ હવાથી ઘેરાએલા છીએ ને એ હવાને વજન પણ છે એ વાતથી વાકેફ ન હોનારા આજ બહુ થોડા માણસો હશે પણ ૧૭મી સદીમા ટોરીસેલીએ તો સાબિત કર્યું ત્યા સુધી હવાને વજન હોવાની વાત વસ્તુદર્શિનાની જ ગણાતી

પરતુ હવાનુ સાચુ રસાયણી સ્વરૂપ ઠેઠ ૧૮મી સદીમા શોધાયુ સ્વીડનના વિલિયમ સ્કીલ અને ઇગ્લડના જોસફ પીસ્ટલીએ પદાર્થો હવાની મદદથી બળે છે અગ જાહેર કર્યું એ પહેલા પદાર્થો ા બળવા વિષે સ્ટૉને સ્થાપેલી એ જ માન્યતા કાયમ હતી કે પદાર્થો તેમનામા રહેલા ફ્લોજીસ્ટન નામના પદાર્થને લીધે બળે છે આ બને વિજ્ઞા નીઓએ હવામા રહેલો પ્રાણવાયુ શોધી કાઢ્યો જોકે એની જાહેરાત પ્રીસ્ટલીએ પહેલી કરી, પણ આદ્યશોધકે તો સ્કીલ જ ગણાય

પદાર્થોને બાળતા આ વાયુને ઑક્સિજન નામ તો પાછળથી પ્રખ્યાત ફ્રેંચ રસાયણશાસ્ત્રી લવાઝીએએ આપ્યુ તેણે અખતરા કરી જોયુ કે ઘણા પદાર્થો બળતી વખત ઑસિડ ઉત્પન્ન કરતા હતા એ પરથી એણે પ્રાણવાયુનુ એવુ નામ રાખ્યુ જેનો અર્થ થાય છે 'ઑસડ ઉત્પાદક' જોકે એ ની ા એ માન્યતા ખોટી પાડી છે, છતા એનુ આ નામ કાયમ રહ્યુ છે

ઉષ્ણતા પ્રીસ્ટલી અને સ્કીલ બનેને એ પણ ખબર હતી કે હવામાનુ સક્રિય તત્ત્વ ખેંચી લેવા છતા યે તેમા બાકી કાઇક શેષ રહેતુ હતુ પણ એ શેષનુ વિશ્લેષણ તો હેન્રી કેવેન્ડિશને હાથે જ થયુ તેણે શોધી કાઢ્યુ કે હવાનો એ શેષ સુરેખાર (Nitre)માથી મેળવાતા વાયુ જેવો જ હતો ને એથી એણે એનુ નામ નાઇટ્રોજન રાખ્યુ આ પ્રમાણે હવાના મુખ્ય બે રસાયણો શોધી કઢાયા

એ કથી હવામા પ્રાણવાયુ(ઑક્સિજન)નુ પ્રમાણ ૨૧ટકા અને નવવાયુ (નાઇટ્રોજન)નુ ૭૯ ટકા રહેવુ છે પ્રાણી સૃષ્ટિને પહેલા ની અગત્ય છે, વૃક્ષસૃષ્ટિને બીજ ની

કેટલાક મૂળતત્ત્વો ા એક કરતા વધુ રૂપો હોય છે જે allotropic રૂપો કહેવાય છે ઓઝોન આ પ્રમાણે પ્રાણવાયુનુ બીજુ રૂપ છે તે જતુઘ્ન છે ને હવામા તેના અસ્તિત્વને લઇને જ સમુદ્ર અને પર્વત પરની હવા પ્રજીવક જણાય છે જમીનની નિકટ એ વાયુ હોય છે કે નહિ તે શકાસ્પદ છે પ્રાણવાયુ ને ઓઝે નમા તફાવત ફક્ત નહિ જેવો જ છે ઓઝોનનો રેણુ પરમાણુઓ (O_3) છે, જ્યારે ઑક્સિજનનો બે (O_2) છે

આ વાયુનુ પડ પૃથ્વીના આખા ગોલક ફરતુ જ છે એથી ઉપર ા પડના તત્ત્વો જુદા જ છે ઑરોરાના રંગવિચ્છેદે પણ એ જ સાબિત કર્યું છે પૃથ્વીથી ૬૦ કે ૮૦ માઇલ પર પ્રાણ વાયુ કે નત્રવાયુ નહિ જેવા જ પ્રમાણમા છે, જ્યારે જલવાયુ ને હેલિયમ મોટા પ્રમાણમા છે આ મોટા પ્રમાણનુ કારણ તેમનુ હલકાપણુ હોઇ શકે

હવામા આ બે મુખ્ય વાયુઓ સિવાય રહેવી અશુદ્ધિઓ શોધવા આજ સુધીમા ઉષ્ણ કે ધ્રુવપ્રદેશો, શહો તથા સમુદ્રવર્તી પ્રદેશો ા હવાનુ પૃથક્કરણ કરવા અનેક અખતરા કરવામા



સર વિલિયમ રામ્સે

આવ્યા છે ને તેમા, હવામા મોટા ભાગની અણુદ્ધિઓ પાણી અને કાર્બન ડાયોકસાઈડની જણાઇ છે. ચશ્મા પહેરનાર વાકઈ હશે કે શી ગાળામા ગરમ ખડમા પ્રવેશ કરતા કાચ પર ભીનુ પટ બની જાય છે ઠડી સપાટી જોડે ભીની ગરમ હવાનો સયોગ જ વાદળા, ધુમ્મસ ને વરસાદ નીપજાવે છે. હવામાં સરેરાશ ભીનાશ ૧૮ટકા હોય છે હવાને કળીચૂના, ગધકના તેજાબ કે ફૉસફરસ પેન્ટોકસાઇડમાં પસાર કરતા એ ભીનાશથી મુક્તિ મેળવી શકાય છે કાર્બન ડાયોકસાઇડનું પ્રમાણ તેથી યે ઓછુ. દસ હજારે માત્ર ચાર ભાગ જેટલુ જ છે ને હવાને કૉસ્ટિક સોડામાથી પસાર કરતા તેમાંથી પણ મુક્ત કરી શકાય છે

હવાનુ પહેલું સાચુ વિશ્લેષણ કરવાનું માન કૅવેન્ડિશને ઘટે છે. તેણે તેમા ૨૧ ટકા પ્રાણવાયુ ને ૭૯ નત્રવાયુ હોવાનું જાહેર કરેલું પણ પછી એને એ સિવાય પણ હવામા કંઇક તત્ત્વ હોવાની શકા પડેલી. આ વાત ૧૭૮૫માં તેણે રૉયલ સોસાયટીને જાહેર પણ કરેલી પરંતુ તેને પોતાને એ બાબત માં પૂરતી શ્રદ્ધા બેઠી ન હતી

કૅવેન્ડિશે એ વાત રહેવા દીધી તો પછી એક આખો સૈકો એ વાતને પસાર થઇ ગયો એ એક સૈકા પછી કૅવેન્ડિશ જેવી જ એક પ્રતિભા જગતને મળી અને તે સર વિલિયમ રામ્સે કૅવેન્ડિશને સંકાશીલ બનાવનાર બધાં ત્રિતીય તત્ત્વો તેણે શોધી માઢયા જે મોટરેના ટાયરોથી માંડી વીજળીના દીવા સુધીના ઉદ્યોગોને ઉપકારક નીવડ્યા છે.

(૨) હવાની સૂક્ષ્મ સમૃદ્ધિ

હેન્રી કૅવેન્ડિશે ૧૭૮૫માં લંડનની રૉયલ સોસાયટી આગળ હવા પર પ્રયોગો કરી બતાવ્યા ત્યારે એ પાછળ એક મોટી શોધ છુપાયેલી હતી તેનું કોઇને ભાન ન હતું પણ પાછળથી એવો જ પ્રયોગ કરતા કરતાં સર વિલિયમ રામ્સેને પાંચ અજાણ્યા વાયુઓ હાથ લાગ્યા કૅવેન્ડિશે બતાવ્યું હતું કે જ્યારે હવાથી ભરેલા કોઈ વાસણમાં વિદ્યુત્નો પ્રવાહ દાખલ કરવામાં આવે ત્યારે હવામાંના પ્રાણવાયુ (oxygen) અને નત્રવાયુ (Nitrogen) એકઠા મળે અને એ જ વાસણમાં જો કૉસ્ટિક પૉટેશ હોય તો તેનો સુરેખાકાર અને જેમ વધારે વાર વિદ્યુત્નો પ્રવાહ ચાલુ રહે તેમ વધારે નત્રવાયુ પ્રાણવાયુ સાથે મળે, અને જો બીજો પ્રાણવાયુ અંદર ઉમેરવામાં આવે તો બધો જ નત્રવાયુ હવાની અંદરથી કાઢી શકાય છેવટે રહેતો થોડો પ્રાણવાયુ પણ પોટૅશિયમ સલ્ફાઇડનું દ્રાવણ ઉમેરવાથી દૂર કરી શકાય કાર્બન ડાયોકસાઇડ ચૂનાના પાણીથી દૂર કરી શકાય. આમ, જરૂ જોતાં તો વાયુનો એક પરપોટો પણ ન રહેતો જોઇએ. પરંતુ બારીક તાર વિદ્યુત્ પસાર કર્યો છતા પણ કૅવેન્ડિશથી એક નાનો પરપોટો રહ્યો તે રહ્યો જ. તે વખતના રસાયણશાસ્ત્રીઓને તો સ્વપ્નને પણ ખ્યાલ ન હતો કે આ નાના પરપોટામા પાંચ અજાણ્યા વાયુઓ છુપાયેલા હતા. એમણે તો એને નત્રવાયુનો પરપોટો જ ગણ્યો અને એ વિષે વધારે જાણવાની કુતૂહલ બતાવી નહિ મામાપોને ઘણીવાર પોતાના ભોકરાંઓની શક્તિઓનો ખ્યાલ નથી હોતો; પણ જ્યારે એ જ છોકરાંઓ મોટપણે કૈં અસાધારણ કરી બતાવે છે ત્યારે મામાપને પોતાને જ આશ્ચર્ય થાય છે. આમ, કૅવેન્ડિશનો નાનો બુદ્ધબુદ્ પાછળથી મહાન થવા સર્જાયો હતો.

આકાશના વાયુઓ સંબંધી અજ્ઞાનનો અધકાર સન ૧૮૯૪ સુધી રહ્યો. ૧૮૯૩ના વર્ષની શરૂઆતમા લૉર્ડ રેયલે કેટલાક પ્રયોગો કર્યા તેમાં એમને લાગ્યું કે નત્રવાયુવાળા પદાર્થમાંથી ઉત્પન્ન કરેલા નત્રવાયુની ઘટતા કરતાં હવામાંથી જ મેળવેલા નત્રવાયુની ઘટતા કૈંક વિશેષ હતી જોકે આ તફાવત ચોકકસ કરતાં વધારે ન હતો, પરંતુ, પ્રયોગને અંગે થતી ભૂલ કરતાં બહુ જ વધારે હતો. વિજ્ઞાનની દુનિયામાં આ સમાચાર ફરતાં સર વિલિયમ રામ્સે રેસે જોડે આ અન્વેષણમા દાખલ થયા હતા બંગ બગતા મૅગ્નેશિયમ અને ચૂના ઉપરથી રામ્સેએ હવામાંથી મેળવેલા નત્રવાયુને પસાર કર્યો. રામ્સેનો હેતુ એ હતો કે બધો નત્રવાયુ મૅગ્નેશિયમ સાથે મળી જવો જોઇએ અને જે વાયુ બાકી રહે તો નત્રવાયુ કરતા જુદા પ્રકારનો હોવો જોઇએ પ્રયોગને અંતે થોડો વાયુ બાકી રહ્યો. આ જ વાયુ કૅવેન્ડિશના પ્રયોગમાં પણ છેવટે બાકી રહ્યો હતો. રામ્સેની મારણા ખરી પડી, એટલે આ પ્રયોગ મોટા પાયા

ઉપર કરાતા આવ્યો અવશેષ વાયુ ઠારી પ્રયોગો કરવામાં આવ્યા નવવાયુ કરતા તે ભારે હતો અને કોઇપણ પદાર્થ સાથે એને મેળવવો મુશ્કેલ હતો એના આવા વિશિષ્ટ ગુણને લીધે તેનું નામ 'આર્ગન' આળસુ (ગ્રીક Argos પરથી) પાડવામાં આવ્યું

હવામાં આર્ગનનું પ્રમાણ ઑક્સિજન કરતા પણ ઓછું છે આજે એને પ્રવાહી હવામાંથી મેળવવામાં આવે છે વીજળીના 'હાફવૅટ' જાતના દીવાઓમાં એને ભરવામાં આવે છે, એને લીધે 'ફિલામેન્ટ' ઘણી ઉષ્ણ રહી શકે છે પરિણામે પ્રકાશ વધારે મળે છે, ફિલામેન્ટ જલદી તૂટી જતી નથી અને ગોળો અંદરથી કાળો પડી જતો નથી વાયરલેસ માટે જે વાલ્વ બનાવવામાં તેનો જબરો ઉપયોગ થાય છે

આર્ગન અને પારાનો વૅસ (Mercury Vapour) કાચની નળીમાં નાંખી અંદર વિદ્યુત્ પ્રસાર કરવાથી નવો પ્રકાશ થાય છે પ્રકાશિત વસ્તુઓની થતી જાહેરાતો આવી રીતે જ કરવામાં આવે છે. મુંબઇનું અને બીજા મોટા શહેરોનું રાત્રિનું સૌન્દર્ય આર્ગનના આ ગુણને આભારી છે

આ વાયુઓને ઓળખવા માટે સ્પેક્ટ્રોસ્કોપ (Spectroscope)નો ઉપયોગ થાય છે જ્યારે કોઇપણ પ્રજ્વલિત ઘન વસ્તુમાંથી શ્વેત પ્રકાશને એક પ્રિઝમ (Prism)માંથી પ્રસાર કરવામાં આવે છે ત્યારે એ પ્રકાશ મેઘધનુષ્યની માફક વિવિધ રંગોની પટ્ટીઓમાં વહેંચાઈ જાય છે આને સ્પેક્ટ્રમ (Spectrum) કહે છે પરંતુ પ્રજ્વલિત ઘન પદાર્થને બદલે જો આપણે પ્રજ્વલિત વાયુનું સ્પેક્ટ્રમ જોઇએ તો તે મેઘધનુષના જેવું નહિ પણ છૂટી છૂટી રંગીન રેખાઓનું બનેલું દેખાશે દરેક વાયુનું સ્પેક્ટ્રમ વિશિષ્ટ જ હોય છે, એટલે સ્પેક્ટ્રોસ્કોપ (Spectroscope)ની મદદથી કોઇપણ વાયુને ઓળખી શકાય છે.

ઇસ ૧૮૬૮માં ફ્રેન્ચ ખગોળવેત્તા પ્રોફેસર જાનસેને અને અંગ્રેજ ખગોળશાસ્ત્રી સર નૉરમેન લૉકયરે સૂર્યના પ્રકાશ મંડળ (photosphere)નું સ્પેક્ટ્રમ તપાસતા એક નવી રેખા જોઇ એ રેખા પૃથ્વી ઉપરના કોઇપણ પદાર્થના સ્પેક્ટ્રમ માં મળતી આવતી ન હતી એ વાયુ સૂર્યમાં જ રહેલો હોવો જોઇએ એમ લૉકયરે નક્કી કર્યું અને તેને હેલિયમ નામ આપ્યું ૧૮૯૫ સુધી આ વાયુ પૃથ્વી પર અજ્ઞાત રહ્યો, પરંતુ આર્ગનની શોધ પછી બરોબર એક વર્ષે એને ક્લિવાઇટ (cleveite) નામના ખનિજ પદાર્થમાંથી સ્પેક્ટ્રોસ્કોપની મદદથી શોધી કાઢવામાં આવ્યો આપણા હિંદુસ્તાનમાં આવેલા ગાયણકારની 'મૉનેઝાઇટ' રેતીમાંથી આ વાયુ પુષ્કળ નીકળે છે

હેલિયમ પણ આર્ગનની પેઠે કોઇ પદાર્થ સાથે મળતો નથી એને પ્રવાહી કરવો બહુ મુશ્કેલ છે ૧૯૦૮માં પ્રોફેસર કૅમરલિંઘ ઓન્સે એને પ્રવાહી કર્યો હતો અને તેમને માટે તેમને 'નોબેલ પ્રાઇઝ' (Nobel Prize) મળ્યું હતું હેલિયમ 'રેડિયો ઍક્ટિવ' પદાર્થોમાંથી નીકળે છે કેટલાક 'સ્પ્રિન્ગ વૉટર' (Spring Water)માંથી પણ તે નીકળે છે ૧૯૧૭ સુધી તો તે બહુ ઓછા પ્રમાણમાં જ મેળવી શકાતો પણ પછી પેટ્રોલિયમના કુવાની વાયુમાં તે હોવાનું જણાયું ને અત્યારે તો કૅનેડા અને યુનાઇટેડ સ્ટેટસમાંથી એ રીતે તે મોટા પ્રમાણમાં મેળવવામાં આવે છે

હેલિયમનો સૌથી જબરો ઉપયોગ તો બલૂનો ભરવામાં થાય છે હાઇડ્રોજન વૅસ સળગી ઊઠે તેવો હોવાથી અને હેલિયમ પણ બહુ ભારે ન હોવાથી બલૂનો ભરવામાંથી હાઈડ્રોજનને રજા મળી છે અને હેલિયમે તેનું સ્થાન બહુ સારી પેઠે શોભાવ્યું છે

આર્ગન અને હેલિયમની શોધ પછી મૂળતત્ત્વોના વર્ગીકરણ (Periodic classification of Elements)માં એક નવા વર્ગનો ક્રમેરો થયો નેતાઓ એમ સર વિલિયમ રામ્સે લાગ્યું આથી ૧૮૯૬માં નિયમિત રીતે એમણે ટાવર્સ સાથે બીજા વાયુઓની શોધ ઉપાડી અને એવી ખંત તેમજ કાળજીથી કામ શરૂ કર્યું કે થોડા જ ટૂંકા સમયમાં ત્રણ નવા વાયુઓ —નીઆન (નવો), ક્રિપ્ટોન (ગુપ્ત), અને ઝેનોન (અજાણ્યો) —શોધી કાઢ્યા આમ હવામાંથી પાંચ મુખ્ય વાયુઓ શોધાઇ ગયા બાકી રહેલી હવાના ૧૨૦ ટન તપાસ્યા તોય પણ પછી કોઈ નવું તત્ત્વ જડ્યું નહિ એટલે મુખ્ય વાયુઓની શોધ પૂરી થયેલી ગણાઇ

હવામાં નીઓનનું પ્રમાણ એક લાખમાં ૧૮ ભાગ જેટલું છે બજારમાં મળતા નીઓન લૅમ્પ બહુ જાણીતા છે હૉસ્પિટલોમાં પણ નીઓન લૅમ્પ વપરાય છે હૉસ્પિટલમાં તો ઘણા વરસથી વીજળી પણ બહુ ઓછી બળે છે આ વખતે નીઓન લૅમ્પ ઉપયોગમાં લેવો તો બિનજરૂરી નીવડે છે

નીઓન અને પારાના વાયુના મિશ્રણથી ભરેલી કાચની નળીમાં વિદ્યુત્ પ્રસાર કરવાથી રાતો પ્રકાશ ઉત્પન્ન થાય છે હમણાં હમણાં આ મૂળના વાયુઓને જુદાજુદા પ્રમાણમાં પારાના વાયુ (Mercury Vapour) સાથે મેળવી મેઘધનુષ્યના જેવા વિવિધ રંગો ઉત્પન્ન કરી ઉપયોગમાં લેવા માંડ્યા છે નીઓનના દીવાઓનો પ્રકાશ ધૂમ્મસને ભેદીને પણ જઇ શકે છે ને તેથી દીવાદાંડીઓમાં પણ હવે તે વપરાતો થઇ ગયો છે

રેડિયમમાંથી રેડોન નામનો વાયુ પણ શોધાયો છે તેના અતિશય વેગભર્યા ધન-કણોને લઇ રોગોના ઉપચાર પર તે ખાસ વપરાય છે ક્રિપ્ટન ને ઝેનોનનો કોઇ ખાસ ઉપયોગ હજુ શોધાયો નથી

રામ્સેના કહેવા પ્રમાણે હવામાં આ નવા વાયુઓનું પ્રમાણ આ પ્રમાણે છે આર્ગન સો ભાગે ૦૯, નીઓન લાખે એક, હેલિયમ દસ લાખે ચાર, ક્રિપ્ટન દસ લાખે એક અને ઝીનોન બે કરોડે એક ભાગ

આ શોધ વિજ્ઞાનના ઇતિહાસમાં અગત્યની હતી એક જ

ગાળ્યો પાંચ પાંચ વાયુઓ શોધી કાઢ્યા હતા. રામ્સે ઉપર માનનો વરસાદ વરસ્યો. ૧૯૦૨માં એ 'સર' થયો; ૧૯૦૪માં એને 'નોબેલ પ્રાઈઝ' (Nobel Prize) મળ્યું ૧૯૧૧માં એ બ્રિટિશ ઍસોસીએશનનો પ્રમુખ થયો. ગત મહાયુદ્ધમાં એ કામના બોજથી પટકાઈ પડ્યો અને ૧૯૧૬ના વિદેહ થયો. વિજ્ઞાનના નભોમંડળમાંથી એક તેજસ્વી તારો ખરી પડ્યો. ('ટંકાર') —પદ્મકાન્ત ૨. શાહ, બી એસસી

ડોલરીઓ દેશ

સદીઓજૂની જૂનવટ જેવી ને તેવી સાચવી રાખનાર કોઈ રાજ્ય જોવાની કોઈને ઇચ્છા થાય તો હજુ યે કચ્છનો મુલક તે પૂરી પાડે છે. જામનગરથી તે સિંધની રાયગા બન્દર સુધી કચ્છનો જથડકો વગાડી, ટીપુ સુલતાન જેવા સંધિઓ કરનાર જગાદાર ફતેહમામદ, આખી પ્રજાને મુસલમાન બનાવવા બાહાર પડેલા રા' રાયધણને ફેર કરી કચ્છમાં મનસત્તાક (બારસાયુ) સ્થાપનાર મેઘજી શેઠ ને ડોસલવેણ, તેમજ દંભી સાધુઓનો સૂકા ખાસડાંથી સત્કાર કરવાનું ગાઈ, 'જેતા બાવની'થી નીચલા થરોનું માનસ ઘડનાર કવિ જેતસીનું જૂનું વ્યક્તિત્વ હવે કચ્છમા નથી રહ્યું

બારવાઓ સાથે દોસ્તી બાંધી રામસિંહ જેવી કોઈ વ્યક્તિને ઘડિયાળ કે તોપોની બનાવટો શીખવવા હોલૅંડ મોકલનાર રા' લખપત કે પ્રજાજનોને ઘેર પગપાળા દોડ્યા જનાર રા' દેશળનું કચ્છ હવે નથી રહ્યું સમૃદ્ધિશાળી શહેરોને ઢાંટી દેતા રેતીના ઢગલા પૂરવા શ્રી જયકૃષ્ણ ઇંદ્રજી જેવો કોઈ પોતાની મેળે તે પર રાવળપત્રી વાવી દે તો ભલે; બાકી બીજા કોઇને તે તરફ જોવાની ફુરસદ પણ નથી એ કારણે તો કચ્છી પ્રજાના ત્રીજા હિસ્સાએ આજે કચ્છ બહાર-ને જ પોતાનું વતન બનાવ્યું છે. આજે પંદર લાખ જેટલા કચ્છીઓ કચ્છ બહાર વસે છે, જ્યારે બાર લાખ જેટલા જ કચ્છમાં રહેવા પામ્યા છે. અતુલ સંપત્તિભરી અનેક ખાણો આજે કચ્છમાં જેમની તેમ દટાઈલી પડી છે; ગાતાના ગઢ જેવા ધૂળ અને કૂટકડીની ખાણો પણ બંધ કરવામાં આવી છે.

આવા કચ્છમાં મન્ન સાથે સંબંધ રાખતું અને કચ્છની લોકવાણી બની રહેલું એક પણ સામયિક પત્ર નથી, એમા કાંઈ નવાઈ નથી. હા; એક બહાના તરીકે ગણી શકાય એવું રાજ્ય તરફથી પ્રગટ થતું 'કચ્છ રાજ્ય પત્ર' નામનું છાપું છે ખરું. રાજ્યના સાધારણ પગારદાર (સાડી બાવીસીઆ) ના બે માસના પગાર જેટલું (૪૫ કોરી) તો તેનું લવાજમ રાખવામાં આવ્યું છે. દર માસે બે ફરફરીઆના પ્રસિદ્ધ થતા એ પત્રમાં કોઇક વખત રાજ્યના અમુક સર્કયુલરો બહાર પાડવામાં આવે છે. બાકી તો તાલુકા ન્યાયાધીશોની બદલીસતોષી જ તે ભરેલું હોય છે. ત્યાંના ન્યાયાધીશો પણ કેવા અક્કલવાન હોય છે તે એ પત્રમાં ઘણા વખત પર પ્રસિદ્ધ થઈ ગએલી આ બદલીબાત બતાવી આપે છે:

'...ગામની નદીને કિનારે લોહીથી ખરડાએલું એક હાતરડું મળી આવ્યું છે, જેનાથી થોડે દૂરની વાડીઓ ધ્રૂસે, રાજ્ય તરફથી મારવાની મનાઇ હોવા છતાં, કોઇએ ગારી નાખેલા એક સુવરનું મુડદું મળ્યું છે આજુબાજુના ખેડૂતોનું આ તરફ ખાસ લક્ષ ખેંચવામાં આવે છે. આ હાતરડું જેનું હોય તેણે કોર્ટમાં હાજર થઈ, ખાત્રી પુરાવો આપી તે લઇ જવું; નહિતર તેનું બદલે લીલામ કરી પૈસા શ્રી દરબાર ખાતે જમા કરવામાં આવશે.'

અસહ્ય ઠંડી ને અસહ્ય તાપ વચ્ચેના બધા ક્રમોત્તરો સાચવતા, પણ બાજુએ સમુદ્ર અને ઉત્તરે રણથી સિંધ સાથે છેડો રાખતા એ પ્રદેશનાં લોકસાહિત્યનું બેડાણ બીજા કોઈપણ પ્રાંતથી પાછળ પડે તેમ નથી.

'ચડી ચકાસર પાર, હલ્યો હોથલ કે ન્યારીડે
વજાઇ વડી આય વાર, પાણી મથે પદમણી'.

એવી રીતે ચકાસર તળાવમાં પાણી ઉપર વાળની બિછાત બિછાવી સ્નાન કરતી સ્વર્ગની અપ્સરા હોથલ સાથે પ્રેમગાં પડી લગ્ન કરનાર પદમ ઓઢાની પ્રેમકથા, કાઠિયાવાડનાં મેહ-ઉજાણી, મારવાડનાં મારૂ-ઢોલા કે પંજાબના સૂહી-મેમારણી જરા યે ઊતરતી નથી. એ અને એના જેવું બીજું કંઠસ્થ સાહિત્ય સધરાય ત્યારે ખરું

એ પ્રેમકથામાં ઓઢો હોથલને કચ્છની લોકસ્થિતિ વર્ણવતો જે દુહો કહે છે તેમાં કચ્છનું આબું વર્ણન આવી જાય છે:

'ભલ ઘોડા કાઠી ભલા ને વેનીદક પરવેશ;
નર પટાધર નાપજે છે ડોલરીઓ દેશ'.

કાઠીઆવાડના ભલભલા ઘોડાઓને આંટી દેતા જ્યાં ઘોડા થાય છે, પગની પાની સુધ્ધાં ઢાંકી દેતો મર્યાદામર્યો જ્યાનો પોષાક છે, જ્યાં શસ્ત્રકુશળ નરો નીપજતા રહે છે એ અમારો ડોલરીઓ દેશ છે.

એક જ સદી પહેલાંનું કચ્છ હજુ એવું ને એવું જ રહેલું છે અને ઓટલે જ કોઇક કહી નાખેલું છે કે:

'રિયાળે સોરઠ ભલો, ઊનાળે ગુજરાત;
ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ.'

પણ એ કચ્છડાને—ગાયબુલના એ ડોલરીઆ દેશને જોવા નીકળનાર આજનો મુસાફર તો રણની ઊની વરાળ સાથે ઊના નિસાસાભર્યું હૃદય લઇને કચ્છમાંથી પાછો ફરે છે

—અશોક હર્ષ

આધ્યાત્મિક પ્રજા

મહાપુરુષોની છબીઓમાં જેઓના ગાયાને ફરતું તેજનું એક મંડળ ચીતરવાની પ્રથા બધા યુગના અને દેશોના ચિત્રકારો અદ્યેઅનદ્યે પણ અનુસરતા આવ્યા છે અને ચિત્રોની સૃષ્ટિમાં આજ સુધી એ છબીઓ થઇ ગએલી કેટલી જાણી પણ લંડનની સેંટ ટૉમસ હૉસ્પિટલના ડૉક્ટર કિમ્બરે અખતરા કરીને સાબિત કરી આપ્યું છે કે ચિત્રકારોએ માત્ર

અંત પ્રેરણાથી ચીતરેલું એ તેજોમંડલ એ કલાકારની કલ્પના જ માત્ર નહિ, પરંતુ વિજ્ઞાનનું એક વાસ્તવિક સત્ય છે

ડૉક્ટરની આ અજબ શોધનો મુખ્ય આધાર Diaphanie નામના પદાર્થની પ્રકાશના અમુક ચોક્કસ કિરણોને પકડી શકવાની શક્તિ પર રહેલો છે કોલગરમાથી બનતા આ પદાર્થમા એવો ગુણ છે કે સામાન્ય રીતે જોઇ ન શકાય એવા પ્રકારના કિરણોને તે આપણી દૃષ્ટિમર્યાદામાં આણી આપે છે. આને કાચ પર આ પદાર્થનું અસ્તર કરી એની રીતે બનેલા પડદા સોંસરવું જોઇએ તો પાછળ ઊભેલ કોઇ પણ જીવત પ્રાણીના શરીરને ફરતુ તેજનુ એક આવરણ જણાય છે

આ ચમત્કારિક આવરણ ત્રણ થરોમા વહેચાએલુ હોય છે પ્રથમ તો શરીરની લગોલગ એક કાળુ અસ્તર આવી રહેલું હોય છે ડૉક્ટર એને The Etheric Double અથવા આપણી 'આધ્યાત્મિક પ્રતિકૃતિ' કહે છે એની ઉપર એક ધાડુ મંડળ અને સૌથી બહાર અગ્નિની શિખાઓની જેમ આ નિયમિત સપાટીવાળુ ત્રીજું મંડળ છે ડૉક્ટર એ બંનેને અનુક્રમે The Inner Aura અને The Outer Aura કહે છે

પ્રકાશનુ આ આવરણ શરીરના બીજા ભાગો કરતા માથાની આસપાસ વધુ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે વળી મૃત શરીરોની ફરતુ તે દેખાતુ નથી, તેમજ તદુરસ્તીના પ્રમાણમા તેની શિખાઓ નાનીમોટી થાય છે એટલે તેને જીવન સાથે ખૂબ નિકટનો સબધ હોય એમ ગનાય છે વળી સામાન્ય રીતે પુરુષો કરતાં સ્ત્રીઓમા આ પ્રભા વધુ આબાદપડતી હોય છે અને મનુષ્યની શારીરિક કે માનસિક સ્થિતિમા થતા ફેરફારની તેના પર સતત અસર થયા કરે છે જેમકે શરીરનો કોઇ ભાગ નાદુરસ્ત થતા એની આસપાસની પ્રભા દૂષિત કે ખડિત થાય છે કે તેનો રગ ગેરો થઇ જાય છે ડૉક્ટરનું માનવુ છે કે રોગોની ચિકિત્સા કરવામા આ છેલ્લી વિશિષ્ટતા કદાચ ભવિષ્યમા મદદગાર થશે

આ પ્રભા પર વિદ્યુત્ની વિચિત્ર અસર થાય છે જો માણસના શરીરને વિદ્યુત્ (Static)થી ભરી દેવામા આવે તો એટલો વખત એ પ્રભા અદૃશ્ય થાય છે પણ જે ઘડીએ એ બધી વિદ્યુત્ દૂર કરવામા આવે તે જ ઘડીએ પહેલાના કરતાં પણ દૂર સુધી તેની જ્વાળાઓ જણાય છે અને પછી પણ ધીમેધીમે મૂળ સ્થિતિએ આવે છે અને આગ છતા લોહચુબકના બને છેડાઓની આ પ્રભા પર એકસરખી અસર થાય છે બને છેડા તરફ તે આકર્ષાય છે અને તેથી તેમા ધ્રુવત્વ (Polarity) નથી.

વળી કેટલાંક રસાયણોની આ પ્રભા પર વિઘાતક અસર પણ થતી જણાઇ છે જેમકે ક્લોમાઇન, કલોરાઇન વગેરેના વાયુથી આ પ્રભા પાછી હઠી જાય છે કયા પ્રકારની રાસાયણિક ક્રિયા પ્રતિક્રિયાનુ આ પરિણામ હશે તે હજુ જાણવા મા આવ્યુ નથી તેમ છતા ડૉક્ટરનુ માનવુ છે કે Ultra violet કિરણો આ પ્રભામા ગડબડનો ભાગ ભજવતા હશે

હજુ આ પ્રભાના ગુણધર્મોનો શાસ્ત્રીય દૃષ્ટિએ અભ્યાસ થઇ શક્યો નથી અને હજુ થોડા જ માણસો તે જોઇ શક્યા છે તેમ તેના ફોટોગ્રાફ લઈ શકાયા નથી તેમ છતા ન્યૂ યૉર્કમા અમેરિકન સાઇકિલ ધન્રટીગ્યૂટની પ્રયોગશાળામા એ દિશામા પ્રયત્નો અને શોધખોળ હજુ ચાલુ છે અને તેથી આશા રહે છે કે આપણને ભવિષ્યમા એ વિશે ઘણું જાણવાનુ મળશે એટલુ જ નહિ, પણ વૈજ્ઞાનિકોને અભ્યાસ માટે એક નવુ જ ક્ષેત્ર ખુલ્લુ થશે

(ન્યૂ ડિસ્કવરીઝ ઇન સાયન્સ ઉપરથી) —હરિકૃષ્ણ બાલ

જપાનમાં નામસંસ્કરણનો વિચિત્ર વિધિ

જપાનમા નામસસ્કરણ માટે એક વિચિત્ર પ્રકારની પ્રથા આ વીસમી સદીના જમાનામા પણ પ્રચલિત છે દરેક જપાનીઝને તેના જીવનના જુદાજુદા તબક્કાઓ પસાર કરતી વખતે ભિન્નભિન્ન નામો આપવામા આવ્યા હોય છે. સૌથી પહેલુ નામ તેના જન્મ પછી એક ગઠિનો પસાર થતા પાડવામા આવે છે ત્યાર પછી કાગળની બહુ જુનીજુની કાપલીઓ પર ત્રણ જુદાજુદા નામ લખવામા આવે છે અને એ ચિઠ્ઠી ચબરખીઓને છત્રે હવામા ઉડાડવામા આવે છે જે ચિઠ્ઠી સૌથી પહેલી જમીન પર પડે છે તે ચિઠ્ઠીમા લખાએલા નામથી, તે ત્રણ વરસનો થાય છે ત્યા સુધી તેને સબોધવામા આવે છે ત્રણ વરસની ઉમરે પહોચતા જ તેનુ નવુ નામ પાડવામા આવે છે પદર વરસની ઉમરે તે જુવાનીમા આવે છે ત્યારે પછી લગ્ન સભારણા તરીકે પણ નામબદલો કરવામા આવે છે પછી તે ઘરે ચડે છે ત્યારે વળી પાછુ તેને બીજુ નામ અપાય છે તે ઉપરાત શારીરિક બાદબાકીને અંતે મૃત્યુનો ભેટો થતા વળી પાછુ તેનુ નામ બદલાવવામા આવે છે અને એવુ કહેવામા આવે છે કે દેવલોકમાં એ છેલ્લા નામથી તે ઓળખાય છે તાત્પર્ય એટલુ કે પ્રત્યેક જપાનવાસીને તેના જીવન દરમિયાન દસ બાર જુદાજુદા નામે ઓળખાવાનો લહાવો મળે છે! —ત્રિભુવન વીરજીભાઇ કોમાણી

રખડવાનો છંદ

પેરુ (દ. અમેરિકા)મા આવેલા પોતાના બાપની કબરની મુલાકાત લેવા ચાંગ શાન ચીન નામનો એક ચીનો જુવાન આજથી સાત વર્ષ પહેલા પોતાના એક ભાઇબધ સાથે કલાન બદરથી પગપાળો નીકળેલો ભાડા જેટલા થે પૈસા તેમની પાસે ન હતા, એટલે ઘણુ અતર તેમણે મજે જ કાઢ્યુ રસ્તામાં ચીનાનો ભાઇબધ તો તાવથી મરી ગયો પણ એ તો વર્ષે એ કબર પર પહોચ્યો ખરો એ લાબી સફરમાં તેને એવા ઘ ા અનુભવો થયા કે ત્યારથી તેને રખડવાનો છંદ લાગ્યો ને હવે એ અમેરિકા, યુરોપ ને એશિયા રખડી હસ્ટ ઇઝીઝને રસ્તે ઑસ્ટ્રેલિયા પહોચ્યો છે સામાનમા તેની પાસે માત્ર બાણીની એક બતક ને એક થેલો જ છે

રોમન આંકડાઓ વિશે કંઈક

ગુજરાતનો શિક્ષિતવર્ગ તો રોમન (લૅટિન) ભાષામાં લખાતા આંકડાઓથી પૂરતો માહિતગાર હોય છે, છતાં પણ એ ભાષામાં લખાયેલી કોઈ પણ લાંબા સંખ્યાના ઉકેલમાં અટવાઈ જાય છે. આ વાતનું રહસ્ય નીચે આપેલાં રોમન આંકડાઓનાં બારીક નિરીક્ષણ પરથી સ્પષ્ટ રીતે સમજાઈ જાશે.

ગુજરાતી	રોમન	ગુજરાતી	રોમન	ગુજરાતી	રોમન	ગુજરાતી	રોમન
૧	I	૮	VIII	૧૫	XV	૫૦૦	D
૨	II	૯	IX	૨૦	XX	૯૩૦	CM
૩	III	૧૦	X	૩૦	XXX	૯૮૦	XXII
૪	IV	૧૧	XI	૪૦	XL	૧૦૦૦	M
૫	V	૧૨	XII	૫૦	L	૧૯૩૬	MCMXXXVI
૬	VI	૧૩	XIII	૯૦	XC		
૭	VII	૧૪	XIV	૧૦૦	C		

આ ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે બીજી બાબતની માફક રોમન ભાષામાં અંકરચનાની લખવાની રીત સરળ તેમજ સહેલી નથી; દરેક અંકો વિચિત્ર પ્રકારના જોડી કોઈએ એ લખાય છે. તે વિચિત્રતા સમજવા માટે એક બે મુદ્દાઓ સમજવા જેવા છે: મોટી સંખ્યાની પછી જો નાની સંખ્યા લખાએલી હોય તો તે બંનેનો સરવાળો કરવાથી સૂચવાએલી સંખ્યા આવી રહે; અને મોટી સંખ્યાની પહેલા નાની સંખ્યા લખાએલી હોય તો એ બે સંખ્યાની બાદબાકી કરવાથી સાચી સંખ્યાની સમજણ મળી રહે જેમકે

XL = ૫૦−૧૦ = ૪૦

XLI = ૫૦−૧૦+૧=૪૧

MCMXCIII = ૧૦૦૦+૯૦૦+૯૦+૩=૧૯૯૩

આ રોમન આંકડાઓની ઉત્પત્તિનો ઇતિહાસ પણ જાણવાયોગ્ય છે. દસમા સૈકામાં આરબો તેમજ મૂર લોકોએ સ્પેઇનમાં આંકડાશાસ્ત્ર પ્રચલિત કર્યું ત્યાં સુધી યુરોપખંડમાં તે વિશે અજ્ઞાન પ્રવર્તતું હતું. એ આરબો તે પહેલા અઢીસો વર્ષ પર ભારતવર્ષમાંથી જે શીખી લાવ્યા હતા યુરોપખંડમાં પણ મુદ્રણકળાની શોધ થઈ ત્યા સુધી એ આંકડાઓનો સ્વીકાર કરવામાં આવ્યો નહોતો. આવી પરિસ્થિતિમાં રોમન આંકડાઓની ઉત્પત્તિ વિશેની અભિજ્ઞસાક્ષીઓની શોધખોળ બહુ ઓછી છે. પહેલા પ્રથમ તો I, II, III, IIII, IIIII ઇત્યાદિ સહેલી સંજ્ઞાઓનો વાપર પ્રચારમાં આવ્યો હતો અને દસના અંકસ્થાન માટે એક નવ નિશા નીચા ઉપર એક ત્રાંસી લીટી લખાતી

પછાત જતા આ રીત બરાબર કઠંગી તેમજ મુશ્કેલ જણાતાં તેમાં કોઈ રીતનો ફેરફાર દાખલ કરવામાં આવ્યો કે જ્યાં બિન્દુઓ ગણવી છે તીરકસ લીટીઓ ઉતારવાને બદલે એ રોમન લોકોનો દસનો આંકડો. એ દસ એટલે આપણી આંકડી X. અને પાંચને માટે પણ એ રીતે લખાતી પાંચ સીધી લીટીઓને બદલે, પાંચ એ દસનો અર્ધો ભાગ હોવાથી દસને માટે યોજનોલી સંજ્ઞાનો અરોબર ઉપલો અર્ધો ભાગ વચ્ચેથી એ રીતે પાંચ એટલે V આવી સંજ્ઞા તે ઉપરાંત સો (૧૦૦) ના આંકડા માટે [આ રીતની પણ લીટીઓની બે જાત કરીને એક સંજ્ઞા ઉપજાવી હતી તથા હજારને બારતે M આવી બાર ત્રાંસી લીટીઓ લખાવા લાગી હતી પરંતુ પછીના વધેલા સાથે ૧૦૦ને માટે બે બાજુની પણ લીટીની બનેલી આવી સંજ્ઞા [ને C અને ૧૦૦૦ને માટે લખાતી બાર લીટીનો કોયડાનો M બની ગયા આવો અભિપ્રાય કેટલાયે અભિજ્ઞવિદ્વાનોએ પૂરતી શોધખોળ પછી રજુ કર્યો છે. એક વિદ્વાન તો પછી કેવી તદ્દન નવા જ નિર્ણયની નોંધ કરે છે તે પણ જાણવા જેવી છે. તે કહે છે કે 'સેન્ટમ' (Centum) એટલે સો અને 'મિલા' (Milla) એટલે હજાર—એમ બે જે શબ્દોના આદ્ય કોરો જ ઉપર બંને આંકડાઓ માટે વાપરવાની શરૂઆત પ્રાચીનકાળમાં કોઈએ કરી હોવી જોઈએ —ત્રિભુવન વી કોમાણી

ગોવાળકોંડાનાં અવશેષ

દક્ષિણ જેટલા ઐતિહાસિક અવશેષો કહાય એવા હિંદુસ્તાનમાં નહિ બળે મહેલો, મંદિરો ને મિનારાઓ, કોટો, નગરો ને કિલ્લાઓના તેના અસંખ્ય અવશેષો આજ સદીના થયાં હિંદના દરદરના ખૂણાઓથી જ નહિ, વિદેશ પણ જઈને યે અનેક યાત્રીઓને આકર્ષી રહ્યા છે

પણ એ અવશેષપરંપરામાં સોથી ગૌરવ લઈ શકાય એવો હોય તો તે ગોવાળકોંડાનો કિલ્લો છે ઇતિહાસની નજરે પણ તેની અગત્ય ખૂબ છે.

હૈદરાબાદ અને તેથી પાસ આવેલ દૂર સ્થાનેથી આવી પેઢ વચ્ચે જે કિલ્લો આવેલો છે. ત્યાંનો કૂદ ઊંચી ટેકરી પર કાળામીંઢ પાષાણનો બે આવેલો છે. તેના ચિનારા ચારેય પહાડી મેદાનમાં હતુ યે પ્રદેશ પહેં "નૂતકાલની નહોજનારીનો ખરો દેખાવનો દાખ છે. હતુ કેટલીક પુરાતની તોપો. આજ દિવસના તેના વિદ્વાનો પોતાનો ચારે બાજુ કોટ છે એ કેટલેક દૂરથી જુદાંજુદાં બાંધેલા છે. કોક પછી એક કિલ્લાઓની હારો. આમ તોતિંગ દરવાજા ને દરેક દરવાજે હાથીઓને દોડાવવા જેટલો સાંકડા રસ્તાના મજબૂત બીબાઓનું હતું તો આજ અવશેષો

તરીકે જ ગૌરવ છે

દક્ષિણના એ કાળના વરગુલ, ગુલબર્ગા, દૌલતાબાદ વગેરે કિલ્લાઓ જુઓ ને માણસ પોતાના પડોશીને રહેંસવા કેવલો ઉતેજનાર રહેતો તેનું ભાન થશે ગોવલકોંડાનો કિલ્લો પણ વરગુલના રાજાએ જ બાંધેલો ને તેનું મૂળ નામ પણ હત્યારૂ જ હતુ પાછળથી બ્રાહ્મણી રાજાઓના તે ગયુ ને ૧૫૧૨માં કુતુબશાહીઓની તે રાજધાની બન્યુ મહત્વાકાંક્ષી મોગલ સમ્રાટ ઔરંગઝેબે એ અને એની પડોશનુ વિજાપુર છતવા દક્ષિણમા નાખેલા થાણા સુપ્રસિદ્ધ છે આખરે તેણે એ બંને બ્રાહ્મણી કિલ્લાઓ ગેળવ્યા, પણ તેના મૃત્યુ પછી તરત જ નિઝામુલ્મુલ્કે મોગલોથી સ્વતંત્ર થઇ હૈદ્રાબાદના પોતાનુ સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યુ, અત્યે ઉલ્યે એ કિલ્લો તેના હાથમાં આવ્યો જે હજુ તેના વશમા કાયમ છે

અબુલહસન, અબ્દુર્રઝાક ને કુલી કુતુબ મુલ્કથી એ ભૂમિ જેટલી પ્રખ્યાત છે એથી યે વધુ પ્રખ્યાત તો કોહીનૂર હીરા ઈતુર, અકબર બાદ, ફ્રેંચ્રટાઈન, રીજન્ટ વગેરે સુપ્રસિદ્ધ હીરાઓથી છે તેરમી-ચૌદમી સદીમા દક્ષિણની તીજોરીઓ એવા અનેક પાણીદાર નગોથી ભરચક રહેતી એ ભૂમિ ની સમૃદ્ધિનો એટલેથી જ ખ્યાલ આવશે કે ૧૨ ૪મા નર્મદા ગોળગી અલાઉદ્દીને જ્યારે દક્ષિણનુ રાજ વટ્ટો હરાવ્યો ત્યારે છ ગણ ગોતી અને બે ગણ ઝવેરાત તો તેણે રામચંદ્ર પાસેથી ખંડણીમા મેળવેલા!

હવે તો કિલ્લામાના બધા મકાનો ખંડિયેર હાલતમા છે ગેના પગથિયા યે ઘણાખરા તૂટી ગયા ૪ પણ મુલાકાત લેનારને તેના શાસકોની ચડતીપડતીની મૂગી ગાથા હજુ એ સમજાવી શકે છે ('હિંદુ ઉપરથી')

એકવડી બેકી સંખ્યાનો અંકજંત્ર—નવા સ્વરૂપે

બેએક વરસ પહેલા શ્રીયુત મોહનલાલ પંચોળીએ 'અંક જંત્ર'ની શાસ્ત્રીય રચના પર વિશિષ્ટ પ્રકારનો પ્રકાશ પાડનારી એક વિસ્તૃત લેખમાળા 'કુમાર'મા આપી હતી એમા એકવડી બેકી સંખ્યાનો એક સંપૂર્ણ 'અંકજંત્ર' તેમણે ગોઠવીને તૈયાર કરી આપ્યો હતો અને તે પ્રકારના બીજા 'જાદુઈ ચોરસ' બનાવવાની રીતસરની પદ્ધતિ પણ રજુ કરવામા આવી હતી એ 'જંત્ર'ને બારીકાઈથી અવલોકયા પછી બીજી કોઇ રીતે એનો સર્વાંગસુંદર સંપૂર્ણ 'જંત્ર' બનાવી શકાય કે નહિ તેનો વિચાર આવતા મેં એક પ્રયાસ કરી જોયો ને કોઇપણ શાસ્ત્રીયપદ્ધતિ નો આશરો લીધા વગર એક 'જાદુઈ ચોરસ' હું ગોઠવી શક્યો

આ 'જાદુઇ ચોરસ'ને ગોઠવવામા કોઇપણ ખાસ પદ્ધતિનો આશરો લીધો નથી એ તો સ્પષ્ટ છે, પરંતુ એ આખોયે ચોરસમા જે જે ત્રાંસી હાર છે તેમા જમણી બાજુથી શરૂ થતી ત્રાસી હારમા દસથી શરૂ કરીને પછીના દરેક ખાનામા એકર ઉમેરતા જઈને જે આકડાઓ ગોઠવ્યા છે, તથા ડાબી બાજુઓથી શરૂ થતી ત્રાસી હારમા એકના આંકથી શરૂ કરીને તે પછીના દરેક ખાનામા આકડાનો ગોઠવતી વખતે દરેકમા ૧૧ ઉમેરીને જ આકડાઓ મૂક્યા છે બાકીના સઘળાં ખાનામાં તો આંકોને જેમ ફાવ્યા તેમ મૂકી દીધા છે. એ આખા ચોરસને સર્વાંગ-સંપૂર્ણ બનાવવા માટે એ સઘળા આકડાઓને અનેક વખત ફેરવવા પડ્યા હતા વાચકો ધારતા હોય એટલી સહેલાઇથી આ જંત્ર તૈયાર થયો નહોતો

આ 'જાદુઈ ચોરસ' સર્વાંગસંપૂર્ણ તો એટલા ખાતર ગણાય કે તેમા રહેલી આડી, ઊભી કે ત્રાસી કોઇપણ હારમાના દસે દસ આકડાઓનો સરવાળો ૫૦૫ થાય છે ૫૦૫ એટલે ૧૦ ૪૫ એટલે જેનો સરવાળો ૧૦૧ થતો હોય એવી કોઇ પણ બે સંખ્યાની જોડીને આડી ઊભી હારમા આગળસાગળ ગોઠવીને આ રચના કરેલી છે શ્રી પંચોળીએ આપેલ 'કુમાર'મા આપેલા આવા જ 'જંત્ર'ની સાથે આ નીચે આપવામા આવેલા 'જાદુઇ ચોરસ'ને સરખાવવાથી તેમા રહેલી ખાસ ખૂબીઓની જાણ થશે અને આવા બીજા 'જંત્રો' બનાવી શકાય કે નહિ તે માટે પ્રયોગ કરી જોવાનુ મન થશે

૧૦૦	૯૯	૩	૭	૫૯૧	૪	૯૮	૯૯	૧
૧૧	૧૯	૧૮	૮૪	૮૫	૮૬	૧૩	૧૨	૯૦
૭૧	૨૯	૨૮	૭૬	૭૫	૨૪	૨૩	૨૨	૮૦
૭૦	૬૯	૩૩	૩૯	૩૫	૩૪	૬૮	૬૯	૩૧
૪૦	૫૯	૪૩	૪૪	૪૬	૪૫	૪૭	૫૮	૫૯	૬૧
૪૧	૪૨	૪૩	૫૪	૫૬	૫૫	૫૭	૪૮	૪૯	૫૦
૪૧	૩૨	૩૩	૬૭	૬૫	૬૬	૬૪	૩૮	૩૯	૬૦
૯૦	૭૯	૧૮	૨૭	૨૬	૨૫	૭૪	૭૩	૭૨	૨૧
૮૧	૮૯	૮૮	૧૪	૧૫	૧૬	૧૭	૮૯	૮૨	૨૦
૧૦૦	૯૧	૮૯૪	૫	૬૯૭	૩	૨	૯૧

—નિભુવન વીરજીભાઈ ડેમાણી

જગતશાંતિ-એક કૂર મશ્કરી

જગતશાંતિની વાતો કરનારા યુરોપના આ મહારાજ્યોમાથી જર્મની પાસે સાડા પાંચ લાખનુ લશ્કર છે ને જરૂર પડે તે એક લાખનુ બીજુ ઊભુ કરી શકે એમ છે ત્યાના કારખાનાઓ બાર હજાર વિમાનો તૈયાર કરવા મડ્યા છે

ફ્રાન્સ પાસે ૧૮૪,૩૦૦નુ લશ્કર છે ને ૬,૩૨૮,૩૦૦ તાલીમ પામેલાઓ તૈયાર છે ઉપરાત ૨,૫૦૦ વિમાનો છે

ઇટલી પાસે ૪૩૭ ૩૬૮નું લશ્કર તૈયાર છે ને ૫,૮૮૫,૦૦૦ તાલીમ પામેલાઓને કોઇ પણ પળે તે કામમા લઈ શકે એમ છે ઉપરાત ૧,૫૦૦ લડાયક વહાણો છે

બેલ્જિયમને ૧૯૬,૮૦૪નુ નિયમિત લશ્કર છે ને ૨૮૪,૨૭૮ તાલીમ પામેલાઓ તૈયાર છે તેનુ હવાઈદળ ૧૧૦ વિમાનોનુ છે

રશિયા પાસે દુનિયાનુ વધુમાં વધુ લશ્કર જ્યાં છે દસ લાખના નિયમિત લશ્કર ઉપરાત એક ક્રોડ ને તેત્રીસ લાખ તાલીમ પામેલાઓ છે ને તેન હવાઇદળ પણ ૩,૦૦૦ વિમાનોનુ છે

અને આ બધા યે દેશો જગત પર શાંતિના આશીર્વાદ ઉતરવા ગયે છે! શાંતિની એ કૂર મશ્કરી નથી તો બીજુ શું છે?

દીક્ષા લેવા આવેલા ચૈતન્યદેવનું અત્યંત નાનું વય જોઇ કેશવભારતીએ જ્યારે તેમને ના પાડી ત્યારે નિરાશાના અત્યંત આઘાત સહ તેમણે પોતાની ચાહે તેટલી આકરી કસોટી કરી જોવા વિનતિ કરી. ભારતીએ તેની જીભ બહાર કઢાવી ઉપર ખાંડની ચપટી મૂકી, પણ અજબ! ખાંડ લેશમાત્ર ઓની ન થતાં ફૂંક મારવાથી બધી ઊડી ગઇ! કહેવાની જરૂર નથી કે આ અજબ ત્યાગ જોઇ કેશવભારતીએ એમને તરત દીક્ષા આપી

ઓ

અનેકાર્થી શબ્દ: **હાંસડી**=ગળા આગળનું એક હાડકું; ગળાનું ઓક ઘરેણું; લોટાને કે વાસણને ઊંચકવા કરેલો ગાળો; ઘોડાને ગળે પહેરવાના સામાનનો ઓક ભાગ; ટોપલાનું લોઢાનું ચકરડું; પૈડાના મોં ઉપરનો લોઢાનો ગાળો

ઓ

કહેવતોના અર્થ: 'છાપરે ચડીને બેસવું.' પોતાની કઇક કીમત ગણાતાં માણસ અભિમાનમાં મોટો બનીને જે ભાવ ખાય છે, અગર અઘટિત આનંદમાં આવી જાય છે તે દર્શાવવા આ કહેવત ઉપજી છે. ત્યારે ખાસ કરી તે કૂલણજી બની, બીજાથી મહાન દેખાવાનો પ્રયત્ન જ આદરે છે, ઓટલે ઓને લગતી બીજી કહેવતો આ પદ્ય છે: 'ગધેડી કૂલીકે ચડી', 'ગાયનની કોયળીમા સન્નાઇઓ (અથવા ગોકુળમાં કહાન) મહાલે તેમ મહાલે', 'બંદા પહોળા ને શેરી સાંકડી'

ઓ

૧૫૬મા અંકના 'કૂદા અને પતંજિયાં' વાળા લેખમાં તમે પતંજિયાના ચાર અવતાર તો જાણી ગયા. પણ 'ગોલ્ડ બૅન્ડેડ રિકપર' નામના પતંજિયાના સાત અવતાર થાય છે એ તમે જાણો છો?

ઓ

પરદીનામાંથી લસણની વાસ આવે તેટલા જથામાં લસણ ખવરાવવાથી ક્ષયરોગમાં ફાયદો થતો કહેવાય છે.

ઓ

જે ઝાડ પર કોઇ જંતુનુકસાન ન કરી શકતા હોય એવું ઓક માત્ર હિમાલયમાં થતું દેવદારનું ઝાડ છે.

ગણિત ગમ્મત

૩૨ * ૩૨ = ૧૦૨૪
૩૩૨ * ૩૩૨ = ૧૧૦૨૨૪
૩૩૩૨ * ૩૩૩૨ = ૧૧૧૦૨૨૨૪

* * *

૬૪ * ૬૪ = ૪૦૯૬
૬૬૪ * ૬૬૪ = ૪૪૦૮૯૬
૬૬૬૪ * ૬૬૬૪ = ૪૪૪૦૮૮૯૬

આગે એ પ્રમાણે આગળ. એનું કારણ મૂળ સંખ્યાના ગુણ્ય અને ગુણક દરેકમાં એ સંખ્યામાં જે આંક દશકસ્થાને હોય તે આંક જેટલી વાર મૂળ સંખ્યાની ડાબી બાજુએ લખાય, તેટલી વાર એ આંકડાની ઓક જોડી, એવી તેટલી જોડીઓ વધે. (મૂળજી જેઠુ જોશી)

ઓ

અંગ્રેજી પરથી ફતારેલાં નામોના આપણે કેટલા ખોટા ઉચ્ચાર કરીએ છીએ? દાખલા તરીકે Cairo, Marseillaise, Masaryk, Czech, Pasteur, Mazzini, ને Richelieu ના ઉચ્ચારો સાધારણ રીતે આપણે કેરો, માર્સેલીઝ, મૅસેરિક, ઝેક, પૅશ્ચ્યૂર, મૅઝિની ને રિશેલ્યુ કરીએ છીએ પણ તેમના ખરા ઉચ્ચાર તો કાઇરો (ગિસરી કાહિરા પરથી), માર્સેયાઝ, માઝારીક, ચેક, પાસ્તર, ગ્યાટ્સિની ને રીશલ્યૂ છે. એ જ પ્રમાણે આયાત કરેલા બીજા નામોના ઉચ્ચારોનું પણ સમજવું.

ઓ


પેન્સિલવાનિયાની લોખંડની ઓક મીલમાં ગરમીના વખતે કામદારોને ઠંડક આપવા બીજા ઉપચારો કરવામાં નથી આવતા, પણ બધાને પહેલાં ગોઠક ગિઠાઇ અને ઉપરથી બીડાની ટીકડીઓ આપવામાં આવે છે. આથી શરીરને આપોઆપ ઠંડક મળે છે!

ઓ

દરિયાનાં પાણીમાં બધું મળીને ૫,૪૬,૮૩,૫૦૦ ટન સોનું છે પણ હાલ તેને મેળવતા જતાં દર ઔંસ પાછળ ઓક હજાર રૂપિયા ખર્ચ થતા જાય છે.

ઓ

આખું અમેરિકા શોધી કાઢવા બદલ કોલંબસને માત્ર રૂપિયા ૧૭૭ (૫૮ ડોલર)નું જ ઈનામ મળ્યું હતું!



નાના ચાંદલાઓ વચ્ચેનો મોટો ચાંદલો અને મોટાઓ વચ્ચેનો નાનો ચાંદલો ઓકબીજાને મુકાબલે નાનામોટા લાગે છે તે તેમની આજુબાજુની આકૃતિઓથી ઉપજતા દૃષ્ટિભ્રમને લીધે વસ્તુતઃ એ બંને સરખા જ છે.

ઓ

પ્લાસ્ટરની ભીંતમાં ખીલો ઠોકતાં પ્લાસ્ટર ઊખડીને ખીલો ઢીલો થઈ જાય તો બહુ સરેસ અથવા સીમેન્ટના પાણીમાં પલાળેલું રૂ ખીલાની આસપાસ વીંટી બેસાડી દેવું, અને ઊખડેલા પ્લાસ્ટર પર આસપાસ પણ સીમેન્ટ અગર સરેસ લગાડી દેવો

ઓ

દીવાસળી સને ૧૮૨૬માં હસ્તીમાં આવી; ૧૮૩૦થી તેનો પ્રચાર થયો

ઓ

ઓરડાની હવા તરત સાફ કરવી હોય તો કપૂરનો ઓકાદ કટકો સળગાવવાથી ધારો અસર થાય છે, ઓટલું જ નહિ પણ નુકસાનકારક જંતુઓ પણ નથી રહેતા.

ઓ

શાહીના ડાઘ પર જરા ગરમ કરેલી મીણબત્તી ઘસી જોજો. કદાચ તેના મીણની સાથે ડાઘ નીકળી આવશે.


ઓ

જગતની બેકારસંખ્યા


ઈંગ્લંડમાં	કુલ	૨૮ લાખ
અમેરિકામાં	,,	૬૫ લાખ
જર્મનીમાં	,,	૧ કરોડ
ઇટલીમાં	,,	૬૦ લાખ
જપાનમાં	,,	૧૨ લાખ
બલ્ગેરિયા, રુમાનિયા, ગ્રીસ, યુગોસ્લાવિયા	,,	પાંચ કરોડ

હિન્દમાં ઓકંદર ઓક કરોડથી વધારે

મને અધિક છે પસંદ



શ્રી કાર્યકર ગુજરાતી સભા 9365



મને અધિક છે પસંદ,
અગણ્ય ઉડુઓ થકી અચિત ખુલ્લી ગતોથી યે
મને બસ પસંદ છે સઘન રોઘથી આવરી
અડાબીડ જ અંધકારભર રાત, જેમાં કયહીં
તગી અદ્ધલી તારલી લઘુક એક બ્લતી જરી.

મને અધિક છે પસંદ,
અસંખ્ય મધુ વાનીઓથી છલકંત મિજબાનીઓ
થકી વધુ પસંદ છે સતત કૈં કલાકા પછી
અથાગ રખડાટના, મળતી દીન યજમાનના
ગૃહે અ-રસ રોટી નાથ ચટણીની તીખી મજા.

મને અધિક છે પસંદ,
સુરીલ દ્રુતાલ શાસ્ત્રમય ગાન-જલ્સાથી યે
મને વધુ પસંદ છે ગભરુ નાનકા બાળના
મુખેથી સ્ખ્તું મુહાવ્યું રમતા, કઈ ક્રન્દનો
વિષે, વિનવી રોવું, એક અણધાર્યું 'તા..તા.' મુખે.



મને બસ પસંદ છે જગતના મુખોજ્યા બધા
પ્રહર્ષ થકી, લાધતી મઝા એક હર્ષાશ્રુ.

સુન્દરમ્



યેનોશીમા—ચિત્રદ્વીપ અથવા પિકચર આઇલૅન્ડ

● જપાનનો મુખ્ય પ્રદેશ ત્રણચાર મોટા ટાપુઓની જ સાંકળ છે ઉપરાંત તે દરેકના કિનારાની લગોલગ કેટલા યે નાનકડા ટાપુઓ છે અને તે પણ વસ્તીથી ભરચક છે. વળી એ ટાપુઓ પર એવી ઈશ્વરકૃપા છે કે ભારે માસ વરસાદના છંટકાવથી તે લીલાછમ અને વનસ્પતિ–પાણીથી તરબતર રહે છે કેટલાક ટાપુઓ ૨૫ કે ૩૦ માઈલને અંતરે છે તો કેટલાક કિનારાની તદ્દન લગોલગ માત્ર બસો ચારસો ફૂટ વેગળા છે; અને આવાં બધાં સ્થાનો મેળા, યાત્રા કે પ્રવાસના આનંદ આપનારાં સાધનો અને સગવડ આપી રહ્યા હોવાથી કિનારાની વસ્તીનો અવરજવર ત્યાં ખૂબ રહે છે.


કામાકુરા જતા યેનોશીમા ચિત્રદ્વીપે અમારું ખૂબ જ ધ્યાન ધ્યાન ખેંચ્યું. અમારા પ્રવાસનેતા બાબુ દવેએ દરખાસ્ત કરી કે કિનારા પર ટૅકસીઓ આપો કલાક રોકી એ ટાપુ તો જોઇ લેવો જ. એ વખતે દરિયાનાં પાણી ઓટમાં હતાં એટલે કોઇ ધારે તો પગપાળા પણ ટાપુ પર જઇ શકે પણ કાયમની આવજા માટે લાકડાનો એક પૂલ બાંધેલો હતો તે પરથી અમારે જવાનું હતું કિનારા આગળ રેતીના ઢાળ પર એ વખતે રાણનાં તાપડાની હાટડીઓ બંધાતી હતી તે તરફ અમારું ધ્યાન ખેંચાયું પૂછતા ખુલાસો મળ્યો કે હવે ઉનાળાના દિવસો આવતા હોવાથી હજારો માનવીઓ સમુદ્રકિનારે હવા ખાવા ને આનંદ કરવા આવશે તેમની એ બધી તૈયાર થાય છે. માત્ર થોડા સમય પૂરતી જ. પણ એ હાટડીઓ ટ્યુનિસિયાલિટી તૈયાર કરતી હતી અને તેની તૈયારી તથા ગોઠવણ જુઓ તો એક પ્રદર્શનમંડપ થતો હોય એમ લાગે. હાટડીઓ બાંધવાની જપાનની કળા તો હિંદના ઉતારવા જેવી જ છે.

અમે પૂલ પર કૂચ કરતા ચાલ્યા. ટાપુના છાપા આગળ પહોંચ્યા ત્યાં તો જણાયું કે દૂરથી જે ગાઢીમર્યો મદેશ લાગતો હતો તે તો દુકાનોની કતારવાળી એક સુંદર ટેકરી છે. બેસતા જ બે બાજુ જાતભાતનાં હાથકરગતનાં રમકડાં વેચનારી દુકાનો હતી. તેમની વચ્ચેથી અમે ઢાળ ચડવા લાગ્યા અને ચારે કોરથી દરિયો તેમજ કિનારો નીરખતા હર્ષના ઉભરા લેતા કેટલું યે આગળ વધી ગયા.

ઠેઠ ઉપર પહોંચ્યા બેઠલે અમારો માર્ગ ટેકરીની દરિયા તરફની બાજુએ વળ્યો. આખા યે રસ્તામાં બંને બાજુ સુંદર જપાની ઢબના મંડયો, બાનપાનની દુકાનો અને તેમાંની સ્વાગતકારી દ્વીપરમણીઓ કોઇ કથાનું વાતાવરણ ખડું કરતાં હતાં. દરેક દુકાનદાર કવિતામય વાણીમાં કહેતી કે 'માનવંતા પ્રવાસી! આવો, બેસો; બે ઘડી આરામ લો; કંઇ ખાઓ પીઓ અને અમારી દુકાન ધન્ય કરો.' કોઈ તો વળી કહેતી કે 'અમે તમારા આગમનની રાહ જોઈ ક્યાં છીએ અને કેમ રોકાતા નથી?' આ તરજૂમા કરવાનું કામ બાબુ દવે કરતા. અમે તો સડેડાટ બીજી બાજુના રસ્તા ઊતરવા લાગ્યા. છેવટે બહુ વિચિત્ર પાષાણમય સાંકડી ગલીમાં ઊતરી બહાર પડ્યા ત્યાં તો વિશાળ સાગર નજરે પડ્યો અને ખરાબાવાળા કિનારો વચ્ચે નાની હોડીઓમાં સહેલાણીઓ બે બાજુના એક ગુફા-મંદિરનાં દર્શને આવતા જતા જોયા અમે પણ દરિયાનાં મોજાંએ કોતરેલી એ ગુફામાં દાખલ થયા તો ઉંડે ઉંડે, કુદરતના ઘડેલા મંદિરમાં બાજુની જે દેવી આજ જુએ છે તેવા કોઇ રક્ષક દેવની મૂર્તિની પૂજા મંડાએલી જોઇ બોબાદ બે પૂજારીઓએ પ્રસાદી આપી અમે પણ બીલીપત્રોમાંથી ત્રાણાના સેંદ કાઢી નાખ્યા અને પાછા વળ્યા આ પ્રસંગે તો હિંદુસ્તાન સાંભર્યું. કોઇ પહાડના કે કોતરમાં કાલી, હનુમાન કે શીતળની મૂર્તિ કરી પૂજતા હિંદુ ભાભીઓ અને આ જપાની શ્રદ્ધાળુઓમાં ફરક ન લાગ્યો. આવું જ કોતરકામ કાઠિયાવાડમાં ગઢવા આગળ ભાળનાથ પાસે રત્નાકર મહાદેવનું જોએલું તે યાદ આવ્યું. આવા દરયો જોતાં જપાનની ધર્મપ્રેરણા અને ભારતની ધર્મપ્રેરણાના મૂળ પ્રવાહ સરખા જ લાગે છે. અમે ખૂબ જ વખત લીધો અને ટેકરી ચડી ઊતરી આવ્યા તેનો થાક તથા અંતર બહુ લાગ્યાં બોટલે પાછા જવાને ટેકરી ન ચડતાં બે તરફ આવેલી એક હોડી ઠરાવી તેમાં ચડી બેઠા. આ બોબાંત ઉજ્જડ કિનારા પર કેમેરાબાજો ઘૂમતા જ હતા. અમારી હોડી જલદી ચાલી ન હોત તો બોબાદ છબી પડાવવાનો લોભ ત્યાં રોકવો મુશ્કેલ હતો. બેટની પ્રદક્ષિણા કરતી અમારી હોડી ચાલી ત્યારે જ અમને બેટના વિસ્તારનો ખ્યાલ આવ્યો હોડીની બોટલી સફરે અમારી તે દિવસની યાત્રા પર રાગ ચડાવી. હૈયામાં



જપાનના સૌન્દર્યપ્રદેશ હાકોનેની રમણીઓ



હિંદના જેમ કાશ્મીર તેમ જપાનમા હાકોને મહેરા સ્થાનુ નદનવન ગણાય છે સ્થાનુ એક દૃશ્ય

હર્ષ ઉભરાતો જ રહ્યો ને સાજ ન પડી ગઇ હોત તો અમે એ ગેટ ઉપર હજુ વધારે રોકાત પણ સાથમા સ્ત્રીઓ અને બાળકો હતા તેમની ચિંતા અને ઉતાવળે વધુ નીરખતા ના મનસૂબા રોકયા અમે પાછા ફર્યા દરમિયાન તેમણે રમકડાની દુકાના ધૂમીને જાતજાતના પડીકા બાંધી જ લીધા હતા પાછા ટેસીઓમા બેસાયા અને તેજ સાજે ગિયાનોસીમાની ફૂજુજિયા હોટેલમા પહોંચ્યા એ હોટેલની હકીકત આગળના અંકમા આપી ગઇ છે

એ હોટેલ ઊંચી આગળ હાકોને સરોવરના માર્ગે આગળ વધતા હવે અમને કુદરતી જ અનુભવો થયા અને જાપાનો સૌન્દર્યસારા ફૂજી પર્વત નીરખવાના મનના કોડ મનમા જ રહી ગયા કુલટ્ટ જપાનની તોફાની હવા અને ભીષણ વાતાવરણ જોઇ અમારે સરોવરનો નૌકાવિહાર તેમજ પ્રદક્ષિણાનો વિચાર માંડી વાળવો પડ્યો

ફૂજીજ્યા ઊંચી જરા આગળ ચાલ્યા કે ધુમ્મસ જ દેખાતા લાગ્યુ, છતા અમારા તેજીદાર જુવાન ટેકસી ડ્રાઇવરોએ તો પુરપાટ રથનો વેગ વધારવા માંડ્યો ગમે ત્યારે સામે આવતી ટેસી સાથે અથડાઇ પડવાની મારતી રહેતી હાકોને સરોવરને કાંઠે પહોંચતા રસ્તામા Devils Hell (શયતાનનુ ધામ) એ નામે પ્રખ્યાત થએલા ગધકના ઝરા જોવાનું અમારા કાર્યક્રમમા હતુ ભયંકર વરસાદ અને, ભુસવાટા મારતા પવનના ઝપાટા કેટલા છે તેની અમને અંદર જરા યે કલ્પના નહોતી, પણ એકાએક અમારી ટેકસી ઊભી રહી અને ટેકસીડ્રાઇવરે અમને ધુમ્મસના ગોટેગોટા નીકળતો એક ખાડો બતાવી દીધો ત્યારે જ ખબર પડી, કે મોટરને યે ઉથલાવી નાખે એવા પવન અને વરસાદની ઝડી બહાર કારમી રમઝટ બોલાવી રહી હતી અને તેમા બે જોવા માટે બહાર નીકળવાનુ સાહસ કરવુ પણ મુશ્કેલ હતુ

અમારી જેમ બીજા પ્રવાસીઓ જપાન ની દૂરિંગ કારમાં આવેલા તે પણ બેમ ને બેમ અંદર બેસી રહ્યા હતા કોઇ જ બહાર નીકળે નહિ અમારામાંથી એકબે જણને બેમ થયુ કે જે જોવુ ને બાકીનાંથી દોડતા આવ્યા, આ પહાડ ચઢ્યા તે જરા પલળવાના ભયે કેમ જતુ કરાય? પલળવા કરતા યે પડવાનો ભય મોટો હતો આખરે સપાતા, ફાળ ભરતા નીચે ઉતર્યા મગજને ગંધમંધારી મૂકે એવો ખારાશવાળો વરાળિયો ગંધક જોરો પૂરથી ભડભડી રહી હતી, તે ઉપરના વરસાદ અને તોફાનને ખાળો દેતી હોય એવી લાગી ગંધકના ઝરાનો એ ખ્યાલ અને તે જોવા માટે કરેલુ એમનુ સાહસ જીવનમા કદિ ન ભૂલાય એવા છે બેથી જ મિનિટોએ શરીર કપાવી નાખ્યુ દરેક જણને બીક હતી કે શરીરમા ઝપટાઇ જવાયું પણ જોવાનો સંતોષ મોટો હતો

ટેકસીઓ પાછી એ રિાંગરેથી સરોવર ની સપાટી સુધી ઉતરી આવી ત્યારે પણ વરસાદ અને દિશા ફેરવતુ ધુમ્મસ ચાલુ જ હતા એ જોઈ હવે તો હાકોને સરોવરની ચક્કરનો કાર્યક્રમ પડ્યો જ દેખાતો સરોવરને કાંઠે જ્યા ફેરીબોટો જાને ત્યા પણ નારીઓ એ યે બરાબર બેઠેલા આવામા સરોવરની ચોપાસ તો શું પણ નજીકમા યે કાંઈ ન દેખાય ઘડીઘડી આશા થતી કે જરા વાદળો ખસે આકાશ ખુલી જાય, પણ અનુભવી વતનીઓએ જણાવ્યુ કે આ હવા તો આઠ દિવસ રહેવાની, એટલે અમે સર્વાનુમતે હાકોને સરોવરનો બેત ઊંચી દીધો અને ટોકીયો તરફ ટેકસીઓના મોં ફેરવ્યાં

અમે બે કાંઠાવાળી ટેકસીઓ બે આખા દિવસની મુસા-

ફરીની રાતે આઠ કરેલી અને સાંજે આઠ વાગ્યે ટોક્યો પહોંચવાનું હતું; પણ હવે તો સાંજે ચાર વાગ્યે પહોંચીશું એ આશાએ પહાડી પ્રદેશો ઊતરી અને એકલા તેમે ટોકિયો ટોકિયો ગંધતા આગ્યા રસ્તામાં ગામડાં આવતાં જતાં. કોઈ કોઈ ગામે બસ્ચાઓ માટે દૂધ લેવા કે મોટર સંભાળવા અટકતા ત્યારે ગામડાના માણસો, છોકરાંઓ વગેરે અમને જોવા બેગાં થઈ જતાં. બધા આશ્ચર્યમુગ્ધ નયને જરા દૂર ઊભાં રહેતા, પણ કોઈ કાંઈ ટીખળ કે મસ્તી કરતું નહિ તેમજ અમારાંને કરતું નહિ. અમને ઘણી વાર કોઈ નાના બાળક કે કન્યાને બોલાવવા હસાવવાની ઇચ્છા થાય, પણ તે વખતે તેઓ ક્ષોભથી દૂર ભાગે. મોટાઓ વળી કંઈ ગડબડ કરવાની ઇચ્છાથી માયાળુ શબ્દોમાં ડ્રાઇવરોને પૂછી જાય બાળકો અને મોટરોના સાથેના એ વિવિધ પ્રસંગોએ આપણે આપણા જ ગામડાની છાયાનો સ્પર્શ પામતા હોઈએ એવું લાગે.

ટોકિયોની હદ ક્યારે શરૂ થઈ એ તો અમે જરા પણ સમજ્યા નહિ. હવે લીલાછમ ખેતરો-વાડીઓને બદલે બા બેઠા બગીચા, બંગલા, ફૅક્ટરીઓ આવવા લાગ્યા. રસ્તા પહોળા મતા લાગ્યા, ટ્રામોના પાટા દેખાયા ને ટ્રેનોના ફાટકો પણ વટાવ્યાં ટોકિયોમાં અમારે કયા ઠરવાનું છે તે નક્કી નહોતું, પણ મેસર્સ દુર્લભજી અને મજુમદારની ઑફિસેથી બધી સૂચના લેવાની હતી રવિવારનો દિવસ હતો એટલે ઑફિસે કોઈ નહિ હોય એમ કહી ટોકિયોના પરામા તે રહેતા હતા તે રાસ્તામે ટૅકસીઓ હકારી. યોકોહામાના સબંધથી ટૅકસી-વાળા તેમને ઓળખતા જણાયા. જપાની જેવા વણના તેમના પત્ની છે એ સહાથી તેઓએ ઓળખાણ થઈ હતી એટલું મને ખાસ યાદ છે. વરસાદની છાંટ તો ચાલુ જ હતી, પણ એક ગલીને નાકે ટૅકસી ઉભી રહી ત્યારે અમને એક પ્રકારની હાશ મળી. છોકરા અકળાઈ ગયાં હતા, સ્ત્રીઓ આરામ અને સ્થિરતા ઝંખતી હતી અને અમે પણ તેમનાથી થોડો છુટકારો મેળવવા ઉતાવળા હતા મિ મજુમદાર ખબર પડતા જ બહાર આવ્યા અને હિ દુરતામીમા જ કહ્યું કે આપ લોક પહેલા તો ઘરમા આવો મારૂ ઘર નાનુ છે એટલે લાચાર છું, પણ થોડી રાહત લઇ બીજી ગોઠવણ કરી શકીશે. આ સલામા તો ટોકિયોની કંઇ વિશેષતા દેખાતી નહોતી. બધા ઘરો—હારની હાર—જપાની ઢબના જ હતા. શ્રી મજુમદાર પણ જપાની ઘરમાં જ રહેતા હતા. ગાડીમાંથી બધો-બોલ્ડ બારણે હતારી, તેમણે આપેલાં ચપલો પહેરી તેમના ઘરમાં ગયા એટલે તેમનાં પત્નીએ સ્વાગતભર્યા સ્મિતે અમને બોલાવી ઘડીભરમાં તો હિંદનું વાતાવરણ છવરાવી દીધું તેઓ બગાણી છતાં બહોળો તો એવા ભેદનો એંધાણો પણ ન દેખાય. મજુમદાર બાબુ વીસ વર્ષથી ટોકિયોમાં રહે છે તેમના પત્ની સુશિક્ષિત હિંદી નારીરત્ન છે અને યુરોપ અમેરિકાનો પ્રવાસ કરી આવ્યા છતા બહુ જ સાદાઇ અને કરકસરથી ટોકિયોનું



શ્રી મજુમદાર

ઘર ચલાવે છે એ જોઇ સૌને આશ્ચર્ય થયું. તેમના યુવાન પુત્ર પ્રતાપ મજુમદાર ઑફિસનું એકસપોર્ટ ઇમ્પોર્ટનું કામ બહોશીથી સંભાળે છે. મિ પ્રતાપ પણ યોકોહામાની સેંટ જોન કૉલેજના ગ્રેજ્યુએટ અને બાબુ વચેના કૉલેજ-મિત્ર છે બધા ત્યાં જ હતા એટલે આ પ્રથમ મેળાપ તો સૌને ખૂબ જ મીઠો અને આશ્વાસનદાયક થઇ પડયો.

સાઠ લાખની વસતીવાળા ટોકિયોમાં અમારી વાચા કપાવાનું આ આટલું જ એક સ્થાન હતું. બાકી બાપાના અક્ષરને અમે બહેરા અને મૂગા જેવા જ હતા. સહાનાસ્તો પત્યા પછી અમે કયાં જવું તેની ધડમાથામાં પડયા. કોઇ સારી હૉટેલમાં ઓકસાયે ખડો થાય તો જ ચપમાણો સંધ નીકાલે રહી શકે. મજુમદાર બાબુએ બાજુની ઘેર જઇ ટેલીફોન કર્યો બાદ કર્યું કે આશાહી હૉટેલમા ત્રણચાર બેડ છે એમનો દરેક એક પ્રવાસી —બને બહુ તો બને સગવાની શકે એવો છે, જ્યાં દીઠ રાત રોજ ખર્ચ આવે એ ભાડે પાંચ છ રૂમ નક્કી કરી અમે ત્યાં ગયા. ઘણું વળી અમારામાંના કેટલાકને તેના બદલે ન ગમવા બોલ્યે કાફલાને વેઇટિંગ રૂમમા રાખી ટોકિયોની બીજી બેચાર હૉટેલો ફૂંદી આવ્યા, પરંતુ કયાં યે બાલી જગ્યા મળી નહિ, એટલે આખરે ઠેરના ઠેર થઇ આશાહીમાં જ પડાવ નાખ્યો જપાનમા એક સુખ છે કે લિફ્ટનો ચાલુ કપરોગ્ય ગણતો હોઈ, ગમે તે માળે હોઇએ તેનો વસવસો કે મૂંઝવણ રહેતી નથી. આશાહી હૉટેલ બધે જાણે પરદેશી પ્રવાસીઓને ઠીક સુગમ પડે છે, કારણકે તે ટોકિયોના મુખ્ય સ્થળ વચ્ચે છે; પણ કોલેમાં હિંદીઓનો સમુદાય વધુ હોવાથી જે સ્થાનિકપણું ત્યા લાગે છે તેને બદલે આહીં સાવ નવતા ને અતડા પડી જવાએ છીએ. સુભાગ્યે હૉટેલોના મેનેજરો બંગેજ વાતચિત કરી શકે છે તેમજ તેમનું વર્તન સેવાભાવી હોય છે; તોય બહાર જવા-આવવા કે ખરીદ કરવા અથવા મુલાકાત વખતે દુભાષી મિત્ર વગર જરા યે ચાલે નહિ. ટોકિયો માટે તો એક સુવાગ ગાઇડ રાખવો એ જ સલાહભર્યું છે. અમે ઠામ પડયા પછી ટોકિયો કેમ જોવું તેનો ઘાટ ઘડવા લાગ્યા. (ચાલુ) —ર.મ.ન.

જપાન જતાં પહેલાં

જપાની ભાષા જાણતાં શીખી લેવાય તો પ્રવાસીને ઘણી અનુકૂળતા થાય એવા આશયથી અમદાવાદ(રાવપુરા)નાં રોઠ ડાહ્યાભાઇ નારણભાઇ શાહે એ જરૂરીબાત પૂરી પાડવા શ્રી મોપાણછ મોરારજી રાહ પાસે એક નાની પુસ્તિકા ગુજરાતીમા તૈયાર કરાવી છે પ્રવાસી માટે ખરેખર તે ઉપયોગી સાધન બન્યું છે

પ્રતિભા અને પુરુષાર્થને જીવનમાં એકીસાથે ઝળકાવનાર



આ દેશના લોકપ્રિય સાહિત્યકાર

પ્રેમચંદજી

એક સમારે એ દર્દભરી, કરુણ અને ચિંતનશીલ આંખો બીડાઈ ત્યારે ભારતના સાહિત્ય જગત જાણે હેબતાઈ ગયું. આજના જમાનાની તમ્મ રફૂર્તિથી કદાચ વંચિત, પણ જીવનના અનેકવિધ કોયડાઓ પાછળની ઊંડી મનોવેદના એ આંખોથી વ્યક્ત કરનાર વ્યક્તિ તે સ્વર્ગીય મુનશી પ્રેમચંદજી ગયા ઑક્ટોબર ૮ આઠમીએ કાળી મુકામે તેમને ૫૬ વર્ષની વયે અવસાન થયું ને ભાગ્યના બધા યે સાહિત્યવર્તુલોમાં જાણે એક વજ્રાઘાત થયો હોય તેમ આજ સુધી એમની નિપજાવેલી રકૃતિઓ ચાલુ નથી છે

એમને નજરે જોનારાઓએ તો લક્ષ્યું છે કે એમના કાળાં કાળા ઘીચ ભવા નીચે નહોતો કોઈ નજરે પડતો, ન ધૂણા શોધી મળતી એમની નજર જ્યાં પડતી ત્યાં જાણે આરપાર નીકળી જતી. ત્યાગ અને પ્રતિભાના એ જાણે જ્વલંત ચિનગ હતા અને એના પ્રકાશે કરી એમણે ગુજરાતમાં 'મુનશી યુગ'ના શોર થતાં હિંદી સાહિત્યમાં પ્રેમચંદ યુગ' પ્રવર્તાવ્યો એ પહેલા જ હિંદી નવલકથાકાર હતા જેમની નવલ કથાઓને પરભાષામાં અનુવાદિત થવાનું સન્માન પ્રાપ્ત થયું હોય અને એ પહેલા જ અથવા ગણ્યાગાંઠ્યા ગોત્રના જ એક લેખક ગણી શકાય, જેમને હિંદુ-મુસ્લીમ, આમ-ખાસ બધા વર્ગોએ એકસરખા આદરથી નવાજ્યા હોય

વીસ વર્ષ પર હિંદી સાહિત્યમાં એમણે પ્રવેશ કર્યો. તે પહેલા તેમણે ઉચ્ચકોટિની નવલકથાઓ રચાઈ કે નહિ એ તો હિંદી સાહિત્યનો કોઈ નિકટનો પરિચિત જ જણાવી શકે, પણ એમની નવલકથાઓ ને વાર્તાઓ હિંદી સાહિત્યનો કીર્તિમુકુટ બની છે એમાં તો કોઈને સંશય ન રહે એમ કે કલમમાં કોઈ એવી સાદગી પ્રસાદિતા ને તાકાત હતી, જે મનુષ્યના અંતસ્તલ પર સીધી અને ધારી અસર નીપજાવી શકે છે

કાશીથી પાંચ માઈલ દૂર આવેલા પાંડેપુર નામના નાનકડા ગામમાં એમનો જન્મ, સવંત ૧૯૩૭માં; અને તે પણ પોસ્ટખાતાના એક સાધારણ કાયસ્થ નોકરિયાતને ત્યાં. એમનું જન્મનું નામ ધનપતરાય

બાર રૂપિયા પગાર હતો એમના પિતાજી ધનપતરાયને ભણાવવામાં કરી કમી આવવા ન દીધી પંદર વર્ષની વયે તો ધનપતરાયે નવમી શ્રેણી પસાર કરી એ જ વર્ષે એમનું લગ્ન પણ કરી નાખવામાં આવ્યું એ જમાનામાં મોટી ઉંમરના વર કે કુલીન કુળની એક અજાણી ગણવામાં આવતી.

આ લગ્નથી જીવન ધનપતરાયની જીવ બદલી થઈ; પણ એથી યે મોટી જવાબદારી વાદળો એક બીજાને કટકા પણ વરને બીજે જ વર્ષે પડ્યો અને તે એમના પિતાના અવસાનનો

માતા તે એથી આઠ વર્ષ પહેલા જ સ્વર્ગસ્થ થએલા બરની બબરી બધી પિતાની લાડકી ભાંડણીમાં બાકી મહ હતી મોટાભાઈ ધનપતરાયનું શિક્ષણ તો અટકયું જ, પણ એ સાથે સાંસારીક દશામાં નાનાં મા, ભાંડકા ભાંડ, અને પત્નીનો પોષણભાર પણ એમને ઊંચકવો પડ્યો બીજો કોઈ હોત તો એવા સંજોગોમાં શું કરત એ પર અટકળો બાંધી નકામી

છે, પણ ધનપતરાય એવા 'ણીજ'ઓની હરોળમાંના ન હતા. વિ ત્તમાં પણ જે હૃદયમાં સદ્જ્ઞાન નથી ઉપજતું એ એક એવા સૂકા ઝાડ સમું છે, જે પાણી પીને મહોરતું નથી પણ સડી જાય છે.' એમની 'પ્રેમાશ્રમ' નામની નવલમાં પાછળથી સલના કરેલા આ આત્મવિકરણનાં અંકુર ફૂટતી એ વયમાં પણ પ્રતિભા ને પુરુષાર્થને એમણે ઓછા નહોતાં ઝળકાવ્યાં.

આગળ ભણવાની ધનપતરાયની ઇચ્છા અદમ્ય હતી. સામે કશી આવકનું દેકાણું ન હતું. પણ એમણે ધીરજ ન ખોઈ. કમાવા-ણાવા સાથે જ શિક્ષણ પણ પ્રાપ્ત કરવાનો એમણે દૃઢ નિશ્ચય જ કર્યો. થોડાંક ટ્યૂશનો મેળવ્યાં ને કાશીની ક્વીન કૉલેજમાં જોડાયા. ખૂબ જહેમત પછી ફી પણ એમણે માફ કરાવી ને કૉલેજ ચાલુ કરી. યોગડાબર્યે કપરે ને ખુલ્લે પગે પાચપાંચ માઇલ ચાલીને ભણવા જવું એ એમને મન કાંઈ વિસાતમા નહોતુ. પોતે શિક્ષણ તો મેળવે છે ને! એ જ એમને મન મોટો સંતોષ હતો. હિંદીના ભાવિ સાહિત્યસમ્રાટનું આ કૌમારચિત્ર!

એ સમય પણ વીત્યો ને ધનપતરાયે મૅટ્રિકયુલેશન પસાર કરી. આગળ ભણવાની વૃત્તિ હવે જેટલી જ અદમ્ય હતી, પણ કમનસીબે અનેક પ્રયત્નો છતાં તેઓ આગળ ભણવાની તક મેળવી ન શક્યા.

ને એ તક મેળવવાના એમના પ્રયત્નો તો જીવનવિગ્રહ કેટલો દુષ્કર હોય છે એ તાદૃશ કરતાં આજે પણ ઈવાં ખડા કરી દે છે. એ વખતે ટ્યૂશનમાંથી પાંચ જ રૂપિયા તેમને મળતા. તેમાંથી અડધી તો ઘેર પાડેપુર મોકલી આપતા ને બાકી બચી રહેતા એમાંથી આખો માસ ગુજારો કરતા! એ ગુજારો સહેલો ન હતો. મહિનામા બેને બદલે બાર એકાદશીઓ કરતા ત્યારે તેમનો એ મહિનો વીતતો. એક વખત તો ઉપરાઉપરી એવા ઉપવાસો ખેંચવા પડ્યા કે આખરે હારીને પોતાનું એક પુસ્તક બજારમાં વેચી નાખવા નીકળ્યા ને એના ઉપજેલા એક રૂપિયામાંથી પારણું કર્યું.

આ કસોટી પછી કુદરતનું યે દૈયું કંઈક ગજવું હોય એમ, એકાદ શાળાના હેડમાસ્તર સાથે ધનપતરાયનો ભેટો થઈ ગયો અને એમણે તેમને માસિક રૂા. ૧૮ના પગારથી પોતાની શાળામાં શિક્ષક તરીકે નીમી દીધા. મોકો મળ્યો કે તરત ધનપતરાયે જીવનની જરૂરિયાતોમાં જેવી ને તેવી રીતે મર્યાદિત રહી ફૉલેજનો અભ્યાસ ચાલુ કરી દીધો. થોડા વખત પછી સરકારી કેળવણીખાતામા નોકરી મેળવી. બી. એ. પાસ કરી શાળાઓમાં સબ ડેપ્યુટી ઇન્સ્પેક્ટર નીમાયા. આગળ ખાનગી અભ્યાસ તો દૃઢ પણ ચાલુ હતો. અંતે બી.એ.ની પરીક્ષા તેમણે પસાર કરી. આમ પાછળથી કુદરતની સાનુકૂળતા ધનપતરાય પ્રત્યે કંઈક દયાળી જણાવા લાગી. આ અરસામાં જ એમણે શિવરાની દેવી નામનાં વિધવા સાથે પુનર્લગ્ન કર્યું જે તેમનાં આજીવન અદ્વૈત સંગાથી બની રહ્યાં.

ધનપતરાયનો નાનપણથી જ સાહિત્યનો શૌખ અત્યંત હતો. એમણે લખવાનું તો પોતાની સરકારી નીમણૂક પહેલાં જ શરૂ કરી દીધું હતું. પણ તે હિંદીમા નહિ, ઉર્દૂમાં. ૧૯૦૨માં એમની પહેલી નવલકથા છપાઈ ને ૧૯૦૪માં બીજી. ૧૯૦૭થી વાર્તાઓ લખવાનું એમણે શરૂ કર્યું. 'અદીબ', 'ઝમાના' વગેરે પત્રોમાં તે છપાવા લાગી. આજથી બીસ વર્ષ પહેલાં એ 'સોઝે વતન' નામથી પ્રસિદ્ધ થયેલી. એ બધું તેઓ પોતાને બરે નામે અગર તો 'નવાબરાય' નામે છપાવતા. 'પ્રેમચંદ' નામનો હજુ જન્મ નહોતો થયો. ઉર્દૂમાં પણ એમની લેખિની એટલી દિલચસ્પ ચાલતી કે મોલાના શિબ્લી જેવા સમાલોચકે પણ એક વખતે કહેલું, 'હિંદના સાત કરોડ મુસલમાનોમાંથી કોઇએ આવું ગદ્ય નથી લખ્યું.'

ધનપતરાયનું જીવન આમ સમધારે ચાલ્યું જતું હતું ત્યાં ૧૯૨૦ની સાલ આવી ને હિંદભરમાં એક જુવાળ—અસહકારના આંદોલન રૂપે વળ્યો. પહેલેથી જ રાષ્ટ્રીયતાના કટ્ટર હિમાયતી ધનપતરાયને પણ એ પ્રવાહે પોતામાં ભેળવ્યા ને વીસ વર્ષની પોતાની સરકારી નોકરીને તેમણે તિલાંજલિ આપી દીધી.

હવે? ધનપતરાયે એ સવાલનો ઉકેલ આણીને જ પગલું ભર્યું હતું. પોતાને જેનો શૌખ હતો અને જેમાં શ્રદ્ધા હતી એ સાહિત્યના ક્ષેત્રમાં જ ઝંપલાવવાનું તેમણે નક્કી કર્યું: પણ રાષ્ટ્રચેતનાના એ કાળમાં એમને એ પ્રતીતિ થઈ ગઇ હતી કે ભારત માટે ઉર્દૂ સાહિત્યની કશી આવશ્યકતા નથી. ભારતની જનતા તો હિંદી અને સંસ્કૃતના વાતાવરણમા ઉછરેલી છે, માટે એની રાષ્ટ્રભાષા હિંદી જ હોઇએ. એટલે જે

સાકડે દબાયેલા એમણે સાહિત્યના ક્ષેત્રમા પ્રવેશ કરેલો એ ઉર્દૂ તેમણે તજી અને 'પ્રેમચંદ'ના નવા અભિધાનથી હિંદી સાહિત્યમા પ્રવેશ કર્યો

એ અભિધાનથી લખાએલી માત્ર ટૂંકી વાર્તાઓનું એમનું પહેલુ પુસ્તક 'માનસરોજ' નામે બહાર પડ્યુ ને એ ખૂબ વખણાયુ પછી તો પોતાની સ્વનાત્મક કલાથી ક્ષણે ક્ષણે પ્રેમચંદજી ઝળકી ઊઠ્યા અને આખરે હિંદી સાહિત્યના અક રત્ન સમાન બની રહ્યા

જીવન, ત્યાર પછીનુ એમનુ જીવન એ બને છેલ્લા વીસ વર્ષોનો હિંદી સાહિત્યનો ઇતિહાસ જ છે લાંબી તે મૃત્યુની ઘડી સુધી પ્રેમચંદજી એક વ્યક્તિ નહિ પણ હિંદી ભાષાભાષીઓની એક સંસ્થા જ બની રહ્યા હતા સમ્મરોજ પછી સેવાસદન, પ્રેમાશ્રમ, રંગ ભૂમિ, કાયાકલ્પ, ગબન, કર્મભૂમિ અને છેલ્લી ગોદાન એમ એક પછી એક નવલકથા તેઓ સાહિત્યચરણે ધરતા જ આવ્યા 'કર્બલા' અને સંગ્રામ' જેવા નાટકો તેમણે લખ્યા અને નવલિકાઓ તો કૈં બેશુમાર લખી છે એમની બાણુસો ઉપરાંત ટૂંકીવાર્તાઓ તો પ્રસિદ્ધ પણ થઇ ચૂકી છે

સાહિત્યકાર પ્રેમચંદજીએ સાહિત્યનુ જ પ્રચારક એક અંગ ખેડવા માંડ્યુ હતું ને એ પત્રકારત્વનુ 'હંસ' નામનુ માસિક એમણે શરૂ કર્યું ને આગળ જતા એનો પ્રચાર ઓટલો વધ્યો કે ભારતીય સાહિત્ય પરિષદે એને ભારતવર્ષના સાહિત્યના પ્રતિનિધિ તરીકે સ્વીકાર્યું હિંદની તમામ પ્રાંતીય ભાષાઓના સાહિત્યને રાષ્ટ્રભાષા હિંદીમા પ્રગટ કરી, પ્રાંતેપ્રાંત વચ્ચે સરકારવિનિમયની તક આપનારૂ પ્રેમચંદજીનુ એ કાર્ય તો અવિસ્મરણીય જ રહેશે પણ નવાઇની વાત તો એ છે કે તે માટે હિંદી લેખકોને તેમણે લખેલા અનુરાગપત્રોમાંથી માત્ર થોડા મૈથિલીશરણે જ જવાબ આપવાનુ સૌજન્ય દેખાડ્યુ હતું

પ્રેમચંદજીનું જીવન એ કોઇ પણ સ્વાર્થથી મનુષ્યને જોગ આપતું જીવન છે લક્ષ્મીની અવકૃપા તો જોઇ હતી તેવી જ તેમને આજીવન રહેવી મુંબાઇની સિનેમાસૃષ્ટિ સુધીમા ઝબકાવ્યા છતા તેમના પરની એ અવકૃપા ગઇ ન હતી પરંતુ એ બધી એમણે સહન કરી, મૂંગે મોઢે ને એ સહેવાને પરિણામે એમણે માનવ સ્વભાવના સૂક્ષ્મ મનોવૈજ્ઞાનિક ઘાત-પ્રતિઘાતો સમજવાની જે શક્તિ મેળવી તે વિરલ જ હતી પોતાના લખાણોમા એમણે એ કુનેહ ઉતારી છે

લેખક તરીકેની એમની પ્રતિષ્ઠા દેહ જનપાન સુધી ફેલાવા છતા અને આંતરરાષ્ટ્રીય કીર્તિ મેળવ્યા છતા પ્રેમચંદજી મનના આડંબરથી દૂર જ રહ્યા હતા છેલ્લે તેઓ 'હંસ' માસિક અને 'જાગરણ' સાપ્તાહિકનું તંત્રીપદ સંભાળતા હતા એમણે કોઈ પ્રચારક તરીકેનો સ્વાંગ ધર્યો નહોતો જે સાચુ લાગે એ સાદી સીધી ભાષામા કહી દેવું એ જ એમની નીતિ હતી માનવતામા એમને અટલ વિશ્વાસ હતો અને સૌમા એ પોતાનો નિખાલસ વિશ્વાસ મૂકતા એમની કલમે *મનુષ્યમા સત્ય અને મંગલ શોધવાનો જ આદેશ આપ્યો* છે પોતાના આખા જીવનમા તો એ વર્તમાનકાળની વાસ્તવિકતા પ્રત્યે મીંચી દેતા, ન તો સુંદર ભાવિના ચિત્તાકર્ષક ચિત્રો આલેખી એ વર્તમાનને ભૂલી જતા

એમની પ્રતિભા વધતી ગઇ તેમતેમ એમના લખાણોમા ખામીઓ ઓછી થતી ગઇ પણ નીકળી આવા એમના ચૂંથણાને કારણે હિંદી ભાષાની શ્રેષ્ઠ કલાકૃતિને આપવામા આવતુ 'મંગલાપ્રસાદ પારિતોષિક' તેમને મળ્યુ નહિ, તેમજ જે સ્થાનને માટે એમની સંપૂર્ણ લાયકાત હતી તે હિંદી સાહિત્યસંમેલનના પ્રમુખ પદનું માન પણ તેમને કદિ અપાયુ નહિ પછીથી, 'ભોટ ભેંસના મોટા ડોળા'ને ન્યાયે કે ગમે તેમ, પણ લગભગ હિંદી સાહિત્ય સંમેલનની કાર્યવાહક સમિતિએ તા ૨૦ ડિસેમ્બરનો દિવસ 'પ્રેમચંદ દિન' તરીકે ઉજવવાનું ઠરાવ્યુ હતુ ઉપરાંત એમના એક સ્મારકની યોજનાને મૂર્ત સ્વરૂપ આપવાના પ્રયત્ન પણ ચાલુ છે

'પ્રેમચંદજીની સાહિત્યિક કીર્તિ અને ગૌરવના પ્રાંતીય સીમાઓને વટાવી ગઇ હતી' એ ડૉ રવીન્દ્રનાથ ટાગોરનુ વક્તવ્ય સર્વથા સાચું છે પરંતુ આજ દિવસ સુધી જેની ઉન્નતિમા જ એમણે પોતાની ઉન્નતિ લેખી એ હિંદી સાહિત્યજગતે તો તેમનામા કદિ શ્રદ્ધા ન જ રાખી, ને રાખી તો યે ઉપરછલ્લી જે તત્ત્વની પ્રતિષ્ઠા અર્થે એમણે પોતાની રચનાઓ કરી, જેની માનવા માટે એ આજીવન તપતા રહ્યા એ તત્ત્વ માટેની એમની ભૂખ તો એ ન જ મનોવી શકયુ

'વિદ્યાર્થી ભારત'ના સંપાદક પંડિત જયશંકર

(અનુસંધાન આગળ પાન ૬૩૦ પર)

વર્ષના પૂરો કરશે એ માન્યતા પર સ્વામીઓ ખુ શાનીમા દીવાળા મગાવાની વાતચીત આશા હતી, ને દાઝી ઉતારઓને કુટુંબ ની દૂર રહેની વાગવા ની એણા હતી

પણ કશી કારગત વગર દિવસ આથમી ગયો ને રૂનમનો ચંદ્ર રોજ કરતા વધારાની વધુ નિષ્ઠુર વાત ચોમા ભોંદે કૂદી નીકળ્યો થોડાક તારા યે ઊગ્યા પણ મરતા માણસ ની વિદાયની આંખો જેવા આકાશ આખુ બનીને પોતાની સેના ની તિખ્યા નોપવાની મુરાદ બરોબર કરતુ હતુ દરિયા ના નીરવ પાણી નીચે જાણે ભયના ઓથાર ભર્યા પડ્યા હતા આકાશના પોતાણુ કે માણસના ગર્ભમાથી કયુ વધુ સ્પૃહણીય છે તે પર બનીને ચિંતા ચલાવી રહ્યો હોય એવો દોલતપરાનો સદ ધાગો મરણો યે ફરફરવા વગર વાતાવરણને વધુ કારમુ બનાવી રહ્યો હતો

માલમ હુ કુરો આયર" તેમને ઊગમણી તરફ આગળ ચીંધી કહ્યુ

"મેં ાય બચ્ચા" આમુ માલમે જવાબ આપતા કર્યુ. બબ્બોળા તે દરિયો એ તો હતો ને બાણનો હતો કે જ્યા કે જમીન પર હરતી જ ન હોય એવા ઘણા દરિયો દરિયા પર અહર છાજની જેમ નજરે પડે છે ત્યા ત્યા ખલાસીઓની એ નજરતલ્લકા હોવાનુ જ તે જણાવતો એનામા ખરે ખરી પીઢતા હતી


ભાગે જ કોઇ જોડે એ માતોગા ઊતરતો જો કે તેથી પોતે બીજાઓ કરતા કશક વિશેષ છે એમ બણાવવાનો તે ા દાવો ન હતો પણ માલમ તરીકે એ ફરજ તેની પેઢી દર પેઢી ઊતરતી આવી હતી એના હાથ નીચે જ તાલીમ પામી પીરપશા ના બીજી ખલાસીઓ ા માલમ સાનમા સાગ કરાવ્યુ બન્યા હતા

એ કે એ નહિ પણ દોલતપરાના અઢાર અઢાર વિસ આ મધ દરિયા ની છાતી પર જ વીતી જવા આ યા નિરાશ તગ વાતાવરણ ને રોજના વાયાયો બનાવોએ ને ઉતારુઓ મુરદાલ બની ગયા હતા માલમે પોતા ા હકકના બજૂરા પાચ વાડિયા નો વહેવા જ બનામ કરી દીધા હતા ને મરજી તો રોજ કેટલોક મળે ા વધુ દરિયા ની પાસણી યે પામળી બેડી વળનાર એ બનાવોનિષ્ઠતનુ માલમ ખૂબ મીઠ હોય છે રૂના સાગર ને તપના આસમાન વચ્ચે કુદરત ની દર કોઇ કરામતના સહન કરવા તેઓ ટેવાઇ ગયા હોય છે એ ા અનુભવથી યે એ સદા વાકેફ હોય છે ને એટલે જ માણસ બનતની કોશ્યો યે પામર ધમાચારી બનતિઓ કરતા મોતને એ વધુ ગ્રિદાદિલીથી ભેટી શકે છે

દોલતપરાનુ વાતાવરણ તો આજ દિવસોથી જેવુ ને તેવુ ગમગીન હતુ નીચ દરિયો ને મૌનભર્યુ આકાશ દબુ જેમ ને તેમ તે ટકી રહ્યા હતા ને એ બીજા બધાના વાતાવરણે હવે તો વધારામા ા દરેક મરણનું દિલ બણ ન કરી શકાય એવા ધડકાર અનુભવતુ બધાની મૂકયુ હતુ 'મરક બનશે–કરક બનશે' ની આગાહી બનીને પેશ થઇ રહી હતી

વળતો ગોશ

આલેખ કે જેના પર આફરીન પોકારનારી પણ એકે જીભ આપણને નથી મળી



પૃથ્વીનું પેટાળ ફાટે તેમ અધવચ્ચે જ ઓ મોઢું ફાડી નીકળ્યું

કેદારમાં આમુનું વહાણ ધીંગામાં મોખું ગણાતું. હજુ સુધી બધા તોફાનોમાંથી તે સહીસલામત પાર નીકળ્યું હતું. આ વખતે યે ફીખોતર છોકરાં તોફાન નડેલું, પણ આમુ માલમને મન તો એ છમકલું જ હતું.

એક નવી સવાર ઊગી. આકાશની ભેલાશ આજ કંઈક ઓગળતી જણાઈ. સૂર્યની પ્રભાએ પણ આજે પોતાનો આંચળો સંપૂર્ણ હટાવી દીધો હતો. ગમે તેમ પણ સૂર્યના પ્રફુલ્લ તેજમાં માણસને પોતાને એક જાતનો સહારો મળે છે, જ્યારે રાત પોતાની જાતમાંયે અશ્રદ્ધા જન્માવે છે.

સૂર્યે ક્ષિતિજની ગોદ હવે તદ્દન છોડી દીધી હતી. પણ હજુ તેમા ચંડત્વ નહોતું આવ્યું. આજના ખુલાશ ભર્યા દિવસે ઉતારૂઓના મનમાં નવી આશા જન્માવી હતી. ક્ષાનમાં વાદળાંનાં થોડાં ગાભલાં પણ ચડેલાં જણાતાં હતાં. આમુ માલમને અબર હતી કે નહિ કે એ ગાભલાં ભયંકર હતાં એ તો કોણ જાણે! બાકી સૂર્યનો પ્રકાશ તો એ ભયંકરતા સંતાડવા પોતાથી બનતું કરી રહ્યો હતો. એમના પર તેણે સોનેરી ઓપ ચડાવી મૂક્યો હતો ને એ ઓપ સાથે જ તે પાછાં અદૃશ્ય થયાં. કૃત્રિમ કાંતિ મેળવેલાં માણસો પણ પોતાની એ કાંતિનો ઓપ ઊતરે તે પહેલાં એમ અદૃશ્ય થઈ જતાં હોય તો!

મધ્ય દરિયે પવન ભાંગી પડે ત્યારે માલમ કેવી કફોડી સ્થિતિમાં આવી પડે છે એ તો એ ટાણાની તમાંની હાજરીથી જ અનુભવી શકાય. વહાણવટું એ આપણા હાલના જીવનના મૂર્ત સાહસનો છેલ્લા શ્વાસ લેતો અવશેષ છે. પણ અફસોસ છે કે તે ટકાવી રાખનારાઓની સાહસ-દિલી પર આફરીન પોકારનારી યે એક જીભ આપણને નથી મળી. પછી એના ઉદ્ગારની તો વાત જ ક્યાં રહી?

રોજ નવી સવાર ઊગતી ને રોજ માંડવીના હોડીઆ કાંઠા પર દોલતપશાને જોનારાવ્યા માણસોની મેદની ભળતી. સાંજે નિરાશ થઈ એ પાછી વળતી. કટકે કટકે મુકાતી જતી દોલત-પશાની આશા હવે તો થોડી જ બાકી રહી હતી.

આ બાજુ, મરતો માણસ પોતાની સુવાસ પાછળ મૂકતો જાય તેમ પશ્ચિમમાં ડૂબતો સૂરજ પોતાની લાલી પાથરતો દરિયાની સપાટી પાછળ અદૃશ્ય થયો હતો, છતાં દોલતપશા તો હજુ જ્યાંનું ત્યાં જ પડ્યું રહ્યું હતું. એના કરતાં તો એ તોફાનમા ઊલળાતું હોત તો યે આમુ માલમને વધુ નિરાંત વળત.

આમ ને આમ દિવસો વિત્યા બાદ આખરે એક સાંજે અચાનક પવનની સહેજ લહેરખી આવી ખરી પણ એ જલદી વહી ગઈ. ને પછી થોડી જ વારે વહાણ-માં પાંગરેલી થોડીઘણી આશાને યે દફનાવી દેતી ગર્જના ચાલુ થઈ; અને એ જ વખતે માંડવીને કિનારેથી દોલત-પશાના ઉતેજકો પણ બધા પાછા વળી નીકળ્યાં. તેમણે પણ આજનો છેલ્લો દિવસ જ રાહ જોવાનું નક્કી કર્યું હતું.

એ કુદરતનો કરિશ્મો હતો કે દોલતપશાના નસીબની પુકાર હતી? દરિયામાં ક્રમે ગર્જના પાસે ને પાસે આવતી ગઈ તેમ ક્ષિતિજમાંથી મેશિયા રંગનાં વાદળાં ઊંચા ને ઊંચાં ચડવા લાગ્યાં. સાગર પણ હવે હલી ઊઠ્યો, —અરે, ઉછળી નીકળ્યો; ને પવને તો, જાણે પોતાની કંઈક વહેલી શરત ઓછા સપાટે પૂરી કરવી હોય એટલા જોશથી પુંકારી મૂક્યું. તોતીંગ મોજાં હવે હાથ લંબાવી

લગાડીને દોલતપશાને આવકારવા માડ્યા પોતાના હૈયામા એની કૃ કૃ આવવા માટે એમનો એ તનસાટ હતો કે જ્યાથી તેના કોઇ વિજોગ ન કરાવી શકે તરણી માટે બીસામા હાથ નાખતો આમુ માનમ એટલુ જ જોવી શક્યો, 'ખુદા, તોજી કુબરત''

પણ ખુદાએ જ જાણે આજે દુશ્મનને બેફામ રીતે વર્તવાની છૂટ આપી દીધી હતી દરિયામા પ્રલયકપ થવા માડ્યો હતો પહાડ પહાડ જેવડા મોજા ઓસરતા ને ફરી ઊભા થતા જાણે એ રમખાણ પોતા વચ્ચે એકના એક નક્કર રહેવા આ વહાણને થપ્પડો મારી મારીને જાણે પોતામા ભાળી જવા સમજાવી રહ્યુ હતુ

એ સમજાવટ, એ પ્રલોભનો જેમ જેમ નિષ્ફળ જતા ગયા તેમ દરિયા ની બીપણતા વધુ ને વધુ નગ્ન રૂપ લેવા માડી. પરમણ તો ગજ જ હતી. ખૂબો યે તૂટ્યો સા'બુખારીના નામે ધૂપેડો ફેરવવામા આવ્યો, પણ ખુદ દરિયાપીરને જ અદેખાઇ ઊપજી હોય તેમ કયા કવાજની કારી ફાવી શકે? વહાણમાની ઇન્સાનિયત મુએ શ્વાસ ખેંચવા પણ હવે રીબાતી હતી

કઇ નહિ તો એ રીબામણી તો ખુદા અને દુશ્મનને સ્પર્શી જ હશે! એક ઘૂમતુ મોજુ વહાણને ઉપાડી નીકળ્યુ ને તે પરથી એ મરી છૂટે તે પહેલા તો કોઇ પ્રચડ ભૂકપથી પૃથ્વીનું પેટાળ ફાટે તેમ એ મોજુ અધવચ્ચે જ ફાટી નીકળ્યુ ને એની પોલાણમા બીજી જ પળે કાળા આકાશ ને કાળી ધરતી પર ઠેરની નજર નાખતુ દોલતપશા સાગરના કાળા ઊંડાણમા અદશ્ય થઇ ગયુ ઉપર એ પોતાણ સાધતા મોજા પોતપોતાની કામગીરી પર મુસ્તાક બનતા ખૂબ ઉમળકાભેર એકબીજાને વધાવી રહ્યા

પાએક કલાક બીતી હશે વહાણમા રહેના જીવોને સાગરના રત્નગર્ભમા સમાતા કશો ખ્યાલ રહ્યો હશે કે નહિ એ તો કોણ જાણે, પણ બે જણાઓએ તો એ ઊંડા પેટાળની સમાધિનો ઇનકાર કર્યો લાગ્યો એક તો આમુ માનમ પોતે હતો ને બીજો અબુબકર દોલતપશાની તૂટેલી પાનખને બને જીવ જેમ વળગી રહ્યા હતા મોજાની પછાડે એક ઝપાટ બચવાની એટલામા તો મનોને ચોકકસ થઇ આવ્યુ કે પાવણ બે જણનો ભાર ઝીલી શકે એમ નથી

આમુ માનમને એ વિચાર પડેલો આવ્યો હતો ને એ એનો ઉપાય જ શોધતો હતો ત્યા તો અબુબકરના હાથે કામ આવ્યું મોજાની ઝાટ મોઢા પરથી લૂછતા આમુનું ગળુ એણે પાવણ પર શરીર તોળી જકડી લીધુ 'અબુ તોજ્ને બચાવા ન અ આ ' આમુ એથી વધુ ન બોલી શક્યો થોડી વારમા તો મોજા વચ્ચે તેની પાશ અબુબકરને સંતોષ આપતી સતાકુકડી રમવા લાગી

અબુબકર અરબોને ભારતના નવેશમાથી બેભાન હાલતમા જ હાથ લાગ્યો હતો એમણે એને માડી પહોચતો કર્યો પણ અબુબકરને યે લાગ્યુ કે પોતે ન આવ્યો હોત તો વધુ સારૂ હતું સોદાગરો, શરાફો, બેખમીઓ ને નાખવાઓના 'આમુ માનમજ્ને કુરેર થો?' એ એક સવાલ જાણે દોજખની જલતી આગ વચ્ચે એને જીવતે જ મૂકી દેતો હતો દિલનો આગમ-માનું ચેન તેના જાણે ભૂતકાળની વાત બની ગઇ હતી તેના અતરના ઊંડાણમાથી શોના ઊઠના રહી જાણે દુનિયાને જાહેર કરવા માગતા હતા કે 'આમુ માનમકે મુ માર્યો'

અબુબકર બાકે બાજુ ન રોકાયો અતરના શોધાને અતરમા જ દફનાવવા પ્રયત્ન કરતો એ, ઊંડુ ઢાળું હોવા છતા પોતાને ઘેર મનાયા ઊંડાણો બેટખગ પાણીમા એ બેબેનરવા પથ પણ દાખડે કાપી શક્યો

ને ઘર આવી લાગતા તો એના પર જાણે કડ કડતી પડી ઘર તો ન હતું, પણ ઘરની બેંધાણી યે પૂરી ન હતી પાડોશીઓએ સમાચાર આપ્યા કે, 'બુઢ્ઢી બિચારી મામી બદને દિવસો જ ઝૂર પડા સાથે સળગી મૂઇ મીજવસમા નામ દઇ દઇને બધાને યાદ કર્યા હતા'

આખરના ભોગેળાને યે ટળવળતા અબુબકરની આખોમા આસુના જાણે પૂર આવ્યા 'પુત્તર, પુત્તર' જપતી જવનલી મરેલી એની બુઢ્ઢી માએ આમુના વેણ જાણે ઝનાઝનગતા બનાવી દીધા—'અબુ, તોજ્ને બતો નથ થાએ'

ને અબુબકર માટે, જિગરની કાયમની જલનથી વધે એવુ કયુ બદૂ દુનિયામા બાકી રહ્યુ હતું?

અશોક હર્ષ

એક સાઈકલ પ્રવાસ (અનુસંધાન પાનું ૧૨૬નું)


અમારે બીજે દાણે ગાલસપોરી તરફ કૂચ શરૂ કરી. સાડા બૂમા પૈડે કૂદ ઊંડાણમાં પાકી પહાડી પ્રદેશ શરૂ થઈ ગયો. પહાડી પ્રદેશમાં વીસ માઈલ કાપી જેલમ પહોંચ્યો. જેલમનો પુલ બીજી નદીઓ કરતાં પ્રમાણમાં પહોળો છે. આ ગંભીર નદીને કિનારે પહોંચતા જેલમ સામાન્ય દરજ્જા પુલ કરતાં આકર્ષક લાગે છે. એ ગામમાં એકાદ કલાક કરી ગુજરખાન તરફ કૂચ કરી. રસ્તો સારો ઊતરતો આવતા વધતો હતો. આજે તરફ ઊગી ઊંચી સંકડી ખુબસૂરી પહાડીઓના જ જમાવટ હતી. પહાડીઓના ઢોળાવ પર કેમ ઊંચા જાતિઓ મોટા ખેતી કરતા હતા અધારે દીવા ગામમાં એક ડૉક્ટરને ત્યાં પડાવ નાખ્યો. આજે તો ગુજરખાન પહોંચવાનું હતું. ગુજરખાન દીવા થી ૨૮ માઈલ દૂર અને આપણા મુકામથી ફૂલ ૪૮ માઈલ થાય. આજે ૯-૩૦ વાગે કૂચ કરી સુર્યનો તાપ પ્રખર હતો સૂરજ પરસેવા વાટ્યો નીકળી ગયું હતું. રસ્તો સપાટ હતો. રસ્તામાં વિશ્રાન્તિ તો લેવાય તેમ જ નહતું. કારણકે ગરમીનો ખ્યાલ મને બાદ હતો કું મોડા દાડા હોવા તારે વાદળાંઓને મનમાં ને મનમાં વિનાશ કરતો હતો આખરે કંટાળીને એક ઝાડ નીચે નોની આંધે સીંધિલા સફરજનનો નાસ્તો શરૂ કર્યો એટલામાં બેઠી વાર પછી ને એક મુસલમાન ગરીબાઈમાં આવે ખાન પરિવારમાં પધારવા વાદળા તૂટ્યા જેમ. "આઓ જી, આપે જોડા, બારિશ આતા હૈ"

ખરેખર, વાદળાંઓમાં મારી વિનતિ સ્વીકારી દોષ જોમ જ લાગ્યું. થોડી વારમાં તો મુશ્કે હતો ન હતો થઈ ગયો. ત્યારે બાજુ ઓપકાર ઝરણામાં તો હું પણ ઝાંપો ઝંપેલો તેમ આનંદિત થયો, પણ પછી નગ્ન જ પવને પોતાનું ભયંકર તાંડવ શરૂ કર્યું. બીજી તરફથી વાદળા પણ ગોપમાર તૂટી પડ્યાં. પવનનું આવું ઝનૂન જોઈને તોફાન તો પહેલું જાદી જ હોવું હતું! આવા તોફાનમાં કરવું કયાં? આજુબાજુ એક ઝાડ પણ નહીં શકાય તેમ નહોતું. પવન ભયંકર સામે મુસલતો હતો. ઝાડનો આશ્રય લેવામાં બીક પૂરી હતી. પહેલા તો એક ટેકરાના ઢોળાવ પર વૉટર પ્રૂફ કોટ ઓઢીને બેઠો, પણ નસ્ત જ તોફાને ઉગ્ર સ્વરૂપ પકડ્યું. ત્યાં ઢોળાવ પર અમળોસપણું ભયાવહ બે મુશ્કેલ થઈ પડ્યું. પછી નજીકમાં એક મોટા વડના ઝાડની ઓથે લપાયો. વડ ઘૂનો. કું તેની અખંડપણ ડાળીઓ આગે નાશને જોઈ ગયેલો કે ભરાયા તૂટવાની ક્રિયા થાય કે ઊડીને નાસવું. આ આફતમાં બીજી નવી આફત ઊભી થઈ. બે ત્રણ મુસલમાનો પણ મારી પાસે દોડતા આવી બરાડ્યા. એમને મારી વૉટરપ્રૂફમાં રાઈ દોવાની બંકા આવી એટલે ત્યારે ત્યારે પૂછવા લાગ્યા. "આપકુછ, કુછ દમકો ભી દો ધૂંદ મિલાકરે" આ લોકોની ભાષા તો પંજાબીની પુત્તુના મિશ્રણવાળી હતી. મને એ દારૂડિયા આદમી જેવા લાગ્યા. મેં એમને જવાબ્યું કે આપો, આપો તો દેવી દારૂ છે. તમને મળ્યો નહિ આપે છતા પે એ બિરાદરોએ આજીજી ચાલુ રાખી. છેવટે એક જણના કહેવામાં પાણીના થોડાક ટીપા નાખ્યા ત્યારે તેમને સમજાયું કે વૉટર પ્રૂફમાં પાણી હતું. આમ, આ લોકોની સમજવામાં ભયંકર ભૂલ થઈ ગયા આ સમજાય ગયા કયાંક તોફાન પણ પલાર થઈ ગયું હતું એટલી વારી વાદળી કે માથેથી દૂર ઉતારીને વિનિયુ બાંધવું પડ્યું. ત્યાં તો પાછો વરસાદ શરૂ થયો. જમીનમાંથી બનેલી પગલો નીકળવા લાગી.

માન્ડ ટૂંક રોડ અને રેલવે લાઈન આ પહાડીઓમાંથી આશ્ચર્યજનક રીતે રસ્તો કરે છે. કાર્ય જાણે રસ્તો રેલવે લાઈનની નીચે થઈને તો બીજે કોઈપણ વળી રેલવે લાઈન રસ્તાની નીચેથી પસાર થાય. ક્યારેક પણ આ રસ્તા પર માત્ર પ્રમાણમાં આવે છે. ત્યારે બાજુ ગોરાડિયા પહાડો સિવાય કંઈ નજરે પડતું નથી. વચ્ચે વચ્ચે ઝાડીઓ ને નદીનાળા પણ આવે છે. દેખાવ ખૂબ જ ગંભીર છે. આ પહાડીઓને ઓળંગતો જેમ તેમ ગત પડતાં પડતા ગુજરખાન તો પહોંચ્યો. રાત્રે એક ડૉક્ટર મહાશયને ત્યાં પડાવ નાખ્યો અને અત્યારે વહેલા ઊઠી રાવલપીંડી તરફ કૂચ શરૂ કરી. રસ્તામાં નિત્યકર્મ માટે એક નાળાને કિનારે એક કલાકનો પડાવ નાખ્યો. બપોરે ૧૨ વાગે તો રાવલપીંડી પહોંચી ગયો.

દિલ્હીનું મુસલમાનોનું બીજે નંબરે આવેલું કૅન્ટોનમેન્ટ —લશ્કરી મથક—તે રાવલપીંડી. એ કાશ્મીરની પહાડીઓની તળેટીની સમથળ જમીનમાં વસેલું મથક. શહેરનો દેખાવ ઘણો સુંદર છે. વેસાખ અહીંથી ૧૦૬ માઈલ અને શ્રીનગર ૧૭૫ માઈલ થાય.

રાવલપીંડી ઊતરી વેસાખને બંધે આવ્યા બધાં તો આજુબાજુની પહાડીઓએ અને રસ્તા પર આવતાં સુંદર ખેતરોએ મનોહર દૃશ્ય ખડું કરી દીધું. બપોરે



ઉપરની ડાબી બાજુથી અનુક્રમે: હિલ સ્ટેશન મરી; સિંધુને કિનારે અબ્બના કિલ્લો; સિંધુનં ક ઠેકાડે ગ્રાન્ડ ટ્રન્ક રોડ; સિંધુ અને કાબુલ નદીનો સંગમ; મિલિટરી પોસ્ટ અટક; ખાઇબર રેલવે; કાબુલને રસ્તે-ખાઈબર; ખાઇબર ઘાટ પર સરકારી ચોકીતરો

દસન અબ્દલ નામના ગામે પહોંચ્યો. આ ગામમાં 'પત્ન સાહેબ' કરી શીખ લોકોનું યાત્રાધામ છે. ત્યાં એક પત્થર પર ગુરુ નાનકના પંજાની છાપ છે. રોજ અહીં સંખ્યાબંધ યાત્રાળુઓ આવે જાય છે. બપોર ચઢી ગાળી સાંજે અટક તરફ કૂચ શરૂ કરી.

ઇતિહાસના ખંડેર જેવું અટક ને ધસમસતી સિંધુનો દેખાવ મારાથી જિંદગીભર નહિ ભુલાય. સૂર્યનો શ્રમિત લાલ પ્રકાશ પશ્ચિમની ટેકરીઓ પાછળ છુપાતો હતો એ સમયે મને દૂરથી સિંધુનું ભવ્ય દર્શન થયું. એક તરફ સરહદમાંથી ધસમસી આવતી કાબુલ નદીનો પ્રવાહ. સિંધુની વિશાળ ગોદમા સમાઇ જતો હતો. ખરેખર આ સ્થાન ઉપર તે પોતાના 'સિંધુ' નામને સાર્થક કરે છે. અટકની સાકડી ને ઊંચી પહાડીઓમાં પ્રવેશતાં પહેલાં તેનો ભવ્ય દેહ રાા ગાઉલની પહોળાઇમાં પ્રસરેલો છે. એના પૂર્વ કિનારાના ઊંચા પહાડોમા ભવ્ય અટક શહેર આવેલું છે. શહેરમા હાલ તો ખંડેરો સિવાય કશું જ નજરે પડતું નથી. આ એ જ શહેર: તમે જાણો છો આની મહત્તા? જ્યા ઉન્માદી ને શૂરવીર રઘુનાથરાવે છેક મહારાષ્ટ્રમાથી આવી હિંદુ સામ્રાજ્યનો વિજયધ્વજ ફરકાવ્યો. આ સ્થાનનો ઇતિહાસ તો ઘણો લાંબો છે. આ શહેરના પુરાણા કિલ્લાની દિવાલ સાથે ઘસાતી સિંધુ અહીંની સાકડી પહાડીઓમા પ્રવેશે છે. પોતાનું ગંભીર રૂપ મૂકી ઉન્માદી બને છે આ સ્થાનનો સિંધુનો ઉન્માદ ખરેખર ભયપ્રેરક લાગે છે. એના ગર્જન ને અવિશ્રાંત પછડાટ ચાલુ જ રહે છે. અટકનો 'અટક બ્રિજ' નામે જાણીતો પૂલ પણ આ સાંકડી જગ્યા પર જ છે, જેના ઉપરથી રોજ ધમધમાટ કરતો ફ્રન્ટીઅર મેલ દોડે છે.

મારે પૂલ ઊતરીને સામે કિનારે જવાનું હતું. પૂલ પાસે પહોંચ્યો ત્યાં તેના તોતીંગ દરવાજા બંધ ને સંત્રીનો પહેરો! કેમ? આ પૂલ સાંજે સૂર્યાસ્ત પછી જાહેર માટે બંધ કરવામાં આવે છે. પૂલની નીચેના ભાગમાં રાહદારીઓ માટે રસ્તો છે, જ્યારે ઉપર રેલવે લાઇન છે. અટકમાં તો ખંડેરો સિવાય ઊતરવાનું સાધન ન હતું. એટલે છેવટે પૂલના આ કિનારા ઉપરના સ્ટેશનમાં જ પડાવ નાખ્યો. આ પૂલ ઉપર રોજ ૫૦ સંત્રીઓનો દિવસ રાતનો પહેરો રહે છે. શા માટે એ તો જાણો છોને? ફક્ત આ પૂલ જ એવું સાધન છે કે જે સિંધુના સામા કિનારે આવેલા વાયવ્ય સરહદ પ્રાંતને અને આ કિનારે આવેલા પંજાબને જોડી શકે.

બીજી સવારે સિંધુ ઓળંગી સરહદના પ્રદેશમાં પ્રવેશ કર્યો ને પહાણોની પાછંદ કાયા ને રાતી આંખો વચ્ચેથી પસાર થતો સાંજે ૭ વાગે પેશાવર આવી ગયો. અહીં એક ગુજરાતી ભાઇને ત્યાં ઊતર્યો છું. કાલે લેન્ડીકોટાલ-દિલ્હી સરહદ-સુધી જઇ આવીશ.

પેશાવર એટલે જાણે કાલના જીવંત ઇતિહાસનું કબ્રસ્તાન,—ભગવાન બુદ્ધનાં વિનમ્ર નમનોની અવશેષ ભૂમિ,—ભારતનું જવલંત ને રક્તભીનું પ્રવેશદ્વાર. અને ખાઇબરનો રસ્તો! એનું નામ યાદ કરતાં જ હૃદય સેંકડોનાં સ્મૃતિ પડોને ચીરતું ભૂતકાળની ઊંડી ગુફામાં સરી જતું હોય—સમાધિમય બની જતું હોય—એમ લાગે છે.

આ જ રસ્તેથી આવ્યા હતા આર્યો—સમસ્ત વિશ્વને પ્રતિભાના પ્રકાશમાં આંજી દેતા. હિંદનું પ્રખર પાંડિત્ય, સુવર્ણમંડિત ગૌરવ, સ્વર્ગમિ વૈભવ ને વિશ્વ વ્યાપી જ્ઞાનવિભવ આ દ્વારને આભારી કહેવાય. એક વાર ભયાનક ઊંચી પહાડીઓને ઓળંગનો મહાન સિકંદર હિંદમા દિગ્વિજય કરવા આવ્યો હતો એ પણ આ જ રસ્તેથી. ને આજ રસ્તેથી હિંદમા આવનાર પેલા તાતાર સરદારો તૈમુર, ચંગીઝખાન ને અહમદશાહ અબ્દાલીને કોણ ભૂલી શકે એમ છે?

ખાઇબરના ઇતિહાસની સમૃદ્ધિ-સીમાઓ આંકી શકે એટલી શક્તિશાળી મારી કલમ નથી. ભારતનાં સુવર્ણ ઇતિહાસનો ને જ્ઞાનભંડાર પણ આ જ રસ્તેથી ચાલ્યાં ગયા. ઊંટની લાંબી લાંબી કતારો આજે જ્યાંથી પીઠ પર માલની લાવજાવ કરે છે તેજ કતારો એક વાર હિંદની લૂંટેલી સમૃદ્ધિ દૂર દૂર મધ્ય એશિયામાં લઇ જતી.

ને તમને ખબર છે, હાકાની જગવિખ્યાત ઝીણી મલમલ ઇંગ્લંડમાં ક્યાંથી ગએલી? એ પણ અહીંથી જ. આપણા અમદાવાદમાં કળાવાળાઓની દુકાનો ઉપર જે રંગબેરંગી કળાસૌન્દર્ય એકત્રિત થયું હોય છે તે બધું પણ આ રસ્તાને જ આભારી છે. હિંદમાં સૌન્દર્ય ને રસની આવજા પણ આ રસ્તે થઇ ને ગુલામી ને લોહીથી ખરડાએલાં ઇતિહાસપાનાં પણ આ રસ્તે જ સર્જાયાં. આ રસ્તાનું જીવન સદાય ઊંટની રીપ્પ ઘંટડીઓનાં મધુર રણકારોથી, તલવારો ને જમૈયાના તીવ્ર ખણખણાટોથી ને ગોળીબારોના ગગનભેદી

અવાજોથી ગાજતું જ રહ્યું છે સૈકાઓથી અવિશ્રાન્ત ને એકધારૂ એનું જીવન છે આ શાન્તિના યુગમા યે તમે ન ધારતા કે આ 'ખાઇબર'નુ જીવન બદલાયુ છે. અહીં તો હજી એનું એ જ છે. આધુનિક વિમાનોનો ભીષણ ધધનાટ આ રસ્તા પર અવિરામ સભળાયા કરે છે એકાદ બે મશીનગન, ટૅન્કો ને મોટરબસોથી ભરેલી મોટરબસો દોડતી જ હોય કોઇવાર ઘોમ-ધખતા બપોરે કોઇ આફ્રીદીની લાશો નળી ઢાળી બદૂક પણ આના એકધારા જીવનને ટેકારૂપ થઇ પડે છે ઊંટને ગળે બાધેલી ઘન્ટડીઓનો અવાજ આ રસ્તા પર હજુ યે યુગો સુધી રહેશે એમ મારી માન્યતા છે આ રસ્તાની ભયાનકતા પણ ભવ્ય લાગે છે, એની કરાળતા પણ સૌન્દર્યમય લાગે છે

આજે પેશાવરમા આવ્યાને મને ૭ દિવસ થઇ ગયા, પણ હજી મેં આ ઇતિહાસના એ સર્જકના-ખાઇબરઘાટના-દર્શન નથી કર્યા રોજ વિચાર કરૂં છુ કે મોટરમા જવુ કે સાઇકલ પર? ખાઇબરની સૌન્દર્યમય ભયાનકતા જોવાની નિ સીમ આશાને આફ્રીદીની ગોળીના અવાજના ભણકારો આજે ૬-૭ દિવસથી અટકાવી રહ્યા છે આજે છેલ્લો નિર્ણય કરી દીધો છે. આવતી કાલે-વહેલી સવારે ૫ વાગ્યે સાઇકલ પર જ ઉપડવાનો જોખમ લેવાશે અહીં સુધી આવ્યો ને ઇતિહાસના એ જીવત હાડપીંજરને જોયા વગર કેમ પાછા ફરાય? આ નિર્ણયથી તમારે કોઇને ડરવા જેવુ નથી હુ બ્રિટિશ રક્ષણમા આવેલા રસ્તાને જ જોવાનો છુ પેશાવર ૧૧ માઇલ પાછળ મૂકયા પછી તે શરૂ થાય છે લેન્ડીખાના સુધી તે બ્રિટિશ ટેરીટરીમા છે, લેન્ડીખાના પછી અફઘાન સરકારના રક્ષણ નીચે એનો બીજો ફાટો કોહાટ તરફ દક્ષિણમા જાય છે આ રસ્તા પર દર માઇલે ચોકીદારોને બેસાડવામા આવ્યા છે રસ્તો જ ફક્ત સરકારના અંગત નીચે છે. રસ્તા ની બને બાજુ આવેલી ઊંચી પહાડીઓ પર આફ્રીદી લોકોના નિવાસસ્થાન છે રસ્તાની જરા પણ બદલાર જનારના જીવનની સહીસલામતી માટે આ બધી સરકાર જરા પણ જવાબદાર રહેતી નથી નંદલાલ જોષી



સ્વ. પ્રેમચંદજી (અનુસધાન પૃ ૬૨૭થી)

ચતુર્વેદીએ વિષાદ અને વિશદના પૂર્ણ લખેલા એમ। સસ્મરણોમાની થોડી દર્શકતો જાણવા જેવી છે તેઓ લખે છે એમનો પહેલો મેળાપ મને લખનૌમા થયો એ વેળા બોલવા ચાલવા સાહેબ પાસે શીખતા લાગ્યો માડીો પોતાના બાળપણના બધા અનુભવો મને સભળાવેલા

એ પછીના બાર વર્ષોમા એમને મળવાના પ્રસગો તો બહુજ મળ્યા હતા, પણ પત્રવ્યવહાર તો સતત ચાલુ હતો વાતચીતની જેમ જ એમનો પત્રવ્યવહાર પણ નિખાલસ હતો એમની ઝિંદાદિલીનુ તો પૂછવુ જ શુ? ૧૯૩૬મા એમની સાથે કાશીમા જે બે દિવસ ગાળ્યા તેમા એ કદી મૅકડો વાર હસ્યા હશે ને સૅકડો વાર મને હસાવ્યો હશે

હિંદીભાષા ભાષીઓ।। જેટલુ જ અદ્વિતીય સ્થાન એમનુ ઉર્દૂવાળાઓમા પણ હતુ. ગયે વર્ષે હાની-શતાબ્દી નિમિત્તે પાણીપતમા ભરાયેલા સમેલનમા મેં ઉર્દૂના કેટલાયે પ્રતિષ્ઠિત લેખકો અને કવિઓને જોયા એમની પ્રશસા સાભળી હતી ઉર્દૂના એક વિદ્વાન લેખકે તો એટલે સુધી કહ્યું કે, પ્રેમચદજી તો ઉર્દૂના 'કલાસિક' થઇ ગયા છે એ તો અભાગ્ય જ છે

ગી એક ઍન્ડ્રૂઝને હાથે એમની 'તારા' નામક વાર્તાનો સાદિત અનુવાદ 'ઍકટ્રેસ' નામથી અગ્રેજીમા મૉડર્ન રિવ્યૂમા છાપેલો તે પછી એમ। માથે પ્રેમ ચન્દજી વિષે અનેક વાર ચર્ચા થઇ હતી તેઓ તો એમની બીજી વાર્તાઓના અગ્રેજી અનુવાદોનું સાદન કરી તે પ્રકટ કરાવવા તૈયાર પણ હતા પરતુ પ્રેમચન્દજી જ કોણ જાણે કેમ, આ બાબતમા તદ્દન ઉપેક્ષાસેવતા હતા

અને હજી યે, પ્રેમચદજી ની ચુનદી વાર્તાઓનો અનુવાદ અગ્રેજીમા થયા વિના રહેવાનો તો નથી જ, કેમકે વર્તમાન હિંદી સમાજના જીવતુજાગતું ચિત્ર એ-મ ની રચનાઓમાથી મળે છે એવ બીજે જ અન્યત્ર મળે'

૧૯૩૦મા પડિત બનારસીદાસજીએ એક પત્ર લખીને એમના જીવન ની હકીકતો માગતા કેટલાક પ્રશ્નો પૂછેલા જેમાના કેટલાક આવતા (૧) આપે વાર્તા લખવી કયારથી શરૂ કરી? (૨) આપની સર્વોત્તમ પદ્ય વાર્તાઓ કઇ કઇ? (૩) આપના પર કયા લેખકની શૈલીનો પ્રભાવ વધુ પડયો છે? (૪) આપ ની રચનાઓ મારફત આપને આજનુ ની કેટલીક આવક થઇ હશે?

આ પ્રશ્નોના એમણે આપેલા ઉત્તરમાથી કેટ

લીક માહિતીઓ ઉપયોગી છે: '(૧) ૧૯૦૭થી મેં વાર્તાઓ લખવી શરૂ કરી. સૌ પહેલો મારો વાર્તા-સંગ્રહ ૧૯૦૮માં 'ઝગાના પ્રેસ'માંથી 'સોઝે વતન' નામે બહાર પડ્યો; પરંતુ હમીરપુરના કલેક્ટરે મારી પાસેથી એ બધી ચોપડી લઈ બાળી મૂકેલી હતી. તેના મનમાં એ સંગ્રહ વિદ્રોહાત્મક જણાએલો. (૨) આ પ્રશ્નનો ઉત્તર આપવો જરા મુશ્કેલ છે. આજ સુધીની બસો ઉપરાંત વાર્તાઓમાંથી કઇ ચૂંટવા બેસું? પણ સ્મરણ પર આધાર રાખી જણાવું છું: બડે ઘરકી બેટી, રાણી સારંધા, નમકકા દારોગા, સૌત, આબ્રૂબાબુ, પ્રાયશ્ચિત્ત, કામના, મંદિર ઔર મસ્જિદ, ઘાસવાલી, મહાતીર્થ, સત્યાગ્રહ, લાંછન, સતી, લૈલા અને મંત્ર. (૩) મારા પર કોઇ એક લેખકની શૈલીનો ખાસ પ્રભાવ નથી પડ્યો; પણ પંડિત રતનનાથ દર લખનવી અને ડૉ. રવીન્દ્રનાથ ટાગોરની કંઇક અસર પડેલી કહી શકું. (૪) આવકનું તો કંઈ ન પૂછવું! પહેલાંનાં સર્વ પુસ્તકોનો અધિકાર પ્રકાશકોને જ આપી દીધો. 'પ્રેમ-પચ્ચીસી,' 'સેવાસદન' 'સપ્તસરોજ,' 'પ્રેમાશ્રમ,' 'સંગ્રામ' વગેરે માટે હિંદી પુસ્તક એજન્સીએ એક વખત ત્રણ હજાર રૂપિયા આપ્યા. 'નવનિધિ' માટે આજ સુધી લગભગ ૨૦૦ રૂપિયા મળ્યા છે. 'રંગભૂમિ' માટે દુલારેલાલજીએ ૧૮૦૦ રૂપિયા આપેલા ને સંગ્રહોના સો બસો રૂપિયા મળ્યા. 'કાયાકલ્પ,' 'આઝાદ કથા,' 'પ્રેમતીર્થ,' 'પ્રેમ-પ્રતિમા,' અને 'પ્રતિજ્ઞા' મેં જાતે છપાવી; પણ હજી સુધી માંડ ૬૦૦ રૂપિયા તેમાંથી વસૂલ થયા છે ને પ્રતો બધી પડી રહી છે. પરચુરણ લેખોથી મહિને લગભગ ૨૫ની આવક થાય છે ઉર્દૂ અનુવાદોમાંથી પણ આજ સુધીમાં વધુ નથી મળ્યા. 'રંગભૂમિ' અને 'પ્રેમાશ્રમ' બંનેનો અનુવાદ ૮૦૦માં આપી દીધો, કારણ કોઇ જાણકારોએ નહોતો મંગાવેલો.

એટલી વાત તો એ છે કે મારો કોઇ પણ પ્રયાસ આજ સુધી સ્વાવલંબી નથી નીવડ્યો. 'હંસ'નો મારે બહુ બોજો ઉઠાવવો નથી પડતો, પણ 'જાગરણ'નો બોજો અસહ્ય જણાતો જણાય છે. એકવાર એને શરૂ કરવાની મૂર્ખાઇ કરી ચૂક્યા પછી એને બંધ કરવામાં મારી સુબુદ્ધિ બાધક બની છે મારામાં એ બંને પત્રો બંધ કરવાની હિંમત હોત તો હું આ બધી પરેશાનીમાંથી બચી જાત; પણ એટલી હિંમત હું નથી કરી શકતો.'

પ્રેમચંદજી અને કવીન્દ્ર રવીન્દ્રનાથનો મેળાપ કરાવી આપવાની બંગાલમાંના એમના ચાહકોને બહુ ઉમેદ હતી પણ એમની એ મનની મનમાં જ રહી ગઇ. પ્રેમચંદજીને શાંતિનિકેતન બોલાવવા કેટલાયે પ્રયત્નો કર્યા, પણ વ્યર્થ. એક વાર તો શક્યતા એ થઇ હતી કે એમણે બનારસ-બોલપુરને એ નિમંત્રણની ઉપેક્ષા કરી છે. પણ કારણમાં રૂબરૂ મળ્યા ત્યારે એમણે ખુલાસો કરેલો કે પોતાની પત્ની અને બાળકોને છોડી પોતે એકલા કવિવરનાં દર્શનાર્થે જવા નહોતા ઇચ્છતા, અને કુટુંબને લઇને જવા જેટલા પૈસા એમની પાસે હતા નહિ! દિલ્હીના સર્વશ્રેષ્ઠ કલાકારની આ આર્થિક પરિસ્થિતિ સાંભળીને કોને દુઃખ ન થાય!

પંડિતજીને એક પત્રમાં પોતાની આકાંક્ષાઓ વિષે લખતા તેમણે લખેલું કે 'મારી આકાંક્ષાઓ કંઇ નથી. આ સમયે તો સૌથી મોટી આકાંક્ષા એ જ છે કે આપણે સ્વરાજ્ય-સંગ્રામમાં વિજયી થઇએ. ધન યા યશની લાલસા મને નથી રહી. ખાવા જેટલું મળી જ રહે છે . . . શાંતિથી બેસવું પણ મને નથી ગમતું. સાહિત્ય અને સ્વદેશને માટે કંઇ ને કંઇ કરતો રહેવા જ હું ઇચ્છું છું . . .'

અલબત્ત, પ્રેમચંદજી જો ઓછા આદર્શવાદી હોત, સરકારી નોકરી એમણે ન છોડી હોત તો એ માસેતુલ્લર ભલે ન બનત, પણ એમના કુટુંબને સહાના ભિખારી સાહિત્યજગત સમક્ષ હાથ લંબાવવાનો વારો તો ન જ આવત; એમનો પરિવાર, એમની જીવનસંગિની અવર્ણનહીન ન રહેત. પણ એ એક આદર્શની ટેકને કારણે જ એમનું જીવન ખરેખરો જીવનવિગ્રહ બની રહ્યું. એ ગરીબી સામે લડ્યા, સામાજિક કુરૂઢીઓ જોડે લડ્યા, સાહિત્યિક કુટેવો સાથે લડ્યા, અંધવિશ્વાસુઓથી લડ્યા અને હિંદુસ્તાન માટે પણ લડી છૂટ્યા.

સાહિત્યમાં એ ઉર્ધ્વજ્વલ-પ્રાંતિ છે; છતાં યે શોષનારાઓ એમની કલામાં કદાચ ખોડ કાઢશે; કલાકાર તરીકે એમના સ્થાનમાં કદાચ મતભેદ ઊભો કરશે. ભલે; પણ એક ઇન્સાન તરીકે તો કોઇ એમનામાં ખોડ કાઢી શકે એમ નથી. એ રીતે તો પોતા પાછળ તેઓ એક એવું ઉદાહરણ મૂકતા ગયા છે જે ઊગતી જુવાનીને મદદ હિંમત અને મર્દાનગી સાથે ઉદ્યમ અને સદ્ગતશીલતાના એક ઉત્તમ પ્રતીકની ગરજ સારશે.

અશોક હર્ષ



ચિત્રકાર : બસીભાઈ (ગુજરાત સમાચાર)

તલવારબાજી



અમૃતસરનું સુવર્ણમંદિર

ફોટો : શ્રી નગીનદાસ નારણજીભાઈ

એક તારાનો આપઘાત



ગયા જાન્યુઆરીમાં, માઉન્ટ વિલ્સન વેધશાળાએ આજથી સિત્તેર લાખ વરસ ઉપર એક તારાએ કરેલા આપઘાતને જોવો શરૂ કર્યો છે! એકડાના આગળ બસ્સો માઇલ (૩૨૦ કિલોમીટર) જેટલો જે તારો તૂટવાનો સમય છે તેનું ઉષ્ણતામાન (ગરમી) ત્રણ લાખ અંશનું છે ને પ્રકાશ તો આપણા બે લાખ સૂર્યો એકઠા કરીએ એટલા! વિનાશ પામતા જઈ રહ્યો છે ત્યારે તેનો કિરણ-ન્યૂટ્રોનથી કાળો બની જશે એમ માનવામાં આવે છે

આજથી સિત્તેર લાખ વરસ પહેલા બનેલા એ બનાવની આપણને અત્યારે જ ખબર પડે છે તેનું કારણ? કારણ માત્ર એટલું જ કે પૃથ્વી પર પહોંચતા તેના પ્રકાશને એટલા વરસ લાગ્યા જેમ આપણી આંખમાં અત્યારે પ્રવેશતું સૂર્યનું કિરણ સૂર્યમાંથી તો આઠ મિનિટ પહેલા નીકળી ચૂક્યું હોય છે, તેવી જ રીતે ૪૨,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ માઇલ દૂર આવેલા એ તારાનો અત્યારે આપણને મળતો પ્રકાશ પ્રકાશના ગણિત અનુસાર તેમાંથી તો સિત્તેર લાખ વરસ પહેલા નીકળ્યો હશે

પ્રકાશને પણ માપી લીધો

આ વાસ્તવદર્શન પછી આપણા માથા પર સતત પ્રકાશતા તારાઓ પ્રત્યેની કુતૂહલવૃત્તિ કંઈક વધવા માંડશે માણસને એવું કુતૂહલ તો પ્રથમથી જ આવેલું પણ આજના વિજ્ઞાનના વાસ્તવદર્શી આંધળો તેને લક્ષ્ય ન હોઈ તે કશી ચોક્કસતા પર નહોતો આવી શક્યો. એટલે જ ઍરિસ્ટોટલ જેવા પ્રાકૃતિક વિજ્ઞાનના આદ્ય દ્રષ્ટાને યે એ તારાઓને આકાશમાં ટમટમતા જોવાની દીવા માનીને સંતોષ લેવો પડ્યો હતો!

પણ આપણને તો આજે વિજ્ઞાનનો સહારો જેવો તેવો નથી હજી થોડા વરસ પર તો કોઈને એ માન્યામાં ન આવત કે સો માઇલ દૂર બળતી મીણબત્તીની ગરમી કોઈ યંત્રથી માપી શકાય પણ આ સદીના વિજ્ઞાનના વિકાસે આપણુંને આપેલું બોલોમિટર નું યંત્ર એ માન્યતા મિથ્યા કરી બતાવે છે આપણી આંખે જણાતા આખામાં આખા તારાને યે તે ૧૬૫ ગણો મોટો બતાવી શકે છે, તેની પ્રકાશ પામવાની શક્તિ માપી શકે છે, એટલું જ નહિ, પણ મિનિટે મિનિટે તારાઓના પ્રકાશમાં થતો ફરક પણ તે રજે માપી શકાય છે


દુનિયાનો સૌથી રસમય વિષય

અવકાશમાં છૂટે હાથે વેરાયેલા એ અગ્નિપુંજો જેટલો રસગર્ભ વિષય દુનિયામાં ભાગ્યે જ કોઈ ગણી આપશે આપણી આંખો સૂર્યમાળાને માપે એક બિંદુ જ કલ્પીએ તો યે નજીકમાં નજીકનો તારો એના પ્રમાણમાં એથી પોણોમો ભાગ દૂર રહે બિંદુરૂપ એ વિશાળ સૌરજગતમાં પછી પૃથ્વીનું સ્થાન તમે ક્યાં કલ્પવા જેમવાના? ત્યારે એવા તો અનેકવિધ તારાઓ ને તારકરજ જેવા વેરાયેલી હશે જે એવા અવકાશના વિસ્તાર ને આંતરી સીમાઓનો પાર લાગે ખરો?

ને આ તારાઓનું નિરીક્ષણ તેમના પ્રમાણમાં માત્ર આપણા જ નહિ પણ માત્ર સૌરજગતના યે અલ્પ આયુષ્યનું આપણને ભાન કરાવે છે કરોડો વર્ષોના તે પ્રકાશતા જ્યા હોય ખરા કરોડો વર્ષ સુધી તો એ જેમના તેમ પ્રકાશતા રહેવાના એમનું ચુંબકાકર્ષણ પણ એટલું જબરું છે કે તેમના માર્ગમાં આવનારા કોઈ નાનામોટા આકાશી પિંડોને તો ફૂંચે-ફૂરચા બિડી જાય ખુદ આપણું સૌરમંડળ જ એના ઉત્પાતથી બચ્યું છે ને!

એવો જ એક ઉત્પાત ગયા જુલાઈમાં જ જોવાયો ના એક ખગોળદ્રષ્ટાની દૂરબીનને જોયો આકાશમાં

સાહિત્યનાં અંગ



૨-વાર્તા

લેખક : સુરેશ દીક્ષિત એમ.એ., એમ.એસસી.

માનવના જ્ઞાન સાથે તેની માનસિક જરૂરીયાતો વધતી જાય છે. જીવનમાં સૌથી મોટી જરૂરીયાત વાચનની છે. એને પહોંચી વળવા જાતજાતનાં લખાણો અને ભાતભાતનું સાહિત્ય છપાય છે. અગાઉ એક પુસ્તક લખતા વર્ષો લાગતાં તેવા પુસ્તક આજે મહિનાઓમાં બહાર પડે છે જીવનના વેગ સાથે સાહિત્યનો વેગ પણ વધ્યો છે. ઝડપથી જતી ગાડીમાં, પલકમાં પલાર થતા વિમાનમાં, લાંબી નવલકથા કે કાવ્ય વાચવાની નવરાશ નથી હોતી. જલ્દી કાર્ય પૂરાં કરી નાખવાની તીવ્ર ઇચ્છામાં ટૂંકી વાર્તાના શોખનું મૂળ રહેલું. અધીરાઇ એ નવા જમાનાનું લક્ષણ છે. સામુદાયિક વાચનની માગણીને પહોંચી વળવા સાહિત્યના કારખાના જેવા લેખકો ઊભા થયા. ઘણે અંશે કલા અને સર્જનના પ્રાણ ઊડી ગયા.

ટુંકાવેલી નવલકથા એ વાર્તા નથી. વાર્તા જીવનના એક દિવસ જેવી છે નવલકથામાં લાંબા જીવનની ગૂંથણી હોય છે, જ્યારે વાર્તા તો ફક્ત એકાદ પ્રસંગ કે વ્યક્તિની મનોદશાનું ચિત્ર હોય. નવલકથા સીનેમાની ફિલ્મ જેવી છે જ્યારે ટૂંકી વાર્તા ચિતારાના સુંદર ચિત્ર જેવી છે. ચિત્રમાં જેમ એક જ પ્રસંગ કે વસ્તુ-સ્થિતિનું દર્શન કરાવાય તેમ ટૂંકી વાર્તા પણ એક જ નાનું દર્શન કરાવે. નાની વાર્તા બુદ્ધિને જાગૃત કરી, હૃદયના ભાવને ઉત્તેજી વાચકની કલ્પના ઉપર પ્રસંગ છોડી દે. વાર્તાના વાંચનથી કુતૂહલ રહે અને સંતોષ ન થાય. વાર્તા રસ-સરોવર નહિ પણ રસ સિંધુ હોય. સાહિત્યમાં તેનું સ્થાન નાટક અને નવલકથા વચ્ચે છે. નાટકના એક પ્રવેશ જેવા રસથી વાંચકને અધીરો કરી મૂકે.


વિચારની આપલે કરવી, એકબીજા સાથે વાતચીત કરવી એ માનવજીવનનું લક્ષણ છે. માણસ સિવાય બીજું કોઇ પ્રાણી એકબીજા સાથે વિચારોનો વિનિમય કરતા નથી. મુખદુઃખની વાત કરવી એ પણ માણસોની ખાસિયત છે. વાર્તા એટલે તુરંગો કે કહાણી નહિ. ઉપરાંત અને આકરણની વાતો કેતકરંજના બેસ છે. જેમ કથા કરતાં વાર્તા ચઢિયાતી છે. વાર્તામાં બુદ્ધિની યુક્તિ પ્રયુક્તિને અવકાશ હોય, પણ તે વસ્તુની સંકલનામાં વિશાળ કલ્પના અને ઊંડા નિરીક્ષણ વડે જીવનમાંથી ઉપજાવી કાઢેલા પ્રસંગ ઉપર વાર્તા રચાય. સત્ય ઘટના અને સજીવ પાત્રોનું સામ્ય રસકેન્દ્ર બને. વાર્તા વાંચતાં જ 'અશકય' લાગવા માંડે કે તરત જ તેનો રસ ઊડી જાય. આપણા સાહિત્યમાં પંચતંત્ર, પંચદંડ, બત્રીસ પૂતળીઓની સુરમ્ય વાતો છે પરંતુ તેમાં 'અશકય' લાગતાં એવાં તત્ત્વો છે કે જેથી નાનાં બાળકોના સાહિત્યમાં તેમનું સ્થાન જતું જાય છે. ચીરમાંથી ચીર નીકળતાં હોય તેમ એક વાર્તામાંથી અનેક વાર્તા નીકળે અને જનવરો, ભૂત તથા માણસોનો બેસાડેલો મેળ આનંદ આપે, પરંતુ એ આપણા જગતની વાત નથી એમ લાગ્યા કરે. છતાં એ 'અરેબીઅન નાઇટ્સ' જેવી વાતો એટલી બધી રસમુગ્ધ કરે છે કે તેમનું સ્થાન શુદ્ધ સાહિત્યમાં ઊંચું છે. ગમ્મત કે બે ઘડી મોજ એ શુદ્ધ સાહિત્યનું ધ્યેય નથી.

સાહિત્યની કોઇપણ ઊંચી કૃતિમાં તેના સર્જકના વ્યક્તિત્વની છાપ હોવી જોઇએ. પાત્ર અને પ્રસંગની સંકલનામાં એ વ્યક્તિત્વ જણાઇ આવે ટૂંકી વાર્તાના લેખકને પોતાનો મત કે વિચાર દર્શાવવાનો અધિકાર ન હોય. નૈસર્ગિક વાતાવરણ અને સંયોગોમાં તેની સુંદરતા હોય. કોઇ મહાત્મા ગરીબને વરદાનથી તવંગર બનાવે એ નૈસર્ગિક તત્ત્વ ન જ કહેવાય. વરદાન કે શાપ ઉપર રચાએલી વાર્તા ગદ્યલુબ્ધ હોય પણ ઊંચી કક્ષાની ન કહેવાય. થોડાં પાત્રો અને તેમાંયે જીવન કે માનસનો પલટો દર્શાવતી વાર્તા રસમય હોય. વાર્તાના અંતમાં ઉપદેશ નહિ પણ કંઇક તાત્પર્ય હોવું જ જોઇએ. ઉદ્દેશપૂર્વક ઘડાએલી વાતો જાહેરખબર જેવી છે. લેખકનો મત ચર્ચતી વાતો વાદવિવાદ ચલાવતી સભા જેવી છે.

નાની વાર્તામાં વસ્તુની સંકલના અને પાત્રની ગતિથી એવો ક્ષણનો પ્રસંગ આવે કે વાચક અંત જાણવા ઉતાવળો—અધીરો થાય. વાચકની આવી મનોસ્થિતિમાં તેને આંચકો બનાવે, અચંભો પમાડે કે નિરાશ

પમાડે તે રસમય વાર્તા નથી. નવીનતા, કુતૂહલ અને વધતો રસ વસ્તુની ઘટનામાં હોવો જોઇએ. લાંબાં વર્ણન કે અતિશયોક્તિને એમાં સ્થાન નથી. શરૂઆતથી જ વાચક વાર્તાના પ્રવાહમાં તણાય અને પ્રસંગ અણી ઉપર આવતાં જ તેનો અંત આવે તો રસ જળવાય. આવું તત્ત્વ બંગાળી વાર્તાઓમાં જડે છે. ફ્રાન્સની ટૂંકી વાર્તા પણ આથી જ અંગ્રેજી કરતાં ચડે છે.

ટૂંકી વાતમાં એક જ પ્રધાન સ્વર હોવો જોઇએ. રસને અનુરૂપ પાત્રનું વર્તન અને બીજાનું ચારિત્ર હોય. વાચક ઘડીભર સ્થૂળ જગતને ભૂલી વાર્તાના મનોજીવનમાં જીવે તો જ વાર્તાનું આલેખન સાર્થક ગણાય. આથી જ જીવનના સાચા પ્રતિબિંબની ટૂંકી વાર્તાની બસુસ આગત્ય છે. જગતમાં જેમ દરેક માણસ સુંદર કે કદરૂપું નથી તેમ વાર્તા પણ એવા પાત્રથી રસમય બને એમ નથી. યુવાની અને પ્રેમ એ જ વાર્તાનો વિષય હોય એવું કંઇ નથી. વાત ગમે તે હો, પણ જ્યાં સુધી હૃદયના ભાવ ડોલાવે અને રસપ્રધાન હોય ત્યાં સુધી ઊંચી કક્ષાએ રહે. ટૂંકી વાર્તાનું આલેખન આછી રેખામાં પૂરેલા રંગીન ચિત્ર જેવું હોય. જે ચિત્રનાં રંગ રેખા નહિ ઊડે તે અમર રહે, બાકીનાં કાળનો ભોગ થાય.





રશિયાના આંતરજીવનની વધુ ઓળખ આપતી

નવી સૃષ્ટિ

(ગયા અંકને અનુસંધાને પૂરું)

નિયમ મુજબ અમે થીએટરમાં ગયા. રશિયન જીવનની બધી બાબતોમાં રસ લેનારા અમે ખાસ થીએટર ઉત્સવ (Moscow theatre festival) માટે મૉસ્કો ગયા હતા એટલે પ્રાચીન અને અર્વાચીન રશિયન કલાની સુંદર વાનગીઓની મઝા માણીએ એ સ્વાભાવિક હતું. એ દસ દિવસમાં ભજવાતા નાટકો, ઑપેરા, બાલે વગેરેમાંથી અમારે માટે સારો જોવો કાર્યક્રમ પસંદ કરવામાં આવ્યો હતો.

પહેલે દિવસે અમે મૉસ્કોના ભવ્ય State Opera Bolshoi Theatreમાં ગયા. આ વિશાળ થીએટરમાં બે હજાર ઉપર માણસો સમાઇ શકે એવી સગવડ હતી. અસલ ઝારોના વખતમાં અહીં યુરોપના સારામાં સારા ઑપેરા ભજવાતા અને સારા યુરોપની શોખીન પ્રજા લખલૂટ પૈસો ખરચી એ જોવા આવતી. સોનેરી રંગે રંગેલી ઝગમગતી ગૅલેરીઓમાં અસલ કીમતી વસ્ત્રોમાં સજ્જ થએલા રાજરાજવીઓ અને અમીર ઉમરાવો જ દેખાતા. સાધારણ મનુષ્યો તો એનો લાભ લેવાનાં સ્વપ્નાં પણ નહિ આણી શકતા. આજે ત્યાં જ જ્યાંત્યાં પરદેશી પ્રવાસીઓ સાથે બેઠેલા કામદારો અને સાધારણ માણસો અમે જોયા. અમુક કારણના માટે થીએટરની અમુક બેઠકો સાચવી રાખવામાં આવે છે. આ માટે બહુ જ થોડા પૈસા આપવા પડે. યુરોપના બીજા દેશોના થીએટરોની સરખામણીમાં અહીંનાં થીએટરોના દર નહિ જેવા જ ગણાય. સાંજે Prince Igor નામનો જે ઑપેરા અમે જોયો તેનાં સ્મરણો હજી તાજાં રહી ગયા છે. જિંદગીમાં કદી અમે આવો ભવ્ય ઑપેરા જોયો ન હતો. એની સુંદર રચનામાં પ્રાચીન રશિયાનું બધું સૌંદર્ય સાચવી રાખેલું અમે જોયું. બારમી સદીમાં તુર્કોની રશિયા પર ચડાઇ એ એનું વસ્તુ. સંગીત ઓગણીસમી સદીનું હતું. સંધ્યા સમયે બદલાતા આકાશના રંગો અમે રંગભૂમિ પર દીઠા. રાત્રિની શાંતિમાં તુર્કી સંગીતની મધુરી લય અમે રંગભૂમિ પર સાંભળી અને સૂર્યોદયનું પલે પલે બદલાતું સૌન્દર્ય પણ અમે એ રંગભૂમિ પર જોયું. શત્રુઓએ એક ગામડાને આગ લગાડી તેના ભડકા આબે અંતરમાં જોયા, અને ધીરે ધીરે વધતા જતા ધુમાડાના ગોટાઓ અને આગની જ્વાળાઓ રંગભૂમિ પર જોઇને તો અમે છક થઇ ગયા! ધીરેધીરે વ્યાપી રહેલા અંધકારમાં લીન થઇ જતી આમતેમ ફરતી વ્યક્તિઓ વગેરે એ બધાંનું સંમિશ્રણ એટલું બધું સંવાદી હતું કે ઑપેરાના એ જુદાજુદા અંગો હોય એમ અમને મુદ્દલ ન લાગ્યું. સંગીતની અને નૃત્યની ધૂન ધીરેધીરે વધી જઇને ઑપેરાને અંતે એટલી

મરત બની કે ઓ પુરો થયા પછી પણ પાંચ મિનિટ સુધી અમે તદ્દન અવાક્ બની બેઠા અને તાળી પાડવાનું પણ અમને ભાન ન રહ્યું! We were swept off our feet.... અમને હૉટેલ પર લઇ જવાને બસ ન હોત તો અમે શું કરત તે સમજાતું નથી.

રશિયન કલા જોવા આવનાર ચાળીસ દેશના બધા મળીને અઢીસો પ્રવાસીઓમાં કેટલાક તો બનણીતા કલાકારોને કલારસિકો હતા. અમને બધાને રશિયન કલા સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓને મળવાની અને એ વિષય પર ચર્ચા કરવાની બધી તક આપવામાં આવતી હતી. કલાસમિતિ અને શિક્ષણસમિતિ સાથે ચર્ચા કરવાની અને થીએટર, મ્યુઝિયમ કે થીએટ્રિકલ સ્કૂલમાં જઇ રંગભૂમિ માટે થતા પ્રયાસો જોવાની અમને તક મળતી અને આ બધામાંથી શીખવાનું પણ ઘણું મળતું.

બીજે દિવસે રાજ્યના શિક્ષણમંત્રી કૉમરેડ નૉવીત્સ્કી સાથે ઓગની ઑફિસમા મેળાપ ગોઠવવામા આવ્યો હતો. એમણે રશિયન ભાષામા નૂતન રશિયામા કલાની પ્રગતિ પર ભાષણ કર્યું અને એનુ ભાષાતર અંગ્રેજી, જર્મન અને ફ્રેંચ ભાષામા કરવામા આવ્યુ. આ બધુ અમને ન ગમતુ, પણ એના વગર ચલાવી શકાય એમ ન હતુ. ફ્રેંચ અને જર્મન ભાષાતરો કામચલાઉ ઠીક હતા, પણ અંગ્રેજી ભાષાતર તો ઠેકાણા વગરનુ જ હતુ.

નૂતન રશિયામા રશિયાની જૂની કલાને સાચવી રાખવામા આવી છે પણ એને રહસ્યવાદ, આશાવાદ વગેરે વાદોથી બચાવી લેવામા આવી છે. નૂતન રશિયા રહસ્યવાદ (mysticism) મા માનતું નથી. જૂની પ્રણાલિકાઓનો લોગ બનેલી કલાને પ્રણાલિકાના સકામાંથી નૂતન રશિયાએ બચાવી એમા પ્રાણ પૂર્યો અને એને યુવાની આપી. ૧૯૧૭ ના બળવા પછી રશિયન કલા વધારે પ્રાણમય, ઉત્સાહપૂર્ણ બની લોકોના જીવનમાં વધારે રસ લેતી થઇ. લોકોએ પણ કલામા વધારે રસ લેવા માડ્યો. The masses go to the theatre because the theatre has gone to the masses.

અસલ જ્યાં ૩૮૦ થીએટરો હતાં ત્યાં આજે રશિયામાં ૮૬૪ થીએટરો છે. એ ઉપરાંત ૪૦૫૦ કલબો અને હજાર ઉપરાંત 'સંસ્કારધામ' (parks of culture)માં આપાતા નાટ્યપ્રયોગો તો જુદા. બાળકો માટેનાં ખાસ થીએટરો તો રશિયામાં ઠેકઠેકાણે છે. આજે રશિયામાં ૨૬૫૦૦ નાટ્ય-કલાકારો છે. ૨૬૦૦૦ નાટ્ય શાળાના વિદ્યાર્થીઓ છે અને ૭૦ નાટ્ય શાળાઓ છે. થીએટરોમાં ખાલી બેઠકો ભાગ્યે જ જોવામાં આવે છે.

નૂતન રશિયાએ લોકોને વાંચતાં લખતાં શીખવાડ્યું અને સંસ્કાર મેળવતા કર્યા પછી લોકોની વિદ્યા કે સંસ્કાર માટેની તૃષા એટલી વધી છે કે માનવામાં પણ ન આવે. ટ્રામમાં ભીડમાં ઊભાંઊભાં પણ પુસ્તક વાંચતા કામદારો તમે જોઇ શકો. થોડા જ વખત પર હેગેલ (જર્મન ફિલોસૉફર) ની પચાસ હજાર નકલો રશિયામાં વેચાઇ એ બનણી કયા પરદેશીને આશ્ચર્ય ન થાય? લોકોને જ્ઞાન કે સંસ્કાર મેળવવાની તક આપો અને પછી પરિણામ કેટલું સુંદર આવે છે તે જોવું હોય તો રશિયાનું દૃષ્ટાંત દુનિયા સમક્ષ ઊભું છે.

ભાષણને અંતે અમે શિક્ષણમંત્રી નૉવીત્સ્કીને રશિયન નાટ્યકલા વિષે કેટલાક સવાલો પૂછ્યા અને એ બધાના એમણે સંતોષકારક જવાબો આપ્યા. પ્રબંધ (censorship) વિષે સવાલ ઉઠાવતાં એમણે જણાવ્યુઃ 'દરેક દેશમાં એની જરૂર તો સ્વાભાવિક રીતે જણાય. અમે તો કલાને પણ રાજકીય દૃષ્ટિબિંદુથી જ નિહાળીએ છીએ, કારણ હજી અમે નવી સૃષ્ટિ પૂરેપૂરી રીતે રચી નથી શક્યા. અને જુદાજુદા વર્ગો વચ્ચેની લડાઇમાંથી હજી દુનિયા મુક્ત નથી થઇ. અમારા દેશમાં કલા લોકસમૂહ માટે જ છે એટલે લોકસમૂહનું સુખ ચાહના આ રાજ્યની સામે કાંઇ પણ ચળવળ કરવાના પ્રયોગ કોઇ નાટકમાં થતા હોય તો સ્વાભાવિક રીતે જ તે નાટક ન ભજવવા દેવામાં આવે. અનીતિભર્યા નાટકો સામે પણ અમે પ્રબંધ મૂકીએ છીએ.'

દેશદેશમાં બધે કલા અને રાજપ્રકરણ વચ્ચેનો સંબંધ વધારે ને વધારે ગાઢ થતો જાય છે અને દેશેદેશમાં બધે વ્યક્તિસ્વાતંત્ર્ય પર વધારે,પ્રબંધ મુકાતો જાય છે. રશિયામા શું કે જર્મનીમાં, વ્યક્તિસ્વાતંત્ર્ય કે free expression of thought જેવી વસ્તુ રહી નથી. ઇગ્લંડમાં હમણા તો સ્થિતિ સહેજ સારી છે, પણ જુદા-જુદા વર્ગો વચ્ચે જેમ કલહ વધતો જશે તેમ વ્યક્તિસ્વાતંત્ર્ય પર વધારે દાબ મુકાતો જશે એમ લાગે છે.

હીરાલાલ ગોદીવાળા

કુદરતથી તમે કેટલા દૂર?



તમે કુદરતથી કેટલા દૂર છો? આ પ્રશ્નના ઉત્તર ઉપર તમારા તન અને મનના સ્વાસ્થ્યનો મોટો આધાર છે! માણસ જેમ કુદરતની પાસે ને પાસે તેમ એ વધુ ને વધુ નીરોગી બનતો જાય છે જ્યારે કુદરતથી દૂર ભાગતા માનવી કે પ્રજા રોગોનો ગુણાકાર કર્યે જાય છે.

મનુષ્યેતર પ્રાણીઓની સૃષ્ટિ તરફ જરા નજર નાખો. ત્યાં આરોગ્ય એ નિયમ છે, રોગ એનો અપવાદ છે. જ્યારે મનુષ્યજાતિમાં જુઓ તો? રોગ એ એમાં નિયમ બન્યો અને આરોગ્ય અપવાદ થયો!

વનવગડાનાં પશુપંખી પૂર્ણ આરોગ્ય, છલકાતુ ચેતન અને સહજ આનંદ અનુભવે છે. એમને દાક્તર, દંતવૈદ, જંતુઘ્ન કે શસ્ત્રવૈદની જરૂર પડતી નથી.

ઉધાડી આંખે વિચાર કરતા જણાશે કે સરજનહારની સૃષ્ટિમાં માનવી એ રોગીમાં રોગી પ્રાણી છે!

આપણે માંદા થઇએ છીએ અને રહીએ છીએ એનું કારણ એ છે કે આપણે પ્રકૃતિનો ખોળો તજ્યો છે. આપણું જીવન અકુદરતી અને કૃત્રિમ બન્યુ છે.

દ્રવ્યનો સંગ્રહ થઇ શકે છે. પણ આરોગ્યનો સંગ્રહ કોઇએ કર્યો જાણ્યો છે?

રોજની રોટી રોજ રળવાના પયગમ્બર ઇસાના આદેશને, મનુષ્યજાતિનો મોટો ભાગ અમલમાં મૂકતો નથી. આજ સૌ કોઇને સંગ્રહની સ્પૃહા હોય છે

પણ રોજનું આરોગ્ય રોજ રળવાના, પ્રકૃતિના ફરમાનને કોઇ નથી ઉથાપી શકતુ આ આદેશની અવગણના કરી કે રોગોની પરંપરા જ ઊભી થવાની.

હવા એ આપણી પહેલી જરૂરીઆત છે. ગોકળગાય કદાચ કાચની બાટલીમાં લાંબો સમય જીવી શકે, પણ માણસ માટે એ વસ્તુ શક્ય નથી.

ઠંડી, સુવાસિત અને વહેતી હવા જ આરોગ્યપ્રદ અને આહ્લાદક હોય છે. જ્યારે શહેરોમાં વસતા સેંકડો માનવીઓ, ગંદી ગંધાતી અને ગરમ હવામાં પોતાના ફેફસાં રાતદિન ધમ્યે રાખે છે.

અને એને લીધે શરદીથી માંડીને રાજયક્ષમા સુધીના રોગોએ શહેરોમાં કાયમના પડાવ નાખ્યા હોય છે.

પાણીમાંથી તો જીવન પ્રગટયું છે, એમ ધર્મ અને વિજ્ઞાન બન્ને કહે છે. પાણી સિવાય અઠવાડિયાથી વધારે માણસ જીવી ન શકે. વારિની સ્તુતિ કરતાં વેદો પણ થાકતા નથી આરોગ્યપ્રાપ્તિ માટે વાયુ જેટલી જ વરુણની ઉપાસના આવશ્યક છે.

આજે પણ આપણા જીવનમાં પાણી, દૂધ અને ફળના રસ જેવા કુદરતી પેયોનું સ્થાન, દાળકઢી, ચહા-કૉફી, સોડા લેમન, કે બ્રાન્ડી જેવા અકુદરતી પીણાંઓએ લીધું છે અને એના પરિણામો તો સૌકોઇ જાણે છે

ખોરાક વિના માણસ જીવન કયા સુધી ખેંચી શકે એ બાબત ઉપર ઘણો મતભેદ છે. જોકે આને લગતી જુની દાક્તરી માન્યતાઓ પોકળ પુરવાર થઇ છે. નિયમિત છાપા વાચનારા કબૂલ કરશે કે માણસ ૧થી ૧૨૦ દિવસ સુધીના ઉપવાસ કરી શકે છે અમુક અપવાદરૂપ દાખલાઓ બાદ કરીએ તો આપણે ભૂખ્યા માણસના જીવનની મર્યાદા ૬૦ દિવસ ખુશીની સાથે મૂકી શકીએ.

એન્જિનને કોલસાની જેટલી જરૂર છે, એટલી જ શરીરને ખોરાકની આવશ્યકતા છે. ખોરાક પ્રમાણમાં પૂરતો હોય એટલું જ બસ નથી. ગુણ અને જીવનપોષક તત્ત્વોની દૃષ્ટિએ પણ એ સર્વોત્તમ હોવો જોઇએ.

છોડા કાઢેલા અનાજો, કુપાચ્ય કઠોળો, ઓસાવેલા કંદમૂળ અને શાકભાજીઓ અને તીખીતમતમતી તેમજ તળેલી વાનીઓથી ભરપૂર ખોરાકને સમાજ આજે આદર્શ આહાર માને છે!

ખોરાકને બાફી, તળી અને એનાં આવરણ કાઢી કરીને, દાંત તથા પેટ બંનેને અકુદરતી આરામ અને દંતવૈદને સતત કામ આજે અપાય છે.

સળેખમ જેવી સાદી કરીઆદથી માંડીને કૅન્સર

જેવાં કારમાં દર્દો સુધીના રોગોની વિરાટ યાદી તરફ નજર નાખીએ તો એમ જણાય છે કે આમાંથી અર્ધ ઉપરાંતનાં આહારશાસ્ત્રના અજ્ઞાનમાંથી ઉદ્ભવ્યાં છે.

રોગો મટાડવા એ એકલું જ કાંઇ ખોરાકનું કાર્ય નથી. શરીર-સુધારાથી માંડીને સમાજ-સુધારા સુધીના સૌ સુધારાઓની શરૂઆત જો આહારસુધારાથી નહિ થઇ હોય તો, એ બધા યે સુધારા વાંઝિયા રહેવાના!

આપણો ખોરાક કુદરતી હોય એ જેટલું આવશ્યક છે, એટલું જ જરૂરી આપણો રસોઇ શાસ્ત્રીય હોય એ પણ છે.

વ્યાયામના વિરોધીઓ ઘણી વખત એવી દલીલ કરે છે કે હવા, પાણી ને ખોરાક વિના માણસ મરણ પામે છે, જ્યારે વ્યાયામ વિના કોઇ મરતું નથી. તો પછી નાહક એ લોઢા ઉથામ્યે લાભ શો?

એના જવાબમાં એમ ચોક્કસ કહી શકાય કે ખોરાક વિના માણસ મરે છે એ જેટલું નિશ્ચિત છે એટલું જ નિશ્ચિત વ્યાયામ વિના માણસ મરે છે એ પણ છે. ફરક માત્ર વખતનો છે.

હવા વિના થોડી મિનિટોમા, પાણી કે ઊંઘ વિના થોડા દિવસોમા, ક્ષારો અને પ્રજીવકો વિના થોડાં અઠવાડિયામા અને ખોરાક વિના થોડા મહિનામાં માણસ મરે છે. જ્યારે વ્યાયામ વિના થોડા વર્ષો કે દશકાઓમા માણસ મરણ પામે છે. અને મરે નહિ તો માંદો તો આવશ્યક પડે જ છે!

સામાન્ય રીતે એમ માનવામા આવે છે કે, સંસ્કૃતિનો એક જ ઉદ્દેશ છે, અને તે એ કે શરીરશ્રમ ઘટાડવો. પરિણામે માણસ જેમ વધુ સુધરે છે એમ વધુ આળસુ બને છે. 'હૃદય બંધ પડવું', એ તો અકુદરતી બેહાડુપણાનો કુદરતી બદલો છે! કોઇ બેકાર, મજૂર કે મહેનતુ માણસનું હૃદય અચાનક અટકી ગયું સાભળ્યું? ગાદીતકીએ આળોટનારા બેહાડુ બૂકોદરો જ આ રોગનો ભોગ થઇ પડે છે.

ખોરાક કરતાં યે આપણને વધારે જરૂર ઊંઘની છે. ઊંઘ એ એક જાતનો ખોરાક છે. પણ અસ્વાભાવિક જીવનમાં સ્વાભાવિક ઊંઘ ક્યાંથી સંભવે?

બારીબારણાં બંધ કરી, મોંટેમાથે ઓઢી, સુંવાળી અને હુંફાળી પથારીમાં લીધેલી ઊંઘ સ્વપ્નોથી ખરાબ થાય છે. સવારે પથારીમાંથી ઊઠ્યા પછી, શરીર તો થાકેલું અને ભારે જ હોય છે.

સ્નાન એ આપણા જીવનમાં આનંદ નથી, પણ વેઠ છે. આપણે વર્ષમાં કેટલીવાર ઘર ને નળ છોડી, વરસાદમાં, નદીમા, તળાવમાં, ધોધમાં કે સમુદ્રમાં નાહીએ છીએ?

આપણા વડવાઓ માનતા હતા અને આપણે જાણીએ છીએ કે સૂર્ય એ જીવનનો દાતા છે. અંધારી જગ્યામાં મૂકેલી વેલ સૂર્યનાં કિરણો તરફ જ વળે છે. વનસ્પતિ જેટલું યે ડહાપણ માણસમાં હોત તો!

ટાઢ-તાપથી શરીરનું રક્ષણ કરવાને માટે કપડાંની અમુક અંશે આવશ્યકતા છે. પણ આપણે તો શરીરને નબળું, નગાલું અને નાજુક બનાવવા માટે તેમ જ દેહની વિરૂપતાઓ સંતાડવા માટે, એને કપડાના ઢગ નીચે ઢાંકી દઇ, નાની નાની બીમારીઓ અને ઠંડા હાથપગને આમંત્રણ આપીએ છીએ.

આવા કૃત્રિમ જીવનમાંથી ઉત્પન્ન થતા વિવિધ તાપ ટાળવા, ત્રણ અવળા માર્ગો લેવાય છેઃ

વ્યાધિ ટાળવાને દવાદારૂ, છરીચાકુ (ઑપરેશન) અને સોયની અણી (ઇન્જેક્શન) નો આશરો લેવો પડે છે.

બીજું દુઃખો ભૂલવા નાટકસીનેમા, અને નવલકથા તરફ મન ઢળે છે. મોટા ભાગના આવા આનંદો, અપથ્યથી આબરૂ બનેલી સર્જકની કલ્પનાનો નિરંકુશ વિહાર હોય છે.

'દવા ન ખાવી' એ કાંઇ માંદગીનું કારણ નથી; તો પછી 'દવા ખાવા' એ માંદગીનું નિવારણ શી રીતે હોઇ શકે?


માનવીનો દેહ ક્વિનાઇન, સ્ટ્રીકનીન, મોર્ફાઇડ, સોમલ, સીરમ કે વૅક્સિનનો બન્યો નથી. જો બન્યો હોત તો દવાદારૂના ઉપયોગ સામે કોઇ વાંધો ન ઉઠાવી શકત.

પવન, પ્રકાશ, પાણી, પૃથ્વી અને આકાશ એ પંચમહાભૂતોનું વિશ્વ બન્યું છે. માનવીનો દેહ પણ આ જ તત્ત્વોનો છે. આ તત્ત્વો સાથે સીધો સંબંધ બાંધી સંવાદ સાધો અને જીવન, યૌવન, આરોગ્ય અને આનંદ પ્રાપ્ત કરો.

રમણલાલ એન્જીનિયર

વ ન વ ગ ડા નાં વા સી

જળજંગલની જીવસૃષ્ટિનો પરિચય આપતી અભ્યાસનીય લેખમાળા



નિશામણિ આગીઓ

'તુજ પાખ ચળકે પર્ણના મુકુટ મહીં ચક્રો રચી'

કલાપી પ્રત્યે મને ખૂબ ભાવ છે. માર્ગ અને સન્માર્ગનું જ્ઞાન કરાવનાર મારો પ્રથમ ગુરુ એ જ. એક વખત એવો હતો કે જ્યારે એના અનેક કાવ્યો હું હાવતા ચાલતા, વાટે ને ઘાટે લલકાર્યા કરતો વગડે વગડે હું અને મારા પ્રેમબધા દીક્ષિત મિત્રો એના કેકારવનું પારાયણ કરતા આજે એ મિત્રો નથી હવે સ્મરણશક્તિ પણ એટલી તીવ્ર નથી રહી છતા એની કેટલી યે પંક્તિઓ હું સહેજે યાદ કરી શકું છું: એમાંથી ઝરતા રસનું પાન કરી શકું છું

ઉત્તર ગુજરાતના જે ભાગમા મારૂ ગામ છે ત્યા જંગલ નથી, ગીચ ઝાડી યે નથી વરસાદ આવે તે આઠોપાછો ધૂળ પથારામા પૂરતો જ. અમારા ગામનો બગીચો એટલે જૈનોના દેરાસરની ૬ કે જ જીવતા અન્ધાપરધા સુકાઓલા આરધો ડઝન કરેણના છોડ' એટલે બીજ વગ્નનો થયો ત્યાનુધી આગીઓ એ મારે મન 'ક્વિ વુત્તાક્રી દુમ' જેવો ઘાટ હતો. એથી જ કલાપીના 'એક આગી આને' કાવ્યને વાચીને હું મુગ્ધ થઇ જતો બગીચાના પર્ણકુટોમા ચળકતી આગીઆની પાખ, ઉન્મેષાયણમા એ તેજની ઉપયોગિતા, ધનથી ગ્રહણ અને ધુમમથી મેલા ન થવાની એની શક્તિ, વગેરે વગેરે વાચીને કાવ્ય વસ્તુના યથાર્થ વર્ણન માટે કવિ પ્રત્યે ની મારી શ્રદ્ધા શતગુણ વધી જતી એમા યે જ્યારે કોઇ પાતળી તેજોમુગ્ધ કન્યાને આગીઆની ચળકતી પાખ વડે ભાગદેશને અલકૃત કરતી અગર અન્ય દયાની દેવીને, પાખ પરની ચળકતી રજ જાયના સ્પર્શનાત્રથી ખરી પડવાની બીકથી દૂર રહેતી, હું કલ્પનાબળે અવલોકતો ત્યારે મારા મોમાથી ઉદ્‌ગાર નીકળતા કે 'વાહવાહ, કવિ થઇ ગયા પુરુષ' તેં પણ કમાલ કરી છે!'

આ શ્રદ્ધાયજ્ઞ કેટલાયે વરસ ચાલ્યો સૌ પહેલા એમા પથરો પડ્યો મુબાઇમા વકીલ થવા હું ત્યા ગયો ત્યારે ઘાટકોપરમા મેં પહેલવહેલો આગીઓ જોયો અમારૂ ઘર ગામને ગોદરે, ગિરિમાલાની અડોઅડ હતું સધ્યાકાળ થાય અને વાતાવરણ આગીઆની શીત પ્રભાથી ઝળહળી ઊઠે એક બે નહિ, પાચ પચીસ નહિ, પણ સેંકડો—અસખ્ય કવચિત ઊડતા ઊડતા અમારા ઘરમા આવે હું વાચતો બેઠો હોઉં ત્યા ચોપડી પર આવીને બેસે ત્યારે જ જણાયુ કે આગીઓ તે આ અને આવો ત્યારે સમજ્યા કે, સુગ્ગુરો' તમે પણ 'છાની' છે' હોય આ ભ્રામક કવિકલ્પનાઓ, વસ્તુના યથાર્થ દર્શન કરતા અયથાર્થ કલ્પનાચિત્ર ઘણી વખત વધુ આહ્લાદક બને છે

આગીઓ આપણા ભારતવર્ષમા નામથી તો ઘેર ઘેર જાણીતો છે, પણ એના પ્રત્યક્ષ દર્શનનો લાભ બધાને નથી મળતો સર્વત્ર જોવામાળી ભીની હવાવાળો, ઘીચ ઝાડપાનવાળો પ્રદેશ આગીઆને રહેવા જોઇએ એથી સૂકા રણ કે વૃક્ષહીન સપાટ પ્રદેશમા એ જોવામા નથી આવતો આવે તો તે મા ચોમાસાના દિવસો પૂરતો જ

મનુષ્યના સ્વાસ્થ્યની રક્ષાનો ભાર જેમ મ્યુનિસિપાલિટી ઉપર છે, પશુઓમા ભંગીનું કર્મ જેમ ઝરખ અને પક્ષીઓમા ગીધ કરે છે તેવી જ રીતે સમગ્ર જંતુસમાજમા પણ ભંગીનું કર્તવ્ય બજાવનાર એક વર્ગ છે એનું શાસ્ત્રીય નામ Coleoptera[1], અંગ્રેજી

---

૧ આ વર્ગની ૮૦,૦૦૦ જાતો તો નામથી જાણીતી છે' અને બીજી અજ્ઞાતનામા જાતો મળીને કુલ સંખ્યા બેકાઇ લાખ થાય! જંતુસૃષ્ટિના અનેક વર્ગોમાના આ એક જ વર્ગના પ્રાણીની સખ્યા, સમગ્ર પક્ષિસૃષ્ટિથી દસગણી અને મેરૂદંડવાળાં

નામ Beetles: આપણાં તમરાં, ગોકળગાય, માગાની ગાય, ધનેરાં વગેરેનો વર્ગ. આગીઓ પણ આ જ વર્ગનો જંતુ છે. એનું અંગ્રેજી નામ Glow-worm-પ્રભાકીટ.

સૃષ્ટિમાં જેના શરીરમાંથી આપબળે અખંડ તેજોધારા વહેતી હોય એવા, આગીઓ સિવાય બીજા કોઈ જંતુ હોય તો તે Fire flies. આપણા ભારત વર્ષમાં એ થતા નથી.[૨] (માછલીની વાત જૂદી છે)

'બીટલ' જંતુઓનું જીવનકર્તવ્ય ભંગીકર્મમાં પર્યાપ્ત થયું છે. કુદરતમાં પશુપંખી, ઇતર જંતુઓ વગેરેનો કચરો, મૃત દેહ આદિ સ્વાહા કરી જવાનું એમને સોંપાયું છે. એ સિવાય બીજા ગુણવિશેષ—પતંગિયાની પ્રકાશપ્રિયતા, મધમાખનું ચાતુર્ય, કીડીનો કણસંગ્રહ અને કરકસર, ઊધઈનું યૂથબળ કે ભમરીની સ્થાપત્યદક્ષતા 'બીટલ'માં નથી દેખાતા.

આગીઆની પણ આવી જ વાત છે. આખો દિવસ સૂકા કે કહોવાતાં પાન, ઘાસ કે ઝાડના મૂળ ઓથે જમીન પર ભરાઇ રહેવું અને રાત પડ્યે ઊડતાઊડતા આનંદ મેળવવો—આ વિના બીજું કંઈ એને આવડતું નથી. બીજા કેટલાક 'બીટલ'માં તો અદ્‌ભુત રૂપરંગ-જનિત શારીરિક લાવણ્ય પણ જોવામાં આવે છે.[૩] આગીઆમાં રૂપ નથી ને રંગે નથી. એનામાં કંઇ હોય તો એની દ્યુતિ: બાહ્ય આલંબન વિના સદ્દોદિત પ્રભામંડળ વહન કરવાની શક્તિ. આ એક જ ગુણ હેઠળ એની બીજી બધી ઉણપો ઢંકાઇ જાય છે. એના આ એક જ ગુણને લીધે સૌન્દર્યપૂજકોનો એ પ્રીતિભાજન બન્યો છે.

આગીઓ નાનામાં નાનો ધડું જેવડો. મોટામાં મોટા અરધા પોણા આંગળના થે જોવામાં આવે છે. બીજા જંતુઓની પેઠે એને પણ અવતારલીલા ભજવવી પડે છે. ઇંડામાંથી કીડો, પછી કોશેટો અને અંતે સંપૂર્ણ અવયવવાળો આગીઓ: આ ક્રમમાંથી એનાર્યા છૂટાતું નથી. એના કીડા માંસભક્ષક હોઈ, નાનાં છીપલાં, શંખલાં[૩] વગેરેમાં રહેતાં જલચરોને ખાઇને જીવે છે.

આગીઓ પોતે વનસ્પતિમાંથી પોષણ મેળવે છે. એને અનુકૂળ (કાતરવા અને ચાવવાને ક્રિયાક્ષમ[૪]) એનાં જડબાં ઘડાયાં છે.

એને જોનાં આંખ ફરતી નથી. રંગે ઘેરા ચળકતા બદામી કે આછા નારંગી રંગનો. શરીર ચપટું. માથું અને ધડ જુદાં દેખાય.

પાંખો ચાર: પણ ઊડવામાં તો માત્ર પાછળની બે જ કામ લાગે. આગલી બંને નકામી: જડ મૂકી શીંગડા જેવી કઠણ અને બરડ (Elytra). પાછળની પાંખો નાજુક, મુલાયમ. આગીઓ બેસે ત્યારે આ કોમળ પાંખોને પીઠ પર વાળી સંકેલી ગોઠવી દે છે. એના ઉપર આગલી બરડ પાંખો ઢાંકી દે છે. એ રીતે આગલી પાંખોના 'બખ્તર' હેઠળ પાછલી કોમળ પાંખો સુરક્ષિત રહે છે.[૫] આવી પાંખો કેટલીક જાતોમાં એકલા નરને જ હોય છે. માદાને સમૂળગી નથી હોતી.

પશુ પંખી[૬] કે જંતુ આદિના મનની વાત તો કોણ જાણે: એમને આવી મોહિનીની શી અસર થતી હશે એ તો કેમ કહી શકાય? પરંતુ જેના સૌન્દર્યથી અશેષ મનુષ્યજાતિ સદૈવ મુગ્ધ બની છે એ શીત,

---

(મત્સ્ય વર્ગ, સરીસૃપ વંશ, પક્ષી વર્ગ અને સ્તનપાયી વંશ) માણીઓ કરતાં જમણી કે તેથી યે વધારે છે!

૨ આગીઆનો વંશ Malac dermidae: એની જાત Lamprophorinae. 'ફાયર ફલાઈઝ'=Pyrophorinae: એનો વંશ Elaterinae.

૩ દા. ત. ઝોરડીના ઝાડ પર દેખાતાં ચળકતા ઘેરા લાલ, સોનેરી, લીલા, વાદળી શરીરવાળાં ખારેક જેવડાં 'બીટલ'.

૩ સવિશેષ Snails

૪ mandibulate.

૫ સમગ્ર જંતુઓમાં પાંખોની આ વિશેષતા માત્ર આગીઆના વર્ગના જંતુઓ (Beetles) ની જ છે એ વિશેષતાને લીધે એમને ઓળખવા રમતવાત છે. પાછલી નાજુક પાંખોને ઢાંકી દેતી આગલની બરડ પાંખો વાળીને પીઠ પર બેગી કરી હોય, તે વખતે એનો દેખાવ શહેરના દરવાજાનાં બંધ કમાડ જેવો લાગે છે: એ પાંખો બે બાજુ પથરાઈલી: એ બને બેગી થાય ત્યાં, બરડા વચ્ચોવચ ઊભો સીધો ચીરો. આ ઓળખી લેતાં સમજનારો કે આપણા ઘરમાં આથડતાં 'વંદા' આ 'બીટલ' વર્ગના જંતુ નથી, કારણ એમની આગલી પાંખો નરમ હોય છે

૬ એક એવી માન્યતા પ્રવર્તે છે કે, સૂઅરી એના બાળાનો ઉપરનો અંધારો ઓરડો અજવાળવા માટે, બીની માટીનાં નાનાં દેવ્રાં એ ખંડમાં મૂકી, એમાં આગીઆ ચોંટાડી રાખે છે જીવતાં તો અજવાળે, પણ મરી જતાં ત્યારે ય આગીઆ સૂઅરીનું ઘર અજવાળતા રહે

સૂઅરીના અસંખ્ય બાળાનું સૂક્ષ્મ અવલોકન કરનાર પક્ષિતત્ત્વવિશારદોનો અભિપ્રાય આ માન્યતાની વિરુદ્ધ છે.

આહ્લાદક અને મધુર પ્રભા આગીઆની પાંખોમાંથી નથી નીકળતી પતંગિયાની વિવિધરંગી રજથી વ્યાપ્ત પાંખો પેઠે, આગીઆની પાંખો પણ તેજના કણથી ભરડાએલી ગાત્રે ચળકે છે, સ્પર્શમાત્રથી એના પગના જ્યોતિઃ કણ ખરી પડે છે, એ કવિકલ્પના જેટલી ઉદાત્ત અને મનોહર છે તેટલી જ સત્યથી વેગળી છે

ધ્વાન્તમણિ આગીઆના પ્રકાશનું ઉદ્ગમ સ્થાન તો એનું 'પેટ' છે અનેકવિધ આહારસામગ્રીમાંથી ગળાઈ ગળાઈને પ્રકાશના ઉત્પાદક વિવિધ રસો એના પેટમાં વિશિષ્ટ સ્થાને એકત્રિત થાય છે આ રસો–પદાર્થોના રાસાયનિક સંસ્કારથી નિષ્પન્ન થતું તેજ પેટ પરના ભીંગડાઓ[૭] દ્વારા બહાર નીકળે છે એ ઋતુ ભેદે કે કાળક્રમે નથી ઓછું થતું નથી વધતું એકધારું યાવજ્જીવન એ જગતને અજવાળ્યે જ જાય છે એનો રંગ લીલોકે પીળો હોય છે એમાં દાહકતા નથી હોતી એનો સ્પર્શ શીતળ, આંખોને હરનારો છે કોઈ જાતના આગીઆનું તેજ ઝળહળતું તો કોઈનું મંદ હોય છે[૮]

આ તેજની શોભા અવર્ણ્ય છે શિયાળામાં અંધારી રાતે અનેક જ્યોતિર્મંડળથી વ્યાપ્ત નિર્મળ નીલાકાશની નિરુપમ શોભા નિહાળી આપણે મુગ્ધ થઈએ છીએ પણ વિશાળ વનરાજીના પાંદડે પાંદડે દીવા પ્રકટ્યા હોય તેવી, વિરાટ પુરુષની અનંત શિખાએ ઉતારાની આરતી જેવી નિશામણિ આગીઆની ચોમાસાના દિવસોની શોભા એનાથી રજ પણ ઊતરતી નથી બીજાંગીના હજારો દીપકોનો દાહક તેજોરાશિ પણ આગીઆના સૌમ્ય રૂપને ન પહોંચે પ્રકાશની અતિશયતા છતાં અદ્‌ભુત સૌંદર્યવાળા હોય એવા દૃશ્ય તો મેં બે જ જોયા છે એક વખત ચોમાસાની અંધારી રાતે ઘાટકોપરના પહાડ પરથી નીચે બીણમાં સળગી ઊઠેલો વૃક્ષરાજ, બીજી વખત દાવાનળથી ભાભળતા વામવનની સહસ્ર શિખાવાળી દીવીઓથી ઝળહળતો અર્બુદાચળ

પણ આવું તેજ આગીઆને શા કામનું? એને કયા અંધારી રાતે ચલાવીકુચાઓ કે જોરીઓગા રખડવું છે કે મશાલની જરૂર પડે? એ તો વંગલનો વાસી એનો આહાર ઘરઆગણે જ મળે બીજા ઘણા જે નિશાચર જંતુઓ છે એમાંના કોઈનો યે માર્ગ અજવાળવા આવું સાધન નથી છતાં એમનો જીવન વ્યવહાર અબાધ્યપણે નભ્યે જાય છે. તો પછી એકલા આગીઆ પ્રત્યે જ પ્રકૃતિનો આવો પક્ષપાત શા માટે?

આ વિકટ સમસ્યાનો ઉકેલ હજુ અધૂરો છે; છતાં એટલું તો નિર્વિવાદ છે કે આગીઆના તેજનો અને જાતીય આકર્ષણનો ગૂઢ સંબંધ છે જેમ કસ્તુરી મૃગનો નાભિગંધ, હાથીનો મદ, મયૂરનો ચિત્રકલાપ, કોકિલનો કુહૂ સ્વર, કુંજરની જલલીલા–તેમ જ રીતે આગીઆનો પ્રકાશ એના પ્રિયજનના આકર્ષણ અર્થે જ છે એથી જ એમનામાં માદા કરતાં નરની તેજસ્વિતા વધારે હોય છે

આગીઆની આ રમણીય કથાથી કોણ મુગ્ધ નહિ થાય? એના દેહમાંથી વહેતી શીતરશ્મિ બાહ્ય આલંબન વિના જગતને અજવાળતી અણખૂટ્યે વહી રહી છે આપણી કાયામાં આવી શક્તિ હોત તો આપણા રાજમાર્ગ, ઘરના આંગણા અને ઓરડા અજવાળી શકાત બુદ્ધિશાળી ગણાઈએ છતાં પણ આવા ક્ષુદ્ર કીટની નૈસર્ગિક શક્તિ આગળ આપણા સ્નાયુબળ, આપણું રૂપગૌરવ, આપણી કલ્પનાશક્તિ અને વિચારચાતુર્ય હણાયા છે. આપણી અસહાયતા વિનમ્ર ભાવે પોકારી ઊઠે છે કે, સ્વશક્તિએ જગતને અજવાળનારા બે જ એક ગગનતળના જ્યોતિર્મંડળ બીજો ભૂમિતળનો તું જ્યોતિરિંગણ–આગીઓ આકાશ-પથના યાત્રીઓ તો દૂર ને દૂર રહેનાર, અતિથિ જેવા આવે ને જાય તું અમારો કુટુંબીજન અમારા આંગણાની સંચારિણી દીપશિખા જેવો

'તું જાગજે તું ખેલજે તું પવનપત્રે ઝૂલજે'

ચનેચર

---

૭ આવા ભીંગડા નરમાં ૩ અને માદામાં ૨ હોય છે

૮ આગીઆ ભેગા કરી, મલમલની કોથળી કે શીશીમાં પૂરી તેના અજવાળે અભ્યાસ કરનારા ગરીબ વિદ્યાર્થીઓની વાતો આપણે સાંભળીએ છીએ કેવળ કુતૂહલવૃત્તિ સંતોષવા મેં પણ આ ક્રૂર પ્રયોગ કરી જોયો છે પણ આ દશામાં આગીઆ ઝાઝું જીવતા નથી

વિનુ અમારો પડોશી માત્ર ગજાના બળે જ પૈસા પેદા કરે છે

રમુ કોઈ જબરો ગવૈયો હશે!

વિનુ ના રે, લીવામ કરનારો છે!

અખાડો

જેમાં સુસંહત શરીરની ઝંખનાથી વ્યાયામની ઉપાસના કરનારા યુવાનો પરસ્પર અનુભવની આપલે કરે છે

નિરીક્ષક · હરિનારાયણ આચાર્ય

૯

દોઢ બે વરસથી આ વિભાગમાં પૂર્ણ મનુષ્યત્વ ઘડવાની વિવિધ દૃષ્ટિથી ચર્ચા થાય છે. એકને ઊંચા થવાનો ફાંમાંઓ જોઇએ છે; અન્યને લોકોત્તર શારીરિક વિકાસ સાધવાનો અભિલાષ છે. મારા ઉપર આવતા પત્રો વાંચીને કોઇને પણ જરૂર લાગે કે એ લખનારાઓમાં શરીરના ઘડતરની ઊંડી ભૂખ તો ઊંધડી છે. છતાં સમગ્ર શરીરવિકાસના પાયા રૂપ, 'સ્વાસ્થ્ય' તત્ત્વ વિષે ચર્ચા કરવાનું આજ સુધી કોઇને પણ સૂઝયું નથી, એ ઓછી નવાઈની વાત છે? કે પછી સ્વાસ્થ્ય વિષય જ એટલો સરળ લાગે છે કે પ્રત્યેક વ્યાયામ કરનારને એ આપોઆપ સમજાય છે અને એની ચર્ચા કરવાનું પ્રયોજન જ નથી રહેતું? જો આવું હોય તો એ ભૂલ છે. 'સ્વાસ્થ્ય' એટલો બધો સરળ વિષય નથી. સ્વાસ્થ્ય એટલે નિરામયતા નહિ. બે ટંક પેટ ભરીને જમી શકીએ એનું નામ સ્વાસ્થ્ય નથી. ઊંઘવામાં, દૈનિક વ્યવહાર નભાવવામાં, પ્રજોત્પત્તિ અનિયન્ત્રિતપણે કર્યે જવામાં જ સ્વાસ્થ્યનું સ્વારસ્ય નથી. એમા આ બધું ય છે: છતાં એથી અતિરિક્ત અન્ય અંશ પણ સ્વાસ્થ્યમા સમાયો છે. એ તત્ત્વ ન હોય તો 'સ્વાસ્થ્ય' સ્વાસ્થ્ય ન ગણાય. આ અધિકાંશ તે 'જીવનબળ'—*Vitality*.

આપણે એવી ઘણી વ્યક્તિઓ જોઇએ છીએ જે સવારથી સાંજ સુધી એકધારું વૈતરું બજાવ્યે કર્યે જાય છતાં એ શ્રમને અંતે તાજા ને તાજા જ દેખાય. એમની ચાલી 'જુવાની' શાશ્વત, ચિરકાળ, વર્ષો સુધી નભતી દેખાય છે; કોઇ પણ જાતના બાહ્ય આલંબન વિના, એમની એ શક્તિ કે ઉત્સાહનો ઓધ એવો ને એવો અણખૂટ દેખાય છે. આનું બરું કારણ એમનું જીવનબળ છે. શરીરના બધા ધર્મો સચવાતા હોય, આહારાદિની પૂરેપૂરી સુવિધા હોય, છતાં આ 'જીવનબળ' ઓછું પણ સંભવે. એટલે અંશે એ આહાર વગેરે બાહ્ય સાધનોથી પર છે. જેનામાં એનો અધિકતર અંશ હોય તેટલું એનું સ્વાસ્થ્ય પૂર્ણતર ગણાય. શરીરનો વિકાસ વજન કે માપથી માપી શકાય, પણ આ જીવનબળને માપવાનું કશું જ સાધન નથી. એટલે જ સ્થૂલ દૃષ્ટિએ સ્વાસ્થ્ય શબ્દથી એનો બોધ થવો શક્ય નથી. એનો તો અનુભવ જ હોઈ શકે. એ વિષે વિસ્તારથી હવેના હપતાઓમાં.

પ્રશ્નોત્તર

ભાઇ રતિલાલ શાહે વ્યાયામની સક્રિય આરાધના અને અધ્યાપનમાં સોળ વર્ષ જેટલો દીર્ઘ કાળ ગાળ્યો છે. આ ગાળામા એમણે અનુભવેલી મુંઝવણોના સારભૂત ૨૮ પ્રશ્નો પૂછ્યા છે. શરીરના ઘડતરની જેમને માથે ભારે જવાબદારી છે એવા, આજની નવીન વિચારસરણીએ ચાલતી શાળાઓના સંચાલકો આવી શોધકબુદ્ધિથી કામ કરે તો એમનો શ્રમ કેટલો બધો સફળ થાય!

ભાઇ રતિલાલની જિજ્ઞાસાવૃત્તિ પ્રશસ્ય છે. શરીરવિકાસના પ્રત્યેક અંગનો એમની પ્રશ્નપરંપરામાં સમાવેશ થયો છે. એ બધાની સર્વદેશીય ચર્ચા દ્વારા એમનું સમાધાન કરવા તો મારે વ્યાયામશાસ્ત્રનો ગ્રન્થ જ લખવો પડે. અહીં તો સ્થળસંકોચને લીધે પ્રત્યેક પ્રશ્નના મુદ્દાને માત્ર સ્પર્શ જ કરીને સંતોષ માનવો રહ્યો. જે પ્રશ્નો પાછલા અંકોમાં ચર્ચાઈ ગયા છે, તે લીધા નથી.

૬–૨. માલિશ માટે કઇ ઋતુ અને તેલ સારા? માલિશથી પેટની ચરબી ઘટે? દિક્ષા પડેલા શરીરવાળા માણસને તલના તેલનો માલિશ કરવાથી લોહી વધે છે એ સાચું?

શિયાળો અને સરસિયું.

ગુજરાતમાં માલિશ કરવાનો રિવાજ નથી પણ ઉત્તર હિન્દ અને સવિશેષ બંગાળમાં તૈલમર્દનનો મહિમા અપાર છે. રનાયુનો થાક ઉતારી, રક્તસંચારપૂર્વક શરીરમાં સ્ફૂર્તિ લાવવામાં મર્દન ખૂબ ઉપકારક છે. પરંતુ જેમ વ્યાયામના અન્ય વિષયોમાં બને છે તેમ તૈલમર્દનના પુરસ્કર્તાઓ પણ એની ઐકાન્તિક પ્રશંસા ગાઇ, તે દ્વારા લોકોત્તર પરિણામની જે વધારે પડતી

વાતો કરે છે તે સર્વાંશે સત્ય નથી. જેના શરીરની નિર્બળતા યોગ્ય પોષણના અભાવજન્ય છે, તેના સ્નાયુવૃદ્ધિ અને શક્તિસંચયના ઉપાય તરીકે તૈલમર્દનને આગળ ધરવું, એ વિવેકદૃષ્ટિની ખામી દર્શાવે છે. માલિશથી રક્તાભિસરણ થાય, સ્નાયુના ઘટક અણુઓમાં ભરાએલાં થાકનાં ઝેરી તત્ત્વોનો શુદ્ધ લોહીના પ્રવાહ દ્વારા નાશ કરી શકાય. પરંતુ આ લોહી લાવવું ક્યાંથી? લોહી તેમજ શરીરના અન્ય ધાતુઓનું ઉત્પાદક તો અન્ન-આહાર છે. એ આહાર (સ્થૂલ રૂપના કે સૂક્ષ્મ, concentrated રૂપના) નું સ્થાન લે એવો કોઇ પદાર્થ આજના વિજ્ઞાન જાણ્યું નથી. ઝીટલે તલનું તેલ મર્દનદ્વારા આવા આહારનું સ્થાન લઇ શકે, અર્થાત્ રક્તોત્પાદન અર્થે, અનુકૂળ અને આવશ્યક યોગ્ય આહારનો સદંતર અભાવ હોય છતા તલના તેલથી કેવળ મર્દન દ્વારા જ લોહી ઉત્પન્ન કરી શકાય, એમ કહેવું એ શરીરશાસ્ત્રના સિદ્ધાન્તાનુસાર નથી. ઘર્ષણથી રક્તાભિસરણ સરળ થવાને લીધે ત્વચામાં લાલાશ આવે તેમજ વધારાના મેદના ઘટાડો થાય, પણ તે નહિ જેવા જ.

૩. ચાલવા અને દોડવા સિવાય, બેઠાડુ માણસની પેટની વધી ગએલી ચરબીને જલદી ઘટાડવાનો બીજો કોઇ ઉપાય છે?

આનો અર્થ એવો થતો હોય કે વધી ગએલા મેદને ઉતારવા, શારીરિક શ્રમ ન કરવો પડે એવા સાધન કયાં તો હું કહું કે, બેઃ 'ક્રૂરમન સૉલ્ટ અને ચિંતા.' ચતુરાઇ ભલે ઘટે, પણ ચિંતા કરનાર દુબળો પડે છે એમ આપણે માનીએ છીએ ક્રૂરમન સૉલ્ટ બનાવનારા પણ ચરબીના રામબાણ ઉપાય તરીકે આ દવાને આગળ ધરે છે!

આ તો જરા વિનોદ થયો એને બાજુ રાખીએ તો આ પ્રશ્નનો અર્થ એ થાય કે, પેટનો મેદ ઘટાડવા માટે, સ્થૂલ સમય કે અનુકૂળતાના અભાવે ચાલવાનું અને દોડવાનું બને તેમ ન હોય તો શું કરવું?

મારી સલાહ છે કે એવા માણસોએ લાકડા ફાડવાનો કે મીટી ખોદવાનો મહાવરો રાખવો. આહારમાં ફેરફાર કરવો અને ખૂબ જ જરૂર જણાય તો કેવળ પાણી પીને થોડા ઉપવાસ ખેંચી કાઢવા. આ બધા ઉપાય પરસેવો ઉતારનારા અને કઠોર મનોબળ માગનારા છે. બાકી મેદ 'જલદી' ઘટે એવો કોઇ ઉપાય મારા અનુભવમાં કે જાણવામાં અગર વાચવામાં આવ્યો નથી.

અહીં એક વાત જણાવવી અસ્થાને નહિ ગણાય. મનુષ્યના શરીરમાં કેટલીક અછિદ્રા ગ્રન્થીઓ (ડકટલેસ ગ્લાન્ડઝ, દા.ત. પીનીઅલ, થાઇરૉઇડ, ઍડ્રીનલ, પિટ્યુિટરી, વગેરે) છે. એમના સ્વરૂપ અને વ્યવહારનું સંપૂર્ણ જ્ઞાન હજુ આધુનિક વિજ્ઞાન મેળવી શક્યું નથી. પણ એટલું તો અનુભવસિદ્ધ અને નિર્વિવાદ છે કે, આ ગ્રન્થીઓમાં ઉત્પન્ન થતા વિશિષ્ટ રસોનું લોહી સાથે મિશ્રણ થવાથી સ્વાસ્થ્ય અને શક્તિ ઉપર ખૂબ અસર થાય છે. એકાદ ગ્રન્થીના રસની ન્યૂનતા કે અધિકતાને યોગે શરીરમાં સારો ખોટો ફેરફાર થતો જોવામાં આવે છે. તેથી યોગ્ય પ્રસંગે દાક્તરો શરીરમાં આવી ગ્રન્થીઓના રસો દાખલ કરીને સ્વાસ્થ્ય પર કાબુ રાખી શકે છે. વધતા જતા મેદમાં પણ આવી ગ્રન્થીની (પિટ્યુિટરી) રસાધિકતાને કારણ માનવામાં આવે છે. જાડા થતા માણસમાં આ રસની ન્યૂનતા લાવવાથી તથા મેદવર્ધક આહાર ખાવા છતા પણ બીજી બધી રીતે સ્વસ્થ માણસ દુબળો રહેતો હોય તો તેનામાં આ રસની અધિકતા લાવવાથી ધાર્યું પરિણામ આવે છે. મને આવા પ્રયોગનો પ્રત્યક્ષ અનુભવ નથી.

બરી રીતે તો મેદ ઘટાડવાનું લક્ષ રાખવા કરતા આ મેદ સ્નાયુરૂપે પરિણત થાય એવો પરિશ્રમ કરવો ફલદાયી છે. કારણ મેદ ઘટવાથી તો શરીરનો કેવળ ભાર અને બેડોળપણું જ ઓછાં થાય છે. પણ પ્રચંડ શક્તિ કે સુન્દરતા પ્રાપ્ત થતાં નથી. એ લાવવા તો સ્નાયુવિકાસ જ કરવો રહ્યો. એથી, જો કેવળ મેદ ઓછો કરનારી વ્યાયામપ્રણાલિકામાં ધ્યાન પરોવી કાળક્ષેપ ન કરતાં કુસ્તી, વેઇટ લિફ્ટિંગ, જિમ્નૅસ્ટિકસ વગેરે જેવાં સાધનોનો આશ્રય લેવામાં આવે તો મેદ પણ જલદી ઘટે અને સાથે સાથે અપૂર્વ સ્નાયુવિકાસ તથા તજ્જન્ય શારીરિક સૌન્દર્ય પણ પ્રાપ્ત થાય. એક પથ ને દો કાજ.

૪ સ્ત્રીઓના શરીરનો પણ પુરુષોની માફક સ્નાયુબદ્ધ વિકાસ થાય ખરો?

સ્ત્રીઓના વ્યાયામની વાત પાછળ ચર્ચાઇ ગઇ છે. અહીં એટલું ઉમેરવાનું કે સ્ત્રી અને પુરુષના

સ્નાયુઓમાં ભેદ નથી. વ્યાયામથી બંનેનાં શરીર કેળવાય છે, પરંતુ પુરુષના શરીરના જેવી સ્નાયુઓની સ્પષ્ટ રેખાઓ (ક્રીન કટ લાઇન્સ) સ્ત્રીના શરીરમાં નહિ દેખાય એનું કારણ એ છે કે, સ્ત્રીના સ્નાયુઓ ઉપર ત્વચાની નીચે મેદનું જાડું પડ આવેલું છે; જે સામાન્ય રીતે પુરુષના શરીરમાં નથી હોતું. એટલે જ સ્ત્રીનાં બધાં અંગ ભરાવદાર હોવા છતાં ગોળ, ખાડા વિનાનાં, સરળ રેખાંકિત લાગે છે. પુરુષના શરીરમા મેદના આવા ભારે અસ્તરના અભાવને લીધે પ્રત્યેક સ્નાયુ ભિન્ન, સુરેખ અને છૂટો પ્રચંડ લાગે છે. મનુષ્યેતર પશુઓમા નર માદાના શરીરમાં આવો તફાવત ન હોવાથી બંને એકસરખા સ્નાયુવિકાસવાળાં દેખાય છે.

૭ એક બાજુ આપણા પહેલવાનો, અને બીજી તરફ સૅન્ડો જેવાનાં શરીર સૌન્દર્ય અને સ્નાયુવિકાસમાં આટલો બધો ફરક અને બેડોળપણું શાથી?

આની ચર્ચા પણ પાછળ થઈ ગઈ છે 'સ્નાયુ વિકાસ'નો અર્થ કેવળ 'મસ્કયુલર ડેવલપમેન્ટ' હોય તો આવો વિકાસ આપણા પહેલવાનોમાં સંપૂર્ણ પરાકાષ્ટાએ પહોંચેલો હોય છે. પણ જોનો અર્થ જો, 'સ્નાયુઓ પૂરા વિકસેલા હોવા છતા, એમનો પરસ્પર સુદર સમન્વય હોવા છતાં પ્રત્યેક સ્નાયુ અલગ અલગ દેખાય એની સુરેખતાવાળો હોવો જોઇએ' એવો કરીએ તો આપણા પહેલવાનો સૅન્ડો, ગીડ, ક્રસીન વગેરેની તોલે નહિ આવે. એનું કારણ આપણા પહેલવાનોનો કુસ્તીનો વ્યવસાય છે. એક તો સ્નાયુનો વૈયક્તિક વિકાસ કરવા કરતાં આખા શરીરની એકસાઈ કસીને શ્રમસહ તથા બલવત્ કરવા પૂરતો જ એમનો પરિશ્રમ હોય છે. બીજું, કુસ્તી કરનારનુ શરીર લગોલગ કઠોરપણે રગડાતું હોવાથી, એના સ્નાયુઓની સુરેખતા પૂરાઇ જઇ તેને સ્થાને ઘટ્ટપણું આવે છે. આવો ભરાવો થાય એ ઉપરાંત, સ્નાયુઓના અસામાન્ય ઘસારાને પહોંચી વળવા, એમના સંરક્ષણ અર્થે એમના ફરતું મેદનું ગાઢ આવરણ કુદરત ઢાંકી દે છે. એથી જ કુસ્તી કરનારનાં શરીર પ્રચંડ પ્રતિભાસંપન્ન અને દર્શનીય હોવા છતા ગોળમટોળ બનેલાં દેખાય છે. પશ્ચિમના દેશોમાં પણ જિમ્નિસ્ટો, આર્ચર્સ, કાર્મર ગર્લ્સ, ડ્રૂક ગોલ્ફ, રોવર, હેવીવેઇટ વગેરેના શરીર આવાં ગોળ ભરાવદાર જ છે.

કુસ્તી એ સર્વોત્કૃષ્ટ વ્યાયામ છે. એના અવલંબનથી પ્રચંડ ક્ષુધા અને રાક્ષસી પાચન શક્તિ કેળવાય છે. એને યોગે આવો વ્યવસાય કરનારનો આહાર પણ ભારે હોય છે. આહારજન્ય માંસરસમાંથી, જેટલો સ્નાયુઓના ઘડતરમાં વપરાય તેટલો તેમાં વાપરીને, બાકીનો રસ કુદરત પેટના સ્નાયુઓ પર મેદનું અસ્તર ઘડવામાં વાપરે છે કારણ આ સ્નાયુઓ પછવાડે શરીરનાં અતિ આવશ્યક અને અત્યંત કોમળ અંગ —જઠર, પિત્તાશય, જરોળ, આંતરડાં, મૂત્રાશય વગેરે —આવેલાં છે. કઠોર શરીર શ્રમ પ્રસંગે આ અંગોનું પૂરેપૂરું સંરક્ષણ થાય, એમને ધક્કો ન પહોંચે એ હેતુથી કુદરત, કેવળ પેટના સ્નાયુના પૂર્ણ વિકાસથી સંતોષ ન પામતાં આ સ્નાયુઓ પર મેદનું આવરણ રચે છે. આ પડ જેમ ભારે તેમ પેટ વધારે ફૂલેલું લાગે. આથી જ આપણા પહેલવાનોની ફાંદ મોટી હોય છે. આનું બીજું એક કારણ આહારાતિરેક છે. યુરોપીઅન પહેલવાનો પણ ફાંદવાળા તો હોય જ છે પણ એમની વ્યાયામ પદ્ધતિની વિશિષ્ટતાના કારણથી આ ફાંદ પર તેઓ બેડોળપણું કાબુ રાખી શકે છે.

કુસ્તી આવા અવગુણ(!)વાળી હોવા છતાં તેનાથી શરીરના એક વિશિષ્ટ સ્થાનનો જે વિકાસ સધાય છે, એવો વિકાસ, બીજી કોઈ પણ વ્યાયામ પદ્ધતિથી નથી સધાતો આ સ્થાન તે આપણા ગળાની અને ખભાની વચ્ચે, છાતી ઉપરની પાંસળી ઉપર જે છેક્લું આડું હાડકું (Clavicle) છે, તેની ઉપરનો ખાડો, બંને તરફનો. સૅન્ડોનું શરીર જુઓ, ગીડ કે ક્રસીન અગર આદેકો અને સ્ટાર્ઝનિયૉર્નનું જુઓ: બધાંના શરીરમાં આ ખાડા, અદ્‌ભુત સ્નાયુ વિકાસ હોવા છતાં, ભરાએલા નથી દેખાતા; જ્યારે પ્રત્યેક કુસ્તીબાજના શરીરમાં આ ભાગ પૂરાએલો સપાટ 'ગૂરજત્ર' છે. એટલી કુસ્તીની વિશેષતા.

૮ નિયમિત કસરત કરવા છતા ગેરફાયદાકારક માણસો ધાર્યું પરિણામ નથી મેળવી શકતા તેનું કારણ?

ઘણાં છે: યોગ્ય આહારનો અભાવ, શ્રમનો અતિરેક, ચિંતા, અયોગ્ય વ્યાયામપદ્ધતિ, આરામની અપૂર્ણતા વગેરે. કદાચ કોઇ વ્યાધિ પણ મૂળરૂપે રહી હોય. પાચનક્રિયા, રક્તોત્પત્તિ, રક્તાભિસરણ, મલોત્સર્ગ વગેરે શારીરિક ક્રિયાઓ—ફીઝીઑલૉજિકલ ફંક્શન્સ

શન્સ–બગણર ન થતા હોય ગ્રન્થીસ્રાવ અપૂર્ણ હોય તોપણ શરીર ન બંધાય.

૧૨ ગાયના ડાચા બેસી ગએલા યુવાનોના ગો પૂર્ણ ભરાવદાર બનાવવા માટે કોઇ કસરત કે ઉપાય છે?

આખું શરીર તંદુરસ્ત અને ઉત્કૃષ્ટ સ્નાયુ વિકાસવાળુ બનાવીએ કે ગાય આપોઆપ ભરાશે એકલા ગાયને ભરવાનો આગ્રહ શા માટે? વળી ગાયનો ભરાવો–આકાર–મોના હાડકાની રચના ઉપર પણ આધાર રાખે છે એટલે આખુ શરીર સંપૂર્ણ વિકસેલુ હોય છતા ગાય સહેજ બેસી ગએલા દેખાય એમ પણ બને વળી ચરણીના ભાચરા જેવાં નમાવા કૂવેલા શરીરવાળાના જેવા ભરાવદાર ગોળમટોળ ન હોય તો પણ હરકત શી?

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ વખતની હરીફાઇમા આવેલા ફોટોગ્રાફો પણ ગુણ પાત્ર ન હોવાથી કુલ એક ઇનામ સિવાયના બીજા ઇનામો મોકૂફ રાખવામાં આવ્યા છે ભાઈ જોમ બેસ પથરાવાળા (અમદાવાદ)ને 'રૂક્ષ રંગરેજ' ફોટોચિત્ર માટે બીજુ ઇનામ મળે છે કાર્યમા તલ્લીન રંગરેજનુ ફોટોચિત્ર આકર્ષક છે ચિત્રના છાયાવાળા ભાગોને એકસપોઝર બરાબર મળ્યુ હોત તો રંગાટીના આજુ બાજુના વાતાવરણ અને તેના સાધનોનો ઠળઠ્ઠ ખ્યાલ આપી શકાત અને તો જ આ ચિત્ર પાડયુ સાર્થક લેખાત

ભાઇ હસમુખ તોલાટ (મુ ાઇ)નુ ફોટોચિત્ર 'મુગા પ્રા ી' અને ભાઇ કાન્તિલાલ ગાયેચા (જૂનાગઢ)નુ ફોટોચિત્ર 'ઓર વાણી' બોધપાત્ર ઠર્યા છે બનેમા ડારથી બે ઉંચ કાપી નાખવા ની જરૂર છે ચિત્રના વિષય સારા છે પણ ટેકનિક હોવાથી જ તે ઇનામ મેળવી શ-યા નથી

ફોટોચિત્રોની શોધમા ઘણીવાર ઘર બહાર પણ રખડવુ પડે પરતુ ઘણા કલાકારોને વિષયવસ્તુ પાછળ ભટકવાનુ ગમતુ નથી તેમને ઘેર બેઠા 'સ્ટિલ લાઈફ' (પદાર્થચિત્ર) ફોટોગ્રાફી કરવાનુ સરળ અને આનંદદાયક બનશે રોજના વપરાશની ચીજો, ખાવાની વસ્તુઓ, વાસણો, શાકભાજી અને ફળ, રમકડા, વગેરે ચીજો એક યા વધારે લઇ અનુકૂળ છાયામકાશમા ગોઠવી, સુંદર સંયોજનની મદદથી ફોટોચિત્રો ઉપજાવી શકાય આવા અખતરા કરવાથી સંયોજનનુ જ્ઞાન વધશે, છાયા–પ્રકાશ પર કાબુ મેળવવાની ને તેની અવનવી રચના કરવાની તક મળશે, ફોટોગ્રાફી ી ઝડપનો અભ્યાસ થશે અને વળી આનંદ સાથે દરેક પ્રકારનો વિકાસ સધાશે.

મદ્રાસથી બહાર પડતા અંગ્રેજી દૈનિક 'હિન્દુ'ની સાપ્તાહિક આવૃત્તિએ, ફોટોગ્રાફીના જાણકારો માટે એક લીગ (સંઘ) સ્થાપવાનુ જાહેર કર્યું છે તેનો દરેક વાચક તેમા આવતી છાપેથી કૂપન ભરીને સભ્ય બની શકે છે સભ્યો માટે દરેક ગરીને ખાસ હરીફાઇ ગોઠવાશે અને તેમા સર્વોત્તમ ફોટો ચિત્રને રૂા ૨૦)નુ



ઇનામ આપશે વધુ વિગત માટે આર્ટ એડિટર, 'હિન્દુ', માઉન્ટ રોડ મદ્રાસ, એ સરનામે અંગ્રેજીમા પત્રવ્યવહાર કરવો

સંયુક્ત પ્રાંતની સરકારની મદદથી પમી ડિસેમ્બર ૧૯૩૬ થી ૪થી ફેબ્રુઆરી ૧૯૩૭ સુધી લખનૌમા એક મોટુ પ્રદર્શન ભરવામા આવ્યુ છે તેના ફોટોગ્રાફી વિભાગમાં આન્તરરાષ્ટ્રીય ફોટોગ્રાફિક પ્રદર્શન ગોઠવાયુ છે દુનિયાના ૨૪ દેશોના ૧૯૪ નામાંકિત કલાકારોની ૧૧૬૪ કૃતિઓમાથી ખાસ ચૂંટીને કુલ ૩૦૩ ફોટોચિત્રો, પસંદ કરી તેમા રજુ કરવામા આવ્યા છે તેમા હિન્દીઓના ૮૩ ફોટોચિત્રો લેવાયા છે જેમા પાંચ ગુજરાતીઓ ી કૃતિઓને પણ સ્થાન મળ્યુ છે તે હર્ષની વાત છે

બલવન્ત ભટ્ટ

પંજાબ થઈને પેશાવર ઉપર

વિશાળ ભાલ, આછા-ભૂરા-રંગ પાછળથી પણ નિશ્ચયાત્મક બુદ્ધિનું તેજ ચમકાવતી આંખો અને વારેવારે મંદ મંદ કરતા ચહેરાવાળો એક પાતળિયો પણ મજબૂત જણાતો કુમાર એક દહાડો કુમાર કાર્યાલયમાં આવ્યો.

કવિતા (રચવા તેમજ તેમાં રાચવા) ના શોખીન એ ભાઈ દર બુધવારે રાત્રે કાર્યાલયમાં ભરાતા કાવ્યરસિકોના મંડળમાં તો અવારનવાર આવતા જ હતા; પણ આજ બપોરે એ એક નવો બુટ્ટો લઈને આવ્યા હતા,—સાઇકલ પર કાઠિયાવાડનો ૧૦૦૦ માઇલનો પ્રવાસ કરવાનો.

ઘણી વાતો કરી. શ્રી હરિનારાયણ આચાર્ય જેવા મિત્રોની સલાહસૂચનાઓ મેળવી, નકશા તૈયાર કર્યા અને ત્રણ સાથીદારો સાથે થોડા દિવસ પછી ઊપડ્યા.

એ વાતને મહીનાઓ થઈ ગયા. સાથીદારોને એક યા બીજ કારણે પ્રવાસ પડતો મૂકવો પડ્યો; પણ આ દૃઢનિશ્ચયી કુમારે તો અનેક નાનામોટાં સાહસો-મુશ્કેલીઓ છતાં તે સામોપાંગ પાર ઉતાર્યો.

એનું વિગતવાર વર્ણન નકશા વગેરે સાથે 'કુમાર'માં આપવાનો વિચાર અમલમાં મૂકતાં જરા ઢીલ થઈ ત્યાં તો ફરી, ગયા ઉનાળાની એક બપોરે, બીજી એક પ્રવાસની યોજના લઈને મલકતા મરકતા એ આવ્યા. આ વખતે પ્રવાસ મોટો હતોઃ અમદાવાદથી ઉત્તર માર્ગે કાશ્મીર, સરહદ પ્રાંતો, દિલ્હી વગેરે થઈ, ઉત્તર હિંદ ભમી, દસ હજાર માઇલ પૂરા કરવાનો.

સાથીદાર પણ આ વેળા એક જ હતા. એ ભાઈ શાન્તિલાલ તો છેક લાહોર સુધી સાથમાં રહેલા. પણ અચાનક એમને પાછા ફરવું પડ્યું (અને સંજોગવશાત્ ત્યારબાદ ઇન્ફ્લુએન્ઝાથી એમનું અવસાન થયું); પણ આમછે તો પૂર્વવત્ દૃઢ નિશ્ચયથી એ પ્રવાસ ખેડ્યે જ રાખ્યો.

દિલ્હીમાં સૂર્યગ્રહણનો કુરુક્ષેત્રનો વિખ્યાત મેળો જોઈ,પંજાબ થઈ તે સરહદ પ્રાંતો પર ગયા. એ ભાગનું એમના પ્રવાસપત્રોમાંનું વર્ણન આ નીચે આપ્યું છે. સિંધુ, અટક અને બાઈબર પ્રદેશનો ખ્યાલ આપતા એમના પાડેલા ફોટોગ્રાફો પણ સાથે છે.

પ્રવાસમાં જ, સીધી સાદી ભાષામાં તાત્કાલિક ઊર્મિઓથી લખેલાં એ વર્ણન પાછળ પણ વિચારના ચમકાર છે.

વર્ષાઋતુને કારણે એ પ્રવાસ અટકાવી એ ભાઈ નંદલાલ જોષી અહીં આવેલા તે હમણાં એ નાના પ્રવાસનું વર્ણન પુસ્તક રૂપે તૈયાર કરી રહ્યા છે તે પછી ફરી પાછા એ થોડા વખતમાં આગળ પ્રવાસ શરૂ કરવા ઉપડી જવાના છે


આ તો વાનગી જ માત્ર છે;—રસમય હકીકતોવાળું એ વિગતવાર વર્ણન, તક મળે તો, 'કુમાર'ના વાચકો આગળ ધરવા છે.

લાહોર

૬૯ દિવસ અમૃતસરમા રોકાઇ આજે છ દિવસથી લાહોર આવ્યો છું. છ દિવસમાં અમૃતસરની અનેક બાબુઓ જાણી. ગુજરાતમાં જે ગૌરવ અમદાવાદનું છે એનાથી યે વિશેષ ગૌરવ પંજાબમાં અમૃતસરનું છે. સૌથી મોટું ઔદ્યોગિક મથક. કાપડનો વ્યાપાર પુષ્કળ પ્રમાણમાં. શહેરના સાંકડા રસ્તા સારો યે દિવસ માણસોથી ઉભરાતા જ હોય. રેંકડીવાળા મજૂરોની 'બચ જાના' 'બચ જાઓ'ની ખૂબો પડતી જ હોય, એકાદ બે ટાંગા, રેંકડી કે સાયકલો એક બીજાં સાથે ભટકાઇને સાંકડા રસ્તા પર પરસ્પર ગાઢ અલિંગન દેતાં ફસાઇ પડ્યાં હોય, કે એકાદ બે ઘરવીરો રસ્તા પર જ જયુજુત્સુના દાવ અજમાવી રહ્યા હોય! આ રસ્તાઓ પર સાયકલ ચલાવવી એટલે આઇ. સી. એસ. ની પરીક્ષા પાસ કરવી.

બે દિવસ ગુજરાતી સમાજના મકાનમાં રહ્યો. ત્રીજે દિવસે મુંબાઇના એક ગુજરાતી ભાઇ તેમને ત્યાં જ આગ્રહ કરીને મને લઇ ગયા તેમનું મકાન જલીયાંવાલા બાગની બરાબર સામે જ હતું. રોજ સાંજે હું પંજાબી છોકરાં સાથે ત્યાં જ જતો. આત્યારે આ બાગ મ્યુનિસિપાલિટીના કબજામાં છે. આજુબાજુનાં મકાનોની દિવાલો પર ગોળીઓનાં નિશાન હજી પણ જોવામાં આવે છે; ને બગીચાની એક તરફ, જ્યાં હજારો સ્ત્રીપુરુષો કૂણી ગએલાં તે કૂવો પણ હજી ધ્યાન

એક સાઈકલ પ્રવાસ



પ્રવાસી ભાઈ નદલાલ જેટી

છે બગીચાની બરાબર વચ્ચે વ્યાખ્યાનો માટે બનેલું બ્યામપીર છે રોજ સાંજે બગીચામાં આમ તેમ ફરતા સ્ત્રી પુરુષોના ટોળા ફરતા આવે છે

અમૃતસરના સુવર્ણ મંદિરની ભવ્યતા જગજાહેર છે રણજીતસિંહના વખતનો અહીંનો ગોવિંદગઢનો કિલ્લો પણ જોયો. હાલ ત્યાં લશ્કરી ચોકી બનાવી છે કિલ્લાના મુખ્ય ચોકીદાર સાથે દોસ્તી થતાં તેઓ આખા કિલ્લામાં ફરવા મજબુ જુદી જુદી લશ્કરી બૅરેકો જોઈ રેજીમેંટ, શીખ, પઠાણ, અફઘાન ને યુરોપિયન ટુકડી ઓના જુદા જુદા થાણા હતા માત્ર યુરોપિયન સિવાય બાકીની બધી ટુકડીનાં રહેવાણ જોવા મળ્યા આ લોકોના હૃદય જગતની સામાન્ય સપાટી પરથી બહુ જ દૂર હોય છે દુનિયા શું છે કે કેમ છે એની આ સીપાઇઓને જરા પણ માહિતી હોતી નથી બોળા પણ એકલા જ પઠાણના સ્ત્રી પુરુષો આપણા કરતા કુદરતી અને મોટે ભાગે ગરમની પરવા વિનાના લાગે છે. અવસ્ત્ર સ્નાન એ તો અહીં સામાન્ય દૃશ્ય છે એક પ્રૌઢા બાઇને જલંધર રસ્તા પર આવેલા કૂવા પર ફ્રેન્ચ બાથ લેતી દુ રોજ જોતો અંગાણી પર આવેલા બજારના બારણા ઉઘાડા રાખી વિના સંકોચે શૌચ કરતા નબીરાઓ અહીં સામાન્ય છે. બપોરે ઘરમાં અર્ધ વસ્ત્રોમાં ફરતી સ્ત્રીઓ પણ સામાન્ય અહીંયા ના માણસ આવે તો

નહેરોના સ્થાન પર પણ દિગંબર સ્નાન જ જણાય આ બધુ લખીને મારો બગદો પઠાણીઓને હલકા પાડવાનો જરા પણ નથી, માત્ર વિચાર માટે છે. અહીં પડતી સખ્ત ગરમીને આભારી આ બધી વસ્તુઓ હશે? અહીંના પોષાક બહુ જ આકર્ષક લાગે છે

રાવલપીંડી

લાહોર તો પઠાણી સંસ્કૃતિનું કેન્દ્ર રૂપાળું પણ એવું એના ઘણા લોકો દિલ્હી પારીસ ગણે છે જૂના શહેરમાના રસ્તાઓ કરતા બહારના રસ્તાઓ પહોળા ને સુંદર છે તેમાં યે The Mall Road તો સૌથી સુંદર મુખ્ય ડામરના રસ્તાની બન્ને બાજુ વૃક્ષોની કતારો તેની પછી સળંગ બગીચા જેવી હાર. બગીચાની બે હાર પછી પગે ચાલનારાઓ માટેના ડામર વગરના નાના રસ્તાને સૌથી છેડે મોટા પ્લૅટફૉર્મ પછી મધ્યમ ઉંચાઇ વાળા પણ સુંદર મકાનો બપોરે મોટે ભાગે આ રસ્તો ગાંડાકુલ બનેલો જ લાગે છે કોઇ ઑકલ દોકલ મોટર દોડતી જણાય પણ સાંજે તો એ ત્રીભવનના અનોખી જ બની જાય છે રંગીન ઝળહળતા વિજળીક અક્ષરો, ધમધમાટ દોડતી મોટરો, મોટર સાયકલો, એક હાથમાં હૅટ અને બીજા હાથમાં ગવર્નર પકડી છેલ્લી ફેશનના પોષાકમાં સજ્જ દોડયા જતા સાઇકલીસ્ટ યુવક યુવતીઓ, હાથમાં હાથ ભરાવી ધીમે કદમે ચાલતા દંપતી, નાના બાળકોને નાની ગાડીઓમાં ફેરવતા નોકરો, અને કૅન્ટોનમેન્ટમાંથી શહેરની રોનકમાં બે ઘડી લટાર મારવા નીકળેલા વાંકા ટોપીવાળા બ્રિટિશ સોલ્જરોથી માલ રોડ ભર્યો લાગે છે.

પેશાવર

મને બબર નથી પડતી કે લાહોરથી શરૂ કરેલો આ પત્ર સતત યે અપૂર્ણ જ કેમ રહે છે પેશાવર આવી ગયો છું

લાહોરનું મહત્વ ઐતિહાસિક દૃષ્ટિએ પણ ઓછું નથી પઠાણના સિદ્ધ મહારાજા રણજીતસિંહજીનું એ પાટનગર ત્યાં રણજીતસિંહની સમાધિ જોવા લાયક છે મોગલ બાદશાહો પણ લાહોરમાં લહેર

પંજાબ થઈને પેશાવર ઉપર

વિશાળ ભાલ, આછા-ભૂરા-રંગ પાછળથી પણ નિશ્ચયાત્મક બુદ્ધિનું તેજ ચમકાવતી આંખો અને વારેવારે મંદ મરક કરતા ચહેરાવાળો એક પાતળિયો પણ મજબૂત જણાતો કુમાર એક દહાડો કાર્યાલયમાં આવ્યો.

કવિતા (રચવા તેમજ તેમાં રાચવા) ના શોખીન એ ભાઇ દર બુધવારે રાત્રે કાર્યાલયમાં ભરાતાં કાવ્યરસિકોના મંડળમાં તો અવારનવાર આવતા જ હતા; પણ આજ બપોરે એ એક નવો બુટ્ટો લઇને આવ્યા હતા,—સાઇકલ પર કાઠિયાવાડનો ૧૨૦૦ માઇલનો પ્રવાસ કરવાનો.

ઘણી વાતો કરી શ્રી હરિનારાયણ આચાર્ય જેવા મિત્રોની સલાહસૂચનાઓ મેળવી, નકશા તૈયાર કર્યા અને ત્રણ સાથીદારો સાથે થોડા દિવસ પછી ઊપડ્યા.

એ વાતને મહીનાઓ થઈ ગયા સાથીદારોને એક યા બીજા કારણે પ્રવાસ પડતો મૂકવો પડ્યો; પણ આ દૃઢનિશ્ચયી કુમારે તો અનેક નાનામોટાં સાહસો-મુશ્કેલીઓ છતાં તે સાંગોપાંગ પાર ઉતાર્યો.

એનું વિગતવાર વર્ણન નકશા વગેરે સાથે 'કુમાર'માં આપવાનો વિચાર અમલમાં મૂકતાં જરા ઢીલ થઈ ત્યાં તો ફરી, ગયા ઉનાળાની એક બપોરે, બીજા એક પ્રવાસની યોજના લઇને મલકતા મોરકતા એ આવ્યા. આ વખતે પ્રવાસ મોટો હતો: અમદાવાદથી ઉત્તર ભાગે કાશ્મીર, સરહદ પ્રાંતો, દિલ્હી વગેરે થઇ, ઉત્તર હિંદ ભમી, દસ હજાર માઇલ પૂરા કરવાનો.

સાથીદાર પણ આ વેળા એક જ હતા. બે ભાઇ શાન્તિલાલ તો છેક લાંબે સુધી સાથમાં રહેલા. પણ અચાનક એમને પાછા ફરવું પડ્યું (અને સંજોગવશાત્ ત્યારબાદ ઇન્ફ્લુએન્ઝાથી એમનું અવસાન થયું); પણ આમણે તો પૂર્વવત્ દૃઢ નિશ્ચયથી એ પ્રવાસ બેડચે જ રાખ્યો.

દિલ્હીમાં સૂર્યગ્રહણનો કુરુક્ષેત્રનો વિખ્યાત મેળો જોઇ,પંજાબ થઇ તે સરહદ પ્રાંતો પર ગયા. એ ભાગનું એમના પ્રવાસપત્રોમાંનું વર્ણન આ નીચે આપ્યું છે. સિંધુ, અટક અને ખાઇબર પ્રદેશનો ખ્યાલ આપતા એમના પાડેલા ફોટોગ્રાફો પણ સાથે છે.

પ્રવાસમાં જ, સીધી સાદી ભાષામાં તાત્કાલિક ઊર્મિઓથી લખેલાં એ વર્ણન પાછળ પણ વિચારના ચમકાર છે.


વર્ષાઋતુને કારણે એ પ્રવાસ અટકાવી એ ભાઈ નંદલાલ જોષી અહીં આવેલા તે દરમ્યાન એ નાના પ્રવાસનું વર્ણન પુસ્તક રૂપે તૈયાર કરી રહ્યા છે. તે પછી ફરી પાછા એ થોડા વખતમાં આગળ પ્રવાસ રાજ કરવા ઉપડી જવાના છે.

આ તો વાનગી જ માત્ર છે;—રસભર હકીકતોવાળું એ વિગતવાર વર્ણન, તક મળે તો, 'કુમાર'ના વાચકો આસ્વાદ કરવા છે.

લાહોર

૬૯ દિવસ અમૃતસરમાં રોકાઇ આજે ૭ દિવસથી લાહોર આવ્યો છું. ૭ દિવસમાં અમૃતસરની અનેક બાજુઓ જાણી. ગુજરાતમાં જે ગૌરવ અમદાવાદનું છે એનાથી યે વિશેષ ગૌરવ પંજાબમાં અમૃતસરનું છે. સૌથી મોટું ઔદ્યોગિક મથક. કાપડનો વ્યાપાર પુષ્કળ પ્રમાણમાં. શહેરના સાંકડા રસ્તા સારો યે દિવસ માણસોથી ઉભરાતા જ હોય. રેંકડીવાળા મજૂરોની 'જય જતા' 'જય જગો'ની ખૂમો પડતી જ હોય, એકાદ બે ટાંગા, રેંકડી કે સાયકલો એક બીજાં સાથે ભટકાઇને સાંકડા રસ્તા પર પરસ્પર ગાઢ અલિંગન દેતાં ફસાઇ પડ્યાં હોય, કે એકાદ બે શરવીરો રસ્તા પર જ જયુજુત્સુના દાવ અજમાવી રહ્યા હોય! આ રસ્તાઓ પર સાયકલ ચલાવવી એટલે આઇ. સી. એસ. ની પરીક્ષા પાસ કરવી.

બે દિવસ ગુજરાતી સભાજના મકાનમાં રહ્યો. ત્રીજે દિવસે મુંબાઇના એક ગુજરાતી લાઇ તેમને ત્યાં જ આગ્રહ કરીને મને લઇ ગયા તેમનું મકાન જલીયાંવાલા બાગની બરાબર સામે જ હતું. રોજ સાંજે હું પંજાબી છોકરાં સાથે ત્યાં જ જતો. આજકાલ આ બાગ મ્યુનિસિપાલિટીના કબજામાં છે. આજુબાજુનાં મકાનોની દિવાલો પર ગોળીઓનાં નિશાન હજી પણ જોવામાં આવે છે; ને બગીચાની એક તરફ, જ્યાં હજારો સ્ત્રીપુરુષો કૂણી ગએલાં તે કૂવો પણ હજી સુધાત



[અનુસંધાન મારતક અંકના પૃ ૫ થી]

પ્રકરણ ૪ થું : ટૂંકાવાતા અક્ષરો

નોંધ:

(1) આ પ્રકરણથી લઘુલિપિના વિકાસક્રમમા એક નવો જ વિભાગ શરૂ થાય છે અગેની પદ્ધતિઓમા સામાન્ય રીતે આ વિભાગને Reporting Style કે બીજા કોઈ નામ નીચે પ્રાથમિક વિભાગથી જુદો પ્રસિદ્ધ કરવામા આવે છે, અને શાળાઓના અભ્યાસક્રમમા પણ આ વિભાગની પરીક્ષા જુદી જ લેવાય છે આપણે ત્યા પણ ધારાદારી લઘુલેખકો અને બીજા જેઓને અતિશય જવાબદારીનુ કામ કરવાનુ હોય તેમાને જ આ વિભાગનો અભ્યાસ કરવાની જરૂર રહેશે આ વિભાગમા આવનારા વસ્તુની મુખ્ય ખાસીયત એ છે કે તેમા યાદ રાખવા કરતા કલમ પર કાબૂ મેળવવાની વધારે જરૂર રહેશે અને તેથી અગાઉના પ્રકરણોમા આપેલી પદ્ધતિ પ્રમાણે લખવાનો મહાવરો થોડા માસ રાખ્યા પછી જો આ અભ્યાસ શરૂ કરવામાં આવે તો ઘણી સરળતા થશે (2) અગાઉના બધા પ્રકરણોમા ચર્ચેલી બાબતો સાદા તર્કથી સમજાય તેવી હતી કેમકે એમા ભાષાના બધા અનિવાર્ય અંગોને ટૂંકી સંજ્ઞાઓથી કેમ બતાવવા એ એક મુખ્ય હેતુ હતો આસપાસ આખી રચના થયેલી અને એમ કરવા માટે સામાન્ય વાચકવર્ગને પણ નજરે તરી આવતી હોય એવી ગુજરાતી ભાષાની કેટલીક દેખીતી ખાસીઅતોનો લાભ લેવાએલો પણ આ પ્રકરણથી લિપિ ભાષાના નેપથ્યમા પ્રવેશે છે, અને તેથી કોઈ કોઈ નિયમના ઘડતર પાછળનો તર્ક વાચકને પ્રથમ દર્શને નહિ સમજાય એ બધા માટે માત્ર એટલુ જાણવુ બસ થઈ પડશે કે લખેલું સમજવા માટે જરૂરના હોય એવા ભાષાના ગર્ભસ્થાનોને ગણોપેત રાખી, બાકીનુ લખ્યા વગર લખેલુ બતાવવાની કળાનો વિકાસ હવેથી સધાશે (3) અગિયારમા દિવસમા એક સાદી તર્ક રીતથી આ અર્થ સધાયો છે આપણે ઉતાવળથી બોલતી વખતે 'મ', 'ન', 'ર' તથા બીજા કેટલાક વ્યંજનોને, અને કોઈ કોઈ સ્વરોને, ઝડપીજનમા ગિળ કરી જેવો ઉચ્ચાર કરીએ છીએ તેમ જ લખવુ આમ Phonetic Spellingથી લખતા અનુસ્વાર, રેફ અને જોડાક્ષરો લખવાના ઘણા બચશે અને એને માટે કલમ પર સારો કાબૂ જન્મેલો હોઈશે પણ એટલા પૂરતા ઘણા જ વ્યંજનો લખવાના બચી જશે (4) બારમા દિવસના 'વ', 'શ', 'ચ', 'ન' એ ચાર વ્યંજનોથી શરૂ થતા ઘણા જ શબ્દોના પ્રથમાક્ષર લખ્યા વિના માત્ર તે ના સ્વરને ઓફસ રીતે લખવાથી જ, બતાવવાની નવી જ સ્વાભાવિક રચના થાય છે હવે પછીના પ્રકરણમા આવા 'ક', 'ગ', 'ધ', 'ણ' માટે પણ આવા જ નિયમો આવશે અને કોઇપણ શબ્દ કોશમા આ અક્ષરોથી શરૂ થતા શબ્દોએ રોકેલા પૃષ્ઠ જોવાથી જ આ નિયમોની ઉપયોગિતા પ્રતીત થશે પણ અહીં એ જાણવુ જોઇએ કે આવા શબ્દોનુ લખાણ સમયના થતા બચાવના જ આ નિયમોની ઉપયોગિતા પ્રતીત થશે પણ અહીં એ જાણવુ જોઇએ કે આવા શબ્દોનુ લખાણ સમયના થતા બચાવના પ્રમાણમા શક્તિનો ભોગ આગશે અટલે ઉદાહરણોમા આપેલા તથા તના જેવા બીજા ઘણા શબ્દો વારંવાર લખી તે ના ઉપર પૂરતા તાલીમ લેવાની ખાસ જરૂર છે (5) બારમા દિવસમા ખૂણો પાડીને આઠ સ્વરો લખવાની ચર્ચા આવે છે, તેમાથી ઋ સ્વર બાતલ છે કેમકે 'ઋ' સ્વાભાવિક જ એવો રીતે લખાય છે કે તેને ખૂણો પાડીને લખવાની બીજી કોઇ સ્થિતિ રાકય નથી વળી ૧૩ મા દિવસના છેડા 'ઇ' અને 'ઓ' લખવાની પણ ચર્ચા આવે છે આ સ્થિતિનો અહીં પહેલો જ પરિચય થતો હોવાથી નકશામા આપેલી છે એ મુજબ એ સંજ્ઞાઓ ઝડપે અને સ્પષ્ટ લખી શકાય ત્યા સુધી તેનો અભ્યાસ કરવો આવશ્યક છે

ટુંકાવાતા અક્ષરો

બોલતી વખતે થતી વિકૃતિઓથી ટુંકાણ:

- અસ્પષ્ટ બોલાતા 'મ' કે 'ન' ને બદલે અનુસ્વાર લખાય છે.
- અસ્પષ્ટ બોલાતા 'ર' ને બદલે રેફ લખાય છે.
- બોલતી વખતે જોડાઈ જતા સ્વરો કે વ્યંજનો બોલાતા હોય તેમ જોડાક્ષરોથી બતાવાય છે.


ઉદાહરણો:




આરામ ઈનામ કારકુન બારીક્ષ્ણ ધ્યાન

આદ્ય 'વ', 'શ', 'ચ', 'ન' લોપી ખૂણો પાડી લખાતા સ્વર:


વ + અકારાદિ સ્વર + વ્યંજનો:

વ + ઇકારાદિ સ્વર + વ્યંજનો: 

શ + અકારાદિ સ્વર + વ્યંજનો:

શ + ઇકારાદિ સ્વર + વ્યંજનો: 

ચ + ઇકારાદિ સ્વર + વ્યંજનો:

ન + ઈકારાદિ સ્વર + વ્યંજનો: 

ઉદાહરણો:

વિમલ વેદ શાસ્ત્ર શાન્તિ ચેતન અનિવાર્ય

અગિયારમો દિવસ : અસ્પષ્ટ બોલાતા અક્ષરો

નિયમો

[૬૮] શબ્દોમાં વચ્ચે અથવા અંતે આવતા 'મ' અને 'ન' સામાન્ય લિપિમાં આખા લખાતા હોવા છતાં બોલવામાં અસ્પષ્ટ રહેતા હોય, ત્યારે તેને અર્ધા ગણી તેને બદલે અગાઉના સ્વર ઉપર અનુસ્વાર મુકાય છે.

[૬૯] શબ્દોમા વચ્ચે 'ર' અસ્પષ્ટ બોલાતો હોય, ત્યારે તે અર્ધો હોય એમ રીતે લખાય છે

[૭૦] ઉપરના બને નિયમોનો એકીસાથે પ્રયોગ થાય ત્યારે અનુસ્વાર પહેલાં અને રેફ પછી વચાય છે

[૭૧] શબ્દની વચ્ચે આવેલા કોઇ બે વ્યંજનો ઉચ્ચાર કરતી વખતે જોડાઇ જતા હોય, અને એવી રીતે બની શકતો જોડાક્ષર 'પરિચિત' શ્રેણી માહેનો હોય, ત્યારે એ બે વ્યંજનોને બદલે એ જોડાક્ષર જ લખાય છે

[૭૨] શબ્દની વચ્ચે આવેલા 'ઇ' કે 'ઉ'નો ઉચ્ચાર કરતી વખતે પાછળ આવતા વિજાતીય સ્વર સાથે તેની સંધિ થઈ તે 'ય' કે 'વ' જેવા બોલાતા હોય, ત્યારે એવી રીતે ઉચ્ચાર કરતા વિકૃત થએલુ રૂપ જ જોડાક્ષરથી લખાય છે.

સૂચનાઓ

(૬૮) શબ્દની શરૂઆતમા આવતા 'મ' કે 'ન' ને આ નિયમ લાગુ પડી શકે, જો સ્પષ્ટ છે અને બોલાતા ઉતરતુ શબ્દોને અને આવતા 'મ' અને 'ન' જોડે ભાગે અસ્પષ્ટ બોલાતા હોવાથી એવા બધાને આ નિયમ ની રીતે બતાવી શકાશે અર્ધા 'બોલાતા' અનુનાસિકોને બદલે અનુસ્વાર લખવા સબંધે તો આગાઉ નિયમ ૧ મા કહેલુ જ છે અહીં એ નિયમ આવી બોલાતા અનુનાસિકોને લાગુ પાડવામા આવ્યો છે કેમકે બધુ લિપિમા સાભળ્યા પ્રમાણે જ લખાતું હોવાથી જોડી શબ્દકોશની નહિ પણ શબ્દના બાહ્ય સ્વરૂપની રહે છે અને એ દૃષ્ટિએ આખા લખાતા હોવા છતા અર્ધા બોલાતા બધા અક્ષરો લઘુલિપિ પૂરતા તો અર્ધા જેવા જ છે એમાના બધા બોલે જ આ નિયમ લાગુ પડે છે અને બાકીના માટે આ પછીના નિયમો છે

હવે નિયમની પરિભાષામા તો અર્ધા બોલાતા 'મ' કે 'ન'ને જ અનુસ્વાર ગણવાના છે પણ એ અર્ધા બોલાવાનું પ્રમાણ નક્કી થઇ શકતુ નથી અને બોજા વક્તા પ્રમાણમા તો ઘણાય 'મ' કે 'ન' અસ્પષ્ટ બોલાતા હોય છે જોઇએ વ્યવહારમા તો, લઘુ લેખકને આ અક્ષરો ટુકાવવાની કાંઇ પડતા, આ નિયમ ની મર્યાદા શબ્દ ની વચ્ચે કે અંતે આવતા લગભગ બધા 'મ' કે 'ન' સુધી વિસ્તરતી જશે

પણ એક વાત ધ્યાનમા રાખવાની રહે છે લઘુ લિપિમા અનુસ્વાર બતાવવા પૂર્વના સ્વરનો આશ્રય લેવા નો રહે છે અને જો એ સ્વર અ' હોય તો તે અમસ્તો ન લખાનો હોવા છતા અનુસ્વાર બતાવવા માટે તો ખાસ લખવો પડે છે જોઇએ 'મ' કે 'ન' લખવાની તકલીફ બચાવવા જતા એ ભારે લખાતો અ' કરવો પડે ત્યારે શ્રમ સરળો થઇ રહે છે માટે મ કે 'ન ની પૂર્વ 'અ સિવાયનો સ્વર આવતો હોય ત્યા જ આ નિયમનો પ્રયોગ લાભકર્તા થશે તેમ છતા કોઇ કોઇ વખત જોડી માથે બે ત્રણ વર્તુલાકૃતિ વ્યંજનો આવતા હોય, અને જોડાના 'મ' કે 'ન'ને બદલે અનુસ્વાર કરતા રેખાકર્મ સરળ જણાતું હોય, ત્યારે જોગ કરવા માટે 'અ' ખાસ લખવો પડતો હોય તો પણ આ નિયમ યોજી શકાય

વળી ઉદાહરણ તરીકેમા 'અનીતિ', 'ઇનામ', 'મહિનો' વગેરે શબ્દોમા આ નિયમનો જુદી જ રીતે પ્રયોગ થએલો જોવામા આવશે એવા શબ્દોમા જો કે 'મ' અને 'ન' અર્ધા બોલાતા નથી પણ એ અનુનાસિકનો ઉચ્ચાર પૂર્વના સ્વરમા મહાન્તિ પામતો તો સભળાય છે જ એટલે એ 'મ' અને 'ન' ને પૂર્વના સ્વરમા જ સમાવી દઈ, તેને લાગેલા સ્વર ક્રમ મુજબ લખાયા છે આવી રીતનો પ્રયોગ થઇ શકવા નો આધાર બોલાતી વખતે કેટલી સ્પષ્ટતા ઉપર છે અથવા તો 'ઇનામ' જેવા શબ્દોમા આગળ પાછળનો ભાગ ભારે લખવાનો હોય ત્યારે એવી રીતે વેગમા આવેલી કલમને બધુ ભારે લઘુ વધુ સુગમ પડે, એવા સજોગોમા પણ આ નિયમનો પ્રયોગ થઇ શકે

(૬૯) આ નિયમ પણ આગાઉના ની માફક પૂર્વે

આવી ગએલા નિયમ ૨૪ની સંસ્કાર પામેલી આવૃત્તિ છે. અને તેથી ઉપર 'મ' અને 'ન' સંબંધે જેટલું કહેલું છે તે બધું અહીં 'ર' પરત્વે લાગુ પડે છે; કેમકે બંને નિયમોની રચનામાં મૂળભૂત સિદ્ધાંત એક જ છે. ઉદાહરણોમાં 'ઈગદો' એ શબ્દ પૂર્વસ્વરમા સંક્રાન્ત થતા 'ર'નું ઉદાહરણ પૂરું પાડે છે.

(૭૦) આ નિયમ પ્રમાણે સ્વર અવળો અને ભારે લખાવો જોઇએ એ દેખીતું છે અને અક્ષરોના સ્વાભાવિક ક્રમ વિશે તો એટલું કહેવું બસ થશે કે સામાન્ય રીતે પણ 'ઋ' એ 'મૈં' કરતાં વાચવું વધુ સહેલું પડે છે. એટલે જ આ નિયમમા 'અનુનાસિક+રેફ' એ ક્રમમાં આવતા સંયોગ માટે જ અવળો લખેલો ભારે સ્વર નક્કી કર્યો છે. એથી ઉલટું 'રેફ+અનુનાસિક' એ ક્રમમા લખવાનો પ્રસંગ આવે ત્યારે નિયમ મુજબ રેફ લખી પછી અનુનાસિક આખો લખવો જોઇએ. કેમકે એવે પ્રસંગે એ પાછળનો અનુનાસિક બોલાતો પણ આખો જ હોય છે.

(૭૧) શબ્દની શરૂઆતના બે કે છેવટના બે વ્યંજનો આમ અરપટ્ટ બની બોલવામા ભાગ્યે જ જોડાતા હોય છે. એટલે બધા શબ્દમા કુલ ત્રણ વ્યંજનો આવતા હશે ત્યાં આ નિયમ લાગુ નહિ પડી શકે. કદાચ કોઇ છૂટાછવાયા ત્રિપદી શબ્દોમા છેવટના બે વ્યંજનો જોડાઇને બોલાતા હોય છે. પણ એવા શબ્દોમાં એ છેવટના વ્યંજનોની વાચન માટે ઘણી ઉપયોગિતા હોવાથી તેને આખા લખવા જ વધુ સલાહભર્યું છે.

એટલે આ નિયમનો ખાસ ઉપયોગ તોલાવા અને ખાસ કરીને ચાર વ્યંજનોવાળા શબ્દો ટુંકાવવા માટે છે. આવા ચતુષ્પદી શબ્દોમા બોલતી વખતે બધ્યે વ્યંજનના બે ટુકડા પડી જાય છે. અને એમાના પહેલા ટુકડાના અંત્ય વ્યંજનને માત્ર 'અ' સ્વર જ લાગેલો હોય ત્યારે બોલવામા તે બોપાઇ જાય છે. જેમકે 'બદગારા' એ શબ્દ બોલવામાં 'બદ્ગારા' એમ બોલાય છે, વગેરે. ચાર કરતાં વધારે વ્યંજનોવાળા શબ્દોમાં પણ આ નિયમ યોજી શકાય, પણ દરેક પછી આવનારા એક નિયમમાં એવા ઘણા શબ્દો સમાઈ જઇ શકે તેમ છે. તેથી અહીં ઉદાહરણોમાં એવા શબ્દો આપ્યા નથી.

આ નિયમ સંબંધે એક ખ્યાલ રાખવાની જરૂર છે. જોડાક્ષરોના પાઠમાં જણાવ્યું છે કે નિયમ ૩૦માં આપેલ 'પરિચિત' જોડાક્ષરોની યાદી સાથે વ્યવહારમાં ઘણી વખત છૂટ લઇ શકાય. પણ આ નિયમનો પ્રયોગ કરવાનો હોય ત્યારે તો એ યાદીમાં જણાવેલી મર્યાદા બહાર ન જ જઇ શકાય કેમકે વ્યવહારૂ બનેલા જોડાક્ષરોમાંના વ્યંજનોના સાન્નિધ્યમાં જેવી સ્થિરતા અને ચોક્કસતા આવી ગઇ હોય, એવી ચતુષ્પદી શબ્દો ના પાસે આવતા પદોમા ન હોઇ શકે. અને તેથી જોડાક્ષરોના અમર્યાદિત પ્રયોગથી ચતુષ્પદી શબ્દો બધા અરપટ્ટ બની જશે. તેમ છતાં લઘુલેખકને પોતાની ખાસ જરૂરીઆત પૂરતા શબ્દો આ મર્યાદાની બહાર ટુંકાવી યાદ રાખી લેવા હોય તો તેમ કરી શકાય.

(૭૨) ઉપર જેમ વ્યંજનોનું થયું તેમ, અહીં સ્વરો બોલાય તેમ લખવાના સામાન્ય નિયમનું પાલન થાય છે. બોલતી વખતે આવી રીતે વિકૃતિ પામતા સ્વરો માત્ર બે જ છે, 'ઇ' અને 'ઉ', અને એવી રીતે બોલાએલા વિકૃત રૂપોમાં આવતા અનુક્રમે 'ય' અને 'વ' લગભગ બધા વ્યંજનો સાથે 'પરિચિત' જોડાક્ષરો બનાવતા હોવાથી એટલા પૂરતો આ નિયમમા વિશેષ છૂટ રહે છે.

વળી 'ઇતિહાસ' એ શબ્દના લઘુલેખનમા આ નિયમનો જરા વધુ છૂટથી પ્રયોગ થએલો જણાશે. 'ઇ' જ્યારે સ્વરિત ન હોય ત્યારે લઘુલેખનમાં તેની અવગણના કરી શકાય. અને એનો લોપ થતાં પાસે આવતા બે સ્વરો સંધિ થઇ બોલાય છે તેમ જ લખાય પણ છે. એટલે તૈયાર રૂપ 'ઇત્યાસ' જેવું થાય છે.

ઉદાહરણો

(૧) [નિ. ૬૮: અરપટ્ટ બોલાતા 'મ' કે 'ન'ને બદલે અનુસ્વાર] અવસાન, આરામ, ઉદાસીન, ગામ, જ્ઞાન, ઠીકાન, દુકાન, ધ્યાન, પ્રધાન, પ્રાચીન, પ્રેમ, બમાન, માન, મુકામ, સુકાન, સ્થાન.

(૨) [નિ. ૬૮, ચારૂ: પૂર્વસ્વરમાં સંક્રાન્ત થતા 'મ' કે 'ન'] અનીતિ, ઉનાળ, જમીન, જોખમદાર, ધુમાડો, મહિનો, મોનીટર, સાન્નિધ્ય, સાગાન.


(૩) [નિ. ૬૯: અરપટ્ટ બોલાતા 'ર' ને બદલે રેફ] ઇસારો, કારકુન, કારભારી, ચોમેર, પ્રેરણા, મગદૂર.

(૪) [નિ. ૭૦: અનુસ્વાર અને રેફ એકી સાથે] સામર્થ્ય, સ્વીમર, હુન્નર.

(૫) [નિ. ૭૧: અરપટ્ટ બોલાતા વ્યંજનોને બદલે જોડાક્ષર] તાજીજ, બદમાશ.

(૬) [નિ. ૭૨: ઉચ્ચારમાં વિકૃત થતા સ્વરો] ઇતિહાસ, ખાસીયત, તબીયત

ઉદાહરણોનું લઘુલેખન



બારમો દિવસ : ખૂણો પાડી લખાતા આદ્ય સ્વરો

નિયમો

[૭૩] 'વ'થી શરૂ થતા શબ્દનો આદ્યક્ષર 'વ' લોપી તેના પછી આવતો સ્વર સરલાકૃતિ વ્યંજનોની પૂર્વે સવળે ખૂણે અને વર્તુલાકૃતિ વ્યંજનોની પૂર્વે અવળે ખૂણે લખાય છે.

[૭૪] 'શ'થી શરૂ થતા શબ્દનો આદ્યક્ષર 'શ' લોપી તેના પછી આવતો સ્વર સરલાકૃતિ વ્યંજનોની પૂર્વે અવળે ખૂણે અને વર્તુલાકૃતિ વ્યંજનોની પૂર્વે સવળે ખૂણે લખાય છે.

[૭૫] 'ચ'થી શરૂ થતા શબ્દમાં એ આદ્ય 'ચ' પછી 'ઇ' કે 'એ' સ્વર આવતા હોય ત્યારે તે 'ચ'નો લોપ કરી તેના પછી આવતો 'ઇ' કે 'એ' ઊડો અને નિ. ૭૩ની સ્થિતિમાં લખાય છે.

[૭૬] 'ન'થી શરૂ થતા શબ્દમાં એ આદ્ય 'ન' પછી 'ઇ' કે 'એ' સ્વર આવતા હોય ત્યારે તે 'ન'નો લોપ કરી તેના પછી આવતો 'ઇ' કે 'એ' ઊડો અને નિ. ૭૪ની સ્થિતિમાં લખાય છે.

સૂચનાઓ

(૭૩) ખૂણો પાડીને સ્વર લખવા વિષેનો સિદ્ધાંત અગાઉ નિયમ ૫૨–૫૫ મા પૂરેપૂરો સમજાવ્યો છે પણ આ પ્રકરણમા તેનો ખાસ ઉપયોગ આવતો હોવાથી, આ પ્રકરણના નકશામા નિયમવાર જરૂરીયાત મુજબ જુદા જુદા વ્યંજનો સાથે જુદા જુદા સ્વરોના જોડાણ ઉદાહરણ તરીકે આપેલા છે એટલે નિયમ ઉપરથી શીખવાને બદલે એ નકશા ઉપરથી પણ આ દિવસનું બધુ વસ્તુ શીખી શકાય તેમ છે ખ્યાલમા રહે કે જ્યા દૃષ્ટાંત પૂરતો 'આ' સ્વર આવ્યો હોય ત્યાં 'ઓ', 'ઉ' વગેરે પણ લાગી શકે. અને એ જ મુજબ 'ઇ' સ્વરને લાગુ પડતો નિયમ 'એ'ને પણ લાગુ પડે.

અહીં એ તો સહજ સમજાય એવું છે કે અહીં આપેલા ચારે નિયમો 'અ' સિવાયના સ્વરો માટે છે કેમકે વ્યંજનને લાગેલો 'અ' જુદો લખવાનો ન હોવાથી એમા આવી રીતની વ્યવસ્થા શકય કે જરૂરની નથી. વળી આદ્ય વ્યંજનોનો આ નિયમોથી લોપ થતો હોવાથી બધા સ્વરોનું સ્થાન એના પછી આવનારા વ્યંજન પરથી નક્કી થાય છે

હવે, અગાઉનો નિયમ ૫૫, ઉપરના ચારે નિયમો, તથા નકશામા જોતા માલૂમ પડશે કે સરલાકૃતિ વ્યંજનો સાથે જ્યારે સ્વર સવળે ખૂણે લખાય છે, ત્યારે એ જ અર્થમા, વર્તુલાકૃતિ વ્યંજનો સાથે અવળે ખૂણે લખાય છે. અને તેથી ઉલટું, સરલાકૃતિ વ્યંજનો સાથે તે અવળે ખૂણે લખાય છે, ત્યારે એ જ અર્થ બતાવવા, વર્તુલાકૃતિ વ્યંજનો સાથે સવળે ખૂણે લખાય છે આમ થવાનું કારણ સૂચના ૫૫ મા સમજાવ્યુ છે એટલે ખરૂ જોતા પ્રથમની, એટલે કે સરલાકૃતિ વ્યંજન સાથે સવળે ખૂણે અને વર્તુલાકૃતિ વ્યંજન સાથે અવળે ખૂણે સ્વર લખવાની, નિયમ ૭૩ મા વર્ણવેલી સ્થિતિને, 'ખૂણો પાડી લખાતા સ્વરોની સહજાવસ્થા' તરીકે ઓળખી શકાય અને એ જ મુજબ નિયમ ૭૪ મા જણાવેલી સ્થિતિને 'ખૂણો પાડી લખાતા સ્વરોની વિરોધાવસ્થા' એ નામ આપી શકાય. આમ આ દૃષ્ટિએ એ વસ્તુ સમજતા નિયમોની ભાષા અત્યંત સરળ થઇ જશે અને નકશામા 'આ' તથા 'ઇ' સ્વર લખી બતાવેલી રચના પણ આજ ક્રમે આપેલી હોવાથી તે જોતા નિયમો વધુ સ્પષ્ટ થશે.

(૭૪) આ નિયમ મુજબ સ્વરો લખવાની સ્થિતિને ઉપર જણાવ્યા પ્રમાણે એક જ સામાન્ય સંજ્ઞા 'ખૂણો પાડી લખાતા સ્વરોની વિરોધાવસ્થા'થી ઓળખી શકાય.

આ સામાન્ય સંજ્ઞા, એક સામાન્ય ખાસીઅતને આભારી છે. અને તે એ કે વ્યંજન સરલાકૃતિ હોય કે વર્તુલાકૃતિ, પણ સ્વર તેની સાથે એવી રીતે લખાય છે કે એ લખવામાં કલમની અચૂક પાછું ફરવું પડે, અને તેથી લખાણ પ્રયત્ન કર્યાને અરવાભાવિક ગતિવાળું જ લાગે. નકશામાં 'આ' અને 'એ' સ્વર આ રીતે લખી બતાવ્યા છે.

(૭૫) આ તથા આ પછીનો એ બે નિયમો માત્ર 'ઇ' અને 'ઓ' સ્વરો માટે જ છે કેમકે અકારાદિ સ્વરોના લેખનમાં અહીં આપેલી છે એ જાતની વિવિધતા શક્ય નથી. આ નિયમ પ્રમાણે સ્વર 'ઊંડા' લખવાના છે. એટલે કે એના સીધાં જતા પાખડા સામાન્ય રીતે હોય તેના કરતા બમણાં લાંબા કરવાનાં છે. આવી રીતે આ બંને સ્વરો ઊંડા કરવાથી જ ૭૩-૭૫ તથા ૭૪-૭૬ એ નિયમોની જોડીઓ જુદી પડે છે. એટલે જો સ્વરના એ ફદ તરફ ધ્યાન રહ્યું ન હોય તો 'ચ-ન' અને 'ન-શ' અરસપરસ બોટા વંચાવાનો ભય રહે છે. વળી એ પણ ખ્યાલમાં રાખવાનું છે કે 'ઇ' અને 'ઓ' ને ઊંડા લખવાનો આ એક જ પ્રસંગ છે. એટલે જો એ બરાબર લખાયા હોય તો 'ચ' અને 'ન' વગર વિલંબે વાંચી શકાય છે. વાચન વખતે ઉપરની બધી સૂચનાઓ ઉપયોગી થશે.

(૭૬) આ નિયમ પ્રમાણે 'નિ', 'ની' અને 'ને' જુદી જ રીતે લખવાની શક્યતા નજરે પડે છે. પણ અગાઉ ઉપસર્ગોના પ્રકરણમા 'નિ' ઉપસર્ગ માટે ખાસ સંજ્ઞા આપેલી છે, અને એ સંજ્ઞાનો ઉપયોગ થયો હોય એવા ઉદાહરણો પણ આપ્યાં છે. એ પુનરાવર્તનનું કારણ સમજવાની જરૂર છે. 'નિ' બતાવવા માટે એ ઉપસર્ગની સંજ્ઞાનો પ્રયોગ થાય એમાં નિયમ વિરુદ્ધ જો કે કંઈ નથી પણ આટલે વખ્યા પછી હવે એ સંજ્ઞાને માત્ર 'નિઃ' 'નિર્' 'નિસ્' એ ઉપસર્ગો માટે જ અલાયદી રાખવામાં આવે, અને સાદો 'નિ' લખવાનો હોય ત્યાં આ નિયમ યોજવામા આવે તો વાચન ઘણું સરળ બનશે. આથી ૭ મા દિવસના ઉદાહરણ ૧ માંના જે શબ્દોમાં માત્ર 'નિ' આવે છે તે બધા અહીં આ નિયમ પ્રમાણે ફરીથી લખી બતાવ્યા છે. તેમ છતાં 'નિ' માટે પણ ઉપર બતાવ્યા મુજબ ઉપસર્ગની સંજ્ઞા જરૂર હોય ત્યા ઉપયોગમા લેવાની છૂટ તો છે જ. એટલે સાથેનાં ઉદાહરણ ૫ માં માત્ર 'નિ' માટે પ્રસંગાનુસાર એ ઉપસર્ગની સંજ્ઞાનો પ્રયોગ થએલો જોઇ શકાશે. આમ આ એક અક્ષર માટે બે વૈકલ્પિક સ્થિતિ છે. લઘુલેખક પ્રસંગાનુસાર જે રીતે લખવામા વધુ સરળતા પડતી હોય તે રીતે લખી શકે એ જ એમા મુખ્ય હેતુ છે.

(૭૩-૭૬) આ ચારે નિયમો માત્ર આદ્યક્ષરને જ લાગુ પડે છે. પણ નિયમ ૪૨-૪૩ મુજબ ઉપસર્ગ લખ્યા પછી શબ્દનો બાકીનો ભાગ જુદા શબ્દ તરીકે તેની નીચે લખાય છે ત્યાં પણ, એ ભાગને શબ્દની શરૂઆતના અક્ષરને લાગુ પડતા નિયમો લાગતા હોવાથી, આ નિયમો ઉપયોગમાં આવી શકે. ઉદાહરણ ૫ માં એવી રીતે લખાએલા કેટલાક શબ્દો આપ્યા છે.

ઉદાહરણો

(૧) [નિ. ૭૩: આદ્ય 'વ' નો લોપ] વાસના, વાચો, વિકૃતિ, વિગ્રહ, વિચાર, વિજ્ઞાન, વિદ્વતા, વિદ્વાન, વિનાશ, વિધવા, વિનતિ, વિપ્લવ, વિભાગ, વિભૂતિ, વિરોધ, વિવાહ——વિશેષ, વિશ્વ, વિશ્વાસ, વિસ્તાર, વીજળી, વેચાણ, વેદના, વેપાર, વૈર.


(૨) [નિ. ૭૪: આદ્ય 'શ' નો લોપ] શાન્તિ, શાસન, શાસ્ત્ર, શાળા, શિક્ષણ, શિષ્ટ-શિષ્ય, શૈલી

(૩) [નિ. ૭૫: આદ્ય 'ચિ-ચી-ચે'] ચિત્ર, ચિત્રકાર, ચિઠ્ઠી, ચીજ, ચીનાઇ, ચેતન.

(૪) [નિ. ૭૬: આદ્ય 'નિ-ની-ને'] નિયમન, નિષેધ, નેતા

(૫) [નિ. ૭૩-૭૬: પ્રકીર્ણ શબ્દો] અનિવાર્ય, નિર્વાણ, નિવારણ, નિશાની, નિશાળ, વાર્તા, વિવિધ.

ઉદાહરણોનું લઘુલેખન



રામસંગ રજપૂત

ન. હ. દવે

તનતનની સુરવાળ અને પામા બની કેડિયુ પહેરી, માથે મજીનની પાઘડી બાંધી, હાથમા પિત્તળની કુડછીવાળી ડાગ લઈને રામ સગ રોજ મારા ઘર પાસેથી નીકળતો રામસગનનતનોકારડીઓરજપૂતહતો

રામસગના બાપદાદાએ દરબારમા નોકરી કરેલી, ને વેળા કવેળા દાઇ દુશ્મન સામે દરબારને માટે મરજીવા થઇ, તલવારો ખેંચી ઝાટકાની રગઝટ બોલાવીને માથા કૂન કરેલા દરબારે એમની કદર કરી માથા ઊગે એવી જમીન કાઢી આપેલી રામસગ એ લાખ વીઘાની જમીનમાથી છવાઇ ખાતો રામસગ દરબારી છવાઇદાર હતો

રામસગ દરબારી કામકાજ કરતો રાત્રે હાથમા ભાલો ને કમરે તનવાર લટકાવી દરબાર ની ડેાઢીએ ચોકી કરતો ને દિવસે બાવળો ઢાળી સૂઈ રહેતો જતા આવતા માણસો ઉપર નજર રાખતો ને ઇશારો કરતો રામ સગ દરબાન હતો



ગામ ઉપર ધાડ આવતું હોય ને રીડનો ચાદકો થાય ત્યારે રામસગના કવેરવા ઊભા થઇ જાય, અને સૌપહેલેા એ હાથ તલવાર લઇને મોખરે ઊભો રહે મરવાની એને બીક જ નહિ ને મોતથી ઓ ડરે પણ નહિ એવો રામસગ જબામર્દ હતો

નબળા સબળા ઉપર કોઇ હાથ ઉગામે એ રામ સગથી જોયુ જાય નહિ ભાગવાનો એ બેરૂ હતો, અને ઊછીની તકરાર લઇ માથા માટેના જોખમ ખેડતો એમ તો રામસગ ભાથી હતો.

રામસગના એતરમા માથાદીઠ મોન ઊભો હોય પણ એને ટોચો રાખવો ન પડે એના નામ માત્રથી જ લોકો ડરે, ભરવાડ એના એતરમા ઢોર પેસાડી મોલને રજ પહોચાડતા ડરે ને ભૂલેચૂકે કોઈ અજાણ્યો ગમમગ માણે બાબરે તો ગમમગ એને એક ઝાટકે પૂરો કરે, એવો તો જોગવર એ ની ડાગ પડી હોય તો યે રામ ગમી જાય ને કાઢ પકડે તો કાઢુ બડી જાય એવુ તો એનામા બળ રામસગ બહાદુર હતો

લગ્ન પ્રમગે જાન લઇ જવુ હોય તો ગમસગને સૌ સાથે તેડી જાય રામમગ દાન તનવાર બાધીને જાય ને જાનનુ રખોપુ કરે રામમગ જાનો વોળાવીઓ હતો

વાર તહેવારે રામસગ પગમા તોડા પહેરે, પુદડીઓ નાગા ઊંચી ગેડીના જોડા પહેરે, ચોરણાને ફૂમતા વાળુ નાડ નાખે ને આખમા સુરમો આજે આણદાર મૂછોને બળ દઇ ચડાવે અને માથા ના ઓળીઆ તો એવા નગમ ઓળે કે રૂપાળો દેખાય ગમમગ ભારે વરણાગીઓ

રામમગને ઘોડાનો તો બહુ જ શોખ માજ સવાર ઘોડે ચઢીને બજારે નીકળે સાજ પડે એટલે ઘોડુ સીમમા વહેતું કરે આખા ગામ ની સીમને આટો દઇ આવે ને મોન ની બબર કાઢી આવે કયા યે નુકસા થયુ



ડુંગર અને ઊંદર

ડુંગર કહે છે ઊંદરને, રે તારો કોણ વિશ્વાસ મને? તુ તો પામર જતુ દમણા ધુની નાખુ દેખ તને. ઊંદર બોલ્યો, કુગરજીભાઈ! ભલે મને જતુ કહેજો, પણ અતરમા આ આપલુ કહું છુ તે જાણી લેજો, લાખ કરોડો ઊંદરથી યે આપ અતીતે મોટા છો, પણ એ ઊંદર શક્તિ આગળ અહો! કેવડા ઝોટા છો પામર હું, તોયે પગવાળો, મન ફાવે ત્યા જાઉં ભમુ, ફરીફરીને ફરી ચકરડી ફાવે ત્યા સતાઉ રમુ નાનુ મરખુ મો આ માર બાપ કેરલુ એ તેર જો, દાણો ઝીણો અરે! એક પણ બાપ શકે ના તુ તો હો! તુ અહીંઆ ચોરચો મરવા, હુ તો ધુનો મેલ કરૂ, ઘાડ કરી હુ તાગ પોતા મારે રહેવા મહેલ કરૂ મોટો, મોટો હા, તુ મોટો કેવો મોટો! કેમ કહું? પામર જતુ ઊંદરને ના પહોચે એવો, એમ કહું? એવુ બોની પળમા ઊંદર ડુગર દેહે ગયો ગરી નિરધાર જોવો ધુધવાતો ડુગર ત્યા ઊભો થથરી

રમણલાલ બોની

હોય, ભેળા થયા હોય કે અછો પહોંચ્યો હોય તો દરબારમાં ખબર આપીને રાવ કરે. રામસંગ રાજનો રખોપીઓ હતો.

હોળીના દિવસો આવે ત્યારે રામસંગ નાળિયેર રમે. એક ઘાએ કોપરું તો એ રમતાં કાઢી નાખે, પણ ગમે તેટલું દૂર ફેંકવાની શરતમાં રામસંગને કોઈ ન પહોંચે. નાળિયેર ઝાલવાની એની એવી હથોટી કે ધાર્યો ઘા પડે, ને ભલભલાને એ હરાવે. રામસંગ જબરો કોડાબળિયો હતો.

દરબારનાં બાનગી કામકાજ પણ રામસંગ કરે. ગમે તેવા ઉતાવળના અને હાથોહાથ પહોંચાડવાના કાગળો રામસંગને સોંપાય; ને ગમે તેવી મુશ્કેલીઓ વચ્ચે પણ રામસંગ એ પહોંચાડે ત્યારે જ જંપે. માથે લીધેલા કામમાં એ માથું ભલે તો ય પાછો ન પડે. ગમે તેવી લાલચોમાં ફસાઈને એ વિશ્વાસઘાત તો કરે જ નહિ. રામસંગ દરબારનો વિશ્વાસુ કાસદ હતો.

દેહીમાં રોજ કાયરો ભેગો થાય અને બંધાણીઓ અફીણ ઘોળે ને કસુંબા પીએ, પણ રામસંગ એ બેમાંથી એ નહિ. ગમે તેટલા સગસગરા કે, કસુંબો નહિ તો રોગું આપવા પ્રયત્ન કરે, પણ રામસંગ ટેક ન છોડે; માત્ર ઠૂંગો કરે.

ને કોઈ દિવસ ઠૂંગો કરાવે પણ ખરો. એનું દિલ ઘણી વખત પોરસાતું ને બેચાર રૂપિયા ભાઈબંધો માટે ખરચતાં એનો જીવ સંકોચાતો નહિ; એટલે લોકો વારે વારે એની પાસે જ ઠૂંગાનું ખરચ કરાવે. એમ તો રામસંગ ઉદાર હતો. પણ બનાવીનો ભોળો એનું પાણી કરી જાય, એવો એ ભોળો તો નહોતો જ.

પૂરું પાંચ હાથ પડછંદ શરીર ને ભારાઉ ચહેરાવાળો રામસંગ પોતાની પાછળ આવળગોવળ મૂકી એક દિવસ ભોંગાણે કામ આવી ગયો. બાગસોકોને રામસંગની ખોટ બહુ સાલી, ને પાદરે એનો પાળીઓ થાપ્યો. એના વંશજો હજુ યે ત્યાં એની ખાંભીને સિંદૂર ચડાવી નાળિયેર વધેરે છે.

અમે ત્યાંથી નીકળીએ ત્યારે એ શરીર યાદ આવ્યા વગર રહેતો નથી. **મનુભાઈ જોધાણી**

નવાં પુસ્તકો

તુષાર લેખક–ઉમાકાન્ત, પ્રકાશક–મોહનલાલ ત્રીકમલાલ, મામાની પોળ વડોદરા, ૦–૨–૦; **નકો નગરીઓ યાને જૂની આંખે નવાં ચશ્માં**: લેખક–ઓલિયા બેસી, પ્રકાશક–કે રંજનની કંપની, બેડી ગેટ રાજકોટ, ૨–૮–૦; **આચારાંગસૂત્ર**: લેખક–સતબાલ, પ્રકાશક–લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી, શ્રી મહાવીર પ્રકાશન મંદિર, માણેકચોક, અમદાવાદ, ૧–૦–૦; **જીવનવિકાસ** [કેળવણીના અંગોની ચર્ચા]: લેખક–દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર, પ્રકાશક–નવજીવન પ્રકાશન મંદિર, ૮૦૦ પાના, ૨–૮–૦; **રમરણુસંહિતા**: લેખક–નરસિંહરાવ ભોળાનાથ, પ્રકાશક–શ્રી જમનાદાસની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨, ૧–૪–૦; **મનન અને મંતવ્યો**: લેખક–પ્રકાશક–રતનલાલ વિ ખાંડવાળા, વાડી ફળિયા ખાંડવાળાની શેરી, સુરત, ૦–૮–૦; **અગોળ અણિયલ ભાગ ૩–૪** લેખક–પ્રકાશક–હરિહર ભટ્ટ પ્રસ્થાન કાર્યાલય ખમાસા ચકલો, અમદાવાદ, ૦–૮–૦; **શાણી ભા. ૧–૨** લેખક હકાભાઈ ગિન યુસફ ભટ્ટચા, પ્રકાશક–વહશી સાહિત્ય કાર્યાલય રાદેર, ૦–૮–૦; **ઓતારાતી દીવાસોઃ** દત્તાત્રેય બા. કાલેલકર, ૦–૬–૦; **ગીતા પદાર્થ કોષ**: લેખક–મોહનદાસ કરમચંદ ગાંધી, પ્રકાશક–નવજીવન પ્રકાશન મંદિર ગાંધીરોડ અમદાવાદ ૦–૪–૦; **લાલ પડછાયા**: લેખક–સુદામો, પ્રકાશક–નવી દુનિયા કાર્યાલય, ગાંધીરોડ અમદાવાદ, ૦–૧૨–૦.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનાં પ્રકાશનો

મનોમુકુર (ગ્રંથ બીજો) શ્રી નરસિંહરાવ ભોળાનાથના એ જ નામના પહેલા ગ્રંથના પ્રકાશન પછી લખાએલાં અન્ય લખાણોનો સંગ્રહ, ૩૧૮ પાનાં, ૧–૦–૦; **મનુષ્યસ્વભાવ અને સામાજિક ક્રમ**: પ્રો. કૂશીના 'હ્યુમન નેચર એન્ડ સોશ્યલ ઑર્ડર' નામના અંગ્રેજી પુસ્તકનો અનુવાદ: કરનાર શ્રી વિનોદીની નીલકંઠ, ૩૧૨ પાનાં, ૧–૦–૦; **સુબોધકોપનિષદ**: સદાશિવ શાસ્ત્રી ભીડેના પુસ્તક ઉપરથી અનુવાદક શ્રી મણિલાલ છગનલાલ ભટ્ટ, પૃ. ૧૬૬, ૦–૮–૦; **મિરાતે અહમદી** (વૉ. ૨, ખં. ૪) એ ઉપયોગી ઐતિહાસિક ગ્રંથની અનુવાદમાળાનો આગળ ચલતો અનુવાદક: શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, ૧–૦–૦; **અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન** (ખંડ ૨ હુન્નર અને વિકાસ–ઈ. ૧૮૫૮ થી ૧૯૦૭) લેખક શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, ૧–૦–૦; **ગ્રંથ અને ગ્રંથકાર** (પુ ૭): સંપાદક–શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, ૧–૦–૦; **શાળાઓમાં સુતારીકળાનું શિક્ષણ**: અંબેશ્વરના વૉકેશનલ ટ્રેનિંગ સ્કૂલના પ્રિન્સિપાલ ગિ આઈ કમ્બ્રુ મૂળાએ લખેલી ઉપયોગી ચોપડી, અનેક આકૃતિઓ તથા ચિત્રો સાથે, ૦–૮–૦; **સ્ત્રોત્રો અને સ્તવાશ્રયઃ** લેખક શ્રી હરિદાસ રણછોડદાસ પરેખ, ૦–૪–૩; **પ્રબોધ પ્રકાશ** (બીજી આવૃત્તિ): સંપાદક શ્રી કેશવરામ કાશીરામ શાસ્ત્રી, ૦–૮–૦.



ચાબુકદેવો

આમે અમર યુદ્ધની અગનગાદીના ફોવસા,
તળે-ઉપર થૈ જતા ગણદપાવડે શૌર્યના;
દઈ ચમદ એકની સમય અતિમે અન્યને
બની ભસમમાત ભઠ્ઠી ભરજોબના રાખતા

—રમણિક અરાલવાળા

બ્રહ્મી વીર મહાબન્દુલા

* * * મહારાણા પ્રતાપનું નામ ભારતવાસીઓને જેવું પ્યારું અને ગર્વના વિષય રૂપ છે, તેવું જ એક નામ બ્રહ્મદેશના વાસીઓ પાસે પણ છે. એ દેશના નવસો વર્ષના ઇતિહાસમાં જેના સેનાપતિત્વનો જોડ જડવો મુશ્કેલ છે એવું એ નામ તે 'મહાબન્દુલા'.

એ નરપુંગવ ઈ. ૧૮૧૪ના પહેલા બ્રહ્મી વિગ્રહનો સેનાનાયક હતો. એની વીરતા, રણદક્ષતા અને કાર્યનિષ્ઠતાની બરાબરી બીજો કોઇ ભાગ્યે જ કરી શકે તો તે બીજા બ્રહ્મી વિગ્રહોનો સરદાર મયા-દ્યૂન જ. બન્દુલા સ્વભાવે જેટલો ગંભીર હતો તેટલો જ દૃઢાગ્રહી હતો. તેના વિચાર અને કાર્યપ્રણાલી અસાધારણ ન હતાં છતાં અજબ રીતે એ દ્વારા તે સફળતા મેળવી લેતો.

ઈ ૧૮૦૦ પછી આસામની દશા આંતરવિગ્રહોને લીધે બહુ શોચનીય બની ગઈ ૧૮૧૬ના આંતરવિગ્રહમાં ત્યાના મંત્રીનું મૃત્યુ થયું ને રાજા ચંદ્રકાન્તને ગાદી છોડવી પડી બ્રહ્મી રાજા બાજીદૉએ ૧૮૧૬-૨૧માં મહાબન્દુલા અને મહા બિલ્વાને આસામ પર આક્રમણ કરવા મોકલ્યા. આ પહેલું જ યુદ્ધ હતું છતાં મહાબન્દુલાએ બ્રહ્મદેશના મધ્ય પ્રદેશોમાંથી ધીરજ જાબલે ને પડાડોમાથી માર્ગ કરી યુદ્ધમા ત્યાની અપરિચિત જાતિઓ પર વિજય મેળવ્યો આસામ અનેમણિપુરનાં યુદ્ધોમાં મળેલા આ વિજયથી રાજા બાજીદૉ પોતાને મહાન શક્તિશાળી સમ્રાટ સમજવા લાગ્યો ખરી વાત તો એ હતી કે આંતરરાષ્ટ્રીય બાબતોઓથી તે તદ્દન બીનવાકેફ હતો ને તેનું જે ડોહાપણું જ્ઞાન હતું તે મુત્સદ્દીગીરી કે યદ્ધની વેપારીઓએ સમજાવેલી બાબો ખોટી ગયોથી આગળ જતું ન હતું

૧૮૨૩માં બન્દુલાને તેણે આજ્ઞા આપી કે આરાકાન જીતી તેણે ચટગાવ જણી આગળ વધવું અને એ રીતે બંગાળ વગેરે પર વિજય પ્રાપ્ત કરી, ત્યાના ગવર્નરને સુવર્ણશૃંખલાઓમાં જકડી તેની પાસે હાજર કરવો આ કાર્ય પાર પાડવામા પોતાની યોગ્યાયોગ્યતાનું ભાન બન્દુલાને હતું કે નહિ તે આપણે કહી ન શકીએ; એ તો એક આજ્ઞાકિત સેવક હતો ને આજ્ઞા મળતા ચાલી નીકળ્યો

આરાકાન તથા ચટગાવમા લગભગ બધા યુદ્ધોમા બન્દુલાને વિજય મળ્યો અંગ્રેજો અને ભારતીય સિપાહીઓ બન્દુલાની સેના સાથે પહાડી પ્રદેશોમા જોઇતો મુકાબલો ન કરી શકયા બ્રહ્મી સૈન્યની સંખ્યા તો માત્ર ૨૦૦૦ની જ હતી, પણ તેમની દૃઢ વીરતા આગળ અંગ્રેજોને સપ્ત ધાર ખમવી પડી. આ યુદ્ધોના વિગતવાર વિવરણથી આપણને તરત માલૂમ પડે છે કે અંગ્રેજ સેનાપતિઓ કરતાં મહાબન્દુલાનું કૌશલ્ય અધિક હતું

ચટગાવ જીતી બન્દુલા કલકત્તા ઊપડવાનો વિચાર કરવા લાગ્યો તેણે રામૂ ટાપુમાં આરામ માટે ધામા નાખ્યા એ જ અરસામા ઇંગ્લાની સરહદ પર પોતાની અસફળતા જોઇ બંગાળ સરકારે નવી ચાલબાજી રમી, જેનો બ્રહ્મીઓને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. એ ચાલબાજીનો સારાશ દરિયાઇમાર્ગે રંગૂન પર આક્રમણ કરવાનો હતો તેના પરિણામે બ્રહ્મદેશની બધી આશાઓ પર પાણી તો ફરી વળ્યું, સાથેસાથ તેના ઇતિહાસમા પણ જબરું પરિવર્તન આવી ગયું

રંગૂનીઓને આ ચાલબાજી દ્વારા સપ્ત શિકસ્ત આપી અંગ્રેજ સેનાએ છ માસ સુધી શહેરમા જ ધામા નાખ્યા દરમિયાનમા નાના નાના છમકલા થતા જ રહ્યાં બાજીદૉએ નવી સેના સાથે એક નવા સેનાપતિને મોકલ્યો. પણ તે યુદ્ધમાં ખપી ગયો કુશળ સેનાના થતા જતા નાશ અને રંગૂન,

ચડૂણા, નગરિસ ગપુ, ટૂવાય, મરગુઇ અને તનાસરમ જેવા હાથમંથી ચાલ્યા જતા પ્રદેશોએ છેવટે રાજા બાજીરાવની ઊંચ લડાઈ ને પોતાના પ્રયોગોની નિષ્ફળતા તેને માલૂમ પડી. તેણે પોતાના બે ભાઇઓને લશ્કર આપી મોકલ્યા. એકે રેતુવ્યૂ અને બીજાએ પીગૂમાં પડાવ નાખ્યો. બંને રીતે આ બંનેએ અલગ પડાવો નાખ્યા એ જ ભૂલ કરી કારણ શત્રુસૈન્ય તો અવિભાજિત રહેલું.

તે પછી રાજાએ બંગાળ પર ચઢાઇ કરવાને બદલે મહાબન્દુલા પર સીધા રંગૂન આવવાનો હુકમ કોઝ્યો. આજ્ઞાંકિત બન્દુલા તરત આવા તરફ પાછા ફર્યો. આરાકાનના દુર્ગમ પહાડો ને ગીચ જંગલો મુશળધાર વરસાદમાં સૈનાસહિત ઓળંગવાં એ જેવુંતેવું કામ ન હતું. નેપોલિયનનું આલ્પ્સનું ઓળંગવું પણ તેના પ્રમાણમાં કંઇ વિસાતમાં ન ગણાય. દેશભક્તિ,સ્વામીભક્તિ અને સંચાલકશક્તિભર્યો મહાબન્દુલા તરત રાજધાની આવા આવી પહોંચ્યો. ત્યાંની પ્રજાએ તેનો ખૂબ સત્કાર કર્યો. મહાબન્દુલાની આ યાત્રાની મરાસા લગભગ સઘળા જ ઇતિહાસકારોએ મુક્તકંઠે કરેલી છે. બેડા જ દિવસોમાં રંગૂનની વાયવ્યે પચાસ માઇલ પર આવેલા રેતુવ્યૂ માટે નવી સેના ને નવી યુદ્ધનૌકાઓ સાથે તેણે પ્રસ્થાન કર્યું.

રેતુવ્યૂ પહોંચતા જ બન્દુલાએ સારી સેનાનું પુનઃસંગઠન કર્યું અને બાકી સેના પોતાના એકમાત્ર અધિકાર નીચે આણી. અંગ્રેજ ઇતિહાસકારો તો એ સેના સાઠ હજારની સંખ્યાની જણાવે છે પણ તેમાં અતિશયોક્તિ હોવાનો પૂરો સંભવ છે. ગમે તેમ હો, પણ એમાં તો મુદ્દલ શંકા નથી કે બ્રહ્મદેશના ઇતિહાસમાં આ પહેલા કોઇ વખતે એટલી મોટી સૈનાનું સંગઠન નહોતું થયેલું.

૧૮૨૪ના નવેમ્બરના અંત લગભગ બન્દુલાએ સૈન્ય સહિત રંગૂન તરફ પ્રસ્થાન કર્યું. તેના વ્યક્તિત્વને ત્યારે જ આપણે સંપૂર્ણ સમજી શકીએ કે જ્યારે આપણે તેની સેના તદ્દન અશિક્ષિત હોવા છતા તેણે કેટલી કક્ષાએ તેને પહોંચાડેલી એ જાણવા પામીએ.

શત્રુસેનાને બ્રહ્મી સેનાની પ્રત્યેક હીલચાલની ખબર પહેલેથી જ પડી જતી હતી અને તેથી પંદર વીસ દિવસોમાં રંગૂનની આસપાસ બ્રહ્મીસેનાને કેટલી યે વાર હાર ખાવી પડી. છેવટ રંગૂનથી બચેલી સેના લઇ બન્દુલા રેતુવ્યૂ પહોંચ્યો. અંગ્રેજ સેના પણ જળ અને જમીનમાર્ગે ત્યાં પહોંચી. જળસેના જનરલ કૉટનના હાથ નીચે હતી. કૉટને પહેલાં તો નાના મોટા વિજયો પ્રાપ્ત કર્યા પણ રેતુવ્યૂમાં એને કપરો પરાજય મળ્યો. જમીન પરનું સૈન્ય કૅપ્બેલની સરદારી હેઠળ હતું તેને તરત રેતુવ્યૂ બોલાવી લેવામાં આવ્યું. રામી માર્ગે બધી અંગ્રેજ સેના એકત્ર થઇ ગઈ.

રેતુવ્યૂનો કિલ્લો દુર્ભેદ્ય ગણાતો. એનો મોરો તોતીંગ દિવાલનો બનેલો હતો ૧૫-૧૭ ફૂટ ઊંચી અને ૫૦૦-૮૦૦ ફૂટ પહોળી એ દિવાલ પાછળ બીજી ઇંટોની દિવાલ હતી અને તેની પાછળ ઊંડી ખાઇ હતી. બન્દુલાએ કિલ્લાના એ મોરચા પર મોરચો નાખ્યો. બેડા દિવસો સુધી સાધારણ લડાઇ ચાલી પણ પહેલી ગોળીબારની સાથે મહાબન્દુલા એક અધિનાયકને સૂચનાઓ આપી રહ્યો હતો ત્યાં જ એક રૉકેટ (હવાઈ બૉમ્બ) એ બ્રહ્મી વીરને લાગ્યો ને એ જ ક્ષણે એનો અંત આવી ગયો. એનો અગ્નિસંસ્કાર પણ એ જ સ્થળે કરવામાં આવ્યો. સૈનિકો કાબૂની બહાર ગયા ને નાસભાગ થઈ.રહી બ્રહ્મદેશની સહેજ ચડતી કળા પણ મહાવીર મહાબન્દુલાના અવસાનથી આગ ઓસરતપદે પહોંચી. જો તેનું અવસાન ન થયું હોત તો બ્રહ્મી વિગ્રહનું જે પરિણામ આવ્યું એ જ આવત કે કેમ એ એક શંકા હતી. બાજી સામે લડતા નીકળેલાં ચબિયાં કરતાં તેની સેનાની યોગ્યતા વધુ ન હતી. છતા એ બેટલી યોગ્યતાથી પણ તેણે જેટલું કામ કર્યું ને જે વીરગતિ મેળવી તે વીરગતિચાહિઓની સૂચિમા તેનું નામ કાયમ બેસાડે છે.

(વિશાલ ભારત) —મનમોહન વર્મા

ગુજરાત—પાંચ હજાર વર્ષ પૂર્વે

* * * કૃષ્ણની દ્વારિકાના પતન પછી સુરાષ્ટ્રની કાંઠે એક પરાઈ સંસ્કૃતિ ચડી બેઠી એ સંસ્કૃતિ તે આજકાલીકત (આર્ય બીજમ્) પાસે વિસોત્રી નાગ સંસ્કૃતિ પરંતુ આર્યોએ પોતાનું આધિપત્ય કાયમ કરતાં એ સંસ્કૃતિનો ધ્વંસ કેવી રીતે કર્યો એ પાંચ હજાર વર્ષ પૂર્વેનો કિસ્સો, ગુજરાતના એક અણનમ પુરાતત્ત્વવિદ્ શ્રી મણિલાલ દ્વિવેદીએ પોતાના 'પાંચ હજાર વર્ષ પૂર્વેનું ગુજરાત' નામના પુસ્તકમાં સપર્યો છે તેમાંથી અર્ક્ષ્ણ કર્યો છે. અર્જુનના પૌત્ર જનમેજયે આદરેલા સર્પ-હોત્રના રૂપકનું સાચુ રહસ્ય પણ કોણે સમજ્યું.

'પુરાણોમા આવતા સમુદ્ર મંથનના આખ્યાનમાં આર્યોના દરિયાઈ સરસાઇ અને વડપણ માટેના પ્રયાસો સિવાય બીજું કૈં જણાતું નથી હરિવંશમા આપણે જોઇએ છીએ કે વાસુકિનાં નેતરાં બનાવી જે સમુદ્રમંથન કરવામાં આવ્યું એ કાર્ય સૈકડો વર્ષ સુધી ચાલ્યું છે. એનો અર્થ એટલો જ છે કે સૈકડો વર્ષના એકધારા પ્રયાસો પછી આર્યો સમુદ્ર કે જળમાર્ગોનું આધિપત્ય મેળવવા ભાગ્યશાળી થયા અને નાગ-અસુરોના ઉપાસ્ય દેવ શિવને એ નતીય શક્તિના હ્રાસનો કડવો ઘૂંટડો ગળવો પડ્યો.આપણે આગળ જણાવી ગયા છીએ કે સાગરનું બાર એ ગુજરાતનો કિનારો હતો અર્થાત્ દેવાસુર સંગ્રામની એ ભૂમિ પણ ગુજરાતનો કિનારો જ હોવી જોઇએ એમ નિષ્પન્ન થાય છે.

આ રીતે નાગ-અસુરોની દરિયાઈ વડપણની શક્તિના મુકા વાસુકિ નાગ પછી થઇ ગયા. એ દુર્ધર્ષ યોદ્ધાએ જમાનાઓના ઘાવ ઝીલ્યા અને આર્યોના સંયુક્ત બળનો સામનો કર્યો, પણ આખરે ક્ષીણ થતી જતી શક્તિને લીધે પરાજિત થઈ આર્ય જતિના વિજય આગળ તેને ઝૂકવું પડ્યું.

જળ ઉપર આધિપત્ય ભોગવનાર વાસુકિની જેમ ભૂમિ પર અધિકાર ભોગવનાર નાગોનો છેલ્લો મહાપુરુષ તક્ષક જન્મ્યો છે. ઉન્નતિ-અવનતિના કાળચક્રમાં ભૂમિ પર કાબૂ ધરાવનાર નાગો પણ પરાસ્ત થયા અને જનમેજયે આરંભેલા સર્પસત્રમાં એ જાતિનો ઘોર વિનાશ થયો. આર્યજાતિના વિગળ ઇતિહાસમાં માનવસંહારની આવી હીચકારી નીતિનુ એક કલંકિત પાનું ઉમેરાયું આ સત્ર પણ દક્ષિણમાં જ મંડાયેલું.

પણ માનવ સ્વભાવ હમેશાં વીરપૂજનનો પક્ષપાતી રહ્યો છે નાગ જાતિના વિનાશમાંથી વાસુકિ, તક્ષક અને શેષની પૂજાઓ માનવજાતિએ પોતાના હૃદયમાં અંકિત કરી તેમની પ્રતિમાઓ સ્થાપી રાતા કે ભૂગર્ભ સાગરને તીરેથી ગૂર્જર, આકારા અને પૂરબીના દોતક તરીકે એ પ્રતીકને લઈ ગુજરાતને ઓવારે ઊતરેલી નાગજાતિનુ પ્રભુત્વ તો નષ્ટ થયુ, પણ તેને બદલે નાગજાતિની પ્રતિભાના પ્રતીક સમાં મંદિરો માનવસ્મૃતિએ ચણવા માંડ્યાં યમુના તીરે મથુરામાં કે વારાણસીના ગંગાઘાટે વાસુકિના મંદિરો બન્યા, શેષને નારાયણના સાથીઓ ઘોષાવ્યા અને કચ્છની ભૂમિમાં જાડેજાઓએ નાગ મંદિર બાંધી કરી તેની રથયાત્રા કાઢવા માંડી (કચ્છ, પાલણપુર અને ગોંડલકાઠા ગેઝેટિયર વૉ. ૫) નાગજાતિનુ પ્રભુત્વ નષ્ટ થયું, પણ પાંચ હજાર વર્ષ પૂર્વેની નાગપૂજનની ભાવના દેશવ્યાપી બની ગઈ

આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે જ્યારે પંચ-નદના પ્રદેશમાં વૈદિક ઋચાઓ ગવાતી હતી, જ્યારે 'હિરણ્યગર્ભ ઇષા'ના સુમધુર ગાનના ગુંજનો બ્રહ્માવર્તના પુણ્યક્ષેત્રમાં થતા હતા અને નૈમિષારણ્યના તપોવનમાં તત્ત્વચિંતનનાં અનુષ્ઠાનો યે જતા હતા મંડાયા તેના ઘણા કાળ પહેલાં ગુજરાતની ભૂમિ પર, સાબરમતી અને ભૂમધ્ય સાગરને કાંઠેથી પોતપોતાની સંસ્કૃતિના સરદાર થઇ, સાગર ખેડતી સાહસિક અને વિક્રમશીલ જાતિઓએ આવી પોતાના વિસામા કર્યા, પોતાની સંસ્કૃતિના બીજ રોપ્યા, ભૂમિને સમૃદ્ધ કરી તે સમૃદ્ધ થઇ અને મહાકાળના ધક્કાઓનો સામનો કરતા આખરે પરાસ્ત થઈ આર્ય જાતિઓ સાથે સંમિલિત થઇ ગઈ સરસ્વતીના જળપ્રવાહો લુપ્ત થયા અને તેની સાથે ગુજરાતની એ આસુરી શક્તિની ઓથાળીઓ પર કાળે પડદો ઓઢ્યો યુગ પર યુગ પસાર થતા પાંચ હજાર વર્ષના ઢાકણ એના પર ઢંકાયા છે એ ઢાકણો ખોલી ગુજરાતની પાક ઐતિહાસિક સમૃદ્ધિ અને વીર જાતિઓના સત્ય સ્વરૂપ ધરખમ રીતે રજુ કરવાનુ અને ગુજરાતના ભવ્ય ભૂતકાળનું દર્શન કરાવવાનું કાર્ય તો ગુર્જરાતના કોઇ સમર્થ સપૂતને છે આ તો દેવી ગુર્જરીને ચરણે ભક્તિની એક અંજલિ માત્ર છે'

એ અંજલિ ભરનાર શ્રી મણિભાઈ દ્વિવેદીને સાક્ષર શ્રી રમણલાલ દેસાઇ તેની પ્રસ્તાવનામાં આ રીતે ઓળખાવે છે.

'પાંચ હજાર વર્ષ પૂર્વનું ગુજરાત' એ નાનકડુ પુસ્તક ગુણભારથી ભરેલુ છે શ્રી મણિભાઇ શોધક છે, પુરાતત્ત્વવિદ્ છે, અને પોતાના સાધન અભ્યાસની યોગ્ય ચૂંટણી કરી ઇતિહાસને સ્પષ્ટ કરે એ તીવ્ર બુદ્ધિ અને લેખનશૈલી ધરાવે છે તેમણે પોતાના પર્યટનોનો બહુ સારો ઉપયોગ કરી દક્ષિણ ગુજરાતની સંસ્કૃતિને મૂર્ત સ્વરૂપ આપવા સફળ પ્રયત્ન કર્યો છે કાઠિયાવાડ અને ઉત્તર ગુજરાતની માફક દક્ષિણ ગુજરાત —નર્મદા અને તાપીનો મુખપ્રદેશ—ઐતિહાસિક દૃષ્ટિએ બહુ મહત્ત્વનો વિભાગ છે, એ માત્ર ચાલુક્યો કે રાષ્ટ્રકૂટોના જ નહિ, પરંતુ ઇસુની પહેલાના અવશેષો ઉપરથી પણ સાબિત થાય છે આ મહત્ત્વની વાત તરફ પુરાતત્ત્વવિદોનું ધ્યાન ખેંચાયું છે તે ધ્યાનને બળવાન બનાવે એવી ઉપયોગી માહિતી શ્રી મણિભાઇ આપણને આપી રહ્યા છે ગુજરાત સબંધી પ્રાચીન માહિતી એકત્ર કરી, જુની જુની સભાવનાઓની તુલના કરી, પોતે શોધેલી વસ્તુઓને સગવડતાની પુષ્ટિ કે વિરોધમાં નમ્રપણે રજુ કરી, ગુજરાતના પ્રાચીન કાળને તેમણે પ્રકાશિત કરવા સુદર પ્રયત્ન કર્યો છે, એટલું જ આ પુસ્તક માટે મારા સરખો layman—અભ્યાસશૂન્ય પ્રશંસક કહી શકે

ગુજરાતે આર્યાવર્તની સમૃદ્ધિ અને સત્કારમાં જ્યારે ફાળો આપ્યો જ નહોય એવી ભ્રમણા એક વખત પુરાતત્ત્વવેત્તાઓને થતી હતી શ્રી દ્વિવેદીના જેવા પ્રયાસો એ ભ્રમણાને દૂર કરવામાં સહાયભૂત થશે ગુજરાતના ઇતિહાસને પાંચ હજાર વર્ષ સુધી વળાવી આપનાર વિદ્વાનનો આ પ્રયાસ જેમ પ્રજાને ઉપયોગી છે તેમ ઇતિહાસકારોને પણ છે.

પતંગ ચગાવવાની કળા

* * * જોકે થોડી ખર્ચાળ પણ નિર્દોષ આ રમતનો શોખ કાઠિયાવાડ કરતા ગુજરાત તરફ વધારે છે અને ત્યાં એ માત્ર આનંદ માણવા માટેની રમત જ નથી પતંગ ચડાવનારા અને તે વડે બીજા પતંગો કાપનારામાં એક ચોક્કસ પ્રકારની કળા પણ રહેલી છે અને તેના નિપુણતા પ્રાપ્ત કરવી એ સહેલું નથી આ રીતે એ કળાનુ રસમય વર્ણન આપ્યુ છે.

પતંગની પૂર્ણ કળા તો પેચમાં જ રહેલી છે. એના મુખ્ય બે પ્રકાર ગણાય એક 'ખેંચાને' અને બીજો 'ઢીલ' છોડીને

ઢીલથી પેચ લેવાની રીત સૌથી સાદી અને સહેલી છે. પતંગ સહેજ ચઢાવી જાણનાર બાળકો પણ જો સમજે છે કે પેચ થાય તો દોરી જરા દેવી જોઇ કે ટોળેળાય પેચ જોવાની મઝા ઢીલ છોડવાના પેચમાં વધુ પડે છે છતાં યે આ જાતના પેચમાં હોશિયારી બતાવવાનો અવકાશ ખેંચવાના પેચ જેવો તો નથી જ. આ પેચને માટે પાવરો પતંગ અથવા તો જોઈએ ત્યારે પતંગની સ્વાભાવિક આવશ્યકતા હોય છે વળી દોરી પણ વધારે જોઇએ અને દોરી સરે તે માટે ફરતો પવન પણ જોઇએ ઢીલથી પેચ લેવા માટે ખાસ નિયમો નથી, પણ મારા અનુભવ પ્રમાણે નીચેથી પેચ લેવા એ જ સારૂ છે, કારણ કે તેમ કરવાથી પતંગ ઊંચો રહે છે, જ્યારે ઉપરથી પેચ લેનારનો

પતંગ લટકી પડે છે. વળી લંબાઈ પેચમાં આ બાબત ખાસ અગત્યની છે. પતંગ ટગમગતો જ રાખવો, જેથી હમેશાં ઢીલો રહે; ખોટકતો પતંગ નીચો નમતો જાય છે અને વળી દોરીને વળ ચડાવી બગાડે છે. પાછળના પતંગની તો કિન્નો ફુમાવવા જ પ્રયત્ન કરવો, જેથી તરત જ કાપી શકાય. કેટલીક વખત કેટલાક ઢીલમાં બને તેટલી જોરથી દોરી સરવા દે છે પણ એ હમેશાં અસરકારક નથી હોતું. પેચવાળા પતંગની દોરી હાથમાં હોય તો આપણને ધીસા પડે છે કે નહિ તે સમજી શકાય છે, એટલે ધીસાના પ્રમાણમાં જ દોરી સરવા દેવી. ઢીલના પેચમાં ખેંચવાના પેચ કરતાં વધારે ગેરફાયદા છે એ દેખીતું જ છે પેચ પછી પતંગ પર તમારો કાબુ તદ્દન ઓછો રહે છે દોરી છોડયા સિવાય તેની સાથે બાજુએ જ બીજું કંઇ થઇ શકે વળી એવામાં કોઇ વચ્ચેથી ખેંચી કાઢે તો યે તમે નાઇલાજ છે ઢીલ છોડનાર કેટલાક એમ માને છે કે ઉકસેલી તૈયાર દોરી રાખીએ તો ખેંચનાર ન જ ફાવે; પણ એ ભૂલ જ છે. ઘણાએ જોયું હશે કે ખૂબ દોરીમાં કપાતા જતા પતંગની દોરીના પણ બીજા પતંગથી બે ભાગ કરી શકાય છે, તો પછી હાથમાના પતંગનો તો શો ભાર?

અમદાવાદમાં હમણાં તો ખેંચીને પેચ લેવાની રીત જ ખૂબ પ્રચલિત જણાય છે અને ખરી રીતે હોંશિયારી વાપરવાનો અવકાશ પણ ખેંચવામાં જ રહેલો છે. પવનથી નીચેના પતંગો ખેંચવા વધારે અનુકૂળ પડે છે અને તેમાં યે ખાસ કરીને ઘેંશિયા સુંદર કામ આપે છે. ઘેંશિયાની વિશિષ્ટતા એ છે કે એને જ્યે તે દિશામાં સીધા જ મરડાવી શકાય છે, એટલું જ નહિ પણ તે બાજુએ જ લેટે છે. ખેંચનારાઓ પર, ઢીલ પક્ષનાઓ (ઢીલાઓ) દોરી બચાવવાની ચિંતુસાઇનો આક્ષેપ મૂકે છે, પણ એમ કઇ પેચ લેવાની સ્વતંત્રતા ઓછી જ એ લોકો ખૂંચવી શકશે?

કેટલીક વાર ગમે તેમ ખેંચીને પણ સામાનો પતંગ કાપી શકાય છે, પણ એ તો આકસ્મિક જ હોય છે, અને એમ એ કળામાં પાવરધા પણ ન થવાય. પેચનો મુખ્ય સિદ્ધાંત એ છે કે જેની દોરી વધારે સરે ને સામાનો પતંગ કાપી શકે દોરી તો ઢીલથી અને ખેંચીને બને રીતે સરી શકે; પણ ઢીલવાળાઓને પતંગના જોર પર આધાર રાખવો રહ્યો, જ્યારે ખેંચનારાઓને પોતાની ઝડપ—હસ્તા—પર. હવે પેચમાં એવું બને છે કે બે એક જણ ખેંચતા હોય તો ઢીલ છોડનારની દોરી સાધારણ રીતે સસ્તી હોય તે કરતાં વધુ સરે છે, કારણ ખેંચનાર પવનની સામી દિશામાં ખેંચે છે હવે જો ખેંચનાર એવી રીતે ખેંચે કે ઢીલ છોડનારની વધુપડતી દોરી ન સરે, એટલું જ નહિ પણ જરાપણ દોરી ન સરે અને કલતું પોતાના ધીસા તેના પર પડે, તો જરૂર સામાનો પતંગ કાપી શકાય; અને આવું બની શકે તેમ પણ છે. ધારો કે ૪૦ ફૂટ લાંબી આગાસી પરના બંને છેડા પરથી પૂર્વ બાજુ બે પતંગો ચડે છે અને બંનેનાં દોરી—પતંગો સરખા જ છે. હવે દક્ષિણના ખૂણા તરફથી ચડાવનાર વ્યક્તિને ખેંચવું હોય તો શું કરવું? એણે પોતાનો પતંગ નીચો રાખી, ઉત્તર તરફ મરડાવી, બને તો બીજાના છેક હાથમાંથી જ પેચ લેવા પ્રયત્ન કરવો અને પેચ થતાં સહેજ પહેલાં, સીધું ઉપર નહિ પણ પૂર્વ બાજુ મરડાતા ઉપર ખેંચવું તો જરૂર, ગમે તેટલો પવન હશે તો પણ, ઢીલવાળાનો કપાવાનો જ. કારણ તપાસીએ ઢીલવાળાની દોરી પૂર્વ બાજુ સરે છે, એટલે જો બંનેની દોરી સરવાની સાથે પેચ (જે જગાએ બે દોરીઓ બરાબર અડકે છે તે) પણ પૂર્વ તરફ ખસડાય તો ઢીલવાળાની ઢીલ નકામી જાય. ઢીલ તો ફક્ત પેચ સ્થિર રહે તો જ કામની. હવે ઉપર પ્રમાણે ખેંચવાથી ખેંચનારનો પતંગ પેચને પૂર્વ બાજુ લઇ જાય છે જેથી ઢીલવાળાની દોરી પેચમાં ન સરતાં આઘો પેચ જ આગળ જાય છે. ખેંચનાર તો સાથેસાથે ખેંચતો હોવાથી તેની દોરી પેચમાંથી પોતાની બાજુ સરે છે; એટલે બન્નેને ઢીલવાળો એક વખત હાથમાંથી તોડાને પતંગ મૂકી દે તોયે પેચ પાસેથી દોરીના બે ટુકડા જ થવાના આવી રીતે તગારી ડાબી કે જમણી બાજુના ચાર પાંચ પતંગો પણ તમે સોસામટા જ ખાત્રીથી કાપી શકો. ખેંચવામાં બાજુના પતંગો કાપવા એ સૌથી સહેલું છે.

આગળના પતંગોને નીચેથી લઈ ઉપર ખેંચવું એ સહીસલામત નથી કારણ, ઉપર બતાવ્યું તેમ ઢીલ છોડનારની દોરી બેવડા જોરથી સરે. આવે વખતે ખેંચનારે પોતાનો પતંગ બને તેટલો નીચો રાખી એક બાજુથી ખેંચવાનું શરૂ કરી, પેચ થાય અને સામાવાળાનો પતંગ કપાઇ જાય ત્યાંસુધી બીજી બાજુ તરફ–વાસું—ખેંચ્યા જ કરવું. ખેંચવામાં કિન્નો ન ફસાય એ માટે હમેશા શરૂઆતથી જ પૂરતી દોરી છોડી રાખવી

આપણી પાછળના પતંગને ખેંચી કાપવો એ સૌથી વધુ મુશ્કેલ છે, છતાયે એ પણ બની શકે તેવું જ છે. આ સ્થિતિમાં પેચ લેવા એ આપણા હાથમાં નથી, એટલે પેચ લેવાની તે શરૂઆત કરે તે પહેલાંથી જ ખેંચવું શરૂ કરી દેવું, જેથી તેની દોરી આપણી દોરીને અડકતાં જ આપણા ધીસા તેના પર શરૂ થઇ જાય. બીજો રસ્તો, બને તો એની કિન્નો ફસાવી કાપવાનો છે કિન્નો ફસાવતાં આપણો પતંગ બમડો અથવા તો ખેંચમતાણ થાય એ ખોટી બીક છે. આગળ દોરી પૂરતી હોય અને પેચ પદ્ધતિસર હોય તો ચોક્કસ કિન્નો પડ્યા સહેજ લાધથી કપાઇ જશે ત્રીજો રસ્તો સામાના પતંગને લક્ષગાર્ડ પેચની જગ્યા આપણા માથા ઉપરથી બહારી બાજુ પર લઇ જવાનો છે આપણો પતંગ જરા તેટલો મરડાવીને ગમે તે એક બાજુ પર નીચો રાખવો, જેથી પાછળવાળો પણ તેને પતંગ તે બાજુ લાવશે. આમ બને એટલે તે. આપણે પહેલી ફેરણીના પેચ લઇ સહેલાઇથી હવાવાળી દિશામાં બે હાથ મારીએ કે પોતાનું 'ખલાસ'! ખેંચવા માટેનો પતંગ ખોડખાંપણ વિનાનો જ સારો; જોકે જે બાજુ પેચ લેવા માટેના

પતંગો ચડતા હોય તેની ઊંધી બાજુ પર રહેજ ભિન્નાતો પતંગ ખેંચવા માટે વધારે અનુકૂળ પડે છે - આ રીતે ખેંચવાના પ્રયોગો કરી જોજો જરૂર સફળતા મળશે

(ગુજરાત સમાચાર) —ચીનુભાઈ પરવા

તુળશીશ્યામ

સૌરાષ્ટ્રના ગીર પ્રદેશની ભરોળર મધ્યમા આવેલી તુળશી શ્યામની જગ્યા ખાસ જોવા જેવી છે હનાથી પદર માઇલ અને જસ્ટરાણાદથી વીસ માઇલ દૂર આવેલુ આ સ્થળ ચારે બાજુ નાદીવેલા પર્વતની ગિરિમાળા, ગીચ ઝાડી અને ડુંગરાઓ માથી વહેતા નાનામોટા ઝરણો વગેરેના સૃષ્ટિસૌન્દર્યથી ભરચક છે તુળશી શ્યામનુ મદિર શિખરબધ છે મદિરની પડખે સામસામી બાજુ પાષાણથી બાધેલા પગથીઆવાળા ઊના પાણીના સાત કુડ આવેલા છે અને તેમા કાયમ ગરમ પાણી રહ્યા કરે છે કુડ બહુ ઊડા નથી માત્ર છાતીબર પાણી ફરેકમા રહે છે અને તેમની બાબ્રણી એવી છે કે એક કુડમાથી બીજા કુડમા જઇ શકાય આ સ્થળે જમીનમા ગધક ક્ષાર જેવા દ્રવ્યો ચોક્કસ હશે આશ્ચર્યની વાત તો એ છે કે આ કુડની લગોલગ એક મીઠા, સ્વચ્છ, ઠડા પાણીનો કુડ છે જેનો ઉપયોગ અહીં વસનારા જાત્યજને જ કરે છે! આ પ્રદેશમા વાઘ, વરૂ, સિહ, દીપડા વગેરે વારવાર જોવામા આવે છે રોજ અને જગલી બિલાડા તો આ રાજાના રસ્તામા જ ગળે અહીંના સિહો તો બાસ પકાય છે અને એની ઘોર ગર્જનાઓ અહીં વારવાર સભળાય છે આથી ધર્મશાળામા ઊતરેલા અજાણ્યા મુસાફરને તો સિહ નજીકમા જ હોવો જોઇએ એવો ભાસ થાય છે આ ધર્મશાળામા નાનીશી દુકાન છે તેમાથી મુસાફરોને સીધુસામગ્રી મળી રહે છે અહીંનુ પાણી પીવામા બહુ ભારે હોવાથી બેત્રણ દિવસથી વધારે સમય રહેવાથી તબિયત બગડવાનો ભય રહે છે

તુળશી શ્યામની સમીપમા જ રૂક્મિણીજીનો ડુંગર છે ડુંગર છે તો ઊંચો પણ પગ કેડીથી માણસો સહેલાઇથી ઉપર જઇ શકે છે ઉપર રૂક્મિણીજીનુ નાનુ દહેરુ છે દહેરા ની પાસેના એક વૃક્ષની ડાળીએ ઘણા ભાવિક યાત્રાળુઓ એકબીજાની દેખાદેખીથી લુગડાનુ ચીથરુ બાધે છે

તુળશી શ્યામથી પૂર્વ દિશાએ ત્રણ ગાઉ દૂર ભીમચાસ નામની જગા આવેલી છે આ સ્થળે જવા માટે કેડી છે કેડીની બને બાજુ નાના મોટા ઝાડોની હાર આવેલી છે તેમા ખાસ કરીને ટીમરુ, કરમદા, આળા, રાયણ, જાબુડા એ મુખ્ય છે અમે વસતઋતુમા ગએલા એ વખતે આ વનરાજિકા પીળા પલાશના ખીલેલા ફૂલોથી ખૂબ જ ખીલી રહી હતી અહીં એક ખડકમાથી ગોબરણ પાણી વહ્યા કરે છે તુળશી શ્યામથી અહીં આવતા રસ્તામાથી જ આ ગોબરનો અવાજ કાન ઉપર અથડાય છે ગોબરનુ પાણી નીચે પડી ઝીણા ગોટેગોટ બનાવતુ નદીના વહેણરૂપે ચાલ્યુ જાય છે

—કેશવલાલ જટાશકર મહેતા

જ્ઞાની અવયવો!

સસ્કૃતના પ્રખ્યાત અભ્યાસી મૅક્સમુલર સાહેબના સસ્કૃત પુસ્તકો ઑક્સફર્ડ પ્રેસમા છપાતા હતા ત્યારે તેમને હાથે ઘણી ભૂલો થતી, પરતુ તેમને આશ્ચર્ય એ થતુ કે પહેલી છાપના કાગળો પર કોઇ તે સુધારી લેતુ અથવા ભૂલ સામે નિશાની કરી દેતુ, જો પરથી એમને એમ જ લાગતુ કે છાપખાનામા કોઇ હોશિયાર નોકર છે તપાસ કરતા જણાયુ કે જે માણસ આ સુધારા કરતો હતો તે તો સસ્કૃતનો એક શબ્દ પણ જાણતો નહોતો!

ત્યારે આ જાદુ કેમ? ખુલાસો એ છે કે છાપખાનામા એક પ્રિન્ટરનો જમણો હાથ પક્ષાઘાતથી જરા અક્કડ થઇ ગયો હતો આથી તે બિચારો ધીરો પણ કાયદાથી કામ કરનારો બનતા તેને સસ્કૃત જોડાનું કામ સોપાયુ હતુ ઘણા અભ્યાસ પછી અક્ષરોનો સબધ તેના હાથે બરાબર ચડી ગયો અને તેના અવયવ હાથને દરેક અક્ષરના જોડા જોડવા માટે આગતેગ ચોક્કસ પ્રમાણે ફરવાની ટેવ પડી તેણે પ્રોફેસર મૂલરને જણાવ્યુ કે સાહેબ, મારા હાથને આવી ટેવ પડેલી હોવાથી જે જાતની જોડણી કદી થતી જ નથી તે આવતા અચકાય છે અને જરાકે હાથને નવી ગતિ આપવી પડે કે તુરત મને ભૂલ છે એવુ લાગે છે ને હુ નિશાની કરુ છું'

આ ક્રિયામા તનો હાથ તેની નિયમિત ગતિ કર્યા કરતો અને મન ભૂલભરેલી ક્રિયા કરવાનુ કહે તો તરત સામે થતો

કુરાન વિષે કંઈક

'અલ કુરાન' તરીકે સુપ્રસિદ્ધ થએલા ઇસ્લામીઓના ધર્મપુસ્તકનો શબ્દાર્થ 'વાચન' (Reading) થાય છે એ ગ્રથ મા ૧૧૪ પ્રકરણ છે અને એવુ કહેવાય છે કે એ ગ્રથમા ઉલ્લેખાએલી સઘળી વસ્તુ ખુદાના સદેશારૂપે જેબ્રાયેલ (Gabriel) નામના ફિરસ્તા મારફત મહમદ પયગમ્બર સાહેબને મક્કા અને મદીના મુકામે બોલવા પામી હતી એ સદેશો એક યત્ર ના માધ્યમ (Medium) દ્વારા થએલા અવાજની મદદથી ઝીલવામાઆવ્યો હતો એમ મનાય છે પાછળથી પયગમ્બર સાહેબ બોલતા ગયા તે મુજબ એ સંદેશાને અરબી ભાષામા નોધી લેવામા આવ્યો હતો અને પુસ્તકારૂઢ થયા પછી તેનું નામ 'કુરાન' પડ્યુ હતુ

પણ એ ધર્મગ્રથમા છે શું? તે પુસ્તક ઇસ્લામ ધર્મના ધાર્મિક, સામાજિક, નાગરિક, વ્યાપારિક તેમજ લડાયક કાનૂનોના સંગ્રહ રૂપે છે એમા મુસા (મોઝીઝ)ને તથા ઇસુ ખ્રિસ્તને ઇશ્વરના સદેશવાહક તરીકે અલબત્ત ઓળખાવવામા આવ્યા છે, પરતુ મહમદ સાહેબનો મુખ્ય પયગમ્બર તરીકે સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે

ખ્રિસ્તીઓ તેમના ધર્મપુસ્તકને બાઇબલ કોટલે 'ગ્રથાકૃ' કહે છે, જ્યારે ઇસ્લામીઓ તેમના ધર્મગ્રથને કુરાન એટલે 'વાચન' તરીકે ઓળખાવે છે એ નોધી લેવા જેવું છે

—ત્રિભુવન વીરજીભાઇ હેમાણી

મસ્જિદમાં નમાઝ પડતા હજરત અલી પર એક કટારો ઝેરના લશ્કરનો એક બાગેદુ સિપાહી આવી તલવારના ઘા કરીને નાઠો. લોકો એને પકડી લાવ્યા એ વેળા હજરત અલી માટે એક સેવક શરબતનો પ્યાલો લાવ્યો. હજરત અલીએ કહ્યું, 'એ મારા ખૂનીને આપો, કમકે દોડવાથી એ થાકી ગયો હશે!'

અક્ષિતગમત

૧ થી અમુક અંક સુધીના સળંગ આંકડાનો સરવાળો કરવો હોય તો એક સહેલી રીત છે. દાખલા તરીકે ૧ થી ૧૨ સુધીના સળંગ અંકનો સરવાળો કરવો હોય તો—


$$૧૨ \times \frac{૧૩}{૨} + \frac{૧૩}{૨}$$
$$= ૭૨ + ૬ = ૭૮ \text{ જવાબ}$$

બીજો દાખલો ૧ થી ૧૦૦ સુધીનાનો લો:

$$૧૦૦ \times \frac{૧૦૧}{૨} + \frac{૧૦૧}{૨}$$
$$= ૧૦૦ \times ૫૦ + ૫૦$$
$$= ૫૦૦૦ + ૫૦$$
$$= ૫૦૫૦ \text{ જવાબ}$$

અનેકાર્થી શબ્દ: **શીખ**=શિખામણ; સૂચના; શિક્ષા; વિદાયની આજ્ઞા; વિદાયગીરીની ભેટ; ગાલીદાર ગોલો. લોટાનો સળીઓ; ગુરુ નાનકના સમુદાયનો અનુયાયી.

કહેવતોના અર્થ: 'દુખની આખે ઝોકો બાગે.' એ મતલબની અંગ્રેજીમાં એક કહેવત છે કે, 'Misfortunes never come singly, but with battalions' એટલે કે 'કમનસીબ કદી એકલું નથી આવતું પણ લાવલશ્કર લઇને આવે છે' કમનસીબ માણસ એક આફતમાંથી તો પૂરો બચ્યો ન હોય ત્યાં બીજી આવીને તેના પર ત્રાટકે છે અને એ ક્રમ ખૂબ સ્વાભાવિક બની ગયો છે એને મળતી આપણી બીજી કહેવતો પણ ઘણી છે: 'દાઝયા ઉપર ડામ ને પડ્યા ઉપર પાટું', 'દુખતે ઠેસ ને દુખતે વેડ', 'નબળી વાડે છીંડાં ઘણાં', 'દૂબળા ટોરને બગાઇઓ ઘણી' વગેરે.



કુંડાળાંમાંના ત્રિકોણની લીટીઓ વાંકી લાગે છે એ દૃષ્ટિભ્રમ જ છે. કરો ખાત્રી.

અમેરિકાનો રાષ્ટ્રધ્વજ ત્યાંના પ્રમુખના ગાનમા પણ નીચો ઉતારવામાં નથી આવતો; ફકત લશ્કરી વાવટો ઉતારાય છે.

સવારમાં લીલા ઘાસ પર ખુલ્લે પગે ચાલવાથી અને ઝાકળે ભીની હવેલીએ આખો મસળવાથી આંખોનું તેજ વધે છે.

મૂલાનો મુરબ્બો હરસપર ફાયદો કરે.

લોખંડની કટારીથી કોઈપણ ચીજને હુમણીના અરધીઆથી ઘસી, બીજે દિવસે ટર્પેન્ટાઇનથી સાફ કરતા કાટ નીકળી જાય છે.

દુનિયામા કહેવું કરવું પરંતુ કઇ, બબર છે ? જોન ટૅને શોધેલું એ પરથી જેનું નામ પડયું છે તે ટૅન સ્ટીલ નામનું પોલાદ વિજ્ઞાનને જાણીતી ઑમ્સી-ઑસીલીન જેવી કડકમાં કડક કસોટી પણ તેને કાપી શકી નથી.

એક જર્મન મરવા પડેલો. એક ચરબીએ તેના પર ઓપરેશન માટે પોતાનું લોહી કાઢી આપ્યું ને તે જર્મનને બચાવ્યો. એટલે હિટલરની સરકારે આર્યન લોહી સાથે બદબુ લોહીનું મિશ્રણ કરવાના આરોપસર તેને આઠ મહિનાની સખત કેદની સજા કરી છે!


એક અમેરિકન વિજ્ઞાનશાસ્ત્રીએ શોધ કરી છે કે ગરમીના દિવસોમાં ખૂનો અને હંટીનાં દિવસોમાં ધાડ ને ચોરીઓનું પ્રમાણ વધારે હોય છે!

સપાટ જમીન પર ચાલવા કરતાં કોઇ ચઢાણ ચઢતાં આઠગણી શક્તિનો વ્યય થાય છે, એ તો ગણતરી નીકળી છે.

કપડાં ધોવાના સોડાનું પાણી કોલસા પર છાંટયા પછી તે બાળવાથી તેની ગરમી વધે છે ને ઘણુ વખત કામ આપે છે.

પાણી, મેગ્નેશિયમ સિપરિટ ને પેટ્રોલિન સરખે ભાગે લઇને શીશીમાં સારી પેઠે હલાવી રાખવું. ઊનના ચીંથરા વડે બારીઓને લગાડી કોરા કપડાથી સાફ કરવાથી ઉત્તમ પૉલિશની ગરજ સારે છે.

જંગલનું સૌથી હિંમતવાન પ્રાણી સિંહ, વાઘ કે હાથી નહિ પણ કીડર છે. તે મરતાં સુધી સામે મોંગે લડયા જ કરે છે અને અંતે પણ વેદનાની ચીસ પાડયા સિવાય મોતને ભેટે છે.



વાંસળી, બંસી, પાવો, ગસકવાનું અને ઑરગન જેવાં વાજાં, મૂળે હાડકામાં કાણું પાડીને જે ક્રમથી માનવ આદિકાળથી બનાવતો આવ્યો હશે, તે દર્શાવતી ચિત્રમાળા




વાર્ષિક સાંકળિયુ · વર્ષ તેરમું

અંક ૧૪૫ થી અંક ૧૫૬ સુધી

આ પછીનાં સાત પાનાંમાં

.....એ આંકડા અને અક્ષરોની શું કેવળ નિર્જીવ હારો છે? સહૃદય જોનારને તો લાગશે કે વિવિધતા ને રંગ-મયતાથી ટમકી રહેલી એ કલા અને સાહિત્યની સજીવ દીપમાળા છે. ગુજરાતના સુપુત્ર કૌમારને જગાડવાના ને એના રાહનુમા બની રહેવાના પોતાના કોડને, આ વરસનાં પોણા સાતમો પાનાંમાં 'કુમારે' મોકળો વેગ આપ્યો છે એમ અમે નહિ—વરનજર એની દોસ્તી ટકાવી રાખનારા તમે સૌ એ જોઈને કહી ઊઠશો. દુનિયાના બંને છેડા સમા ધ્રુવોના વિજયમફરી બાયર્ડ અને પીઅરી જેવા સાહસબાલોને પડછે જ્ઞાન અને રખડપાટની તમન્નાથી કરેલી ગુજરાતીઓની નાની સફરો પણ એણે પોતાનાં પાનાં પર નોંધી છે. એમાં છે, વાર્તાઓ—મર્દોની તેમજ કોમળ લાગણી ઓની, સાહસભર્યા શિકારોની અને જંગલજીવનના ઝનૂનની: એમાં છે, એટલા જ પાણીદાર, પુરુષાર્થ અને પ્રેરણાના જ્યોતિપુંજ જેવાં ચરિત્રો—બ્રાડલૉથી માંડી પ્રેમચંદજી સુધીના કર્તવ્યપુરુષોનાં; એમાં છે, અંતરીક્ષમાં અબજોવધિ માઇલોની યે પાર પ્રકાશતાં જ્યોતિર્મંડળોથી માંડીને માનવીના મોંમાંથી નીકળતા અવાજ સુધીની રહસ્યકથાઓ; એમાં છે, ધરતી ને આગના પેટાળમાંથી માનવે હાથ કરેલી મહાસિદ્ધિઓથી માંડી શાકભાજી જેવી રોજિંદી જરૂરિયાતનું વિજ્ઞાન; એમાં છે, સ્વસ્થ અને નિર્ભય જીવનના આદેશોથી માંડીને આત્માને સદા મોહાવી રહેતી મુક્તાવલિઓ; એમાં રપશોયાં છે, અનેક વિભિન્ન-વિવિધ ક્ષેત્રોનાં ક્ષિતિજો—સાહિત્ય અને નિબંધ, ઇતિહાસ અને પ્રવાસ, વાર્તા અને વિજ્ઞાન, ભૂગોળ અને ખગોળ, કથા અને ગાથા, જ્ઞાનમોક્તિકો અને ચિત્રવિજ્ઞાન.....



મુખ્ય ચિત્રો

પૂર્ણરંગી મુખચિત્રો

કલાવંત	કુમુદલાલ ભટ્ટ	માગશર '૯૩
'ચન્દ્રીએ અમૃત મોકલ્યાં રે બ્હેન'	કુ. રાજન્તલા	ફાગણ '૯૨
જન્મોત્સવ	,,	ભાદરવો '૯૨
નવધાન્ય	રસિકલાલ પરીખ	આસો '૯૨
બારીનો આરો	હર્ષદ પંડ્યા	વૈશાખ '૯૨
માતૃમમતા	હરિહરલાલ મેઢ	શ્રાવણ '૯૨
રંગપરિધાન	છગનલાલ જાદવ	કારતક '૯૩
વાસંતી	જગન્નાથ અહિવાસી	ચૈત્ર '૯૨
શારદા	કુ. વસુમતી ચીનુભાઈ	પોષ '૯૨
સરાણીઓ	છગનલાલ જાદવ	જેઠ '૯૨
સારસ-જોડી	,,	માહ '૯૨
સંધ્યાના સૂર	કુ. વસુમતી ચીનુભાઈ	અષાડ '૯૨

વિવિધરંગી સાદાં ચિત્રો

અક્ષયતૃતીયા	કનુ દેસાઇ	૩૧૨
આરોગ્યનાં અમૃત	બંસીલાલ	૪૦૮
ઝાંઝરીવડા	કુ. શકુન્તલા	૧૮૪
દાતણવાળો	બંસીલાલ	૬૩૨
દેવમાન	રવિશંકર રાવળ	માહ '૯૨નું પૂંઠું
દ્રૌપદી	,,	૧૨૦
ધૂમ્રશ્યામા પર્વત	ટામીઓકા રેસસાઇ	૫૬૮
મગર, વાદરો તથા જાપાનની 'ઓમૂ' અને 'ખાખીમોનો' ચિત્રણા		૫૨૦ ૫૭૫
મોળાકત	કનુ દેસાઇ	૩૫૨
વટસાવિત્રી	,,	૨૪૧
વિસામો	બંસીલાલ	૨૪
શતપૂજન	કનુ દેસાઇ	જેઠ '૯૨નું પૂંઠું
શ્રાવણનાં સરવડાં	,,	શ્રાવણ '૯૨નું પૂંઠું
શ્રી રામનારાયણ પાઠક	રસિકલાલ પરીખ	૫૬૮
સરાણવાળો	બંસીલાલ	૪૫૬
સંધ્યા	ચન્દ્રવદન ભટ્ટ	૭૩

ફોટોગ્રાફો

અમૃતસરનું સુવર્ણ મંદિર	નગીનદાસ નાલાવાળા	૬૩૩
આપકાકા	શ્રીરામ ભટ્ટ	૭૨
ઈડરના જૈન મંદિરનું મુખ્યદ્વાર	બલવન્ત ભટ્ટ	૧૨૧
ઈડરમાં સ્વામીનારાયણનું મંદિર	,,	ફાગણ '૯૨ના મુખચિત્ર પાછળ
ઉનાળાનો પંથ	બલવન્ત ભટ્ટ	૨૪૧
ગાંધીજી		૬૫૬
ગાંધીજીના વિદ્યાર્થી અવસ્થાના બે વિરલ ફોટોગ્રાફો		૩૧૭
ગુર્જરી કુંજ	આગિદમિયાં સૈયદ	ભાદરવો '૯૨નું પૂંઠું
ચણરાક ઍક્રુસ	રતિ ડી. પિટિટ	અષાડ '૯૨નું પૂંઠું
જીવનતીર્થ હરદ્વાર	ઓરિક મેન્યુએલ	ચૈત્રના મુખચિત્ર પાછળ
તડકે	નારણભાઇ વારા	માગશર '૯૩નું પૂંઠું
દરિયાકાંઠે મજૂરી	કાર્લ ખંડાલાવાળા	૧૮૫
ગાંધીજી	નરેન રાવળ	કારતક '૯૩નું પૂંઠું
બારમા સાહિત્ય સંમેલનના વિભાગીય પ્રમુખો, વિષયવિચારિણી અને કલામદર્શનનાં દૃશ્યો	નરેન રાવળ	૫૬૮ બ-ક
શિયાળાને તડકે	નગીનદાસ નાલાવાળા	૨૫
શી ઉનાળાની નીરાંત ?	નારણભાઇ વારા	વૈશાખ '૯૨નું પૂંઠું
શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક	પ્રાણલાલ પટેલ	૫૬૮

ફોટો-હરીફાઇનાં ચિત્રો

અડાલજનો મોખ	રસિકલાલ ગાંધી	કારતક '૯૩ના મુખચિત્ર પાછળ
ઇટવાડે	માણેકલાલ પટેલ	૩૬
ઉઘડતા પ્રભાતે	જગન્નાથ વાઘર	૫૨૦
એકાકી	શી. કુમાર પટેલ	૪૫૭
ઓધાઠરો	એમ. એસ. પયસાવાલા	૩૦૪
કુટુંબીઓ	નૃસિંહ પરમાર	પોષ '૯૨ના મુખચિત્ર પાછળ
ગેરસપ્પાનો ધોધ	નવીન ગાંધી	૪૫૬
જીવનનિર્વાહ	કનુ રાવત	માહ '૯૨ના મુખચિત્ર પાછળ
ડોકિયું	કંચનક પટેલ	૨૦૬
Dancer of the Temple	બી. એમ. મિસ્ત્રી	૫૨૧
કંચનક	આર. આર. લાલન	૨૦૬
ધૂંવાધાર	પ્રભાશંકર ત્રિવેદી	૭૬
નર્મદાને તીરેતીરે	મણિલાલ મિસ્ત્રી	૨૪૮
નાળબંધી	શ્રીરામ ભટ્ટ	૨૬૪
તહીન	કી. બી. ખોખર	કારતક '૯૩ના મુખચિત્ર પાછળ
પાનખરનું આગમન	આર. આર. લાલન	અષાડ '૯૨ના મુખચિત્ર પાછળ
પ્રકૃતિ	કંચનક પટેલ	૩૬
પરદેશી મુસાફર	એન. કી. ગજ્જર	કારતક '૯૩ના મુખચિત્ર પાછળ

પ્રતિબિંબ એમ એસ પથરાવાલા ૪૫૭
પ્રફુલ્લિત વદને , ૨૪૮
પ્રમુખ મહાગય જરાવત ઠક્કર ૪૫૬
બેધડી મોજ પ્રાણલાલ ટેલ
વૈશાખ '૯૨ના મુખચિત્ર પાછળ
મનામણું જરાવત ઠક્કર ૨૦૬
મલકાતી માતા એ। ગ્રાસ મહેતા
શ્રાવણ '૯૨ના મુખચિત્ર પાછળ
વાંદરાને નીસરણી ડી બી બોપકર ૫૨૦
વૃદ્ધ ગ્રંથરેજ એમ એસ પથરાવાલા ૬૪૭
શાહજહાંનું અશ્રુબિન્દુ માધવદાસ પટેલ
આષાઢ '૯૨ના મુખચિત્ર પાછળ
સૂર્યાસ્ત સી કુમાર પટેલ ૭૮
સારભનો શોખીન ટ્રેવેન્દ્ર દેસાઇ અષાઢ '૯૨ના મુખચિત્ર પાછળ

શિલ્પ

ઓશોનો બેલ્વેડિયર ૩૬૪
ડિસ્કોબોલસ ૪૦૨
બોબીપગટ (રોગન) ચૈત્ર '૯૨નુ પૂઠું
વીરભદ્ર સિંહ આસો '૯૨નુ પૂઠું
હર્ક્યુલિસ ૪૦૬

કાવ્યો

અનરૂયાં આસુ સુન્દરમ્ ૯
અવધૂતનું ગાન પ્રહ્લાદ પારેખ ૧૮૬
અરાકયાકાક્ષા કુમારપાળ દેસાઈ ૫૭
આજ પ્રહલાદ પારેખ ૨૪૧
If (અંગ્રેજી કાવ્ય) રડિયાર્ડ કિપ્લિંગ ૧૦૧
ઉત્થાન રાગપ્રસાદ શુકલ ૪૪૮
ક્રમ કો અનાદિ તાસિખ ભટ્ટ ૨૨૫
ગરવા સપના ચન્દ્રવદન મહેતા ૫૦૫
ગાંધીજી રમણિક અરાલવાળા ૩૪૩
ઘનાગમ પ્રીતમલાલ ગજ્જુદાર ૫૬૧
ચિત્રકાર ત્રિપુટીને રાગનારાયણ વિ પાઠક ૫૬૮ સામે
ટપાલીને પ્રહ્લાદ પારેખ ૧૨૫
તહા પ્રકટલે નિશા પ્રહ્લાદ પાઠક ૧
દ્રૌપદી (બંડ કાવ્ય) સુન્દરમ્ ૧૧૩
નવકાલમજ્જના તનસુખ ભટ્ટ ૩૩૭
પાદવાણ અણાલાલ પટેલ ૩૯૩
બેકારીબાણ રાગપ્રસાદ શુકલ ૩૪૯
મને અધિક છે પસદ સુન્દરમ્ ૧૧૭
રાગબાણ ધનો ભગત ૩૪૮
વખ રાગપ્રસાદ શુકલ ૨૮૧
વતનનો તલસાટ રમણિક અરાલવાળા ૧૬૯
શાન્તિ પ્રતિભા રામપ્રસાદ શુકલ ૭૦

ધ્વનિ વિભાગ

આજ ચૂધું રાશિવદના યાજ્ઞિક ૨૯
કળગ અણાલાલ પટેલ ૩૧૨
કામના જેઠાવાલ ત્રિવેદી ,,
કાકુધ્વનિમૂર્તિ હરિશ્ચન્દ્ર ભટ્ટ ૫૩૬
કૃપા-દયા 'રસનિધિ' ૨૧૨
ઘોડ રમણિક અરાલવાળા ૨૯
જીવનદીપ પ્રભુરાગ નરોત્તમ રાવળ ૨૬
તારો કુ સાથી? તારાબેન ૭૧૨
દીપક 'રનંદરશ્મિ' ૨૮
દીવો કરો 'પ્રબોધ' ,,
નહિ નહિ જગજીવન ગોગજી ૩૧૩
નેત્ર વિસર્જન હરિશ્ચન્દ્ર ભટ્ટ ૨૧૨
પોઢીશ વેણીભાઇ જ પુરોહિત ૫૩૬
પ્રબોધ પ્રહલાદ પાઠક ૨૧૨
મધરાતે તનસુખ ભટ્ટ ૨૬
લખુ રાગિવદના યાજ્ઞિક ૨૧૨
વિમૂઢ ગાયકને રમણિક અરાલવાળા ૫૩૬
સરસ્વતી જેઠાલાલ ત્રિવેદી ,,
સુખ-ભાન રમણલાલ સોની ૩૧૨

ન ધૂણ હવે બની રહુ મુકુન્દ વિ વિજય પારાશર્યે ૨૮

જીવનચરિત્રો

હુત્તરાવર્તનો વિજયયાત્રી અશોક હર્ષ ૩૪૨
કોશિયુરકો હરિશ્ચન્દ્ર ભટ્ટ ૫૨૦
ચાર્લ્સ ડાડર્વો અશોક હર્ષ ૨૮૬
જવેજ ટી. સડાવૅડ ૪૫૪
ડિક બાયર્ડ- વિજય પાસુ ૧૭૩
તરગી ગાર્બોની ૬૪
પ્રેમચદજી અશોક હર્ષ ૬૨૧
બર્નાર્ડ ય શોઝી ,, ૩૬૮
બેનિટો મુસોલિની ,, ૫૬૭
ભારતેન્દુ ,, ૧૧૮
માર્ક ટ્વૉનિઝમ ,, ૧૫
લવાઝીએ ,, ૨૩૪

નાટિકા

સનાતન ધર્મ ચન્દ્રવદન મહેતા ૫૨૬

વાર્તાઓ

સાહસકથાઓ અને કુંડી વાર્તાઓ

અગમાની ગોદ અશોક હર્ષ ૧૨૦
અલીબાબાની મુક્તા ,, ૩૫૮
એ દિવસ ,, ૪૬૩
કૂંધુ હરનું ગાય દેસાઇ વાલજી ગોવિન્દજી ૫૧૯
છેલ્લે પર્વતે અશોક હર્ષ ૬૧
નાગદૂત 'રોનિન' ૨૪૩
બુદ્ધના મૂર્તિપાઠ દેસાઇ વાલજી ગોવિંદજી ૨૦૫
ગાઢ હતું ને મેં લીધું 'વાસુકિ ૪
મોતની સારત 'રોનિન' ૨૬૫
રૂસ્તમનો ઘોડો રમેશ 'ધૂમકેતુ' ૨૬
વળતો ગોરા અશોક હર્ષ ૬૨૪
વીર માતા દેસાઇ વાલજી ગોવિન્દજી ૬૭
વ્હેલના પેટમાં ૩૭
સુભાગ્ય ત્રિભુવનસિંહ ચાવડા ૧૫૦

શિકારકથાઓ

કાગળી કાનાનો અંત ત્રિભુવનસિંહ ચાવડા ૪૫૬
કાળોતરાનો સામનો ,, ૧૮૬
બહેલો વાઘ ,, ૨૨૮
મધ્યથી બારો ,, ૫૮૨
મોતના મોમાં ,, ૩૪૬
સામનો ,, ૨૮૮

પ્રાણીકથાઓ

કુનરમુવનનાં અંધારાંગા અશોક હર્ષ ૪૦૧
પિતાની પુત્રમ ,, ૧૧
તૈમુર લંગ ,, ૧૧
વેરનો હક 'રોનિન' ૫૭૩
સિંહનો ભેટ અશોક હર્ષ ૧૨૨

લેખો

સાહસશોધ

અપરાજિત અંતરેજ 'કુમાર' ૩૨૨
કુબ્બાકુમારની ચડાઇ ૨૩૭
પરાજિતા નહદેવી 'કુમાર' ૫૨૭

રમતગમત અને આરોગ્ય

અખાડો હરિનારાયણ આચાર્ય
ચાલતા નથી આવડે ૫૩૨
પ્રશ્નોત્તર ૨૬૨,૫૬૧ ૬૪૪
વ્યાયામ અને નમ્રતા ૬૪
સુન્દર શરીરનો આદર્શ ૩૬૫,૪૨૫
સ્ત્રીઓ અને બ્રહ્મચર્ય ૩૮
ઉપવાસ કરો રમણલાલ એન્જીનિયર ૫૪૨
કુદરતથી તમે કેટલા દૂર ,, ૬૩૬
ખોરાકનું અમૃત ગણ ,, ૫૮૬
ખોડ ખોળી ખાઓ ,, ૪૦૬

પ્રવાસ

ઉત્તર યુરોપના દેશોમાં હીરાલાલ ગોદીવાળા ૪૫૭
ઉત્તરાપથની યાત્રા ૪૧૭
એક સાયકલ પ્રવાસ નટલાલ જોષી ૬૪૮
ખમે ખડિયો
ઉત્તર ગુજરાતની સફર 'દર્શક' ૧૫૩
પચાસર અને સંખેશ્વર હરિનારાયણ આચાર્ય ૭૩
રમણ રોમના સાગરતટે રામપ્રસાદ શુક્લ ૨૪૫,૨૯૮

વિજ્ઞાન

આકારાપર 'કુમાર' ૩૨૦
એક કદમ ૪૬૨
એક તારાનો આપઘાત 'અનિકેત' ૬૩૪
ઓક્સિજન ૪૩૧
પૃથ્વીનો પહેલો શ્વાસ 'કુમાર' ૧૮૩
પેટ્રોલિયમઃ
ઇતિહાસ અને ઇતિહાસ 'કુમાર' ૨૪૨
વિજ્ઞાનની નજરે ડૉ. રમાનાથ મ. ગુપ્તે ૧૪૫
હિંદનો ફેળો હુસેનભાઈ પરમારી સપટ ૧૪૮
મોતી રામસિંહજી મા રાઠોડ ૩૫૨
વનસ્પતિનાં વાસણો 'વનેચર'
કાળમુખી ચીનરી ૨૬૦
કીડીનો કળા-શુનો ૫૮૮
કુંવર ૩૬૧
ગુજરાતનાં બગલાં ૨૭૬
ધોકડા અને ફાટીચાંચ ૧૬૮
નિરાગણિ આગીયો ૬૪૧
કૂદતાં અને પતંગિયાં ૪૬૩
વર્ષાના બે પુનરી ૪૩૭
શાહુડી, રોઝ અને છછુંદર ૩૩
સારસ અને તેનાં સગા ૬૨
હડકવો વાયરસ ૫૨૬

પરિચય

ગુર્જર ચિત્રકાર શ્રી હરિહરલાલ મેઠ ૧૫૨, ૪૦૩
પિયેરોદ્ય મૅન્ટિક ૨૦૬
રડિયાર્ડ કિપ્લિંગ ૧૦૧
મહેનશાહ પાંચમા જ્યૉર્જ (સ્વ) ૩૯

પ્રકીર્ણ લેખો

ઓદ્રિનીઆનું ક્રીડાંગણ ૩૨૪
કવિ અને સત દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર ૧૭૩
ગુજરાતી લઘુલિપિ હરિકૃષ્ણ વ્યાસ ૨૧, ૧૬૫, ૨૬૬, ૩૦૬, ૬૬૩, ૪૧૨, ૫૩, ૬૧૧
જાપાનની ચિત્રકળા રવિશંકર રાવળ ૫૧૨
જીવનતીર્થ હરદ્વાર દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર ૧૮૧
જીવનનું પરોઢ પ્રભુદાસ ગ. ગાંધી
એ દિવ્ય તપ ૩૭૬
ઓતા બાપા ૮૬
કસ્તૂરબા ગાંધી ૧૨૭
ગાંધી કુલશાખા (નકશો) ૧૬
ઝાંખા રંગરણો ૪૮૬
દેશી વિદેશી રાજાઓ ૬૦૦
પિતા અને કાકા ૭૪૬
પૂર્વ સ્મરણ ૭૭
પ્રસ્તાવ ૧૭
ફીનમ્સ ૪૩૪
બાપુજી ૩૧૩
બારડોલી સત્યાગ્રહ ૨૭૮
વતન ૧૮
સાબરમતી ૫૪૫
નેપરમાંથી ૬૭, ૮૭, ૧૧૬
બારી બજરે ૨૫૨
બૈજબાવરી હિરો ૧૧૬
બ્રિટિશ ની હિરો પ્રસ્થાન ૧૬૭
ભાગાકુરા ૫૬૪
ભોળેના કલામાર મુલાકાતી સાન ૫૧૦
ભોયે તોના કલાકારોની મુલાકાત ૫૭૬
ગુજરાતને ગળેલો કલામોહ ૭
જરા આનંદ ૩૬૬
જાપાન ટુરિસ્ટ બ્યૂરો ૫૬૩
ટોકિયો એક્સપ્રેસ ,,
ટોકિયો તરફ ,,
ઢબે કાકા ૫૬૭
ધૂળી ચિતરો ૫૧૭
નામમુરા સાન ૫૦૬
'પુષ્પ' (Pinships) બાળકોનું એમેચ્યર માસિક ૩
ફયુજિયા હૉમેલ ૫૬૧
બીજમાન ૫૭૦
મૂકમડળ ૫૬૦
મોરીસાન ૫૧૮
યેનોશીમા ૬૧૮
લેડી વિદ્યાબ્હેન નીલકંઠ ૩
શાંતદાસ ૩૮
શાંતદાસથી ઊપડ્યા ૩૪૭
શ્રીમત સરકાર સર સયાજીરાવનો ભવ્યિમદ્રોત્સવ ૮
સત્રાંત રજાએ ૧૧૮
સીલોન અને આગળ ૭૦૬
સીંગાપોર ૭૮૭
હવે જાપાનમાં ૩૮૬
હોંગકોંગ ૪૮૭

સદ્ધિ વના અંગ સુરેશા દીક્ષિત

નિબંધ ૫૦૬
વાર્તા ૬૬૬

સુબેજની નદેર મોહનલાલ પંચોળી ૮૭

સ્મરણયાત્રા દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

નિશ્ચયનું બળ ૮
સ્મરણની ચરતી ૭૭

ચિત્રમય વિજ્ઞાન

આજના ગુજરાત છે કદરનો ૬૬, ૧૫૮
આરાજના આજમ ગાયત ૪૮
આપણે મે વી રીમ રાખીએ છીએ ૮૮
આર્કિમિડીઝ ની ભૂ વટમી ૬૬૮
આ મોટરાનની રેકૉર્ડ કેમ બને છે ૭૦૮
છેલ્લું વધતા પક્ષ ગ કેમ પડે છે ૭૧
પેટ્રોલિયમ કુદરતી સાધને વપરાશમાં આવતા મુશ્કી ૧૪
શોધખોળ ની ચે ઝીક સમજણ ૭૬૦

નાના લેખો

ઉમેરા કેરો ખરીદનો જયવન્ત ભટ્ટ ૮૦
ગજરતે ગમાવ્યું હરિનારાયણ આચાર્ય ૬૫
ગ્રો સ્વામી ત્રિભુવન વી કેનાની ૧૦૭
તમારા કેમરાન ચિત્ર ની રીત જયવન્ત ભટ્ટ ૬૬
લે કતાની ૪૦
શિકર કિસનસિંહ ગ વડા ૧૮૫
સામયિક વિચાર પ્રવાહ ૬

બોલિક

ચિત્રકારની જીવન રી ઠ.લ કાલેલકર ૭૫૦
નકામું ચાલન ,, ૧૮૦
મૌનના પાઠ ૧૦, ૬૮, ૧૬૭, ૨૦૬, ૨૪૭
સરીની કુદવાકી દે વા ૮, ૧૨૪, ૨૭૬, ૩૫૭, ૪૩૧, ૫૩૧

બાળ વિભાગ

વાર્તાઓ

ગિરારીમા તારો		૧૦૩
નદુઈ લાકડી		૨૭૧
કપમુદ્રા		૬૦૬
ગ્રાનુ બદૂ		૩૨૭
તુખુનું કમલદર્શન		૪૬૬
પારસનો રપર્શ	અમીરખાં ચોદાખુ	૪૪૦
રામગઢ રજપૂત	મનુભાઇ મેઘાણી	૬૫૭
લાલો અને વાલો	રમણલાલ સોની	૨૧૩
વડારણ	મદુભાઇ મેઘાણી	૧૫૬
સાકરનો કમળ		૩૭૩
શ્રીવાસ-ચિંતા	સૌ. શ્રીમતી મજમુદાર	૪૧
હા-નાઉ-છગન		૪૬૫
હું મુસાફર		

કાવ્યો

અમે	સુન્દરમ્	૪૪૦
ઊગ્યા આકાશમાં	મોહિનીચન્દ	૬૦૭
ઊંદર અને ટ્રેલ	રમણલાલ સોની	૬૬૦
ચાલો ચાલો	સુન્દરમ્	૨૧૪
નદુઈ દાળડી	રમણલાલ સોની	૪૮૯
નય	મોહિનીચન્દ્ર	૩૨૬
ડુંગર અને ઊંદર	રમણલાલ સોની	૬૪૭
દક્ષીનો પાદશા	,,	૧૦૪
પતાસાંની ગાડી	,,	૪૪૦
બાંડો વાંદર	,,	૧૪૨
સંગીતનો જલસો	,,	૨૭૦
વાનર નેપી	,,	૪૬૪
પ્રીતમલાલ મજમુદાર		૩૭૩

માધુકરી

કાવ્ય

અમે અગર—	રમણિક અરાલવાળા	૬૫૬
કવિને	'બાદરાયણ'	૫૫૩
ધનની પેરી ધટા ગોરંભે —	રમણલાલ વ. દેસાઇ	૩૮૫
નણું ના કાં—	હરિદ્વર ભટ્ટ	૪૪૧
ત્રંબાળુ ગગડે—	ઉમાશંકર જોષી	૧૦૫
પિતા! વિકૃતિ શાત થાય —	સુંદરજી બે. બેટાઇ	૬૦૮
પ્રશ્ન	'જટિલ'	૧૬૧
લધુ એ	સોમાભાઇ ભાવસાર	૩૨૭
'વર્ગિટી વિજય	સુન્દરમ્	૨૭૩
સન્યાને	રમણિક અરાલવાળા	૪૬
સંતોના બે પ્રકારો—	'શ્રીમુદ્રી'માંથી	૨૧૬
સ્વભાવ	'જટિલ'	૨૧૬

જીવનચરિત્ર

અનસારી (સ્વ. ડૉ.)		૨૭૩
અનંત શિવાજી દેસાઇ (સ્વ. બ.)		૨૨૩
આવતી કાલનો રવાલિન		૪૬૮
એક અન્ય ગુજરાતી	રમણલાલ વસંતલાલ દેસાઇ	૧૬૩
ઝંબી મોલીસન		૩૨૮
ગુજરાતના આચાર્યદેવ	અંબેરચંદ મેઘાણી	૨૧૭
ચાંગ-કૈ-શેક		૩૨૭
ડેવિડ પુરનામ		૪૬
દીનશા એદલજી વાચ્છા (સ્વ. સર)		૧૦૫
દીપનારાયણસિંહ (સ્વ. દાનવીર)		૧૬૧
ધનગોપાલ મુકરજી (સ્વ.)		૩૮૫
નેગ્રી ફાસેન		૪૪૧
બહાદીર મહાબન્દુલા	મજમોદન વર્મા	૬૫૮
ભાતખંડે (સ્વ પ્રોફેસર)		૪૬૭
મિચૂરિન (કબોનો વિશ્વકર્મા)	મજમોદન વર્મા	૫૫૩

ઇતિહાસ

આપણા ઇતિહાસની યુગવારી		૨૨૫
આફ્રિકા કેમ વહેંચી ખાધુ		૫૧
ગુજરાત-પાંચહજાર વર્ષ પૂર્વે	મણિભાઇ દ્વિવેદી	૬૬૦
દૂષિત ઇતિહાસ		૧૬૩
પાશ્ચાત્ય કલમે લખાએલા ઇતિહાસગ્રંથો		૨૨૧
ભવાની તલવાર	રાયસિંહજી મા રાઠોડ	૩૩૦
લખપતનો કિલ્લો	પ્રાણજીવન આચાર્ય	૨૧૬
હિંદનું નવું શાસનવિધાન		૧૬૫

આરોગ્ય

અપચાનું એક કારણ		૩૩૬
કિચનાઇનનું ખરાબરિયું દેશી ઔષધ		૪૪૫
દુનિયાનું અમૃત-દહીં		૫૫૭
ફેઈસ પાવડર		૫૫૮
ફેરસાંની મજબૂતી		૫૫૯
શાકભાજી		૫૦૨

વિજ્ઞાન

આકૃતિ હાથ લાગેલી એક ઉપયોગી શોધ		૧૦૮
આવાજની અસર		૪૪૪

આદમી ક્યાંથી આવ્યો? ૧૧૦
આધ્યાત્મિક પ્રભા હરિકૃષ્ણ વ્યાસ ૬૧૨
ઇકાઈટ દ્વારકાનાથ ગુપ્તે ૧૬૪
કંજુનાશક દીવો ૩૩૨
ઢોળ ચડાવવાની નવી ધાતુ ૫૫૮
તેલ ને કોલસો ખૂટશે ત્યારે ૪૯૬
પાણીનું રસાયણ ૩૬૮
પોલાદ કરતાં પણ મજબૂત ૨૭૬
પ્રલયની એક નવી કલ્પના ૩૮૬
પ્લાસ્ટિક યુગ ૩૩૬
બરફનું ઉષ્ણતામાન કેટલું ૪૪૫
બૉગ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી 'વનેચર' ૫૫૪
મધમાખીની ચતુરાઇ ૫૫૬
રબ્બરના બીણા ૨૭૮
રબ્બર શીંગડું બની જાય છે ૧૦૬
લાખ જયતીલાલ રા લોઢાવાળા ૩૮૬
સોનું-એક નિરુપયોગી ધાતુ ૫૫૭
હવાનાં રસાયણી તત્ત્વો ૬૦૬
હવાની સૂક્ષ્મ સમૃદ્ધિ પદ્મકાન્ત ૨ શાહ ૬૧૦
સ્ત્રીના દૂધનો અજબ ઉપયોગ ૨૭૮

ભૂગોળ

આમીસીનિયામાં હિંદીઓ ૫૧
આબીસીનિયા વિષે વધુ ૫૩
કલાધામ જયપુર ૧૬૩
કુમનાય અને સુખનાથ રમણીક ન. શાહ ૨૨૨
ગુપ્ત પ્રયાગ કેશવલાલ જટાશંકર મહેતા ૧૦૬
ગેલરીઓ દેશ અશોક હર્ષ ૬૧૨
તુળશી શ્યામ કેશવલાલ જટાશંકર મહેતા ૬૬૩
દક્ષિણ હિંદનું પ્રવેશદ્વાર ૪૪૨
દીવ દ્વીપ કેશવલાલ જટાશંકર મહેતા ૨૭૬
સહરાના રણનો વિસ્તાર વધે છે ૧૧૧
દુનિયા હજુ યે ખાલી પડી છે અશોક હર્ષ ૪૪૩
નાગધણીબાવાળી ખોડીઆર દેવશંકર ગ જાગરકાંઠા ,,
બૃહદ્‌ભારતનું એક અંગ મૉરિશ્યસ ત્રિભુવન વી ઢેમાણી ૪૬૬
ગોવળકોંડાના અસ્થિ ૬૧૪
રોગ વગરનો પ્રદેશ ૩૩૩

પ્રકીર્ણ લેખો

આઠ ખોડવડો ૧૦૬
ઉત્તરનો ઉત્તર ૨૨૨
ઉપાધ્યનો ઉપયોગ ૧૧૧
એક-બે-ત્રણ ૩૩૨
એકવડી બેવડી સંખ્યાનો એક જંત્ર-નવા રૂપે ત્રિભુવન વી. ઢેમાણી ૬૧૧
ઓલિમ્પિકના અનુભવ ૫૫૬
કચ્છનું અષાઢી વર્ષ રાયસિંહજી કા. રાઠોડ ૩૮૭
કર ભરવાથી દૂર કેમ રહેવું અંબેલાલ ૩. નાયક ૧૬૭
કુરાન વિષે હકીકત ત્રિભુવન વી. ઢેમાણી ૬૬૩
ગેડીદડો 'બેલાડી' ૫૨
ઘડનો બૉયલૅટ ૧૧૧
ચોંધાટપી સરક્ષણ ૩૩૪
ચમી પડવો ૫૫૮
જગતશાંતિ એક કૂર મશ્કરી ૬૧૫
જપાનમા નામસંસ્કરણનો વિચિત્ર વિધિ ત્રિભુવન વી. ઢેમાણી ૩૩૪
જ્યાં જપાનની જુવાની ઘડાય છે ૩૮૬
'ડચ' શબ્દ પર પ્રતિબન્ધ ત્રિભુવન વી ઢેમાણી ૩૩૪
દુનિયાભરનુ સૌથી મોટું ઘડિયાળ રાયસિંહજી કાનજી રાઠોડ ૫૫૬
દુનિયાભરમાં ૪૪૪
દેશદેશની ભાષાઓના મૂળાક્ષરોની સંખ્યા ત્રિભુવન વી. ઢેમાણી ૩૩૩
નાઇલનાં આંસુ ૨૧૮
નાગ પાડવાની પ્રથા 'મોહિનીચન્દ્ર' ૧૬૭
નિર્દોષને માટે ક. ભા. દવે ૫૦૧
પતગ ચઢાવવાની કળા ચીનુભાઇ પટવા ૬૭૧
પત્થર બનતો મનુષ્ય ઓટાલાલ માનસિંગ કામદાર ૨૨૧
પાસપોર્ટની પ્રથા ,, ૫૦૦
પુસ્તકાલયમા પુસ્તકોનું આવરદા ૫૫
પ્યાલા તરીકે ખોપરી ૩૩૩
પ્રાયશ્ચિત ૧૧૦
બે નમૂનેદાર તરુણમડળો ૫૦
બ્રિટિશ મ્યૂઝિયમનું પુસ્તકાલય ૫૫
મૅટ્રિકમાં અર્ધમાગધી નવનીતલાલ શાહ ૨૨૧
રખડપાનો છંદ ૬૧૩
રોમન આંકડાઓ વિષે હકીકત ત્રિભુવન વી. ઢેમાણી ૬૧૪
વીમાકપનીઓનો ઝિંદગી જન્મ ૧૧૦
વૃક્ષારોપણ પર્વ પ્રીતમરાય મજરાય દેસાઇ ૩૩૭
શ્રી હનુમાન વ્યાયામ પ્રસારક મંડળ ૧૦૮
સરખે માથે સુદામડા ૩૩૩
સાઇકિલસ્ટો ગુનેગાર ૧૧૧
સ્વૉન્સ્ટનનું ગ્રામવિદ્યાલય ૫૦૧
હવે કાંઇ કહેવું છે? ૧૧૧
જ્ઞાની અવધવો ૬૬૩
૮૮ એટલે? અંબેલાલ ૩. નાયક ૧૬૭